
કીર્તન સરિતા

# કીર્તન સરિતા




**સંપાદન કાર્ય**

સાહિત્ય લેખન વિભાગ

**પ્રકાશક**

સત્સંગ સાહિત્ય ડિપાર્ટમેન્ટ
સ્વામિનારાયણ ધામ, ગાંધીનગર–૩૮૨૦૦૯

**રજૂકર્તા**

સ્વામિનારાયણ મંદિર વાસણા સંસ્થા **(SMVS)**

**આદ્ય સ્થાપક**

શુદ્ધ ઉપાસના પ્રવર્તક
પ.પૂ. અ.મુ. સદ્. શ્રી દેવનંદનદાસજી સ્વામીશ્રી (ગુરુદેવ પ.પૂ. બાપજી)

**પ્રેરક**

પ.પૂ. અ.મુ. સદ્. શ્રી સત્યસંકલ્પદાસજી સ્વામીશ્રી
(ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રી)

**પ્રકાશક**

સત્સંગ સાહિત્ય ડિપાર્ટમેન્ટ
સ્વામિનારાયણ ધામ, ગાંધીનગર - ૩૮૨૦૦૯

**આવૃત્તિ**

પ્રથમ, નવેમ્બર - ૨૦૨૩

**પ્રત**

૩૦૦૦ નંગ

**મૂલ્ય** ₹ **સેવા મૂલ્ય** ₹

**(સત્સંગ સાહિત્ય ડિપાર્ટમેન્ટના અનુદાનથી ઘટાડેલ સેવા મૂલ્ય)**



દિવ્યાતિદિવ્ય મૂર્તિ
પૂર્ણ પુરુષોત્તમ શ્રી સ્વામિનારાયણ ભગવાન



શ્રીજીસંકલ્પમૂર્તિ
જીવનપ્રાણ અબજીબાપાશ્રી



વચનામૃતના અનુભવી ગ્રંથપ્રણેતા સત્પુરુષ
પ.પૂ. અ.મુ. સદ્. શ્રી દેવનંદનદાસજી સ્વામીશ્રી (ગુરુદેવ પ.પૂ. બાપજી)

# ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રીના આશીર્વાદ...

સર્વે વ્હાલા ભક્તોને ખૂબ પ્રેમપૂર્વક જય સ્વામિનારાયણ...


આપણા ઇષ્ટદેવ શ્રી સ્વામિનારાયણ ભગવાને શિક્ષાપત્રીમાં પોતાના આશ્રિતોને આજ્ઞા કરી છે કે, "અમારા સત્સંગમાં સાયંકાળે અમારાં મંદિરમાં નિત્યપ્રત્યે જવું અને ઉચ્ચસ્વરે ભગવાનનું કીર્તન કરવું" (શિક્ષા.શ્લોક૬૩) વળી, "ઉત્સવને દિવસે વાજિંત્ર સહિત સમાજે કીર્તનગાન કરવું" (શિક્ષા. શ્લોક ૬૪)

તદુપરાંત સંપ્રદાયના શાસ્ત્રો જોતા જણાય છે કે, શ્રીજીમહારાજને કીર્તન-ભક્તિ અતિ વ્હાલી હતી. જ્યારે પોતે ધ્યાન કરતાં હોય કે, કીર્તન ભક્તિ ચાલતી હોય, એ સમયે કોઈ કંઈ પૂછવા આવે કે હાર પહેરાવવા આવે તો મહારાજ નારાજ થઈ જતા. ભજન ભક્તિમાં ભંગાણ પડે એ શ્રીહરિને બિલકુલ પસંદ નહતું. એટલે જ તો સંતોના પદોમાં આલાપ કર્યું છે કે

"સાંભળે કીર્તન રે, પોતે કંઈક વિચારે,
પૂછવા આવે રે, જમવાનું કોઈ ત્યારે
હાર ચડાવે રે, પૂજા કરવા આવે,
તેના ઉપર રે, બહુ ખીજ રિસાવે"

આપણાં જીવનપ્રાણ બાપાશ્રીને તથા ગુરુદેવ પ.પૂ.બાપજીને પણ કીર્તનભક્તિ બહુ પ્રિય હતી. પૂર્વેના નંદસંતોએ કે હાલના પૂજ્ય સંતોએ જે કીર્તન રચ્યા છે એ સૌના કર્તા મહારાજ જ છે. આ કીર્તનોમાં મહારાજની મરજી-ગમતું-રુચિ, આજ્ઞા તથા મૂર્તિમાં રહેવાની લટક શીખવા મળે છે. માટે જ્યારે કોઈ પણ કીર્તનનું ગાન કે શ્રવણ કરતા હોઈએ ત્યારે જ્યાં મરજી આવે ત્યાં સ્વાભાવિક અનુતાપ-પશ્ચાતાપ કરતાં જવું. અને જ્યાં મૂર્તિનું કે મૂર્તિમાં રહેવાનું વર્ણન આવે ત્યારે આપણે પ્રેમપૂર્વક લટકે મૂર્તિમાં રહેવાનો પ્રયાસ શરૂ કરવો, તો ખૂબ સુખિયા થવાય, આનંદમાં રહેવાય અને સત્સંગમાં-સ્વભાવમાં પ્રગતિ થાય. તો જ શ્રીજીમહારાજ, બાપાશ્રી, સદ્ગુરુશ્રીઓ અને ગુરુદેવ પ.પૂ. બાપજી ખૂબ રાજી થાય. રાજી રહેજો.

શ્રીજીના દાસના સેવક
સાધુ સત્યસંકલ્પદાસના જય
સ્વામિનારાયણ.



# સભાગાન

## જયનાદ

સહજાનંદ સ્વામી મહારાજની જય
ઘનશ્યામ મહારાજની જય
હરિકૃષ્ણ મહારાજની જય
બાપાશ્રીની જય
સદ્‌ગુરુશ્રીની જય
સ્વામિનારાયણ ભગવાનની જય

## જીવનસૂત્ર

"હે દયાળુ, આપ સદાય રાજી રહો એવું દિવ્યજીવન જીવવું છે,
દયા કરો, દયા કરો, દયા કરો."

## શ્લોકગાન

ત્વમેવ માતા ચ પિતા ત્વમેવ, ત્વમેવ બંધુ ચ સખા ત્વમેવ;
ત્વમેવ વિદ્યાં દ્રવિણં ત્વમેવ, ત્વમેવ સર્વં મમ દેવ દેવ... ૦૧
નિજાશ્રિતાનાં સકલાર્તિહન્તા સધર્મભક્તિરવનં વિધાતા;
દાતા સુખાનાં મનસેપ્સિતાનાં તનોતુ ઘનશ્યામ અખિલ મંગલં નઃ...૦૨
પ્રત્યક્ષ એવાસ્મિ સદેતિ ભાનં દત્વા સ્વકેભ્યો નિજમૂર્તિદાનમ્ ;
યાવદ્‌રવીન્દૂ પ્રગટપ્રમાણં શ્રીસ્વામિનારાયણમાનમામિ...૦૩



## ધ્યેયગીત

બનશું અમે આદર્શ બાળ, સદા મૂર્તિમાં રમનાર;
થઈ હરિકૃપા અપાર, આ તો શ્રીજીનો દરબાર,
આજ્ઞા લોપાય નહિ લગાર, પાળીએ થઈને ખબડદાર;
કારણ સત્સંગ જોરદાર, સંતો કેરો છે સહકાર,
તન, મન, ધન સદા તૈયાર, તજશું જરૂર પડે ઘરબાર;
સર્વોપરી સદા સાકાર, સૌના કારણ ને આધાર,
કરવો પ્રચાર દુનિયા પાર, સંકલ્પ કીધો છે નિરધાર;
સુખ-દુ:ખ આવે અપરંપાર, લાગે વિઘ્નોની લંગાર,
તોયે હરિબળે જીવનાર, શ્રીજી બાપા રક્ષણહાર;
આ છે જીવન કેરો સાર, રાજી રહેજો સદાકાળ.

## જીવનમંત્ર

સ્વામિનારાયણ ભગવાન મારા ઇષ્ટદેવ છે.
આ સત્સંગ મારું ઘર છે.
મહારાજની મૂર્તિ મારો ધ્યેય છે.
છતે દેહે હું મૂર્તિધામમાં જ છું.
મહારાજ માટે જ મારો જન્મ છે.
એમના થઈને જ સદા જીવવું છે.
ભગવાન અને સંતની સેવા એ જ મારું સુખ છે.
એમની આજ્ઞા ને અનુવૃત્તિમાં જ સદા રહીશ.
સત્સંગીમાત્રના સુખ-દુ:ખમાં સદા ભાગીદાર થઈશ.

## વિજયગાન

આશ્રિતગણ સુખદાયક જય હો, કારણ સત્સંગ પ્રદાતા;
દીન બાળકોના સુખદાતા, દોષમાત્રના જ્ઞાતા,
માત તાત ને ભગિની ભ્રાતા, આપ જ કર્તા હર્તા;
તુજ શરણે જે આવે, જીવન ધન્ય બનાવે,
શ્રીજીનો યશ ગાતા.
આત્યંતિક કલ્યાણના દાતા, ફરીએ પ્રચાર કરતા;
દેશ વિદેશે મહિમા ગાતા, વિજય ધ્વજા લહેરાતા,
જય સ્વામિનારાયણ જય હો, જય જય શ્રીજી બાપા;
જય હો, જય હો, જય હો, જય જય જય હો.

# પ્રસ્તાવના...

સ્વામિનારાયણ સંપ્રદાય ભક્તિ સંપ્રદાય છે. શ્રીજીમહારાજે પોતાના સંતો-ભક્તો અને સમગ્ર સંપ્રદાયને જ્ઞાન અને ભક્તિના અનુપમેય રસથી કૃપાભર્યા કર્યા છે.

શ્રીજીમહારાજને કીર્તન ભક્તિ ખૂબ વ્હાલી હતી. તેથી તેઓએ સદ્. મુક્તાનંદ સ્વામી, સદ્. બ્રહ્માનંદ સ્વામી, સદ્. નિષ્કુળાનંદ સ્વામી, સદ્. પ્રેમાનંદ સ્વામી, સદ્. દેવાનંદ સ્વામી, સદ્. ભૂમાનંદ સ્વામી આદિ નંદ સંતો પાસે કીર્તનો રચાવ્યાં, જે કીર્તનોની સંખ્યા જગતભરના તમામ ધર્મો-સંપ્રદાયોનાં કાવ્યો-કીર્તનો કરતાં અનેકગણી વધુ છે; જેનાથી સૌ કોઈ વિદિત છે. આ  કીર્તનો જ્ઞાન, વૈરાગ્ય અને ભક્તિથી ભરપૂર છે.

ગઢડા મધ્ય પ્રકરણના ૪૮મા વચનામૃતમાં પ્રેમાનંદ સ્વામીએ અતિશય પ્રેમે કરીને મહાપ્રભુજી આગળ કીર્તન ભક્તિ કરી હતી ત્યારે શ્રીજીમહારાજે કહ્યું કે, “આવી રીતે અતિશય પ્રેમે કરીને જેને અખંડ ભગવાનનું ચિંતવન રહે છે તેને તો ઊઠીને સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કરીએ.” આમ કીર્તન ભક્તિથી મહાપ્રભુ ખૂબ જ રાજી થાય છે.

જીવનપ્રાણ બાપાશ્રીને પણ કીર્તન ભક્તિ ખૂબ જ પ્રિય હતી. અને તેથી જ જીવનપ્રાણ અબજીબાપાશ્રીને ૧૧૦૦ ચોસર કીર્તનો મુખપાઠ હતાં; એટલે કે ૪૪૦૦ જેટલાં કીર્તનો કંઠસ્થ હતાં. ગુરુદેવ પ. પૂ. બાપજી અને ગુરુવર્ય પ. પૂ. સ્વામીશ્રી એમની અમૃતકથામાં કીર્તન ભક્તિની મહત્તા દર્શાવતા કાયમ કહેતા હોય છે, “કીર્તન ભક્તિ શ્રીજીમહારાજને બહુ વ્હાલી છે અને અમને પણ. શ્રીજીમહારાજે કીર્તન ભક્તિને ભક્તિનાં અનોખાં સાધન તરીકે પુષ્ટિ આપી છે. માટે નવરા પડીએ તો કીર્તન ગાતાં ગાતાં મૂર્તિમાં રહેવાનો અભ્યાસ કરવો.”

સ્વામિનારાયણ ભગવાનના સ્વરૂપને જેમ છે તેમ ઓળખી, મૂર્તિરૂપ થઈને જે કીર્તન ભક્તિ કરે તેના ઉપર શ્રીહરિનો અપાર રાજીપો થાય છે. ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રી રોજ સાંજે અડધો કલાક કીર્તન ભક્તિનો લાભ લે છે અને લેવડાવે છે. જેમ કોળિયાને સીધો ગળી જવાને બદલે ચાવી ચાવીને જમીએ છીએ તો તે સુખરૂપ નીવડે છે. તેમ આ કીર્તનો પણ સીધાં ગાઈ જવાથી માત્ર ગાવાનો સંતોષ થશે પરંતુ સુખ નહિ આવે. માટે કીર્તન ગાવાની સાથે તેના શબ્દોમાં શ્રીજીમહારાજની મૂર્તિનું વર્ણન આવે તો મૂર્તિ ધારીએ અને આપણા માટે મરજી આવે તો એને સ્વજીવન સાથે સરખાવીએ તો આ શબ્દો આપણને પણ મૂર્તિ અને મરજી સુધી લઈ જશે.

આ 'કીર્તન સરિતા'માં આવાં શ્રીહરિનાં સ્વરૂપનિષ્ઠા, પ્રેમલક્ષણા ભક્તિ, ત્યાગ-વૈરાગ્ય અને જ્ઞાનથી ભરપૂર એવાં અનેક કીર્તનો સંપ્રદાયના કીર્તનોમાંથી ચૂંટીને મૂકેલાં છે. સાથે અ.મુ. સદ્. શ્રી મુક્તજીવન સ્વામીબાપા રચિત ધ્યાનનાં, અનાદિમુક્તની લટક તથા જ્ઞાનનાં તથા પ્રાપ્તિના કેફનાં અનેક કીર્તનો પૈકી કેટલાંક કીર્તનો લીધેલાં છે. આ ઉપરાંત આપણા વ્હાલા ગુરુવર્ય પ. પૂ. સ્વામીશ્રી રચિત નૂતન કીર્તનો તથા સંસ્થા દ્વારા પ્રકાશિત કરવામાં આવેલ સંતો-ભક્તો રચિત કીર્તનોનો પણ પૉકેટ કીર્તન સરિતાની આ પ્રથમ આવૃત્તિમાં સમાવેશ કરવામાં આવ્યો છે.

આ કીર્તન સરિતામાં પ્રભાતથી લઈ રાત્રી સુધીના દૈનિકક્રમ મુજબ વિવિધ કીર્તનો લીધેલ છે, જે મુમુક્ષુને નિરંતર પ્રભુમય રાખશે. વળી, ૨૭થી વધુ વિષયોના કીર્તનોની વિશાળ શૃંખલા આ આવૃત્તિમાં મૂકવામાં આવી છે. આ આવૃત્તિમાં ૯૫૦થી વધુ કીર્તનો લેવામાં આવ્યાં છે. આ આવૃત્તિમાં ચાર પ્રકારના અનુક્રમને સામેલ કરવામાં આવ્યો છે. જેમાં વિષયાનુક્રમ, અકારાદિ અનુક્રમ, વિભાગીય અનુક્રમ અને ગુરુજી રચિત કીર્તનોનો ક્રમ ઉમેરવામાં આવ્યાં છે. જે મુમુક્ષુને સરળતાથી કીર્તન શોધવામાં મદદરૂપ થશે.

વળી, મંગળ શ્લોકો પણ ભાવાનુવાદ સાથે આપવામાં આવ્યા છે.

કારણ સત્સંગના શ્રીજીમહારાજના સર્વોપરી સિદ્ધાંતો સભર આ કીર્તનો કંઠસ્થ કરવામાં તથા મનન-ચિંતન કરી શ્રીજીમહારાજના રાજીપાના પાત્ર થવા માટે સૌને આ 'કીર્તન સરિતા' ખૂબ ઉપયોગી નીવડશે એવી અભિલાષા.

આ પ્રથમ આવૃત્તિના પ્રકાશનમાં સેવા આપનાર સૌ કોઈ સંતો-ભક્તો પર શ્રીજીમહારાજ, બાપાશ્રી, સદ્‌ગુરુશ્રીઓ, ગુરુદેવ પ.પૂ. બાપજી તથા ગુરુવર્ય પ. પૂ. સ્વામીશ્રીની પૂર્ણ કૃપા ઊતરે અને છતે દેહે દિવ્ય સુખના મહાસાગરમાં સહેજે સહેજે લુબ્ધ બને તેવી પ્રાર્થના...

એ જ,
સાહિત્ય લેખન વિભાગના
ખૂબ પ્રેમપૂર્વક જય શ્રી સ્વામિનારાયણ

# વિષય અનુક્રમણિકા


| વિભાગ | પાના નં. |
|---|---|
| સભાગાન | A-B |
| પ્રસ્તાવના | C-E |
| વિષય અનુક્રમણિકા | F |
| પદોની અનુક્રમણિકા (અકારાદિ ક્રમાનુસાર) | G-U |
| વિભાગીય અનુક્રમણિકા | ૬૦૨–૬૧૬ |

| કીર્તન વિભાગ | પાના નં. |
|---|---|
| • મંગળાચરણ | ૧–૪ |
| • પ્રાર્થના | ૫–૩૪ |
| • પ્રભાતિયાં | ૩૫–૪૪ |
| • થાળ | ૪૫–૬૧ |
| • નિત્ય નિયમ | ૬૨–૯૨ |
| • પ્રાપ્તિના કેફનાં પદો | ૯૩–૧૧૪ |
| • મુમુક્ષુતાનાં પદો | ૧૧૫–૧૪૭ |
| • ધ્યાનનાં પદો | ૧૪૮–૧૬૭ |
| • અનાદિમુક્તના જ્ઞાનનાં પદો | ૧૬૮–૨૦૬ |
| • મૂર્તિનાં પદો | ૨૦૭–૨૩૩ |
| • શ્રીજીમહારાજના મહિમાનાં પદો | ૨૩૪–૨૭૭ |
| • બાપાશ્રીના મહિમાનાં પદો | ૨૭૮–૨૯૯ |
| • સત્પુરુષના મહિમાનાં પદો | ૩૦૦–૩૩૪ |
| • ગ્રંથ મહિમાનાં પદો | ૩૩૫–૩૩૯ |
| • તીર્થસ્થાન મહિમાનાં પદો | ૩૪૦–૩૪૩ |
| • સાધુતા તથા સંત મહિમાનાં પદો | ૩૪૪–૩૯૮ |
| • વૈરાગ્ય તથા સાંખ્યજ્ઞાનનાં પદો | ૩૯૯–૪૨૩ |
| • ઉપદેશનાં પદો | ૪૨૪–૪૫૯ |
| • મનુષ્ય જન્મની સાર્થકતા | ૪૬૦–૪૭૩ |
| • લીલાચરિત્રનાં પદો | ૪૭૪–૪૮૧ |
| • ઉત્સવનાં પદો | ૪૮૨–૫૩૨ |
| • બાળ વિભાગનાં કીર્તનો | ૫૩૩–૫૪૬ |
| • પ્રકીર્ણ પદો | ૫૪૭–૫૬૪ |
| • છંદ | ૫૬૫–૫૭૪ |
| • વધારાનાં અષ્ટકો | ૫૭૫–૫૭૬ |
| • મંગળ શ્લોકો તથા ભાવાનુવાદ | ૫૭૭–૬૦૧ |

# પદોની અનુક્રમણિકા (અકારાદિ ક્રમાનુસાર)

## અ


- અક્ષરધામવાસી વ્હાલો આવ્યા .....૨૪૬
- અક્ષરધામે પ્રશ્ન કરે છે ..........૪૯૦
- અગણિત જીવ ઉદ્ધારવા ..........૨૮૪
- અજાણતાં જે અપરાધ થાય........૪૫૦
- અજ્ઞાની તારા અંતરમાં............૪૬૬
- અતિ દયાળુ રે સ્વભાવ ...........૫૬૭
- અતિ ભીડ થઈ હરિજન તણી ....૨૮૩
- અતિ રાજીપાની રીત કહું ..........૧૩૭
- અતિવૃષ્ટિ ને અનાવૃષ્ટિ ..........૪૧૩
- અધમ ઉદ્ધારણ અવિનાશી .......૫
- અધમ ઉદ્ધારણ એવું ..............૨૪૬
- અધર્મી લોકો ન અધર્મ મૂકે ........૩૯૩
- અનન્ય જે ભક્ત મહાપ્રભુના ......૩૮૯
- અનન્ય હું શ્રીહરિની ..............૨૫૦
- અનાદિમુક્તની સેવા ...............૩૦૫
- અનાદિમુક્તોના સ્નેહો .............૧૬૯
- અનુપ સંતને આપું ઉપમા ..........૩૪૫
- અનુભવી આનંદમાં ઘનશ્યામ .....૧૨૧
- અનુભવી આનંદમાં બ્રહ્મરસના ....૧૨૦
- અનુભવીને અંતરે રહે શ્યામ ......૧૨૦
- અનુભવીને આપદા અંતરથી .......૧૨૦
- અભાવ અવગુણ અમહિમાની ......૪૩૩
- અમરના સરદાર હરિ મારા .......૨૧૭
- અમી ભરેલી નજરું રાખો ..........૨૩
- અમે તો છીએ શ્રીજીના મુક્ત ......૩૯૯
- અમે તો નાનાં નાનાં ...............૫૪૨
- અમે તો બાપાનાં સંતાન ...........૨૭૮
- અમે તો શ્રીજીના કિશોર ...........૧૨૪
- અમે તો શ્રીજીનાં સંતાન ...........૫૬૬
- અમે નાનાં નાનાં બાળ કારણ .....૫૩૭
- અમે નાનાં નાનાં બાળ ............૫૪૫
- અમે રહેનારા રે મૂર્તિ ગામના .....૧૬૮
- અમે સહુ SMVSનાં બાળ .........૫૩૫
- અમે સહુ શ્રીજી તણા યુવક ........૩૦૭
- અમે સંતો વ્હાલા શ્રીજીના ..........૩૫૪
- અયોધ્યા સરયૂતટે સંભળાય ......૪૮૭
- અલબેલાજી પ્રાણઆધાર રે ........૨૩૧
- અલબેલાજી મારે ઓરડે રે ........૨૦૮
- અલૌકિક મૂર્તિ આજની (મૂર્તિ ચિંતામણિ) ..................૨૬૭
- અવતારના અવતારી..............૨૯૨
- અવસર રૂડો આવી ગયો છે ......૫૭૦
- અવિનાશી આવો રે ...............૫૩
- અહો પ્રભુ અચરજ માયા ..........૨૩
- અંતર નિર્મળ થઈ જાય............૩૪૮
- અંતે જાવું ઊઠી એકલા ............૪૬૧
- અંતે જાવું છે એકલા રે ...........૪૬૩


## આ


- આ કામનો શું પરિણામ થાશે ......૪૪૩
- આ કારણ સત્સંગ દિવ્ય...........૧૦૧
- આજ આનંદ ઉર ન માંય .........૩૧૬
- આજ આનંદ મારા ઉરમાં .........૨૩૯
- આજ કળિયુગમાં પરચા ...........૪૮૦
- આજ જુઓ ઘનશ્યામ ............૫૦૩
- આજની ઘડી રે ધન્ય ............૯૭
- આજ મને સામો મળ્યો છે ....૨૧૭
- આજ મારે ઓરડે રે ..............૬૫
- આજ મારું ભાગ્ય અલૌકિક .......૫૦૪
- આજ મેં તો દીઠા રે અલબેલો .......૫૧૭
- આજ મેં તો ભેટ્યા રે ............૪૮૨
- આજ શ્રીજી પધાર્યા રે ............૨૭૩
- આજ શ્રીજીમહારાજ ભલે .........૫૧૩
- આજ સખી આનંદની હેલી ........૫૧૧
- આજે તો શ્રીજી પ્રગટ .............૨૩૭
- આટલું કરી દો નક્કી .............૫૪૦
- આ દિવ્ય ગાથા મારા ગુરુ ..........૩૨૧
- આદૌ પ્રેમવતીવૃષાંગજનનં (મંગળાચરણ) ....................૨

- આદૌ પ્રેમવતીવૃષાંગજનનં (ભાવાનુવાદ) ....................૫૯૨
- આનંદ આપ્યો અતિ ............૧૦૭
- આનંદમાં ગર્વ ઉરે ................૪૪૩
- આપના તે આભમાં હું ............૬
- આપ મારા હું આપનો ............૩૧૦
- આપે આશિષ અલબેલડો .........૧૦૭
- આપે જ્ઞાનદાન જનને રે ...........૩૮૩
- આરતી પ્રગટ પ્રભુજી ..............૯૧
- આ લોકની જેણે આશા ..........૧૧૧
- આવજો છોગલાંધારી ..............૪૮
- આવા ને આવા રે ..................૨૧૯
- આવું તારું ધન રે જોબન ..........૪૬૭
- આવો પ્રાણથી પ્યારા ..............૨૨૨
- આવો પ્રીતમ પ્યારા ................૨૨૩
- આવો મારા મોહન મીઠડા ........૮૫
- આવો મૂર્તિમાં રાખે ઘનશ્યામ ......૧૭૨
- આવો રે વાલા હું તો તમારા .........૨૩૧
- આવો સુણીએ ભક્તની ગાથા ......૫૫૭
- આવ્યા અક્ષરધામના આ રાજા ....૫૮૨
- આસમા મોતી બરસાવો.............૫૨૩
- આવ્યા અક્ષરધામના આ રાજા ....૭૪
- આવ્યા આવ્યા આવ્યા વ્હાલાજી ....૫૧૦
- આવ્યા આવ્યા આવ્યા હરિજી ....૫૧૦
- આવ્યા છે રે આવ્યા છે ...........૯૯
- આવ્યો આવ્યો રે ઉત્સવ આજ ......૫૨૭
- આવ્યો આવ્યો શાકોત્સવ ..........૫૨૮
- આવ્યો શ્રાવણ માસ અનુપ ........૫૦૨
- આંતરમુખી થવું હવે ................૧૩૧

ઇ

- ઇસ બિધ ધર તું ધ્યાન ........૧૫૦

ઈ

- ઈશ્વરબાપાની બની રહ્યા ..........૩૩૩

ઉ

- ઉત્સવની પ્યારી કેશવની ..........૫૦૫
- ઉત્સાહથી કામ ઘણું કરાય ........૪૪૮
- ઉપકાર અનંત બાપજી .............૩૨૬

ઊ

- ઊઠ જાગ મુસાફિર ભોર ..........૪૩૭
- ઊંચી સ્થિતિ છે મારા સંતની .......૩૦૩
- ઊંટ કહે આ સમામાં ..............૪૩૭
- ઊર્ધ્વ તથાધો નહિ યસ્ય માનં .....૭૩
- ઊર્ધ્વ તથાધો નહિ યસ્ય માનં (ભાવાનુવાદ) ....................૫૮૫

ઋ

- ઋત વચનામૃત અમૃત જેવું ........૩૩૬

એ

- એક કહે થાઉં એની માત .........૪૧૧
- એક કહે રે ધન માહરું ...........૪૧૩
- એક છો પ્યારા શ્રીજી ઓ મારા ....૨૨
- એકડે એક બોલવામાં .............૫૩૯
- એકડે એક મહારાજની ...........૫૩૩
- એક દિન અક્ષરધિરાજ...........૨૮૮
- એક દિન જંગલ માંહી ............૧૯૨
- એક દિવ્યપુરુષની વાત કરું .......૩૧૯
- એક વાત અનુપ અમૂલ્ય .........૩૫૬
- એક વાદી હતો નદી તીર .........૫૬૧
- એક ઈડરનો વાણિયો.............૫૬૩
- એકાદશી આજનો દિન ............૫૦૬
- એકાદશી ઉત્સવનો દિન ...........૫૦૭
- એ ગુરુ મેરે જીવન................૩૨૩
- એની આગળ જો આપણ .........૧૧૦
- એમ નખશિખા મૂર્તિ નાથની (મહાત્મ્ય ચિંતામણિ) ..............૨૫૯
- એ... મારે સાચે સાચું આજ ......૩૪૧
- એવા જનની ઉપર હરિ...........૧૧૧
- એવા ધામની આગળ બીજાં .......૧૧૨
- એવા ધામને પામવા કાજ .........૧૧૩
- એવાને સંગેથી મૂર્તિધામે ...........૧૧૨
- એવા મળ્યા છે જો મહારાજ ......૧૧૦
- એવા વિકારી જનની વાત ........૩૫૮
- એવા સંત તણી ઓળખાણ ........૩૫૬
- એવા સંત તે હરિને ગમે ..........૩૪૬
- એવા સંતની બલિહારી રે .........૩૪૭

- એવા સંત હરિને પ્યારા રે ........૩૪૭
- એવાં કરે રે ચરિત્ર ...............૭૯
- એસે સંત ખરે જગમાંહી ..........૩૯૮
- એહ ભરોસો ભીતરે
  (સુખ ચિંતામણિ) .................૨૬૩

ઓ

- ઓરા આવો મારા લે'રખડા ......૨૧૫
- ઓરા આવો શ્યામ સ્નેહી ........૮૩
- ONE ઓ એન ઈ વન ...........૫૪૨

ક

- કગરી કગરી પ્રાર્થના કરું છું .....૫૬૫
- કડવા કારેલાના ગુણ .............૪૩૭
- કથા સુણે તે કહી આદિ...........૪૪૩
- કર જોડી વ્હાલા કર જોડી .........૧૩
- કરને કી કર સે ડર પર .........૫૮૦
- કર પત્તર થાળી થાળમાં
  (દર્શન ચિંતામણિ) ................૨૫૫
- કર પ્રભુ સંગાથે દૃઢ પ્રીતડી.......૪૬૧
- કર પ્રીતિ હરિ કે દાસ સે..........૩૫૪
- કરીએ આત્મબુદ્ધિ મોટા સાથે .....૩૦૮
- કરીએ રાજી ઘનશ્યામ રે .........૧૧૮
- કરીએ વંદન વ્હાલા ...............૩૨૨
- કરી કરુણા રે સ્વામી ..........૨૪૩
- કરી ન શકે કોઈ કામ જે ........૨૮૫
- કરી લેવું જ છે કરી લેવું ..........૧૩૫
- કરો ભજન સહુ ...................૧૨૨
- કર્યો કર્યો રે જય જયકાર ........૨૭૪
- કલિ મેં સાચો સતયુગ .........૨૪૮
- ક્યારે હવે દેખું રે .................૨૭૫
- કલ્યાણ માટે જન સાધુ થાય......૩૯૦
- કહાં કહું હરિ કરુણા તેરી ........૪૩૯
- કહું અલૌકિક વાર્તા................૮૮
- કહું છું મુમુક્ષુ કોને કહેવાય........૧૩૩
- કહે મહારાજ સુણો સુભક્ત .......૩૮૭
- કહે શ્રીજી સ્વામી સકળ ...........૪૪૯
- કહે શ્રી પ્રભુ પૂરણ કામ ..........૪૫૨
- કહે હરિ જો દૃઢ હોય ચિત્ત .......૪૧૦
- કહે હરિ દ્રવ્ય ઘણું નઠારું ........૪૪૬
- કહો...કહો...હરિ જલ્દી કહો ....૪૭૬
- કાદવ કેરાં કુંભ કોડિયાં ...........૪૭૧
- કામ ક્રોધ વ્યાપે નહિ .............૩૧૩
- કામી બોલે કામે ભરિયું ...........૩૬૦
- કાચા કાચો કુંભ ધૂળનો ...........૪૭૧
- કારણ સત્સંગ કી રીત ............૫૬૮
- કારણ સત્સંગ કેવળ કૃપા .........૧૯૯
- કારણ સત્સંગ વિશ્વવ્યાપી .........૧૦૧
- કારણ સત્સંગનો પ્રચાર ...........૫૫૨
- કાર્તિક સુદ એકાદશીનો ...........૪૯૩
- કાળનાં ગડે નગારાં ...............૪૬૭
- કાળી તલાવડીએ નિત ના'તા ......૮૮
- કિયાં જીવ કિયાં જગદીશ .........૧૧૦
- કુસંગીનો સજ્જન કોઈ સંગ .......૪૪૪
- કૃપા કરીને મૂર્તિમાં રાખ્યા .........૧૮૯
- કેને દુઃખ દેવાનો દિલમાં રે .......૩૫૮
- કેવી રહસ્યની સમજાવે વાત .......૧૮૫
- કેસરનું તિલક સોહામણું...........૨૧૬
- કૈસે ધ્યાન ધરું બતલા દે .........૧૫૭
- કોઈ કોઈનું નથી રે................૪૧૪
- કોઈ બહેરો ને બોબડો............૪૧૩
- કોઈ રાજી કરે કે ના કરે.........૧૧૫
- કોઉ કરત ઉપવાસ .............૫૭૯
- કોટિ જનનીનાં હેત લાજે .........૩૦૯
- કોડે કોડે એકાદશી ............૫૦૪
- કોણ શું કરે છે એ જોવું..........૧૩૫
- કોણ હતા બાપાશ્રી તે વાત ........૨૮૬
- કોણે કીધું ગરીબ છીએ.......... ૫૬૪
- કોશિશ કરનેવાલો કી .............૪૪૦
- ક્રાંતિકારી યુગ પુરુષ વ્હાલા ........૫૩૬

ખ

- ખમ્મા મારા પ્યારા ઘનશ્યામ .......૨૧૨
- ખમ્મા રે ખમ્મા ખમ્મા રે
  (શ્રીહરિ પ્રાગટ્ય છડી–૧) ........૪૮૫
- ખમ્મા રે ખમ્મા... ખમ્મા રે
  (શ્રીહરિ પ્રાગટ્ય છડી–૨) ........૪૮૬
- ખમ્મા રે ખમ્મા ખમ્મા રે ખમ્મા
  (બાપાશ્રી પ્રાગટ્ય છડી–૧) .......૪૯૫

- ખમ્મા રે ખમ્મા... ખમ્મા રે (બાપાશ્રી પ્રાગટ્ય છડી-૨) .......૪૯૬
- ખરા મુમુક્ષુ તો તેને જ કહીએ .....૧૨૫
- ખાવું પીવું બેસવું સૂવું જોવું .........૩૪૪
- ખોટું તો કરો ભાઈઓ ખોટું તો ....૪૦૪
- ખોટું તો થયું રે દેવળ .............૧૭૪
- ખોળી ખોળીને ખોળીયું ............૪૨૮

ગ

- ગર્વ સર્વ સુખ નાશકાર છે ........૩૯૨
- ગિરધારી રે સખી ..................૬૮
- ગુણાતીતાનંદ સ્વામી કેવા ..........૩૩૧
- ગુરુ ગુરુ કહત સકલ .............૩૧૨
- ગુરુજી મારા બહુ પ્રતાપી ...........૩૩૧
- ગુરુ મળ્યા છે ગુણવાળા...........૩૧૨
- ગુરુજી વંદનમ્ ગુરુજી વંદનમ્......૩૨૫
- ગુરુ મેરે સબસે ન્યારે .............૩૨૪
- ગુન્હા કર્યા બક્ષિસ ................૯૦
- ગોધર ગામ જાવું...................૪૮૪
- ગોધર નાનું ગામ ..................૩૪૦
- ગોપાળ ગુરુના વારસ ..............૩૩૨
- ગોપાળાનંદ સ્વામી કેવા ............૩૨૯

ઘ

- ઘણા મોંઘા જે ઘનશ્યામ ...........૧૦૯
- ઘનશ્યામ પ્રભુ અદ્દશ્ય થયા........૪૯૪
- ઘનશ્યામ મહારાજ આવો .........૫૨૪
- ઘનશ્યામ મારા કેવા ...............૫૪૦
- ઘનશ્યામ મૂર્તિ તારી રે ............૨૧૦
- ઘનશ્યામ રસીલો રાજવી રે.......૫૦૧
- ઘનશ્યામ શ્રીહરિ રે.............૨૪૦
- ઘનશ્યામ સલૂણા શામળા રે .......૧૫૮
- ઘરને મંદિર બનાવીએ............૫૬૨
- ઘાટ મનમાં નિરંતર થાય .........૩૯૫
- ઘેર આવો ઘેર આવો.............૫૨૩
- ઘેર ઘેર ફરી ઘનશ્યામ ..........૯૭
- ઘેરે ચાલી આવિયા................૫૧૭

ચ

- ચરણ હરિના રે શોભે ............૨૨૫
- ચલે ગજ બેઠકે મહારાજા .........૫૨૬
- ચળું કરે રે મોહન ................૮૧
- ચાલો ચાલો જઈએ ઘનશ્યામ......૫૪૬
- ચિદ્‌ઘન તેજમાં શોભી રહ્યા છે ....૧૬૭
- ચિદ્‌ઘન તેજમાં શોભી રહ્યા રે ....૧૫૧
- ચોરી કરે જે જન ધર્મ અર્થ ......૪૫૨

છ

- છાંડી કે શ્રી ઘનશ્યામ ............૨૪૫
- છાંડી કે હરિકૃષ્ણદેવ..............૨૪૪
- છે ચોંટવાનો ચિત્તનો સ્વભાવ ......૩૯૪
- છે પાત્ર ને તુંબડી જેહ પાસ ........૩૯૬
- છેલ છોગાળા હરિને પૂજીને ........૫૨૬
- છેલ છોગાળો રે મારો .............૬૯
- છો કર્તા હર્તા આપ નિચંતા ........૨૭
- છોટે છોટે બચ્ચે હૈં હમ ...........૫૩૮
- છો પ્રભુ શ્રી ઘનશ્યામ ........૧૧

જ

- જગતના સર્વે ગ્રંથોમાં ..............૩૩૫
- જગત મેં જીવના થોરા.............૪૬૫
- જથાર્થ જાણે હરિને ન જેહ ........૨૪૯
- જનમ સુધાર્યો રે હો મારો ........૧૦૫
- જન સર્વેને થઈ ત્યાં સમાધિ .......૪૭૭
- જનુની જીવો રે ગોપીચંદની .......૪૧૯
- જન્મ ધરીને શું શું કીધું ...........૪૭૨
- જન્મ્યા ત્યાંથી જરૂર જાણો .........૪૭૦
- જમવા પધારો કૃપાળુ શ્રીજી .......૪૯
- જમો જમોને મારા ઘનશ્યામ ......૪૭
- જમો જમોને મારા ઘનશ્યામ (આમ્ર અન્નકૂટોત્સવ) ............૬૧
- જમો જમોને મારા જીવન .........૪૬
- જમો થાળ જીવન જાઉં વારી .......૪૬
- જમોને જમાડું રે ...............૪૭
- જય અબજીબાપા જય જય........૪૯૪
- જય ઘનશ્યામ જય જય ..........૧૭
- જય દિવ્ય મૂર્તિ ઘનશ્યામ .........૧૫૪
- જય મંગળકારી પ્રભુ..............૬૨
- જય સદ્‌ગુરુ સ્વામી ...............૭૨
- જરૂર શું સાચા ગુરુની આજ......૩૧૬

- જળઝીલણી આજ એકાદશી .......૫૦૭
- જાગો ઊઠો કદમ બઢાઓ (શૌર્યગીત) .......................૫૫૫
- જાગો જાગો રે કિશોર .............૪૩૧
- જાગો રે રસીલા છેલા ...............૪૧
- જાવું છે રે જાવું છે રે જાવું .........૪૬૪
- જાવું જરૂર મરી મેલીને સર્વે .........૪૨૯
- જિયા ઝૂલે જીવન મેં ..............૧૦૬
- જીવ ! તું બ્રહ્મરસ ભોગવનાર ....૧૧૯
- જીવ તું મહારસ ચાખણહાર .......૧૭૮
- જીવન મેં ધ્યાન કી જ્યોત .........૧૫૭
- જીવનું જીવન મારા વ્હાલા .........૩૦૬
- જીવ શાને ફરે છે ગુમાનમાં .......૪૬૫
- જીવું છું રસીલા તારા ..............૨૧૭
- જુઓ છબી શ્યામ સુંદરવર ......૫૧૬
- જુઓ જુઓને હાં હાં રે ............૫૩૧
- જુઓ જુઓ રે દાદાખાચર (ઉત્તમ આજ્ઞાપાલન) ..............૫૫૯
- જુઓ જુઓ રે દાદાખાચર (ઉત્તમ મહિમા) ...................૫૫૮
- જુઓ જુઓને ઘનશ્યામ રે .......૬૦
- જુઓ ધ્યાન ધરી .................૧૫૨
- જે ઉત્પત્તિ તથા સ્થિતિ લય (મંગળાચરણ) ...................૩
- જે ઢોંગ ધારી જન ધૂર્તિ ...........૩૮૫
- જે જનને સંશય ટળ્યા ............૯૦
- જેના અંતરમાં કામ ક્રોધ ..........૩૫૮
- જેનું કામે કાપી લીધું નાક .........૩૫૬
- જેનું તન મન માન્યું ત્યાગે .......૩૫૭
- જેનું રે મન વન વાંછવું...........૪૨૧
- જેને નક્કી હતું સર્વે રીતે ..........૧૩૯
- જે પાપનો ઘાટ કશો ઘડીશ .......૪૫૩
- જે ભક્ત જાણે મહિમા પ્રભુનો ......૪૫૧
- જેમ જીત્યા એ શત્રુ સમૂહ ........૩૫૫
- જે મુમુક્ષુ આ દિવ્ય ગ્રંથ સુણશે ....૩૩૯
- જે મોત જાણી ડરી જાય યોગી .....૩૮૫
- જેવો પુરુષને નારીનો સંગ..........૩૯૦
- જેવો રસ ભર્યો જે ઠામે રે .........૩૬૦
- જેહ અર્થે ધણી આવિયા ..........૪૮૧
- જેહ ધામને પામીને પ્રાણી ..........૧૧૨
- જે હરિ અક્ષરધામમાંહી રાજે ......૩
- જે હાર પામે હરિભક્ત સાથ ......૪૫૬
- જે શિષ્ય ઝાઝું અભિમાન ધારે .....૩૧૮
- જે સ્વામિનારાયણ નામ લેશે ......૨૩૫
- જૈસા સોચોગે તુમ .................૪૩૯
- જૈસે હી હેમ હુતાશ મેં ડાર .......૩૩૪
- જોઈ મૂર્તિ મનોહર તારી...........૨૧૩
- જો વસ્તુનો લેશ બગાડ ...........૫૪૭
- જોયા શ્રી ધર્મકુમાર ચતુરવર .....૨૩૨
- જો હોય હિંમત રે નરને ..........૪૨૬
- જ્યાં વાસના જેની જરી ...........૪૪૭
- જ્ઞાની તેહ જેને હરિની ............૧૪૫

ઝ

- ઝુલાવું પ્યારા હિંડોળે ..............૫૦૨
- ઝૂલે પારણિયે શ્રી પુરુષોત્તમ .......૪૯૯
- ઝૂલોને વ્હાલા હિંડોળે ..............૫૦૨

ટ

- ટેક ન મેલે રે તે મરદ ............૪૨૬

ડ

- ડગલે પગલે શ્વાસો શ્વાસે સમરે ....૪૮૧
- ડંકો વાગ્યો શ્રીજીનો શૂરા .........૪૦૧
- ડોલરિયા રંગના ભરિયા .........૪૦૫

ત

- તક આવી રે મારે તક આવી ......૪૩૬
- તત્ત્વજ્ઞાનના સિદ્ધાંતોને ............૪૯૧
- તન મન ધનના સમર્પણ ..........૪૨૨
- તમને આરામ વિરામની ...........૧૮૬
- તમને ગમે તે અમને ગમે ..........૩૧૦
- તમારી મૂર્તિ વિના મારા નાથ......૧૨
- તમે જમો જમોને મારા ............૪૮
- તમે ભાવે ભજી લ્યો ભગવાન ......૪૬૯
- તમે મીઠું બોલીને મન લીધું ........૨૨૧
- તવ દાસ તણો દાસ થાઉં રે ........૩૧૧
- તારા મનમાં જાણે જે મરવું ........૪૬૨
- તારા મુખની લાવણતા મીઠી રે .....૨૧૪

- તારાં લટકાં પ્યારાં મને લાગે રે ....૨૧૪
- તારી ઇચ્છા વિના તો કાંઈ .........૧૦
- તારી એક એક પળ જાય .........૪૬૦
- તારી મૂરતિ રે જોઈ હદ વળી ......૨૩૦
- તારી મૂરતિ લાગે છે ..............૨૦૭
- તારી મૂર્તિ લાગે (ધ્યાન) ..........૫૬૯
- તારી મૂર્તિ રે છે જો નેણુંનો ........૨૧૩
- તારે માથે નગારાં વાગે ............૪૬૨
- તારો ચટક રંગીલો છેડલો .........૨૧૬
- તું નાનો હું મોટો એવો ............૪૩૮
- તૂસે કરું પ્યાર સુખ કી લેર્યું ......૨૦૪
- તેજ અપાર જે અક્ષરધામ ........૧૫૯
- તેજ તેજ તો ઝળહળે .............૪૭૭
- તેજ તેજ તો ઝળહળે ચારે .........૪૯૨
- તેજના સમૂહમાં શ્રીજી દર્શન ......૧૪૯
- તેરી સાંવરી સૂરત છટાદાર ........૨૨૭
- તેરો અજબ રૂપ ઇનમેં ............૧૫૯
- તોડ ચલેગા જગસે નાતા .........૪૦૨
- તોરે પાય પડું નાવલિયા ...........૧૧
- ત્યાગ ન ટકે રે વૈરાગ્ય વિના ....૪૧૯
- ત્યારે બોલ્યા પરવતભાઈ ..........૨૦૬

### દ

- દરદ મિટાયા મેરા દિલ કા .......૧૦૩
- દર્શને આનંદ ઊપજ્યો ............૪૯૨
- દાદાખાચર જુઓ દાદાખાચર .....૫૫૯
- દાદાખાચર... દાદાખાચર .........૫૬૦
- દાદાને દરબાર જાશું ..............૪૩
- દાસ થાવું રે સૌના દાસ ............૧૩૦
- દાંત સુધારી બેઠા પાટે (દર્શન ચિંતામણિ) ................૨૫૫
- દિગંતમાં ડંકા વાગે છે .............૫૫૧
- દિન કહે તો દિન અને ............૩૨૪
- દિલ લગા હમારા બિહારી .........૪૦૫
- દિલ લાગ્યા હમારા ફકીરી .........૪૦૫
- દિવ્ય અભિષેક ઉત્સવ આજે .......૪૮૩
- દિવ્ય કારણ સત્સંગના સુણો .......૧૨૭
- દિવ્ય કારણ સત્સંગમાંહી ...........૧૨૧
- દિવ્યજીવન આપી શ્રીજી ...........૧૦૩
- દિવ્યજીવનની જ્યોત જગાવો (મંગળાચરણ) ...................૧
- દિવ્યપુરુષ એક અતિ બડે .........૩૨૦
- દિવ્ય મહાપૂજા વિધિ ...............૬૦૪
- દિવ્ય શ્રીજી સ્વરૂપ રસબસ છે ....૯૧
- દિવ્ય સભાપતિરાય બૈઠે ...........૧૫૦
- દિવ્યં શ્રી ઘનશ્યામ કં (મંગળાચરણ) ...................૨
- દીખલા દિદાર પ્યારા .............૪૦૯
- દીસે ઘણો દુષ્ટ સ્વભાવ જેનો ......૪૫૫
- દુ:ખ છે અધિક આ સંસારમાં .....૪૧૨
- દુનિયા તણાં એ સર્વે શાસ્ત્રોમાં .....૩૩૫
- દુનિયામાં ડાહ્યો ડહાપણમાં .........૪૬૬
- દૂધ ગાયનું ઉકાળી ................૪૫
- દેખત બડ ભાગ લાગ .............૫૭૩
- દે દી હરિ કી મૂર્તિ ................૨૭૮
- દેહ પોષવા સારુ જે ................૩૫૯
- દોહ્યલું થાવું હરિદાસ રે ...........૧૧૭
- દેહાધ્યાસ કે દેહાભિમાન...........૧૯૭
- દૃઢ હરિજન હોય સત્ય જેહ......૪૫૪

### ધ

- ધન્ય ધન્ય આવા સંતને રે.........૩૧૩
- ધન્ય ધન્ય એકાદશી આજની ....૫૦૫
- ધન્ય ધન્ય એ સંત ...............૩૦૪
- ધન્ય ધન્ય ઘડી છે આજની ......૫૧૪
- ધન્ય રે ધરમના લાલ .............૪૭૯
- ધર્મકુમાર મારા હૈડાના હાર .......૪૯૭
- ધર્મકુંવર ખેલે હોરી રે .............૫૦૩
- ધર્મકુંવર ઘનશ્યામજી .............૨૨૭
- ધર્મકુંવરની રીત સુણી .............૪૨૪
- ધર્મકુંવર મુક્તોના આધાર .......૫૦૦
- ધર્મકુંવર સુખકારી રે ખેલે ......૫૦૪
- ધર્મકુંવર હરિકૃષ્ણજી તમે .........૧૬
- ધર્મકુંવર હરિકૃષ્ણની રે...........૨૧૨
- ધર્મ ઘેર આનંદ ભયો .............૪૮૫
- ધર્મ બહુ પ્રકારનો જાણો ..........૧૮૪
- ધર્મી ભલા પૂજક હોય જ્યાંય ......૫૪૮
- ધાર્યું બધું શ્રીહરિનું જ થાય .......૪૪૬

- ધીરજ ધર તું અરે અધીરા .......૪૨૯
- ધીરજ સમ નહિ ધન રે ...........૧૧૮
- ધ્યાન ધર ધ્યાન ધર ધર્મના ......૪૦
- ધ્યાનમાં સુખડાં આપો શ્યામ .......૧૪૮

ન

- નક્કી તો કરો રે સ્વરૂપ ...........૨૦૫
- નક્કી વાત છે એ નિરધાર ........૩૫૭
- નમન કરું હું વિશ્વપાળને ..........૨૦
- નયણાં ઠરે છે જોઈને રે ...........૨૨૦
- ન સમજું બીજું હું તો કાંઈ .........૧૧૬
- ન સમજું શ્રીજી શી રીતે ...........૧૯
- ન સંપ રાખે સતસંગી થૈને .........૪૫૭
- નહિ દઉં જાવા રે .................૨૧૯
- નહિ પંચમહાલી રે અમે ............૩૪૨
- નહિ મળે ફરી મોંઘો ..............૪૬૩
- નાથ ઓ મારા તમને ..............૪૯
- નાથના નેણમાં વાલાના ............૪૭૮
- નાથ પધાર્યા મારો નાથ ............૫૧૫
- નાનાં નાનાં અમે બાલુડા ..........૫૪૪
- નાના નાના વ્હાલા વ્હાલા ..........૫૪૪
- નારદ ઐસી સાચે સંતન ..........૩૫૩
- નારદ ઐસે સંત સદા ..............૩૫૨
- નારદ મેરે સંત સે ................૩૫૨
- નાશવંત આ દેહ વડેથી ...........૪૭૨
- નાસિકા નમણી હરિની ............૨૧૧
- નિજ સેવકને રે ..................૮૨
- નિત્ય નિત્ય નૌતમ રે .............૮૦
- નિત્યાનંદ સ્વામી કેવા ..............૩૩૦
- નિર્માની થઈને પ્રભુને ગમો .........૪૩૦
- નિર્વિકલ્પ ઉત્તમ અતિ .............૭૩
- નિષ્કામી નરને વનિતાની ..........૩૫૦
- નિષ્કામી પૂરો જન જેહ હોય .......૧૪૬
- નેણામાં રાખું રે નેણામાં રાખું રે ...૨૧૯
- ન્યાયધીશ દ્વિજાતિ એક પ્રતિમા ...૪૫૫

પ

- પછી ઉખેળ્યો વર્ણીનો પત્ર .........૪૭૭
- પછી નાથ કહે સંત શૂરા ...........૧૮૮
- પછી પ્રભુજી બોલિયા ..............૧૮૨
- પછી પ્રભુજી બોલિયા તમે ..........૨૭૬
- પછી બોલિયા પ્રાણજીવન ..........૨૭૭
- પધારો પધારો પધારોને ............૫૨૨
- પધારો પધારો વ્હાલા હરિકૃષ્ણ .....૫૨૫
- પધાર્યા સર્વોપરી સર્વાવતારી .......૫૩૦
- પર પર અતિ પરમ ...............૫૭૩
- પરોપકારી જન જેહ હોય .........૪૫૦
- પંચેન્દ્રિયોના વિષયો પ્રમાણો .......૩૯૩
- પામર તેં પ્રાણી વિસાર્યા ...........૪૬૬
- પામ્યાં પામ્યાં રે ભવજળ પાર ......૯૫
- પાય કે ઘનશ્યામ પિયા ...........૨૪૫
- પુરુષોત્તમ પરમ દયાળ (સ્વરૂપ ચિંતામણિ) ................૨૫૧
- પુરુષોત્તમરૂપ થઈ ધ્યાન કરવું ......૧૪૮
- પૂછી જો અંતરને તારા ............૪૧૪
- પૂજા કરવી શિષ્ય તરીકે આજ ....૩૧૬
- પૂર્વનું પુણ્ય પ્રગટ થયું ............૫૧૧
- પેટ કટારી રે પહેરીને .............૪૨૭
- પે'રી નેપૂર ચાલતાં ઠમકે રે .......૨૧૦
- પોઢે પ્રભુ સકળ મુનિ .............૮૪
- પોઢો પોઢો સહજાનંદ સ્વામી .......૯૦
- પોતે પરબ્રહ્મ રે સ્વામી ............૨૪૩
- પ્યારી લાગે મોહનજી કી ..........૨૨૭
- પ્રગટ થયા પ્રભુ છપૈયા ............૫૦૦
- પ્રગટની પ્રાપ્તિ વિના જીવનો ......૪૯૩
- પ્રગટ પુરુષોત્તમનો મહિમા .........૪૭૩
- પ્રગટ પ્રબળ મૂર્તિ (મૂર્તિ ચિંતામણિ) ..................૨૬૭
- પ્રગટ હરિ મુજને મળ્યા ...........૨૪૭
- પ્રગટે અનાદિમુક્ત વૃષપુર .........૨૮૧
- પ્રગટ્યા પોતે પરમ દયાળુ .........૪૮૮
- પ્રગટ્યા શ્રી કચ્છ દેશમાં ..........૪૯૪
- પ્રત્યક્ષ એવાસ્મિ સદેતિ ભાનં (મંગળાચરણ) ....................૨
- પ્રથમ નમન પરબ્રહ્મને ............૩
- પ્રથમ મેળાપ પીપલાણામાં ...........૪૭૮
- પ્રથમ વિચારી બોલિયે .............૪૫૭

- પ્રથમ વૈરાગ્ય જેને પ્રગટે ..........૪૨૦
- પ્રથમ શ્રીહરિને રે ..................૭૬
- પ્રભાતે ફૂલડિયાં ફૂલે ..............૪૭૦
- પ્રભુ તમ વિના મારું ................૧૯
- પ્રભુની ઇચ્છાથી થવાનું ............૪૪૭
- પ્રભુ ભજી લેને પ્રાણિયા રે .........૪૬૪
- પ્રભુ મને કરજો એવો ...............૨૨
- પ્રાણી શ્વાસોશ્વાસે શ્રીજીને ..........૨૪૧
- પ્રાણી સ્વામિનારાયણ ..............૨૪૨
- પ્રાણી સ્વામિનારાયણ સમર્થ .......૨૪૧
- પ્રાતઃ થયું મનમોહન પ્યારા (પ્રભાતિયું) .......................૩૫
- પ્રાતઃ સમે શ્રી પુરુષોત્તમની ........૩૯
- પ્રાતઃ સમે શ્રી સહજાનંદની (ધ્યાન) ..........................૧૫૯
- પ્રાતઃ સમે શ્રી સહજાનંદની (પ્રભાતિયું) .......................૩૯
- પ્રેમે નમન છે હે વૃષનંદન .........૭
- પ્રેમે પ્રગટ્યા રે સૂરજ સહજાનંદ ..૨૪૨

**ફ**

- ફૂલડાં ધારી રે અંગે ..............૭૧
- ફૂલડે ગરકાવ ફૂલ્યા ...............૨૧૧
- ફૂલના પે’રી રે જામા .............૭૧
- ફૂલની બાંધી રે પોંચી .............૭૦
- ફૂલની માળા રે શોભે ..............૭૦
- ફ્રૂટ જમોને મારા ઘનશ્યામ .......૫૯

**બ**

- બડ ભાગ્ય ખોલ ગયે .............૯૬
- બલિહારી મૈં ઐસે સંત કી .........૩૫૩
- બળદિયાની બજારમાં માણસ ......૨૮૩
- બાજોઠ કનક તણે આવી ...........૩૫
- બાપજી સ્વામીનું હાસ્ય છે .........૫૩૫
- બાપા આપ સદાય દિવ્ય રૂપે .......૬૩
- બાપા એટલે બાપા બોલો ...........૨૯૭
- બાપા કહેતા પુરાણી કે મુનિ .......૩૩૩
- બાપા પધાર્યા હરખ વધાર્યા ........૨૭૮
- બાપા બાપા બેલી આપ છો .........૨૯૫
- બાપા મળ્યા અણમોલ ભાઈ ........૨૭૯
- બાપા વચને આપ પધાર્યા ..........૩૩૩
- બાપાશ્રી કહે કૃપા કરીને ...........૨૮૧
- બાપાશ્રીના વચને ગુરુજી આવ્યા ...૩૨૦
- બાપાશ્રીની બાળલીલા રે ...........૨૯૦
- બાપાશ્રીની વાતો મુને ..............૩૩૮
- બાપાશ્રી રે બાપાશ્રી માથે .......... ૨૯૩
- બારે માસની પૂનમો બાર ..........૩૧૩
- બાલપણે પરચા આપે બાપાશ્રી ......૨૯૧
- બાળક હું તમારો વ્હાલા ...........૩૦૮
- બાળમુક્તો બાળમુક્તો વાતો .......૫૪૧
- બાળ સનેહી રે મોહન .............૫૩૩
- બાંય ગ્રહી છે રે હો વા’લે .........૧૦૬
- બિસર ન જાજો મેરે મીત ..........૭
- બોલો મૂર્તિમાં રહીને .................૯૨
- બોલ્યા ભક્તિતનુજ ભગવંત ......૪૫૪
- બોલ્યા શ્રીહરિ રે ..................૬૬

**ભ**

- ભક્તિનો લાલ હરિકૃષ્ણ ...........૫૦૦
- ભજન કર ભાવ શું પ્રગટ .........૪૧
- ભજી ભલી ગઇ છે જો વાત ........૧૧૩
- ભજી લે ભગવાન સાચા ...........૪૬૯
- ભજ્યો નહિ ભગવાનને રે .........૪૬૩
- ભજ્યો નહિ ભગવાન મૂરખ ......૪૬૮
- ભલે આવી અનુપમ એકાદશી ......૫૦૫
- ભલે આવ્યા ધર્મજીના લાલ .........૫૧૨
- ભવસંભવભીતિભેદનં (મંગળાચરણ) ....................૨
- ભવસંભવભીતિભેદનં (ભાવાનુવાદ) ......................૫૯૦
- ભવસાગરનાં નીર ................૩૦૩
- ભવસાગરમાં ભક્તિ હરિની .......૪૭૦
- ભવસાગરમાં શરણ અચળ ........૩૪૯
- ભાગ્ય જાગ્યાં રે આજ જાણવાં .....૯૮
- ભાગ્ય લ્યો ગણી રે ...............૧૭૫
- ભૂલી ગયો ભગવાનને રે ..........૪૬૪
- ભ્રમણા ભાંગી રે હો હૈયાંની .......૧૦૫

## મ


- મન માની મોહન તારી ............૨૧૮
- મનમાં વિચારી જરી જોયું ........૪૨૯
- મન મોહ ટળે ઘનશ્યામ ...........૩૪૮
- મનમોહન રે સુંદર મૂરતિ .........૨૨૨
- મનમોહન સુંદરવર મારા .........૫
- મન વસિયો રે મારે મન ..........૨૩૨
- મનુષ્યલીલા રે કરતાં ..............૭૭
- મને પ્યારી લાગે મૂર્તિ તમારી ......૨૧૭
- મને મળિયા સહજાનંદ સ્વામી ......૪૦૮
- મનોહર સુંદર મૂર્તિ સહજાનંદ (સ્વરૂપ ચિંતામણિ) ................૨૫૧
- મયારામ ભટ્ટે તેહ ઠામ ............૪૭૭
- મહાબળવંત માયા તમારી .........૬૪
- મહારાજ બાપા વ્હાલા છો મારા ....૫૪૪
- મહારાજ શું હું માનું ...............૫૬૫
- મહાસુખ મુજને રે હો આપ્યું .......૧૦૫
- મહિમા મહિમા સૌનો મહિમા .......૯૯
- મહેર કરી છે મારા મહારાજ ......૩૧૫
- મહેર કરી મારે મંદિર આવ્યા .....૫૧૧
- મળી મૂર્તિ હાં હાં રે ...............૧૫૩
- મળે જીવન મુક્ત તે ...............૩૦૪
- મળ્યો મનુષ્યદેહ ચિંતામણિ રે .....૪૬૨
- મંગળ મૂરતિ મહાપ્રભુ (મંગળાચરણ) ....................૪
- મંદિર આવ્યા રે હરિ ..............૧૮૧
- માટી હૈ યે માટી ..................૪૦૩
- માણકીએ ચડ્યા રે મોહન ........૪૮૦
- માણસનો અવતાર મોંઘો ...........૪૬૯
- માતા પારણિયે ઝુલાવે .............૪૯૮
- માતા પ્રેમવતી ઝુલાવે કુંવર ........૪૯૭
- માતા પ્રેમવતી ઝુલાવે સુત .........૪૯૯
- માનો મળી છે મોટી વાત ..........૧૦૯
- મારા છેલછબીલા શ્યામ ...........૧૫
- મારા જન્મ સંગાથી હરિરાય .......૨૩૧
- મારા પપ્પા કોણ ? તે .............૫૩૯
- મારા પ્રાણપ્યારા પ્રીતમજી જમો ....૪૫
- મારા મહારાજ મારા ...............૧૯૧
- મારા વાલાજી શું વાલપ ............૧૧૯
- મારા વ્હાલીડા ઘનશ્યામ ...........૨૩૮
- મારા સહજાનંદ સુજાન ............૨૦૮
- મારાં નેણાં તણા શણગાર .........૨૨૪
- મારી નાડ તમારે હાથ .............૨૪
- મારે આવ્યો અલૌકિક દાવ રે ......૯૬
- મારે આજ પ્રીતમ ઘેર આવશે .....૫૧૪
- મારે આજ પ્રીતમ ઘેર આવિયા ....૫૧૫
- મારે ઘેર આવ્યા રે સુંદરવર ......૫૧૨
- મારે મંદિર પધાર્યા શ્યામ ..........૧૦૬
- મારે લગની લાગી છે ..............૨૦૯
- મારે સ્વામિનારાયણ ભજવા .......૪૦૮
- માવ મળ્યા તન તાપ ટળ્યા .......૫૦૬
- માવા તારી મૂર્તિમાં મોહી ...........૨૧૬
- મીઠી મધુરી ભલી મૂર્તિ ............૧૭૪
- મુક્ત અનાદિ મૂર્તિમાં રહે છે .......૧૯૪
- મુક્ત થઈને દાસભાવે દિવ્ય .......૭૫
- મુક્તપુરુષ તો તેને રે કહીએ .......૩૦૪
- મુક્તવર શણગાર કરીને બેઠા ....૩૮
- મુક્ત સંગ આવતાં શ્યામ રે .......૫૧૮
- મુક્તાનંદ સ્વામી કેવા વાત .........૩૩૦
- મુખડાની માયા લાગી .............૪૦૯
- મુખ નીરખી સુખ થાય ............૧૫૬
- મુખે તું સ્વામિનારાયણ બોલ .......૧૭૯
- મુને કરી કૃતારથ ઘનશ્યામ .......૪૧૭
- મુને ધર્મકુંવર મહારાજ ...........૪૧૮
- મુને નીલકંઠ વરણી મહારાજ .....૪૧૭
- મુને પ્યારી રે નટવર .............૨૦૯
- મુને ભક્તિનંદન મહારાજ .........૪૧૮
- મુને મળિયા તે મોહનરાય .........૫૦૮
- મુને મળિયા પુરુષોત્તમરાય .........૪૧૬
- મુને મળિયા મોહનરાય ...........૪૧૬
- મુને શ્રી ઘનશ્યામ સ્વરૂપ ..........૪૧૭
- મુને સુપને ન ગમે રે ..............૪૧૫
- મુમુક્ષુજન તો તેને રે કહીએ .......૧૧૫
- મુમુક્ષુજનને મુક્ત કરીને ..........૧૬૦
- મૂર્તિ આપો છો રસિયાજી ..........૧૭૨
- મૂર્તિ કેવી મળી તેનો ...............૧૫૨

- મૂર્તિ ચંચળ જુઓ ચટકંતી .......૫૧૬
- મૂર્તિ તમારી મહારાજ (સુખ ચિંતામણિ) ..................૨૬૩
- મૂર્તિ તમારી સુખકારી (મહાત્મ્ય ચિંતામણિ) ..............૨૫૯
- મૂર્તિમાં ખેંચી રહ્યો ભક્તિનો .......૧૭૬
- મૂર્તિમાં રસબસ બનવાને ..........૩૩૭
- મૂર્તિમાં રહીને નીરખીયે રે .........૧૪૯
- મૂર્તિમાં રહીને બોલો રે ............૧૬૫
- મૂર્તિમાં રહીને મૂર્તિ નીરખું .........૧૬૦
- મૂર્તિસુખના પાત્ર થાવા .............૧૯૩
- મૂર્તિસુખ પાના હૈ પ્યારે ...........૩૧૧
- મેરે તો એક તુમ ..................૫
- મેં તો સગપણ કીધું રે .............૪૦૭
- મૈં તો ગુનેગાર તેરા રે ............૮
- મૈં તો છિન છિન તેરા ............૮
- મૈલી ચાદર ઓઢ કે ..............૧૦
- મૈં કૌન હૂં મૈં કૌન હૂં ..............૧૮૮
- મૈં હૂં આદિ અનાદિ ...............૧૭૯
- મોગરાનાં ફૂલ સખી મોગરાનાં .......૫૪૭
- મોજમાં રહેજો મોજમાં..............૧૧૩
- મોટો મહિમા રે જગમાં ............૪૮૩
- મોહનજીની રે લીલા ................૭૮
- મોહનને ગમવાને ઇચ્છો માનની ...૪૨૪

ય

- યું હી જન્મ ગુમાત ..............૬૮

ર

- રક્ષા રક્ષા કરો છો ................૫૩૨
- રમી રહી મૂર્તિમાં તમારી ...........૧૭૭
- રસિક પિયા ઘનશ્યામ રે ..........૨૧૨
- રસિયા જોઈ રૂપાળી કોટ ..........૮૬
- રસિયા પાન બીડી આરોગો .......૫૧
- રસિયોજી રાય આંગણ બેઠા ......૩૫
- રસીલી મૂર્તિ સુખ કી ..............૧૭૩
- રસીલે રસીલે રસીલે ................૧૮૦
- રસીલો રાજ પ્યારો મળતાં .........૧૭૩
- રહેજો મારી આંખલડી આગે .......૨૧૦
- રહે ન દૃષ્ટિ નિયમે જ જેની .......૪૫૪
- રંગનો ભીનો રે જોઈ ..............૨૨૫
- રંગભીના રસીલી તારી ............૨૧૯
- રંગ રસ મેં ખેલત .................૫૦૪
- રંગે ચંગે બહુ ઉમંગે ..............૫૮૧
- રાચી રહોને હો પ્યારા બંધુ ..........૧૬૮
- રાજ ભયો કહા કાજ સર્યો ........૫૭૮
- રાજ મારે દિન દિન ..............૫૦૮
- રાજ મારે રે મંદિરિયે .............૫૧૨
- રાજાધિરાજ શ્રીજીમહારાજ ભલે......૫૧૮
- રાજી કરવા પ્રગટ ભગવાન ........૧૪૬
- રાજીપો ખૂબ કમાવા પ્રાર્થના ........૨૭
- રાજે ગઢપુર મહારાજ .............૪૭૯
- રાત રહે પાછલી ચાર .............૪૦
- રૂડા લાગો છો રાજેન્દ્ર ............૨૧૪
- રૂડા શોભે રે નાહીને ઊભા ........૮૧
- રૂડી રાંધી મેં રસિયાજી ...........૫૦
- રૂડું ભાલ તિલક રૂપાળું રે ..........૨૧૫
- રૂડું સ્વામિનારાયણ નામ ..........૨૩૪
- રૂડો દિવાળીનો દિવસ કે ..........૫૦૯
- રે ધરિયા અંતર ગિરધારી .......૪૦૭
- રે લગની તો હરિવરથી લાગી ....૪૦૬
- રે શિર સાટે નટવરને............૪૦૬
- રે શ્યામ તમે સાચું નાણું ...........૮૫
- રે સગપણ હરિવરનું સાચું ........૪૦૫
- રોકણી ગમાડીએ સૌની ...........૧૩૨

લ

- લટકંતા આવો લાલ લટકંતા .......૨૧૧
- લટકાળા તારે લટકે રે ............૨૧૪
- લાગેલ રંગઝડી રે મારે ...........૨૨૦
- લાજી ન મરું રે ....................૪૩૬
- લાલચ લાગી રે બેની .............૩૬
- લેતા જાઓ રે સાંવરિયા ...........૫૧
- લોજની વાવ ઉપર અવતારી ......૪૭૪
- લોજપુરમાં આવ્યા હરિ ............૪૭૬
- લોભી પૂરું પેટ ભરી ન ખાય ......૪૪૫
- લ્યો મૂર્તિ લ્યો મૂર્તિ ................૧૮૦
- લ્યો મૂર્તિ શ્રીજીની લ્યો .............૨૯૮

## વ


- વચન આધારે વર્તે છે ............૧૪૪
- વચન વા'લાનું લોપશો મા .........૧૪૩
- વચનામૃતનો મહિમા છે મોટો ......૩૩૬
- વચનામૃત પંચાળાનું................૨૦૨
- વણસાધુનો વરતારો રે આ ........૩૬૦
- વદનં મધુરં હસિતં મધુરં ..........૧
- વદનં મધુરં હસિતં મધુરં (ભાવાનુવાદ) .....................૫૮૪
- વર ધર્મલાલ વરું રે ..............૪૦૯
- વર્ણીવેષરમણીયદર્શનં (મંગળાચરણ) ....................૨
- વસ્યો છે છોગલાંવાળો .............૨૨૧
- વળગે ભૂત કે પ્રેત જેને ............૪૫૩
- વળી કહું કોઈ સંતને ..............૩૮૩
- વળી વ્હાલે કરી એક વાત ........૨૩૪
- વળી સહુ સાંભળો રે ..............૬૭
- વંદન કરું શ્રીજી પ્રાણપ્યારા ........૧૦૪
- વંદનં ગુરુજી વંદનં વંદનં ..........૩૨૬
- વંદન પ્રભુજી વંદન ગુરુજી .........૨૨
- વંદું સહજાનંદ રસરૂપ .............૮૫
- વધાવો વ્હાલાને વધાવો ............૫૨૫
- વાણી મંગલરૂપિણી ચ (મંગળાચરણ) ....................૨
- વાતલડી રહોને રાતલડી ..........૪૮૦
- વારેવારે કરે સ્વામી .............૩૩૨
- વારે વારે જાઉં વ્હાલાજી ..........૨૩૭
- વારિ વારિદ એકથી વરસિયું ......૪૪૫
- વાલા તારા કંઠ વચે ..............૨૨૯
- વાલા તારા દંત દાડમનાં ........૨૨૯
- વાલા તારા મોળીડાંમાં .............૨૩૦
- વાલા તારી અંગરખીની અનુપ ....૨૨૮
- વાલા તારી સુંદર શોભા ...........૨૩૦
- વાલા તારે દશે આંગળીએ ........૨૨૯
- વાલા મારી સૂધબૂધ તેં ............૨૨૬
- વાલા રે વિહારી મારે ..............૪૧
- વા'લાં લાગે રે વાલમ .............૨૩૧
- વા'લો વધાવું મારો ................૫૧૫
- વા'લો સૃષ્ટિનો સર્જનહાર .........૪૪૧
- વિચાર કીધો શ્રી ઘનશ્યામે.........૪૯૧
- વિધિ પર તે વૈરાટ કહીએ........૨૭૭
- વિવેકી પ્રાણી કર વિચાર .........૩૨૮
- વિશ્વેશ છો સકળ વિશ્વ............૯૧
- વિષયાનંદી મટી હવે ..............૧૩૨
- વેલેરી ઊઠીને વા'લાજીનું ..........૩૬
- વૈરાગ વીતે એ વાણી ..............૪૨૧
- વૈરાગ્યને રે વિઘન ઘણાં ..........૪૨૦
- વૈષ્ણવજન તો તેને રે કહિયે .......૫૬૨
- વ્હાલા આવો અમારે ઘેર .......૫૨
- વ્હાલા તારા જુગલ ચરણ .........૮૭
- વ્હાલા તારી ભુજા જુગલ ...........૮૬
- વ્હાલા તારી મૂર્તિ અતિ રસરૂપ .....૮૭
- વ્હાલા તારી મૂર્તિનું બંધન છે ......૨૦૮
- વ્હાલા તારી મૂર્તિમાં કરું............૧૯૦
- વ્હાલા તારું રૂપ અનુપમ ...........૮૭
- વ્હાલા મુને વશ કીધી .............૮૬
- વ્હાલા યુવાનો આવો રે ...........૫૫૬
- વ્હાલા રમઝમ કરતા શ્યામ ........૫૧૪
- વ્હાલા લાગો છો વિશ્વ .............૪૦૮
- વ્હાલા વિનંતી સુણી અમારી ........૧૭
- વ્હાલા સંતો... વ્હાલા ભક્તો (ધ્યેયની દૃઢતા) ..................૧૩૬
- વ્હાલા સંતો વ્હાલા ભક્તો કહી (શ્રીહરિ ચરિત્ર મહિમા) ...........૪૭૫
- વ્હાલા હું તો છું તારો ..............૨૯
- વ્હાલી લાગે મૂર્તિ તમારી...........૪૩
- વ્હાલી લાગે વ્હાલા તારી ...........૨૧૮
- વ્હાલું લાગે મુને મોહન ............ ૨૧૫


## શ


- શરદપૂનમની રાતડી ને ...........૫૩૨
- શરીરના સંબંધી સર્વે ..............૪૭૧
- શામળા લેજો સંભાળ હોડી .........૨૧
- શાંતિ પમાડે તેને સંત રે ...........૩૪૬
- શિર પર કેશ શોભે અતિ સારા ...૫૧૧
- શિષ્ય થાવું રે કેવા ................૩૧૭
- શીદને ભટકો છો તમે ચતુર .......૨૪૭

- શીદને રહીએ કંગાલ રે ...........૧૧૭
- શીલવંતા સાધુ સાંભળજો કરી ......૩૫૦
- શુભ સ્વામિનારાયણ નામ લહો ....૧૮૪
- શુભ સ્વામિનારાયણ નામ લહો (ધ્યાન પદ) ......................૧૬૬
- શું કરવા આવ્યો ને શું થાય .......૧૩૪
- શોધી શોધીને શોધીયું .............૧૪૨
- શોભા શી કહું રે રૂડી .............૨૨૪
- શોભાસાગર શ્યામ તમારી .........૩૭
- શોભે શોભે રસિકવર છેલ રે ......૨૧૬
- શ્યામની છબી રે સખિ ............૭૦
- શ્યામ પધારો ઘનશ્યામ પધારો ....૫૧૫
- શ્યામ સનેહી ઘેર આવ્યા ..........૫૦૯
- શ્યામ સલૂણો આવિયા રે ..........૫૧૬
- શ્રી ઘનશ્યામ સુખકારી પધાર્યા ....૨૩૯
- શ્રીજી અને સહુ સંતો રે ...........૨૦
- શ્રીજી અર્થે અમારું (દિવ્યજીવન ગીત) ................૧૨૩
- શ્રીજી આવોને મારે આંગણે ........૧૦૪
- શ્રીજી કૃપા કરો એવી દયા .........૩૦
- શ્રીજી છો કૃપાળુ બાપા છો .........૨૯
- શ્રીજી તમે છો માતપિતા ને .........૩૦
- શ્રીજી તારે કાજડી મેં .............૧૫૧
- શ્રીજી દર્શન કરી વિનવું રે લોલ ...૨૧
- શ્રીજીએ દર્શન દિવ્ય દીધાં .........૪૯૪
- શ્રીજી દાતાર સબન મુક્તન કો ....૧૭૬
- શ્રીજી પ્રગટ મળ્યા બાપા પ્રગટ...૨૮૦
- શ્રીજી ભગવો તે રંગ ...............૪૦૦
- શ્રીજી માટે જનમ અમારો ગીત ....૩૯૯
- શ્રીજી મારા હૈયામાં તારી ભક્તિ ...૧૯
- શ્રીજીની ઇચ્છા થકી જ પ્રગટ્યા ...૩૩૭
- શ્રીજીની મૂર્તિમાં રમવા આવો ......૧૮૨
- શ્રીજીની મૂર્તિમાં સુખડાં છે મોટાં ...૧૭૮
- શ્રીજીમહારાજના સંકલ્પો પૂરા (આત્મીયતા ગીત) ................૪૩૨
- શ્રીજીમહારાજનાં વ્હાલાં બાળક (બાળસભા મહિમા ગીત) ..........૫૪૩
- શ્રીજીમહારાજનો વ્હાલો સમાજ (SMVS ઇતિહાસ) ................૫૪૯
- શ્રીજીમહારાજે મૂર્તિમાં રાખ્યા ......૧૯૧
- શ્રીજી મળ્યા બાપા મળ્યા ..........૨૮૦
- શ્રીજી મૂર્તિના સુખમાં ઝિલાવશો ....૧૫
- શ્રીજી મૂર્તિમાં અમને રાખજો .......૧૬
- શ્રીજી વિજયના ધ્વજો ફરકાવજો...૯૬
- શ્રીજી સંકલ્પ સદ્‌ગુરુ ..............૩૩૨
- શ્રીજી સંકલ્પથી રે બાપા ...........૨૮૮
- શ્રીજી સંગે ખૂબ ફર્યો હું ...........૪૨૮
- શ્રીજી સિવાય સૌથી (આઝાદી ગીત) ...................૨૭૪
- શ્રી સ્વામિનારાયણ નામાવલિ (અર્થ સહિત) .....................૫૯૬
- શ્રી વાસુદેવવિમલામૃત (ભાવાનુવાદ) .....................૫૮૭
- શ્રીહરિ કો બલ લે શૂરાતન ........૧૭૬
- શ્રીહરિ મારા સર્વેથી ન્યારા ........૩૨૩
- શ્રીહરિ સહજાનંદ સુજાણ છો ......૨૨૮
- શ્રેષ્ઠ સુખ મેં ઉતારા કર લે ........૧૬૯


### સ


- સખિ રિ ઘનશ્યામ ................૪૭૮
- સખી આનંદની વાત કહું ..........૪૮૭
- સખી આનંદની વાત કહું (થાળ) ..૫૧
- સખી ગઢપુર ગામના ચોકમાં ......૫૩૦
- સખી પ્રેમી જાણે વાત ..............૪૨૨
- સખી હૈડે તે હરખ ................૫૦૮
- સજની કોડે આનંદ મારે ..........૫૧૭
- સજની ટાણું આવ્યું રે .............૪૬૦
- સજની સાંભળો રે શોભા ..........૬૫
- સજની સુંદર શોભા ધામ ..........૨૨૮
- સત્તેજોક્ષરધામ દિવ્ય વસતિં (ભાવાનુવાદ) .....................૫૯૪
- સત્સંગ વિના જન્મ-મરણ .........૩૪૮
- સદાય પરભાવમાં જ ..............૬૩
- સદ્‌ગુરુ સાચા રે સેવો .............૩૦૦
- સદ્ધર્મવાળા શુભ હોય સંત ........૩૯૬
- સનેહી શ્રી ઘનશ્યામને .........૪૨
- સબસે ન્યારા ને પર ............૧૪

- સબ હી બરન મેં ..................૨૩૬
- સમજ સમજુ નારી ચિત્તમાં .........૪૪૨
- સમરો સુખદ શ્રી હરિદેવ જી .......૧૪૩
- સમું સમજે શોધતાં એવા ..........૧૧૧
- સરલ વર્તવે છે સારું રે ............૪૨૫
- સર સર પર સધર.................૫૭૨
- સર્વ તણા આધાર મહારાજ ........૧૨
- સર્વે થકી શ્રીહરિ છે ...............૪૪૧
- સર્વે રીતે સંતમાં રહું ............૩૮૨
- સર્વે સખી જીવન જોવાને .........૫૧૬
- સર્વોપરી છો સર્વાવતારી ...........૧૬૧
- સર્વોપરી ને સદા પ્રગટ છે .........૯૩
- સર્વોપરી ને સર્વાવતારી એક જ ....૨૭૧
- સર્વોપરી હરિ સ્વામિનારાયણ ......૨૦૧
- સહજ આનંદી સહજાનંદી ..........૩૪૩
- સહજાનંદ ઘનશ્યામ જય જય ....૭૨
- સહજાનંદ સિંધુ રે આજ ...........૯૩
- સહજાનંદ સિંધુ રે દયાળુ ..........૯૪
- સહજાનંદ સિંધુ રે સખી ...........૯૪
- સહજાનંદ સિંધુ રે સખી જો ........૯૫
- સહજાનંદ સુખકારી રે .............૨૪૦
- સહજાનંદ હરિ ભજી લ્યોને ........૪૨૯
- સંકલ્પ પોતાનો પૂરો કરવા .........૨૯૬
- સંગ ઐસે સંત કો કીજિએ ........૩૫૩
- સંગ સંગ કુસંગનો થઈ ............૫૩૪
- સંત અસંત તપાસી સમાગમ .....૩૫૦
- સંત અસંતની ઓળખાણ ..........૩૫૯
- સંત જન સોઈ સદા.................૩૫૨
- સંતને સોંપિયે સર્વે આપણું ........૩૦૧
- સંત પરમ હિતકારી ................૬૮
- સંત પારસ ચંદન બાવના ..........૩૨૭
- સંત વિના સાચી કોણ .............૩૪૫
- સંત સમાગમ કીજે હો ............૬૭
- સંત સમાગમ રે શુદ્ધ ..............૩૦૦
- સંત સુખી સંસાર મેં ...............૩૪૭
- સંતાઈને નારીને જે નિહાળે ........૩૯૬
- સંતો કરે છે તપ તીવ્ર એવું ........૩૯૫
- સંતો કરો ચિત્ત વિષે વિચાર ........૩૮૭
- સંતોના શ્યામ દોયલી વેળાના ......૪૯૭
- સંતોના શ્યામ વ્હાલા શ્રી ...........૩૫૫
- સંવત ઓગણીસ એકની...........૪૯૪
- સંસાર છોડી જન ભેખ ............૪૧૦
- સંસારના દુ:ખથી સાધુ થાય .......૪૧૧
- સાકર શ્રીફળ કે પુષ્પહાર...........૩૧૪
- સાખી : જેણે સેવ્યા સત્પુરુષને.......૩૦૯
- સાખી : તપ તીરથ રહ્યા ઉપવાસી....૩૧૦
- સાખી : મૂર્તિ મારગમાં નથી ........૩૦૮
- સાખી : વસે છે જે પરભાવમાં.......૩૧૦
- સાખી : શ્રીજીમહારાજનો વ્હાલો .......૪૦૧
- સાખી : સદ્‌ગુરુની દયા વિના........૩૦૮
- સાખી : હરિ રાજી કરવા હોય હૈયે....૩૧૧
- સાગર સુખ કા રેલાવ .............૧૩
- સાગરને તીર એક ટટળે .........૪૩૮
- સાચા શુદ્ધ સંતનો સમાગમ .......૩૦૨
- સાચા સંત જાણો જગતમાં .........૩૮૦
- સાચા સંતનાં અંગ એંધાણ ........૩૫૯
- સાચા સંત સેવ્યે સેવ્યા .............૩૫૭
- સાચું તો મળ્યું રે દેવળ............૧૭૪
- સાચું સગું સાચું નાણું રે .....૧૧૬
- સાચે સાચું કહેશું હરિ .............૩૫૫
- સાધુ એમ ઓળખાય હરિરસ .....૩૪૪
- સાધુ સોઈ નાવ સંસાર ............૩૫૪
- સારમાં સાર હરિની મૂર્તિ ..........૩૮૦
- સાહ ભયો ઉમરાહ ભયો ..........૫૭૭
- સાંભળ બેની હરિ રીઝ્યાની .......૪૨૪
- સાંભળ સજની રે દિવ્ય............૭૯
- સાંભળ સૈયર રે લીલા .............૭૬
- સુખ અનુપ અપાર છે .............૧૯૭
- સુખ કા સાગર યે જીવન હૈ મેરા ..૧૭૫
- સુખદાયક રે સ્વામી સહજાનંદ .....૨૪૨
- સુખના સાગર હરિ ...............૧૬૧
- સુખ પામી રે સખી ...............૬૯
- સુખમય તોરી મૂર્તિ અજબ ........૧૫૦
- સુખસાગર હરિવર સંગે સુખ .....૪૨૫
- સુખ સાચું જોયું રે ................૧૭૭
- સુખ સાચું નથી ક્યાંય ............૧૭૦

- સુખ સુખ કરતી આવે છે..........૫૩૪
- સુણ સાહેલી સહજાનંદ .............૪૦૭
- સુણો ચતુર સુજાણ એમ ...........૮
- સુણો વાત કહું મારા વ્હાલા ........૩૦૯
- સુણો સુણો સૌ મુક્તો સુણો ........૪૧૫
- સુન રહી મૈં બતિયાં ................૧૦૩
- સુનો વદૂંગી મૂર્તિ કી ..............૧૮૩
- સુફળ ફળી હું તો ...............૫૦૬
- સુવર્ણ ઘડી આવી SMVS ...........૧૨૯
- સુંદર મૂર્તિ અતિ સુખકારી ........૧૭૬
- સુંદર મૂર્તિ માધુરી ..................૧૫૫
- સુંદરવર શણગાર સજીને .........૩૭
- સુંદર શોભે રે રસિયો .............૨૨૬
- સૂતાં ઊઠી રે સમરું.................૩૮
- સે'જે કરાવે જનને ................૨૪૮
- સેવા કરી લ્યો સેવા ...............૪૩૫
- સોના અંબાડીએ હાથી.............૫૧૩
- સોના કેરો સૂરજ ઊગ્યો ..........૫૩૩
- સોનાનાં બોર ઝૂલે ધર્મકિશોર......૪૯૭
- સોનેરી મોળિયું સુંદર .............૨૧૦
- સોહે સુખધામ શ્યામ મોહે .........૫૭૫
- સ્નેહભર્યાં નયને નિહાળતા હો .....૪૭૪
- સ્વભાવ પ્રકૃતિ ટાળ્યા વિનાનું ....૪૩૪
- સ્વાગતમ્ શ્રીજી ...................૫૧૯
- સ્વાગતમ્ સ્વાગતમ્ દિવ્ય .........૫૨૧
- સ્વામિનારાયણ ઘનશ્યામ .........૧૭૦
- સ્વામિનારાયણ ધામ મુને વ્હાલું ....૩૪૦
- સ્વામિનારાયણ નામ વ્હાલું લાગે ...૨૩૫
- સ્વામિનારાયણનું સ્મરણ કરતાં ...૪૨
- સ્વામિનારાયણ પ્રાણથી પ્યારા ....૧૫૬
- સ્વામિનારાયણ ભગવાન બીજો ....૨૩૬
- સ્વામિનારાયણ ભગવાને મહેર ...૪૯૧
- સ્વામિનારાયણ મહામંત્ર ગમે .......૪૭૫
- સ્વામિનારાયણ શ્યામ પિયા ........૨૩૨
- સ્વામિનારાયણ નામાવલિ સ્તોત્ર (દિવ્ય શાંતિપાઠ) .................૬૦૧
- સ્વામી રાખો તેમ રહેવાય રે .......૩૦૬
- SMVS કાજે છે યુવાનો ...........૧૦૨
- SMVSનાં બાળ અમે રખવાળ ....૫૩૭


## હ


- હમ તો એક સહજાનંદ ચરન .....૨૪૪
- હમ તો એક સહજાનંદ ............૨૪૩
- હમ તો હરિ સહજાનંદ ............૨૪૪
- હમ સબ શ્રીજી કે (કૂચગીત) ......૨૯૩
- હરખ અતિ ભેટ્યા મુક્તપતિ ......૫૦૬
- હરતાં ફરતાં કરતાં કામ ..........૩૦
- હરતાં ફરતાં કરતાં કામ (ધ્યાન પદ) ......................૧૬૪
- હરિકૃષ્ણ હૈયાનો મારે હાર છે .....૨૦૭
- હરિજન સંગે રે ....................૪૮૨
- હરિજન સાચા રે ..................૪૨૫
- હરિજન હોય તે હરિને ભજે રે ....૫૦૫
- હરિ દાસનાં તે દુ:ખડાં કાપજો .....૧૦
- હરિની આજ્ઞા માનવી મન જી ......૩૮૧
- હરિને નીરખ્યા રે નેણે ............૨૨૫
- હરિનો મારગ છે શૂરાનો ..........૪૨૭
- હરિ બિન કોઈ ન તેરા સમજ .....૪૨૮
- હરિ ભજતાં સુખ હોય .............૬૮
- હરિ રાખે ત્યમ રહીએ ............૪૩૯
- હરિ રાજી કરવા હોય હૈયે ........૩૦૧
- હરિવર હરખો હૈયે મલકો .........૩૧૧
- હરિવર હીરલો રે .................૧૭૪
- હરિ વિના હિતકારી બીજું કોઈ ....૪૬૮
- હરિ હૈયાંના હાર છો ..............૨૨૦
- હરિસ્મૃતિ થાળ ચિંતામણિ..........૫૫
- હવે કહું નર નિરમાન (નિર્માની વર્તમાન) ................૩૭૭
- હવે કહું નિરસ્નેહી જન (નિ:સ્નેહી વર્તમાન) ..............૩૭૩
- હવે કહું નિ:સ્વાદીની રીત (નિ:સ્વાદી વર્તમાન) ..............૩૭૦
- હવે કહું સંત નિરલોભી (નિર્લોભી વર્તમાન) ................૩૬૬
- હવે મારા વા'લાને નહિ રે .........૮૪
- હવે મારા વ્હાલાનાં દર્શન ..........૮૪
- હવે મારા વ્હાલાનાં દર્શન સારુ .....૬૨

- હવે સંતને વર્ત્યાની રીત............૩૯૭
- હવે સાંભળો સંતની રીત
  (નિષ્કામી વર્તમાન) ..............૩૬૧
- હળ ને ખળ વક્તા ધરે............૩૯૨
- હસ્તી ભલે હોય છોટી .............૫૭૦
- હાથ ઝાલ્યો રે નિજ ...............૩૦૭
- હા... હરિકૃષ્ણમ્ દિવ્યમ્ ..........૩૨૭
- હાલો જુવાનડા હરિવર વરવા .....૪૦૨
- હાલો સૌ નર ને ...................૫૮૧
- હાં જી ભલા સાધુ ..................૩૪૫
- હાં રે ધર્મ લાલો રે ................૨૦૭
- હાં રે સખી ના'વા પધારે ..........૩૬
- હાં રે સાકર સાકર.................૧૦૦
- હિંડોરના મેં હોરે હોરે ઝૂલો ........૫૦૨
- હું કોણ છું ?નો દિવ્ય .............૧૩૪
- હું તો છું ઘણી નગણી નાર ........૯
- હું તો જાઈશ ઘનશ્યામ જોવા રે ....૨૨૧
- હું તો હરખ ભરી મનમાંય .........૫૦૯
- હૃદયે જોયું રે મુક્તો ...............૩૮
- હે કરુણાના કરનારા ..............૮
- હે જડબુદ્ધિ જીવ..................૩૪૯
- હે જી... વાલા નાથ રે રહોને ......૪૩
- હેત કર હેત કર પ્રગટ ...........૧૫૭
- હે દયાળુ ! દયા કરીને............૬
- હે દયાળુ દયા કરો મારા ..........૨૮
- હે દયાળુ દયા કરો વ્હાલા .........૧૬૪
- હે નાથ દેહના સંબંધી જનમાં ......૧૮
- હે નાથ મુને તમારું ભક્તપણું ......૧૮
- હે પ્યારા સદાય દિવ્ય મૂર્તિ
  (મહિમા શ્લોક) ...................૭૫
- હે પ્રૌઢ પ્રતાપી દિવ્ય મૂર્તિ ..........૩૨૯
- હે બાલ કિશોર યુવાનો ............૩૨૫
- હે વ્હાલા બાપજી ....................૩૨
- હે સદ્‌ગુરુજી ! (૨) જેમ કહેશો ...૩૨
- હે સંતો આ જીવને જક્તની........૧૮૩
- હૈડાંનો હાર હરિ રે મારે ..........૨૨૦
- હૈયાંના ફૂટ્યા હરિ સંગે હેત ......૪૬૫
- હો આજ મારે આંગણે ગુરુજી .....૫૨૪
- હો જીવન અમારા ગુરુ ............૨૭
- હો જીવન અમારા ગુરુ ............૬૩
- હો પ્રાણપ્યારા શ્રી ઘનશ્યામ
  (પદ-૧) ..........................૨૫
- હો પ્રાણપ્યારા શ્રી ઘનશ્યામ
  (પદ-૨) ..........................૨૫
- હો પ્રાણપ્યારા શ્રી ઘનશ્યામ
  (પદ-૩) ..........................૨૫
- હો પ્રાણપ્યારા શ્રી ઘનશ્યામ
  (પદ-૪) ..........................૨૬
- હો પ્રાણપ્યારા શ્રી ઘનશ્યામ
  (પદ-૫) ..........................૨૬
- હો પ્રાણપ્યારા શ્રી ઘનશ્યામ
  (પદ-૬) ..........................૨૬
- હો પ્રાણપ્યારા શ્રી ઘનશ્યામ
  (પદ-૭) ..........................૨૬
- હો પ્રાણપ્યારા શ્રી ઘનશ્યામ
  (ફેમિલિ ટાઈમ પ્રાર્થના) ...........૫૬૪
- હો પ્રાણપ્યારા શ્રીજી
  (સંકલ્પ પ્રાર્થના) .................૨૪
- હોય મૈં હરિકૃષ્ણદાસ ..............૨૪૫
- હો રસિયા મેં તો શરન તિહારી ....૭
- હો વ્હાલા શ્રી ઘનશ્યામ સુખ
  (પદ-૧) ..........................૧૬૧
- હો વ્હાલા શ્રી ઘનશ્યામ સુખ
  (પદ-૨) ..........................૧૬૨
- હો વ્હાલા શ્રી ઘનશ્યામ સુખ
  (પદ-૩) ..........................૧૬૨
- હો વ્હાલા શ્રી ઘનશ્યામ સુખ
  (પદ-૪) ..........................૧૬૩
- હો વ્હાલા શ્રી ઘનશ્યામ સુખ
  (પદ-૫) ..........................૧૬૩
- હો શ્રીજી તમારું પ્રગટપણું .......... ૨૪

# મંગળાચરણ

૧ ॥ શ્રી ઘનશ્યામ મધુરાષ્ટકમ્ ॥

વદનં મધુરં હસિતં મધુરં, નયને મધુરે શ્રવણે મધુરે ।
અલિકં મધુરં તિલકં મધુરં, ઘનશ્યામહરેરખિલં મધુરમ્ ॥૧॥

હૃદયં મધુરં હૃદ્યં મધુરં, વક્ષો મધુરં માલ્યં મધુરમ્ ।
કંઠં મધુરં ગીતં મધુરં, ઘનશ્યામહરેરખિલં મધુરમ્ ॥૨॥

હસ્તૌ મધુરૌ પ્રતલૌ મધુરૌ, સુમણી મધુરૌ કફણી મધુરૌ ।
વલયં મધુરં વરદં મધુરં, ઘનશ્યામહરેરખિલં મધુરમ્ ॥૩॥

નાભિર્મધુરા ત્રિવલી મધુરા, સુકટિર્મધુરા રસના મધુરા ।
ઉદરં મધુરં વસનં મધુરં, ઘનશ્યામહરેરખિલં મધુરમ્ ॥૪॥

ચરણે મધુરે પ્રપદે મધુરે, ઘુટિકે મધુરે પ્રસૃતે મધુરે ।
રૂપં મધુરં મનનં મધુરં, ઘનશ્યામહરેરખિલં મધુરમ્ ॥૫॥

શ્રવણં મધુરં સ્તવનં મધુરં, સ્મરણં મધુરં જપનં મધુરમ્ ।
ભજનં મધુરં યજનં મધુરં, ઘનશ્યામહરેરખિલં મધુરમ્ ॥૬॥

નમનં મધુરં દાસ્યં મધુરં, સખ્યં મધુરં વચનં મધુરમ્ ।
સ્વનિવેદનકં મધુરં મધુરં, ઘનશ્યામહરેરખિલં મધુરમ્ ॥૭॥

મુક્તા મધુરા ભોગા મધુરા, સ્વામિનારાયણ પ્રભુર્મધુરા મધુરા ।
શરણં મધુરં બિરુદં મધુરં, ઘનશ્યામહરેરખિલં મધુરમ્ ॥૮॥

(મંગળ શ્લોક વિભાગમાં આ શ્લોકોનો ભાવાનુવાદ આપેલ છે.)

૨ (છંદ : યમન કલ્યાણ)

દિવ્યજીવનની જ્યોત જગાવો, આપ કર્તા થઈ કાર્ય **દિપાવો**[૧];
મંગલમય સુખ નિત્ય દેનારા...જય

પહેલી ને છેલ્લી એ જ અરજ છે, મૂર્તિના સુખની એક ગરજ છે;
જાણી બિરદ તવ પૂરી પાડનારા...જય

• ૧. શોભાવો / સુંદર બનાવો

૩ **(છંદ : શાર્દૂલવિક્રીડિત)**

દિવ્યં શ્રીઘનશ્યામ કં શરણદં કૈશોરમૂર્તિં પરમ્
તેજઃ પુંજ મુખારવિંદ સહજં ધર્મસ્ય ભક્તેઃ પ્રિયમ્ ।
દિવ્યાભૂષણવસ્ત્રભૂષિતપ્રભું સત્સંગિ પૂજયં સદા
કુંકુંકેસરભાલચન્દ્રતિલકં અર્ચે સદા સ્વામિનં ॥

૪ **(શ્રી સ્વામિનારાયણ સ્ત્રોતમ્)**

પ્રત્યક્ષ એવાસ્મિ સદેતિ ભાનં દત્વા સ્વકેભ્યો નિજમૂર્તિદાનમ્ ।
યાવદ્રવીન્દૂ પ્રગટપ્રમાણં શ્રીસ્વામિનારાયણમાનમામિ ॥

૫ **(રાગ : સુન્દરી)**

ભવસંભવભીતિભેદનં સુખસંપત્કરુણાનિકેતનમ્ ।
વ્રતદાનતપઃક્રિયાફલં સહજાનંદગુરું ભજે સદા ॥
કરુણામયચારુલોચનં શરણાયાતજનાર્તિમોચનમ્ ।
પતિતોદ્ધરણાય તત્પરં સહજાનંદગુરું ભજે સદા ॥

૬ **(છંદ : શાર્દૂલવિક્રીડિત)**

આદૌ પ્રેમવતીવૃષાંગજનનં સન્નૈકતીર્થાટનં
દુષ્કર્મોપશમં ચ સાધુશરણં સદ્ધર્મસંસ્થાપનમ્ ।
હિંસાવર્જિતભૂરિયજ્ઞકરણં મૂર્તિપ્રતિષ્ઠાપનં
આર્યસ્થાપનમક્ષરાખ્યગમનં સત્સંગિ સજ્જીવનમ્ ॥

૭ **(છંદ : શાર્દૂલવિક્રીડિત)**

વાણી મંગલરૂપિણી ચ હસિતં યસ્યાસ્તિ વૈ મંગલં
નેત્રે મંગલદેચ દોર્વિલસિતં નૃણાં પરં મંગલમ્ ।
વક્ત્રં મંગલકૃચ્ચ પાદચલિતં યસ્યાખિલં મંગલં
સોઽયં મંગલમૂર્તિરાશુ જગતો નિત્યં ક્રિયાન્મંગલમ્ ॥

૮ **(છંદ : અનુષ્ટુપ)**

વર્ણીવેષરમણીયદર્શનં મંદહાસ્ય-રુચિરાનનામ્બુજમ્ ।
પૂજિતં સુરનરોત્તમૈર્મુદા ધર્મનંદનમહં વિચિન્તયે ॥

### ૯ (છંદ : દોહો)

પ્રથમ નમન પરબ્રહ્મને, જે છે એક જ સર્વાધાર;
નામ જેનું ઘનશ્યામજી, સહજાનંદજી સાર...૦૧

નારાયણ નીલકંઠજી, પુરુષોત્તમ પણ નામ;
ભવજળ પાર ઉતારવા, સ્વામિનારાયણ નામ...૦૨

પરમ કૃપાળુ પરમ દયાળુ, આપે સુખ અતોલ;
**આત્યંતિક મોક્ષ**[૧] પામવા, શ્રીજી મૂર્તિ અમોલ...૦૩

દ્વિતીય નમન ગુરુદેવને, જે છે સંકલ્પ શ્રીજીના જ;
સર્વે ક્રિયાઓ જેમની, કરનારા મહારાજ...૦૪

જેમાં શ્રીજીના જ છે, દિવ્ય કલ્યાણકારી ગુણ;
જીવમાંથી મુક્ત કરવા, અન્ય પરોપકારી કોણ...૦૫

મૂળ અજ્ઞાનને કાપવા, જેણે આપ્યો જ્ઞાન પ્રકાશ;
મનુષ્યતા તજી દિવ્યતા, રાખો કે' દાસાનુદાસ...૦૬

● ૧. અનાદિમુક્તની સ્થિતિ

### ૧૦ (છંદ : શાર્દૂલવિક્રીડિત)

જે હરિ અક્ષરધામમાંહી રાજે, સર્વોપરી છે સદા;
તે **નર વિગ્રહધારી**[૧] નાથ થઈને, સુખિયા કરે સર્વદા.

એવી સુખમય મૂર્તિમાં જ રહે છે, મુક્તો અનાદિ ઘણા;
**પયમિસરીવત્**[૨] પ્રેમ પૂર્ણ રાચે, એ સુખમાંહી ના **મણા**[૩].

એવા મુક્ત સદાય નાથ સંગે, એ નાથ સાથે મળ્યા;
તેણે રૂપ અનુપ આજ ધરીયું, સહેજે ન જાયે કળ્યા.

એવા સિદ્ધ સ્વતંત્ર મુક્ત કહીએ, સંકલ્પ સુખકંદના;
જેણે જીવ અનેક આજ તાર્યા, તેને કરું વંદના.

● ૧. મનુષ્યને મનુષ્ય જેવા દેખાવું ● ૨. દૂધ અને સાકર જેમ ભળી જાય તેવી એકતા ● ૩. ઊણપ

### ૧૧ (છંદ : શાર્દૂલવિક્રીડિત)

જે ઉત્પત્તિ તથા સ્થિતિ **લય**[૧] કરે વેદો સ્તુતિ ઉચરે;
જેના **રોમસુછિદ્રમાં**[૨] અણુસમાં બ્રહ્માંડ કોટિ ફરે,

માયા, કાળ, રવિ, શશી, સુરગણો આજ્ઞા ન લોપે ક્ષણ;
એવા અક્ષરધામના અધિપતિ શ્રી સ્વામિનારાયણ.

● ૧. નાશ ● ૨. એક કિરણમાં

**૧૨ (રાગ : સામેરી)**

મંગળ મૂરતિ મહાપ્રભુ, શ્રી સહજાનંદ સુખરૂપ;
ભક્તિ ધર્મસુત શ્રીહરિ, સમરું સદાય **અનુપ**[૧],
પરમ કૃપાળુ છો તમે, શ્રી હરિકૃષ્ણ સર્વાધીશ;
પ્રથમ તમને પ્રણમું, નામું વારંવાર હું શીશ.

● ૧. અજોડ, શ્રેષ્ઠ

●●●

# પ્રાર્થના

**૧૩ પદ-૧ (રાગ : ભૈરવી)**

અધમ ઉદ્ધારણ અવિનાશી તારા, **બિરુદ**[૧]ની બલિહારી રે;
ગ્રહી બાંહ્ય છોડો નહિ ગિરધર, અવિચળ ટેક તમારી રે ...ટેક

ભરી સભામાં ભૂદરજી તમે, થયા છો **માડી**[૨] મારી રે;
બેટાને હેતે બોલાવો, અવગુણિયા વિસારી રે... અધમ ૦૧

જેવો તેવો પુત્ર તમારો, અણસમજુ અહંકારી રે;
પેટ પડ્યો તેને અવશ્ય પાળવો, વાલમ જુઓ વિચારી રે ...અધમ ૦૨

**અનળ**[૩] **અહિ**[૪] જો ગ્રહે અજાણે, તે છોડાવે રોવારી રે;
બાળકને જનની સમ બીજું, નહિ જગમાં હિતકારી રે ...અધમ ૦૩

બ્રહ્માનંદની એ જ વિનંતી, મન ધારીએ મોરારી રે;
પ્રીત સહિત દર્શન પ્રસાદી, જોયે સાંજ સવારી રે...અધમ ૦૪

● ૧. મોટપ ● ૨. માતા ● ૩. અગ્નિ ● ૪. સાપ

**૧૪ પદ-૨**

મનમોહન સુંદરવર મારા, અવગુણિયા વિસરાવા રે;
અધમઉદ્ધારક પતિતજન પાવન, બિરુદ તમારું ચહાવા રે ...ટેક

સહુ દેખતાં શામળિયા તમે, માડી થયા છો માવા રે;
છોરુંની ચિંતા રાખીને, મા દેશો મૂંઝાવા રે ...મન ૦૧

બાળક હોય તે જેમ તેમ બોલે, લીયે કુટાણે ખાવા રે;
જનની રોષ ન લેખે જાણે, અણસમજુ હોય આવા રે ...મન ૦૨

શેરડીએ રમતાં અથડાતાં, છોરાં રાખે દાવા રે;
સબળ થઈ કોઈ લિયે ચૂંટિયો, તો માતા જાય મેલાવા રે ...મન ૦૩

મનગમતું સર્વે મેલીને, એક તમને રિઝાવા રે;
બ્રહ્માનંદ કહે મન કર્મ વચને, ગુણ તમારા ગાવા રે ...મન ૦૪

**૧૫ (રાગ : ભૈરવી)**

મેરે તો એક તુમ હી આધારા,
નાવ કે **કાગ**[૧] કી ગતિ ભઈ મેરી; જહાં દેખું તહાં જલનિધિ ખારા...૦૧

રસિક શિરોમણિ તુમ બિન મોકું; લગત હૈ જગસુખ **જરત અંગારા**[૨]...૦૨
તુમ મોકું મિલિયો તો આનંદ અતિશે; બિસરત સબ દુઃખ વારંવારા...૦૩
મુક્તાનંદ કહે અંતરજામી; કહાં સમજાવું મેરે પ્રીતમ પ્યારા...૦૪

● ૧. કાગડો ● ૨. બળતા કોલસા

### ૧૬ (પદ : આપના તે આભમાં)

આપના તે આભમાં હું નાનું **પારેવડું**[૧], આપના ઈશારે ઊડી જાવું;
આપનાં વચન મારા જીવનનો રાહ છે, આપની રુચિમાં જીવી જાવું...ટેક

આપની ઈચ્છામાં આયખું ઓગાળવું, આપ ચાહો એમ મારે રહેવું;
દાસ તણો દાસ થઈ આપમાં હોમાઈ જવું, દિવ્ય જીવન આપમાંથી લેવું,
રે, મારે આપના...૦૧

**વેણુ**[૨] બનવું છે મારે આપના **અધર**[૩] તણી, આપના જ સૂર હું રેલાવું;
મૂર્તિમાં રસબસ રાખો મારા સ્વામી, મહિમા વિચારે ડૂબી જાઉં,
રે, મારે આપના...૦૨

દીન બાળક હું આપનો ગુલામ બની, રાજીપો આપનો કમાઉં;
મારગ પણ આપ મારી મંઝિલ પણ આપ છો, મારે આપ વડે આપમાં સમાવું,
રે, મારે આપના...૦૩

● ૧. કબૂતર ● ૨. વાંસળી ● ૩. હોઠ

### ૧૭ (રાગ : અમી ભરેલી નજરું રાખો)

હે દયાળુ ! દયા કરીને, આપને ગમે એવું પાત્ર કરજો;
હે કૃપાળુ ! કૃપા કરીને, આપને ગમે એવું પાત્ર કરજો...ટેક

શિલ્પી આપ જ છો મારા, દિવ્યજીવનના દેનારા;
પ્રતિકૃતિ તવ કરનારા ...૦૧

તું હી તું એક તું હી તું, નહિ કોઈ જીવન મારું તું;
**જળમીનવત્**[૧] મારું જીવન તું ...૦૨

મહિમા સભર થઈ રાચી રહું, ઓતપ્રોત થઈ મૂર્તિમાં ઠરું;
દેશ-વિદેશે ગાતો ફરું ...૦૩

તવ ચરણની રજ બનું, હું સૌમાં તારાં દર્શ કરું;
ઉકાખાચર જેવા થવું ...૦૪

રાંક બનીને યાચી રહું, સદાય તારા સંગે રહું;
જેમ આપ રાખો તેમ રહું ...૦૫

● ૧. જળમાં રહેનાર માછલું (મીન)

## ૧૮ (રાગ : બિહાગ)

બિસર ન જાજો મેરે **મીત**[1], યહ વર માગું નિત...ટેક
મેં મતિમંદ કછુ નહિ જાનું, નહિ કુછ તુમ સે હિત;
બાંય ગ્રહે કી લાજ હે તુમ કું, તુમ સંગ મેરી જીત...બિસર ૦૧

તુમ રીઝો એસો ગુન નાહીં, અવગુન કી હૂં ભીત;
અવગુન જાની બિસારોગે જીવન, હોવહું બહુત ફજીત...બિસર ૦૨

મેરે દઢ ભરોસો જીય મેં, તજી હો ન મોહન પ્રીત;
જન અવગુન પ્રભુ માનત નાહીં, યેહી પૂરવ કી રીત...બિસર ૦૩

દીનબંધુ અતિ **મૃદુલ સુભાઉં**[2], ગાઉં નિશદિન ગીત;
પ્રેમસખી સમજુ નહિ ઊંડી, એક ભરોસો ચિત્ત...બિસર ૦૪

● ૧. સ્વામી / પ્રિયતમ ● ૨. કોમળ સ્વભાવ

## ૧૯ (પદ : હો રસિયા મેં તો શરન)

હો રસિયા મેં તો શરન તિહારી...ટેક
નહિ સાધન બલ વચન ચાતુરી, એક ભરોસો ચરને ગિરધારી ...હો૦૧
**કડઈ**[1] તુંબરીયાં મેં તો **નીચ ભોમી**[2] કી, ગુનસાગર પિયા તુમ હી **સંવારી**[3]...હો ૦૨
મેં અતિ દીન બાલક તુમ શરને, નાથ ન દીજો અનાથ વિસારી ...હો૦૩
નિજ જન જાની સંભારોગે પ્રીતમ, પ્રેમસખી નિત જાયે બલિહારી ...હો૦૪

● ૧. કડવી ● ૨. નીચી ભૂમિ ● ૩. સંભાળવું

## ૨૦ (રાગ : ભૂપાલી)

પ્રેમે નમન છે હે વૃષનંદન, કરું હું તન મન ધન તને અર્પણ... ટેક
**મંગલ**[1] કર તવ વદન **વિલોકી**[2], સુખમાં ડૂબે મુક્ત ત્રિલોકી... પ્રેમે ૦૧
માતપિતા સખા આપ જ ભ્રાતા, દિવ્ય સ્વરૂપે મૂરતિ દાતા... પ્રેમે ૦૨
કૃપાસિંધુ સહુ વિઘ્ન **વિદારો**[3], જાણી બિરદ તવ શ્યામ ઉદ્ધારો... પ્રેમે ૦૩
દાસાનુદાસ કેરા દોષ નિવારી, રસબસ કરજો ભવભયહારી... પ્રેમે ૦૪

● ૧. દિવ્ય ● ૨. દર્શન કરીને ● ૩. દૂર કરો, ટાળો

## ૨૧ પદ-૧ (રાગ : ભૈરવી)

મૈં તો ગુનેગાર તેરા રે, હો સ્વામિન્ મેરા રે...ટેક
હું ગુનેગાર તેરા કિરતાર, દે શરન ચરન કેરા રે...મૈં તો૦૧
અધમ ઓધારન પતિતજન પાવન, મેટત ભવફેરા રે...મૈં તો૦૨
યેહી બિરુદ ઘનશ્યામ સુની તેરા, કીનો ચરન ડેરા રે ...મૈં તો૦૩
પ્રેમાનંદ કે' પ્રભુ ભવસાગર સે, પાર કરો તુમ બેરા રે...મૈં તો૦૪

## ૨૨ પદ-૨

મૈં તો છિન છિન તેરા ગુન્હેગાર, હો ધર્મકુમાર...ટેક
મૈં ગુલામ તેરે ચરન કમલ કા, તૂ મેરા **શીરદાર**[૧] ...મૈં તો૦૧
જો **કરની**[૨] સુની હો પ્રભુ મેરી, નહિ કબહુ **નિસ્તાર**[૩]...મૈં તો૦૨
અપનો બિરુદ બિચારી કે કેશવ, લીજે મોહન મેરી સાર...મૈં તો૦૩
પ્રેમાનંદ ઘનશ્યામ નામ પર, બાર બાર બલિહાર...મૈં તો૦૪

● ૧. સ્વામી ● ૨. કર્મ ● ૩. મોક્ષ, કલ્યાણ

## ૨૩ (પદ : સુણો ચતુર સુજાણ)

સુણો ચતુર સુજાણ(૨), એમ ન ઘટે રે તમને દીનાનાથજી;
મારા પ્રાણના આધાર(૨), જેમ રાખો તેમ રહીએ વચનને સાથજી... ટેક

અમે તમ કારણ સહ્યાં મે'ણાં, નાથ નીરખવા ને સુણવાં વેણાં;
અમે તૃપ્ત નવ કીધાં નેણાં... સુણો૦૧

અમે લોકલાજ કુળની લોપી, તન, મન, ધન હરિને સોંપી;
અમે તમ કારણ પહેરી ટોપી... સુણો ૦૨

પહેલી પ્રીત કરી શીદને આગે, દૂધ દેખાડી માર્યા **ડાંગે**[૧];
પછી તેને તે કેવું વસમું લાગે... સુણો ૦૩

કાંઈ દયા આવે તો દર્શન દેજો, નહિ તો અખંડ અંતરમાં રહેજો;
એમ શ્રીરંગના સ્વામીને કહેજો... સુણો૦૪

● ૧. લોખંડની આરવાળી લાકડી

## ૨૪ (રાગ : ભીમપલાસી)

હે કરુણાના કરનારા, તારી કરુણાનો કોઈ પાર નથી;
હે સંકટના હરનારા, તારી કરુણાનો કોઈ પાર નથી...ટેક

મારાં પાપ ભર્યાં છે એવાં, તારી ભૂલ્યો કરવી સેવા;
મારી ભૂલોના ભૂલનારા... તારી ૦૧

હે પરમ કૃપાળુ વા'લા, મેં **પીધા વિષના પ્યાલા**[1];
મારા જીવન રક્ષણહારા... તારી ૦૨

હું અંતરમાં થઈ રાજી, ખેલ્યો છું અવળી બાજી;
અવળી સવળી કરનારા... તારી ૦૩

ભલે છોરું કછોરું થાયે, તોયે તું માવતર કહેવાયે;
મીઠી છાયાના દેનારા... તારી ૦૪

મને દેહભાવોથી ઉગારો, કરો રાતદિન તેનો મારો;
મારા દેહદોષોને હરનારા... તારી ૦૫

મારું જીવન છે અતિ પ્યાસી, તારું સુખ દે અવિનાશી;
ભક્તોને દિલ રમનારા... તારી ૦૬

● **૧.** કષ્ટો સહન કરવાં

## ૨૫ (રાગ : ગરબી)

હું તો છું ઘણી **નગણી**[1] નાર, તોય તમારી રે;
તમે ગુણસાગર ઘનશ્યામ, છો અવતારી રે ... ૦૧

મુને કરી પોતાની શ્યામ, દોષ ન જોયા રે;
તમે ગુણગ્રાહક ઘનશ્યામ, મુજ પર મોહ્યા રે ... ૦૨

તમે શ્યામ સુંદર સુખરૂપ, મુક્તવિહારી રે;
મારે મંદિર આવો માવ, તમ પર વારી રે ... ૦૩

મુને કરી કૃતારથ નાથ, શ્યામ સોહાગી રે;
મારે **ભવની ભાવટ**[2] આજ, સર્વે ભાંગી રે ... ૦૪

મારે અમૃત વર્ષ્યા મેહ, થઈ અનુરાગી રે;
મારી તમ સંગ ત્રિભુવનરાય, લગની લાગી રે ... ૦૫

મારાં પુણ્ય તણો નહિ પાર, તમ સંગ મળતાં રે;
મુક્તાનંદ કહે મહારાજ, અંતર ટળતાં રે ... ૦૬

● **૧.** ગુણ વગરની ● **૨.** જન્મમરણના ફેરા

### ૨૬ (રાગ : જરા સામને તો આઓ છલીયે)

હરિ દાસનાં તે દુઃખડાં કાપજો, મુજ રાંકનો પ્રભુજી ઘણો વાંક છે;
હું તુજને વિનવું રે મારા વ્હાલમા, તારા હાથમાં હરિ મારી લાજ છે...ટેક

હું તારે શરણે આવ્યો પ્રભુજી, લાજ મારી તો કેમ જાશે;
ભક્તોની ચિંતા પ્રભુ કરે તે, પ્રભુ **નમેરા**[1] કેમ થાશે,
હવે તારી કૃપાની આ વાત છે, નથી ચિંતા પ્રભુ જો સંગાથ છે...હું ૦૧

પૂર્વેના ભક્તોને પ્રભુ ચાહે તો, આ ભક્તને કેમ ભૂલી શકે;
સ્વામી થયા તો શ્રીજી ઓ મારા, નિજ સેવકને કેમ ત્યજી શકે,
મેં તો અર્પ્યું બધું તને નાથ રે, હવે બાજી બધી તારે હાથ રે...હું ૦૨

તમે મારા શેઠ ને ચાકર હું તારો, સર્વે કર્યું તારું થાશે;
સહજાનંદનો મળતાં સહારો, દાસાનુદાસ તો ગુણ ગાશે,
હવે નથી મુને બીજી આશ રે, મુને આપ્યો છે મૂર્તિમાં વાસ રે...હું ૦૩

● ૧. નિર્દય

### ૨૭ (રાગ : હરિ દાસનાં તે દુઃખડાં કાપજો)

તારી ઈચ્છા વિના તો કાંઈ થાય નહિ, વિના મરજીથી તૃણ તોડાય નહિ;
તમે કર્તા બનો રે ઘનશ્યામજી, તો જ થાયે મારી પૂરી હામ જી... ટેક

છેલ છોગાળા ભેળા ભળો તો, લૂમખ કેરીનું પડી જાશે;
દીનબંધુ તમે દયા કરો તો, કામ તુરત સુફળ થાશે,
શ્રીજી તારી કૃપા પર વાત છે, મુને મળ્યા પ્રભુ સાક્ષાત્ છે... તમે ૦૧

ઓ મારા સ્વામી લઉં છું ધનુષ્યબાણ, આપ સંકલ્પે સહાય કરજો;
દાસાનુદાસના પ્યારા ઘનશ્યામજી, દાસ ગણી બેડો પાર કરજો,
ભલે સભાને એ સમજાઈ જાય, અહંભાવે તો કાંઈ ન કામ થાય... તમે ૦૨

### ૨૮ (પદ : મૈલી ચાદર ઓઢ કે કૈસે)

મૈલી ચાદર ઓઢ કે કૈસે, દ્વાર તુમ્હારે આઉં;
હે પાવન પરમેશ્વર મેરે, મન હી મન શરમાઉં...ટેક

તુમને મુજકો જગ મેં ભેજા, નિર્મલ દેકર કાયા;
આકર કે સંસાર મેં મૈંને, ઈસકો દાગ લગાયા,
જનમ જનમ કી મૈલી ચાદર, કૈસે દાગ છુડાઉં...મૈલી ૦૧

નિરમલ વાણી પાકર તુજ સે, નામ ન તેરા ગાયા;
નૈન **મૂંદકર**[1] હે પરમેશ્વર, કભી ન તુજકો ધ્યાયા,
મન વીણા કી તારેં તૂટી, અબ ક્યા ગીત સુનાઉં...મૈલી ૦૨

ઈન પૈરોં સે ચલકર તેરે, મંદિર કભી ન આયા;
જહાં જહાં હો પૂજા તેરી, કભી ન શીશ ઝુકાયા,
હે હરિહર મૈં હાર કે આયા, અબ ક્યા હાર ચઢાઉં...મૈલી ૦૩

● ૧. બંધકર

## ૨૯ (રાગ : કાફી)

છો પ્રભુ શ્રી ઘનશ્યામ જયકારી... ટેક
સહજાનંદ હરિ સ્વામિનારાયણ, એક જ છો અવતારી;
સર્વોપરી હરિકૃષ્ણ પ્રભુમાં, ભક્તિ અચળ અમારી... છો પ્રભુ ૦૧

દીનબંધુ તમે દયા કરીને, બિરદ આપ વિચારી;
દેહભાવ તણા સકલ દોષથી, લેજો નાથ ઉગારી ... છો પ્રભુ ૦૨

ધ્યાનમાં નવલા નેહ પૂરીને, પાત્ર બનાવો ભારી;
મૂર્તિસુખમાં રસબસ કરીને, સ્થિતિ કરાવો સારી ... છો પ્રભુ ૦૩

અંગોઅંગ ને રોમેરોમમાં, થિજાડો **ભયહારી**[1];
દાસાનુદાસની અરજ સુણીને, ન્યાલ કરો અવિકારી... છો પ્રભુ ૦૪

● ૧. ભય હરનારા

## ૩૦ (રાગ : મોહે ભૂલ ગયે સાંવરિયા)

તોરે પાય પડું નાવલિયા (૨),
આપ બિરદ ઘનશ્યામ વિચારી(૨); લે લો હમારી ખબરિયાં... ટેક

દિલ કે ઉદાર હો ધર્મ કે લાલે, તોડ દેહાદિક દોષ કે જાલે;
આશ માયા કી દીજે નિવારી, કર કે કૃપા નજરિયાં... તોરે ૦૧

બિન યાચે ઓ મેરે સજના, દેતે હો તુમ પ્યાર કો અપના;
પ્રીત હૈ સચ્ચી પ્રીતમ હૈ સચ્ચા, મિલી હૈ મૂર્તિ નગરિયાં... તોરે ૦૨

સુંદર સુખમય મૂર્તિ હરિ કી, અનાદિમુક્ત કો સુખ લેને કી;
વાસ દીયો મુક્તન કે સંગ મેં, વૈસી હુઈ તેરી મરજિયાં... તોરે ૦૩

હોવન પાત્ર સુખ કો લેને કા, રાહ જાનું નહિ ઈસ બાતોં કા;
દાસ કે દાસ કહે શ્રીજી રીઝત હૈ, દેખ કે સચ્ચી **ગરજિયાં**[1]... તોરે ૦૪

● ૧. ગરજ

### ૩૧ (રાગ : શુદ્ધ કલ્યાણ)

સર્વ તણા આધાર મહારાજ, બાંહ્ય દાસની ગ્રહેજો હો;
હે સહજાનંદ ધર્મકુમાર, મુને મૂર્તિમાં લેજો હો ... ટેક

જીવ સહુ વિષયમાં ચકચૂર, રાચી રહેલા;
અનાદિકાળના મોહ ભરપૂર, તેમાં ફસેલા,
તે પર કરુણા કરીને નાથ, ગાથ સુણાવી લેજો હો ... સર્વ ૦૧

અહં-મમત્વનું મૂળ અજ્ઞાન, તેની જે ગ્રંથિ;
**સંસૃતિ**[૧]નું કારણ દેહાભિમાન, તેના બંધનથી,
**સકલ**[૨] **અવિદ્યા**[૩]થી મહારાજ, આજ બચાવી લેજો હો... સર્વ ૦૨

હરિ મૈં તેરા દાસ બનકર, આયો શરન મેં;
ટાળી મમ ત્રિય તાપ સુખકર, રાખો સેવન મેં,
રાખીને શ્રીજી તેરી પાસ, દીનને સુખડું દેજો હો... સર્વ ૦૩

તેરા બિરદ તુમ જાનકર, કૃપા કરોગે;
મેરા અપરાધ સબ માફ કર, દુઃખ હરોગે,
દાસન કે દાસ કી સુણી અરદાસ, નવલાં સુખડાં દેજો હો ... સર્વ ૦૪

● ૧. જન્મમરણનું ચક્ર, સંસાર ● ૨. સર્વ ● ૩. અજ્ઞાન (દેહભાવ)

### ૩૨ (પદ : તમારી મૂર્તિ વિના મારા)

તમારી મૂર્તિ વિના મારા નાથ રે, બીજું મને આપશો મા;
હું તો એ જ માગું છું જોડી હાથ રે, બીજું મને આપશો મા... ટેક

આપો તમારા જનનો સંગ રે ...બીજું ૦
મારા જીવમાં એ જ ઉમંગ રે...બીજું ૦૧
મારા ઉરમાં કરો નિવાસ રે...બીજું ૦
મને રાખો રસિયા તમ પાસ રે ...બીજું ૦૨
એ જ અરજી દયાનિધિ દેવ રે ...બીજું ૦
આપો ચરણકમળની **સેવ**[૧] રે...બીજું ૦૩
કરો **ઈતર**[૨] વાસના દૂર રે ...બીજું ૦
રાખો પ્રેમાનંદને હજૂર રે ...બીજું ૦૪

● ૧. સેવા ● ૨. અન્ય

### ૩૩ (રાગ : તન ડોલે મેરા મન ડોલે)

કર જોડી વ્હાલા કર જોડી, શ્રીજી દીન હો કરું પોકાર રે;
નૌતમ પ્યારે નાવલિયા... ટેક

કામ ક્રોધ લોભ આળસ નિદ્રા, લૂટત ભજન હવેલી;
દેહાભિમાન શત્રુ પાડત હૈ, ઈમારતો ચણેલી,
તેરી ઈમારતો ચણેલી;
હમ પોકે જાગ્રત હોકે, સબ કી રક્ષા કીજે મોરાર રે... નૌતમ ૦૧

તેરો ભરોસો આગે બઢાકે, યે જગ મેં ઝંપલાયા;
બિરદ તેરા જાન પ્રભુજી, સહાય કરન કો આયા,
શ્રીજી સહાય કરન કો આયા;
બલ તોરે જીત યું હોરે, હુઆ શત્રુ કા સંહાર રે... નૌતમ ૦૨

ગરજુ શરને આયો પ્રભુજી, સુન લે બિનતી હમેરી;
અબ તો હમકો પાત્ર બનાકે, દે દે મૂર્તિ ભલેરી,
તેરી દે દે મૂર્તિ ભલેરી;
તન કો લે મન ધન કો લે, જીયા રખ લે મૂર્તિ મોઝાર રે... નૌતમ ૦૩

નિત્ય નવીન મૂર્તિ કે સુખ મેં, મુક્ત અનાદિ રહાયા;
દાસ કે દાસ કહે કૃપા કરકે, ઈનકે સંગ ઠેરાયા,
પ્યારે ઈનકે સંગ ઠેરાયા;
હરિ બોલે ફિર હમ ડોલે, હો ગયે કોલ કરાર રે... નૌતમ ૦૪

### ૩૪ (રાગ : નાગરવેલિયો રોપાવ)

સાગર સુખ કા રેલાવ, તેરા બિરદ જાનીકે;
બક્ષો ગુન્હા હમેરા નાથ, બાંહ્ય ગ્રહી કે કીજે સનાથ... ટેક

પુરુષોત્તમ આપ સમર્થ, મોસે **બોત**[1] બને હે **અનર્થ**[2];
માફ કીજિએ દરિયાવ ... તેરા ૦૧

હરિ અલ્પ હમેરી બુદ્ધિ, ભૂલ ગયે મેં તેરી **શુદ્ધિ**[3];
તાકું મૂળ સે ટળાવ ... તેરા ૦૨

મનમુખી હો કરકે ભૂલ્યા, દેહાભિમાન મેં બહોત ડૂલ્યા;
સબ દોષન કું નસાવ ... તેરા ૦૩

તેરો મહિમા અપરંપાર, કોઈ હૈ નહિ જાનનહાર;
મોકું કૃપા સે સમજાવ ... તેરા ૦૪

સબ અવતાર કે અવતારી, અન્ય જોડ ન દિસત તિહારી;
તે સંગ પ્રેમ સે ભેટાવ ... તેરા ૦૫

દિવ્ય બુદ્ધિ કો યોગ દીજે, હમકું મૂર્તિ મેં રખ લીજે;
નવીન સુખડાં દેખાવ ... તેરા ૦૬

આપ કૃપા સે હો ગઈ જાન, સુખનિધિ હો આપ મહાન;
અબ તો મૂર્તિ મેં ઝુલાવ ... તેરા ૦૭

મૂર્તિ મેં રહે અનાદિમુક્ત, ઈનકો સુખ લેને કી યુક્ત;
મુજકો કૃપા સે શિખવાવ ... તેરા ૦૮

સુખ કા હૈ અનંત પ્રકાર, નિત્ય આનંદ મૂર્તિ મોઝાર;
તામેં બના દે ગરકાવ ... તેરા ૦૯

દાસન કે દાસ કી અરદાસ, પ્યારે પ્રભુ કો વિનવે ખાસ;
મૂર્તિ કે સુખ મેં થિજાવ ... તેરા ૧૦

● ૧. બહુ ● ૨. ખોટાં કામો ● ૩. દિવ્યભાવ

## ૩૫ (પદ : સબસે ન્યારા ને પર શ્રીજી)

સબસે **ન્યારા**[૧] ને **પર**[૨] શ્રીજી, સાર લીની મોરે **જીયન**[૩] કી ...ટેક
મૈં દેહાભિમાન મેં ડૂબા થા, ઈસ બાત કા રાહ કુછ ભૂલા થા;
યાદ દીની વે **પથિયન**[૪] કી ...સબસે ૦૧

તવ રીતિ કો હમ ક્યા જાને ? નવીન પ્રીતિ મેં અનજાને;
શરમ મુઝે તેરે નયનન કી ...સબસે ૦૨

મૈં અજ્ઞાન અંધારે થા, તૂને જ્ઞાનદીપ જલાયા થા;
ઝળકત જ્યોતિ પ્રકાશન કી ...સબસે ૦૩

અબ લાજ હમેરી તૂ રખ લીજે, મોક્ષ કાજ કો પૂરાં કર દીજે;
છટા બડી તેરી **બતિયન**[૫] કી ...સબસે ૦૪

તૂ તેરા **રૂપ**[૬] મેં રખતે હૈં, ઈનમેં **લેલીન**[૭] કરતે હૈં;
બાત હૈ તેરી કૃપાયન કી ...સબસે ૦૫

પ્રભુ તેરી કૃપા સે સુખ પાયા, અનાદિ સંગે ઠહરાયા;
લહર આયી અબ રસબસ કી ...સબસે ૦૬

રોમ રોમ સુખ છૂટત હૈ, ઇનમેં અનાદિ ઝૂલત હૈ;
યે બાત બડી હૈ સ્થિતિયન કી ... સબસે ૦૭

મેરા સબ કુછ તુજકો દિયા, મુકામ મૂર્તિ મેં કર લિયા;
અરજ સુની દાસ દાસન કી ... સબસે ૦૮

● ૧. અનોખા ● ૨. ઉપરી ● ૩. ચૈતન્ય ● ૪. રાહ ● ૫. કથાવાર્તા ● ૬. મૂર્તિ ● ૭. નિમગ્ન

## ૩૬ (રાગ : મિશ્ર ખમાચ)

શ્રીજી મૂર્તિના સુખમાં ઝિલાવશો ... ટેક

ઘનશ્યામ છબીલા શ્યામ મૂર્તિ તમારી, મોટી **મિરાંત**[1] જીવનદોરી હમારી;
રોમેરોમ રસબસ બનાવશો ... શ્રીજી ૦૧

મૂર્તિનું બળ વ્હાલા મુખ્ય રખાવજો, અહંતા ને મમતા દૂર તજાવજો;
સંકલ્પો સર્વે સમાવશો ... શ્રીજી ૦૨

મૂર્તિનું ધ્યાન હરિ હેતે ધરીશું, **સાંસાગોટિલા**[2] કરી રાજી કરીશું;
ધ્યાનમાંહી દૃઢતા કરાવશો ... શ્રીજી ૦૩

કૃપાળુ કૃપા તમારી માગું છું, લટકાળા લળી લળી પાય લાગું છું;
મૂર્તિમાં પ્રેમ પ્રગટાવશો ... શ્રીજી ૦૪

મૂર્તિનાં સુખ નવાં નિત્ય અપાર છે, મુક્ત અનાદિ તે ઉત્તમ લેનાર છે;
તે સંગે અમને મિલાવશો ... શ્રીજી ૦૫

દાસાનુદાસની અરજ સુણીને, સુખ આપો શ્રીજી તમારો ગણીને;
અમૃતરસ પિવરાવશો ... શ્રીજી ૦૬

● ૧. મૂડી, દોલત ● ૨. આજીજી

## ૩૭ (રાગ : મારી નાડ તમારે હાથ હરિ સંભાળજો રે)

મારા છેલછબીલા શ્યામ, મૂર્તિમાં રાખજો રે;
જાણી બિરદ તવ ઘનશ્યામ, મુજને નિભાવજો રે ... ટેક

હું બાળક તારું અણસમજુ, વિચાર વિવેકે કાંઈ ન સમજું;
કરવાને ખરો ગરજુ, દયા દર્શાવજો રે ... મારા ૦૧

કામાદિક શત્રુ છે બળિયા, છોટા મોટા દેવો ડરિયા;
**વિક્ષેપ**[1] કરવા ગરિયા, તેને કાઢજો રે ... મારા ૦૨

ગ્રંથિ જે અહંતા મમતાની, મૈથુન ને વળી શાસ્ત્ર ભણ્યાની;
હૃદય ને સંશયની, ગ્રંથિ ટાળજો રે ... મારા ૦૩

ધ્યાનમાં નિદ્રા આળસ આવે, સંકલ્પો વળી આવી મૂંઝાવે;
તુમ બિન કોન બચાવે, વા'રે આવજો રે...મારા૦૪
દેહના ભાવો સર્વે ટાળી, મૂર્તિમાં રાખો હિતકારી;
પાત્ર કરી ભયહારી, સુખડાં આપજો રે ...મારા૦૫
દાસાનુદાસના વ્હાલા શ્રીજી, શરણાગતની સુણજો અરજી;
થઈને સહુ પર રાજી, સ્થિતિ કરાવજો રે...મારા૦૬

● ૧. અડચણ, ખલેલ

**૩૮ (રાગ : ગરબી)**

ધર્મકુંવર હરિકૃષ્ણજી, તમે ભક્તપતિ ભગવાન, એ વર માગું છું;
દયાનિધિ તમે દાસને, નિત્ય આપો છો એ દાન...ટેક
નિર્વિકલ્પ ઉત્તમ અતિ એવો, નિશ્ચય થાય તમારો;(૨)
અલબેલા તમ આગળે, હું અરજ કરું એ સારુ...એ વર ૦૧
મહાત્મ્ય જ્ઞાને સહિત હરિ એવી, એકાંતિકી ભક્તિ;(૨)
પ્રીત રહો તવ ચરણમાં, બીજે રહો સદા વિરક્તિ...એ વર ૦૨
હુંમાં તમારું ભક્તપણું હરિ, એમાં કોઈ પ્રકાર;(૨)
દોષ ન રહે કોઈ જાતનો, એ આપો ધર્મકુમાર...એ વર ૦૩
તમારા કોઈ ભક્તનો મારે, દ્રોહ ક્યારે નવ થાય;(૨)
સંગ અનાદિમુક્તનો મને, નિત્ય આપો મુનિરાય...એ વર ૦૪
દાસ તમારા દાસનો મને, રાખો નાથ જરૂર;(૨)
પ્રેમાનંદની વિનંતી, સાંભળજો શ્યામ જરૂર...એ વર ૦૫

**૩૯ (રાગ : મારી અવિચળ ટેકને રાખજો)**

શ્રીજી મૂર્તિમાં અમને રાખજો;
જાણી બિરદ તવ કૃપાનાથ... એ વર મુને આપજો...ટેક
મારે અવિચળ આશરો તમારો; એમાં ચૂક ક્યારે નવ થાય...એવર ૦૧
કામ ક્રોધાદિ સર્વે દોષથી; સદા રક્ષણ કરજો હે નાથ...એવર ૦૨
ઘાટ સંકલ્પ ટાળજો ધ્યાનમાં; મૂર્તિ તમારી અખંડ દેખાય...એવર ૦૩
મારાં માતપિતા સગાં આપ છો; મુને મૂર્તિ જ ઘર મનાય...એવર ૦૪
તમારો ને તમારા કોઈ મુક્તનો; ભૂલેચૂકે દ્રોહ નવ થાય...એવર ૦૫

તમારી ને તમારા મોટા મુક્તની; ક્રિયામાં મુને સંશય નવ થાય... એ વર ૦૬
કલ્યાણકારી દિવ્ય પ્રભુ આપ છો; તવ ચરિત્રમાં મોહ નવ થાય... એ વર ૦૭
દયા કરીને મુજને નિભાવજો; જાણી ગાંડો ઘેલો તવ બાળ... એ વર ૦૮
પાત્ર કરીને સુખડાં આપજો; મુક્ત અનાદિ લે છે તે જેમ... એ વર ૦૯
તેજોમય મૂર્તિ તારી નીરખું; રસબસ તે માંય ઠરાય... એ વર ૧૦
સુખ મૂર્તિનું અપરંપાર છે; તેમાં થિજાડો હે ઘનશ્યામ... એ વર ૧૧
અવગુણ માફ કરજો અમારા; કર જોડી કે' દાસાનુદાસ... એ વર ૧૨

**૪૦ (રાગ : ચમન કલ્યાણ)**

જય ઘનશ્યામ જય જય કરનારા;
કરીએ નમન પુરુષોત્તમ પ્યારા... ટેક

પૂરણબ્રહ્મ હરિ આપ સુખરાશિ, પ્રગટ થયા બ્રહ્મધામના વાસી;
આપ સકળ અવતારથી ન્યારા ... જય ૦૧

નિત્ય નવા શણગાર સજો છો, ભક્તોના ભાવે રૂડા થાળ જમો છો;
પરચા પ્રગટ દઈ કોડ પૂરનારા ... જય ૦૨

આશીર્વાદથી દુઃખડાં કાપો, અભય વર દઈ મૂરતિ આપો;
કોમળ કર જન શિર ધરનારા... જય ૦૩

દિવ્યજીવનની જ્યોત જગાવો, આપ કર્તા થઈ કાર્ય દિપાવો;
મંગલમય સુખ નિત્ય દેનારા ... જય ૦૪

પહેલી ને છેલ્લી એ જ અરજ છે, મૂર્તિના સુખની એક ગરજ છે;
જાણી બિરદ તવ પૂરી પાડનારા ... જય ૦૫

દાસાનુદાસ વદે પ્રણામ કરીને, પુષ્પાંજલિ તવ ચરણ ધરીને;
સુખ આપો જાણી સેવક તમારા... જય ૦૬

**૪૧ (રાગ : બનઝારો)**

વ્હાલા વિનંતી સુણી અમારી, મુને આપો મૂરતિ તમારી... ટેક
આપ મહિમા છે અપરંપાર, **ગુણનિધિ**[૧] ને સુખ ભંડાર;
કીધી રક્ષા રસિકવર ભારી... મુને ૦૧

છોટા મોટા ઘણા અવતાર, કોઈ પાર નહિ પામનાર;
છો અવતારના અવતારી... મુને ૦૨

અક્ષરાદિકના છો નિયંતા, બહુ તારવા બળવંત **જંતા**[2];
થયા મનુષ્ય સરખા મોરારી... મુને ૦૩

પ્રેમીજનોને લાડ લડાવી, રાખ્યા મૂર્તિમાં ઠેઠ ઠેરાવી;
વધે પ્રેમ આનંદ ખુમારી... મુને ૦૪

અંગો અંગ અતિ મરમાળી, છે છબી રસીલી રૂપાળી;
મળી મૂર્તિ મહા સુખકારી... મુને ૦૫

કૃપા કરીને સુખડાં આપો, શરણાગતનાં દુઃખડાં કાપો;
જાય દાસાનુદાસ બલિહારી... મુને ૦૬

● ૧. ગુણનો સાગર ● ૨. જીવો

**૪૨ પદ-૧**

હે નાથ મુને તમારું ભક્તપણું, તેમાં કોઈ પ્રકાર રે;
નાથ દોષ ન રહે કોઈ જાતનો, આપો પ્રાણઆધાર રે... નાથ ૦૧

હે નાથ તમે ને તમારા જે ભક્ત, તે નિર્દોષ સદાય રે;
નાથ તેનો દ્રોહ ક્યારે ન થાયે, એ માગું હરિરાય રે... નાથ ૦૨

હે નાથ તમારા ચરણની સેવા વિના, બીજી ઇચ્છા જે કાંય રે;
નાથ માયિક પદારથની વાસના, બાળો સરવસ સોંય રે... નાથ ૦૩

હે નાથ ચિંતવન રાતદિન મહારાજનું, બીજો ન કરે મન ઘાટ રે;
નાથ રસના રટે એક નામને, બીજા મેલી સર્વે ઉચાટ રે... નાથ ૦૪

હે નાથ દીન જાણી મુજ ઉપરે, દયા કરજો જરૂર રે;
નાથ ભક્ત મનોરથ પૂરણ, કરો શોભા સૂર રે... નાથ ૦૫

હે નાથ સ્થૂલ સૂક્ષ્મ ને કારણ, એ મારા ત્રણ દેહ રે;
નાથ પ્રેમાનંદ કહે તેહમાં, મા થાઓ અહંબુદ્ધિ નેહ રે... નાથ ૦૬

**૪૩ પદ-૨**

હે નાથ દેહના સંબંધી જનમાં, મમતા થાઓ મા કોઈ કાળ રે;
નાથ અહં ને મમતા થાઓ સંતમાં, જે તમને વહાલા દયાળ રે... નાથ ૦૧

હે નાથ મૂર્તિ સાથે **એક ભાવને**[1], પામી થઈ શ્રીજીરૂપ રે;
નાથ પરબ્રહ્મ એવા જે તમે તે સાથે, થાઓ પ્રીતિ અનુપ રે...નાથ૦૨

હે નાથ દાસ તમારા દાસનો, મુજને રાખીને પાસ રે;
નાથ દર્શન દેજો નિરંતર, મારે એટલી છે આશ રે...નાથ ૦૩

હે નાથ પ્રાર્થના નિજ દાસની, સાંભળીને સુજાણ રે;
નાથ માગ્યા મેં સર્વ ગુણ તેને, આપો જીવનપ્રાણ રે...નાથ ૦૪

હે નાથ એ જ નિરંતર આપજો, બીજું દેશો મા કાંય રે;
નાથ પ્રાર્થના પ્રેમાનંદની, ધરજો ઉર હરિરાય રે...નાથ ૦૫

● ૧. એકતા

**૪૪ (રાગ : ગઝલ)**

ન સમજું શ્રીજી શી રીતે, ચરણ સેવા બજાવું હું;
ન એવી કોઈ વસ્તુ જે, શ્રીજી તમને રિઝાવું હું...ટેક

અનંતાનંત બ્રહ્માંડે, તમે એક પૂર્ણ વ્યાપક બ્રહ્મ;
માયાના જીવ જાણે નહિ, અનુભવી જાણે છે એ મર્મ... ન સમજું ૦૧

આત્યંતિક મોક્ષના દાતા, મૂર્તિનું સુખ દેનારા;
રોમે રોમ રસબસ રાખીને, કૃતારથ અમને કરનારા...નસમજું ૦૨

તમે છો અક્ષરોથી પર, અનાદિમુક્તના સ્વામી;
કૃપાને કાજ વિનવે છે, દાસાનુદાસ કરભામી...ન સમજું ૦૩

**૪૫ (પદ : પ્રભુ તમ વિના મારું)**

પ્રભુ તમ વિના મારું કોણ છે;
તમે જાણો છો હરિ હરિ...ટેક

સર્વે સારના તમે સાર છો, સૌના તમે આધાર છો;
મારા પ્રાણ તણા તમે પ્રાણ છો... તમે ૦૧

આ લોકમાં તમે આપ છો, **પરલોક**[1]માં માબાપ છો;
સર્વે ભક્તોના **પ્રતિપાળ**[2] છો... તમે ૦૨

મારી આશ તણા તમે વાસ છો, અતિ **કૂડથી**[3] તમો દૂર છો;
મંજુકેશાનંદના નાથ છો... તમે ૦૩

● ૧. પરભાવ ● ૨. રક્ષક, સંભાળ રાખનાર ● ૩. કપટથી

**૪૬ (પદ : શ્રીજી મારા હૈયામાં તારી)**

શ્રીજી મારા હૈયામાં, તારી ભક્તિ ભરી દેજે;
નામ તારું સ્વામિનારાયણ, મારી જીભે જડી દેજે... શ્રીજી મારા ૦૧

તારા વિના દુનિયામાં, શ્રીજી કોઈ નથી મારું;
હાથ મારો ઝાલી લે, મને તારો ગણી લેજે... શ્રીજી મારા ૦૨

શ્રીજી તારા નામે મેં, મારી નૈયા ઝુકાવી છે;
દુઃખ કેરા દરિયેથી, એને પાર કરી દેજે... શ્રીજી મારા ૦૩

કામ એવાં કીધાં મેં, મને કહેતા શરમ આવે;
પાપ મારાં બાળી દે, મને પાવન કરી દેજે... શ્રીજી મારા ૦૪

આંખો મારી તલસે છે, શ્રીજી તારા રે દર્શનની;
ભક્તોની આ વિનંતી, તારા કાને ધરી લેજે... શ્રીજી મારા ૦૫

## ૪૭ (રાગ : અરર..ભાઈ રે ક્યાં ગયા તમે)

નમન કરું હું વિશ્વપાળને, કરગરી કહું ભક્તિ બાળને... ટેક
અરજ મારી ઉરમાં ધરો, વિપત્તિ મારી શ્રીહરિ હરો... ૦૧
**અવર**[1] આશરો મારે નથી, સર્વ જાણને શું કરું કથી... ૦૨
કઠણ કાળમાં આપ છો ધણી, સુખદ શામળા મુક્તના મણિ... ૦૩
મુક્તના પતિ આશ તારી, રસિક રાજને લાજ મારી... ૦૪
**પ્રણતપાળ**[2] છો સર્વના પ્રભુ, દીનદયાળ છો વિશ્વના વિભુ... ૦૫
વિમલ મૂર્તિ ઉરમાં વસો, નજરથી પ્રભુ દૂર ના થશો... ૦૬
અધિક ત્રાસને તોડી નાખજો, બ્રહ્માનંદને પાસ રાખજો... ૦૭

● ૧. બીજો, અન્ય ● ૨. ભક્તજનની રક્ષા કરનારા

## ૪૮ (રાગ : લાવણી)

શ્રીજી અને સહુ સંતો રે, મળી કરજો મારી સહાય;
હું છું તમારે શરણે રે, પુરુષોત્તમ લાગું પાય... ટેક

હું અનંત ભવમાં ભટક્યો, આવીને આરે અટક્યો;
ખરી રીતે રાખી ખટકો, છોગાળા કરજો છૂટકો રે... પુરુષોત્તમ ૦૧

નથી ગયો હું ગંગા કાશી, તેણે અંતર નથી ઉદાસી;
નક્કી મૂર્તિધામ નિવાસી, મેં ઓળખિયા અવિનાશી રે... પુરુષોત્તમ ૦૨

મનેમળ્યાસહજાનંદસ્વામી,ભાંગીજન્મોજનમનીખામી;
સ્વામિનારાયણ છો બહુનામી, ઉગારો અંતર્યામી રે... પુરુષોત્તમ ૦૩

પ્રભુ પૂરણ પ્રજાળી પાપો, સ્થિર અક્ષરધામે સ્થાપો;
કહે માવદાન દુઃખ કાપો, અમને અક્ષય સુખ આપો રે... પુરુષોત્તમ ૦૪

**૪૯ (રાગ : મીઠા મધુ ને મીઠા મેહુલા રે લોલ)**

શ્રીજી દર્શન કરી વિનવું રે લોલ;
પાય પડીને વારંવાર રે... ટેક
તવ દર્શનથી નિયમ પૂરા થયા રે લોલ;
રાખી મારી લાખેણી લાજ રે... શ્રીજી ૦૧
કસોટી કરો તો ભલે કરજો રે લોલ;
પણ રખાવજો દઢ ટેક રે...શ્રીજી ૦૨
નિયમ ને નિશ્ચય રખાવજો રે લોલ;
પક્ષ તમારો પણ શિર સાટ રે... શ્રીજી ૦૩
કાયરતાને તે દૂર કરાવજો રે લોલ;
સદા રહે શૂરવીરતાનું અંગ રે... શ્રીજી ૦૪
કામ ક્રોધાદિ શત્રુ હટાવજો રે લોલ;
નાથ ટળાવો દેહાભિમાન રે... શ્રીજી ૦૫
પંચવિષયથી પ્રીતિ તોડાવજો રે લોલ;
તવ મૂર્તિમાં થાય અનુરાગ... શ્રીજી ૦૬
તવ ધ્યાનમાંહી લગની લગાડજો રે લોલ;
રસબસભાવે સુખમાં થિજાય રે... શ્રીજી ૦૭
અનાદિમુક્તોની સંગે થિજાડજો રે લોલ;
માગે દાસાનુદાસ જોડી હાથ રે... શ્રીજી ૦૮

**૫૦ (પદ : શામળા લેજો સંભાળ હોડી)**

શામળા લેજો સંભાળ, હોડી મારી દરિયે ઝૂલે છે...ટેક
મોહ માયાના લોઢ ઊઠે છે, દરિયામાં તોફાન અપાર...હોડી ૦૧
કામ ને ક્રોધનાં વાદળાં ચડ્યાં છે, ઝેરના વરસે વરસાદ...હોડી ૦૨
ઝેરના ને વેરના વાવટા ચડ્યા છે, અંતરમાં તોફાન અપાર... હોડી ૦૩
એક જ ખારવો તુજને ધાર્યો છે, એક મારે તારો આધાર...હોડી ૦૪
ભક્તિ સ્વરૂપી માલ ભર્યો છે, લઈ જાઓ સામે કિનાર...હોડી ૦૫
સંતમંડળના સ્વામી શામળિયા, બેડલી ઉતારો પાર...હોડી ૦૬

### ૫૧ (રાગ : શ્રીજી વિજયના ધ્વજો ફરકાવજો)

વંદન પ્રભુજી, વંદન ગુરુજી, સેવામાં રાખો સદાય, તમ પાસ માગું હું એટલું...ટેક
ડરતા નથી અમે દુનિયાના દુ:ખથી, જીવન વિતાવશું સુખે સત્સંગથી;
ભક્તિ કદી ના ભુલાય... તમ ૦૧
મૂર્તિ તમારી વ્હાલા રહે હૃદયમાં, રુચિ રહે નહિ સ્હેજે સંસારમાં;
ગુણ તમારા ગવાય... તમ ૦૨
માયામાં મનડું કદી લોભાય મા, પ્રભુ વિના ક્યાંય પ્રીતિ બંધાય ના;
ભાન જગતનું ભુલાય... તમ ૦૩
સાચા સાધુને જોઈ હૈયે હેત છલકાય, હરિભક્તોને જોઈ મુખ મારું મલકાય;
દિવ્યભાવે જીવન જિવાય... તમ ૦૪
અંતિમ શ્વાસે શ્રીજીને સંભારું, શ્રીજી સ્વરૂપને ઘડી ના વિસારું;
અનાદિ થઈને રહેવાય... તમ ૦૫

### ૫૨ (રાગ : છેલછોગાળા હરિને પૂજીને)

એક છો પ્યારા, શ્રીજી ઓ મારા;
હું તો તમને પુકારું રે, મારે ભવસાગર તરી જાવું...ટેક
ધન તૃષ્ણા રૂપ **ગેહરા**[૧] **ભમરા**[૨], ઊંચી નીચી નૌકા કરનારા;
સ્ત્રી પુત્ર મિત્ર રૂપી મોટા મગરો, તેથી ભયભીત થાઉં રે...મારે ૦૧
કામ ક્રોધ રૂપ ઊછળે તરંગો, તેણે કીધો મુજને બેઢંગો;
મારું પ્રભુજી કાંઈ ના ચાલે, નાવ સહિત ડૂબી જાઉં રે...મારે ૦૨
ઊંચે નીચે જલ છે ખારાં, એક હરિ તમે તારણહારા;
ગુરુજી આવો ને હરિને બતાવો, તો જ હું તરી જાઉં રે...મારે ૦૩
શ્રીજી અને ગુરુએ દર્શન દીધાં, દાસાનુદાસ કહે ન્યાલ તો કીધા;
તારી નૌકા ભક્ત ઉગાર્યો, હરિ ગુરુ મહિમા ગાઉં રે...મારે ૦૪

● ૧. ઊંડાં ● ૨. વમળ

### ૫૩ (રાગ : પગ મને ધોવા દો)

પ્રભુ મને કરજો એવો અનુકૂળ, (૨)
જેથી મને સૂઝે મારી ભૂલ... ટેક
દોષ બીજાને દેતા પે'લાં, હું સમજું મારી ભૂલ;
પાપ બધાએ પ્રગટ કરીને, થઈ જાઉં હળવો ફૂલ... પ્રભુ ૦૧

**પક્ષાતીત**[1] થઈ ફરું જગતમાં, સહેજે રહું સમતુલ;
**પરમારથ**[2]માં પ્રીતિ વાધે, ને પરધન સમજું ધૂલ... પ્રભુ ૦૨

જૂઠ ભર્યું ના જીવન જીવું, ભલે સંપત્તિ મળતીવિપુલ;
સત્પુરુષના સત્સંગમાં, મારું મનડું રાખજે ડૂલ... પ્રભુ ૦૩

કામ ક્રોધ મદ મત્સરના, વાગે ન જરીએ ત્રિશૂલ;
અંતરજામી અળગા થાતા, બનું બહુ વ્યાકુલ... પ્રભુ ૦૪

અતિ દયાળુ દયા કરો, હું માગું એક જ મૂલ;
હરિવર તવ મૂર્તિ માંહી, રહું સદાયે ડૂલ... પ્રભુ ૦૫

● ૧. અપક્ષ, પક્ષ વગરનો ● ૨. પરોપકાર

## ૫૪ (પદ : અહો પ્રભુ અચરજ માયા)

અહો પ્રભુ અચરજ માયા તુમારી, જિસમેં મોહે સકલ નરનારી... ટેક
બ્રહ્મા મોહે, ભવ ભી મોહે, મોહે દેવ બલિહારી;
સનકાદિક નારદમુનિ મોહે, દુનિયા કૌન બિચારી... અહો ૦૧

યોગ કરંતે યોગી મોહે, બન મેં મોહે તપધારી;
વેદ પઢંતે પંડિત મોહે, ભૂલ ગયે શુદ્ધિ સારી... અહો ૦૨

પંચવિષય કી જાલ બિછાઈ, બંધન રચિયા ભારી;
લાલચ મેં સબ જીવ ફસાયે, નિકલન કી નહિ બારી... અહો ૦૩

જિસ પર કિરપા હોય તુમ્હારી, સો જન ઊતરે પારી;
બ્રહ્માનંદ શરન મેં આયો, લીજિયે મોહે ઉગારી... અહો ૦૪

## ૫૫ (પદ : અમી ભરેલી નજરું)

અમી ભરેલી નજરું રાખો, નારાયણ મુનિ દેવ રે;
દર્શન આપો દુઃખડાં કાપો, નારાયણ મુનિ દેવ રે...ટેક

ચરણકમળમાં શીશ નમાવી, વંદન કરું મહારાજ રે;
દયા કરીને ભક્તિ દેજો, નારાયણ મુનિ દેવ રે...અમી ૦૧

હું દુખિયારો તારે દ્વારે, આવી ઊભો મહારાજ રે;
આશિષ દેજો ઉરમાં લેજો, નારાયણ મુનિ દેવ રે...અમી ૦૨

તારા ભરોસે જીવન નૈયા, હાંકી રહ્યો મહારાજ રે;
બની સુકાની પાર ઉતારો, નારાયણ મુનિ દેવ રે...અમી ૦૩

બાળ તમારો કરે વિનંતી, સાંભળજો મહારાજ રે;
મુજ અંતરમાં વાસ કરોને, નારાયણ મુનિ દેવ રે...અમી ૦૪

### ૫૬ (પદ : મારી નાડ તમારે હાથ)

મારી **નાડ**[1] તમારે હાથ હરિ સંભાળજો રે;
પ્યારા, પોતાનો જાણીને પ્રભુપદ પાળજો રે... ટેક

**પથ્યાપથ્ય**[2] નથી સમજાતું, દુઃખ સદૈવ રહે ઊભરાતું;
મને હશે શું થાતું ? નાથ નિહાળજો રે... મારી નાડ ૦૧

અનાદિ વૈદ્ય આપ છો સાચા, કોઈ ઉપાય વિષે નહિ કાચા;
દિવસ રહ્યા છે **ટાંચા**[3], **વેળા**[4] પાળજો રે... મારી નાડ ૦૨

વિશ્વેશ્વર શું હજી વિચારો, બાજી હાથ છતાં કાં હારો;
મહામૂંઝારો મારો નટવર ટાળજો રે... મારી નાડ ૦૩

કહો હરિ મારું શું થાશે ? ઘાણ વળ્યો શું ગઢ ઘેરાશે;
લાજ તમારી જાશે, ભૂધર ભાળજો રે...મારી નાડ ૦૪

● ૧. જીવનદોરી ● ૨. હિતકારી ● ૩. થોડા ● ૪. સમય

### ૫૭ (પદ : હો શ્રીજી તમારું પ્રગટપણું)

હો શ્રીજી તમારું પ્રગટપણું, અંતર્યામીપણું અખંડ રહો;
હો શ્રીજી સદાય તમે રાજી રહો, એવું દિવ્યજીવન મારે જીવવું છે...ટેક

મારી સર્વે ક્રિયાને તમે જુઓ છો, સર્વે સંકલ્પોને તમે જાણો છો;
દિવ્ય દૃષ્ટિરૂપી તવ કૅમેરો, સદાય અમ પર ધારો છો,
આજ્ઞા વિરુદ્ધ કશું થાય નહિ, એવું પ્રગટપણું રખાવજો...૦૧

રહેતા હોઈએ તમારી પાસે, અને જેવી મર્યાદા રહે;
જઈએ દૂર કે રહીએ એકાંતે, તોપણ તેવી મર્યાદા રહે,
સદાય રાજી કરી શકીએ, એવું જાણપણું રખાવજો...૦૨

જેટલું અમને પ્રગટપણું, અંતર્યામીપણું દૃઢ હશે;
તેટલો જય અમારો થશે, નહિ તો સદા પરાજય થશે,
એવા અંતરના શત્રુઓથી, સદા જય અમારો કરાવજો...૦૩

### ૫૮ (પદ : હો પ્રાણપ્યારા શ્રીજી)

હો પ્રાણપ્યારા શ્રીજી, આ સંકલ્પમાં બળ આપજો;
લાવ્યા છો તવ સંકલ્પે તો, સંકલ્પમાં જ સમાવજો...ટેક

સ્ત્રી-દ્રવ્ય ને દીકરા માટે, જીવે તે જીવ ગણાયજો;
જન્મોજન્મની પ્રૅક્ટિસ છે આ, જલદી પાછા વળાવજો,
સમય, શક્તિ, બુદ્ધિ, આવડત, તવ અર્થે વપરાવજો;
તવ અર્થે વપરાવજો, બસ દિવ્યજીવન કરાવજો...૦૧

દીકરા-દીકરી ઘરના સભ્યો, અનાદિમુક્ત મનાવજો;
મારા છે એ ભાવ ભૂલીને, તવ અર્થે જિવાડજો,
નોકરી-ધંધા દ્રવ્યાદિક સૌ, ટ્રસ્ટીપદે ભોગવાવજો;
ટ્રસ્ટીપદે ભોગવાવજો, સમયે સ્હેજે છોડાવજો...૦૨

આપને અર્થે જનમ અમારો, સમજણ દૃઢ કરાવજો;
દેહ નહિ હું મુક્ત અનાદિ, અખંડ મનન રખાવજો,
રસબસ કરીને મૂર્તિમાં રાખ્યા, 'મહારાજ' જ ઠસાવજો;
'મહારાજ' જ ઠસાવજો, બસ તવ સુખમાં ડુબાડજો...૦૩

**૫૯ પદ-૧ (રાગ : ખાવું પીવું બેસવું સૂવું જોવું)**

હો પ્રાણપ્યારા શ્રી ઘનશ્યામ, પ્રાર્થના સ્વીકારો હો સુખધામ;
તમે અમારા અમે તમારા, કદી ન જોશો વાંક ગુનાને મારા... ટેક

સદા પ્રગટ છો દિવ્યાતિદિવ્ય, મોટાપુરુષ સદા મનાય દિવ્ય;
સંતો-ભક્તો મુક્તો મનાય, અભાવ-અવગુણ કદી ન લેવાય... ૦૧

તવ મરજીમાં વ્હાલા નિત્ય રહેવાય, ગમતું અમારું કદીએ ન થાય;
દેહને પોતાનું રૂપ ન મનાય, મૂર્તિમાં રહું કૃપા કરો સદાય... ૦૨

**૬૦ પદ-૨**

હો પ્રાણપ્યારા શ્રી ઘનશ્યામ, પ્રાર્થના સ્વીકારો હો સુખધામ;
જેવા છીએ તેવા તોયે તમારા, આપ જ માત્ર આધાર હમારા...ટેક

દેહાભિમાને 'હું'કાર વ્યાપે, વારે વારે માન-અપમાન લાગે;
ઘડીમાં રાજી ઘડીમાં કુરાજી, દીકરા તમારા છતાં છીએ પાજી... ૦૧

ચાર ચાર જનમથી સાથે લવાય, આપ કહો છો દળેલું દળાય;
મૂર્તિમાં રાખ્યા છે મૂર્તિમાં રહું, કૃપા કરો હરિ કગરીને કહું...૦૨

**૬૧ પદ-૩**

હો પ્રાણપ્યારા શ્રી ઘનશ્યામ, પ્રાર્થના સ્વીકારો હો સુખધામ;
અગણિત ભૂલો માફ કરી છે, દયા દયા દયા દયા ધરી છે... ટેક

મોટા મોટાને તવ દર્શન નો'ય, કારણ સત્સંગે અમે ક્યાંથી હોય;
જીવ મટાડી મુક્ત અનાદિ કીધા, થોકડો ફેરવી મૂર્તિમાં લીધા... ૦૧

હવે જગતનો જીવ નથી હું, મૂર્તિસુખનો ભોક્તા જ છું હું;
અહો અહોપણું સદાય વર્તે, કૃપા કરો આનંદ આનંદ પ્રવર્તે... ૦૨

**૬૨ પદ-૪**

હો પ્રાણપ્યારા શ્રી ઘનશ્યામ, પ્રાર્થના સ્વીકારો હો સુખધામ;
કોણ જાણે આ કેમ જ થયું ? પણ થયું થયું થયું જ થયું...ટેક

જે હેતુ માટે આપ જ આવ્યા, મોટાપુરુષને સંકલ્પે લાવ્યા;
અતિ કૃપાએ દિવ્ય સંગ લીધા, ફોગટમાં હરિ ફવડાવી દીધા... ૦૧

મોટાપુરુષને કરું અતિ રાજી, ઓશિયાળા કરી ન કરું કુરાજી;
જીવનું જીવન બનાવું પ્યારાને, મહિમાથી ભરી દ્યો હરિ તમે મને... ૦૨

**૬૩ પદ-૫**

હો પ્રાણપ્યારા શ્રી ઘનશ્યામ, પ્રાર્થના સ્વીકારો હો સુખધામ;
મૂર્તિ તમારી છે ઠરવાનું ઠામ, અનાદિમુક્તોને રહેવાનું ધામ... ટેક

સર્વે ક્રિયામાં રહે એક તાન, મૂર્તિમાં રહીએ બની ગુલતાન;
હરતાં ફરતાં સર્વે ક્રિયામાં, જાણપણે રહું મૂર્તિ માળામાં... ૦૧

મૂર્તિ જ લક્ષ્ય, મૂર્તિ આધાર, બને કૃપા કરો અનરાધાર;
મૂર્તિ સંબંધે ટાઢું ટાઢું થાય, કરુણા કરો હરિ દુઃખમાત્ર જાય... ૦૨

**૬૪ પદ-૬**

હો પ્રાણપ્યારા શ્રી ઘનશ્યામ, પ્રાર્થના સ્વીકારો હો સુખધામ;
દેહધારી જીવની શું છે તાકાત, નહોતી મુજની કાંઈ લાયકાત... ટેક

આત્માથી દેહને નોખો કરી નાખ્યો, મૂર્તિરૂપ કરી મૂર્તિમાં રાખ્યો;
પ્રતિલોમભાવે પોતે પધારે, કેવળ કૃપાએ સ્વ બિરુદ પાળે... ૦૧

સર્વે ક્રિયામાં હવે આપ જ કર્તા, સદા સર્વદા બની રહું અકર્તા;
મહારાજ મહારાજ મહારાજ થાય, દિવ્ય સ્વરૂપમાં પાગલ બનાય... ૦૨

**૬૫ પદ-૭**

હો પ્રાણપ્યારા શ્રી ઘનશ્યામ, પ્રાર્થના સ્વીકારો હો સુખધામ;
આપ મળ્યા છો ભવ્યાતિભવ્ય, કરુણાસાગર છો દિવ્યાતિદિવ્ય... ટેક

મોટાપુરુષ મળ્યા પરભાવીરૂપ, કર્યા અમોને મૂર્તિ સ્વરૂપ;
એક-બેને નહિ અનંતને કર્યા, કેવા પ્રચંડ છે અનંતને ભર્યા... ૦૧

દાસનો દાસ બની રહું સદા, કોઈનો અભાવ ન લઉં કદા;
અહોહોપણામાં ડૂબેલો રહું, કૃપા કરો દિવ્ય લાગે જ સહુ... ૦૨

### ૬૬ (રાગ : હો પ્રાણપ્યારા શ્રી ઘનશ્યામ)

હો જીવન અમારા ગુરુ બાપજી મારા, કદી અમોને નહિ ભૂલનારા...ટેક
ખેંચી લીધા અમને જ્યાં ત્યાં ફરતા, જન્મોજન્મનાં ખોટ ખાતાં હરતા...૦૧
હાથ ગ્રહી અમને સોંપ્યા હરિને, જીવ મટાડી મુક્ત અનાદિ કરીને...૦૨
ગયા નથી આપ સદા ભેળા રહેજો, પ્રગટપણે રહી નિત્ય રક્ષા કરજો...૦૩

### ૬૭ (ઐતિહાસિક કોરોના પ્રાર્થના)

છો કર્તા હર્તા આપ નિયંતા, પ્રાર્થના સ્વીકારો હે દુઃખ હર્તા;
આપદા મૂકી છે જગ બધું પીડાય, છો અતિ દયાળુ કેમ જોયું જાય... ૦૧

**કોરોના**ને બદલે કરુણા કરો હરિ, જીવો બિચારા શું કરે કરી કરી;
**દવા** નથી કોઈ દુવા વરસાવો, હશે હશે કરી હરિ વહારે આવો... ૦૨

**નિયમિત દિવસોમાં ગાવા માટે :** ● કોરોનાને બદલે શિક્ષા ● દવાને બદલે ઉપાય

### ૬૮ (રાગ : હે કરુણાના કરનારા)

રાજીપો ખૂબ કમાવા, પ્રાર્થના વિના છૂટકો નથી;
દોષ સ્વભાવો સર્વે ટાળવા, પ્રાર્થના વિના છૂટકો નથી...ટેક

અહમ્ મમત્વના પ્રલય માટે, દેશકાળ થકી રક્ષા કાજે;
વાસનાથી નિર્વાસનિક થાવા, પ્રાર્થના વિના છૂટકો નથી... ૦૧

આંતર બાહ્ય કુસંગથી બચવા, કામ ક્રોધ આદિ શત્રુને હરવા;
નિષ્કામી ને નિર્માની થાવા, પ્રાર્થના વિના છૂટકો નથી... ૦૨

સૌના દાસ થઈ સુખિયા થાવા, નાના મોટાના ગુણલા ગાવા;
અવગુણ અભાવથી છેટા રહેવા, પ્રાર્થના વિના છૂટકો નથી...૦૩

બહારવૃત્તિના ફેર ઉતારી, આંતરમુખી થાવા અતિ ભારી;
જગસુખથી જલ્દી પાછા વળવા, પ્રાર્થના વિના છૂટકો નથી... ૦૪

રોકટોક સૌની ગમાડી, સૌ સાથે મહિમાથી બનાડી;
મોટા સાથે આત્મબુદ્ધિ કરવા, પ્રાર્થના વિના છૂટકો નથી...૦૫

પંચવિષયમાંથી પ્રીતિ ટાળી, થાવું હશે જો નિર્વિકારી;
વ્હાલા સાથે અતિ વ્હાલ કરવા, પ્રાર્થના વિના છૂટકો નથી...૦૬

ધ્યાન કરીને દેહભાવ ભૂલવા, મૂર્તિસુખમાં આગળ વધવા;
પુરુષોત્તમરૂપ પાત્ર થાવા, પ્રાર્થના વિના છૂટકો નથી...૦૭

સર્વે રોગની એક જ દવા, સર્વે રીતે સુખિયા થાવા;
ખપવાળા થઈ મંડવું કરવા, પ્રાર્થના વિના છૂટકો નથી... ૦૮

### ૬૯ (રાગ : અમી ભરેલી નજરું રાખો)

હે દયાળુ, દયા કરો મારા, સર્વોપરી મહારાજ રે;
દયા કરીને સુખડાં આપો, (૨) સર્વોપરી મહારાજ રે...ટેક

જીવ બિચારા ભવસાગરમાં, ગોથાં ખાતા નાથ રે;
કરુણા કરીને સુખિયા કરવા, (૨) સર્વોપરી મહારાજ રે...૦૧

પ્રગટ્યા આજે કૃપા કરીને, લાવ્યા મુક્ત સમાજ રે;
નિકટ લઈને લાડ લડાવ્યા, (૨) સર્વોપરી મહારાજ રે...૦૨

ન ઓળખ્યા, ન જાણ્યા તમને, કરિયા બહુ ઉદાસ રે;
છતાંય કૃપા કૃપા કૃપા તમારી, (૨) સર્વોપરી મહારાજ રે...૦૩

બીજી વખતે બાપાશ્રી સાથે, ફરી લાવ્યા મહારાજ રે;
તોપણ રાજી કરી ન શકિયા, (૨) સર્વોપરી મહારાજ રે...૦૪

જોગ સત્પુરુષનો આપ્યો અમને, દયા કરી વારંવાર રે;
તોપણ ઊંધા ને અવળા ચાલ્યા, (૨) સર્વોપરી મહારાજ રે...૦૫

બસો અઢીસો વર્ષથી સાથે રહીને, કરી અમારી સંભાળ રે;
બન્યા અપરાધી છીએ ગુનેગાર, (૨) સર્વોપરી મહારાજ રે...૦૬

આ ફેરે પ્રભુ પૂરો કરજો, સંકલ્પ તમારો મહારાજ રે;
ક્યાં સુધી આપ દુઃખી થશો, (૨) સર્વોપરી મહારાજ રે...૦૭

ઘણા વરસથી રાહ જોતા'તા, એ આવ્યો રૂડો અવસર રે;
કાલાવાલા હરિ સ્વીકારો મારા, (૨) સર્વોપરી મહારાજ રે...૦૮

રાજી કરવા એક તુજને ઝંખું, રાજી થજો ઘનશ્યામ રે;
આવડત-બુદ્ધિ કે સાધન નથી, (૨) સર્વોપરી મહારાજ રે...૦૯

અનંત બ્રહ્માંડોની સંપત્તિ ભેળી, કદી કરીએ મારા નાથ રે;
તોયે તમારા તુલ્ય ના'વે, (૨) સર્વોપરી મહારાજ રે...૧૦

રજત સુવર્ણ કે કીમતી વસ્તુ, હીરા હોય મોંઘાદાટ રે;
મોંઘામાં મોંઘા આપ જ પ્રભુજી, (૨) સર્વોપરી મહારાજ રે...૧૧

આવો પધારો તુલે બિરાજો, પ્રેમે કરી મારા પ્રાણ રે;
સેવકો આપનાં દર્શન ઝંખે, (૨) સર્વોપરી મહારાજ રે...૧૨

## ૭૦ (પદ : શ્રીજી છો કૃપાળુ, બાપા છો)

શ્રીજી છો કૃપાળુ, બાપા છો દયાળુ; કૃપા કરી આપ્યું શરણું તમારું... ટેક
તમે છો નિયંતા, કર્તા હર્તા; છો પરમાત્મા બુદ્ધિ દાતા... શ્રીજી છો ૦૧
માતપિતા તમે, જીવનદાતા; સગાંસંબંધી સ્નેહી ભ્રાતા... શ્રીજી છો ૦૨
અમે તમારા, તમે અમારા; દીન બાળકોને પ્રાણથી પ્યારા... શ્રીજી છો ૦૩

## ૭૧ (પદ : વ્હાલા હું તો છું તારો)

વ્હાલા હું તો છું તારો બાળ, ઘનશ્યામ તું એક આધાર... ટેક
જનમો જનમ હું બહુ ભટક્યો હવે મહેર કરો;
દોષ સ્વભાવ આદિ સર્વે ટાળી વ્હાલા ન્યાલ કરો,
શરણે લ્યો દયાળુ આ વાર... વ્હાલા ૦૧

અહમ્ મમત્વના પાશથી બંધાયો તેથી છોડાવો;
દેહાભિમાની અહંકારી બન્યો પ્રભુ મુજને બચાવો,
મૂર્તિમાં રાખો દયાળ... વ્હાલા ૦૨

સર્વોપરી જ્ઞાન આપી સર્વોપરી તવ પ્રાપ્તિ કરાવો;
અનાદિમુક્તની સ્થિતિએ કરી પ્રભુ સુખમાં ઠેરાવો,
રસબસ રાખો જીવનપ્રાણ... વ્હાલા ૦૩

ગાંડો ઘેલો દીન બાળક તવ શરણે આવ્યો;
કાલી ઘેલી પ્રાર્થના સ્વીકારી તવ સુખમાં ઠેરાવો,
દિવ્યાનંદમાં ડુબાડો મહારાજ... વ્હાલા ૦૪

### ૭૨ (પદ : હરતાં ફરતાં કરતાં કામ)

હરતાં ફરતાં કરતાં કામ, તમને ન ભૂલીએ ભગવાન;
એવું બળ દો શ્રીજી આજ, માગીએ અમે જોડી હાથ ...ટેક

દાસ તમારા છીએ અમે, ગાંડા ઘેલા આ સમે;
માતપિતા ને સગાં તમે, સદા તમારું સુખ ગમે ...હરતાં૦૧

દોષમાત્રને ટાળી દઈ, પ્રેમ દિયો તમે રાજી થઈ;
તવ દૃષ્ટિ અમૃત ભરી, અહો દયાળુ દયા કરી...હરતાં૦૨

તમે અમારા અમે તમારા, જીવનપ્રાણ છો પ્રાણથી પ્યારા;
અવગુણ ગુન્હા વિસારીને, અહોનિશ રાખો સંભારીને ...હરતાં૦૩

પ્રીતમ તમને શું કહીએ, જેવા તેવા બાળ છીએ;
માગીએ ભેળા મળીને આજ, રાખો ભેળા મુક્ત સમાજ ...હરતાં૦૪

### ૭૩ (પદ : શ્રીજી તમે છો માતપિતા)

શ્રીજી તમે છો માતપિતા ને, અમે તમારાં બાળ;
નિશદિન લેજો સ્વામી પ્યારા, છોરુંની સંભાળ ...ટેક

ડગલે પગલે સારાં કામો, સદાય કરતો ચાલું;
સંતો ને ભક્તોની સેવા, મારો ધર્મ હું માનું ...શ્રીજી૦૧

પરમ કૃપાળુ પરમ દયાળુ, હરદમ તુજને જાણું;
તવ ચરણની રજમાં રમતા, અનુપમ સુખડાં માણું ...શ્રીજી૦૨

બળ બુદ્ધિ ને શક્તિ આપો, એવું પ્રભુ હું માગું;
તારા રૂપનાં દર્શન કરતો, સદાય હું તો જાગું ...શ્રીજી૦૩

**પ્રેમસુધાના**[૧] **જામ**[૨] પીઉં ને, જગને હું પિવડાવું;
સર્વોપરી ને સદા પ્રગટ છો, જાણું ને સમજાવું ...શ્રીજી૦૪

મૂર્તિના સુખમાં રસબસ બનતાં, દિવ્ય સુખમાં ન્હાવું;
તમે મળ્યા છો શ્રીજીબાપા, હવે બીજે ક્યાં જાવું ...શ્રીજી૦૫

● ૧. પ્રેમરૂપી અમૃતના ● ૨. પ્યાલો

### ૭૪ (રાગ : શ્રીજી પ્રગટ મળ્યા, બાપા પ્રગટ મળ્યા)

શ્રીજી કૃપા કરો, એવી દયા કરો, મારા વ્હાલા... સહેજે થવાય તમારા વ્હાલા...
એવી દયા કરોને મારા વ્હાલા...ટેક

કૃપા કરીને મૂર્તિમાં રાખ્યા, રહી મૂર્તિમાં થાય સર્વે ક્રિયા;
પોતાપણું ના આવે, દેહના ભાવો ના ફાવે, દયા કરો...
મૂર્તિરૂપે વર્તાય મારા વ્હાલા...૦૧

પ્રગટપણું અંતર્યામીપણું, સદા રહે મને જાણપણું;
આજ્ઞા લોપાય નહિ, સંકલ્પ થાય નહિ, દયા કરો...
જુદાપણું ન રહે મારા વ્હાલા...૦૨

મોટાપુરુષ સદા દિવ્ય દીસે, મનુષ્યભાવ ન આવે એમને વિષે;
કિયાં ‘હું’ ને ક્યાં ‘એ’, મન જુદું ન રહે, દયા કરો...
અહોભાવમાં રહું મારા વ્હાલા...૦૩

નિધડકપણું મોટાને દેવાય, જ્યારે જે કહેવું હોય તે કહેવાય;
ક્યારેય અવળું ન પડે, મોઢું ઢીલું ન પડે, દયા કરો...
આત્મબુદ્ધિ રહે મારા વ્હાલા...૦૪

મનનું ગમતું મૂકી સરળ થઉં, મોટાના ગમતામાં સદા રહું;
સદાય રુચિમાં વર્તાય, સંકલ્પ જુદો ન થાય, દયા કરો...
ગમતું પાત્ર થવાય મારા વ્હાલા...૦૫

માન મૂકી નિર્માની થવાય, કોઈના અભાવ-અવગુણ ન લેવાય;
ક્યારેય કોઈને ન દુભવાય, સહન સૌનું કરાય, દયા કરો...
આત્મીયતા રહે મારા વ્હાલા...૦૬

પોતે પોતાના ગુરુ થવાય, બીજાના તો કદી ન થવાય;
ભૂલો મારી શોધું, દોષો મારા ટાળું, દયા કરો...
સ્વભાવ સાથે વેર થાય મારા વ્હાલા...૦૭

જવાબદારી કદી નવ ચૂકું, સેવા મળેલી કદી નવ મૂકું;
વાદવિવાદ ન થાય, ઈર્ષ્યા કોઈની ન થાય, દયા કરો...
આળસ-પ્રમાદ ટાળો મારા વ્હાલા...૦૮

કથા-કીર્તન ધ્યાન-ભજનમાં, સહેજે પાટો ગોઠે જો પ્રભુમાં;
રાજીપામાં રહેવાય, ધ્યેયસભર જિવાય, દયા કરો...
બહારવૃત્તિ ટાળો મારા વ્હાલા...૦૯

હું તો તોબા પોકારી ગયો છું, કામ-ક્રોધથી થાકી ગયો છું;
કેવળ કૃપા કરો, દોષો દૂર કરો, દયા કરો...
નિર્વાસનિક કરોને મારા વ્હાલા...૧૦

હું તો ગાંડો ઘેલો તવ બાળ, તમે દિલના દરિયાવ છો દયાળ;
ભૂલો મારી ન જોશો, બિરદ તવ ન ત્યજશો, દયા કરો...
પ્રાર્થના સાંભળોને મારા વ્હાલા...૧૧

**૭૫ (રાગ : સોરઠ)**

હે સદ્‌ગુરુજી ! (૨) જેમ કહેશો તેમ કરશું જોડી હાથ જી;
હે કૃપાનિધિ ! (૨) કૃપા કરીને રાખ્યા અમને સાથ જી... ટેક

આપ સદાય શ્રીજી સાથ રહો, રહી રસબસ ભાવે સુખ લહો;
તેનો પાર જ પામે કોણ કહો... હે સદ્ ૦૧

આપ સ્વતંત્ર સિદ્ધ મુક્ત હતા, કરી દર્શન જીવો ન્યાલ થતા;
લઈ આશીર્વાદ સુખમાં થીજતા... હે સદ્ ૦૨

આપ ઉપદેશ માટે વિચરતા, એક શ્રીજી વિનાનો ભાર હરતા;
રાખી મૂર્તિમાં નિર્ભય કરતા... હે સદ્ ૦૩

ઉચ્ચ ઉપાસનાની વાતોથી, વળી દિવ્યભાવે દર્શનથી;
ઘણા છૂટ્યા માયિક બંધનથી... હે સદ્ ૦૪

આપ દર્શ સમાગમ જેણે કર્યાં, દિવ્યભાવે તેનાં અંગ ફર્યાં;
તે તો શ્રીજી સુખમાં સહુ ઠર્યા... હે સદ્ ૦૫

આપે રમતગમતથી જ્ઞાન કરી, પૂછી પ્રશ્નો સર્વે ગ્રંથિ હરી;
જોઈ મૂર્તિ અમારી દૃષ્ટિ ઠરી... હે સદ્ ૦૬

આપ અખંડ મૂર્તિમાં રહેતા, અહીં મનુષ્ય રૂપે દર્શન દેતા;
અમને કડવાં મીઠાં વચનો કહેતા... હે સદ્ ૦૭

આપ **પ્રૌઢ**[૧] પ્રતાપે અનુરાગી, કંઈક ગૃહી મટીને બન્યા ત્યાગી;
તવ કૃપાથી મૂર્તિમાં **લે'**[૨] લાગી... હે સદ્ ૦૮

આપ દિવ્ય રૂપે દર્શન દેજો, વળી હિતકારી વચનો કહેજો;
જાણી બિરદ સદા ભેળા રહેજો... હે સદ્ ૦૯

આપ કૃપા કરી વચને પળજો, સર્વે ગુન્હા અમારા તે માફ કરજો;
આ સેવકોની વિનંતી ઉર ધરજો... હે સદ્ ૧૦

• ૧. ભવ્ય • ૨. લગની

**૭૬ (રાગ : હે સદ્‌ગુરુજી ! જેમ કહેશો)**

હે વ્હાલા બાપજી, હે વ્હાલા બાપજી, જેમ કહેશો તેમ કરશું જોડી હાથજી;
હે દિવ્યપુરુષ, હે વ્હાલા બાપજી, જેમ રાખો તેમ રહેશું જોડી હાથજી... ટેક

શ્રીજી સંકલ્પે આપ પ્રગટ થયા, નિયમ નિષ્ઠાએ કરી શોભી રહ્યા;
સિદ્ધ મુનિસ્વામીને ગુરુ કર્યા... હે વ્હાલા૦૧

હેતુ પ્રાગટ્યનો તમે ઉર ધરી, અહીં તહીં રહ્યા તમે બહુ ફરી;
નર્યા અપમાનોને સહન કરી... હે વ્હાલા૦૨

જે'દી જમવા માટે ખીચડી નો'તી, વિચરણ માટે ક્યાં જોડ હતી;
રોમે રોમમાં નરી ખુમારી હતી... હે વ્હાલા૦૩

તાવ ટાઈફૉઈડ જેવો મંદવાડ સમો, ફૂટ ન્હોતું સુધારી ક્યાંથી જમો;
શ્રીજી સિદ્ધાંતોનો હતો રજમો... હે વ્હાલા૦૪

ખૂબ સમર્થ છતાં **જરણા**[1]ઓ કરી, ગાડાં વાસણ ઘસીને સેવા કરી;
મુનિસ્વામી ગુરુનો લાભ ધરી... હે વ્હાલા૦૫

સભા સ્ટેડિયમ કેરી પાળે ભરી, ભગવું ફરકાવીને ધજા કરી;
**શેર**[2] જામફળ લાવી પ્રસાદી ધરી... હે વ્હાલા૦૬

બાપા કેરા વિરોધી વચ્ચે રહ્યા, બાપાવાળો એમ સહુ કહેતા રહ્યા;
તોય લાખો બાપાવાળા થયા... હે વ્હાલા૦૭

માળા લઈને પ્રદક્ષિણા બહુ ફર્યા, ફરતાં ફરતાં ઘણા સત્સંગી કર્યા;
ગોટલી આપી મહારાજ બાપા ભર્યા... હે વ્હાલા૦૮

રાત દાડો કે'દી તમે જોયા નથી, એક-બે કાજે તમે રહ્યા મથી;
આખા જીવનમાં એકે રજા રાખી નથી.... હે વ્હાલા૦૯

આપ સ્વયં મૂર્તિમાંહી રહ્યા, અમ માટે દુઃખો આપે સહ્યાં;
સૌને મૂર્તિસુખથી ભરી રહ્યા... હે વ્હાલા૧૦

ઘણા વિમુખ વિમુખ તમને કહેતા રહ્યા, તોય લાખો **મુખોન્મુખ**[3] કરતા રહ્યા;
ઠસોઠસ નિષ્ઠાથી ભરતા રહ્યા... હે વ્હાલા૧૧

હજુ સત્સંગ આખો જોઈ રહેશે, શ્રીજી દિગંતમાં ડંકા દઈ દેશે;
શું થયું... કેમ થયું... તેમ સહુ કહેશે... હે વ્હાલા૧૨

બસો બસો વર્ષનો સંકલ્પ જે, શુદ્ધ સંપ્રદાય તણો હતો તે;
જય જયકાર તેનો આજે થઈ રહ્યો છે... હે વ્હાલા૧૩

કારણ સત્સંગ વિશ્વવ્યાપી થશે, આપે કહ્યું છે તો જરૂર થશે થશે;
સ્પિરિચ્યુઅલ સેન્ટરથી સંકલ્પ પૂરો કરશે... હે વ્હાલા૧૪

આપ કહો છો કંઈ અમે નથી કરતા, સ્વયં શ્રીજીમહારાજ છે આપ કર્તા;
તવ કૃપાએ એમાં અમને ભેળવતા... હે વ્હાલા ૧૫

ઉપકારો અનંત નવ વીસરીએ, આપ વચને ટુક ટુક થઈ રહીએ;
આપ જેમ રાખો તેમ અમે રહીએ... હે વ્હાલા ૧૬

ઘણી વખત કર્યા હશે ઓશિયાળા, મનમુખી સ્વભાવે કર્યા દુખાળા;
બધું ભૂલીને માફ કરો ગુરુ મારા...હે વ્હાલા ૧૭

આપ ગયા નથી સદા પ્રગટ છો, જાવ એવા નથી અહીં પ્રત્યક્ષ છો;
ભાવે સંભારે એના રક્ષક છો...હે વ્હાલા ૧૮

● **૧.** ધીરજ રાખી સહે ● **૨.** પાંચસો ગ્રામ ● **૩.** મહારાજના મુખમાં આપણું મુખ એટલે કે અનાદિમુક્તની સ્થિતિ

●●●

# પ્રભાતિયાં

## ૭૭ પદ-૧ (રાગ : ભૈરવી)

પ્રાતઃ થયું મનમોહન પ્યારા, પ્રીતમ રહ્યા શું પોઢીને;
વારંવાર કરું છું વિનંતી, જગજીવન કર જોડીને... ટેક
ઘરઘરથી હરિભક્તો આવ્યા, દર્શન કારણ દોડીને;
આંગણિયે ઊભી સહુ અબળા, **મહી**[1] વલોવા છોડીને... પ્રાતઃ ૦૧
**બહુરૂપી**[2] દરવાજે બેઠા, ધર્મનેજા ખોડીને;
મુખડું જોવા આતુર મનમાં, જોરે રાખ્યા **ઓડીને**[3]... પ્રાતઃ ૦૨
ભૈરવ રાગ **ગુણીજન**[4] ગાવે, તાન મનોહર તોડીને;
બ્રહ્માનંદના નાથ વિહારી, ઊઠ્યા આળસ મોડીને... પ્રાતઃ ૦૩

● ૧. દહીં ● ૨. બહુ મુક્તો ● ૩. આડા બાંધીને રોકીને ● ૪. ગુણ ગાનારા

## ૭૮ પદ-૨

રસિયોજી રાય આંગણ બેઠા, કોમળ દાતણ કરવાને;
મખમલની ગાદી બહુમૂલી, પાટ ઉપર પાથરવાને... ટેક
આછું જળ ઘેલાનું આણ્યું, કંચન **ઝારી**[1] ભરવાને;
સોના કેરું પાલું લાવ્યા, સુંદર આગે ધરવાને... રસિયોજી ૦૧
દાસ મળ્યા સહુ દર્શન કારણ, જગને પાર ઊતરવાને;
દાતણ કરતા હરિને નીરખ્યા, તે ના'વે ભવ ફરવાને... રસિયોજી ૦૨
**મુખમંજન**[2] કીધું મનમોહન, હરિજનનાં મન હરવાને;
બ્રહ્માનંદનો વ્હાલો ઊઠ્યા, સ્નાનવિધિ અનુસરવાને... રસિયોજી ૦૩

● ૧. નાની લોટી ● ૨. દાતણ કરવું

## ૭૯ પદ-૩ (અભિષેક પદ)

બાજોઠ કનક તણે આવી બેઠા, નીર ગરમ હરિ ના'વાને;
શ્વેત વસ્ત્ર પહેર્યું એક સુંદર, ભૂદરજી ભીંજાવાને... ટેક
અત્તર તેલ **ફુલેલ**[1] અનુપમ, મર્દન કરવા માવાને;
અંગ ચોળે ઢોળે જળ ઉપર, રસિયોજી રિઝાવાને... બાજોઠ ૦૧
સ્નાન કરી ઊઠ્યા શામળિયો, પ્રેમીજન લલચાવાને;
લલિત નવીન તૈયાર કરી લાવ્યા, પીતાંબર પહેરાવાને... બાજોઠ ૦૨

રત્નજડિત શુભ પાટ મનોહર, ગાદી નવલ બિછાવાને;
બ્રહ્માનંદના નાથને આવ્યા, ભોજન કાજ બોલાવાને... બાજોઠ ૦૩

● ૧. સુગંધીદાર તેલ

## ૮૦ (રાગ : ગરબી)

હાં રે સખી ના'વા પધારે મહારાજ રે, જીવન ઘેલા મેં;
સાથે લીધો છે સરવે સમાજ રે, મુક્તને વિસામે...ટેક

હળવા રે હળવા વા'લો હાલે બજારે;
હાં રે ઊભા નગરવાસી પ્રાણ વારે રે... જીવન ૦૧

છત્ર ચમર શિર ઉપર રાજે;
હાં રે આગે અગણિત વાજાં વાજે રે... જીવન ૦૨

ઊતર્યા મહારાજ ઘેલા મેં ના'વા;
હાં રે આવ્યા મુક્તો પુષ્પે વધાવા રે... જીવન ૦૩

મહારાજ ન્હાય ને મુક્તો ગાય;
હાં રે જોઈ પ્રેમાનંદ વારી જાય રે... જીવન ૦૪

## ૮૧ (રાગ : રામકલિ, પ્રભાતી)

વેલેરી ઊઠીને વા'લાજીનું વદન નિહારું;
જોઈને કમળમુખ દુઃખ દૂર વિસારું... ટેક

વદન વાલાજીનું અતિ સુખકારી;
નીરખી નીરખી જાઉં હું તો સરવસ વારી... વેલેરી ૦૧

મુખડું જોયા વિના પાણીયે ન પીવું;
પ્રાણજીવનને હું તો જોઈ જોઈ જીવું... વેલેરી ૦૨

પ્રાણજીવન જોવા મેં તો જનમ ધર્યો છે;
જૂઠો રે સંસાર સર્વે ત્યાગ કર્યો છે... વેલેરી ૦૩

પ્રેમાનંદના સ્વામીને કાજે મેલ્યા છે;
સંસારિયા સહુ બળતાં મેં દાઝે... વેલેરી ૦૪

## ૮૨ (પદ : લાલચ લાગી રે)

લાલચ લાગી રે, બેની મુને, લાલચ લાગી રે;
જોઈને શ્રી ઘનશ્યામ મુને, લાલચ લાગી રે... ટેક

સુંદર મુખ સોહામણું, શોભે સુંદર વાણી રે;
સુંદરવરની ચાલમાં, બેની હું લોભાણી રે... જોઈને ૦૧

**ગુણવંતા**[૧]ના ગીતમાં, મારું ચિત્ત ચોરાણું રે;
એ વિના હું બીજું બેની, કાંઈ ન જાણું રે... જોઈને ૦૨

સાન કરી મુને શામળે, આવીને ઓરે રે;
દિલડું મારું ડોલિયું, એને ફૂલને તોરે રે... જોઈને ૦૩

ઘેલા પાણી હું ગઈ, મળ્યા વચમાં માવો રે;
બ્રહ્માનંદના નાથથી, થયો નેણ-મેલાવો રે... જોઈને ૦૪

● ૧. પ્રભુ

## ૮૩ (રાગ : વિભાસ પ્રભાતી)

શોભાસાગર શ્યામ તમારી, મૂરતિ પ્યારી રે;
મૂરતિ પ્યારી રે, નાખું મારા પ્રાણ વારી રે... ટેક

સુંદરતા જોઈ મુખની **શશી**[૧], **સુર**[૨] લજાઈ રે;
મુખ દેખાડી નવ શક્યા, વસ્યા ગગન જાઈ રે... શોભા ૦૧

માન હર્યું મણિધરનું, શિખા **કેશ કાળે**[૩] રે;
અવની ઉપર રહી ન શક્યા, ગયા પાતાળે રે... શોભા ૦૨

ચંચળ લોચન જોઈને, લજ્જા પામ્યાં **તીન**[૪] રે;
**ખંજન**[૫] **કુરંગ**[૬] વને વસ્યાં, જળે બૂડ્યાં **મીન**[૭] રે... શોભા ૦૩

ચાલ ચતુરાઈ જોઈને, ગજ કરે ધિક્કાર રે;
પ્રેમાનંદ કહે શિર નાખે, ધૂળ વારંવાર રે... શોભા ૦૪

● ૧. ચંદ્ર ● ૨. દેવો ● ૩. કાળા વાળ ● ૪. ત્રણ ● ૫. એક જાતનું પક્ષી ● ૬. હરણ ● ૭. માછલી

## ૮૪ પદ-૧ (રાગ : ભૈરવી)

સુંદરવર શણગાર સજીને, સિંહાસન પર શોભે રે;
હરિવર કેરું રૂપ જોઈને, મુનિવરનાં મન લોભે રે... સુંદર ૦૧

છોગલિયાં ફૂલડાં કેરાં છાયાં, મોલીડાંને માથે રે;
ફોરે ભમરા મતવાલા થઈ, ડોલે સાથે સાથે રે... સુંદર ૦૨

કાજુ ભાલ તિલક કેસરનું, રૂડું રંગ ભરેલું રે;
ભ્રકુટિ નેણ નાસિકા ભાળી, તન કુરબાન કરેલું રે... સુંદર ૦૩

ગોળ કપોલ કર્ણ શુભ કુંડળ, હરિનું મુખડું હસતું રે;
બ્રહ્માનંદ કહે તે જોઈને પળ, મન છેટે નથી ખસતું રે... સુંદર ૦૪

### ૮૫ પદ-૨

મુક્તવર શણગાર કરીને, બેઠા છો બહુનામી રે;
સુંદરવર શોભાના સાગર, અનંત ધામના ધામી રે...મુક્ત ૦૧
બાજુબંધ જડાઉ બાંધ્યા, મોતીડાંની માળા રે;
હેમ કડાં પોંચીમાં હીરા, લાગે છે રૂપાળા રે... મુક્ત ૦૨
વીંટી વેઢ દશે આંગળીએ, શોભે નવલ દુશાલો રે;
અવિનાશીનું રૂપ અલૌકિક, સહિયરું જોવા ચાલો રે... મુક્ત ૦૩
મુક્ત કનક આરતી લઈને, અતિ હેતે ઉતારે રે;
બ્રહ્માનંદ નવલ છબી ઉપર, સર્વસ્વ લઈને વારે રે...મુક્ત ૦૪

### ૮૬ પદ-૧ (રાગ : ધોળ પ્રભાતી)

સૂતાં ઊઠી રે, સમરું સહજાનંદ કે વેણલાં ભલે વાયાં રે;
અંતર ઊપજ્યો રે, અતિશે આનંદ કે વેણલાં... ૦૧
નયણે નીરખી રે, રંગભીનાનું રૂપ કે વેણલાં
પ્રીતે પોંખ્યા રે, બ્રહ્મમહોલના ભૂપ કે વેણલાં... ૦૨
ઊર્ધ્વરેખા રે, બે ચરણમાં જોઈ કે વેણલાં
તેને નીરખી રે, મનડું રહ્યું મોઈ કે વેણલાં... ૦૩
**નખમણિયું**[1] રે, જુગલ ચરણની જોડ કે વેણલાં
ગોળ ઘૂંટિયું રે, પૂરે મનડાંના કોડ કે વેણલાં... ૦૪
જંઘા **જાનુ**[2] રે, જોયા સાથળ સાર કે વેણલાં
નાભિ ઊંડી રે, **અજ**[3] ઊપજ્યા જે ઠામ કે વેણલાં... ૦૫
પેટ **પોયણ**[4] રે, જોયા ત્રાણે **વળ**[5] કે વેણલાં
એવા ચિહ્નની રે, કૃષ્ણાનંદને કળ કે વેણલાં... ૦૬

• **૧.** નખરૂપી મણિ • **૨.** ઘૂંટણ (ઢીંચણ) • **૩.** મુક્તો • **૪.** કમળની વેલ જેવું • **૫.** રેખા

### ૮૭ પદ-૨

હૃદયે જોયું રે, મુક્તો કેરું ધામ કે... વેણલાં
કંઠ **કંબુ**[1] રે, નીરખું **આઠો જામ**[2] કે... વેણલાં ૦૧

દંત દેખી રે, દાડમ કેરાં બીજ કે... વેણલાં
જિહ્‌વા જોઈ રે, જાણે ઝબૂકે વીજ કે... વેણલાં ૦૨
નાસા નિકટ રે, ટીબકડી છે શ્યામ કે... વેણલાં
તેને જોતાં રે, નેણે નીંદ હરામ કે... વેણલાં ૦૩
**વામ**[૩] કરણે રે, તિલ શ્યામ સોહાય કે... વેણલાં
તેને જોતાં રે, શોભે સંતોના રાય કે... વેણલાં ૦૪
ભાલ વચ્ચે રે, રેખા તિલક આકાર કે... વેણલાં
મસ્તક ઉપર રે, ફૂલડાં કેરા હાર કે... વેણલાં ૦૫
કર જુગલ રે, કોણિયું બે શ્યામ કે... વેણલાં
કૃષ્ણાનંદની રે, પૂરી હૈડાની હામ કે... વેણલાં ૦૬

● **૧.** શંખ જેવું ● **૨.** ત્રણ કલાકનો સમયગાળો જામ કહેવાય, ચોવીસ કલાક એટલે આઠું જામ ● **૩.** ડાબા

## ૮૮ (રાગ : ભૈરવી પ્રભાત)

પ્રાતઃ સમે શ્રી સહજાનંદની, મૂરતિ મનમાં ધારું રે;
નખશિખ નીરખી રૂપ અનુપમ, અંતરમાં ઉતારું રે... ટેક
રૂપાળાં બહુ **રાજીવ**[૧] **લોચન**[૨], આવી વસ્યાં મન મોરે રે;
**પૃષ્ઠ**[૩] તરુણ તન ગોરે વાને, હંસ ગતિ ચિત્ત ચોરે રે... પ્રાતઃ૦૧
અંગોઅંગ અનુપમ ઝીણાં, શ્વેત વસ્ત્રો બહુ શોભે રે;
પુષ્પ તણાં આભૂષણ જોઈ જોઈ, ભક્ત તણાં મન લોભે રે... પ્રાતઃ૦૨
મેઘ સરીખે ઘેરે સાદે, બોલતા બહુનામી રે;
ભક્ત મનોરથ પૂરણ કરતા, પ્રેમાનંદના સ્વામી રે... પ્રાતઃ૦૩

● **૧.** કમળ જેવાં ● **૨.** નેત્ર, આંખ ● **૩.** પીઠ, વાંસો

## ૮૯ (પદ : પ્રાતઃ સમે શ્રી પુરુષોત્તમની)

પ્રાતઃ સમે શ્રી પુરુષોત્તમની, મૂરતિ મનમાં સંભારું રે;
**નખશિખ**[૧] શોભા નીરખી નાથની, કોટિ કામ છબી વારું રે...ટેક
ચરણકમળની શોભા જોઈને, મોહી રહ્યું છે મન મારું રે;
સોળે ચિહ્‌ન સહિત **કુચ**[૨] કુમકુમ, અંકિત પલ ન વિસારું રે... ૦૧
જમણા નખની સુંદર કાંતિ, ચિહ્‌ન સહિત ઘણું શોભે રે;
જુગલ ચરણ નખમંડળ જોતાં, ભક્ત તણાં મન લોભે રે... ૦૨

જાનુ જંઘા ઉદર અનુપમ, ત્રિવળી સહિત બિરાજે રે;
ઊંડી નાભિ અજનું કારણ, સુંદર અતિશય છાજે રે...૦૩

મોર મુકુટ **મકરાકૃત**[૩] કુંડળ, ભ્રકુટિ ભાલ વિશાળ રે;
મુક્તાનંદ કહે કરનાં લટકાં, કરતા દીનદયાળ રે...૦૪

● ૧. ચરણના નખથી મસ્તકની શિખા સુધી ● ૨. ચરણનાં તળિયાં ● ૩. માછલીના આકારવાળું

## ૯૦ પદ-૧ (રાગ : કેદારો પ્રભાતી)

ધ્યાન ધર ધ્યાન ધર ધર્મના પુત્રનું, જે થકી સર્વ **સંતાપ**[૧] નાસે;
કોટિ રવિ ચંદ્રની **કાંતિ**[૨] ઝાંખી કરે, એવા તારા ઉર વિષે નાથ ભાસે... ટેક

શિર પર પુષ્પનો મુગટ સોહામણો, **શ્રવણ**[૩] પર પુષ્પનાં ગુચ્છ શોભે;
પુષ્પના હારની પંક્તિ શોભે ગળે, નીરખતાં ભક્તનાં મન લોભે... ૦૧

પચરંગી પુષ્પનાં **કંકણ**[૪] કર વિષે, બાંયે બાજુબંધ પુષ્પ કેરા;
ચરણમાં શ્યામને **નૂપુર**[૫] પુષ્પનાં, લલિત **ત્રિભંગી**[૬] શોભે ઘણેરાં... ૦૨

અંગોઅંગ પુષ્પનાં **આભરણ**[૭] પહેરીને, દાસ પર મહેરની દૃષ્ટિ કરતા;
કહે છે મુક્તાનંદ ભજ દૃઢ ભાવ શું, સુખ તણા સિંધુ સર્વે કષ્ટ હરતા... ૦૩

● ૧. ક્લેશ, ઉદ્વેગ ● ૨. સૌંદર્યતા, મનોહરતા, તેજ ● ૩. કર્ણ ● ૪. કડાં ● ૫. ઝાંઝર
● ૬. ચરણમાં પહેરેલ ત્રણ સેરવાળું ઝાંઝર, જેના ત્રણ વેઢ આંગળીઓમાં પરોવેલ હોય
● ૭. આભૂષણ

## ૯૧ પદ-૨

રાત રહે પાછલી ચાર **ઘટિકા**[૧] તૈંયે, સંતને શયન તજી ભજન કરવું;
સ્વામિનારાયણ નામ ઉચ્ચારવું, પ્રગટ પરબ્રહ્મનું ધ્યાન ધરવું... ટેક

તે સમે આળપંપાળ બકવું નહિ, ચિત્ત હરિચરણમાં **પ્રોઈ દેવું**[૨];
ગૃહસ્થને જગત જંજાળને પરહરી, સ્વામિનારાયણ નામ લેવું... ૦૧

ભજન તજી એ સમે અન્ય **ઉદ્યમ**[૩] કરે, નારકી થાય તે નર ને નારી;
તે માટે અમૂલખ અવસર પામીને, હરિજન સર્વ લેજો વિચારી... ૦૨

દુર્લભ સાજ તે સુગમ શ્રીહરિ કર્યો, **ખોયલા**[૪] દિવસની ભાંગી ખામી;
કહે છે મુક્તાનંદ ભજ દૃઢ ભાવ શું, સ્વામિનારાયણ સત્ય સ્વામી... ૦૩

● ૧. એક ઘડી - ચોવીસ મિનિટ ● ૨. પરોવવું ● ૩. કામ ● ૪. ખોવાયેલા, વીતેલા

**૯૨** **પદ-૩**

ભજન કર ભાવ શું પ્રગટ પરબ્રહ્મનું, રાખ હરિરૂપમાં મન તારું;
પ્રગટના ભજનથી પરમસુખ પામીએ, ઉર થકી નાશ પામે **અંધારું**[1]... ટેક

નખશિખ નાથની મૂર્તિ **સોહામણી**[2], ચરણનાં ચિહ્ન સંતાપ ટાળે;
પ્રેમે શું ચિંતવે ચરણ શ્રીહરિ તણા, ગ્રંથિ ગાળે સર્વે કર્મ બાળે... ૦૧

નખ તણી પંક્તિની જ્યોત નિત નિત નવી, ઉદરમાં ત્રિવળી અધિક શોભે;
ઉર વિષે **શ્રીવત્સ**[3] ચિહ્નને નીરખતાં, સંતનાં ચિત્ત તત્કાળ લોભે... ૦૨

નેણ ને વેણ ચિત્તચોર સોહામણાં, પરમ ઉદાર અતિ ચતુર સ્વામી;
કહે છે મુક્તાનંદ ભજ દૃઢ ભાવ શું, પ્રગટ પ્રમાણ એ અંતરજામી... ૦૩

● **૧.** અજ્ઞાનરૂપી અંધકાર ● **૨.** સુંદર ● **૩.** એક પ્રકારનું ચિહ્ન

**૯૩** **પદ-૧**

જાગો રે રસીલા છેલા, સહજાનંદ હરિ પ્યારા રે;
પ્રાણના સનેહી મારા, આંખલડીના તારા રે... જાગો રે૦૧

**કોટ**[1]માં ફૂલોના હાર, ચોળાણા છે ભારી રે;
નીંદભર્યાં નેણલાં, કંજકલી અનુસારી રે... જાગો રે૦૨

મુનિજન તમને જોવાને આવ્યા, અલૌકિક મહિમા ધારી રે;
કર જોડીને ઊભા, આશા દર્શન કેરી ધારી રે... જાગો રે૦૩

આળસ મરોડી ઊઠો, શ્યામ તમે સુખકારી રે;
કૃષ્ણાનંદ એ છબી પર, તન મન વારી રે...જાગો રે૦૪

● **૧.** કંઠ

**૯૪** **પદ-૨**

વાલા રે વિહારી મારે, મંદિરિયે પધારો રે;
મંદિરિયે પધારો, મારો જનમ સુધારો રે... વાલા રે૦૧

દંતની શોભા **કુંદ**[1] **લજારી**[2], અધર છટા છે ન્યારી રે;
ભૂષણ શોભાવે કંઠ, છાતી પોલી પ્યારી રે... વાલા રે૦૨

**આજાનબાહુ**[3] **તુંદ**[4] રૂપાળી, નાભિ ત્રિવળી છાજે રે;
કટિ સાથળ શોભે ભારી, **જાનુ**[5] જંઘા રાજે રે... વાલા રે૦૩

પાની ઘૂંટી ફણા અંગુલી, નખ **વિધુ**[૬] કાંતિ પ્યારી રે;
અંતર અંધારું હરે, કૃષ્ણાનંદ ધારી રે... વાલા રે ૦૪

● **૧.** મોગરાનાં ફૂલ ● **૨.** શરમાવનારી ● **૩.** ઢીંચણ સુધી પહોંચે તેવા લાંબા હાથવાળું ● **૪.** ફાંદ (પેટ) ● **૫.** ઘૂંટણ ● **૬.** ચંદ્ર

### ૯૫ (રાગ : કાફી)

સનેહી શ્રી ઘનશ્યામને, ખમા ખમા ઘણી ખમા રે... ટેક
નેહ **નિભાવણ**[૧] નાથને, રાખું રાજી થઈ નેણમાં રે;
**નિમખ**[૨] ન્યારા નવ મેલું મારા, પ્રાણસનેહી પ્રિયતમા રે... સનેહી ૦૧

મોહનજીની મૂરતિ મારી, આંખ્યુંનાં ચશ્માં રે;
એ વિના મુને કાંઈ ન સૂઝે, રાત અને દિનમાં રે... સનેહી ૦૨

હું જીવું એને જોઈને, એ છે પ્રાણ મારા દેહના રે;
રટું માળા એના નામની, પડું પળે પળે પગમાં રે... સનેહી ૦૩

મેં તોડી પ્રીત સંસારથી, જોડી હૈયાના હારમાં રે;
પ્રેમાનંદના પ્રાણને, રાખું જતને જીવમાં રે... સનેહી ૦૪

● **૧.** આધારરૂપ ● **૨.** ક્ષણ

### ૯૬ (રાગ : ભૈરવી પ્રભાતી)

સ્વામિનારાયણનું સ્મરણ કરતાં, અગમ વાત ઓળખાણી રે;
**નિગમ**[૧] નિરંતર નેતિ કહી ગાવે, પ્રગટને પ્રમાણી રે... ટેક

મંગળરૂપ પ્રગટને મેલી, પરોક્ષને ભજે જે પ્રાણી રે;
તપ તીરથ કરે દેવ દેરાં, મન ન ટળે **મસાણી**[૨] રે... સ્વામિ ૦૧

કથા ને કીર્તન કહેતાં ફરે છે, કર્મ તણી જેમ **કહાણી**[૩] રે;
શ્રોતા ને વક્તા બેઉ સમજ્યા વિનાના, પેટને અર્થે પુરાણી રે... સ્વામિ ૦૨

કાશી કેદાર કે દ્વારકા દોડે, જોગની **જુક્તિ**[૪] ન જાણી રે;
ફેરા ફરીને પાછો ઘરનો ઘરમાં, **ગોધો**[૫] જોડાણો જેમ ઘાણી રે... સ્વામિ ૦૩

પીધા વિના પ્યાસ ન ભાંગે, મર **પંડ**[૬] ઉપર ઢોળે પાણી રે;
મુક્તાનંદ મોહન સંગ મળતાં, મોજ અમૂલખ માણી રે... સ્વામિ ૦૪

● **૧.** વેદ ● **૨.** સ્મશાન ● **૩.** વાતો ● **૪.** વિગત, વિવેક ● **૫.** આખલો ● **૬.** શરીર

૯૭ (રાગ : રામગ્રી)

હે જી... વાલા નાથ રે, રહોને મારા નેણમાં, હરિ તમે આવા ને આવા;
તન મન ધન જાઉં વારણે, તમ ઉપર માવા... ટેક
રાખીશ જતને જીવમાં, નહિ દઉં હું જાવા;
દુર્લભ ઘણા છે રાજનાં, દર્શન દેવને થાવા... નાથ ૦૧
સુંદર મુખ છબી જોઈને, લોભાણાં છે નેણાં;
વ્હાલા લાગે મુખનાં, મીઠાં મીઠાં વેણાં... નાથ ૦૨
આંખલડી અમૃતે ભરી, રૂપાળી છે રેખું;
અતિશે આનંદ સુખ ઊપજે, તમને જ્યારે હું દેખું... નાથ ૦૩
નખશિખ શોભા અંગની, જોઈ લાજે છે કામ;
પ્રેમાનંદ જોઈ રાજને, આનંદ આઠો જામ... નાથ ૦૪

૯૮ (રાગ : પ્રભાતી)

દાદાને દરબાર જાશું, સવારમાં નિત્યે ઊઠીને;
શ્રીજીનું મુખડું જોશું, સવારમાં નિત્યે ઊઠીને... ટેક
વહેલી સવારમાં ઘેલાના ઘાટમાં; ખળખળિયે મનભરી ન્હાશું... સવારમાં ૦૧
માળા, પ્રદક્ષિણા, દંડવત કરશું; શ્રીજીનું ધ્યાન નિત્ય ધરશું... સવારમાં ૦૨
સંતો કહે તે સેવા રે કરશું; કહેશે તો સંજવારી લેશું... સવારમાં ૦૩
દાદાને દરબાર સંતોની સાથમાં; ઓસરિયું ઓરડા ધોશું... સવારમાં ૦૪
લિંબતરુની લીલા સંભારીને; અંતરમાં સંઘરી લેશું... સવારમાં ૦૫
અક્ષર ઓરડિયે શ્રીજી બિરાજે; સ્વામિનારાયણ કહેશું... સવારમાં ૦૬
હરિકૃષ્ણ, ઘનશ્યામ, શ્રીજીમહારાજનાં; દર્શન હૈયે ભરી લેશું... સવારમાં ૦૭
માણકી નચાવતા શ્રીજી પધારે; હાથ જોડીને ઊભા રહેશું... સવારમાં ૦૮
ઊંચેરા સાદે કીર્તન ગાઈશું; ઉત્સવની રંગત લેશું... સવારમાં ૦૯
લક્ષ્મીવાડીમાં શ્રીજી સમાધિએ; દાદાને યાદ કરી લેશું... સવારમાં ૧૦

૯૯ (રાગ : મને પ્યારી લાગે મૂર્તિ)

વ્હાલી લાગે મૂર્તિ તમારી ઘનશ્યામજી, વ્હાલી લાગે મૂર્તિ તમારી...ટેક
પ્રાતઃ કાળે હું પ્રેમે જગાડું, પ્રગટભાવે હું તમને નવડાવું;
હાં રે તમે કૃપા કરીને સેવા ઘો છો ઘનશ્યામજી...વ્હાલી ૦૧

વિધ વિધ પ્રકારનાં વસ્ત્રો ધરાવું, અલંકારો પણ દિવ્ય ધરાવું;
હાં રે તમે સૌને લાગે છો અતિ વ્હાલા ઘનશ્યામજી...વ્હાલી ૦૨

પ્રીતે કરીને આરતી ઉતારું, ભાવે કરીને હું થાળ જમાડું;
હાં રે તમે દયા કરીને સેવા લ્યો છો ઘનશ્યામજી...વ્હાલી ૦૩

નિત્ય નિત્ય નવા શણગાર સજો છો, ભક્તોના ભાવે રૂડા થાળ જમો છો;
હાં રે તમે સૌના મનોરથો પૂરો છો ઘનશ્યામજી...વ્હાલી ૦૪

મૂર્તિમાં હેત કરી દર્શન કરીએ, દાસભાવે અમે પ્રાર્થના કરીએ;
હાં રે તમે કૃપા કરીને સુખ દ્યો છો ઘનશ્યામજી...વ્હાલી ૦૫

પ્રતિમા જેવા નથી સદા પ્રગટ છો, દિવ્ય તેજોમય સદા સાકાર છો;
હાં રે તમે જીવનપ્રાણ છો અમારા ઘનશ્યામજી...વ્હાલી ૦૬

●●●

## થાળ

**૧૦૦** **પદ-૧**

દૂધ ગાયનું ઉકાળી, કટોરી ભરી લાવી છું મહારાજ;
આરોગજો પ્રભુ પ્રેમ સહિત, મારી વિનંતી છે મહારાજ...૦૧

મહીં સાકર નાખી ઘોળી, મહીં એલચી ચારોળી;
મહીં બદામ કેસર ઘોળી... કટોરી ભરી લાવી છું મહારાજ...૦૨

લાડુ ને જલેબી લેજો, દૂધપાક પૂરીનું કહેજો;
મને જમીને દર્શન દેજો... કટોરી ભરી લાવી છું મહારાજ...૦૩

ગળ્યું ને મોળું કહેજો, જે જોઈએ તે માંગી લેજો;
મને વધી પ્રસાદી દેજો... કટોરી ભરી લાવી છું મહારાજ...૦૪

ભક્તોને ઘેલાં કીધાં, માવે માખણ માંગી લીધાં;
મારા પ્રેમ સહિત **પય**[1] પીધાં... કટોરી ભરી લાવી છું મહારાજ...૦૫

જળ નાખીને ઝારી તમને, ચળું કરાવે બ્રહ્મચારી;
મુખવાસ લ્યો મોરારી... કટોરી ભરી લાવી છું મહારાજ...૦૬

● ૧. દૂધ

**૧૦૧** **પદ-૨**

મારા પ્રાણપ્યારા પ્રીતમજી, જમો ઘણે હેતે ઘનશ્યામ;
તૈયાર કરીને લાવ્યો થાળ, તમને રાજી કરવા ઘનશ્યામ... ટેક

હરિ મંગળરૂપ તમારું, કરે મંગળ સદા અમારું;
પ્રીતે પ્રભાતે જમાડું...જમો ઘણે ૦૧

લાડુ મગસના વાળી, સાથે સેવ ને સુંવાળી;
લાવ્યો દૂધ ખૂબ ઉકાળી...જમો ઘણે ૦૨

થેપલાં ને તીખી પૂરી, રોટલા ને કૂણી ભાખરી;
છૂંદો-અથાણું લેજો ફરી... જમો ઘણે ૦૩

ચેવડો-ગાંઠિયા ને પાપડી, મરચાં કઢી ને સુખડી;
બુંદી મોહનથાળ ફૂલવડી... જમો ઘણે ૦૪

બિસ્કિટ બનાવ્યાં સારાં, તીખા ગળ્યા સક્કરપારા;
કર્યા બટાકાપૌંઆ પ્યારા... જમો ઘણે ૦૫

જે જોઈએ તે માગી લેજો, ભૂખ્યા તમે નવ રહેજો;
સેવક પર કૃપા વરસાવજો... જમો ઘણે ૦૬

કૃપા કરીને ચળું કરો, મુખ-હસ્ત કોરા કરો;
મુખવાસથી મુખ ભરો... જમો ઘણે ૦૭

સંતો-ભક્તો ઊભા છે, રાજીપાના **નીમ**[1] લીધા છે;
તમે મૂર્તિમાં રાખી લીધા છે... જમો ઘણે ૦૮

● ૧. નિયમ

**૧૦૨ (રાગ : ધોળ)**

જમો થાળ જીવન જાઉં વારી, ધોઉં કર ચરણ કરો ત્યારી...ટેક
બેસો મેલ્યા બાજોઠિયા ઢાળી, કટોરા કંચનની થાળી;
જળે ભર્યા ચંબુ ચોખાળી...જમો ૦૧

કરી કાઠા ઘઉંની પોળી, મેલી ઘૃત સાકરમાં બોળી;
કાઢ્યો રસ કેરીનો ઘોળી...જમો ૦૨

ગળ્યા સાટા **ઘેબર**[1] ફૂલવડી, દૂધપાક માલપૂવા કઢી;
પૂરી પોચી થઈ છે ઘીમાં ચડી...જમો ૦૩

અથાણાં શાક સુંદર ભાજી, લાવી છું તરત કરી તાજી;
દહીં ભાત સાકર છે ઝાઝી...જમો ૦૪

ચળું કરો લાવી હું **જળઝારી**[2], એલચી લવિંગ સોપારી;
પાનબીડી બનાવી સારી...જમો ૦૫

મુખવાસ મનગમતા લઈને, પ્રસાદી થાળ તણી દઈને;
ભૂમાનંદ કહે રાજી થઈને...જમો ૦૬

● ૧. પકવાન ● ૨. પાણીની નાળચાવાળી લોટી

**૧૦૩ (રાગ : ભૈરવી)**

જમો જમોને મારા જીવન જુગતે, ભોજનિયાં રસ ભરિયાં રે;
પાક શાક તમ સારુ પ્રીતમ, કોડે કોડે કરિયાં રે... ટેક

ગળિયાં તળિયાં **તાજાં**[1] **તાતાં**[2], કનક થાળમાં ધરિયાં રે;
આરોગો મારા નાથ અલૌકિક, **ઘૃત**[3] ઝાઝાં ઘેબરિયાં રે... જમો ૦૧

કઢી વડી કારેલાં કાજુ, રાઈ તણાં દહીંથરિયાં રે;
જોઈએ તો ઉપરથી લેજો, મીઠું જીરું મરિયાં રે... જમો ૦૨

બ્રહ્માનંદના નાથ શિરાવ્યા, દૂધ ભાત સાકરિયાં રે;
ચળું કર્યું હરિ તૃપ્ત થઈને, નીરખી લોચન ઠરિયાં રે... જમો ૦૩

● ૧. તાજી વાનગી ● ૨. ગરમ વાનગી ૩. ઘી

## ૧૦૪ (પદ : જમોને જમાડું રે, જીવન મારા)

જમોને જમાડું રે, જીવન મારા, હરિ રંગમાં રમાડું રે... જીવન ૦૧
વાલાજી મારા સોનાનો થાળ મંગાવું, મોતીડે વધાવું રે... જીવન ૦૨
વાલાજી મારા ઘેબર જલેબી ને લાડુ, જમોને થાય ટાઢું રે... જીવન ૦૩
વાલાજી મારા ગૌરીનાં ઘૃત મંગાવું, માંહી સાકર નખાવું રે... જીવન ૦૪
વાલાજી મારા દૂધ કઢેલાં ભલી ભાતે, જમોને આવી ખાંતે રે... જીવન ૦૫
વાલાજી મારા પાપડ પતાસાં ને પોળી, જમોને ગળી મોળી રે... જીવન ૦૬
વાલાજી મારા તુવેરની દાળ ચડી ભારી, વિશેષે વઘારી રે... જીવન ૦૭
વાલાજી મારા કઢી કરી છે બહુ સારી, જમોને ગિરધારી રે... જીવન ૦૮
વાલાજી મારા આદા કેરીનાં અથાણાં, છે વાલ ને વટાણા રે... જીવન ૦૯
વાલાજી મારા જે જે જોઈએ તે માંગી લેજો, ખારું ને મોળું કહેજો રે... જીવન ૧૦
વાલાજી મારા જળ રે ઘેલાની ભરી ઝારી, ઊભા છે બ્રહ્મચારી રે... જીવન ૧૧
વાલાજી મારા લવિંગ સોપારી તજ તાજાં, જમોને લાવું ઝાઝાં રે... જીવન ૧૨
વાલાજી મારા પ્રેમાનંદના સ્વામી, છો અંતરજામી રે... જીવન ૧૩

## ૧૦૫ (પદ : જમો જમોને મારા ઘનશ્યામ)

જમો જમોને મારા ઘનશ્યામ મહારાજ;
જમો જમોને વ્હાલા હરિકૃષ્ણ મહારાજ... ટેક

આવો પધારો બાજોઠે બિરાજો, હસ્ત પ્રક્ષાલન કરાવું મહારાજ... ૦૧
થાળ મૂકી અતિ પ્રેમે કરી પીરસું, હરિવર હેતે જમજો મહારાજ... ૦૨
મગસ મોતૈયા ને ચૂરમાના લાડુ, બુંદી સાટા જલેબી પીરસું મહારાજ... ૦૩
દૂધપાક બાસુંદી ને શિખંડ પૂરી, કેસર કેરીનો રસ પીરસ્યો મહારાજ... ૦૪
મૈસૂબ શીરો ને કંસાર બનાવ્યો, નાખ્યું છે ઘી મોટી ધારે મહારાજ... ૦૫
કૂણી કૂણી રોટલી ને પૂરણપોળી, ઝાઝા ઘીમાં ઝબોળી મહારાજ... ૦૬
બટાકાવડાં ગોટાં ભજિયાં ને ખમણ, પત્તરવેલિયાં ને ચટણી મહારાજ... ૦૭
છૂટી દાળ, વાલ ને કઠોળ ચણાનાં, બટાકા લીલવણનાં શાક મહારાજ... ૦૮
દાળ બનાવી મેં તુવેરની સારી, ઝાઝા મસાલાવાળી મહારાજ... ૦૯

બાસમતીનો સારો ભાત બનાવ્યો, કાજુ લવિંગ તજ નાંખી મહારાજ... ૧૦
કાકડી ગાજર ને બીટના સલાડ, લીલી હળદર મૂળા ને પાપડ મહારાજ... ૧૧
મારા વ્હાલા તમે ભૂખ્યા નવ રહેજો, જે જે જોઈએ તે માગી લેજો મહારાજ... ૧૨
જળના લોટા ભરી મૂક્યા છે બાજુમાં, ખૂબ જમાડી ચળું કરાવું મહારાજ... ૧૩
એલચી, લવિંગ, તજ, ધાણાદાળ સારી, લેજો સોપારી પાનબીડું મહારાજ... ૧૪
દાસ સેવકની સેવા સ્વીકારી, સદાય રાજી રહેજો મહારાજ... ૧૫

## ૧૦૬ (પદ : તમે જમો જમોને મારા)

તમે જમો જમોને મારા ઠાકરિયા... ટેક
હરિવર મારે હાથે જમાડું, સુંદર લાડુ સાકરિયા...તમે ૦૧

પેંડા બરફી ખાજાં જલેબી, **મરફી**[1] મૈસૂબ ને ઘેબરિયાં;
શીરો પૂરી કંસાર **હરીસો**[2], **બિરંજ**[3] જમો વહાલા કેસરિયા... તમે ૦૨

ભજિયાં વડાં તળ્યાં છે પાપડ, મીઠું જીરું નાખીને મરિયાં;
શાક પાક સુંદરવર જમજો, રાય તણાં સુંદર **દહીંથરિયાં**[4]... તમે ૦૩

આંબામોરનો ભાત અનુપમ, દૂધ સાકર જમો હરિવરિયા;
વધે તે પ્રેમાનંદને આપો, ધર્મકુંવર રંગના ભરિયા... તમે ૦૪

● ૧. અડદના લોટની જલેબી-ઈમરતી ● ૨. ચોખાના લોટની મીઠાઈ ● ૩. કેસર નાખેલા ગળ્યા ભાત ● ૪. મોણ નાખીને તળેલી પોચી પૂરી

## ૧૦૭ (રાગ : ગરબી)

આવજો છોગલાંધારી, મારે ઘેર આવજો છોગલાંધારી... ટેક
લાડુ જલેબી ને સેવ સુંવાળી, હું તો ભાવે કરી લાવી છું ભારી... મારે ૦૧

સૂરણ પૂરણ ને ભાજી કારેલાં, પાપડ વડી વઘારી;
**વંતાક**[1] વાલોળનાં શાક કર્યાં મેં તો, ચોળાફળી છમકારી... મારે ૦૨

કાજુ કમોદનો ભાત કર્યો, મેં તો દાળ કરી બહુ સારી;
લીંબુ કેરીનાં લેજો અથાણાં, કઢી કરી છે કાઠિયાવાડી... મારે ૦૩

લવિંગ સોપારી ને પાનબીડી વાળી, તજ એલચી જાવંત્રી સારી;
નિશદિન આવો તો ભાવે કરી ભેટું, એમ માગે જેરામ બ્રહ્મચારી... મારે ૦૪

● ૧. રીંગણ

### ૧૦૮ (રાગ : છેલછોગાળા હરિને પૂજીને)

નાથ ઓ મારા તમને જમાડી, સહેજે સુખડાં માણું રે;
મારા હરિવરને હેતે જમાડું,
થાળ જમોને જીવન મારા, કર ચરણ ધોવરાવું રે... મારા ટેક

બાજોઠિયા કનક કેરા ઢાળ્યા, નિર્મળ જળથી કળશ ભરાવ્યા;
સુવર્ણ થાળ ને કનક કટોરીમાં, જમવાનું પીરસાવું રે... મારા ૦૧

બુંદીના લાડુ મેં તો બનાવ્યા, ઘણે ઘીયે તેહ તળાવ્યા;
ગાંઠિયા ફૂલવડી કરી સારી, જમો જીવન સુખાળું રે... મારા ૦૨

દૂધપાક માલપૂઆ પૂરી, પૂરણપૂરી ઘીમાં ઝબોળી;
ઘૃત ઝાઝું નાખીને કરેલા, સારા સાકરિયા લાડુ રે... મારા ૦૩

શાક સર્વે તો ઘીમાં તળિયાં, ભાતભાતના મસાલે ભરિયાં;
અથાણાં રાયતું ને **ગરમર**[1], જમો પ્રભુ તે સ્વાદુ રે... મારા ૦૪

સુગંધીમાન ભાત મેં તો કીધો, દાળનો સબડકો હરિ લીયો;
દહીંની ઘાટી કરેલી રે કઢી, કાઠિયાવાડી જમાડું રે... મારા ૦૫

ખારું મોળું હોય તો કહેજો, જે રે જોઈએ તે માગી રે લેજો;
પ્રીત કરીને હરિવર જમતાં, મધ્યે જળ પિવરાવું રે... મારા ૦૬

જળઝારીએ પ્રભુ ચળું કરાવું, એલચી સોપારી ને ચૂર્ણ લાવું;
બીજા મસાલા નાખી પ્રીતમ, પ્રીતે પાન ખવરાવું રે... મારા ૦૭

• ૧. એક વનસ્પતિ (તેના મૂળનું અથાણું થાય)

### ૧૦૯ સાંજનો થાળ

#### (રાગ : આવ્યા આવ્યા આવ્યા હરિજી)

જમવા પધારો કૃપાળુ શ્રીજી, હોંશે હોંશે જમજો થાળ મહારાજ;
સેવા સ્વીકારો સેવકની શ્રીજી, સ્હેજે સ્હેજે રહેજો રાજી મહારાજ...ટેક

હસ્ત ચરણ પ્રક્ષાલન કરાવું;
રૂડા નૅપકિનથી કોરા કરાવું,
ગાદી બાજોઠે બિરાજો મહારાજ... જમવા ૦૧

કૂણા કૂણા ગરમાગરમ રોટલા છે સારા;
બિસ્કિટ જેવી ભાખરી ને પરોઠાં પ્યારાં,
ભાજી ને શાક છે ભરેલાં મહારાજ...જમવા ૦૨

હેતનો હાંડવો ને પ્રીતનાં છે ઢોકળાં;
દૂધી ને મેથીનાં મૂઠિયાં ને થેપલાં,
સાથે કઢેલું ગળ્યું દૂધ મહારાજ... જમવા ૦૩

બટાકાવડાં ખમણ ભજિયાં ને ગોટાં;
ઈડલી, પાતરાંના ન જડે જોટા,
ગળ્યા ને તીખા છે પૂડલા મહારાજ... જમવા ૦૪

બટાકાપૌંઆ ને વઘારેલી ખીચડી;
ઝાઝા ઘીવાળી માખણ શી ખીચડી,
કઢી કરી છે કાઠિયાવાડી મહારાજ... જમવા ૦૫

છૂંદા અથાણાં ને ચટણી-કચુંબર;
નાખી છે દહીં ને માખણમાં સાકર;
ઘી-ગોળ પાપડનો છેલ્લો છે નંબર,
દૂધના મોઢે માંડજો કટોરા મહારાજ... જમવા ૦૬

ખારું-ખાટું, ગળ્યું-મોળું થયું હોય જો;
જેવા તેવા તોય તમારા, માફ કરી જમજો,
મારા સમ તમને ભૂખ્યા રહ્યા જો મહારાજ... જમવા ૦૭

લીંબુના જળથી ચળું કરાવું;
શીતળ જળ હું તમને પિવરાવું,
ઓડકાર ખાઈને લેજો મુખવાસ મહારાજ... જમવા ૦૮

આવા ને આવા સદા રાજી રહેજો;
રાજી હું તમને કરું એવી દયા કરજો,
સંધ્યા આરતીનો સમય થયો મહારાજ... જમવા ૦૯

## ૧૧૦ (પદ : રૂડી રાંધી મેં રસિયાજી)

રૂડી રાંધી મેં રસિયાજી, ખાંતે ખીચડી રે... ટેક
ચોખા દાળ જતન કરી જોઈ, નિર્મળ નીરે ધીરે ધોઈ;
મધુરે મધુરે તાપે, માખણ શી ચડી રે... રૂડી ૦૧

ઘી ઘણુંય જમો અલબેલા, અથાણાં પાપડ રંગછેલા;
ચોંપે શું ચોળાની કાજુ, કરી વડી રે... રૂડી ૦૨

દૂધ કઢીને દહીં જમાવી, લલિત લવિંગે શું છમકાવી;
ભૂધરને જમવાને કાજે, કરી કઢી રે... રૂડી ૦૩

દયાનંદ કહે દિલમાં ધારી, પ્રસાદી આપો હિતકારી;
મોહનવરને હાથે મુજને, મોજ મળી રે... રૂડી ૦૪

### ૧૧૧ (મુખવાસનો થાળ - ૧)

લેતા જાઓ રે સાંવરિયા ! બીડી પાનન કી;
બીડી પાનન કી, બીડી પાનન કી, લેતા જાઓ રે સાંવરિયા...ટેક
કાથો ચૂનો વારી, લવિંગ સોપારી, એલચી મગાવું મુલતાનન કી... લેતા ૦૧
એક એક બીડી મોરે સંતો ભક્તો કી, દૂસરી બીડી મોરે લાલન કી... લેતા ૦૨
આવો સહજાનંદ સ્વામી પાટે બેસારું, બાજી ખેલાવું સારી **રેનન**[1] કી... લેતા ૦૩
પ્રેમાનંદ કહે આપો પ્રસાદી, એટલી અરજ તોરે દાસન કી... લેતા ૦૪

● ૧. રાત

### ૧૧૨ (મુખવાસનો થાળ - ૨)

રસિયા પાન બીડી આરોગો, આપું પ્રીતથી રે... ટેક
પાન નાગરવેલીનાં પાકાં, લાવી લલિત અનુપમ આપ્યાં;
જતન કરીને રાખ્યાં રૂડી રીતથી રે...રસિયા ૦૧
લવિંગ સોપારી ને તજ તાજી, કાથો ચૂનો એલચી ઝાઝી;
ખાસું ચૂરણ નાખી બનાવી **ખચીતથી**[1] રે...રસિયા ૦૨
પ્રીત કરીને બીડલું પે'લું, આપ તણા મુખમાં હું મેલું;
લાલ લલિત મુખ **હેરું**[2] હું હરખે અતિ રે...રસિયા ૦૩
ચતુરભુજના પ્રીતમ પ્યારા, અંતરની આશા પૂરનારા;
મુખડાનો પ્રસાદ મુને દ્યો હેતથી રે...રસિયા ૦૪

● ૧. ચોકસાઈપૂર્વક ● ૨. છાનુંમાનું જોવું

### ૧૧૩ (રાગ : ગરબી)

સખી આનંદની વાત કહું આજ રે, મેં તો નેહ કરી નોતર્યા મહારાજ રે... ૦૧
પ્રેમે ચોક વચ્ચે ચોકી ઢાળી રે, નાવા ઊઠ્યા મોહન વનમાળી રે...૦૨
અંગ ચોળી આનંદે શું નવરાવ્યા રે, પે'રી પીતાંબર મન ઘણું ભાવ્યા રે... ૦૩
પે'રી પાવલાં પધાર્યા લટકાળો રે, મારે મંદિરિયે આવ્યા મરમાળો રે... ૦૪
પાટે બેસારીને પૂજિયા મોરારી રે, અતિ આનંદ શું આરતી ઉતારી રે... ૦૫
બેઠા જમવા જગનો આધાર રે, મેં તો પ્રેમ કરી પીરસ્યો કંસાર રે...૦૬
શીરો પૂરી સુંવાળી સાબુડી રે, ખાજાં **ખાજલા**[1] ને ખાંડ ઘણી રૂડી રે... ૦૭

સાટા મેસૂબ જલેબી જુગતાળી રે, ઘણા ઘેબર પેંડાની ભરી થાળી રે... ૦૮
દૂધપાક ને પૂરણપોળી રે, ઘણે ઘીએ રસ રોટલી ઝબોળી રે... ૦૯
દહીંથરાં ભાત ભજિયાં ને દાળ રે, કેળાં રોટલી ને પૂડલા રસાળ રે... ૧૦
ગળી મોળી બિરંજ કઢી કારેલાં રે, મગ મેથીએ વઘારી કર્યાં ભેળાં રે... ૧૧
તળ્યું સૂરણ ઘણું ઘી ઘાલી રે, વડી વાલાને લાગે છે ઘણી વાલી રે... ૧૨
તળ્યાં પરવળ, વાલોળ ને વંતાક રે, તળ્યાં તૂરિયાં કંકોડાં કેરાં શાક રે... ૧૩
ટાંકો તાંદળજો ને સૂવાભાજી રે, મેથી મોગરી મૂળાથી ઘણું રાજી રે... ૧૪
જમે જુગતે શું દીનદયાળ રે, પાસે અનુપમ અથાણાં રસાળ રે... ૧૫
કેરી કાચરી તળેલી આથ્યાં આદું રે, ડાળા ગરમર ને **શેલરા**[૨] સ્વાદુ રે... ૧૬
કાજુ કેરડાં પાપડ પ્રભુ જમે રે, પીયે જળ **ગ્રાસોગ્રાસ**[૩] મને ગમે રે... ૧૭
જમે મધુર મધુર હરિરાય રે, હું તો **વીંઝણે**[૪] ઢોળું વાય રે... ૧૮
જમી આચમન કર્યું અવિનાશ રે, પ્રીતે પાનબીડી કરી મુખવાસ રે... ૧૯
સુર મુનિને દુર્લભ સ્વાદ રે, પામ્યા મુક્તાનંદ પરસાદ રે... ૨૦

● **૧.** મોળાં સાટાં ● **૨.** કુંવારપાઠાનું ફૂલ (તેનું અથાણું થાય) ● **૩.** કોળિયે કોળિયે ● **૪.** હાથ પંખો

## ૧૧૪ (રાગ : ગરબી)

વ્હાલા આવો અમારે ઘેર રે, વારી જાઉં વાલમજી;
સેવા કરીશું સારી પેર રે, વારી જાઉં વાલમજી...ટેક
કાંઈ નીર ઊને નવરાવું રે, કાંઈ જુગતે કરીને જમાડું રે... વારી ૦૧
કાંઈ કંચન થાળ કટોરા રે, પાસે પાણી પીધાના **અબખોરા**[૧] રે... વારી ૦૨
કંસાર ને ચૂરમા ચોળી રે, રસ રોટલી ઘીએ ઝબોળી રે... વારી ૦૩
ભાજી તાંદળજાની સારી રે, માંહી ચોળાફળી છમકારી રે... વારી ૦૪
કાજુ આદાં કેરીનાં અથાણાં રે, લીંબુ મરચાં જોયે તો મેં આણ્યાં રે... વારી ૦૫
તમો ચોખા ને દૂધ શિરાવો રે, માંહી સાકર **બેક**[૨] નખાવો રે... વારી ૦૬
તમે જમોને ઢોળું હું તો વાય રે, ત્યારે કાંઈક સારું મારું થાય રે... વારી ૦૭
જળ ઘેલાની ભરી ઝારી રે, તમને ચળું કરાવે બ્રહ્મચારી રે... વારી ૦૮
કાથો ચૂનો પાન લવિંગ સોપારી રે, તમે મુખવાસ લ્યોને મુરારિ રે... વારી ૦૯
પ્રભુ પલંગ ઉપર પોઢાડું રે, ઝાઝી વાર થાયે તો જગાડું રે... વારી ૧૦
ઘેલું ઘેલું બોલીને સુખ દેજો રે, કાંઈ કહેવાનું હોય તો કહેજો રે... વારી ૧૧
આપો અબળાને આનંદ રે, બલિહારી બ્રહ્માનંદ રે... વારી ૧૨

● **૧.** લોટા ● **૨.** થોડીક

## ૧૧૫ મોટો થાળ (રાગ : ગરબી)

અવિનાશી આવો રે, જમવા શ્રીહરિ; શ્રી ભક્તિધર્મ સુત રે, જમાડું પ્રીત કરી...૦૧
શેરડીઓ વાળી રે, ફૂલડાં વેર્યાં છે; માળિયાગરે મંદિર રે, લીંપ્યા-લેર્યાં છે રે...૦૨
ચાખડીઓ પે'રી રે, પધારો ચટકંતા; મંદિરિયે મારે રે, પ્રભુજી લટકંતા...૦૩
બાજોઠે બેસારી રે, ચરણકમળ ધોઉં; પામરીએ પ્રભુજી રે, પાવલિયા લોઉં...૦૪
ફુલેલ સુગંધી રે, ચોળું હું શરીરે; હેતે નવરાવું રે, હરિ ઊને નીરે...૦૫
પહેરાવું પ્રીતે રે, પીતાંબર ધોતી; ઉપરણી ઓઢાડું રે, અતિ ઝીણી પોતી...૦૬
કેસર ચંદનનું રે, ભાલે તિલક કરું; વંદન કરી શ્રીજી રે, ચરણે શીશ ધરું...૦૭
ઉર હાર ગુલાબી રે, ગજરા બાંધીને; શ્રીહરિને નીરખું રે, દૃષ્ટિ સાંધીને...૦૮
શીતળ સુગંધી રે, કળશ ભર્યાં જળનાં; **ઉલેચ**[૧] બાંધ્યા છે રે, ઉપર મખમલના...૦૯
કંચન બાજોઠે રે, બિરાજો બહુનામી; પકવાન પીરસી રે, થાળ લાવું સ્વામી...૧૦
મોતૈયા લાડુ રે, સેવૈયા સારા; તમ કાજ કર્યા છે રે, **લાખણશાઈ**[૨] પ્યારા...૧૧
મગદળ ને સેવદળ રે, લાડુ દળના છે; ખાજા ને **ખુરમા**[૩] રે, ચૂરમા ગોળનાં છે...૧૨
જલેબી ઘેબર રે, બરફી બહુ સારી; પેંડા પતાસાં રે, સાટાં સુખકારી...૧૩
મરફી ને મેસૂબ રે, જમો જગવંદનજી; સૂતરફેણી છે રે, ભક્તિનંદનજી...૧૪
**ગણગણ**[૪] ને ગાંઠિયા રે, **ગુંદવડાં**[૫] વાલા; ગુલાબપાક જમજો રે, ધર્મ તણા લાલા...૧૫
એલાયચી દાણા રે, ચણા છે સાકરિયા; ગુંદરપાક સુંદર રે, જમજો ઠાકરિયા...૧૬
ટોપરાપાક ટાઢો રે, સકરપારા સારા; સેવો ઘી સાકર રે, તમે છો જમનારા...૧૭
કેસરિયો બિરંજ રે, ગળ્યો ને મોળો છે; સાકરનો શીરો રે, **હરીસો**[૬] ધોળો છે...૧૮
લાપસી કંસારમાં રે, ઘી બહુ રસબસ છે; ખીર ખાંડ ઘી રોટલી રે, જમો બહુ સરસ છે...૧૯
બદામ ચારોળી રે, દ્રાક્ષ તે નાખીને; દૂધપાક કર્યો છે રે, જુઓ હરિ ચાખીને...૨૦
પૂરી ને કચોરી રે, પૂરણપોળી છે; રોટલીઓ ઝીણી રે, ઘીમાં ઝબકોળી છે...૨૧
પાપડ ને પૂડલા રે, મીઠા માલપૂડા; માખણ ને મીસરી રે, માવો દહીંવડાં...૨૨
ઘઉંની છે બાટી રે, બાજરાની પોળી; ઝાઝી વાર ઘીમાં રે, હરિ મેં ઝબકોળી...૨૩
તલસાંકળી સુંદર રે, બીજી ગોળપાપડી; ગાંઠિયા ને કળી રે, ત્રીજી ફૂલવડી...૨૪
ભજિયાં ને વડાં રે, સુંદર દહીંથરિયાં; વઘાર્યા ચણા રે, માંહી મીઠું મરિયાં...૨૫
**ગુંજા**[૭] ને મઠિયાં રે, ફાફડા ફરસા છે; અળવી આદાનાં રે, ભજિયાં સરસાં છે...૨૬

કંચન કટોરે રે, પાણી પીજો જી; જે જે કાંઈ જોઈએ રે, તે માંગી લેજો જી...૨૭
રોટલી રસ સાકર રે, જમજો અલબેલા; રાયણ ને રોટલી રે, ખાંડ કેળાં છેલા...૨૮
મુરબ્બા કર્યા છે રે, કેરી દ્રાક્ષ તણા; સુંદરવર જમજો રે, રાખશો મા મણા...૨૯
કટોરા પૂર્યા રે, સુંદર શાકોના; કેટલાંક ગણાવું રે, છે ઝાઝાં વાનાં...૩૦
સૂરણ તળ્યું છે રે, સુંદર ઘી ઝાઝે; અળવી ને રતાળું રે, તળ્યાં છે તમ કાજે...૩૧
મેં પ્રીત કરીને રે, પરવળ તળિયાં છે; વંતાક ને વાલોળ રે, ભેળાં ભળિયાં છે...૩૨
કંકોડાં કોળાં રે, કેળાં કારેલાં; ગલકાં ને તૂરિયાં રે, રૂડાં વઘારેલાં...૩૩
ચોળી વાલોળો રે, પ્રીત કરી તળિયો; દૂધિયાં ને ડોડાં રે, ગુવારની ફળીઓ...૩૪
લીલવા વઘાર્યા રે, થયા છે બહુ સારા; ભીંડાની ફળીઓ રે, તળિયો હરિ મારા...૩૫
**ટાંકો**[૮] તાંદલિયો રે, મેથીની ભાજી; મૂળા મોગરીઓ રે, સૂવાની તાજી...૩૬
**ચણેચી**[૯] ડોડી રે, ભાજી સારી છે; કઢી ને વડી રે, સુંદર વઘારી છે...૩૭
**નૈયાનાં**[૧૦] રાઈતાં રે, અતિ અનુપમ છે; મીઠું ને રાઈ રે, માંહી બે સમ છે...૩૮
કેટલાંક ગણાવું રે, પાર તો નહિ આવે; સારું સારું જમજો રે, જે તમને ભાવે...૩૯
ખારું ને મોળું રે, હરિવર કહેજો જી; મીઠું મરી ચટણી રે, માગી લેજો જી...૪૦
અથાણાં જમજો રે, સુંદર સ્વાદુ છે; લીંબુ ને મરચાં રે, આમળાં આદું છે...૪૧
રાયતી કેરી રે, કેરી બોળ કરી; ખારેક ને દ્રાક્ષમાં રે, નાખ્યાં લવિંગ મરી...૪૨
કેરાં ને **કરમદાં**[૧૧] રે, તળી છે કાચરિઓ; બીલાં બહુ સારાં રે, વાંસ ને ગરમરિઓ...૪૩
પંખાળીનાભાતમાંરે,સુંદરસુગંધઘણો;એલાયચીનોપીરસ્યોરે,**આંબામોર**[૧૨]તણો...૪૪
મેં કઠણ કરી છે રે, દાળ હરિ તુવેરની; પાતળી પીરસી રે, કે દાળ મસૂરની...૪૫
મગ ને અડદની રે, કરી છે ધોઈને; ચોળા ને ચણાની રે, ઘીમાં કરમોઈને...૪૬
દાળ ને ભાત જમજો રે, તમને ભાવે છે; ચતુરાઈએ જમતાં રે, પ્રીતિ ઉપજાવે છે...૪૭
દહીં ને ભાત જમજો રે, સાકર નાખી છે; દૂધ ને ભાત સારુ રે, સાકર રાખી છે...૪૮
દૂધ ને તર સાકર રે, ભાત જમો પહેલાં; સાકર નાખીને રે, દૂધ પીઓ છેલા...૪૯
જે જે કાંઈ જોઈએ રે, તે કે'જોજી અમને; કાંઈ કસર કરો તો રે, મારા સમ તમને... ૫૦
જીવન જમીને રે, ચળું કરો નાથ; લીંબુ ને ચંદનથી રે, ધોવરાવું હું હાથ...૫૧
તજ એલચી જાયફળ રે, જાવંત્રી સારી; કાથો ને ચૂનો રે, સારી સોપારી... ૫૨
નાગરવેલીનાં રે, પાન લાવી પાકાં; ધોઈને લૂછ્યાં છે રે, અનુપમ છે આખાં... ૫૩

માંહી ચૂરણ મેલી રે, બીડી વાળી છે; લલિત લવિંગની રે, ખીલી રસાળી છે... ૫૪
મુખમાં હું મેલું રે, બીડી પ્રીત કરી; આરતી ઉતારું રે, પ્રભુજી ભાવ ભરી...૫૫
ફૂલસેજ બિછાવું રે, પોઢો પ્રાણપતિ; પાવલિયા ચાંપું રે, હૈડે હરખ અતિ... ૫૬
થાળ ગાયો પ્રીતે રે, ધર્મકુલ મુગટમણિ; આપો પ્રેમાનંદને રે, પ્રસાદી થાળ તણી... ૫૭

● ૧. ચંદરવો ● ૨. ઘીથી રસબસ(લથબથ) લાડુ ● ૩. એક પ્રકારની મીઠાઈ ● ૪. મેંદાના ચાસણી પાયેલા ગાંઠિયા ● ૫. ગુંદાનાં વડાં ● ૬. એક પ્રકારનું મિષ્ટાન્ન ● ૭. ઘૂઘરા ● ૮. તાજો ● ૯. ચણાના કૂણા પાનની ભાજી ● ૧૦. રાયતામાં વપરાતી વસ્તુ ● ૧૧. કરમદીનું ફળ ● ૧૨. ચોખાની એક પ્રકારની જાત

## ૧૧૬ હરિસ્મૃતિ : ચિંતામણિ-૨

### દોહા

ભોજન બહુ રસે ભર્યાં, જુગતે કરિયાં જેહ ॥
આણ્યાં ચોકી ઉપરે, તાજાં જમવા તેહ ॥૦૧॥
પાક બહુ પ્રકારના, વિધવિધનાં **વ્યંજન**[1] ॥
પૂર્યા કટોરા પ્રેમશું, જુગતે જમે જીવન ॥૦૨॥

### ચોપાઈ (ધ્રુવપદી)

મોદકમગદળનેમોતિયા,જમતાંજોયાંછે।**લાખણસાઈ**[2]**ને સેવૈયા**[3],જમતાંજોયાંછે॥
તળિયા બળિયા માંય તેજાના,જમતાં૦। કાજુ કળિના મનમાન્યા,જમતાં ॥૦૩॥
પેંડા પતાસાં ને પૂરી, જમતાં૦। સૂતરફેણી ને **સાબુડી**[4], જમતાં૦॥
શક્કરપારા સેવ **સુંવાળી**[5], જમતાં૦। પૂરી **કચોરી**[6] રૂપાળી, જમતાં૦॥૦૪॥
હલવો **હરીસો**[7] રસાળો, જમતાં૦। **ગેબર**[8] ગુંદરપાક રૂપાળો, જમતાં૦॥
**ગગન**[9] ગાંઠિયા **ગુંદવડી**[10], જમતાં૦। ગળાસાટા **ગલપાપડી**[11], જમતાં૦॥૦૫॥
શીરો **સાથુ**[12] સાકર ચણા, જમતાં૦। મુરકી મુરબો મેસૂબ ઘણા, જમતાં૦॥
માલપૂડા સાકરતણા, જમતાં૦। બરફી બિરંજ એલચીદાણા, જમતાં૦॥૦૬॥
બાટી બાજરા ઘઉંની, જમતાં૦। ઘણા ઘીમાં બોળી ઊની, જમતાં૦॥
ખાજાં ખીર ખુરમાં ગોળા, જમતાં૦। દૂધપાક **દહીંથરાં**[13] બો'ળાં, જમતાં૦॥૦૭॥
માખણ મહ દહીંવડાં, જમતાં૦। ચૂરમું લાબસી બે રૂડાં, જમતાં૦॥
કંસાર બાસુંદિયો ભલી, જમતાં૦। કેરીરસ રૂડી રોટલી, જમતાં૦॥૦૮॥

પૂડલા ને પૂરણપોળી, જમતાં૦। રેવડી પકોડી બોળી, જમતાં૦॥
ગુલાબ ટોપરાના પાક, જમતાં૦। જલેબી ને સુંદર શાક, જમતા૦॥૦૯॥
જાર બાજરી **બાવટ**[૧૪] **પોળી**[૧૫], જમતાં૦। ઘીમાં ઘઉંની ઝબોળી, જમતાં૦॥
મઠ જવના રોટલા, જમતાં૦। **ચીણા**[૧૬] ચણાના બહુ ભલા, જમતાં૦॥૧૦॥
સુગંધી ભાત ને ખીચડી, જમતાં૦। કોદરી **કાંગવું**[૧૭] ને કડી, જમતાં૦॥
જાર બાજરાનું ધાન, જમતાં૦। સામો બંટીનું નિદાન, જમતાં૦॥૧૧॥
રોટલી ને **ગળવાણું**[૧૮], જમતાં૦। અવલપાક **આંબળવાણું**[૧૯], જમતાં૦॥
રાતાં મરચાં ને રોટલા, જમતાં૦। મગ ચણાના પૂડલા, જમતાં૦॥૧૨॥
અડદ મગ ચણાની દાળ, જમતાં૦। તુવેર મેસુરની દયાળ, જમતાં૦॥
વાલ મઠ ને વટાણા, જમતાં૦। કાજુ કળથી ચોળાદાણા, જમતાં૦॥૧૩॥
વૃંતાક વાલોળ વળી, જમતાં૦। સારાં સૂરણ ઘીમાં તળી, જમતાં૦॥
સારાં શક્કરિયાનાં શાક, જમતાં૦। વઘાર્યાં હાથે શું વૃંતાક, જમતાં૦॥૧૪॥
રૂડાં રતાળું **પતાળું**[૨૦], જમતાં૦। પરવર પાપડી દયાળુ, જમતાં૦॥
**કેરાં**[૨૧] કારેલાં કંકોડાં, જમતાં૦। કોળાં **ચીકણ**[૨૨] ને ચીભડાં, જમતાં૦॥૧૫॥
ગલકાં ગવાર ને **ઘિસોડાં**[૨૩], જમતાં૦। શાક **સાંગરિયોનાં**[૨૪] રૂડાં, જમતાં૦॥
ભીંડાફળી વળી ડોડા, જમતાં૦। ચોળાફળી ને **ચીચોડાં**[૨૫], જમતાં૦॥૧૬॥
**નઈ દૂધિયા**[૨૬] ને ટીંડોરાં, જમતાં૦। કાજુ કરેલ તે કોરાં, જમતાં૦॥
**ભરથ**[૨૭] ભર્યાં ઘણા ઘીનાં, જમતાં૦। રૂડાં રાઈતાં રાઈનાં, જમતાં૦॥૧૭॥
કોમળ કુબી ને **કોચલાં**[૨૮], જમતાં૦। શાક એક એકથી ભલાં, જમતાં૦॥
તાજાં તરબૂચ **પંડોળાં**[૨૯], જમતાં૦। શાક સારાં સુંદર બો'ળાં, જમતાં૦॥૧૮॥
રસે ભર્યાં રૂડાં કહીએ, જમતાં૦। સીમા શાકતણી ન લહીએ, જમતાં૦॥
ભર્યાં હળદર હવેજે, જમતાં૦। વળી બહુ મસાલે બીજે, જમતાં૦॥૧૯॥
ટાંકા તાંદળિયાની ભાજી, જમતાં૦। સારા સુવા તલવણી તાજી, જમતાં૦॥
મેથી મોરણની પણ સારી, જમતાં૦। ભીંડા ડોડીની વઘારી, જમતાં૦॥૨૦॥
મૂળા કરલીની પણ કરી, જમતાં૦। વળી મીઠું ને મોગરી, જમતાં૦॥
લૂણી ચીલ ને ચણેચી, જમતાં૦। જમે પોતે આપે વેં'ચી, જમતાં૦॥૨૧॥
ભાજી તાજી રાઈ સારી, જમતાં૦। ઘણે ઘી જીરે વઘારી, જમતાં૦॥

અજમો પોઈ પત્રવેલાં, જમતાં૦। ભજિયાં અળવીનાં કરેલાં, જમતાં૦॥૨૨॥
કોળાં વૃંતાક ને આદુ, જમતાં૦। ભજિયાં રતાળુંનાં સ્વાદુ, જમતાં૦॥
ભર્યાં હવેજે ભજિયાં, જમતાં૦। કંઈ કહ્યાં ને કંઈ રહ્યાં, જમતાં૦॥૨૩॥
ફાફડા ને વડાં વડી, જમતાં૦। **કળી**[૩૦] ગાંઠિયા ફૂલવડી, જમતાં૦॥
પાપડ અડદ ને મગના, જમતાં૦। ઝીણા લોટની સગના, જમતાં૦॥૨૪॥
જાર બાજરાના સારા, જમતાં૦। જમતા પાપડ લાગે પ્યારા, જમતાં૦॥
માસુખ મઠનાં મઠિયાં, જમતાં૦। લાગે **ફરસાં**[૩૧] ન જાય કહ્યાં, જમતાં૦॥૨૫॥
ચણા વાલના લીલવા, જમતાં૦। પય શરકરા પુંવા, જમતાં૦॥
વળી અવલ જો અથાણાં, જમતાં૦। ધર્યાં વાટકામાં ઘણાં, જમતાં૦॥૨૬॥
કેરી રાયતી રૂપાળી, જમતાં૦। બીજી બોળેલ રસાળી, જમતાં૦॥
લીંબુ બિલિના બનાવ્યાં, જમતાં૦। લીલી હળદીનાં મનભાવ્યાં, જમતાં૦॥૨૭॥
કેરાં **કરપટાં**[૩૨] કર્મદાં, જમતાં૦। **ગૃમર**[૩૩] વાંસનાં **રાઈજાદાં**[૩૪], જમતાં૦॥
**આરિયાં**[૩૫] આમળાં ને આદુ, જમતાં૦। ખરાં ખારેકનાં સ્વાદુ, જમતાં૦॥૨૮॥
મરચાં ગુંદાં ને **સેલરાં**[૩૬], જમતાં૦। કાજુ મૂળકંદ કેરાં, જમતાં૦॥
વૃંતાક પતાળુનાં વળી, જમતાં૦। બાવળ ગુવારની ફળી, જમતાં૦॥૨૯॥
**કોઠીંબાની**[૩૭] જે કાચલિયો, જમતાં૦। બીજી હળદી તેલે ભરિયું, જમતાં૦॥
લીંબુરસ રૂડા નાંખી, જમતાં૦। સુંદર સારી આગે રાખી, જમતાં૦॥૩૦॥
**આંબુવાનાં**[૩૮] જે અથાણાં, જમતાં૦। બોળ્યાં સરસિયામાં ઘણાં, જમતાં૦॥
મૂળ સર્ગવાનાં સ્વાદે, જમતાં૦। ઉત્તમ અથાણાં એ આદે, જમતાં૦॥૩૧॥
મેથી લવિંગ ને મરિયાં, જમતાં૦। લીંબુ ખારેકમાં ભરિયાં, જમતાં૦॥
મીઠું હળદર ને ધાણા, જમતાં૦। ભેળાં આથેલ અથાણાં, જમતાં૦॥૩૨॥
આથ્યાં અદ્રક ને **કટેરાં**[૩૯], જમતાં૦। વળી ચટણી **વેરમવેરાં**[૪૦], જમતાં૦॥
એવાં અથાણાં અનેક, જમતાં૦। વિધવિધનાં વિષેક, જમતાં૦॥૩૩॥
**કુર**[૪૧] **કરમલડો**[૪૨] કરિયાં, જમતાં૦। તલસાંકળી **જાજરિયાં**[૪૩], જમતાં૦॥
ઘૃત દૂધ દહીંની તર, જમતાં૦। શ્વેત ભાત ને સાકર, જમતાં૦॥૩૪॥
સાકર રાબ સાકર પાણી, જમતાં૦। મગજળ ઘી તીખાં વખાણી, જમતાં૦॥
લીંબુરસ મરિયાં વારિ, જમતાં૦। સાંઠા શેરડિયો પણ સારી, જમતાં૦॥૩૫॥

ઊભા દર્શન કરવા દાસ, જમતાં૦। આપ્યાં મહાસુખ મુખવાસ,જમતાં૦॥
લાવ્યા લવિંગ સોપારી, જમતાં૦। જાયફળ એલચી સારી, જમતાં૦॥૩૬॥
કાથો ચૂનો પાકાં પાન, જમતાં૦। બીડી સમારી સમાન, જમતાં૦॥
સુવા સૂંઠ ને સંચળ, જમતાં૦। મરી અજમો જે અવલ, જમતાં૦॥૩૭॥
બુંદ આદું ને વરિયાળી, જમતાં૦। તજ જાવંત્રી તમાલી, જમતાં૦॥
આપ્યા મુખેથી મુખવાસ, જમતાં૦। પામ્યા **તંબોળ**[૪૪] તે દાસ, જમતાં૦॥૩૮॥
પછી આણ્યાં સુંદર ફળ, જમતાં૦। અતિ સ્વાદુ ને નિર્મળ, જમતાં૦॥
લાવી દાસે પાસે ધરિયાં, જમતાં૦। રૂડાં રૂપાળાં રસભરિયાં, જમતાં૦॥૩૯॥
જાંબુ લીંબુ પાકી કેરી, જમતાં૦। સારાં કેળાં જે સોનેરી, જમતાં૦॥
દેખી દાડમ **બેદાણે**[૪૫], જમતાં૦। સ્વાદુ સીતાફળ વખાણે, જમતાં૦॥૪૦॥
જામફળ જોયા જેવાં, જમતાં૦। રામફળ પણ એવાં, જમતાં૦॥
રાણ્યો **સુડિયાં**[૪૬] ને બોર, જમતાં૦। સારા જમે ધર્મકિશોર, જમતાં૦॥૪૧॥
પીલું શેતૂ તરસાળું, જમતાં૦। બીલાં નારંગી દયાળુ, જમતાં૦॥
ડોડા અંજીર અનુપ, જમતાં૦। ખારેક ખજૂર રસરૂપ, જમતાં૦॥૪૨॥
ટોપરાં ને કાજુકળિયાં, જમતાં૦। દ્રાક્ષ **નીલવા**[૪૭] જે ગળિયા, જમતાં૦॥
રૂડાં બદામ સિંગોડાં, જમતાં૦। મગ ચારોળી જે રૂડાં, જમતાં૦॥૪૩॥
**કમળનાળ**[૪૮] કૂણા જોઈ, જમતાં૦। ગુલાબ ગુલસુબા ફૂલ સોઈ, જમતાં૦॥
શ્રૃંગીવિષતરુનાં પાન, જમતાં૦। જેઠીમધ ડોડી નિદાન, જમતાં૦॥૪૪॥
**ચણેચી**[૪૯] ચીભડાં ને ચોળા, જમતાં૦। રાઈ મોગરી ને મૂળા, જમતાં૦॥
મેથી મૂળાની ડાંડલિયો, જમતાં૦। કૂણિ નર્મ કાજુ ભલિયો, જમતાં૦॥૪૫॥
મીઠું મરી જીરૂં તાજું, જમતાં૦। જમે કાકડીઓ જોઈ કાજુ, જમતાં૦॥
દાળ દાળિયા ને મર્મરા, જમતાં૦। ધાણી બાજરી તલ ખરા, જમતાં૦॥૪૬॥
પોંક બાજરા ઘઉંનો, જમતાં૦। ચણા **ગુદલીનો**[૫૦] ઉનો, જમતાં૦॥
મકાઈ ને બહુ મેવા, જમતાં૦। પ્રદેશી મગ ચણા કેવા, જમતાં૦॥૪૭॥
કાજુ કરા ટાઢા હીમ, જમતાં૦। કોમળ નિર્મળ લૈલિમ, જમતાં૦॥
પાકાં ચીભડાં રસાળું, જમતાં૦। પાકી આંબલી દયાળુ, જમતાં૦॥૪૮॥
ફણસ બિજોરાંના કળિયા, જમતાં૦। લાગે અનાનસના ગળિયા, જમતાં૦॥

ગુંદાં **કર્મદાં**[૫૧] **ટિંબરવાં**[૫૨], જમતાં૦। પીપર મધ કોઠાં ને **મરવા**[૫૩], જમતાં૦।।૪૯।।
મીંઢીઆવળ મરચાં રાતાં, જમતાં૦। કઠણ બહુ કસ્તૂરી ખાતાં, જમતાં૦।।
**થેગ**[૫૪] **કંદ**[૫૫] ચંદ પોળી, જમતાં૦। જાય નિષ્કુળાનંદ **ઘોળી**[૫૬], જમતાં૦।।૫૦।।

### ઈતિ શ્રી હરિસ્મૃતિ મધ્યે દ્વિતીય ચિંતામણિ ।।૨।।

● **૧.** શાક ● **૨.** ચણાનો લોટ + ઘી + ખાંડના લાડુ, બુંદીના લાડુ ● **૩.** ઘઉંના લોટની સેવ કે તેના લાડુ ● **૪.** ઘઉંના લોટની વાનગી, સાબુદાણાની ખીર ● **૫.** મેંદાના લોટની ગળી પૂરી ● **૬.** ખારી ઘારી; મેંદાના લોટની પૂરણપોળી ● **૭.** ચોખાની વાનગી ● **૮.** ઘેબર ● **૯.** ગણગણ ● **૧૦.** એક જાતની મીઠાઈ, ગુલાબજાંબુ ● **૧૧.** સુખડી ● **૧૨.** સાથવો ● **૧૩.** મોણ નાખીને તળેલી પોચી પૂરી ● **૧૪.** ઝીણા લાલ દાણાનું અનાજ ● **૧૫.** ગળી રોટલી, પૂરણપોળી ● **૧૬.** એક અનાજ ● **૧૭.** કાંગની બનાવેલ વાનગી ● **૧૮.** ઘઉં-ગૉળની રાબ ● **૧૯.** આંબલીનું શરબત. ● **૨૦.** ગાજર ● **૨૧.** કેરડાં ● **૨૨.** એક જાતની કાકડી ● **૨૩.** તૂરિયા ● **૨૪.** ખીજડાની સીંગ ● **૨૫.** એક કડવો વેલો - જેના ફળનું શાક અને પાંદડાની ભાજી બને છે ● **૨૬.** જેમાંથી તુંબડાં થાય તેવી દૂધી ● **૨૭.** મસાલા ● **૨૮.** સુકવણી કરેલ ચીભડાના ટુકડા ● **૨૯.** એક શાકની વનસ્પતિ ● **૩૦.** સેવ ● **૩૧.** મીઠાં, સ્વાદિષ્ટ ● **૩૨.** કાંકડના વૃક્ષના ફળનું અથાણું ● **૩૩.** ગરમર, અથાણું થાય તેવી એક વનસ્પતિ ● **૩૪.** શ્રેષ્ઠ ● **૩૫.** ચીભડાં, કૂણી કાકડી ● **૩૬.** કુંવાર નામની વનસ્પતિની ડાંડલીઓ ● **૩૭.** કડવાં નાનાં ચીભડાં ● **૩૮.** આંબાની કેરીની કટકીના ● **૩૯.** એક જાતનું અથાણું ● **૪૦.** વારંવાર ● **૪૧.** રાંધેલા ભાત ● **૪૨.** દહીં-ભાત, ઢુંમરો, કુલેર ● **૪૩.** પોંકનો લાડુ ● **૪૪.** ચાવેલ નાગરવેલનાં પાનનો રસ ● **૪૫.** એક જાતનું મોટું કાબુલી દાડમ ● **૪૬.** જીવંતી કે ખરખોડીના વેલામાં થતી એક પ્રકારની સીંગ ● **૪૭.** એક જાતની જુવાર ● **૪૮.** કમળની દાંડી, સ્ત્રી-કેસરનો વચલો ભાગ ● **૪૯.** ચણાના છોડના પાનની ભાજી ● **૫૦.** ગુધલી કે ગુંધળી જુવારનો ● **૫૧.** કરમદીનું ફળ ● **૫૨.** ટિંબરું નામના ઝાડનું ફળ ● **૫૩.** કાચી નાની કેરી; ખાખડી ● **૫૪.** એક જાતની ભાજી કે ધાન્ય ● **૫૫.** ગાજર, નાગરમોથ વગેરે ● **૫૬.** વારી જાય.

## ફ્રૂટોત્સવ થાળ

### ૧૧૭ (રાગ : જમો જમોને મારા ઘનશ્યામ મહારાજ)

ફ્રૂટ જમોને મારા ઘનશ્યામ મહારાજ,
જ્યૂસ ધરાવો મારા હરિકૃષ્ણ મહારાજ... ટેક
આવો પધારો બાજોઠે બિરાજો, હસ્ત પ્રક્ષાલન કરાવું મહારાજ...૦૧
ફ્રૂટ મૂકી અતિ પ્રેમે કરી પીરસું, હરિવર હેતે જમજો મહારાજ...૦૨
ચીકુ શેરડી સફરજન જમતા, તે તો છે બહુ મનભાવન મહારાજ...૦૩
જાંબુ પપૈયું કેસર કેરી જમતા, સારાં કેળાં છે સોનેરી મહારાજ...૦૪
નાળિયેર દાડમ કમલમ્ જમતા, મીઠાં સીતાફળ વખાણે મહારાજ...૦૫

લાલ લીલા પીળા જામફળ જમતા, રામફળ મટુંડા જમે મહારાજ...૦૬
પીલુ સેતૂર તરસાળું જમતા, મોસંબી સંતરાં દયાળુ મહારાજ...૦૭
તડબૂચ રાસબરી ને મજાની ટેટી, ન મેલો તેને છેટી મહારાજ...૦૮
બેરી સ્ટ્રોબેરી ને કીવી છે કેવી, છે એ તો જોયા જેવી મહારાજ...૦૯
ફણસ બિજોરાં ને કળિયા જમતા, લાગે અનાનસ ગળિયા મહારાજ...૧૦
પાકાં ગળ્યાં ને મીઠાં છે ચીભડાં, ખટ્ટ મીઠી આંબલી જબરી મહારાજ...૧૧
રૂડી બદામ ને શિંગોડાં જમતા, કલમી બોર જમો મારા મહારાજ...૧૨
ટોપરું કાજુ ને જલદારુ જમતા, લીલી ને કાળી દ્રાક્ષ જમો મહારાજ...૧૩
અંજીર ને અખરોટ અનુપમ જમતા, ખારેક ખજૂર છે રસીલી મહારાજ...૧૪
વિધ વિધ શરબત ને જ્યૂસ અતિ સારાં, પ્રભુને છે બહુ પ્યારા મહારાજ...૧૫
ફ્રૂટ જ્યૂસ રૂડા રસે ભરિયા, બાપજી સ્વામીએ કર્યા સુખિયા મહારાજ...૧૬

## ૧૧૮ (રાગ : કોણ જાણી શકે કાળને રે)

જુઓ જુઓને ઘનશ્યામ રે, પધાર્યા છે જમવા હરિ;
ફળ બહુ પ્રકારના રે, જમોને હરિ ખાંતે કરી... ટેક
ચીકુ દ્રાક્ષ ને સફરજન રે, પપૈયાં છે મીઠાં ઘણાં;
હેત કરીને લાવ્યા રે, કાંઈ રાખશોમા મણા... જુઓ ૦૧
તરબૂચ ને ટેટી મીઠી રે, ભાવે જમો ચેરી-બેરી;
રાસબરી રસભરી છે રે, ખાટી ને મીઠી સ્ટ્રોબેરી... જુઓ ૦૨
કેળાં કીવી ને દાડમ રે, સેતૂર છે સીતાફળ;
હરિ આપે પ્રસાદી રે, હરખે હેતે મુક્ત મંડળ... જુઓ ૦૩
કેરી બહુ વિધ પ્રકાર રે, આપું તમને પ્રીત કરી;
લંગડો બદામ ને તોતા રે, કેસર જમો ભાવે હરિ... જુઓ ૦૪
જામફળ ને જમરૂખ રે, ખારેક ઘણી ખલેલડા;
જાંબુ ને ઝીણાં બોર રે, લાવ્યા ઘણા અલબેલડા... જુઓ ૦૫
ડ્રાયફ્રૂટના ઢગલા રે, કાજુ ને બદામ છે ઘણાં;
અખરોટ ને અંજીર રે, જમોને હરિ જુદાં જુદાં... જુઓ ૦૬
ફળોત્સવ કરિયો રે, દર્શન દિવ્યભાવે કરો;
હરિ હરખે જમાડે રે, નીરખી મૂર્તિ માંહી રમો... જુઓ ૦૭

## આમ્ર અન્નકૂટોત્સવ થાળ

### ૧૧૯ (રાગ : જમો જમોને મારા ઘનશ્યામ મહારાજ)

જમો જમોને મારા ઘનશ્યામ મહારાજ, જમો જમોને મારા હરિકૃષ્ણ મહારાજ;
કેરી જમોને મારા ઘનશ્યામ મહારાજ, રસ ધરાવો વ્હાલા હરિકૃષ્ણ મહારાજ...ટેક
આવો પધારો બાજોઠે બિરાજો, હસ્ત પ્રક્ષાલન કરાવું મહારાજ... કેરી ૦૧
કેરી મૂકી અતિ પ્રેમે કરી પીરસું, હરિવર હેતે જમજો મહારાજ...કેરી ૦૨
વિધ-વિધ જાતની કેરીઓ લાવ્યા, તે તો છે બહુ મનભાવન મહારાજ... કેરી ૦૩
લંગડો, બદામ, કેસર, તોતાપુરી, હાફુસના કર્યા છે કટકા મહારાજ...કેરી ૦૪
લીલી, પીળી, કેસરી સરસ મજાની, રસથી ભરેલી છે કેરી મહારાજ...કેરી ૦૫
કાચી કેરીનો બાફલો બનાવ્યો, પાકીનો કાઢ્યો રસ મહારાજ... કેરી ૦૬
તલાલા, ગીર, વલસાડ ને કચ્છ, રત્નાગીરીથી લાવ્યા કેરી મહારાજ...કેરી ૦૭
દેશ દેશની કેરીઓ આવી, દેશકાળ ટાળ્યા દયા લાવી મહારાજ...કેરી ૦૮
ઘોળી ઘોળીને મીઠો રસ બહુ કાઢ્યો, ધરી ધરીને બહુ જમજો મહારાજ... કેરી ૦૯
કેરીના ટોપલા પ્રેમે ભર્યા છે, રાજી થઈ મૂર્તિરસ દેજો મહારાજ... કેરી ૧૦
જેણે જેણે કરી સેવા રૂડું તેનું કરજો, અઢળક વરસો આજ મહારાજ...કેરી ૧૧
ભૂલે ખાટી હોય તો મીઠી કરી જમજો, કાચીને પાકી કરી જમજો મહારાજ... કેરી ૧૨
નાના મોટા સૌને કેરી બહુ વ્હાલી, સૌના વ્હાલા અમે બનીએ મહારાજ... કેરી ૧૩
મૂર્તિરસ ચાખ્યો ને સર્વે રસ ટળિયા, બાપજી સ્વામીએ કર્યા સુખિયા મહારાજ... કેરી ૧૪
રાજી કરવા તમને આમ્રોત્સવ કર્યો, આવા ને આવા રાજી રહેજો મહારાજ... કેરી ૧૫

•••

# નિત્ય નિયમ

## મંગળા આરતીનાં પદો

૧૨૦ **(રાગ : જય સદ્‌ગુરુ સ્વામી)**

જય મંગળકારી, પ્રભુ (૨) જય ઘનશ્યામ દયાળુ; (૨)
જય જય સુખકારી... ટેક

મંગળ રૂપ અનુપમ, નખશિખ મંગળ છે;(૨)
સુખડાં દેવા મંગળ, (૨) મૂર્તિ મંગળ છે... જય ૦૧

મંગળ મુખકમળ જોઈ, સુખમાં થીજું છું;(૨)
નાસા નયન ભ્રકુટિ, (૨) ભાલે રીઝું છું... જય ૦૨

મંગળ હૃદયકમળ પર, સ્તન મંગળ શોભે;(૨)
છાતી ઊપડતી કંઠે, (૨) મુનિજન સૌ લોભે... જય ૦૩

મંગળ હસ્તકમળમાં, રેખાઓ ન્યારી;(૨)
કાંડા કોણી બાહુ, (૨) બળ ભર્યું ભારી... જય ૦૪

મંગળ નાભિકમળ પર, ત્રિવળી મંગળ છે;(૨)
શ્યામ કટિ પર ધોતી, (૨) ઉદર મંગળ છે... જય ૦૫

મંગળ ચરણકમળમાં, ચિહ્ન ભલાં સોળ;(૨)
ઘૂંટી ફણા ને જંઘા, (૨) જાનુ છે ગોળ... જય ૦૬

મંગળમય મૂર્તિનું, જે દર્શન કરશે;(૨)
દાસાનુદાસ કહે રસબસ, (૨) થઈ સુખમાં ઠરશે... જય ૦૭

૧૨૧ **(રાગ : ગરબી)**

હવે મારા વ્હાલાનાં દર્શન સારુ, હરિજન આવે હજારે હજારું...૦૧
ઢોલિયે બિરાજે સહજાનંદ સ્વામી, પૂરણ પુરુષોત્તમ અંતરજામી...૦૨
સભા મધ્યે બેઠાં મુનિનાં વૃંદ, તેમાં શોભે તારે વીંટ્યો જેમ ચંદ્ર...૦૩
**દુરગપુર**[1] ખેલ રચ્યો અતિ ભારી, ભેળા રમે સાધુ અને બ્રહ્મચારી...૦૪
તાળી પાડે ઊપડતી અતિ સારી, ધૂન્ય થાય ચૌદ લોક થકી ન્યારી...૦૫
પાઘલડીમાં છોગલિયું અતિ શોભે, જોઈ જોઈ હરિજનનાં મન લોભે...૦૬

પધાર્યા વ્હાલો સર્વે તે સુખના રાશિ, સહજાનંદ સ્વામી અક્ષરધામના વાસી...૦૭
ભાંગી મારી જન્મો જનમની ખામી, મળ્યા મુને નિષ્કુળાનંદના સ્વામી...૦૮

● ૧. ગઢપુર

### ૧૨૨ (છંદ : શાર્દૂલવિક્રીડિત)

બાપા આપ સદાય દિવ્ય રૂપે, ભેળા જ છો સર્વદા;
બાપા બાળક આપનાં અમ સહુ, તેને ભૂલો નહિ કદા,
બાપા આપ આ સમયમાં, આવી બિરાજ્યા અહીં;
બાપા બિરદ આપનું ઉર ધરી, રાખ્યા સદા મૂર્તિ મહીં... ૦૧

બાપા આપ મનુષ્ય સ્વરૂપે, જેવાં સુખો આપતા;
બાપા દિવ્ય નવીન સુખ તેવાં, આજે અમો માંગતા,
બાપા આનંદ આજ ઉર ઊલટે, તેથી સહુ ડોલતા;
બાપા ને ઘનશ્યામ કેરી જય હો, મુખે ઘણા બોલતા... ૦૨

### ૧૨૩ (રાગ : ખાવું પીવું બેસવું સૂવું જોવું)

હો જીવન અમારા ગુરુ બાપજી મારા, કદી અમોને નહિ ભૂલનારા... ટેક
ખેંચી લીધા અમને જ્યાં ત્યાં ફરતા, જન્મોજન્મનાં ખોટ ખાતાં હરતા... ૦૧
હાથ ગ્રહી અમને સોંપ્યા હરિને, જીવ મટાડી મુક્ત અનાદિ કરીને... ૦૨
ગયા નથી આપ સદા ભેળા રહેજો, પ્રગટપણે રહી નિત્ય રક્ષા કરજો... ૦૩

### ૧૨૪ છડી

સદાય પરભાવમાં જ બિરાજમાન, તેજ તેજના અંબાર મધ્યે શોભતા,
દિવ્યાતિદિવ્ય મૂર્તિ, સર્વોપરી સ્વામિનારાયણ ભગવાનને,
ઘણી ખમ્મા... ઘણી ખમ્મા... ઘણી ખમ્મા...
અનંતકોટિ બ્રહ્માંડના અધિપતિ, રાજામહારાજાધિરાજ, સર્વાવતારી,
એકમાત્ર સનાતન ભગવાન સ્વામિનારાયણનો જય હો... જયજયકાર હો...
મારા વ્હાલા જીવનપ્રાણ અબજીબાપાશ્રીનો જય હો... જયજયકાર હો...
ઘનશ્યામ બાપા જય સ્વામિનારાયણ.

# ઉત્થાપન સમયનાં પદો

૧૨૫ **(ભક્ત ચિંતામણિ, પ્રકરણ-૬૪)**

**(સાંજે ૪ વાગે ગવાતી પ્રાર્થના)**

મહાબળવંત માયા તમારી, જેણે આવરિયાં નરનારી;
એવું વરદાન દીજિયે આપે, એહ માયા અમને ન વ્યાપે...૦૧

વળી તમારે વિષે જીવન, ના'વે મનુષ્યબુદ્ધિ કોઈ દન;
જે જે લીલા કરો તમે લાલ, તેને સમજું અલૌકિક ખ્યાલ...૦૨

સત્સંગી જે તમારા કહાવે, તેનો કે'દી અભાવ ન આવે;
દેશ કાળ ને ક્રિયાએ કરી, કે'દી તમને ન ભૂલિયે હરિ...૦૩

કામ ક્રોધ ને લોભ કુમતિ, મોહ વ્યાપીને ન ફરે મતિ;
તમને ભજતાં આડું જે પડે, માગિયે અમને નવ નડે...૦૪

એટલું માગિયે છૈયે અમે, દેજ્યો દયા કરી હરિ તમે;
વળી ન માગિયે અમે જેહ, તમે સુણી લેજ્યો હરિ તેહ...૦૫

કે'દી દેશો મા દેહાભિમાન, જેણે કરી વિસરું ભગવાન;
કે'દી કુસંગનો સંગ મા દેજ્યો, અધર્મ થકી ઉગારી લેજ્યો...૦૬

કે'દી દેશો મા સંસારી સુખ, દેશો મા પ્રભુ વાસ વિમુખ;
દેશો મા પ્રભુ જક્ત મોટાઈ, મદ **મત્સર**[1] ઈર્ષ્યા કાંઈ...૦૭

દેશો મા દેહસુખ સંયોગ, દેશો મા હરિજનનો વિયોગ;
દેશો મા હરિજનનો અભાવ, દેશો મા અહંકારી સ્વભાવ...૦૮

દેશો મા સંગ નાસ્તિકનો રાય, મેલી તમને જે કર્મને ગાય;
એ આદિ નથી માગતા અમે, દેશો મા દયા કરીને તમે...૦૯

પછી બોલિયા શ્યામસુંદર, જાઓ આપ્યો તમને એ વર;
મારી માયામાં નહિ મૂંઝાઓ, દેહાદિકમાં નહિ બંધાઓ...૧૦

મારી ક્રિયામાં નહિ આવે દોષ, મને સમજશો સદા અદોષ;
એમ કહ્યું થઈ રળિયાત, સહુએ સત્ય કરી માની વાત...૧૧
દીધા દાસને **ફગવા**[2] એવા, બીજું કોણ સમર્થ એવું દેવા.

• ૧. અદેખાઈ • ૨. ફાગરૂપી આશીર્વાદ

## ૧૨૬ પદ-૧ (રાગ : ગરબી)

આજ મારે ઓરડે રે, આવ્યા અવિનાશી અલબેલ;
બાઈ મેં બોલાવિયા રે, સુંદર છોગાવાળો છેલ...૦૧

નીરખ્યા નેણાં ભરી રે, નટવર સુંદર શ્રી ઘનશ્યામ;
શોભા શી કહું રે, નીરખી લાજે કોટિક કામ...૦૨

ગૂંથી ગુલાબના રે, કંઠે **આરોપ્યા**[1] મેં હાર;
લઈને વારણાં રે, ચરણે લાગી વારંવાર...૦૩

આપ્યો મેં તો આદરે રે, બેસવા ચાકળિયો કરી પ્યાર;
પૂછ્યા પ્રીત શું રે, બાઈ મેં સર્વે સમાચાર...૦૪

કહોને હરિ ક્યાં હતા રે, ક્યાં થકી આવ્યા ધર્મકુમાર;
સુંદર શોભતા રે, અંગે સજિયા છે શણગાર...૦૫

પહેરી પ્રીત શું રે, **સુરંગી**[2] સુંથલણી સુખદેણ;
નાડી હીરની રે, જોતાં તૃપ્ત ન થાયે નેણ...૦૬

ઉપર ઓઢિયો રે, **ગૂઢો રેંટો**[3] જોયા લાગ;
સજની આ સમે રે, ધન્ય ધન્ય નીરખ્યાં તેનાં ભાગ્ય...૦૭

મસ્તક ઉપરે રે, બાંધ્યું મોળીડું અમૂલ્ય;
કોટિક રવિ શશી રે, તે તો ના'વે તેને તુલ્ય...૦૮

રેશમી કોરનો રે, કરમાં સાહ્યો છે રૂમાલ;
પ્રેમાનંદ તો રે, આ છબી નીરખી થયો નિહાલ...૦૯

● ૧. પહેરાવ્યા ● ૨. સારા રંગવાળી ● ૩. ઘેરા રંગનો ખેસ

## ૧૨૭ પદ-૨

સજની સાંભળો રે, શોભા વર્ણવું તેની તેહ;
મૂર્તિ સંભારતાં રે, મુજને ઊપજ્યો અતિ સ્નેહ...૦૧

પહેર્યા તે સમે રે, હરિએ અંગે અલંકાર;
જેવા મેં નીરખિયા રે, તેવા વર્ણવું કરીને પ્યાર...૦૨

બરાસ કપૂરના રે, પહેર્યા હૈડે સુંદર હાર;
તોરા પાઘમાં રે, તે પર મધુકર કરે ગુંજાર...૦૩

બાજુ **બેરખા**[1] રે, બાંયે કપૂરના શોભિત;
કડાં કપૂરનાં રે, જોતાં ચોરે સૌનાં ચિત્ત...૦૪

સર્વે અંગમાં રે, ઊઠે અત્તરની બહુ ફોર;
ચોરે ચિત્તને રે, હસતા કમળ નયણની કોર...૦૫

હસતાં હેતમાં રે, સહુને દેતા સુખ આનંદ;
રસરૂપ મૂર્તિ રે, શ્રીહરિ કેવળ કરુણાકંદ...૦૬

અદ્‌ભુત ઉપમા રે, કહેતા શેષ ન પામે પાર;
ધરીને મૂર્તિ રે, જાણે આવ્યો રસ શૃંગાર...૦૭

વાલપ વેણમાં રે, નેણાં કરુણામાં ભરપૂર;
અંગોઅંગમાં રે, જાણે ઊગિયા અગણિત સૂર...૦૮

કરતા વાતડી રે, બોલી અમૃત સરખાં વેણ;
પ્રેમાનંદનાં રે, જોતાં તૃપ્ત ન થાયે નેણ...૦૯

● ૧. જાપ કરવા માટેની નાની માળા

## ૧૨૮ પદ-૩

બોલ્યા શ્રીહરિ રે, સાંભળો નરનારી હરિજન;
મારે એક વાર્તા રે, સહુને સંભળાવ્યાનું છે મન...૦૧

મારી મૂરતિ રે, મારા લોક, ભોગ ને મુક્ત;
સર્વે દિવ્ય છે રે, ત્યાં તો જોયાની છે જુક્ત...૦૨

મારું ધામ છે રે, **અક્ષર અમૃત**[1] જેનું નામ;
સર્વે સામ્રથી રે, શક્તિ ગુણે કરી **અભિરામ**[2]...૦૩

અતિ તેજોમય રે, રવિ શશી કોટિક વારણે જાય;
શીતળ શાંત છે રે, તેજની ઉપમા નવ દેવાય...૦૪

તેમાં હું રહું રે, દ્વિભુજ દિવ્ય સદા સાકાર;
દુર્લભ દેવને રે, મારો કોઈ ન પામે પાર...૦૫

જીવ ઈશ્વર તણો રે, માયા કાળ પુરુષ પ્રધાન;
સહુને વશ કરું રે, સહુનો પ્રેરક હું ભગવાન...૦૬

અગણિત વિશ્વની રે, ઉત્પત્તિ પાલન પ્રલય થાય;
મારી મરજી વિના રે, કોઈથી તરણું નવ તોડાય...૦૭

એમ મુને જાણજો રે, મારાં આશ્રિત સૌ નરનારી;
મેં તો તમ આગળે રે, વાર્તા સત્ય કહી છે મારી...૦૮

હું તો તમ કારણે રે, આવ્યો ધામ થકી ધરી દેહ;
પ્રેમાનંદનો રે, વા'લો વરસ્યા અમૃત મેહ...૦૯

● ૧. અક્ષરધામ ● ૨. આનંદદાયક

**૧૨૯** **પદ-૪**

વળી સહુ સાંભળો રે, મારી વાર્તા પરમ અનુપ;
પરમ સિદ્ધાંત છે રે, સહુને હિતકારી સુખરૂપ...૦૧

સહુ હરિભક્તને રે, જાવું હોયે મારે ધામ;
તો મને સેવજો રે, તમે શુદ્ધ ભાવે થઈ નિષ્કામ...૦૨

સહુ હરિભક્તને રે, રહેવું હોયે મારે પાસ;
તો તમે મેલજો રે, મિથ્યા પંચવિષયની આશ...૦૩

મુજ વિના જાણજો રે, બીજા માયિક સહુ આકાર;
પ્રીતિ તોડજો રે, જૂઠાં જાણી કુટુંબ પરિવાર...૦૪

સહુ તમે પાળજો રે, સર્વે દૃઢ કરી મારા નેમ;
તમ પર રીઝશે રે, ધર્મ ને ભક્તિ કરશે **ક્ષેમ**[1]...૦૫

સંત હરિભક્તને રે, દીધો શિક્ષાનો ઉપદેશ;
લટકાં હાથનાં રે, કરતાં શોભે નટવર વેશ...૦૬

નિજજન ઉપરે રે, અમૃત વરસ્યા આનંદ કંદ;
જેમ સહુ ઔષધિ રે, પ્રીતે પોષે પૂરણ ચંદ...૦૭

શોભે સંતમાં રે, જેમ કાંઈ ઉડુગણમાં **ઉડુરાજ**[2];
ઈશ્વર ઉદય થયા રે, કળિમાં કરવા જનનાં કાજ...૦૮

આ પદ શીખશે રે, ગાશે સાંભળશે કરી પ્યાર;
પ્રેમાનંદનો રે, સ્વામી લેશે તેની સાર...૦૯

● ૧. દયા, કૃપા (સુખશાંતિ આપશે) ● ૨. ચંદ્ર, તારાઓના રાજા

## ગોડી પદો

**૧૩૦** **પદ-૧ (રાગ : પૂરવ)**

સંત સમાગમ કીજે, હો નિશદિન સંત સમાગમ કીજે... ટેક
માન તજી સંતન કે મુખ સે, પ્રેમ સુધારસ પીજે... હો નિશદિન ૦૧
અંતર કપટ મેટકે અપના, લે ઉનકું મન દીજે... હો નિશદિન ૦૨

ભવદુઃખ ટળે બળે સબ **દુષ્કિત**[1], સબ વિધિ કારજ સીજે... હો નિશદિન ૦૩
બ્રહ્માનંદ કહે સંત કી સોબત, જન્મ સુફળ કરી લીજે... હો નિશદિન ૦૪

● ૧. દુષ્કર્મો, ખરાબ કર્મો

**૧૩૧ પદ-૨**

સંત પરમ હિતકારી, જગતમાંહી સંત પરમ હિતકારી... ટેક
પ્રભુપદ પ્રગટ કરાવત પ્રીતિ, **ભરમ**[1] મિટાવત ભારી...જગત ૦૧
પરમકૃપાળુ સકળ જીવન પર, હરિ સમ સબ દુઃખહારી...જગત ૦૨
ત્રિગુણાતીત ફીરત તનુ ત્યાગી, રીત જગત સે ન્યારી...જગત ૦૩
બ્રહ્માનંદ કહે સંત કી સોબત, મિલત હે પ્રગટ મોરારી...જગત ૦૪

● ૧. જન્મમરણના ફેરા

**૧૩૨ પદ-૩**

હરિ ભજતાં સુખ હોય, સમજ મન હરિ ભજતાં સુખ હોય... ટેક
હરિ સમરન બિન મૂઢ અજ્ઞાની, ઉંમર દીની ખોય... સમજ ૦૧
માતપિતા **જુવતી**[1] **સુત**[2] બાંધવ, સંગે ચલત નહિ કોય... સમજ ૦૨
ક્યું અપને શિર લેત બુરાઈ, રહેના હૈ દિન દોય... સમજ ૦૩
બ્રહ્માનંદ કહે હરિને ભજી લે, હિત કી કહતહુ તોય... સમજ ૦૪

● ૧. પત્ની ● ૨. પુત્ર, દીકરા

**૧૩૩ પદ-૪**

યું હી જન્મ ગુમાત, ભજન બિન યું હી જન્મ ગુમાત... ટેક
સમજ સમજ નર મૂઢ અજ્ઞાની, કાળ નિકટ ચલી આત... ભજન ૦૧
ભયોરી બેહાલ ફીરત હૈ નિશદિન, ગુન વિષયન કે ગાત... ભજન ૦૨
પરમારથ કો રાહ ન પ્રીછત, પાપ કરત દિનરાત... ભજન ૦૩
બ્રહ્માનંદ કહે તેરી મૂરખ, આયુષ વૃથા હી જાત... ભજન ૦૪

**૧૩૪ પદ-૧ (રાગ : ગરબી)**

ગિરધારી રે સખી ! ગિરધારી;
મારે નિરભે અખૂટ નાણું ગિરધારી...ટેક

ખરચ્યું ન ખૂટે એને ચોર ન લૂંટે;
દામની પેઠે રે, ગાંઠે બાંધ્યું નવ છૂટે...ગિર૦૧

**અનગણ**[1] નાણું સંચી અંતે નિરધનિયા જાયે;
તેની પેઠે નિરભે નાણું, દૂર ન થાયે...ગિર૦૨

સંપત વિપત સર્વે સ્વપ્નું જાણું;
હરિના ચરણની સેવા, પૂરણ ભાગ્ય પરમાણું...ગિર૦૩

મુક્તાનંદ કહે મોહનવરને ઉરમાં ધારી;
હવે દુઃખ ને દારિદ્ર થકી, થઈ છું હું ન્યારી...ગિર૦૪

● **૧.** ગણી ન શકાય એવું

**૧૩૫** **પદ-૨**

સુખ પામી રે સખી ! સુખ પામી;
હું તો શામળિયાને શરણે જાતાં સુખ પામી... ટેક

શરણાગતને પાળે સદા બહુનામી;
મારે હરિનો ઉપર હાથ, કશી ન રહી ખામી...સુખ ૦૧

તપ ને તીરથ મેં તો કાંઈ ન કીધું;
મારે ઘેર બેઠા શ્યામ, થકી કારજ સીધું...સુખ ૦૨

સંસારીનું સુખડું જૂઠું આવે ને જાયે;
હરિનો અખંડ સોહાગ, કે'દી કાળ ન ખાયે... સુખ ૦૩

મુક્તાનંદ કહે હરિ હરિજનની ગતિ છે ન્યારી;
એને **દેહદર્શી**[1] દેખે, પોતા જેવા સંસારી...સુખ ૦૪

● **૧.** દેહધારી

**૧૩૬** **પદ-૩**

છેલ છોગાળો રે મારો વ્હાલો મરમાળો;
મારે મંદિરે પધારે વ્હાલો છેલ છોગાળો...ટેક

હસતાં હસતાં મુજને દેખી આનંદ પામે;
એની કરુણાની દૃષ્ટિ, સર્વે દુઃખડાં વામે...છેલ ૦૧

મોતીડાંની માળા પહેરી મલપંતો આવે;
ગાઉં ત્યાં સંગાથે, મારે પ્રેમ શું ગાવે...છેલ ૦૨

મેં વ્હાલો વશ કીધા મુજને વ્હાલે વશ કીધી;
સામસામી પાનબીડી, દીધી ને લીધી...છેલ ૦૩

મુક્તાનંદ કહે મોહન સંગે લા'વ ઘણો લીધો;
મુખડેથી **તંબોળ**[1] મુજને, મે'ર કરી દીધો...છેલ ૦૪

● ૧. પાનબીડું

**૧૩૭ પદ-૧ (રાગ : ગરબી)**

શ્યામની છબી રે સખિ ! શ્યામની છબી;
જોને ફૂલડાંથી છાંઈ, સખિ ! શ્યામની છબી...ટેક

ફૂલોના તોરાની ફોરે, ભ્રમર કરે ગુંજાર;
અંગોઅંગ હરિને શોભે, ફૂલોના શણગાર...શ્યામની ૦૧

કાનુમેં ફૂલડાંનાં કુંડળ, ફૂલોના ભુજબંધ;
ફૂલતણા ગજરા ફાવે છે, સુંદર માંહી સુગંધ...શ્યામની ૦૨

ફૂલતણા શિર મુગટ જોઈને, મગન ફરે સહુ નાર;
ફૂલતણી શોભા પર જાયે, બ્રહ્માનંદ બલિહાર...શ્યામની ૦૩

**૧૩૮ પદ-૨**

ફૂલની માળા રે, શોભે ફૂલની માળા;
બેની સુંદરવરને શોભે, ગળે ફૂલની માળા...ટેક

નવલ કસુંબી **પટકા**[1] ઉપર, તોરે હદ વાળી;
ફૂલ તણી પછેડી ઓઢી, ઊભા વનમાળી...ફૂલની ૦૧

ફૂલડાંની ગૂંથેલી માળા, હરિવરને ફાવે;
એ માળાને જોવા સારુ, મુક્તો સહુ આવે...ફૂલની ૦૨

ફૂલ કલંગી માથે લટકે, છબી નૌતમ સારી;
બ્રહ્માનંદ કહે નટવર મૂરતિ, નેણુંમાં ધારી...ફૂલની ૦૩

● ૧. લૂગડાનો ટૂંકો કકડો

**૧૩૯ પદ-૩**

ફૂલની બાંધી રે, પોંચી ફૂલની બાંધી;
હેલી નટવરજીને હાથે, પોંચી ફૂલની બાંધી...ટેક

ફૂલતણાં છોગલિયાં ફરતાં, મેલ્યાં મરમાળાં;
કાનુ ઉપર ફૂલડાં ખોસ્યાં, લાગે રૂપાળાં...ફૂલની ૦૧

ફૂલદડો ઉછાળે વ્હાલો, લટકે મન લેવા;
એ લટકાંને જોવા આવે, મોટા દેવ જેવા...ફૂલની ૦૨

ફૂલડાની ટોપી ગૂંથીને, પ્રેમે પહેરાવી;
બ્રહ્માનંદ કહે એ છબી મેં તો, અંતર ઠેરાવી...ફૂલની ૦૩

**૧૪૦** **પદ-૧ (રાગ : ગોડી)**

ફૂલના પે'રી રે, **જામા**[1] ફૂલના પે'રી;
ફૂલ્યો રસિક સુજાણ, જામા ફૂલના પે'રી... ટેક

ફૂલનો મુગટ કુંડળ, ફૂલના છે કાન;
ઓઢી ઉપરણી ફૂલોની શોભે, વા'લો ભીને વાન... ફૂલના ૦૧

સુગંધી ફૂલોના શોભે, હૈડે સુંદર હાર;
માથે ફૂલના તોરા, અંગે તેજનો અંબાર... ફૂલના ૦૨

ફૂલડાંના ગજરા બાજુ, ફૂલની છડી;
મુક્તો કરે ઉપરથી પ્રેમે, ફૂલની ઝડી... ફૂલના ૦૩

ફૂલડાંનાં ઝાંઝર ચરણે, પે'રી સુંદર શ્યામ;
મુક્તાનંદને વાલે કીધું, ઘેલું ગઢપુર ગામ... ફૂલના ૦૪

● ૧. વાઘા

**૧૪૧** **પદ-૨**

ફૂલડાં ધારી રે, અંગે ફૂલડાં ધારી;
શોભે શામળિયો સુજાણ, અંગે ફૂલડાં ધારી... ટેક

જરકસી પાઘલડીમાં, ફૂલના તોરા;
માથે ભ્રમર ગુંજાર કરી, આવે છે ઓરા... ફૂલડાં ૦૧

હૈડાં ઉપર હાર સુંદર, ફૂલના પે'રી;
ચોરે સંતજનોના મનને પ્યારો, લટકાળો લે'રી... ફૂલડાં ૦૨

ફૂલોના શણગાર પે'રી, પ્રીતમજી પ્યારો;
અતિ આનંદ વધારે નિત, ધર્મનો લાલો... ફૂલડાં ૦૩

મુક્તાનંદનો વા'લો ફૂલ્યા, સંતોને સંગે;
સંતો રસબસ થઈ રહ્યા, ઘનશ્યામને સંગે... ફૂલડાં ૦૪

# સંધ્યા આરતીનાં પદો

## ૧૪૨ સંધ્યા આરતી

જય સદ્‌ગુરુ સ્વામી, પ્રભુ જય સદ્‌ગુરુ સ્વામી;
સહજાનંદ દયાળુ, (૨) બળવંત બહુનામી...ટેક

ચરણ સરોજ તમારા, વંદું કર જોડી;(૨)
ચરણે શીશ ધર્યાથી, (૨) દુઃખ નાખ્યાં તોડી...જય સદ્‌ગુરુ ૦૧

સ્વામિનારાયણ સુખદાતા, દ્વિજકુળ તનુ ધારી;(૨)
પામર પતિત ઉદ્ધાર્યા, (૨) અગણિત નરનારી...જય સદ્‌ગુરુ ૦૨

નિત્ય નિત્ય નૌતમ લીલા, કરતા અવિનાશી;(૨)
અડસઠ તીરથ ચરણે, (૨) કોટિ ગયા કાશી...જય સદ્‌ગુરુ ૦૩

પુરુષોત્તમ પ્રગટનું, જે દર્શન કરશે;(૨)
કાળ કર્મથી છૂટી, (૨) કુટુંબ સહિત તરશે...જય સદ્‌ગુરુ ૦૪

આ અવસર કરુણાનિધિ, કરુણા બહુ કીધી;(૨)
મુક્તાનંદ કહે મુક્તિ, (૨) સુગમ કરી સીધી...જય સદ્‌ગુરુ ૦૫

## ૧૪૩ ધૂન્ય

સહજાનંદ ઘનશ્યામ જય જય ઘનશ્યામ(૨)
હરિકૃષ્ણ ઘનશ્યામ જય જય ઘનશ્યામ(૨)
સ્વામિનારાયણ હરે સ્વામિનારાયણ હરે(૨)
સ્વામિનારાયણ હરે(૨)
હરિકૃષ્ણ હરે જય જય હરિકૃષ્ણ હરે(૨)
જય જય હરિકૃષ્ણ હરે(૨)
ઘનશ્યામ હરે જય જય ઘનશ્યામ હરે(૨)
જય જય ઘનશ્યામ હરે(૨)
નીલકંઠ વર્ણી જય જય નીલકંઠ વર્ણી(૨)
જય જય નીલકંઠ વર્ણી(૨)
ન્યાલકરણ જય ન્યાલકરણ(૨), વૃષનંદન જય ન્યાલકરણ(૨)
સહજાનંદ જય સહજાનંદ(૨), આનંદઘન જય સહજાનંદ(૨)
સ્વામિનારાયણ સ્વામિનારાયણ(૪), સ્વામિનારાયણ સ્વામિનારાયણ(૮)

## ૧૪૪ ॥ શ્રીસ્વામિનારાયણસ્તોત્રમ્ ॥

ઊર્ધ્વં તથાધો નહિ યસ્ય માનં તસ્મિન્ મહોધામનિ રાજમાનમ્ ।
મુક્તવ્રજાનામધિરાજમાનં શ્રીસ્વામિનારાયણમાનમામિ ॥૦૧॥

બ્રહ્માંડસંદોહવિભાસિકાન્તિં નૈકાત્મકલ્યાણનિગૂઢકાન્તિમ્ ।
મનુષ્યરૂપાર્પિતદિવ્યશાન્તિં શ્રીસ્વામિનારાયણમાનમામિ ॥૦૨॥

મનુષ્યરૂપં પ્રતિમાસ્વરૂપં તથાક્ષરે ધામનિ દિવ્યરૂપમ્ ।
યસ્યાસ્ત્યભિન્નં કમનીયરૂપં શ્રીસ્વામિનારાયણમાનમામિ ॥૦૩॥

દિવ્યામ્બરાભૂષણભૂષિતાંગં દિવ્યાદ્વિતીયાકૃતિમંજુલાંગમ્ ।
દિવ્યત્વસંપાદકસંગિસંગં શ્રીસ્વામિનારાયણમાનમામિ ॥૦૪॥

સ્વસ્વામિનારાયણનામમંત્રં સ્વયં દિશન્તં ભવપારયંત્રમ્ ।
પ્રૌઢપ્રતાપાશ્રિતલોકતંત્રં શ્રીસ્વામિનારાયણમાનમામિ ॥૦૫॥

યોગાદ્વિના કારિતસત્સમાધિં સદ્ભક્તસંઘાતવિનાશિતાધિમ્ ।
સંપ્રાપયંતં તમનાદ્યુપાધિં શ્રીસ્વામિનારાયણમાનમામિ ॥૦૬॥

સર્વાવતારાન્ પ્રવિલાપયંતં સર્વાવતારિત્વમહો ધરન્તમ્ ।
સ્વરાડિતિ સ્વાન્ પરિદર્શયંતં શ્રીસ્વામિનારાયણમાનમામિ ॥૦૭॥

માયેશબ્રહ્માક્ષરસંઘબીજં યેનાદિમુક્તા અપિ તેષુ બીજમ્ ।
તં સર્વદાત્યંતિકમુક્તિબીજં શ્રીસ્વામિનારાયણમાનમામિ ॥૦૮॥

પ્રત્યક્ષ એવાસ્મિ સદેતિ ભાનં દત્વા સ્વકેભ્યો નિજમૂર્તિદાનમ્ ।
યાવદ્રવીન્દૂ પ્રગટપ્રમાણં શ્રીસ્વામિનારાયણમાનમામિ ॥૦૯॥

## ૧૪૫ પ્રાર્થના

નિર્વિકલ્પ ઉત્તમ અતિ, નિશ્ચય તવ ઘનશ્યામ;
મહાત્મ્યજ્ઞાનયુત ભક્તિ તવ, એકાંતિક સુખધામ...૦૧

મોહિ મેં તવ ભક્તપનો, તામેં કોઈ પ્રકાર;
દોષ ન રહે કોઈ જાત કો, સુનિયો ધર્મકુમાર...૦૨

તુમારો તવ હરિભક્ત કો, દ્રોહ કબુ નહિ હોય;
એકાંતિક તવ દાસ કો, દીજે સમાગમ મોય...૦૩

નાથ નિરંતર દર્શ તવ, તવ દાસન કો દાસ;
એહી માગું કરી વિનય હરિ, સદા રાખિયો પાસ...૦૪

હે કૃપાલો ! હે ભક્તપતે ! ભક્તવત્સલ ! સૂનો બાત;
દયાસિંધો ! સ્તવન કરી, માગું વસ્તુ સાત...૦૫

સહજાનંદ મહારાજ કે, સબ સત્સંગી સુજાણ;
તાકું હોય દૃઢ વર્તનો, શિક્ષાપત્રી પ્રમાણ...૦૬

સો પત્રી મેં અતિ બડે, નિયમ એકાદશ હોય;
તાકી વિક્તિ કહત હું, સુનિયો સબ ચિત્ત પ્રોય...૦૭

હિંસા ન કરની **જંત**[1] કી, **પરત્રિયા**[2] સંગ કો ત્યાગ;
માંસ ન ખાવત મદ્ય કું, પિવત નહિ બડભાગ...૦૮

વિધવા કું સ્પર્શત નહિ, કરત ન આત્મઘાત;
ચોરી ન કરની કાહુ કી, કલંક ન કોઈ કું લગાત...૦૯

નિંદત નહિ કોઈ દેવ કું, બિનખપતો નહિ ખાત;
વિમુખ જીવ કે વદન સે, કથા સુની નહિ જાત...૧૦

એહી વિધિ ધર્મ કે નિયમ મેં, બરતો સબ હરિદાસ;
ભજો શ્રી સહજાનંદ પદ, છોડી ઔર સબ આશ...૧૧

રહી **એકાદશ**[3] નિયમ મેં, કરો શ્રી હરિપદ પ્રીત;
પ્રેમાનંદ કહે ધામ મેં, જાઓ નિઃશંક જગજીત...૧૨

● ૧. જીવજંતુ ● ૨. પરસ્ત્રી ● ૩. અગિયાર

## ૧૪૬ (છંદ : શાર્દૂલવિક્રીડિત)

આવ્યા અક્ષરધામના આ રાજા, સર્વોપરી શ્રીહરિ,
સહજાનંદ ઘનશ્યામ નામ ધારી, શ્રીજી દયા દિલ ધરી;
જાણી બિરદ નાથ સનાથ કરવા, પૃથ્વી પરે વિચર્યા,
ખમ્મા શ્રી ઘનશ્યામ તમોને ખમ્મા, રસબસ અમોને કર્યા...૦૧

ઝળહળ ઝળહળ તેજમાં બિરાજે, હરિકૃષ્ણ કરુણાનિધિ,
તેણે ભૂપર દર્શન દાન દઈને, સંભાળ સૌની લીધી;
ધરિયું પૂર્ણ પ્રતાપી નામ પોતે, શ્રી સ્વામિનારાયણ સદા,
એ નામે અગણિત જીવ તાર્યા, ટાળી બધી આપદા...૦૨

પ્રગટ્યા જીવનપ્રાણ અબજીબાપા, અનહદ કૃપા ધન્ય ઘડી,
શ્રીજી સંકલ્પમૂર્તિ છો જ આપે, એ વાતની હા પડી;
સ્થિતિ મુક્ત અનાદિ કેરી આપે, સર્વે જનોને દીધી,
દર્શન સ્પર્શ જમી જમાડી સહુને, મૂર્તિની લ્હાણી કીધી...૦૩

અપરંપાર અપાર કરી કૃપા, સહુ જીવને સુખિયા કર્યા,
દઈને મૂર્તિ જ્ઞાન દાન બહુ જીવને, મુક્તો અનાદિ કર્યા;
એવી દિવ્ય અનુપ સૌમ્ય મૂર્તિ, અપાર સુખે ભરી,
ઉત્તમ સ્થિતિ અનાદિમુક્ત કેરી, આપે પ્રથમ સુગમ કરી...૦૪

શ્રીજી સંકલ્પસ્વરૂપ આપ સ્વામી, સિદ્ધાંતમાં નીડર શૂરા,
કારણ સત્સંગ રૂપ મૂર્તિ સ્થાપી, ખૂંટ જ્ઞાનના ખોડ્યા ખરા;
હે સ્વામી, સુખ મૂર્તિદાતા શ્રીહરિતણા, પૂરો અમારી આશજી,
તે કારણ નિત્ય નમીએ જ સ્વામી, શ્રી ઈશ્વરચરણદાસજી...૦૫

હે સ્વામી, તવ દિવ્યરૂપ પેખી, સહુ જીવને શાંતિ વળે,
જાણે સિંધુ શાંત જ્ઞાન ગંભીર તણો, જેથી મૂર્તિરૂપ મોજું મળે;
હરતા ફરતા હેતમાં સહુજન પરે, કર્તાય મૂર્તિ પ્રકાશજી,
નમીએ નિત્ય અનાદિમુક્ત સ્વામી, શ્રી વૃન્દાવનદાસજી...૦૬

હે સ્વામીય, સદાય દિવ્ય મૂર્તિ, શ્રીજી સ્વરૂપમાં રહ્યા,
તે કારણ શુભ શાંત દિવ્ય પેખી, મુનિ નામથી પ્રસિદ્ધ થયા;
કર જોડી વિનંતી કરું લળી લળી, પૂરોય મૂર્તિ પ્યાસજી,
એવા સિદ્ધ અનાદિમુક્ત સદ્‌ગુરુ, શ્રી કેશવપ્રિયદાસજી...૦૭

હે સિદ્ધાંતવાદી ગુરુદેવ બાપજી, આચાર્ય વચનામૃત તણા,
સનાતન આધુનિક અન્વય વ્યતિરેક જે, આપે પ્રવર્તાવ્યા ઘણા;
પ્રત્યક્ષપણે નિશ્ચય કરાવી સૌને, કર્યા અનાદિ લક્ષજી,
રહ્યા મૂર્તિમાં અનાદિમુક્ત સદ્‌ગુરુ, વંદું દેવનંદનદાસજી...૦૮

**૧૪૭** **(ચલતી)**

મુક્ત થઈને દાસભાવે, દિવ્ય સુખને માગીએ;
અહોનિશ બાપા દિવ્ય રૂપે, મૂર્તિમાં વિરામીએ,
દયા કરો હરિ દીન પર, માગું છું લળી લળી;
આ પ્રાર્થના સ્વીકારો જીવન, શ્રીજી ને બાપા વળી.

**૧૪૮** **(છંદ : શાર્દૂલવિક્રીડિત)**

હે પ્યારા, સદાય દિવ્ય મૂર્તિ, તેજોમય અપાર છો;
મળ્યા દિવ્ય સત્પુરુષ જે આપ, રાજી થયાનું દ્વાર છો,
પુરુષોત્તમરૂપ સંતો-ભક્તો અમ સહુ, કૃપા તણાં પાત્ર છીએ;
જોઉં પરભાવને છોડી દેહદૃષ્ટિ, સુખિયા થવાની ચાવી છે.

# નિયમ ચેષ્ટા

## ૧૪૯ પદ-૧ (રાગ : ગરબી)

પ્રથમ શ્રીહરિને રે, ચરણે શીશ નમાવું;
નૌતમ લીલા રે, સ્વામિનારાયણની ગાવું...૦૧

મોટા મુનિવર રે, એકાગ્ર કરી મનને;
જેને કાજે રે, સેવે જાય વનને...૦૨

આસન સાધી રે, ધ્યાન ધરીને ધારે;
જેની ચેષ્ટા રે, સ્નેહ કરી સંભારે...૦૩

સહજ સ્વાભાવિક રે, પ્રકૃતિ પુરુષોત્તમની;
સુણતાં સજની રે, બીક મટાડે જમની...૦૪

ગાઉં હેતે રે, હરિનાં ચરિત્ર સંભારી;
પાવન કરજો રે, પ્રભુજી બુદ્ધિ મારી...૦૫

સહજ સ્વભાવે રે, બેઠા હોય હરિ જ્યારે;
તુલસીની માળા રે, કર લઈ ફેરવે ત્યારે... ૦૬

રમૂજ કરતા રે, **રાજીવનેણ**[1] રૂપાળાં;
કોઈ હરિજનની રે, માગી લઈને માળા...૦૭

બેવડી રાખી રે, બબ્બે મણિકા જોડે;
ફેરવે તાણી રે, કોઈક માળા તોડે...૦૮

વાતો કરે રે, રમૂજ કરીને હસતાં;
ભેળી કરી રે, માળા કરમાં ઘસતાં...૦૯

ક્યારેક મીંચી રે, નેત્રકમળને સ્વામી;
પ્રેમાનંદ કે' રે, ધ્યાન ધરે બહુનામી...૧૦

● ૧. કમળ જેવાં નેત્ર

## ૧૫૦ પદ-૨

સાંભળ **સૈયર**[1] રે, લીલા નટનાગરની;
સુણતાં સુખડું રે, આપે સુખસાગરની... ૦૧

નેત્રકમળને રે, રાખી ઉઘાડાં ક્યારે;
ધ્યાન ધરીને રે, બેસે જીવન બા'રે... ૦૨

ક્યારેક ચમકી રે, ધ્યાન કરતાં જાગે;
જોતાં જીવન રે, જન્મમરણ દુઃખ ભાગે... ૦૩

પોતા આગળ રે, સભા ભરાઈ બેસે;
સંત હરિજન રે, સામું જોઈ રહે છે... ૦૪

ધ્યાન ધરીને રે, બેઠા હોય હરિ પોતે;
સંત હરિજન રે, તૃપ્ત ન થાય જોતે... ૦૫

સાધુ કીર્તન રે, ગાય વજાડી વાજાં;
તેમને જોઈને રે, મગન થઈ મહારાજા... ૦૬

તેમની ભેળા રે, ચપટી વજાડી ગાય;
સંત હરિજન રે, નીરખી રાજી થાય... ૦૭

ક્યારેક સાધુ રે, ગાય વજાડી તાળી;
ભેળા ગાય રે, તાળી લઈ વનમાળી... ૦૮

આગળ સાધુ રે, કીર્તન ગાય જ્યારે;
પોતા આગળ રે, કથા વંચાય ત્યારે... ૦૯

પોતે વાર્તા રે, કરતા હોય બહુનામી;
ખસતાં આવે રે, પ્રેમાનંદના સ્વામી... ૧૦

● ૧. સખી

**૧૫૧** **પદ-૩**

મનુષ્યલીલા રે, કરતાં મંગળકારી;
ભક્તસભામાં રે, બેઠા ભવભયહારી... ૦૧

જેને જોતાં રે, જાયે જગ આસક્તિ;
જ્ઞાન વૈરાગ્ય રે, ધર્મ સહિત જે ભક્તિ...૦૨

તે સંબંધી રે, વાર્તા કરતાં ભારી;
હરિ સમજાવે રે, નિજજનને સુખકારી...૦૩

યોગ ને સાંખ્ય રે, પંચરાત્ર વેદાંત;
એ શાસ્ત્રનો રે, રહસ્ય કહે કરી ખાંત...૦૪

જ્યારે હરિજન રે, દેશ દેશના આવે;
ઉત્સવ ઉપર રે, પૂજા બહુવિધ લાવે...૦૫

જાણી પોતાના રે, સેવકજન અવિનાશી;
તેમની પૂજા રે, ગ્રહણ કરે સુખરાશિ...૦૬

ભક્ત પોતાના રે, તેને શ્યામ સુજાણ;
ધ્યાન કરાવી રે, ખેંચે નાડી પ્રાણ... ૦૭

ધ્યાનમાંથી રે, ઉઠાડે નિજજનને;
દેહમાં લાવે રે, પ્રાણ ઈન્દ્રિય મનને...૦૮

સંત સભામાં રે, બેઠા હોય અવિનાશ;
કોઈ હરિજનને રે, તેડવો હોય પાસ... ૦૯

પહેલી આંગળી રે, નેત્ર તણી કરી સાન;
પ્રેમાનંદ કહે રે, **સાદ કરે**[૧] ભગવાન... ૧૦

• ૧. બોલાવે

**૧૫૨** **પદ-૪**

મોહનજીની રે, લીલા અતિ સુખકારી;
આનંદ આપે રે, સુણતાં ન્યારી ન્યારી...૦૧

ક્યારેક વાતો રે, કરે મુનિવર સાથે;
ગુચ્છ ગુલાબના રે, ચોળે છે બે હાથે...૦૨

શીતળ જાણી રે, લીંબુ હાર ગુલાબી;
તેને રાખે રે, આંખો ઉપર દાબી...૦૩

ક્યારેક પોતે રે, રાજીપામાં હોય;
વાતો કરે રે, કથા વંચાય તોયે...૦૪

સાંભળે કીર્તન રે, પોતે કાંઈક વિચારે;
પૂછવા આવે રે, જમવાનું કોઈ ત્યારે...૦૫

હાર ચડાવે રે, પૂજા કરવા આવે;
તેના ઉપર રે, બહુ ખીજી રિસાવે...૦૬

કથા સાંભળતાં રે,“હરે હરે” કહી બોલે;
મર્મ કથાનો રે, સુણી મગન થઈ ડોલે...૦૭

ભાન કથામાં રે, બીજી ક્રિયામાંય;
ક્યારેક અચાનક રે, જમતાં “હરે” બોલાય...૦૮

થાય સ્મૃતિ રે, પોતાની જ્યારે તેની;
થોડુંક હસે રે, ભક્ત સામું જોઈ બે'ની...૦૯

એમ હરિ નિત્ય નિત્ય રે, આનંદરસ વરસાવે;
એ લીલારસ રે, જોઈ પ્રેમાનંદ ગાવે...૧૦

**૧૫૩** **પદ-૫**

સાંભળ સજની રે, દિવ્ય સ્વરૂપ મોરારી;
કરે ચરિત્ર રે, મનુષ્ય વિગ્રહ ધારી...૦૧

થયા મનોહર રે, મોહન મનુષ્ય જેવા;
રૂપ અનુપમ રે, નિજજનને સુખ દેવા...૦૨

ક્યારેક ઢોલિયે રે, બેસે શ્રી ઘનશ્યામ;
ક્યારેક બેસે રે, ચાકળે પૂરણકામ...૦૩

ક્યારેક ગોદડું રે, ઓછાડે સહિત;
પાથર્યું હોય રે, તે પર બેસે પ્રીતે...૦૪

ક્યારેક ઢોલિયા રે, ઉપર તકિયો ભાળી;
તે પર બેસે રે, શ્યામ પલાંઠી વાળી...૦૫

ઘણુંક બેસે રે, તકિયે ઓઠીંગણ દઈને;
ક્યારેક ગોઠણ રે, બાંધે ખેસ લઈને...૦૬

ક્યારેક રાજી રે, થાય અતિશે આલી;
સંત હરિજનને રે, ભેટે બાથમાં ઘાલી...૦૭

ક્યારેક માથે રે, લઈ મેલે બે હાથ;
છાતી માંહી રે, ચરણકમળ દે નાથ...૦૮

ક્યારેક આપે રે, હાર તોરા ગિરધારી;
ક્યારેક આપે રે, અંગનાં વસ્ત્ર ઉતારી...૦૯

ક્યારેક આપે રે, પ્રસાદીના થાળ;
પ્રેમાનંદ કહે રે, ભક્ત તણા **પ્રતિપાળ**[૧]...૧૦

● ૧. સંભાળ રાખનાર, પ્રતિપાલક

**૧૫૪** **પદ-૬**

એવાં કરે રે, ચરિત્ર પાવનકારી;
શુકજી સરખા રે, ગાવે નિત્ય સંભારી...૦૧

ક્યારેક જીભને રે, દાંત તળે દબાવે;
ડાબે જમણે રે, પડખે સહજ સ્વભાવે...૦૨

છીંક જ્યારે આવે રે, ત્યારે રૂમાલ લઈને;
છીંક ખાયે રે, મુખ પર આડો દઈને...૦૩

રમૂજ આણી રે, હસે અતિ ઘનશ્યામ;
મુખ પર આડો રે, રૂમાલ દઈ સુખધામ...૦૪

ક્યારેક વાતો રે, કરતાં થકા દેવ;
છેડે રૂમાલને રે, વળ દેવાની ટેવ...૦૫

અતિ દયાળુ રે, સ્વભાવ છે સ્વામીનો;
પરદુઃખહારી રે, વારી બહુનામીનો...૦૬

કોઈને દુઃખિયો રે, દેખી ન ખમાય;
દયા આણી રે, અતિ આકળા થાય...૦૭

અન્ન ધન વસ્ત્ર રે, આપીને દુઃખ ટાળે;
કરુણા દૃષ્ટિ રે, દેખી વાન જ વાળે...૦૮

ડાબે ખંભે રે, ખેસ આડસોડે નાખી;
ચાલે જમણા રે, કરમાં રૂમાલ રાખી...૦૯

ક્યારેક ડાબો રે, કર કેડ ઉપર મેલી;
ચાલે વ્હાલો રે, પ્રેમાનંદનો હેલી...૧૦

૧૫૫

## પદ-૭

નિત્ય નિત્ય નૌતમ રે, લીલા કરે હરિરાય;
ગાતાં સુણતાં રે, હરિજન રાજી થાય...૦૧

સહજ સ્વભાવે રે, ઉતાવળા બહુ ચાલે;
હેત કરીને રે, બોલાવે બહુ વ્હાલે...૦૨

ક્યારેક ઘોડે રે, ચડવું હોય ત્યારે;
ક્યારેક સંતને રે, પીરસવા પધારે...૦૩

ત્યારે ડાબે રે, ખંભે ખેસને આણી;
ખેસને બાંધે રે, કેડ સંગાથે તાણી...૦૪

પીરસે લાડુ રે, જલેબી ઘનશ્યામ;
જણસ જમ્યાની રે, લઈ લઈ તેનાં નામ...૦૫

ફરે પંગતમાં રે, વારંવાર મહારાજ;
સંત હરિજનને રે, પીરસવાને કાજ...૦૬

શ્રદ્ધા ભક્તિ રે, અતિ ઘણી પીરસતાં;
કોઈના મુખમાં રે, આપે લાડુ હસતાં...૦૭

પાછલી રાત્રી રે, ચાર ઘડી રહે જ્યારે;
દાતણ કરવા રે, ઊઠે હરિ તે વારે...૦૮

ન્હાવા બેસે રે, નાથ પલાંઠી વાળી;
કર લઈ કળશ્યો રે, જળ ઢોળે વનમાળી...૦૯

કોરે વસ્ત્રો રે, કરી શરીરને લૂવે;
પ્રેમાનંદ કહે રે, હરિજન સર્વે જુવે...૧૦

૧૫૬ **પદ-૮**

રૂડા શોભે રે, નાહીને ઊભા હોયે;
વસ્ત્ર પહેરેલું રે, સાથળ વચ્ચે નિચોવે...૦૧

પગ સાથળને રે, લૂઈને સારંગપાણી;
કોરા ખેસને રે, પહેરે સારી પેઠે તાણી...૦૨

ઓઢી ઉપરણી રે, રેશમી કોરની વ્હાલે;
આવે જમવા રે, ચાખડીએ ચડી ચાલે...૦૩

માથે ઉપરણી રે, ઓઢી બેસે જમવા;
કાન ઉઘાડા રે, રાખે મુજને ગમવા...૦૪

જમતાં ડાબા રે, પગની પલાંઠી વાળી;
તે પર ડાબો રે, કર મેલે વનમાળી...૦૫

જમણા પગને રે, રાખી ઊભો શ્યામ;
તે પર જમણો રે, કર મેલે સુખધામ...૦૬

રૂડી રીતે રે, જમે દેવના દેવ;
વારે વારે રે, પાણી પીધાની ટેવ...૦૭

જણસ સ્વાદુ રે, જણાય જમતાં જમતાં;
પાસે હરિજન રે, બેઠા હોય મનગમતાં...૦૮

તેમને આપી રે, પછી પોતે જમે;
જમતાં જીવન રે, હરિજનને મન ગમે...૦૯

ફેરવે જમતાં રે, પેટ ઉપર હરિ હાથ;
ઓડકાર ખાય રે, પ્રેમાનંદનો નાથ...૧૦

૧૫૭ **પદ-૯**

ચળું કરે રે, મોહન તૃપ્ત થઈને;
દાંતને ખોતરે રે, સળી રૂપાની લઈને...૦૧

મુખવાસ લઈને રે, ઢોલિયે બિરાજે;
પૂજા કરે રે, હરિજન હેતે ઝાઝે...૦૨
પાંપણ ઉપર રે, આંટો લઈ અલબેલો;
ફેંટો બાંધે રે, છોગું મેલી છેલો...૦૩
વર્ષાઋતુ રે, શરદઋતુને જાણી;
ઘેલા નદીનાં રે, નિર્મળ નીર વખાણી...૦૪
સંત હરિજનને રે, સાથે લઈ ઘનશ્યામ;
ના'વા પધારે રે, ઘેલે પૂરણકામ...૦૫
બહુ જળક્રીડા રે, કરતાં જળમાં ના'ય;
જળમાં તાળી રે, દઈને કીર્તન ગાય...૦૬
નાહીને બા'રા રે, નીસરી વસ્ત્ર પહેરી;
ઘોડે બેસી રે, ઘેર આવે રંગલહેરી...૦૭
પાવન યશને રે, હરિજન ગાતાં આવે;
જીવન જોઈને રે, આનંદ ઉર ન સમાવે...૦૮
ગઢપુરવાસી રે, જોઈને જગઆધાર;
સુફળ કરે છે રે, નેણાં વારંવાર...૦૯
આવી બિરાજે રે, ઓસરીયે બહુનામી;
ઢોલિયા ઉપર રે, પ્રેમાનંદના સ્વામી...૧૦

**૧૫૮** **પદ-૧૦**

નિજ સેવકને રે, સુખ દેવાને કાજ;
પોતે પ્રગટ્યા રે, પુરુષોત્તમ મહારાજ...૦૧
ફળિયા માંહી રે, સભા કરી બિરાજે;
પૂરણ શશી રે, **ઉડુગણ**[૧]માં જેમ છાજે...૦૨
બ્રહ્મરસ વરસી રે, તૃપ્ત કરે હરિજનને;
પોઢે રાત્રે રે, જમી શ્યામ શુદ્ધ અન્નને...૦૩
બે આંગળીઓ રે, તિલક કર્યાની પેરે;
ભાલ વચ્ચે રે, ઊભી રાખી ફેરે...૦૪
સૂતાં સૂતાં રે, માળા માગી લઈને;
જમણે હાથે રે, નિત ફેરવે ચિત્ત દઈને...૦૫

ભૂલ ન પડે રે, કે'દી એવું નેમ;
ધર્મકુંવરની રે, સહજ પ્રકૃતિ એમ...૦૬

ભર નિદ્રામાં રે, પોઢ્યા હોય મુનિરાય;
કોઈ અજાણે રે, લગાર અડકી જાય...૦૭

ત્યારે ફડકી રે, જાગે સુંદર શ્યામ;
"કોણ છે ?" પૂછે રે, સેવકને સુખધામ...૦૮

એવી લીલા રે, હરિની અનંત અપાર;
મેં તો ગાઈ રે, કાંઈક મતિ અનુસાર...૦૯

જે કોઈ પ્રીતે રે, શીખશે સુણશે ગાશે;
પ્રેમાનંદનો રે, સ્વામી રાજી થાશે...૧૦

● **૧.** તારાઓનો સમૂહ

**૧૫૯　　(રાગ : ધોળ)**

ઓરા આવો શ્યામ સ્નેહી, સુંદરવર જોઉં વ્હાલા,
જતન કરીને જીવન મારા, જીવમાંહી પ્રોઉં વ્હાલા... ૦૧

ચિહ્ન અનુપમ અંગોઅંગનાં, **સૂરતે**[1] સંભારું વ્હાલા,
નખશિખ નીરખી નૌતમ મારા, ઉરમાં ઉતારું વ્હાલા... ૦૨

**અરુણ**[2] કમળસમ જુગલ ચરણની, શોભા અતિ સારી વ્હાલા,
ચિંતવન કરવા આતુર અતિ, મનવૃત્તિ મારી વ્હાલા... ૦૩

પ્રથમ તે ચિંતવન કરું, સુંદર સોળે ચિહ્ન વ્હાલા,
ઊર્ધ્વરેખા ઓપી રહી, અતિશે નવીન વ્હાલા... ૦૪

અંગૂઠા આંગળી વચ્ચેથી, નીસરીને આવી વ્હાલા,
પાનીની બે કોરે જોતાં, ભક્તને મન ભાવી વ્હાલા... ૦૫

જુગલ ચરણમાં કહું મનોહર, ચિહ્ન તેનાં નામ વ્હાલા,
શુદ્ધ મને કરી સંભારતાં, નાશ પામે કામ વ્હાલા... ૦૬

અષ્ટકોણ ને ઊર્ધ્વરેખા, સ્વસ્તિક જાંબુ જવ વ્હાલા,
વજ્ર અંકુશ **કેતુ**[3] ને **પદ્મ**[4], જમણે પગે નવ વ્હાલા... ૦૭

ત્રિકોણ, કળશ ને **ગોપદ**[5] સુંદર, ધનુષ્ય ને **મીન**[6] વ્હાલા,
અર્ધચંદ્ર ને **વ્યોમ**[7] સાત છે, ડાબે પગે ચિહ્ન વ્હાલા... ૦૮

જમણા પગના અંગૂઠાના, નખમાંહી ચિહ્ન વ્હાલા,
તે તો નીરખે જે કોઈ ભક્ત, પ્રીતિએ પ્રવીણ વ્હાલા... ૦૯

એ જ અંગૂઠાની પાસે, તિલ એક નૌતમ ધારું વ્હાલા,
પ્રેમાનંદ કહે નીરખું પ્રીતે, પ્રાણ લઈ વારું વ્હાલા... ૧૦

● **૧.** સાવધ થઈને ● **૨.** સૂર્ય સરીખું ● **૩.** ધજા ● **૪.** કમળ ● **૫.** ગાયનું પગલું ● **૬.** માછલી
● **૭.** નભ, આકાશ

**૧૬૦ પદ-૧ (રાગ : ગરબી)**

હવે મારા વા'લાને નહિ રે વિસારું રે, શ્વાસો શ્વાસે તે નિત્ય સંભારું રે...૦૧
પડ્યું મારે સહજાનંદજી શું પાનું રે, હવે હું તો કેમ કરી રાખીશ છાનું રે...૦૨
આવ્યું મારે હરિવર વરવાનું ટાણું રે, એ વર નહિ મળે ખરચે નાણું રે...૦૩
એ વર **ભાગ્ય**[1] વિના નવ ભાવે રે, એ સ્નેહ લગ્ન વિના નવ આવે રે...૦૪
દુરિજન મન રે માને તેમ કહેજો રે, સ્વામી મારા હૃદિયાની ભીતર રહેજો રે...૦૫
હવે હું તો પૂરણ પદવીને પામી રે, મળ્યા મને નિષ્કુળાનંદના સ્વામી રે...૦૬

● **૧.** કૃપા

**૧૬૧ પદ-૨**

હવે મારા વ્હાલાનાં દર્શન સારુ, હરિજન આવે હજારે હજારું...૦૧
ઢોલિયે બિરાજે સહજાનંદ સ્વામી, પૂરણ પુરુષોત્તમ અંતરજામી...૦૨
સભા મધ્યે બેઠાં મુનિનાં વૃંદ, તેમાં શોભે તારે વીંટ્યો જેમ ચંદ્ર...૦૩
દુરગપુર ખેલ રચ્યો અતિ ભારી, ભેળા રમે સાધુ અને બ્રહ્મચારી...૦૪
તાળી પાડે ઊપડતી અતિ સારી, ધૂન્ય થાય ચૌદ લોક થકી ન્યારી...૦૫
પાઘલડીમાં છોગલિયું અતિ શોભે, જોઈ જોઈ હરિજનનાં મન લોભે...૦૬
પધાર્યા વ્હાલો સર્વે તે સુખના રાશિ, સહજાનંદ સ્વામી અક્ષરધામના વાસી...૦૭
ભાંગી મારી જન્મો જનમની ખામી, મળ્યા મુને નિષ્કુળાનંદના સ્વામી...૦૮

**(હવે ઠાકોરજી પોઢાડવાની પાંચમી માનસીપૂજા કરવી.)**

**૧૬૨ (રાગ : બિહાગ)**

પોઢે પ્રભુ સકળ મુનિ કે શ્યામ;
 સ્વામિનારાયણ દિવ્ય મૂર્તિ, (૨) સંતન કો વિશ્રામ... ટેક

અક્ષર પર આનંદઘન પ્રભુ, કિયો હૈ ભૂપર ઠામ;
 જેહી મિલત જન તરત માયા, (૨) લહત અક્ષરધામ... પોઢે ૦૧

શારદ શેષ મહેશ મહા મુનિ, જપત જેહી ગુનનામ;
જાસ પદરજ શીશ ધરી ધરી, (૨) હોવત જન નિષ્કામ... પોઢે ૦૨

પ્રેમ કે પર્યંક પર પ્રભુ, કરત સુખ આરામ;
મુક્તાનંદ નિત્ય ચરન ઢિગ ગુન, (૨) ગાવત આઠો જામ... પોઢે ૦૩

**૧૬૩ (રાગ : ગરબી)**

રે શ્યામ તમે સાચું નાણું, બીજું સર્વે દુ:ખદાયક જાણું... ટેક
રે તમ વિના સુખ સંપત કહાવે, તે તો સર્વે મહાદુ:ખ ઉપજાવે,
અંતે એમાં કામ કોઈ ના'વે... રે શ્યામ ૦૧

રે મૂરખ લોક મરે ભટકી, જૂઠા સંગે હાં રે શિર પટકી,
એથી મારી મન વૃત્તિ અટકી... રે શ્યામ ૦૨

છે અખંડ અલૌકિક સુખ સારું, તે જોઈ જોઈ મન મોહ્યું મારું,
ધરા ધન તમ ઉપર વારું... રે શ્યામ ૦૩

રે બ્રહ્માથી કીટ લગી જોયું, જૂઠું સુખ જાણીને વગોવ્યું,
મુક્તાનંદ મન તમ સંગ મોહ્યું... રે શ્યામ ૦૪

**૧૬૪ પદ-૧ (રાગ : ગરબી)**

વંદું સહજાનંદ રસરૂપ, અનુપમ સારને રે લોલ,
જેને ભજતાં છૂટે **ફંદ**[૧], કરે ભવ પારને રે લોલ...૦૧

સમરું પ્રગટ રૂપ સુખધામ, અનુપમ નામને રે લોલ,
જેને ભવ બ્રહ્માદિક દેવ, ભજે તજી કામને રે લોલ...૦૨

જે હરિ અક્ષરબ્રહ્મ આધાર, કે પાર કોઈ નવ લહે રે લોલ,
જેને શેષ **સહસ્ર**[૨] મુખ ગાય, નિગમ નેતિ કહે રે લોલ...૦૩

વર્ણવું સુંદર રૂપ અનુપ, **જુગલ**[૩] ચરણે નમી રે લોલ,
નખશિખ પ્રેમસખીના નાથ, રહો ઉરમાં રમી રે લોલ...૦૪

● ૧. માયાની જાળ ● ૨. હજાર ● ૩. બંને

**૧૬૫ પદ-૨**

આવો મારા મોહન મીઠડા લાલ, કે જોઉં તારી મૂર્તિ રે લોલ,
જતન કરી રાખું રસિયા રાજ, વિસારું નહિ ઉરથી રે લોલ...૦૧

મન મારું મોહ્યું મોહનલાલ, પાઘલડીની ભાતમાં રે લોલ,
આવો ઓરા છોગલાં ખોસું છેલ, ખાંતીલા જોઉં ખાંતમાં રે લોલ...૦૨

વ્હાલા તારું ઝળકે સુંદર ભાલ, તિલક રૂડાં કર્યાં રે લોલ,
વ્હાલા તારા વામ કરણમાં તિલ, તેણે મનડાં હર્યાં રે લોલ...૦૩

વ્હાલા તારી ભ્રકુટિને બાણે શ્યામ, **કાળજ**[1] મારાં કોરિયાં રે લોલ,
નેણે તારે પ્રેમસખીના નાથ, કે ચિત્ત મારાં ચોરિયાં રે લોલ...૦૪

● ૧. કાળજું

**૧૬૬ પદ-૩**

વ્હાલા મુને વશ કીધી વૃષરાજ, વાલપ તારા વા'લમાં રે લોલ,
મન મારું તલપે જોવા કાજ, ટીબકડી છે ગાલમાં રે લોલ...૦૧

વ્હાલા તારી નાસિકા નમણી નાથ, અધરબિંબ લાલ છે રે લોલ,
છેલા મારા પ્રાણ કરું કુરબાન, જોયા જેવી ચાલ છે રે લોલ...૦૨

વ્હાલા તારા દંત દાડમનાં બીજ, ચતુરાઈ ચાવતા રે લોલ,
વ્હાલા મારા પ્રાણ હરો છો નાથ, મીઠું મીઠું ગાવતા રે લોલ...૦૩

વ્હાલા તારે હસવે હરાણું ચિત્ત, બીજું હવે નવ ગમે રે લોલ,
મન મારું પ્રેમસખીના નાથ, કે તમ કેડે ભમે રે લોલ...૦૪

**૧૬૭ પદ-૪**

રસિયા જોઈ રૂપાળી કોટ, રૂડી રેખાવળી રે લોલ,
વ્હાલા મારું મનડું મળવા ચહાય, કે જાય ચિત્તડું ચળી રે લોલ...૦૧

વ્હાલા તારી જમણી ભુજાને પાસ, રૂડાં તિલ ચાર છે રે લોલ,
વ્હાલા તારા કંઠ વચ્ચે તિલ એક, અનુપમ સાર છે રે લોલ...૦૨

વ્હાલા તારા ઉરમાં વિણગુણ હાર, જોઈ નેણાં ઠરે રે લોલ,
વ્હાલા તે તો જાણે પ્રેમીજન, જોઈ નિત્ય ધ્યાન ધરે રે લોલ...૦૩

રસિયા જોઈ તમારું રૂપ, રસિક જન ઘેલડાં રે લોલ,
આવો વ્હાલા પ્રેમસખીના નાથ, સુંદરવર છેલડાં રે લોલ...૦૪

**૧૬૮ પદ-૫**

વ્હાલા તારી ભુજા જુગલ જગદીશ, જોઈને જાઉં વારણે રે લોલ,
કરનાં લટકાં કરતા લાલ, આવોને મારે બારણે રે લોલ...૦૧

વ્હાલા તારી આંગળીઓની રેખા, નખમણિ જોઈને રે લોલ,
વ્હાલા મારા ચિત્તમાં રાખું ચોરી, કહું નહિ કોઈને રે લોલ...૦૨

વ્હાલા તારા ઉરમાં અનુપમ છાપ, જોવાને જીવ આકળો રે લોલ,
વ્હાલા મારે હૈડે હરખ ન માંય, જાણું જે હમણાં મળો રે લોલ...૦૩

વ્હાલા તારું ઉદર અતિ રસરૂપ, શીતળ સદા નાથજી રે લોલ,
આવો ઓરા પ્રેમસખીના પ્રાણ, મળું ભરી બાથજી રે લોલ...૦૪

**૧૬૯ પદ-૬**

વ્હાલા તારી મૂર્તિ અતિ રસરૂપ, રસિક જોઈને જીવે રે લોલ,
વ્હાલા એ રસના ચાખણહાર, કે છાસ તે નવ પીવે રે લોલ...૦૧

વ્હાલા મારે સુખસંપત તમે શ્યામ, મોહન મનભાવતા રે લોલ,
આવો મારે મંદિર જીવનપ્રાણ, હસીને બોલાવતા રે લોલ...૦૨

વ્હાલા તારું રૂપ અનુપમ ગૌર, મૂર્તિ મનમાં ગમે રે લોલ,
વ્હાલા તારું જોબન જોવા કાજ, કે ચિત્ત ચરણે નમે રે લોલ...૦૩

આવો મારા રસિયા રાજીવનેણ, મર્મ કરી બોલતા રે લોલ,
આવો વ્હાલા પ્રેમસખીના સેણ, મંદિર મારે ડોલતા રે લોલ...૦૪

**૧૭૦ પદ-૭**

વ્હાલા તારું રૂપ અનુપમ નાથ, ઉદર શોભા ઘણી રે લોલ,
ત્રિવળી જોઉં સુંદર છેલ, આવોને ઓરા અમ ભણી રે લોલ...૦૧

વ્હાલા તારી નાભિ નૌતમ રૂપ, ઊંડી અતિ ગોળ છે રે લોલ,
કટિલંક જોઈને સહજાનંદ, કે મન રંગચોળ છે રે લોલ...૦૨

વ્હાલા તારી જંઘા જુગલની શોભા, મનમાં જોઈ રહું રે લોલ,
વ્હાલા નિત્ય નીરખું પિંડી ને પાની, કોઈને નવ કહું રે લોલ...૦૩

વ્હાલા તારા ચરણકમળનું ધ્યાન, ધરું અતિ હેતમાં રે લોલ,
આવો વ્હાલા પ્રેમસખીના નાથ, રાખું મારા ચિત્તમાં રે લોલ...૦૪

**૧૭૧ પદ-૮**

વ્હાલા તારા જુગલ ચરણ રસરૂપ, વખાણું વ્હાલમાં રે લોલ,
વ્હાલા અતિ કોમળ અરુણ રસાળ, ચોરે ચિત્ત ચાલમાં રે લોલ...૦૧

વ્હાલા તારે જમણે અંગૂઠે તિલ, કે નખમાં ચિહ્‌ન છે રે લોલ,
વ્હાલા છેલી આંગળીએ તિલ એક, જોવાને મન દીન છે રે લોલ...૦૨

વ્હાલા તારા નખની અરુણતા જોઈને, શશીકળા ક્ષીણ છે રે લોલ,
વ્હાલા રસચોર ચકોર જે ભક્ત, જોવાને પ્રવીણ છે રે લોલ...૦૩

વ્હાલા તારી ઊર્ધ્વરેખામાં ચિત્ત, રહો કરી વાસને રે લોલ,
માગે પ્રેમસખી કર જોડી, દેજો દાન દાસને રે લોલ...૦૪

## ૧૭૨ બાપાશ્રીનું જીવન કવન (રાગ : પૂર્વછાયો)

કહું અલૌકિક વાર્તા, પ્રભુ પ્રગટની આ વાર;
જે જન શ્રવણે સાંભળે, તે થાય અક્ષર પાર,
સૂરજ સહજાનંદજી, અંતર્ધાન થયા જે વાર;
તેને **વાસર**[1] બહુ વીતિયા, કર્યો સંકલ્પ શ્રીજી તે વાર,
સર્વોપરી જ્ઞાન આપવા, મૂર્તિમાં લેવા સાર;
મુક્ત દ્વારે વિચરું, સતસંગમાં આ વાર,
મુક્ત જે મારા જેવા, મારી મૂર્તિમાં રહેનાર;
તે દ્વારા સુખ આપવું, મારી મૂર્તિનું નિરધાર,
જેણે તપ **તીખું**[2] કર્યું, મને પ્રસન્ન કરવા કાજ;
પુત્રની ઈચ્છા એહને, તેના પૂરું મનોરથ આજ.

● ૧. વાર, દિવસ ● ૨. આકરું

### (રાગ : ચોપાઈ)

કાળી તલાવડીએ નિત ના'તા, પ્રેમીભક્ત એ શ્રીજીના હતા;
દીધાં દરશન શ્રીજી હુલ્લાસે, માગો બાઈ વચન મુજ પાસે.

ત્યારે બાઈ બોલ્યા બોલ એવો, ખપે પુત્ર તમારા જ જેવો;
મારા મુક્ત મારા જેવા જેહ, લેશે અવતાર તમ ઘેર તેહ.

મારી મૂર્તિમાં સદા રહેનારા, થાશે પુત્ર રૂપે તે તમારા;
સુણી રાજી થયા ભક્તરાજ, મારી ઈચ્છા પૂરી થઈ આજ.

કચ્છ દેશમાં બળદિયા ગામ, કણબી કુળે પાંચાપિતા નામ;
દેવબાઈ પતિવ્રતા માત, તિયાં પ્રગટ્યા મુક્ત સાક્ષાત્.

સંવત ઓગણીસો એકની તિથિ, માસ કારતિક પ્રબોધિની હતી;
દીધાં દરશન દયાળે જ્યારે, વાર ચંદ્રનો તો હતો ત્યારે.

માતપિતાને હરખ વધાઈ, નામ ધરાવ્યું અબજીભાઈ;
શ્રીજી સંકલ્પ મોટા થયા જ્યારે, સંત હરિજને ઓળખ્યા ત્યારે.
મોટા જાણી નામે સહુ શીશ, રહેતા સમાધિમાં અહોનિશ;
સંત હરિજન જે જોગ કરતા, તેને સર્વોપરી વાતો કરતા.
સર્વ અવતારના અવતારી, શ્રીજી મૂર્તિ અલૌકિક ન્યારી;
સર્વ કારણ સર્વ આધાર, સર્વ નિયંતા દિવ્ય સાકાર.
એવા સ્વામિનારાયણ એક, બીજા તો બધા છે જો અનેક;
જીવકોટિ ને ઈશ્વરકોટિ, મહાકાળ નરનારાયણકોટિ.
શ્વેતદ્વીપના પતિ છે જેહ, બ્રહ્મકોટિ વાસુદેવ એહ;
વાસુદેવના ઉપરી જેહ, મૂળઅક્ષર કહેવાય તેહ.
મૂળઅક્ષરથી મોટા ઘણાય, એકાંતિક તો સત્સંગમાંય;
એકાંતિકથી મોટા જે કહ્યા, તે તો અક્ષરધામમાં રહ્યા.
પરમએકાંતિક જે કહેવાય, રહે શ્રીજી સન્મુખ સદાય;
તેથી મોટા અનાદિ કહેવાય, રહે શ્રીજી મૂર્તિમાં સદાય.
રસબસ એ મૂર્તિમાં રહે છે, રોમે રોમ નવીન સુખ લે છે;
તોય મૂર્તિનો પાર ન પામે, અપાર અપાર કહીને વિરામે.
ઓતપ્રોત તાણો વાણો બેય, અનાદિ જળ તરંગવત્ છેય;
એવા અનાદિ તો અમે નક્કી, આવ્યા શ્રીજીની મૂર્તિ થકી.
શ્રીજી સંકલ્પ તો અમે આવ્યા, ભેળી શ્રીજીની મૂર્તિ લાવ્યા;
જેને જોઈએ તે આવજો લેવા, અમે તો આવ્યા મૂર્તિ દેવા.
અમારે તો એક જ વેપાર, દેવી મૂર્તિ એ જ કરાર;
કોઈ લ્યો કોઈ લ્યો એમ કહેતા, કેવળ કૃપાએ મૂર્તિ દેતા.
સંત હરિજન જે જોગ કરતા, તેને બાપા આવી વાતો કરતા;
દેશ વિદેશમાં જ્યાં જ્યાં જાતા, મુમુક્ષુ જન તરત ખેંચાતા.
જેમ લોહ ચમક દેખી ચળે, સંત હરિજન એ રીતે મળે;
જેમ નદીયું સમુદ્રમાં જાય, સંત હરિજન એમ ખેંચાય.
દેશ વિદેશથી જે આવતા, તેને મૂર્તિ મહારાજની દેતા;
એવી રીતે બાપાશ્રીએ આવી, મૂર્તિરસની રેલ ચલાવી.
વળી વચનામૃતની ટીકા કીધી, કરી બે ભાગ વાતો પ્રસિદ્ધિ;
તેમાં લખાવ્યા છે એવા મુદ્દા, મૂળઅક્ષરથી પુરુષોત્તમ જુદા.

તેના લખનારા સદ્‌ગુરુ સ્વામી, ઈશ્વરચરણદાસજી અકામી;
તેને વાંચે રાખે સુણે જેહ, મોક્ષ આત્યંતિક પામે તેહ.
એવાં કૃપા વચનો જેણે કહાવ્યાં, તે તો મૂર્તિમાં રાખવા આવ્યા;
નથી ઉધારો પાડો ને હા જ, થયાં રોકડાં કલ્યાણ આજ.
જે છે અક્ષરધામે સદાય, તે મૂર્તિ દેહ છતાં પમાય;
મોટા ઓળખવા એ છે ઘાંટી, મનુષ્યભાવની રહી જાય આંટી.
જેણે ઓળખ્યા સંશય કાપી, તેને બાપાએ મૂર્તિ આપી;
જેણે ઓળખ્યા નહિ લગાર, તેને તો થઈ મૂર્તિની વાર.
જેણે જોગમાં સંશય કર્યા, તેણે તો ફેર જનમ ધર્યા;
જેણે અવગુણ લીધા છે ભારી, તેની તો થઈ ભારે ખુવારી.
જેણે ખોટા ખોટા નાખ્યા **તૂત**[૧], તે તો મરીને થયા છે ભૂત;
જેને બાપાના થયા છે મેળા, તેને તો રાખ્યા મૂર્તિમાં ભેળા.

● ૧. આરોપ

## પૂર્વછાયો

જે જનને સંશય ટળ્યા, એને મળ્યા પ્રગટ મહારાજ;
મુક્ત પણ પ્રગટ મળ્યા, અને પ્રગટ સંત સમાજ,
સંત હરિજન સાંભળો, હું અલ્પ મતિ તમ પાસ;
ઓળખ્યા અબજીતાતને, શ્રીજી કૃપાએ કરમણદાસ.

### (રાગ : સોરઠા)

ગુન્હા કર્યા બક્ષિસ, કેવળ કૃપા વાપરી;
સ્વામી સેવકભાવે, રાખ્યા મૂર્તિમાં સદા.

## ૧૭૩ પોઢણિયું (રાગ : ગરબી)

પોઢો પોઢો સહજાનંદ સ્વામી, અખિયાંમાં નીંદરા ભરાણી રે... પોઢો ૦૧
હાં રે તમે માથેથી પાઘ ઉતારો રે, પછી ★ ફૂલડાંની ટોપી ધારો રે... પોઢો ૦૨
હાં રે તમે જરકસી જામા ઉતારો રે, પછી હીરકોરી ધોતી ધારો રે... પોઢો ૦૩
હાં રે તમે કેડના **પટકા**[૧] છોડો રે, પછી ● ફૂલની પછેડી ઓઢો રે... પોઢો ૦૪
હાં રે પોઢ્યા પ્રેમાનંદના સ્વામી રે, સખી જોઈ જોઈ આનંદ પામી રે... પોઢો ૦૫

**શિયાળામાં :- ★ બનાતની ટોપી[૨] ● શાલ દુશાલા[૩] એમ બોલવું**

● ૧. કમરે બાંધવાનો કાપડનો ટુકડો ● ૨. ઊનની ટોપી ● ૩. કીમતી બેવડી શાલ

# અન્ય પદો

## ૧૭૪ આરતી (સંધ્યા સમયની)

આરતી પ્રગટ પ્રભુજી કી કીજે,
હરિ ચરણ કમળ લખી અંતર લીજે... ટેક

(આરતી) અક્ષર બ્રહ્મ ઈશ્વર છે કોટિ (૨)
હરિ, એક કિરણ તેને અતિ મોટી (૨)... આરતી ૦૧

(આરતી) અનંત એકાંતિક, પરમ અનાદિ(૨)
હરિ, મૂર્તિમાં રહે દીસે છે આદિ (૨)... આરતી ૦૨

(આરતી) દિવ્ય મૂર્તિ સદા અક્ષરધામે(૨)
હરિ, પ્રગટ અને પ્રત્યક્ષ બિરાજ્યા સામે(૨)... આરતી ૦૩

(આરતી) નર નાટક ક્ષર અક્ષર ન્યારા(૨)
હરિ, પુરુષોત્તમ પૂરણ જન પ્યારા(૨)... આરતી ૦૪

(આરતી) નૌતમ રૂપ અકળ છબી ન્યારી (૨)
હરિ, દાસસેવક જાવત બલિહારી (૨)... આરતી ૦૫

## ૧૭૫ (સ્રગ્ધરા વૃત્ત)

દિવ્ય શ્રીજી સ્વરૂપ, રસબસ છે અંદર, મુક્તો અનાદિ દિવ્ય;
ભોગોને જાણો દિવ્ય, પ્રગટ પ્રભુ તણા, સુખ છે નિત્ય દિવ્ય,
અંગો અંગમાં તેજ, ઝળહળ ઝળકે, ધામ છે તેનું દિવ્ય;
દિવ્ય જાણે ક્રિયાઓ, સકળ શ્રીજી તણી, **સદ્ય**[1] તે થાય દિવ્ય... ૦૧

શ્રીજી આજે પધાર્યા કરી અધિક દયા, મૂર્તિમાં રાખવાને;
જીવોને દેખી દુઃખિયા કરી અતિ કરુણા, આપદા હરવાને,
વ્હાલાના રોમેરોમે અતિ અતિ સુખ છે, તેહને પામવાને;
વંદું ધ્યાવું શ્રીહરિને નિશદિન સમરું, સુખમાં થીજવાને... ૦૨

● ૧. તરત જ

## ૧૭૬ રાજભોગ આરતી સમયે ગવાતા શ્લોકો

વિશ્વેશ છો સકળ વિશ્વ તણા વિધાતા, દાતા તમે સકળ મંગલ શાંતિદાતા;
માટે તમારું કરુણાનિધિ સત્યનામ, સાષ્ટાંગ નાથ તમને કરું હું પ્રણામ... ૦૧

અજ્ઞાન પાશ કરુણા કરી કાપી નાખો, નિત્યે પ્રભુ તવ પદે મમ વૃત્તિ રાખો;
ભક્તોનું પાલન કરો પ્રભુ સર્વયામ, સાષ્ટાંગ નાથ તમને કરું હું પ્રણામ...૦૨

જેણે રચી ચિત્ર વિચિત્ર સૃષ્ટિ, જેની કરુણામય દિવ્ય દૃષ્ટિ;
જેણે કર્યાં છે અદ્‌ભુત કામ, પ્રેમે કરું તે પ્રભુને પ્રણામ...૦૩

છો કાળના કાળ દયાળુ દેવ, જનો તણા છો પ્રતિપાળ તેહ;
કલ્યાણ દાતા કરું નિત્ય સેવ, શ્રી સ્વામિનારાયણ ઈષ્ટદેવ...૦૪

### ૧૭૭ ધૂન્ય (રાગ : નાગરવેલીઓ રોપાવ)

બોલો મૂર્તિમાં રહીને, સ્વામિનારાયણ ઘનશ્યામ,
શ્રીજી એક પ્રગટ ભગવાન, સ્વામિનારાયણ ઘનશ્યામ...૦૧
સનાતન સર્વોપરી ભગવાન, સ્વામિનારાયણ ઘનશ્યામ...૦૨
રટો જીભે આઠું જામ, સ્વામિનારાયણ ઘનશ્યામ...૦૩
જેનું સહજાનંદ છે નામ, સ્વામિનારાયણ ઘનશ્યામ...૦૪
બોલો નામીએ સહિત નામ, સ્વામિનારાયણ ઘનશ્યામ...૦૫
નીલકંઠ વર્ણી સુંદર નામ, સ્વામિનારાયણ ઘનશ્યામ...૦૬
અનાદિમુક્તોને સુખધામ, સ્વામિનારાયણ ઘનશ્યામ...૦૭
નારાયણમુનિ શુભ નામ, સ્વામિનારાયણ ઘનશ્યામ...૦૮
મુક્તઅનાદિના વિશરામ, સ્વામિનારાયણ ઘનશ્યામ...૦૯
જેનું હરિકૃષ્ણ છે નામ, સ્વામિનારાયણ ઘનશ્યામ...૧૦
સહુને ઠરવાનું છે ઠામ, સ્વામિનારાયણ ઘનશ્યામ...૧૧
પુરુષોત્તમ પૂરણકામ, સ્વામિનારાયણ ઘનશ્યામ...૧૨
અવતારી છે સુખનું ધામ, સ્વામિનારાયણ ઘનશ્યામ...૧૩
બાપા દે છે મૂર્તિનું દાન, સ્વામિનારાયણ ઘનશ્યામ...૧૪
રસબસ રાખે જીવનપ્રાણ, સ્વામિનારાયણ ઘનશ્યામ...૧૫

•••

# પ્રાપ્તિના કેફનાં પદો

**૧૭૮ (રાગ : દેખ તેરે સંસાર કી હાલત)**

સર્વોપરી ને સદા પ્રગટ છે, સહજાનંદ ભગવાન;
જીવનું **ફદલ**[1] કરે કલ્યાણ (૨)...ટેક

કરી કરી જીવો શું કરશે, કર જોડી ચરણે શિર ધરશે;
દીન થઈને કહે છે પ્રભુજી, દાસ મુને તું જાણ...જીવનું ૦૧

જીવોના ગુન્હા નવ જુએ, મહેર કરીને **કિલ્મિષ**[2] ધુએ;
ચોખ્ખો કરીને કહે છે પ્રભુજી, તું પાત્ર થયો પરમાણ...જીવનું ૦૨

હસ્ત ગ્રહી વર્તમાન ધરાવે, ટાળી દેહો ગ્રંથિ ગળાવે;
શરણે લઈને કહે છે પ્રભુજી, હું તારો ભગવાન...જીવનું ૦૩

ઉપાસના ચોખ્ખી સમજાવે, પતિવ્રતા પેર ભક્તિ કરાવે;
મૂર્તિમાં રાખી કહે છે પ્રભુજી, તું મુક્ત અનાદિ નિદાન...જીવનું ૦૪

અનાદિમુક્તો મૂર્તિમાં રે' છે, રસબસ ભાવે સુખડાં લે છે;
તું પણ ભેળો કહે છે પ્રભુજી, સુખભોક્તા છે મહાન...જીવનું ૦૫

બિરદ જાણી રક્ષા કરજો, સર્વે ક્રિયામાં ભેળા ભળજો;
દાસાનુદાસ એમ કહે છે પ્રભુજી, તમે છો જીવનપ્રાણ...જીવનું ૦૬

● **૧.** કૃપા, સાવ મફત ● **૨.** પાપ, દોષ, અપરાધ

**૧૭૯ પદ-૧ (રાગ : સામેરી)**

સહજાનંદ સિંધુ રે, આજ મારે **ઊલટ્યા**[1] રે, ભાંગી મારી ભવો ભવની ભૂખ રે;
કંગાલપણું રે, બાઈ મારું કાઢિયું રે, દૂર કીધું **દારિદર**[2] ને દુ:ખ રે...૦૧

આનંદની લેરું રે, એમાં અતિ ઘણી રે, મરજીવા કરે છે માંયે મોજ રે;
મૂઠડીને ભરી રે, જેણે મુક્તાફળની રે, ભાંગી બેઠા જન્મ-મરણ ભોજ રે...૦૨

નવનિધિની રે, નથી મારે વંછના રે, સિદ્ધિ તે સામું હવે શીદ જોય રે;
સર્વેનું કારણ રે, મળિયા ચિંતામણિ રે, હવે જે જે ચિંતવિયે તે હોય રે...૦૩

અનાથ અભાગી રે, બાઈ જો અમે નહિ રે, અમે છૈયે સભાગિયા શાહુકાર રે;
રંક ટાળીને રે, કીધા અમને રાજવી રે, દીન ટાળી કીધાં છે જો દાતાર રે...૦૪

માલ અતોલ રે, બાઈ અમ પાસ છે રે, તેણે હું તો મગન રહી મનમાંયે રે;
નિષ્કુળાનંદ રે, આનંદ અતિ ઘણો રે, શી કહીએ સુખ તણી જો સીમાયે રે...૦૫

● ૧. દેહની જગ્યાએ આવીને બિરાજી ગયા ● ૨. ગરીબી

### ૧૮૦ પદ-૨

સહજાનંદ સિંધુ રે, દયાળુ દયા તણા રે, ઊલટિયા આજ ન રાખી ઓછ રે;
**નિહાલ**[૧] જો કીધાં રે, કંઈક કંગાળને રે, આપી આપી અધમ જનને જો મોછ રે...૦૧

જેહી નર પાસે રે, નો'તી એક **નાસરી**[૨] રે, જેમ તેમ કરીને ભરતા જો પેટ રે;
ભૂખ તેની ભાંગી રે, લાગી **હૂંડી**[૩] હાલવા રે, થયા થયા સુખી સભાગિયા શેઠ રે...૦૨

કણકણ કાજે રે, જે જણજણ જાચતા રે, રે'તા રે'તા આઠે પોર જે આધેન રે;
તેને લઈ સોંપી રે, સદાવ્રત સુખડી રે, ભાંગી ભાંગી ભૂખ થયું સુખ ચેન રે...૦૩

પરિશ્રમ વિના રે, પારસમણિ મળી રે, રળી રળી વળી ન મળે જે મૂલ્ય રે;
ઢળી ઢળી વળી રે, લેર્યો સુખ વારની રે, ટળી ટળી ભીખ બુદ્ધિની જે ભૂલ્ય રે...૦૪

**ઉદધિ**[૪] ઊલટે રે, નિધિ નવ માંય છે રે, થાયે છે સેવતાં ઘણું જો સુખ રે;
નિષ્કુળાનંદ રે, આનંદ અતિ ઘણો રે, મહિમા તે મોટો ન કહેવાયે મુખ રે...૦૫

● ૧. ન્યાલ ● ૨. નાણાંનું એક જૂનું ચલણ ● ૩. નાણાંની આપ-લે કરવા માટે ચલાવવામાં આવતી શાહુકારી ચિઠ્ઠી ● ૪. સમુદ્ર

### ૧૮૧ પદ-૩

સહજાનંદ સિંધુ રે, સખી સદા સેવીએ રે, જો સુખ ઇચ્છીએ મનમાંયે રે;
ડગમગ કરી રે, દલ ન ડોલાવીયે રે, જેણે કરી જીત્યો અવસર જાયે રે...૦૧

અવસર આવો રે, અવર આવે નહિ રે, જેમાં કાંયે મળિયા સુંદર શ્યામ રે;
એવાને મૂકીને રે, અન્ય ન આરાધીયે રે, જેણે કરી જીવિત થાયે હરામ રે...૦૨

સુપનાં સરીખાં રે, સુખ આ સંસારનાં રે, પશુ વિના બીજો ન કરે પ્રતીત રે;
વણસીને જાતાં રે, વાર જો લાગે નહિ રે, દેહ ગેહ **દારાદિક**[૧] સુત વિત્ત રે...૦૩

તે ઇચ્છ્યું નવ આવે રે, હાથ છે હરિ તણે રે, આપ્યા વિના લેવાય નહિ તે લેશ રે;
પરિશ્રમ કરી રે, જાયે કોયે પામવા રે, કરે ઉપજાવી ઊલટો ક્લેશ રે...૦૪

અન્યનો ભરોસો રે, અંતરથી **ઉવેખીયે**[૨] રે, દેખીયે કાંઈ દલમાં કરી વિચાર રે;
નિષ્કુળાનંદ રે, સખી તે સભાગણી રે, જેને ઉપર પ્રસન્ન પ્રાણઆધાર રે...૦૫

● ૧. સ્ત્રી આદિક ● ૨. અવગણીએ

**૧૮૨	પદ-૪**

સહજાનંદ સિંધુ રે, સખી જો સભર ભર્યા રે, એક રસ અખંડ ને અવિનાશ રે;
અંતરની આંખેથી રે, જે જોશે તે જાણશે રે, આવે ન જાયે જેમ આકાશ રે...૦૧

લેર્ય તરંગ રે, **બુદબુદા**[૧] બહુ થયાં રે, દેવ **દૂનિ**[૨] મુનિ નર ને જો **નાર્ય**[૩] રે;
સ્થાવર જંગમ રે, દિશે જોતા જૂજવા રે, આદ્યે અંત્યે મધ્યે વિલસે **વાર્ય**[૪]...૦૨

હીમ કરા ને, લૂણ બહુ લેખતા રે, જોતાં દીસે **જૂજવી**[૫] તેહની જાત્ય રે;
ઉત્તમ મધ્ય રે, એથી અળગું નહિ રે, પોત એક પાડી ભિન્ન ભિન્ન ભાત રે...૦૩

**ભાંડું**[૬] ભરીયે રે, જેમ કોયે જળનું રે, રાખીયે તે **રતનાકરને**[૭] માંયે રે;
ભીતર બાહર રે, ભર્યું જળ ભાળીયે રે, **ભાજન**[૮] ભાંગતે **તોય**[૯] રહ્યું ત્યાંયે રે...૦૪

આવે ન જાયે રે, અખંડ એ અનાદિ રે, જેહ સ્થિર અસ્થિર તે નવ થાયે રે;
નિષ્કુળાનંદ રે, લેર્ય આનંદની રે, ઉપની તે સાગર માંયે સમાય રે...૦૫

● **૧.** પરપોટા ● **૨.** દાનવ ● **૩.** નારી ● **૪.** પાણી ● **૫.** જુદી ● **૬.** ઘડો ● **૭.** સમુદ્રની ● **૮.** ઘડો ● **૯.** પાણી

**૧૮૩	(પદ : પામ્યાં પામ્યાં રે ભવજળ)**

પામ્યાં પામ્યાં રે ભવજળ પાર, શ્રીહરિ સંત મળી...
**વામ્યાં વામ્યાં**[૧] રે દુઃખ અપાર... ટેક

**જામ્યાં**[૨] જામ્યાં રે સુખ ઉરમાંય... શ્રી૦ સર્યાં સર્યાં રે સર્વે કાજ ...શ્રી૦૧
ભર્યાં ભર્યાં રે **અભરે**[૩] આભ... શ્રી૦ ઠર્યાં ઠર્યાં રે પામી સુખઠામ ...શ્રી૦૨
લીધો લીધો રે પૂરણ લ્હાવ... શ્રી૦ દીધો દીધો રે જય **શિરપાવ**[૪] ...શ્રી૦૩
થઈ થઈ રે જગમાં જીત... શ્રી૦ ગઈ ગઈ રે અન્યની પ્રતીત ...શ્રી૦૪
લાવ્યા લાવ્યા રે **સાચો સત્સંગ**[૫]... શ્રી૦ ના'વ્યો ના'વ્યો રે અભાવ અંગ ...શ્રી૦૫
મોહ્યું મોહ્યું રે મન જોઈ નાથ... શ્રી૦ પ્રોયું પ્રોયું રે ચિત્ત એહ સાથ ...શ્રી૦૬
હુવો હુવો રે જય જયકાર... શ્રી૦ જુવો જુવો રે સુખ અપાર ...શ્રી૦૭
સહે સહે રે કોણ દુઃખ દ્વંદ્વ... શ્રી૦ કહે કહે રે નિષ્કુળાનંદ ...શ્રી૦૮

● **૧.** દૂર થયાં, ટળી ગયાં ● **૨.** જામ થયાં ● **૩.** પુષ્કળ, અઢળક ● **૪.** ઇનામ, રાજીપો ● **૫.** કારણ સત્સંગ

**૧૮૪ (રાગ : ગરબી)**

મારે આવ્યો અલૌકિક દાવ રે, કોઈ મુને શું કરશે...ટેક
મારે આવ્યો અલૌકિક દાવ રે, કોઈ૦ માથા સાટે વર્યા મેં તો માવ રે...કોઈ ૦૧
હવે બળે છે જગમાં બલાય રે... કોઈ૦ મેં તો ભેટ્યા છે ભૂધરરાય રે...કોઈ ૦૨
અતિ આનંદ થયો છે મારે અંગ રે... કોઈ૦ લાગ્યો રસિયાજીનો રંગ રે...કોઈ ૦૩
થઈ જગમાં અલૌકિક જીત રે... કોઈ૦ લાગી પૂરણ સલૂણા સાથે પ્રીત રે...કોઈ ૦૪
મારે વ્હાલે દીધું છે મને માન રે... કોઈ૦ મને કીધી સોહાગણ કહાન રે...કોઈ ૦૫
હવે થયો સંસારીડો ઝેર રે... કોઈ૦ બ્રહ્માનંદને વા'લેજી કીધી મહેર રે...કોઈ ૦૬

**૧૮૫ (રાગ : માલકોશ)**

બડ ભાગ્ય ખોલ ગયે મેરે શ્યામ, શ્રીજી વર તૂ ઈષ્ટ મમ સુખ કે ધામ...બડ ૦૧
મૈં ન કીનો સાધન તપ તીરથ, પ્રગટ મિલ દિયે મૂર્તિ ગામ...બડ ૦૨
સહજ મેં સહજાનંદ મિલન કિયો, કરકે રસબસ પૂરણકામ...બડ ૦૩
બાત બાત મેં ઢળ ગયે અઢળક, મુખોન્મુખ મિલે શ્રી ઘનશ્યામ...બડ ૦૪
દાસ કે દાસ અબ ભયો કૃતારથ, મૂર્તિ તેરી હૈ ઠરન કો ઠામ...બડ ૦૫

**૧૮૬ (રાગ : ત્રિરંગી રંગના એ ઝંડા ફરકાવજો)**

શ્રીજી વિજયના ધ્વજો ફરકાવજો, રસબસનાં સૂત્રો ગવાય;
સુણ ભાઈ કારણ સત્સંગમાં... ટેક

ગાજો ગાજો ગીત પ્યારા ઘનશ્યામનાં, લેજો લેજો લ્હાવ મળેલ આનંદના;
આજ મુમુક્ષુને હરખ ઊભરાય... સુણ ૦૧

ગજાવો **પડ**[૧] સત્ય જ્ઞાનના પ્રચારથી, બઢાવો જ્ઞાન અને ધ્યાન પ્રયાસથી;
જીવ સત્સંગના રંગે રંગાય... સુણ ૦૨

અનાદિમુક્તના ઉત્તમ જ્ઞાનનું, લીધું લીધું અમે પણ પ્રચારનું;
તો જ શ્રીજીના ઋણથી છુટાય... સુણ ૦૩

બનો બનો બળવાન સત્સંગમાં, રાચો રાચો તમે મૂર્તિના સુખમાં;
રહી મૂર્તિમાં બનો આઝાદ... સુણ ૦૪

ધરજો શૂરવીર થઈ ધ્યાન ઘનશ્યામનું, સુણજો વચન ભાઈ દાસાનુદાસનું;
તો જ દેહ તણા ભાવો ભુલાય... સુણ ૦૫

• ૧. બ્રહ્માંડ (વિશિષ્ટ અર્થમાં દેહભાવ)

**૧૮૭** **(રાગ : ખમાચ)**

આજની ઘડી રે ધન્ય આજની ઘડી;
મેં નીરખ્યા સહજાનંદ, ધન્ય આજની ઘડી...ટેક

કામ ક્રોધ ને લોભ વિષય, ન શકે નડી;
માવજી કેરી મૂર્તિ મારા, ચૈતન્યમાં ખડી...આજની ૦૧

જીવની બુદ્ધિ જાણી ન શકે, એ મોટી અડી;
સદ્‌ગુરુની દૃષ્ટિ થાતાં, વસ્તુ એ જડી રે...આજની ૦૨

ચોરાશી ચહુ ખાણમાં, હું થાક્યો આથડી;
અંતર હરિ શું એકતા થાતા, **દુગ્ધા**[1] દૂર પડી રે...આજની ૦૩

જ્ઞાન કૂંચી ગુરુ ગમ સે, ગયાં તાળાં ઊઘડી;
લાડુ સહજાનંદ નીરખતાં, મારી ઠરી આંખડી રે...આજની ૦૪

● ૧. પીડા

**૧૮૮** **(રાગ : તેરે દ્વાર ખડા ભગવાન)**

ઘેર ઘેર ફરી ઘનશ્યામ, અભય વર દે રે ખોળી;
ખરા સહજાનંદ ભગવાન, તેની જરૂર કરી લ્યો ઓળખાણ;
અભયવર દે રે ખોળી...ટેક

કોટિ દેવ ને અવતાર મહાન તે, હરિ દર્શન ઈચ્છનારા;
શ્રી ઘનશ્યામજી આવ્યા છે જો રે, ક્ષર અક્ષરથી ન્યારા રે;
ક્ષર અક્ષરથી ન્યારા,
તું થઈ જા ગરજવાન, કરી લે નિશ્ચય પ્રગટ પ્રમાણ...અભય ૦૧

આજે તારું તું સર્વસ્વ દઈ દે, તન મન ધન આ વેરા;
હાથ ગ્રહી હરિ ટાળી દેશે, જનમ મરણના ફેરા રે;
જનમ મરણના ફેરા,
હવે તું દેહરૂપ ના માન, તારું સાચું સ્વરૂપ પિછાન...અભય ૦૨

સ્વામિનારાયણ કારણ સર્વના, સદા પ્રગટ અવતારી;
નિજરૂપ કરી મૂર્તિમાં રાખે, સહજાનંદ સુખકારી રે;
સહજાનંદ સુખકારી,
દે છે મૂર્તિનું સુખ મહાન, રસબસ ભાવે બનો ગુલતાન...અભય ૦૩

અનાદિ સંગે રાખી તુજને, આનંદરસ વરસાવે;
એવા કૃપાળુ હરિના ગુણલા, દાસાનુદાસ નિત્ય ગાવે રે;
દાસાનુદાસ નિત્ય ગાવે,
તું મૂર્તિનું રાખી ધ્યાન, અભયવર લે રે થઈ સાવધાન...અભય ૦૪

**૧૮૯** **(રાગ : ધોળ)**

**ભાગ્ય**[1] જાગ્યાં રે આજ જાણવાં, થયા કોટિ કલ્યાણ;
ઉધારો ન રહ્યો એહનો, પામ્યા પ્રભુ પ્રગટ પ્રમાણ...૦૧

અનાથપણાનું મે'ણું ઊતર્યું, સદા થયા સનાથ;
ડર ન રહ્યો બીજા કોઈનો, ગ્રહ્યો હરિએ હાથ...૦૨

કંગાલપણું કે'વા ન રહ્યું, સદા મનાણું સુખ;
મસ્તી આવી રે અતિ અંગમાં, દૂર **પલાણાં**[2] દુઃખ...૦૩

અણસમજણ અળગી થઈ, સમી સમજાણી વાત;
**પાંપળા**[3] સર્વે **પરા**[4] પળ્યાં, મળ્યાં શ્રીહરિ સાક્ષાત્...૦૪

કસર ન રહી કોઈ વાતની, પામ્યા પ્રભુ પ્રગટ પ્રસંગ;
ખોટ મટીને ખાટ્ય થઈ, રહી ગયો છે રંગ...૦૫

ભૂધર મળતાં ભલું થયું, ફેરો ફાવ્યો આ વાર;
સુખ તણી સીમા તે શી કહું, મને **મોદ**[5] અપાર...૦૬

આજ આનંદ વધામણાં, હૈયે હરખ ન માંય;
અમળતી વાત તે આવી મળી, શી કહું સુખની સીમાય...૦૭

આજ અમૃતની હેલી થઈ, રહી નહિ કાંઈ ખોટ;
એક કલ્યાણનું ક્યાં રહ્યું, થયાં કલ્યાણ કોટ...૦૮

રાંકપણું તો રહ્યું નહિ, કોઈ મા કહેશો કંગાલ;
નિરધનિયા તો અમે નથી, મહા મળ્યો છે માલ...૦૯

કોણ જાણે આ કેમ થયું, આવ્યું અણચિંતવ્યું સુખ;
ઢાળો અલૌકિક ઢળી ગયો, હરિ મળ્યા મુખોમુખ...૧૦

ધન્ય ધન્ય અવસર આજનો, જેમાં મળિયા મહારાજ;
નિષ્કુળાનંદ ડંકો જીતનો, વાગી ગયો છે આજ...૧૧

● **૧.** કૃપા ● **૨.** ભાગી ગયાં ● **૩.** સર્વે તુચ્છ પદાર્થ ● **૪.** છેટા ● **૫.** આનંદ

### ૧૯૦　(રાગ : વાગે છે રે વાગે છે, વૃન્દાવન મોરલી)

આવ્યા છે રે આવ્યા છે, શ્રીજી મૂર્તિમાં રાખવાને આવ્યા છે;
સાથે સંકલ્પો પોતાના લાવ્યા છે... ટેક
પૂરણબ્રહ્મ જે એક જ અવતારી, તે જ સ્વયં સ્વરૂપી પધાર્યા છે... શ્રીજી ૦૧
શ્રુતિ સ્મૃતિ આદિ શાસ્ત્રોમાં જેને, નેતિ નેતિ કરી ગાયા છે... શ્રીજી ૦૨
મનુષ્ય જેવા થઈ વિચર્યા ભૂમિમાં, દૈવી જીવોને બહુ ભાવ્યા છે... શ્રીજી ૦૩
ધામોના ધામી ને નામોના નામીએ, સ્વામિનારાયણ મંત્રો જપાવ્યા છે... શ્રીજી ૦૪
સ્વમુખ વચનામૃત દિવ્ય વાણીના, પ્રેમેથી પાઠો પઢાવ્યા છે... શ્રીજી ૦૫
કરુણા કટાક્ષે દેહભાવ ટાળી, ઠરાવ સર્વે મુકાવ્યા છે... શ્રીજી ૦૬
મૂર્તિના સુખમાં રસબસ કરીને, શરણાગતને ન્યાલ બનાવ્યા છે... શ્રીજી ૦૭
મૂર્તિમાં રાખવાની કૃપા તે સાધ્યમાં, દિલના દરિયાવ કહાવ્યા છે... શ્રીજી ૦૮
શ્રીજી કૃપાળુએ શિર કર સ્થાપી, આ અમારા કહીને બોલાવ્યા છે... શ્રીજી ૦૯
પાય લળીને પ્રેમે દાસાનુદાસે, ઘનશ્યામ છબીલો રિઝાવ્યા છે... શ્રીજી ૧૦

### ૧૯૧　મહિમા ગીત

મહિમા, મહિમા, સૌનો મહિમા;
મહિમા મહિમા, સમજીએ મહિમા... ટેક
મહિમાથી ગુણો આવે, દોષો સર્વે ભાગી જાય;
મહિમાથી ભર્યા થવાય(૨), લુખ્ખાપણું તો જાય...મહિમા ૦૧

મહિમાથી સુખિયા થવાય, ઉદ્વેગ અશાંતિ જાય;
હતાશા ને નિરાશા(૨), લાખો ગાઉ દૂર જાય...મહિમા ૦૨

મહિમાથી કાર્યક્ષમતા ને, ઉત્સાહ વધી જાય;
ગમે તેવાં અઘરાં કામ(૨), સહેલાં સહેલાં થાય...મહિમા ૦૩

જો મહિમા સમજાય તો, અવળું કાંઈ ન લાગે;
ભાર, ભીડો ને તકલીફ(૨), ખોટું ક્યારે ન લાગે...મહિમા ૦૪

મહિમાની વાતો જોડો, અમહિમાની તોડો;
સ્વનો મહિમા છોડી સૌને(૨), રાજી કરવા દોડો...મહિમા ૦૫

જો મહિમા સમજાય તો, ગુણ લઈ શકાય;
મહિમાની દૃષ્ટિ થાયે તો(૨), અવગુણ ન લેવાય...મહિમા ૦૬

જેને જેટલું મહાત્મ્ય, તેને તેટલું જતન થાય;
મહિમા સમજ્યા વિના(૨), એક ડગલું ન ભરાય...મહિમા ૦૭

મહારાજ-મોટા, સંતો-ભક્તો, પોતે પણ છે એક;
ચારેયનું જો મહાત્મ્ય(૨), સમજે તો પહોંચે છેક...મહિમા ૦૮

ચાર સ્વરૂપનું મહાત્મ્ય, સમજવું જ પડશે;
ચારમાંથી એકેયનું જો(૨), ઓછું હશે તો નડશે...મહિમા ૦૯

સર્વોપરી, સર્વાવતારી, સર્વના કર્તા શ્રીજી;
સદાય દિવ્ય, પ્રગટ-પ્રત્યક્ષ(૨), સમજી કરો રાજી...મહિમા ૧૦

મોટાપુરુષની સાથે કરો, નિર્દોષ દિવ્ય આત્મબુદ્ધિ;
નેગેટિવની પૉઝિટિવ(૨), થઈ જાય સીધે સીધી...મહિમા ૧૧

સંબંધવાળા સંતો-ભક્તોમાં, શ્રીજી બિરાજે છે;
નિર્માની ને દાસ થાય(૨), તે સુખમાં રાચે છે...મહિમા ૧૨

કૃપા કરીને મૂર્તિમાં રાખ્યા, દેહ નહિ મુક્ત છીએ;
સ્વભાવ-પ્રકૃતિ ટળી જાય (૨), પુરુષોત્તમની દષ્ટિએ...મહિમા ૧૩

**૧૯૨ પદ-૧ (રાગ : સર્વે સખી જીવન)**

હાં રે સાકર સાકર, (૨) આ સાકરની ગુણે ગુણ રે;
કદી ન હોય, (૨) એમાં જરીએ **લૂણ**[૧] રે...૦૧

આ કારણ સત્સંગ, (૨) જે છે નર્યો પરભાવ રે;
ચાન્સ નહિ, (૨) આમાં અલ્પ અવરભાવ રે...૦૨

કાને સુણ્યું, (૨) દેહની આંખે જે દેખ્યું રે;
જોયું જાણ્યું, (૨) તે તો સર્વે લખ્યું રે...૦૩

દેખ્યું લખ્યું, (૨) વળી મુખે કરી જે બોલાય રે;
કાર્ય સત્સંગ, (૨) એ જ અવરભાવ કહેવાય રે...૦૪

આવ્યા ગયા, (૨) ભાઈ-ભાભી, માત-તાત રે;
દેહધારી, (૨) માટે છે સર્વે વાત રે...૦૫

અવરભાવ છે, (૨) વાસણા ને સૌ સ્થાન રે;
કાર્ય બધું છે, (૨) ભૂલવું જોશે નથી માલ રે...૦૬

નામ - ગામ - રૂપ, (૨) સ્થાન સર્વે છે લૌકિક રે;
મહારાજ - મુક્તો, (૨) કારણ સત્સંગ અલૌકિક રે...૦૭

• ૧. મીઠું

૧૯૩ **પદ-૨**

આ કારણ સત્સંગ, (૨) દિવ્ય અલૌકિક જાણો રે;
સ્હેજે સ્હેજે, (૨) અલૌકિક સુખને માણો રે...૦૧

આ મહારાજ કેવા, (૨) અલૌકિક સારનું સાર રે;
અલૌકિક છે, (૨) તેજ તેજના અંબાર રે...૦૨

સ્વામિનારાયણ, (૨) અલૌકિક જેનું નામ રે;
અનંત જીવોનાં, (૨) સરે અલૌકિક કામ રે...૦૩

ગોપાળબાપા, (૨) કેવા અલૌકિક મુક્ત રે;
એવા જ આજે, (૨) મળ્યા અલૌકિકે યુક્ત રે...૦૪

વરસે કૃપા, (૨) અનહદ અલૌકિક ભારી રે;
કરે જીવને મુક્ત, (૨) રીત અલૌકિક ન્યારી રે...૦૫

સાધનબુદ્ધિ, (૨) આ અલૌકિકે ન ધાર્યાં રે;
અનાદિમુક્તના, (૨) સિક્કા અલૌકિક માર્યા રે...૦૬

સંતો-ભક્તો, (૨) અલૌકિક છે આ સભા રે;
તેજોમય છે, (૨) અલૌકિક કોલ દીધા રે...૦૭

આનંદ આનંદ, (૨) અલૌકિક સુખ સુખ રે;
સમજો આવું, (૨) અલૌકિક તો નહિ દુઃખ રે...૦૮

૧૯૪ **યુવા શૌર્યગીત**

**(રાગ : જહાં ડાલ ડાલ સોને કી)**

કારણ સત્સંગ વિશ્વવ્યાપી, **SMVS** દ્વારા;
આ સંકલ્પ શ્રીજી તમારા... ગુંજે રોમે રોમ અમારા(૨)...ટેક

મહારાજ બાપા સદ્‌ગુરુ આવ્યા, પ્રચંડ સંકલ્પ કાજે;(૨)
અજોડ ઉપાસના ને સ્થિતિ અનાદિ, છડે ચોક પ્રવર્તે આજે,(૨)
ખૂણે વાત થતી નો'તી તે, થાય વગાડી ઢોલ નગારાં...
આ સંકલ્પ શ્રીજી તમારા... ગુંજે રોમે રોમ અમારા...૦૧

એકલે પંડે વિપત વેઠી, સહ્યાં કષ્ટો હરખાતાં;(૨)
વેણ કવેણ ને અપમાનો તો, કોઠે પડી ગયાં'તાં,(૨)
પાંજરેથી છૂટ્યો સિંહ, એવા બાપજી ગુરુ અમારા;
આ સંકલ્પ શ્રીજી તમારા... ગુંજે રોમે રોમ અમારા...૦૨

શરણે લઈને મહારાજ આપ્યા, ખાતાં વાળી દીધાં;(૨)
વર્તમાન ધરાવી દેહ પડાવી, મૂર્તિમાં રાખી લીધા,(૨)
એક એકને કર્યા સિંહ સમા, એકે લાખો બિચારાં;
આ સંકલ્પ શ્રીજી તમારા... ગુંજે રોમે રોમ અમારા...૦૩

શ્રીજી માટે જનમ અમારો, રોમ રોમ ભરી મસ્તી;(૨)
તન-મન-ધન સૌ ન્યોછાવર ને, કુરબાની છે સસ્તી,(૨)
આજ્ઞા થતાં કૂદી પડવું, એવી તક સદા ઝીલનારા;
આ સંકલ્પ શ્રીજી તમારા... ગુંજે રોમે રોમ અમારા...૦૪

મહારાજ બાપા સદ્‌ગુરુ બાપજી, આવ્યા મૂર્તિ દેવા;(૨)
વેપાર તમારો મૂર્તિ કેરો, કરવી અમારે સેવા,(૨)
લઈ માલ તમારો દેશ વિદેશે, નિમિત્ત થઈ ફરનારા;
આ સંકલ્પ શ્રીજી તમારા... ગુંજે રોમે રોમ અમારા...૦૫

## ૧૯૫ યુવાગીત

**(રાગ : મેરે દેશ કી ધરતી સોના ઊગલે)**

**SMVS** કાજે છે યુવાનો, આન બાન ને શાન... **SMVS** કાજે...(૨)
**SMVS** કાજે... **SMVS** કાજે... **SMVS** કાજે... આ **SMVS** કાજે...(૨)...ટેક

કોણ મળ્યું છે ? કેવા કર્યા છે ? મનન નિશદિન કરીએ રે;
મુક્ત અનાદિ કરીને રાખ્યા, માળામાં જ રહીએ રે,
દેહ નહિ હું મુક્ત અનાદિ, નથી હવે દેહધારી રે;
હું, મેં, મારું છોડી દઈએ, શ્રીજી અર્થે જીવી જઈએ રે...**SMVS** કાજે ૦૧

કારણ સત્સંગ મળ્યો કેવો, શિર સાટે રાખવા જેવો;
સર્વોપરી એક સ્વામિનારાયણ, નિષ્ઠા નિયમની દૃઢતા સેવો,
મહારાજ મોટા રાજી કરવા, અવસર આજે ઝડપી લેવો;
દિવ્યજીવન ને પવિત્રતાથી, વ્હાલાના બહુ વ્હાલા થાવો...**SMVS** કાજે ૦૨

બાપાશ્રીના સિદ્ધાંતોને, દેશ વિદેશે ફેલાવો;
સમય શક્તિ બુદ્ધિ આવડત, ગુરુ વચને સૌ રેલાવો,
ટાણું આવ્યું પ્રચાર કરવા, વિજય ધ્વજો બહુ લહેરાવો;
ગુરુ બાપજી રાજી કરવા, કૂદી પડો આગળ આવો...**SMVS** કાજે ૦૩

લોહી તણું આ બુંદ બુંદ ને, માથાં દેવાં હરખાય છે;
સ્ત્રી પુત્ર ને મિત્ર પરિવાર, તન મન ધન ન્યોછાવર છે,
જનમ ધર્યો છે શ્રીજી માટે, કારણ સત્સંગ જીવનભર છે;
સ્વામીશ્રીનું હૃદય અમે સૌ, અસ્મિતા આ ઘર ઘર છે...**SMVS** કાજે ૦૪

**૧૯૬　　　　(પદ : દરદ મિટાયા મેરા દિલ)**

દરદ મિટાયા મેરા દિલ કા, મોયે ઔષધ અમૃત પાયાં રે...ટેક
વૈદ્ય મિલ્યા વૃષરાજ ઘનશ્યામ, નાડી દેખન આયા;
જ્ઞાન ધ્યાન કી ગોલી રે દીની, રંચ ન રોગ રહાયા રે...દરદ ૦૧

ગયા રોગ મન ભયા નિરોગી, દિલ હરિવર દરશાયા;
હરિકૃષ્ણ પરબ્રહ્મ સનાતન, ભાવ સહિત મન ભાયા રે...દરદ ૦૨

મિટ્યા વિષય કા ડાઘ મનોરથ, મૂલ મરમ સમજાયા;
જન્મ-મરણ કા ઝઘડા રે છૂટ્યા, અંતર અલખ લિખાયા રે...દરદ ૦૩

યોગ ભક્તિ વૈરાગ્ય ત્યાગ કા, ચૂરણ ચારુ બનાયા;
દેવાનંદ કહે દયા કરી હરિ, ચરી હરિ આપે બતાયા રે...દરદ ૦૪

**૧૯૭　　　　(રાગ : દુર્ગા)**

સુન રહી મૈં બતિયાં હરિ કી, કહત હૈ મૂર્તિ મેં આને કી બાત... ટેક
નવલી પ્રીતકર શ્યામ બુલાતે, આ આ કરત પોકાર સબી આ;
દેખો રસબસ સુખ કી બહાર... સુન ૦૧

દિવ્ય સુખો કે બંબ ઊડત હૈ, ખીંચે વદત ઉચ્ચાર બની જા;
શ્રીજીમય કીટ ભ્રમર કે ન્યાય... સુન ૦૨

મૂર્તિ કે સુખ મેં ઝૂલ ઝૂલ કર, અનાદિ બન સાકાર ઠરી જા;
જૈસે ઘટ અરુ ઘૃત કે ન્યાય... સુન ૦૩

શ્રીજી આપ કો બિરદ બિચારે, કૃપા સે કરત સનાથ બનાયા;
તવ દાસન કે દાસ કો નિહાલ... સુન ૦૪

**૧૯૮　　　　(રાગ : મિશ્ર)**

દિવ્યજીવન આપી શ્રીજી, જીવમાંથી મુક્ત કર્યા;
મૂર્તિમાંહી રાખ્યા તે તો, હો અનાદિ મુક્ત ઠર્યા.
હો ખમ્મા, શ્રીજી પ્રાણપ્યારા... ટેક

ધામ થકી આવતાં 'ઘનુ', વ્હાલા તારે વારણે જાઉં;
અજબ કૃપા તારી યાચી, કલ્યાણકારી ગુણ ગાઉં... હો ખમ્મા, શ્રીજી ૦૧

ગગનસ્પર્શી શિખરવાળો, જુઓ મંદિર મહેલ રે;
સભા સહિત 'ઘનુ' બિરાજી, કરાવે લીલા લહેર રે... હો ખમ્મા, શ્રીજી ૦૨

શ્રીજી કેરા સિદ્ધાંતોમાં, બાપા નવા સૂર પૂરે;
દેશ ને વિદેશે સુણી, પ્રેમીજનો મસ્ત ફરે... હો ખમ્મા, શ્રીજી ૦૩

શ્રીજીબાપા સહુ રટે, આ સ્થાન બાપાતણું કહે;
જ્ઞાન ધ્યાને બળ પામે, શિર દેવા તાકી રહે... હો ખમ્મા, શ્રીજી ૦૪

નીડર સિદ્ધાંતવાદી થઈ, તન કરો કુરબાન રે;
દાસાનુદાસ કહે જરૂર પડે તો, આપો બલિદાન રે... હો ખમ્મા, શ્રીજી ૦૫

## ૧૯૯ (રાગ : તું તો હાલને મારે છેતરે)

શ્રીજી આવોને મારે આંગણે, હો રસ ભરિયા... ટેક

રસ ભરિયા રે તમે રસ રેલાવા, રમઝમ કરતા આવો;
તમારી મૂર્તિનો રસ પીનારા, દિવ્ય મુક્તોને સંગ લાવો... રે હો ૦૧

હર્ષ ભરીને વા'લા મીટ માંડીને, સ્નેહની જ્યોત જગાવો;
ઊપડતી છાતી સંગ મુને ભીડીને, પ્રેમે અધર રસ પાવો... રે હો ૦૨

રસની રીત વાલા હું નવ જાણું, લાડે કોડે શીખવાવો;
રોમે તે રોમમાં રસબસ કરીને, અનાદિ સંગે મિલાવો... રે હો ૦૩

નવીન નવીન રસ નિત્ય પિવરાવી, મુક્તોને બસ કહેવરાવો;
દાસાનુદાસને જાણી તમારો, થઈ રાજી એ રસમાં ઠેરાવો... રે હો ૦૪

## ૨૦૦ (રાગ : વ્હાલા વિનંતી સુણી અમારી)

વંદન કરું શ્રીજી પ્રાણપ્યારા, હે ભક્તિ ધર્મદુલારા... ટેક

તેજ તેજ તણો નહિ પાર, વળી ઐશ્વર્ય અપરંપાર રે;
છતાં મનુષ્યાકૃતિ ધરનારા... હે ભક્તિ ૦૧

સર્વ કારણના કારણ છો, વળી ઈશ તણા પણ ઈશ રે;
આપ મહિમા અપરંપારા... હે ભક્તિ ૦૨

શરણાગતના દેહાદિક ટાળી, ઘણા જન્મના કર્મને બાળી રે;
કરો મુક્ત અનાદિ સારા... હે ભક્તિ ૦૩

પ્રેમીજનોનાં કામ કર્યાં છે, કરો છો ને કરશો એ દયા છે રે;
સદા પ્રગટ પ્રગટ જન પ્યારા... હે ભક્તિ ૦૪
સાચો ભક્ત બનીને નામ જપશે, પ્રેમે સ્વામિનારાયણ ઉચ્ચરશે રે;
તેનાં દુઃખ સદા હરનારા... હે ભક્તિ ૦૫
આ લોકનાં દુઃખ કાપો છો, પરલોકે મૂર્તિસુખ દ્યો છો રે;
દાસાનુદાસને ન્યાલ કરનારા... હે ભક્તિ ૦૬

**૨૦૧ પદ-૧ (રાગ : ગરબી)**

જનમ સુધાર્યો રે હો મારો, મળિયા નટવર ધર્મ દુલારો;
કરુણા અતિશે રે હો કીધી, ભવજળ બૂડતાં બાંય ગ્રહી લીધી...જનમ ૦૧
મુજ પર અઢળક રે હો ઢળિયા, કરુણા કરી ઘેર બેઠા મળિયા...જનમ ૦૨
મન દૃઢ કરિયું રે હો મોરારી, હવે હું થઈ રહી જગથી ન્યારી...જનમ ૦૩
આનંદ ઉરમાં રે હો ભારી, શિર પર ગાજે ગિરિવર ધારી...જનમ ૦૪
નિરભે **નોબત**[૧] રે હો વાગી, કહે મુક્તાનંદ ભ્રમણા ભાંગી...જનમ ૦૫

● ૧. નગારું

**૨૦૨ પદ-૨**

ભ્રમણા ભાંગી રે હો હૈયાંની, નથી એ કેને વાત કહ્યાની;
વીતી હોય તે રે હો જાણે, અણ સમજ્યા મર ઈર્ષ્યા આણે... ભ્રમણા ૦૧
જે રસ મુનિવર રે હો માણે, વા'લે મારે સુગમ કર્યો આ ટાણે... ભ્રમણા ૦૨
પ્રેમીજનનો રે હો પ્યારો, મુજને મળિયા ધર્મ દુલારો... ભ્રમણા ૦૩
મહારસ મુજને રે હો આપ્યો, સંશય ભ્રમ સમૂળો કાપ્યો... ભ્રમણા ૦૪
હવે હું મહાસુખ રે હો પામી, મળિયા મુક્તાનંદના સ્વામી... ભ્રમણા ૦૫

**૨૦૩ પદ-૩**

મહાસુખ મુજને રે હો આપ્યું, સંકટ જન્મ-મરણનું કાપ્યું;
પુણ્ય પૂરવનાં રે ઓ મળિયાં, મળતાં તાપ હૃદયનાં ટળિયાં...મહા ૦૧
દર્શન દુર્લભ રે હો પામી, હવે મારી સકળ વેદના વામી...મહા ૦૨
આનંદ ઉરમાં રે હો ભારી, હવે હું ન રહું કોઈની વારી...મહા ૦૩
હરિસંગ હેતે રે હો બંધાણી, હવે મને ન ગમે બીજી વાણી...મહા ૦૪
**અખંડ એવાતન**[૧] રે હો દીધું, કહે મુક્તાનંદ કારજ સીધું...મહા ૦૫

● ૧. અખંડ સનાથપણું

**૨૦૪** **પદ-૪**

બાંય ગ્રહી છે રે હો વા'લે, કરુણા કરી નટવર ધર્મલાલે;
હવે નહિ કોઈની રે ઓશિયાળી, શિર પર મુક્તપતિ વનમાળી... બાંય ૦૧
અનાદિમુક્તોના રે હો સ્વામી, મુજને મળિયા અંતરજામી...બાંય ૦૨
ઘેર ઘેર લોકડાં રે હો કહે છે, મેણું મુને ધર્મનંદનનું દે છે...બાંય ૦૩
લાજ ન મનમાં રે હો આણું, અતિશે ભાગ્ય ભલું કરી જાણું...બાંય ૦૪
કોઈ વિધિ ન રહી રે હો ખામી, મળિયા મુક્તાનંદના સ્વામી...બાંય ૦૫

**૨૦૫** **(રાગ : લાવણી)**

મારે મંદિર પધાર્યા, શ્યામ થઈ **બડભાગી**[૧];
મારે હરિવર સાથે, હેત શું લગની લાગી...૦૧

મારા મનની પૂરી હામ, કૃતારથ કીધી;
ભવ બૂડતાં મારી, બાંહ્ય ગ્રહીને લીધી...૦૨

મારા મનમાં વસિયા માવ, તાપ સર્વે ટાળ્યાં;
મને મગન કરી મહારાજ, દુર્ગપુર ચાલ્યા...૦૩

મને કરવું ન સૂઝે કામ, કહો કેમ કરીએ;
જબ મિલે ન સહજાનંદ, ઠામ ક્યાં ઠરીએ...૦૪

એ સુખની શી કહું વાત, કહી નથી જાતી;
એ સુખ સંભારતાં આજ, ફાટે મારી છાતી...૦૫

કહે યોગાનંદ મુનિરાય, ભજી લ્યો પ્રીતે;
નહિ આવે જમના દૂત, શાસ્ત્રની રીતે...૦૬

● ૧. કૃપાવાન

**૨૦૬** **સાવની ગીત (રાગ : ઝૂલા ઝૂલે સાવન મેં)**

જિયા ઝૂલે જીવન મેં, આવો રખે શ્રીજી અંગન મેં...ટેક
મહાત્મ્યરૂપી શુભ બાગ લગાયો, જ્ઞાન વૃક્ષ પે ઝૂલા સજાયો;
સ્નેહન કી દોરી સે બંધાયો, મગન ભયે ઝૂલન મેં આવો...જિયા ૦૧

આત્યંતિક મોક્ષ કી ઋતુ હર્ષાવત, પ્રગટ ભયે શ્રીજી દેત સખાવત;
મુક્તન કે સંગ શ્યામ ઝુલાવત, લીન કિયે સુખન મેં આવો...જિયા ૦૨

પ્રાણ પિયા રે મસ્ત હે સાજન, જીન કું મિલે વો ભયે સોહાગન;
પ્રીત કરત હૈ સુખ મેં ડુબાવન, બૈઠે સુખ સાગર મેં આવો...જિયા ૦૩
નયે પ્રેમ કો પાઠ પઢાઓ, અનાદિમુક્ત કે સંગ ઠેરાયો;
દાસ કે દાસ કો નિહાલ બનાયો, સુખ દિયો સહેજન મેં આવો...જિયા ૦૪

**૨૦૭ (રાગ : આવ્યા રસિકવર છેલડો)**

આપે આશિષ અલબેલડો ને સુણો કૃપા ભર્યા એના બોલ રે;
કહે છે વ્હાલો કરી કૃપા રે.
અક્ષરધામ થકી આવિયો ને; લઈ મારા સંકલ્પોને ખાસ રે... કહે છે ૦૧
અનંત ભગવાન જે થઈ ગયા; તે સર્વેનો હું ભગવાન રે... કહે છે ૦૨
મનુષ્ય જેવો થઈ વિચરું; કરવા આત્યંતિક કલ્યાણ રે... કહે છે ૦૩
છોડાવી કાળ, માયા પાશથી; જીવોને કરવા મુજ આશ્રિત રે... કહે છે ૦૪
મારા આશ્રિત સહુ પાળજો; તમે પૂરા પાંચે વર્તમાન રે... કહે છે ૦૫
નક્કી નકોર નિશ્ચય રાખજો; નથી મુજ વિના કોઈ ભગવાન રે... કહે છે ૦૬
મારા આશ્રિત આ લોકમાં; અન્ન વસ્ત્રે દુઃખી નહિ થાય રે... કહે છે ૦૭
**સાત દકાળી**[1] જેવું આવશે; નહિ ઊગર્યાનો કોઈ ઉપાય રે... કહે છે ૦૮
તોપણ જાળવીશ મારા જનને; કોલ મારો મિથ્યા નહિ થાય રે... કહે છે ૦૯
કલ્યાણ તમારું મેં તો કરી દીધું; હવે માનશો મા કાંઈ ઓછ રે... કહે છે ૧૦
નક્કી રાખ્યા છે તમને મૂર્તિમાં; કરી દીધા છે મુજ આકાર રે... કહે છે ૧૧
પૂરણ પદવીને પામિયા; હવે પ્રાપ્તિમાં નહિ ફેરફાર રે... કહે છે ૧૨
**અમલ**[2] ભર્યા સહુ ઉચ્ચરો; હવે અધૂરું ન રહ્યું કાંઈ રે... કહે છે ૧૩
પુરુષોત્તમરૂપ કરી દીધા; તેજ કોટિ રવિ શશી સમ રે... કહે છે ૧૪
સ્થિતિ તે કરવાને કારણે; કરો મુજ સ્વરૂપનું ધ્યાન રે... કહે છે ૧૫
ધ્યાન કરવાથી વધે પાત્રતા ને; વધે સુખ સામર્થી પ્રકાશ રે... કહે છે ૧૬
નવાં સુખો નિત્ય આવશે; ધ્યાન કરશે તેને સદાય રે... કહે છે ૧૭
ઝીલો વચન સહુ પ્રેમથી; એમ કહે છે દાસાનુદાસ રે... કહે છે ૧૮

● ૧. સાત દુકાળ ● ૨. કેફ

**૨૦૮ (રાગ : ધોળ)**

આનંદ આપ્યો અતિ ઘણો રે, આ સમામાં અલબેલ,
પુરુષોત્તમ પ્રગટી રે... ટેક

અમૃતના સિંધુ ઊલટ્યા રે, રંગડાની વાળી છે રેલ... પુરુષોત્તમ ૦૧
નિરભેની **નોબત્યું**[1] વાગિયું રે, મળિયા મોહનરાય... પુરુષોત્તમ ૦૨
વિધ વિધ થયાં વધામણાં રે, કસર ન રહી કાંય... પુરુષોત્તમ ૦૩
ખોટ ગઈ છે ખોવાઈને રે, જીત્યાના જાંગી ઢોલ... પુરુષોત્તમ ૦૪
દુઃખ ગયું બહુ દિનનું રે, આવિયું સુખ અતોલ... પુરુષોત્તમ ૦૫
કળશ ચઢાવ્યો કલ્યાણનો રે, સૌનાં મસ્તક પર મોડ... પુરુષોત્તમ ૦૬
ધન્ય ધન્ય આ અવતારીને રે, જોવા રાખી નહિ જોડ... પુરુષોત્તમ ૦૭
સહુની પારે સહુ ઉપરે રે, એવી ચલાવી છે રીત... પુરુષોત્તમ ૦૮
નો'તી દીઠી નો'તી સાંભળી રે, પ્રગટાવી એવી પુનિત... પુરુષોત્તમ ૦૯
સર્વેના સ્વામી શ્રીહરિ રે, સર્વેના કહાવિયા શ્યામ... પુરુષોત્તમ ૧૦
સર્વેના નિયંતા નાથજી રે, સર્વેનાં કરિયાં કામ... પુરુષોત્તમ ૧૧
સ્વામિનારાયણ નામનો રે, સિક્કો બેસાડ્યો આપ... પુરુષોત્તમ ૧૨
એ નામને જે આશર્યા રે, તેનાં તે ટળ્યા તાપ... પુરુષોત્તમ ૧૩
ધામી જે અક્ષરધામના રે, તેણે આપ્યો છે આનંદ... પુરુષોત્તમ ૧૪
અખંડ આનંદ આપી જીવને રે, કાપ્યા ભારે ભવફંદ... પુરુષોત્તમ ૧૫
ખાતાં વળાવ્યાં ખોટનાં રે, ખરી કરાવી છે ખાટ્ય... પુરુષોત્તમ ૧૬
બંધ કીધાં બીજાં બારણાં રે, વહેતી કીધી મૂર્તિવાટ... પુરુષોત્તમ ૧૭
**તમ**[2] ટાળ્યું ત્રિલોકનું રે, પ્રકાશી પૂરણ બ્રહ્મ... પુરુષોત્તમ ૧૮
અંધારું રહ્યું'તું આવરી રે, તે ગયું થયું સુગમ... પુરુષોત્તમ ૧૯
સૂરજ સહજાનંદજી રે, આપે થયા છે ઉદ્યોત... પુરુષોત્તમ ૨૦
પૂર્વની દિશાએ પ્રગટ્યા રે, ખોટા કર્યા તે **ખદ્યોત**[3]... પુરુષોત્તમ ૨૧
અષાઢી મેઘે આવી કર્યા રે, ઝાઝાં બીજાં ઝાકળ... પુરુષોત્તમ ૨૨
પૂર ચાલ્યાં પૃથ્વી ઉપરે રે, ધોયા ધરતીના મળ... પુરુષોત્તમ ૨૩
ગાજવીજ ને વરસવું રે, અગમ સુગમ કર્યું સોય... પુરુષોત્તમ ૨૪
સહુ જનને સુખ આપિયું રે, દુઃખી રહ્યું નહિ કોય... પુરુષોત્તમ ૨૫
ધર્મનો ઢોલ સુણાવિયો રે, દેવા લાગ્યા પોતે દાત... પુરુષોત્તમ ૨૬
દુર્બળનાં દુઃખ કાપિયાં રે, ન જોઈ જાત કુજાત... પુરુષોત્તમ ૨૭
ધન્ય ધન્ય મારા નાથજી રે, ધન્ય ઉદ્ધારિયા જન... પુરુષોત્તમ ૨૮

ધન્ય ધન્ય આ અવતારીને રે, ભલે મળ્યા ભગવાન... પુરુષોત્તમ ૨૯
વારી વારી જાઉં વારણે રે, કર્યાં અમારાં કાજ... પુરુષોત્તમ ૩૦
ઘણે હેતે ઘનશ્યામજી રે, મળ્યા અલબેલો આજ... પુરુષોત્તમ ૩૧
કહીએ મુખેથી કેટલું રે, આપ્યો છે જે આનંદ... પુરુષોત્તમ ૩૨
નિષ્કુળાનંદ જાય વારણે રે, સહેજે મળ્યા સહજાનંદ... પુરુષોત્તમ ૩૩

● ૧. મોટું નગારું ● ૨. અંધકાર ● ૩. આગિયું, રાત્રિના અંધકારમાં ચમકતું એક સૂક્ષ્મ જીવડું

## ચોસઠપદી

**૨૦૯** **(નિષ્કુળાનંદ કાવ્ય)**

### પદ-૧

માનો મળી છે મોટી વાત, હાથ આવી તે મા હારજો રે;
કરી જતન દિવસ રાત, સૂતાં બેઠાં સંભારજો રે...૦૧

સાચો મળ્યો છે સત્સંગ, અંગે અચળ કરી રાખજો રે;
રખે ચડે બીજાનો રંગ, એવું ડહાપણ દૂર નાખજો રે...૦૨

લઈ બેઠા છો મોટો લાભ, ભેટી પૂરણ બ્રહ્મને રે;
નહિ તો દુઃખનો ઉગત ડાભ, માની લેજો એ મર્મને રે...૦૩

આજ પામ્યા છો આનંદ, વામ્યા **દારુણ**[1] દુઃખને રે;
એમ કહે નિષ્કુળાનંદ, રખે મૂકતા એવા સુખને રે...૦૪

● ૧. તીવ્ર, સખત

**૨૧૦** **પદ-૨**

ઘણા મોંઘા જે ઘનશ્યામ, ના’વે નજરે ન મળે કોઈને રે;
અક્ષરધામવાસી **આઠું જામ**[1], જેને રહ્યા છે જોઈને રે...૦૧

અતિ થઈને દીન આધીન, નિત્ય નમાવે છે શીશને રે;
લગની લગાડી લેલીન, જોઈ રહ્યા છે જગદીશને રે...૦૨

એવા મુક્તને મળવા કાજ, મોટા ઈચ્છે મનમાં રે;
અક્ષર, બ્રહ્મ ને ઈશ્વર, તે તો તલસે છે તનમાં રે...૦૩

એવા દેવતાને દર્શન, થાતાં નથી કોઈ વાતમાં રે;
નિષ્કુળાનંદ વિચારો મન, આવો રહસ્ય બેસી એકાંતમાં રે...૦૪

● ૧. આઠ પહોર

**૨૧૧** **પદ-૩**

કિયાં જીવ કિયાં જગદીશ, જાણો જૂજવી એ જાત છે રે;
મર આપિયે સો સો શીશ, તોયે વણ મળ્યાની વાત છે રે...૦૧

કિયાં કીડી **કરિ**[1] મેળાપ, ભેળો થાવા ભારે ભેદ છે રે;
કિયાં પૂર્ણ પુરુષોત્તમ આપ, કિયાં જીવ જેને બહુ કેદ છે રે...૦૨

અતિ અણમળ્યાનું એહ, મળવું માયિક અમાયિકને રે;
તે તો દયા કરી ધરી દેહ, આવે ઉદ્ધારવા અનેકને રે...૦૩

તૈંયે થાય એનો મેળાપ, જ્યારે નરતને દેખાય નાથજી રે;
કહે નિષ્કુળાનંદ આપ, ત્યારે મળાય એને સાથજી રે...૦૪

● ૧. હાથી

**૨૧૨** **પદ-૪**

એવા મળ્યા છે જો મહારાજ, જે કોઈ સર્વેના શ્યામ છે રે;
વળી રાજા એ અધિરાજ, એને આધાર સૌ ધામ છે રે...૦૧

ધામ ધામના જે રહેનાર, હજૂર રહે છે જોડી હાથને રે;
કરી **આરત્ય**[1] શું ઉચ્ચાર, શીશ નમાવે છે નાથને રે...૦૨

અક્ષર, બ્રહ્મ ને પુરુષ, દેવ અદેવ રહે છે પૂજતા રે;
જેની આજ્ઞામાં અહોનિશ, શશી સૂરજ રહે છે ફરતા રે...૦૩

કંપે કાળ માયા મનમાંય, અતિ ઘણું અંતરમાં રે;
કહે નિષ્કુળાનંદ કાંય, તું પણ ડરને તેના ડરમાં રે...૦૪

● ૧. આરતી

**૨૧૩** **પદ-૫**

એની આગળ જો આપણ, કોણ ગણતીમાં આવિયે રે;
શીદ ડો'ળીને ડહાપણ, સમજુ શિયાણા હસાવિયે રે...૦૧

જેણે રચ્યું આ જગત, જોને જૂજવી એ જાત્યનું રે;
જોતાં મૂંઝાઈ જાય મત, એવું કર્યું ભાતભાતનું રે...૦૨

એણે કર્યું એવું એક, થાય નહિ જરૂર જાણિયે રે;
વણકર્યે એ વિવેક, શીદ અભિમાન આણિયે રે...૦૩

મેલી ડા'પણ ભોળાપણ, રહીએ દાસના દાસ થઈને રે;
કહે નિષ્કુળાનંદ આપણ, તો બેસિયે લાભ લઈને રે...૦૪

**૨૧૪ પદ-૬**

સમું સમજે શોધતાં એવા, જોતાં ઝાઝા નવ જડે રે;
જેને ન આવડે અવળું લેવા, વણતોળી વિપત્ય જો પડે રે...૦૧

માન મોટપ ને મારતા મૂકે, ગમતું ઘનશ્યામનું જાણી રે;
ચોટ નિશાન ઉપરથી ન ચૂકે, પરલોકે પ્રતીતિ આણી રે...૦૨

કોઈ કાળે જો કામ પોતાનું, **વણસાડે**[1] નહિ વળી રે;
કપટે કદીયે ન રાખે છાનું, મોટા સંતને મળી રે...૦૩

એવા જન જગતમાં જાણો, ઘર ઘર ઘણા ન હોય રે;
નિષ્કુળાનંદ કહે પરમાણો, સાચા સંત કા'વે સોય રે...૦૪

● ૧. બગાડવું

**૨૧૫ પદ-૭**

આ લોકની જેણે આશા તજી છે, પરલોકના સુખ સારુ રે;
તેણે કરી હરિભક્ત રાજી છે, સંસાર સુખ થયું ખારું રે...૦૧

ચૌદલોક ને ચતુરધા લગી, જગમાં જે જે કહેવાય રે;
સર્વે ઠેકાણે અગનિ સળગી, દેખે તપતા ત્યાંય રે...૦૨

ઠરવા ઠાઉકું ઠામ ન સૂઝે, કહો સુખ ક્યાં મનાય રે;
કાળ માયાથી સહુ રહ્યા ધ્રૂજે, હરિનાં ચરણ સિવાય રે...૦૩

એમ અહોનિશ અંતરમાંઈ, વરતે છે વૈરાગ્ય રે;
નિષ્કુળાનંદ કહે તેને કાંઈ, કઠણ નો'ય કરવું ત્યાગ રે...૦૪

**૨૧૬ પદ-૮**

એવા જનની ઉપર હરિ, રાજી છે મુક્તપતિ રે;
જેણે ભક્તિ ભાવે શું કરી, ફરે નહિ કે'દી મતિ રે...૦૧

શરીરનાં સુખ સર્વે ત્યાગી, વાધી પ્રભુ સાથે પ્રીતિ રે;
જેની લગની લાલ શું લાગી, તે તો રહ્યા જગ જીતી રે...૦૨

કપટ રહિત શ્રીજીની સેવા, જાણજ્યો જે જને કરી રે;
પ્રભુના પદને પામિયા એવા, આ ભવજળ ગયા તરી રે...૦૩

તેમાં સંશય લેશ મ લાવો, પૂરણ પ્રતીતિ આણો રે;
નિષ્કુળાનંદ કહે નિરદાવો, જેના જીવમાં જાણો રે...૦૪

**૨૧૭** **પદ-૯**

એવાને સંગેથી મૂર્તિધામે, જવાય છે જો જરૂર રે;
બીજાને સંગે તો સુખ ન પામે, દુઃખ રહે ભરપૂર રે...૦૧

જેને જાવું હોય જમને હાથે, દક્ષિણ દેશની માંય રે;
તે તો સુખે રહો કપટી સાથે, તેનું કહેતા નથી કાંય રે...૦૨

પણ જાવું જેને પ્રભુજી પાસે, થઈ કરવો તપાસ રે;
અંતર બીજો તજવો આશે; થઈ રહેવું હરિના દાસ રે...૦૩

આવી વાત અંતરે ઉતારી, કરી લેવું નિજ કામ રે;
નિષ્કુળાનંદ કહે વિચારી, તો પામિયે હરિધામ રે...૦૪

**૨૧૮** **પદ-૧૦**

જેહ ધામને પામીને પ્રાણી, પાછું પડવાનું નથી રે;
સર્વોપરી છે સુખની ખાણી, કેવું કહિયે તેને કથી રે...૦૧

અનંત મુક્ત જ્યાં આનંદે ભરિયા, રહે છે મૂર્તિમાં ખાસ રે;
સુખ સુખ જ્યાં સુખના દરિયા, ત્યાં વસી રહ્યા વાસ રે...૦૨

તેજ તેજ જ્યાં તેજ અંબાર, તેજોમય તન તેનાં રે;
તેજોમય જ્યાં સર્વે આકાર, શું કહિયે સુખ એનાં રે...૦૩

તે તેજ મધ્યે સિંહાસન શોભે, તિયાં બેઠા બહુનામી રે;
નિષ્કુળાનંદ કહે મન લોભે, પૂરણ પુરુષોત્તમ પામી રે...૦૪

**૨૧૯** **પદ-૧૧**

એવા ધામની આગળ બીજાં, શી ગણતીમાં ગણાય રે;
મહાપ્રલયકાળના અગ્નિમાં સીજાં, હંમેશ જે હણાય રે...૦૧

પ્રકૃતિ પુરુષ પ્રલયમાં આવે, ભવ બ્રહ્મા ન રહે કોય રે;
ચૌદલોક ધામ રહેવા ન પાવે, સર્વે સંહાર હોય રે...૦૨

જેમ **કડાયામાં**[1] કણ ઊછળે છે, ઊંચાનીચા અગ્નિ જ્વાળે રે;
તેમ જ તનધારી બળે જે, સ્વર્ગ મૃત્યુ ને પાતાળે રે...૦૩

માટે સુખ નથી કિયાં માને, પ્રભુજીનાં પદ **પખી**[૨] રે;
નિષ્કુળાનંદ કહે ભૂલે છે શાને, લે વાત આવી તે લખી રે...૦૪

● ૧. મોટી કડાઈમાં ● ૨. સિવાય

**૨૨૦ પદ-૧૨**

એવા ધામને પામવા કાજ, અવસર અમૂલ્ય આવ્યો;
આવ્યો સુખનો મળી સમાજ, ભલો અતિ મન ભાવ્યો...૦૧

ભાવ્યો એ રસ જેહને ઉર, તેણે પીવા પ્યાસ કરી;
કરી દેહબુદ્ધિ વળી દૂર, એક ઉર રાખ્યા હરિ...૦૨

હરિ વિના રાખ્યું નહિ કાંય, અસત્ય જાણી આપે;
આપે વિચાર્યું અંતરમાંય, તેહ તપે નહિ તાપે...૦૩

તાપે તપતાં જાણી ત્રિલોક, ઈચ્છા ઉરથી તજી;
તજી નિષ્કુળાનંદ સંશય શોક, ભાવે લીધા પ્રભુને ભજી...૦૪

**૨૨૧ પદ-૧૩**

ભજી ભલી ગઈ છે જો વાત, પુરુષોત્તમને પામી;
પામી પ્રગટ પ્રભુ સાક્ષાત્, કહો કાંઈ રહી ખામી...૦૧

ખામી ભાંગી ખરી ખાય, ખોયા દી'ની ખોટ્ય ટળી;
ટળી ગયા સર્વે ઉચાટ, શ્રી ઘનશ્યામ મળી...૦૨

મળી મોજ અલૌકિક આજ, આવ્યું સુખ અતિ અંગે;
અંગે કરવું ન રહ્યું કાજ, મળી મહારાજ સંગે...૦૩

સંગે રહીશ હું તો સદાય, સુખકારી શ્યામ જાણી;
જાણી નિષ્કુળાનંદ મનમાંય, રહું ઉર આનંદ આણી...૦૪

**૨૨૨ (રાગ : કૃપા કરીને મૂર્તિમાં રાખ્યા)**

મોજમાં રહેજો, મોજમાં રહેજો, મોજમાં રહેજો રે;
આનંદ ઉમંગે મૂર્તિમાં રહી, (૨) કેફમાં રહેજો રે... ટેક

છ વાતુંને નિત્ય સંભારી, અલમસ્ત રહેજો રે;
એકલા કે સહુ સાથે મળી, (૨) એકબીજાને કહેજો રે,
કરી દેજો પાકું રે (૨)...મોજમાં ૦૧

સહજમાં આનંદ પમાડે એવા, મળ્યા સહજાનંદ પોતે રે;
સર્વોપરી સ્વામિનારાયણ મળ્યા, (૨) થયું પૂરું પૂરું પૂરું રે,
નથી કાંઈ અધૂરું રે (૨)...મોજમાં ૦૨

અખંડ મૂર્તિમાં રહી સુખ લેતા, દિવ્ય ગુરુ મળ્યા રે;
પોતાના કરીને હાથ ઝાલ્યો, (૨) ખોટ ખાતાં ટાળ્યાં રે,
સુખ સુખથી ભર્યા રે (૨)...મોજમાં ૦૩

ગુરુ મરજીમાં ટુક ટુક થાવું, દેવો જીવ જોડી રે;
શું ન થાય હવે એના માટે, (૨) દુઃખ દા'ડા નાખે તોડી રે,
દેવું મનધાર્યું છોડી રે (૨)...મોજમાં ૦૪

જીવમાંથી મુક્ત કર્યા હરિએ, ખૂબ ગયા ફાવી રે;
દેહરૂપ નથી મૂર્તિરૂપ છું, (૨) સુખ પામ્યાની ચાવી રે,
સુવર્ણ ઘડી આવી રે (૨)...મોજમાં ૦૫

સંતો ભક્તો છે દિવ્ય મુક્તો, કરવી દિવ્ય પ્રીતિ રે;
દર્શન સેવા મળે જ ક્યાંથી, (૨) આ પરભાવની રીતિ રે,
અહોહોભાવમાં રહેજો રે (૨)...મોજમાં ૦૬

દાસભાવે ખૂબ પ્રાર્થના કરો, કગરી કગરી રે;
વાંક ગુનાને માફ કરી, (૨) વ્હાલા દયા દિલ ધરી રે,
ન્યાલંન્યાલ કર્યા રે (૨)... મોજમાં ૦૭

•••

# મુમુક્ષુતાનાં પદો

**૨૨૩ (રાગ : વૈષ્ણવ જન તો તેને રે)**

મુમુક્ષુ જન તો તેને રે કહીએ, જે કેવળ મોક્ષને ઈચ્છે રે;
સત્પુરુષના સંગમાં રહીને, પ્રગટ પ્રભુજીને પ્રીછે રે... ટેક

મોક્ષમાર્ગમાં વિઘ્ન કરનારા, ચાડી નિંદા ટીકાદિક ત્યજે રે;
મનોવિકારને દૂર કરીને, સાક્ષાત્કાર થવા હરિ ભજે રે... મુમુક્ષુ ૦૧

વિષયી પામર જીવોમાંથી, કેવળ ગુણને ગ્રહે છે રે;
બરોબરિયા સંગ સખાભાવથી, હિતકારી વાત કહે છે રે... મુમુક્ષુ ૦૨

નાની મોટી શ્રીજી આજ્ઞા, શૂરવીર થઈને પાળે રે;
કામ ક્રોધાદિ અંતર શત્રુ, ગુરુમુખી થઈ ટાળે રે... મુમુક્ષુ ૦૩

શ્રીજી બિન અન્ય સંકલ્પોને, નિત્ય **નામા મેળે**[1] ગાળે રે;
પોતાના દોષોને જાણી, પૂરા પ્રયત્ને ટાળે રે... મુમુક્ષુ ૦૪

અવગુણ કોઈમાં હોવા છતાં પણ, પ્રેમાળ દૃષ્ટિએ જુએ રે;
નિષ્કામી થઈ ભક્તિ પ્રભુની, કરી આશામાત્રને ખુએ રે... મુમુક્ષુ ૦૫

શ્રીજી ને મુક્તોનો મહિમા, કહેવે તૃપ્તિ ન પામે રે;
તેવાં લક્ષણ ગુણ મેળવવા, યત્ન કરે આઠું જામે રે... મુમુક્ષુ ૦૬

પોતાથી મોટાનાં વચનો, સુણવા એકાગ્ર થાવે રે;
વાણી વર્તન જોઈ સાંભળી, સ્વ જીવન સંગ સરખાવે રે... મુમુક્ષુ ૦૭

ગુરુ બનવાની ઈચ્છા ત્યાગી, આજીવન સેવક રહાવે રે;
શિષ્ય સેવક ને દાસ બનીને, મૂર્તિરૂપ થઈ હરિ ધ્યાવે રે... મુમુક્ષુ ૦૮

ઘનશ્યામ પ્રભુની મૂર્તિ ધ્યાને, નિત્ય નવો શ્રદ્ધાવાન થાયે રે;
તેવાં સુખડાં મુમુક્ષુ પામે, દાસાનુદાસ એમ ગાયે રે... મુમુક્ષુ ૦૯

• ૧. નામું રાખીને

**૨૨૪ (પદ : કોઈ રાજી કરે કે ના કરે)**

કોઈ રાજી કરે કે ના કરે, મારે રાજી તમને કરવા છે;
કોઈ દૃઢતા કરે કે ના કરે, મારે સમજણની દૃઢતા કરવી છે... ટેક

મનનું ગમતું મૂકીને પ્રભુજી, મારે ગમતું તમારું કરવું જ છે;
કોઈ રુચિમાં રહે કે ના રહે, મારે રુચિમાં સદાય રહેવું છે... કોઈ રાજી ૦૧

મહિમા સભર થઈ દિવ્યભાવે, ગુણ તમારા ગાતો ફરું;
કોઈ સેવા કરે કે ના કરે, મારે સેવા તમારી કરવી જ છે... કોઈ રાજી ૦૨

મારા સ્વરૂપનો લય કરીને, તમારા સ્વરૂપમાં લેલીન થાવું;
કોઈ દાસ બને કે ના બને, મારે દાસાનુદાસ બનવું જ છે... કોઈ રાજી ૦૩

કૃપા કરી તવ બિરદ જાણી, મૂર્તિના સુખમાં રાખ્યા જ છે;
કોઈ ધ્યાન ધરે કે ના ધરે, મારે ધ્યાન તમારું ધરવું જ છે... કોઈ રાજી ૦૪

તવ ચરણની રજ બનીને, મહાપથારી સુધી રહેવું જ છે;
કોઈ વિઘ્નો આવે કે ના આવે, મારે રાજી તમને કરવા છે... કોઈ રાજી ૦૫

### ૨૨૫ (રાગ : મુખડાંની માયા લાગી રે)

સાચું સગું સાચું નાણું રે, હરિવર મારા;
સહજાનંદ સ્વામી મારા, ઘનશ્યામ પ્રાણપ્યારા,
વરવાનું આવ્યું ટાણું રે, હરિવર મારા...ટેક

અખંડ **એવાતન**[1] લીધું, શ્રીજી સાથે સગપણ કીધું;
મૂર્તિમાં મોજો માણું રે, હરિવર મારા...સાચું ૦૧

કોના પુત્ર કોનાં સગાં, માયાના છે આ તો દગા;
સ્વામિનારાયણ સત્ય જાણું રે, હરિવર મારા...સાચું ૦૨

માલ મિલકત જંગમ મૂડી, સાચી ન સ્વીકારાય હૂંડી;
શ્રીજી મારે સત્ય નાણું રે, હરિવર મારા...સાચું ૦૩

પ્રભુ કાજે વપરાણું, તેને હું તો મારું માનું;
**પરબારું**[2] બીજું જાણું રે, હરિવર મારા...સાચું ૦૪

દાસાનુદાસ કહે છે જો, સાચી વાત જાણી લેજો;
સાચું સગું સાચું નાણું રે, હરિવર મારા...સાચું ૦૫

● ૧. સનાથપણું ● ૨. નકામું, બારોબાર

### ૨૨૬ (રાગ : માવાના મુગટડાનાં મોતી ઝીણાં)

ન સમજું બીજું હું તો કાંઈ, મારે તો રાજી કરવા છે;
રાજી કરવા છે, શ્રીજીને રાજી કરવા છે... ટેક

નથી મને પ્યાસની પરવા, નથી મને ભૂખની પરવા;
નથી મને દુઃખની પરવા, મારે તો રાજી કરવા છે... ન સમજું ૦૧

નથી મને ઊંઘની પરવા, નથી ઉજાગરાની પરવા;
નથી મને થાકની પરવા, મારે તો રાજી કરવા છે... ન સમજું ૦૨

નથી મને લોકની પરવા, નથી મને લાજની પરવા;
નથી મને દેહની પરવા, મારે તો રાજી કરવા છે... ન સમજું ૦૩

નથી ઘનશ્યામ બિન પરવા, રાખી એક રાજીપાની પરવા;
દાસાનુદાસને એક પરવા, મારે તો રાજી કરવા છે... ન સમજું ૦૪

## ધીરજાખ્યાનમ્ (નિષ્કુળાનંદ કાવ્ય)

### ૨૨૭ પદ-૧ (રાગ : બિહાગડો)

દોહ્યલું થાવું હરિદાસ રે, સંતો દોહ્યલું થાવું હરિદાસ;
જોઈએ તજવી તનસુખ આશ રે... સંતો ટેક

શૂરો જેમ રણમાં લડવા, ધરે હૈયામાં અતિ હુલાસ;
પેટ કટારી મારી પગ પરઠે, તેને કેની રહી ત્રાસ રે... સંતો ૦૧

કાયર મનમાં કરે **મનસૂબા**[1], રે'શું ઊભા આસપાસ;
એમ કરતાં જો ચડી ગયા ચોટે, તો તરત લેશું મુખે ઘાસ રે... સંતો ૦૨

શૂરા સંતની રીત એક સરખી, કરવો વેરીનો વિનાશ;
કામ ક્રોધ લોભ મોહ જીતી, ભાવે ભજવા અવિનાશ રે... સંતો ૦૩

એવા ભક્ત તે ભક્ત હરિના, તેહ સહે જગ ઉપહાસ રે;
નિષ્કુળાનંદ કહે તે વિના બીજા, તેનો ના'વે (કે'દી) વિશ્વાસ રે... સંતો ૦૪

● ૧. વિચાર, ધારણા

### ૨૨૮ પદ-૨

શીદને રહીએ કંગાલ રે, સંતો શીદને રહીએ કંગાલ;
જ્યારે મળ્યો મહા મોટો માલ રે... સંતો ટેક

પૂરણબ્રહ્મ પુરુષોત્તમ પામી, ખામી ન રહી એક **વાલ**[1];
**અમલ**[2] સહિત વાત ઓચરવી, માની મનમાં નિહાલ રે... સંતો ૦૧

રાજાની રાણી ભમી ભીખ માગે, હાલે કંગાલને હાલ;
ઘર લજામણી રાણી જાણી રાજા, ખીજી પાડે વળી ખાલ રે... સંતો ૦૨

તેમ ભક્ત ભગવાનના થઈને, રહે વિષયમાં બેહાલ;
તે તો પામર નર જાણવા પૂરા, હરિભક્તિની ધરી છે ઢાલ રે... સંતો ૦૩

તન મન આશ તજી તુચ્છ જાણી, કાઢું સમજી એ **સાલ**[૩];
નિષ્કુળાનંદ એ ભક્ત હરિના, બીજા બજારી **બકાલ**[૪] રે... સંતો ૦૪

● **૧.** એક તોલાનો ૪૦મો ભાગ ● **૨.** આનંદ, કેફ ● **૩.** નડતરરૂપ ● **૪.** શાકભાજી વેચનાર

**૨૨૯ પદ-૩**

કરીએ રાજી ઘનશ્યામ રે, સંતો કરીએ રાજી ઘનશ્યામ;
તો જ સરે સરવે કામ રે... સંતો ટેક

મરજી જોઈ મહારાજના મનની, એમ રહીએ આઠું જામ;
જે ન ગમે ઘનશ્યામને જાણો, તેનું ન પૂછીએ નામ રે... સંતો ૦૧

તેમાં કષ્ટ આવે જો કાંઈક, સહીએ હૈયે કરી હામ;
અચળ અડગ રહીએ એક મને, તો પામીએ સુખ વિશ્રામ રે... સંતો ૦૨

જુઓ રીત આગેના જનની, પામ્યા વિપત્તિ વિરામ;
જનમ થકી માનો મૂઆ સુધી, ઠરી બેઠા નહિ ઠામ રે... સંતો ૦૩

એ તો **દો'યલું**[૧] **સો'યલું**[૨] છે આજ, તજિયે **દોય**[૩] **દામ**[૪] **વામ**[૫];
નિષ્કુળાનંદ નિઃશંક થઈને, પામિયે હરિનું ધામ રે... સંતો ૦૪

● **૧.** દુર્લભ ● **૨.** સુલભ ● **૩.** બેય ● **૪.** ધન ● **૫.** સ્ત્રી

**૨૩૦ પદ-૪**

ધીરજ સમ નહિ ધન રે, સંતો ધીરજ સમ નહિ ધન;
આવે અર્થ દોહ્યલે દન રે... સંતો ટેક

અતોલ દુઃખ પડે જ્યારે આવી, તે તો ન સહેવાય તન;
તેમાં કાયર થઈને કે'દી, ન વદે દીન વચન રે... સંતો ૦૧

ધીરજવંતને આપે અત્યંત, દુઃખ બહુ દુરિજન;
તે તો સરવે સહે શરીરે, જાણી તે જન અજ્ઞ રે... સંતો ૦૨

ધીરજ ધારી રહે નરનારી, પામે તે સુખસદન;
કષ્ટ કાપવાનો એ છે કુહાડો, વાઢે વિપત્તિનાં વન રે... સંતો ૦૩

આગે દાદા ને પર્વતભાઈએ, ધારી ધીરજ અતિ મન;
નિષ્કુળાનંદના નાથને કર્યા, પૂરણ એણે પ્રસન્ન રે... સંતો ૦૪

**૨૩૧ (પદ : જીવ ! તું બ્રહ્મરસ)**

જીવ ! તું બ્રહ્મરસ ભોગવનાર;
શીદને માયાનો ખા માર... ટેક

માયા નગણી ઠગણી ભારે, કહેતાં ના'વે પાર;
ચૌદ લોકને ચાવી રે નાખે, એક પલક મોઝાર... જીવ ૦૧

અષ્ટસિદ્ધિ નવનિધિ એ આદિ, અનંત શક્તિ અપાર;
કામ ક્રોધ મદ લોભ એ સર્વે, માયાનાં હથિયાર... જીવ ૦૨

નિજબળથી લડવું એ સામે, કઠણ કામ આ વાર;
નારદ દેવ બ્રહ્માદિક હાર્યા, તો તું કોણ વિચાર... જીવ ૦૩

ગુરુશરણ કર ઢાલ ધરી, જ્ઞાનરૂપી તલવાર;
ભજન ફોજ લઈ ચાલો રે જીવડાં, લડશું ત્યાં બહુવાર... જીવ ૦૪

હિંમતધારી રણમાં પડશો, ડરશો નહિ લગાર;
પાછાં પગલાં કદી નવ ભરશો, તો થાશો ભવપાર... જીવ ૦૫

થશે કસોટી ખરી તમારી, તો રીઝે કીરતાર;
દાસ હરિનો સ્વામી રે દેશે, બ્રહ્મરસનો ભંડાર... જીવ ૦૬

**૨૩૨ (રાગ : મલાર)**

મારા વાલાજી શું વાલપ દીસે રે, તેનો સંગ શીદ તજીએ;
તેહ વિના કેને ભજીએ રે... ટેક

સન્મુખ જાતાં શંકા ન કીજે, મર **ભાલા**[1] તણા મેહ વરસે રે;
**હંસ**[2] જઈ હરિજનને રે મળશે, કાચી તે કાયા પડશે રે... તેનો ૦૧

શૂળી ઉપર શયન કરાવે, તોયે સાધુને સંગે રહીએ રે;
દુરિજન લોક દુર્ભાષણ બોલે, તેનું સુખદુઃખ સર્વે સહીએ રે... તેનો ૦૨

અમૃત પે અતિ મીઠા મુખથી, હરિનાં ચરિત્ર સુણાવે રે;
બ્રહ્મા ભવ સનકાદિક જેવા, જેનાં દર્શન કરવા ન પાવે રે... તેનો ૦૩

નરકકુંડથી નરસું લાગે, દુરિજનનું મુખ મનમાં રે;
મુક્તાનંદ મગન થઈ માગે, વ્હાલા વાસ દેજો હરિજનમાં રે... તેનો ૦૪

● ૧. ભાલા જેવાં કડવાં વચનો ● ૨. ચૈતન્ય

**૨૩૩ પદ-૧ (રાગ : કાફી)**

અનુભવી આનંદમાં બ્રહ્મરસના ભોગી રે;
જીવનમુક્ત જોગિયા અંતર અરોગી રે...ટેક
જે શીખે જે સાંભળે ત્રિપુટીને તાને રે;
મનનું કૃત્ય તે મન લગી અસત્ય માને રે...અનુભવી ૦૧

જ્યાં લગી જગ વિસ્તર્યો **મૃગતૃષ્ણા**[૧] પાણી રે;
તેમાં મોહ ન પામે મહામુનિ સ્વપ્નું પ્રમાણી રે...અનુભવી ૦૨

જે વડે આ જગત છે તેને કોઈ ન જાણે રે;
મુક્તાનંદ કહે ગુરુમુખી તે સુખડાં માણે રે...અનુભવી ૦૩

● ૧. જળના આભાસની પાછળ દોડતો તરસ્યો મૃગ (હરણ)

**૨૩૪ પદ-૨**

અનુભવીને આપદા અંતરથી ભાગી રે;
અંતરજામી ઓળખ્યા તહાં લગની લાગી રે... ટેક

ઊર્મિ ને **ત્રણ ઈષણા**[૧] અહંતાને ત્યાગી રે;
જગત જીવન જોઈને ત્યાં બુદ્ધિ જાગી રે... અનુભવી ૦૧

ચૌદ લોક વૈકુંઠ લગી માયાની પાગી રે;
તેથી અનુભવી અળગા રહે ત્રય તાપ આગી રે... અનુભવી ૦૨

અષ્ટસિદ્ધિ નવનિધિ તે **નિર્માલ્ય**[૨] ત્યાગી રે;
મુક્તાનંદ કહે ગુરુમુખી રહે હરિરાગી રે... અનુભવી ૦૩

● ૧. પુત્ર, લોક, વિત્ત આ ત્રણની ઈચ્છા ● ૨. તુચ્છ

**૨૩૫ પદ-૩**

અનુભવીને અંતરે રહે શ્યામ વાસે રે;
તે બોલે તે સાંભળે દૃષ્ટિ પ્રકાશે રે... ટેક

જ્યાં જુએ ત્યાં શ્યામજી બીજું ન ભાસે રે;
ભાત દેખી ભૂલે નહિ અનુભવ ઉજાસે રે... અનુભવી ૦૧

**કેસરી**[૧] કેરા ગંધથી **કરિ**[૨] કોટિ ત્રાસે રે;
તેમ આત્માના **ઉદ્યોતથી**[૩] અજ્ઞાન નાસે રે... અનુભવી ૦૨

હું ટળ્યે હરિ ઢૂંકડા તે ટળાય દાસે રે;
મુક્તાનંદ મહાસંતને પ્રભુ પ્રગટ પાસે રે... અનુભવી ૦૩

● ૧. સિંહ ● ૨. હાથી ● ૩. પ્રકાશ (તેજ)

**૨૩૬ પદ-૪**

અનુભવી આનંદમાં ઘનશ્યામ ગાવે રે;
પ્રીત કરી પરબ્રહ્મ શું ભવમાં ન આવે રે...ટેક
મરજીવાને માર્ગે જન કોઈક જાવે રે;
પે'લું પરઠે મોતને તે મુક્તાફળ પાવે રે... અનુભવી ૦૧
વેગે વહેતાં **વારિ**[1]માં પ્રતિબિંબ ન ભાસે રે;
તેમ ડગમગે દિલ જ્યાં લગી બ્રહ્મ નવ પ્રકાશે રે... અનુભવી ૦૨
બ્રહ્મ થઈ પરબ્રહ્મને જુએ તે જાણે રે;
એવા મુક્તજનના ગુણ વેદ વખાણે રે... અનુભવી ૦૩
કાયા માયા **કૂડ**[2] છે જેમ **ધૂમ છાયા**[3] રે;
મુક્તાનંદ કહે ગુરુમુખીમાં પદ સમાયાં રે... અનુભવી ૦૪

● ૧. પાણી ● ૨. કપટ ● ૩. ધુમાડાનો પડછાયો

**૨૩૭ (રાગ : આજ કળિયુગમાં પરચા પૂરે)**

દિવ્ય કારણ સત્સંગમાંહી સુણો જિજ્ઞાસુ, શ્રીજી મળે મોક્ષ થાય છે;
કરે મુક્ત મુમુક્ષુને સુણો જિજ્ઞાસુ... ટેક
કાર્ય કારણ જે ઓળખે આ ટાણે, તે જ શ્રીજી રહસ્ય સત્ય જાણે;
થઈ દાસાનુદાસ તે વખાણે... જિજ્ઞાસુ ૦૧
શ્રીજી એક ને બીજા અનાદિમુક્ત, તેને કારણ પ્રમાણો કરી જુક્ત;
બીજું સર્વે છે કાર્યમાંહી ગુપ્ત... જિજ્ઞાસુ ૦૨
એ બેમાંથી એક મળે જેને જ્યારે, તેને સમજાવે વાત બધી ત્યારે;
તેની રીત કહું સુણો આ વારે... જિજ્ઞાસુ ૦૩
પ્રથમ મુમુક્ષુ ગુરુ પાસ આવે, ગુરુ એક જ સહજાનંદ કહાવે;
કર જોડી નમ્ર વાણી તે સુણાવે... જિજ્ઞાસુ ૦૪
કાળ કર્મ માયા પાશથી મુકાવો, યમદૂત પાપકર્મથી બચાવો;
લઈ શરણે આ દીનને જીવાવો... જિજ્ઞાસુ ૦૫
હરિકૃષ્ણ પ્રભુ કહે એને એમ, દારૂમાંસાદિક પાંચ પાળો નેમ;
પશુ મટાડી મનુષ્ય કરે તેમ... જિજ્ઞાસુ ૦૬
એમ પાત્ર કરી અર્પણ કરાવે, તન મન વળી ધન જે કહાવે;
જન્મ અનેકનાં કર્મ તે બળાવે... જિજ્ઞાસુ ૦૭

તન મને કરી સ્થૂળ સૂક્ષ્મ જાણો, ધન શબ્દે કરી કારણ પ્રમાણો;
બીજા કર્મોથી જાય મહાકારણો... જિજ્ઞાસુ ૦૮

દુઃખદ જીવનું તમામ હરે છે, નિરાધાર થઈ ચિંતા કરે છે;
રહેવું મારે ક્યાં એમ ઉચ્ચરે છે... જિજ્ઞાસુ ૦૯

ત્યારે કૃપા કરી બોલ્યા સુખદાય, રાખ્યા મુક્ત અનાદિ મૂર્તિમાંય;
રાખીશ તને પણ એ સ્થાનમાંય... જિજ્ઞાસુ ૧૦

આમ કૃપાથી મુક્ત થવાય છે, રસબસ ભાવે સુખમાં ઠરાય છે;
જેમ સાકર દૂધમાં સમાય છે... જિજ્ઞાસુ ૧૧

સ્વામી સેવક સદાય છે સાકાર, મુક્ત ભોક્તાપણે થયા તદાકાર;
જેમ વાણો તાણો છે એક હાર... જિજ્ઞાસુ ૧૨

શ્રુતિ સ્મૃતિની સાખે કહેવાય છે, શ્રીજીવચન તે શ્રુતિ ગણાય છે;
બોલે મુક્ત તે સ્મૃતિમાં લેખાય છે... જિજ્ઞાસુ ૧૩

નથી સાધન કે બુદ્ધિનું આ કામ, કેવળ કૃપાથી પ્રાપ્તિ છે તમામ;
રાખો પાકો વિશ્વાસ તે આ ઠામ... જિજ્ઞાસુ ૧૪

ઉત્તમરાયને શ્રીજીએ કહ્યું એમ, નાખો કોળું આ ઘડામાં આખું તેમ;
લેશ ડગ્યા નહિ આવશે કે કેમ... જિજ્ઞાસુ ૧૫

એવો વિશ્વાસ સંપૂર્ણ ઉર આવે, ત્યારે મૂર્તિનું સુખ તેને પાવે;
પામી આનંદ દાસાનુદાસ ગાવે... જિજ્ઞાસુ ૧૬

**૨૩૮ (રાગ : હે સદ્‌ગુરુજી ! જેમ કહેશો)**

કરો ભજન સહુ (૨) દૃઢ ભાવ કરીને સ્વામી સહજાનંદનું;
કરો રટન બહુ (૨) શ્વાસોચ્છ્‌વાસે સુંદર શ્રી ઘનશ્યામનું... ટેક

જે સ્વામિનારાયણ ઉચ્ચરે, તેના ત્રિવિધ તાપો દૂર કરે;
તે ભવસાગર આ જન્મે તરે... કરો ભજન ૦૧

જે શૂરવીર થઈ રણ પાવ ધરે, તે શત્રુથી કે'દી નવ ડરે;
જોઈ દૃઢતા હરિ શિર હાથ ધરે... કરો ભજન ૦૨

નિયમ નિશ્ચય પક્ષ દૃઢ કરી, જેણે સાચી ભક્તિ આદરી;
તેને સહાય કરે ઘનશ્યામ હરિ... કરો ભજન ૦૩

જે સત્પુરુષનો સંગ રાખે, જ્ઞાન સમજી દેહાદિક દૂર નાખે;
તે ગુરુમુખી થઈ હરિરસ ચાખે... કરો ભજન ૦૪

જે ભજન કરી ધ્યાને રે' છે, તે શ્રીજી મૂર્તિ સુખ લે છે;
ધ્યાન કરવા દાસાનુદાસ કે' છે... કરો ભજન ૦૫

**૨૩૯ (દિવ્યજીવન ગીત)**

શ્રીજી અર્થે અમારું જીવન, નક્કી કર્યું છે એક કવન;
શ્રીજી અર્થે અમારું જીવન, શ્રીજી એ જ અમારું જીવન.
દિવ્યજીવન એ જ દિવ્યજીવન, દિવ્યજીવન એવું દિવ્યજીવન;
દિવ્યજીવન જીવું દિવ્યજીવન, દિવ્યજીવન વ્હાલા દિવ્યજીવન... ટેક

કેવા મળ્યા છો આપ હરિ, કેવી અઢળક દયા કરી;
કોટાનકોટિને એક જ મળી, કિરણ વ્યાપી રહી છે ધરી;
જયારે મુજને અનાદિ કરી, મુખોન્મુખ મળ્યા છો હરિ,
શ્રીજી અર્થે... ૦૧

હવે માતપિતા સગાં છો આપ, મુક્ત અનાદિ છે અમ જાત;
ન બન્યાની બની છે વાત, આપ મળ્યા છો હરિ સાક્ષાત્;
જનમ ધર્યો છે આપને માટ, જેની જોતા'તા સદાને વાટ,
શ્રીજી અર્થે... ૦૨

રાજી કર્યા નથી હવે છે કરવા, સંકલ્પ દેવો નથી હવે ફરવા;
અમને લાવ્યા છો ભેળા ભળવા, ખેંચી લીધા છે સંકલ્પમાં મળવા;
આપ રાજીપાથી અમને ભરવા, અમ થકી આપના જેવા કરવા,
શ્રીજી અર્થે... ૦૩

શ્વાસ ચાલી રહ્યો આપને માટે, લોહી વહી રહ્યું આપને કાજ;
હૃદયે ધબકે છે એક જ અવાજ, આપ સર્વસ્વ મારું છો આજ;
આંખે જોવું કાને સૂણું એ જ, જેમાં આપ રાજી હરિ હો જ,
શ્રીજી અર્થે... ૦૪

હવે દેહ પુત્ર પરિવાર, તવ અર્થે આ સઘળો સંસાર;
ધન મારું નથી તલભાર, અર્પી શકું એ સઘળો સાર;
સુખ-સંપત્તિનો તું દેનાર, સેવક બની રહું હું લેનાર,
શ્રીજી અર્થે... ૦૫

## ૨૪૦ (રાગ : અમે તો બાપાનાં સંતાન)

અમે તો શ્રીજીના કિશોર, સમજીએ જાવું છે કિસ ઓર;
અમે તો બાપાના યુવાન, નથી રાંક છીએ અમે ધનવાન,
અમે તો બાપજીના છીએ બાળ, ગમે નહિ તેને કરીએ બહાર... ટેક

આવો સમજીએ શું કરવું, પછી એ રીતે ડગ ભરવું;
સંકલ્પ પ્રબળ કીધો છે એવો, શ્રીજી અર્થે જીવી જવા જેવો,
દિવ્યજીવનથી રાજી કરી લઈશ, જરૂરા જરૂર કરીશ... અમે તો ૦૧

નિષ્ઠા ઉપાસનાની દૃઢતા કેવી, સ્વામી નિત્યાનંદ જેવી;
કર્તાપણું બસ એક જ શ્રીજીનું, ધાર્યું થાય છે ધણીનું,
સદા પ્રગટ છે હરિ મુજ સાથે, આજ્ઞા લોપાય કેમ નાથ... અમે તો ૦૨

મહારાજ માટે જન્મ છે મારો, ઢીલું વેણ કદી ન ઉચ્ચારું;
શું ન થાય હવે એને માટે, સત્સંગ કીધો છે શિર સાટે,
ગુરુ વચને કુરબાન થઈએ, અર્પણ સર્વસ્વ કરીએ... અમે તો ૦૩

વહેલા ઊઠી પૂજા કરીએ, અખંડ તિલક ચાંદલો ધરીએ;
નિયમની દૃઢતા રૂપાભાઈ જેવી, શરમ કે મહોબત કેવી,
કુસંગના યોગમાં સાવજ થઈએ, સહુના દાસ થઈ રહીએ... અમે તો ૦૪

દાદાખાચર પર્વતભાઈ જેવો, મમત્વભાવ દૃઢ સેવો;
મહારાજ મારા બાપા મારા, ગુરુજી મારા ન્યારા,
સંતો અને મંદિર પણ મારું, સભા કદી નવ ટાળું... અમે તો ૦૫

સેવા સમાગમ કરું હું કેવો, ઉકાખાચર જેવો;
કોઈ વખાણે કોઈ કરે સન્માન, વઢે કરે અપમાન,
"ભલે દયાળુ" કહીને જોડું હાથ, ભેટી પડે મારો નાથ... અમે તો ૦૬

રાજી બહુ છો તમે જેનાથી, વરસી જાવ છો એનાથી;
એવું બ્રહ્મચર્ય વ્હાલું તમારું, વ્હાલું કરું તેને મારું,
ખરા ખટકાથી જતન કરે તેને, રાજીપાથી દો ભરી... અમે તો ૦૭

ગમતું કોઈ કરે કે ન કરે, કરવું મારે આ ફેરે;
ભેળા રહીને બળ દેજો, વળી પ્રાર્થના સુણી લેજો,
વાતો કરે વર્તન અમારું, ગમતું કરું તમારું... અમે તો ૦૮

## ૨૪૧ (રાગ : મુમુક્ષુ જન તો તેને રે)

ખરા મુમુક્ષુ તો તેને જ કહીએ, જે રાજીપાનો ધ્યેય એક રાખે રે;
રાજીપા સાટે બીજું કશું નહિ, એક મૂર્તિ તણી આશ દાખે રે...ટેક

રાજી હોય હરિ એ જ કરે, રાજી ન હોય તે ન કરે રે;
લાખો કરોડો ભલે રાજી હોય, કોઈનો ભાર નવ ધરે રે...ખરા ૦૧

હરિને ન ગમે તેવો એકેય સ્વભાવ, રહેવા નથી દીધો ખટકે રે;
કર્યા રાજી એવા સંતો ભક્તોને જુવો, સુખિયા કર્યા એક ઝટકે રે... ખરા ૦૨

નિરંતર વર્તે દેહ નથી હું, તદ્દન નોખો છું દેહથી રે;
જીવ નથી છું મુક્ત અનાદિ, દેહનાં સુખ મારાં નથી રે... ખરા ૦૩

દેહધારી માટે લૌકિક સુખ છે, નાશવંત તુચ્છ કરી ત્યાગે રે;
સકામ મટી સદા નિષ્કામ રહીને, અલૌકિક સુખ સદા માગે રે... ખરા ૦૪

શ્રવણ કરે કે વાંચે એકાગ્રએ, મહારાજ જ વાતને કહાવે રે;
મારા માટે જ વાત કરે છે, સ્વજીવન સાથે સરખાવે રે...ખરા ૦૫

વાંચ્યું સાંભળ્યું કે આવડ્યું એમાં, સંતોષ માની નવ બેસે રે;
મનન-ચિંતન ને નિત્ય અભ્યાસે, જીવનમાં દૃઢ કરી દે છે રે... ખરા ૦૬

સનાતન સર્વોપરી મહારાજ જાણી, પ્રગટ મળ્યા એમ વર્તે રે;
પ્રાપ્તિમાં પૂરું માની બેસી નવ રહે, સ્થિતિનો આલોચ નિત્ય વર્તે રે... ખરા ૦૭

બહારવૃત્તિએ જોવા જાણવાના, અભરખા છોડી સદા રહાવે રે;
આંતરમુખી થઈ માંહી વધવા, નિશદિન જાગૃતિ ચહાવે રે...ખરા ૦૮

વિષયાનંદીનો સંગ નવ ગમે, ઉત્કૃષ્ટ સંગ સદા પ્રીછે રે;
પ્રશંસા વખાણ ખાણ જેવા લાગે, ટોકે વઢે તેને ઇચ્છે રે...ખરા ૦૯

મોટાપુરુષના સંગમાં રહીને, રહેતા જોતા લેતા શીખે રે;
મનમુખી મટી ગુરુમુખી થઈ, આત્મબુદ્ધિ કરે રૂડી રીતે રે...ખરા ૧૦

નાની મોટી આજ્ઞા અનુવૃત્તિ, ખરા ખટકાપૂર્વક પાળે રે;
અલ્પ વચનમાં ફેર ન પાડે, સ્વધર્મે યુક્ત જીવન ગાળે રે...ખરા ૧૧

ગુણગ્રાહક દૃષ્ટિ નિરંતર રાખે, અભાવ અવગુણથી છેટા રહે રે;
દેહદૃષ્ટિ ટાળી દિવ્યદૃષ્ટિએ, મુક્તભાવે સેવા સૌની કરે રે...ખરા ૧૨

પારકા દોષ-સ્વભાવ ક્રિયા ન જુવે, પારકી પંચાત ન ગમાડે રે;
નિંદા ટીકા ને ખટપટ કરીને, એક ક્ષણ કદી ખોટી ન બગાડે રે...ખરા ૧૩

કોણ કેવા છે ને શું એ કરે છે, જુવે નહિ કોઈ કાળે રે;
મારે શું કરવું ને શું હું કરું છું, નિત્ય નામા મેળે ગાળે રે...ખરા ૧૪

સંતોષી ને નીતિમય જીવે, સદાચારી ને શીલવંતા રે;
રજોગુણી ઠાઠમાઠ છોડી, સાદાઈ ને ખમીરવંતા રે...ખરા ૧૫

વિચાર વાણી ને વર્તન એક, જુદારો ન હોય લેશ રે;
દંભ કપટ ને ઈર્ષ્યા રહિત થઈ, દિવ્યજીવન જીવે હંમેશ રે...ખરા ૧૬

'હું જ કરીશ ને મારાથી જ થશે', અહંકારી શબ્દ ન ભાખે રે;
દાસ તણા દાસ થઈ નમતા રહે સૌને, હરિનું બળ સદા રાખે રે... ખરા ૧૭

માન મોટપ ને સત્તાની લાલચ, કદી ન લોભાવે તેને રે;
જગ મોટપ નથી ગમતી મહારાજને, વિચાર રહે સદા એને રે...ખરા ૧૮

ગુરુ બનવાની ઇચ્છા છોડી, આજીવન સેવક રહાવે રે;
સૌને પોતાથી મોટા જાણી, સૌના ગુણલા ગાવે રે...ખરા ૧૯

સૌમાં મહારાજનાં દર્શન કરે, મીઠી બોલે મૃદુ વાણી રે;
વાણી વર્તનથી દુખવે ન કોઈને, મુક્ત અનાદિ સૌને જાણી રે...ખરા ૨૦

કામ ક્રોધ આદિ દોષ છે દેહના, હું દેહ નથી એમ ધારે રે;
અહમ્ મમત્વરૂપી અજ્ઞાન ટાળી, જ્ઞાન વિચારે દોષો બાળે રે... ખરા ૨૧

જ્ઞાન ધ્યાન તણી લગની લગાવે, ખટકો ખરો રાખી મંડે રે;
પુરુષોત્તમરૂપ પાત્ર કરીને, શ્રીજી ભરી દે આનંદે રે...ખરા ૨૨

ગાઈ સાંભળીને રાજી થવા માટે, કીર્તન નથી આ કરિયાં રે;
આંતરદૃષ્ટિએ જુવો તપાસો, ટાળો જે ખોટથી ભરિયા રે...ખરા ૨૩

આવા જ મુમુક્ષુને ઝટ મુક્ત કરે, કારણ સત્સંગમાં જેને લાવ્યા રે;
મંડી પડો ખરા મુમુક્ષુ થઈને, આપણે બહુ બહુ ફાવ્યા રે...ખરા ૨૪

## ૨૪૨ મુમુક્ષુની સમજણ

### (રાગ : દિવ્ય કારણ સત્સંગમાંહી સુણો)

દિવ્ય કારણ સત્સંગના સુણો મુમુક્ષુ, શ્રીજી સમજણે રાજી થાય છે;
તો જ મુક્ત કરી મૂર્તિમાં રાખે મુમુક્ષુ... આવી સમજણે ટેક

'હું કશું જ નથી' કરો **પહેલી સમજણ**, કરોડપતિ જ્ઞાની કે હોય અભણ;
'હું' પદ મૂકવું પડે તત્ક્ષણ... મુમુક્ષુ આવી ૦૧

ચારે મોટા સંતોને કહ્યું જ્યારે, તવ સામર્થી કહો બધી ત્યારે;
જે છે બધું તે કારણ તમારે... મુમુક્ષુ આવી ૦૨

રંકમાંથી કદી રાજા થવાય, ભગવાન જેવા ગુણ આવી જાય;
દીન આધીન થઈ સદા રહેવાય... મુમુક્ષુ આવી ૦૩

મારું કશું જ નથી એ **સમજણ બીજી**, ઘર દીકરા મિલકતના ધણી શ્રીજી;
મારું માને તે કહેવાય પાજી... મુમુક્ષુ આવી ૦૪

દેવરાજબાપાની સમજણ કેવી નક્કર, જુઓ વિરમગામના મોરાર ઠક્કર;
રણછોડલાલભાઈએ લીધી કેવી ટક્કર... મુમુક્ષુ આવી ૦૫

કહું **ત્રીજી સમજણ** આ જાણો, મહારાજ રાખે તેમ રહેવું પ્રમાણો;
જે દેખાડે તેમાં સુખ માણો... મુમુક્ષુ આવી ૦૬

કાળ કર્મ માયાને આધીન નથી, દેવ અદેવ તણો માથે હુકમ ક્યાંથી ?
આશ્રિત થયા શ્રીજીના જ્યારથી... મુમુક્ષુ આવી ૦૭

દુઃખ આવ્યું તો તેની તપાસ કરો, નિયમ નિશ્ચયની પોલ દૂર કરો;
અભાવ અવગુણ છોડી મહિમાથી ભરો... મુમુક્ષુ આવી ૦૮

પછી કસોટી કરે છે સમજો એમ, છતાં અનિશ્ચયનો ઘાટ થાય જ કેમ ?
રાજી રહેવું હરિ રાખે જેમ... મુમુક્ષુ આવી ૦૯

**આવી રીતે હરિ કસોટી કરે છે, પૂર્વે પણ અનેકની કરી છે;**
**દીર્ઘ રોગ ઘણો દેહમાં મૂકે છે[૧]... મુમુક્ષુ આવી ૧૦**

કડવા ભગત કેવા હતા જાણો, ગીંગા ધાંધલની સમજણ વખાણો;
પ્રથમ એકસઠ અંત્ય તેર પ્રમાણો... મુમુક્ષુ આવી ૧૧

**આર્થિક મુશ્કેલી કદી આવી જાયે[૨]**, એક પછી એક વધતી જણાયે;
રહેવું વિશ્વાસે શૂરવીર સદાયે... મુમુક્ષુ આવી ૧૨

પૂર્વે જુઓ ધર્મ ને પાંચા પિતા, નાથ ભક્ત ને આણંદજી હતા;
કલાભક્ત-કાશીદાસની રક્ષા કરતા... મુમુક્ષુ આવી ૧૩

તન ધન તણું દુઃખ થાય આવું, તોય ભક્ત ખરેખરા મારે થાવું;
અંત્ય પચ્ચીસના શબ્દો ભણી જોવું... મુમુક્ષુ આવી ૧૪

ભક્તચિંતામણિ પ્રકરણ જુવો કેવું, સુખ દુઃખ આવે ભલે ગમે તેવું;
આપ્યા કોલ તેનું બળ સદા લેવું... મુમુક્ષુ આવી ૧૫

**સગાં સંબંધી જનનાં દુઃખ કહ્યાં**[3], તીતા ભગત ને નવલબાએ સહ્યાં;
સદા આનંદમાં તોય એ રહ્યાં... મુમુક્ષુ આવી ૧૬

ગોકળ ભાટિયા રહ્યા છે અડગ, હિમરાજશાએ પાછાં ભર્યાં નથી ડગ;
રૂપાભાઈ અંત્ય અઠ્યાવીસ મુજબ... મુમુક્ષુ આવી ૧૭

**નિકટનાને ક્યારેક લઈ લે છે**[4], એકના એક ભલે જો હોય છે;
દેવજીભગત ને ઉમિયાબા ધન્ય છે... મુમુક્ષુ આવી ૧૮

**મનગમતું હરિ ક્યારેક મુકાવે**[5], ઈચ્છા પોતાની હોય તે છોડાવે;
દાજીભાઈ ને દાદા એવા કહાવે... મુમુક્ષુ આવી ૧૯

**આજ્ઞારૂપી એરણે મૂકે જ્યારે**[6], પાસ થયા સુંદરજીભાઈ ત્યારે;
ડોસા વાણિયા ને અઢાર એક હારે... મુમુક્ષુ આવી ૨૦

આજ્ઞા કોની છે એમ સમજાય છે, પ્રભાશંકર ને કાયાભાઈ થવાય છે;
જેમ રાખે એમ ખુશ રહેવાય છે... મુમુક્ષુ આવી ૨૧

હવે **ચોથી સમજણ** જુઓ કેવી, કર્તાપણાની દૃઢ કરી દેવી;
ડગે નહિ કદી લીધા હોય સેવી... મુમુક્ષુ આવી ૨૨

લાભ-શુભ શુકન-અપશુકનનો ભાર, ન રહે કદી હરિ છે આધાર;
અન્ય કોઈ હવે શું કરનાર... મુમુક્ષુ આવી ૨૩

કંઈક સારું આપણાથી કદી થાય, યશ પ્રશંસાના ધણી થઈ જવાય;
'મેં કર્યું'ના ભાવ ન આવી જાય... મુમુક્ષુ આવી ૨૪

સારપ અન્યને મળે છે જ્યારે, બીજા આગળ વધી જાય ત્યારે;
'કર્તા મહારાજ' બળવું કેમ મારે...મુમુક્ષુ આવી ૨૫

કરીએ છતાં રાજી નવ થાય, વગર કર્યે બીજાની પર જાય;
ત્યારે ભગુજીની સમજણ રખાય... મુમુક્ષુ આવી ૨૬

પૈસા બુદ્ધિ કે આવડતથી થાય, સત્તા ઓળખાણથી કામ થઈ જાય;
કર્તાપણું મહારાજનું જ મનાય... મુમુક્ષુ આવી ૨૭

કદીક મહેનત દાખડો બહુ થાય છે, નિષ્ફળતાએ નિરાશ થવાય છે;
એવું મનાય કે હરિની ઇચ્છા છે... મુમુક્ષુ આવી ૨૮

તકલીફ મુશ્કેલી આવે અપાર, ધાર્યું થાય નહિ આપણું લગાર;
બળ મહારાજનું જ રહે પારાવાર.... મુમુક્ષુ આવી ૨૯

કહું **પાંચમી સમજણ** કેવી જોઈએ, એક મૂર્તિ વિના બીજું કાંઈ ન જોઈએ;
ખરા મુમુક્ષુ તેને જ ગણીએ.... મુમુક્ષુ આવી ૩૦

રાજબાઈએ પૂછ્યું હરિને જ્યારે, શું આપો અતિ રાજી થાવ ત્યારે;
હરિ કહે મૂર્તિ આપવી મ્હારે.... મુમુક્ષુ આવી ૩૧

પ્રેમાનંદ સ્વામીએ માગ્યું એવું, તારી મૂર્તિ વિના બીજું કાંઈ ન દેવું;
રાખ્યા મૂર્તિમાં મૂર્તિમાંહી રે'વું.... મુમુક્ષુ આવી ૩૨

આવું જાણીએ છીએ છતાં અજાણ, જાણે શૂન્ય છીએ સાવ અભણ;
જાણ રહે સમયે તે સમજણ.... મુમુક્ષુ આવી ૩૩

હાથ જોડી પ્રાર્થના કરીએ અમે, મહારાજ બાપા અમારું જીવન તમે;
છીએ તમારા તો રક્ષા કરજો સમે.... મુમુક્ષુ આવી ૩૪

### ૨૪૩ (રાગ : માણકીએ ચડ્યા રે મોહન વનમાળી)

સુવર્ણ ઘડી આવી **SMVS** કેરી,
અનાદિમુક્તોની રીત હોય અનેરી... ટેક

સર્વોપરી સનાતન નિષ્ઠા સદા રાખજો, ભક્તિ પતિવ્રતાની સદા સહુ કરજો,
કર્તાપણું શ્રીજીનું જ એક સમજજો... સુવર્ણ ઘડી ૦૧

પૈસા પદ પ્રતિષ્ઠા ને ઝાઝા માણસો, જગત તણી વાહ વાહને કદી નવ જોશો,
સંતો-ભક્તો મહોબતમાં માર ન ખાશો... સુવર્ણ ઘડી ૦૨

બહારવૃત્તિના ફેર ન ચડે એથી બચજો, આંતરમુખી રહેવાય તે નિરંતર જોજો,
અભાવ-અવગુણ-દ્રોહથી સદા છેટા રહેજો... સુવર્ણ ઘડી ૦૩

સિદ્ધાંતવાદી જીવન સદા કરી રાખો, રાજી શ્રીજી ન હોય તેને દૂર નાખો,
રાજીપાના વિચારે અહોનિશ રાચો... સુવર્ણ ઘડી ૦૪

આજ્ઞા ઉપાસના છે મુખ્ય બે સ્તંભ, એમાં કદી અલ્પ ન થવા દેવો ભંગ,
વર્તનશીલ જીવન જોઈએ નિર્દંભ... સુવર્ણ ઘડી ૦૫

જેનાં જેનાં કહ્યાં પાંચ વર્તમાન, સંતો ભક્તોએ રહેવું થઈ સાવધાન,
વાતો કરતાં વર્તન છે બળવાન... સુવર્ણ ઘડી ૦૬

અલ્પ આજ્ઞામાં ન પડવા દેવો ફેર, મહદ વચન લોપાઈ જાય જરૂર,
ખોવાઈ જાય જે થઈ છે ઘણી મહેર... સુવર્ણ ઘડી ૦૭

પ્રાપ્તિ અનાદિમુક્તની છે પૂર્ણ નક્કી, અનહદ કૃપા થઈ છે શ્રીહરિ થકી,
ખટકો રાખી ન જવું કદીએ છકી... સુવર્ણ ઘડી ૦૮

સંતો ભક્તોમાં આત્મીયતા જરૂર જોશે, આત્મબુદ્ધિ મોટા સાથે કરવી પડશે,
સુખ શાંતિ આનંદ નિત્ય નવાં રહેશે... સુવર્ણ ઘડી ૦૯

ભલે થાય કાર્ય પણ કારણ મુખ્ય કરો, દેહદૃષ્ટિ ટાળી દિવ્યદૃષ્ટિ ધરો,
એકમેક મૂર્તિમાં રહી હરો ફરો... સુવર્ણ ઘડી ૧૦

પાત્ર થાવું માની સદા મૂર્તિરૂપ, તેજોમય તદાકાર તદ્‌રૂપ;
ધ્યાન ખૂબ કરી બનો સુખરૂપ... સુવર્ણ ઘડી ૧૧

તન-મન-ધન સર્વસ્વ મહારાજ માટે, હોમાઈ જાવું પડશે નિજ શિર સાટે,
કારણ સત્સંગ તો જ વિશ્વવ્યાપી થાશે... સુવર્ણ ઘડી ૧૨

અનંત બ્રહ્માંડો તો જરૂર ખેંચાશે, દશે દિશાએ જય જયકાર થતો જાશે,
એસ.એમ.વી.એસ.ની શતાબ્દીઓ ઊજવાશે... સુવર્ણ ઘડી ૧૩

**૨૪૪ પદ-૧ (રાગ : ગિરધારી રે સખી, ગિરધારી)**

દાસ થાવું રે, સૌના દાસ થાવું;
શ્રીજીને રીઝવવા કાજે (૨), દાસના દાસ થાવું... ટેક

મહિમા સમજવાથી, સૌના દાસ તો થવાય;
મહારાજના સૌ મુક્તો સમજ્યે (૨), ગુણ તો ગવાય... ૦૧

નાના થયા વિના કદી, મોટાઈ ન મળે;
સૌ મોટા હું ન્યૂન સમજે (૨), કામ તો સરે... ૦૨

સેવા સૌની કરે રાખો, નીચી ટેલ તણી;
મળે જ ક્યાંથી સેવા મુને (૨), કૃપા થઈ ઘણી... ૦૩

નિર્માની થઈ રાજી કરવા, સત્સંગમાં આવ્યો છું;
તપાસવું કે બે ગુણ મળતાં (૨), 'હું'કારમાં ફરું છું... ૦૪

રાજીપાની ભૂખ જગાવો, સહન સૌનું થાશે;
દાસાનુદાસ થઈ સત્સંગમાં(૨), સુખ બહુ પમાશે... ૦૫

મનનું ગમતું મૂકી હવે, સાવ સરળ બનો;
પાણીમાં ધ્રો નમી જાય(૨), તેમ સૌને ગમો... ૦૬

અભાવ અવગુણ અમહિમાથી, દાસત્વ તો જાય;
ગુણ સૌના લેતાં લેતાં(૨), હર્યાભર્યા થવાય... ૦૭

દુભાય કોઈ વાણી-વર્તને, એ તો અભિમાન;
ગર્વગંજન સીધા કરે(૨), શ્રીહરિ ભગવાન... ૦૮

નાના મોટા સૌની આગળ, હારી રાજી થાશું;
જીતીને જો ફૂલ્યો ફરે તો(૨), નક્કી લૂંટાઈ જાશું... ૦૯

રસબસભાવે મૂર્તિમાં રહેવું, દાસપણું તે કહાવે;
મૂર્તિમાં નિમગ્ન છતાં તે(૨), સૌનો સેવક રહાવે... ૧૦

**૨૪૫** **પદ-૨**

આંતરમુખી થવું હવે, આંતરમુખી થવું;
રાજી કરવા પાછા વળી(૨), આંતરમુખી થવું... ટેક

કોણ છું ? હું શાને આવ્યો, શું હું કરું છું;
પરભાવના વિચારે ડૂબી(૨), સ્વને જોઉં છું... ૦૧

જોવું સુણવું બોલવું સ્પર્શવું, નછૂટકે જ થાય;
ભેગી કરેલી મૂડી અને(૨), બ્રહ્મભાવ સ્રવી જાય... ૦૨

ખાવા-પીવાની લોલુપતા એ, રસાસ્વાદ કહેવાય;
આહાર-વિહારના સંયમે તો(૨), હરિ રાજી થાય... ૦૩

ગમે તેટલું મળશે તોયે, પૂરું ન મનાય;
ઈચ્છા ને અભરખા મૂકી(૨), સંતોષી બનાય... ૦૪

બહાર વધવાના વિચાર છોડી, માંહી જો વધાય;
યશ કીર્તિ ને નામના માટે(૨), દગા કપટ ન થાય... ૦૫

દેહ જગત ને સત્સંગ કેરો, વ્યવહાર કરે;
સુખે હરિ સાંભરે એમાં(૨), સુખશાંતિ મળે... ૦૬
અભાવ-અવગુણ ને જિજ્ઞાસાથી, આઘીપાછી ન કરો;
શાંત ચિત્તે વિચારી વાતો(૨), મૂર્તિમાં જ ઠરો... ૦૭
દેહ નહિ હું મુક્ત અનાદિ, માની ધ્યાન કરે;
મૂર્તિ એ જ નિશાન બને તો(૨), આંતરમુખી કહે... ૦૮

**૨૪૬** **પદ-૩**

રોકણી ગમાડીએ, સૌની ટોકણી ગમાડીએ;
રાજીપાના ગુણો માટે(૨), રોકણી ગમાડીએ... ટેક
વાહવાહની ઇચ્છાથી કરે, જીવ એ કહેવાય;
વખાણ માટે કર્યા કરે તો(૨), સુખિયા ન રહેવાય... ૦૧
રોકણી-ટોકણી ખરેખરી, બ્રેક તો મનાય;
બ્રેક વિનાની ગાડીથી કહો(૨), કેવી દશા થાય... ૦૨
રોગ ટાળવા માટે ગોળી, ગમાડવી જ પડે;
ટોકણી લાગે કડવી છતાં(૨), ખમવી જ પડે... ૦૩
ગોળીથી જો ન પતે તો, ઇન્જેક્શન પણ લઈએ;
વઢવાથી જો દોષ ટળે તો(૨), જલદી સાજા થઈએ... ૦૪
ખોળી ખોળીને ખોટ જ કાઢે, સંગ એવાનો કરીએ;
હથોડી લઈ મંડે તો જ(૨), મૂર્તિ જેવા થઈએ... ૦૫
સત્પુરુષ ને સંતો દિવ્ય, હિતકારી સ્વરૂપ;
ઘડવૈયાને ઘડવા દઈએ(૨), આપે સુંદર ઓપ... ૦૬
દોષ-સ્વભાવો ટાળવા છે તો, કહેનારા ક્યાં મળશે;
શૂળી ઉપર શયન કરાવી(૨), પોતા જેવા કરશે... ૦૭
બે સંતો-ભક્તોની સાથે, હેત કરવું;
ઘરના સભ્યોને પણ કહીને(૨), ગરજુ બનવું... ૦૮

**૨૪૭** **પદ-૪**

વિષયાનંદી મટી હવે, બ્રહ્માનંદી થઈએ;
મૂર્તિસુખે સુખિયા થાવા(૨), બ્રહ્માનંદી થઈએ... ટેક

પંચવિષયમાં પ્રીતિ એ છે, જન્મમરણનો હેતુ;
વિષય વિષ થાય તો જ(૨), થાય ચૂકતે ખાતું... ૦૧

પંચવિષયના અભાવ વિના તો, સાધન સર્વે વલખાં;
એક એકમાંય જો પ્રીતિ હતી તો(૨), થયા પૂરા ડખા... ૦૨

પુરુષ-સ્ત્રીમાં હેતે કરીને, પ્રભુમાં પ્રીતિ ન થાયે;
રસાસ્વાદને ટાળ્યા વિના(૨), વાસના ન જાયે... ૦૩

ખટાઈ જો દાઢે ચડે તો, ભાત ન ચવાય;
મહિમાના વિચારે કરી(૨), વિષય ટળી જાય... ૦૪

કેવા કર્યા છે વિચારવાથી, મસ્તીમાં રહેવાય;
જાણો સર્વે વિષયમાત્ર(૨), સહેજે જિતાઈ જાય... ૦૫

વિષય સર્વે દોષરૂપ છે, કરવો દૃઢ સંકલ્પ;
મહારાજ, મોટા ભેળા ભળશે(૨), નહિ રાખે કોઈ વિકલ્પ... ૦૬

કૃપા માગી રાજી કરવા, એ કહે એમ કરાય;
મોટાનો અનુગ્રહ થાયે તો(૨), તરત સુખિયા થવાય... ૦૭

વિષય જીતવા માટે પાળો, દૃઢ કરી નિયમ;
ઈન્દ્રિયોના સંયમથી તો(૨), સુખ થાશે કાયમ... ૦૮

જ્ઞાન-ધ્યાનમાં શૂરા બનો, મૂર્તિમાં માની માલ;
મૂર્તિમાં નિમગ્નપણાથી(૨), થઈ જવાય માલંમાલ... ૦૯

## ૨૪૮ પદ-૧ (રાગ : વંદું સહજાનંદ રસરૂપ)

કહું છું મુમુક્ષુ કોને કહેવાય, સુણીને તપાસજો રે લોલ;
કેવળ મોક્ષની ઈચ્છા જ રહે, તેમાં સુખ માનજો રે લોલ...ટેક

ખૂબ ભણ્યા ને ડાહ્યા અતિ હોય, મોક્ષની ભાન નહિ રે લોલ;
મંડે સાવધાન થઈ કરે યત્ન, કુશાગ્ર બુદ્ધિ તેને કહી રે લોલ...૦૧

હોય દીવાનજી કે દીનાનાથ, મોટા પણ મુમુક્ષુ નહિ રે લોલ;
પૂંજા ડોડિયા ને આંબા શેઠ, રાજીપામાં ગણતી થઈ રે લોલ...૦૨

ધન દીકરા કે જગ મોટપ, તણી નહિ આશ જરી રે લોલ;
જોઈએ રાજીપો ને મહારાજ, ખપ ને ભૂખ ભરી રે લોલ...૦૩

વાંચે સાંભળે હરિનો અભિપ્રાય, તુરત મંડી પડે રે લોલ;
ખઈ ખદોડીને રાત દિન, કશું તેને નવ નડે રે લોલ...૦૪

પાછો વળી જાય તત્કાળ, વિચાર 'સ્વ'નો જ કરે રે લોલ;
એવા મુમુક્ષુ જ થાય છે મુક્ત, વ્હાલો સુખથી ભરે રે લોલ...૦૫

**૨૪૯ પદ-૨**

હું કોણ છું ?નો દિવ્ય વિચાર, મુમુક્ષુને નિત્ય રહે રે લોલ;
પટેલ પુરુષ નામ ને ઠામ, ભલે દુનિયા કહે રે લોલ...ટેક

હું એ નથી છે એ શરીર, દોષ પણ મારે નથી રે લોલ;
ખોટું પેસી ગયું છે અજ્ઞાન, ટાળવા રહે મથી રે લોલ...૦૧

બૅટ્સમૅન ભૂલી જાય હું બૅટ્સમૅન, કૅચ જો કરી લીએ રે લોલ;
શું કરવાનું હતું ને શું થાય, મુમુક્ષુ વિચારી લીજિએ રે લોલ...૦૨

જીવ જગતનો નથી દેહધારી, વિષયસુખ મારાં નથી રે લોલ;
નથી બકરું છું હું સિંહબાળ, ઘાસ જોઈએ ક્યાંથી રે લોલ...૦૩

કોળું દેખાય ભલે ને બહાર, જરૂર અંદર જ છે રે લોલ;
નક્કી મૂર્તિમાં જ છું નક્કોર, રૂપ હરિનું જ છે રે લોલ...૦૪

અવરભાવ નર્યો છે કુસંગ, કેવળ અજ્ઞાન નર્યું રે લોલ;
મારે વિષે છે નર્યો પરભાવ, મુમુક્ષુને જ્ઞાન ભર્યું રે લોલ...૦૫

**૨૫૦ પદ-૩**

શું કરવા આવ્યો ને શું થાય, મુમુક્ષુ વિચાર કરે રે લોલ;
ચાર પ્રકારના જે વ્યવહાર, એમાં ખૂંચી નવ ભળે રે લોલ...ટેક

ખાવું-પીવું, નાવું ને વળી ધોવું, એ દેહનો વ્યવહાર છે રે લોલ;
શું હું એના માટે જ આવ્યો છું, રાખે એવા વિચારને રે લોલ...૦૧

ભણવું, ગણવું, પરણવું ને કમાવું, એ વે'વાર જગ તણો રે લોલ;
ભલે કરીએ સગાંવ્હાલાંના વે'વાર, એનો ભાર લાગે ઘણો રે લોલ...૦૨

જનક, દાદા, ઝીણાએ કર્યાં રાજ્ય, છતાં રહ્યા નિર્લેપ રે લોલ;
જનમ શાના માટે એ વિચાર, રાખે સદા નિર્ભેળ રે લોલ...૦૩

માળા, પૂજા, કથા, સેવા ને દાન, વે'વાર સત્સંગ તણો રે લોલ;
મંદિર, સમૈયા, ઉત્સવ ને પ્રસાદ, સંતોનેય હોય ઘણો રે લોલ...૦૪

શિવલાલ, હરજીભાઈને સત્સંગ, આત્માનો કરાવિયો રે લોલ;
મૂર્તિમાં રહી કરો નિશદન, વિચાર મુમુક્ષુને ભાવિયો રે લોલ...૦૫

**૨૫૧ પદ-૧ (રાગ : કોઈ રાજી કરે કે ના કરે)**

કોણ શું કરે છે એ જોવું છોડી, પોતે પોતાનું કરી લેવું જ છે;
શું કરવા આવ્યો શું કરું છું વિચારે, મારે નિજદર્શન સદા કરવું જ છે...ટેક

ઊંટે બધાનું બધું જોયું પણ, પોતાનાં બધાં અંગ વાંકાં જ છે;
નાજા જોગિયાએ આકાર જોયા ભલે, મારે નિજદર્શન સદા કરવું જ છે...૦૧

માવા ભગતે વૃત્તિઓ જ ખેંચી, ન કોઈની ક્રિયા જોઈ જ છે;
ભલે સુરાખાચરે જોયું સોમલાનું, મારે નિજદર્શન સદા કરવું જ છે...૦૨

બીજાના દોષો જોવાય જ ક્યાંથી, દોષોના મહાભંડાર છીએ;
કાગડા જેવા સ્વભાવો મૂકી, મારે નિજદર્શન સદા કરવું જ છે...૦૩

પારકા સ્વભાવો કે હોયે પ્રકૃતિ, શા માટે મારે જોવાં જ પડે;
જીવાખાચર કે ફઈબાને છોડી, મારે નિજદર્શન સદા કરવું જ છે...૦૪

સરસપુરના ભોજા ભગત જુઓ, પોતે પોતાનું કરી લીધું જ છે;
પૂર્વે બધા કરી આવ્યા એમ સમજી, મારે નિજદર્શન સદા કરવું જ છે...૦૫

**૨૫૨ પદ-૨**

કરી લેવું જ છે કરી લેવું જ છે, પોતે પોતાનું કરી લેવું જ છે;
કોઈ ગરજુ બને કે ન બને, મારે ભૂખ્યા ને ગરજુ બનવું જ છે...ટેક

રસોઈ જુવે કશું ન વળે, જમે (ખાય) એ જ ધરાય છે;
નદી, સતી, શૂરો ને પતંગ જેવા, મારે ભૂખ્યા ને ગરજુ બનવું જ છે...૦૧

જગતમાં જે જે આગ્રહી બને, ધાર્યા ઈશક પૂરા કરે જ છે;
સોની આખી રાત જાગી શકે તો, મારે ભૂખ્યા ને ગરજુ બનવું જ છે...૦૨

વાગડના એ ઘરડા બાપા, સિત્તેર વરસે કેવા મંડ્યા હતા;
ધોવરામણ પીને સત્સંગ કર્યો તો, મારે ભૂખ્યા ને ગરજુ બનવું જ છે...૦૩

શ્રીજી આજ્ઞાએ તળાવ ખોદ્યું તો, બાથ ભીડીને પ્રભુ મળ્યા જ છે;
આણંદજી છ માસ સૂતા નથી તો, મારે ભૂખ્યા ને ગરજુ બનવું જ છે...૦૪

જેરામ કેવો ખપવાળો હતો, પૂજ્ય સંતોએ કંતાન પહેર્યાં જ છે;
બગાસું ખાતાં સાકર મળી છે તો, મારે ભૂખ્યા ને ગરજુ બનવું જ છે...૦૫

## ૨૫૩ (કોણ છો તમે ? શું છે તમારો ધ્યેય ? રાજીપો)

### (રાગ : પૂર્વછાયો - કહું અલૌકિક વારતા)

વ્હાલા સંતો, વ્હાલા ભક્તો, પોતે કહેવા માગે મહારાજ;
એક ચિત્તે સૌ સાંભળો, તમે અનાદિમુક્ત સમાજ...૦૧

અનંત આધુનિક થયા, મારી સત્તાએ કરી ભગવાન;
અનાદિમુક્તો પણ સેવક છે, ભલે હોય તે સામર્થ્યવાન...૦૨

અક્ષરો બ્રહ્મ ને પુરુષ જેવા, થયા એક કિરણે સત્તાવાન;
જીવો સુધીના સર્વેને, આપે ઉત્તરોત્તર ક્રિયાભાન...૦૩

દર્શન સેવા સંબંધ નથી, ત્યાં થાયે કેમ કલ્યાણ;
કાળના કાળ વીતી ગયા, અમ સ્વરૂપથી રહ્યા અજાણ...૦૪

એક કિરણ અન્વયશક્તિ જે, તેણે રાજી દેવ અવતાર;
અમારી મૂર્તિનું સુખ જે, અતિ અગાધ અપરંપાર...૦૫

એહ કોને આપવું, કોણ સાચા વારસદાર;
અનાદિમુક્તો અમ જેવા, રહ્યા મૂર્તિમાં દિવ્ય સાકાર...૦૬

કેવળ કરુણા કરીને, વારો લેવા ધાર્યું આ વાર;
સત્સંગ સ્થાપ્યો ઉદ્ધારવા, બદ્ધ-મુક્ત જીવો અપાર...૦૭

કિન્નર ગાર્ડન, કે.જી. નર્સરીથી, જેમ વિદ્યા શરૂ થાય;
પ્રાથમિક, હાઈસ્કૂલ, કૉલેજ કરતા, પછી મેડિકલમાં જાય...૦૮

પ્રાથમિક સત્સંગ સ્થાપિયો, કાર્ય સત્સંગ જે કહેવાય;
જીવની પાત્રતા વધતી જાતા, કારણ સત્સંગે લેવાય...૦૯

અમ સ્વરૂપની હા પડ્યાથી, થયું ઍડમિશન મળ્યું સ્થાન;
રાજાધિરાજનો દીકરો, થયો અક્ષરાદિકથી મહાન...૧૦

છતાં ચાલોચાલ ભક્ત છે એ, મૂર્તિસુખથી અજાણ;
સંકલ્પ કીધો સુખ આપવા, સુણો સુણો હે મુક્તો સુજાણ...૧૧

નિર્દોષ ને નિર્વિકારી હોય, મુક્ત અનાદિ તણો રોલ;
એહ કારણ આ શુભ સમો, ધાર્યું કરવા એવા મૉડલ...૧૨

સાધન બુદ્ધિ ને આવડતથી, ન કદી એ બનનાર;
અમે, અમારા મુક્તનો, જોઈએ રાજીપો અપરંપાર...૧૩

**૨૫૪ (રાગ : ચોપાઈ - વળી વ્હાલે કરી એક વાત)**

અતિ રાજીપાની રીત કહું, સુણો સુણો મુક્તો તમે સહુ;
જીવન ધ્યેય કરો તમે નક્કી, સમજીને સ્પષ્ટ અમ થકી...૦૧

આવ્યા નથી કોઈ કર્માધીન, લાવ્યા છીએ સંકલ્પે આધીન;
જેહ અર્થે આવ્યા છીએ અમે, સાથે મોટાપુરુષ અને તમે...૦૨

ઉપાસના સનાતન અજોડ, નથી કરવો અલ્પ એમાં તોડ;
સાથે મુક્ત અનાદિની સ્થિતિ, અનંત બ્રહ્માંડે સ્થાપવી રીતિ...૦૩

એહ કારણ આ દિવ્ય સમાજ, અમે-તમે પ્રગટ્યા છીએ આજ;
નથી જીવો તમે વિષયાનંદી, નથી ભક્ત પણ ભજનાનંદી...૦૪

બ્રહ્માનંદી છો મુક્ત અનાદિ, ભલે જણાવ છો તમે આદિ;
દળેલું દળાય છે કહ્યું બાપે, જૂના આદરવાળા સહુ આપે...૦૫

પ્રગટ છીએ અમે સહજાનંદ, મૂર્તિરૂપે દેખો લ્યો આનંદ;
ઢાંકી રાખ્યું સામર્થ્ય ને તેજ, હતા તેજોમય છીએ એ જ...૦૬

સદા પ્રગટ-પ્રત્યક્ષ છીએ, નથી આવ્યા કે ગયા કંઈએ;
ગોપાળાનંદ નિત્યાનંદ જેવા, તમને મળ્યા છે સત્પુરુષ તેવા...૦૭

ઈશ્વરસ્વામી જેવા સદ્ગુરુ, ન્યાલ બન્યા તમે પામી ગુરુ;
અખંડ મૂર્તિમાં સદા રહે છે, કૃપા કરી દર્શન સદા દે છે...૦૮

રાજી કરવા એ તમારી સેવા, જરૂર કરીશ હું અમારા જેવા;
વિશ્વાસ રાખજો વાત આ નક્કી, બીજો કોઈ ઉપાય તો નથી...૦૯

જે જે પામ્યા છે બહુ મોટપ, તેને એક જ રાજીપાનો ખપ;
રાજીપાથી પામ્યા મૂર્તિસુખ, ટળી ગયાં છે સરવે દુઃખ...૧૦

રાજી કર્યા નથી હવે કરવા, સંકલ્પ દેવો નથી હવે ફરવા;
દ્રવ્ય સંપત્તિ કુટુંબ પરિવાર, જગત જીવના એ છે આધાર...૧૧

માન-મોટપ હું અને મારું, દેહધારીને લાગે છે પ્યારું;
ગાડી-વાડી ને પૈસાની દોડ્ય, એને ન પડે વાતની ઘેડ્ય...૧૨

વિષય સુખથી થયો હેવાયો, સ્ત્રીસુખમાં સ્હેજે તે તો ફસાયો;
એમ તમે નથી જીવ જક્ત, તમને કર્યા છે અનાદિમુક્ત...૧૩

રાખી વિશ્વાસ ધ્યેય નક્કી કરો, અમ વાતને દિલમાં ધરો;
સ્પષ્ટ ધ્યેય વ્હેલો નક્કી થશે, તો જ આ વાતો જીવમાં ઊતરશે...૧૪

ઘણું દ્રવ્ય ને કીર્તિ કમાયા, માન મોટપે બહુ બહુ ફાવ્યા;
રાજીપાધન મોટું જો ન મળ્યું, સત્સંગમાં આવીને શું વળ્યું ?...૧૫

જુઓ રતા ગાંડાની એ રીત, કેવી કરી અમ સાથે પ્રીત;
રાજી થઈ કહ્યું જ્યારે અમે, માગો કહો તે આપીએ અમે...૧૬

ત્યારે હાથ જોડી બોલ્યા તેઓ, મને કર્યો છે કૃપાવંત કેવો;
અનંતકોટિ બ્રહ્માંડમાં હે રાજ, સૌને આપો સમૃદ્ધિ મહારાજ...૧૭

રૂપ ગુણ ને સુખ દેનાર, એવા તમે સ્વયં કિરતાર;
વગર માગ્યે મળ્યા પ્રભુ તમે, બધું મળી ગયું હરિ મને...૧૮

નથી આપના તુલ્ય કંઈ જ, તો અધિક તો હોય નહિ જ;
પૂરણકામ કર્યો હરિ મને, શું છે બાકી તે માગું આ સમે...૧૯

રાજી રહેજો સદા મુજ પરે, એટલું જ માગું છું હે હરે;
સુણી રાજી બહુ અમે થયા, બાથે લઈ ભેટી બહુ પડ્યા...૨૦

વાહ વાહ ખરા ડાહ્યા તો તમે જ, ચાહે બીજું તે પૂરા ગાંડા છે જ;
મુક્તો એ જ અમે તમને મળ્યા, તમને પણ એવા ન્યાલ કર્યા...૨૧

માટે ન રાખશો અન્ય આશ, તો થશો સદા તમે પાસ;
સકામ ભક્તમાં નથી થતું હેત, નિષ્કામ ભક્તમાં રહે સ્હેજે પ્રીત...૨૨

જીવ જગતના રાજી જો થાશે, એમાં શું તમારું તો વળશે ?
મનને પણ રાજી બહુ કરશો, વધુ વધુ તો મનમુખી થશો...૨૩

કરીએ મોટાની આગળ હાજી હાજી, તો મહારાજ મોટા થાય રાજી;
થાય સદાય મનધાર્યાં કામ, એવું સમજે તે ભક્ત સકામ...૨૪

થાય ધનના ઢગલા બહુ, દેહ ગેહ સુખી રહે સહુ;
થાય રાજી તો દીકરા મળે, ગાડી-બંગલાવાળા તુરત કરે...૨૫

સકામભાવે સેવો નહિ મોટા, બહુ ખ્યાલ રાખી ખોટા ખોટા;
એ માટે એ આવિયા નથી, મૂર્તિસુખ દેવા રહ્યા મથી...૨૬

પરચા ચમત્કાર જાણો કેવા, તુચ્છ અતિશે રમકડાં જેવા;
કારણ સત્સંગ કલ્પવૃક્ષ જેવો, જેવું ઈચ્છશો પામશો તેવો...૨૭

માયિક સુખને ઈચ્છશો તમે, આપશું પણ રાજી નહિ અમે;
પહેલી ને છેલ્લી એ જ અરજ, રાખો મૂર્તિસુખની એક ગરજ...૨૮

જનમ નથી ભૌતિક સુખ માટે, સુખ મૂર્તિનું રાજીપાની સાટે;
મક્કમ ધ્યેય સાથે રાજી કરશો, અમ સંકલ્પ ભેળા તો જ ભળશો...૨૯

જેને નક્કી હતું સર્વે રીતે, રાજી કરવા મહારાજને પ્રીતે;
માન્યો રાજીપો એક મહામૂડી, કેવી એમની રીત હતી રૂડી...૩૦

જે જે સંતે-ભક્તે રાજી કર્યા, કર્યા એમણે અનંતને ભર્યા;
કહું રાજી કર્યાના ઉપાય, ગરજુ થઈ કરશો કરશું સહાય...૩૧

**૨૫૫ (રાગ : ચોપાઈ - મહાબળવંત માયા તમારી)**

જેને નક્કી હતું સર્વે રીતે, રાજી કરવા મહારાજને પ્રીતે;
માન્યો રાજીપો એક મહામૂડી, કેવી એમની રીત હતી રૂડી... ૦૧

જે જે સંતે-ભક્તે રાજી કર્યા, કર્યા એમણે અનંતને ભર્યા;
કહું રાજી કર્યાના ઉપાય, ગરજુ થઈ કરશો કરશું સહાય... ૦૨

**નિષ્ઠા :** પ્રશ્ન પૂછ્યો સ્વામી મુક્તાનંદે, ઉત્તર કર્યો સ્વામી સહજાનંદે;
કેવી રીતે કરવા પ્રસન્ન, તમો જણાવો પ્રાણજીવન... ૦૩

અતિ દૃઢ આશરો અમારો, પોલ્ય રહિત ઉત્તમ સારો;
સ્વયં સનાતન સર્વોપરી, પ્રગટ મળ્યા મુને દયા કરી... ૦૪

કઠિયારા ભક્તનો પાવર કેવો, નિત્યાનંદ સ્વામીના જ જેવો;
રીત રાજીપાની આપી રૂડી, ગંગામાને કહ્યું મેર મૂંડી... ૦૫

સુંદરિયાણાના હિમરાજ શેઠ, બોટાદ ગામે હતા ભગા શેઠ;
લુણાવાડાના લક્ષ્મીરામ જાની, ઠાસરાના દયાળજી નિર્માની... ૦૬

હરજી કાપડિયાનો નિશ્ચય કેવો, નાના નારુનો નવડા જેવો;
દુઃખ આવ્યાં હતાં તો અપાર, તોયે નિષ્ઠામાં રહ્યા સરાધાર... ૦૭

**નિયમ :** ધન્ય ધન્ય છે એવા મુક્તોને, થયા થશે ને છે જ આ સમે;
ધન્ય ધન્ય વળી રૂપાભાઈ, કસોટીમાં ન લેવાયા ક્યાંઈ... ૦૮

ઝીણાભાઈને કહ્યું છે તેમ, જાવ પણ જાળવજો એમ;
ગોવો-ગોવિંદ બંને ભક્ત શૂરા, કલેક્ટરને ભક્ત કર્યા પૂરા... ૦૯

**નિષ્કામ ધર્મ : (બ્રહ્મચર્ય)** સુરાખાચર કહેવાયા યતિ, બ્રહ્મચર્યથી રાજી કર્યા અતિ;
મા-બેન-દીકરી યુવાન હોય, એકાંત અંધારે રહેવાય નોય... ૧૦

પારકી સ્ત્રી સાથે રહેવાય કેમ, મધ્ય પાંત્રીસે જણાવ્યું છે જેમ;
ગૃહસ્થને અવેરી વર્તમાન, અતિ રાજીપા માટે છે મહાન... ૧૧

વસ્ત્ર પરિધાન એવાં તો કરીએ, વિકાર ઉપજાવે એવાં ન ધરીએ;
સોશિયલ મિડિયા છે મોટું પાપ, ભલભલાને ખવડાવે છે થાપ... ૧૨

કાયાભાઈ હતા હર્યાભર્યા, જીવના જીવ સાથે લગ્ન કર્યાં;
ભાઈ-બહેન લાગો છો શબ્દો કહ્યા, પ્રભાશંકર એ રીતે રહ્યા... ૧૩

**સ્વભાવ :** જુઓ દાદાખાચરની રીત, રાજીપાથી જ પામ્યા છે જીત;
અમને ન ગમે એવા સ્વભાવ, ટાળ્યા અતિશે કરી અભાવ... ૧૪

ઘોડીના સ્વભાવ તો ટળ્યા, ઉકાખાચરને નિષ્કામી કર્યા;
સ્વામી ગુણાતીતાનંદ જેવા, સગરામ પટેલ થયા છે તેવા... ૧૫

સુરાખાચર સ્વાદિયા અતિ, રુચિ જાણી ટાળી દીધી મતિ;
કુંભારિયાના હરજીભાઈ શેઠ, બાપા વચને પહોંચ્યા એ તો ઠેઠ... ૧૬

જુઓ કેવી આ મુક્તોની રીત, જાણી કરજો એ પ્રમાણે નિત;
બની ગયા આ બધા આદર્શ, કરજો જીવન આપણું સરસ... ૧૭

**દિવ્યભાવે સેવા :** નીલકંઠવર્ણીએ કરી છે સેવા, નિજબોધાનંદ સેવ્યા છે કેવા;
ગોપાળબાપાનો રાજીપો પામ્યા, દિવ્યભાવે યુવાની ભાવ વામ્યા... ૧૮

બોટાદ કેરા હતા વીરા ભક્ત, દિવ્યભાવે થયા મોટા મુક્ત;
શિવલાલભાઈ રાજીપો કમાયા, નિધડકપણે મોટામાં સમાયા... ૧૯

**નિષ્કામ ભક્ત :** નક્કી કરેલું થાય કે ન થાય, હરિ મરજીમાં આનંદે રહેવાય;
જે કરે છે ને કરશે એ જ સારું, હિત જરૂર હોય એમાં મારું... ૨૦

કરે અખંડાનંદ સ્વામીની સેવા, નિષ્કામભાવે માવજી ભક્ત કેવા;
કડવા ભગતે કદી નવ કહ્યું, ગીંગા ધાંધલે સરવે સહ્યું... ૨૧

**સમર્પણ :** સમયે અર્પણ બધું કર્યું, વચન વ્હાલાજીનું ઉર ધર્યું;
એક પત્રથી આવ્યા અઢાર, ધન્ય અદ્ભુતાનંદ અપાર... ૨૨

સુંદરજીભાઈ ને ડોસા ભક્ત, સુંદરમા ડોશી હતાં મોટાં મુક્ત;
ધન્ય ધન્ય જતનબા તમને, રણછોડલાલે પ્રેરણા આપી સૌને... ૨૩

આખું મંદિર કરાવ્યું છતાં, કેવા નિર્માની તો પોતે હતા;
આજે પણ કરે છે આવી સેવા, તેને મળે રાજીપાના મેવા... ૨૪

**સમજણ :** તન-મન-ધન પોતાનાં ન માન્યાં, ત્યારે અત્યંત રાજીપો પામ્યા;
દીકરા કે દીકરી નથી તમારાં, તેને માનજ્યો સદા અમારાં... ૨૫

તમે ને તમારો પરિવાર, અમ અરથે લાવ્યા નિરધાર;
શક્તિ-બુદ્ધિ આપ્યાં છે અપાર, વિશ્વાસઘાત ન કરશો લગાર... ૨૬

**પક્ષ :** પક્ષ રાખીને રાજી કર્યા કેવા, કેસરમિયાં ભક્ત ખરા એવા;
બારોટ પ્રભુદાસે પણ રાજી કર્યા, ગુણાતીતાનંદે દુઃખ સર્વે હર્યાં... ૨૭

વિસનગરના લાલા સૂબા, પક્ષ રાખ્યો બેન ઉદેકુંવરબા;
રામભંડેરીએ વચન ધર્યાં, પક્ષે કરી ભક્ત રાજી કર્યા... ૨૮

**ભજન-પ્રાર્થના :** ભજન પ્રાર્થનાથી રાજી થઈએ અમે, ખૂબ કરજો કગરીને તમે;
તન મન ને ધનનાં દુઃખ, ટળી જાય થાય અતિ સુખ... ૨૯

કામ થયાં થાય છે ને થશે, રાખી વિશ્વાસ ભજન પ્રાર્થના કરશે;
પ્રગટ પ્રત્યક્ષ સદા અમે છઈએ, નહિ ગયા કે કદી નવ જઈએ ... ૩૦

હોય ઝવેરબાઈ કે નવલબાઈ, રાજકોટ કે મથુરાનો ભાઈ;
દૃઢ નિષ્ઠા ને નિયમ પૂરાં હશે, હરિ તત્કાળ પ્રાર્થના સાંભળશે... ૩૧

**આત્મબુદ્ધિ :** પોતાપણું આજ સુધી કર્યું, હું અને મારાથી જ ભર્યું;
દેહ દેહના સંબંધીને મારા, જાણી ઘસાયા છીએ કરી પ્યારા... ૩૨

મોટાપુરુષ સંતોને મારા કરે, અંતરના રાજીપાથી હરિ ભરે;
જેતલપુરના આશજીભાઈ, દીકરો મૂકી ગયા સેવામાંઈ... ૩૩

આંબાશેઠ ઘી ને ખજૂર લાવે, પર્વતભાઈ શેરડી નવ ખાવે;
થાવું સુખે સુખી દુઃખે દુઃખી, કરસન માવા ભગત ગુરુમુખી ... ૩૪

વીરાભગત ને ભગવતચરણસ્વામી, ગુરુ રાજીપાએ ભાંગી ખામી;
મોટાને નિધડકપણું દીએ, જ્યારે જે સમે કહેવું ઘટે કહે... ૩૫

શ્રીજીએ તો કોથળા પહેરાવ્યા, મોટા સંતો-ભક્તોને તો તાવ્યા;
એમનું ગમતું આપણું થાય, ત્યારે આત્મબુદ્ધિ તો કહેવાય... ૩૬

**સંતોષી જીવન :**

પૈસો પૈસો પૈસો નવ કરવું, સાચું ખોટું કરી નવ મરવું;
સુખ શાંતિ ને સત્સંગના ભોગે, નવ દોડવું ધનના લોભે... ૩૭

સીમર તણો વાણિયો લોભી, ન્હોતો સંતોષ તેથી હતો દુઃખી;
ચાર મિત્રોએ નાખ્યા છે મારી, પાપનું મૂળ લોભ છે ભારી... ૩૮

કરોડપતિ પણ માને અધૂરું, સંતોષી જનને મનાય પૂરું;
અતિ સંપત્તિ કરાવે છે કજિયા, લાજ આબરૂની ઊડે છે ધજિયા... ૩૯

સ્હેજે પ્રભુ ભજાય એમ રહેવું, એવા પર રાજી અમે બહુ;
નાશવંતની હાયવોય મૂકી, રાજીપાધન જવા ન દેવું ચૂકી... ૪૦

**મૂર્તિસુખની લાલચ :**

જ્યારે સરવેથી લૂખા થવાય, ત્યારે મૂર્તિનું સુખ પમાય;
રાજબાઈએ પ્રશ્ન જે પૂછ્યો'તો, તેનો ઉત્તર આ જ કર્યો'તો... ૪૧

અતિ અતિ રાજી જ્યારે થઈએ, મૂર્તિસુખ રસબસ દઈએ;
પર્વતભાઈ કેવા મુક્ત હતા, મૂર્તિસુખે સુખી પોતે રહેતા... ૪૨

કારણ સત્સંગ રૂડો છે કેવો, એક મૂર્તિ લાલચ રાખ્યા જેવો;
મૂર્તિસુખના અધિકારી થાવા, સુણો ઉપાય બતાવું આવા... ૪૩

## ૨૫૬ (પદ : શોધી શોધીને શોધીયું)

શોધી શોધીને શોધીયું, સત્ય વાર્તા કેરો સાર રે;
દેહમાનીને દુઃખનો કહું, કે'દી ન આવે પાર રે...ટેક

પંચવિષય શું પ્રીતડી જેની, લાગી રહી એકતાર રે;
તેને સાચું સમજાવતાં વળી, લાગે લગારેક વાર રે...શોધી ૦૧

સૂતાં ઊઠી જે સુખના કરે, હીસોરા હજાર રે;
તેને વાતો ત્યાગની સુણી, લાગે સોમલ ખાર રે... શોધી ૦૨

અમટ ઇચ્છા અંતરે પિંડ, પોષવા છે પ્યાર રે;
તેનું તાન તજાવતાં લાગે, અંગમાંહી અંગાર રે...શોધી ૦૩

પ્રતીત નહિ પરલોકની જેના, અંતરમાંહી લગાર રે;
નિષ્કુળાનંદ એ નરને કહેવું, તે પણ કરી વિચાર રે... શોધી ૦૪

## નિષ્કુળાનંદ કાવ્ય

### ૨૫૭ વચનવિધિ કડવું-૧ (રાગ : ધન્યાશ્રી)

સમરો સુખદ શ્રી હરિદેવ જી, જેથી પામીએ આનંદ અભેવ જી;
જેહ આનંદનો નાવે કે'દી છેવ જી, તેહ સુખ આપે હરિ **તતખેવ**[૧] જી.

હરિ હરખી સુખ આપે, જો વર્તીએ વચનમાંય;
મેલી ગમતું મનતણું, રહીએ શ્યામ ગમતે સદાય...૦૧

પૂરણ સુખને પામવા, રહીએ હરિઆજ્ઞા અનુસાર;
તે વિના મોટ્યપ નવ મળે, જન જોવું કરી વિચાર...૦૨

ભવ બ્રહ્મા આ બ્રહ્માંડમાં, મહા મોટા કહે સહુ કોય;
તે મોટ્યપ શ્રી મહારાજથી, એહ સમજવું જન સોય...૦૩

શશી રવિ સમર્થ સહિ, કરે સર્વે લોકે પ્રકાશ;
તે પ્રસન્ન કરી પરબ્રહ્મને, અંગે પામ્યા એવો ઉજાશ...૦૪

ભૂત ભવિષ્ય વર્તમાનમાં, હરિ રાજીપામાં જે રહ્યા;
દેવ દાનવ માનવ મુનિ, તે સર્વે મોટા થયા...૦૫

મોટું થાવાનું હોય મનમાં, તો હરિવચનમાં હંમેશ રૈયે;
નિષ્કુળાનંદ કહે ન લોપિયે, વાલમનું વચન કૈયે...૦૬

● ૧. તરત જ

### ૨૫૮ વચનવિધિ કડવું-૬

વચન વા'લાનું લોપશો મા લેશ જી, એટલો તો માની લેજો ઉપદેશ જી;
લોપતાં વચન આવશે ક્લેશ જી, હેરાનગતિ પછી રહેશે હંમેશ જી.

હંમેશ રહેશે હેરાનગતિ, અતિ તુચ્છ કરશે તિરસ્કાર;
આજ્ઞા હરિની લોપતાં, ભવમાં નહિ રહે ભાર...૦૧

બ્રહ્માએ ભાંગી હરિ આગન્યા, જોયું **નિજસુતા**[1]નું શરીર;
જોતાં મતિ રતિ નવ રહી, વળી ગઈ હૈયેથી ધીર...૦૨

અણઘટિત ઘાટ ઊપજ્યો, જે મટાડતાં મટ્યો નહિ;
તે પાંચમે મુખે પ્રકાશિયો, નેક અતિ નિર્લજ્જ થઈ...૦૩

એવાને પણ એમ થયું, મરજાદા હરિની મેલતાં;
બીજાની **બકાત્ય**[2] સહી, ખેલ અખેલ્યા ખેલતાં...૦૪

એવી અભંગ છે આગન્યા, અખંડ હરિની આકરી;
તેને લોપતાં ત્રિલોકમાં, કહો કોણ બેઠો ઠરી...૦૫

સુખ કરણી છે દુઃખ હરણી, આગન્યા શ્રી મહારાજની;
આસુરી જનને અર્થ ન આવે, છે દૈવી જીવના કાજની...૦૬

આસુરી મતિને જે આશર્યા, તેને આજ્ઞાની આડી કશી;
નિષ્કુળાનંદ એ નરનું, નાક કાપવું ઘટે ઘશી...૦૭

● ૧. પોતાની દીકરી ● ૨. જોર, બળ

## ૨૫૯ વચનવિધિ કડવું-૧૧

વચન આધારે વર્તે છે જેહ જી, મોટા સુખને પામશે તેહ જી;
એહ વાતમાં નહિ સંદેહ જી, લોકે પરલોકે પૂજવા જોગ્ય તેહ જી.

લોક અલોકમાં આબરૂ, રે'શે એની રૂડી રીત શું;
વચન વા'લાના વા'લાં કરી, પ્રસન્ન મને રાખ્યાં પ્રીત શું...૦૧

વચન પાળતાં જો વિપત્તિ પડે, તો સહે શ્રદ્ધાયે કરી;
વચન લોપતાં જો સુખ મળે, તો ઘોળ્યું પરું મેલે પરહરી...૦૨

**અસન**[1] **વસન**[2] ભૂષણ ભૂમિ, મર મળે ત્રિલોકનું રાજ;
વચન જાતાં જાતું કરે, જાણે થાય એથી અકાજ...૦૩

પ્રહ્લાદને કહ્યું એના પિતાયે, તને આપું રાજ અધિકાર;
નામ મેલી દે ભગવાનનું, આજથી મા કર્ય ઉચ્ચાર...૦૪

પણ હળવા સુખ સારુ હરિજન, મૂકે કેમ મોટા સુખને;
લોપી વચન મન લલચે, એવું ઘટે ઘણું વિમુખને...૦૫

નાક કપાવી નથ પે'રવી, એ તો નારી નઠારીનું કામ છે;
એથી મર રહીએ **અડવાં**[3], એવાં ભૂષણ પે'રવાં હરામ છે...૦૬

એમ વચન ગયે **વડાઈ**[૪] મળે, તેને પાપરૂપ જાણી પરહરો;
નિષ્કુળાનંદ નિશ્ચે કરી, હરિવચનમાં વાસ કરો...૦૭

● ૧. અન્ન ● ૨. વસ્ત્ર ● ૩. શણગાર વિનાનું ● ૪. મોટાઈ

## ૨૬૦ સારસિદ્ધિ કડવું-૩૨

જ્ઞાની તેહ જેને હરિની ગમ જી, નથી જેને નાથની મૂર્તિ અગમ જી;
નખશિખ નીરખી કરી છે સુગમ જી, ના'વે કોઈ એવા સંતની સમ જી.

સંત સમાન તે શું કહિયે, જેને અખંડ મૂર્તિ છે ઉર;
જોઈ જોઈ જોયું જીવમાં, એની જોડ્યે ન જડ્યું જરૂર...૦૧

**કામદુગ્ધા**[૧] કહું શી કલ્પતરુ, કહું નવનિધિ સિદ્ધિસમિત;
પારસ કહું કે ચિંતામણિ, **વજ્રમણિ**[૨] ઘણી કહું **સિત**[૩]...૦૨

**અર્કમણિ**[૪] કે કહું **ઇંદુમણિ**[૫], ઘણી ઉપમા દઉં અમૃતની;
જે જે કહું તે જોખે ભર્યાં, આપું ઉપમા કૈં પ્રતની...૦૩

જેણે અંતરમાં અખંડ રાખ્યા, અલબેલો જી અવિનાશ;
રાજી થઈને હરિ રહ્યા, દોષે રહિત દેખી નિજ દાસ...૦૪

જેમ **પંચાનની**[૬] પય રે'વા પાત્ર, જોઈએ સોળવલું સુવર્ણ;
એમ હરિને રે'વાતણું, શુદ્ધ જનનું અંતઃકર્ણ...૦૫

જેમ જગજીવનના જળને, જાણો નથી રે'તું **ખામા**[૭] વિના ખમી;
તેમ હરિજનનું અંતર, ગયું છે હરિને ગમી...૦૬

જેમ સુગંધી રહે છે શ્રીખંડ માંય, રહ્યો **ઈક્ષુ**[૮] માંહી જેમ રસ;
તેમ હરિજન માંહી હરિ, હળીમળી રહ્યા એકરસ...૦૭

જેમ ચમક ઉત્તર મુખનો, રહે ઉત્તર દિશ પર મુખ;
તેમ હરિ હરિજન સામા રહે, સદાયે આપવા સુખ...૦૮

એમ સાચા સંતની સનમુખ, સદાય રહે છે શ્રીહરિ;
નિષ્કુળાનંદ કહે કાચા કોયે, ન હોય સુખિયા એ સુખ કરી...૦૯

● ૧. કામધેનુ ● ૨. હીરો ● ૩. શ્વેત, સફેદ ● ૪. સૂર્યમણિ ● ૫. મોતી ● ૬. સિંહણ ● ૭. ટેકો
● ૮. શેરડી

## ૨૬૧ હરિબળ ગીતા કડવું-૯

રાજી કરવા પ્રગટ ભગવાન જી, **સમાસમે**[1] સહુને રે'વું સાવધાન જી;
મેલી જન મન તનનું માન જી, રાખવું હરિને રાજી કરવા તાન જી.

તાન એમ તને મને, રાજી કરવાને હરિકૃષ્ણ;
અહોનિશ રહે આલોચના, જાણે કેમ પ્રભુ થાય પ્રસન્ન... ૦૧

તેને અર્થે તને કરી, કરે જપ તપ જોગ જગન;
તીરથ વ્રત કરે વળી, રાજી કરવા ભગવન... ૦૨

તેહ સારુ તાવે તનને, સહે કાયાયે કષ્ટ કોટ;
પણ હરિભક્તની રીતમાં, આવવા ન દિયે ખોટ... ૦૩

મેલી ગમતું નિજ મનનું, કરે ગમતું તે શ્રીહરિતણું;
જેમ વાળે તેમ વળે વળી, મૂકી મમત આપણું... ૦૪

વા'લાના વચનનો, અતિ ઉર ઊંડો વિશ્વાસ;
માહાત્મ્ય જાણી મહારાજનું, તજે અન્ય સુખ આશ... ૦૫

સુખ નર **નિર્જર**[2] તણાં, સમજે સ્વપ્ન સમાન;
નિર્ભય સુખ જાણી નાથનું, તેહ પર રહે ઘણું તાન... ૦૬

એને અર્થે આપણું, ગણે નહિ તન મન;
નિષ્કુળાનંદ તે નર પર, પ્રભુ થાશે પ્રસન્ન... ૦૭

● ૧. પળેપળે ● ૨. દેવ

## ૨૬૨ નિષ્કામીપણા વિષે

### (ઉપજાતિ વૃત્ત) શ્રીહરિલીલામૃતમ્ : કળશ-૭, વિશ્રામ-૧૮

નિષ્કામી પૂરો જન જેહ હોય, ન થાય તે તુલ્ય તપસ્વી કોય;
શાસ્ત્રે કહ્યાં છે વ્રત તો અનેક, નિષ્કામતા ઉત્તમ સત્ય એક...૦૧

બ્રહ્માજી ભૂલ્યા વળી ઈન્દ્ર ચન્દ્ર, પરાશર ય ભૂલી પડ્યા મુનીન્દ્ર;
આ કાળમાં જે નિષ્કામી જાણું, વિશેષ તેના મુખને વખાણું...૦૨

ભલે કરે જો વ્રત દાન યજ્ઞ, સર્વે પ્રકારે જન હોય સુજ્ઞ;
તથાપિ નિષ્કામપણું ન જેને, તો હું ગણું છું અતિ તુચ્છ તેને...૦૩

પરસ્ત્રીને પાપ વડે ન પેખે, પેખાઈ તે માત સમાન લેખે;
તે તુલ્ય બીજો નહિ પુણ્યશાળી, રાજી થઉં છું મુખ તેનું ભાળી...૦૪

પૂજા કરી શ્રેષ્ઠ પદાર્થ અર્પે, કે આપીને ભોજન પાન **તર્પે**[1];
સંતોષ હું તેથી કદી ન પામું, જોવા ન ઇચ્છું જન **જાર**[2] સામું...૦૫

નિષ્કામી જેવો ન પવિત્ર અન્ય, નિષ્કામી જાણું જન ધન્ય ધન્ય;
ભક્તિ કરે ને **શીળ**[3] ભ્રષ્ટ હોય, પામે નહિ મૂર્તિધામ સોય...૦૬

ભલે ધર્યા હોય અનેક ધર્મ, ભલે કર્યાં હોય ઘણાં સુકર્મ;
દારૂ બળી જાય જ દેવતાથી, સુકર્મ સર્વે વ્યભિચારતાથી...૦૭

સત્સંગનું ભૂષણ બ્રહ્મચર્ય, પરસ્ત્રીનો ત્યાગ વ્રતાદિવર્ય;
સર્વે ગુણોથી ગુણ શ્રેષ્ઠ એ છે, રાજી થકા શ્રીહરિ કહે છે...૦૮

● **૧.** તૃપ્ત થવું ● **૨.** પરસ્ત્રી સાથે પ્રીતિ કરનાર - વ્યભિચારી ● **૩.** ચારિત્ર્ય - બ્રહ્મચર્ય

●●●

# ધ્યાનનાં પદો

**૨૬૩ (રાગ : બાનાની પત રાખો રાજ)**

ધ્યાનમાં સુખડાં આપો શ્યામ, ધ્યાનમાં સુખડાં આપો;
તમારી મૂર્તિમાં રાખો શ્યામ... ટેક

અચળ ભરોસો પ્રભુ અમને તમારો, જીવમાં થઈ ગયો સારો;
તમારો નિશ્ચય વ્હાલા તમે રે કરાવ્યો,
ખરો આધાર તું અમારો શ્યામ... ધ્યાનમાં ૦૧

રાજી કરવા તને ધ્યાન કરીએ અમે, મહિમા ખૂબ વિચારી;
કાલાવાલા પ્રભુ જોઈ અમારા,
દ્યો અંતરશત્રુને ટાળી શ્યામ... ધ્યાનમાં ૦૨

પ્રાપ્તિ પૂરી કૃપાએ કરાવી, સ્થિતિને રાખી અધૂરી;
તે પણ તારી કૃપાએ જ થાશે,
જાણ્યું અમે ભયહારી શ્યામ... ધ્યાનમાં ૦૩

છતી દેહે વ્હાલા મૂર્તિમાં રાખ્યા, પુરુષોત્તમરૂપ કીધા;
ન્યાલ કર્યા અમને **મહાપદ**[૧] આપી,
અનાદિ સંગે રાખી લીધા શ્યામ... ધ્યાનમાં ૦૪

શરણાગતને સુખ જરૂર દેજો, શ્રી ઘનશ્યામ સુખકારી;
અધમ ઉદ્ધારણ તવ બિરદ ઉપર,
દાસાનુદાસ બલિહારી શ્યામ... ધ્યાનમાં ૦૫

● ૧. અનાદિમુક્તની સ્થિતિ અર્થાત્ અનાદિમુક્તનું ઉચ્ચ પદ

**૨૬૪ (છંદ : શાર્દૂલવિક્રીડિત)**

પુરુષોત્તમરૂપ થઈ ધ્યાન કરવું, પ્રેમેથી પાયે લળી;
મસ્તક ભવ્ય વિશાળ ભાલ ઝળકે, કર્ણ ભ્રકુટિ ભલી,
ચંચળ છે સુખ દેણ નેણ નાસા, જ્યોતિ **કપોળે**[૧] ઝળે;
મુખડું ને મૂછ રેખ અધર જોઈ, દાઢીથી દૃષ્ટિ ઠરે... ૦૧

કંઠે તુલસી **દામ**[૨] વામ સ્કંધે, યજ્ઞોપવીત સાર છે;
છાતી મનહર શ્યામ સ્તન મધ્યે, **વિનગુણ**[૩] રૂડો હાર છે,
બાહુ દંડ પ્રચંડ શ્યામ કોણી, કાંડા કરે બળ છે;
આંગળિયું ને હથેળી બેઉ રાતી, રેખાઓ સુંદર છે... ૦૨

જુઓ ઉદર અનુપ રૂપ આપે, નાભિ છે ઊંડી ઘણી;
પહેરી ધોતી શ્યામ શ્યામ કટિએ, ઉજ્જવળ સોહામણી,
સાથળ સાર રસાળ જોયા જેવા, વર્તુળ **જાનુ**[૪] ભલા;
**જંઘા**[૫] સરખી સુંવાળી પોચી **પિંડી**[૬], ઘૂંટીની દિવ્ય કલા... ૦૩

પાની પોંચા આંગળી દશ જુઓ, રક્ત નખે ઓપતી;
સોળે ચિહ્ન સહિત ચરણકમળની, જોડી ભલી શોભતી,
અંગો અંગ સળંગ નીરખું સ્વામી, બિરદ તવ ઉર ધરી;
ટાળી સર્વ **રિપુ**[૭] અને દેહભાવો, સુખમાં થિજાડો હરિ... ૦૪

● **૧.** ગાલની ઉપરનો ભાગ-નેત્રની નીચેનો ભાગ ● **૨.** કંઠી ● **૩.** માયાના ગુણથી રહિત ● **૪.** ઢીંચણ ● **૫.** જાંઘ ● **૬.** ઢીંચણથી નીચેનો પગનો પાછળનો નરમ ભાગ ● **૭.** અંતઃશત્રુ

### ૨૬૫ (રાગ : રાખનાં રમકડાં)

તેજના સમૂહમાં, શ્રીજી દર્શન (૨) નવલાં દે છે રે;
કૃપાથી જીવને મૂર્તિમાં રાખી, મુક્ત અનાદિ કે' છે રે... ટેક

ફરરર તેજના છૂટે ફુવારા, મૂર્તિની ચારે કોરા;
રોમ રોમમાં ઊડે ખુશબો, સુખની ફોરંફોરા રે... તેજના ૦૧

અંગે અંબર મૂર્તિ જેવા, ઝળળળ ઝળળળ ઝળકે છે;
આભૂષણ છે દિવ્ય અનુપમ, કુંડળ પણ લળકે છે રે... તેજના ૦૨

ભાલ વિશાળમાં તેજ ભભૂકે, જ્યોતિ કપોળે છાજે;
નયન ઈશારે મૂર્તિમાં ખેંચે, સુખિયા કરવા કાજે રે... તેજના ૦૩

મીઠા મધુરા મુખના ભાવો, મરકલડે ઉપજાવે;
છાતી સંગે શ્યામ ભીડીને, પ્રેમે કંઠ લગાવે રે... તેજના ૦૪

કોમળ કરનાં લટકાં કાજુ, કરતા પ્રૌઢ પ્રતાપી;
અમૃત વેણે બોલ્યા વ્હાલો, મૂર્તિ તમને આપી રે... તેજના ૦૫

ધ્યાને મૂર્તિ જોતાં જોતાં, ખુશબો ખેંચી રહી;
દાસાનુદાસ કહે રસબસ બનતાં, સર્વે ઉપાધિ ગઈ રે... તેજના ૦૬

### ૨૬૬ (ભજન)

મૂર્તિમાં રહીને નીરખીયે રે, શ્રીજી અમ શિરતાજ રે;
આત્યંતિક મોક્ષના દાતા પ્રભુજી, સુખ આપો મહારાજ રે... ટેક
સર્વાંગે પ્રભુજી શોભતા રે, શ્રીજી૦ મસ્તકે મુગટ ધાર્યો પ્રભુજી... સુખ ૦૧

ભાલ વિશાળમાં તેજ ભર્યું રે, શ્રીજી૦ ભ્રકુટિ નયનમાં કામણ પ્રભુજી... સુખ ૦૨
જ્યોતિ કપોળે ઝળહળે રે, શ્રીજી૦ નાસા નિકટ છે તિલ પ્રભુજી... સુખ ૦૩
હાસ્ય ભરી મુખચંદ્રમાં રે, શ્રીજી૦ કંઠ ચિબુકને જોઉં પ્રભુજી... સુખ ૦૪
જરકસી જામો શેલું ને સુરવાલ, શ્રીજી૦ કંઠે સુવર્ણ પુષ્પ હાર પ્રભુજી... સુખ ૦૫
ચરણે તોડા ને સાંકળાં રે, શ્રીજી૦ રક્ત તળામાં ચિહ્ન પ્રભુજી... સુખ ૦૬
કૃપાળુ કેવળ કૃપા કરીને, શ્રીજી૦ મૂર્તિમાં રસબસ કીધા પ્રભુજી... સુખ ૦૭
અનાદિ જેવા કરવા સુખિયા, શ્રીજી૦ વિનવે દાસાનુદાસ પ્રભુજી... સુખ ૦૮

## ૨૬૭ (રાગ : બાગેશ્રી)

સુખમય તોરી મૂર્તિ અજબ હૈ; શ્રીજી સદા સુખકારી... ટેક
શિર મુકુટ દિવ્ય સુંદર ભાલે; ચંદ્ર તિલક છબી ન્યારી... શ્રીજી ૦૧
વક્ર ભ્રકુટિ કાને કુંડળ ઝળકે; આંખડી કામણગારી... શ્રીજી ૦૨
નાસા નિકટ તિલ જ્યોતિ કપોળે; મુખકમળ પર વારી... શ્રીજી ૦૩
છાતી ઉદર સે પ્રીત બઢત હૈ; આજાનબાહુ દુઃખહારી... શ્રીજી ૦૪
સુંદર સાથળ જાનુ ને જંઘા; ઘૂંટી ચરણ ભયહારી... શ્રીજી ૦૫
મૂર્તિ મેં મુક્તો રસબસ હો કે; સુખડાં લહત હૈ ભારી... શ્રીજી ૦૬
સુખ અનુપમ રોમ રોમ હૈ; મુક્ત કો આનંદકારી... શ્રીજી ૦૭
દાસાનુદાસ યહ શ્રીજી મૂર્તિ પે; વાર વાર બલિહારી... શ્રીજી ૦૮

## ૨૬૮ (રાગ : તિલંગ)

**ઈસ બિધ**[1] ધર તૂ ધ્યાન **મુસાફિર**[2]; ઈસ બિધ ધર તૂ ધ્યાન...
કહત હૈ શ્રી ઘનશ્યામ મુસાફિર... ટેક
સ્વસ્તિકાસન બૈઠ **ૠજુ કાય**[3] કર; નાસિકાગ્ર કર પ્રાણ, મુસાફિર... ઈસ ૦૧
પુરુષોત્તમ તેરો રૂપ માનકર; છોડ દે અભિમાન, મુસાફિર... ઈસ ૦૨
શ્વાસોશ્વાસ નાભિ સે રટન કર; સ્વામિનારાયણ નામ, મુસાફિર... ઈસ ૦૩
નખશિખ મૂર્તિ સળંગ દેખકર; ભૂલ દે તેરો ભાન, મુસાફિર... ઈસ ૦૪
રસબસ રોમ રોમ રાચકર; મૂર્તિ મેં ગુલતાન, મુસાફિર... ઈસ ૦૫
દાસ કે દાસ કહે યાચ કૃપા તૂ; સિદ્ધ હોવન કે ધ્યાન, મુસાફિર... ઈસ ૦૬

● ૧. આ રીતે ● ૨. મુમુક્ષુ ● ૩. કોમળ-નરમ શરીર

## ૨૬૯ (પદ : દિવ્ય સભાપતિરાય બૈઠે)

દિવ્ય સભાપતિરાય બૈઠે, એ જ્યું નિરખત સબ દુઃખ જાય... ટેક
દિવ્ય સિંહાસન દિવ્ય સુખાસન, દિવ્ય તેજ કે માંય... દિવ્ય ૦૧

દિવ્ય મુક્તપતિ દિવ્ય દિવ્ય અતિ, દિવ્ય ચરન ચિત્ત લાય... દિવ્ય ૦૨
દિવ્ય રતન જરે દિવ્ય મુકુટ ધરે, દિવ્ય પરત નિત્ય પાય... દિવ્ય ૦૩
દિવ્ય છત્ર ધરે દિવ્ય ચમર ધરે, પ્રેમાનંદ આગે ગાય... દિવ્ય ૦૪

**૨૭૦ (રાગ : સારંગ)**

શ્રીજી તારે કાજડી મેં, ત્યાગી લોકલાજડી, કંથ તું હમારે હરિ જાઉં બલિહારડી... ટેક
ઝગમગતી જ્યોત ભરી મૂર્તિ શોભે છે, જોતાં ટળે છે ભવ ભીતલડી... શ્રીજી ૦૧
વક્ર ભ્રકુટિ ભાલે ચંદ્રતિલક છે, કામણગારી છે એની આંખલડી... શ્રીજી ૦૨
મુખકમળમાં મંદ હાસ્ય ભરી છે, ભાવ ભરી ભેટું ભીડી છાતલડી... શ્રીજી ૦૩
નાભિ નીરખતાં મુક્ત બનાય છે, જુઓ ચરણકમળ કેરી રેખલડી... શ્રીજી ૦૪
મૂર્તિમાં મુક્તો નિમગ્ન થયા છે, તે સંગ રહેવાની પાડો ટેવલડી... શ્રીજી ૦૫
સુખના દાતા નિત્ય નવાં સુખ દેજો, દાસાનુદાસ માગે ભીખલડી... શ્રીજી ૦૬

**૨૭૧ (રાગ : મૂર્તિમાં રહીને નીરખીયે)**

ચિદ્‌ઘન તેજમાં શોભી રહ્યા રે, શ્રીજી રાજાધિરાજ રે;
દિવ્ય સિંહાસન પર બિરાજે, મુક્તપતિ મહારાજ રે... ટેક

ચારે કોરે તેજ બંબ છૂટે છે, શ્રીજી રાજાધિરાજ રે;
મુક્તમંડળ પણ ચારે બાજુ છે, મુક્તપતિ મહારાજ રે... ૦૧

દિવ્ય તેજોમય વસ્ત્ર ધાર્યાં છે, શ્રીજી રાજાધિરાજ રે;
અલંકારો પણ દિવ્ય તેજોમય, મુક્તપતિ મહારાજ રે... ૦૨

અંગોઅંગ હૃષ્ટપુષ્ટ મૂર્તિ, શ્રીજી રાજાધિરાજ રે;
સુખ સુખ ને સુખસાગર છે, મુક્તપતિ મહારાજ રે... ૦૩

કલ્યાણકારી અનંત ગુણ છે, શ્રીજી રાજાધિરાજ રે;
મહિમાનો કોઈ પાર પામે નહિ, મુક્તપતિ મહારાજ રે... ૦૪

મંદ હાસ્ય ભરી મુખ મુદ્રાએ, શ્રીજી રાજાધિરાજ રે;
અમૃત સરીખી વાણી બોલે છે, મુક્તપતિ મહારાજ રે... ૦૫

મુક્તો જેનું સેવન કરે છે, શ્રીજી રાજાધિરાજ રે;
અવતારના અવતારી પ્રભુજી, મુક્તપતિ મહારાજ રે... ૦૬

આપ પ્રગટ પ્રભુ ભૂપરે વિચરો, શ્રીજી રાજાધિરાજ રે;
હસ્ત ગ્રહી જીવોને મુક્ત બનાવો, મુક્તપતિ મહારાજ રે... ૦૭

આપનાં દર્શન જેને થાય છે, શ્રીજી રાજાધિરાજ રે;
તેને બનાવો છો ન્યાલ પ્રભુજી, મુક્તપતિ મહારાજ રે... ૦૮

સ્વસંકલ્પ દ્વારે આપ બોલીને, શ્રીજી રાજાધિરાજ રે;
કંઈક જીવોને શરણે લ્યો છો, મુક્તપતિ મહારાજ રે... ૦૯

દાસાનુદાસના વ્હાલા સ્વામી, શ્રીજી રાજાધિરાજ રે;
અનાદિમુક્ત સંગ સુખડાં આપો, મુક્તપતિ મહારાજ રે... ૧૦

**૨૭૨ (રાગ : હે સદ્‌ગુરુજી ! જેમ કહેશો)**

જુઓ ધ્યાન ધરી, (૨) નખશિખ મૂર્તિ સુંદર શ્રી ઘનશ્યામની,
શ્રીજીરૂપ બની, (૨) અનાદિ સંગે મોજો માણો સુખની... ટેક

કે'દી કાયર ધ્યાને નવ થાશો, ઘાટ સંકલ્પ જોઈ ના મૂંઝાશો;
તો તરત કૃતારથ બની જાશો... જુઓ ૦૧

નિત્ય નિયમપૂર્વક ધ્યાન કરો, સ્થિર બેસી સ્મરણ શ્વાસ ભરો;
મૂર્તિ જોવા પૂરો ખ્યાલ કરો... જુઓ ૦૨

ધ્યાન અભ્યાસે રાજી શ્રીજી, પૂરા પાત્ર બનાવા બહુ મરજી;
ધ્યાન ખૂબ કરોને અન્ય **વરજી**[૧]... જુઓ ૦૩

ધ્યાન રૂપી **મજરો**[૨] ખાસ કરજો, મુક્ત અનાદિ સંગે ભળજો;
અલમસ્ત થઈ સુખમાં ઠરજો... જુઓ ૦૪

સહુ સાધન કરતાં ધ્યાન સારું, એ કરતાં દુઃખ જાય તારું;
કહે દાસાનુદાસ માનો મારું... જુઓ ૦૫

● ૧. ત્યજીને ● ૨. દાખડો, સાધન

**૨૭૩ (રાગ : ખીસાં ખાલી થયાં તેનો ખ્યાલ કરો)**

મૂર્તિ કેવી મળી તેનો ખ્યાલ કરો,
શ્રીજી સર્વોપરી છે તેનું ધ્યાન ધરો... ટેક

ધામી અક્ષરધામના, આવ્યા દયાળુ આ સમે;
સર્વાવતારી દિલના, દરિયાવ સહુને બહુ ગમે,
એવા ઈષ્ટ પ્રભુ સંગે પ્યાર કરો... મૂર્તિ ૦૧

એ મૂર્તિનાં દર્શન ધામે, મુક્ત સહુને થાય છે;
આ લોકમાં આશ્રિત પામે, અન્ય હારી જાય છે,
એવા દુર્લભ સુલભ હરિ મ્હેર કરો... મૂર્તિ ૦૨

ષડાંગ સહ વેદો અને, શાસ્ત્ર પણ નેતિ કહે;
દેવ ને અવતાર આદિ, પાર ક્યારે નવ લહે,
એવા અગમ સુગમ સંગ નેહ કરો... મૂર્તિ ૦૩

ઐશ્વર્ય સામર્થી અને, કોટિ રવિ સમ તેજ છે;
મનુષ્યને **સાદશ્ય થાવા**[1], પ્યાર દિલે સહેજ છે,
એવા ગૂઢાશયની પિછાન કરો... મૂર્તિ ૦૪

એ મૂર્તિ માધુરી ભલી, છે હૃષ્ટપુષ્ટ શોભતી;
મનોહર ને સુખદાયી છે, સકળ અંગે ઓપતી,
નિત્ય નવીન પ્રીતમથી પ્રીત કરો... મૂર્તિ ૦૫

નખશિખ મૂર્તિ નાથની, અવલોકવી હેતે કરી;
મૂર્તિમાં **તદ્રૂપ**[2] થાવું, **આપોપા**[3]ને અનુસરી,
પ્રતિલોમ ધ્યાને સહુ સુખમાં ઠરો... મૂર્તિ ૦૬

રોમે રોમના સુખમાં, રસબસ ભાવે થીજવા;
અનાદિમુક્તની હારમાં, ઉત્તમ સુખો માણવા,
અતિ સ્નેહે એકમેક થઈ ફરો... મૂર્તિ ૦૭

સુખમય શ્રીજીસ્વરૂપમાં, લેલીન રહેજો હેતથી;
પૂર્ણ પુરુષોત્તમમાં, જોડાઈ જાવો પ્રીતથી,
દાસાનુદાસ વચન ભાઈ દિલ ધરો... મૂર્તિ ૦૮

● ૧. મનુષ્યને મનુષ્ય જેવા દેખાવા ● ૨. તદ્+રૂપ - પુરુષોત્તમરૂપ ● ૩. આપને આપી દેવું

## ૨૭૪ (રાગ : સખી જુઓ હાં હાં રે સખી જુઓ)

મળી મૂર્તિ હાં હાં રે (૨) અતિ સુખકારી, છે આનંદ આનંદ ભારી... ટેક
દિવ્ય મુગટ શિરે ચળકે, ભાલ ચંદ્રતિલકથી ઝળકે,
બેઉ કર્ણે કુંડળ લળકે;
ભ્રકુટિ અનુપ, નેણે મોહ્યા **ભૂપ**[1], નાસિકાનું રૂપ;
જોઈને જાઉં વારી...છે આનંદ ૦૧

મુખ જુઓ હાં હાં રે (૨) મંદ હાસ્યવાળું, મરમાળું સુખનું દેનારું;
ગૌર કપોળે જ્યોતિ છાજે, ટીબકડી ગાલે બિરાજે,
મૂછ રેખા ઊપડતી રાજે;
**ચિબુક**[2] ચોરે ચિત્ત, કંઠે વાધે પ્રીત, જાણી રસ રીત,
રસિકવર સારી...છે આનંદ ૦૨

ભીડી ભુજા હાં હાં રે (૨) મળે અલબેલો, સુખ આપે છેલછબીલો;
**વક્ષસ્થળ**[3] ને સ્તન છે સારાં, નાભિ વર્તુલ કરે જગ ન્યારા,
સાથળ જાનુ લાગે બહુ પ્યારા;
જંઘા રસધાર, ઘૂંટી ગોળાકાર, ચરણ સુખકાર,
મળ્યા અવતારી...છે આનંદ ૦૩

અંગ દેખો હાં હાં રે (૨) વિશેષ રૂપાળાં, બહુ નવલાં દિવ્ય સુખાળાં;
સુખ ભર્યું છે અંગોઅંગે, રોમે રોમ નવીન તરંગે,
તેમાં થીજ્યા અનાદિ ઉમંગે;
સદાનો પ્રસંગ, નવીન અભંગ, લે છે સુખરંગ,
દે છે હિતકારી...છે આનંદ ૦૪

રાખ્યા મુક્તો હાં હાં રે (૨) સ્વ મૂર્તિમાંય, કરી કૃપા અતિ હરિરાય;
શરણાગતને ન્યાલ બનાવ્યા, અક્ષરાતીત કરીને ઠેરાવ્યા,
રાખી મૂર્તિમાં ખૂબ રિઝાવ્યા;
પામી સુખ ખાસ, દાસ તણો દાસ, કરે **અરદાસ**[4],
વ્હાલા નિત્ય તારી...છે આનંદ ૦૫

● ૧. રાજા ● ૨. દાઢી, હડપચી ● ૩. છાતી ● ૪. પ્રાર્થના

**૨૭૫** **(ગઝલ)**

જય દિવ્ય મૂર્તિ ઘનશ્યામ, તમને અનંત પ્રણામ;
સ્વામિનારાયણ ભગવાન, તમને અનંત પ્રણામ;
અનંત પ્રણામ, તમને અનંત પ્રણામ... ટેક

અદ્વિતીય અનાદિ પરિબ્રહ્મ છો, સદાય સાકાર દિવ્ય સ્વરૂપ છો;
**નિગમ**[1] **નેતિ**[2] વદત તમને... અનંત ૦૧

મૂર્તિમાં સુખ છે અપરંપારા, હદે રહિત દિવ્ય છૂટે ફુવારા;
ખુશબોના છોડનાર તમને... અનંત ૦૨

નિત્ય નવીન ધોધ છૂટે છે સુખના, **તરેહવાર**[3] દિવ્ય અમૃત રસના;
સુખ વૃષ્ટિ કરનાર તમને... અનંત ૦૩

મૂર્તિથી ઝળકે તેજ ધારાઓ, અનંત બંબની છૂટે છટાઓ;
અનહદ સુખ દેનાર તમને... અનંત ૦૪

ચોતરફ ઠસાઠસ ઠઠ મળે છે, સામ સામી તે **શેડ્યો**[4] દોઢે વળે છે;
જય તેજ તણા અંબાર તમને... અનંત ૦૫

કૃપા કરીને રાખ્યા મૂર્તિની અંદર, અનાદિમુક્તો રહે જ્યાં **મુદભર**[૫];
સર્વેને સુખના દાતા તમને... અનંત ૦૬

પુરુષ, કાળ, બ્રહ્મ, અક્ષર તેના, અનાદિમુક્ત છે કારણ સૌના;
તે કારણના પણ કારણ તમને... અનંત ૦૭

દિવ્ય થકા માનુષ તનુ ધરીને, પ્રેમી જન પર કરુણા કરીને;
મનોરથો પૂરનાર તમને... અનંત ૦૮

પ્રાકૃત દિવ્ય ચરિત્ર મનોહર, મુમુક્ષુને છે સદાય સુખકર;
દિવ્ય દિવ્ય કહી ગાવે તમને... અનંત ૦૯

નવીન કિશોર સદા સુખધામ, દાસાનુદાસને પ્યારા ઘનશ્યામ;
ચરણ સ્પર્શી કરું હું તમને... અનંત ૧૦

• ૧. મુક્તો • ૨. ન ઈતિ • ૩. જુદા જુદા • ૪. તેજની કિરણો • ૫. સુખસભર

**૨૭૬** **(દોહરા)**

સુંદર મૂર્તિ માધુરી, છબી નૌતમ ઘનશ્યામ;
સુખના સાગર શ્રીહરિ, પુરુષોત્તમ પૂરણકામ...૦૧

સર્વ મંત્રાથી શ્રેષ્ઠ છે, સ્વામિનારાયણ નામ;
શ્વાસો શ્વાસે જપતાં, સંકલ્પનો થાય વિરામ...૦૨

શ્રી ઘનશ્યામ પ્રભુ તમે, સૌના છો શિરતાજ;
ધ્યાને સુખડાં આપજો, મહેર કરી મહારાજ...૦૩

શ્રી ઘનશ્યામ પ્રભુ તમે, એક જ સુખના ધામ;
ધ્યાને સુખડાં પામવા, વંદું છું **કરભામ**[૧]...૦૪

શ્રી ઘનશ્યામ પ્રભુ થકી, છૂટે તેજ અંબાર;
ઝળળળ ને ફરરર છૂટે, તેજની શેડ્યો અપાર...૦૫

રૂપ અનુપમ નાથનું, નખશિખ જોવા લાગ;
મૂર્તિરૂપ થઈ નીરખે, તેનાં મોટાં **ભાગ**[૨]...૦૬

સદાય સાકાર મૂર્તિ, દિવ્ય તનુ ઘનશ્યામ;
સદાય સાકાર મુક્ત છે, અનાદિ પૂરણકામ...૦૭

શ્રી ઘનશ્યામની મૂર્તિમાં, સુખ ભર્યું છે અમાપ;
રોમે રોમમાં સુખ છે, ન થાય તેનું માપ...૦૮

રસ શ્રીજી બસ મુક્ત સંગ, બની રહો ગુલતાન;
પયસાકરવત્ રસબસ થઈ, મોજો માણો મહાન...૦૯

નિયમપૂર્વક અભ્યાસથી, ધ્યાને રાખો પ્યાર;
દાસાનુદાસ કહે શ્રીહરિ, સુખડાં દેશે અપાર...૧૦

● ૧. કર જોડી ● ૨. કૃપા

## ૨૭૭ (રાગ : સિંહાનો કાનડો)

સ્વામિનારાયણ, પ્રાણથી પ્યારા; નવલ સનેહી, રસિકવર મારા... ટેક
સદાય દિવ્ય, સાકાર સ્વરૂપ; સુંદર અંગે, શોભો અતિ સારા... સ્વામિ ૦૧
દિવ્ય મસ્તક પર, દિવ્ય કેશ છે; તેજોમય ને, **ખીંટલિયાળા**[1]... સ્વામિ ૦૨
ચંદ્રતિલકથી, શોભતા ભાલે; દિવ્ય ચંદન, મુક્તો ચર્ચનારા... સ્વામિ ૦૩
વાંકી ભ્રકુટિ, વ્હાલો ઉલાળે; કર્ણ મનોહર, કુંડળવાળા... સ્વામિ ૦૪
ચંચળ નેત્ર, નમણી નાસિકા; તેણે હરો હરિ, પ્રાણ હમારા... સ્વામિ ૦૫
ગૌર કપોળે, જ્યોતિ ઝળકે; મુખ મરકતે, દુઃખ હરનારા... સ્વામિ ૦૬
દિવ્ય **ચિબુક**[2] ને કંઠ મનોહર; મુક્ત બને તે નિરખનારા... સ્વામિ ૦૭
બાહુ રૂપાળા ને બળવાળા; હસ્ત હથેળીએ, અભય દેનારા... સ્વામિ ૦૮
છાતી ઊપડતી, ઉદરે ત્રિવળી; નાભિ **નૌતમ**[3], કરે જગ ન્યારા... સ્વામિ ૦૯
સાથળ જાનુ, દિવ્ય છે જંઘા; પિંડી ઘૂંટીએ, ચિત્ત હરનારા... સ્વામિ ૧૦
દિવ્ય ચરણમાં, સોળ છે ચિહ્ન; નીરખે નિત્ય તે, દાસ તમારા... સ્વામિ ૧૧
સર્વે અવયવ, દિવ્ય સુખાળાં; ઉપમા ઘટે નહિ, તેહ મોઝારા... સ્વામિ ૧૨
ઝળળ જળસ ને, ફરર કરે છે; અંગો અંગમાં, તેજ અપારા... સ્વામિ ૧૩
રોમ રોમમાં, સુખ ભર્યું છે; તરેહવારના, છૂટે ફુવારા... સ્વામિ ૧૪
તેમાં અનાદિ, રસબસ થઈને; નિત્ય નવાં સુખ, ભોગવનારાં... સ્વામિ ૧૫
કર્તા અકર્તા, અન્યથા કર્તા; ક્ષર અક્ષરથી, સદાય ન્યારા... સ્વામિ ૧૬
શરણાગતને, કરી તદ્રૂપ; તેને અનાદિમુક્ત, કરનારા... સ્વામિ ૧૭
દાસાનુદાસને, મૂર્તિમાં રાખી; કૃપા કરી હરિ, સુખી કરનારા... સ્વામિ ૧૮

● ૧. વાંકડિયા ● ૨. દાઢી ● ૩. નૂતન

## ૨૭૮ (રાગ : કુમકુમને પગલે પધાર્યા હરિ કુમકુમને)

મુખ નીરખી સુખ થાય, મોહનજીનું મુખ નીરખી સુખ થાય... ટેક
કમળ સરીખું કોમળ મુખડું, શારદ ચન્દ્ર લજાય... મોહનજી ૦૧
પરમ પ્રસન્ન પ્રફુલ્લિત મુખને, લોચન જોઈને લોભાય... મોહનજી ૦૨

ભાલ વિશાળમાં કેસર અર્ચા, પેખીને પ્રેમ પમાય... મોહનજી ૦૩
કામકમાન સમાન ભ્રકુટિ, ભાળીને ભવદુઃખ જાય... મોહનજી ૦૪
અણિયાળી આંખલડી રૂપાળી, ચોંટી છે ચિત્તડાંમાંય... મોહનજી ૦૫
**શુકના સરખી**[૧] નાસિકા નમણી, **દીપક શિખા**[૨] ઓલાય... મોહનજી ૦૬
મલક મલક હસી જન સામું હેરે, ગીત ક્યારે રૂડાં ગાય... મોહનજી ૦૭
દંત તણી છબી જોઈને દાડમ, ઊંધે માથે ઝોલાં ખાય... મોહનજી ૦૮
વા'લાનું વદન **વિલોકી**[૩]એ જ્યારે, હૈયું ત્યારે હરખાય... મોહનજી ૦૯
અખિલ ભુવનની શોભા જે સર્વે, મુખ પર વારી નખાય... મોહનજી ૧૦
વિશ્વ વિહારીલાલના મુખને, જોવા આવે સુરરાય... મોહનજી ૧૧

● ૧. પોપટના જેવી ● ૨. દીપકની જ્યોત ● ૩. જોવું

### ૨૭૯ (રાગ : તિલંગ)

કૈસે ધ્યાન ધરું બતલા દે, સહજાનંદ પ્રભુ બતલા દે... ટેક
આયો શ્રીજી મેં શરન તિહારે, તોરે પાય પડું બતલા દે... કૈસે ૦૧
અહંતા **અરુ**[૧] મમતા કેરી ગ્રંથિ, કૈસે દૂર કરું બતલા દે... કૈસે ૦૨
મૈં સૂન્યો પ્રભુ તેરા ધ્યાન **બિનુ**[૨], ટલત નહિ રિપુ બતલા દે... કૈસે ૦૩
કામ ક્રોધાદિ સબ દોષ નિવારી, મૂર્તિ મેં કૈસે ઠરું બતલા દે... કૈસે ૦૪
દાસ કે દાસ કહે શ્રીહરિ મુખ સે, જાની લે રહસ્ય ખરું બતલા દે... કૈસે ૦૫

● ૧. અને ● ૨. વગર

### ૨૮૦ (રાગ : ભીમપલાસી-ત્રિતાલ)

જીવન મેં ધ્યાન કી જ્યોત જગાના,
કૈસે મિલે ઈષ્ટ હરિ સબ કે શ્યામ... ટેક
પુરુષોત્તમ પરબ્રહ્મ નારાયણ, ધારી લે ધર્મકુમાર... જીવન મેં ૦૧
સહજાનંદ નીલકંઠ કૃપામય, ધ્યેય હૈ શ્રી ઘનશ્યામ... જીવન મેં ૦૨
સ્વામિનારાયણ પ્રાણ જીવન કર, બન જા એહી આકાર... જીવન મેં ૦૩
ઝળળળ તેજ મેં મૂર્તિ દેખત હય, ધ્યાન કરન છ માસ... જીવન મેં ૦૪
રસબસ બનકે ધ્યાન કરન સે, બઢત હૈ સુખ પ્રકાશ... જીવન મેં ૦૫
સબ સાધન મેં ધ્યાન પ્રબલ હૈ, વદત હૈ દાસાનુદાસ... જીવન મેં ૦૬

### ૨૮૧ (રાગ : કેદારો)

હેત કર હેત કર પ્રગટ ઘનશ્યામ શું, રાખ્ય હરિ ઉર મેં મૂર્તિ પ્યારી;
કોટિ બ્રહ્માંડ કે કારન શ્રીહરિ, એવા ઘનશ્યામ અંતર મેં ધારી... હેત ૦૧

શિર પર પાઘ ગુલાબી ધારી હરિ, કાન મેં કુંડળ શોભે ભારી;
ભાલ વિશાળ મેં તિલક કેસર કેરું, નીરખતાં વશ થાય નરનારી... હેત ૦૨

સુંદર કંઠ મેં હાર ગુલાબ કે, બાંયે બાજુ બંધ પુષ્પ કેરે;
ઉર વિષે શ્રીવત્સ ચિહ્‌ન સોહે ઘણું, નીરખતાં સુખ ઉર થાય તેરે... હેત ૦૩

શ્વેત વસ્ત્ર નિત્ય ધારત શ્રીહરિ, ચંચલ મૂર્તિ અતિ શોભે સારી;
અવધપ્રસાદ કે નાથ કું લે ભજી, મુક્ત કરે સબ કષ્ટ ટારી... હેત ૦૪

## ૨૮૨ (રાગ : તેડું થયું કિરતારનું)

ઘનશ્યામ સલૂણા શામળા રે, તારા વિના કેમ ચાલશે;
મૂર્તિ તમારી માધુરી રે, ધાર્યા વિના કેમ ચાલશે રે... ઘનશ્યામ ટેક

સાફો મુગટ ને પાઘડી, ટોપી શિરે પણ ઓપતી;
ભાલમાં ભાળો દિવ્યતા રે, ભાળ્યા વિના કેમ ચાલશે રે... ઘનશ્યામ ૦૧

ભ્રકુટિ વાંકી ભલી, નેત્ર મરમાળાં અતિ;
કુંડળ જુઓ કાનમાં રે, જોયા વિના કેમ ચાલશે રે... ઘનશ્યામ ૦૨

જ્યોતિ કપોળે ઝળહળે, નાસિકા નમણી ખરી;
નિકટ નીરખું તિલને રે, નીરખ્યા વિના કેમ ચાલશે રે... ઘનશ્યામ ૦૩

મરકે મુખ હેતે અતિ, પણ બોલતા પ્રભુ કાંઈ નથી;
બોલો બોલાવું વ્હાલમા રે, બોલ્યા વિના કેમ ચાલશે રે... ઘનશ્યામ ૦૪

હાસ્ય દીસે દંત પંક્તિ, ચિત્ત હરાય ચિબુકથી;
મોહી રહી હું કંઠમાં રે, મોહ્યા વિના કેમ ચાલશે રે... ઘનશ્યામ ૦૫

છાતી સંગ મુજને લગાવી, આજાનભુજ લાંબા કરી;
ભૂધર ભેટો ભાવથી રે, ભેટ્યા વિના કેમ ચાલશે રે... ઘનશ્યામ ૦૬

ઉદરમાં ત્રિવળી ભલી, ગંભીર છે નાભિ ઊંડી;
શ્યામ કટિ લ્યો ધ્યાનમાં રે, લીધા વિના કેમ ચાલશે રે... ઘનશ્યામ ૦૭

**કરિ**[૧] **કર**[૨] **સાદશ**[૩] **સક્થિ**[૪], વર્તુલાકાર જાનુ વળી;
જંઘા પિંડીમાં રાચવું રે, રાચ્યા વિના કેમ ચાલશે રે... ઘનશ્યામ ૦૮

ઘૂંટી ફણા દશ આંગળી, સોળે ચિહ્‌ન ઉરમાં ધરી;
સળંગ મૂર્તિમાં થીજવું રે, થીજ્યા વિના કેમ ચાલશે રે... ઘનશ્યામ ૦૯

નખશિખ રૂપને નીરખી, તદ્રૂપતા કેળવવી;
દાસાનુદાસ ગાય પ્રેમથી રે, ગાયા વિના કેમ ચાલશે રે... ઘનશ્યામ ૧૦

● ૧. હાથી ● ૨. હાથ ૩. સરખાપણું, મળતાપણું - એના જેવું ● ૪. સાથળ (હાથીના હાથ કહેતાં પગ જેવા ભરાવદાર સાથળ)

**૨૮૩ (રાગ : દુર્ગા)**

તેરો અજબ રૂપ, ઈનમેં રહા ધ્યાવું... ટેક
ભાલ બીચ મેં ગોળ, ચંદ્ર તિલક કોર;
ભ્રકુટિ નયન જોર, ખીંચે મેં ડૂબ જાવું... તેરો ૦૧

નાસા ગાલ કપોળ, અધર રાતે ચોળ;
મીઠે મુખ કે બોલ, સુની મજા પાવું... તેરા ૦૨

અંગો અંગ ઉમંગ, સુખ કે બહુ તરંગ;
ઊડત રસ કે રંગ, રસબોળ બની ન્હાવું... તેરો ૦૩

રખ કે શ્રીજી પાસ, દાસ કે દાસ કો ખાસ;
મૂર્તિ મેં દિયો વાસ, અબ તો પ્રેમ બઢાવું... તેરો ૦૪

**૨૮૪ પદ-૧ (રાગ : પ્રાતઃ થયું મનમોહન પ્યારા)**

પ્રાતઃ સમે શ્રી સહજાનંદની, મૂર્તિ નખશિખ ધારું રે;
રાજી થઈ વ્હાલા ભેળા ભળજો, દયા કરીને દયાળુ રે... ટેક

ધ્યાન કરવાનું વારે વારે કહો છો, ધ્યાને કૃપા કરજો રે;
વરસી જઈ હરિ વશ થઈ જાવ છો, દેહના ભાવો હરજો રે... ૦૧

અકળ અલૌકિક અજબ સ્વરૂપ છો, શ્રી ઘનશ્યામ સુખકારી રે;
મુક્ત કરી સુખ આપવા કાજે, પધાર્યા હિતકારી રે... ૦૨

ક્યાં જશો શોધવા હે મહારાજ, ગરાગ મૂર્તિના આવ્યા રે;
ઉદાર થઈને ખાંગા કરી દ્યો, એહ અર્થે અમને લાવ્યા રે... ૦૩

આપે જ શોધ્યા આપે જ ખેંચ્યા, આપે જ ઓળખાવ્યા સુખધામ રે;
કર્યા અનાદિ સુખડાં આપો, આપ જ ઠરવાનું ઠામ રે... ૦૪

**૨૮૫ પદ-૨**

તેજ અપાર જે અક્ષરધામ મધ્યે, બિરાજ્યા રાજાધિરાજ રે;
કૃપાસાગર કૃપાધોધ છોડો, સુખ આપો મહારાજ રે... ટેક

અતિ રૂપાળા દિવ્ય મનોહર, મુક્તોને રહેવાનું ધામ રે;
**પ્રતિલોમભાવે**[1] ધ્યાન કરું છું, ટાઢું કરો ઘનશ્યામ રે... ૦૧

**ખીંટલિયાળા**[2] દિવ્ય **કેશ**[3] જુઓ, મસ્તક શિખા રૂડી શોભે રે;
આનંદ આનંદ થાય જોતાં કેવો, ધ્યાને મુનિજન લોભે રે... ૦૨

વિશાળ ભાલ શોભાનું ધામ, ચંદ્રતિલક અતિ ન્યારા રે;
કેસર ચંદન ચર્ચ્યાં ભાલે, લાગે અતિશે પ્યારા રે... ૦૩

સળંગ નખશિખ મૂર્તિ દેખું, છેટા નથી મારા નાથ રે;
રસબસભાવે મૂર્તિમાં રાખ્યા, "આ રહ્યા" હરિ મુજ સાથ રે... ૦૪

● ૧. મૂર્તિમાં રહીને, આત્માને પુરુષોત્તમરૂપ માનીને ● ૨. વાંકડિયા ● ૩. વાળ

## ૨૮૬ પદ-૩

મૂર્તિમાં રહીને મૂર્તિ નીરખું, પ્રાણપ્યારા ઘનશ્યામ રે;
દિવ્ય તેજોમય સાકાર મૂર્તિ, આપો અનુભવજ્ઞાન રે... ટેક

આંખલડી કામણગારી હરિની, પટપટ પાંપણ થાતા રે;
હસતા મુખને જોતાં જોતાં, અંતઃશત્રુ સર્વે જાતા રે... ૦૧

નાસા અણિયાળી નિકટ તિલ છે, મુક્તો જાય એમાં વારી રે;
હસતાં હસતાં ખાડા પડતા, ગાલ જોઉં ધારી ધારી રે... ૦૨

બેઉ કર્ણે ગુચ્છ ધાર્યા છે, મૂર્તિ વ્હાલાની મરમાળી રે;
જોતાં અધર લાલ કરો છો ન્યાલ, મૂર્તિ સળંગ રૂપાળી રે... ૦૩

વાત જ્યારે કરતાં દંત શોભંતા, ચિબુક શોભે શિરતાજ રે;
અંગોઅંગ હૃષ્ટપુષ્ટ સ્વરૂપ છો, તેજોમય રાજાધિરાજ રે... ૦૪

## ૨૮૭ પદ-૪

મુમુક્ષુ જનને મુક્ત કરીને, સુખદાન કરો હરિ મારા રે;
બિરદ જાણી મૂર્તિરૂપ કર્યા, શું વાત કરું દુલારા રે... ટેક

તેજ તેજ મધ્યે સુંદર શોભે, રસબસભાવે હું ધારું રે;
છાતી ઊપડતી કામ શત્રુ હરતી, મહિમા અતિશે વિચારું રે... ૦૧

સ્કંધ રૂપાળા બાહુ બળવાળા, શ્યામ કોણી ધર્મલાલ રે;
દંડ પ્રચંડ છે કાંડા કરે બળ છે, રાતી હથેળી ગુલાલ રે... ૦૨

અભયદાન આપો મૂર્તિમાં સ્થાપો, ચુંબક સરીખી રૂડી રીત રે;
દર્શન કરતાં રેખાઓ નીરખે, સુખ આપો નવાં નિત રે... ૦૩

કેવા સુખાળા હરિ દિલના દરિયા, છલકાવો સુખની ખાણ રે;
દોષ ન જોતા મુખ ન ફેરવતા, હસતા રે'જો મારા પ્રાણ રે... ૦૪

### ૨૮૮ પદ-૫

સર્વોપરી છો સર્વાવતારી, અનાદિમુક્તોના સ્વામી રે;
જીવ મટાડી મુક્ત અનાદિ કરિયા, ભાંગી સર્વે ખામી રે... ટેક

સિદ્ધાંત રૂડો આપે જ આપ્યો, હીરે હીરો વેંધાય રે;
મૂર્તિરૂપ થઈ તુજ ધ્યાન કરતાં, મૂર્તિનું સુખ પમાય રે... ૦૧

કંઠે જોઉં કંઠી દિવ્ય મનોહર, વિનગુણ હાર બહુ ન્યારા રે;
મખમલ જેવું ઉદર છે નમણું, ત્રિવળી આપે સુખ અપારા રે... ૦૨

નાભિ મજાની ગૌર અનુપમ, સ્થિર થાતાં ઊપજે વ્હાલ રે;
ધોતી ધારતાં શ્યામ કટિ શોભે, નીરખે તેને કરો ન્યાલ રે... ૦૩

હાડ ચામ રુધિર કે દેહના ભાવો, પ્રતિમા કે આરસ આ નથી રે;
દિવ્ય સાકાર તેજોમય ધારતાં, દોષ સર્વે જાય નક્કી રે... ૦૪

### ૨૮૯ પદ-૬

સુખના સાગર હરિ સ્વામિનારાયણ, વ્હાલા મારા ઘનશ્યામ રે;
દુઃખડાં કાપો સુખ બહુ આપો, મહેર કરી મહારાજ રે... ટેક

સાથળ સુંદર કેવા સુંવાળા, જંઘા-જાનુ જોઉં જ્યારે રે;
ઘૂંટી ને પિંડી જોતાં નીરખતાં, પૂરણ પાત્ર થઉં ત્યારે રે... ૦૧

ચરણકમળમાં પાની પ્હોંચા, પોચાં પોચાં મરમાળા રે;
દસે આંગળિયો સોળે ચિહ્ન, શોભે અતિશે રૂપાળાં રે... ૦૨

સળંગ નખશિખ મૂર્તિ નિહાળું, કેવળ થાવા તમ જેવા રે;
પયસાકરવત્ સુખડાં આપો, હતા ભલે જેવા તેવા રે... ૦૩

'દેહ નહિ હું મુક્ત અનાદિ', નક્કી નક્કોર નિશ્ચે ધારું રે;
'મૂર્તિમાં જ છું' 'મહારાજ જ છે', કૃપા કરોને કૃપાળુ રે... ૦૪

### ૨૯૦ પદ-૧ (રાગ : છો પ્રભુ શ્રી ઘનશ્યામ)

હો વ્હાલા શ્રી ઘનશ્યામ સુખ દ્યોને...ટેક

ઝળહળ તેજમાં શોભતા પ્રભુજી, શ્રીહરિ રાજાધિરાજ;
ધ્યાન ધરું હરિ રાજી થઈને, વરસી જાજો મહારાજ...૦૧

સર્વોપરી તમે એક જ અવતારી, હે હરિ ગરીબનિવાજ;
સનાતન હરિ પ્રગટ મળ્યા છો, મહેર કરી મહારાજ...૦૨

ઠરવાનું ઠામ એક મૂર્તિ તમારી, માગીએ એક જ અવાજ;
ખોળો ધરીને કગરીએ અમે, સૌ અનાદિમુક્ત સમાજ...૦૩

અપાર તેજ વળી મુક્ત અનાદિ, છીએ આ મૂર્તિમાં જ;
કૃપા કરી સુખખાણ ખોલો, કરી તમ જેવા મહારાજ...૦૪

પ્રતિલોમભાવે મૂર્તિ ધારું, ખાંગા કરી દો આજ;
ટાઢું ટાઢું ટાઢું કરી દો, અમ સૌના શિરતાજ...૦૫

**૨૯૧ પદ-૨**

હો વ્હાલા શ્રી ઘનશ્યામ સુખ દ્યોને...ટેક

મરકે મુખડું આવે છે સુખડું, જોતાં ઊપજે છે વ્હાલ;
દિવ્ય મસ્તકે દિવ્ય કેશ છે, વિશાળ શોભતું ભાલ... ૦૧

ચંદ્રતિલક રૂડાં ખેંચી રાખે છે, મૂર્તિમાં જ નર્યો માલ;
કામણગારી આંખડી તારી, ગોરા ગોરા તારા ગાલ... ૦૨

હે ઘનશ્યામ મારા હે રૂપાળા, સુખે ભરી દ્યો લાલ;
ખાડા પડતા આપ જ્યારે હસતા, કરી દો માલંમાલ... ૦૩

નાસિકા નમણી જોયા જ કરું, અધર લાલંલાલ;
મૂર્તિમાં રહીને મૂર્તિ દેખું, રાજી થાજો ધર્મલાલ... ૦૪

દાઢી ન્યારી સુખ દેનારી, સુખ નથી બીજે વાલ;
સળંગ મુખોન્મુખ મૂર્તિ ધારું, ધારતાં કરી દો ન્યાલ... ૦૫

**૨૯૨ પદ-૩**

હો વ્હાલા શ્રી ઘનશ્યામ સુખ દ્યોને...ટેક

સર્વોપરી છો સર્વના સ્વામી, સુખ આપો સુખધામ;
હે દયાળુ ધ્યાન કરું છું, આપો અનુભવજ્ઞાન...૦૧

કંઠે કંઠી જનોઈ સ્કંધે, કેવા શોભો ઘનશ્યામ;
બાહુ રૂપાળા બહુ બળવાળા, તમો એક જ ઠરવાનું ઠામ...૦૨

કાંડા કોણી બહુ રૂપાળી, મૂર્તિમાં રહી કરું ધ્યાન;
રેખાઓ ચોખ્ખી રીત અનોખી, આપો છો અભયદાન...૦૩

સુખસાગર તણી છાતી જોતાં, ભડભડ બળે છે કામ;
ઝળહળ તેજમાં મૂર્તિ જોતાં, કરી દેજો નિષ્કામ...૦૪

ધ્યાને નખશિખ મૂર્તિ નીરખતાં, ટાળો દેહાભિમાન;
સુખના દરિયે ડુબાડી દોને, વ્હાલા હે પૂરણકામ...૦૫

**૨૯૩** **પદ-૪**

હો વ્હાલા શ્રી ઘનશ્યામ સુખ દ્યોને...ટેક
અનંત મુક્તોને મૂર્તિમાં રાખી, ઉત્તમ સુખ દેનારા;
તુજને રીઝવવા ધ્યાન કરું છું, રાજી થજો પ્રાણાધારા...૦૧

ધોળું પોચું રૂ જેવું ઉદર, શોભે કોમળ સુખાળા;
ઉદરમાંહી ઊંડી નાભિ શોભે, ધ્યાને સુખ દેનારા...૦૨

વાહ ઘનશ્યામ વાહ હરિ તમે, કેવા હસો છો દુલારા;
ઉદરે ત્રિવળી હેતે નિહાળે, તેનાં દુઃખ સદા હરનારા...૦૩

અકારણ તમે અઢળક ઢળિયા, સુખધોધ છોડનહારા;
શ્યામ મજાની કટિરેખા જુવે, તેની આશ સદા પૂરનારા...૦૪

શ્વેત દિવ્ય ધોતી ધારણ કરીને, સુખ આપો સ્વામી મારા;
પૂરા પાત્ર કરીને હે ધણી, મૂર્તિ સુખમાં રાખનહારા...૦૫

**૨૯૪** **પદ-૫**

હો વ્હાલા શ્રી ઘનશ્યામ સુખ દ્યોને...ટેક
સ્વામિનારાયણ સુખના સાગર, કરુણાની હદ વાળી;
પ્રાપ્તિ કેવળ કૃપાએ કરાવી, સ્થિતિ કરાવવા ધારી...૦૧

સાથળ સુંદર જાનુ ને જંઘા, શોભા આપે અતિ ન્યારી;
નીરખી નીરખી હરખી હૈયે, જાઉં છું ધ્યાનમાં વારી...૦૨

ઢીંચણ કેરી ઢાંકણી બંને, લાગે છે કેવી સારી;
પિંડી ને પ્હોંચા લાગે મજાનાં, હાડ-માંસ તેમાં નહિ ક્યારી...૦૩

અજબ સ્વરૂપ છે દિવ્ય અનુપમ, સદા સાકાર સુખાળી;
સોળે ચિહ્ન સહિત નીરખું, મૂર્તિ મહા સુખકારી...૦૪

સ્નેહભીના અતિ સ્નેહ કરીને, કાલાવાલા લ્યો સ્વીકારી;
રસબસ કરીને સુખડાં આપો, ન્યાલ કરો **અવિકારી**[૧]...૦૫

• ૧. દિવ્ય (વિકાર રહિત)

## ૨૯૫ પદ-૧ (ધૂન્ય રૂપે ધ્યાનનાં પદો)

હે દયાળુ દયા કરો વ્હાલા, સ્વામિનારાયણ સ્વામિનારાયણ;
દેહાધ્યાસ ટાળી સુખડાં આપો, મહારાજ જ છે મહારાજ જ છે...૦૧

દેહ નહિ હું મુક્ત અનાદિ, સ્વામિનારાયણ સ્વામિનારાયણ;
અહમ્ પુરુષોત્તમ રૂપોસ્મિ, મહારાજ જ છે મહારાજ જ છે...૦૨

પુરુષ નહિ હું સ્ત્રી નહિ હું, સ્વામિનારાયણ સ્વામિનારાયણ;
જ્ઞાતિ જાતિ મારે વિષે નથી બસ, મહારાજ જ છે મહારાજ જ છે...૦૩

વર્ણ આશ્રમ છે જ નહિ બસ, સ્વામિનારાયણ સ્વામિનારાયણ;
દેહ નહિ તો દોષ જ ક્યાંથી, મહારાજ જ છે મહારાજ જ છે...૦૪

સ્થૂળ દેહના ભાવ નહિ બસ, સ્વામિનારાયણ સ્વામિનારાયણ;
મન બુદ્ધિના ભાવ નથી બસ, મહારાજ જ છે મહારાજ જ છે...૦૫

સંકલ્પ વિકલ્પ મારે નથી બસ, સ્વામિનારાયણ સ્વામિનારાયણ;
કારણ દેહની વાસનાય નથી બસ, મહારાજ જ છે મહારાજ જ છે...૦૬

જાગ્રત સ્વપ્ન કે સુષુપ્તિ નથી બસ, સ્વામિનારાયણ સ્વામિનારાયણ;
રજ તમ કે સત્ત્વ નથી બસ, મહારાજ જ છે મહારાજ જ છે...૦૭

પંચવિષય મારા નથી બસ, સ્વામિનારાયણ સ્વામિનારાયણ;
દૈહિક સુખોનો ભોક્તા નથી હું, મહારાજ જ છે મહારાજ જ છે...૦૮

દેહ નથી તો સંબંધી કેવા, સ્વામિનારાયણ સ્વામિનારાયણ;
માતા-પિતા પતિ પત્ની નથી બસ, મહારાજ જ છે મહારાજ જ છે...૦૯

નામ ગામ કે ઠામ નથી કાંઈ, સ્વામિનારાયણ સ્વામિનારાયણ;
અવરભાવ માત્ર સ્વપ્નાંવત્ છે, મહારાજ જ છે મહારાજ જ છે...૧૦

## ૨૯૬ પદ-૨

હરતાં ફરતાં કરતાં કામ, સ્વામિનારાયણ સ્વામિનારાયણ;
અવરભાવનો કરો પ્રલય, મહારાજ જ છે મહારાજ જ છે...૦૧

દેહથી નોખો શુદ્ધ આત્મા છું, સ્વામિનારાયણ સ્વામિનારાયણ;
જન્મ મૃત્યુ મારે વિષે નથી બસ, મહારાજ જ છે મહારાજ જ છે...૦૨

આત્મા નિરાકાર મહારાજ સાકાર, સ્વામિનારાયણ સ્વામિનારાયણ;
કેવળ કૃપાથી સાકાર કરીયા, મહારાજ જ છે મહારાજ જ છે...૦૩

મૂર્તિરૂપ કરીને મૂર્તિમાં રાખ્યા, સ્વામિનારાયણ સ્વામિનારાયણ;
રસબસભાવે ઓતપ્રોત કીધા, મહારાજ જ છે મહારાજ જ છે...૦૪

મસ્તકે મસ્તક ભાલે ભાલ શોભે, સ્વામિનારાયણ સ્વામિનારાયણ;
નેત્રે નેત્ર પાંપણે પાંપણ જુઓ, મહારાજ જ છે મહારાજ જ છે...૦૫

કર્ણે કર્ણ નાસિકાએ નાસિકા, સ્વામિનારાયણ સ્વામિનારાયણ;
મુખે મુખ છાતીએ છાતી નાભિ, મહારાજ જ છે મહારાજ જ છે...૦૬

સ્કંધે સ્કંધ બાહુએ બાહુ જુઓ, સ્વામિનારાયણ સ્વામિનારાયણ;
હસ્તે હસ્ત રેખાએ રેખા શોભે, મહારાજ જ છે મહારાજ જ છે...૦૭

ઉદરે ઉદર જાનુએ જાનુ જંઘા, સ્વામિનારાયણ સ્વામિનારાયણ;
ચરણે ચરણ નખશિખ મૂર્તિ જોઉં, મહારાજ જ છે મહારાજ જ છે...૦૮

નોખા નથી કે જુદા નથી જરા, સ્વામિનારાયણ સ્વામિનારાયણ;
તદ્‌રૂપ તલ્લીન કરી દીધા એકમેક, મહારાજ જ છે મહારાજ જ છે...૦૯

તેજ તેજ તેજ તેજ તણા અંબાર, સ્વામિનારાયણ સ્વામિનારાયણ;
આ રહ્યા સુખાળા પ્યારા પ્યારા ઘનશ્યામ, મહારાજ જ છે મહારાજ જ છે...૧૦

**૨૯૭ પદ-૩**

મૂર્તિમાં રહીને બોલો રે, સ્વામિનારાયણ સ્વામિનારાયણ;
તાળી પાડી બોલો ભૂલી દેહભાન, મહારાજ જ છે મહારાજ જ છે...૦૧

કેવળ કૃપાએ મૂર્તિમાં જ છું, સ્વામિનારાયણ સ્વામિનારાયણ;
પ્રતિલોમભાવે જુઓ મહારાજ જ છે, મહારાજ જ છે મહારાજ જ છે...૦૨

ગઢડું શહેર કે ઓસરી કાંઈ નથી, સ્વામિનારાયણ સ્વામિનારાયણ;
તો સ્થળ સ્થાન હોય કાંઈ ક્યાંથી, મહારાજ જ છે મહારાજ જ છે...૦૩

પરભાવે આ રહ્યા એક મહારાજ, સ્વામિનારાયણ સ્વામિનારાયણ;
હવે સૂવે બેઠે ચાલે તે મહારાજ, મહારાજ જ છે મહારાજ જ છે...૦૪

મૂર્તિ મૂર્તિ મૂર્તિ એક મૂર્તિ છે સુખખાણ, સ્વામિનારાયણ સ્વામિનારાયણ;
ઓતપ્રોત કરી થીજાડ્યા માંહી ઘનશ્યામ, મહારાજ જ છે મહારાજ જ છે...૦૫

પ્રગટ પ્રત્યક્ષ વ્હાલો આ રહ્યા મહારાજ, સ્વામિનારાયણ સ્વામિનારાયણ;
સુખ સુખના સાગર જુઓ આ મહારાજ, મહારાજ જ છે મહારાજ જ છે...૦૬

સર્વે ક્રિયાના કર્તા બની રહ્યા મહારાજ, સ્વામિનારાયણ સ્વામિનારાયણ;
ખાય પીવે હરે ફરે મારા મહારાજ, મહારાજ જ છે મહારાજ જ છે...૦૭

વાહ વાહ કેવા શોભો છો શોભાના ધામ, સ્વામિનારાયણ સ્વામિનારાયણ;
દુઃખ કાપી સુખ આપો અતિ ઘનશ્યામ, મહારાજ જ છે મહારાજ જ છે...૦૮

ભલે દેખાય વિષ્ટા છે શુદ્ધ સોનું, સ્વામિનારાયણ સ્વામિનારાયણ;
અવરભાવ ખોટો છે એક જ ઘનુ, મહારાજ જ છે મહારાજ જ છે...૦૯

નથી દેહધારી છે સરવે તેજોમય, સ્વામિનારાયણ સ્વામિનારાયણ;
મૂર્તિરૂપ કર્યા છે મૂર્તિમય, મહારાજ જ છે મહારાજ જ છે...૧૦

**૨૯૮ પદ-૪**

શુભ સ્વામિનારાયણ નામ લહો, સ્વામિનારાયણ સ્વામિનારાયણ;
સુખ સાગરમાં જો રહેવા ચહો, મહારાજ જ છે મહારાજ જ છે...૦૧

નામ નામી બંને કદી નથી જુદા, સ્વામિનારાયણ સ્વામિનારાયણ;
મંત્ર મૂર્તિ બંને છે એક જ સદા, મહારાજ જ છે મહારાજ જ છે...૦૨

ચારે કોરે તેજ તેજ તેજ ભર્યું, સ્વામિનારાયણ સ્વામિનારાયણ;
સુખ સુખ ને સુખ છે આમાં નર્યું, મહારાજ જ છે મહારાજ જ છે...૦૩

ફરરર ને ઝળળળ તેજ છૂટે, સ્વામિનારાયણ સ્વામિનારાયણ;
રહી મૂર્તિમાં મુક્તો સુખ લૂંટે, મહારાજ જ છે મહારાજ જ છે...૦૪

અવતારી સ્વયં ઘનશ્યામ હરિ, સ્વામિનારાયણ સ્વામિનારાયણ;
રાખ્યા મૂર્તિમાં અતિ રસબસ કરી, મહારાજ જ છે મહારાજ જ છે...૦૫

કર્યા અનાદિમુક્ત અતિ કૃપા કરી, સ્વામિનારાયણ સ્વામિનારાયણ;
રાખ્યા પયસાકરવત્ દયા ધરી, મહારાજ જ છે મહારાજ જ છે...૦૬

સહજાનંદ હરિ તમે સર્વોપરી, સ્વામિનારાયણ સ્વામિનારાયણ;
ઠાર્યા મૂર્તિમાં હરિ નિજરૂપ કરી, મહારાજ જ છે મહારાજ જ છે...૦૭

સનાતન પ્રભુ હરિકૃષ્ણ હરિ, સ્વામિનારાયણ સ્વામિનારાયણ;
રોમરોમમાં રાખ્યા રસબસ કરી, મહારાજ જ છે મહારાજ જ છે...૦૮

અતિ અપાર સુખમાં ડુબાડો છો, સ્વામિનારાયણ સ્વામિનારાયણ;
ધ્યાન કરાવી સ્વમાં ઠેરાવો છો, મહારાજ જ છે મહારાજ જ છે...૦૯

પ્રાણાધાર આપ જ જીવન છો, સ્વામિનારાયણ સ્વામિનારાયણ;
આ રહ્યા સુખાળા આપ જ છો, મહારાજ જ છે મહારાજ જ છે...૧૦

**૨૯૯ પદ-૫**

ચિદ્‌ઘન તેજમાં શોભી રહ્યા છે, સ્વામિનારાયણ સ્વામિનારાયણ;
અનાદિમુક્તોના સ્વામી પ્રભુજી, મહારાજ જ છે મહારાજ જ છે...૦૧

ચારે કોરે તેજ બંબ છૂટે છે, સ્વામિનારાયણ સ્વામિનારાયણ;
આ રહ્યા મધ્યે આપ પ્રભુજી, મહારાજ જ છે મહારાજ જ છે...૦૨

દિવ્ય મસ્તકે દિવ્ય કેશ છે, સ્વામિનારાયણ સ્વામિનારાયણ;
ચંદ્રતિલક રૂડાં ભાલે પ્રભુજી, મહારાજ જ છે મહારાજ જ છે...૦૩

નમણી નાસિકા નિકટ તિલ છે, સ્વામિનારાયણ સ્વામિનારાયણ;
મંદહાસ્ય રૂડું શોભે પ્રભુજી, મહારાજ જ છે મહારાજ જ છે...૦૪

ગાલે ખાડા પડે અધર લાલ છે, સ્વામિનારાયણ સ્વામિનારાયણ;
કંઠ ચિબુકને જોઉં પ્રભુજી, મહારાજ જ છે મહારાજ જ છે...૦૫

છાતી ઉપડતી બળિયા બાહુ છે, સ્વામિનારાયણ સ્વામિનારાયણ;
આપો અભયવર કેવા પ્રભુજી, મહારાજ જ છે મહારાજ જ છે...૦૬

દિવ્ય તેજોમય વસ્ત્ર ધાર્યાં છે, સ્વામિનારાયણ સ્વામિનારાયણ;
અલંકારો પણ દિવ્ય પ્રભુજી, મહારાજ જ છે મહારાજ જ છે...૦૭

ચરણમાં દિવ્ય સોળ ચિહ્‌ન છે, સ્વામિનારાયણ સ્વામિનારાયણ;
નીરખતા દિવ્ય થવાય પ્રભુજી, મહારાજ જ છે મહારાજ જ છે...૦૮

અંગોઅંગ હૃષ્ટપુષ્ટ મૂર્તિ છે, સ્વામિનારાયણ સ્વામિનારાયણ;
સુખ સુખ સુખ સાગર પ્રભુજી, મહારાજ જ છે મહારાજ જ છે...૦૯

અનાદિ કરીને રાખી લીધા છે, સ્વામિનારાયણ સ્વામિનારાયણ;
આ રહ્યા તમે સ્વયં પ્રભુજી, મહારાજ જ છે મહારાજ જ છે...૧૦

•••

## અનાદિમુક્તના જ્ઞાનનાં પદો

**૩૦૦ (પદ : રાચી રહોને હો પ્યારા)**

રાચી રહોને હો પ્યારા બંધુ, શ્રીજી સ્વરૂપની માંય... ટેક
સ્વામિનારાયણ જીભે રટતાં, જન્મ મરણ દુઃખ જાય;
નામીએ સહિત નામ જ જપતાં, મૂર્તિમાં લેલીન થાય... રાચી ૦૧

મૂર્તિને નિશદિન સમરતાં, પૂરણ પાત્ર થવાય;
પુરુષોત્તમરૂપ પાત્ર બને તો જ, મૂર્તિનું સુખ પમાય... રાચી ૦૨

અનાદિમુક્તો રહે મૂર્તિમાં, **શ્રુતિ**[૧] **સ્મૃતિ**[૨] એમ ગાય;
**તરેહવારની**[૩] સુખગંગામાં, નવલા નેહે ન્હાય... રાચી ૦૩

મૂર્તિમાં સંલગ્ન છતાં છે, સ્વામી સેવકને ન્યાય;
સુખના દાતા સ્વામિનારાયણ, ભોક્તા મુક્ત સદાય... રાચી ૦૪

મૂર્તિમાં રહી જો ધ્યાન કરે તો, મૂર્તિમાં રસબસ થાય;
સુખસાગરમાં ઝીલતાં સૌને, નવીન સુખ ઉભરાય... રાચી ૦૫

મૂર્તિમાં રાખવાનું બિરદ, શ્રીજીનું ખાસ જણાય;
દાસાનુદાસ વિનવે કર જોડી, થીજવા મૂર્તિમાંય... રાચી ૦૬

● ૧. શ્રીજીમહારાજની વાણી ● ૨. મુક્તોની વાણી ● ૩. ભાતભાતની

**૩૦૧ (રાગ : અમે મૈયારા રે ગોકુળ ગામના)**

અમે રહેનારા રે મૂર્તિ ગામના,
કૃપા કરી હરિએ બનાવ્યા, રહેનારા રે... ટેક

અજ્ઞાને કરી **માયા**[૧] ગામમાં રહ્યા'તા, જડ દુઃખ મિથ્યા દેહાદિકમાં ફસ્યા'તા;
શ્રીજી સત્ય જ્ઞાને બનાવ્યા, રહેનારા રે...મૂર્તિ ૦૧

જ્ઞાન આપી કામાદિક શત્રુ હઠાવે, મૂર્તિમાં રહેવાની લટક બતાવે;
ધ્યાન કરાવી બનાવ્યા, રહેનારા રે...મૂર્તિ ૦૨

પ્યારા ઘનશ્યામની સુખમય મૂર્તિ, લગની લગાડીને રાખો તેમાં **સુરતિ**[૨];
પાત્ર કરી હરિએ બનાવ્યા, રહેનારા રે...મૂર્તિ ૦૩

સ્વામિનારાયણની મૂર્તિ એ જ ગામ છે, અનાદિમુક્તોને પ્યારું એ ધામ છે;
અતિશય સ્નેહે બનાવ્યા, રહેનારા રે...મૂર્તિ ૦૪

અમૂલખ અવસરના લીધા જેણે લ્હાવા, મરજીવા થઈ જેણે શિર ઝુકાવ્યાં;
દાસાનુદાસ કહે બનાવ્યા, રહેનારા રે...મૂર્તિ ૦૫

● ૧. દેહ ● ૨. વૃત્તિ

**૩૦૨ (પદ : શ્રેષ્ઠ સુખ મેં ઉતારા)**

શ્રેષ્ઠ સુખ મેં ઉતારા કર લે, શ્રેષ્ઠ સુખ મેં ઉતારા;
સ્નેહ કરી લે સ્નેહીને સંગન, બની જાવ સુખાળા... શ્રેષ્ઠ ટેક

મૂર્તિ બિન તો હય સબ માયા, કેવલ મૂર્તિ સુખ કો પાવા;
રસબસ ભાવે પ્રીત બઢા લે, યે હૈ સુખ દાતારા... શ્રેષ્ઠ ૦૧

મૂર્તિ હૈ સબ સુખ કી ખાની, બડી રસીલી મનહર જાની;
હેત કર ગઈ ઠર ગઈ સુખ મેં, યે હૈ સબ આધારા... શ્રેષ્ઠ ૦૨

શ્યામ સુંદરવર રંગ મેં આયા, ન્યાલકરણે ન્યાલ બનાયા;
રસિકવર તુમ રસ પીવવા દે, તુમ તો હૈ ઉદારા... શ્રેષ્ઠ ૦૩

અમૃત સુખ કા હો તુમ દાની, દાસન કે દાસ કા પ્રેમ પિછાની;
તુમ રસ હૈ બસ હૈ મુક્તો, કદી રહો નહિ ન્યારા... શ્રેષ્ઠ ૦૪

**૩૦૩ (રાગ : રસીલાં પ્રેમીનાં હૈડાં)**

અનાદિમુક્તોના સ્નેહો, પ્રીતમ પ્યારા પ્રભુમાં રહે છે;
શ્રીજી સંગ સ્નેહનાં સુખડાં, સદા રસબસ કરી દે છે...અનાદિ ટેક

અતિશે જો સ્નેહ હોયે તો, શ્રીજી રાખે છે મૂર્તિમાં;
**સ્વસાદશ્ય**[૧] આકૃતિ કરીને, ડુબાડી દે હરિ સુખમાં...અનાદિ ૦૧

મળ્યા દીસે છતાં ભિન્ન, સ્વામી સેવકનો છે નાતો;
દષ્ટાંત કોઈ બંધ બેસે નહિ, રીતિ અજબ છે આ તો...અનાદિ ૦૨

અનાદિની વાત બધી જુદી, મહાપ્રભુ કે મુક્ત જાણે છે;
પુરુષોત્તમરૂપ થઈને એ, અત્યુત્તમ સુખ માણે છે...અનાદિ ૦૩

પમાડનારા ને પામનારા, છે ન્યારા પ્રાપ્તિ પણ ન્યારી;
તરેહવારનાં સુખો ન્યારાં, એની સહુ વાત એમ ન્યારી...અનાદિ ૦૪

અનાદિમુક્તો મૂર્તિમાં, નિરંતર છે ને છે છે જ;
નવાં નવાં સુખ લે એ તો, દાતા દે છે શ્રીજી સ્હેજ...અનાદિ ૦૫

ખાતા પીતા હરતા કે ફરતા, નથી એ જતા કે આવતા;
અનાદિની લટકને માટે, સ્વયં હરિ ભૂ પરે ફરતા...અનાદિ ૦૬

એ દુર્લભ મૂર્તિસુખ આજે, કેવળ કૃપા કરી દે છે;
શ્રીજી સ્વ બિરદ જાણીને, મુમુક્ષુને મૂર્તિમાં લે છે...અનાદિ ૦૭

**આણી**[૨] વિશ્વાસ ને થાઓ, સદા સુખિયા તમે ભાઈ;
દાસાનુદાસ એમ વિનવે, કરવાને રાજી સુખદાઈ...અનાદિ ૦૮

● ૧. પોતાના જેવી પુરુષોત્તમરૂપ ● ૨. લાવી, રાખી

## ૩૦૪ (રાગ : મિશ્ર કાફી)

સ્વામિનારાયણ ઘનશ્યામ, બોલો મૂર્તિ ધારી નામ;(૨)
સ્વામિનારાયણ ઘનશ્યામ... ટેક

અવતાર સકલના સ્વામી, સહુ ધામ તણાં એ ધામી;
રાખી અવતારીનું ધ્યાન... બોલો ૦૧

જેની મૂર્તિ છે સુખકારી, અંગો અંગ ભલાં ભયહારી;
શોભાસાગર પૂરણકામ... બોલો ૦૨

જેનું મુખડું છે મરમાળું, અતિ નવલું દિવ્ય સુખાળું;
જુઓ છે એ સુખનું ધામ... બોલો ૦૩

જેણે સાચું સુખ બતલાવી, ખરી રીત અનાદિ ચલાવી;
એવા અજોડ છે ભગવાન... બોલો ૦૪

રોમે રોમમાં રસબસ કીધા, રાખી મૂર્તિમાં ડંકા દીધા;
એવા જયકારી ઘનશ્યામ... બોલો ૦૫

મૂર્તિસુખમાં **લેલીન**[૧] થાવા, દિવ્ય સુખસાગરમાં ન્હાવા;
દાસાનુદાસ વદે કરભામ... બોલો ૦૬

● ૧. તલ્લીન, નિમગ્ન

## ૩૦૫ (રાગ : દુઃખી દિવસ ને રાત શ્રીજી વિના)

સુખ સાચું નથી ક્યાંય, મૂર્તિ વિના સુખ સાચું નથી ક્યાંય;
સમજાવે સ્નેહે સુખદાય, મૂર્તિ વિના સુખ સાચું નથી ક્યાંય... ટેક

સર્વે સુખો મારી મૂર્તિમાં રે, અનંત અપરંપાર;
નિત્ય ઉત્પન્ન થાય નવાં નવાં રે, એ દિવ્ય મૂર્તિ **મોઝાર**[૧]... મૂર્તિ ૦૧

**અપરિં**[૨] અપરિં સુખ સ્થાન છે રે, ઊઠે ખુશબો સુખની કાંય;
અમૃત સુખ સિંધુ ઊલટે રે, સુખ **અવધિ**[૩] નહિ મુજ માંય... મૂર્તિ ૦૨

મૂર્તિ માધુરી મારી દિવ્ય છે રે, રોમે રોમમાં સુખરૂપ;
માપ વર્ણન થાય નહિ રે, સુખ અતિ અગાધ અનુપ... મૂર્તિ ૦૩

સર્વોત્તમ સુખ ભોગવે રે, મુક્ત અનાદિ થઈ વશ;
તેને ખુશબો ખેંચી કરે રે, મૂર્તિ સંગે અતિ રસબસ... મૂર્તિ ૦૪

સુખ સાચું પામી થયા રે, અનાદિ પૂરણકામ;
એની તોલે કોઈ આવે નહિ રે, ખરા મુક્તો એ નિષ્કામ... મૂર્તિ ૦૫

પરમએકાંતિક મુક્ત બીજા રે, સન્મુખ રહે તેજ માંય;
સ્થિતિ સહિત સુખ છે છતાં રે, નહિ અનાદિ પાસે તે કાંય... મૂર્તિ ૦૬

એકાંતિકને તેથી ન્યૂન છે રે, સ્થિતિ પ્રમાણે સુખ;
ભક્તોની પેખી પ્રભુ પાત્રતા રે, આપે સુખ સર્વે ટાળી દુઃખ... મૂર્તિ ૦૭

પુરુષ કાળ નરનારાયણ રે, વાસુદેવ અક્ષર જાણ;
છોટા મોટા અવતાર સહુ રે, રહ્યા મારા સુખથી અજાણ... મૂર્તિ ૦૮

બ્રહ્માંડો ઉત્પત્ત્યાદિના રે, રહી ગયા સંકલ્પો ખાસ;
તે કારણે ધામ બાંધી બેઠા રે, કોઈ પહોંચ્યા નહિ મુજ પાસ... મૂર્તિ ૦૯

સકામ ભાવથી અળગા રહ્યા રે, મારા અવિચળ સુખથી આજ;
**ચળ**[૪] અચળમાં માની રહ્યા રે, થયાં પૂરાં પોતાનાં કાજ... મૂર્તિ ૧૦

પ્રકૃતિ ને તેના કાર્યનું રે, જાણો સુખ છે ચળ;
ઐશ્વર્યાર્થી અચળમાં રે, મારું દિવ્ય સુખ અવિચળ... મૂર્તિ ૧૧

મુક્તોને દિવ્ય સંબંધ છે રે, સુખ ભોક્તાપણે નિશદન;
પંચવર્તમાને યુક્ત ભક્તને રે, પણ છે વ્યતિરેક દર્શન... મૂર્તિ ૧૨

અક્ષરાદિ કોઈ પામે નહિ રે, મારું દર્શન મૂર્તિમાન;
તેજરૂપ અન્વય શક્તિએ રે, કરું પ્રવેશ તેમાં નિદાન... મૂર્તિ ૧૩

મારું સુખ સર્વોત્તમ જાણી રે, કરો તેમાં સાચી પ્રીત;
માયિક સુખથી લૂખા થઈ રે, જાણો ઉત્તમ રહસ્ય રીત... મૂર્તિ ૧૪

દિવ્યભાવ ને મહિમા અતિ રે, સમજીને થાઓ નિષ્કામ;
સાચું ઉત્તમ સુખ પામશો રે, કહે દાસાનુદાસ કરભામ... મૂર્તિ ૧૫

● ૧. મધ્યે (-માં) ● ૨. અપાર ● ૩. મર્યાદા, માપ ● ૪. ચલાયમાન

**૩૦૬ (રાગ : રૂડા લાગો છો રાજેન્દ્ર)**

મૂર્તિ આપો છો રસિયાજી રૂડી રીતથી રે... મૂર્તિ ટેક

કોટિ જન્મનાં કિલ્મિષ કાપી, મ્હેર કરીને મૂર્તિ આપી;
ઓતપ્રોત તલ્લીન કર્યા ખચિતથી રે... મૂર્તિ ૦૧

દિવ્યભાવ ને મહિમા દાખો, રોમ રોમમાં રસબસ રાખો;
તદ્રૂપ થઈને વર્યા અમે **અજિત**[૧]થી રે... મૂર્તિ ૦૨

દિવ્ય મૂર્તિ લાગે બહુ સારી, મૂર્તિ મૂર્તિ એક મૂર્તિ પ્યારી;
જ્ઞેય ધ્યેય ઉપાસ્ય મૂર્તિ જાણ ચિત્તથી રે... મૂર્તિ ૦૩

અમૃત સુખના ધોધ છૂટે જ્યાં, લેલીન સર્વે મુક્ત રહે ત્યાં;
નિત્ય નવીન સુખ ભોક્તા છે બહુ વિધથી રે... મૂર્તિ ૦૪

મૂર્તિમાં તો સુખ જડે છે, બીજે **રોગી વાની**[૨] ઊડે છે;
સમજાવો ઉપદેશરૂપી નવનીતથી રે... મૂર્તિ ૦૫

સુખ સુખ ને સુખ ભર્યું છે, મૂર્તિમાં તો સુખ નર્યું છે;
જીવનજી ડુબાવ્યા તેમાં હિતથી રે... મૂર્તિ ૦૬

અજબ રંગીલા પ્રાણથી પ્યારા, મીન સનેહી જીવન મારા;
વારી જાઉં વ્હાલાજી તારી પ્રીતથી રે... મૂર્તિ ૦૭

આપ કૃપા થઈ દિવ્ય નવીની, મૂર્તિ મનોહર છે રંગભીની;
દાસ તણો દાસ ગાવે મહિમા ગીતથી રે... મૂર્તિ ૦૮

● ૧. ન જિતાય એવું ● ૨. એકલી રખ્યા

**૩૦૭ (રાગ : મને જડતો નથી મારો શ્યામ)**

આવો મૂર્તિમાં રાખે ઘનશ્યામ, નૌતમ નાવલિયો;
શ્રીજી કૃપાળુ સુખનાં ધામ, નૌતમ નાવલિયો...ટેક

લાડ લડાવી મનોરથ પૂરા કરે, વ્હાલો કરુણા કટાક્ષથી દુ:ખ હરે;
પ્રેમ પ્રગટાવી કરે નિષ્કામ... નૌતમ ૦૧

તમે હેતથી મૂર્તિની વાત સુણો, એની કૃપાથી આવે છે દિવ્ય ગુણો;
કરી પોતારૂપ રાખે છે શ્યામ... નૌતમ ૦૨

એની મૂર્તિમાં રાખવાની રીત નવી, તેને જાણે તે સુખના અનુભવી;
સુખ ભોક્તા છે પૂરણકામ... નૌતમ ૦૩

શ્રીજી મૂર્તિના સુખમાં અનાદિ રહ્યા, રોમે રોમમાંહી તે તો રસબસ થયા;
અનાદિમુક્તોને મૂર્તિ ધામ... નૌતમ ૦૪

રસ પોતે ને બસ મુક્ત અનાદિ ખરા, એમ રસબસનો અર્થ નહિ ફેર જરા;
એક મૂર્તિ જ ઠરવાનું ઠામ... નૌતમ ૦૫

આવ્યો વિશ્વાસ તો થઈ શ્રીજી મહેર ગણો, દિવ્યભાવથી ખરા રસબસિયા બણો;
પૂરે દાસાનુદાસની હામ... નૌતમ ૦૬

**૩૦૮ (પદ : રસીલી મૂર્તિ સુખ કી ખાન)**

રસીલી મૂર્તિ સુખ કી ખાન, અવતારી શ્રીજી જીવનપ્રાણ;
દિવ્ય રૂપાકર, દિવ્ય સુખાકર, દિવ્ય ગુણાકર વાહ ! (૨)... રસીલી મૂર્તિ ૦૧
સામર્થ્ય છુપાકર, છબી બતલાકર, મંદ હસાકર વાહ ! (૨)... રસીલી મૂર્તિ ૦૨
બાત સુનાકર, હસ્ત ગ્રહાકર, જોરી ખેંચાકર વાહ ! (૨)... રસીલી મૂર્તિ ૦૩
અનાદિ બનાકર, સુખ મેં ડુબાકર, આનંદ બઢાકર વાહ ! (૨)... રસીલી મૂર્તિ ૦૪
દાસન કે દાસ પર, કૃપા વર્ષાકર, તેરા ગનાકર વાહ ! (૨)... રસીલી મૂર્તિ ૦૫

**૩૦૯ (પદ : રસીલો રાજ પ્યારો)**

રસીલો રાજ પ્યારો, મળતાં રિઝાઈ ગયો;
સહજાનંદ **કંથ**[૧] મારો, મૂર્તિમાં રમાઈ ગયો... રસીલો ૦૧

પ્રથમની પ્રીત હતી, પ્રથમ મેળાપ થયો;
દીપક જે પ્રેમ તણો, અચાનક પ્રગટાઈ ગયો... રસીલો ૦૨

બિરદ જાણી હરિ, હેતેથી હસ્ત ગ્રહ્યો;
જોડીને નેણથી નેણો, ભુજામાં દબાઈ ગયો... રસીલો ૦૩

અતિશય સ્નેહ કરી, મૂર્તિમાં લીન કર્યો;
રસબસ રહેલા મુક્તો, સંગે ઠેરાઈ ગયો... રસીલો ૦૪

શ્રીજીના સુખ કેરી, નવલી ને નવલી લેર્યો;
તેનાં જે આકર્ષણો, જોતાં જ ખેંચાઈ ગયો... રસીલો ૦૫

પુરુષોત્તમરૂપ કરી, ઉત્તમ આપ્યાં સુખો;
કૃતાર્થ મુને કર્યો, આનંદ છવાઈ ગયો... રસીલો ૦૬

નવાં નવાં સુખ આપી, નવલા તે નેહ કરો;
દાસાનુદાસ તમારો, સુખમાં અંજાઈ ગયો... રસીલો ૦૭

• ૧. સ્વામી, પતિ

**૩૧૦ (રાગ : પરજ)**

હરિવર હીરલો રે, હીરલો લાધ્યો રે મંદિરમાં... ટેક
હાથ આવ્યો છે હીરો અજબ અલૌકિક, આવો મોંઘા-મૂલો છબીલો લાધ્યો...હીરલો૦૧
ખાતા પીતા રે સૂતા, બેઠા સ્વપ્નામાં, આને અળગો ન મેલું ક્ષણ આઘો...હીરલો૦૨
કોડે કોડે રે ઝાઝાં જતન કરીને, એ મારા જીવ સંગાથે મેં બાંધ્યો...હીરલો૦૩
બ્રહ્માનંદ કહે શું મુખથી વખાણું, બેની જેમ **ગૂંગે**[1] રે ગોળ ખાધો...હીરલો૦૪

● ૧. મૂંગો

**૩૧૧ (પદ : મીઠી મધુરી ભલી મૂર્તિ)**

મીઠી મધુરી ભલી મૂર્તિ તારી મૂર્તિ;
દીધી દયાળુ ઘનશ્યામ રે; સુખથી ભરેલી ભલી મૂર્તિ... ટેક
હરતાં ને ફરતાં દેખું તારી મૂર્તિ; સર્વે ક્રિયામાં સુખધામ રે... સુખથી ૦૧
રસબસ ભાવે સુખ ઝીલવાને મૂર્તિ; મુક્તોને ઠરવાનું ઠામ રે... સુખથી ૦૨
સર્વે સુખોનું ખરું મૂળ છે રે મૂર્તિ; પામે છે સુખ તમામ રે... સુખથી ૦૩
અનહદ સુખોની ખાણ છે રે દિવ્ય મૂર્તિ; પામીને થાઓ નિષ્કામ રે... સુખથી ૦૪
કાલાવાલા કરી રિઝાવા મૂર્તિ; વદે દાસાનુદાસ કર ભામ રે... સુખથી ૦૫

**૩૧૨ પદ-૧ (રાગ : જૂનું તો થયું રે દેવળ)**

ખોટું તો થયું રે દેવળ ખોટું તો થયું;
સાચા જ્ઞાને કરીને, દેવળ ખોટું તો થયું... ટેક
પંચભૂતોનું દેવળ ખોટું ને દુઃખદાયી; માયા તણું એમાં તોફાન રહ્યું... સાચા ૦૧
જન્મ મરણને વારે વારે આપે એ તો; તેવા દેવળમાં રહી શું રે કરું... સાચા ૦૨
અજ્ઞાન ને મોહે કરી સારું લાગે છે; હાડ ચામ અને રુધિર ભર્યું... સાચા ૦૩
પંચવિષયમાં પ્રીતિવાળા જીવોએ; દેહરૂપી દેવળ પસંદ કર્યું... સાચા ૦૪
માયાના જીવો રહે છે દેહ દેવળમાં; માટે તેનું દેહધારી નામ પડ્યું... સાચા ૦૫
દાસાનુદાસ શરણાગતનું હરિએ; મૂર્તિ આપી દેહ દેવળ ખોટું તો કર્યું... સાચા ૦૬

**૩૧૩ પદ-૨**

સાચું તો મળ્યું રે દેવળ સાચું તો મળ્યું;
શ્રીજી તારી કૃપાએ, દેવળ સાચું તો મળ્યું...ટેક
કોટિ કલ્પે ને કોટિ સાધને મળે નહિ; વાતની વાતમાં હરિએ આપી રે દીધું...શ્રીજી ૦૧
તેજોમય ને અમૃતધામ એ દેવળ; સદાય છે એ તો નવું ને નવું...શ્રીજી૦૨
સુખ સુખ ને સુખ મૂર્તિ દેવળમાં; અનુભવીઓને તો તે લાગે છે ગળ્યું...શ્રીજી૦૩

અખંડ સનાતન દેવળ મૂર્તિ છે શ્રીજી કેરી; રોમે રોમમાં સુખ એમાં તો ભર્યું...શ્રીજી ૦૪
અનાદિમુક્તો રહે છે મૂર્તિ દેવળમાં; રસબસપણે સુખ ભોક્તાપણું...શ્રીજી ૦૫
દાસાનુદાસ કહે સાચું છે મૂર્તિ દેવળ; હંસરૂપી મુક્ત સંગે હું રે રહું...શ્રીજી ૦૬

**૩૧૪ (રાગ : આજની ઘડી રે ધન્ય)**

**ભાગ્ય**[1] લ્યો ગણી રે, ધન્ય ભાગ્ય લ્યો ગણી;
શ્રીજીને મળવે કરી, ધન્ય ભાગ્ય લ્યો ગણી... ટેક

જન્મોજન્મના કેસો કેરી, નીકળી સુનવણી;
ગુના કીધા માફ હરિએ, રહી નહિ ફેરવણી રે... ભાગ્ય ૦૧

અનેક જન્મનાં સુકૃત ફળિયાં, થઈ મહેર હરિ તણી;
મુક્ત દ્વારે પ્રગટ શ્રીજી, આપે દોરવણી રે... ભાગ્ય ૦૨

જીવની બુદ્ધિ ટાળી આપે, દિવ્ય બુદ્ધિ ઘણી;
જ્ઞાન સમજાવી વ્હાલે આપી, મોક્ષ નિસરણી રે... ભાગ્ય ૦૩

મૂળ સ્વરૂપ તો દેહ નહિ, જો મુક્તોના ભણી;
પુરુષોત્તમરૂપ તુજને કીધો, નિજ બિરદ ગણી રે... ભાગ્ય ૦૪

અલૌકિક પ્રતાપે વાત, ન બન્યાની બની;
અનાદિ સંગે દે છે **દાત્ય**[2], શ્રીજી સુખ તણી રે... ભાગ્ય ૦૫

મૂર્તિ ધ્યાને નિશદિન ઠરજો, ન થાય વગોવણી;
સત્ય કરીને દાસાનુદાસની, માનો વિનવણી રે... ભાગ્ય ૦૬

● ૧. કૃપા, કરુણા ● ૨. દાન

**૩૧૫ (રાગ : ભૈરવી)**

સુખ કા સાગર યે જીવન હૈ મેરા(૨),
ઓ... હુઆ હૈ મિલન અબ હમેરા તુમેરા... ટેક

અગર તૂ હૈ દાતા તો, ભોક્તા જ મૈં હૂં; તેરે સુખ કી મસ્તી મેં ગુલતાન મૈં હૂં,
રહેંગે અકેલે ન, તુમ સે મૈં ન્યારા; અનાદિ કે સંગ નિત્ય સુખ મેં રમૈયા,
અનાદિ ઉત્તમ, અનાદિ ઉત્તમ; અનાદિ મૂર્તિ કે સુખ કો લેનારા.
ઓ... હુઆ હૈ ૦૧

બતા દેંગે શ્રીજી તેરે, સચ્ચે હો રૂપ કો; હરિ મહેર સે મોજ સે મોજ મિલને કો,
ડુબોંગે મૂર્તિ મેં, ફિર નિકલ ન સકોગે; સુખ દેંગે શ્રીજી દાસ કે દાસ લેંગે,
ચલે આઓજી, ચલે આઓજી; ચલે આઓ અનુભવી કા લેકર સહારા.
ઓ... હુઆ હૈ ૦૨

### ૩૧૬ (રાગ : જમુનામાં કૂદી પડ્યો કનૈયો તારો)

મૂર્તિમાં ખેંચી રહ્યો ભક્તિનો જાયો, મૂર્તિમાં ખેંચી રહ્યો... ટેક
શ્રી ઘનશ્યામ હરિ અઢળક ઢળિયા, હેતેથી હસ્ત ગ્રહ્યો... ભક્તિનો ૦૧
શ્રીજીની સૌ પર મીઠી નજર છે, નયનો મેં જાદુ ભર્યો... ભક્તિનો ૦૨
જમે રમે ને શ્રીજી દર્શન દે છે, મરકાવે મુખ ભલો... ભક્તિનો ૦૩
શ્રીજીની સુખમય મૂર્તિ નિહાળી, દેહનું ભાન ભૂલ્યો... ભક્તિનો ૦૪
અંગો તે અંગમાં પ્રેમ ઊપજાવી, ભૂધરને ભેટી પડ્યો... ભક્તિનો ૦૫
દાસાનુદાસ કહે રસબસ થઈને, મૂર્તિમાં સ્થિતિ કરો... ભક્તિનો ૦૬

### ૩૧૭ (રાગ : બિલાવલ)

શ્રીજી દાતાર સબન મુક્તન કો, તૂ હી અનાદિ કર જીયન કો... શ્રીજી ટેક
એક સનાતન તૂ પુરુષોત્તમ, કારન તૂ હૈ સબ કારન કો... શ્રીજી ૦૧
સુંદર તેરી મૂર્તિ સુખાકર, રસબસ હો કે સુખ ઝીલન કો... શ્રીજી ૦૨
અનંત બંબ કી જ્યોતિ ઝળાવત, મૂર્તિ સબન કો ઠામ ઠરન કો... શ્રીજી ૦૩
અનાદિ કો સંગ લીન બનાકર, ન્યાલ કિયો હૈ દાસ દાસન કો... શ્રીજી ૦૪

### ૩૧૮ (રાગ : ભૂપાલી)

શ્રીહરિ કો બલ લે શૂરાતન રખીએ, મુક્ત અનાદિ સંગ મેં રમીએ... શ્રીહરિ ટેક
છોડ દૂર બલ સબ સાધન કા, હરિ કૃપા સે સુખ મેં ઠરીએ... શ્રીહરિ ૦૧
આપ દયાલુ દીન જનો કા, બિરદ વિચારી મંગલ કરીએ... શ્રીહરિ ૦૨
શ્રીજી વચને કર તન કા કટકા, દિવ્ય મૂર્તિ કો ધ્યાન જ ધરીએ... શ્રીહરિ ૦૩
સ્વામિનારાયણ સુખ સાગર મેં, જલ તરંગવત્ રસબસ બનીએ... શ્રીહરિ ૦૪
સુનત મજરા દાસ દાસન કા, શ્રીજી તેરો સેવક ગનીએ... શ્રીહરિ ૦૫

### ૩૧૯ (રાગ : જોઈ મૂર્તિ મનોહર તારી)

સુંદર મૂર્તિ અતિ સુખકારી, શ્રીજી રે તારા સુખમાં ઠેરાણા... ટેક
મહેર કરી મહેરબાન હરિએ, રંગડાની રેલ્યું વાળી... શ્રીજી રે ૦૧
અજબ અલૌકિક સુખમય મૂર્તિ, ક્ષર અક્ષરથી ન્યારી... શ્રીજી રે ૦૨
અતિ સ્નેહ કરી મૂર્તિમાં રાખી, પાત્ર બનાવે ભારી... શ્રીજી રે ૦૩
મૂર્તિનો રંગ વ્હાલે ગૂઢો ચડાવ્યો, ઊતરે નહિ હવે ક્યારી... શ્રીજી રે ૦૪
અનાદિને એક શ્રીજી જીવન છે, જળમીનવત્ પ્રીત સારી... શ્રીજી રે ૦૫
રોમે રોમના સુખમાં રમે છે, રમાડે ભવભયહારી... શ્રીજી રે ૦૬

અનહદ સુખ છે પાર વિનાનું, મુક્તને આનંદકારી... શ્રીજી રે ૦૭
પરમ કૃપાળુ ઘનશ્યામ પિયા પર, દાસાનુદાસ બલિહારી... શ્રીજી રે ૦૮

**૩૨૦ (રાગ : પહાડી)**

રમી રહી મૂર્તિમાં તમારી, પ્રીતમ સુખકર કરી સુખવારી...ટેક

અતિ મરમાળી, રસીલી રૂપાળી;(૩)
નવીન સુખાળી, મૂર્તિમાં નિહાળી...રમી ૦૧

દિવ્ય સ્વરૂપમાં, પાગલ બનું છું, સુખમાં ઠરું છું;(૨)
આનંદ ભરની, ઘણી છે ખુમારી...રમી ૦૨

અનાદિમુક્તની, સ્થિતિ રે પમાડી;(૩)
સુખમાં રમાડી, આનંદ **દહાડી**[1]...રમી ૦૩

અનહદ સુખમાં, રાચી રહું છું, સાચી કહું છું;(૨)
દાસાનુદાસની, વિનંતી સ્વીકારી...રમી ૦૪

● ૧. નિત્ય, હંમેશાં, સદા

**૩૨૧ (પદ : સુખ સાચું જોયું રે)**

સુખ સાચું જોયું રે મૂર્તિમાં;
મુક્તો તેમાં મોહ્યા રે મૂર્તિમાં... સુખ ટેક

વ્હાલાજીની જાણવાને સુખડાંની વાત;
હેતે ને પ્રીતે સુણજો શ્રીજીની ગાથ... સુખ ૦૧

પ્રકૃતિનું સુખ કોડી જેવું નિદાન;
પૈસા જેવું તો પુરુષનું પ્રમાણ... સુખ ૦૨

વાસુદેવનું સુખ રૂપિયા જેવું મહાન;
**સોનામહોર**[1] જેવું અક્ષરોનું જાણ... સુખ ૦૩

સર્વોપરી સ્વામિનારાયણ ગણાય;
**ચિંતામણિ**[2] જેવું તે સુખ વખણાય... સુખ ૦૪

તે સુખ પામવા છે જ્ઞાન ને ધ્યાન;
શ્રીજીની મૂર્તિમાં બનો એકતાન... સુખ ૦૫

ઉત્તમ સુખ ભોક્તા છે અનાદિ ખાસ;
તેને રે સંગે થીજ્યો દાસાનુદાસ... સુખ ૦૬

● ૧. સોનાનો સિક્કો ● ૨. ચિંતવેલું આપે તેવો મણિ

## ૩૨૨ (પદ : શ્રીજીની મૂર્તિમાં સુખડાં)

શ્રીજીની મૂર્તિમાં સુખડાં છે મોટાં;
રસબસ અનાદિ રહી ભોગવે રે લોલ...ટેક

સ્વતેજે તેજાયમાન મૂર્તિ ભલી શોભતી;
અંગોઅંગ જોઈ તેને નીરખીએ રે લોલ...શ્રીજી ૦૧

કેવળ કૃપા કરી મૂર્તિમાં રાખિયા;
રાખી વિશ્વાસ સહુ આવજો રે લોલ...શ્રીજી ૦૨

સુખ તો અગાધ છે ને પૂરી નથી પાત્રતા;
ધ્યાનરૂપી કરો સહુ **મજરો**[1] રે લોલ...શ્રીજી ૦૩

દાસાનુદાસ કહે મૂર્તિ સુખે થીજવા;
અર્પો તન મન ધન અંજલિ રે લોલ...શ્રીજી ૦૪

● **૧.** પ્રયત્ન, દાખડો

## ૩૨૩ (રાગ : જીવ તું બ્રહ્મરસ ભોગવનાર)

જીવ તું મહારસ ચાખણહાર, શ્રીજી ભૂલી શીદને થા લાચાર...ટેક
શ્રીજી આવ્યા લાવ્યા મુક્તો, ધામ થકી આ વાર;
નરના જેવું નાટક ધારી, જીવો કરે ભવપાર...જીવ ૦૧

માયા રૂપી કેદ છોડાવા, શરણે લે ધર્મકુમાર;
કેવી કરી કળ બળ આપ્યું, જુઓ કરી વિચાર...જીવ ૦૨

ત્રણ દેહ અવસ્થા ગુણ ત્રણ, પંચવિષય અંતઃકરણ ચાર;
પંચભૂત પ્રાણ ઈન્દ્રિયો દસ, દેવતા ચૌદ નિરધાર...જીવ ૦૩

સત્તાવનના ટોળામાંથી ભાઈ, તુજને કાઢ્યો બહાર;
નિજ સ્વરૂપનું ભાન કરાવી, આપ્યું બળ અપાર...જીવ ૦૪

કાળ માયાની બીક મટાડી, કાપી કર્મની જાળ;
અન્ય દેવનો ડર રહ્યો નહિ, કોની હવે ઓશિયાળ...જીવ ૦૫

પુરુષોત્તમરૂપ કરીને તુજને, કહે હરિ કરી પ્યાર;
લે આ સુખમય મૂર્તિ આપી, રહેજે તે મોઝાર...જીવ ૦૬

મૂર્તિ ધ્યાને ઠરશો તો થાશો, મૂર્તિમાં રમનાર;
અનાદિ સંગે રસબસ થઈને, સુખડાં ભોગવનાર...જીવ ૦૭

શ્રીજી ચરણે જીવ જે આવે, વચનના ઝીલનાર;
દાસાનુદાસ કહે જરૂર પામે, મહારસનો ભંડાર...જીવ ૦૮

**૩૨૪ (રાગ : ભૈરવી)**

મુખે તું સ્વામિનારાયણ બોલ;
મૂર્તિમાં રહીને ડોલ...ટેક

શ્લોકો બોલે, સ્તોત્રો બોલે, બોલે કીરતન કંઠે;
મૂર્તિમાં રહીને કાં નવ બોલે, તપાસ તારી પોલ...મુખે ૦૧

દુ:ખે જાગે, સુખે જાગે, જાગે પર પંચાતે;
મૂર્તિ ધ્યાને કાં નવ જાગે, પડશે ગાલે ધોલ...મુખે ૦૨

રૂપે રાચે, રંગે રાચે, રાચે તાન તમાસે;
શ્રીજી સ્વરૂપમાં કાં નવ રાચે, આંખડી તારી ખોલ...મુખે ૦૩

ખાના જાને, પીના જાને, જાને કાર્ય નવીને;
મૂર્તિમાં રહેવું કાં નવ જાને, કહે છે બજાવી ઢોલ...મુખે ૦૪

આશિષ દે છે, મૂર્તિ દે છે, દે છે સુખ કૃપાએ;
બિરદ જાણી શ્રીજી દે છે, દાસાનુદાસ કહે કોલ...મુખે ૦૫

**૩૨૫ (રાગ : પરજ)**

મૈં હૂં આદિ અનાદિ, આ તો સર્વે ઉપાધિ;
સદ્‌ગુરુ મિલિયા અનાદિ, મિટ ગઈ સર્વે ઉપાધિ...ટેક

કહાં કાષ્ઠ ને કહાં કુહાડા, કહાં હૈ ઘડનનહારા;
જબતે મોયે સદ્‌ગુરુ મિલિયા, મિટ ગયા સર્વે ચાળા...મૈં હૂં ૦૧

કોણ કુળ ને કોણ કુટુંબી, કોણ માત ને તાત;
કોણ ભાઈ ને કોણ ભગિની, બ્રહ્મ હમારી જાત...મૈં હૂં ૦૨

નહિ રહ્યા મૈં નહિ ગયા મૈં, નહિ સુધર્યા નહિ બિગડા;
હમે હમારા કુળ સંભાર્યા, મત કરના કોઉ ઝઘડા...મૈં હૂં ૦૩

પાની મેં સે પુરુષ બનાયા, મળમૂત્ર કી ક્યારી;
મિલ્યા શ્યામ ને સર્યાં કામ, અબ ન રહી કોઉ સે યારી...મૈં હૂં ૦૪

આગે તપસી તપસા કરતા, રહી ગઈ કિંચિત કામા;
તે કારણ આ નરતન ધરિયો, સો જાનત હૈ ઘનશ્યામા...મૈં હૂં ૦૫

જે કારન આ નરતન ધરિયા, વે સરિયા હૈ કામ;
નિષ્કુળાનંદ કહે પ્રગટ મિલે મોહે, ટળ્યા નામ રુ ઠામ...મૈં હૂં ૦૬

**૩૨૬ (રાગ : રટી લે રટી લે હરિનામ)**

રસીલે, રસીલે, રસીલે, શ્રી ઘનશ્યામ;
જાણી લેજો એ જ મૂર્તિ, નામોનું છે નામ... રસીલે ટેક

નામ આ નામ, સ્વામિનારાયણનું નામ;
મૂર્તિમાં રહીને પ્રેમે રટજો, નામીએ સહિત નામ... રસીલે ૦૧

હામ આ હામ, રાખો શ્રીજી બળથી હામ;
સાધન બળને દૂર કરીને, કૃપા યાચો આમ... રસીલે ૦૨

ભાન આ ભાન, ભૂલવા દેહાદિકનું ભાન;
ધ્યાન કરીને સ્થિતિ કરવા, કહે છે જીવનપ્રાણ... રસીલે ૦૩

કામ આ કામ, આ એક જ છે જો કામ;
રોમ રોમના સુખમાં થીજવું, બનીને નિષ્કામ... રસીલે ૦૪

ઠામ આ ઠામ, શ્રીજી એક જ સુખનું ઠામ;
પયસાકરવત્ સુખમાં રહીને, થાઓ પૂરણકામ... રસીલે ૦૫

નાથ આ નાથ, શ્રીજી એક અમારા નાથ;
દાસાનુદાસ કહે સ્નેહે સુણજો, રસબસની આ ગાથ... રસીલે ૦૬

**૩૨૭ (રાગ : લ્યો માળા લ્યો માળા લ્યો)**

લ્યો મૂર્તિ, લ્યો મૂર્તિ, લ્યો મૂર્તિ;
પિયા હમ પ્રીતમ હય, દેખો અજબ કૃપા... હાં હાં હાં લ્યો ટેક

જો હૈ ખપીલે, રસીલે, ગરજીલે;
પ્રેમ સે જોરી, રખે યહ મૂર્તિ... હાં હાં હાં લ્યો ૦૧

શ્યામ હૈ રંગીલે, નવીલે, દર્શીલે;
ત્યાર હૈ દેનાર, લેનાર કી ખામી... હાં હાં હાં લ્યો ૦૨

જીયા કો જોરી લે, કરી લે, ખૂબી લે;
તૂ સે પૃથક નહિ, કભીયે હરિ... હાં હાં હાં લ્યો ૦૩

પ્રીતિ હૈ અનેરી, હમેરી, તુમેરી;
દાસન કે દાસ કી, અરદાસ સુની... હાં હાં હાં લ્યો ૦૪

### ૩૨૮ (રાગ : હરિજન સાચા રે)

મંદિર આવ્યા રે, હરિ જીવને હિંમત દેવા;
ઘનશ્યામ પધાર્યા રે, રૂડાં વચનો બળનાં કે'વા...૦૧

કલ્યાણ કીધું રે, તને મૂર્તિમાંહી રાખી;
દેહ નહિ તારો રે, કર્મ જાળ તોડી નાખી...૦૨

બીક મટાડી રે, કાળ માયા કેરી આજે;
જુઓ વિચારી રે, કેવી મે'ર કરી મહારાજે...૦૩

પુરુષોત્તમરૂપ રે, કરી મૂર્તિમાં તુજને રાખ્યો;
દુઃખ દરિયેથી રે, કાઢી સુખસાગરમાં નાખ્યો...૦૪

ભૂલે ચૂકે રે, હવે માનીશ નહિ દેહ તારો;
જીવ મટાડી રે, કર્યો અનાદિમુક્ત સારો... ૦૫

શૂરવીર થઈને રે, નિત્ય ભજન સ્મરણમાં ઠરજે;
માયિક સુખ સારુ રે, કે'દી કાયર મન નવ કરજે...૦૬

પંચવિષયમાં રે, હવે પ્રીતિ લેશ ન જોઈએ;
તેના સંબંધે રે, પૂર્વે ઊગર્યો નહિ કોઈએ...૦૭

કામ ને ક્રોધ રે, વળી માન છે શત્રુ મોટા;
તેને વશ થઈ રે, મોટા તે થઈ ગયા છોટા...૦૮

ન થાય સ્થિતિ રે, ત્યાં સુધી વિઘ્નો ભારી;
સાધનદશામાં રે, હોય તેણે જોવું વિચારી...૦૯

માટે કહું છું રે, તમે સાવધાન બહુ રે'જો;
દેહરૂપ વર્તી રે, ક્યારેય ખોટ નવ દેજો...૧૦

અંતર શત્રુને રે, તમે પૂરેપૂરા મારો;
હાથ આવેલી રે, બાજી તે શીદને હારો... ૧૧

પેટ કટારી રે, નાખીને રણમાં ચાલ્યા;
બીક મરણની રે, ત્યજી મંગળ કરવા મા'લ્યા...૧૨

છે સાથ હરિનો રે, પછી પરવા કોની તારે;
વ્હારે આવે રે, હરિ ભીડ પડે છે ત્યારે...૧૩

કામકાજ કરતે રે, મૂર્તિમાં **સૂરતી**[૧] રાખો;
નિત્ય અભ્યાસે રે, વૃત્તિ અખંડ કરી નાખો...૧૪

મોડું વહેલું રે, સ્થિતિ કરી સુખ છે લેવું;
તેનું સાધન રે, ધ્યાને મૂર્તિમાં રહેવું... ૧૫

તેની હિંમત રે, ભાઈ પૂરેપૂરી જોશે;
દઢતા જોઈને રે, શ્રીજી દોષો ટાળી દેશે... ૧૬

મૂર્તિરૂપ થઈ રે, નિશદિન ધ્યાને ઠરજો;
અનાદિ સંગે રે, રસબસ થઈ સ્થિતિ કરજો... ૧૭

સ્થિતિ થાવા રે, તમે ધ્યાને આગળ ચાલો;
જાણી બિરદ રે, સુખ દેશે ધર્મદુલારો... ૧૮

પાત્ર કરીને રે, નિત્ય નવલાં સુખડાં દે છે;
દાસાનુદાસ રે, એવાં વચનો ઝીલવાં કે' છે... ૧૯

● ૧. વૃત્તિ

### ૩૨૯ રાગ : પૂર્વછાયો (ભક્ત ચિંતામણિ : પ્રકરણ-૭૬)

પછી પ્રભુજી બોલિયા, તમે સાંભળો હરિજન સહુ;
અતિ રહસ્ય એકાંતની, એક વાલ્યપની વાત કહું.
આ સભામાં આપણ સહુનાં, તેજોમય તન છે;
છટા છૂટે છે તેજની, જાણે પ્રકટિયા કોટિ ઈંદુ છે.

### 330 (રાગ : મિશ્ર દુર્ગા)

શ્રીજીની મૂર્તિમાં રમવા આવો... રમવા આવો;
શિર સ્થાપી હાથ રે, ભેટે ભીડી બાથ રે;
સુખના સાગર સંગ ઝીલવા આવો...ટેક

એક ટેક શ્રીજી કેરી ધારી અભંગ છે;
પૂરેપૂરા પ્રેમી બનો મુક્ત કેરો સંગ છે,
લળી લળી ચરણોમાં મળવા આવો...રમવા આવો ૦૧

મૂર્તિ માધુરી ભલી અંગો અંગ દિવ્ય છે;
મુક્ત અનાદિ તે સુખમાં અનંત છે,
અમૃત સુખમાંહી રસબસ થાઓ...રમવા આવો ૦૨

શ્રીજી કેરી મૂર્તિમાં દિવ્ય નવા રંગ છે;
દિલના દરિયાવ પ્રભુ દેવા તત્પર છે,
લાડે કોડે નમી નમી લેવા આવો...રમવા આવો ૦૩

ઝૂલંતા શ્યામ આવે **મલપંતા**[1] લાલ રે;
દાસાનુદાસ કહે જુઓ કરી ખ્યાલ રે,
મુક્તો અનાદિ સંગ મળવા આવો...રમવા આવો ૦૪

● ૧. ઉમંગમાં ઠાઠથી ધીમે ધીમે ચાલતાં

### ૩૩૧ (રાગ : દેખો કહ દૂંગી તુમારે મન કી બતિયાં)

સુનો વદૂંગી મૂર્તિ કી નવલી બતિયાં;
શ્રીજી કૃપા સે મિલી હમકું પતિયાં... ટેક

સબ કી હય જીવનદોરી, રખો તુમ દિલ મેં ચોરી;
લે લો સત્સંગે ઈનકી પતિયાં... સુનો ૦૧

એ મૂર્તિ મેં સુખ અનેરા, ઈનકા હય બંબ ઘણેરા;
તરેહવાર સે નિત્ય નવીના, અનહદ ને અપાર ભલેરા,
ઈનમેં અનાદિ બને હે સુખિયા... સુનો ૦૨

એ મૂર્તિ મેં રસબસ થાને, મુક્તન કે સંગ સુખડાં પાને;
એકમેક બન તદ્રૂપ હોને, દિવ્યભાવ સહ મહિમા ગાને,
કર લો શ્રીજી ઔર મુક્ત કો રજિયા... સુનો ૦૩

દેહાદિક કા કજિયા છોડો, અહંતા મમતા સે તોડો;
બુદ્ધિ કો દૂર ડાલો, હથેવાર શ્રીજી સે જોડો,
રખ લો દાસન કે દાસ કી અરજિયાં... સુનો ૦૪

### ૩૩૨ રાગ : ચોપાઈ (પુરુષોત્તમ લીલામૃત સુખસાગર)

હે સંતો આ જીવને **જક્તની**[1], વાસના છે અનાદિની બની;
જેમ **ગીંગો**[2] વિષ્ટા ગોળી રાખે, જ્યાં સુધી તેને દૂર ન નાખે,

ત્યાં સુધી પુષ્પનો જે સુગંધ, નથી પામતો એ મતિમંદ;
જ્યારે ભમરે નાખ્યો જળમાંઈ, ત્યારે તે ગોળી ધોવાઈ ગઈ,

સુખ આવ્યું સુગંધનું ભારી, તેમ જીવને જોવું વિચારી;
સંસારી સુખનો ત્યાગ થાય, દેહભાવ કે'દી ન મનાય,

શુદ્ધ સ્વરૂપમાં સદા રહે, ત્યારે મૂર્તિનું સુખ તે લહે;
સુખ સંસારનું હોય નહિ લેશ, માંહી કોટાનકોટિ છે ક્લેશ,

પણ મોહે કરી મતિ મંદ, ભારે ભોગવે દુઃખના દ્વંદ્વ;
મોહ માયા જ્યારે ટળી જાય, શુદ્ધ દિવ્ય સાકાર તે થાય,

ત્યારે ભોગવે મૂર્તિનું સુખ, ટળી જાય બીજાં બધાં દુઃખ;
માટે સર્વે સંતે એમ રહેવું, ક્યારે કાયર વેણ ન કહેવું,

દેહરૂપ સંકલ્પ તજીને, પ્રભુ લેવા આ સમે ભજીને;
જોગ મળ્યો તે સાચવી લેજો, ક્યાંય ખોવાઈ જાવા ન દેજો,

આજ તમને મળ્યા ભગવાન, સુખકારી છે જાણો મહાન;
માટે સંતો રાખજો આનંદ, એમ બોલ્યા સ્વામી સહજાનંદ.

● ૧. જગતની ● ૨. મળનો કીડો

### 333 રાગ : ચોપાઈ (પુરુષોત્તમ લીલામૃત સુખસાગર)

ધર્મ બહુ પ્રકારનો જાણો, મારાં વચન મુખ્ય પ્રમાણો...૦૧

જ્ઞાન અનેક પ્રકારે કરે, પણ મૂર્તિ થકી છેટે ફરે;
મુખ્ય જ્ઞાન અમારું સ્વરૂપ, થાય તેજોમય તદ્રૂપ...૦૨

વૈરાગ્યના તો કાઢે બહુ વેષ, પણ વાસના ન ટાળે લેશ;
મૂર્તિ વિના સર્વેનો ત્યાગ, એ જ જાણવો સાચો વૈરાગ્ય...૦૩

ભક્તિના પણ ઘણા છે ભેદ, તેણે ન થાય **જક્ત**[૧] **ઉચ્છેદ**[૨];
મારી મૂર્તિમાં પ્રેમે રહેવાય, એહ ભક્તિ મુખ્ય કહેવાય...૦૪

ઉપાસના કરે જન ઘણી, દેવી દેવ ને અવતાર તણી;
એ પણ ઉપાસના કહેવાય, તેણે પુરુષોત્તમ ન પમાય...૦૫

માટે મુખ્ય ઉપાસના કહું, ચિત્ત દઈ સાંભળજો સહુ,
તેજોમય છે દિવ્ય સાકાર, એક પુરુષોત્તમનો આકાર;
તેને છેટે મેલે નહિ અણુ, એ જ ચોખ્ખી ઉપાસના ગણું...૦૬

● ૧. દેહભાવરૂપી જગત ● ૨. સમૂળો નાશ

### 334 (રાગ : ભીમપલાસી)

શુભ સ્વામિનારાયણ નામ લહો, સુખસાગરમાં જો રહેવા ચહો;
નામીએ સહિત જો નામ લહો, રસબસ થઈ ગુલતાન રહો... ટેક

અવતારી સ્વયં ઘનશ્યામ હરિ, હરિકૃષ્ણ રટન કર ફરી ફરી;
સહજાનંદ છે સ્વામી સર્વોપરી, સમરીને રહો મૂર્તિમાં ઠરી... શુભ ૦૧

નીલકંઠ જે વર્ણીરાટ તમે, મુનિ નારાયણને ભજીએ અમે;
તવ દાસ તે તુજને બહુ ગમે, મોટા મુનિવરો તવ કેડે ભમે... શુભ ૦૨

પુરુષોત્તમ શું ઘણી પ્રીત કરો, અલમસ્ત થઈ સુખમાંહી ઠરો;
ઓતપ્રોત થઈ ભવ સિંધુ તરો, રસિયાજી તણા રસમાંહી ઠરો... શુભ ૦૩

સ્વામિનારાયણ ચરણે નમવા, રોમ રોમ તણાં સુખડાં ખમવાં;
મુક્તોની ભેળા નવા રંગ રમવા, કહે દાસાનુદાસ હરિને ગમવા... શુભ ૦૪

### ૩૩૫ (રાગ : આવો મૂર્તિમાં રાખે ઘનશ્યામ)

કેવી રહસ્યની સમજાવે વાત, નૌતમ નાવલિયો;
**પ્રથમ બત્રીસે**[૧] કહે સાક્ષાત્... નૌતમ નાવલિયો ટેક

કથાવાર્તા વિના રૂડા ગુણ આવે નહિ; તે વિના સ્વભાવો કદી ટળે નહિ;
**વિશલ્યકરણી ઔષધિ**[૨] ગણાય... નૌતમ નાવલિયો ૦૧

શુદ્ધ ઉપાસના દૃઢ કદી થાયે નહિ; આવા જોગ વિના નિયમ કદી પળે નહિ;
સર્વે ગુણ તણું મૂળ એ ગણાય... નૌતમ નાવલિયો ૦૨

શ્રવણ પછી એકાગ્રતાથી મનન કરો; 'મારા માટે જ કહે હરિ' એમ ઉર ધરો;
મનન-ચિંતનથી જ સમજણ થાય... નૌતમ નાવલિયો ૦૩

થઈ સમજણ તેનો કરો નિત્ય અભ્યાસ; તુરત કરો અમલ રાખી ખરો અભ્યાસ;
સતત પ્રૅક્ટિસે ટળે દેહાધ્યાસ... નૌતમ નાવલિયો ૦૪

કથાવાર્તા કીર્તન બધું ચારો ગણાય; રહેવું મૂર્તિમાં એ જ ખરો માળો ગણાય;
ચારો-માળો બંને જોઈએ નિદાન... નૌતમ નાવલિયો ૦૫

ચણ ચણી ચણીને પછી ક્યાં એ જશે ? વિના માળે પછી જ્યાં ત્યાં ભટક્યા કરશે;
દા'ડા કાઢે એ હરાયું કહેવાય... નૌતમ નાવલિયો ૦૬

ચારો ચરતાંય ટાઢ-તડકો ખમવો પડે; ભજનરૂપી ચારો ચરતાંય કામ-ક્રોધ તો નડે;
નડે-કનડે નહિ થઈ જાય નિરાંત... નૌતમ નાવલિયો ૦૭

રહ્યો માળામાં તેને કહો કોણ કોણ જુએ ? રહે માળામાં તે કોને ક્યાં ક્યાં જુએ ?
જોવા-જાણવાનું મૂકી દો તાન... નૌતમ નાવલિયો ૦૮

'મૂર્તિ એ જ મારું રૂપ' હવે દેહ નથી; સ્વયં મહારાજ જ કર્તા હું કશું નથી;
પોતાપણાના છોડી દો ખ્યાલ... નૌતમ નાવલિયો ૦૯

મૂર્તિરૂપી માળામાં હવે રહેતા શીખો; અનાદિમુક્તની પંક્તિમાં ભળતા શીખો;
સર્વે સાધનનું ફળ આ ગણાય... નૌતમ નાવલિયો ૧૦

આગ્રહ કેવો હરિનો તે દિલમાં ધરો; મૂર્તિરૂપી માળે રહેશું એમ નક્કી કરો;
સમજી શરૂ કરો સારનું આ સાર... નૌતમ નાવલિયો ૧૧

● ૧. ગઢડા પ્રથમનું ૩૨મું વચનામૃત ● ૨. યુદ્ધમાં વાગેલા શલ્યના ઘાને રુઝાવવા માટેની વનસ્પતિ

## ૩૩૬ (રાગ : આવો મૂર્તિમાં રાખે ઘનશ્યામ)

તમને આરામ વિરામની ખબર ખરી ?... પૂછે મારો વ્હાલીડો;
ખરા રહસ્યની સમજાવવા વાત... પૂછે મારો વ્હાલીડો ટેક

**(સ્પીચ : મુક્તો, દેહને આરામ ન મળે તો શું થાય ?)**

કામ કામ કામ કામ નર્યાં કર્યાં કરો, નહિ આરામ લેવાનું જરા દિલમાં ધરો;
કહો એ ગાડું લાંબું ચાલે કે નહિ ?... પૂછે મારો વ્હાલીડો ૦૧

(ના... ના... ના... કહો... ના... ના... ના...)

એક બે-પાંચ દિવસ કદી ભૂખ્યા ચાલે, વિના આરામે કહો તમે કેટલું હાલે ?
આ શરતે પાંચ ઉપવાસ કરો કે નહિ ?... પૂછે મારો વ્હાલીડો ૦૨

(ના... ના... ના... કહો... ના... ના... ના...)

માથું દુખે પગ દુખે ને શરીર તૂટે, તાવ આવે બેચેની રહે વિના સૂતે;
કદી પ્રયોગ એવો કરવો કે નહિ ?... પૂછે મારો વ્હાલીડો ૦૩

(ના... ના... ના... કહો... ના... ના... ના...)

**(સ્પીચ : કહો કોને કોને જોઈએ આરામ ?)**

સાધુ હરિભક્ત કે હોય ગરીબ તવંગર ટીચર વર્કર કંડક્ટર કે હોય ડૉક્ટર;
બૅરિસ્ટર કે મિનિસ્ટરને હાલે કે નહિ ?... પૂછે મારો વ્હાલીડો ૦૪

(ના... ના... ના... કહો... ના... ના... ના...)

**(સ્પીચ : કહો આરામ કરવા શું શું કરો છો ?)**

વૃત્તિ-પ્રવૃત્તિ ફોન વળી વાતો બધી બંધ, બીજા વિચારો અવાજ ને બારી-બારણાં બંધ;
કર્યું કે કરવાનું સંભારો કે નહિ ?... પૂછે મારો વ્હાલીડો ૦૫

(ના... ના... ના... કહો... ના... ના... ના...)

**(સ્પીચ : શું ફળ મળે છે આરામનું ?)**

રોજ નિયમિત આરામે હળવા થવાય, કાર્યક્ષમતા વધે ને **એવર ફ્રેશ**[૧] રહેવાય;
વિના આરામે ખુશી સદા રહે કે નહિ ?... પૂછે મારો વ્હાલીડો ૦૬

(ના... ના... ના... કહો... કહો... ના... ના... ના...)

**(સ્પીચ : હવે શું છે વિરામનું મહત્ત્વ ?)**

બસ આવો હવે વિરામની સમજીએ વાત, જેમ આરામ તેમ વિરામ જોઈએ ફરજિયાત;
આરામ દેહનો ને આત્માનો વિરામ... કહે છે મારો વ્હાલીડો ૦૭

કેવી નવાઈ આરામ-વિરામ ખબર નથી, આરામ જ કર્યો વિરામનો ખ્યાલ જ નથી;
નથી માળો જ ક્યાં કરવો વિરામ ?... કહે છે મારો વ્હાલીડો ૦૮

**(સ્પીચ : ક્યાં કરવો વિરામ ?)**

કેવળ કૃપાથી મૂર્તિ માળો મળી ગયો, માત્ર આત્મા નહિ મુક્ત અનાદિ થયો;
હવે મૂર્તિરૂપી માળામાં રહો સદા... કહે છે મારો વ્હાલીડો ૦૯

રહે માળામાં તે કોને કોને દેખી શકે ? બહારવાળો કહો તેને કોણ **પેખી**[૨] શકે ?
રહી માળામાં કરો વિરામ... કહે છે મારો વ્હાલીડો ૧૦

**(સ્પીચ : કેવી રીતે કરવો વિરામ ? વિરામ સમયે શું શું કરવું ?)**

દેખવાની કે દેખાવાની મૂકો ઝંઝટ, કર્યું કરવાનું છે તેને ભૂલો ઝટપટ;
મૂર્તિ વિના બધું સળગાવી દો... કહે છે મારો વ્હાલીડો ૧૧

આશા-તૃષ્ણા બહારવૃત્તિના ફેર ચડ્યા, નિયમલોપ અભાવ અવગુણે શૂનકાર થયા;
જેથી માળે રહેવું કાઠું પડનાર... કહે છે મારો વ્હાલીડો ૧૨

વૃત્તિ-પ્રવૃત્તિ ફોનનાં બારણાં બંધ કરો, પૂર્ણ વિશ્વાસે મક્કમ થઈ નિયમ ધરો;
છીએ સાથે ને થઈશું રક્ષણહાર... કહે છે મારો વ્હાલીડો ૧૩

'મૂર્તિમાં જ છું', 'મૂર્તિ છે' ભૂલો દેહભાવ, પરભાવના મનનથી વીસરો અવરભાવ;
કહેવા-જોવામાત્ર દેખાય જે તમામ... કહે છે મારો વ્હાલીડો ૧૪

**(સ્પીચ : વિરામ કરવાથી શું ફાયદા થાય ?)**

દુઃખ દુઃખ દુઃખ દરિયામાંથી ઊગરી જશો, સુખ સુખ સુખસાગરમાં ડૂબી જશો;
પા અડધો કલાકથી શરૂ કરો... કહે છે મારો વ્હાલીડો ૧૫

મૂર્તિરૂપી માળે વિરામ આવો થશે જ્યારે, સર્વે સંતાપ ટળી હાશ થશે ત્યારે;
બૅટરી ચાર્જ કરવા કરો શુભારંભ... કહે છે મારો વ્હાલીડો ૧૬

સર્વે આશ્રિત માટે ફરજિયાત છે આવો વિરામ, રહેશે આનંદ ને દોષ સર્વે થશે હરામ;
નિત્ય પ્રૅક્ટિસથી થશો ગુલતાન... કહે છે મારો વ્હાલીડો ૧૭

હોય ગમે તેવા સમૈયા કે પ્રસંગમાંય, ગમે તેમ સેટ કરી આનો કાઢો સમય;
હશો બિઝી થશો ઈઝી, ઈચ્છા જો પ્રબળ... કહે છે મારો વ્હાલીડો ૧૮

સુખ સામર્થી પાત્રતા ને પ્રકાશ વધશે, અનુભવો નિત્ય નવા નવા સુખના થશે;
આટલું માનીને શીખો વિરામ... કહે છે મારો વ્હાલીડો ૧૯

• ૧. સદાય તાજા • ૨. જોઈ

**૩૩૭ (પદ : મૈં કૌન હૂં)**

મૈં કૌન હૂં મૈં કૌન હૂં, કૌન હૂં મૈં કૌન હૂં...ટેક
સ્થૂલ દેહ નહિ હૂં, સૂક્ષ્મ ઔર કારણ નહિ હૂં;
યહ નામ ઔર યે રૂપ નહિ હૂં, પંચભૂત કા યે શરીર નહિ હૂં,
ફિર કૌન હૂં મૈં કૌન હૂં, મૈં કૌન હૂં. કૌન હૂં...૦૧

પુરુષ નહિ હૂં સ્ત્રી નહિ હૂં, કોઈ જાતિ કે વર્ણ નહિ હૂં;
પિતા માતા પુત્ર નહિ હૂં, માયા કી બ્રહ્મજાલ નહિ હૂં,
ફિર કૌન હૂં મૈં કૌન હૂં, મૈં કૌન હૂં. કૌન હૂં...૦૨

**(સ્પીચ : યે દેહ સે ન્યારા, અત્યંત નિરાલા ક્યા આત્મા યા ચૈતન્ય હૂં ? હા હા જરૂર. કિન્તુ આત્મા નિરાકાર ઔર મહારાજ સદા સાકાર તો ફિર કૈસે હો તદાકાર ?)**

ફિર કૌન હૂં મૈં કૌન હૂં, મૈં કૌન હૂં...
અનહદ કૃપા કર દેહ છુડાકર, ચૈતન્ય કો બદલાયા;
ઉન્હેં પોતા જૈસો નિજરૂપ કર, અનાદિમુક્ત કહલાયા,
અબ કૌન હૂં મૈં કૌન હૂં, મૈં કૌન હૂં. કૌન હૂં...૦૩

**દેહસ્થાન સ્વયં આકર, સ્વમૂર્તિ મેં ઠહરાયા;**
**પૂર્ણ કર્તા આપ બનકર, મુઝે અકર્તા બનવાયા,**
**બસ કૌન હૂં મૈં કૌન હૂં, મૈં કૌન હૂં...૦૪**

**દિવ્ય સાકાર અનાદિમુક્ત હૂં, અતિ પ્રકાશમાન હૂં;**
**તદ્રૂપ હૂં તલ્લીન હૂં, એકમેક ઔર ઓતપ્રોત હૂં,**
**બસ કૌન હૂં મૈં કૌન હૂં, મૈં કૌન હૂં. કૌન હૂં...૦૫**

**અબ દેહ નહિ કોઈ દોષ નહિ, પિંડ યા બ્રહ્માંડ નહીં;**
**અવરભાવ કા લેશ નહિ, પરભાવ મેં અલમસ્ત હૂં,**
**બસ કૌન હૂં મૈં કૌન હૂં, મૈં કૌન હૂં. કૌન હૂં...૦૬**

**સેવકભાવ સે મુક્ત હૂં, રોમરોમ મેં રસબસ હૂં,**
**પ્રતિલોમભાવ મેં પૂર્ણ હૂં, સુખ સુખ કા સાગર હૂં;**
**કૌન હૂં મૈં કૌન હૂં, મૈં કૌન હૂં. કૌન હૂં...૦૭**

**(મહારાજ જ છે, મહારાજ જ છે. બસ, મહારાજ જ છે.)**

**૩૩૮ (રાગ : ચોપાઈ) ભક્ત ચિંતામણિ પ્રકરણ : ૭૧**

પછી નાથ કહે સંત શૂરા, આમાં કોણ કઠણ વ્રતે પૂરા;
જેવા છે આ આતમાનંદ, એવા હો તે બોલો મુનિઈન્દ... ૦૧

પછી સંત ઊઠ્યા જોડી હાથ, જેમ કહો તેમ કરીએ નાથ;
કહો તો મટકું ન ભરિયે મીટે, કહો તો અન્ન ન જમિયે પેટે... ૦૨

કહો તો તજિયે **છાદન**[1]નો સંગ, રહિયે હિમમાં ઉઘાડે અંગ;
કહો તો પીવું તજી દૈયે પાણી, રહીએ મૌન ન બોલિયે વાણી... ૦૩

કહો તો બેસીએ આસન વાળી, નવ જોયે આ દેહ સંભાળી;
એમ હિંમત છે મન માંય, તમે કહો તે કેમ ન થાય... ૦૪

એમ બોલ્યા જ્યારે મુનિજન, સુણી પ્રભુજી થયા પ્રસન્ન;
કહે નાથ સુણો સાધુ શૂર, એ તો અમને જણાય જરૂર... ૦૫

તમે બોલ્યા તે સર્વે સાચું, બીજા માંય પણ નથી કાચું;
એક એકથી અધિક છો તમે, એવું જાણ્યું છે જરૂર અમે... ૦૬

એક વાત કહું માનો તેહ, આપણે આતમા નહિ દેહ;
માનો ચૈતન્યરૂપ તમારું, દુઃખરૂપ દેહ તેહ ન્યારું... ૦૭

● ૧. ઓઢવાની વસ્તુ

### ૩૩૯　　(રાગ : કૃપા કરીને મૂર્તિમાં રાખ્યા)

**કૃપા કરીને મૂર્તિમાં રાખ્યા, રહેતા શીખો રે;**
**રસબસ કરી રાખી લીધા છે(૨), કરી મુક્ત અનાદિ રે... ટેક**

સર્વોપરી ઉપાસના ભારી, નિરુત્થાનપણું રે;
શ્રીજીમહારાજ ફેરવવા ધારે(૨), નહિ શંકાપણું રે... કૃપા ૦૧

નિયમ ધરમને દૃઢ કરીને, થઈએ વર્તનવાળા રે;
મહારાજ બાપા રાજી થાએ(૨), કરે સુખાળા રે... કૃપા ૦૨

અવિચળ કોલ હરિએ દીધા, તું દેહધારી નથી રે;
**જીવ મટાડી મુક્ત કર્યા છે(૨), મૂર્તિરૂપ નક્કી રે... કૃપા ૦૩**

**એવો જ આ કારણ સત્સંગ સમાજ, છે પુરુષોત્તમરૂપ રે;**
**સંતો ભક્તો મોટાપુરુષ(૨), સમજો શ્રીજીસ્વરૂપ રે... કૃપા ૦૪**

**મોટાપુરુષ પરભાવનું સ્વરૂપ, આત્મબુદ્ધિ થાશે રે;**
**સહજમાં બધું પતાવી દેશે(૨), દેહભાવો ટળી જાશે રે... કૃપા ૦૫**

માટે અભાવ અવગુણ છોડી, સદાનંદમાં રહો રે;
જીતેલી બાજી હારી જવાય(૨), એવું કદી ન કરો રે... કૃપા ૦૬

સૌ મોટા હું નાનો બધાથી, સર્વે સમજુ મુજથી રે;
દાસ તણા તો દાસ થવાશે (૨), શ્રીજી રાજી સૌથી રે... કૃપા ૦૭

**કોણ મળ્યા ને કેવા કર્યા છે, કરો જ્ઞાનપ્રલય રે;**
**જ્ઞાનજાગૃતિ નિરંતર રાખો(૨), થશે જ્ઞાનસ્થિતિ રે...કૃપા ૦૮**

**મૂર્તિમાં જ છું, મહારાજ જ છે, અકર્તા બનો રે;**
**મહારાજ બોલે મહારાજ ચાલે(૨), હું પદથી મરો રે...કૃપા ૦૯**

**રાજાની રાણી કરી દીધા છે, રંક થઈ ના ફરો રે;**
**બકરાં નથી સિંહ બાળ છીએ(૨), હવે ગર્જના કરો રે...કૃપા ૧૦**

**દોષ સ્વભાવો દેખો દે કદી, તેનો ખ્યાલ ન કરો રે;**
**એના છે એ મારા નથી(૨), દીધા કોલ ઉર ધરો રે...કૃપા ૧૧**

**પરભાવમાં રહી અવરભાવને, નિત્ય સુધારો રે;**
**પ્રતિલોમ ધ્યાને સ્થિર થાતાં(૨), બાપા લાવી દેશે વારો રે... કૃપા ૧૨**

બાપાશ્રી કહે છે ગાજી ગાજી, જ્ઞાન ધ્યાનમાં રહો રે;
દેહાંત સુધી તત્પર બની(૨), જીવનધ્યેય કરો રે... કૃપા ૧૩

## ૩૪૦ (રાગ : વ્હાલા તારી મૂર્તિનું બંધન)

વ્હાલા તારી મૂર્તિમાં કરું વિરામ; તો જ દેહ અને દોષ સર્વે થઈ જાય હરામ(૨)...ટેક

ભલે સેવા ઉત્સવ કે સમૈયાનાં કામ, નાનીમોટી પ્રવૃત્તિમાં રાખું તારું ધ્યાન;
ખાવું પીવું બેસું કરું ક્રિયા તમામ, કરો આપ તેનું ન ભૂલું કદી ભાન,
વ્હાલા તારી મૂર્તિમાં...૦૧

કથા કે કીર્તનનું કરું સદા ગાન, નિમિત્ત કરી કરાવો કરોડોનાં દાન;
તોપણ રહે તારી મૂર્તિમાં એક જ તાન, ધ્યેય પરત્વે બની રહું સદા સાવધાન,
વ્હાલા તારી મૂર્તિમાં...૦૨

વાહ વાહ કે અવગણના થાયે કદી મારી, તોય કદી મૂર્તિ ન ભૂલું તમારી;
જે કરો કે કરાવો તે હરિ આપ, કર્તાહર્તા છો આપ શાનો સંતાપ,
વ્હાલા તારી મૂર્તિમાં...૦૩

માની લીધું તે નથી મારું નામ કે ગામ, મુક્ત અનાદિ છું મૂર્તિ છે ધામ;
તું જ નિશાન મારું તું જ મુકામ, સદા મૂર્તિમાં રહેવું એક જ કામ,
વ્હાલા તારી મૂર્તિમાં...૦૪

મારું રૂપ છે તું સ્વરૂપ છે તું, માલ-મિલકત સુખ તણી ખાણ છે તું;
દૃષ્ટિ શ્વાસ ને ધડકન બન્યો તું, જીવનપ્રાણ આધાર સર્વસ્વ છે તું,
વ્હાલા તારી મૂર્તિમાં...૦૫

નોખા નથી જુદા નથી રહ્યા હરિ એક, રોમ રોમપણે સુખ લઉં થઈ એકમેક;
સ્વામી-સેવક દાતા-ભોક્તા નાતો હંમેશ, રાજી રહેજો સુખ દેજો અરજી છે એક,
વ્હાલા તારી મૂર્તિમાં...૦૬

આવો રચવો તમારે દિવ્ય સમાજ, નિમિત્ત બનાવી રહ્યા છો અમને આજ;
વાર શાની કરો છો મારા મહારાજ, બારે મેઘ ખાંગા કરો રાજાધિરાજ,
વ્હાલા તારી મૂર્તિમાં...૦૭

**૩૪૧ (પદ : મારા મહારાજ મારા મહારાજ)**

મારા મહારાજ મારા મહારાજ, રાતદિવસ ‘આ રહ્યા’ મારા મહારાજ...ટેક
અતિશે દયાળુ છે મારા મહારાજ, અતિશે કૃપાળુ છે મારા મહારાજ;
અતિ અતિ પ્યારા છે મારા મહારાજ, અતિ અતિ વહાલા છે મારા મહારાજ...૦૧

મનુષ્ય જેવા નથી મારા મહારાજ, પ્રતિમા જેવા નથી મારા મહારાજ;
દિવ્ય અને તેજોમય છે મારા મહારાજ, પ્રગટ અને પ્રત્યક્ષ છે મારા મહારાજ...૦૨

દૂર નથી સામે નથી મારા મહારાજ, જુદા નથી છેટા નથી મારા મહારાજ;
અણુમાત્ર દૂર નથી મારા મહારાજ, એકમેક કરી દીધા મારા મહારાજ...૦૩

મૂર્તિમાં રહીને બોલો મારા મહારાજ, મૂર્તિમાં રહીને ચાલો મારા મહારાજ;
મૂર્તિમાં રહીને સૂવો મારા મહારાજ, મૂર્તિમાં રહીને ઊઠો મારા મહારાજ...૦૪

દોષમાત્ર ટાળી દીધા મારા મહારાજ, દેહભાવ ટાળી દીધા મારા મહારાજ;
દુ:ખમાત્ર કાપી લીધાં મારા મહારાજ, સુખમાત્ર આપી દીધાં મારા મહારાજ...૦૫

**૩૪૨ (પદ : શ્રીજીમહારાજે મૂર્તિમાં રાખ્યા છે)**

શ્રીજીમહારાજે મૂર્તિમાં રાખ્યા છે; કૃપા કરીને,
અનાદિમુક્ત કરી મૂર્તિમાં રાખ્યા છે... ટેક

દેહમાં રહેનારો નથી હું દેહધારી, મૂર્તિમાં રહેનારો છું હું મૂર્તિધારી;
હાથ ઝાલીને શ્રીજીમહારાજે કર્યો... કૃપા કરીને ૦૧

પુરુષોત્તમરૂપ હવે મારું સ્વરૂપ છે, દેહરૂપ મનાતું'તું તેને ખોટું કીધું છે;
દેહ કે દેહના સંબંધો નથી... કૃપા કરીને ૦૨

અનાદિમુક્તો જે મૂર્તિમાં રહ્યા છે, કૃપા કરી મને તે મૂર્તિમાં રાખ્યો છે;
છેટાપણું કે જુદાપણું નથી... કૃપા કરીને ૦૩

મૂર્તિના સંબંધવાળાં સાચાં સગાં છે, દેહના સંબંધો સર્વે ખોટા દગા છે;
અહમ્ ને મમત્વ ટાળી દીધા છે... કૃપા કરીને ૦૪

દેહભાવ હોય ત્યાં દોષોનું ટોળું હોય, ઘડાની અંદર ક્યાંથી આખું કોળું હોય;
મૂર્તિમાં રાખીને દેહભાવ ટાળ્યો છે... કૃપા કરીને ૦૫

દેહ જ નથી તો દેહના દોષ ક્યાંથી, પોતાનું જે નથી માથે લેવું શાથી;
મૂર્તિસુખ વિના બીજું રહ્યું નથી... કૃપા કરીને ૦૬

ખાતાં ને પીતાં બસ 'મહારાજ જ છે', ઊઠતાં ને બેસતાં બસ 'મહારાજ જ છે';
મૂર્તિમાં રાખ્યા હવે 'મહારાજ જ છે'... કૃપા કરીને ૦૭

### ૩૪૩ (રાગ : કહું અલૌકિક વાર્તા)

એક દિન જંગલ માંહી, ટોળું બકરાંનું ચાલ્યું જાય;
અચાનક બન્યું એવું જે, ત્યાં સિંહની ગર્જના થાય...૦૧

આવ્યો આવ્યો કરી ભાગિયા, સૌ બકરાં ચારે પાસ;
એમાંથી એકને પકડ્યું, સિંહે પોતાનું ગણીને ખાસ...૦૨

બેં-બેં બેં-બેં કરતા, કરવા માંડ્યું ભાગમભાગ;
નહિ જાવા દઉં તુજને, બીજા બકરાંનો કર્યો ત્યાગ...૦૩

કારણ પોતાની જાતનો, હતો એ સિંહનો બાળ;
બકરાધ્યાસ તેનો ટાળવા, સિંહ થયો છે તૈયાર...૦૪

સિંહ કહે તું બકરું નથી, હકીકતે મારી જાત;
કુસંગે કરી ભ્રમણા થઈ, નક્કી માન મારી વાત...૦૫

બેં-બેં છોડીને ગર્જના કર, કાઢ તારો મૂળ અવાજ;
એક વાર તો જોઈ લે, કેવા ભાગે છે વન સમાજ...૦૬

ઘાસ તારા માટે નથી, નથી તારો એ ખોરાક;
બકરાં સંગે બદલાયું, નથી એમાં તારો કંઈ વાંક...૦૭

પાણી આગળ લઈ જઈ, બતાવ્યું પોતાનું મુખ;
આવું જ તારું રૂપ છે, માની લે હે વનભૂપ...૦૮

વારંવાર એમ કહેવા માંડ્યું, ત્યારે સમજાઈ કંઈક સાચી વાત;
'હેં... ખરેખર હું બકરું નથી..!', ઓળખાણી છે નિજ જાત...૦૯

પછી તો કરી ગર્જના, ચારે બાજુ થયો ખળભળાટ;
ઊભી પૂંછડીએ જાય નાઠા, સૌ પકડી પોતાની વાટ...૧૦

બસ એવું જ કંઈક બનીયું, બન્યો પ્રસંગ કેવો આ વાર;
સ્વયં હરિએ પોતાના જાણી, શરણે લીધા છે નિરધાર...૧૧

બકરાં યાને જીવ જગતના, તેને છોડી દીધા મહારાજ;
હતાં પાત્ર સંકલ્પનાં, લાવ્યા કારણ સત્સંગે આજ...૧૨

દેહધારી તમે જીવ નથી, તમો મૂર્તિરૂપ સિંહબાળ;
સ્વયં શ્રીહરિ પકડી, આજ સમજાવે વારંવાર...૧૩

વિષય સુખરૂપ ઘાસ છોડી, બેં બેં બંધ કરો સિંહબાળ;
મૂર્તિસુખના ભોગી છો, એ સમજો સારનું સાર...૧૪

હીરે કરીને જ હીરો વેંધાય, એ સિદ્ધાંત પૂરો થાય;
અમ જેવા તેજોમય છો, એમ સમજે લફરાં જાય...૧૫

અનાદિમુક્ત શ્રીજીરૂપ છું, એમ સિંહ બની ગર્જતા રહો;
કામ-ક્રોધાદિ શત્રુ સર્વે, જરૂર ભાગશે હિંમત ધરો...૧૬

આવાં સિંહસમ ટોળાં માટે, અમે સ્થાપન કર્યું છે આ વાર;
અમે જ સ્થાપક અમે જ કર્તા, બની રહ્યા છીએ આધાર...૧૭

સંતો-ભક્તો તમે બધા, ત્રિપ્લાનિંગે આવ્યા છો આજ;
માનો આ **SMVS**, શ્રીજીમહારાજનો વ્હાલો સમાજ...૧૮

## મૂર્તિસુખના પાત્ર થવાના ઉપાય

**૩૪૪ પદ-૧ (રાગ : કહું અલૌકિક વાર્તા)**

**પૂર્વછાયો**

મૂર્તિસુખના પાત્ર થાવા, જાણો આ પૂર્વ શરત;
જરૂર ચોક્કસ પામશો, થઈ જાશે સાવ રમત...૦૧

સુખ સુખ ને સુખ છે, સુખ રહ્યું અપરંપાર;
મૂર્તિસુખને આપવા, આજ માંડ્યો છે મોટો વેપાર...૦૨

એહ અરથે આવિયા, લાવ્યા મોટાપુરુષને સાથ;
તમોને પણ લાવિયા, એહ સંકલ્પે સૌને સંગાથ...૦૩

મહારાજ ને મોટા મળ્યા, નહિ પ્રાપ્તિમાં ફેરફાર;
દાદાખાચરને મળ્યા હતા, એ જ જુદા નહિ લગાર...૦૪

પ્રાપ્તિ સ્થિતિમાં પલટે તો, છતે દેહે સુખ પમાય;
કારણ સત્સંગની રીત કહીએ, એહ માટે ધારજો સદાય...૦૫

**(રાગ : મહાબળવંત માયા તમારી)**

**મુક્ત અનાદિ મૂર્તિમાં રહે છે, રહી રસબસ ભાવે સુખ લે છે;**
**અતિ અગાધ સુખ અમાપ, મુક્ત અનંત પામે નહિ માપ...૦૧**

**આવી રસબસની વાત સરસ, પુસ્તકમાંહી રહેશે શું હંમેશ ?**
**જાણ્યું બધું એ તો થયું જ્ઞાન, માણ્યું એ તો અનુભવજ્ઞાન...૦૨**

એવા કરવા પર્વતભાઈ જેવા, મુક્તો અનાદિ મૂર્તિમાં છે તેવા;
એવો સંકલ્પ આજે પ્રબળ, કહું ઉપાય એના સબળ... ૦૩

કહેશો કરવું છે પણ થતું નથી, એવું બને છે કેમ ને શાથી ?
વાત સાંભળતાં ઇચ્છા તો થાય, અહીંથી ઊઠ્યા પછી વિસરી જાય... ૦૪

જીવ નાદાર ને શૂનકાર થયો, મૂર્તિસુખથી અજાણ રહ્યો;
સ્થિતિ માટે પાત્ર થવું પડે, શું કરીએ તો કશું નવ નડે... ૦૫

માબાપ શિક્ષકે નક્કી કર્યું હોય, નંબર ન પણ આવે જાણો તોય;
ઇચ્છાશક્તિ વિદ્યાર્થીની જાગે, આવે નંબર પહેલો સૌથી આગે... ૦૬

એમ ઇચ્છા અમારી ખરેખરી, સુખભોક્તા કરવા છે આ ફેરી;
**પ્રથમ, ઇચ્છાતુર થશો જ્યારે,** વાત પછીની બનશે ત્યારે... ૦૭

**બીજું, રાખો સદા ઉત્કૃષ્ટ સંગ,** જેના સંગે રહે મૂર્તિ રંગ;
મોટાપુરુષ ને સંતોના સંગે, રહેવું ગમાડો અતિ ઉમંગે... ૦૮

ભક્તો ગુણ થકી હોય મોટા, ભલે ઉંમરમાં હોય તે છોટા;
એવા ચઢિયાતા સંગને ઇચ્છો, માન મોટપ મૂકીને પ્રીછો... ૦૯

વચનામૃત ને બાપાની વાતો, મૂર્તિમાં રમાડનારી છે આ તો;
ભારે ભારે શબ્દો શોધી વાંચો, મારા માટે કહે છે મારો બાપો... ૧૦

કૅસેટ શ્રવણનો અભ્યાસ કરો, મનન-ચિંતને જીવનમાં ધરો;
મૂર્તિસુખનાં કીર્તન ગાવ, નિત નવા નવા સુખમાં ના'વ... ૧૧

**ત્રીજું, બહારવૃત્તિને કરો દૂર,** ભક્ત ખરો તે ટાળે જરૂર;
બહારવૃત્તિવાળો છે અભક્ત, આંતરમુખી જ હોય ખરો ભક્ત... ૧૨

જોવા જાણવાની જિજ્ઞાસા મૂકી, એક સાધવી મૂર્તિમાં વૃત્તિ;
જાણવા જોવાના હોય અભરખા, મળી જાય પછી સરખે સરખા... ૧૩

ડોબાં પાણી નાખે જેમ ડો'ળી, જોવા જાણવામાં થાય હોળી;
નછૂટકે જુઓ એવું જ જાણો, જેની જરૂર જ હોય પ્રમાણો... ૧૪

ખટપટિયા સ્વભાવ દેવા મૂકી, પટલાઈ મેલવી જોઈશે નક્કી;
એકબીજાની વાતોને કહેવી, ચાડી ચૂગલી તો મૂકી દેવી... ૧૫

બોલવું સાંભળવું ને જાણો જમવું, નછૂટકે જવું પડે ત્યાં જ જવું;
સંયમ ભક્ત તણો શણગાર, આંતરમુખીને રહે વિચાર... ૧૬

**પુત્રૈષણા[1] વિત્તૈષણા[2] ને લોકૈષણા[3], ચોથું ઓછી કરો આશાતૃષ્ણા;**
અનંત જન્મમાં બધું મળ્યું છે, ન કરવાનું બધું તો કર્યું છે... ૧૭

મોટા માણસ સાથે બનતું નથી, મોટા થવા મરો છો શું મથી ?
રુચિ અમારી હૈયામાં ધારો, રાત દા'ડો આ શબ્દ વિચારો... ૧૮

વડતાલ સોળમાં ચોખ્ખો અભિપ્રાય, મૂર્તિસુખનો કહ્યો ઉપાય;
જ્યારે વધે જગત મોટાઈ, વધે મદ મત્સર ઈર્ષ્યા ત્યાંઈ... ૧૯

મૂર્તિસુખથી છેટે તો રહે, અતિ દુઃખમાં દોટ્યો તે દીએ;
એનો અમારો મારગ નોખો, એને માથે જરૂર છે જોખો... ૨૦

બહાર વધવાના અભરખા છોડો, માંહી વધવા માટે હવે દોડો;
માંહી મૂળ ઊંડાં અતિ જાય, વિના પાણીએ વિકાસ થાય... ૨૧

નવ હલાવી શકે કોઈ જન, કરવું ન પડે એનું જતન;
મીઠી છાયા અનંતને આપે, એવા મુક્ત સૌનાં દુઃખ કાપે... ૨૨

**પંચવર્તમાને યુક્ત જીવન, હોવું જોઈએ એ પાંચમું કવન;**
ચાલોચાલ માટે ફરજિયાત, થાય વ્યતિરેક સંબંધ શરૂઆત... ૨૩

સુધા વર્તનવાળા સદા રહો, ત્યાગી ગૃહી રાજીપો જો ચહો;
સ્થૂળ દેહના છે આ તો નિયમ, નહિ વર્તો તો ચાલશે કેમ... ૨૪

ભ્રષ્ટ અંતઃકરણ નહિ તો થાશે, મૂર્તિ વાત જ નહિ વિકાસે;
ખબડદાર થઈ રહો શૂરા, નિયમ ધરમમાં અતિશે પૂરા... ૨૫

દેશકાળ છે બહુ આજે ભૂંડા, તેને કરવા જોશે અતિ રૂડા;
પાલક રહે છે પશુની જ સાથે, ઘાસ નથી સ્પર્શતો કદી હાથે... ૨૬

પ્રગટપણું હરિનું જો હશે, તો જ વર્તમાન પાંચ આ પળશે;
જુવે જાણે છે બધું મારો નાથ, સદા રહીને હરિ મારી સાથ... ૨૭

પંચવિષયમાં કરી છે પ્રીતિ, દેહધારી જીવની એ રીતિ;
જન્મ મરણનું એ છે કારણ, અભાવ વિષયનો એ છે મારણ... ૨૮

અભાવ કર્યા વિના નથી સુખ, **વલખાં**[૪] મારે ન ટળે કદી દુઃખ;
મૂર્તિસુખની લાલચ જાગે, વિષયસુખનો મારગ ત્યાગે... ૨૯

વિષય વિષ સમ છે સદાય, વિષ પીવા થકી પ્રાણ જાય;
વિષય જોવે સાંભળે કે સ્પર્શે, થાય ભ્રષ્ટ તો મન અતિશે... ૩૦

વિષ એક જ વખત મારે, વિષય અનેક જન્મ ધરાવે;
એક જ વિષયમાં કરી જો પ્રીતિ, થઈ એક એકની ફજેતી... ૩૧

મુખ્ય વિષય તો હોય કામેચ્છા, સ્ત્રીને પુરુષ પુરુષ સ્ત્રીની ઈચ્છા;
અનાદિકાળની છે એ જ રીતિ, પાપ નથી થવા દેતી પ્રીતિ... ૩૨

નિષ્કામી જન અમને બહુ વ્હાલા, કામી છે સદા **નરસા**[૫] **નમાલા**[૬];
હેત કદી થતું નથી અમને, કેમ કામ ટળશે પછી તમને... ૩૩

**શૂનકાર થયાનું છઠ્ઠું કારણ,** પાત્ર થાવા કરોને મારણ;
અભાવ અવગુણના લાગ્યા છે પાસ, મોટા ધાબા પડી ગયા ખાસ... ૩૪

મુક્તો અનાદિ કેરો સમાજ, કારણ સત્સંગનો ગણાય આજ;
મુક્ત કરીને મૂર્તિમાં રાખ્યા, દેખાય તેવા દોષ સૌમાં ભાખ્યા... ૩૫

પાસ લાગતા બહુ એના ગયા, જીવ શુષ્ક બહુ થતા રહ્યા;
પાપરૂપ વાસના તો ચોંટી, શિક્ષા સમજજો અમારી મોટી... ૩૬

થાય સહેલું ને પાત્ર થવાય, **કહું શ્રેષ્ઠ સાતમો ઉપાય;**
મળ્યા સત્પુરુષમાં પ્રીતિ કરો, દિવ્યભાવે મનુષ્યભાવ હરો... ૩૭

રાખો વચનમાં નિઃસંશયપણું, કરાવો સદા નિધડકપણું;
ધાર્યું કરીએ છીએ મનમુખી, ગમતું કરો થઈ ગુરુમુખી... ૩૮

નિર્દોષ સ્વરૂપ છે કરો નિર્દોષબુદ્ધિ, થાય ખરેખરી આત્મબુદ્ધિ;
સ્થિતિ થાવાનો ઉપાય બતાવ્યો, પ્રથમ ચુંમાલીસે તો જણાવ્યો... ૩૯

મહારાજ કૃપા કરે મોટા થકી, પૂર્ણ પાત્ર કરે જાણો નક્કી;
મુમુક્ષુને કરે હરિ મુક્ત, મુમુક્ષુ હોય આવા ગુણેયુક્ત... ૪૦

● ૧. પુત્રની ઈચ્છા ● ૨. પૈસાની ઈચ્છા ● ૩. માનની ઈચ્છા ● ૪. ફાંફાં ● ૫. ખરાબ
● ૬. માલ વગરના

### ૩૪૫ પદ-૨ (રાગ : કહું અલૌકિક વાર્તા પ્રભુ)

#### પૂર્વછાયો

સુખ અનુપ અપાર છે, નથી પામતા અનાદિ બસ;
રોમેરોમ સુખ ભોગવે, થઈ મૂર્તિ સંગે રસબસ...૦૧

એવા અનંતને કરવા, અમે સંકલ્પ કર્યો છે આજ;
અનાદિ મુક્તો એ ખરા, શ્રીજીમહારાજનો વ્હાલો સમાજ...૦૨

પણ દેહાભિમાન છે પાપ મોટું, નથી થાતી હરિમાં પ્રીત;
કયા ઉપાયે તેને ટાળવું, તેની સુણો કહું ચોખ્ખી રીત....૦૩

કૃપાથી મૂર્તિ મહેલ મળ્યો, સાવ મફતમાં આ વાર;
દેહરૂપી આ છાપરું, કેવી રીતે છૂટે તત્કાળ...૦૪

#### (રાગ : ચોપાઈ)

દેહાધ્યાસ કે દેહાભિમાન, દેહભાવ કે મૂળ અજ્ઞાન;
દેહબુદ્ધિ કે અહમ્ મમત્વ, શબ્દ જુદા છે અર્થ સમત્વ...૦૧

**દેહ હું છું એમ જે સમજવું, તેને જ દેહાભિમાન તો કહેવું;**
**દેહ અને આત્મા નથી એક, સાવ જુદા છે લાગે એકમેક...૦૨**

**નાત જાત નામ ઠામ બધું, માત્ર દેહનું તમારાથી જુદું;**
**તમે આત્મા છો કર્યા અનાદિ, દેહના ભાવ ભૂલો જે છે આદિ...૦૩**

ચોકલેટ ઉપર હોય રેપર, જરૂર દેખાય ભલે સુંદર;
રંગબેરંગી હોય સુંવાળું, લાગે નજરે બહુ રૂપાળું...૦૪

પણ જાણો છો તમે એ નક્કી, રેપર જુદું છે ચૉકલેટ થકી;
ચોકલેટ ખાવી જ્યારે જેને હશે, રેપર નોખું જરૂર કરવું પડશે...૦૫

રેપર સોતું ખાવાથી તો કદી, ગળી ન લાગે મોંઘી હોય તદી;
દેહ રેપર છે આત્માનું જાણો, દેહભાવ સોતાં સુખ નવ માણો...૦૬

**હું પટેલ છું બ્રાહ્મણ લુવાણો, નામ શાંતિલાલ છે પ્રમાણો;**
**નરસિંહપુરા ગામનો વાસી છું, જાત પુરુષ ધમાનો બાપ છું...૦૭**

**ચતુર પટેલ બાપ છે મારા, ત્રણ ભાઈ છે મારે બહુ સારા;**
**નાત જાત ને નામ ગામ કહો છો, બાપ દીકરો ને ભાઈ માનો છો...૦૮**

**બધું દેહ તણું છે તું જાણ, દેહ થકી આત્મા છે વિલક્ષણ;**
**ચોકલેટ રેપર ચશ્માં ને બૉક્સ, સીંગ ફોતરાંથી અલગ હંમેશ...૦૯**

**આત્મા અને દેહ જુદા છેક, સંગે કરી મનાયા છે એક;**
**દેહ એ જ હું છું મનાયું, અજ્ઞાને કરી કાચું કપાયું...૧૦**

**દેહ કાળો જોઈ હું છું કાળો, દેહ પાતળો માન્યું હું પાતળો;**
**દેહને જ પોતે માની લીધું, દેહનું બધું પોતાનું કીધું...૧૧**

**આને કહેવાય દેહાત્મબુદ્ધિ, આ જ કહેવાય વિપરીત મતિ;**
**પહેલું બટન ખોટું તો ભિડાયું, આગળ બધું ખોટું ખોટું હાલ્યું...૧૨**

**આત્મા પોતે પોતાને ન જાણે, દેહ એ જ હું છું એ પ્રમાણે;**
**અજ્ઞાની અતિશે મૂરખ કહ્યો, બીજાનું એ મારું કરતો રહ્યો...૧૩**

**નથી પુરુષ પટેલ પંચાલ, નથી તારું નામ શાંતિલાલ;**
**આત્મા નથી તું કોઈનો પતિ, આત્માને આવી સગાઈ નથી...૧૪**

**આત્મા તણાં મહારાજ માતાપિતા, સગાં સંબંધી એ જ પુનિતા;**
**આમ જ્ઞાને કરી જુદા પડવું, આ છે પ્રાથમિક પહેલું પગથિયું...૧૫**

જેમ ચશ્માં અને બૉક્સ નોખાં, પહેરવાં હશે તો કરવાં પડશે જુદાં;
સીંગ સુખડી કરવી હોય જ્યારે, સીંગ જુદી પડે નક્કી ત્યારે...૧૬

એમ જ્ઞાને કરી દેહ નોખો, કરવો પડે આત્મભાવ ચોખ્ખો;
ત્યારે છાપરું છોડ્યું ગણાય, મહેલમાં જવાનો પ્રારંભ થાય...૧૭

પારસ પામ્યે થાય લખેશ્વરી, કાગળ પડદે રાખ્યા છે ભિખારી;
કાગળ પડદો જો વચ્ચેથી જાય, પારસ સ્પર્શે લોઢું સોનું થાય...૧૮

સ્લીપર કરંટ લાગવા નવ દીએ, વાયરમાં પાવર ભલે ઘણો હોએ;
સંગ નથી થતો મૂર્તિ તણો, દેહભાવનો પડદો જાડો ઘણો...૧૯

દેહભાવ છે મોટું અજ્ઞાન, ભ્રાંતિ ભ્રમણા સ્વપ્ન સમાન;
ઘોડાનો સ્વપ્નમાં પગ ભાંગ્યો, ભ્રમણા રહી ગઈ ભલે જાગ્યો...૨૦

થોડા જાગેલા બીજા બોલાવ્યા, તેના દેખતા બહુ દોડાવ્યા;
પગ મૂકી દોડવા લાગ્યો જ્યારે, જાગ્યો કહેવાય ખરેખર ત્યારે...૨૧

નામ ઠામ ગામ દેહ ગેહ, સ્વપ્ન આવ્યું છે જાણોને તેહ;
જ્ઞાને કરી વિરક્ત રહેવાય, સ્વપ્ન તૂટ્યું ને જાગ્યા કહેવાય...૨૨

ખોટાને પહેલાં ખોટું તો કરો, મહારાજ કહે જ્ઞાને કરી મરો;
દેહ આત્માની વિક્તિ છે નોખી, હજુ વાત કહેવી ચોખ્ખે ચોખ્ખી...૨૩

મૂર્તિસુખના અનુભવ કરવા હશે, પ્રથમ દેહભાવ છોડવો પડશે;
જેને જ્યારે કેળું જમવું હશે, તેને છાલ જુદી કરવી પડશે...૨૪

## ૩૪૬ પદ-૩ (મૂર્તિસુખ માટે જુઓ, હવે શું કરવાનું ?)

**(રાગ : ચોપાઈ)**

કારણ સત્સંગ કેવળ કૃપા તણો, લાવ્યા સૌને એ જ કૃપા ગણો;
કાળ કર્મ ને માયાથી મુકાવી, પ્રથમ પ્રાથમિક વર્તમાન ધરાવી...૦૧

અનંત જન્મના ગુના માફ કરે, ખાતાં ખોટ તણાં સર્વે બળે;
નિષ્ઠા સર્વોપરી તો કરાવી, પંચવર્તમાન દઢ પળાવી...૦૨

વ્યતિરેક સંબંધ કરાવ્યો, મોક્ષ મારગ ત્યાંથી ચાલુ થયો;
તન મન ધન વળી જેહ, સ્થૂળ સૂક્ષ્મ ને કારણ દેહ...૦૩

સત્તાવનનું ટોળું આ દેહ, તેમાં જીવે બાંધ્યો અતિ સ્નેહ;
છેલ્લાં વર્તમાન મહારાજ થકી, મોટાપુરુષ કરાવે છે નક્કી...૦૪

**દેહમાં રહેનારો નથી જીવ જક્ત, દેહ પડાવી તને કર્યો મુક્ત;**
**દેહ દેહના ભાવો હવે નથી, ઈન્દ્રિય અંતઃકરણ હોય ક્યાંથી...૦૫**

**દેહરૂપી ઘર ખાલી કરાવ્યું, મૂર્તિ ઘર મોટું તને આપ્યું;**
**ઘર વગર રહેવું ક્યાં મારે, એહ ચિંતા નથી હવે તારે...૦૬**

**જે સુખ સ્થાન ને સ્થિતિમાં રહ્યા, મોટા મોટા મુક્તો જે જે કહ્યા;**
**અનહદ કૃપાએ રાખ્યો મૂર્તિમાંય, થઈ જા નિશ્ચિંત તું આ સ્થાનમાંય...૦૭**

**મહાસુખમય અમારી મૂરતિ, જેને મુક્તો કહે નેતિ નેતિ;**
**હવે છાપરું છોડી તું અહીં રહે, મહામૂર્તિ મહેલે એમ કહે...૦૮**

**દેખાય દેહ ને દેહસંબંધો, અવરભાવ સમજવો બધો;**
**અવરભાવ એ પૂર્વ જનમ, નથી તારે વિષે બુદ્ધિ મન...૦૯**

**ઘાટ સંકલ્પ થાય તે નથી તારા, નવ માનીશ કદી એને મારા;**
**અખંડ મૂર્તિમાં તું રહેનારો, મુક્ત અનાદિ સૌથી તું ન્યારો...૧૦**

પરભાવમાં મૂર્તિ ને મુક્ત, બે જ રહે તે અનાદિમુક્ત;
એવી જ્ઞાનજાગૃતિમાં તું રહે, દેહભાવ તો ભડભડ દહે...૧૧

દેહદૃષ્ટિને દે તું વિસારી, આપ્યા કોલ સાચા તેને ધારી;
જેના તેના નથી આ વચન, સ્વયં અમે કહ્યું કર મનન...૧૨

કોળું ઘડામાં નાખવા ધાર્યું, સંશય થયો ન કશું વિચાર્યું;
એવો વિશ્વાસ દાદાખાચર જેવો, રાખો સદાય તમે સૌ તેવો...૧૩

સાધન બુદ્ધિનું નથી આ કામ, કેવળ કૃપાથી પ્રાપ્તિ તમામ;
રાખી વિશ્વાસ આગળ વધો, મુક્ત અનાદિ સમાજ છે બધો...૧૪

માન અપમાન થાય તે દેહને, હું તો મૂર્તિમાં છું ક્યાંથી મને;
સુખદુઃખ ભાવ છે દેહના, મારે આનંદ નિત્ય પ્રભુના...૧૫

અવરભાવ જેમ ટળતો જાય, દેહના ભાવોથી મુક્ત થવાય;
કામ ક્રોધ લોભ મોહ માન, ખરતા જાય તે બધા તમામ...૧૬

આવા પરભાવના મનને કરી, લોઢું ગરમ થાય બહુ વળી;
બંને લોઢાં ગરમ સરખાં થાય, ત્યારે પૂર્ણપાત્ર તો થવાય...૧૭

એકમેક ઓતપ્રોત રહેવું, પ્રતિલોમપણે હરવું ફરવું;
પ્રેક્ટિસે કરી સહજ એ થાય, દેહ સ્વભાવ જરૂર જાય...૧૮

સિંહના બચ્ચાને પકડ્યું છે સિંહે, મારી નાતનું એમ કહીને;
બકરાધ્યાસ ટળાવે છે યત્ને, ભ્રાંતિ તોડાવે ઘણા પ્રયત્ને...૧૯
મહારાજે પકડ્યા એ જ માનો એના, જીવ હોત તો પકડ્યા હોય ના;
માટે વિશ્વાસે અભ્યાસ જે કરે, દેહાધ્યાસ જરૂર તો ટળે...૨૦

આજે કરવું છે અમારે સુગમ, નથી આ ફેરે કાંઈ અગમ;
સંકલ્પ કીધા છે અમે બહુ ભારી, પૂર્ણ ઈચ્છાએ કરો તૈયારી...૨૧

યુ.એસ. ફોન કરવો હોય જ્યારે, ઝીરો ઝીરો એક જોઈએ ત્યારે;
લંડન લાઈન લગાવવી હોઈએ, ઝીરો ઝીરો ચુંમાલીસ જોઈએ...૨૨

સ્વરૂપનિષ્ઠા છે ટેલિફોન નંબર, આવી આત્મનિષ્ઠા કોડ નંબર;
મૂર્તિસુખની જેને હોય આશ, રસબસભાવે કરવો હોય વાસ...૨૩

નહિ દેહ આત્મા કે બ્રહ્મરૂપ, થવું નક્કી પુરુષોત્તમરૂપ;
પાત્ર થવાય એનાથી ભારે, ધ્યાન કરવું પ્રતિલોમ હારે...૨૪

જયારે ભૂખ ગરજ ખરી જાગે, ત્યારે ધ્યાનમાં લગની લાગે;
સુખ અપાર શ્રીજી તો દે છે, મુક્ત અનાદિ રસબસ લે છે...૨૫

કૃપા કૃપા કૃપા કૃપા કૃપા, કૃપા અઢળક કરી સૂતાં સૂતાં;
માગવા જેવું કાંઈ રાખ્યું નથી, એમ શ્રીજી કહે હવે કથી...૨૬

હવે પોપટિયું જ્ઞાન ન ચાલે, કારણ સત્સંગે એ નવ હાલે;
બોલવું જાણવું એ છે વાચ્યાર્થ, કરવું જોઈએ હવે તો લક્ષ્યાર્થ...૨૭

જુઓ મહારાજ કેવા ભળે છે, નિત્ય નવાં નવાં સુખ મળે છે;
રાખી નિરંતર ખટકો ભારી, પરભાવે રહોને વિચારી...૨૮

એહ અર્થે મહારાજ બાપા આવ્યા, આપણ સૌને તેહ અર્થે લાવ્યા;
મોટાપુરુષ ને સંતો આ ભક્તો, નથી માણસ છે અનાદિમુક્તો...૨૯

એવી પરભાવની દિવ્યદૃષ્ટિ, થાય જ્ઞાને પુરુષોત્તમની દૃષ્ટિ;
એહ રીતે પુરુષોત્તમ પમાય, પ્રથમ એકાવન સિદ્ધ થાય...૩૦

**જ્ઞાન પછીનું સ્ટેપ છે ધ્યાન, જેણે થાય અનુભવજ્ઞાન;**
**રસબસભાવે થઈ એકમેક, પ્રતિલોમભાવે રહે હરિ એક...૩૧**

**મસ્તકે મસ્તક ભાલે ભાલ, નેત્રે નેત્ર વળી ગાલે ગાલ;**
**કંઠે કંઠ વળી હસ્તે હસ્ત, છાતીએ છાતી થઈ અલમસ્ત...૩૨**

**ઉદરે ઉદર સાથળે સાથળ, ઘૂંટીએ ઘૂંટી શોભે છે રસાળ;**
**ચરણે ચરણ સળંગ મૂરતિ, કરો ધ્યાન ને રાખો સૂરતી...૩૩**

નિત્ય નિયમપૂર્વક કરો અતિ, થશે મહારાજ રાજી અતિ અતિ;
રાજીપાએ દેહાધ્યાસ ટળે, મૂર્તિસુખના મેવા ખૂબ મળે...૩૪

અતિ ઉત્તમ અગાધ સુખ, અપાર સુખ સુખ સુખ સુખ;
થાય અનુભવ નવા નવા, મહારાજ બાપા રાજી થાય કેવા...૩૫

એહ અર્થે લાવ્યા છે મહારાજ, મળ્યા આ માટે રાજાધિરાજ;
સંકલ્પ સ્થિતિનો અતિ પ્રબળ, જ્ઞાન ધ્યાને થાઓને સબળ...૩૬

કારણ સત્સંગનો દિવ્ય સમાજ, ખૂબ ખૂબ ફાવી ગયો આજ;
થઈ રહી છે કૃપાદૃષ્ટિ, બાપો જરૂર કરશે સુખ વૃષ્ટિ...૩૭

**૩૪૭** **(રાગ : પૂર્વછાયો)**

સર્વોપરી હરિ સ્વામિનારાયણ, મળ્યા સનાતન મહારાજ;
અનાદિમુક્તનો જે નંબર બીજો, એમાં રાખ્યા રાજાધિરાજ...૦૧

ઈશ્વર બ્રહ્મ અક્ષરકોટિને, મળ્યાં સુખ તે ભેળાં થાય;
કોટિમા ભાગની પાસંગમાં, ના’વે એક કિરણ વારી જાય...૦૨

સારંગપુરના પ્રથમે પ્રભુજી, વદે આવા ઉચ્ચાર;
એવા મળ્યા ઘનશ્યામજી, જાણ્યો મહિમા અપરંપાર...૦૩

**જીવ નથી હવે મુક્ત છીએ, અનાદિ નક્કી નિરધાર;**
**મૂર્તિસુખને પામવા, કરવો જોઈએ તીવ્ર વિચાર...૦૪**

**(રાગ : ચોપાઈ)**

વચનામૃત પંચાળાનું પહેલું, જેમાં શ્રીહરિ કહે કેવું સહેલું;
સારાથી પણ સારા જે વિષય, લાગે ભૂંડાથી ભૂંડા દુઃખમય... ૦૧

એવો કયો વિચાર છે કહીએ, જેનાથી સદા સુખિયા રહીએ;
મોટા અવતારો પાસે સુખ નથી, પંચવિષયમાં માલ હોય ક્યાંથી... ૦૨

પ્રકૃતિ કહેતાં સુખ માયા તણું, કોડી તુલ્ય છે એમ હું ગણું;
જેમાં રમે છે જીવ અપાર, જીવ નથી તમે નિરધાર... ૦૩

વિષયસુખમાં રચ્યાપચ્યા રહે છે, સ્ત્રી-ધન પાછળ દોટ્યું એ દે છે;
ગરીબ ભિખારી ભીખ તો માગે, રાજરાણી માગે તો કેવું લાગે... ૦૪

અંતરવૃત્તિએ જરા વિચારો, કોણ છો ને શું કરો છે એ ધારો;
મૂળપુરુષોનાં સુખ પૈસા જેવાં, આપણે નથી કંઈ લેવા દેવા... ૦૫

વાસુદેવોનાં સુખ રૂપિયા તુલ્ય, નથી અક્ષરો આગળ કાંઈ મૂલ્ય;
અક્ષરોનું સોનામહોર જેવું, જાણો ચિંતામણિ આગળ એ કેવું... ૦૬

ચિંતામણિ તુલ્ય છે મહારાજ, શું ઉપમા દેવી રાજાધિરાજ;
મળ્યા સ્વયં હરિ સુખકારી, સર્વે અવતાર તણા અવતારી... ૦૭

**પારસમણિ**[1] રૂપિયા તુચ્છ લાગે, કોડીના સુખને કાં નવ ત્યાગે;
આવા મહિમાના વિચારે કરી, સદા રહેવાય આનંદે ભરી... ૦૮

હવે શું નથી આપણી પાસ, શાને રહેવાય કદી ઉદાસ;
સર્વે સુખનું મૂળ શ્રીહરિ, આજે સર્વે પ્રાપ્તિ પૂરી મળી... ૦૯

રે શ્યામ તમે મળ્યા સાચું નાણું, બીજું સર્વે દુઃખદાયક જાણું;
સ્વામી મુક્તાનંદનાં જે વચન, ઉર ધારીને કરો ભજન... ૧૦

પ્રથમ ચોવીસે શું હરિ કહે છે, કેવો ઉપદેશ મારો વ્હાલો દે છે;
યથાર્થ નિશ્ચય થાય જો અમારો, ભૂંડા ઘાટ ટળી જાય વિચારો... ૧૧

યથાર્થ નિશ્ચયનું રૂપ છે કેવું, અતિ ઉત્તમ નિર્વિકલ્પ જેવું;
શ્રીજીમહારાજ મળ્યા સર્વોપરી, સર્વ અવતારના અવતારી... ૧૨

**નહિ બ્રહ્મરૂપ કે આત્મારૂપ, તો મનાય ક્યાંથી દેહરૂપ;**
**માનો ચૈતન્યને પુરુષોત્તમરૂપ, થશો તેજોમય તદ્રૂપ... ૧૩**

આવા નિશ્ચય ને મહાત્મ્યે કરી, દોષ દુઃખ જાય બધાં ટળી;
લીંબુ તણી ચીર્ય ચૂસી હોય, હળવા ચણા ચવાય છે તોય... ૧૪

આખું લીંબુ કદી જો ચુસાય, મગનો દાણો પરાણે ખવાય;
ઘણા લીંબુનો ઉપયોગ થાય, ભાત રાંધેલો પણ ન ચવાય... ૧૫

ચડી જાય એ રીતે ખટાઈ, દાઢ્યો જાય બધી તો અંબાઈ;
એમ નિશ્ચય ને મહાત્મ્ય થકી, વિષય માટે સમર્થ રહેતો નથી... ૧૬

કેવા દિવ્યાતિદિવ્ય મહારાજ, કારણ સત્સંગનો દિવ્ય સમાજ;
મળ્યા સત્પુરુષ જાણો કેવા, છે એ દિવ્ય નથી મનુષ્ય જેવા... ૧૭

જેવા જાણશો એવા જ થાશો, સદાય સુખિયા અતિ બની જાશો;
કામી સમજવે થવાય કામી, માની સમજવે થવાય માની... ૧૮

**નિર્દોષ સમજવે થવાય નિર્દોષ, જુઓ રહેશે નહિ એકે દોષ;**
**વળી સંતો-ભક્તો જાણો કેવા, તેજોમય છે અમારા જેવા... ૧૯**

**જેતલપુરની સભામાં વાત કરી, છેલ્લા બીજામાં પણ છે આ નરી;**
**તેજોમય દિવ્ય છે સાકાર, સંતો-ભક્તો નથી માયાકાર... ૨૦**

**આ છે સર્વે બ્રહ્મની મૂર્તિ, રાખો એ વાતની સદા સૂરતી;**
**દેહદષ્ટિ દિયો સદા ટાળી, દિવ્યદષ્ટિએ થશો નિર્વિકારી... ૨૧**

**અવરભાવ છે અતિશે ખોટો, પળે પળે જોખો છે એમાં મોટો;**
**પરભાવની સમજણ કરો, પળે પળે જાણપણું ધરો... ૨૨**

**મુંબઈ રસ્તે મુંબઈ જવાય, પરભાવે જ પરભાવ પમાય;**
**તમે પણ દેહધારી નથી, મુક્ત અનાદિ કર્યા છે નક્કી... ૨૩**

**દેહ નથી તમારું સ્વરૂપ, દેખાય અરીસે નથી તે રૂપ;**
**નથી સ્ત્રી કે પુરુષની જાત, પટેલ બ્રાહ્મણ નથી તવ નાત... ૨૪**

**જાડા-પાતળા કાળા ધોળા નથી, શાને રહ્યા છો અમથા મથી;**
**દેહરૂપ સંકલ્પ તજોને, મૂર્તિરૂપ માનીને ભજોને... ૨૫**

ગીંગા કેરું દૃષ્ટાંત તમે જુઓ, જ્ઞાને કરીને અજ્ઞાન ધુઓ;
સુખ આવશે મૂર્તિનું ભારી, ખૂબ રાજી થાશે મારો હરિ... ૨૬

કાંટે કરીને કાંટો કાઢો, બેય કાંટા પછી દૂર નાખો;
હીરે કરીને હીરો વીંધાશે, સંકલ્પ અમારો પૂરો તો થાશે... ૨૭

બંને લોઢાને ભેગાં કરવાં હોય, બંને ઊનાં કરવાં પડે તોય;
એક ઊનું ને બીજું હોય ટાઢું, ન થાય ભેળા ભલે હોય સાધુ... ૨૮

એકસરખાં ગરમ કરવાં પડે, ત્યારે દુઃખ દોષ નવ નડે;
જ્ઞાન જાગૃતિએ ઊનું થતું જાય, દોષ રહિત થતા તો જવાય... ૨૯

**નક્કી નક્કોર નિશ્ચય કરો, પૂરા વિશ્વાસે ઉરમાં ધરો;**
**અહમ્ પુરુષોત્તમ રૂપોસ્મિ, વાત ન બન્યાની તો છે બની... ૩૦**

**ભલે દેખાય કે ન દેખાય, જીવમાંથી જો વાત સમજાય;**
**વિના પ્રયાસે જિતાઈ જાય, કામ-ક્રોધાદિ દોષો બધાય... ૩૧**

**મધ્ય તેરમાં હરિ પોતે કહે છે, રૂડા આશીર્વાદો કેવા દે છે;**
**જિયાં અમે તિયાં તમે છો જ, ટાળી સંશય હા પાડી દો જ... ૩૨**

**સારનું સાર છે જાણો આજ, અનાદિમુક્તો કેરો છે સમાજ;**
**સુખ સુખ ને સુખ અપાર, છતે દેહે પામવા અપરંપાર... ૩૩**

**મૂર્તિરૂપ થઈ હરો ફરો, એકમેક રહી ક્રિયા કરો;**
**પૂર્ણ પાત્ર તો થતાં જવાશે, પુરુષોત્તમરૂપ જરૂર થવાશે... ૩૪**

**દોષ સ્વભાવો સૌ ખરતા જશે, કરો અનુભવ જરૂર થશે;**
**નિત્ય નવાં નવાં સુખ દેશે, વ્હાલો અનહદ કૃપા કરશે... ૩૫**

● ૧. સ્પર્શથી લોઢાને સોનું બનાવનાર મણિ

**૩૪૮ (રાગ : કીસે કરું પ્યાર)**

તૂસે કરું પ્યાર સુખ કી લેર્યું, મૂર્તિ તેરી કામણગારી... ટેક

પ્રીતિ હૈ શ્યામ મોરી તોરી, સૂધ હર લિયે નેણે કોરી;
મૂર્તિ તેરી કામણગારી... તૂસે ૦૧

રસબસ હોકે સુખ મેં ઠરના, અખિયાં તેરી કામણગારી;
મૂર્તિ તેરી કામણગારી... તૂસે ૦૨

મૂર્તિ દેત હૈ જોરી જોરી, બિરદ તેરા **આરત**[1] **મોરી**[2];
મૂર્તિ તેરી કામણગારી... તૂસે ૦૩

દાસન કે દાસકા મજરા રખના, બતિયાં તેરી કામણગારી;
મૂર્તિ તેરી કામણગારી... તૂસે ૦૪

● ૧. આર્ત, પીડા ● ૨. મારી

**૩૪૯ (રાગ : સાચું તો મળ્યું રે દેવળ)**

નક્કી તો કરો રે સ્વરૂપ, નક્કી તો કરો;
**નિરુત્થાનપણે**[1] સ્વરૂપ, નક્કી તો કરો... ટેક

**તદાત્મકપણું**[2] એટલે જ, અનાદિની સ્થિતિ;
આ નિશાન સાધવા માટે નક્કી તો કરો,
નિરુત્થાનપણે સ્વરૂપ, નક્કી તો કરો... ૦૧

લીમડો એટલે લીમડો, આંબો ન હોયે;
આંબો કદી લીમડો નહિ, નક્કી તો કરો,
નિરુત્થાનપણે સ્વરૂપ, નક્કી તો કરો... ૦૨

સનાતન જે એક જ, આધુનિક ન હોયે;
આધુનિક સનાતન ન હોયે, નક્કી તો કરો,
નિરુત્થાનપણે સ્વરૂપ, નક્કી તો કરો... ૦૩

**પરભાવમાં સદા છીએ, તમે પણ ત્યાં જ છો;**
**દેખીને કહે છે વ્હાલો, નક્કી તો કરો,**
**નિરુત્થાનપણે સ્વરૂપ, નક્કી તો કરો... ૦૪**

ગઢડું શહેર કે ઓસરી, વાસણા સુરત કાંઈ નથી;
અવરભાવ લેશ નથી, નક્કી તો કરો,
નિરુત્થાનપણે સ્વરૂપ, નક્કી તો કરો... ૦૫

**તેજ મધ્યે મૂર્તિ છે, એ જ આ પ્રત્યક્ષ મહારાજ;**
**સહેજે દોષ જિતાઈ જશે, નક્કી તો કરો,**
**નિરુત્થાનપણે સ્વરૂપ, નક્કી તો કરો... ૦૬**

**નામ ઠામ ગામ વળી, દેહ જ નથી;**
**મૂર્તિમાં જ છું, એવું નક્કી તો કરો,**
**નિરુત્થાનપણે સ્વરૂપ, નક્કી તો કરો... ૦૭**

**તેજોમય ને દિવ્ય, સદા સાકાર કર્યો છે;**
**મહારાજ જ છે, એવું નક્કી તો કરો,**
**નિરુત્થાનપણે સ્વરૂપ, નક્કી તો કરો... ૦૮**

ખાતાં પીતાં હરતાં ફરતાં, મહારાજ જ છે;
ઘૂંટી ઘૂંટીને નિશ્ચય નક્કી તો કરો,
નિરુત્થાનપણે સ્વરૂપ, નક્કી તો કરો... ૦૯

સ્વયં શ્રીજીએ કહ્યું, મધ્ય તેર ચૌદમાંહી;
**આપોપું**[૩] કરીને હવે, સ્થિતિ તો કરો,
નિરુત્થાનપણે સ્વરૂપ, નક્કી તો કરો... ૧૦

● **૧.** જીવસત્તાએ નક્કી કરવું તે ● **૨.** શ્રીહરિની મૂર્તિ સાથે રોમ રોમપણે એકતા ● **૩.** આપને આપી દેવું

## ૩૫૦ ઘનશ્યામ લીલામૃત સુખસાગર : તરંગ-૬૧

ત્યારે બોલ્યા પરવતભાઈ, તમો સુણો વ્હાલા સુખદાઈ;
પ્રભુ તમારી ઈચ્છાનુસાર, આંહીં આવ્યો છું હું નિરધાર,
પંચવિષયનાં જે છે સુખ, હું રહ્યો નથી તે સન્મુખ;
શબ્દ સ્પર્શ રૂપ રસ ગંધ, તેનો રાખ્યો નથી મેં સંબંધ,
તવ મૂર્તિ વિના બીજું કાંઈ, પ્રભુજી નથી દેખાતો આંઈ;
પંચવિષયના રસ જેહ, નથી જાણતો હું કાંઈ તેહ,
મારે વર્તે છે અક્ષરધામ, આ સર્વે પરમહંસના સમ;
તવ રૂપ વિષે મારું મન, અહોનિશ રહે છે મગન,
મુને નથી બીજું કાંઈ ભાન, નિત્ય ધરું છું તમારું ધ્યાન;
મૂર્તિમાં રહું છું દિનરાત, કૃપાનાથ કહું સાચી વાત,
એમ શ્રીહરિ સહજાનંદ, સ્વામિનારાયણ સુખકંદ;
પોતાના જે અનાદિમુક્ત, તેની સ્થિતિ જણાવાની જુક્ત.

●●●

# મૂર્તિનાં પદો

**૩૫૧ (રાગ : ગરબી)**

તારી મૂરતિ લાગે છે મુને પ્યારી રે, શ્રી ઘનશ્યામ હરિ;
રૂડી ચાલ જગતથી ન્યારી રે, શ્રી ઘન ૦૧
ઊંડી નાભિ છે ગોળ ગંભીર રે, શ્રી ઘન
રૂડા લાગો છો, શ્વેત શરીર રે, શ્રી ઘન ૦૨
તારી છાતી ઉપડતી નાથ રે, શ્રી ઘન
એ છે મુક્તો કેરું ધામ રે, શ્રી ઘન ૦૩
તારા મુખની શોભા જોઈ રે, શ્રી ઘન
રાખું અંતરમાં પ્રોઈ રે, શ્રી ઘન ૦૪
તારાં નેણકમળ પર વારી રે, શ્રી ઘન
મંજુકેશાનંદ બલિહારી રે, શ્રી ઘન ૦૫

**૩૫૨ (રાગ : ધોળ)**

હરિકૃષ્ણ હૈયાનો મારે હાર છે જી હો, જોઈને જીવું છું સુંદર મૂર્તિ રે;
મારાં નેણાં તણો શણગાર છે જી હો, અળગો ન મેલું મારા ઉરથી રે... ટેક
એ હાં રે મારું ચિત્તડું ચોરાણું એની ચાલમાં રે;
હાં રે હું તો વશ થઈ છું, એના વા'લમાં જી હો... જોઈને ૦૧

એ મારા ઉરમાં ખૂંત્યો છે છેડો પાઘનો રે;
હાં રે કોઈ પાર નથી, **મારા ભાગ્યનો**[1] જી હો... જોઈને ૦૨

એ હું તો દાસી છું કૃપાનિધાનની રે;
હાં રે મને ચાવીને આપી છે, બીડી પાનની જી હો... જોઈને ૦૩

એ હાં રે કૃપા હેતનો ભર્યો છે અલબેલડો રે;
પ્રેમાનંદનો વ્હાલો, રંગ છેલડો જી હો...જોઈને ૦૪

● ૧. મારી કૃપાનો

**૩૫૩ (પદ : હાં રે ધર્મ લાલો રે)**

હાં રે ધર્મ લાલો રે ધર્મ લાલો, હાં રે છે જો પ્રાણ થકી મને પ્યારો રે...ધર્મ ૦૧
હાં રે એના ચરણ કમળની રેખું, હાં રે જોઈ જન્મ સુફળ મારો લેખું રે...ધર્મ ૦૨
હાં રે નખમંડળ અધિક તેજાળું, હાં રે અંતરમાં કરે છે અજવાળું રે...ધર્મ ૦૩

હાં રે પગ ઘૂંટી અજબગોળ પ્યારી, હાં રે એનું ધ્યાન ધરે છે **ત્રિપુરારી**[1] રે...ધર્મ ૦૪
હાં રે શ્રીહરિની નવલ પિંડી ગોરી, હાં રે બ્રહ્માનંદની છે જીવન દોરી રે...ધર્મ ૦૫

● ૧. એકાંતિક ભક્ત, પરમ એકાંતિકમુક્ત અને અનાદિમુક્ત

### ૩૫૪ (પદ : વ્હાલા તારી મૂર્તિનું બંધન)

વ્હાલા તારી મૂર્તિનું બંધન છે એવું, ચંદ્ર ને **ચકોરી**[1]ની પ્રીતડીના જેવું...ટેક

ચંદ્રને જો નીરખે ના એક પલ ચકોરી, તજી દે એ પ્રાણને વિયોગે ઝૂરી ઝૂરી;
અદ્‌ભુત આ બંધન છે ના મનાય એવું...ચંદ્ર ૦૧

ઘનશ્યામ આવો મારા રુદિયાના સ્વામી, ભક્તિ કરું છું તારી ધામના ઓ ધામી;
મૂર્તિનું સુખડું છે ના ભુલાય એવું...ચંદ્ર ૦૨

ભક્તોના નાથજી સંભાળજો નૈયા, બની રહેજો અંતકાળે નાવના ખેવૈયા;
દયા કરી નાથ મુને દેજો વર એવું...ચંદ્ર ૦૩

પતિતના પાવક છો શ્રીહરિ હંમેશ, ગુણગાન ગાય તમારા ભક્તો અનેક;
ઓરા આવો શ્યામ મારું કીર્તન છે એવું...ચંદ્ર ૦૪

● ૧. એક જાતનું પક્ષી

### ૩૫૫ (પદ : અલબેલાજી મારે ઓરડે રે)

અલબેલાજી મારે ઓરડે રે, આવોને અલબેલા;
હું તો મોહી છું બાજુ કેરે બોરડે રે, આવોને અલબેલા... ટેક

વ્હાલા ભાવે કરીને સામું ભાળતા રે, આવોને અલબેલા;
હાથે ફૂલ દડાને ઉછાળતા રે, આવોને અલબેલા... અલબેલા ૦૧

માથે સુંદર છોગાં મેલતા રે, આવોને અલબેલા;
રંગ ભીનાજી રંગડો રેલતા રે, આવોને અલબેલા... અલબેલા ૦૨

મારા તનડાના તાપ નિવારવા રે, આવોને અલબેલા;
બ્રહ્માનંદનો જનમ સુધારવા રે, આવોને અલબેલા... અલબેલા ૦૩

### ૩૫૬ (પદ : મારા સહજાનંદ સુજાન)

મારા સહજાનંદ સુજાન, જાવું તારે વારણિયે;
તમે છો મારા જીવનપ્રાણ, આવી ઊભી બારણિયે... ટેક

આવી વસ્યું છે મારે અંતરે રે, વાલા રૂપ અલૌકિક તારું;
છેલ છબીલું તારું છોગલું રે, મુને પ્રીતમ લાગે પ્યારું... જાવું ૦૧

સુભગ સોના કેરાં સાંકળાં રે, માંહે ચૂની રતન જડાવું;
નવલ રંગીલા મારા નાથજી રે, હું પ્રેમે કરીને પે'રાવું... જાવું ૦૨

ફૂલ તણી રે માળા ફૂટડી રે, વારી પ્રાણજીવન તમે પે'રી;
બ્રહ્માનંદના વાલમા રે, મારા લાડકડા રંગ લેરી... જાવું ૦૩

## ૩૫૭ (પદ : મારે લગની લાગી છે)

મારે લગની લાગી છે ઘનશ્યામની જી હો;
નહિ રે ડરું લોક લાજથી રે,
મારે રટના લાગી છે એના નામની જી હો;
નિર્ભે થઈ હું તો આજથી રે... ટેક

મારા પ્રાણના જીવન ઘનશ્યામ છે;
મારે સુખ સંપત એનું નામ છે જી હો... નહિ રે ૦૧

મારે એક આશા છે ઘનશ્યામની;
હું તો માળા જપું છું એના નામની જી હો... નહિ રે ૦૨

મારે સર્વસ્વ શ્રી ઘનશ્યામ છે;
મારે એ વિના બીજું હરામ છે જી હો... નહિ રે ૦૩

મારે ઈષ્ટ ઘનશ્યામ સુખધામ છે;
પ્રેમાનંદ જોઈ પૂરણકામ છે જી હો... નહિ રે ૦૪

## ૩૫૮ (પદ : મુને પ્યારી રે નટવર)

મુને પ્યારી રે નટવર, નાવ મૂર્તિ તારી રે;
વારી જોઈ જોઈ, થાય બહુ ભાવ... ટેક

ઉર ઉપર અલબેલા રે વા'લા, પેર્યા ફૂલના હાર;
શોભાધામ સદા સુખકારી, સુંદર ધર્મકુમાર... મુને ૦૧

બાંધેલ બાજુ ને ગજરા રે કાજુ, ફૂમકડાની જોડ;
લેરખડા તારું રૂપ વિલોકી, લાજે કામ કરોડ... મુને ૦૨

લાવણ્યતા જોઈ શારદા મોહી, મોહ્યા મોટા ભૂપ;
પ્રાણજીવન મારા ચિત્તમાં રાખું, નિશદિન તારું રૂપ... મુને ૦૩

ધર્મકુંવર તારું મુખડું જોઈને, લાજે પૂરણ ચંદ;
તન ધન તમ પર નાખે વારી, મંજુકેશાનંદ... મુને ૦૪

### ૩૫૯ (પદ : ઘનશ્યામ મૂર્તિ તારી રે)

ઘનશ્યામ મૂર્તિ તારી રે, ઓ વ્હાલી લાગે છે; (૨)
ઘનશ્યામ મૂર્તિ તારી રે, એક નિમખ ન મેલું ન્યારી રે... ટેક
સુંદરવર અતિ શોભો છો સારા, ઉર પર હાર હજારી રે... ઓ વ્હાલી ૦૧
પાંપણ ઉપર શોભી રહી છે, પાઘલડી ઘણી સારી રે... ઓ વ્હાલી ૦૨
છેલ છબીલા તારાં છોગલાં જોઈને, નેણે નીરખી વારી રે... ઓ વ્હાલી ૦૩
પ્રેમસખી કહે નાથજી તમને, રાખું રુદિયામાં ધારી રે... ઓ વ્હાલી ૦૪

### ૩૬૦ (રાગ : ગરબી)

પે'રી નેપૂર ચાલતાં ઠમકે રે, શોભે શ્રી ઘનશ્યામ... ૦૧
કેડે કંદોરો ઘૂઘરી ઘમકે રે, શોભે શ્રી ઘનશ્યામ... ૦૨
વેઢ વીંટી છે નંગ જડાવ રે, શોભે શ્રી ઘનશ્યામ... ૦૩
હેમ બાજુ છે ખૂબ બનાવ રે, શોભે શ્રી ઘનશ્યામ... ૦૪
પેર્યાં કનક કડાં બેઉ હાથ રે, શોભે શ્રી ઘનશ્યામ... ૦૫
સોના સાંકળાં પેર્યાં છે મારે નાથે રે, શોભે શ્રી ઘનશ્યામ... ૦૬
બેઉ કાનમાં કુંડળ લળકે રે, શોભે શ્રી ઘનશ્યામ... ૦૭
પે'રી સાંકળી બે સોનાના ડામ રે, શોભે શ્રી ઘનશ્યામ... ૦૮
ઉર મોતીની માળા ઝળકે રે, શોભે શ્રી ઘનશ્યામ... ૦૯
મંજુકેશાનંદના શ્યામ રે, શોભે શ્રી ઘનશ્યામ... ૧૦

### ૩૬૧ (રાગ : સોરઠ)

રહેજો મારી આંખલડી આગે...ટેક
નીરખી તમને નાથજી, મારી ભુખલડી ભાંગે...રહેજો ૦૧

ચમકા કરતી ચાખડી રે, કેસરિયે વાઘે;
શીશ કલંગી શોભતી, વા'લા જરકસિયે પાઘે...રહેજો ૦૨

રસિક સલૂણા રાજને, હું તો રીઝી છું રાગે;
જોઈ જોઈ તમને પ્રીતમડા, નિત પ્રીતલડી જાગે...રહેજો ૦૩

કમર કટારે વાંકડો રે, અતિ પ્યારો લાગે;
અધક્ષણ રહો મા વેગળા, એમ બ્રહ્માનંદ માગે...રહેજો ૦૪

### ૩૬૨ (રાગ : સોરઠ)

સોનેરી મોળિયું સુંદર, સોનેરી મોળિયું(૨) ધર્મકુંવરનું;
મોતીડે મોળિયું સુંદર, મોતીડે મોળિયું(૨) રસિક સુંદરનું...૦૧

ભાલ વિશાળમાં સુંદર, ભાલ વિશાળમાં(૨) તિલક કેસરનું;
ભ્રકુટિ સુંદર જાણીએ, ભ્રકુટિ સુંદર રે(૨) ઘર મધુકરનું...૦૨

કરણે કુંડળિયાં કાજુ, કરણે કુંડળિયાં(૨) જડિયલ મોતીએ;
ગૌર કપોળમાં રૂડા, ગૌર કપોળમાં(૨) ઝળળળ જ્યોતિએ...૦૩

નેણાં રંગીલાં લાલ, નેણાં રંગીલાં રે(૨) કમળની પાંખડી;
પ્રેમાનંદ નીરખી છબી, પ્રેમાનંદ નીરખી(૨) ઠરી રે આંખડી...૦૪

**૩૬૩ પદ-૨**

નાસિકા નમણી હરિની, નાસિકા નમણી(૨) પોપટ સરીખડી;
નીરખી વદન ચંદ્ર, નીરખી વદન રે(૨) કિરણું ઝાંખી પડી... ૦૧

કંઠ જ નીરખી હરિનો, કંઠ જ નીરખી(૨) વાધી છે પ્રીતડી;
છાતી ઊપડતી માંહી, છાતી ઊપડતી (૨) મોતી માળા બેવડી... ૦૨

સુંદર ઉદર હરિના, સુંદર ઉદર માંહી(૨) પડે છે ત્રિવળી;
નાભિ ગંભીર ગોળ, નાભિ ગંભીર જોઈ(૨) મનડું ગયું ગળી... ૦૩

કટિલંક નીરખી હરિનો, કટિલંક નીરખી(૨) મોહ પામ્યો કેસરી;
પ્રેમાનંદ નીરખી છબી, પ્રેમાનંદ નીરખી (૨) નટવર વેષરી... ૦૪

**૩૬૪ પદ-૩**

લટકંતા આવો લાલ, લટકંતા આવો રે(૨) મારે મંદિરિયે;
ગજગતિ ચાલ રૂડી, ગજગતિ ચાલ રે(૨) જોઈ બલિહારી... ૦૧

સાથળ ઘૂંટણ સુંદર, સાથળ ઘૂંટણ રે(૨) જોઈ પિંડી ને પાનિયું;
ઘૂંટી પેનીની છબી, ઘૂંટી પેનીની રે(૨) મારે મન માનિયું... ૦૨

અરુણતળામાં સુંદર, અરુણતળામાં રે(૨) સોળ ચિહ્ન શોભતાં;
ઊર્ધ્વરેખામાં રૂડી, ઊર્ધ્વરેખામાં રે(૨) મુનિ મન લોભતાં... ૦૩

મૂર્તિ મહારાજની, શ્રી મૂર્તિ મહારાજની(૨) ગાઈ મેં પ્રીતે કરી;
પ્રેમાનંદ કહે નાથ, પ્રેમાનંદ કહે રે(૨) અંતરમાં રહો હરિ... ૦૪

**૩૬૫ પદ-૪**

ફૂલડે ગરકાવ ફૂલ્યા, ફૂલડે ગરકાવ રે(૨) આવો ડોલરિયા;
અત્તરની ફોરમાં પ્યારા, અત્તરની ફોરમાંહી(૨) વ્હાલા રંગ ભરિયા... ૦૧

હાર હજારી ઉર, હાર હજારી રે(૨) ગુચ્છ બેઉ કાનમાં;
બાજુ કાજુ છે બાંયે, બાજુ કાજુ છે બાંયે રે(૨) નીરખું નિત્ય ધ્યાનમાં... ૦૨

ગજરા ગુલાબી કરમાં, ગજરા ગુલાબી રે(૨) ખૂંત્યા મારા ચિત્તમાં;
જીવન જાણો છો, જીવન જાણો છો રે(૨) પાતળિયા પ્રીતમાં... ૦૩

મોહી છું માણીગર હું તો, મોહી છું માણીગર રે(૨) મુખને મરકલડે;
ગમિયા છો હરિવર, ગમિયા છો હરિવર(૨) પ્રેમાનંદને દલડે... ૦૪

### ૩૬૬ (પદ : રસિક પિયા ઘનશ્યામ રે)

રસિક પિયા ઘનશ્યામ રે, મોંસે દૂર ન જાના... ટેક
રહો મોરે મંદિર શ્યામ સલુને, શ્રીહરિ પૂરણ કામ રે... મોંસે ૦૧
નયન સાન કરી મન હરી લીનો, નહિ બિછુરત સબ જામ રે... મોંસે ૦૨
મોહનવર અતિ પ્રીત કરી તુમ, મમ ઘર રહો સુખધામ રે... મોંસે ૦૩
મંજુકેશાનંદ કે સ્વામી, તુમ મેરે સચ્ચા ધામ રે... મોંસે ૦૪

### ૩૬૭ (રાગ : ગરબી)

ધર્મકુંવર હરિકૃષ્ણની રે, મૂર્તિ મારે મન માની;
જીવન જોયા લાગ છે રે,
તરુણ મનોહર મૂર્તિ રે, રેખા ઊઠે નાની નાની... જીવન ૦૧
મસ્તક મુગટ જડાવનો રે, કુંડળ **મકરાકાર**[૧]... જીવન ૦૨
કેસર તિલક લલાટમાં રે, જોઈ જોઈ વાધે પ્યાર... જીવન ૦૩
ઉરમાં અનુપમ ઊતરી રે, કંચન કેરી અનુપ... જીવન ૦૪
રત્ને જડિત બાજુ બાંધિયા રે, અનંત મુનિને ભૂપ... જીવન ૦૫
વેઢ વીંટીયું કડાં સાંકળાં રે, શોભે છે કરવર માંય... જીવન ૦૬
પ્રેમાનંદ છબી ઉપરે રે, તન મન ધન બલ જાય... જીવન ૦૭

● ૧. માછલીના આકાર જેવાં

### ૩૬૮ (પદ : ખમ્મા મારા પ્યારા ઘનશ્યામ)

ખમ્મા મારા પ્યારા ઘનશ્યામ, મોહની ભારે લગાડી;
ખમ્મા મારા સહજાનંદ શ્યામ, મોહની ભારે લગાડી...ટેક

ચંદ્રતિલક ભલું ભાલ મધ્યે શોભે, ભ્રકુટિ વિલાસે તો મુનિજન લોભે;
નયનો મેં કામણ અપાર... મોહની ૦૧

મુખ મધુરું જોઈ માયા તારી લાગી, મૂછ રેખા જોઈ માયા મારી ભાગી;
હસવે દંતપંક્તિ દેખાય...મોહની ૦૨

કંઠ તારો છે અતિ કામણગારો, નીરખે તેના ભવનો આવી જાય આરો;
હૈડે હાર હિલોળા ખાય... મોહની ૦૩

વેઢ વીંટી ને કડાં સુંદર લાગે, ગજરા બાજુ જોઈ માયા મોહ ભાગે;
કર લટકાથી ભક્ત લલચાય... મોહની ૦૪

ઉદરમાં ત્રિવળી ને સાથળ સુંવાળા, જાનુ ઘૂંટી ને ફણા લાગે રૂપાળાં;
સોળે ચિહ્ન ચરણે સોહાય...મોહની ૦૫

દર્શન દેવા હરિ ઘોડીએ બિરાજ્યા, જીવો પર પ્રભુ ખૂબ જ નિવાજ્યા;
ખમ્મા મારા માણકીના સ્વાર... મોહની ૦૬

મૂર્તિની મોહની ખૂબ જ લગાડજો, દેહભાવ દોષો સૌના ભગાડજો;
પાય પડે દાસાનુદાસ...મોહની ૦૭

**૩૬૯ (રાગ : પરજ)**

જોઈ મૂર્તિ મનોહર તારી, માવા રે મારાં નેણાં લોભાણાં... ટેક
મોળીડા ઉપર નવલ કલંગી, શોભે છે અતિ સારી... માવા રે ૦૧
હેત કરીને હૈયાંની ઉપર, માળા મોતીડાંની ધારી... માવા રે ૦૨
અતિ રે શોભે છે છાતી ઊપડતી, ચાલ જગતથી ન્યારી... માવા રે ૦૩
બ્રહ્માનંદ કહે એ છબી ઉપર, સરવસ નાખું વારી... માવા રે ૦૪

**૩૭૦ (રાગ : પરજ)**

તારી મૂર્તિ રે, છે જો નેણુંનો શણગાર;
નેણુંનો શણગાર, મારા હૈડાં કેરો હાર... ટેક

મોહન તારી મૂર્તિ જોઈને, ભૂલી છું તનભાન;
નીરખતાં નજરામાં થઈ છું, ગજરામાં ગુલતાન...તારી ૦૧

માથે ઝીણી પાઘ મનોહર, સુંદર શ્વેત શરીર;
નથી રહેતી તારું રૂપ નિહાળી, નરનારીને ધીર...તારી ૦૨

બાંહ્યો જડાઉં બાંધેલ બાજુ, કાજુ ધર્મકિશોર;
બ્રહ્માનંદ કહે મોહી છું વેણે, નેણે જાદુ જોર...તારી ૦૩

**૩૭૧** **(રાગ : ખમાચ)**

રૂડા લાગો છો રાજેન્દ્ર, મંદિર મારે આવતા રે... રૂડા ટેક

જરકસિયો જામો હરિ પહેરી, માથે બાંધી પાઘ સોનેરી;
ગૂઢો રેંટો ઓઢી મન લલચાવતા રે... રૂડા ૦૧

હૈડે હાર ગુલાબી ફોરે, ચિત્ત મારું રોકી રાખ્યું તોરે;
ગજરા કાજુ બાજુ મન મારે ભાવતા રે... રૂડા ૦૨

કનક છડી સુંદર કર લઈને, ગજગતિ ચાલો હળવા રહીને;
ચિત્તડું ચોરો છો મીઠું મીઠું ગાવતા રે... રૂડા ૦૩

પ્રેમાનંદના નાથ વિહારી, જાઉં તારા વદનકમળ પર વારી;
હેતે શું બોલાવી તાપ સમાવતા રે... રૂડા ૦૪

**૩૭૨** **પદ-૧ (રાગ : ગરબી)**

તારા મુખની લાવણતા મીઠી રે, મોહન વનમાળી;
એવી ત્રિભુવનમાં નવ દીઠી રે, મૂરતિ મરમાળી... ટેક
ચટક રંગીલા તારા મોળીડાને છેડે, મનડું ડોલે છે કેડે કેડે રે... મોહન ૦૧
રંગડો જામ્યો છે ફૂલડાંને તોરે, ભ્રમર ભમે છે ચહુ કોરે રે... મોહન ૦૨
ભાલ તિલક કેસર કેરું રાજે, મુખ જોઈ શશિયર લાજે રે... મોહન ૦૩
બ્રહ્માનંદ કહે સરવસ વારું, રૂપ જોઈને વ્હાલા તારું રે... મોહન ૦૪

**૩૭૩** **પદ-૨**

તારાં લટકાં પ્યારાં મને લાગે રે, લહેરી લટકાળા;
હું તો રીઝી સલૂણા ઘેરે રાગે રે, લહેરી લટકાળા... ટેક
સુંદર નેણ કમળ જેવી, ભ્રકુટિ ભ્રમર રહ્યા સેવી રે... લહેરી ૦૧
ગૌર કપોળ સુભગ તિલ ત્રાજુ, કોમળ નાસા કાજુ રે... લહેરી ૦૨
અધર ઉપર જાણે કુંકુમ ઢળિયું, દંત દાડમ કેરી કળિયું રે... લહેરી ૦૩
બ્રહ્માનંદ કહે સામું જોઈને, મનડું લીધું છે મારું પ્રોઈને રે... લહેરી ૦૪

**૩૭૪** **પદ-૧ (રાગ : ગરબી)**

લટકાળા તારે લટકે રે, લેરખડાં હું લોભાણી;
ચાખલડી કેરે ચટકે રે, ચિત્તડાને લીધું તાણી... ૦૧

છોગલિયું તારું છેલા રે, આવી અટક્યું અંતરમાં;
વણ દીઠે રંગના રેલા રે, બેઠી અકળાઉં ઘરમાં... ૦૨

રાતી આંખલડીની રેખું રે, મનડાંમાં ખૂંતી મારે;
ડોલરિયા હું નવ દેખું રે, જંપ નથી થાતો ત્યારે... ૦૩

મરમાળી મૂરતિ તારી રે, વાલમ મારે ચિત્ત ચડી;
બ્રહ્માનંદના હાર હજારી રે, કેમ કરી મેલું એક ઘડી... ૦૪

**૩૭૫ પદ-૨**

રૂડું ભાલ તિલક રૂપાળું રે, કોડે કીધું કેસરનું;
ભાવે હું સુંદર ભાળું રે, કામલડું મેલી ઘરનું... ૦૧

વાંકી ભ્રકુટિ જોઈ વનમાળી રે, મારું લોભાણું મનડું;
મોહન નાસા મરમાળી રે, દોહ્યલી વેળાનું દલડું... ૦૨

તારાં લોચનિયાં ધર્મલાલા રે, રંગભીનાં રંગનાં ભરિયાં;
ધર્મજીવન નટવર વ્હાલા રે, ગુણિયલ અંતરમાં ગરિયાં... ૦૩

લટકાળા મોહની લાગી રે, ભાવે મુખડું ભાળીને;
બ્રહ્માનંદના શ્યામ સુહાગી રે, બેઠી જગભય ટાળીને... ૦૪

**૩૭૬ પદ-૧ (રાગ : ગરબી)**

ઓરા આવો મારા લે'રખડા લ્હેરી, કીધો તમ સારુ મેં જગ વેરી... ઓરા ટેક
**કાજુ**[૧] નૌતમ જામા જરકસિયા, શોભે પાઘલડી શિર સોનેરી... ઓરા ૦૧
નંગ જડિયલ બાજુ **બેરખડાં**[૨], કર પોં'ચી હેમકડાં પે'રી... ઓરા ૦૨
તમે રસિયા રંગડાના ભરિયા, મુખે ટીબકડી શોભે સારી... ઓરા ૦૩
બ્રહ્માનંદના છેલા છોગાળા, ચાલો ચાલ **મલપતા**[૩] ગજ કેરી... ઓરા ૦૪

● ૧. સુંદર ● ૨. કોણીની ઉપર પહેરાવાતું ઘરેણું ● ૩. ઉમંગમાં ઠાઠથી ધીમે ધીમે ચાલવું

**૩૭૭ પદ-૨**

વ્હાલું લાગે મુને મોહન મુખ તારું, છે જો પૂરણચંદ્ર થકી સારું... વ્હાલું ટેક
તારા મુખડાંની મીઠી લાવણતા, જોઈ કોટિ કોટિ **કંદર્પ**[૧] વારું... વ્હાલું ૦૧
શુભ ગોર કપોળે તિલ ત્રાજું, તેમાં લોભાણું મનડું મારું... વ્હાલું ૦૨
તારા મુખની શોભા મરમાળા, નિત્ય નીરખી અંતરમાં ધારું... વ્હાલું ૦૩
બ્રહ્માનંદ કહે વશ કીધી મુજને, છે જો **કોડીલું**[૨] કામણગારું... વ્હાલું ૦૪

● ૧. કામદેવ ● ૨. કોડવાળું

### ૩૭૮ પદ-૧ (રાગ : ગરબી)

તારો ચટક રંગીલો છેડલો અલબેલા રે;
કાંઈ નવલ કસુંબી પાઘ રંગના રેલા રે,
શિર અજબ કલંગી શોભતી અલ૦, હૈડામાં રાખ્યા લાગ... રંગ ૦૧
મોળીડું છાયું મોતીએ અલ૦, ફૂલડાંની સુંદર ફોર... રંગ ૦૨
ઘેરે રંગે ગુચ્છ ગુલાબના અલ૦, જોઈ ભ્રમર ભમે તે **ઠોર**[1]... રંગ ૦૩
તારી પાઘલડીના પેચમાં અલ૦, મારું ચિત્તડું થયું ચકચૂર... રંગ ૦૪
બ્રહ્માનંદ કહે તારી મૂરતિ અલ૦, વણદીઠે ઘેલી તૂર... રંગ ૦૫

● ૧. સ્થાન

### ૩૭૯ પદ-૨

કેસરનું તિલક સોહામણું ગિરધારી રે;
ઝળકે છે સુંદર ભાલ જાઉં બલિહારી રે,
રસ રેખલડી વિલસી રહી ગિર૦, નીરખીને થઈ છું નિહાલ... જાઉં ૦૧
વારી બેહદ ભ્રકુટિ વાંકડી ગિર૦, જાણે કરડી શ્યામ કબાણ... જાઉં ૦૨
રૂપાળી **ટશરું**[1] રાતડી ગિર૦, લોચનિયાં તીખાં બાણ... જાઉં ૦૩
નાસા અણિયાળી નમણી ગિર૦, જોઈ લાજે દીપક **કીર**[2]... જાઉં ૦૪
બ્રહ્માનંદ કહે જોઈ રહેતી નથી ગિર૦, ઉર નરનારીને ધીર... જાઉં ૦૫

● ૧. આંખમાં દેખાતી ઝીણી લાલ રંગની નસ ● ૨. પોપટ

### ૩૮૦ (રાગ : જંગલો ઠૂમરી)

શોભે શોભે રસિકવર છેલ રે, હરિ ધર્મકુંવર સુખકારી... ટેક
**રાજત**[1] શિર પર જરકસી **પગિયાં**[2], **બંકી**[3] કલંગી લટકેલ રે... હરિ ૦૧
ગજરા **શેખર**[4] હાર બાજુબંધ, ગુચ્છ ગુલાબી ધરેલ રે... હરિ ૦૨
કેસર તિલક મનોહર કીનો, કુંડળ નંગ જડેલ રે... હરિ ૦૩
કૃષ્ણાનંદ કે' નાથ નિરંતર, ઉરમાં વસો અલબેલ રે... હરિ ૦૪

● ૧. શોભે ● ૨. પાઘ ● ૩. શોભાયમાન ● ૪. ફૂલનો તોરો

### ૩૮૧ (રાગ : કાફી)

માવા તારી મૂર્તિમાં મોહી મોહી રે;
પ્યારા તારી મૂર્તિમાં મોહી મોહી રે... ટેક
તમ વિના નાથ ત્રિલોકમાંહી, વા'લું બીજું નથી રે કોઈ કોઈ રે... માવા ૦૧
કમર કટારો લાગત પ્યારો, જીવું છું હું છોગલિયું જોઈ જોઈ રે... માવા ૦૨

મનમોહન તારી નવલ છબીમાં, રહી છું ચિત્તડું પ્રોઈ પ્રોઈ રે... માવા ૦૩
બ્રહ્માનંદ કહે તમ સારુ, કુળ મરજાદા ખોઈ ખોઈ રે... માવા ૦૪

**૩૮૨ (રાગ : ભૈરવ)**

જીવું છું રસીલા, તારા મુખડાને જોતી રે;
હૈડાંના હાર પ્યારા, નથણીના મોતી રે... જીવું ટેક

મુખડું જોઈને તારું, મોહ્યું મન મારું રે;
પિયર સાસરિયું સર્વે, થયું મુને ખારું રે... જીવું ૦૧

અધર અમૃત પાને, થઈ હું તો ઘેલી રે;
નિઃશંક થઈ છું લજ્જા, લોક કેરી મેલી રે... જીવું ૦૨

નટવર નીરખી તુંને, અંતર ઠરે છે રે;
દુરિજન લોક ઘોળ્યા, દાઝીને મરે છે રે... જીવું ૦૩

મન કર્મ વચને હું, થઈ રહી તારી રે;
મુખડાં ઉપર જાયે, બ્રહ્માનંદ વારી રે... જીવું ૦૪

**૩૮૩ (રાગ : ગરબી)**

મને પ્યારી લાગે મૂર્તિ તમારી, ઘનશ્યામજી; પ્યારી લાગે મૂર્તિ તમારી... ટેક
કુંકુમનો ચાંદલો ને ભાલે તિલક વચ્ચે, હાં રે તમે ભાળોને ભ્રમણા ભુલાવી... ૦૧
કાને કુંડળ હરિને માથે મુગટ શોભે, હાં રે કંઠે ધારી માણેક જડી માળા... ૦૨
જામો જરિયાની પહેર્યો સોનેરી સુરવાળ છે, હાં રે તમારી કેડે કસ્યો છે કંદોરો... ૦૩
મૂર્તિમાં મગ્ન થઈ ચરણોમાં ચિત્ત દઈ, હાં રે જાય દાસ નારાયણ વારી... ૦૪

**૩૮૪ (રાગ : ગરબી)**

આજ મને સામો મળ્યો છે અલબેલો, છોગાંવાળો રંગછેલો રે આલી... ટેક
મોંઘા મૂલી રે પહેરી મોતીડાંની માળા, ભાલ **કપોલ**[1] કેસરાળાં રે આલી... ૦૧
ગજરા પહેર્યા છે દોરા રંગના ગુલાબી, શોભા ત્રિલોક કેરી દાબી રે આલી... ૦૨
બાજુ કાજુ રે લીધા ફૂલડાંના બાંધી, ભ્રમર ભમે છે તાર સાંધી રે આલી... ૦૩
બ્રહ્માનંદનો વ્હાલો રંગડાનો ભરિયો, લઈને હૈડાંમાંહી ધરિયો રે આલી... ૦૪

● ૧. ગાલની ઉપરનો - નેત્રની નીચેનો ભાગ

**૩૮૫ (રાગ : કાફી)**

અમરના સરદાર હરિ મારા, નેણાં તણા શણગાર;
નેણાં તણા શણગાર ગુણવંત, માણકીના અસવાર...ટેક

માથે ધોળી પાઘ મનોહર, છોગું મુગટ અનુસાર;
ધોળાં અંબર તન પર શોભે, રૂમાલ ધોળો સાર...૦૧

ભાલ વિશાળ તિલક કેસરનું, કુમકુમ ચંદ્ર ઉદાર;
કામ તણા મદને હરનારી, ભ્રકુટિ ધનુષાકાર...૦૨

દીપ શિખા શુક ચંચુ લજાવે, નાસા નમણી સાર;
દંત છબી જોઈને લાજે, અધોમુખ ઝૂરે **અનાર**[૧]...૦૩

બિંબ નવાંકુર **પરવાળા**[૨]થી, સારા અધર અપાર;
કૃષ્ણાનંદ કહે મુખ પર વારું, **ચંદ સરોજ**[૩] હજાર...૦૪

● ૧. દાડમ ● ૨. પોયણાં ● ૩. ચંદ્રકમળ

### ૩૮૬ (પદ : મન માની મોહન તારી)

મન માની મોહન તારી મૂરતિ રે;
એક **નિમિષ**[૧] ન મેલું મારા ઉરથી રે... મન ટેક

મુને **નેહડો**[૨] જણાણો તારા નેણમાં રે;
**રઢ**[૩] લાગી ન ભૂલું દિન **રેણ**[૪]માં રે... મન ૦૧

જોયું રૂપ તારું રળિયામણું રે;
બીજું સર્વે થયું અળખામણું રે... મન ૦૨

હું તો **ગરક**[૫] થઈ તારા ગીતમાં રે;
ચઢ્યો કેફ અલૌકિક ચિત્તમાં રે... મન ૦૩

પીયા પ્રેમેથી **સેજડી**[૬] પધારજો રે;
બ્રહ્માનંદને ઘડી મા વિસારજો રે... મન ૦૪

● ૧. આંખનો પલકારો ● ૨. સ્નેહ ● ૩. લગની ● ૪. રાત્રિ ● ૫. ગરકાવ, મગ્ન ● ૬. શય્યા

### ૩૮૭ (પદ : વ્હાલી લાગે વ્હાલા તારી)

વ્હાલી લાગે વ્હાલા તારી વાતડી રે;
છેલા મળીને ઠરે મારી છાતડી રે... વ્હાલી ટેક

રંગભીના રંગાણી તારા રંગમાં રે;
અતિ આનંદ થયો છે મારા અંગમાં રે... વ્હાલી ૦૧

હું તો જીવું મોહન તુંને જોઈને રે;
વળી રાખું આંખલડીમાં પ્રોઈને રે... વ્હાલી ૦૨

વ્હાલા નેણુંમાં કામણ કીધલાં રે;
રૂડાં લટકાં કરી મન લીધલાં રે... વ્હાલી ૦૩

વારી એકાંતે રંગભર આવજો રે;
બ્રહ્માનંદને હસીને બોલાવજો રે... વ્હાલી ૦૪

**૩૮૮ પદ-૧ (રાગ : પરજ)**

નેણામાં રાખું રે નેણામાં રાખું રે; નાથજીને જતન કરીને રે, મારા નેણામાં રે... ટેક
ઈશ્વર બ્રહ્મ અક્ષરાદિક અવતારો, હાં રે જેની વાટું જુએ છે લાખું રે... ૦૧
છેલ છબીલાની મૂરતિ ઉપર, હાં રે મારા પ્રાણ વારી વારી નાખું રે... ૦૨
નયણે નીરખી હરિને ઉરમાં ઉતારું, હાં રે એના ગુણલા નિશદિન ભાખું રે... ૦૩
પ્રેમાનંદ કહે હરિરસ અમૃત, હાં રે હું તો પ્રેમે કરીને નિત્ય ચાખું રે... ૦૪

**૩૮૯ પદ-૨**

નહિ દઉં જાવા રે નહિ દઉં જાવા રે, નાથ તમને આંખલડીથી રે, નહિ દઉં... ટેક
જીવની પેઠે હું તો જાળવીને રાખીશ, હાં રે એક લગારે નહિ દઉં દુઃખાવા રે... ૦૧
મનગમતાં રે ભોજન જમાડું, હાં રે લાવું સાકર નાખી દૂધ પાવા રે... ૦૨
શ્વેત અંબર અતિ ઝીણા રે લાવું, હાં રે મારા પ્રાણ તમને પહેરાવા રે... ૦૩
જાવાનું તમે નામ લીયો તો, હાં રે પ્રેમાનંદના સમ છે માવા રે... ૦૪

**૩૯૦ પદ-૩**

આવા ને આવા રે આવા ને આવા રે, રહેજો મારી આંખલડીમાં રે, આવા ને આવા...ટેક
આવા ને આવા મારા નાથ બિરાજો, હાં રે મારા તનના તાપ બુઝાવા રે...૦૧
ડોલરિયાના નિત્ય હાર પહેરાવું, હાં રે રૂડા તોરા લાવું લટકાવા રે...૦૨
અમૃત વેણે સુકોમળ નેણે, હાં રે અતિ અમૃત ઝડી વરસાવા રે...૦૩
પ્રેમાનંદ કહે નાથજી આગે, હાં રે રહું હાજર નિશદિન ગાવા રે...૦૪

**૩૯૧ (પદ : રંગભીના રસીલી તારી)**

રંગભીના રસીલી તારી આંખલડી;
મારા મનને કીધું છે ગુલતાન રે શ્યામ,
રસિયા રસીલી તારી આંખલડી... ટેક

જાણે શરદ કમલ કેરી પાંખલડી;
માંહી રેખા રાતી ગુણવાન રે શ્યામ,
કામણગારી રસાળી કાળી **પૂતળી**[1];
એ તો સામ દામ દંડ ગુણ ખાણ રે શ્યામ... રસિયા ૦૧

તારાં નેણાં જોઈને મોટા છત્રપતિ;
તજી ભોગને ફરે છે રાનોરાન રે શ્યામ,
જોઉં તારાં નેણાં નિરંતર નાથજી;
પ્રેમાનંદને આપો એ દાન રે શ્યામ... રસિયા ૦૨

● ૧. આંખની કીકી

## ૩૯૨ પદ-૧ (રાગ : પરજ)

હૈડાંનો હાર હરિ રે, મારે રંગભીનો હૈડાંનો હાર હરિ... ટેક
મંદિરમાં પધરાવી મોહનને, ભેટું હું અંક ભરી રે... મારે ૦૧
જગના જીવનને હું નહિ દઉં જાવા, રાખીશ જતન કરી રે... મારે ૦૨
રસિક નવલ વર રાજેશ્વરને, નીરખીને નયણે ઠરી રે... મારે ૦૩
બ્રહ્માનંદના નાથને રે સજની, મન કર્મ વચને વરી રે... મારે ૦૪

## ૩૯૩ પદ-૨

લાગેલ રંગઝડી રે, મારે રસિયાજી શું લાગેલ **રંગઝડી**[૧]... ટેક
મોહનલાલ રંગીલાની મૂરતિ, જીવલડાંમાં જડી રે... મારે ૦૧
પ્રાણજીવન પાતળિયાને આગે, હાથ જોડીને ખડી રે... મારે ૦૨
**મીટ**[૨] થકી ક્ષણ દૂર ન મેલું, પ્રેમને પાશ પડી રે... મારે ૦૩
બ્રહ્માનંદના નાથને ભેટી, ધન્ય ધન્ય આજ ઘડી રે... મારે ૦૪

● ૧. અતિશે પ્રીતડી ● ૧. નજર

## ૩૯૪ પદ-૧ (રાગ : ગરબી)

હરિ હૈયાંના હાર છો, જી રે તમે હરિ હૈયાંના હાર છો;
સેજ તણા શણગાર છો... જી રે ટેક
મુખથી શું ઘણું કહીએ મોહન રે, પ્રાણ તણા આધાર છો... જી રે ૦૧
વાલપણામાં અતિશે વ્હાલા રે, નટવર ધર્મકુમાર છો... જી રે ૦૨
દુરિજનિયાંને દૂર ઘણા છો રે, પ્રેમી તે જનના પ્રાણ છો... જી રે ૦૩
મુક્તાનંદ નરનાટક ધારી રે, શરણાગતના સાર છો... જી રે ૦૪

## ૩૯૫ પદ-૨

નયણાં ઠરે છે જોઈને રે, મારાં નયણાં ઠરે છે જોઈને;
રહી છું મોહન સંગે મોહીને રે... મારાં ટેક
જે દિનમાં દર્શન નવ પામું રે, તે દિન વીતે રોઈને રે... મારાં ૦૧

લોકડિયાની લાજ ન રાખું રે, કે મારાં વેણ વગોઈને રે... મારાં ૦૨
શ્યામ વિના હું ચૌદ ભુવનમાં રે, રંગે ન રાચું કોઈને રે... મારાં ૦૩
મુક્તાનંદ મોહનવર પામી રે, કુળ મરજાદા ખોઈને રે ... મારાં ૦૪

**૩૯૬ (રાગ : ગરબી)**

હું તો જાઈશ ઘનશ્યામ જોવા રે, મા મુને વારીશ મા;
મારા ઉરમાં છબીલાજીને પ્રોવા રે, મેણલે મારીશ મા... ટેક

જાઈશ જોવા હું તો ધર્મજીનો લાલો;
હાં રે મુને પરમ સનેહી લાગે વા'લો રે... મા મુને ૦૧

છેલ છબીલો વા'લો મુક્ત વિહારી;
હાં રે એ તો જીવનદોરી છે મારી રે... મા મુને ૦૨

વારીશ મા રે તુંને કહું છું રે વહેલું;
હાં રે હું તો માથું જાતા નહિ મેલું રે... મા મુને ૦૩

પ્રેમાનંદના સ્વામીને સારુ;
હાં રે કુરબાન કર્યું જીવન મારું રે... મા મુને ૦૪

**૩૯૭ (રાગ : ગરબી)**

વસ્યો છે છોગલાંવાળો, મારે મન વસ્યો છે છોગલાંવાળો... ટેક
છેલછબીલો ને અજબ રંગીલો, એનો ચપળ છે નેણનો ચાળો ... મારે ૦૧

જરકસી જામો ને પાઘ કસુંબી, કમર કસ્યો છે કટારો;
કાને કુંડળ કંઠે મોતીડાંની માળા, એના સુરવાળનો ઝબકારો... મારે ૦૨

કપૂરની માળા કંઠે વિરાજે, **હેમકડાં**[૧] બે હારો;
જમણી આંગળીએ વેઢવીંટી વિરાજે, એનો તોરો કુસુમથી ન્યારો ... મારે ૦૩

હૈડાં પર **હેમચંદ્ર**[૨] પાયે છે **પાવડી**[૩], ઘૂઘરીનો ઘમકારો;
અટક મટક એની ચાલ ચટક, બ્રહ્મચારી જેરામનો પ્યારો ... મારે ૦૪

• ૧. સોનાનાં કડાં • ૨. સુવર્ણનો હાર • ૩. ચાખડી

**૩૯૮ (રાગ : ગરબી)**

તમે મીઠું બોલીને મન લીધું રે, મીઠડા બોલાજી;
કાંઈ કામણ મુજને કીધું રે, મીઠડા બોલાજી... ટેક

સુણી મુખની મીઠી વાણી રે, કરું તન મન ધન કુરબાની રે... મીઠડા ૦૧
તારું રૂપ અલૌકિક જોયું રે, જોઈ મનડું મારું મોહ્યું રે... મીઠડા ૦૨
મેં તો સેજડી બિછાઈ તમ સારુ રે, આવો કોઈ નથી કહેનારું રે... મીઠડા ૦૩
શીદ ડરતાં ડરતાં ચાલો રે, મારા મંદિરિયામાં મા'લો રે... મીઠડા ૦૪
સર્વે વશ કીધી નરનારી રે, જાય બ્રહ્માનંદ બલિહારી રે... મીઠડા ૦૫

### ૩૯૯ (પદ : મનમોહન રે, સુંદર મૂરતિ)

મનમોહન રે, સુંદર મૂરતિ તમારી, છે જીવનદોરી હમારી;
હરખું છું રે, અંતર માંહી ઉતારી, વા'લા સ્નેહ વડે સંભારી... ટેક

શિર પાઘ પ્રીતમજી પેચાળી, છોગાની છટા રૂપાળી;
તોરે ફૂલ તણે હદ વાળી, નટવરજી રે, રીઝું હૃદયમાં ધારી... છે ૦૧

મુખડાંની રે, છબી છે ચંદ્ર સમાન, કરે જોતામાં ગુલતાન;
આંખલડી રે, જાણે પદમનું પાન, રંગીલી **રૂપ નિધાન**[1],
મુખ હાસ્ય કરે હરિ જ્યારે, દીસે દંત દાડમ કળી ત્યારે;
મને મનમાં મોદ વધારે, ભ્રકુટિ રે કાજુ કામણગારી... છે ૦૨

રેશમનો રે, રાતો જામો પહેરી, ખભે શેલું ધર્યું સોનેરી;
બની શોભા રે, હારની કંઠે ઘણેરી, હરખું છું તેને હેરી,
બાંયે બાજુ જડિયેલ નંગ, હાથે હેમકડાં સોરંગ;
ઉર ઊપજે જોઈ ઉછરંગ, કટિ શેલું રે, બાંધ્યું શ્યામ સમારી... છે ૦૩

**ભરગચ્ચીનો**[2] રે, સરસ ધર્યો સુરવાળ, તેમાં રેશમ નાડી રસાળ;
પદ ઝાંઝર રે, ઝળકે ઝાકઝમાળ, ગતિ જોઈ લાજે **મરાળ**[3],
ઊર્ધ્વરેખા ચરણે જોઈ, દુઃખ નાખું સઘળાં ખોઈ;
**દાખું**[4] ચિત્ત વિષે નિત્ય પ્રોઈ, આવો મળવા રે, વેગથી વિશ્વવિહારી... છે ૦૪

● ૧. રૂપનો ભંડાર ● ૨. એક જાતનું કાપડ ● ૩. હંસ ● ૪. જોઈ

### ૪૦૦ (પદ : આવો પ્રાણથી પ્યારા)

આવો પ્રાણથી પ્યારા, ધર્મદુલારા, મહેર કરી મહારાજ;
સેવું ચરણ તમારા, સુખ દેનારા, સ્વામી અમારા, મહેર કરી મહારાજ... ટેક

જોઈ તમારી મૂરતિ જીવન, અંતર ટાઢું થાય;
અંગો અંગ જોઈ શોભા અલૌકિક, કેમ કરી વર્ણવાય રે... આવો ૦૧

પાઘ **પેચાળી**[1] શિર પર શોભે, સુંદર છોગાં સહિત;
ફૂલતોરાની ફોરમાં વા'લા, ભ્રમર ભમે અગણિત રે... આવો ૦૨

વદન તમારું જોઈ રવિ શશી, આપે ગયા આકાશ;
પ્યારા તમારા પાસથી પોતે, પામ્યા જાણીને પ્રકાશ રે... આવો ૦૩

ગંભીર રાગ તમારો સુણીને, મધુરા બોલે મોર;
મનમાં જાણે મેઘ ગાજે છે, તેથી નાચે મારા નોર રે... આવો ૦૪

ભુજ તમારા અભય દેનારા, જોઈને તેને જરૂર;
હસ્તી પોતાની સૂંઢ સંતાડે, ચિત્તમાં ચેતી ચતુર રે... આવો ૦૫

ઉદરમાં જે ત્રિવળી પડે છે, ત્રિવેણીને તુલ્ય;
ધ્યાન રહે તેનું અંતરે તો, મળે મૂર્તિધામ અમૂલ્ય રે... આવો ૦૬

જોઈ કટિલંકને જગજીવન, કેસરી પામ્યો લાજ;
પોતે ફરે નિજ કેડ સંતાડી, ઝાડી વિષે વનરાજ રે... આવો ૦૭

કોમળ ચરણ તમારા નીરખી, કમળ જુઓ કરમાય;
તપ કરે છે જળમાં જઈને, પૂરી રીતે પસ્તાય રે... આવો ૦૮

ગતિ તમારી નીરખી શ્રીહરિ, હંસ અને ગજરાજ;
જન્મ ધરે જઈને મહાવનમાં, પૂરણ પામીને લાજ રે... આવો ૦૯

વસ્ત્ર અને આભૂષણ શોભે, અંગોઅંગ અનુપ;
તે જોઈ સોનું ને વીજળી લાજે, સંતાડે નિજ સ્વરૂપ રે... આવો ૧૦

માયિક ઉપમા હું કેમ આપું, આપને પ્રાણ આધાર;
આપ અમાયિક છો અવિનાશી, ધારું ધર્મકુમાર રે... આવો ૧૧

ચાખડીઓ ચારુ પહેરી ચરણમાં, ચટકંતી ચાલતા ચાલ;
દાસના દિલમાં સુખ દેવા આવો, વિશ્વવિહારી લાલ રે... આવો ૧૨

• ૧. પેચવાળી

**૪૦૧ (રાગ : માઢ)**

આવો પ્રીતમ પ્યારા, ધર્મદુલારા, સર્વથી સારા શ્યામ;
છો જી આપ અમારા, નેણુંના તારા, નર જગ ન્યારા સર્વોપરી સુખધામ ... ટેક

ધર્મના નંદન છો જગવંદન, ચંદન ચર્ચિત અંગ;
દુઃખનિકંદન ખળબળ ખંડન, મંડન મુક્ત ઉમંગ રે... આવો ૦૧

શ્યામ સોહાગીમાં લગની લાગી, ભાંગી મહા ભ્રમજાળ;
આપ વિષે હું થયો અનુરાગી, ત્યાગી કપટ તત્કાળ રે... આવો ૦૨

પ્યારી તમારી છબી ગિરધારી, છે મારી જીવનદોર;
**વારિજ**[1] નેણ તણી બલિહારી, છો મારા ચિત્તના ચોર રે... આવો ૦૩

અંગ ઉમંગ ઉતંગ થયો છે, જોઈ છબી નવરંગ;
રંગ અભંગ રહે સત્સંગનો, ભીતિનો થાય ભંગ રે... આવો ૦૪

લક્ષણ ઉત્તમ લક્ષ પ્રકારે, છો જી વિચક્ષણ સૂર;
ભક્ષણ કાળ તણાથી તતક્ષણ, રક્ષણ કરજો જરૂર રે... આવો ૦૫

ભાળી રૂપાળી છબી મરમાળી, ટાળી ત્રિવિધના તાપ;
હે વનમાળી તમે હદ વાળી, દીધાં પ્રજાળી પાપ... આવો ૦૬

દાન તમે નિજ જ્ઞાનનું દીધું, ભાન દઈ ભગવાન;
માન તજી ગુણગાન કરું છું, ધરી ધરી તવ ધ્યાન રે... આવો ૦૭

ચંદ્રવદન સુખકંદ તમારું, વન્દે સદા મુનિવૃંદ;
ધર્મ તણા પણ નંદન તે તમે, કહે જગદીશાનંદ રે... આવો ૦૮

● ૧. કમળ

### ૪૦૨ (રાગ : ગરબી)

મારાં નેણાં તણા શણગાર રે, મંદિરે પધારો તમે માવજી રે... ટેક

હાં રે વ્હાલા તમ રે વિના ગમતું નથી રે;
મારા હરિવર હૈડાંના હાર રે... મંદિર ૦૧

હાં રે વ્હાલા ચટક રંગીલી પહેરી ચાખડી રે;
ઓરા આવોને પ્રાણ આધાર રે... મંદિર ૦૨

હાં રે વ્હાલા પ્યારી રંગીલી બાંધી પાઘડી રે;
રૂડા ઝળકે સોનેરી માંહી તાર રે... મંદિર ૦૩

હાં રે વ્હાલા બ્રહ્માનંદ કહે હવે તમ વિના રે;
મુને ઝેર થયો સંસાર રે... મંદિર ૦૪

### ૪૦૩ પદ-૧ (રાગ : ગરબી)

શોભા શી કહું રે રૂડી, વરણન કરતાં જાય ચિત્ત બૂડી;
હરિવર જોયા રે રંગમાં, મોહી હું તો રસિયાજીના અંગમાં... ૦૧

ઉદર અનુપમ રે નીરખી, ઉપમા પીપળ પાનના સરખી;
ત્રિવળી સુંદર રે શોભે, જોઈ જોઈ ચિત્તડાં મારાં લોભે... ૦૨

નાભિ ઊંડી રે રૂપાળી, મુક્તો બેસે ત્યાં આસન વાળી;
કટિલંક જોઈને રે મનમાં, **મૃગપતિ**[1] લાજી રહ્યો મહા વનમાં... ૦૩

હરિએ ઉપવીત રે ધારી, મુનિના મનને આનંદકારી;
નીરખી આનંદ રે પામી, આવા રૂડા પ્રેમસખીના સ્વામી... ૦૪

● ૧. સિંહ

**૪૦૪ પદ-૨**

હરિને નીરખ્યા રે નેણે, વ્હાલાને વરણવું સુંદર વેણે;
શ્વેત શરીરે રે શોભે, આજાનબાહુ ચિત્તડાં લોભે... ૦૧

મૂર્તિ ઊંચી રે વખાણું, સવા ચોસઠ તસુ પરમાણું;
સુંદર શોભે રે શરીરે, **પીત પટ**[1] પહેર્યાં છે હરિવરે... ૦૨

ઘેરે સાદે રે ગાજે, સાંભળી મેઘ નગારાં લાજે;
હસતા આવે રે પાસે, કેસર સરખો સુગંધ શ્વાસે... ૦૩

કૌતૂહલના રે ભરિયા, યોગ કળાના પૂરણ દરિયા;
બ્રહ્મવિદ્યાના રે સ્વામી, આવા રૂડા પ્રેમસખી વર પામી... ૦૪

● ૧. પીળાં વસ્ત્ર

**૪૦૫ પદ-૩**

રંગનો ભીનો રે જોઈ, હરિના જુગલ ચરણ પર મોહી;
સાથળ રૂડા રે કેવા, નીરખી મનમાં રાખ્યા જેવા... ૦૧

ગોળ છે જાડા રે સ્વરૂપે, ઉપમા **કદળી થંભની**[1] ઓપે;
શોભિત શોભા રે ધામ, સહુ વનિતાનાં પૂરણકામ... ૦૨

સુંદર શોભે રે જાનુ, નીરખી ધન્ય **ભાગ્ય**[2] કરી માનું;
જંઘા જુગલને રે નીરખી, ચંદન ચરચી મનમાં હરખી... ૦૩

ઘૂંટી અનુપમ રે પાની, નીરખી મનમાં રાખું છાની;
એ પદ ઉરમાં રે ધારી, પૂજી પ્રેમસખી બલિહારી... ૦૪

● ૧. કેળાના થડ જેવી સુંવાળી ● ૨. કૃપા

**૪૦૬ પદ-૪**

ચરણ હરિના રે શોભે, જોઈ જોઈ મુનિમન **મધુકર**[1] લોભે;
છબી અલૌકિક રે ન્યારી, સોળે ચિહ્ન તણી બલિહારી... ૦૧

મચ્છ તે મહાસુખ રે આપે, ત્રિકોણ ગોપદ દુખડાં કાપે;
કળશ ધનુષને રે ધારે, વ્યોમ તે તાપ હૈયાના ઠારે... ૦૨

અર્ધચંદ્ર ઊગ્યો રે ભારી, સ્વસ્તિક અષ્ટકોણ મંગળકારી;
જવ ને જાંબુ રે વિરાજે, વજ્ર ધ્વજ અંકુશ અતિ છાજે ... ૦૩

**અંબુજ**[૨] શોભા રે સારી, લાગે ઊર્ધ્વરેખા અતિ પ્યારી;
શુક જેવા જોગી રે વિચારી, નિત્ય ઊઠી પ્રેમસખી ઉર ધારી... ૦૪

● ૧. ભમરો ● ૨. કમળ જેવું

## ૪૦૭ પદ-૫

સુંદર શોભે રે રસિયો, વ્હાલો મારા હૃદયકમળમાં વસિયો;
રૂપ અલૌકિક રે જોઈ, ઉપમા તોલે ના'વે કોઈ... ૦૧

નિત્ય ઊઠી સંતો રે ગાવે, કોટિ મુક્તો પાર ન પાવે;
નારાયણ માત્રના રે સ્વામી, હું તો એ જોઈને આનંદ પામી... ૦૨

નખશિખ શોભા રે વખાણી, સફળ કરું છું મારી વાણી;
અંગોઅંગને રે ગાઉં, હવે હું પાછી ભવમાં ના'વું... ૦૩

હવે હું તો થઈ છું રે **માતી**[૧], હરિના ગુણસાગરમાં ના'તી;
વ્હાલે મને ઝાલી રે હાથે, રસિયે પ્રેમસખીને નાથે... ૦૪

● ૧. ઘેલી

## ૪૦૮ (રાગ : ગરબી)

વાલા મારી સૂધબૂધ તેં હરી લીધી રે;
તારે લટકે વેરાગણ કીધી... ટેક

તારી નવલ કલંગી દીઠી રે, મનડાંમાં લાગે અતિ મીઠી રે;
જાણે જબર જાદુડાંની ચિઠ્ઠી... વાલા ૦૧

જોયું મોળીડું આંટે ફરતું રે, પળ એક નથી વીસરતું રે;
મારું હૈયું ધીરજ નથી ધરતું... વાલા ૦૨

ભાલે આડ કેસર કેરી ભાળી રે, રેખું ત્રણ ઊપડતી રૂપાળી રે;
જાણે મન પકડ્યાની છે જાળી... વાલા ૦૩

વાંકી ભ્રકુટિ ઘણી મન ભાવી રે, બ્રહ્માનંદને વસી ઉર આવી રે;
જાણે શ્યામ કબાણ ચઢાવી... વાલા ૦૪

### ૪૦૯ (રાગ : ધર્મકુંવર હરિકૃષ્ણજી તમે ભક્તપતિ)

ધર્મકુંવર ઘનશ્યામજી, મારા પ્રાણ તણા આધાર જોઈને જીવું છું;
તન મન ધન તમ ઉપરે, લઈ વારું વાર હજાર... ટેક
સુંદર મૂર્તિ મોહિની, મારા મનમાં ખૂંતી રાજ... જોઈને
તમ વિના મને સ્વામીજી, બીજું કાંઈ નવ સૂઝે કાજ... જોઈને ૦૧
પાંપણ પર આંટો દઈ, તમે બાંધી પાઘ અનુપ... જોઈને
કોટિક **કંદર્પ**[1] વારણે, લઈ વારું એવું રૂપ... જોઈને ૦૨
ભાલ તિલક શોભે ઘણું, જાણે ભ્રકુટિ **કામ કબાણ**[2]... જોઈને
કમળનયન કટાક્ષમાં, મારા તાણી લ્યો છો પ્રાણ... જોઈને ૦૩
મધુર મધુર હસવું જોઈને, વાધે પ્રેમ અપાર... જોઈને
ત્રિભુવનમાં એવી કોણ છે, જે વશ નવ થાયે નાર... જોઈને ૦૪
વામકરણમાં શ્યામ છે, તિલ નીરખ્યા જેવો નીત... જોઈને
તિલ જોઈ જમણા ગાલમાં, વાધે પ્રેમાનંદને પ્રીત... જોઈને ૦૫

● ૧. કામદેવ ● ૨. આકર્ષણ કરનાર બાણ

### ૪૧૦ (રાગ : ગરબી)

પ્યારી લાગે મોહનજી કી **બતિયાં**[1], પ્યારી લાગે ... ટેક
બતિયાં સુનત મેરો મન હર લીનો, કરી કે નેહ દિન **રતિયાં**[2]... પ્યારી ૦૧
સુંદર મૂર્તિ ધર્મકુંવર કી, નીરખી હરખી ઠરી છતિયાં... પ્યારી ૦૨
લટક લટક હરિ ચાલ ચલત હે, લાજત ગજગતિ અતિયાં... પ્યારી ૦૩
અવધપ્રસાદ કે ચિત્ત મેં ગર ગઈ, ચલત હંસ હરિ ગતિયાં... પ્યારી ૦૪

● ૧. વાતો ● ૨. રાત

### ૪૧૧ (રાગ : ઠૂમરી)

તેરી સાંવરી સૂરત છટાદાર(૨), મન હરે પ્રાન હરે...ટેક
ચલત મેરો રે હસી ચિત્ત ચોરે, હાં રે બસ કર લીની સબ નરનાર...મન૦૧
શિર જરકસી **ચીરા**[1] પહેરે પટ **પીરા**[2], હાં રે તેરે ઉર બીચે **મોતીયુંદા**[3] હાર...મન૦૨
**ધર્મ દે**[4] સલોના જાને કછુ **ટોના**[5], હાં રે મેરો મન બસ કીનો મોરે યાર...મન૦૩
પ્રેમાનંદ હરિકૃષ્ણ છબી તેરી, હાં રે નિત રાખત ઉર બીચ ધાર...મન૦૪

● ૧. વસ્ત્ર, પાઘ ● ૨. પીળાં ● ૩. મોતીઓના ● ૪. ધર્મદેવના ● ૫. જાદુ

### ૪૧૨ પદ-૧ (રાગ : વંદું સહજાનંદ રસરૂપ)

સજની સુંદર શોભા ધામ સુખદ ઘનશ્યામની રે લોલ,
જોયે જીવન આઠું જામ કે પૂરણ કામને રે લોલ... ૦૧

નખશિખ મૂરતિ નટવરવેશ ક્લેશ જોતાં ટળે રે લોલ,
નેણે નીરખી નીરખી હંમેશ કે મન શાન્તિ વળે રે લોલ... ૦૨

સુંદર સોળે ચિહ્ન સહિત ચરણ શોભે ઘણાં રે લોલ,
જોઈ જોઈ પ્રેમીજન નિત ચિત ધરે છે હરિ તણાં રે લોલ... ૦૩

નૌતમ નખની કાંતિ જોઈને મનડું મોઈ રહે રે લોલ,
નિતનિત પ્રેમી ચિત્તડે પ્રોઈને પૂર્ણાનંદ કહે રે લોલ... ૦૪

### ૪૧૩ પદ-૨

શ્રીહરિ સહજાનંદ સુજાણ છો જીવનપ્રાણ તમે રે લોલ,
વાલા એક તમથી ઓળખાણ બીજાથી અજાણ અમે રે લોલ... ૦૧

વાલા તારા પગનાં નેપૂર પ્રીત સહિત ચિત્તડે ચડે રે લોલ,
ચટકંતી ચાલ અલૌકિક રીત વિસારી નવ પરવડે રે લોલ... ૦૨

જંઘા જાનુ ઉદર અનુપ કે ત્રિવલી સહિતને રે લોલ,
જોઈ જોઈ વર્ણવ્યું ન જાયે રૂપ વધારે નિત પ્રીતને રે લોલ... ૦૩

વાલા તારી સૂંથણલી રસરીત, મારું મનડું હરે રે લોલ,
પૂર્ણાનંદ કે પ્રીત સહિત નીરખી નેણાં ઠરે રે લોલ... ૦૪

### ૪૧૪ પદ-૩

વાલા તારી અંગરખીની અનુપ કે શોભા શી કહું રે લોલ,
કટિ પર પીતાંબરના પેચ તે જાણી જોઈને રહું રે લોલ... ૦૧

વાલા તારી નાભિ ગોળ ગંભીર તે નીરખી નિત પ્રતિ રે લોલ,
જોતાં જોતાં જીવનપ્રાણ અધિક આપે રતિ રે લોલ... ૦૨

વાલા તારા ઉરમાં ગુલાબી હાર કે વારંવાર જોઈને રે લોલ,
વાલા મારે હૈડે હરખ અપાર રહું મનડું પ્રોઈને રે લોલ... ૦૩

વાલા તારે હૈડે મોતીડાંની માળ રસિકજન જોઈ રહે રે લોલ,
નિતનિત નીરખી મગન મનમાંઈ કે પૂર્ણાનંદ કહે રે લોલ... ૦૪

**૪૧૫** **પદ-૪**

વાલા તારા કંઠ વચે તિલ એક મનોહર માવજી રે લોલ,
તેણે મોયું મનડું વિશેષ ભાળીને વાધે ભાવજી રે લોલ... ૦૧

વાલા તારી લાંબી ભુજા બેઉ લાલ રહું નિત ધ્યાન ધરી રે લોલ,
જોઈ જોઈ વાલમ વાધે વ્હાલ રહે અંતર ઠરી રે લોલ... ૦૨

વાલા તારી આંગળિયું અલબેલ રુચિર કોઈ રીતની રે લોલ,
નખની શોભા નીરખી નાથ નવીન નિતનિતની રે લોલ... ૦૩

કરતલ કોમળ લાલ ગુલાબ સરીખાં શોભતાં રે લોલ,
પૂર્ણાનંદ જોઈ ત્રપ્ત ન થાય મોહન મન લોભતાં રે લોલ ... ૦૪

**૪૧૬** **પદ-૫**

વાલા તારે દશે આંગળીએ વેઢ કે અધિક બણાવ છે રે લોલ,
વાલા તારે હેમ કડાં બેઉ હાથ કે નંગ જડાવ છે રે લોલ... ૦૧

બાજુ બેઉ ભુજાને માંઈ અધિક ઓપી રહ્યા રે લોલ,
તેમાં નૌતમ રંગ નવીન તે નંગ નવ જાય કહ્યાં રે લોલ... ૦૨

વાલા તારે ખભે અલૌકિક છાપ જોઈ તે જાણશે રે લોલ,
તેને નીરખી પ્રેમીજન કે સુખડું માણશે રે લોલ... ૦૩

વાલા તારું મુખડું પૂરણચંદ અધિક શું કહું કથી રે લોલ,
પૂર્ણાનંદ કે જીવન જોઈ **ત્રપત**[૧] થાતી નથી રે લોલ... ૦૪

● ૧. તૃપ્તિ

**૪૧૭** **પદ-૬**

વાલા તારા દંત દાડમનાં બીજ ડોલરિયાની કળી રે લોલ,
વાલા તારા અમલ **અધર**[૧] રંગ લાલ જોઈને હદ વળી રે લોલ... ૦૧

વાલા તારી નાસા નિરમળ દીપ સરીખી શોભતી રે લોલ,
તેને નિકટ ટીબકડી શામ મારું મન લોભતી રે લોલ... ૦૨

વાલા તારા વામકરણમાં શામ સુભગ બિન્દુ રહ્યું રે લોલ,
તેને નીરખીને સુખ થાય તે નવ્ય જાયે કહ્યું રે લોલ... ૦૩

વાલા તારા સુંદર ગોળ કપોલ સુભગ મન ભાવતા રે લોલ,
પૂર્ણાનંદ કે પ્રીતમ ચિત્ત મારું લલચાવતા રે લોલ... ૦૪

● ૧. હોઠ

**૪૧૮** **પદ-૭**

વાલા તારી સુંદર શોભા ધામ અલૌકિક આંખડી રે લોલ,
જાણી એ રૂપાળી રંગલાલ કમળ કેરી પાંખડી રે લોલ... ૦૧

વાલા માંઈ રેખલડી રંગચોળ રૂડી રળિયામણી રે લોલ,
હેતે મનડું હરવા કાજ જુવો નિત મુજ ભણી રે લોલ... ૦૨

વાલા તારી બેહદ ભ્રકુટિ વીર સુભગ અતિ શામ છે રે લોલ,
વાલા એ તો **દોયલી વેળાનું**[1] નાથ અમારે એ દામ છે રે લોલ... ૦૩

વાલા તારે ઊપડતી ત્રણ્ય રેખા અલૌકિક ભાલ છે રે લોલ,
નિતનિત જોતાં વાધે વા'લ મારે એ ધનમાલ છે રે લોલ... ૦૪

વાલા તારી પાઘલડીને જોઈ વાધે નિત પ્રીતડી રે લોલ,
પૂર્ણાનંદ કે' પ્રીતમ પ્રાણ વિસારું નહિ એક ઘડી રે લોલ... ૦૫

● ૧. સંકટ સમયનું

**૪૧૯** **પદ-૮**

વાલા તારા મોળિડાંમાં મહારાજ રહ્યું મન મોઈને રે લોલ,
વાલા મુને સૂઝે નહિ ઘરકાજ રહું નિત જોઈને રે લોલ... ૦૧

માળિડું નૌતમ રંગ નવીન મોતીડેથી મોરિયું રે લોલ;
વાલા તારે છોગલિયે રંગ છેલ મારું ચિત્ત ચોરિયું રે લોલ... ૦૨

વાલા એવી મૂરતિ તમારી માવ જે જે ઉરમાં ધરે રે લોલ;
વાલા તેનું જનમ મરણ દુઃખ જાય સે'જે સંસાર તરે રે લોલ... ૦૩

એવા તમે કૃષ્ણ કમળ દલ નેણ છો સહજાનંદ હરિ રે લોલ;
પ્રીતે ગાવે પૂર્ણાનંદ રહો ઉર વાસ કરી રે લોલ... ૦૪

**૪૨૦** **(રાગ : પરજ)**

તારી મૂરતિ રે જોઈ હદ વળી, હાં રે જોઈ હદ વળી રે જોઈ હદ વળી;
તારી મૂરતિ રે જોઈ હદ વળી... ટેક
શોભા તમારી જોવા સારુ, હાં રે આવે સંતો-ભક્તો ટોળે રે મળી... તારી ૦૧
જીવન તમને જોવા આવતાં, હાં રે હું તો ખાલી ન રહું કોયની જોખળી... તારી ૦૨
મૂરતિ તમારી મોહન પ્યારા, હાં રે નવ્ય જાયે રે કોયથી કળી... તારી ૦૩
પૂર્ણાનંદ કે પ્રીતમ અમને, હાં રે જોઈ જન્મ મરણ કેરી શંકા ટળી... તારી ૦૪

**૪૨૧ પદ-૧ (રાગ : ગરબી)**

અલબેલાજી પ્રાણઆધાર રે, તમ પર વારી રે;
તારે નેણે તે ધર્મકુમાર રે, મોહી સહુ નારી રે... ૦૧

છોગાંવાળા મનોહર છેલ રે, ધર્મજીના લાલા રે;
ગુણવંતા આવીશ તારે ગેલ રે, મુક્તપતિ વ્હાલા રે... ૦૨

મીઠાબોલા રંગીલા માવ રે, લાગ્યો છે નેડો રે;
નહિ મેલું હું નટવર નાવ રે, શ્યામ તારો કેડો રે... ૦૩

છબી જોઈને અલૌકિક શ્યામ રે, મોહ્યું મન મારું રે;
બ્રહ્મમુનિ કહે તન ધન ધામ, તારા નામ પર વારું રે... ૦૪

**૪૨૨ પદ-૨**

મારા જન્મ સંગાથી હરિરાય રે, મહાસુખકારી રે;
તારી મૂર્તિ વસી છે મનમાંય રે, ન મેલું ઘડી ન્યારી રે... ૦૧

તમ સાથે રંગીલા નાથ રે, બાંધી છે બેલી રે;
મારો હેતે ઝાલ્યો છે તમે હાથ રે, ન દેશો મેલી રે... ૦૨

મારા પ્રીતમ જીવનપ્રાણ રે, જીવું છું જોઈને રે;
તમ સંગે કરી છે ઓળખાણ રે, લોક લજ્જા ખોઈને રે... ૦૩

રસિયાજી મારે ઘેર રાત રે, આવીને રહોને રે;
બ્રહ્મમુનિ કહે દિલડાંની વાત રે, એકાંતે આવી કો'ને રે... ૦૪

**૪૨૩ (રાગ : પરજ દેશી)**

વા'લાં લાગે રે વાલમ વેણાં; વાલમ વેણાં, વાલમ વેણાં... ટેક
વચનામૃત સાંભળવા મુખનાં, હાં રે સહું છું રે લોકલડાનાં મેણાં... ૦૧
**કંકોળેલ**[1] કાજુ કમલ સરીખાં, હાં રે દિલ ગમિયાં રે રાજીવ નેણાં... ૦૨
અધર **સુધારસ**[2] પાઓને પ્યારા, હાં રે આવો મળીએ મારા સુંદર **શેણાં**[3]... ૦૩
પ્રેમાનંદના પ્યારા અખંડ બિરાજો, હાં રે મંદિરિયે મારે શ્યામ સુખ દેણાં... ૦૪

● ૧. કંકુ જેવા લાલ રંગવાળું ● ૨. અમૃતરસ ● ૩. સ્વજન

**૪૨૪ (પદ : આવો રે વા'લા હું)**

આવો રે વાલા હું તો તમારા મોળીડા પર મોહી રે;
વાલાજી લાગો છો વાલા મુને, રઈ છું જોઈ રે... આવો ૦૧

લટકંતી ચાલ રૂડી મીઠાં મીઠાં વેણાં રે;
રસિયાજી જોઈને ઠરે છે મારાં નેણાં રે... આવો ૦૨

આંખલડી રૂપાળી વાલા મુને કામણિયાં કરે છે રે;
મધુરું હસવું તે તો પ્રાણને હરે છે રે... આવો ૦૩

મંદિર પધારો મારે શ્યામ પટ ધારી રે;
તન મન ધન લઈને પ્રેમસખી વારી રે... આવો ૦૪

**૪૨૫ (રાગ : ધનાશ્રી)**

જોયા શ્રી ધર્મકુમાર ચતુરવર, જોયા શ્રી ધર્મકુમાર;
પ્રીતમ પ્રાણઆધાર ચતુરવર, જોયા શ્રી ધર્મકુમાર... ટેક
લક્ષ્મીબાગમાં વ્હાલો બિરાજે, સાથે મુક્ત અપાર... ચતુર ૦૧
પાઘ ઝૂકી વામ ભાગ પેચાળી, છોગું મુગટ અનુસાર... ચતુર ૦૨
આંબાના વૃક્ષ નીચે શ્રીહરિ બેઠા, મુક્ત સભા મોઝાર... ચતુર ૦૩
જરકસી જામો સુંદર શોભે, શેલામાં સોનેરી તાર... ચતુર ૦૪
પહેર્યો સુંદર સુરવાળ સોનેરી, રૂપેરી બુટ્ટાદાર... ચતુર ૦૫
રેશમી કરમાં રૂમાલ બિરાજે, કંઠે હજારી હાર... ચતુર ૦૬
અંગોઅંગ આભૂષણ ઓપે, ભારે ભભકાદાર... ચતુર ૦૭
વિશ્વવિહારીની છબી નિરખી, પૂરણ ઊપજે પ્યાર... ચતુર ૦૮

**૪૨૬ (રાગ : ખમાચ)**

મન વસિયો રે મારે મન વસિયો, સહજાનંદ મારે મન વસિયો... ટેક
છેલ છોગાળો વ્હાલો અતિ મરમાળો, રંગભીનો રસનો રસિયો રે... ૦૧
હળવે શું વ્હાલો હેત કરીને, મુજ સામું જોઈને હસિયો રે... ૦૨
કસુંબલ પાઘ કેસરનો ભીનો, પીતાંબર કમરે કસિયો રે... ૦૩
પ્રેમાનંદનો નાથ છબીલો, સોળ કળા પૂરણ શશિયો રે... ૦૪

**૪૨૭ (પદ : સ્વામિનારાયણ શ્યામ પિયા)**

સ્વામિનારાયણ શ્યામ પિયા જીયા જીવનદોર(૨)... ટેક

**કામ નિકંદન**[૧] **સુરવૃષનંદન**[૨] **છંદન**[૩] **ગાત**[૪] **નિહોર**[૫](૨)
**ધવલ**[૬] નવલ શિર પાઘ **સુધારત**[૭],
લટકત **સુમન**[૮] કે તોર... સ્વામિ ૦૧

ચંચલ **ચલની**[૯] **ચિતવની**[૧૦] ચંચલ, લેવત **ચિતવતા**[૧૧] ચોર(૨)
અવિનાશાનંદ અધિક **લખી**[૧૨] અંતર,
પાવત સુખ **અતોર**[૧૩]... સ્વામિ ૦૨

● **૧.** કામને મૂળમાંથી ટાળનાર ● **૨.** ધર્મદેવના પુત્ર ● **૩.** સુંદર, મનોહર ● **૪.** મૂર્તિ ● **૫.** ધારણ કરનાર ● **૬.** શ્વેત ● **૭.** ધારેલી છે ● **૮.** પુષ્પ ● **૯.** ચાલ ● **૧૦.** દૃષ્ટિ, નજર ● **૧૧.** ચિત્ત ● **૧૨.** મૂર્તિ ધારી છે ● **૧૩.** અતોલ, અઢળક

●●●

# શ્રીજીમહારાજના મહિમાનાં પદો

## ૪૨૮ (પદ : રૂડું સ્વામિનારાયણ નામ)

રૂડું સ્વામિનારાયણ નામ, નિત્ય સંભારીએ રે;
વળી કરતાં ઘરનું કામ, ઘડી ન વિસારીએ રે... ટેક

ધર્મસુતનું ધ્યાન જ ધરતાં, વાર નહિ ભવસાગર તરતાં;
હરતાં ફરતાં હરિને હૈયે ધારીએ રે... રૂડું ૦૧

દુઃખ પડે દિલગીર ન થાવું, સુખ મળે હરખાઈ ન જાવું;
સદાય હિંમત હૈયેથી નવ હારીએ રે... રૂડું ૦૨

સંસાર છે સુખ-દુઃખનો દરિયો, તેમાં તરી શકે કોઈક જ તરિયો;
સંત સમાગમ કરીને મનને મારીએ રે... રૂડું ૦૩

સ્મરણ કરતાં સુખ જ થાશે, ફોગટનો ફેરો ટળી જાશે;
મૂળજી કહે મહારાજ મુજને તારીએ રે... રૂડું ૦૪

## ૪૨૯ સ્વામિનારાયણ મહામંત્ર નામકરણ

### (પુરુષોત્તમ લીલામૃત : તરંગ-૧૩)

વળી વ્હાલે કરી એક વાત, સહુ સાંભળો જન સાક્ષાત્;
અમારાં નામ છે જો અપાર, તેમાં પણ કર્યો નિરધાર... ૦૧

માર્કંડ ઋષિએ તે જેહ, નામ પાડ્યાં છે અમારાં તેહ;
કૃષ્ણ હરિ હરિકૃષ્ણ સાર, નીલકંઠ નામ નિરધાર... ૦૨

વળી સ્વામી રામાનંદે જેહ, નામ પાડ્યાં છે અમારાં એહ;
સહજાનંદ સુખનું ધામ, બીજું નારાયણમુનિ નામ... ૦૩

રૂડું ઘનશ્યામ નામ જેહ, માતાપિતા કહેતાં કરી સ્નેહ;
એમ નામ અમારાં તે બહુ, પાડ્યાં નોખાં નોખાં જને સહુ... ૦૪

પણ મુખ્ય અમારું જે નામ, તે તો ભૂલી ગયા છે તમામ;
કોઈને હાથ તે આવ્યું નહિ, એહ સારું નામ ગયું રહી... ૦૫

હવે આજ કરું હું પ્રકાશ, તમે સાંભળો તે સહુ દાસ;
સ્વામિનારાયણ મારું નામ, સંભારતા સૌને સુખધામ... ૦૬

બીજાં નામ લે કોઈ અપાર, તોયે આવે નહિ એની હાર;
સ્વામિનારાયણ નામ સાર, લીયે એક વાર નિરધાર... ૦૭

તેને અપાર નામનું ફળ, મળે તરત જાણો એ પળ;
માટે સૌ જન લેજો વિચારી, આ છે નામ અતિ સુખકારી... ૦૮

સ્વામિનારાયણ નામ સાર, રટજો સહુ તે નરનાર;
સર્વે નારાયણનો હું સ્વામી, માટે રહેજો મને કરભામી... ૦૯

બીજાં નારાયણ નામ ઘણાં, કહું નામ થોડાંક તે તણાં;
સૂર્યનારાયણ જે કહેવાય, વૈરાટનારાયણ પણ લેવાય... ૧૦

લક્ષ્મીનારાયણ નામ કહે છે, નરનારાયણ નામ લહે છે;
વાસુદેવનારાયણ સાર, એવાં નારાયણ નામ અપાર... ૧૧

તે સૌ નારાયણનો હું સ્વામી, સહુ રહ્યા મને કરભામી;
માટે સ્વામિનારાયણ જેહ, નામ મારું છે કહું છું તેહ... ૧૨

સર્વોપરી નામ છે એ સાર, માટે રટજો સહુ નરનાર;
એહ નામ રટે જન જેહ, પામે અલૌકિક સુખ તેહ... ૧૩

એમ હરિએ નિજ નામ તણો, કહ્યો મહિમા મુખેથી ઘણો(૨)

### ૪૩૦ (રાગ : પરજ)

સ્વામિનારાયણ નામ વ્હાલું લાગે, સ્વામિનારાયણ નામ;
સ્વામિનારાયણ, સ્વામિનારાયણ, સ્વામિનારાયણ નામ... ટેક
રાત-દિવસ મારા રુદિયા ભીતર, જપીશ આઠું જામ... વ્હાલું ૦૧
ભવજળ તરવા પાર ઊતરવા, ઠરવાનું છે મારે ઠામ... વ્હાલું ૦૨
સર્વોપરી સનાતન સ્વામિનારાયણ નામ, સુંદર સુખડાંનું ધામ... વ્હાલું ૦૩
નિષ્કુળાનંદના નાથને ભજતાં, વારે તેનું નહિ કામ... વ્હાલું ૦૪

### ૪૩૧ સ્વામિનારાયણ મહામંત્રનો મહિમા

**(શ્રીહરિલીલામૃતમ્ : વિશ્રામ-૩, કળશ-૫)**

જે સ્વામિનારાયણ નામ લેશે, તેનાં બધાં પાતક બાળી દેશે;
છે નામ મારાં શ્રુતિમાં અનેક, સર્વોપરી આ જ ગણાય એક... ૦૧

જો સ્વામિનારાયણ એક વાર, રટે બીજાં નામ રટ્યાં અપાર;
જપ્યા થકી જે ફળ થાય તેનું, કરી શકે વર્ણન કોણ એનું... ૦૨

ષડાક્ષરી મંત્ર મહાસમર્થ, જેથી થશે સિદ્ધ સમસ્ત અર્થ;
સુખી કરે સંકટ સર્વ કાપે, છતે દેહે મૂર્તિધામ આપે... ૦૩

બીજા સૌથી અનંત ગણો વિશેષ, જાણે નહિ જેનો મહિમા અક્ષરેશ;
જ્યાં જ્યાં મહા મુક્તજનો વસાય, આ કાળમાં તો જપ એ જ થાય... ૦૪

જો અંતકાળે શ્રવણે સુણાય, પાપી ઘણો તે પણ મોક્ષ થાય;
તે મંત્રથી ભૂત **પિશાચ**[1] ભાગે, તે મંત્રથી તો સદ્‌બુદ્ધિ જાગે... ૦૫

તે મંત્ર જેના મુખથી જપાય, તેના થકી તો જમ નાસી જાય;
શ્રી સ્વામિનારાયણ જે કહેશે, ભાવે કુભાવે પણ મુક્તિ લેશે... ૦૬

ષડાક્ષરો છે ષટ્‌શાસ્ત્ર સાર, તે તો ઉતારે ભવસિંધુ પાર;
છયે ઋતુમાં દિવસે **નિશાયે**[2], સર્વે ક્રિયામાં સમરો સદાયે... ૦૭

પવિત્ર દેહે અપવિત્ર દેહે, તે નામ નિત્ય સ્મરવું સનેહે;
જળે કરીને તનમેલ જાય, આ નામથી અંતર શુદ્ધ થાય... ૦૮

જેણે મહાપાપ કર્યાં અનંત, જેણે પીડ્યાં બ્રાહ્મણ ધેનુ સંત;
તે સ્વામિનારાયણ નામ લેતા, લાજી મરે છે મુખથી કહેતા... ૦૯

શ્રી સ્વામિનારાયણ નામ સાર, છે પાપને તે પ્રજળાવનાર;
પાપી ઘણું અંતર હોય જેનું, બળ્યા વિના કેમ રહે જ તેનું... ૧૦

● ૧. પ્રેત, અવગતિઓ જીવ ● ૨. રાત્રે

### ૪૩૨ (રાગ : ઠૂમરી)

સબ હી બરન મેં વોહી બડે, જીન સ્વામિનારાયણ રટા રટા રે... ટેક
સ્વામિનારાયણ જેહી મન રાચે, સંસાર તિન કો ખટા ખટા રે;
સહજાનંદ દર્શન જીન કીનો, ત્રિવિધ તાપ સો કટા કટા રે... સબ ૦૧

સ્વામિનારાયણ કો મુખ ગામે, પંડિત જોગી ભટા ભટા રે;
સહજાનંદ કો ધ્યાન ધરત મુનિ, શિર ધરકે બડી જટા જટા રે... સબ ૦૨

સ્વામિનારાયણ આશ્રય (જીન) કીનો, તિનકી ઓર હમ છટા છટા રે;
શ્વેતવૈકુંઠદાસ શ્રીહરિ કે, પરત ચરન મેં લટા લટા રે... સબ ૦૩

### ૪૩૩ (રાગ : મારે શ્યામના રખવાળાં)

સ્વામિનારાયણ ભગવાન બીજો કોઈ નહિ;
એના સર્વોપરીપણામાં બીજી જોડ નહિ... સ્વામિ ૦૧

એ છે ક્ષર અક્ષરથી ન્યારા, પ્રેમીજનને પૂરણ પ્યારા;
એના પરચાના ઝબકારા ઓછા હોય નહિ... સ્વામિ ૦૨

મૂર્તિ તેજોમય રૂપાળી, અગણિત રવિ ને શશી જાય વારી;
એની મૂર્તિના સુખડાંની, હદ કાંય હોય નહિ... સ્વામિ ૦૩

આત્યંતિક કલ્યાણ કરવાના, રસબસ મૂર્તિમાં રાખવાના;
એનાં આપેલાં વરદાનો ખોટાં હોય નહિ... સ્વામિ ૦૪

શ્રીજી સહુને સુખ આપે છે, દાસાનુદાસનાં દુઃખ કાપે છે;
એની કૃપામય દૃષ્ટિમાં, દુઃખડાં હોય નહિ... સ્વામિ ૦૫

**૪૩૪ (પદ : વારે વારે જાઉં વ્હાલાજી)**

વારે વારે જાઉં વ્હાલાજી તારે વારણે રે... વારે ટેક

આદિપુરુષ ઈશ્વર અવતારી, કરુણા રસમય મૂર્તિ ધારી;
પતિતપાવન પ્રગટ્યા આજ અમ કારણે રે... વારે ૦૧

નરનારી અગણિત અથડાતાં, ભવસાગરમાં ડૂબકાં ખાતાં;
બળવંત બાંહ્ય ગ્રહીને કાઢ્યા બારણે રે... વારે ૦૨

અધમ ઉદ્ધારણ નામના નામી, બિરુદ તમારું સદાયે સ્વામી;
કીધું સત્ય કળીમાં બહુજન તારણે રે... વારે ૦૩

મળિયા પુરુષોત્તમ એમ જાણી, અચળ આશરો ઉરમાં આણી;
પ્રેમાનંદ ઠરીને બેઠો ઠારણે રે... વારે ૦૪

**૪૩૫ (રાગ : ભીમપલાસી)**

આજે તો શ્રીજી પ્રગટ ભગવાન, દે છે આત્યંતિક મોક્ષનું દાન... આજે તો ટેક
જેની રે મૂર્તિમાં મુક્તો રમે છે, અનાદિ થઈ ગુલતાન... આજ તો ૦૧
જે રે પ્રભુજી સ્વતેજમાં રાખે, પરમ એકાંતિકને રે સુજાણ... આજે તો ૦૨
સ્વાંગ પ્રકાશ તે અક્ષરધામ છે, તેમાં વસે છે કૃપાનિધાન... આજે તો ૦૩
અતિ ઉત્તમ સુખ જે રે મૂર્તિમાં, તેમાં કરવાને એકતાન... આજે તો ૦૪
પધાર્યા ભૂમિએ કૃપા કરીને, કર્યા મુમુક્ષુને કૃપાવાન... આજે તો ૦૫
પાત્ર કુપાત્ર તે કોઈ ન જોયાં, આપ્યાં અભય વરદાન... આજે તો ૦૬
ચરિત્રો સર્વે તેનાં રે દિવ્ય, પોતે સમજાવે દઈ જ્ઞાન... આજે તો ૦૭
સ્વ સ્વરૂપો પધરાવી શ્રીજી, બોલ્યા હું જ આ મૂર્તિમાન... આજે તો ૦૮
રાધાકૃષ્ણાદિ જે સર્વે સ્વરૂપો, ગોલોકાદિનાં નહિ તેને જાણ... આજે તો ૦૯

અન્યના ઈષ્ટ છે તે રૂપે પોતે, સમાધિમાં દેખાણા મહાન... આજે તો ૧૦
નિજ મંદિરોમાં તે જ સ્વરૂપો, તે કારણ સ્વયં પ્રમાણ... આજે તો ૧૧
દિવ્ય સ્વરૂપ છે જે અક્ષરધામે, તે જ મનુષ્યરૂપ નિદાન... આજે તો ૧૨
ત્રીજું સ્વરૂપ તે પ્રતિમા જાણો, સર્વે એક જ છે રાખો ધ્યાન... આજે તો ૧૩
રોમ ફેર નહિ એકે ત્રણેમાં, શ્રીજી વચને સમજો સુજાણ... આજે તો ૧૪
દાસાનુદાસ પર દયા કરીને, એક કરાવે મૂર્તિમાં તાન... આજે તો ૧૫

**૪૩૬ (રાગ : હો શ્રીજી તમે પ્રાણ છો)**

મારા વ્હાલીડા ઘનશ્યામ પ્રભુ, તમે વ્હાલા લાગો છો;
સુખમય સુંદર મૂર્તિ છો, તમે વ્હાલા લાગો છો... ટેક

જીવો ઉપર કૃપા કરી, પ્રગટ્યા દયા કરી તમે;
સજાતિપણે સુખ આપવા, અમને દેખાયા મનુષ્ય રૂપે (૨)
અમને દેખાઓ પ્રતિમા રૂપે પણ, દિવ્ય તેજોમય છો તમે
મારા વ્હાલીડા... ૦૧

**મતપંથી**[૧] સર્વેને ખેંચ્યા, સમાધિમાં સ્હેજે તમે;
પાત્ર-કુપાત્ર અનેકના, કલ્યાણ દાતા છો તમે (૨)
સ્વમુખે પ્રકાશ કર્યો, સર્વોપરી મહામંત્ર તમે (૨)
મારા વ્હાલીડા... ૦૨

સર્વોપરી સર્વાવતારી, સૌના કારણ છો તમે;
અવતારોને અન્વય દ્વારા, ઐશ્વર્ય દાતા છો તમે (૨)
સુખના દાતા મુક્તોને છો, વ્યતિરેક સ્વરૂપે તમે (૨)
મારા વ્હાલીડા... ૦૩

આવ્યા નથી કે ગયા નથી, સદાય પ્રગટ છો તમે;
પ્રતિમા જેવા દેખાવો છો અમને, દિવ્ય તેજોમય છો તમે (૨)
દિવ્ય જાણે જે તમને, દિવ્ય કરો છો તેને તમે(૨)
મારા વ્હાલીડા... ૦૪

મનુષ્ય જેવા કે પ્રતિમા જેવા, ના જાણીએ ક્યારેય અમે;
સર્વ કર્તા નિયંતા, અંતર્યામી છો તમે (૨)
કર જોડીને વિનવીએ, જેમ રાખો તેમ રહીએ અમે (૨)
મારા વ્હાલીડા... ૦૫

● ૧. મતવાદી

૪૩૭ (રાગ : આશાવરી)

શ્રી ઘનશ્યામ સુખકારી પધાર્યા, શ્રી ઘનશ્યામ સુખકારી;
અવતારના અવતારી પધાર્યા, શ્રી ઘનશ્યામ સુખકારી... ટેક
અક્ષરધામના ધામી પધાર્યા, મુક્ત સભા લઈ સારી... પધાર્યા ૦૧
સુંદર મૂર્તિ નાથની શોભે, મુગટ પર જાઉં વારી... પધાર્યા ૦૨
મુખ મધુરું હરિ મલકાવે, હેત ઉપજાવે ભારી... પધાર્યા ૦૩
પ્રેમીજનોને લાડ લડાવા, આવ્યા છે હિતકારી... પધાર્યા ૦૪
અનંત જીવોનાં કલ્યાણ કરવા, વા'લે વાત વિચારી... પધાર્યા ૦૫
મલિન દેશને પવિત્ર કરવા, ઈચ્છા પ્રભુએ ધારી... પધાર્યા ૦૬
અનાર્ય દેશને આર્ય બનાવા, પધાર્યા ભવભયહારી... પધાર્યા ૦૭
સ્વ સિદ્ધાંતોને સજીવન કરવા, રીત ચલાવી ન્યારી... પધાર્યા ૦૮
શ્રી ઘનશ્યામ નવલ છબી ઉપર, દાસાનુદાસ બલિહારી... પધાર્યા ૦૯

૪૩૮ (રાગ : ધોળ)

આજ આનંદ મારા ઉરમાં, મળી મુને મહા મોંઘી વાત રે;
કોટિ કષ્ટ કર્યે હરિ નવ મળે, તે તો મુને મળ્યા સાક્ષાત્ રે... આજ ૦૧

રમાડ્યા જમાડ્યા રૂડી રીત શું, મળ્યા વળી વારંવાર રે;
હેતે પ્રીતે નિત્ય સુખ આપિયાં, તે તો કહેતા કેમ આવે પાર રે... આજ ૦૨

અન્ન જળ ફળ ફૂલ પાનની, આપી એવી પ્રસાદી અનુપ રે;
ચરણની છાપ દીધી છાતીએ, આપ્યાં સારાં વસ્ત્ર સુખરૂપ રે... આજ ૦૩

આગળ ભક્ત અનેક થયા, સહ્યાં તેણે શરીરમાં દુઃખ રે;
તોય પ્રગટ પ્રભુ પામ્યા નહિ, પામ્યા પણ નાવ્યાં આવાં સુખ રે... આજ ૦૪

કોઈકને આપી **અમરાવતી**[૧], કોઈકને **પુર**[૨] કૈલાસ રે;
કોઈકને **સત્યલોક**[૩] સોંપિયું, કોઈકને વૈકુંઠ વાસ રે... આજ ૦૫

**જૂજવાં**[૪] એ ધામ આપ્યાં જનને, જોઈ નિષ્કામ સકામ રે;
આજ તો અઢળક ઢળ્યા હરિ, આપ્યું સહુને અક્ષરધામ રે... આજ ૦૬

સુખ સુખ સુખ જ્યાં સુખ ઘણું, તે તો મુખે ના કહેવાય રે;
નિષ્કુળાનંદ એ આનંદમાં, હરખી હરખી ગુણ ગાય રે... આજ ૦૭

● ૧. સ્વર્ગ ● ૨. ધામ ● ૩. બ્રહ્માનું ધામ ● ૪. અલગ અલગ

**૪૩૯ (રાગ : આજ મારે ઓરડે રે આવ્યા)**

ઘનશ્યામ શ્રીહરિ રે, લાવ્યા મુક્ત મંડળને સાથ;
આવ્યા ધામથી રે, કોટિ કોટિ બ્રહ્માંડના નાથ... ૦૧

સુખમય મૂર્તિ રે, રસરૂપ સ્વામી સહજાનંદ;
કરુણા ધામ છે રે, પુરુષોત્તમ પ્રભુ આનંદ કંદ... ૦૨

પ્રગટી પૃથ્વીએ રે, સ્થાપ્યો સત્સંગ કરવા મોક્ષ;
સ્થાપી મંદિરો રે, પધરાવી મૂર્તિઓ અપરોક્ષ... ૦૩

ફેરવ્યા મુક્તને રે, દેવા જીવોને અભયદાન;
કરી હરિ શરણે રે, આપે સર્વોપરી તે જ્ઞાન... ૦૪

અન્ય ઉપાસકો રે, દેખે સમાધિમાં અવતાર;
પ્રતાપ જણાવિયો રે, દેખાડી પરચા ચમત્કાર... ૦૫

ભજન કરાવિયું રે, સ્વામિનારાયણ સ્વામિનારાયણ;
ષડાક્ષર મંત્ર છે રે, ઔષધિ સુંદર રસાયન... ૦૬

સર્વોપરી જ્ઞાનની રે, કરે વાર્તા શ્રીજીમહારાજ;
અનાદિમુક્ત તણી રે, રસબસ મૂર્તિમાં રાખવા કાજ... ૦૭

સર્વાવતારીપણું રે, સ્હેજે સમજાવે સુખદાય;
જેટલી પાત્રતા રે, તેટલું જીવને ગ્રહણ થાય... ૦૮

પ્રથમ મેળાપથી રે, સંશય કરીને કંઈક મૂંઝાય;
વિશ્વાસ નહિ વાતમાં રે, તેથી જીવમાં હા ન પડાય... ૦૯

તેવા જીવ કારણે રે, શ્રીજીએ મોકલ્યા બાપાને ખાસ;
નવા તે જૂના થઈ રે, ઓળખશે કહે દાસાનુદાસ... ૧૦

**૪૪૦ (રાગ : મેવાડી)**

સહજાનંદ સુખકારી રે, સહજાનંદ સુખકારી રે;
સલૂણી છબી સહજાનંદ સુખકારી રે... ટેક

વેદાંતી **અરૂપી**[૧] કે' છે, ન્યાય અનુમાને લે છે;
તે વ્હાલો સંતોમાં રે' છે રે... સલૂણી ૦૧

નિગમ કહે અનુમાને, મુનિવરને ના'વે ધ્યાને;
વ્હાલો તે શ્વેત વાને રે... સલૂણી ૦૨

સર્વ કર્તા સર્વાધારો, સર્વોપરી સર્વથી ન્યારો;
પ્રગટ રૂપ તે આ પ્યારો રે... સલૂણી ૦૩

જગજીવન અંતરજામી, નામ સર્વનો છે નામી;
તે આ બ્રહ્માનંદનો સ્વામી રે... સલૂણી ૦૪

● ૧. નિરાકાર

**૪૪૧ પદ-૧ (રાગ : સોહની)**

પ્રાણી સ્વામિનારાયણ સમર્થ શ્રીભગવાન છે રે;
શ્રી ભગવાન છે રે, **કૃપાનિધાન**[1] છે રે... ટેક

અધમોદ્ધારણ દીનના બંધુ, શરણાગત પ્રતિપાળ;
સ્વામિનારાયણ નામ લે તેને, પાસે ન આવે કાળ... પ્રાણી ૦૧

શ્રી પુરુષોત્તમ પ્રગટ્યા પોતે, અનાથના એ નાથ;
આ અવસરે કોઈ નહિ માને, તો પસ્તાઈ ઘસશે હાથ... પ્રાણી ૦૨

જંત્ર નથી કશો જાદુ નથી, ભાઈ નથી મત ને પંથ;
જાણી જોઈને દયા કરી છે, ઉદ્ધારવાને જંત... પ્રાણી ૦૩

ઘોર કળિમાં સતયુગ સ્થાપ્યો, અનાદિ મોક્ષની રીત;
પ્રેમાનંદ કહે નહિ માને તો, પીછે થાશે ફજીત... પ્રાણી ૦૪

● ૧. કૃપાનો ભંડાર

**૪૪૨ પદ-૨**

પ્રાણી શ્વાસોશ્વાસે શ્રીજીને સંભારીએ રે;
હો સંભારીએ રે, ઘડી ન વિસારીએ રે... ટેક

ખાતાં પીતાં હરતાં ફરતાં, કરતાં ઘરનું કામ;
સ્વામિનારાયણ સ્વામિનારાયણ, સુખે રટીએ નામ... પ્રાણી ૦૧

ધન જોબન ને આવરદાના, ના કરીએ નિરધાર;
વીજળીના ઝબકારાની પેઠે, જાતાં ન લાગે વાર... પ્રાણી ૦૨

સ્વામિનારાયણ ભજતાં પ્રાણી, થાશે મોટું સુખ;
લખચોરાશીના ફેરા મટશે, જમપુરીનાં દુઃખ... પ્રાણી ૦૩

પ્રગટ હરિનું ભજન કરીને, ઊતરો ભવજળ પાર;
પ્રેમાનંદ કહે નહિ માનો તો, ખાશો જમનો માર... પ્રાણી ૦૪

**૪૪૩** **પદ-૩**

પ્રાણી સ્વામિનારાયણ સ્વામિનારાયણ ગાઈએ રે;
ગાઈએ રે, દુરિજનથી લેશ ન લજાઈએ રે... ટેક

સ્વામિનારાયણ મહામંત્ર છે, પ્રગટ હરિનું નામ;
આ અવસર જે કોઈ લેશે, તેનાં સરશે કામ... પ્રાણી ૦૧

સ્વામિનારાયણ સ્વામિનારાયણ, ઊંચે સાદે ગાય;
સાંભળીને જમદૂત તેને, દૂરથી લાગે પાય... પ્રાણી ૦૨

સ્વામિનારાયણ નામનો પ્રાણી, અતિ મોટો પ્રતાપ;
છતે દેહે મૂર્તિમાં રાખે, સ્વામિનારાયણ આપ... પ્રાણી ૦૩

સ્વામિનારાયણ સુમરીએ પ્રાણી, તજી લોકની લાજ;
પ્રેમાનંદ કહે રાજી થઈને, મૂર્તિમાં રાખે મહારાજ... પ્રાણી ૦૪

**૪૪૪** **પદ-૧ (રાગ : ધોળ)**

સુખદાયક રે સ્વામી સહજાનંદ, પ્રગટ પુરુષોત્તમ શ્રીહરિ... ટેક
જેનું સ્વામિનારાયણ નામ છે, જેને ભજને રે, પામે ભવજળપાર... પ્રગટ ૦૧
જેનાં દર્શન ઇચ્છે મહામુનિ, કરુણાનિધિ રે, પ્રભુ પરમ ઉદાર... પ્રગટ ૦૨
વ્હાલે કળિ મધ્યે અતિ કરુણા કરી, ધર્યો દ્વિજ કુળ રે, ગુણનિધિ અવતાર... પ્રગટ ૦૩
વ્હાલે સતયુગ સમધર્મ સ્થાપિયો, ટાળ્યા નિજ જનના, મનથી **મદ**[1]ભાર... પ્રગટ ૦૪
એનો જે જને કીધો આશરો, તે તો તરી ગયા રે, કુળ સહિત સંસાર... પ્રગટ ૦૫
મુક્તાનંદ કહે મહિમા અપાર છે, કરે નિશદિન રે, નેતિ નિગમ પોકાર... પ્રગટ ૦૬

● ૧. અભિમાન

**૪૪૫** **પદ-૨**

પ્રેમે પ્રગટ્યા રે સૂરજ સહજાનંદ, **અધર્મ અંધારું**[1] ટાળિયું રે... ટેક
માયા રાત મુમુક્ષુની ટળી, થયું હરિ મળતાં પૂરણ પ્રભાત... અધર્મ ૦૧
સંશય શોક હર્યા સર્વે જીવના, જેણે માની રે, પ્રેમે વ્હાલાની વાત... અધર્મ ૦૨
જૂઠા જ્ઞાની **ઉલુક**[2] જગમાં હતા, તે સંતાણા રે, પાપી પર્વતમાંય... અધર્મ ૦૩
કામ ક્રોધ ને લોભ જે ચોર તે, ડરી ભાગ્યા રે, રહેવા ઠોર ન ક્યાંય... અધર્મ ૦૪
દેખી સંત-કમળ વન ફૂલિયાં, દુઃખ પામ્યા રે, પાપી કુમુદ અપાર... અધર્મ ૦૫
મુક્તાનંદ કહે મહાસુખ આપિયું, એને વારણે રે, જાઉં વારંવાર... અધર્મ ૦૬

● ૧. દેહભાવરૂપી અજ્ઞાન ● ૨. ઘુવડ

**૪૪૬ પદ-૩**

કરી કરુણા રે સ્વામી સહજાનંદ, પધાર્યા અખંડ સુખ આપવા...ટેક
જેનાં દર્શનથી દુષ્કીત ટળે, જેને સ્પર્શે રે, પામે પાતક નાશ...પધાર્યા ૦૧
જેનું શરણું ગ્રહે સુખ પામીએ, વેગે નાસે રે, મોહ માયાના પાશ...પધાર્યા ૦૨
જેની સામર્થી અનંત અપાર છે, જેના મહિમાનો રે, પાર ન પમાય...પધાર્યા ૦૩
મતિમંદ ન જાણે એ મર્મને, જેમ ઉલુકને રે, રવિ નવ દેખાય...પધાર્યા ૦૪
વ્હાલો નિજ મૂર્તિમાં સૌને રાખવા, દેખાયા નરને નર, જેવા મુક્તો સાથ...પધાર્યા ૦૫
મુક્તાનંદ કહે અધર્મ ઉથાપિયો, ભક્તિ જ્ઞાન વૈરાગ્ય, સ્થાપ્યાં ગ્રહી હાથ...પધાર્યા ૦૬

**૪૪૭ પદ-૪**

પોતે પરબ્રહ્મ રે સ્વામી સહજાનંદ, સ્વામિનારાયણ પ્રબળ પ્રતાપ છે... ટેક
વ્હાલો ભરતખંડના નરનારીને, પોતે તપ કરી રે, આપે ફળ સોય... સ્વામિ ૦૧
હરિનાં તપ કેરાં પુણ્ય પ્રતાપથી, થયાં શુદ્ધ મન રે, હરિજન સર્વે કોય... સ્વામિ ૦૨
સ્વામિનારાયણ મુખે ઉચ્ચરે, તેને જન્મ-મરણ રે, જમનો ભય જાય... સ્વામિ ૦૩
સરવે નરકના કુંડ ખાલી થયા, ભૂખ્યા જમગણ રે, કર ઘસી પસ્તાય... સ્વામિ ૦૪
પામ્યા અનંત જીવ હરિધામને, તેની ગણના રે, કેમે કરી ન થાય... સ્વામિ ૦૫
મુક્તાનંદ કહે મહિમા અતિ ઘણો, તેને એક મુખે રે, કવિ કેટલોક ગાય...સ્વામિ ૦૬

**૪૪૮ પદ-૧ (રાગ : ભૈરવી)**

હમ તો એક સહજાનંદ, સહજાનંદ ગાવે;
હમારે મન સ્વામિનારાયણ, દૂસરો ન ભાવે... હમ ૦૧

તપ તીરથ સાધન મેં, સ્વપ્ન મેં નહિ જાવે;
જૈસે કોઈ ઘૃત છાંડ, છાસ કો ન ખાવે... હમ ૦૨

અણિમાદિક અષ્ટ સિદ્ધિ, મુક્તિ કો ન **ચા'વે**[1];
સબકો ફળ સહજાનંદ, ચરન ચિત્ત લાવે... હમ ૦૩

સહજાનંદ જાપ સે, ત્રય તાપ કો બુઝાવે;
ઈનહી કે પ્રતાપ સે, અપાર ગતિ પાવે... હમ ૦૪

અગમ નિગમ કઠિન રહસ્ય, હમેં ન સમજાવે;
પ્રેમાનંદ સાર સુગમ, સહજાનંદ આવે... હમ ૦૫

• ૧. ઇચ્છે

૪૪૯ **પદ-૨**

હમ તો એક સહજાનંદ, ચરન કે ઉપાસી;
લગન મગન મતવારે, છોડી સબ **આશી**[૧]... હમ ૦૧

અડસઠ અબ કૌન ફિરે, કૌન ફિરે કાશી;
અષ્ટ સિદ્ધિ આદિક, **ચઉ**[૨] મુક્તિ સે ઉદાસી... હમ ૦૨

ચૌદ લોક ભોગ કે સુખ, જાને સબ ફાંસી;
સહજાનંદ પદ પંકજ, **મકરંદ**[૩] કે પ્યાસી... હમ ૦૩

ચરણકમલ રસ લોભિત, મતિ સે ઉજાસી;
નારદ સનકાદિક મધુપ, ગુંજત બનવાસી... હમ ૦૪

પુરુષોત્તમ સહજાનંદ, જાને સુખરાશિ;
પ્રેમાનંદ આયો શરન, ચરન કો નિવાસી... હમ ૦૫

● ૧. ઈચ્છા ● ૨. ચાર ● ૩. ભમરો

૪૫૦ **પદ-૩**

હમ તો હરિ સહજાનંદ, રૂપ સે મતવારે;
હમારે સુખસંપત એહી, પ્રાણજીવન પ્યારે... હમ ૦૧

ભાવે કોઈ સુંદર કહો, ભાવે કહો ગોરે;
હમકો એહી રૂપ બિના, ઓર સકલ ખારે... હમ ૦૨

દેહન મેં પ્રાનપિયા, નૈનન મેં તારે;
ઈનહી પર તન મન ધન, વારી વારી ડારે... હમ ૦૩
હમારે યે હી કરમ રેખ, ટરત નહિ ટારે;
યેહી કારન મહા મુનિજન, કોટિક પચી હારે... હમ ૦૪

પ્રેમાનંદ નિગમાગમ, કહત હે અપારે;
સહજાનંદ શ્યામ સુંદર, નીરખી ઉર ધારે... હમ ૦૫

૪૫૧ **પદ-૧ (રાગ : બિભાસ પ્રભાતી)**

છાંડી કે હરિકૃષ્ણદેવ, ઓર કી જો કરું સેવ;
કાટી ડારો કર મેરો, તીખી તરવાર સે... છાંડી ટેક

ત્યાગી કે શ્રી ઘનશ્યામ, ઓર કો જો ધરું ધ્યાન;
ચીર ડારો છાતી મોરી, કઠિન **કુઠાર**[૧] સે... છાંડી ૦૧

હરિકૃષ્ણ બિન અન્ય જેહી, ઈષ્ટ જાની નમું તેહી;
ફોર ડારો શિર મેરો, **મુસળ**[૨] પ્રહાર સે... છાંડી ૦૨

મુક્તાનંદ કહે મોય, ઓર જો પ્રતીત હોય;
જાનિયો અધિક નીચ, **શ્વપચ**[૩] લબાર સે... છાંડી ૦૩

● ૧. કુહાડો ● ૨. સાંબેલું ● ૩. કૂતરાનું માંસ રાંધી ખાનાર

**૪૫૨** **પદ-૨**

છાંડી કે શ્રી ઘનશ્યામ, ઓર કો જો જપું નામ;
કર લે કટારી મેરી, જીભા કાટી ડારિયો... છાંડી ટેક

લોકન કી લાજ ડરું, જો ન ભક્ત ચિહ્ન ધરું;
**પાવક**[૧] કે મધ્ય મેરે, તનકુ **પ્રજારિયો**[૨]... છાંડી ૦૧

જીવિકા કો લોભ જાની, ભક્તિ જો કરું મેં છાની;
તેહી છીન તન મેરો, **શૈલ**[૩] સે પછારિયો... છાંડી ૦૨

મુક્તાનંદ કહે તેરી, દૃઢતા જો ડગે મેરી;
શૂળી પે ચઢાઈ તીખે, તીરન સે મારિયો... છાંડી ૦૩

● ૧. અગ્નિ ● ૨. સળગાવવું ● ૩. પર્વત

**૪૫૩** **પદ-૩**

હોય મૈં હરિકૃષ્ણદાસ, ઓર કી જો કરું આશ;
જાનિયો **લબાર**[૧] લુચ્ચો, નીચ ઠગ **જાર**[૨] સે... હોય ટેક

જંત્ર મંત્ર સત્ય જાનું, તાકી જો પ્રતીત આનું;
જાનિયો અધિક મૂઢ, કુમતિ ગમાર સે... હોય ૦૧

ધર્મહીન ભક્તિ કરું, પ્રભુ સે જો નહિ ડરું;
જાનિયો પ્રબલ પાપી, ભૂમિહું કે ભાર સે... હોય ૦૨

મુક્તાનંદ કહે ઈષ્ટ એક, તાકી જો ન રાખું ટેક;
જાનિયો અધિક બૂરો, **ગંડક**[૩] **બિડાર**[૪] સે... હોય ૦૩

● ૧. જૂઠો, ગપ્પીદાસ ● ૨. લુચ્ચો, વ્યભિચારી ● ૩. જાડી ચામડીના ગેંડા જેવો હલકો
● ૪. બિલાડો

**૪૫૪** **પદ-૪**

પાય કે ઘનશ્યામ પિયા, ઓર સે જો **જોરૂં જિયા**[૧];
જાનો મોય જગ મધ્ય, સબ સે લબાર જ્યું... પાય ટેક

પ્રગટ સ્વરૂપ ત્યાગું, ઓર સે જો અનુરાગું;
જાનિયો જરૂર મોકું, પાપ કો **પહાર**[2] જ્યું... પાય ૦૧

મદ્યમાંસ ભોગી દેવ, તાકી જો કરું મેં સેવ;
હોના સદા શિર મેરે, વજ્ર કે **પ્રહાર**[3] જ્યું... પાય ૦૨

મુક્તાનંદ કહે મોય, ઓર કી જો આશ હોય;
વેશ્યા સમ વેષ મેરો, જાનો અતિ ખ્વાર જ્યું... પાય ૦૩

● ૧. જીવ જોડવો ● ૨. પહાડ ● ૩. ઘા

**૪૫૫** **પદ-૧ (રાગ : ધોળ)**

અક્ષરધામવાસી વ્હાલો, આવ્યા અવની પર;
નવખંડ ધરતીમાં સ્વામી, છતરાયા ચાલે રાજ... અક્ષરધામ ટેક

અવની પર આવી વ્હાલે, સત્સંગ સ્થાપ્યો;
હરિજનને કોલ, કલ્યાણનો આપ્યો રાજ... અક્ષરધામ ૦૧

પાંચે વર્તમાન પાળે, બાઈઓ ને ભાઈઓ;
હરિજન સંગે કીધી, સાચી સગાઈઓ રાજ... અક્ષરધામ ૦૨

બાઈઓ દેખીને ભાઈઓ, છેટેરા ચાલે;
પડી વસ્તુ કોઈની, હાથે નવ ઝાલે રાજ... અક્ષરધામ ૦૩

મુક્તોના સ્વામી વ્હાલો, ધામના ધામી;
પ્રગટ પ્રભુનું નામ, સહજાનંદ સ્વામી રાજ... અક્ષરધામ ૦૪

પ્રેમાનંદનો વ્હાલો, આનંદકારી;
પોતાના જનની વ્હાલે, લાજ વધારી રાજ... અક્ષરધામ ૦૫

**૪૫૬** **પદ-૨**

અધમ ઉદ્ધારણ એવું, પોતાનું નામ;
સત્ય કર્યું આજ, શ્રી ઘનશ્યામ રાજ... અધમ ૦૧

જીવને મુક્ત કર્યા, અવિદ્યા ટાળી;
પ્રૌઢ પ્રતાપ જણાવી, હદ વાળી રાજ... અધમ ૦૨

વિના સાધને સિદ્ધ, દશા પમાડી;
સૌથી પોતાની રીત, ન્યારી દેખાડી રાજ... અધમ ૦૩

રવિ આગે શશી, તારા ન ભાસે;
મતપંથ તેમ, શ્રીહરિ પાસે રાજ... અધમ ૦૪

પ્રેમાનંદના સ્વામી, પૂરણ પ્રતાપી;
પોતાના જનને સ્થિતિ, અલૌકિક આપી રાજ... અધમ ૦૫

## ૪૫૭ પદ-૩

શીદને ભટકો છો તમે, ચતુર સુજાણ;
પ્રગટ પ્રભુની આજ, કરો ઓળખાણ રાજ... શીદને ૦૧

આ ધામ ધામી ક્યારેય, નો'તા પધાર્યા;
અક્ષરકોટિ સ્તુતિ, કરીને હાર્યા રાજ... શીદને ૦૨

અવસર પર કોઈ, અવનીએ આવે;
તો તે માયાની આગે, કાંઈ ન ફાવે રાજ... શીદને ૦૩

**ગુણી**[૧]ને સંગે ક્યાંથી, નિર્ગુણ થાય;
જ્યાંથી આવ્યા તેમાં, પાછા સમાય રાજ... શીદને ૦૪

આવો અવસર હવે, ફરી નહિ આવે;
પ્રેમાનંદ તાળી, દઈને કા'વે રાજ... શીદને ૦૫

● ૧. માયાના ત્રણ ગુણવાળો (રજોગુણ, તમોગુણ, સત્ત્વગુણ)

## ૪૫૮ (રાગ : ગરબી)

પ્રગટ હરિ મુજને મળ્યા રે લોલ;
કાંઈ કહ્યામાં ના'વે વાત; મારી બેની... ટેક

આજ દીનબંધુ અઢળક ઢળ્યા રે લોલ;
પોતે પુરુષોત્તમ સાક્ષાત્; મારી બેની... પ્રગટ ૦૧

એ તો અનંત અક્ષરો થકી પર છે રે લોલ;
એ તો સર્વ તણા આધાર; મારી બેની... પ્રગટ ૦૨

એ તો અનાદિમુક્તોના વર છે રે લોલ;
એનો નિગમ ન પામે પાર; મારી બેની... પ્રગટ ૦૩

એ તો રાજાધિરાજ પણે રાજતા રે લોલ;
એ તો સર્વોપરી ભગવાન; મારી બેની... પ્રગટ ૦૪

એ તો મહા મુનિ શીશ છાજતા રે લોલ;
મનમોહન રૂપનિધાન; મારી બેની... પ્રગટ ૦૫

મહામુક્ત પૂજે જેની પાદુકા રે લોલ;
એવા પરમ પુરુષ મહારાજ; મારી બેની... પ્રગટ ૦૬

જેને ઘડીયે ન મેલે મહા મુક્તો રે લોલ;
એવા દુર્લભ સુલભ થયા આજ; મારી બેની... પ્રગટ ૦૭

**નર વિગ્રહ**[1] ધર્યો કરુણા કરી રે લોલ;
લીધો દ્વિજકુળે અવતાર; મારી બેની... પ્રગટ ૦૮

પ્રેમાનંદનો સ્વામી આજ શ્રીહરિ રે લોલ;
મુક્તિ આપી કરે ભવપાર; મારી બેની... પ્રગટ ૦૯

● ૧. મનુષ્યોને મનુષ્ય જેવા દેખાયા તે - નરનાટક

### ૪૫૯ (પદ : કલિ મેં સાચો સતયુગ)

કલિ મેં સાચો સતયુગ આયો;
સ્વામિનારાયણ દેવ પ્રગટ ભયે, મુનિ સંગ મરમ જનાયો... ટેક

ચાર વરન કે ધરમ સનાતન, વેદ પુરાન બતાયો;
નેમ સહિત પાલત નરનારી, ભવજલ પાર પમાયો... કલિ મેં ૦૧

જ્ઞાન વૈરાગ્ય ભક્તિ કો મારગ, સુગમ કરી સમઝાયો;
જ્યું રવિ ઉદય રજની તમ જાવત, ઉર અંધકાર નસાયો... કલિ મેં ૦૨

પરનારી ચોરી મદ્ય માટી, તાહી કો ત્યાગ કરાયો;
પૂજા પાઠ કથા કીરતન કરી, હરિજન મન હરખાયો... કલિ મેં ૦૩

સાર અસાર વિવેક હી સમજત, જગસુખ સુપન મનાયો;
દેવાનંદ કો નાથ દયાનિધિ, ભક્તન કે મન ભાયો... કલિ મેં ૦૪

## શ્રીજીમહારાજની સર્વોપરીતા વિષે

### ૪૬૦ (ઉપજાતિ વૃત્ત) – શ્રીહરિલીલામૃતમ્ : કળશ-૫, વિશ્રામ-૧૦

સે’જે કરાવે જનને સમાધિ, રહે નહિ અલ્પ કશી ઉપાધિ;
જુવે જઈને જન શ્રીજી ધામ, એ તો ખરું ઈશ્વરનું જ કામ... ૦૧

નાણાં વડે તો જન વશ્ય થાય, કે શસ્ત્રથી રાજ્ય ઘણાં જીતાય;
વિના ધને જો વશ થાય આમ, એ તો ખરું ઈશ્વરનું જ કામ... ૦૨

લાખો જનો નામ ભજે જ જેનું, ખરા દિલે ધ્યાન ધરે જ તેનું;
તજે કહે તો ધન નારી ધામ, એ તો ખરું ઈશ્વરનું જ કામ... ૦૩

પક્કા પૂરા જે પરધર્મી હોય, જેને નહિ જીતી શકે જ કોય;
તે શિષ્ય થૈ પાય કરે પ્રણામ, એ તો ખરું ઈશ્વરનું જ કામ... ૦૪

જુદા જુદા પંથી જનો ઘણાય, તે સર્વના ઈષ્ટ થઈ જણાય;
જપે પછી તે જન તેનું નામ, એ તો ખરું ઈશ્વરનું જ કામ... ૦૫

જે હિંસકો ચોર તથા લૂંટારા, તે ધર્મ પાળે થઈ શુદ્ધ સારા;
એની ધરે જે કરમાં લગામ, એ તો ખરું ઈશ્વરનું જ કામ... ૦૬

મનુષ્યથી જેહ ક્રિયા કરાય, તેવી ક્રિયા તો કરશે બીજાય;
જે તુલ્ય બીજો નહિ કોઈ ઠામ, એ તો ખરું ઈશ્વરનું જ કામ... ૦૭

ધીમે ધીમે તો પ્રસરાય પંથ, ધીમે ધીમે શ્રેષ્ઠ રચાય ગ્રંથ;
લે અલ્પ કાળે કરીને વિરામ, એ તો ખરું ઈશ્વરનું જ કામ... ૦૮

જે કામ શીખ્યાથી કરી શકાય, તે કામ તો માણસનું ગણાય;
લાખો જનોનાં મન વશ્ય આણે, એ તો કળા ઈશ્વર એક જાણે... ૦૯

## પ્રભુના જ્ઞાન વિના મોક્ષ ન થાય તે વિષે

### ૪૬૧ (ઉપજાતિ વૃત્ત) – શ્રીહરિલીલામૃતમ્ : કળશ-૬, વિશ્રામ-૧૬

જથાર્થ જાણે હરિને ન જેહ, કરે ઘણેરાં વ્રતદાન તેહ;
તથાપિ તેનું ફળ અલ્પ થાય, પ્રભુ વિના મોક્ષ નહિ પમાય... ૦૧

વૃક્ષો ઊભાં જે વનમાં રહે છે, તે તાપ વૃષ્ટિ સઘળું સહે છે;
તપસ્વી તુલ્યે તપ તે જણાય, પ્રભુ વિના મોક્ષ નહિ પમાય... ૦૨

જો સ્નાનથી મોક્ષ મળે નિદાન, સદા કરે છે જળજંતુ સ્નાન;
તથાપિ તેનાં નહિ પાપ જાય, પ્રભુ વિના મોક્ષ નહિ પમાય... ૦૩

જો મોક્ષ પામે વનવાસ લીધે, કે નિત્ય પત્રો ફળ ભક્ષ કીધે;
વનેચરો તો ફળ પત્ર ખાય, પ્રભુ વિના મોક્ષ નહિ પમાય... ૦૪

નિષ્કામી તો સૌ બળદો રહે છે, **પરાર્થ**[1] તે સંકટ તો સહે છે;
તેનાથી ધામે નહિ વસાય, પ્રભુ વિના મોક્ષ નહિ પમાય... ૦૫

વડો તણાં વૃક્ષ જટા વધારે, વાગોળ ઊંધે શિર માસ બારે;
બહુ ધરે ધ્યાન **બગો**[૨] બધાય, પ્રભુ વિના મોક્ષ નહિ પમાય... ૦૬

**નોળીક્રિયા**[૩] **કુંજર**[૪] તો કરે છે, નિર્માની થૈ ધૂળ શિરે ધરે છે;
જાણ્યા વિના વ્યર્થ બધા ઉપાય, પ્રભુ વિના મોક્ષ નહિ પમાય... ૦૭

● **૧.** બીજાને માટે ● **૨.** બગલો ● **૩.** પેટના નળ હલાવવાની યોગની એક ક્રિયા ● **૪.** યોગની એક ક્રિયા

## અનન્ય ભક્ત (વિજાપુરનાં વજીબા) વિષે

### ૪૬૨ (ઉપજાતિ વૃત્ત) શ્રીહરિલીલામૃતમ્ : કળશ-૭, વિશ્રામ-૧૭

અનન્ય હું શ્રીહરિની જ એક, બીજા તણો ભાર ગણું ન છેક;
કદી ચમત્કાર ઘણા બતાવે, તથાપિ મારા મનમાં ન આવે... ૦૧

જો કોઈ વૈરાટ સ્વરૂપ ધારી, ભુલાવવાને મન વૃત્તિ મારી;
માયા રચે જો મુજ પાસ મોટી, તથાપિ હું જાણું ખચીત ખોટી... ૦૨

આકાશમાં જો અતિ ઊડી જાય, તે સૂર્યમાં કે શશીમાં સમાય;
હું ભાર એનો ઉરમાં ન આણું, માયા તણો તેહ ગુલામ જાણું... ૦૩

શ્રી સ્વામિનારાયણ એક સાચા, બીજા બધા જોગી જરૂર કાચા;
સિદ્ધાઈ પોતે **શતધા**[૧] બતાવે, એનો મને ભાર જરી ન આવે... ૦૪

કરે કદી પાવકમાં પ્રવેશ, કે **વારિધિ**[૨]માં વિચરે વિશેષ;
કહે પરાયા મન કેરી વાત, તથાપિ જાણું તુચ્છ જીવ જાત... ૦૫

ભ્રમાવવા જોગી ઘણા ભમે છે, ભોળા જનોના મનમાં ગમે છે;
મેં તો ધરી અંતર એવી ટેક, શ્રીજી વિના અન્ય અસત્ય છેક... ૦૬

શ્રીજીતણો નિશ્ચય નો'ય જેને, બીજા તણો ભાર જણાય તેને;
સિદ્ધાઈ સાચો સત્સંગી દેખે, પાખંડી પૂરો ઠગ એમ લેખે... ૦૭

અક્ષર બ્રહ્મ ને પુરુષરાય, મને ભમાવા જ કરે ઉપાય;
તથાપિ હું અંતરમાં ન આણું, શ્રી સ્વામિનારાયણ સત્ય જાણું... ૦૮

● **૧.** સો પ્રકારે ● **૨.** સમુદ્ર, દરિયો

# હરિસ્મૃતિ આધારિત શ્રીહરિ મહાત્મ્યનાં પદો

## સ્વરૂપ ચિંતામણિ (સાંગ મૂર્તિનું વર્ણન)

### ૪૬૩ પદ-૧ (રાગ : નાથ નીરખ્યા છે)

**દોહા**

મનોહર સુંદર મૂરતિ, સહજાનંદ સુખરૂપ ॥
નખશિખ સુધી નીરખતાં, આવે આનંદ અનુપ ॥૦૧॥

પ્રથમ પ્રભુ પ્રગટને, રાખું હૃદયામાંય ॥
અંગોઅંગ અવલોકીને, અંતર રહું ઉછાય ॥૦૨॥

**ચોપાઈ (ધ્રુવપદી)**

પુરુષોત્તમ પરમ દયાળ, નાથ નીરખ્યા છે ॥
શ્રી ભક્તિધર્મના બાળ, નાથ નીરખ્યા છે ॥
સુખદાયી સહજાનંદ, નાથ૦ । સત્સંગીના સુખકંદ, નાથ૦ ॥૦૩॥

અંગોઅંગમાં અવિનાશ, નાથ૦ । તેણે હૈયે છે **હુલાસ**[1], નાથ૦ ॥
પ્રથમ પેખીને બે પાવ, નાથ૦ । આવે અંતરે **ઉછાવ**[2], નાથ૦ ॥૦૪॥

**અંબુજ**[3] **અરુણ**[4] વર્ણ બે ચરણ, નાથ૦ । હરિભક્તના ભયહરણ, નાથ૦ ॥
તેમાં શોભે ચિહ્નન સોળ, નાથ૦ । અવલોકે સુખ અતોળ, નાથ૦ ॥૦૫॥

જમણા ચરણનાં ચિહ્નન જોઈ, નાથ૦ । સ્વસ્તિ અષ્ટકોણ છે સોઈ, નાથ૦ ॥
વજ્ર અંકુશ ને ધ્વજ, નાથ૦ । જવ જાંબુ કહિયે **કંજ**[5], નાથ૦ ॥૦૬॥

પગ બેહુમાં ઊર્ધ્વરેખ, નાથ૦ । શોભે અતિશય વિશેષ, નાથ૦ ॥
પગ ડાબે ચિહ્નન સાત, નાથ૦ । સદા સુખદાયી સાક્ષાત્, નાથ૦ ॥૦૭॥

મત્સ ત્રિકોણ ને વ્યોમ, નાથ૦ । કળશ ધનુષ ને **સોમ**[6], નાથ૦ ॥
ગોપદ સોતાં ગણિયે સાત, નાથ૦ । સોળે ચિહ્નન એહ વિખ્યાત, નાથ૦ ॥૦૮॥

જમણે અંગૂઠે નખમાંય, નાથ૦ । શોભે ઊર્ધ્વરેખ એક ત્યાંય, નાથ૦ ॥
બેઉ પાવલિયા પુનિત, નાથ૦ । ચોંટે આંગળિયો જોઈ ચિત્ત, નાથ૦ ॥૦૯॥

જેવી અરુણ કમળની કળી, નાથ૦ । એવી શોભે પગ આંગળી, નાથ૦ ॥
નખશ્રેણી મણિસમ, નાથ૦ । ઉપડતા ને રૂડા રમ્ય, નાથ૦ ॥૧૦॥

અંગૂઠા આંગળિયું બહુ સારી, નાથ૦ । જોઈ અંતર લિયો ઉતારી, નાથ૦ ॥
આંગળી અંગૂઠા ઉપર, નાથ૦ । શોભે ઝીણા રોમ સુંદર, નાથ૦ ॥૧૧॥

**ફણા**[7] તણા **લાંક**[8] જોઈ, નાથ૦ । શોભે ઘૂંટી ઘણું દોઈ, નાથ૦ ॥
ગોળ રંગચોળ બે પેની, નાથ૦ । શું હું કહું શોભા તેની, નાથ૦ ॥૧૨॥

કાંડાં કોમળ બે કહિયે, નાથ૦ । જંઘા જોઈને સુખ લઈયે, નાથ૦ ॥
પિંડી સરખી ને સુંવાળી, નાથ૦ । **નળી**[9] લાગે છે રૂપાળી, નાથ૦ ॥૧૩॥

જોયા જેવા છે બે **જાનુ**[10], નાથ૦ । ઘૂંટણ નામ ધામ શોભાનું, નાથ૦ ॥
ડાબા જાનુ પર ચિહ્‌ન જોઈ, નાથ૦ । મારું મન રહ્યું છે મોહી, નાથ૦ ॥૧૪॥

**ઉરુ**[11] શોભે સુંદર સુંવાળા, નાથ૦ । **રંભાસ્થંભ**[12] સાથળ રૂપાળા, નાથ૦ ॥
દુંદ ફાંદ દગે દેખી, નાથ૦ । મારી ધન્ય કમાઈ લેખી, નાથ૦ ॥૧૫॥

કોમળ કટી કહીએ કેવી, નાથ૦ । જોઈ અંતર ધાર્યા જેવી, નાથ૦ ॥
પે'રી વળ દેઈ પછેડી, નાથ૦ । મારું મન બાંધ્યાની બેડી, નાથ૦ ॥૧૬॥

ઊંડી નાભિ ગોળ ગંભીર, નાથ૦ । જોઈ જીવ ધરે છે ધીર, નાથ૦ ॥
પેટ રૂડું ને રૂપાળું, નાથ૦ । પીપળપાન સમ સુંવાળું, નાથ૦ ॥૧૭॥

ત્રિવળી પડે છે જો તેમાં, નાથ૦ । **પોયણસમ**[13] શીતલ સુખ જેમાં, નાથ૦ ॥
**નળ**[14] નીરખી મોહ્યું મન, નાથ૦ । શોભે સુંદર શ્યામ સ્તન, નાથ૦ ॥૧૮॥

છબીદાર ઉપડતી છાતી, નાથ૦ । પો'ળી રૂપાળી રંગરાતી, નાથ૦ ॥
હેતે ભર્યું અતિ હૈયું, નાથ૦ । તે કેમ કરી જાય કહ્યું, નાથ૦ ॥૧૯॥

કૂખ પડખાં બે બગલું, નાથ૦ । જોતાં સુખ આવે છે ભલું, નાથ૦ ॥
ખભા ખૂબ જોયા મેં ખાતે, નાથ૦ । શોભા શું વખાણું વાતે, નાથ૦ ॥૨૦॥

ભુજા ભરી બેઉ બળે, નાથ૦ । જોઈ જનમ મરણ ભય ટળે, નાથ૦ ॥
અતિ **આજાનુ**[15] બે બાહુ, નાથ૦ । જોઈ બલિહારી હું જાઉં, નાથ૦ ॥૨૧॥

ગજ સૂંઢ સરીખી શોભે, નાથ૦ । દેખી લોચન મારાં લોભે, નાથ૦ ॥
દિલ માન્યું જોઈ **ડેડરિયો**[16], નાથ૦ । ગોળ અતોળ વળભરિયો, નાથ૦ ॥૨૨॥

કોણી સુંદર શ્યામ સુંવાળી, નાથ૦ । રૂડી લાગે છે રૂપાળી, નાથ૦ ॥
**કળાઈ**[17] કાંડાં કૈ'એ **કરભ**[18], નાથ૦ । જોઈ ગળે મીનમન **ગરભ**[19], નાથ૦ ॥૨૩॥

હાથ હથેળી છે રાતી, નાથ૦ । જોઈ રેખા ઠરે છે છાતી, નાથ૦ ॥
પોંચે પાંચે આંગળિયો સારી, નાથ૦ । **વેઢા વિંટી**[20] ઉપર વારી, નાથ૦ ॥૨૪॥

તસુ ટેરવાં છે રાતાં, નાથ૦ । નથી કૈ'યે મેં કે'વાતાં, નાથ૦ ॥
નખ લાલ મણિસમ સારા, નાથ૦ । તે તો મને લાગે પ્યારા, નાથ૦ ॥૨૫॥

તીખા અગ્ર ને તેજસ્વી, નાથ૦ । જોઈ જીવમાં ગયા વસી, નાથ૦ ॥
કર સુંદર સરખા બેઉ, નાથ૦ । જોઈ દિલ ઉતારી લેઉં, નાથ૦ ॥૨૬॥

કંઠ **કંબુ**[૨૧] સમ **અવલ**[૨૨], નાથ૦ । તેના ખાડા વચ્ચે તલ, નાથ૦ ॥
ગળું રૂપાળું છે ઘણું, નાથ૦ । રૂડું સુંદર સોયામણું, નાથ૦ ॥૨૭॥

દાઢી દેખી દિલડું ઠરિયું, નાથ૦ । જોઈ વિષય સુખ વીસરિયું, નાથ૦ ॥
એવી **ચિબુકે**[૨૩] ચિત્ત ચોંટે, નાથ૦ । મન માન્યું મનોહર **કોટે**[૨૪], નાથ૦ ॥૨૮॥

અધર **પરવાળા**[૨૫] સમ પેખી, નાથ૦ । દિલડું રીઝ્યું તેને દેખી, નાથ૦ ॥
હેતે ભરી વાણી હોઠે, નાથ૦ । સુણી બીજે મન ન ગોઠે, નાથ૦ ॥૨૯॥

દેખી દાંતતણી **આવળિયું**[૨૬], નાથ૦ । કહિયે કુંદ **કુસુમની**[૨૭] કળિયું, નાથ૦ ॥
રૂડા રૂપાળા રસભરિયા, નાથ૦ । સારા સુવર્ણે **સાંકરિયા**[૨૮], નાથ૦ ॥૩૦॥

રસનાએ છે રૂડી વાણી, નાથ૦ । સુણી ચિત્તવૃત્તિ લોભાણી, નાથ૦ ॥
ચોખું બોલે છે ચતુરાયે, નાથ૦ । સુણી વાણી પર બલ જાયે, નાથ૦ ॥૩૧॥

મુખ ભર્યું મનોહર હાસે, નાથ૦ । જોઈ જનમ મરણ દુઃખ નાસે, નાથ૦ ॥
નાસા અણિયાળી છે એવી, નાથ૦ । **શુકચંચુ**[૨૯] **દીપશગ**[૩૦] જેવી, નાથ૦ ॥૩૨॥

તે પર શીળી ચિહ્ન નિહાળો, નાથ૦ । જમણે ગાલે તિલ રૂપાળો, નાથ૦ ॥
ગૌર **કપોળ**[૩૧] છે ગોળ, નાથ૦ । જોઈ આવે સુખ અતોળ, નાથ૦ ॥૩૩॥

કર્ણ હરણ દુઃખના કહિયે, નાથ૦ । જોઈ મોટા સુખને લઈએ, નાથ૦ ॥
**વામ**[૩૨] કાને બિંદુ શ્યામ, નાથ૦ । અતિ શોભે શોભાધામ, નાથ૦ ॥૩૪॥

કાનબૂટે ચોંટે ચિત્ત, નાથ૦ । જોઈ મન થાય ચકિત, નાથ૦ ॥
વાંસો **લાંસો**[૩૩] વાલો લાગે, નાથ૦ । જોઈ તિલ મોટો દુઃખ ભાગે, નાથ૦ ॥૩૫॥

આંખો મનગમતી મર્માળી, નાથ૦ । રાતી રેખાએ રૂપાળી, નાથ૦ ॥
અતિ ભરી છે અમૃતે, નાથ૦ । નિહાળી જોઈ છે મેં નિરાંતે, નાથ૦ ॥૩૬॥

પાંપણ ઉપર કરચલિયું, નાથ૦ । સારી શોભે છે બે ભલિયું, નાથ૦ ॥
ભ્રકુટિ નયણે નીરખી, નાથ૦ । દીસે કામ **કમાન**[૩૪] સરખી, નાથ૦ ॥૩૭॥

ભાલ વચ્ચે રેખા રૂડી, નાથ૦ । મારી મીટ તણી છે મૂડી, નાથ૦ ॥
મોટે સુખ ભર્યું ભાલ, નાથ૦ । જોઈ લમણા છઉં નિહાલ, નાથ૦ ॥૩૮॥

**નળવટ**[૩૫] જોઈ મન લોભાણું, નાથ૦ । જાણ્યું દોયલા દિનનું નાણું, નાથ૦ ॥
કેશ કપોળ વચ્ચે કૈ'યે, નાથ૦ । ચિહ્ન ચિંતવી સુખ લૈયે, નાથ૦ ॥૩૯॥

**તાળું**[૩૬] રૂપાળું છે તેહ, નાથ૦ । વાધે વિલોકે સનેહ, નાથ૦ ॥
સુંદર વાળ અતિ શ્યામ, નાથ૦ । પેખી થાય પૂરણકામ, નાથ૦ ॥૪૦॥

શિખા સુંદર છે સારી, નાથ૦ । નખશિખા પર બલિહારી, નાથ૦ ॥
એવી મૂર્તિ **મિરાંથ**[૩૭] મારી, નાથ૦ । લેઉં અંતરે ઉતારી, નાથ૦ ॥૪૧॥

શોભે નખશિખા શરીર, નાથ૦ । ચિત્તે ચિંતવી ધરું ધીર, નાથ૦ ॥
પુષ્ટ અંગોઅંગ સુંદર, નાથ૦ । મૂર્તિ મરમાળી મનહર, નાથ૦ ॥૪૨॥

મૂર્તિ ઘણી છે ઘનશ્યામ, નાથ૦ । શાંત સ્વભાવે સુખધામ, નાથ૦ ॥
મહારાજની મૂર્તિ ન્યારી, નાથ૦ । કરચરણાદિક પર વારી, નાથ૦ ॥૪૩॥

અંગોઅંગે અવલોકી, નાથ૦ । આવે આનંદ અલોકી, નાથ૦ ॥
નખશિખા સુખની ખાણી, નાથ૦ । જીભે જાય નહિ વખાણી, નાથ૦ ॥૪૪॥

એવી મૂર્તિ મનરંજન, નાથ૦ । ચિત્તે ચિંતવું છું નિશદિન, નાથ૦ ॥
પ્રથમ પોઢી જાગે જ્યારે, નાથ૦ । જોઈ જન મગન મન ત્યારે, નાથ૦ ॥૪૫॥

દિયે દરશન દીનદયાળ, નાથ૦ । નિજભક્તના પ્રતિપાળ, નાથ૦ ॥
પછી દેહક્રિયા કરી આવે, નાથ૦ । હાથ મૃતિકાયે **મટીયાવે**[૩૮], નાથ૦ ॥૪૬॥

ચોળી એકુકી આંગળિયો, નાથ૦ । ધોઈ શુદ્ધ કરે સઘળિયો, નાથ૦ ॥
પછી દાતણ કરતા શ્યામ, નાથ૦ । મુખ ધોઈ લો'તા સુખધામ, નાથ૦ ॥૪૭॥

વતું કરાવતાં વળી, નાથ૦ । નખ લેતાં દસ આંગળી, નાથ૦ ॥
અંગે અત્તર ચોળેલ, નાથ૦ । તેલ સુગંધી **ફુલેલ**[૩૯], નાથ૦ ॥૪૮॥

વળી ના'તા ઉન્હે નીરે, નાથ૦ । લું'તાં લાંસે પટ શરીરે, નાથ૦ ॥
બીજું પે'રે કોરું પટ, નાથ૦ । ચઢતાં ચાખડિયે ચટ, નાથ૦ ॥૪૯॥

ઓઢી પછેડી પાવન, નાથ૦ । આવ્યા જમવાને જીવન, નાથ૦ ॥
બેઠા ચાકળે અવિનાશ, નાથ૦ । હતા નિષ્કુળાનંદ પાસ, નાથ૦ ॥૫૦॥

**॥ ઇતિ શ્રી હરિસ્મૃતિ મધ્યે પ્રથમ ચિંતામણિ ॥**

● **૧.** આનંદ ● **૨.** ઉમંગ ● **૩.** કમળ જેવા ● **૪.** લાલ ● **૫.** કમળ ● **૬.** ચંદ્ર ● **૭.** પગની આંગળીઓ અને ઘૂંટી વચ્ચેનો ભાગ ● **૮.** વળાંક-મરોડ ● **૯.** ઢીંચણ-ઘૂંટી વચ્ચેનો નળો ● **૧૦.** ઢીંચણ ● **૧૧.** સાથળ ● **૧૨.** કેળના સ્થંભ (થાંભલા) જેવા ● **૧૩.** રાત્રિ કમળ ● **૧૪.** પેટની અંદરની નળી ● **૧૫.** ઢીંચણ સુધી લાંબા(હાથ) ● **૧૬.** કોણીથી કાંડા સુધીનો ઉપલો ભાગ ● **૧૭.** કોણીથી કાંડા સુધીનો નીચલો ભાગ ● **૧૮.** કાંડા અને ટચલી આંગળી વચ્ચેનો બહારનો ભાગ ● **૧૯.** ગર્વ ● **૨૦.** બે વેઢા વચ્ચેનો ભાગ ● **૨૧.** શંખ ● **૨૨.** શ્રેષ્ઠ ● **૨૩.** દાઢી ઉપરનો ભાગ ● **૨૪.** ડોકે

● ૨૫. લાલ મણિ ● ૨૬. પંક્તિ ● ૨૭. એક જાતના મોગરા જેવા ફૂલની ● ૨૮. બાંધેલા ● ૨૯. પોપટની ચાંચ ● ૩૦. દીવાની જ્યોત ● ૩૧. ગાલની ઉપરનો ભાગ ● ૩૨. ડાબા ● ૩૩. સુંવાળો ● ૩૪. ધનુષ્ય ● ૩૫. નેણ ઉપરનો ભાગ ● ૩૬. તાળવું ● ૩૭. મૂડી ● ૩૮. સાફ કરી આવે ● ૩૯. ફૂલની સુગંધથી સુવાસિત કરેલ (તેલ)

## દર્શન ચિંતામણિ (ઉપાંગ મૂર્તિનું વર્ણન)

### ૪૬૪ પદ-૨ (રાગ : ભૂધર ભાળ્યા છે)

**દોહા**

કર પતર થાળી થાળમાં, તાંસળી કટોરા ત્રાંસ ॥
પનવાડાં પડિયા વાટકા, જમ્યા કનક ઠામે અવિનાશ ॥૦૧॥

અબખોરા કટોરા કળશિયા, કઠારી ઝારી તુંબ કમંડળ ॥
ચળું કરી ચતુરાઈશું, પીધાં નિરમળ જળ ॥૦૨॥

**ચોપાઈ (ધ્રુવપદી)**

દાંત **સુધારી**[1] બેઠા પાટે, ભૂધર ભાળ્યા છે ॥
આવ્યા જન પૂજવા માટે, ભૂધર ભાળ્યા છે ॥
ચરચે ચંદન મળિયાગરે, ભૂધર૦ । કુમકુમ કસ્તુરી કેસરે, ભૂધર૦ ॥૦૩॥

સારી સુખડ શરીરે, ભૂધર૦ । જને ચરચી ધીરે ધીરે, ભૂધર૦ ॥
કર્યા કુમકુમના ચાંદલા, ભૂધર૦ । શોભે ચોખા ચોડ્યા ભલા, ભૂધર૦ ॥૦૪॥

હૈયે લલાટે બે હાથે, ભૂધર૦ । કર્યા તિલક ચંદ્ર સાથે, ભૂધર૦ ॥
અંગે અંબર વિના રે'તા, ભૂધર૦ । તોય સુંદર દર્શન દેતા, ભૂધર૦ ॥૦૫॥

**વલકલ**[2] વાઘાંબર સુંદરે, ભૂધર૦ । મૃગાજિન ટાટાંબરે, ભૂધર૦ ॥
પછી કોપીન **કટવેડે**[3], ભૂધર૦ । રાખી અલફી તાર કેડે, ભૂધર૦ ॥૦૬॥

ગોદડી ચાદર ચોફાળે, ભૂધર૦ । દીધાં દરશન દયાળે, ભૂધર૦ ॥
ખેસ ધોતી પોતી પે'રી, ભૂધર૦। ગૂઢે રેંટે ફેંટે લે'રી, ભૂધર૦ ॥૦૭॥

સુરવાળ **ગુડકી**[4] જામે, ભૂધર૦ । જોઈ અંગરખી દુઃખ વામે, ભૂધર૦ ॥
પે'રી **આંગી**[5] અંગે વા'લે, ભૂધર૦ । કસી કમર દુશાલે, ભૂધર૦ ॥૦૮॥

ડગલી સોનેરી રૂપેરી, ભૂધર૦ । **કીનખાપની**[6] જો પે'રી, ભૂધર૦ ॥
ડગલી જરીની પે'રેલ, ભૂધર૦ । **બોરકસુની**[7] બાંધેલ, ભૂધર૦ ॥૦૯॥

**પટુ**[8] **પાંબરી**[9] **ચકમે**[10], ભૂધર૦ । સાલ દુશાલે દુઃખ શમે, ભૂધર૦ ॥
બોરી **ચોફાળ**[11] રૂમાલે, ભૂધર૦ । પે'ર્યો રાતો **રેંટો**[12] વાલે, ભૂધર૦ ॥૧૦॥

ડગલી ગરમ પોસની પે'રિયે, ભૂધર૦। પાઘ કસુંબી સોનેરિયે, ભૂધર૦॥
વસ્ત્ર અત્તરમાં રસબસે, ભૂધર૦। બોકાની પાઘડિયે ધસમસે, ભૂધર૦॥૧૧॥

મુગટ કુંડળ મોળિડે, ભૂધર૦। કસુંબી ફેંટે **કંકોલીડે**[૧૩], ભૂધર૦॥
**પાઘ મુગલી**[૧૪] મરેઠિયે, ભૂધર૦। સુરતી કાઠીની સોરઠિયે, ભૂધર૦॥૧૨॥

ટોપી કચ્છ કેવડા ફૂલની, ભૂધર૦। **ગુંજા**[૧૫] જરિયાન મહામૂલની, ભૂધર૦॥
તોરા ગજરા બાજુએ, ભૂધર૦। કંકણ ફૂલ ને કાજુએ, ભૂધર૦॥૧૩॥

ગુંજા **રતાંજળી**[૧૬] હારે, ભૂધર૦। અર્ક અનકણના અપારે, ભૂધર૦॥
ગુલાબ ગુલદાવદી માલે, ભૂધર૦। ચંપા ચમેલી વિશાલે, ભૂધર૦॥૧૪॥

**ગુલસુમના**[૧૭] ગોટા હજારી, ભૂધર૦। ફેંટો ફૂલપછેડી ધારી, ભૂધર૦॥
હીરા મોતી મણિ માળે, ભૂધર૦। પના પીરોજા પ્રવાળે, ભૂધર૦॥૧૫॥

ફૂલ કપૂર ને હારે, ભૂધર૦। બાજુ તોરા પવિત્રાં સારે, ભૂધર૦॥
સોના પાઘ સોના **ઝરમરિયાં**[૧૮], ભૂધર૦। છોગાં પણ સોનેરી ધરિયાં, ભૂધર૦॥૧૬॥

તોરા **શિરપેચ**[૧૯] સોનાને, ભૂધર૦। ખોસ્યાં ફૂલ સોનાનાં કાને, ભૂધર૦॥
સોના દોરો સોના સાંકળિયે, ભૂધર૦। સોનામાળ સોનાં માદળિયે, ભૂધર૦॥૧૭॥

હાર કંઠી પણ કનકને, ભૂધર૦। બલિહારી એ **બાનકને**[૨૦], ભૂધર૦॥
હીરા સાંકળી **ઝૂમણું**[૨૧], ભૂધર૦। શોભે કાને કુંડળ ઘણું, ભૂધર૦॥૧૮॥

સોના બાજુ સોના કડે, ભૂધર૦। પોંચી વેઢ વીંટી નંગ જડે, ભૂધર૦॥
**કરડા**[૨૨] **ફેરવા**[૨૩] અંગૂઠી, ભૂધર૦। મુદ્રિકા સોનાની દીઠી, ભૂધર૦॥૧૯॥

**કટીમેખળા**[૨૪] ને તોડો, ભૂધર૦। શોભે સોનાનો તે રૂડો, ભૂધર૦॥
પે'રી રૂપાની ચાખડિયે, ભૂધર૦। એવા દીઠા છે આંખડિયે, ભૂધર૦॥૨૦॥

ઘમકે ઘુઘરિયો **ખડાયે**[૨૫], ભૂધર૦। ચડતાં પગથિયે **ચડાયે**[૨૬], ભૂધર૦॥
પે'રી કમળ ફૂલવાળી, ભૂધર૦। ચમકે ચંપાની રૂપાળી, ભૂધર૦॥૨૧॥

સાગ સીસમની પણ સારી, ભૂધર૦। ચરણે ચાખડિયો ચમકારી, ભૂધર૦॥
**કિશોરી**[૨૭] સૂતરને **વાણે**[૨૮], ભૂધર૦। મોજડી ઓખાઈ **અણવાણે**[૨૯], ભૂધર૦॥૨૨॥

ખાટ્ય પાટ્ય ને પલંગે, ભૂધર૦। બેઠા ઢોલિયે ઉમંગે, ભૂધર૦॥
છપર પલંગ ખાટલે, ભૂધર૦। ખુરશી બાજોઠ પાટલે, ભૂધર૦॥૨૩॥

સાંગામાંચી સિંહાસને, ભૂધર૦। ગાદી ચાકળે આસને, ભૂધર૦॥
મેડે મંચે **ડોલ**[૩૦] હીંડોળે, ભૂધર૦। ગોખ વા'ણ વંડી **દેવાલે**[૩૧], ભૂધર૦॥૨૪॥

કૂબા ઘર મેડી હવેલી, ભૂધર૦ । બેઠા બંગલે શંકા મેલી, ભૂધર૦ ॥
મંદિર મંડપ **દલિચા**[૩૨] દેરે, ભૂધર૦ । તંબુ રાવટીએ બહુવેરે, ભૂધર૦ ॥૨૫॥

અટારી અગાશી જાળિયે, ભૂધર૦ । બેઠા મોહનજી માળિયે, ભૂધર૦ ॥
ઓટે ઓસરી **પડસાળે**[૩૩], ભૂધર૦ । દીધાં ત્યાં દરશન દયાળે, ભૂધર૦ ॥૨૬॥

બેઠા ચોક ફળી ચોતરે, ભૂધર૦ । છાંટી ભૂમિ ફુવારા **ભરે**[૩૪], ભૂધર૦ ॥
સારી **આસણિ**[૩૫] સાદરિયે, ભૂધર૦ । દરશન કામળી પર કરિયે, ભૂધર૦ ॥૨૭॥

ગોદડી ગોદડાં ગાદલાં, ભૂધર૦ । ત્યાં દરશન થયાં છે ભલાં, ભૂધર૦ ॥
ઝાડ પા'ડ ને પાષાણે, ભૂધર૦ । બેઠા ભૂમિ પર જન જાણે, ભૂધર૦ ॥૨૮॥

ગાડી વે'લ રથ પાલખિયે, ભૂધર૦ । મૂર્તિ **મેને**[૩૬] બેઠી લખિયે, ભૂધર૦ ॥
ગાડું **ચારટ**[૩૭] સુખપાલે, ભૂધર૦ । જુવે જન વા'લાને વા'લે, ભૂધર૦ ॥૨૯॥

**કરિ**[૩૮] **કરલિએ**[૩૯] બહુ **બાજે**[૪૦], ભૂધર૦ । સોનેરી **સખલાદિ**[૪૧] સમાજે, ભૂધર૦ ॥
બેઠા નિજ સેવકને **અંશે**[૪૨], ભૂધર૦ । જેમ મુક્તો બેઠા હંસે, ભૂધર૦ ॥૩૦॥

એક સમામાં મુનિ મળી, ભૂધર૦ । આવ્યા પૂજા કરવા વળી, ભૂધર૦ ॥
વસ્ત્ર ઘરેણાં પે'રાવી, ભૂધર૦ । ચરચ્યાં ચંદન સુંદર લાવી, ભૂધર૦ ॥૩૧॥

ધૂપ દીપ પુષ્પહારે, ભૂધર૦ । કરી પૂજા બહુ પ્રકારે, ભૂધર૦ ॥
પછી ઉતારી આરતી, ભૂધર૦ । કરી ધૂન્ય સ્તુતિ અતિ, ભૂધર૦ ॥૩૨॥

પછી પ્રભુ થયા પ્રસન્ન, ભૂધર૦ । **મળ્યા**[૪૩] નિજજનને **જીવન**[૪૪], ભૂધર૦ ॥
ચરચ્યાં ચરણ બે ચંદને, ભૂધર૦ । લીધા ઉર વચ્ચે નિજજને, ભૂધર૦ ॥૩૩॥

છાપી નિજજનની એમ છાતી, ભૂધર૦ । પછી બેસારી પંગતી, ભૂધર૦ ॥
બેઠા પંગતે મુનિરાજ, ભૂધર૦ । આવ્યા પીરસવા મહારાજ, ભૂધર૦ ॥૩૪॥

પીરસે પંગતમાં હરિ પોતે, ભૂધર૦ । જન તૃપ્ત ન થાય જોતે, ભૂધર૦ ॥
લાડુ જલેબી લઈને, ભૂધર૦ । જાય **જોરાજોર**[૪૫] દઈને, ભૂધર૦ ॥૩૫॥

બહુ પીરસે પ્રેમે કરી, ભૂધર૦ । ફરે પંગતમાં ફરીફરી, ભૂધર૦ ॥
લઈ લઈ ભોજનનાં નામ, ભૂધર૦ । આપે ઘણે હેતે ઘનશ્યામ, ભૂધર૦ ॥૩૬॥

લીધા લટકે લાડુ હાથ, ભૂધર૦ । નિજજન જમાડે નાથ, ભૂધર૦ ॥
**માસુખ**[૪૬] મુખમાં મોદક આપે, ભૂધર૦ । વળી મસ્તક ચરણે છાપે, ભૂધર૦ ॥૩૭॥

દેતા દહીં દૂધ **દોવટે**[૪૭], ભૂધર૦ । આપે ખાંડ સાકર કર મોટે, ભૂધર૦ ॥
પે'રી પછેડી ખેસની, ભૂધર૦ । શોભા શી કહું વેશની, ભૂધર૦ ॥૩૮॥

ચાલે ઉતાવળા **ચટકે**[૪૮], ભૂધર૦ । પે'રી ગુડકી નાડી લટકે, ભૂધર૦ ॥
ફરે પંગતમાં બહુ ફેરા, ભૂધર૦ । પીરસે પાક પોતે ઘણેરા, ભૂધર૦ ॥૩૯॥

એમ **જોરે**[૪૯] જન જમાડે, ભૂધર૦ । પીરસી પીરસી હાર પમાડે, ભૂધર૦ ॥
એમ જમાડ્યા જન જ્યારે, ભૂધર૦ । કર પગ ધોયા તે વારે, ભૂધર૦ ॥૪૦॥

પછી ઉતારે પધાર્યા, ભૂધર૦ । નિજજન મન **મોદ**[૫૦] વધાર્યા, ભૂધર૦ ॥
ત્યાં ઢોલિયો ઢાળેલ, ભૂધર૦ । તે પર પાથરણાં પાથરેલ, ભૂધર૦ ॥૪૧॥

સુંદર ગાદલાં ગોદડે, ભૂધર૦ । ઓછાડ **ઓસિકાં**[૫૧] રૂડે, ભૂધર૦ ॥
મેલ્યાં ગાલમસુરિયાં ગાલે, ભૂધર૦ । ચાંપે ચરણ નિજજન વા'લે, ભૂધર૦ ॥૪૨॥

**શીત**[૫૨] ઋતુમાંહી સારી, ભૂધર૦ । તાપે સુખડ્યે સુખકારી, ભૂધર૦ ॥
ચકમો ચોફાળ રજાઈ, ભૂધર૦ । ઓઢી પછેડી તે માંઈ, ભૂધર૦ ॥૪૩॥

ઉષ્ણ ઋતુમાં અવિનાશી, ભૂધર૦ । શીતળ જળ પીતાં સુખરાશિ, ભૂધર૦ ॥
પંખા કરતાં સેવક પાસે, ભૂધર૦ । શીતલ ચંદન ચરચ્યાં દાસે, ભૂધર૦ ॥૪૪॥

ચોમાસામાં ચઢી ચાખડિયે, ભૂધર૦ । સુંદર સારી કર લાકડિયે, ભૂધર૦ ॥
ઓઢી કામળી સુંવાળી, ભૂધર૦ । ધારી છતરી રૂપાળી, ભૂધર૦ ॥૪૫॥

આવી બેઠા સભામાંય, ભૂધર૦ । જન સર્વે લાગ્યા પાય, ભૂધર૦ ॥
ત્યાં **પરિયંક**[૫૩] પાથરણે, ભૂધર૦ । બેઠા રસિયો રાજીપણે, ભૂધર૦ ॥૪૬॥

તે પર ઓછાડ **સોરંગી**[૫૪], ભૂધર૦ । બેઠા તકિયાને **ઓઠંગી**[૫૫], ભૂધર૦ ॥
નીરખી જનમન મગન થિયાં, ભૂધર૦ । સુંદર હાર પે'રાવ્યા તિયાં, ભૂધર૦ ॥૪૭॥

પછી ત્યાગી ગૃહી દાસે, ભૂધર૦ । પૂછ્યા પ્રશ્ન પ્રભુ પાસે, ભૂધર૦ ॥
તેનો ઉત્તર કરતાં આપે, ભૂધર૦ । **કર**[૫૬] લટકાં કરી દુઃખ કાપે, ભૂધર૦ ॥૪૮॥

રૂડા પ્રશ્નને સાંભળી, ભૂધર૦ । ઊઠ્યા જનને મળવા વળી, ભૂધર૦ ॥
મળ્યા ત્યાગીને **બહુ ભાતી**[૫૭], ભૂધર૦ । પછી છાપી ચરણે છાતી, ભૂધર૦ ॥૪૯॥

પછી સત્સંગી સુખ સીમા, ભૂધર૦ । લીધાં તેણે ચરણ છાતીમાં, ભૂધર૦ ॥
એવાં અલૌકિક સુખ દેતાં, ભૂધર૦ । આનંદ નિષ્કુળાનંદ લેતાં, ભૂધર૦ ॥૫૦॥

**॥ ઇતિ શ્રી હરિસ્મૃતિ મધ્યે દ્વિતીય ચિંતામણિ ॥**

● **૧.** ખોતરી - સાફ કરી ● **૨.** શણનું કાપડ ● **૩.** કેડ પર બાંધેલ વસ્ત્રનો ટુકડો ● **૪.** ચોરણી ● **૫.** કસુવાળી કફની ● **૬.** જરીબુટાનું વસ્ત્ર ● **૭.** બટનવાળી દોરીથી ● **૮.** ગરમ કપડું ● **૯.** પછેડી ● **૧૦.** ઊનનું જાડું કપડું ● **૧૧.** ચોકડી પાડેલું જાડું-મોટું ઓઢવાનું વસ્ત્ર ● **૧૨.** નાની પાઘડી ● **૧૩.** લાલ રંગ ● **૧૪.** મોગલ મરાઠાની પાઘડી ● **૧૫.** ચણોઠી ● **૧૬.** રક્તચંદન ● **૧૭.** જૂઈનું

ફૂલ ● **૧૮.** હળવું વસ્ત્ર ● **૧૯.** પાઘડી ઉપરની કલગી ● **૨૦.** પહેરવેશ ● **૨૧.** કાનમાં પહેરવાનું ઘરેણું ● **૨૨,૨૩.** આંગળીઓનાં ઘરેણાં ● **૨૪.** કંદોરો ● **૨૫.** પાદુકામાં ● **૨૬.** ઊંચે માર્ગે ● **૨૭.** જોડાની જાત ● **૨૮.** પગરખાં ● **૨૯.** ઉઘાડે પગે ● **૩૦.** પાલખી ● **૩૧.** દેવાલયમાં ● **૩૨.** ઓટલો ● **૩૩.** રહેણાંકનો આગળનો ભાગ ● **૩૪.** ઘાસ કે લાકડાથી ભરેલા ગાડા ઉપર ● **૩૫.** આસનિયું ● **૩૬.** ઘુંમટવાળી પાલખી ● **૩૭.** ચાર પૈડાની બગી ● **૩૮.** હાથી ● **૩૯.** ઊંટ ઉપર ● **૪૦.** ઘોડે ● **૪૧.** શંખલાના શણગારથી સજ્જ કરેલ ● **૪૨.** ખભા ઉપર ● **૪૩.** ભાવથી ભેટ્યા ● **૪૪.** પ્રાણપ્યારા પ્રભુ ● **૪૫.** પરાણે ● **૪૬.** સુંવાળા ● **૪૭.** બમણું ● **૪૮.** ચતુરાઈએ ● **૪૯.** આગ્રહ કરીને ● **૫૦.** આનંદ ● **૫૧.** ઓશીકાં ● **૫૨.** ઠંડી ● **૫૩.** પલંગ ● **૫૪.** રંગબેરંગી ● **૫૫.** ટેકો દઈને ● **૫૬.** હાથનાં ● **૫૭.** બહુ પ્રકારે

## ૪૬૫ મહાત્મ્ય ચિંતામણિ (મહાત્મ્યનું પદ)

### પદ-૩ (રાગ : જીવન જાણું છું)

### દોહા

એમ નખશિખા મૂર્તિ નાથની, સમરતાં સુખ થાય ॥
અહોનિશ ઉરમાં ધારતાં, કરવું રહે ન કાંય ॥૦૧॥

ચરિત્ર સર્વ ચિંતવી, મૂરતિ ધારે મન ॥
કાળ માયા કર્મનું, વ્યાપે નહિ વિઘન ॥૦૨॥

### ચોપાઈ (ધ્રુવપદી)

મૂર્તિ તમારી સુખકારી, **જીવન**[1] જાણું છું ॥
છો અવતારના અવતારી, જીવન જાણું છું ॥
મહા સમર્થ છો મહારાજ, જીવન૦ । વળી આપે રાજાધિરાજ, જીવન૦ ॥૦૩॥

પુરુષોત્તમ પૂરણબ્રહ્મ, જીવન૦ । તમને નેતિ કહે **નિગમ**[2], જીવન૦ ॥
અતિ અતિ દયાળુ સ્વભાવ, જીવન૦ । અમ સૌના મહાનુભાવ, જીવન૦ ॥૦૪॥

સ્વામિનારાયણ નિર્વિકારી, જીવન૦ । મહા પરમ મંગળકારી, જીવન૦ ॥
ભક્ત ભયહારી ભગવાન, જીવન૦। આપ્યાં આશ્રિતને અભયદાન, જીવન૦॥૦૫॥

અતિ આનંદ ઘન દિવ્યમૂર્તિ, જીવન૦ । જેને અતિ અગમ કહે **શ્રુતિ**[3], જીવન૦ ॥
છો પરમ કલ્યાણકારી, જીવન૦ । એવી **નૌતમ**[4] મૂર્તિ ન્યારી, જીવન૦ ॥૦૬॥

તમે કોટિ બ્રહ્માંડાધીશ, જીવન૦ । વળી સર્વે તણા છો ઈશ, જીવન૦ ॥
ધર્મ ધુરંધર ધન્ય, જીવન૦ । ભક્તિ ધર્મના નંદન, જીવન૦ ॥૦૭॥

અલૌકિક મૂર્તિ આપે, જીવન૦ । જોએ જનમ મરણ દુઃખ કાપે, જીવન૦ ॥
તમે કાળ માયાના નિયંતા, જીવન૦ । છો ગુણસાગર ગુણવંતા, જીવન૦ ॥૦૮॥

તમે અનાદિમુક્તોના સ્વામી, જીવન૦। અકળ મૂર્તિ અંતરજામી, જીવન૦॥
પતિતપાવન અશરણશરણ, જીવન૦। અધમ ઉદ્ધારણ **અઘહરણ**[5], જીવન૦॥૦૯॥

નખશિખ મૂર્તિ મંગળરૂપ, જીવન૦। આવે જોએ સુખ અનુપ, જીવન૦॥
**આનંદપાવ**[6] **આનંદકર**[7], જીવન૦। આનંદમાં મુખ મનોહર, જીવન૦॥૧૦॥

આનંદ રૂપ અનુપમ એવું, જીવન૦। સૌ જનને જોયા જેવું, જીવન૦॥
આનંદ વસન ભૂષણ અંગે, જીવન૦। આનંદ આપો છો ઉછરંગે, જીવન૦॥૧૧॥

કૃપાસિંધુ છો ઘનશ્યામ, જીવન૦। ક્રોધ લોભ નિવારણ કામ, જીવન૦॥
પરમાત્મા પૂરણ બ્રહ્મ, જીવન૦। નીલકંઠ કહે નિગમ, જીવન૦॥૧૨॥

અનંત મુક્તોના છો સ્વામી, જીવન૦। વળી સર્વે ધામના ધામી, જીવન૦॥
ક્ષર અક્ષરથી છો પર, જીવન૦। અક્ષરધામ તમારું ઘર, જીવન૦॥૧૩॥

અન્વય સ્વરૂપ તમારી શક્તિ, જીવન૦। કરો બહુ કારજ એ વતી, જીવન૦॥
કોટિ બ્રહ્માંડને કરે છે, જીવન૦। ઉત્પત્તિ સ્થિતિ ને હરે છે, જીવન૦॥૧૪॥

તેના નિયંતા છો તમે, જીવન૦। સત્ય સ્વામી જાણ્યા અમે, જીવન૦॥
કારણના કારણ કહિયે, જીવન૦। કાળના પણ કાળ **લહિયે**[8], જીવન૦॥૧૫॥

આત્માના આત્મા છો જી, જીવન૦। પ્રાણના પણ પ્રાણ છો જી, જીવન૦॥
તમે ઈશ્વરના ઈશ્વર, જીવન૦। અંતરજામી છો અઘહર, જીવન૦॥૧૬॥

સર્વેના છો **સાક્ષી**[9] સાર, જીવન૦। સકળ ફળના દેનાર, જીવન૦॥
સ્વયં સુખરૂપ **રાજો**[10], જીવન૦। પ્રત્યક્ષપણે આપ બિરાજો, જીવન૦॥૧૭॥

જીવપ્રાણી માત્રે કહે છે, જીવન૦। તેથી પર ઈન્દ્રાદિક જે છે, જીવન૦॥
તેથી પર અનંત ઈશ, જીવન૦। વૈરાટ ઉપરી છે હંમેશ, જીવન૦॥૧૮॥

વૈરાટથી પર અહંકાર, જીવન૦। મહત્તત્ત્વ ઐશ્વર્ય દેનાર, જીવન૦॥
એથી પર પ્રધાનપુરુષ, જીવન૦। જેને માયા રાખે ખુશ, જીવન૦॥૧૯॥

માયામાંથી અનંત જન્મે છે, જીવન૦। માયામાં જ લીન થાય છે, જીવન૦॥
તેથી જીવો તે કહેવાય, જીવન૦। ક્ષર જગતમાં લેવાય, જીવન૦॥૨૦॥

તેથી પર પ્રકૃતિપુરુષ, જીવન૦। બીજું નામ મૂળપુરુષ, જીવન૦॥
મહાપુરુષ પણ જેને કહે છે, જીવન૦। એક નહિ અનંતાનંત જે છે, જીવન૦॥૨૧॥

તેથી પર છે મહાકાળ, જીવન૦। નરનારાયણ એની પાર, જીવન૦॥
આવા અનંત જે ઈશ્વર, જીવન૦। વાસુદેવ સૌના પરમેશ્વર, જીવન૦॥૨૨॥

એમના ઉપર મૂળઅક્ષર, જીવન૦ । જે આ બધાથીય છે પર, જીવન૦ ॥
માયાથી મુકાયા માટે દિવ્ય, જીવન૦ । છતાં નથી સદા દિવ્ય, જીવન૦ ॥૨૩॥

તેજ સમૂહ તવ અક્ષરધામ, જીવન૦ । એક કિરણ તેની નિદાન, જીવન૦ ॥
અન્વય શક્તિ જેને કહે છે, જીવન૦ । એના આધારે આ સૌ રહે છે, જીવન૦ ॥૨૪॥

ઉત્તરોત્તર રહ્યા સૌમાં વ્યાપી, જીવન૦ । અક્ષરોથી જીવ સૌ આ થકી, જીવન૦ ॥
કોઈની પાસે ચપટીય નથી, જીવન૦ । અરે વ્યતિરેક દર્શન નથી, જીવન૦ ॥૨૫॥

છે એક એક બ્રહ્માંડાધીશ, જીવન૦ । સૌના કર્તા હર્તા તમે ઈશ, જીવન૦ ॥
એવા છોજી એક નિયંતા, જીવન૦ । સહુ રહે છે તમથી ડરતા, જીવન૦ ॥૨૬॥

એવા મોટા છો મહારાજ, જીવન૦ । તે મળ્યા છો મને આજ, જીવન૦ ॥
તે તો નાથ કરી છે દયા, જીવન૦ । તે ગુણ કેમ કરી જાય કહ્યા, જીવન૦ ॥૨૭॥

તમે મે'ર મુજ પર કીધી, જીવન૦ । વળી બૂડતાં બાંહ્ય ગ્રહી લીધી, જીવન૦ ॥
જે જે કર્યો તમે **ગુણ**[૧૧], જીવન૦ । બીજો કરે એવો **કુંણ**[૧૨], જીવન૦ ॥૨૮॥

તમે બિરુદ પાળ્યું તમારું, જીવન૦ । જોયું નહિ કર્તવ્ય અમારું, જીવન૦ ॥
તમે ગર્ભવાસ ત્રાસ ટાળ્યો, જીવન૦ । એ તો આડો આંક જ **વાળ્યો**[૧૩], જીવન૦॥૨૯॥

જનમતાં જતન કીધી, જીવન૦ । મારી બહુનામી બહુવિધિ, જીવન૦ ॥
ખાન પાન ખબર રાખી, જીવન૦ । શું હું દેખાડું કહી દાખી, જીવન૦ ॥૩૦॥

આજ સુધી પણ અમારી, જીવન૦ । રાખો છો ખબર સારી, જીવન૦ ॥
પળે પળે કરો પ્રતિપાળ, જીવન૦ । એવો બીજો કોણ દયાળ, જીવન૦ ॥૩૧॥

વળી અંતકાળે દર્શન દો છો, જીવન૦ । પરભાવમાં મૂકી દ્યો છો, જીવન૦ ॥
વળી ઘણે **મૂલે**[૧૪] ઘનશ્યામ, જીવન૦ । મુક્તો સંગે દર્શન દાન, જીવન૦ ॥૩૨॥

એમ અલબેલાજી આવો, જીવન૦ । દેહભાવ દાસના મુકાવો, જીવન૦ ॥
જીવને આપો ભાગવતીતનુ, જીવન૦ । ખૂબ કૃપા કરો છો ઘનુ, જીવન૦ ॥૩૩॥

તેને આપો છો મૂર્તિધામ, જીવન૦ । થાય છે જન પૂરણકામ, જીવન૦ ॥
બીજો એવો કોણ કૃપાળુ, જીવન૦ । તમ વિના દીઠા નહિ દયાળુ, જીવન૦ ॥૩૪॥

તમે દીનતણા છો **બંધુ**[૧૫], જીવન૦ । સુખકારી સુખના **સિંધુ**[૧૬], જીવન૦ ॥
તમે નાથ અનાથ જનના, જીવન૦ । તમે મહેરબાન છો મનના, જીવન૦ ॥૩૫॥

તમે નોંધારાના આધાર, જીવન૦ । તમે દુર્બળના દાતાર, જીવન૦ ॥
તમે ભક્તના ભય હરતા, જીવન૦ । નિજજનને નિર્ભય કરતા, જીવન૦ ॥૩૬॥

તમે સંત જનના સ્નેહી, જીવન૦ । કાપો કષ્ટ પડે જેહી, જીવન૦ ॥
તમે દાસતણાં દુઃખ કાપી, જીવન૦ । કર્યા સુખિયા સુખ જ આપી, જીવન૦ ॥૩૭॥

એવા ભક્તવત્સલ ભગવાન, જીવન૦ । દીધાં આશ્રિતને અભયદાન, જીવન૦ ॥
તમે **અશરણના**[૧૭] છો **શરણ**[૧૮], જીવન૦ । દુઃખ ટાળી સુખના કરણ, જીવન૦ ॥૩૮॥

નિજજનનાં સુખ સારુ, જીવન૦ । ઈયાં દર્શન છે તમારું, જીવન૦ ॥
તમે અગમ સુગમ થઈ, જીવન૦ । દર્શન દઈ ઉદ્ધાર્યા કંઈ, જીવન૦ ॥૩૯॥

તમે નરને નર દેખાયા, જીવન૦ । અમ સહુને તેથી ભાવ્યા, જીવન૦ ॥
દઈ દર્શ સ્પર્શનું દાન, જીવન૦ । નિર્ભય જન કર્યા નિદાન, જીવન૦ ॥૪૦॥

મૂર્તિ તમારી મહારાજ, જીવન૦ । **સરે**[૧૯] સહુનાં જોઈ કાજ, જીવન૦ ॥
દઈ દર્શ સ્પર્શ જે તમારો, જીવન૦ । મહા મોટું સુખ દેનારો, જીવન૦ ॥૪૧॥

મળવું તમારું છે મોંઘું, જીવન૦ । તે તો સહુને થયું છે સોંઘું, જીવન૦ ॥
કિયાં અમે કિયાં આપ, જીવન૦ । કીડી **કુંજરનો**[૨૦] મેળાપ, જીવન૦ ॥૪૨॥

સહુના નાથ તમે નિયંતા, જીવન૦ । સર્વાધાર સર્વના કરતા, જીવન૦ ॥
સર્વે પર છો સર્વેશ્વર, જીવન૦ । સહુના પ્રેરક પરમેશ્વર, જીવન૦ ॥૪૩॥

ક્યાં તમે ને ક્યાં અમે, જીવન૦ । તે તો કૃપા કરી છે તમે, જીવન૦ ॥
તમે અઢળક ઢળ્યા છો આજ, જીવન૦ । મહા મે'ર કરી મહારાજ, જીવન૦ ॥૪૪॥

દેખી દુઃખિયા અતિ દાસ, જીવન૦ । તમે આવ્યા છો અવિનાશ, જીવન૦ ॥
કરવા અનેકનો ઉદ્ધાર, જીવન૦ । સહુ જનની લેવા સાર, જીવન૦ ॥૪૫॥

એવી તકમાં હું પણ આવ્યો, જીવન૦ । મારો ફેરો સફળ ફાવ્યો, જીવન૦ ॥
મારાં સરિયાં સર્વે કાજ, જીવન૦ । તે તો તમે મળ્યે મહારાજ, જીવન૦ ॥૪૬॥

દુઃખ દરિયામાંથી તાર્યો, જીવન૦ । વળી અધમને ઉદ્ધાર્યો, જીવન૦ ॥
મારા સાચા છો સનેહી, જીવન૦ । જોઈ જોઈ જોયું તેહી, જીવન૦ ॥૪૭॥

ખરી વેળાનો ખજીનો, જીવન૦ । છો **દામ**[૨૧] **દોયલા**[૨૨] દી'નો, જીવન૦ ॥
મારા મરણ ટાણાની મૂડી, જીવન૦ । વળી ભવસાગરની **હૂંડી**[૨૩], જીવન૦ ॥૪૮॥

એહ ભરોસો છે મોટો, જીવન૦ । તે તો કે'દી ન થાય ખોટો, જીવન૦ ॥
બદલે નહિ બિરુદ તમારું, જીવન૦ । શીદ શંકા મનમાં ધારું, જીવન૦ ॥૪૯॥

છે અચળ મારે આશરો, જીવન૦ । ખરા દિનમાં ખરા ખરો, જીવન૦ ॥
મૂર્તિ તમારી **મિરાંથ**[૨૪] મારી, જીવન૦ । નહિ મેલું હું હવે ન્યારી, જીવન૦ ॥૫૦॥

રાખીશ જીવન સાથે હું જડી, જીવન૦। નહિ મેલું હું અળગી ઘડી, જીવન૦॥
તેમ નહિ મુકાય તમ થકી, જીવન૦। કહે દાસ સેવક નકી, જીવન૦॥૫૧॥

**ઇતિ શ્રી હરિસ્મૃતિ મધ્યે તૃતીય ચિંતામણિ ॥**

● **૧.** હે પ્રાણ આધાર-આત્મા ! (હું તમને) ● **૨.** વેદ (મુક્તો) ● **૩.** મહારાજની વાણી ● **૪.** જેનાથી બીજું કોઈ ઉત્તમ નથી તેવી ● **૫.** પાપોને હરનારા ● **૬.** આનંદરૂપ ચરણ ● **૭.** આનંદરૂપ હાથ ● **૮.** જાણીએ ● **૯.** નજરોનજર જોનારા ● **૧૦.** પ્રકાશો ● **૧૧.** ઉપકાર ● **૧૨.** કોણ ● **૧૩.** સીમા પારનું સર્વોત્કૃષ્ટ સામર્થ્ય વાપર્યું; અનહદ દયા કરી ● **૧૪.** મૂલ્યવાન ● **૧૫.** હિતકર્તા ● **૧૬.** સાગર ● **૧૭.** નિરાધારના ● **૧૮.** આધાર ● **૧૯.** સિદ્ધ થાય ● **૨૦.** હાથીનો ● **૨૧.** ધન ● **૨૨.** દુઃખના-વસમા ● **૨૩.** હોડી ● **૨૪.** સાચી સંપત્તિ, મરણ મૂકી

## સુખ ચિંતામણિ (મહાત્મ્યનું પદ)

**૪૬૬** **પદ-૪ (રાગ : સુખકારીજી)**

### દોહા

એહ ભરોસો ભીતરે, અચળ છે ઉરમાંય ॥
શરણાગતની શ્યામળા, સદા કરો છો સહાય ॥૦૧॥

સુખના સાગર શ્રીહરિ, સદા સર્વદા શ્યામ ॥
નિજજનના નિધિ નાથજી, પુરુષોત્તમ પૂરણકામ ॥૦૨॥

### ચોપાઈ (ધ્રુવપદી)

મૂર્તિ તમારી મહારાજ, સુખકારીજી ॥
સૌ જનનો સુખ સમાજ, સુખકારીજી ॥
સાકાર મૂર્તિ સુખભંડાર, સુખ૦। સ્પરશી બહુ પામ્યા ભવપાર, સુખ૦॥૦૩॥

પ્રગટ મૂર્તિ પ્રતાપે, સુખ૦। ભક્ત અભક્ત ઉદ્ધાર્યા આપે, સુખ૦॥
જે જે પ્રગટ પ્રસંગ પામ્યા, સુખ૦। તેનાં સર્વે સંકટ વામ્યાં, સુખ૦॥૦૪॥

તમથી સરિયાં સૌનાં કામ, સુખ૦। તમે સૌના સુખ વિશ્રામ, સુખ૦॥
તવ ચરણ સ્પર્શ કર્યા, સુખ૦। તેનાં પાપમાત્ર હર્યાં, સુખ૦॥૦૫॥

પૂજે જન મળી વળી પ્રીતે, સુખ૦। વળી ચિંતવે છે નિત્યે, સુખ૦॥
એવા ચરણ પાવન છે બહુ, સુખ૦। સુખદ જાણી સેવે સહુ, સુખ૦॥૦૬॥

સ્પર્શી પાવન છે પૃથવી, સુખ૦। તેણે રાજી રહે નિત્ય નવી, સુખ૦॥
એવા પાવલિયાને પેખી, સુખ૦। દિલડું રીઝે જનનું દેખી, સુખ૦॥૦૭॥

જંઘા જોઈને જન અધીરા, સુખ૦ । ચરણ ચાંપે ધીરા ધીરા, સુખ૦ ॥
જાનુ જુગલ જોઈ જન, સુખ૦ । સદા સુખી મન મગન, સુખ૦ ॥૦૮॥

સાથળ સુંવાળી બે સારી, સુખ૦ । મગન પીઠ ધરી **પન્નગારી**[1], સુખ૦ ॥
ઉદર સુંદર અતિ સારું, સુખ૦ । જોઈ જન ત્યાં રહ્યા હજારું, સુખ૦ ॥૦૯॥

નાભિ થકી મોહ ઉપજી, સુખ૦ । પામ્યા મોટપ **મનરંજી**[2], સુખ૦ ॥
ઉર જોઈ શોભાધામ, સુખ૦ । કર્યો મુક્તોએ વિશ્રામ, સુખ૦ ॥૧૦॥

ગળે શોભા જોઈ ઘણી, સુખ૦ । પામી સુખ ત્યાં કૌસ્તુભ મણિ, સુખ૦ ॥
નયન જોઈને અટકી મતિ, સુખ૦ । રહ્યા રાજી થઈને અતિ, સુખ૦ ॥૧૧॥

મુખે સુખ પામ્યા કંઈ જન, સુખ૦ । મુખ સહુનું સુખસદન, સુખ૦ ॥
મુખે મોહ્યા મોટા મુનિ, સુખ૦ । મુખ સુખનિધિ સહુની, સુખ૦ ॥૧૨॥

મુખ જોઈ દુઃખ ટળે છે, સુખ૦ । આવે સુખ શાંતિ વળે છે, સુખ૦ ॥
એવું મુખ સુખનું દેનાર, સુખ૦ । જેથી સુખ પામ્યાં નરનાર, સુખ૦ ॥૧૩॥

ભુજા બેઉ સુખના ભરિયા, સુખ૦ । મળી તાપ તનના હરિયા, સુખ૦ ॥
કરને લટકે કારજ કીધાં, સુખ૦ । જોઈ જન મને સુખ લીધાં, સુખ૦ ॥૧૪॥

અભયવર બે રહ્યા હાથે, સુખ૦ । એવા કર મેલો જન માથે, સુખ૦ ॥
કર આંગળી છે સુંવાળી, સુખ૦ । પોચી પોચી છે મરાળી, સુખ૦ ॥૧૫॥

જુઓ હથેળીએ હદ વાળી, સુખ૦ । માંહી રેખાઓ છે ન્યારી, સુખ૦ ॥
હાથે દાસતણાં દુઃખ હરિયાં, સુખ૦ । આપી સુખ સુખિયા કરિયા, સુખ૦ ॥૧૬॥

એમ સાકાર મૂર્તિ સંબંધે, સુખ૦ । સુખિયા આદિ અંતે મધ્યે, સુખ૦ ॥
મૂર્તિ વડે મોટપ સહુની, સુખ૦ । સંતો ભક્તો સર્વે મુનિ, સુખ૦ ॥૧૭॥

મૂર્તિ મેલી મોટપ ઇચ્છે, સુખ૦ । તેને વાત **બની**[3] બગડી છે, સુખ૦ ॥
**શૂન્ય સુમનની**[4] ન હોય **દામ**[5], સુખ૦ । મૂર્ખ તેની કરે છે હામ, સુખ૦ ॥૧૮॥

તેમ મૂર્તિ તમારી મેલી, સુખ૦ । સુખ સાટે મળશે **સેલી**[6], સુખ૦ ॥
તમે જનના સુખને કાજ, સુખ૦ । સદા સાકાર છો મહારાજ, સુખ૦ ॥૧૯॥

સાકાર વિના ન સરે કામ, સુખ૦ । માટે સાકાર છો સુખધામ, સુખ૦ ॥
સર્વે મુક્ત કહે છે વાત, સુખ૦ । પ્રભુ પ્રગટ છો સાક્ષાત્, સુખ૦ ॥૨૦॥

વચનામૃતની વાત છે ખોળી, સુખ૦ । મોટપ પ્રગટની વણતોળી, સુખ૦ ॥
સત્સંગિ જીવન એમ કહે છે, સુખ૦ । પ્રભુ સદા સાકાર રહે છે, સુખ૦ ॥૨૧॥

સ્મૃતિ શ્રુતિનું એ તાન, સુખ૦। સુખ સદા સાકાર રહે ભગવાન, સુખ૦॥
તેણે કરી રહે છે સમું, સુખ૦ । નહિ તો **વણસી**[૭] થાયે વસમું, સુખ૦ ॥૨૨॥

ન રહે એક સ્થિતિ એક રીતિ, સુખ૦। સહુ કોઈ આદરે અનીતિ, સુખ૦॥
ધર્મ ધરા પર ન રહે, સુખ૦ । સહુ કોઈ અધર્મને ગ્રહે, સુખ૦ ॥૨૩॥

દેવ દાનવ માનવ મુનિ, સુખ૦। માને નહિ મરજાદા કોઈની, સુખ૦॥
ચાર વર્ણ આશ્રમ ચાર, સુખ૦ । સહુ ભ્રષ્ટ થાય નરનાર, સુખ૦ ॥૨૪॥

માટે સહુના ધર્મ રખાવા, સુખ૦ । તમે રહો આવાના આવા, સુખ૦ ॥
અધર્મ ઉથાપી ધર્મ થાપો, સુખ૦। તમે હરિજનને સુખ આપો, સુખ૦ ॥૨૫॥

તમે ધર્મધુરંધર કા'વો, સુખ૦ । ધર્મ સારુ ધરા પર આવો, સુખ૦ ॥
તમે ધર્મતણી છો ઢાલ, સુખ૦ । **ધર્મવર્મ**[૮] ધર્મલાલ, સુખ૦ ॥૨૬॥

ધર્મપાળક ધર્મકુમાર, સુખ૦ । તમે સંતજનના શણગાર, સુખ૦ ॥
દાસ દોષ નિવારણ નાથ, સુખ૦। એમ કહે છે સહુ જન સાથ, સુખ૦ ॥૨૭॥

તમે ભક્તતણા ભયહારી, સુખ૦ । તમે સંતજનના સુખકારી, સુખ૦ ॥
કપટી કુટિલ દગાદાર, સુખ૦ । તેના નાશના કરનાર, સુખ૦ ॥૨૮॥

તમે અધર્મીના અરિ કા'વો, સુખ૦। **નમે'રી**[૯] ઉપર મે'ર ન લાવો, સુખ૦॥
કુકર્મી કુબુદ્ધિના છો **કાળ**[૧૦], સુખ૦। તમો નિજજનના પ્રતિપાળ, સુખ૦॥૨૯॥

તમારી મૂર્તિ મિરાંથ મોટી, સુખ૦। સેવી સુખ પામ્યા કૈં કોટિ, સુખ૦॥
તમારી મૂર્તિ ચિંતામણિ, સુખ૦। સમું ચિંતવે સુખનિધિ ઘણી, સુખ૦ ॥૩૦॥

સંતજન ચિંતવે છે સવળું, સુખ૦। અસંતજન ચિંતવે છે અવળું, સુખ૦॥
જે જે જન ચિંતવે છે જેવું, સુખ૦ । તે તે ફળ પામે છે તેવું, સુખ૦ ॥૩૧॥

કલ્પતરુ તુલ્ય તમે, સુખ૦ । ચિંતવે જે જનને જેવું ગમે, સુખ૦ ॥
કલ્પતરુ ચિંતામણિ કહિયે, સુખ૦। તમને તે ઉપમા કેમ દઈયે, સુખ૦ ॥૩૨॥

તે તો સુખદુઃખના દેનાર, સુખ૦ । તમે સદા સુખભંડાર, સુખ૦ ॥
જોને અસુર અભાગી અતિ, સુખ૦ । મહા દુષ્ટમય દુરમતિ, સુખ૦ ॥૩૩॥

કરતા મનસૂબા મારવા, સુખ૦ । નિત્ય પ્રત્યે નવા નવા, સુખ૦ ॥
તેને મારી મોક્ષ આપી, સુખ૦ । એવી મૂર્તિ કહી પ્રતાપી, સુખ૦ ॥૩૪॥

માટે મૂર્તિ મંગળ મૂળ, સુખ૦ । એથી પામ્યા સુખ અતુળ, સુખ૦ ॥
એથી અમંગળ નહિ કેનું, સુખ૦ । શું શું કહી દેખાડું તેનું, સુખ૦ ॥૩૫॥

મંગળ કર ચરણાદિક કહિયે, સુખ૦। મંગળ નખશિખા લગી લહિયે, સુખ૦॥
મંગળ ચાલ્ય ચરિત્ર માનું, સુખ૦। મંગળમાં અમંગળ શાનું, સુખ૦॥૩૬॥

મંગળ દેવું લેવું એવું, સુખ૦। સર્વે મંગળકારી કે'વું, સુખ૦॥
મંગળકારી વાણી મુખની, સુખ૦। મંગળ દૃષ્ટિ કરો છો સુખની, સુખ૦॥૩૭॥

સર્વે ક્રિયા મંગળકારી, સુખ૦। મંગળ મૂર્તિની **બલિહારી**[૧૧], સુખ૦॥
મંગલમય મૂર્તિ જેણે જોઈ, સુખ૦। તેને **ન્યૂન**[૧૨] ન રહી કોઈ, સુખ૦॥૩૮॥

મંગળ મૂર્તિને પ્રતાપ, સુખ૦। સ્પર્શે **પ્રજળે**[૧૩] પૂરણ પાપ, સુખ૦॥
મંગળ મૂર્તિને સમરતાં, સુખ૦। મટે સંકટ શ્રીહરિ કરતાં, સુખ૦॥૩૯॥

મંગળ મૂર્તિને ચિંતવતાં, સુખ૦। **કિલ્મિષ**[૧૪] જાય શુભ થાયે સેવતાં, સુખ૦॥
મંગળ મૂર્તિનું ધ્યાન ધરતાં, સુખ૦। થાય અંતરમાં સુખ **સમતાં**[૧૫], સુખ૦॥૪૦॥

મંગળ મૂર્તિના ગુણ ગાવતાં, સુખ૦। માટે મેં નથી મુકાતાં, સુખ૦॥
મંગળ મૂર્તિ જોઈ **મન રાતો**[૧૬], સુખ૦। તેણે રહું છું ફુલાતો, સુખ૦॥૪૧॥

મંગળ મૂર્તિ જોઈ મેં મને, સુખ૦। રાજી રહું છું રાતદને, સુખ૦॥
મંગળ મૂર્તિ જોતાં મારે, સુખ૦। **સઈ**[૧૭] ઓછપ છે આ વારે, સુખ૦॥૪૨॥

પૂર્ણકામ પ્રગટ પ્રતાપે, સુખ૦। એમ મને મનાણું આપે, સુખ૦॥
તેનો નથી થાપ **ઉથાપ**[૧૮], સુખ૦। તે તો પ્રગટને પ્રતાપ, સુખ૦॥૪૩॥

મૂર્તિ સંભારવા સારુ, સુખ૦। કરતું મનસૂબો મન મારું, સુખ૦॥
તે તો પૂરણ થયો પ્રમાણ, સુખ૦। કર્યાં મૂર્તિનાં વખાણ, સુખ૦॥૪૪॥

હરતાં ફરતાં ખાતાં પીતાં, સુખ૦। નિશદિન મૂર્તિને સમરતાં, સુખ૦॥
મૂર્તિમાં અખંડ વૃત્તિ રાખે, સુખ૦। કઠણમાં કઠણ કહ્યું મહારાજે, સુખ૦॥૪૫॥

એથી અધિક પ્રાપ્તિ નથી, સુખ૦। અનંત સાધન કરે ભલે મથી, સુખ૦॥
મૂર્તિ ચિંતામણિ તુલ્ય કહી છે, સુખ૦। મરજી વચનામૃત પ્રથમે રહી છે, સુખ૦॥૪૬॥

રોમરોમપણે સુખ હોય લેવું, સુખ૦। અનંત અનાદિમુક્તો લે છે તેવું, સુખ૦॥
દેહના ભાવો ખોટા કરી, સુખ૦। લો મૂર્તિ પ્રતિલોમભાવે ધરી, સુખ૦॥૪૭॥

કથાવાર્તા સેવા સાધન ચારો, સુખ૦। મૂર્તિ કરો રહેવાનો માળો, સુખ૦॥
કારણ શરીરના ભાવો દહે, સુખ૦। અખંડ મૂર્તિમાં જે રહે, સુખ૦॥૪૮॥

મૂર્તિ સર્વે સુખનું ધામ, સુખ૦। અનાદિમુક્તોનું છે ગામ, સુખ૦॥
એ વિના બીજું કાર્ય કહેવાય, સુખ૦। બસ કારણમૂર્તિમાં જ રહેવાય, સુખ૦॥૪૯॥

હરિસ્મૃતિ થાય હૈયે, સુખ૦ । માટે હરિસ્મૃતિ કહિયે, સુખ૦ ॥
કે'તાં સુણતાં **ભવફંદ**[૧૯] મટે, સુખ૦ । દાસ સેવક એમ જપે, સુખ૦ ॥૫૦॥

**ઇતિ શ્રી હરિસ્મૃતિ મધ્યે ચતુર્થ ચિંતામણિ ॥**

● **૧.** ગરુડ ● **૨.** મનને આનંદ આપનાર ● **૩.** સુધરેલી ● **૪.** આકાશના પુષ્પની ● **૫.** માળા ● **૬.** રાખ ● **૭.** બગડીને ● **૮.** ધર્મના કવચરૂપ-રક્ષક ● **૯.** નિર્દય ● **૧૦.** નાશ કરનાર ● **૧૧.** વારી જવાય એવી અદ્‌ભુત ● **૧૨.** ખોટ્ય-ખામી ● **૧૩.** બળે ● **૧૪.** પાપ ● **૧૫.** શાંતિ ● **૧૬.** આનંદિત ● **૧૭.** કઈ અથવા શું ● **૧૮.** ડગમગાટ ● **૧૯.** સંસારનું બંધન

## મૂર્તિ ચિંતામણિ (અનાદિમુક્તની સ્થિતિનું પદ)

### ૪૬૭ પદ-૫ (રાગ : અચરજકારી છે)

**દોહા**

અલૌકિક મૂર્તિ આજની, ધરી ધર્મકુમાર ॥
જોતાં ના'વે જોડ્યમાં, આ સમ અન્ય અવતાર ॥૦૧॥

સમર્થ મૂર્તિ સુખકારી, ધરી ન ધરશે કોય ॥
સર્વોપરી છે શ્રીહરિ, સહજાનંદ પ્રભુ સોય ॥૦૨॥

**ચોપાઈ (ધ્રુવપદી)**

પ્રગટ પ્રબળ મૂર્તિ, અચરજકારી છે ॥
જેને નેતિ નેતિ કહે શ્રુતિ, અચરજકારી છે ॥
પ્રગટ મૂર્તિનો મહિમાય, અચ૦ । સર્વે સુખતણી સીમાય, અચ૦ ॥૦૩॥

આ મૂર્તિની જે મોટાઈ, અચ૦ । ના'વે ના'વે કહ્યા માંઈ, અચ૦ ॥
આ મૂર્તિ સહુથી ન્યારી, અચ૦ । શું હું કહું વડાઈ વિસ્તારી, અચ૦ ॥૦૪॥

આ મૂર્તિ સહુથી નોખી, અચ૦ । ચોક્કસ વાત કહું છું ચોખી, અચ૦ ॥
આ મૂર્તિ નહિ અન્ય જેવી, અચ૦ । હરિ ધરી ન ધરશે એવી, અચ૦ ॥૦૫॥

આ મૂર્તિ છે અલૌકી, અચ૦ । માનો માન મનનું મૂકી, અચ૦ ॥
આ મૂર્તિ નહિ કોય સરખી, અચ૦ । જુઓ અંતર ઊંડું નીરખી, અચ૦ ॥૦૬॥

આ મૂર્તિનો મહિમાય, અચ૦ । કોટિ કવિયે કેમ કહેવાય, અચ૦ ॥
આ મૂર્તિનું પરમાણું, અચ૦ । લખતાં કેણે ન લખાણું, અચ૦ ॥૦૭॥

કૈંક કહી કહી કે' છે ઘણું, અચ૦ । બળ બહુ દેખાડે બુદ્ધિતણું, અચ૦ ॥
તોય જથારથ જાણવા, અચ૦ । નથી કોય જૂના નવા, અચ૦ ॥૦૮॥

એવી મૂર્તિ છે આજની, અચ૦ । મુક્તોના સુખના સાજની, અચ૦ ॥
સહુને પાર આવ્યા છે પોતે, અચ૦ । જન સુખિયા થાય સહુ જોતે, અચ૦ ॥૦૯॥

આ મૂર્તિના પ્રસંગે, અચ૦ । કૈંક સુખિયા થયા અંગે, અચ૦ ॥
એવી મૂર્તિ સુખમય સારી, અચ૦ । તે તો થઈ ગઈ હવે મારી, અચ૦ ॥૧૦॥

આ ગયા નથી મહારાજ, અચ૦ । મૂર્તિ પ્રગટ રાજાધિરાજ, અચ૦ ॥
દાદાખાચરને મળ્યા જેહ, અચ૦ । ગોપાળમુનિને મળ્યા તેહ, અચ૦ ॥૧૧॥

આજ મૂર્તિ રૂપે મળ્યા, અચ૦ । એમાં ફેર નથી જરા, અચ૦ ॥
શ્રીહરિ પોતે સાક્ષાત્, અચ૦ । ન બન્યાની બની વાત, અચ૦ ॥૧૨॥

પ્રગટ પ્રત્યક્ષ મળ્યા છે નાથ, અચ૦ । સ્વયમ્ હરિએ ઝાલ્યો હાથ, અચ૦ ॥
તેજ તેજ તણા અંબાર, અચ૦ । સુખ સુખ તણો નહિ પાર, અચ૦ ॥૧૩॥

તેજ તણો સમૂહ જે અક્ષરધામ, અચ૦ । તેમાં બિરાજ્યા શ્રી ઘનશ્યામ, અચ૦ ॥
હવે મરીને ધામમાં જવું નાહીં, અચ૦ । ધામ રહ્યું આ મૂર્તિમાંહી, અચ૦ ॥૧૪॥

છતે દેહે બેઠા છીએ ત્યાંય, અચ૦ । શુદ્ધ અક્ષરધામની માંય, અચ૦ ॥
એવો નિશ્ચય કર્યો છે નક્કી, અચ૦ । સ્વામી શ્રી સહજાનંદ થકી, અચ૦ ॥૧૫॥

કેવી કરી છે મહારાજે મહેર, અચ૦ । કર્યા પોતાના થઈ લીલાલહેર, અચ૦ ॥
શોધી લીધા અમને નાથ, અચ૦ । અનહદ કૃપાએ ઝાલ્યો હાથ, અચ૦ ॥૧૬॥

ક્યાં હતા ને ક્યાં લાવી દીધા, અચ૦ । કશું જોયું ન શરણે લીધા, અચ૦ ॥
જાત કુજાત કાંઈ ન જોયા, અચ૦ । હતા કુપાત્ર તોપણ મોહ્યા, અચ૦ ॥૧૭॥

નર્યા અવગુણ હતા અપાર, અચ૦ । હતા દોષ તણા ભંડાર, અચ૦ ॥
એકેય સ્વભાવ અમારો ન ચાલે, અચ૦ । સારો માણસ હાથ ન ઝાલે, અચ૦ ॥૧૮॥

કોણ જાણે કેમ આ થયું, અચ૦ । પણ થયું થયું ને થયું, અચ૦ ॥
મોટા મોટાને દર્શન નો'ય, અચ૦ । તો જીવને ક્યાંથી તમે હોય, અચ૦ ॥૧૯॥

કેવી અનહદ કૃપાની રીત, અચ૦ । કરી સામેથી તમે પ્રીત, અચ૦ ॥
શોધવા નીકળ્યે ના મળત, અચ૦ । જન્મો ધર્યે શું વળત, અચ૦ ॥૨૦॥

પાપ પુણ્ય સર્વે બાળ્યાં, અચ૦ । કર્મ અનેક જન્મનાં ટાળ્યાં, અચ૦ ॥
ખાતાં બધાં ચૂકતે કર્યાં, અચ૦ । સ્વયમ્ પોતે હરિ મળ્યા, અચ૦ ॥૨૧॥

હાથ ઝાલ્યો હરિવરે, અચ૦ । અભયવર મૂક્યો મમ શિરે, અચ૦ ॥
મુનિવર મારા થયા, અચ૦ । એનો કર્યો એ કેવી દયા, અચ૦ ॥૨૨॥

આટલેથી ન અટક્યા હરિ, અચ૦ । અઢળક કરુણા કેવી કરી, અચ૦ ॥
વાત કેમ કરું આ મુખે, અચ૦ । હરિ તમે જ કહો સ્વમુખે, અચ૦ ॥૨૩॥

દીકરો રાજાનો રાજા હોય, અચ૦ । કરોડપતિનો ભિખારી નો'ય, અચ૦ ॥
હોય જગતની આ રીત, અચ૦ । બિરદ જાણી ચલાવી નિત, અચ૦ ॥૨૪॥

હું ને મારું જે જે કરે, અચ૦ । પછી જનમ જનમ તો ફરે, અચ૦ ॥
જીવ માયાના કહેવાય, અચ૦ । નામ દેહધારી લેવાય, અચ૦ ॥૨૫॥

અમે શરણે જેને લીધો, અચ૦ । જીવ રહેવા નથી દીધો, અચ૦ ॥
સાવ ફદલમાં ફવડાવી, અચ૦ । ઉપાસના ચોખ્ખી સમજાવી, અચ૦ ॥૨૬॥

સર્વોપરી છીએ સર્વાવતારી, અચ૦ । કર પતિવ્રતાની ભક્તિ અમારી, અચ૦ ॥
શુદ્ધ સનાતન નિષ્ઠા ધરજે, અચ૦ । પંચવર્તમાનમાં તું રહેજે, અચ૦ ॥૨૭॥

ઈશ્વર બ્રહ્મ અક્ષરકોટિ, અચ૦ । ભલે પદવી સૌથી મોટી, અચ૦ ॥
હોય ભલે મોટા કિરતાર, અચ૦ । નથી દર્શન અમારાં આ વાર, અચ૦ ॥૨૮॥

એ સર્વેથી મોટો કીધો તુજને, અચ૦ । સમજ વ્યતિરેક સંબંધ થયો નિજને, અચ૦ ॥
થઈ કૃપા કૃપા કૃપા ભારી, અચ૦ । અનહદ કૃપાની બલિહારી, અચ૦ ॥૨૯॥

નથી ચાલોચાલ કે એકાંતિક, અચ૦ । રહેવા દીધો ન પરમ એકાંતિક, અચ૦ ॥
સીધો જીવમાંથી મુક્ત કીધો, અચ૦ । મૂર્તિરૂપ કરી મૂર્તિમાં લીધો, અચ૦ ॥૩૦॥

મૂર્તિરૂપ તું અનાદિમુક્ત, અચ૦ । કેવી થઈ ગઈ છે આ જુક્ત, અચ૦ ॥
હવે દેહધારી તું નથી, અચ૦ । નિશ્ચય કરી દે એવો નક્કી, અચ૦ ॥૩૧॥

સ્થૂળ સૂક્ષ્મ ને કારણ તારો, અચ૦ । એ દેહમાં નથી તું રહેનારો, અચ૦ ॥
નામ ઠામ ગામ કહેવાય, અચ૦ । હવે તારે વિષે ન લેવાય, અચ૦ ॥૩૨॥

પંચભૂત છે એ દેહના, અચ૦ । સર્વે સંબંધી છે એહના, અચ૦ ॥
નોખો પાડી આત્મા કીધો, અચ૦ । તુરત અનાદિમુક્ત કરી દીધો, અચ૦ ॥૩૩॥

રાખી વિશ્વાસ ને મનન કરજે, અચ૦ । ભૂલ્યે દેહને 'હું' ન સમજે, અચ૦ ॥
દેહ છોડાવી ત્યાં હું આવ્યો, અચ૦ । મૂર્તિરૂપ કરી મૂર્તિમાં ફાવ્યો, અચ૦ ॥૩૪॥

અમે સ્વયમ્ ધણી કહેનાર, અચ૦ । કોલ અધ્ધરથી ઝીલનાર, અચ૦ ॥
હું પુરુષોત્તમ તું પુરુષોત્તમરૂપ, અચ૦ । મૂર્તિ મારી છે તારું સ્વરૂપ, અચ૦ ॥૩૫॥

દેખાય બધો છે અવરભાવ, અચ૦ । તે ખોટો છે સાચો પરભાવ, અચ૦ ॥
કારણ સત્સંગે એક જ ડાઈ, અચ૦ । અનાદિમુક્ત વિના નથી કાંઈ, અચ૦ ॥૩૬॥

જે દેખાય તે દેખાવામાત્ર, અચ૦ । છે બધાય મૂર્તિરૂપ પાત્ર, અચ૦ ॥
જોજો કરતા નહિ સંશય, અચ૦ । તો પૂરો થશે અમારો આશય, અચ૦ ॥૩૭॥

મુક્તરાજ હતા પર્વતભાઈ, અચ૦ । રહેતા સદાય મૂર્તિમાંય, અચ૦ ॥
જે છે મૂર્તિમાં મોટા નંદ, અચ૦ । રહી મૂર્તિમાં લૂંટે આનંદ, અચ૦ ॥૩૮॥

એ જ મૂર્તિમાં તને રાખ્યો છે, અચ૦ । અતિ તેજોમય કરી નાખ્યો છે, અચ૦ ॥
રહેજે મૂર્તિમાં નિશદન, અચ૦ । ટળી જાશે માયાતણું તમ, અચ૦ ॥૩૯॥

નિરુત્થાનપણું તું માન, અચ૦ । સ્થિતિ પામ્યાનું રાખી તાન, અચ૦ ॥
ખાય પીવે હરે ફરે મહારાજ, અચ૦ । સર્વે ક્રિયાના કર્તા મહારાજ, અચ૦ ॥૪૦॥

એક મૂર્તિમાં અનંત મુક્ત, અચ૦ । કેવું અલૌકિક સ્વરૂપ જુક્ત, અચ૦ ॥
ન પહોંચે બુદ્ધિ કે મન, અચ૦ । શાસ્ત્રી વિદ્વાનને ન પડે ગમ, અચ૦ ॥૪૧॥

રસબસભાવે રહે અનેક, અચ૦ । અનંત મુક્તોને મૂર્તિ છે એક, અચ૦ ॥
પયસાકરવત્ થઈ એકમેક, અચ૦ । સ્વામી સેવકનો નાતો હંમેશ, અચ૦ ॥૪૨॥

વાણાતાણાની પેઠે એકતાર, અચ૦ । દાતાભોક્તાપણે થઈ તદાકાર, અચ૦ ॥
છૂટે સુખના ધોધ અપાર, અચ૦ । મુક્તો અનંત ન પામે પાર, અચ૦ ॥૪૩॥

મહાસાગરમાં હોય તિમિંગલ, અચ૦ । તિમિંગલ ગળે એવા ગલીગલ, અચ૦ ॥
ગલીગલથી મોટા મહાગલીગલ, અચ૦ । માંહે હિલોળા કરે કલબલ, અચ૦ ॥૪૪॥

ન પાર પામે એવો સાગર, અચ૦ । મૂર્તિસુખ તણો મહાસાગર, અચ૦ ॥
તમ જેવા અનંત અનાદિ જેહ, અચ૦ । સુખ અપાર અપાર એટલું કેહ, અચ૦ ॥૪૫॥

અમ મૂર્તિનું કરવાને દાન, અચ૦ । લાવ્યા કારણ સત્સંગે નિદાન, અચ૦ ॥
કરી કરીને કરવાનું આજ, અચ૦ । પરમ પદવી છે અનાદિની સાજ, અચ૦ ॥૪૬॥

એક મૂર્તિ જ ઠરવાનું ઠામ, અચ૦ । અનાદિમુક્તોને રહેવાનું ધામ, અચ૦ ॥
કામ કરી લો એક જ કામ, અચ૦ । બાકી પડતું મૂકી દો તમામ, અચ૦ ॥૪૭॥

ઉત્સવ સમૈયા મંદિર મહંત, અચ૦ । બધું કાર્ય છે ભક્તો ને સંત, અચ૦ ॥
કારણ મૂર્તિને બનાવો ધ્યેય, અચ૦ । જાણી જાણીને જાણો આ જ્ઞેય, અચ૦ ॥૪૮॥

કારણથી જ કારણ બળે, અચ૦ । દેહભાવના દોષો તો ટળે, અચ૦ ॥
લગની લાગે મૂર્તિ તણી, અચ૦ । તો કૃપા વરસે ઘણી ઘણી, અચ૦ ॥૪૯॥

મૂર્તિની સૂરતી રહેવા માંડે, અચ૦ । વ્હાલો મૂર્તિમાં રમાડે, અચ૦ ॥
બીજું ગૌણ કરો ને હાજી, અચ૦ । જીતી જાશો સર્વે બાજી, અચ૦ ॥૫૦॥

અમ મૂર્તિનો વેપાર, અચ૦ । કરવા લાવ્યા છીએ આ વાર, અચ૦ ॥
મૂર્તિમાં રહ્યા તેને મહારાજ, અચ૦। મહારાજ મહારાજ મહારાજ, અચ૦॥૫૧॥

હવે મૂર્તિ રૂપે હરો ફરો, અચ૦ । પ્રતિલોમભાવે ધ્યાન કરો, અચ૦ ॥
રહો મૂર્તિમાં ગુલતાન, અચ૦ । સુખિયા કરશું પૂરણકામ, અચ૦ ॥૫૨॥

મોટપ કહેવા મૂર્તિતણી, અચ૦ । હતી હામ હૈયામાં ઘણી, અચ૦ ॥
પૂરી થઈ પામ્યો આનંદ, અચ૦ । દાસ સેવકને પરમાનંદ, અચ૦ ॥૫૩॥

**॥ ઈતિ શ્રી હરિસ્મૃતિ મધ્યે પંચમ ચિંતામણિ ॥**

## ૪૬૮ સર્વોપરી લક્ષણ ગીત

સર્વોપરી ને સર્વાવતારી, એક જ સનાતન... સ્વામિનારાયણ ભગવાન;(૨)
મને મળેલા મારા ઈષ્ટદેવ, સર્વેના કારણ... સ્વામિનારાયણ ભગવાન (૨)...ટેક

આધુનિક અનંત અવતારો, અન્વયની સત્તાથી થયા ને રહ્યા;
કોઈના કર્યા થયા નથી રે, સદા પ્રગટ, નથી આવ્યા ને ગયા,
પોતાના જેવા કરવા કાજે, (૨) મનુષ્ય જેવા જણાય...૦૧

પૂર્વેના અવતારો કોઈએ, કે'દી કર્યાં નહિ એવાં કામો;
ઐશ્વર્ય પરચા સ્હેજે બતાવ્યાં, સર્વોપરી માની શીશ નામો,
સર્વોપરીપણાનાં અગિયાર લક્ષણો, (૨) અનંત માંહ્યલાં જાણો...૦૨

**લક્ષણ : ૧** યમ, નિયમ, આસન, પ્રાણાયામ, પ્રત્યાહાર, ધ્યાન, ધારણા ને સમાધિ... આ અષ્ટાંગ યોગ સાધે ત્યારે સવિકલ્પ સમાધિ થાય. જ્યારે સ્વામિનારાયણ ભગવાને અનંતાનંતને નિર્વિકલ્પ સમાધિ સહેજે સહેજે કરાવી. **લક્ષણ : ૨** અનંત અવતારોને પોતાની મૂર્તિમાં લીન કરતા દેખાડ્યા.

હજારો વર્ષો તપ કર્યાં છતાં, ઋષિમુનિઓને દુર્લભ સમાધિ;
પાત્ર-કુપાત્ર, મનુષ્ય-પશુને, કરાવે સ્હેજે સ્હેજે સમાધિ,
તર્કવાદીને, મતવાદીને, (૨) રહે ન ઉપાધિ...૦૩

અવતારો અનંત દેખાડ્યા, પોતાની મૂર્તિમાં લીન કરીને;
નાની તપેલી મોટીમાં સમાય, શ્રીજીનો સર્વોપરી નિશ્ચય કરીને,
આશ્રિત સ્હેજે થાય શ્રીજીના, (૨) મત પોતાના મૂકીને...૦૪

**લક્ષણ : ૩** પૂર્વેના અવતારોએ કોઈએ પોતે પોતાનું નામ નથી પાડ્યું. જ્યારે સ્વામિનારાયણ ભગવાને ગુરુ રામાનંદ સ્વામીના ચૌદમાના દિવસે, ફણેણી મુકામે પોતાનું સર્વોપરી એવું **'સ્વામિનારાયણ'** નામ સ્વમુખે પ્રકાશિત કર્યું. તો વળી, **લક્ષણ : ૪** વિના શસ્ત્રે, અસુરોને નહિ; પરંતુ તેમની આસુરી વૃત્તિઓને મારી નાખી.

સર્વ નારાયણમાત્રના સ્વામી, 'સ્વામિનારાયણ' અજોડ છે વળી;
મહામંત્રથી જન્મ મરણ જાય, પાપમાત્ર પણ જાય બળી,
મૂર્તિરૂપે જપતાં જાયે, (૨) દેહના ભાવો ટળી...૦૫

હથિયારથી નથી કોઈને માર્યા, પાપી અને અસુરોને તાર્યા;
પાપના પર્વત પ્રેમે પિગાળ્યા, જોબન જેવા અનેક ઉદ્ધાર્યા,
જમથી છોડાવી મૂર્તિ આપી, (૨) અનાદિમુક્ત કર્યા...૦૬

**લક્ષણ : ૫** પૂર્વે કોઈકે જ બ્રહ્મચર્ય પાળ્યું છે. જ્યારે આવા ઘોર કળિયુગમાં સ્વામિનારાયણ ભગવાને પોતે તો બ્રહ્મચર્ય પાળ્યું છે, પરંતુ પોતાના હજારો-લાખો અનુયાયીઓ પાસે પળાવ્યું છે. વળી, **લક્ષણ : ૬** પ્રતિમા સ્વરૂપ દ્વારા પ્રગટ અને પ્રત્યક્ષભાવ જણાવ્યો. તો વળી, **લક્ષણ : ૭** વિના સાધને કેવળ કૃપાથી ફદલમાં આત્યંતિક કલ્યાણનો માર્ગ ચલાવ્યો.

બ્રહ્મચર્યની અતિશે દઢતા, હજારો લાખોને સ્હેજે રખાવી;
પ્રતિમા સ્વરૂપે પ્રત્યક્ષ શ્રીજી, પ્રગટભાવ સૌને જણાવી,
કર્યું શક્ય જે હતું અશક્ય, (૨) મળે ન જોડ આવી...૦૭

વાયુભક્ષણ તપ કરીને, સુકાઈ જાય પણ મોક્ષ ન થાય;
ભૂત-પ્રેત પામર પતિતને, આત્યંતિક કલ્યાણ મળી જાય,
સત્પુરુષના જોગથી આજે, (૨) ફદલમાં ફાવી જાય...૦૮

**લક્ષણ : ૮** ભૂખે મરતા હોય, અભણ હોય, વધારાના હોય એવા નહિ; પરંતુ ચોવીસ કળામાં પારંગત હોય, મહાસંપત્તિવાન હોય તેવા એકસાથે પાંચસો પરમહંસોને શ્રીજીમહારાજે દીક્ષા આપી પોતાના સાધુ કર્યા. તો વળી, **લક્ષણ : ૯** પોતાની હયાતીમાં પોતાનાં મંદિરો કર્યાં અને માંહી પોતાનાં સ્વરૂપો પધરાવ્યાં અને પોતાનાં શાસ્ત્રો રચાવ્યાં.

બ્રહ્માનંદ નિત્યાનંદ સ્વામી, કરોડ કરોડના હતા આસામી;
એકી સાથે પાનસો પરમહંસ, શ્રીજી હસ્તે દીક્ષા પામી,
દાસ થઈને ભજન કરતા, (૨) સુખ આનંદ પામી...૦૯

પોતે પોતાનાં મંદિરો કર્યાં, સ્વરૂપો પોતાનાં પધરાવ્યાં;
શાસ્ત્રો અનેક રચ્યાં-રચાવ્યાં, ભજન-ભક્તિ સ્હેજે કરાવ્યાં,
કોઈએ કર્યાં નહિ એવાં કાર્યો, (૨) હયાતીમાં પોતે કર્યાં...૧૦

**લક્ષણ : ૧૦** પોતાના ભક્તોને અગાઉથી દર્શન આપી, ધામમાં લઈ જવાની અવધિ આપી, દેહાંત સમયે દર્શન દઈ ધામમાં તેડી જાય. વળી, કોઈને આયુષ્ય વિના રાખે અને કોઈને આયુષ્ય હોય તોપણ પોતાની મૂર્તિના સુખમાં લઈ જાય. તો વળી, **લક્ષણ : ૧૧** શાસ્ત્રોમાં બતાવ્યા મુજબ ચિહ્ન અને તિલનાં દર્શન કરાવ્યાં.

અગાઉથી દર્શન આપી કહી જાય, કોઈના બદલે કોઈને લઈ જાય;
આયુષ્ય હોય તોપણ લઈ જાય, ન હોય તોપણ કોઈને રાખી જાય,
કળિયુગમાં પણ આવાં કાર્યો, (૨) સ્હેજે સ્હેજે થાય...૧૧

સામુદ્રિક શાસ્ત્રમાં કહ્યાં લક્ષણો, શ્રીજીમહારાજને મળતાં આવે;
અણિયાળું નાક સોળ ચિહ્‌ન ચરણે, સવા ચોસઠ તસુ ઊંચાઈ પાવે,
સર્વોપરીપણાનાં આવાં લક્ષણોથી, (૨) શ્રીજીમહારાજ સોહાવે...૧૨

**૪૬૯ (રાગ : આજ મારે ઓરડે રે)**

આજ શ્રીજી પધાર્યા રે, બે વાત સિદ્ધ કરાવવા કાજ;
અંત્ય ઓગણચાલીસની રે, સત આત્મા-પરમાત્માની આજ... ૦૧

ઈશ્વરના બે પ્રકાર રે, અમદાવાદ સાતમાં કહે મહારાજ;
આધુનિક અનંત થયા રે, થાયે ને થાશે પોતે રાજાધિરાજ... ૦૨

વળી પોતે સનાતન રે, એ જેવા તો આ એક નિરધાર;
બે નથી તો ઘણા ક્યાંથી રે, સર્વના સ્વામી વળી સર્વાધાર... ૦૩

પોતે વ્યતિરેક સ્વરૂપ રે, તેજ છૂટે અપાર જે અક્ષરધામ;
એની માત્ર એક કિરણ રે, અન્વય સ્વરૂપ જે અન્યનાં ધામ... ૦૪

અનંત અક્ષર બ્રહ્મ પુરુષ રે, જીવ-પ્રાણી સુધી રહી એક કિરણ;
કોઈને મૂર્તિમાન નથી રે, મૂર્તિનો સંબંધ આપ્યો આપી શરણ... ૦૫

નહિ ચાલોચાલ એકાંતિક રે, ન રાખ્યા પરમ એકાંતિકમુક્ત;
પ્રાપ્તિ સર્વોત્કૃષ્ટ રે, કર્યા કેવળ કૃપાએ અનાદિમુક્ત... ૦૬

કારિયાણી આઠે કહ્યું રે, નિર્ગુણ સમજવે શો સમાસ થાય;
એક કિરણ સૂક્ષ્મ રે, સૂક્ષ્મમાં અતિ સૂક્ષ્મ સર્વેમાં જાય... ૦૭

જ્યારે મુને પ્રગટ મળ્યા રે, સ્વયં પોતે કેવા મહારાજ;
કર્યા પોતા જેવા રે, મૂર્તિરૂપ અનાદિમુક્ત સમાજ... ૦૮

મૂર્તિ ને ધામ જુદું નથી રે, અક્ષરધામ છે આ મૂર્તિ માંય;
પ્રગટ ને સાક્ષાત્‌ મળ્યા રે, આવ્યા ગયા નથી તમે ક્યાંય... ૦૯

અહો અહો કેવા મળ્યા રે, કેવા કર્યા તમે હે હરિરાય;
હીરે કરી હીરો વેંધો રે, કરુણા કરી બાપા દ્વારે મુનિરાય... ૧૦

**૪૭૦ (આઝાદી ગીત)**

શ્રીજી સિવાય સૌથી આઝાદ, ગુલામીખતમાં રહીએ નહીં;
આઝાદી ગીત ગાતાં ગાતાં, સુખમાં સદાય થીજીએ રહી... ટેક

સર્વોપરી શ્રીજીનાં સંતાન, સર્વોપરી વર્તન ચૂકું નહીં;
શ્રીજીનો રાજીપો એ જ જીવન, રુચિ બહાર રહીએ નહીં (૨)... ૦૧

સિદ્ધાંતમાં સમાધાન નહિ અને, નિયમ ધર્મમાં છૂટ નહીં;
પંચવર્તમાને શૂરા-પૂરા રહીએ, નાક કદી કપાય નહીં (૨)... ૦૨

શ્રીજી વિના આ મસ્તક મારું, બીજે કદી નમે નહીં;
'આગે સે ચલી આઈ' એવા, ખોબા કદી ભરીએ નહીં (૨)... ૦૩

કેસરી સિંહની કૂખે જન્મેલો, સો **લાંઘણે**[1] **ખડ**[2] ખાય નહીં;
ઊભો ને ઊભો સુકાઈ જાય પણ, બકરું કદી થાય નહીં (૨)... ૦૪

સદાય પ્રગટ-પ્રત્યક્ષ શ્રીજી, અધ્ધર કદી સમજીએ નહીં;
મહારાજ-બાપા મળ્યા હવે કદી, નબાપા થઈએ નહીં (૨)... ૦૫

મૂર્તિના સુખમાં રાખ્યા છે, હવે દેહ રૂપે ફરવું નહીં;
સૂર્ય ચંદ્ર બ્રહ્માંડ ફરે, આપણે કદી ફરવું નહીં (૨)... ૦૬

શ્રીજી એ જ આત્યંતિક મોક્ષ, બંધનોમાં બંધાવું નહીં;
શ્રીહરિને **મુખોન્મુખ**[3] અમે, **વિમુખ**[4] નહિ, **સન્મુખ**[5] નહીં (૨)... ૦૭

સિદ્ધાંત માટે શિર જાય તો, શિરની પરવા નહીં;
ગુરુજી કેરા પક્ષ માટે, બલિદાનની પરવા નહીં (૨)... ૦૮

શ્રીજીના સિદ્ધાંત માટે કદી, પાછા ડગ ભરીએ નહીં;
મહારાજ અને મોટા માટે, મરી મિટવા તૈયાર સહી (૨)... ૦૯

● **૧.** ઉપવાસ ● **૨.** ઘાસ ● **૩.** અનાદિમુક્ત ● **૪.** શ્રીજીમહારાજનો વ્યતિરેક સંબંધ ના હોય તેવા
● **૫.** પરમ એકાંતિકમુક્ત (સન્મુખભાવે સુખ લેતા મુક્ત)

**૪૭૧ (રાગ : પામ્યાં પામ્યાં રે ભવજળ પાર)**

કર્યો કર્યો રે જય જયકાર... મહામંત્ર પ્રગટ કરી
કાળ કર્મનો કાઢિયો ભાર... મહામંત્ર ટેક

મારી રેખ પર રૂડી મેખ... મહામંત્ર
લાજી મર્યા છે સર્વે ભેખ... મહામંત્ર ૦૧

સાચી ઉપાસના આપી આજ... મહામંત્ર
ફેરા જનમના ટાળવા કાજ... મહામંત્ર ૦૨

નારાયણમાત્રના સ્વામી પોતે જ... મહામંત્ર
સમજાવી એ વાત સ્વમુખે જ... મહામંત્ર ૦૩

થઈ ગયેલા સર્વે અવતાર... મહામંત્ર
જાણવું જોઈશે આ નિરધાર... મહામંત્ર ૦૪

ડંકા દઈને બેસાડ્યા ધામ... મહામંત્ર
નિશ્ચય જાણજો જરૂર નિદાન... મહામંત્ર ૦૫

ખાતાં વળાવી ખોટનાં આજ... મહામંત્ર
સર્વોપરી મળ્યા મહારાજ... મહામંત્ર ૦૬

ચિંતા ટળાવી કાપિયાં દુઃખ... મહામંત્ર
દીધાં સુખ સુખ ને સુખ... મહામંત્ર ૦૭

અનંત બ્રહ્માંડમાં ખોડિયા ખૂંટ... મહામંત્ર
નાશ થઈ જાશે બીજાં તૂત... મહામંત્ર ૦૮

એક સ્વામિનારાયણ રહેનાર... મહામંત્ર
વાત ખોટી કોણ કહેનાર... મહામંત્ર ૦૯

જો જો જો જો તો ખરા જોનાર... મહામંત્ર
સ્વયમ્ શ્રીહરિ એ બોલનાર... મહામંત્ર ૧૦

હુઓ દશે દિશે જયજયકાર... મહામંત્ર
સુખ પામિયા અપરંપાર... મહામંત્ર ૧૧

**૪૭૨　　(પદ : ક્યારે હવે દેખું રે હરિ હસતા)**

ક્યારે હવે દેખું રે હરિ હસતા, મારા મંદિરિયામાં વસતા...ટેક
જરકસિયા જામા પહેરીને, ગૂઢો રેંટો કટિ કસતા...ક્યારે ૦૧
ફૂલડામાં ગરકાવ થઈને, અત્તરમાં મસમસતા...ક્યારે ૦૨
મુનિવર સારુ રસોઈ કરાવીને, પંગત માંહી પીરસતા...ક્યારે ૦૩
પ્રેમાનંદ આગે ગાયે ત્યારે, આવે ઓરા ઓરા ખસતા...ક્યારે ૦૪

## ૪૭૩ પૂર્વછાયો (ભક્ત ચિંતામણિ : પ્રકરણ-૭૬)

પછી પ્રભુજી બોલિયા, તમે સાંભળો હરિજન સહુ;
અતિ રહસ્ય એકાંતની, એક વાલ્યપની વાત કહું.

આ સભામાં આપણ સહુનાં, તેજોમય તન છે;
છટા છૂટે છે તેજની, જાણે પ્રકટિયા કોટિ ઇંદુ છે.

વળી કહું એક વારતા, સર્વે કીધું આપણું થાય છે;
સુખ દુઃખ વળી જય પરાજય, યત્કિંચિત્ જે કહેવાય છે.

જે જે આપણને નવ ગમે, તે જીવ કેમ શકે કરી;
જુઓ સર્વે જક્તમાં, કોણ શકે છે ફેલ આચરી.

વળી રીત્ય આપણી, જે જીવને નથી ગમતી;
જોઉં છું એવા જીવને, છે કેની કેની એવી મતિ.

તેને શોધી સામટો, એક દંડ દેવા તાન છે;
કોઈ ન પ્રીછે પરચો, એવું કરવું મારે નિદાન છે.

જેવું અમારા અંગમાં, સુખદુઃખ રાખું છું સહી;
તેવું જાણજ્યો જક્તમાં, કહું સત્ય એમાં સંશય નહીં.

વળી આપણે રાખિયા, ષટ્ રસનાં વર્તમાન;
તે દી સર્વે જક્તમાં, કેને ખાવા ન રહ્યું ધાન.

જે દિન અમે છાના રહ્યા, અને વળી વધાર્યા કેશ;
તે દીના આ ભૂ વિષે, બહુ નિસ્તેજ થયા **નરેશ**[1].

વળી અમે અંગમાં, આણ્યો હતો મંદવાડ;
તે દાડે આ જક્તમાં, બહુ જીવનો ગયો બિગાડ.

એમ જણાય છે એકતા, મારા પિંડ બ્રહ્માંડમાં મળી;
જે હોય આ અંગમાં, તે બ્રહ્માંડમાં હોય વળી.

તે માટે તમે સાંભળો, સત્સંગી સહુ નરનાર;
જે જે થાય છે જક્તમાં, તેનો બીજો નથી કરનાર.

સુખ દુઃખ આવે સર્વે ભેળું, તેમાં રાખજ્યો સ્થિર મતિ;
જાળવીશ મારા જનને, વળી કરીશ જતન અતિ.

એમ કરતાં જો પંડ પડશે, તો આગળ સુખ છે અતિ ઘણું;

પણ **વ્રત**[૨] ટેક જો ટાળશો તો, ભોગવશો સહુ સહુ તણું.

નહિ તો તમે નચિંત રહેજ્યો, કરવું તમારે કાંઈ નથી;
જે મળ્યા છે તમને, તે પાર છે અક્ષરથી.

● ૧. રાજા ● ૨. નિયમ

**૪૭૪ ભક્ત ચિંતામણિ : પ્રકરણ-૭૭**

વિધિ પર તે વૈરાટ કહીએ, તે પર પ્રધાનપુરુષ લઈએ;
તે પર મૂળ પ્રકૃતિપુરુષ, તેથી પર અક્ષર સુજશ.
અક્ષર પર પુરુષોત્તમ જેહ, તેણે ધર્યું મનુષ્યનું દેહ;
તેનું દર્શન ને સ્પર્શ ક્યાંથી, સહુ વિચારોને મનમાંથી.
જે છે મન વાણીને અગમ, તે તો આજ થયા છે સુગમ.

**૪૭૫ ભક્ત ચિંતામણિ : પ્રકરણ-૭૯**

પછી બોલિયા પ્રાણજીવન, તમે સાંભળજ્યો સહુ જન;
તમને જે મળી છે મૂરતિ, તેને નિગમ કહે નેતિ નેતિ.
અતિ અપાર અક્ષરાતીત, થઈ તમારે તે સાથે પ્રીત;
ભક્ત જક્તમાંહી છે જો ઘણા, ઉપાસક અવતાર તણા.
જે જે મૂરતિ જનને ભાવે, તે મૂરતિ નિજ ધામ પહોંચાવે;
પણ સર્વે પાર જે પ્રાપ્તિ, તે છે તમારે કહે પ્રાણપતિ.

●●●

# બાપાશ્રીના મહિમાનાં પદો

## ૪૭૬ (પદ : બાપા પધાર્યા હરખ વધાર્યા)

બાપા પધાર્યા હરખ વધાર્યા, આવી અમારા જનમ સુધાર્યા... ટેક
કચ્છ દેશની પવિત્ર ભૂમિ, પાવન કણબી કુળમાં;
ખેડૂત કેરો વેષ ધરીને, મોતી પકવ્યાં ધૂડ્યમાં... બાપા ૦૧

એવાં ઉત્તમ મોતી પાક્યાં, પરમહંસનો ચારો;
સુખ તલસતા જીવને આવ્યો, મૂર્તિસુખનો વારો... બાપા ૦૨

સુખિયું થાવા સૂઝ્યું જેણે, જોયું આંખ ઉઘાડી;
શ્રીજી ને બાપાશ્રી મળિયા, દિવ્ય સુખ રહ્યા જમાડી... બાપા ૦૩

સાધનવાળા સિદ્ધ બદ્ધ પર, કૃપા વાપરી પૂરી;
દીન દાસ પર કૃપા થતાં, ન રહી આશ અધૂરી... બાપા ૦૪

## ૪૭૭ (રાગ : અમે તો શ્રીજીનાં સંતાન)

અમે તો બાપાનાં સંતાન, અમારા બાપા જીવનપ્રાણ... ટેક
બાપાને શિર પાઘ સોહાવે, શોભે અંગરખીની ચાળ;
ગુલાબના હાર ગજરા બાજુ, ધારણ એ કરનાર...અમે તો ૦૧

પ્રેમીજનોને લાડ લડાવી, આપ્યાં સુખ અપાર;
ટાણે ટાણે દુઃખડાં કાપવા, સદાય છે તૈયાર...અમે તો ૦૨

બાપાશ્રી છે રક્ષક જેના, દ્રોહી શું કરનાર;
બાપાશ્રીના કર છે શિર પર, ભાગ્ય તેના અપાર... અમે તો ૦૩

બાપાશ્રીની વાણી તે છે, મૂર્તિ સુખ દેનાર;
જ્યારે વાતો વંચાય ત્યારે, બાપા બોલનહાર...અમે તો ૦૪

બાપાશ્રી આજ પ્રગટ મળ્યા તો, કોની હવે ઓશિયાળ;
દાસાનુદાસ કહે મસ્ત બનો ભાઈ, બાપા છે રખવાળ... અમે તો ૦૫

## ૪૭૮ (રાગ : સાબરમતી કે સંત તુને)

દે દી હરિ કી મૂર્તિ, બિના સાધન બિના જ્ઞાન,
વૃષપુર નિવાસી સંત, બાપાશ્રી બડા મહાન;
ક્યા હમેરા ભાગ્ય બાપા, હુઈ તેરી પિછાન... વૃષપુર ટેક

જય જય બાપાશ્રી, જય જય બાપાશ્રી(૨)
જો ન પ્રગટત બાપા ઈસ સમય મેં;
સમજના મુશ્કિલ થા રસબસ કી રીતન મેં,
મિટા દિયા અબ ફિરના સંસાર ચક્કર મેં;
જો શરન આયે સબ કો રખ લિયે સુખન મેં,
આશ્રિતજન કો દેત બાપા આજ અભયદાન... વૃષપુર ૦૧
જય જય બાપાશ્રી, જય જય બાપાશ્રી(૨)

સત્સંગ મેં સત્સંગ અજબ કારણ દિખાઈ;
શ્રીજી અનાદિમુક્ત કી અચ્છી બાત સુનાઈ,
રસબસ હો સુખ મૂર્તિ કો લે વો બડી નવાઈ;
વાણાતાણા કી પેર કરામત દિખાઈ,
સંકલ્પ સે ઉડા દિયા દેહાદિક કા તુફાન... વૃષપુર ૦૨
જય જય બાપાશ્રી, જય જય બાપાશ્રી(૨)

ઘનશ્યામ હરિ કા સિદ્ધાંત ઉચ્ચતમ થા;
વો જન કો સુનાકર અમલ મેં રખાતા થા,
ધ્યાન કી બાતોં મેં બડા જહેમત ઉઠાયા થા;
આશિષ કૃપા સે તેરી જન પાત્ર હોતા થા,
દાસ કે દાસ તેરા ગાતે હૈ ગુણગાન... વૃષપુર ૦૩
જય જય બાપાશ્રી, જય જય બાપાશ્રી(૨)

**૪૭૯ (રાગ : ભજનનો)**

બાપા મળ્યા અણમોલ, ભાઈ અમને બાપા મળ્યા અણમોલ;
એની વાતોના નહિ મોલ, ભાઈ અમને બાપા મળ્યા અણમોલ...ટેક
કોઈ કહે સસ્તા ને કોઈ કહે મોંઘા, પણ બાપા મળ્યા અણતોલ...ભાઈ ૦૧
કોઈ કહે ભક્ત છે ને કોઈ કહે મુક્ત છે, પણ બાપાની મૂર્તિ અજોડ...ભાઈ ૦૨
કોઈ કહે આદિ ને કોઈ કહે અનાદિ, પણ બાપા હરિને તોલ...ભાઈ ૦૩
ત્યાગી ગૃહીના એ તો જીવનપ્રાણ, ગુરુ ગુરુના એ બોલ...ભાઈ ૦૪
શરણાગતને લાડ લડાવી, પૂરે સર્વના કોડ...ભાઈ ૦૫
જ્ઞાન સિદ્ધાંતોનો ઉપદેશ કરીને, કરે અનાદિની જોડ...ભાઈ ૦૬
દિવ્યભાવ બાપામાં જોઈને, મૂર્તિમાં રહી તું ડોલ...ભાઈ ૦૭
દાસાનુદાસને પ્યારા બાપા, દે છે મૂર્તિના કોલ...ભાઈ ૦૮

**૪૮૦** **(કવ્વાલી)**

શ્રીજી મળ્યા બાપા મળ્યા, હવે અન્યની પરવા નથી;
મૂર્તિસુખ ઉત્તમ મળ્યું, હવે અન્યની ઇચ્છા નથી...ટેક

જો મળ્યા સર્વોપરી, સ્વામિનારાયણ મહાપ્રભુ;
ભજન કરતાં નાત તજશે તો, નાતની પરવા નથી...શ્રીજી ૦૧

નિયમ નિશ્ચય રાખશું, દૃઢ ટેક એક ઉર ધરી;
પક્ષ રાખતાં શિર જાય તો, શિરની પરવા નથી...શ્રીજી ૦૨

પ્રચાર કરશું સિદ્ધાંતનો, તન મન અને વળી ધનથી;
તેમ કરતાં જો ધન જશે તો, ધનની પરવા નથી...શ્રીજી ૦૩

સિદ્ધાંત બાપાશ્રી તણો, શૂરવીર થઈને રાખીશું;
રાખતાં જો દેહ જશે તો, દેહની પરવા નથી...શ્રીજી ૦૪

ઝંડો અમે ફરકાવીશું, બાપાશ્રીના સિદ્ધાંતનો;
જરૂર પડે બલિદાન દેશું, બલિદાનની પરવા નથી...શ્રીજી ૦૫

ઘનશ્યામ પ્રભુ ને બાપાશ્રીને, રાજી કરવા છે ખરા;
દાસાનુદાસ કહે એ રીઝે તો, અન્યની પરવા નથી...શ્રીજી ૦૬

**૪૮૧** **(રાગ : તમે મારા થયા હું તમારો થયો)**

શ્રીજી પ્રગટ મળ્યા, બાપા પ્રગટ મળ્યા, પ્યારા સ્વામી;
જય બોલો આનંદને પામી... ટેક
સર્વોપરી સૌના અવતારી, સ્વામિનારાયણ સુખકારી;
કોઈથી જાય નહિ કળ્યા, એવા ઘનશ્યામ મળ્યા... પ્યારા ૦૧
પાપ પુણ્ય સર્વેનાં તો બાળ્યાં, કર્મ અનેક જન્મનાં ટાળ્યાં;
ખાતાં વળી ગયાં, કરી પૂરી દયા... પ્યારા ૦૨
મારો હાથ ઝાલ્યો હરિવરે, અભય કર મૂક્યો મમ શિરે;
મુને એનો કર્યો, એ તો મારા થયા... પ્યારા ૦૩
નવી લીલાઓ કરી સુખ દીધાં, પ્રેમી જનોના કોડ પૂરા કીધા;
જન્મ સુફળ કર્યા, પૂરણકામ કર્યા... પ્યારા ૦૪
વ્હાલે કોલ મૂર્તિના દીધા છે, રસબસ કરી રાખી લીધા છે;
કશી રહી નહિ ખામી, હું તો મહાપદ પામી... પ્યારા ૦૫

નથી દેશ પરદેશ તે કાંઈ, સદા ભેળા મૂર્તિસુખ માંહી,
ક્યારેય વિયોગ નથી, શ્રીજી કહે છે કથી... પ્યારા ૦૬
જુઓ શ્રીજીની કેવી દયા છે, સદા પ્રત્યક્ષપણે રહ્યા છે;
પ્રગટ પરચા આપે, દુઃખ જનનાં કાપે... પ્યારા ૦૭
વ્હાલા તમને રીઝવવાને ખાસ, નિત્ય વિનવે છે દાસાનુદાસ;
સદા ભેળા રહેજો, નિત્ય દર્શન દેજો... પ્યારા ૦૮

**૪૮૨ (પદ : પ્રગટે અનાદિમુક્ત વૃષપુર)**

પ્રગટે અનાદિમુક્ત વૃષપુર, મૂર્તિમાં જન જોડવા;
તૃષ્ણા **અવિદ્યા**[૧] **વાસના**[૨]નું, ત્રિવર બંધન તોડવા... પ્રગટે ટેક
દૃષ્ટિ કૃપાવૃષ્ટિ કરી, અઢળક ઢળ્યા હરિભક્ત પર;
**દુક્ષણ**[૩] **દુરિત્ર**[૪] દુઃખ દ્રોહ **દારુણ**[૫], મોહ કટક મરોડવા... પ્રગટે ૦૧
દેહાત્મ મતિ ટાળી નિરંતર, નિકટ અંતર દાસની;
સર્વોપરી હરિ જ્ઞાન સુખનો, ખૂંટ અવિચળ ખોડવા... પ્રગટે ૦૨
શુદ્ધ પાત્ર સેવકમાત્રને, અક્ષર થકી ઊંચા કર્યા;
સત્તા સમર્પી ધ્યાન સ્થિતિની, દિવ્ય સુખમાં દોડવા... પ્રગટે ૦૩
અવતાર અને અવતારી, ઐશ્વર્ય ધારી ઈશ્વરો;
કેરી વિગતની ગુપ્ત ગ્રંથિ, સુગમતાથી છોડવા... પ્રગટે ૦૪
સત્સંગમાં વિચર્યા શું કારણ, શીખવવા સદ્‌રીતને;
નિષ્કામ ભાવથી સકામપણાને, તુચ્છ ગણી તરછોડવા... પ્રગટે ૦૫
અભય અબજી ધાર કર, પાવન કચ્છ સૌ દેશ પર;
કવિ હમીરદાન નિદાન **જાચક**[૬], મોટા કટકને **મોડવા**[૭]... પ્રગટે ૦૬

● **૧.** દેહભાવ ● **૨.** ઈચ્છા ● **૩.** ભયંકર, ભયાનક ● **૪.** મુશ્કેલી, સંકટ ● **૫.** નિર્દય, કઠોર ● **૬.** યાચક ● **૭.** દૂર કરવું, મરડી તોડી નાખવું

**બાપાશ્રીની વાતો ૧/૧૬૭ના આધારે ધ્યાનનો આગ્રહ**

**૪૮૩ (રાગ : મોહનને ગમવાને ઇચ્છો માનની)**

બાપાશ્રી કહે કૃપા કરીને વાતડી, શ્રીજી અને મુક્ત મળ્યા પ્રત્યક્ષ જો;
અંતર્વૃત્તિએ અખંડ ધારો શ્યામને, ધારતા ધ્યાને તેજમાં મૂર્તિ જણાય જો.
બાપાશ્રી...૦૧

કથા ને વાર્તા ચારો સત્સંગી તણો, અખંડ મૂર્તિમાં રહેવું એ ખરું કામ જો;
એ તો નક્કી કર્યા વિના નહિ ચાલશે, માટે ધ્યાન કરો શ્રી ઘનશ્યામ જો.
બાપાશ્રી...૦૨

મહિમા ને પરચાની વાતો ઠીક પડે, ધ્યાન કરવાની વાતે અટકી પડાય જો;
**ઘવરાવવા**[1] લીધા હોય તેમ થઈ જાય છે, નક્કી એ કરવાની જરૂર જણાય જો.
બાપાશ્રી...૦૩

વજ્ર કમાડ દીધાં જો મૂર્તિ વાતમાં, જેમ કુપાત્ર સુતને બાપ કહી થાકી જાય જો;
તેમ અમે પણ થાકી ગયા બહુ કહીને, તોપણ ધ્યાન કરતા નથી કોઈ જો.
બાપાશ્રી...૦૪

શેડ્ય આવે છે જીવમાં ધ્યાનની વાતથી, ત્યારે થોડું ધ્યાન મૂર્તિનું થાય જો;
મૂકી દે છે પાછો શૂનકાર થઈને, ધ્યાન માર્ગે ચાલે તો પંથ કપાય જો.
બાપાશ્રી...૦૫

આ લોકની મોટપ જીવને બહુ ગમે, ધ્યાન કરવાની વાતો તેથી ભુલાય જો;
આ જોગમાં રહી કર્યા વિના છૂટકો નથી, મૂર્તિ સિદ્ધ નહિ કરે ગુન્હેગાર થાય જો.
બાપાશ્રી...૦૬

ધ્યાને આગ્રહ રાખે શ્રીજી વચને કરી, છ માસે મૂર્તિ તેજોમય દેખાય જો;
તેથી પણ વ્હેલો સાક્ષાત્કાર થાય છે, આ દેહે જે કરવું હોય તે થાય જો.
બાપાશ્રી...૦૭

દેહ નિભાવવા દેહધારી અન્ન ખાય છે, બે મહિના જો તેને ત્યજી દેવાય જો;
દેહ રહે નહિ માટે જતન બહુ થાય છે, તેમ મૂર્તિના જતને સાક્ષાત્કાર થાય જો.
બાપાશ્રી...૦૮

મૃત્યુ આડી અર્ધ ઘડી ભલે રહી, તેટલામાં પણ મૂર્તિ આપી દેવાય જો;
પૂરું કરી દે આગ્રહના કરનારનું, સભા સાક્ષીથી છ માસે કહેવાય જો.
બાપાશ્રી...૦૯

સદ્ગુરુ સ્વામી બાપાશ્રીને એમ કહે, સોટી મારી આપી મૂર્તિ આમ જો;
ઝુમખરામ પર કૃપા કરીને શ્રીહરિ, તેમ કરો તો જીવનું થઈ જાય કામ જો.
બાપાશ્રી...૧૦

ઝોળી માગી જમવાથી ઠીક રળવું, તેમ દાખડો કરીને મૂર્તિ સિદ્ધ કરાય જો;
તેને જોઈને હરિ રાજી બહુ થાય છે, સુખ બહુ આપે રાખી મૂર્તિમાંય જો.
બાપાશ્રી...૧૧

દેહ મૂકીને જે સુખને છે પામવું, ભોગવવું તે દેહ છતાં કરી ધ્યાન જો;
કરવાનું એ જરૂર જોશે કરવું, ગાફલતા ત્યજી રાખો ધ્યાને તાન જો.
બાપાશ્રી...૧૨

શ્રીજી ને મોટાની આજે પૂરી કૃપા, તો સાક્ષાત્ મળિયા મુક્ત અને મહારાજ જો;
મૂર્તિનો સાક્ષાત્કાર થઈ જાય આ સમે, આવી વાતો કોણ બીજો કરનાર જો.
બાપાશ્રી...૧૩

જો સાક્ષાત્કાર મૂર્તિનો ન થાય આ સમે, કોણ પછી કરાવશે ને રાખશે ઠામ જો;
માટે બીજું પડ્યું મૂકી ધ્યાન કરજો, માયિક પદાર્થ નહિ આવે કોઈ કામ જો.
બાપાશ્રી...૧૪

એક મૂર્તિ રાખે બધુંય આવી જાય છે, કાર્ય જેવું કારણમાં થાય તાન જો;
આ ટાણે લાભ મળ્યો તે ન ચૂકશો, જરૂર મૂર્તિ સિદ્ધ કરો કરી ધ્યાન જો.
બાપાશ્રી...૧૫

આવી સુંદર વાર્તા બાપાશ્રી કરે, તે સાચી માની મૂકો વર્તનમાંય જો;
દાસાનુદાસ કહે તો રાજી થઈને, થિજાડે બાપા મૂર્તિના સુખમાંય જો.
બાપાશ્રી...૧૬

● ૧. મારવા

**૪૮૪ (રાગ : દોહરો)**

બળદિયાની બજારમાં, માણસ ઊભા ન માંય;
દેશી વિદેશી જન સહુ, સમુંદર સમ ઊભરાય...૦૧

કચ્છી કાઠિયાવાડીઓ, સિંધી અને ગુજરાત;
આવ્યા સૌ શુભ અવસરે, જન સહુ જૂજવી જાત...૦૨

મહા અનાદિમુક્તનાં, દર્શન કરવા કાજ;
બાપા અબજી આંગણે, અતિ ભીડ થઈ આજ...૦૩

**(હરિગીત છંદ)**

અતિ ભીડ થઈ હરિજન તણી, બહુ ગામમાં ને સીમમાં;
સાથે રહે સઘળા જનો, નર નારી વરતે નિયમમાં,
શ્રી સ્વામિનારાયણ તણા, મુક્તો અનાદિ આંહીં છે;
કળિયુગમાં કલ્યાણકારી, આજ અબજીભાઈ છે...ટેક

સત્સંગિ જીવનની કથા, **સુધા**[1] સમાન મહાન જે;
સંભળાવવા સત્સંગીને, દઈ બ્રહ્મવિદ્યા જ્ઞાન જે,
મંડપ રચી મંદિર વિષે, સૌ સંત કીર્તન ગાય છે...કળિ ૦૧

શીરા અને સુખડી તણા, ત્યાં ગંજ રચિયા છે ઘણા;
પંક્તિ કરી બહુ પીરસે, પ્રેમીજનોમાં નહિ મણા,
આ યજ્ઞની જ પ્રસાદીને, **અજ ઈશ**[2] આદિ ચહાય છે...કળિ ૦૨

સૌ સંઘ ઊતર્યા સીમમાં, વાડી તણા મેદાનમાં;
બહુ મંડળી ઉચ્છવ તણી, ગુલતાન થઈ છે ગાનમાં,
હરિ વાતનો હિલ્લોલ, બ્રહ્મ કિલ્લોલ ત્યાં થાય છે...કળિ ૦૩

વડતાલ અમદાવાદ, ગઢપુર ગામ ને મૂળી તણાં;
સંતો પધાર્યા સ્નેહથી, આનંદ ઉચ્છવમાં ઘણા,
બળદિયા છપૈયા બીજું, જગતમાંહી જણાય છે...કળિ ૦૪

મહારાજ આવા મુક્તને, બ્રહ્માંડ માંહી મોકલે;
અનેક જીવ ઉદ્ધારવાને, મોક્ષની જ ઋતુ ફળે,
જેના પ્રતાપે જીવ સઘળા, બ્રહ્મ રૂપે થાય છે...કળિ ૦૫

અતિ ધન્ય ધન્ય કહો ઘણા, સહુ બળદિયાના વાસીને;
જેણે ઉતારા આપિયા, નિજ ઘેર તીરથવાસીને,
શું કહું સેવાભાવ જેનો, શ્રીહરિ જ્યાં સ્હાય છે...કળિ ૦૬

સૌ સંત હરિજન સ્હાય કરજો, એ જ વિનંતી આપને;
કવિ માવદાન ઉપર કરો, કરુણા જપી શુભ જાપને,
કવિતા રૂપી છે ભેટ કવિની, મોક્ષદાન મગાય છે...કળિ ૦૭

● ૧. અમૃત ● ૨. પરોક્ષના અવતારો

## ૪૮૫ પદ-૧ (રાગ : દોહરો)

અગણિત જીવ ઉદ્ધારવા, ખેલ ખેલે મહામુક્ત;
પહેલે નંબરે આવતા, એ છે અબજીબાપા...૦૧

મહાપ્રભુની મૂર્તિમાં, મગ્ન રહે અહોનિશ;
મુક્ત દશા છે જેમની, એ છે અબજીબાપા...૦૨

સહજ સમાધિ જેમને, રહે માસ બે માસ;
રસબસ છે જે મૂર્તિમાં, એ છે અબજીબાપા...૦૩

આત્યંતિક કલ્યાણની, કરતા જે વળી ખેડ;
મૂર્તિ મો'લ પકાવતા, એ છે અબજીબાપા...૦૪

વેષ ધર્યો **કૃષિકાર**[1] નો, બોલે ચાલે તેમ;
દિવ્ય દશા જ્યાં ઝળકતી, એ છે અબજીબાપા...૦૫

ભોળા જીવ જાણે નહિ, નર નાટકના ભેદ;
મહામુનિને પણ અગમ જે, એ છે અબજીબાપા...૦૬

ધન્ય છે નિર્ગુણ સંતને, જેણે ઓળખિયું મહારત્ન;
શ્રીજી સંકલ્પ મૂર્તિ છે, એ છે અબજીબાપા...૦૭

ગજગતિ ચાલે ચાલતા, વળી કરતા રમૂજ અનેક;
સંત અખાડો હોય જ્યાં, એ છે અબજીબાપા...૦૮

સત્સંગનું જે તિલક છે, **મદભરી**[2] જેની આંખ;
**ગરવા**[3] ગુણ ગંભીર છે, એ છે અબજીબાપા...૦૯

**તરી રહે**[4] જે એકલા, મર હોય **લાખું**[5] જન;
રતિલાલ કહે જાણજો, એ છે અબજીબાપા...૧૦

● **૧.** ખેડૂત ● **૨.** ખુમારી ભરી ● **૩.** મહાન ● **૪.** જુદા તરી આવવું ● **૫.** લાખો

## ૪૮૬ પદ-૨

કરી ન શકે કોઈ કામ જે, ધરી શકે નહિ હામ;
સહેજે સાધે કામ તે, એ તો અબજીબાપા...૦૧

પાપી ફેલી જીવ જે, આસુર અંશ પ્રધાન;
તરત તેને પલટાવતા, એ તો અબજીબાપા...૦૨

કીટભ્રમરવત્ જે કરે, જીવમાંથી વળી મુક્ત;
જોડી દે જે મૂર્તિમાં, એ તો અબજીબાપા...૦૩

અજ્ઞાની ને પામર જીવો, તેનાં ન ગણે કર્મ;
એવું દિલ દરિયાવ છે, એ તો અબજીબાપા...૦૪

આગળ વંદે પાછળ વંદે, 'પણ પણ' કરતા જેહ;
જાણે પણ નહિ ગણતા તેને, એ તો અબજીબાપા...૦૫

નિગમ જેને નેતિ કહે છે, શ્રીજી કહે નિજરૂપ;
રહી મૂર્તિમાં તાણે સૌને, એ તો અબજીબાપા...૦૬

એક પંક્તિમાં પીરસે સૌને, હોય ભક્ત કે અભક્ત;
અભેદભાવે અમૃત આપે, એ તો અબજીબાપા...૦૭

મૂર્તિ છે મહારાજની, દિવ્ય સદા સાકાર;
સત્સંગ જેને દિવ્ય જણાયો, એ તો અબજીબાપા...૦૮

ત્રિકાળમાં જે મૂર્તિ દેખે, રહે સદા જે મૂર્તિમાં;
રતિલાલ કહે આપે મૂર્તિ, એ તો અબજીબાપા...૦૯

## ૪૮૭ બાપાશ્રી કોણ હતા ? (રાગ : લાવણી)

કોણ હતા બાપાશ્રી, તે વાત સુણી લો ભાઈ;
શ્રીજી સંકલ્પ મૂર્તિ, પ્રગટ થયા સુખદાઈ... ટેક

પ્રસિદ્ધ સ્વસિદ્ધ મહામુક્ત અનાદિ એ છે;
જેના વચને કરી શ્રીજી મૂર્તિ સુખ મળે છે... કોણ ૦૧

શ્રીજી સિદ્ધાંતોને સારી રીતે સમજાવે;
જે કહે બાપાશ્રી તે સુણજો સાચે ભાવે... કોણ ૦૨

દિવ્ય મૂર્તિ શ્રી ઘનશ્યામની અક્ષરધામે;
તે જ મનુષ્યરૂપ દીસે છે આ ઠામે... કોણ ૦૩

નિજ મંદિરમાં પધરાવેલ સ્વરૂપ;
હરિકૃષ્ણ ઘનશ્યામ સહજાનંદ અનુપ... કોણ ૦૪

એ ત્રણે સ્વરૂપો સ્વયં શ્રીજી પોતે;
રોમ ફેર એક નહિ સિદ્ધાંતોને જોતે... કોણ ૦૫

સ્વામિનારાયણ ભગવાન એક જ છે જાણો;
મુક્ત અનેક થયા ને થશે અનાદિ પ્રમાણો... કોણ ૦૬

અનાદિમુક્તોને શ્રીજી એક જ સુખના દાતા;
સર્વે એક મૂર્તિમાં રહ્યા થઈ સુખ ભોક્તા... કોણ ૦૭

સકામ ભક્ત થયા બ્રહ્માથી અક્ષર જેવા;
નિષ્કામ ભક્તને મળે મૂર્તિના મેવા... કોણ ૦૮

સેવક હોય હરિનો સાચો તે દાસ રહાવે;
થાય અનાદિ પણ હરિ પદવી ન ચહાવે... કોણ ૦૯

અનાદિને રસબસ ભાવે લુબ્ધ બનાવે;
નિજ મૂર્તિમાં પયસાકરવત્ થિજાવે... કોણ ૧૦

પુરુષોત્તમ પામવા પુરુષોત્તમરૂપ બનવું;
તેનું પ્રમાણ શ્રીમુખવાણી એકાવન ગણવું... કોણ ૧૧

સ્વામિનારાયણની મૂર્તિ ને મુક્ત અનાદિ;
તેને છેટાપણું કે જુદાપણું નથી કે'દી... કોણ ૧૨

એકમેક ઓતપ્રોત વાણાતાણાને ન્યાય;
તદ્રૂપ **તલ્લીન**[1] થવે અંતરાય જાય... કોણ ૧૩

ક્ષણમાત્ર મૂર્તિથી દૂર જ્યારે ન રહેવાય;
**આજ્ઞા વિહિત**[2] ક્રિયા કરનાર હરિ ત્યારે થાય... કોણ ૧૪

એવો લક્ષ્યાર્થ થવા મૂર્તિ ધ્યાન ધરાય;
ત્યારે અનાદિ મુક્તની પંક્તિમાં સ્હેજે ભળાય... કોણ ૧૫

પરમએકાંતિકને અનાદિમુક્ત બનાવે;
રોમે રોમનું સુખ એકી હારે ભોગવાવે... કોણ ૧૬

પ્રભુ પ્રગટ અને મુક્ત પ્રગટ મળ્યા જ્યારે;
કાળ કર્મ માયા દેહ અવસ્થાઓ ગઈ ત્યારે... કોણ ૧૭

દઢ નિશ્ચય ને દઢ આશ્રય થયો હરિનો;
મૂળ અજ્ઞાન કાઢી નાશ કર્યો **અરિ**[3]નો... કોણ ૧૮

દેહ મૂક્યા પછી શ્રીજી ધામમાં તેડી જાશે;
તેવી માનીનતાને મૂકી આમ સમજાશે... કોણ ૧૯

દેહાદિક મુકાવી મોક્ષ હરિએ કીધો;
શ્રીજીરૂપ કરી અનાદિની પંક્તિમાં લીધો... કોણ ૨૦

કૃતારથપણું માની હવે નિયમને પાળો;
ન્યૂન માનો નહિ ને છકી ન જાવો તે સંભાળો... કોણ ૨૧

પૂરું થઈ ગયું એમ માની બેસી ન રહેવું;
ધ્યાન કરી શ્રીજીનું સ્થિતિએ સુખડું લેવું... કોણ ૨૨

સ્વસિદ્ધ અનાદિ સ્વતંત્રપણે સુખ લે છે;
પાર સુખનો નહિ પામીને અપાર કહે છે... કોણ ૨૩

તેના જેવા થાવા દેહાંત તત્પર રહેવું;
એમ પોતાના જનને બાપાનું છે કહેવું... કોણ ૨૪

આવા શ્રીજીના સિદ્ધાંતો સમજાવનારા;
હતા બાપાશ્રી દાસાનુદાસને પ્યારા... કોણ ૨૫

● ૧. પુરુષોત્તમમાં લીન થવું તે ● ૨. આજ્ઞા પ્રમાણે ● ૩. કામ-ક્રોધાદિક શત્રુઓ

## ૪૮૮ (રાગ : આજ મારે ઓરડે રે)

શ્રીજી સંકલ્પથી રે, બાપા પ્રગટ્યા કચ્છ મોઝાર;
વૃષપુર ગામમાં રે, પિતા પાંચા માતા દેવ દ્વાર...૦૧

શ્રીજી સિદ્ધાંતને રે, બાપા સમજાવે ભલી ભાત;
મીઠી વાણીએ રે, નિત્યે કરીને નવલી વાત...૦૨

શ્રીજીએ મોકલ્યા રે, સ્વ સિદ્ધાંતો કે'વા કાજ;
સુણજો સત્ય કહું રે, શ્રીજી છે સૌના શિરતાજ...૦૩

પૂર્ણ પુરુષોત્તમ રે, સ્વામિનારાયણ ભગવાન;
એની આગળે રે, અવતાર સર્વે ભક્ત નિદાન...૦૪

સદાય દિવ્ય છે રે, સ્વામિનારાયણ એક પ્રગટ;
સમજી પહોંચશો રે, મૂર્તિના સુખમાં ઝટપટ...૦૫

મૂર્તિમાં જે રહે રે, તેનું અનાદિમુક્ત છે નામ;
સર્વથી શ્રેષ્ઠ છે રે, તે જ ખરેખરા પૂરણકામ...૦૬

મૂર્તિનું સુખ છે રે, રોમે રોમમાં અપરંપાર;
અનાદિ તેમાં થયા રે, સુખ ભોક્તાપણે તદાકાર...૦૭

એ સુખ પામવા રે, કહે છે શ્રીજી કરવા ધ્યાન;
વિઘ્નો ટાળવા રે, લેજો અનુભવીથી જ્ઞાન...૦૮

દેહમાં હવે નથી રે, તમને રાખ્યા મૂર્તિની માંય;
કેવળ કૃપા કરી રે, હરિએ થિજાડ્યા સુખમાંય...૦૯

પાકો સિદ્ધાંત કે' છે રે, શ્રીજીનો સમજવા ખાસ;
શ્રીજી ને બાપા તણી રે, જય બોલો કે' દાસાનુદાસ...૧૦

## ૪૮૯ (છંદ : રેણકી)

એક દિન અક્ષરધિરાજ, નાટક નર ધરણકાજ;
કરણ જીવ મોક્ષ કાજ, અવની ઉપરે,

પ્રગટે સંગ મુક્ત સાથ, સ્થાપન શુભ ધર્મ **પાથ**[1];
સબહી સે **સમરાથ**[2], **વસુધા**[3] વિચરે,
સ્થાપી સત્સંગ નવીન, પાલત જન હો પ્રવિન;
તો દોષાદિક હોત ક્ષીણ, આપે આપા,
એવા જય જય અમ જીવનપ્રાણ, દાતા સુખ મૂર્તિદાન;
શ્રીજી સંકલ્પ સુજાન અબજીબાપા,
મુક્ત અનાદિ મહાન અબજીબાપા...ટેક

ગહન ગૂઢ અનુપ જ્ઞાન, અક્ષર લગ સબ અજાન;
મહાત્મ્ય પૂરણ મુક્ત જાન, અતિશય ભારી,
રસબસ વસ રહન રીત, **નિર્દત**[4] સ્થિતિ મુક્તનિત્ય;
પ્રગટ કરણ પૂરણ પ્રીત, નાથ સંગ ન્યારી,
જોડન જીવ મૂર્તિ તાન, દેવા સુખ અભયદાન;
સર્જત સંકલ્પ સુજાન શ્રીજી આપા...એવા જય ૦૧

પાવન અતિ કચ્છ દેશ, બાપા વિચર્યા હરિ શેષ;
એમાં વેકરિયા કુળ વિશેષ, જીણ મેં જાણો,
ઉન્નીસ સત એક સાલ, દિન પ્રબોધા દયાલ;
વાર સોમ શુભ કાલ, પ્રગટ પરમાણો,
પિતા પાંચાભાઈ, માતા દેવબાઈ;
વાસો વૃષપુર માંહી, સ્થિરપદ થાપા...એવા જય ૦૨

બાપા ગૃહી બાલ્ય વેશ, ભયે સિદ્ધ સમાધેશ;
રહેવત હરિ મેં હંમેશ, જામ અષ્ટ જાનો,
રમત ભ્રમત સખા સંગ, રંગત મુન મૂર્તિ રંગ;
સેવન મુનિ સત્સંગ, મોટા નંદ માનો,
ગાતા કીર્તનગાન, દેવા સુખ અભયદાન;
ભયે સ્થિત ગૃહમાન, જપતા જાપા...એવા જય ૦૩

વાણી રીત એક રંગ, આજ્ઞા ધારી અભંગ;
કાઢી કચ્છ જન કુસંગ, રંગ નિજ રંગિયા,
આથી વાધી ખ્યાતિ વિશેષ, જાનત જન દેશદેશ;
મુક્ત અનાદિ મહેશ, સંગ હરિ સુખિયા,
સ્વામી નિર્ગુણ સમર્થ, સોંપ્યા નિજ શિષ્ય હસ્ત;
જાણી દશ મૂર્તિ પથ, સ્થાપી છાપા...એવા જય ૦૪

જાણી તવ જીવનપ્રાણ, તોડી ગુરુ સર્વ તાન;
સેવવા તમને સુજાન, શિરને સાટે,
શોધી સબ સુગમ સાર, શ્રીમુખ અમૃત ઉચ્ચાર;
વેઠી કષ્ટો અપાર, જીવને માટે,
વાતો દોઉ ભાગ કીન, હોતો અતિશે નવીન;
કરત જીવ મૂર્તિ લીન, ટાળી ટપ્પા...એવા જય ૦૫

યોજી યજ્ઞો મહાન, કરતા શુદ્ધ સ્વરૂપ જ્ઞાન;
દેતા હરિ મૂર્તિદાન, **દાડી દાડી**[૫],
અન્વય ને વ્યતિરેક, વાતો કરી છુટ્ટી છેક;
રાખો હરિ એક ટેક, સર્વને ઉઠાડી,
નિત્ય મુક્ત સ્થિતિ નવીન, સમજ પ્રથમ સુગમ કીન;
**સાકૃતિ**[૬] સહ હોત લીન, ન કોઈ માપા...એવા જય ૦૬

સદ્‌ગુરુ ઈશ્વર વૃંદ, મુક્ત અનાદિ સ્વચ્છંદ;
મિલત કટત ભવ ફંદ, સંગ હરિ સાધે,
સોંપી નિજ કાર્ય ભાર, કરવા સત્સંગ સુધાર;
એમ વિરમ્યા કરીને વિચાર, રંગ હરિ રાચે,
સ્વામી દેવનંદનદાસ, સેવક કી એક આશ;
પરમ એક મૂર્તિ પ્યાસ, દ્યોને દાપા...એવા જય ૦૭

● ૧. રસ્તો ● ૨. સમર્થ ● ૩. પૃથ્વી ● ૪. નિર્દેશ કરનાર ● ૫. રોજે રોજ ● ૬. સાકારપણે (પુરુષોત્તમરૂપ)

### ૪૯૦ (રાગ : મૂર્તિમાં રહીને નીરખીયે રે)

બાપાશ્રીની બાળલીલા રે, સૌને છે સુખદાઈ રે;
ચમત્કારી ને કલ્યાણકારી, સુખ દેનાર સદાઈ રે... બાપાશ્રી ટેક

પ્રગટ્યા કે તરત દિવ્ય પુરુષો, પૂજે છે બાળ રૂપ રે;
કુંકુમ ચંદન ને પુષ્પ હારે, માતા જુએ અનુપ રે... બાપાશ્રી ૦૧

છઠ્ઠીને દિવસે વાત બની રે, જુઓ મંગળકારી રે;
પુષ્પ ટોપી ને પુષ્પ કંદોરો, અંગરખું સુખકારી રે... બાપાશ્રી ૦૨

તિલક ચંદ્રક અર્ચા સહિત છે, વિશાળ રૂડાં ભાલ રે;
માતા સહિત સૌ આશ્ચર્ય પામ્યાં, મુક્તો કરી ગયા પૂજન રે... બાપાશ્રી ૦૩

બાળ રૂપનાં દર્શને આવે, મુક્ત ને દિવ્ય પુરુષ રે;
દર્શન પૂજન કરી જતા રહે, માતાને થાય દર્શન રે... બાપાશ્રી ૦૪

સંકલ્પ જાણી માતા કેરો, બોલે બાળ સ્વરૂપ રે;
મહિમા જાણી મુક્તો આવે, દર્શન કરવા અનુપ રે... બાપાશ્રી ૦૫

સ્તનપાન ક્યારેક કરે ન કરે, માસના માસ વીતી જાય રે;
તોપણ હૃષ્ટ પુષ્ટ તાજા ને તાજા, જોઈને આનંદ ઉર ન સમાય રે... બાપાશ્રી ૦૬

ઘરમાંથી ખસતાં ખસતાં આવે, બાળ રૂપ બહાર રે;
દેવબાઈ જ્યાં જુએ છે ત્યાં તો, ભાલમાં ચંદન આડ રે... બાપાશ્રી ૦૭

કુંકુમનો છે ચંદ્રક મોટો, કંઠમાં ફૂલનો હાર રે;
આશ્ચર્ય પામી ઘરમાં જુએ તો, ફૂલ પડેલાં અપાર રે... બાપાશ્રી ૦૮

માતાએ બાળ સ્વરૂપને આપ્યું, દૂધ પીવાને ખાસ રે;
મોટા માણસ માફક જાણો, પી ગયા એકી શ્વાસ રે... બાપાશ્રી ૦૯

ક્યારેક હળવા ને ક્યારેક ભારે, તેડનારને જણાય રે;
માતાનું હાલરડું સુણી, પોઢે પારણિયામાંય રે... બાપાશ્રી ૧૦

માતાપિતાને સગાંસંબંધીને, પૂરો ન આવે ખ્યાલ રે;
બાપાની દિવ્ય બાળ લીલાથી, દાસાનુદાસ થાય ન્યાલ રે... બાપાશ્રી ૧૧

**૪૯૧ (રાગ : ભજનનો)**

બાલપણે પરચા આપે બાપાશ્રી, બાલપણે પરચા આપે;
ખજૂર જમાડી દુઃખ કાપે બાપાશ્રી, ખજૂર જમાડી દુઃખ કાપે... બાલપણે ટેક
એ... એક સમયે પાંચા પિતાને, તાવ શરીરે તો આવે(૨)
ચાર દિવસ તો અન્ન વિના વીત્યા, ખાવાનું કાંઈ ન ભાવે રે;
(પિતાને) ખાવાનું કાંઈ ન ભાવે... બાલપણે ૦૧
એ... વ્યવહારે દુર્બળ તેને કારણે, ઉદાસ દિલડું રહે છે(૨)
ફરી ફરીને જમવા માટે, દેવબા પૂછે છે રે;
(પ્રીતેથી) દેવબા પૂછે છે... બાલપણે ૦૨
એ... ખજૂર હોય તો થોડીક ખાઉં, એમ કહે પાંચાપિતા(૨)
**ઢીંગલા**[1] વિના ક્યાંથી લાવું, તેની થઈ છે ચિંતા રે;
(માતાને) તેની થઈ છે ચિંતા... બાલપણે ૦૩
એ... દિલગીર થયાં ને આંસુ ટપક્યાં, દિલની વાત કોણ જાણે(૨)
જાણી ગયા તે પુત્ર પોતાના જે, તન મનની જાણે;
(બાપાશ્રી) તન મનની જાણે... બાલપણે ૦૪

એ... માતા પાસે જઈને બોલ્યા, હું સહુને સુખ પમાડું(૨)
ખજૂર હું તો હમણાં લાવું, મુજ પિતાને જમાડું રે;
(માતાજી) મુજ પિતાને જમાડું... બાલપણે ૦૫

એ... એમ કહીને બહાર ગયા એ, થોડી વારમાં પાછા આવ્યા(૨)
લૂગડાંમાં તો ખજૂર લાવ્યા, માતાપિતાને દિલ ભાવ્યા;
(બાપાશ્રી) માતાપિતાને દિલ ભાવ્યા... બાલપણે ૦૬

એ... લ્યો મા, હું આ ખજૂર લાવ્યો, મમ પિતાને તો આપો(૨)
પ્રેમ કરીને જમાડી તેમનું, ભૂખનું દુઃખ તે કાપો રે;
(માતાજી) ભૂખનું દુઃખ તે કાપો... બાલપણે ૦૭

એ... ખજૂર જોઈ માતા પૂછે છે, નવી ખજૂર ક્યાંથી લાવ્યા(૨)
ઢીંગલા વિના પુત્ર ઓ મારા, કેવી રીતે તમે લાવ્યા;
(કહોને) કેવી રીતે તમે લાવ્યા... બાલપણે ૦૮

એ... દિલગીર તમને જોઈને માતા, વિચાર દિલમાં સાલ્યો(૨)
ઢીંગલા વિના માતાજી હું તો, ખજૂર લેવાને ચાલ્યો;
(માતાજી) ખજૂર લેવાને ચાલ્યો... બાલપણે ૦૯

એ... રસ્તામાં ચાલતાં ઘનશ્યામ મળ્યા, ખજૂર હાથમાં લઈને(૨)
આપણું દુઃખડું દૂર કર્યું છે, ખજૂર મુજને દઈને;
(હરિએ) ખજૂર મુજને દઈને... બાલપણે ૧૦

એ... ખજૂર આપીને જતા રહ્યા હરિ, પરમ પ્રસાદી આ છે(૨)
લાવ્યો તે હું માતા આજે, પ્રેમીના કોડ પૂરે છે;
(પ્રભુજી) પ્રેમીના કોડ પૂરે છે... બાલપણે ૧૧

એ... જુઓ હરિની કેવી દયા છે, ભક્તોનાં કાર્ય કરે છે(૨)
આ લોકમાં દુઃખડાં રે કાપી, પ્રગટપણે વિચરે છે;
(પ્રભુજી) પ્રગટપણે વિચરે છે... બાલપણે ૧૨

એ... પાંચાપિતાને ખજૂર જમાડી, દેવબાએ પ્રસાદી લીધી(૨)
દાસાનુદાસ કહે બાલપણે, માતા પિતાની સાર લીધી;
(બાપાશ્રીએ) માતા પિતાની સાર લીધી... બાલપણે ૧૩

● ૧. રૂપિયા (કચ્છી બોલીનો એક શબ્દપ્રયોગ)

**૪૯૨** **(રાગ : ચલતી)**

અવતારના અવતારી સ્વામી સહજાનંદની સંકલ્પ મૂર્તિ;
બળ જીવોને નવલું દઈને, આપે સહુને મૂર્તિ,
જીવનપ્રાણ છે આશ્રિત જનનાં, દુઃખડાં કાપે ભારી;

બાળકના ગુન્હા માફ કરીને, હિત કરે હિતકારી,
પાલન પોષણ આ લોકે કરે છે, પરલોકે સુખડાં દે છે;
સાર્થક નામ છે ‘અબજીબાપા’, દાસાનુદાસ એમ કે’ છે.

**૪૯૩ (પદ : બાપાશ્રી રે બાપાશ્રી)**

બાપાશ્રી રે બાપાશ્રી, માથે પાઘ બાંધી; જુએ દષ્ટિ **સાંધી**[૧] રે, ભાઈ બાપાશ્રી...ટેક
બાપાશ્રી રે બાપાશ્રી, અંગરખી રૂડી ધારી; શોભે અતિ સારી રે...ભાઈ ૦૧
બાપાશ્રી રે બાપાશ્રી, આવે હાર પહેરી; જુઓ રંગ લ્હેરી રે...ભાઈ ૦૨
બાપાશ્રી રે બાપાશ્રી, કર જેષ્ટિકા લઈને; ચાલે ધીરા રહીને રે...ભાઈ ૦૩
બાપાશ્રી રે બાપાશ્રી, શ્રીજી સંકલ્પમૂર્તિ; સૌની હરે **સૂરતી**[૨] રે...ભાઈ ૦૪
બાપાશ્રી રે બાપાશ્રી, શ્રીજી વતી આવ્યા; સદ્‌ગુરુ સંગે લાવ્યા રે...ભાઈ ૦૫
બાપાશ્રી રે બાપાશ્રી, બાળલીલા કીધી; સખાની ખબર લીધી રે...ભાઈ ૦૬
બાપાશ્રી રે બાપાશ્રી, ગૃહસ્થાશ્રમમાં આવ્યા; તોપણ સંત કહાવ્યા રે...ભાઈ ૦૭
બાપાશ્રી રે બાપાશ્રી, સમાધિમાં જાય; મોટા તો જણાય રે...ભાઈ ૦૮
બાપાશ્રી રે બાપાશ્રી, યજ્ઞો કરે મોટા; તેના નહિ **જોટા**[૩] રે...ભાઈ ૦૯
બાપાશ્રી રે બાપાશ્રી, ટાળીને અજ્ઞાન; આપે રૂડું જ્ઞાન રે...ભાઈ ૧૦
બાપાશ્રી રે બાપાશ્રી, સમજાવી ભલી ભાત; કરે મૂર્તિની વાત રે...ભાઈ ૧૧
બાપાશ્રી રે બાપાશ્રી, પ્રીત કરી ન્યારી; મૂર્તિમાં ખેંચે ભારી રે...ભાઈ ૧૨
બાપાશ્રી રે બાપાશ્રી, રસબસ રીતે **દાખે**[૪]; અનાદિ સંગે રાખે રે...ભાઈ ૧૩
બાપાશ્રી રે બાપાશ્રી, છે જો જીવનપ્રાણ; આપે અભયદાન રે...ભાઈ ૧૪
બાપાશ્રી રે બાપાશ્રી, દેહો ટાળી દે છે; મૂર્તિમાં રાખી લે છે રે...ભાઈ ૧૫
બાપાશ્રી રે બાપાશ્રી, સિદ્ધાંતો સમજાવે; સુખમાંહી ઠેરાવે રે...ભાઈ ૧૬
બાપાશ્રી રે બાપાશ્રી, મૂર્તિનાં દાન દેવા; આવ્યા જોયા જેવા રે...ભાઈ ૧૭
બાપાશ્રી રે બાપાશ્રી, આશીર્વાદ દે છે; સુખમાં જોડી દે છે રે...ભાઈ ૧૮
બાપાશ્રી રે બાપાશ્રી, કરી કૃપા આજ; પૂરાં કર્યાં કાજ રે...ભાઈ ૧૯
બાપાશ્રી રે બાપાશ્રી, વિનવે દાસાનુદાસ; પૂરો સૌની આશ રે...ભાઈ ૨૦

● ૧. એકાગ્ર કરી ● ૨. વૃત્તિ ● ૩. જોડ ● ૪. બતાવવી

**૪૯૪ (કૂચગીત)**

હમ સબ શ્રીજી કે સંતાન, શ્રીજી હમારા એક નિશાન;
એક નિશાન... એક નિશાન... એક નિશાન...(૨)

બાપાને યે સબક સિખાયા, યે હી અપની શાન;
હમ સબ આદર્શ હૈં જવાન, હૈ મહાન... હૈ મહાન... હૈ મહાન;

સ્વામિનારાયણ ગાયેંગે, વિશ્વ મેં ધ્વજ લહેરાયેંગે,
બાપા કે બચ્ચે કહેલાયેંગે;

હૈ મહિમા અપરંપાર, હોગા જયજયકાર;
જય જયકાર... જય જયકાર... જયજયકાર...(૨)
હમ સબ શ્રીજી કે સંતાન...ટેક

ગોપાળાનંદ આદિ સંતોને યેહી પાઠ સિખાયા;
ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય, ભક્તિ કા સચ્ચા પથ દિખાયા,
બાપાશ્રીને પ્રગટ હોકે, શુદ્ધ જ્ઞાન બતાયા...(૨)
યહી જ્ઞાન, કરે પૂરણકામ, જીવન હમારા હૈ કુરબાન...(૨)
સ્વામિનારાયણ ગાયેંગે...૦૧

બાપાશ્રીને સાફ બતાયા, નહિ કભી માલિક બનના;
હર કદમ, હર ક્રિયા મેં, પ્રભુ કો હી કર્તા કરના,
હર બાત, હર વિચાર, શ્રીજી કો હી આગે ધરના...(૨)
યે હી પ્રાણ, યે હી આધાર, જીવન કા હૈ યે હી સાર...(૨)
સ્વામિનારાયણ ગાયેંગે...૦૨

સંપ, સુહૃદ ઔર એકતા ભરકે, દેશ દેશ મેં જાયેંગે;
રાગ-દ્વેષ કે બંધન તોડકે, જ્ઞાન યેહી ફૈલાયેંગે,
એક બાપ કે બેટે હૈં હમ, યહી બાત બતાયેંગે...(૨)
એક હી કામ, એક હી નામ, એક હી હમારા મૂર્તિધામ...(૨)
સ્વામિનારાયણ ગાયેંગે...૦૩

નહિ ડરેંગે, નહિ રુકેંગે, કહેંગે ઘર ઘર જાકર;
હો ગયા, હોતા હૈ, હોગા, શ્રીજી કી ઇચ્છા પર,
યહ શુદ્ધ ઉપાસના દિખાઈ, બાપાશ્રીને આકર...(૨)
મુક્ત અનાદિ હૈ મહાન, હોકે રહેંગે નિદાન...(૨)
સ્વામિનારાયણ ગાયેંગે...૦૪

સાંસ-સાંસ ઔર બુંદ-બુંદ, જબ સ્વામિનારાયણ કહેંગે;
અરસપરસ મેં પ્રેમભાવ સે, મિલતે ઝૂલતે રહેંગે,
બાપાશ્રી તબ રાજી હોકે, "વાહ મેરે બચ્ચે" કહેંગે...(૨)
કારણ સત્સંગ, હૈ ધડકન, બાપજી પ્રસન્ન લાગી લગન...(૨)
સ્વામિનારાયણ ગાયેંગે...૦૫

કષ્ટો કી રાહ પર ચલકર, હમેં ખૂબ સવારા હૈ;
ગુરુજીને સદા હમેં, હૃદય કેહકર પુકારા હૈ,
બારી હમારી હૈ તૈયારી, એક હી સૂર હમારા હૈ... (૨)
આજ્ઞા કરો તૈયાર હૈં હમ, શિર કટાયે ફિર ભી કમ... (૨)
સ્વામિનારાયણ ગાયેંગે...૦૬

શ્રીજી કે યુવાન હૈં હમ, યહી સૂર ગુંજે હરદમ;
બાપા કી પહેચાન હૈં હમ, યહી સૂર ગુંજે હરદમ,
બાપજી કી સંતાન હૈં હમ, યહી સૂર ગુંજે હરદમ;
ગુરુજી કી ધડકન હૈં હમ, યહી સૂર ગુંજે હરદમ,
શ્રીજી બાપા રાજી હોયેંગે, શ્રીજી બાપા રાજી હોયેંગે... (૪)

હર એક દિલ સે મિલેંગે, પ્રેમ સે બાત સમજાયેંગે;
ગાંવ-ગાંવ મેં જાયેંગે, શેહ-શરમ કો છોડેંગે;
દેશ-દેશ મેં ઘૂમેંગે, ધર્મ કી જ્યોત જલાયેંગે;
બાપા કી બાત લે જાયેંગે, કણ-કણ મેં ફૈલાયેંગે;
વિશ્વ કે પથ પર પહોંચેંગે, શ્રીજી કા ધ્વજ લહેરાયેંગે;
યે નિશાન હમ પાયેંગે, શ્રીજી બાપા રાજી હોયેંગે...(૨)
શ્રીજી બાપા રાજી હોયેંગે, શ્રીજી બાપા રાજી હોયેંગે...(૪)

જય હો યુવા ધાન કી, આદર્શ નૌજવાન કી;
જય હો સહજાનંદ કી, બાપાશ્રી કે નામ કી,
જય હો યહ સિદ્ધાંત કી, આન-બાન ઔર શાન કી;
જય હો સ્વામિનારાયણ કી, એક હી એક નિશાન કી,

જય હો લાખ કરોડ વાર, સ્વામિનારાયણનો જય જયકાર;
જય હો લાખ કરોડ વાર, બાપાશ્રીનો જય જયકાર,
જય હો લાખ કરોડ વાર, સ્વામિનારાયણનો જય જયકાર;
જય જયકાર, જય જયકાર, જય જયકાર...(૩)

## ૪૯૫　　(દોહા)

બાપા, બાપા **બેલી**[૧] આપ છો, તમે વૃષપુર વાસી વા'લા તમે;
મને રાખ્યો મૂર્તિમાંય, આ તો જળમાં માછલડું રમે.
બાપાશ્રી સબસે બડા, ઉનસે બડા ન કોય;
જે જન ઉનકો જાનહી, વહી મુક્ત અનાદિ હોય.

● ૧. સહાય કરનાર

## (રાગ : ચલતી)

સંકલ્પ પોતાનો પૂરો કરવા, હરિ ઉતાવળા બહુ થાતા;
નંદોને ફરી સાથે લાવે, સંકલ્પ મૂર્તિ બાપા... ૦૧

વચનામૃતના રહસ્યોને વળી, વાતો રૂપે વહાવતા;
આશીર્વાદ ખૂબ વરસાવ્યા છે, સંકલ્પ મૂર્તિ બાપા... ૦૨

સનાતન ને વ્યતિરેક મૂર્તિ, વિના ભાર સૌ હરતા;
પ્રત્યક્ષપણે નિશ્ચય કરાવે, સંકલ્પ મૂર્તિ બાપા... ૦૩

કાર્ય કારણ જુદા પાડ્યા, કારણ સત્સંગના નિર્માતા;
અવરભાવ તોડી પરભાવ સ્થાપે, સંકલ્પ મૂર્તિ બાપા... ૦૪

મોટા મોટા સદ્‌ગુરુઓ મળી, પ્રાર્થના જે જે કરતા;
અનાદિમુક્ત કરી મૂર્તિમાં રાખે, સંકલ્પ મૂર્તિ બાપા... ૦૫

મોટા મોટા જગન કરીને, લાખો જનને ભેળા કરતા;
સંકલ્પ માત્રે પૂરું કરી દે, સંકલ્પ મૂર્તિ બાપા... ૦૬

લુણાવાડાના કાશીરામભાઈ, રણછોડભાઈના ભ્રાતા;
પ્રાર્થના કરીને રોકી દીધા, સંકલ્પ મૂર્તિ બાપા... ૦૭

લીંબડીના દોલતસિંહ બાપુ, દીવાન ઝવેરભાઈ હતા;
માત્ર પૂજનમાં જ પૂરું કર્યું છે, સંકલ્પ મૂર્તિ બાપા... ૦૮

ભારાસરથી વૃષપુર આવતા, સંતોને દર્શન થાતાં;
ભાંઠા વાગે તોય દર્શન ક્યાંથી, સંકલ્પ મૂર્તિ બાપા... ૦૯

વડનગરના સોની મહાજન, ઉંદર ફાવી જાતા;
સહેજે સૌને મૂર્તિ આપો, સંકલ્પ મૂર્તિ બાપા... ૧૦

સમર્થ ગુરુદેવ બાપજી જેવા, દિવ્યપુરુષ તમે દેતા;
આ દિવ્ય સમાજની રચના કીધી, સંકલ્પ મૂર્તિ બાપા... ૧૧

આ સંતો ભક્તો બાઈ ભાઈ, તવ સંકલ્પમાં ભેળવતા;
જનમ અમારો આપને માટે, સંકલ્પ મૂર્તિ બાપા... ૧૨

લોહી તણું આ બુંદ બુંદ પણ, ધબકે મહારાજ બાપા;
જરૂર પડે અમે હોમાઈ જાશું, સંકલ્પ મૂર્તિ બાપા... ૧૩

જન જન ને મન મનમાં ગુંજે, જય જય ચહુ દિશ થાતાં;
કારણ સત્સંગ વિશ્વવ્યાપી થાશે, સંકલ્પ મૂર્તિ બાપા... ૧૪

**૪૯૬ (પદ : બાપા એટલે બાપા)**

બાપા એટલે બાપા, બોલો... બાપા એટલે બાપા (૨)
ન મળે એના જોટા, એવા બાપા સૌથી મોટા (૨)...બાપા એટલે ટેક
જ્યારે શ્રીજી પધાર્યા પોતે, દિવ્ય નંદ સંતો સોતે;
મહિમા ખૂબ કહેવાતો, નવા જીવોને ન સમજાતો,
(કહ્યું) તમ સંગે અમે આવશું, સૌ જીવોને સાથે લાવશું... બાપા એટલે ૦૧
મધ્ય અડતાલીસે કહ્યું, શ્રીજી શબ્દોમાં મર્મ રહ્યું;
કચ્છમાં ફરી આવશું, સૌને સુખિયા ખૂબ કરશું,
એવો આશીર્વાદ તો દીધો, બાપા દ્વારે પૂરો કીધો... બાપા એટલે ૦૨
માતા દેવબા ને પાંચાપિતા, ધર્મભક્તિની વહેતી સરિતા;
દર્શન થાતાં વચન લીધાં, પુત્ર પ્રાગટ્યના કોલ દીધા,
અબજોને મૂર્તિમાં લેશે, માટે અબજી નામ ધરશે...બાપા એટલે ૦૩
ફરી આવ્યો દિવ્ય સમાજ, હતો બેઠો છે જે આજ;
નાખ્યા સર્વોપરી નિષ્ઠાના પાયા, સ્થિતિ અનાદિની લાવ્યા,
ખુલ્લી વાતો ચોખ્ખે ચોખ્ખી, કરી લાગે સૌને નોખી...બાપા એટલે ૦૪
હતા આચાર્યો મોટા મોટા, સદ્‌ગુરુ સંતો ન્હોતા છોટા;
આવે દર્શન આશીર્વાદ લેવા, માગે મૂર્તિ સુખના મેવા,
નદીઓ સમુદ્રને મળવા જાય, એમ મોટા મોટા ખેંચાય... બાપા એટલે ૦૫
હતો સંકલ્પ શ્રીજી તણો, પ્રગટ્યો બાપા દ્વારે ઘણો;
ગૂઢાર્થ વચનામૃત તણા, સુગમ કર્યા ન રાખી મણા,
રહસ્યાર્થ ને વળી વાતો, વાંચન શ્રવણે મોક્ષ થાતો... બાપા એટલે ૦૬
ખોટ ખાતાં ચૂકતે કીધાં, જેને દૃષ્ટિ સ્પર્શમાં લીધા;
સમૈયા પ્રસંગે બોલાવી, બાપે મૂર્તિ રસ રેલાવી,
જાવ પૂરું પૂરું ને પૂરું, કૃપા કરે ન રાખે અધૂરું... બાપા એટલે ૦૭
પ્રાપ્તિમાં માનો નહીં અધૂરું, મૂર્તિમાં રહેતા શીખો માની પૂરું;
આજ્ઞા ઉપાસના મક્કમ જોશે, અભાવ-અવગુણથી છેટા રહેવાશે,
જેના વર્તને હરિ રાજી થાય, એ જ બાપાવાળા કહેવાય... બાપા એટલે ૦૮
વિના સાધન બુદ્ધિ જ્ઞાન, આપે અનાદિમુક્તનાં દાન;
બાપા **ફદલમાં**[1] ફવડાવે, ટોળે ટોળાં મૂર્તિમાં આવે,
આ મહોત્સવ બાપા તણો, ગુરુ બાપજીનો સંકલ્પ ઘણો... બાપા એટલે ૦૯
જોજો રહી ન જતા, નહીં તો જરૂર તમે પસ્તાતા;
પચ્ચીસ વરસે ફરી આવ્યો, સંતો-ભક્તોએ હરખે વધાવ્યો,
શ્રીજી બાપા ખૂબ છે રાજી, ન આવ્યા તો થાય કુરાજી... બાપા એટલે ૧૦

• ૧. મફતમાં

## ૪૯૭ (રાગ : ધ્યાનમાં સુખડાં આપો)

લ્યો મૂર્તિ શ્રીજીની લ્યો મૂર્તિ, સ્હેજે મૂર્તિના દેનાર;
બાપા તમે મૂર્તિના દેનાર, ખેંચ્યા અમને મૂર્તિના લેનાર,
બાપા તમે મૂર્તિના દેનાર, ચપટીમાં પૂરું કરનાર...ટેક

મૂર્તિ કેરો વેપાર તમારો, પધરાવી દો થઈને ઉદાર;
કોઈ લ્યો કોઈ લ્યો સાદ પાડીને, આપો છો કરી પોકાર,
બાપા તમે મૂર્તિના દેનાર, ચપટીમાં પૂરું કરનાર...૦૧

જાત-કુજાત તમે કાંઈ ન જુવો, પાત્ર કુપાત્રને ખેંચનાર;
ખજીના ખુલ્લા કરી વરસાવો છો, કૃપા અનરાધાર,
બાપા તમે મૂર્તિના દેનાર, ચપટીમાં પૂરું કરનાર...૦૨

કારણ સત્સંગ રૂડો સ્થાપી, કરી કરુણા અપરંપાર;
સાધનમાત્રની સમાપ્તિ કરાવી, પ્રાપ્તિ પૂરી કરનાર,
બાપા તમે મૂર્તિના દેનાર, ચપટીમાં પૂરું કરનાર...૦૩

જીવમાંથી સીધા અનાદિ કરો તમે, મૂર્તિમાં રમનાર;
પુરુષોત્તમરૂપ પાત્ર કરીને, સુખડાં ભોગવનાર,
બાપા તમે મૂર્તિના દેનાર, ચપટીમાં પૂરું કરનાર...૦૪

મનબુદ્ધિનો વિષય નથી આ, રહી જાશો સંશય કરનાર;
કેવળ કૃપાનો આ રાજમાર્ગ છે, અવગુણિયા છૂટી જનાર,
બાપા તમે મૂર્તિના દેનાર, ચપટીમાં પૂરું કરનાર..૦૫

જુમલા ને જેસંગિયા જેવાના, કર્યા તમે ઉદ્ધાર;
ટોળા સહિત તમે મૂર્તિમાં રાખો, રાખો નહિ ઉધાર,
બાપા તમે મૂર્તિના દેનાર, ચપટીમાં પૂરું કરનાર...૦૬

ત્યાગી ગૃહી ને નાના મોટાના, છો ભેદને ભૂલનાર;
અગણિત ગુનાને માફ કરી તમે, મૂર્તિમાં રાખનહાર,
બાપા તમે મૂર્તિના દેનાર, ચપટીમાં પૂરું કરનાર...૦૭

મોટા મોટા જગનો કરીને, પ્રસાદી જમાડનાર;
દર્શન સ્પર્શ ને ગુણ ગ્રહેવે, મોક્ષ **બાંઠે**[1] **દિતવાર**[2],
બાપા તમે મૂર્તિના દેનાર, ચપટીમાં પૂરું કરનાર...૦૮

મહારાજ બાપા સદ્‌ગુરુ બાપજી, અહીં પ્રગટ બિરાજનાર;
આ જગનમાં જે જે આવ્યા તેનું, પૂરું કરજો નિરધાર,
બાપા તમે મૂર્તિના દેનાર, ચપટીમાં પૂરું કરનાર...૦૯

ભલે આવ્યા છે કે આવ્યા નથી પણ, ઘેર બેઠા લાભ લેનાર;
જન્મો જનમનાં ખોટ ખાતાં હરજો, 'હેં આવા બાપા' કહેનાર,
બાપા તમે મૂર્તિના દેનાર, ચપટીમાં પૂરું કરનાર...૧૦

આહાહા... ઓહોહો... કર્યું સાંભળ્યું જેણે, ખેંચી લેજો આ વાર;
આજે જન્મે કે દેહ મૂકે તેને, ઠેઠ પહોંચાડનાર,
બાપા તમે મૂર્તિના દેનાર, ચપટીમાં પૂરું કરનાર...૧૧

જોજો તો ખરા હજુ જોજો તો ખરા, ઘણા સમયથી કહેનાર;
એવા બાપજી સંકલ્પ તમારા, હવે જલ્દી દેખાડનાર,
બાપા તમે મૂર્તિના દેનાર, ચપટીમાં પૂરું કરનાર...૧૨

જ્ઞાન-ધ્યાનના સાગર ગર્જવા, સ્પિરિચ્યુઅલ સેન્ટર રચનાર;
મૂર્તિસુખનો ભવ્ય ખજાનો તેને, સહેજે ખુલ્લો મૂકનાર,
બાપા તમે મૂર્તિના દેનાર, ચપટીમાં પૂરું કરનાર...૧૩

વિશ્વ આખું થશે અનાદિમુક્ત, કારણ સત્સંગનો જયજયકાર;
મહારાજ બાપા માટે હોમાઈ જાજો, રહી જાશો ના આ વાર,
બાપા તમે મૂર્તિના દેનાર, ચપટીમાં પૂરું કરનાર...૧૪

**SMVS** સંસ્થા તમારી, આપ જ સ્થાપનહાર;
કર્તા નિયંતા આપ છો હરિ, સદા રહેજો રક્ષણહાર,
બાપા તમે મૂર્તિના દેનાર, ચપટીમાં પૂરું કરનાર...૧૫

મહારાજ-બાપા અરજી અમારી, વિનવીએ વારંવાર;
નિમિત્ત કર્યા છે ધણી ન થઈએ, અંકુર ઊઠવા ન દેનાર,
બાપા તમે મૂર્તિના દેનાર, ચપટીમાં પૂરું કરનાર...૧૬

દેહભાવને યોગે કરીને દોષ, સ્વભાવ બને પીડનાર;
દેહભાવનાં છોતરાં કાઢી સૌનાં, પૂરણપાત્ર કરજો અપાર,
બાપા તમે મૂર્તિના દેનાર, ચપટીમાં પૂરું કરનાર...૧૭

● ૧. પાત્રતા જોયા વગર અઢળક આપવું ● ૨. નિરંતર, કાયમ

# સત્પુરુષના મહિમાનાં પદો

૪૯૮ **પદ-૧**

સદ્‌ગુરુ સાચા રે સેવો **શુદ્ધ ભાવ**[1] શું રે;
જેથી ટળે મનના વિવિધ વિકાર રે,
જેને સંગે વાધે રે પ્રભુ સંગ પ્રીતડી રે;
ટળી જાય જાત વર્ણ અહંકાર રે... સદ્‌ગુરુ ૦૧

વર્તમાન પાંચ રે પળાવે દૃઢ કરી રે;
સંભળાવે હરિનાં ચરિત્ર (પરમ) ઉદાર રે,
એવા ગુરુદેવ રે ગોવિંદ સમ જાણજો રે;
જેને સંગે પામીએ ભવજળ પાર રે... સદ્‌ગુરુ ૦૨

ગુરુ વિના જ્ઞાન ન પામે મનમુખી રે;
કહે છે એમ મહામુનિ વેદ પુરાણ રે,
એવું તે વિચારી રે સદ્‌ગુરુ સેવજો રે;
જેથી હરિ પામીએ પ્રગટ પ્રમાણ રે... સદ્‌ગુરુ ૦૩

ગુરુજીનાં વચન રે વિચારી ઉર ધારજો રે;
ટાળો તમે મોહ મમતા અભિમાન રે,
મુક્તાનંદ કહે છે રે એવી રીતે વર્તતા રે;
તેને ઉર વાસ કરે ભગવાન રે... સદ્‌ગુરુ ૦૪

• ૧. દિવ્યભાવ

૪૯૯ **પદ-૨**

સંત સમાગમ રે શુદ્ધ થઈ કીજિયે રે;
સંત થકી લીજિયે વિવેક વિચાર રે,
કપટ કુબુદ્ધિ રે ઉર થકી ટાળીએ રે;
ટાળીએ જૂઠો તન અહંકાર રે... સંત ૦૧

સંત જન સંગે રે હરિગુણ ગ્રહીએ રે;
અવગુણ ઉર થકી કરીએ ત્યાગ રે,
ઈર્ષા અભાવ રે ન લેવો સંતનો રે;
તનસુખ તજવાં ગ્રહી વૈરાગ્ય રે... સંત ૦૨

ક્રોધ ન કરવો રે હરિજન ઉપરે રે;
વચન સુણી નવ બાંધવું વેર રે,
સમજી વિચારી રે વચન મુખે બોલીએ રે;
વણ સમજે ન વાવીએ ઝેર રે... સંત ૦૩

શ્રી સહજાનંદ રે સ્વામીના દાસ જે રે;
તેને સંગે રહેવું થઈને ગુલામ રે,
મુક્તાનંદ કહે છે રે એવી રીતે વર્તતા રે;
સંત સંગે પામશો મૂર્તિધામ રે... સંત ૦૪

## વચનવિધિ (નિષ્કુળાનંદ કાવ્ય)

### ૫૦૦ કડવું-૨૫

હરિ રાજી કરવા હોય હૈયે હામ જી, તો સંત સંગે હેત રાખો આઠું જામ જી;
સંત છે સર્વે સુખના ધામ જી, તેહ વિના કે'દિયે ન સરે કામ જી.

કામ ન સરે સતસંગ વિના, ત્યારે તેને જ સોંપવા પ્રાણ;
મન કર્મ વચને કરી, થઈ રે'વું સંતના વેચાણ...૦૧

આ લોકે પરલોકમાં પડે, જાણો જરૂર જેનું કામ;
તેને સંગાથે કેમ ત્રોડિયે, જાણી સદાય સુખનું ધામ...૦૨

વિવાદ કરી કેમ વદીએ, અતિ વચન અકડથી;
જેને ફળે ફૂલે દળે દુઃખ ટળે, તે તરુ ન છેદિયે થડથી...૦૩

જે બારણેથી બંધ છૂટિયે, તે બંધ ન કરિયે બારણું;
જેને આધારે જીવિયે, તેનું ન કરિયે મારણું...૦૪

જેમ કોઈ રાખે અન્ન પર રૂસણું, વળી વારિશું રાખે વેર;
તે જન એમ નથી જાણતો, જે હું જીવીશ તે કઈ પેર...૦૫

એમ સંત સાથે રાખી શત્રુતા, વળી કરે સુખની આશ;
તે દિન થોડે દુઃખ પામશે, કાં કરતો નથી તપાસ...૦૬

મળવું છે મહારાજને, રાખી સંત સંગાથે રોષ;
નિષ્કુળાનંદ કહે એ નહિ બને, રખે દેતા કોઈને દોષ...૦૭

### ૫૦૧ કડવું-૨૬

સંતને સોંપિયે સર્વે આપણું જી, એથી અંતરાય ન રાખીયે અણુ જી;
કરિયે ગમતું સાચા સંત તણું જી, તો સંત અત્યંત રાજી થાય ઘણું જી.

ઘણું રાજી કરી સંતને, કૈંક પામિયા પરમ ધામ;
સંત વિના શોધી જુઓ સઘળે, કહો કેનું સરિયું કામ...૦૧

જેમ નાવ વિના નીરનિધિમાં, નથી તરવા અન્ય ઉપાય;
તેમ સંત વિના સંસાર તરવા, શીદ ઇચ્છે કોઈ ઉરમાંય...૦૨

જેમ રવિ વિનાની **રજની**[1], જાણો નથી જાવાની જરૂર;
તેમ સંત વિના અજ્ઞાન અંધારું, કે'દી ન થાયે દૂર...૦૩

જેમ વરસાદ વિના **વસુંધરા**[2], સદાયે સૂકી રહે;
તેમ સંત વિના જીવ જગતના, કહો સુખ ક્યાંથી લહે...૦૪

તેવા સંત શું ત્રોડિયે, જોડિયે પાપી શું પ્રીત;
તેને સુખ થવાનું નથી સૂજતું, ચિંતવી જોયે છયે ચિત્ત...૦૫

ફોડી આંખ્ય થાય આંધળો, પછી ઇચ્છે જોવા રૂપને;
રૂપ જોયાનું રહ્યું પરું, તે ભરે નહિ ઊંડા **કૂપને**[3]...૦૬

માટે સાચા સંત સેવીને, કરિયે રાજી રળિયાત;
નિષ્કુળાનંદ તો નરને, સુધરી જાયે સર્વે વાત...૦૭

● ૧. રાત ● ૨. પૃથ્વી ● ૩. કૂવો

## ૫૦૨ કડવું-૨૮

સાચા શુદ્ધ સંતનો સમાગમ ક્યાંથી જી, થોડે કરી થાતો નથી જી;
જેણે કરી છૂટિયે મહાદુઃખમાંથી જી, જરૂર જીવના એ સાચા સંગાથી જી.

સાચા સંગાથી સંત છે, જાણો જીવના જગમાંય;
ભવસાગરમાં ડૂબતાં, સાચા સંત કરે છે સા'ય...૦૧

વારુ છે વસમી વેળા તણા, જ્યારે આવે પળ વળી આકરી;
તે સમે સાચા સંત સગાં, કાં તો સગાં છે શ્રીહરિ...૦૨

તેહ વિના ત્રિલોકમાં, નથી જીવને ઠરવા ઠામ;
આદ્યે અંત્યે મધ્યે માનજો, સર્યાં સહુનાં એથી કામ...૦૩

એ સંત શાણા શુભ ગુણે, જેમાં અશુભ ગુણ નહિ એક;
પર ઉપકારી સગાં સહુનાં, ધર્મ નિયમવાળા વિશેષ...૦૪

કામ ક્રોધ લોભે કરી, જેને અંતરે નથી **ઉત્તાપ**[1];
નિર્માની નિઃસ્પૃહી નિઃસ્વાદી, નિર્મોહી વળી નિષ્પાપ...૦૫

જક્તદોષ જેના જીવમાં, વળી અડ્યો નથી અણુભાર;
એવા સંત શુદ્ધ શિરોમણિ, ત્રિલોકના તારનાર...૦૬

વચન ન લોપે વા'લા તણું, હોય પંડ્યમાં જ્યાં લગી પ્રાણ;
નિષ્કુળાનંદ એવા સંતનાં, શ્રીહરિ કરે છે વખાણ...૦૭

● ૧. પીડા

## ૫૦૩　　(રાગ : તુમહી ચલે પરદેશ)

ભવસાગરનાં નીર, તરીને જાવું સામે તીર;
સંતો... ભવસાગરનાં નીર જી... ટેક

આશા તૃષ્ણા નદીનો સંગમ, ગાજતા ગંભીર જી;
મનસૂબા રૂપી **લોઢ**[1] મોટા, થાવા ન દીએ સ્થિર... સંતો ૦૧

કામ ક્રોધ ને લોભ મોટા, મગર મચ્છની **ભીર**[2] જી;
**ભામિની**[3] રૂપી ભમરીઓથી, સાચવવું જ શરીર... સંતો ૦૨

શૂરતા રૂપી **સઢ**[4] ચડાવી, શાંતિ રૂપ સમીર જી;
નાવ હરિના નામ રૂપી, ધારો **નાંગળ**[5] ધીર... સંતો ૦૩

ખેવટ જ્ઞાની ગુરુ ગોતી, ધર્મી ધ્યાની ધીર જી;
માવ કવિ કહે તુરત તરશે, સત્સંગી શૂરવીર... સંતો ૦૪

● ૧. ઊંચાં મોજાં ● ૨. ભય ● ૩. સ્ત્રી ● ૪. વહાણને ગતિ મળે તે માટે થાંભલાને બાંધવામાં આવતું જાડું કપડું ● ૫. લંગર

## ૫૦૪　　(રાગ : ઊંચી મેડી તે મારા સંતની રે)

ઊંચી સ્થિતિ છે મારા સંતની રે, એની સંગે રહી કરું વાત... હો રાજ ટેક
સંત સંગાથે રહી ભમતા, (૨) સંત સાથે રહું દિન રાત;
જે કોઈ મમ સંતને દૂભવે, જાણો દુભાણા અમે સાક્ષાત્... હો રાજ ૦૧

સંત ભેળા રહી જમતા, (૨) સંત બોલે તે બોલું બોલ;
સંત જાણો અમારા રૂપ, નથી એમાં જરીયે પોલ... હો રાજ ૦૨

સંત ઊઠે તે સંગે ઊઠતા, (૨) જ્યાં બિરાજે એવા સંત;
સ્વમુખે વ્હાલો એમ વદતા, સંત મહિમા કહ્યો અત્યંત... હો રાજ ૦૩

માટે સંતનો સમજી મહિમા, (૨) **શક**[1] રાખજો નહિ લગાર;
દાસ સેવક એવું ભણે, જાણી સંતનો મહિમા અપાર... હો રાજ ૦૪

● ૧. સંશય

**૫૦૫ પદ-૧ (રાગ : ધોળ)**

મળે જીવન મુક્ત તે જોગિયા;
ત્યારે ટળે તન મન તાપ, સત્સંગ કીજિયે... ટેક
ફરે અવયવ આ રે શરીરનાં, પરાં પળાય પંડનાં પાપ... સત્સંગ ૦૧
જેમ કીટ મટી થાય ભમરી, તેને કીટ કહે નહિ કોય... સત્સંગ ૦૨
જેમ પારસ પરસે લોહને, તે તો હેમ **હેલામાંહી**[1] હોય... સત્સંગ ૦૩
જેમ ચંદન વાસથી વૃક્ષને, કરે ચંદન સમાન સોય... સત્સંગ ૦૪
જેમ મલિન મળે જળ જાહ્નવી, તેને તરત કરે **ગંગ તોય**[2]... સત્સંગ ૦૫
ત્રાંબા મહોર પલટે છે પાણીએ, કરે કંચનમય રસ કૂપ... સત્સંગ ૦૬
તેમ સદ્‌ગુરુ સુખિયા શ્રીજીથી, થાય **જંત**[3] તે શ્રીજી સ્વરૂપ... સત્સંગ ૦૭
સંત સર્વે સુખી થાવા **ઠામ**[4] છે, તે તો **શ્રુતિ**[5] કરે છે પ્રમાણ... સત્સંગ ૦૮
મન કર્મ વચને તું માનજે, કહે નિષ્કુળાનંદ નિરવાણ... સત્સંગ ૦૯

● **૧.** સ્હેજે, રમતમાં, માત્ર સ્પર્શમાં ● **૨.** ગંગાનું પાણી ● **૩.** જીવ ● **૪.** ઠેકાણું ● **૫.** વચનામૃત

**૫૦૬ પદ-૨**

ધન્ય ધન્ય એ સંત સુજાણને;
જેનું ઊલટી પલટ્યું આપ, સંત તે સ્વયં હરિ... ટેક
આપ ટળી મળ્યા ભગવાનમાં, જેના આપમાં હરિનો વ્યાપ... સંત ૦૧
જેના શીશમાં શીશ છે શ્યામનું, જેના નેણમાં નાથનાં નેણ... સંત ૦૨
જેના મુખમાં મુખ મહારાજનું, જેના વેણમાં વા'લાનાં વેણ... સંત ૦૩
જેના કાનમાં કાન છે શ્રીજીના, જેના નાકમાં નાસિકા નાથ... સંત ૦૪
જેની જીભમાં જીભા જીવનની, જેના હાથમાં હરિના હાથ... સંત ૦૫
જેના હૃદયમાં હૃદય હરિ તણું, જેના પાવમાં પ્રભુના પાવ... સંત ૦૬
જેમ હીરો હીરા વડે વેંધીએ, તેમ થયો તે સહજ સમાવ... સંત ૦૭
એમ સંતમાં રહ્યા છે શ્રીહરિ, માટે સંત છે સુખનું ધામ... સંત ૦૮
ધર્મ ભક્તિ વૈરાગ્ય ને જ્ઞાન જે, તેને રહેવાનું સંત છે ઠામ... સંત ૦૯
એવા સંત શિરોમણિ અમને મળ્યા, જેણે દેહબુદ્ધિ કરી દૂર... સંત ૧૦
કહે નિષ્કુળાનંદ એને સંગે, ઊગે અંતરે આનંદ સૂર... સંત ૧૧

## સત્પુરુષ કોને કહેવાય ?

**૫૦૭ (રાગ : વૈષ્ણવ જન તો તેને )**

મુક્તપુરુષ તો તેને રે કહીએ, જે મૂર્તિના સુખમાં રમાડે રે;
સત્પુરુષ તો તેને રે કહીએ, જે શાશ્વત શાંતિ પમાડે રે,
શ્રીજી સંકલ્પ તો તેને રે કહીએ, જે પ્રગટની પ્રાપ્તિ કરાવે રે... ટેક

પંચવર્તમાન પાળી પળાવી, વિષયથી પ્રીતિ તોડાવે રે;
દેહભાવથી અળગા કરી હરિ, ધ્યાનમાં લગની લગાવે રે... મુક્ત ૦૧

સદાય દિવ્ય સાકાર સ્વરૂપ છે, પ્રગટ પ્રભુ સુખકારી રે;
જીવોને એવું જ્ઞાન સમજાવી, મુક્ત થયા પરોપકારી રે... મુક્ત ૦૨

સર્વાવતારી અજોડ મૂર્તિ, સ્વામિનારાયણ સુખરાશિ રે;
ચોખ્ખી ઉપાસના દૃઢ કરાવી, કરે મૂર્તિના નિવાસી રે... મુક્ત ૦૩

શ્રીજી વિના સૌથી તોડી, પતિવ્રતાની ભક્તિ કરાવે રે;
પુરુષોત્તમરૂપ પાત્ર બનાવી, અનાદિ સંગે ઠેરાવે રે... મુક્ત ૦૪

પોતે અખંડ મૂર્તિમાં રહે છે, સંકલ્પે શ્રીજી દેખાય રે;
જેને પૂજે હરિ પૂજાણા, જેને દુખવે હરિ દુખાય રે... મુક્ત ૦૫

વળી મહાપુરુષનાં લક્ષણ જોજો, ભેળા રહી દિવ્યભાવે રે;
સંગ કર્યા થકી સમીપ રહ્યાથી, ઘાટ સંકલ્પ ટળી જાવે રે... મુક્ત ૦૬

મહાપુરુષ છે અંતર્યામી, જીવોના અંતરનું જાણે રે;
અંતર ઉદ્‌ભવતા સંકલ્પો, કહી દેખાડે કોઈ ટાણે રે... મુક્ત ૦૭

અંત સમે હરિ સંગ દર્શન દઈ, જીવોને લઈ જાય ધામે રે;
પ્રેમીજનોની વિનંતી સ્વીકારી, કોઈને રાખે આ ઠામે રે... મુક્ત ૦૮

આયુષ્ય હોય નહિ તોપણ રાખે, કોઈને હોય તો પડી રહાવે રે;
એવા કલ્યાણકારી પુરુષના, દાસાનુદાસ ગુણ ગાવે રે... મુક્ત ૦૯

**૫૦૮ (ગઝલ)**

અનાદિમુક્તની સેવા, મારે તો મીઠડા મેવા;
મારે તો મીઠડા મેવા, શ્રીજીની મૂર્તિમાં રહેવા... ટેક

કર્યા મોટા સંતને રાજી, તેણે સર્વે દેવ પૂજ્યા જી;
કશી તેને ન રહી ખામી, મળ્યા એને સહજાનંદ સ્વામી... અનાદિ ૦૧

મનુષ્યભાવ દિવ્ય પરમાણી, અલૌકિક મહિમા ઉર આણી;
કર્યું જેણે હેત તે સાથે, જન્મ મરણ નથી માથે... અનાદિ ૦૨

મોક્ષના દાતા શ્રીહરિ, કાં હરિના મુક્ત સુખકારી;
પ્રગટ પ્રભુ વિના ભાઈ, કોઈ રીતે મોક્ષ નવ થાઈ... અનાદિ ૦૩

શ્રીજીની કૃપાથી આજે, અનાદિ મુક્ત બિરાજે;
દાસાનુદાસ કહે રાચી, માની લ્યો વાત એ સાચી... અનાદિ ૦૪

### ૫૦૯ (રાગ : મેરા માલિક પારસ પ્રભુ)

જીવનું જીવન મારા વ્હાલા, સહજાનંદ સ્વામી; (૨)
આત્મબુદ્ધિ કરીએ વ્હાલા, દિવ્યપુરુષ પામી... ટેક

દેહરૂપ માની પોતાનું, જીવે કર્યો અતિ સ્નેહ; (૨)
મોટાપુરુષ સાથે પ્રીતિ, પોતાપણું દેહ **ગેહ**[૧]... જીવનું જીવન ૦૧

સદાયનાં એ સગાં સાચાં, મોટાપુરુષ દયાળ; (૨)
એ મારા હું એમનો, એ દૃઢ કરીએ આ વાર... જીવનું જીવન ૦૨

જનમો જનમથી થયા છીએ, દેહના સુખે સુખી; (૨)
મોટાપુરુષના સુખે સુખી, થઈએ દુઃખે દુઃખી... જીવનું જીવન ૦૩

કોણ બોલે છે ? કોણ કહે છે ? કર્તા પોતે હરિ; (૨)
વચનમાં નિઃસંશય થઈએ, નિધડકપણું દઈ... જીવનું જીવન ૦૪

ગમતું એમનું મારું ગમતું, રુચિમાં સદા રહે; (૨)
બાપજી ને સ્વામીશ્રી સાથે, આત્મબુદ્ધિ રહે... જીવનું જીવન ૦૫

• ૧. ઘર

### ૫૧૦ (પદ : સ્વામી રાખો તેમ રહેવાય રે)

સ્વામી રાખો તેમ રહેવાય રે, તમે કહો તેમ થઈ જાય રે; (૨)
હા ના ના ના હા કરું, તવ ચીંધે રાહ ચલાય રે, (૨)... ટેક

જીવું જીવું કરું હું જીવન, દિવ્ય જીવન જીવાય રે; (૨)
તો આંખે જોવું કાને સુણું, જેમાં આપ રાજી હોય રે, (૨)... સ્વામી ૦૧

આ બાળક તારાં ભૂલેલાં સ્વામી, ધ્યેય ચૂકી ન જવાય રે; (૨)
તો બિરદ જાણી રહેજો રાજી, તો સુખ સુખ થઈ જાય રે, (૨)... સ્વામી ૦૨

મારું મારું કરું હું જીવન, સ્વામી અર્થે બની જાય રે; (૨)
તો સંકલ્પ કરજો મારા સ્વામી, તો સેવા મળી જાય રે, (૨)... સ્વામી ૦૩

આ સંકલ્પ તારા નાના સ્વામી, બનશે આપના જેવા; (૨)
તો મુક્ત બનાવી રાખો મૂર્તિમાં, તો મૂર્તિરૂપ બનાય રે, (૨)... સ્વામી ૦૪

પ્રાણ પ્રાણેશ્વર છો સેવકના, શ્વાસ શ્વાસ કહી જાય રે; (૨)
તો રાખો સદા આપના હૈયે, તો અમ હૈયે વસી જાઓ રે, (૨)... સ્વામી ૦૫

**૫૧૧ (રાગ : અમે સહુ શ્રીજી તણા સંતો)**

અમે સહુ શ્રીજી તણા યુવક, જીવીશું બાપાને માટે;
અમે સહુ બાપજીના યુવક, જીવીશું સ્વામીને માટે;
અમે સહુ આપ તણાં સ્વપ્નો, જીવીશું સ્વપ્નોને માટે... ટેક

બનું હું પથ્થરની શિલા, જેને નથી સ્વ તણું કદી; (૨)
તમારા ઘાટે ઘાટ પામી, બનીશું તવ કૃતિ નક્કી... અમે ૦૧

જીવું છું નિજાનંદ રહી, સદા ભૂલી તવ આનંદની રાહ; (૨)
નથી જોઈતી એવી ખુશી, છોડાવે તવ તણો જે રાહ... અમે ૦૨

રાખી મેં જીવન તણી ટેક, વર્તી આંખ ઈશારે છેક; (૨)
નથી જોઈતું એવું આ તન, ન રાખે આપ બનીને છેક... અમે ૦૩

મળે જો આપ તણી રુચિ, કરી દઉં જ્ઞાન તણી કૂંચી; (૨)
તમારી હામાં હા રાખી, માનીશું સુખ તણી કૂંચી... અમે ૦૪

## ગુરુ મહિમા - ઋણસ્મૃતિ કીર્તન

**૫૧૨ (રાગ : ભાગ્ય જાગ્યાં રે આજ જાણવાં)**

હાથ ઝાલ્યો રે નિજ દાસનો, બાપજી સ્વામી થઈ માત (૨)
સુખિયા કર્યા રે લઈ ગોદમાં, ન જોઈ પાત્ર-અપાત્ર (૨)... ટેક

કોણ જાણે આ કેમ ગ્રહ્યો ? આપી અઢળક આશિષ; (૨)
દોષ મટીને અમે શુદ્ધ થયા, કરી દીધા નિર્દોષ (૨)... હાથ ઝાલ્યો ૦૧

જે હેત અગમ માત-તાતથી, ભાઈ ભગિનીને સોય; (૨)
તે હેત દીધું છે અમ દાસને, જે હેત ન પામે કોય (૨)... હાથ ઝાલ્યો ૦૨

આપ વિના રે મૂર્તિના, કોણ સુખનો દેનાર; (૨)
માટે આપે ટોકી વાળિયા, માયા સુખથી દૂર (૨)... હાથ ઝાલ્યો ૦૩

આપ વચન શ્રીહરિ તણાં, રહું અખંડ આ વાર; (૨)
સુખ દુર્લભ હવે ન રહ્યું, થયા સુખી અપાર (૨)... હાથ ઝાલ્યો ૦૪

પ્રીત બાંધી છે છેક લગન, દેશ પરદેશ દોય; (૨)
હાથ ઝાલીને રાખ્યો દાસનો, ડોલે તન-મન દોય (૨)... હાથ ઝાલ્યો ૦૫

## ૫૧૩ (પદ : કરીએ આત્મબુદ્ધિ મોટા)

કરીએ આત્મબુદ્ધિ મોટા સાથે રે;
લેવા શ્રીજીનાં સુખડાં રે, મેવા મીઠાં મીઠાં મીઠડાં રે... ટેક

છોડી દેહાભિમાનને પહેલું, સોંપાઈ જાવું વહેલું રે;(૨)
મનના માનેલા ઠરાવોને છોડી, (૨) જીવ દેવો સ્હેજે જોડી રે...૦૧

દિવ્યભાવ ને નિર્દોષબુદ્ધિ, કરીએ તો જાય દેહબુદ્ધિ રે;(૨)
આજ્ઞા ને અનુવૃત્તિમાં જ રહેવું, (૨) જતન એ સાચું ગણવું રે...૦૨

મૂર્તિમાં રહ્યા થકા પોતે, શ્રીજી ઈચ્છાથી બોલે રે;(૨)
કર્તા સંપૂર્ણ એક જ શ્રીજી, (૨) વાત સાચી માનો કેવી રે...૦૩

થઈ કૃપા અનહદ મોટા મળ્યા, હવે નહિ જાવું ખોળવા રે;(૨)
મરજીમાં રહી મૂર્તિમાં રહેવું, (૨) છતે દેહે સુખ લેવું રે...૦૪

## ૫૧૪ (પદ : બાળક હું તમારો વ્હાલા)

બાળક હું તમારો વ્હાલા, રાખો નિજ સંગાથ, હો વ્હાલા...ટેક
આપ ઈશારે આપ સહારે, સદાય તારા વચને રમવું છે;
કઠપૂતળી બનીને સદાય, તારી દુનિયામાં જ ભમવું છે... હો વ્હાલા૦૧

ઊંચે નીચે આગળ પાછળ, રાખો તેમ રહીને રમવું છે;
સુખદુઃખમાં તારા ગમતામાં, મારે આંખના ઈશારે નમવું છે... હો વ્હાલા૦૨

તોડો જોડો મન મરોડો, દોડાવો તેમ મારે દોડવું છે;
આપના રાહે રાહ બનીને, ગુરુ મરજીમાં જ ભમવું છે... હો વ્હાલા૦૩

**સાખી : મૂર્તિ મારગમાં, નથી ભાતું ભક્તિનું મારી પાસે;**
**આપના વચનની ડોર ઝાલી, ચાલ્યો છું વિશ્વાસે.**

આપના વચને નાચવું કૂદવું, કળા વિના કામ કરવું છે;
તવ દાસ તણો દાસ બની, સહન સૌનું મારે કરવું છે... હો વ્હાલા૦૪

નાના મોટા લાડ લડાવે, સૌનું વ્હાલું રમકડું બનવું છે;
વ્હાલામાં વ્હાલા બાપજી મારા, વ્હાલામાં વ્હાલા સ્વામીશ્રી મારા,
વ્હાલા તમારા બનવું છે... હો વ્હાલા૦૫

## ૫૧૫ (પદ : કોટિ જનનીનાં હેત લાજે)

**સાખી : સદ્‌ગુરુની દયા વિના, ચાવી ન મળે સુખની;**
**કૃપા જો હોય મારા નાથની, ભેટ મળે સદ્‌ગુરુની. (૨)**

કોટિ જનનીનાં હેત લાજે, મળ્યો પ્યાર અપાર;
બાપજી વરસે અનરાધાર, બાપજી રાજી અપરંપાર...૦૧

જનજનનાં એ દુઃખ જ કાપે, મારો કહીને છાતીએ ચાંપે;
દુઃખડાં કાપી સુખ જ આપે, વ્હાલ કરે અપાર...૦૨

નામ સર્વેનાં વિવિધ રાખે, 'ભૂરીયો' 'ધોળીયો' કહીને બોલાવે;
'શિરોમણિ' કહીને વ્હાલો, પ્રેમ કરે અપાર...૦૩

'ઠીંગુજી' 'મરદ માણહ' બોલે, હાસ્ય કરીને તનથી ડોલે;
ડોલતા ડોલતા વ્હાલ જ દેતા, ન્યાલ કરી દે અપાર...૦૪

દીનદુઃખિયાનાં દુઃખ જ કાપે, કરુણા કરીને આશિષ ઠેરાવે;
મુખથી બોલે હિંમત આપે, દુઃખ કાપે અપાર...૦૫

બાપજી સૌને પ્રેમ જ આપે, મોહમાયાથી દૂર જ રાખે;
ચિંતા દેહની રાખે તે તો, આતમની રાખે અપાર...૦૬

સ્વામી સામે દૃષ્ટિ રાખજો, રાજી કરજો એવા થાજો;
શ્રીજી અર્થે જીવન કરજો, થાશો નિર્દોષ અપાર...૦૭

**૫૧૬ (પદ : સુણો વાત કહું મારા)**

સુણો વાત કહું મારા વ્હાલા, થઈએ શ્રીજીના વ્હાલા... ટેક
ગુરુ બાપજી મારા ન્યારા, આવ્યા મૂર્તિ દેવા પ્યારા,
દિવ્યભાવે સેવન કરીએ, સ્હેજે સુખિયા થઈએ... હો ૦૧

નિષ્ઠા-નિયમની ખરી ટેક, રાખીએ શિર સાટે એ જ,
સ્થિતિ અનાદિ એ જ સિદ્ધાંત, શ્રીજીબાપા સદ્‌ગુરુ પ્રતાપ... હો ૦૨

સ્વામીશ્રી આપણું જીવન, મરજી શાસ્ત્ર હરિનું કથન,
ગુરુ બાપજીના એ વ્હાલા, રહી રુચિમાં થયા વ્હાલા... હો ૦૩

**સાખી : જેણે સેવ્યા સત્પુરુષને, તેને ઉર આઠેય પહોર આનંદ;**
**જેણે નવ જાણ્યા તેમને, તે તો રહી ગયા મતિના મંદ.**

આજ મૂર્તિમાં રહેવું સહેલું, સદાય રુચિમાં રહેવું પહેલું,
રુચિમાં રહ્યાની જુઓ મજા, પાત્ર થવા નહિ કોઈ સજા... હો ૦૪

રુચિમાં રહેવું એ જ કમાણી, સંતો ભક્તો કરે પડાપડી,
હસતું મુખારવિંદ એમનું, સુખિયા થાવા કરીએ એટલું... હો ૦૫

**૫૧૭ (પદ : તમને ગમે તે અમને)**

**સાખી : તપ તીરથ રહ્યા ઉપવાસી, તોય ન મળ્યા સહજાનંદ;**
**એક સદ્‌ગુરુને સેવતા, સ્હેજે મળ્યા સ્વામી સહજાનંદ.**

તમને ગમે તે અમને ગમે, રુચિમાં તમારી રહેવું ગમે... ટેક
મનનું ગમતું કીધું અમે, રુચિ ન દેખી શક્યા તે અમે;
અમારું ધાર્યું ખૂબ કર્યું હવે, ધાર્યું તમારું કરવું ગમે... ૦૧

સાગર અગ્નિનો પાર કરી આવ્યા, તે તાપે અમારાં ભીતર તપે;
અમૃત વીરડી વાણી તમારી, તે પીધે અમારા તાપ શમે... ૦૨

સ્વસ્વરૂપની વિક્તિ જણાવી, તે નોખી ન રાખી શક્યા તે અમે;
વચન તમારાં જીવનમાં ઉતારી, દેહને ખોટો કરવો ગમે... ૦૩

મુક્ત અનાદિની લટક બતાવી, ભોમિયા થઈ સાથે ચાલો તમે;
શ્રીજી સ્વરૂપમાં રસબસ થઈ, મૂર્તિરૂપ થઈ રહેવું ગમે... ૦૪

આત્મબુદ્ધિ સરળ ઉપાય, બસ કહો તેમ કરીએ અમે;
ચપટીમાં બધું જ થઈ જાશે, બાપજી-સ્વામી રાજી થાશો તમે... ૦૫

**૫૧૮ (પદ : આપ મારા હું આપનો)**

**સાખી : વસે છે જે પરભાવમાં, તેમાં અવરભાવ જરીયે જો ન જણાય;**
**કરવું ન પડે કાંઈ એ ભક્તને, તેને આત્મબુદ્ધિ સ્હેજે થાય.**

આપ મારા હું આપનો, આપ જીવનપ્રાણ, સૌના જીવનપ્રાણ...ટેક
દિવ્ય દર્શન થાતાં, હૈયું ભરાઈ જાય;
આપના વિયોગમાં તો, દિલડું દુભાઈ જાય...૦૧

શોભતું દિવ્ય સ્મિત, દોષો હરાઈ જાય;
મળતું દિવ્ય વ્હાલ, સુખડાં પમાડી જાય...૦૨

આપની વાણીમાં તો, પ્રવાહ છે જો હરિ તણો;
દિવ્યભાવે શ્રવણથી તો, સંબંધ છે શ્રીજી તણો... ૦૩

ચટકતી ચાલે ચાલ, આનંદ આનંદ થાય;
કર કેરા લટકાથી, દેહભાવ ટળી જાય...૦૪

મૂર્તિરૂપ વ્હાલા તમે, મૂર્તિરૂપ કર્યા અમને;
હે સહજાનંદ સ્વામી તમે, સુખડાં દેજો સદા અમને... ૦૫

## ૫૧૯ (પદ : હરિવર હરખો હૈયે મલકો)

**સાખી : હરિ રાજી કરવા હોય હૈયે હામ જી, તો સંત સંગે હેત રાખો આઠું જામ જી;**
**સંત છે સર્વે સુખના ધામ જી, તેહ વિના કે'દિયે ન સરે કામ જી.**

હરિવર હરખો હૈયે મલકો, વરસો અનરાધાર રે... ટેક
મોર પપીહા નાચે બોલે, આતુરતા પરખાય રે;
રાજીપા કાજ હૈયું તલપે, નાચે બોલે ગાય રે... ૦૧

રાજીપો એક તારો માગું, બીજું કાંઈ નવ જોય રે;
બ્રહ્માંડોની મોટપ વૈભવ, રાજીપા સમ નો'ય રે... ૦૨

ગગન ગાજે વીજળી ઝબકે, ખાંગા બારે મેઘ રે;
દેહ છતાં મૂર્તિસુખ વાધે, દેહભાવ નહિ લેશ રે... ૦૩

હસતું મુખ જોઈ તમારું, ટાઢું ટાઢું થાય રે;
હસતા રહેજો મારા, બાપજી ને સ્વામીશ્રી સદાયે... ૦૪

## ૫૨૦ (પદ : તવ દાસ તણો દાસ)

તવ દાસ તણો દાસ થાઉં રે, તવ મરજીમાં જીવી જાઉં રે;
મારા અરમાન સર્વે સમાવું રે, તવ રાજીપો કમાવું રે... ટેક

આપના રંગે રંગાવું ગમે છે, પ્રિય બનીને પુરાવું ગમે છે;
તવ ગમતા ચિત્ર મારે થાવું રે... ૦૧

સંગીતના સૂર વાગે જેમ, વગાડ તાલ વાગે તેમ;
તવ તાલે તાલ મિલાવી નાચું રે... ૦૨

દુનિયા હતી મારી દો રંગી, મારા મનના કોડ હતા સોરંગી;
'સ્વ'નો પ્રલય કરીને સમાવું રે... ૦૩

## ૫૨૧ (પદ : મૂર્તિસુખ પાના હૈ પ્યારે)

મૂર્તિસુખ પાના હૈ પ્યારે, આત્મબુદ્ધિ ચહાવે;(૨)
આત્મબુદ્ધિ બિન તૂ પ્યારે, મૂર્તિસુખ નહિ પાવે રે,(૨)...ટેક

અનાદિ સંગ સુખ કી ચાબી, (૨) સુખ કી ચાબી આજ બતાઈ;
આત્મબુદ્ધિ કર લે પ્યારે, (૨) હોવે સુખ કી લા'ની રે...મૂર્તિસુખ ૦૧

કૌન હૈ વો ક્યું આયે હૈં, (૨) ક્યું આયે હૈં તૂ જાન લે પ્યારે;
દિવ્યભાવ કી દુનિયા યે હૈ, (૨) સુખ હી સુખ ઔર સુખ હી હૈ... મૂર્તિસુખ ૦૨

પ્યાર બાંટેગા, કભી ડાંટેગા, (૨) કભી ડાંટેગા, દેહભાવ ટાલેગા;
રોકટોક પસંદ કર લે, (૨) જલ્દ હી સુખ તૂ પાયેગા... મૂર્તિસુખ ૦૩

મૂર્તિ મેં રહના, રુચિ મેં જીના, (૨) રુચિ મેં જીના શ્રીજી કા કહેના;
રુચિ બિન તો હૈ અકેલા, (૨) સુખ મેં કૈસે તૂ રહેગા... મૂર્તિસુખ ૦૪

વચનામૃત વરતાલ ગ્યારહ, (૨) વરતાલ ગ્યારહ મેં શ્રીજી કહાયા;
આત્મદર્શન શ્રીહરિ દર્શન, (૨) આત્મબુદ્ધિ મનાયા... મૂર્તિસુખ ૦૫

દિવ્યપુરુષ દોનોં દુલારે, (૨) દોનોં દુલારે સુનો ભક્તો પ્યારે;
આત્મબુદ્ધિ કરકે દેખો, (૨) સ્થિતિ હોગી પ્યારે... મૂર્તિસુખ ૦૬

### ૫૨૨ (રાગ : લાવણી)

ગુરુ ગુરુ કહત સકલ સંસારા, ઐસે જગ ભરમાયા હૈ;
ગુરુ જગત મેં બહુત કહાયે, તાકા ભેદ ન પાયા હૈ...૦૧

માતાપિતા પ્રથમ ગુરુ જાનો, દૂજા **દાઈ**[1] કહાયા હૈ;
તીજા ગુરુ તાહીકું જાનો, જિનને નામ ધરાયા હૈ...૦૨

ચોથા ગુરુ જેહી વિદ્યા દીના, અક્ષરજ્ઞાન શિખાયા હૈ;
માલા દિયા જો ગુરુ પાંચમા, જેહી હરિનામ બતાયા હૈ...૦૩

છઠ્ઠા ગુરુ સો સંત કહાવે, જિન સબ ભરમ મિટાયા હૈ;
સરજનહાર સો ગુરુ સાતમા, આપે હી આપ લખાયા હૈ...૦૪

ઐસે ગુરુ બિના ભવજળ કો, પાર કોઉ નહિ પાયા હૈ;
બ્રહ્માનંદ અચળ સદ્‌ગુરુ કે, ચરણકમળ લપટાયા હૈ...૦૫

● ૧. નવજાત શિશુનો જન્મ કરાવનાર

### ૫૨૩ (પદ : ગુરુ મળ્યા છે ગુણવાળા)

ગુરુ મળ્યા છે ગુણવાળા, મળ્યા જી મુને ગુરુ મળ્યા છે ગુણવાળા... ટેક
હૈયાંની હાટડીમાં **કળશી**[1] કચરો ને, ઉપર જામ્યાં'તાં જાળાં;
સંત-સહાયથી બધુંયે સુધર્યું ને, ખૂલ્યાં કટાયેલ તાળાં... ૦૧

**કૂડાં**[2] કરમનો કરતલ કૂડો, મુને બંધન કોટિક કાળાં;
દેવનાં દર્શને દુઃખડાં ટળિયાં ને, પથરાયાં **અજવાળાં**[3]... ૦૨

જૂઠ જણાણું મુને **જર**[4] ઝવેરાત, જૂઠાં હાર મોતી પરવાળાં;
ગુરુ-ઘરેણું મુને લાધ્યું લાખેણું, એના કો'ક જ મુલવણહારા... ૦૩

ખેતર ખેડ્યાં મેં **ખોડવંકાં**[૫] ને, **ઢેખવંતા**[૬] શેકેલ દાણા;
પ્રગટ પ્રભુએ તોયે પકવિયાં, કૂડા કોટિક કણવાળા... ૦૪

હરિ હિસાબી મેલે હિસાબ કરી કરી, કોટિ કરમ પે કૂંડાળાં;
ગુરુની ગૌરવ ગાય છે 'દાસ' એનાં, કોટિ મીંડાં એકડાવાળાં... ૦૫

● **૧.** સોળ મણનું (આશરે ૩૨૦ કિલો) ● **૨.** ખરાબ ● **૩.** આબરૂ વધારવી ● **૪.** મિલકત
● **૫.** વાંકાંચૂંકાં ● **૬.** ઢેખારા જેવા

### ૫૨૪ (રાગ : કહું અલૌકિક વાર્તા)

કામ ક્રોધ વ્યાપે નહિ, ને નિન્દા સ્તુતિ સમાન;
સુખ દુઃખ જેને સમ થયાં, એના શ્રીજી વદે ગુણગાન.
કપટ કાપ્યું માયાતણું, ને દેહના ભાવોથી જે અતીત;
એવા દિવ્ય સંત જેણે ઓળખ્યા, તેની નિશ્ચે થઈ ગઈ જીત.

### (રાગ : ચોપાઈ)

ધન્ય ધન્ય આવા સંતને રે, જેના પૂજને શ્રીહરિ પૂજાય રે;
એક પળ ન રહું હું એથી અળગો, એમ સ્વમુખે શ્રીહરિ ગાય રે...૦૧

એના જોનારા છે શ્રીહરિ, એના બોલનારા સ્વયં મહારાજ રે;
મૂર્તિના સુખમાં જે અખંડ રહ્યા, શ્રીજી કરે ભક્તોનાં કાજ રે...૦૨

એનાં દર્શનથી પાપ બળે આંખનાં, કથા સુણ્યે પવિત્ર કાન થાય રે;
એના સ્મરણથી પાપ બળે મનનાં, ઉર અખંડ સુખ અનુભવાય રે...૦૩

મોહ માયા વ્યાપે નહિ એને, એણે સર્વે ઉપાધિ તનથી ત્યાગી રે;
રાતદિન વીતે એના કથા કીર્તનમાં, રહે અખંડ ભજને અનુરાગી રે...૦૪

એના સ્વરૂપને નિર્દોષ જાણવે, કામક્રોધાદિ દોષ ટળી જાય રે;
કપટ રહિત થઈ જીવ સોંપે એને, તો જીવનો મુક્ત બની જાય રે...૦૫

એવા સંત મળ્યે મળ્યા શ્રીહરિ, જે રહ્યા મૂર્તિમાં સાક્ષાત્ રે;
અનહદ કૃપા શ્રીહરિની થાય, ત્યારે જીવથી મનાય આ વાત રે...૦૬

દાસ દીન કર જોડી કરે વિનંતી, રાખો તમારા દાસનો દાસ રે;
મુજ સેવક પર મે'ર કરીને સ્વામી, આપ્યો અખંડ મૂર્તિમાં નિવાસ રે...૦૭

## ગુરુપૂજનની રીત

### ૫૨૫ (રાગ : સર્વે થકી શ્રીહરિ છે સમર્થ)

બારે માસની પૂનમો બાર, ગુરુપૂનમનો મહિમા અપાર;
રાજી થાય ગુરુ આજે ઘણા, આપે આશિષ ન રાખે મણા... ૦૧

કેવા સંતને જાણવા ગુરુ, કે જેને સેવ્યાથી ન રહે અધૂરું;
ગુરુ સ્વયમ્ છે એક જ શ્રીહરિ, યા પૂર્ણ કર્તા હોય જેના હરિ... ૦૨

હીરે કરીને હીરો વેંધાય, એવા સંતને જ ગુરુ મનાય;
દેખાય મનુષ્યને મનુષ્ય જેવા, નથી દેહધારી છે દિવ્ય કેવા... ૦૩

ખરેખરા જો એ રાજી થાય, શ્રીહરિ રાજી દુઃખ સર્વે જાય;
એવા મળ્યા છે ગુરુ સત્પુરુષ, થઈ કૃપા જેથી છીએ ખુશ... ૦૪

બાપા વચને બાપજી પધાર્યા, આપણ સૌના આનંદ વધાર્યા;
ગુરુ પૂનમે પૂજન કેમ થાય, તેની રીત કહું સુણો બધાય... ૦૫

**(રાગ : ચોપાઈ)**

સાકર શ્રીફળ કે પુષ્પહાર, લાવી કરીએ પૂજન ઉપચાર;
પણ સાચું પૂજન આમ થાય, તો જ ખરા શિષ્ય તો કહેવાય... ૦૧

પાંચ વાત સમજી ઉર ધારો, આજે પૂજન આવી રીતે કરો;
**પહેલી વાતથી** ટળે કુબુદ્ધિ, જો દિવ્યભાવ ને નિર્દોષબુદ્ધિ... ૦૨

અઠ્ઠાવન સડસઠ તોતેર, પ્રથમના વચનામૃતે થાય મહેર;
મોટાપુરુષને જાણ્યા જેણે જેવા, નિર્દોષ નિષ્કામી થઈ જાય તેવા... ૦૩

અવરભાવનું સ્વરૂપ એ નથી, માયા લેશ હોય એમાં ક્યાંથી;
દિવ્ય જાણે જ દિવ્ય થવાય, નથી એ વિના બીજો ઉપાય... ૦૪

**બીજી વાતમાં** રાખો ન મણા, સિદ્ધાંત એમના થાય આપણા;
સંકલ્પ આદર્શ ધર્મ નિયમ, એમ જ રહેવું આપણે કાયમ... ૦૫

એમની રીતે રીત કરી દેવી, મોટાપુરુષને નિકટથી સેવી;
એમની રુચિમાં જીવન જીવો, એમનો આગ્રહ છે જાણોને કેવો... ૦૬

પોતા જેવા કરવા છે તત્પર, ગરજુ બને તો કરે જરૂર;
મોટપ પામ્યા જે સંતો ભક્તોમાં, જે જે રહ્યા ગુરુ રાજીપામાં... ૦૭

**ત્રીજી વાત** કહું સુણો તમે, થયા છીએ ધન્ય પામી તેને;
મોટા માણસ પાસે હોય રહેવું, પડે છેય શોભે એમ કરવું... ૦૮

આ તો ઠેઠના મળ્યા પુરુષ, શોભાડે તેમ રહીએ તો ખુશ;
અભેસિંહે તો કેવું શોભાડ્યું, હાજા ચારણનું જીવન બદલાયું... ૦૯

ઝીણાભાઈ લગનમાં તો ગયા, તોય દૃષ્ટિએ ચલિત ન થયા;
બ્રહ્માનંદ છે મારા ગુરુ, ગુણ આવતાં થઈ ગયું પૂરું... ૧૦

આપણ છીએ બાપા તણા બચ્ચા, હોય નહિ કોઈ રીતે કાચા;
ગુરુ બાપજીના શિષ્ય તો ખરા, નિષ્ઠા નિયમે હોય જો પૂરા... ૧૧

**ચોથી વાત** કેવી અલૌકિક, સુણો તમે થઈ એક ચિત્ત;
આજ્ઞા કરે નાની મોટી જ્યારે, નિઃસંશય થઈ સ્વીકારવી ત્યારે... ૧૨

વચન હેઠું પડવા નવ દેવું, ટુકટુક થઈ રાજીપામાં રહેવું;
દિનને રાત કહે રાતને દિન, થવું મનમુખી મટી આધીન... ૧૩

રામભંડેરીને આજ્ઞા કરી, આત્મબુદ્ધિથી ગયા દોષ ટળી;
કરવા નહિ કદી ઓશિયાળા, રહેશું ઓશિયાળા ને દુખિયારા... ૧૪

કડવાં વેણ કહે જાણી પોતાના, ઔષધ સમ જાણો એ ધણીનાં;
કહે ગમે ત્યારે ગમે તેવું, એવું નિધડકપણું દેવું... ૧૫

**વાત પાંચમી** અનુપ એક, કરવું મા જેવું અતિશે હેત;
ડૉક્ટર પાસે રોગ કહેવા પડે, થતાં નિષ્કપટી દોષ ન નડે... ૧૬

મહારાજ-મોટા રક્ષા કરે ખરી, જીવ સોંપે તો દયાએ કરી;
ઈશ્વરબાપાએ સાચવી લીધા, ઈશ્વરભાઈને પોતાના કીધા... ૧૭

છેલ્લે પ્રાર્થના કરીએ ભેળા મળી, સદા રાજી રહેજો દયા કરી;
અમે તમારા તમે અમારા, આપ્યા કોલ નહિ ફરનારા... ૧૮

રોકી ટોકીને સીધા દોર કરજો, પાંચ વાતોનો ખ્યાલ સદા રહેજો;
કર્યા હોય કદી ઓશિયાળા, માફ કરી દેજો ગુરુ મારા... ૧૯

આમ સારનું સાર છે આ જ, જુઓ કેવો છે દિવ્ય સમાજ;
ધન્ય ધન્ય આ દિવ્યપુરુષ, પૂજન કરો આ રીતે હંમેશ... ૨૦

## સાચા સત્પુરુષ/ગુરુ ઓળખવાની રીત

### ૫૨૯ પદ-૧ (રાગ : જનમ સુધાર્યો રે હો મારો)

મહેર કરી છે મારા મહારાજ, કૃપાએ મળ્યા દિવ્યપુરુષ આજ...ટેક
દિવ્યપુરુષ છે કેમ ઓળખાય ? નિરંતર હરિનો જ મહિમા ગાય...૦૧
સૌના ગુરુ છે એક રાજાધિરાજ, દાસભાવે જોડાય જોડે સૌને ત્યાં જ...૦૨
શ્રીહરિ કર્તા છે હરિ બળનું જ તાન, રખાવે સૌને સદા એનું જ ભાન...૦૩
મૂર્તિમાં રહે છે અતિ સામર્થવાન, તુચ્છ જીવનાં સહે માન અપમાન...૦૪
મચ્છ જાણે છે મુજ કેરી નાત, સ્ટીમર હજારોને પાર કરી જાત...૦૫

## શું છે જરૂર સાચા સત્પુરુષની-ગુરુની ?

**૫૨૭ પદ-૨**

જરૂર શું સાચા ગુરુની આજ, ચિત્ત દઈ સાંભળો મુક્ત સમાજ...ટેક
મા મળે તો બાપ ઓળખાય, ગુરુ મળે તો જ આ હરિ ઓળખાય...૦૧
તમ ટળે રવિ ઉદે થાય, દિવ્યપુરુષ સંગે જીવ મુક્ત થાય...૦૨
કોણ મળ્યા કેવો કર્યો મને, આનંદ એનો કદી નવ શમે...૦૩
હીરો તૂટે માંકડ લોહી થકી, ગુરુ કૃપાએ ટળે વાસના નક્કી...૦૪
ટપલું લે કુંભ આપવા આકાર, રોકી ટોકી કરે મૂર્તિરૂપ સાકાર...૦૫

## સાચું ગુરુપૂજન કેમ થાય ? આપણે શિષ્ય તરીકે શું શું કરવું જોઈએ ?

**૫૨૮ પદ-૩**

પૂજા કરવી શિષ્ય તરીકે આજ, શું શું કરવું મારે કહો મહારાજ...ટેક
રાજી કરવા સદા રહે એવું તાન, રાજીપાથી જ સરે સર્વે કામ...૦૧
દોષ રહિત રહે દિવ્યબુદ્ધિ, સંશય રહિત થાવું એ આત્મબુદ્ધિ...૦૨
આજ્ઞામાં જ રહેવું તે ઉર ધરીએ, દુખાય-દુભાય એવું ન કરીએ...૦૩
કરવું નક્કી જયારે જે કહો, નિધડકપણું સદા તમને રહો...૦૪
મૂકી દેવું ગમતું મુજ તણું, રાજીપામાં રહેવું ગુરુપૂજન ગણું...૦૫

**૫૨૯ (રાગ : પામ્યાં પામ્યાં રે ભવજળ પાર)**

આજ આનંદ ઉર ન માંય, આવા દિવ્ય ગુરુ પામી,
અનંત ઉપકાર કહ્યા ન જાય... ટેક

જે છે અખંડ મૂર્તિમાંય... આવા દિવ્ય ૦
કર્તા શ્રીહરિ છે સદાય... આવા દિવ્ય ૦૧

જેથી મળ્યા આવા મહારાજ... આવા દિવ્ય ૦
જે છે અજોડ રાજાધિરાજ... આવા દિવ્ય ૦૨

મળ્યા સંકલ્પ મૂર્તિ બાપા... આવા દિવ્ય ૦
માર્યા માર્યા મૂર્તિના થાપા... આવા દિવ્ય ૦૩

મારી દીધી રેખ પર મેખ... આવા દિવ્ય ૦
આહાહા, અહોહોથી છેક... આવા દિવ્ય ૦૪

જનમો જનમના ફેરા ગયા ટળી... આવા દિવ્ય ૦
કોલ આપી કૃતાર્થ કરી... આવા દિવ્ય ૦૫

જીવ મટાડી અક્ષર પર કીધો... આવા દિવ્ય ૦
અનાદિમુક્તનો સરપાવ દીધો... આવા દિવ્ય ૦૬

ડંકા દઈને બેસાડ્યા છે ત્યાંય... આવા દિવ્ય ૦
છતે દેહે મૂર્તિ સુખમાંય... આવા દિવ્ય ૦૭

મારા કલ્યાણનું ક્યાં છે અધૂરું... આવા દિવ્ય ૦
મારા દર્શને પૂરું પૂરું પૂરું... આવા દિવ્ય ૦૮

જુઓ કેવા મળ્યા ને કેવા કર્યા... આવા દિવ્ય ૦
મૂર્તિ મૂર્તિ મૂર્તિથી ભર્યા... આવા દિવ્ય ૦૯

ધર્મ નિયમની દૃઢતા કરાવે... આવા દિવ્ય ૦
રાજીપાના સિક્કા મરાવે... આવા દિવ્ય ૧૦

જ્ઞાન-ધ્યાને કરે જયજયકાર... આવા દિવ્ય ૦
ભરી દે હરિ સુખથી અપાર... આવા દિવ્ય ૧૧

નિર્દોષબુદ્ધિએ મોટાને સેવો... આવા દિવ્ય ૦
આપે મહારાજ રૂપી મેવો... આવા દિવ્ય ૧૨

ગુરુ વચને રહેવું કરી પ્રીત... આવા દિવ્ય ૦
ગુરુપૂજનની આ ખરી રીત... આવા દિવ્ય ૧૩

**૫૩૦ (રાગ : દાસ થાવું રે, સૌના દાસ)**

શિષ્ય થાવું રે, કેવા શિષ્ય થાવું;
ગુરુના રાજીપા માટે (૨), કેવા શિષ્ય થાવું... ટેક

ઠેઠના ગુરુદેવ બાપજી મળ્યા, એ વાત છે નક્કી;
કેવા હતા ને કેવા કર્યા (૨), જે છે તે કૃપા થકી... ૦૧

માલ વગરના હતા ત્યારે, સાચું ખોટું કરતા;
શરણે લઈને ન્યાલ કીધા (૨), ખાતાં ખોટનાં હરતા... ૦૨

સ્વયં શ્રીજી કર્તા બનીને, થયા છે કેવા રાજી;
ધબ્બો મારી દુખડાં કાપે (૨), શું કરશે સહુ પાજી... ૦૩

સાધન બુદ્ધિ કાંઈ ન જોયાં, અનાદિમુક્ત કર્યા;
મૂર્તિ મૂર્તિ મૂર્તિ આપી (૨), મૂર્તિ સુખે ભર્યા... ૦૪

દર્શન સ્પર્શ ને પધરામણીથી, કરી ગુરુએ મહેર;
એમના જ પ્રતાપે આજે (૨), કરીએ લીલા લહેર... ૦૫

એમના કરેલા ઉપકારોને, ભૂલી નવ જઈએ;
બદલો એનો વાળી ન શકીએ (૨), સર્વસ્વ એને દઈએ... ૦૬

ગોધર મારું હું ગોધરનો, મહારાજ બાપા મારા;
બાપજી ને સ્વામીશ્રી મારા (૨), સંતોને કરજો પ્યારા... ૦૭

ચિંતા રાખશે એ સદાયે, નહિ રાખે ઓશિયાળા;
આ લોક પરલોકે સુખિયા કરશે (૨), એ કોલ છે અમારા... ૦૮

ગુરુવચનમાં હોમાઈ જાવા, રહેવું સરાધાર;
ગુરુદેવ માટે માથાં દેવા (૨), સદાય રહેવું તૈયાર... ૦૯

ગુરુપૂજનમાં આટલું દેજો તો, આપ્યું ઘણું અપાર;
ખરા રાજીપાથી વ્હાલો (૨), ભરશે સદાકાળ... ૧૦

## માની શિષ્ય વિષે

### ૫૩૧ (રાગ : ઉપજાતિ વૃત્ત) શ્રીહરિલીલામૃતમ્ : કળશ-૫, વિશ્રામ-૧૨

જે શિષ્ય ઝાઝું અભિમાન ધારે, તે માનનું ખંડન થાય જ્યારે;
કરે ઘણો તે મનમાંહી ક્રોધ, વળી કરે તે ગુરુથી વિરોધ...૦૧

આવે ગુરુનો અવગુણ લેશ, વધી વધી થાય ઘણો વિશેષ;
છોટું પડ્યું **ભૂતલ**[૧] બીજ જેમ, તે થાય ઊગી વડવૃક્ષ તેમ...૦૨

ભ્રમેલ ચેલો ગુરુભક્તિ ચૂકે, અનેક મિથ્યા અપવાદ મૂકે;
ગુરુ વિશે દોષ સદૈવ દેખે, છતે ગુણે સદ્‌ગુણ તે ન લેખે...૦૩

જૈ અન્ય પાસે અવગુણ ગાય, ભોળા જનો તે સુણીને ભ્રમાય;
જો માનવાને જનજૂથ આવે, ચેલો પછી પંથ જુદો ચલાવે...૦૪

ગોસાંઈજીના મતમાંથી જેમ, જુદો પડ્યો પંથ પ્રણામી તેમ;
થયા ઘણા ને વળી થાય ભાઈ, તે વાતમાં કાંઈ નથી નવાઈ...૦૫

જો વેદનો માર્ગ પડ્યો મુકાવે, **વૃંદા**[૨] તજીને **ખીજડો**[૩] પૂજાવે;
**લોબાન**[૪]નો ધૂપ કરો કહે છે, ભોળા જનો તે પણ માની લે છે...૦૬

મનુષ્ય ભોળા **મૃત્તિકા**[૫] સમાન, પલાળતાં તે પલળે નિદાન;
ગંગાજળે ગળી જાય જેમ, સુરા પડે તો પલળે જ તેમ...૦૭

મમત્વથી જે ગુરુ અન્ય માને, તેનો કદી દોષ ધરે ન કાને;
જો ચોર કે ભ્રષ્ટ લબાડ હોય, પૂજે મમત્વે કરી પ્રેમ તોય...૦૮

કરે મમત્વે નિજ ધર્મ નાશ, કરે મમત્વે **કુટિલ**[૬] પ્રયાસ;
મમત્વથી વૈર કરી ઘણેરું, પોતે બગાડે પરલોક કેરું...૦૯

માથું ફરે જે જન કેરું જ્યારે, સૂઝે ન રસ્તો સવળો જ ત્યારે;
થાકે કહીને જન જ્ઞાનવાને, માથા ફરેલો કદીયે ન માને...૧૦

જ્યારે થયો જે નરકે જનાર, ત્યારે જ તેવી ભ્રમણા થનાર;
આવી પડે પાતક પૂર્વ કેરું, માને નહિ સંત કહે ઘણેરું...૧૧

છૂટો પડ્યો સંત સમાજમાંથી, એને કશો અંકુશ હોય ક્યાંથી;
તે તો ચડે છે પછી પંથ આડે, પોતા તણું ને પરનું બગાડે...૧૨

જે બ્રહ્મહત્યાદિક પંચ પાપી, કલ્યાણ પામે કુમતિ કદાપિ;
કરે ગુરુદ્રોહ કૃતઘ્ની જેહ, કલ્યાણ પાસે કદીયે ન તેહ...૧૩

ચેતાય તો સૌ ચિત્ત ચેતી લેજો, તે દુષ્ટની સંગત છોડી દેજો;
જે શ્વાન જ્યારે હડકાયું થાય, તે તુલ્ય તે લાળ થકી થવાય...૧૪

જે સર્પ પાળ્યો બહુ દૂધ પાઈ, દબાય તો તેહ ડસે જ ભાઈ;
એવા ગુરુદ્રોહી કૃતઘ્ની હોય, વિશ્વાસ તેનો કરશો ન કોય...૧૫

જેને પ્રતાપે બહુ માન પામ્યો, જેને પ્રતાપે જશ ખૂબ જામ્યો;
વિરુદ્ધ એવા ગુરુથી થનાર, ધિક્કાર ધિક્કાર હજારવાર...૧૬

● **૧.** ભૂમિમાં, જમીનમાં ● **૨.** તુલસી ● **૩.** એક પ્રકારનું વૃક્ષ, જેની ગણના હલકા પ્રકારમાં થાય છે ● **૪.** એક વૃક્ષનો ગુંદર ● **૫.** માટી ● **૬.** છળકપટ

## ૫૩૨ (દિવ્યપુરુષ મહિમાગાન)

એક દિવ્યપુરુષની વાત કરું, પ્રાણપ્યારા ગુરુ બાપજીની કરું;
એક દિવ્યપુરુષની વાત કરું, દિવ્યભાવ મહિમા સાથે કરું...ટેક

શ્રીહરિનો મહિમા સર્વોપરી, જેના રૂંવાડે રૂંવાડે એ જ ભર્યો;
તે માટે તન-મન અર્પી દીધું, એવું કાર્ય મારા ગુરુજીએ કીધું...૦૧

અમી ભરેલી દૃષ્ટિ છે કેવી, ઝાડી દેશમાં વરસે કૃપા કેવી;
દીન-દુખિયાનાં સર્વે દુઃખો હરે, પોતે ભૂખ દુઃખ ને થાક સહે...૦૨

ખીચડીમાં જે'દી હળદર ન્હોતી, કર્યું સિદ્ધાંતમાં સમાધાન નહિ;
રાખી નિયમ ધરમની દૃઢતા ઘણી, છે જો સાધુતાની મૂર્તિ ખરી...૦૩

દુખિયા જીવોને સુખિયા કરવા, ટાઢ તડકો ને વરસાદ સહ્યાં ઘણાં;
વન-પર્વન ઝાડીએ વિચર્યા ઘણું, ચડી ડુંગરા આશીર્વાદ આપ્યા ઘણા...૦૪

પગપાળા ચાલ્યા એ પોટલાં લઈ, બેઠા ટ્રક ટેમ્પામાં ને રિક્ષા કરી;
કર્યા ઉપવાસ પાળી આજ્ઞા ઘણી, રાતોની રાતો જાગી વાતો કરી...૦૫

વહેલા ઊઠ્યા ને મોડા સૂતા, રાતોની રાત એ પોઢ્યા નહિ;
સેવકભાવે ઘણી સેવા કરી, ઘસ્યાં વાસણ પાણી દેગડાં ભરી...૦૬

માલ વિનાના માનવ કેવા, અપમાન કરે છે તુચ્છ ગણી;
દિવ્યભાવે દર્શન સેવા-સમાગમ, કર્યા રાજી મુનિ સ્વામીને મળી...૦૭

સમજે અંતરથી દિવ્યભાવ, આ સત્પુરુષ કેવા દિવ્ય હશે;
દિવ્ય સમજે તે સર્વે દિવ્ય થશે, સર્વે દુઃખોના ડુંગરો તૂટી જશે...૦૮

**૫૩૩ (રાગ : ગુરુ ગોવિંદ દોઉ ખડે)**

દિવ્યપુરુષ એક અતિ બડે, શ્રીજી સમ સુખધામ;
બાપાશ્રી કે વચન પ્રગટે, ગુરુજી મેરે મહાન... હો વ્હાલા ૦૧

બાપાશ્રી એક દિન પધારે, ધન્ય વાંસવા ગાંવ;
જેઠાભાઈ દર્શન આયે, પૂજન કરી પડે પાંવ... હો વ્હાલા ૦૨

ભક્ત વિનવે બાપાશ્રી કો, પુત્ર દિયો સુખધામ;
હમ તુમ્હારે આપ હમારે, કૃપા કરો મુજ તાત... હો વ્હાલા ૦૩

રાજી હો ગયે બાપાશ્રી જો, ભક્ત પૂરે નિષ્કામ;
ટીકા લગાયા શ્રીફલ દિયા, ભક્ત હુવે **બડ ભાગ**[1]... હો વ્હાલા ૦૪

મુસ્કુરાતે બાપા બોલે, સંકલ્પ શ્રીજી સુજાન;
આધા તુમ્હારા આધા હમારા, મુક્ત અનાદિ મહાન... હો વ્હાલા ૦૫

આધા હમારા વો ગુરુજી મેરે, દિવ્યપુરુષ નિદાન;
શુદ્ધ ઉપાસના કારણ પ્રગટે, બાપજી મેરે મહાન... હો વ્હાલા ૦૬

● ૧. કૃપાવંત, ધન્ય ધન્ય

**૫૩૪ (રાગ : પોપટ પાંજરામાં મીઠું મીઠું બોલે)**

બાપાશ્રીના વચને ગુરુજી આવ્યા(૨);
સર્વોપરી સ્વામિનારાયણ ગાવ્યા... બાપાશ્રીના ૦૧

સર્વોપરી ઉપાસનાના ખૂંટ અવિચળ ખોડ્યા(૨);
બાપાશ્રીના સિદ્ધાંતોના જગમાં ડંકા દીધા... બાપાશ્રીના ૦૨

સર્વોપરી ઉપાસના ને પતિવ્રતાની ભક્તિ(૨);
ધર્મનિયમને દૃઢ કરાવી મૂર્તિનાં સુખડાં દીધાં... બાપાશ્રીના ૦૩

ગોપાળાનંદ આદિ મુક્તો ધામ થકી તો આવ્યા(૨);
આજે મારા ગુરુજી એવાં દર્શન જેને દીધાં... બાપાશ્રીના ૦૪

સત્સંગીને દોરા-ધાગા જંતર-મંતર કેવા(૨);
પુરુષ કાળ બ્રહ્મ અક્ષરથી પર અનાદિ કરી દીધા... બાપાશ્રીના ૦૫

**૫૩૫ (દિવ્ય ગાથા ગીત)**

આ દિવ્ય ગાથા મારા ગુરુ બાપજીની, કારણ સત્સંગને ભેટ મળી (૨)...ટેક
બાપા પધાર્યા'તા વાંસવા ગામ, જેઠાભાઈની વિનંતી આમ;
પુત્ર તણી મારી ઇચ્છા આજ, પૂરી કરોને હે મહારાજ,
અતિ દયાળુ જીવનપ્રાણ, આશીર્વાદની આપી લ્હાણ;
હે... આધા તુમ્હારા... આધા હમારા(૨), બાપા બોલનહારા રે...૦૧

મુનિસ્વામી ગુરુ હૈયે ધારી, અમીર પેઢી ઉજાળ્યું રે;
ગોપાળબાપાનું ખૂણિયું જ્ઞાન, બ્રહ્માંડોમાં પ્રકાશ્યું રે,
નિત્યાનંદ સમ ટેક જ રાખી, સિદ્ધાંત તેજ ફેલાવ્યું રે;
હે... મુક્તાનંદ જેમ માત સમાન(૨), વ્હાલ એવું કરનારા રે...૦૨

મોટા મંદિરે આસન કરીયું, મુમુક્ષુને પાસ બોલાવે રે;
વ્યતિરેક શ્રીહરિનો મહિમા, રગેરગમાં ફેલાવે રે,
એક મૂર્તિના જ સુખે સુખિયા, બીજેથી લુખ્ખા કરાવે રે;
હે... હસ્ત ગ્રહી વર્તમાન ધરાવી(૨), મૂર્તિમાં રાખનહારા રે...૦૩

વિમુખનું બિરુદ વ્હોરીને, વિજયધ્વજો લહેરાવ્યા રે;
ભૂખ દુઃખ ને ઊંઘ ભૂલીને, સિદ્ધાંત કાજે વિચર્યા રે,
નિયમ ધર્મ ને સિદ્ધાંત ટેક, જીવન ઉપદેશ ગણ્યું રે;
હે... સહજાનંદી સિંહ છે સાચા(૨), મૂર્તિમાં સદા રહેનારા રે...૦૪

પ્રતિલોમ ધ્યાને મૂર્તિ પમાડે, પરભાવમાં પહોંચાવે રે;
પ્રતિમાભાવ ને મનુષ્યભાવ, સ્હેજે સ્હેજે ટળાવે રે,
સદા પ્રગટ ને પ્રત્યક્ષ દાખી, કૃતાર્થપણું મનાવે રે;
હે... શુદ્ધ ઉપાસના પતિવ્રતાપણું(૨), ચોખ્ખે ચોખ્ખું કહેનારા રે...૦૫

નિયમ-ધરમના સાચા સંતો, હરિભક્તો હજારો રે;
શુદ્ધ ઉપાસક બાળપણથી, પાત્ર એવાં ઘડનારા રે,
સ્વામિનારાયણ સદ્‌ગુરુ સાચા, સેવકભાવ ધરનારા રે;
હે... સત્પુરુષ છે મોક્ષના દાતા(૨), મૂર્તિરસ પાનારા રે...૦૬

ધન્ય બન્યા અમે દિવ્ય બન્યા સૌ, દિવ્ય સત્પુરુષ પામીને;
ન્યાલ થયા નિર્ભય બન્યા, મૂર્તિનાં દાન પામીને,
અનાદિમુક્તની પદવી આપી, મૂર્તિમાં રસબસ કરીને;
હે... દેહ છતાં મૂર્તિમાં રાખી(૨), શ્રીજીરૂપ કરનારા રે...૦૭

ગુરુ બાપજીનો મહિમા આજે, સ્વામીશ્રી સમજાવતા રે;
દિવ્યભાવ ને નિર્દોષબુદ્ધિ, આત્મબુદ્ધિ કરાવતા રે,
આજ્ઞા અને અનુવૃત્તિને, સહજમાં સમજાવતા રે;
હે... સંપ્રદાયનો ઈતિહાસ બદલી(૨), ક્રાંતિકારી કહાવ્યા રે...૦૮

સર્વોપરી ઉપાસના પ્રવર્તક... અનંતાનંત પ્રણામ...
ક્રાંતિકારી સત્પુરુષને... કોટિ કોટિ પ્રણામ...
સિદ્ધાંતવાદી સત્પુરુષને... અનંતાનંત પ્રણામ...
દિવ્યપુરુષ ગુરુ બાપજીને... અનંતાનંત પ્રણામ...
અનંતાનંત પ્રણામ...

## ૫૩૬ (વંદના ગીત)

કરીએ વંદન વ્હાલા, શ્રીહરિ તણા ચરણમાં;
કરીએ વંદન વ્હાલા, ગુરુજી તણા ચરણમાં...ટેક

હે શ્રીહરિના વ્હાલા, કરીએ છીએ કાલાવાલા(૨);
છો પ્રાણપ્યારા વ્હાલા(૨), કરીએ વંદન વ્હાલા...૦૧

હે મૂર્તિનિવાસી વ્હાલા, શ્રીહરિ તણા છો વ્હાલા(૨);
વ્હાલાના વ્હાલા વ્હાલા(૨), કરીએ વંદન વ્હાલા...૦૨

રહેજો સદાય ભેળા, રાખો સદાય ભેળા(૨);
મન મંદિર પૂર્યા આ વેળા(૨), કરીએ વંદન વ્હાલા...૦૩

સ્વામી તમે અમારા, સેવક અમે તમારા(૨);
સહજાનંદ સ્વામી પ્યારા(૨), કરીએ વંદન વ્હાલા...૦૪

### ૫૩૭ (રાગ : એ મેરે પ્યારે વતન)

એ ગુરુ મેરે જીવન, હમકો લાયે તેરે શરન;
હમ તુઝે કુરબાન...ટેક

તુમ હમારી આશ હૈ, તુમ હમારી સાંસ હૈ;
તુમ હી મેરે પ્રાણ,
હમ તુઝે કુરબાન...૦૧

આપ કી ઉમ્મીદ બડી હૈ, કરને તેરી પ્રતિકૃતિ;
હમમેં તો બરકત નહિ હૈ, આપ હો બરકત નિધિ,
હૈ ભરોસા આપ મેં, પાત્ર કરના આપ હમેં.
હમ તુઝે કુરબાન...૦૨

પાના હૈ હમેં સુખ શ્રીજી કા, પાકે તેરી પ્રસન્નતા;
પર ન જાને રાહ ઉસીકા, કૈસે પાએ પ્રસન્નતા,
પ્રાર્થના કરે તેરે બાલ, કૃપા કરો તુમ દીન દયાલ.
હમ તુઝે કુરબાન...૦૩

સર્વોપરી શુદ્ધ ઉપાસના, નિયમ-ધર્મ યુક્ત યે સમાજ;
સિદ્ધાંતવાદી પરંપરા, નિભાયે રખે હમ ઉસે સદા,
આપ સદા હમ સાથ રહેના, હમ પે દિવ્ય નિગાહે રખના.
હમ તુઝે કુરબાન...૦૪

એક હી અરજ કરે, કૃપા કી યાચના કરે;
આપ હમેશા સ્વસ્થ રહે, યુગોં યુગોં તક સુખ બહે,
હમ તુમ્હારે આપ હમારે, રાજી રહેના ગુરુ હમારે.
હમ તુઝે કુરબાન...૦૫

### ૫૩૮ (પદ : શ્રીહરિ મારા સર્વેથી ન્યારા)

શ્રીહરિ મારા સર્વેથી ન્યારા, સૌના છો જીવનપ્રાણ;
બાપજી મારા પ્રાણથી પ્યારા, સંકલ્પ શ્રીજી તણા...ટેક

સર્વોપરી સહજાનંદ સ્વામી, છો તમે મૂર્તિ અજોડ(૨);
આપ સનાતન અંતર્યામી(૨), વંદન કરીએ કરોડ રે વ્હાલા...૦૧

સ્વામી દેવનંદન કરીએ વંદન, પૂજન કરી ઉમંગ(૨);
સત્સંગનો રંગ રહે અખંડ(૨), રાખો સદાય સંગ રે વ્હાલા...૦૨

મૂર્તિના સુખમાં સદા રમનારા, ગુરુજી મારા મહાન(૨);
દર્શન સ્પર્શ ક્યાંથી તમારા(૨), અનાદિમુક્ત નિદાન રે વ્હાલા...૦૩

જ્ઞાન તમે શ્રીહરિનું જ દીધું, કર્યા અનાદિ મહાન(૨);
સર્વોપરી નિષ્ઠા કાજે(૨), ફરતા તમે રાનો રાન રે વ્હાલા...૦૪

પ્રૌઢ પ્રતાપે સહુ અનુરાગી, લાગે જગત જંજાળ(૨);
ત્યાગી ગૃહીને લગની લાગી(૨), રાજી કરવા દયાળ રે વ્હાલા...૦૫

**૫૩૯ (પદ : દિન કહે તો દિન)**

દિન કહે તો દિન અને તું રાત કહે તો રાત;(૨)
મનની ગાંઠો મેલી હવે બસ, તારા ચાંદે ચાંદ...ટેક

રચ્યા હતા મેં વિધ વિધ મારી, આશાના મિનારા;
કોડ હતા નિત નિરખવાને, નવા ગગન કિનારા,
તુજ ઇચ્છાએ જીવન મારું (૨) તારા તાલે તાલ...૦૧

અણઘડ જીવન સોંપ્યું તુજને, તારા એક વિશ્વાસે;
ક્યારે ઘડશે કેવું ઘડશે, ઘડશે કે ના ઘડશે,
ફિકર નથી મારે હવે બસ (૨) તારા ઘાટે ઘાટ...૦૨

**૫૪૦ (રાગ : એ મેરે પ્યારે વતન)**

ગુરુ મેરે સબસે ન્યારે, મૂર્તિ મેં સદા રહે પ્યારે, ગુરુદેવ બાપજી;
દિવ્યતા કા પૂર્ણ સ્વરૂપ, સાથ હૈ સદા હમારે, ગુરુદેવ બાપજી...ટેક

એક જલતે દિયેને, જગ કો ઉજાગર કર દિયા;
જિંદગી કી હર પલોં કો, પરોપકાર મેં બહા દિયા,
પરમ હિતકારી સ્વરૂપ, દિલ મેં આજ હમારે હૈ... ગુરુદેવ ૦૧

સાદગી જિસકી સજાવટ, ધર્મ-નિયમ ગહને હૈ;
સહનશીલતા કી હૈ મૂરત, સિદ્ધાંતો કે પરવાને હૈ,
સાધુતા કી મહેક સે, મહેકતી આજ લહેર હૈ... ગુરુદેવ ૦૨

દાસત્વ કી દુનિયા ઉનકી, સબસે દેખો અનેરી હૈ;
ગુરુજી સ્વામીશ્રી કી મહિમા સે યે આંખે ભરી હૈ,
ઈસ અસ્મિતા કો શબ્દ મેં, સીમિત હમ કૈસે કરે... ગુરુદેવ ૦૩

સહજાનંદી સુખ સાગર સે, કભી નહિ ન્યારે રહે;
કૈસે મિલે કૈસે કિયે, બાતેં સદા સબસે કહે,
બ્રહ્માનંદી સ્વરૂપ દર્શન, માત્ર સે અનાદિ કરે... ગુરુદેવ ૦૪

## ૫૪૧ ગુરુવંદના કીર્તન

ગુરુજી વંદનમ્, ગુરુજી વંદનમ્, ગુરુજી વંદનમ્, ગુરુજી વંદનમ્ (૨);
હો જી, અવસર આયા ગુરુવંદન કા, ગુરુ ચરણે કોટિ વંદન હૈ,
ગુરુજી મેરે જીવન હૈ, ઉનકે લિયે કુરબાની હૈ... ટેક

દિવ્યજીવન કે રાહી બનાયે, રાહ મૂર્તિ કા દિખાયા હૈ;
હાથ પકડ કે ચલના સિખાયા, સંગ આપકા હમે પાયા હૈ,
દિવ્યજીવન પ્રદાતા ગુરુચરનો મેં (૨), કોટિ કોટિ વંદન હૈ... ૦૧

ક્રાંતિકારી દિવ્યપુરુષ ને, સિદ્ધાંત શ્રીજી કા બતાયા હૈ;
બાપાશ્રી કે સિદ્ધાંતો સે, જીવન ઉજાગર બનાયા હૈ,
સિદ્ધાંતવાદી ગુરુચરનોં મેં (૨), કોટિ કોટિ વંદન હૈ... ૦૨

પરભાવ મેં રહનેવાલે, ગુરુજી મેરે મહાન હૈ;
મૂર્તિ સુખ કી લ્હાણી કરકે, મુક્ત અનાદિ બનાયા હૈ,
દિવ્યભાવ સે ગુરુચરનો મેં (૨), કોટિ કોટિ વંદન હૈ... ૦૩

મરના હૈ ઔર મિટના હૈ, ગુરુ આપકે સ્વરૂપ મેં;
આત્મબુદ્ધિ સે નાતા જોડે ઔર, ડૂબ જાએ મૂર્તિ સુખ મેં,
બાલ આપકો પ્રાર્થના કરે (૨), કોટિ કોટિ વંદન હૈ... ૦૪

## ૫૪૨ (રાગ : એ મેરે વતન કે લોગો)

હે બાલ કિશોર યુવાનો, જરા બીતે પલ કો જાનો;
સુખ કે ભીતર હમારે, કિસીકી બલિદાની પહેચાનો,
ભૂખ દુઃખ થકાન ભુલાકે, જિન્હોંને દિયા ઉજાલા;
જરા શીશ ઝુકાયે ઉનકો, જિસને ખોલા મોક્ષ તાલા...ટેક

જો હૈ પ્રાનોં સે ભી પ્યારે, ગુરુદેવ બાપજી હમારે;
ઉનકે અહેસાન કો જાનો, દિલ મેં એક જ્યોત જલા દો...૦૧

મહારાજ કી સર્વોપરી નિષ્ઠા, રોમ રોમ મેં ભરી ખુમારી;
નિયમ ઔર ધર્મ કો રખકે, સહ લિયે કષ્ટોં કો ભારી,
મૂર્તિ મેં સદા મેરે બાપજી, હમકો ભી દી મૂર્તિ ન્યારી...૦૨

હલ્દી બિના કી ખીચડી, પૈરોં મેં નહિ થે જૂતે;
તાવ ટાઇફૉઈડ જૈસી બીમારી, દિન દવાઈ બિના બીતાતે,
સહે અપાર કષ્ટ વો હસકે, ફિર ભી થી યહી ખુમારી...૦૩

અવિરત વિચરણ મેં ફિરતે, સબકે દુઃખોં કો હરતે;
અપમાન તિરસ્કાર સહેકે, અપરાધી કો સીને લગાતે,
જો પ્યાર બાંટા હૈ ઉન્હોંને, વો લમહેં કૈસે મિટાયે...૦૪

કાંટોં કે પથ પર ચલકે, ફૂલોં કે રાહ બિછાયે;
સહ લિયા અકેલે સબ કુછ, ફિર સુખ કે ધોધ બહાયે,
હમ પર કરઝાં હૈ ભારી, અબ કરની હૈ તૈયારી...૦૫

વિપદા કે બરસે બાદલ, કષ્ટોં કી ધારાયે સહ લી;
ખુદ સહે કે સંભાલા હમકો, ઋણ અદા કી યે ઘડી પહેલી,
તન મન ધન ન્યોછાવર હૈં, સાંસે ઉનકે લિયે ભર દો...૦૬

**SMVS** કે ખેતોં કો, હરિયાલી સે સદા ભરકે;
મૈં વો તૂ ઔર તૂ વો મૈં, આશિષ હેલી બરસા કે,
ગુરુજી સ્વામીશ્રી દ્વારા, બહતી રહી સુખ કી ગંગા...૦૭

## ૫૪૩ (પદ : વંદનં ગુરુજી વંદનં)

વંદનં ગુરુજી વંદનં, વંદનં સદ્‌ગુણાય વંદનમ્;
તવ ચરણોમાં અમ વંદનં, રહો મૂર્તિમાં સદા વંદનમ્,
મહારાજનું મુખ્યપણું, દીસે સદા તમ્ સદ્‌ગુણમ્...૦૧

વંદનં ગુરુજી વંદનં, વંદનં સદ્‌ગુણાય વંદનમ્;
તવ ચરણોમાં અમ વંદનં, રહો મૂર્તિમાં સદા વંદનમ્,
દાસત્વભાવ રોમેરોમમાં, દીસે સદા તમ્ સદ્‌ગુણમ્...૦૨

વંદનં ગુરુજી વંદનં, વંદનં સદ્‌ગુણાય વંદનમ્;
તવ ચરણોમાં અમ વંદનં, રહો મૂર્તિમાં સદા વંદનમ્,
નિયમધર્મની દૃઢતા, દીસે સદા તમ્ સદ્‌ગુણમ્...૦૩

વંદનં ગુરુજી વંદનં, વંદનં સદ્‌ગુણાય વંદનમ્;
તવ ચરણોમાં અમ વંદનં, રહો મૂર્તિમાં સદા વંદનમ્,
પરસુખ એ જ તવ સુખ છે, દીસે સદા તમ્ સદ્‌ગુણમ્...૦૪

## ૫૪૪ (પદ : ઉપકાર અનંત બાપજી સ્વામીશ્રી)

ઉપકાર અનંત બાપજી, સ્વામીશ્રી આપના... ટેક
દિવ્યજીવનના રાહે ચલાવ્યા, કુસંગ છોડાવ્યા આજ રે;
સત્સંગ કરાવી પથ્થરમાંથી, મૂર્તિ ઘડી આ વાર રે... ઉપકાર ૦૧

સુખ દુઃખમાં સમજણ રાખીને, રાખો તેમ રહેવું છે;
ગુરુ રાજીપામાં રહીને, મૂર્તિ સુખ લેવું છે... ઉપકાર ૦૨

કૃપાએ અનાદિમુક્ત કર્યા, પરભાવે મૂર્તિમાં રહું;
સંતો-ભક્તો પરિવારમાં, દર્શ કરું મહારાજનાં... ઉપકાર ૦૩

નિષ્ઠા નિયમ ને ભજન-ભક્તિથી, અમને સૌને ભરી દીધા;
રાહ જીવનનો બતાવી, અઢળક અમ પર ખૂબ ઢળ્યા... ઉપકાર ૦૪

### ૫૪૫ (પદ : દિવ્યપુરુષ ગુરુજી મહાન)

હા... હરિકૃષ્ણ દિવ્યમ્, જીવનપ્રાણ બાપાશ્રી દિવ્યમ્;
ગુરુદેવ બાપજી દિવ્યમ્, વ્હાલા ગુરુજી દિવ્યમ્... દિવ્યમ્... દિવ્યમ્.

દિવ્યપુરુષ ગુરુજી મહાન, (૨) કરું કોટિ કોટિ પ્રણામ,
અતિ દયાળુ ગુરુજી, મૂર્તિસુખનું દ્વાર (૨) કરું કોટિ કોટિ પ્રણામ... ટેક

ઉપકારો અનંત ગુરુજી આપ તણા, દુઃખ સહ્યાં આપે અમ કાજ ઘણાં,
બિરુદ જાણી પોતાનું લીધા પાસ, (૨) કરું કોટિ કોટિ પ્રણામ...૦૧

ઘાટ સંકલ્પ ટળે તવ સંગમાં સદા, કરુણા દૃષ્ટિ હરે દુઃખ ભીતર તણાં,
લાડ લડાવો ચોખ્ખા કરવા કાજ, (૨) કરું કોટિ કોટિ પ્રણામ...૦૨

મન કર્મ વચને તવ રુચિમાં રહ્યા, સર્વ કામ સંપૂર્ણ તેમનાં થઈ રહ્યાં,
તોડી દેહભાવ કરો છો ન્યાલ, (૨) કરું કોટિ કોટિ પ્રણામ...૦૩

જેમ જનની બાળકની કરે ચિંતા સદા, જનની આતમની બની કરી ચિંતા સદા,
મૂર્તિસુખમાં ડુબાડો અમને આજ, (૨) કરું કોટિ કોટિ પ્રણામ...૦૪

તવ મરજીના મરજીવા બનીએ સદા, આત્મબુદ્ધિની દુનિયામાં રહીએ સદા,
સ્થિતિ કરાવવા કૃપા વહાવો ખાસ, (૨) કરું કોટિ કોટિ પ્રણામ...૦૫

### ૫૪૬ (રાગ : ધોળ)

સંત પારસ **ચંદન બાવના**[૧], કામધેનુ કલ્પતરુ સાર સમાગમ સંતનો... ટેક
સંત સમજ્યામાં અંતર ઘણો, ચંદન પારસ ત્રાણ પ્રકાર... સમાગમ ૦૧
એક પારસથી પારસ બને, એક પારસથી હેમ હોય... સમાગમ ૦૨
એક પારસ લોહને કુંદન કરે, સો વરસે લોહ નવ હોય... સમાગમ ૦૩
એક ચંદનથી વિખ ઊતરે, એક ચંદનથી અગ્નિ ઓલાય... સમાગમ ૦૪
એક તલભાર **તાતા**[૨] તેલમાં, ફરી તાતું તેલ નવ થાય... સમાગમ ૦૫
સર્વે સેના શૂરી નવ જાણવી, સર્વે નારી પતિવ્રતા નો'ય... સમાગમ ૦૬

સર્વે ગજ શિર મોતી નવ નીપજે, વને વને **અગર**[3] નવ હોય... સમાગમ ૦૭
મૃગે મૃગે **કસ્તૂરી**[4] નવ નીપજે, નાગે નાગે મણિ નવ હોય... સમાગમ ૦૮
જળે જળે કમળ નવ નીપજે, તેની વિક્તિ વિચારીને જોય... સમાગમ ૦૯
જ્ઞાન હીન ગુરુ નવ કીજિયે, **વંધ્યા**[5] ગાય સેવે શું થાય... સમાગમ ૧૦
કહે પ્રીતમ બ્રહ્મવેત્તા ભેટતાં, મહારોગ સમૂળો જાય... સમાગમ ૧૧

● **૧.** બાવના - ચંદનનો શ્રેષ્ઠ પ્રકાર ● **૨.** ઊકળતા ● **૩.** સુગંધી લાકડું ● **૪.** વિશિષ્ટ પ્રકારના હરણની નાભિમાં થતો સુગંધી પદાર્થ ● **૫.** વાંઝણી

## ૫૪૭ (પદ : વિવેકી પ્રાણી કર)

વિવેકી પ્રાણી કર વિચાર મોક્ષ પામવા;
મોક્ષ પામવા સુખેથી ધામમાં જવા...ટેક

આત્મજ્ઞાની સંતનો પ્રસંગ જો બને;
તો જરૂર પ્રગટ હરિ મેળવે તને...વિવેકી ૦૧

પ્રગટ અગ્નિથી બને રસોઈ તો નવી;
અંધકાર જાય પ્રગટ થાય જો રવિ...વિવેકી ૦૨

પ્રગટ અડદથી વડાં બને વળી યદિ;
વાતથી વડાં બની શકે નહિ કદી...વિવેકી ૦૩

તેમ પ્રગટ સંત પ્રગટ હરિ મળે;
જન્મ ને મરણ તણું દુઃખ તો ટળે...વિવેકી ૦૪

ધર્મ જ્ઞાન ભક્તિ ને વૈરાગ્ય જે વિષે;
એવા સંત સેવતાં જ મોક્ષ તો થશે...વિવેકી ૦૫

**વારિને**[1] વલોવે માખણ ક્યાં થકી મળે;
તેમ વેશધારી સંત થકી પાપ શું બળે...વિવેકી ૦૬

રેતીને પિલાવે તેલ ક્યાંથી નીકળે;
ઢોંગી ધૂર્ત ગુરુ સેવે તારું શું વળે...વિવેકી ૦૭

સદ્‌ગુરુ જરૂર ઓળખાય લક્ષણે;
બ્રહ્મનિષ્ઠ સેવતાં જ કાર્ય તો બને...વિવેકી ૦૮

વિષય તણો ત્યાગ થાય હૃદય ઊઘડે;
જરૂર એહને સંગે મોક્ષ તો જડે...વિવેકી ૦૯

વાંઝણી ધેનુથી દૂધ ક્યાંથી પામશો;
ધર્મહીન સંત સેવી ક્યાં પછી જશો...વિવેકી ૧૦

દેવતાને દુર્લભ સત્સંગ પામીને;
**ખચીત**[2] ટાળજો વિવેકી સકળ ખામીને...વિવેકી ૧૧

શ્રીહરિના પુત્ર પૌત્ર વચન જે વદે;
**લક્ષ**[3] આણી દક્ષ સકળ ધારજો હૃદે...વિવેકી ૧૨

● ૧. પાણીને ● ૨. જરૂર, અવશ્ય ● ૩. ધ્યાન

## કારણ સત્સંગ અમીરપેઢી મહિમાગાન

### ૫૪૮　　(પદ : હે પ્રૌઢ પ્રતાપી દિવ્ય મૂર્તિ)

હે પ્રૌઢ પ્રતાપી દિવ્ય મૂર્તિ, 'સ્વામી સ્વામી' શબ્દો સર્યા;
વ્હાલાએ અતિ વ્હાલ કરીને, સત્સંગના વારસ કર્યા,
સંતો-ભક્તો ને આચાર્યો કેરા, ઉપરી કીધા આપજી;
નમીએ સંકલ્પ સ્વરૂપ સદ્‌ગુરુ, શ્રી ગોપાળાનંદ સ્વામીજી... ૦૧

આજ્ઞા ગુરુ ગોપાળાનંદ કેરી, સેવક થઈ શિરે ધરી;
પ્રવર્તાવી ઉપાસના શ્રીનગરે રહી, શ્રીજીની સર્વોપરી,
સમજાવ્યો મહિમા અતિ અતિ ઘણો, બાપા જીવનપ્રાણજી;
એવા સિદ્ધ અનાદિમુક્ત સદ્‌ગુરુ, સ્વામીશ્રી નિર્ગુણદાસજી... ૦૨

## મોટા મોટા નંદસંતોનાં ગુરુદેવ પ.પૂ. બાપજીમાં દર્શન કરાવતાં પદો

### ૫૪૯　　પદ-૧

ગોપાળાનંદ સ્વામી કેવા, વાત અલૌકિક ન્યારી;
સંત હરિજન જાણો તમે, કેવો પ્રતાપ ભારી...વ્હાલા...૦૧

અક્ષર ઓરડી વ્હાલો બિરાજે, સ્વામી ગોપાળાનંદ પાસે;
સર્વોપરીપણું નહિ ફેલાવો, વરસ હજાર થાશે...સ્વામી...૦૨

વચનામૃત બહુ લખ્યાં ને, શોધ્યાં શુક સ્વામી;
ગોપાળાનંદ સ્વામી થકી, ભાંગી બહુ ખામી...વ્હાલા...૦૩

**ઝાડી દેશ**[1]માં સત્સંગ કાજે, કોઈ ન થાયે તૈયાર;
શ્રીહરિનાં વચન કાજે, સ્વામી ઝાડી મોઝાર...ગયા...૦૪

ભૂત પ્રેતાદિકથી બચાવ્યા, દારૂ માંસ છોડાવ્યા;
શ્રીહરિના આશ્રિત કરી, ગોધર સંકલ્પ સેવ્યા...સ્વામીએ...૦૫

એવા ગુણલા ઘણા ગણાવું, ગુરુ મહિમા જાણો;
બાપજી મારા ગુરુજી એવા, ગુરુ મહિમા માણો...વ્હાલા...૦૬

● ૧. પંચમહાલ

**૫૫૦ પદ-૨**

મુક્તાનંદ સ્વામી કેવા, વાત અલૌકિક ન્યારી;
સંત હરિજન જાણો તમે, કેવો પ્રતાપ ભારી...વ્હાલા...૦૧

મહિમા હરિનો સર્વોપરી, જાણ્યો પોતે ઉરમાંય;
અનાશ્રયનાં પદ બનાવ્યાં, રાજી થયા હરિરાય...વ્હાલા...૦૨

દયાળુ મૂર્તિ માત સમાન, સ્વામી મુક્તાનંદ જાણો;
સાધુતા ને સરળ મૂર્તિ, કલ્યાણદાતા પ્રમાણો...વ્હાલા...૦૩

દાસભાવમાં સૌથી મોટા, રાજી કર્યા મહારાજ;
કર્તાપણું બસ એક શ્રીજીનું, વ્હાલા રાજાધિરાજ...વ્હાલા...૦૪

એવા ગુણલા ઘણા ગણાવું, ગુરુ મહિમા જાણો;
બાપજી મારા ગુરુજી એવા, ગુરુ મહિમા માણો...વ્હાલા...૦૫

**૫૫૧ પદ-૩**

નિત્યાનંદ સ્વામી કેવા, વાત અલૌકિક ન્યારી;
સંત હરિજન જાણો તમે, કેવો પ્રતાપ ભારી...વ્હાલા...૦૧

અન્ય અવતાર જેવા, નહિ લખું કે લખવા દઉં;
સત્સંગનો ધણી હું છું બોલો, લખો લખાવું એવું...વ્હાલા...૦૨

શ્રીજીની સામે પડ્યા ત્યારે, કોઈ રહ્યું નહિ સાથે;
પણ મચક આપી ન પોતે, વિમુખ કર્યા નાથે...વ્હાલા...૦૩

ઉપાસક તો આવા હોય, કહી શ્રીજી રિઝાણા;
અમારા ફેરવ્યા ફર્યા સહુ, જુઓ સ્વામી ના ફર્યા ઘણા...વ્હાલા...૦૪

સર્વોપરી ઉપાસના, ઉપાસક સ્વામી ખરા;
વિદ્વત્તામાં ફાવે નહિ કોઈ, એ તો સર્વેથી ન્યારા...વ્હાલા...૦૫

ભરી સભામાં શ્રીજી પૂછે, કેવા છે ગુણ તમારા;
વિદ્વાન ગમે તેવો આવે તોયે, હાર પોતે માનનારા...કહે...૦૬

એવા ગુણલા ઘણા ગણાવું, ગુરુ મહિમા જાણો;
બાપજી મારા ગુરુજી એવા, ગુરુ મહિમા માણો...વ્હાલા...૦૭

**૫૫૨ પદ-૪**

ગુણાતીતાનંદ સ્વામી કેવા, વાત અલૌકિક ન્યારી;
સંત હરિજન જાણો તમે, કેવો પ્રતાપ ભારી...વ્હાલા...૦૧

કથાવાર્તાના ચાલે અખાડા, સોપો ન પડે ક્યારે;
વિષય વ્યસન વ્હેમ છોડાવી, નિષ્ઠા દૃઢ કરાવે...વ્હાલા...૦૨

શ્રીનગરમાં વાતો કરે સ્વામી, શાસ્ત્રથી પરની ભારી;
ગોપાળાનંદ સ્વામી બોલે, સ્વામીને છૂટી આપી...વ્હાલા...૦૩

ધનપતિ મોટા સદાશિવ, શિવલાલ વાઘજીભાઈ;
હાડકાં કોણ ચાવે એમ કહી, ચોખ્ખા કરે હરખાઈ...વ્હાલા...૦૪

શેહ-શરમ ને મહોબત કેવી, રોકે ટોકે નિજ જાણી;
ચોખ્ખા કરી પોતા જેવા, શ્રીજીરૂપ કરે વાણી...વ્હાલા...૦૫

ધરમ લોપીને જાવું નહિ હું, બાઈઓની સભામાં ક્યારે;
ધરમ લોપીને વિમુખ નહિ થાવું, વિમુખ થયા ત્યારે...વ્હાલા...૦૬

પાપના પર્વત જેવા જુઓ, વાલેરો રીષુભા ઘણા;
નિયમ ધરમ ને નિષ્ઠા કરાવી, રાખી ન કાંઈ **મણા**[૧]...વ્હાલા...૦૭

એવા ગુણલા ઘણા ગણાવું, ગુરુ મહિમા જાણો;
બાપજી મારા ગુરુજી એવા, ગુરુ મહિમા માણો...વ્હાલા...૦૮

● ૧. ખામી, ખોટ

**૫૫૩ પદ-૫**

ગુરુજી મારા બહુ પ્રતાપી, કેવા નિર્માની ભારી;
સુખિયા કરવા જીવ માયાના, દુઃખડાં વેઠે ભારી...જુઓ...૦૧

ભૂખ દુઃખ ને થાક ભૂલીને, સુખિયા સહુને કર્યા;
ભાર ભીડો ને તકલીફ કેવી, સત્સંગમાં બહુ વિચર્યા...પોતે...૦૨

દાતણ હોય ત્યાં દીવો નહિ ને, દીવો ત્યાં નહિ દાતણ;
કાંટા કાંકરા વાગ્યા તોયે, ચાલ્યા સહુથી આગળ...પોતે...૦૩

દિવ્યપુરુષે કેવું સહ્યું તે, સુણજો જાણજો વ્હાલા;
ઋણમાંથી એના છૂટવા, હવે કરજો કાલાવાલા...સહુ...૦૪

## અમીરપેઢી મહિમાગાન

**૫૫૪** **પદ-૧**

વારેવારે કરે સ્વામી સ્વામી, અતિ વ્હાલ કરી બહુનામી;
બંને આચાર્યો તણા ઉપરી કીધા, વળી હાથમાં હાથ તો દીધા,
સંતો પાળા વર્ણી સુણી લેજો, ગોપાળમુનિની આજ્ઞામાં રહેજો;
યોગીવર્ય તમે તો કહેવાયા, યોગીઓના યોગી છો સવાયા... ૦૧

રાખીશ હજાર વર્ષ તમને પૂરાં, સર્વોપરી નિષ્ઠામાં રહેજો શૂરા;
બંને દેશમાં જઈ વિચરણ કરજો, નિયમ નિષ્ઠાની કચાશ હરજો,
રીતિનીતિ સ્થાપી બંને દેશે, પત્તર તુંબડાં ને ધૂળિયાં વસ્ત્રો રહેશે;
ખૂણિયા જ્ઞાનવાળા ગોપાળાનંદ, પૂજન કરતા ઊપજે આનંદ... ૦૨

**૫૫૫** **પદ-૨**

ગોપાળ ગુરુના વારસ પ્રથમ, નિર્ગુણદાસજીને કરું નમન;
ગુરુ વચને શ્રીનગર રહ્યા, નિષ્ઠા પ્રવર્તન માટે દુઃખ સહ્યાં,
ચોખ્ખે ચોખ્ખી વાતો કરે સૌને, ગમે ન ગમે ભલે કોઈને;
અવધપ્રસાદને હરિએ મહિમા કહ્યો, રાજી કરજો એ દ્વારા હું રહ્યો... ૦૧

નિત્યાનંદ સ્વામી જેવો પ્રભાવ, સાચે સાચું કહેવાનો સ્વભાવ;
આજ્ઞા નિષ્ઠાની પોલ ન ચલવે, સંતો ભક્તોમાં જરીએ ન હલવે,
મહારાજ આ દ્વારે આજે વિચરે છે, બાપાને જીવનપ્રાણ ઉચ્ચરે છે;
રાજી કરી લેજો બાપાને ખાસ, હસ્ત સોંપ્યો ઈશ્વરચરણદાસ... ૦૨

**૫૫૬** **પદ-૩**

શ્રીજી સંકલ્પ સદ્‌ગુરુ સ્વામી, નીડર સિદ્ધાંતવાદી અકામી;
બાપા ઓળખાવી ન્યાલ જ કર્યા, દુઃખો દેહભાવનાં તો હર્યાં,
બાપા કહેતા જે ઈશ્વરસ્વામી કહેશે, સુણશે કહેશે તેનાં પાપ ટળશે;
આખા બ્રહ્માંડના સર્વે સંતો, ન આવે સ્વામી તોલે મોટા મહંતો... ૦૧

બાપા પાસે રહી જ્ઞાન ઝીલ્યું, વચનામૃત રહસ્યાર્થે ભરી મેલ્યું;
બે ભાગ વાતો કરી બાપા તણી, આત્યંતિક મોક્ષની કૃપા ઘણી,
કારણ સત્સંગ રૂડો સ્થાપી, સૌને એક મૂર્તિ મૂર્તિ આપી;
કોઈના બાપની ન રાખી બીક, ગોપાળબાપાની સર્વે રીતે રીત... ૦૨

**૫૫૭** **પદ-૪**

ઈશ્વરબાપાની બની રહ્યા જોડ, છતાં શોધ્યા ન જડે એવા અજોડ;
વૃંદાવનસ્વામીને બાપા જ્યારે મળે, અહો અહો કરી મૂર્તિસુખે ભરે,
ગામે ગામ વિચરણ ખૂબ કરી, વિશ્વાસુને દેતા મૂર્તિસુખે ભરી;
રાખ્યા મૂર્તિમાં એક મહારાજ જ, રોમેરોમના સુખમાં રાખ્યા છે જ... ૦૧

પ્રતિષ્ઠા પૂર્વે મૂર્તિ હોય સામે, પ્રતિષ્ઠા પછી સિંહાસન માંયે;
એમ દર્શન કરતાં રહે સન્મુખ, મૂર્તિમાં રાખ્યા પછી મુખોન્મુખ,
વાણિયો રોજ નવ ગણે નાણું, રાજાને ન થાય ગામ રોજ જાણું;
એમ મૂર્તિમાં જ છું નિરધાર, વાતે કરી સુખ દેતા જ્ઞાનભંડાર... ૦૨

**૫૫૮** **પદ-૫**

બાપા કહેતા પુરાણી કે મુનિ, રહ્યા મૂર્તિ સુખિયા એ તો બની;
અર્જુને મચ્છ વેંધવા જેમ, મૂર્તિ રૂપે વૃત્તિ કરી દીધી તેમ,
ઠેઠના સાધુ છે આ તો ખરા, સેવી લેજો તેમને ખરેખરા;
આવા સાધુને અખંડ સંભારું, બાપા કહે જેને નથી મારું તારું... ૦૧

નિર્ગુણાનંદજી જેવા નિર્ગુણ, અલ્પ ન જોવા મળે માયાનો ગુણ;
કારણ મૂર્તિને વળગી પડ્યા છે, વળી એ તો અમારા સંકલ્પ છે,
સાધુતાની ખરેખરી મૂર્તિ, જેને નિરંતર વરતે મૂર્તિ મૂર્તિ;
રાજી રહેજો અમ પર મુનિ બાપા, આપે આપ્યા છે મૂર્તિના થાપા... ૦૨

**૫૫૯** **પદ-૬**

બાપા વચને આપ પધાર્યા, આધા હમારા વરને ધાર્યા;
રગે રગે શ્રીહરિની ખુમારી, મુનિ બાપાને જ્ઞાનગુરુ ધારી,
અન્વય વ્યતિરેક સનાતન આધુનિક, વચનામૃતમાંથી જ ભણાવ્યું નિત;
ઠાંસી ઠાંસીને જ્ઞાન ભરી દીધું, સર્વોપરી સિદ્ધાંતનું પણ લીધું... ૦૧

અને વળી જે ભગવાન છે, તે જેવા તો આ એક જ છે;
બે નથી તો ઝાઝા હોય ક્યાંથી, સૌને હા પડાવી જીવમાંથી,
પ્રથમ એકાવન જ્યારે લે છે, પાંથીએ પાંથી છૂટી પાડી દે છે;
હીરે કરી હીરો વેંધી દેતા, ગુરુદેવના ન મળે ક્યાંય જોટા... ૦૨

**૫૬૦** **(ગુરુ કો અંગ)**

જૈસે હી હેમ હુતાશ મેં ડાર કે, ધોય વિકાર સોનાર તપાવે,
વ્યોતત જ્યું દરજી પટ ફાર કે, કાષ્ઠ કું બાઢ સુતાર બનાવે;
પાત્ર કુલાલ શિલા કર પાહન, લોહ લુહાર સુધાર હી લાવે,
યું શિષ્ય કું ગુરુદેવ સુધારત, સો બ્રહ્માનંદ આનંદ પાવે.

•••

## ગ્રંથ મહિમાનાં પદો

૫૬૧ (રાગ : ગઝલ)

જગતના સર્વે ગ્રંથોમાં વચનામૃત ગ્રંથ સારો છે;
જીવોના મોક્ષને માટે, સર્વોત્તમ સૌથી ન્યારો છે... ટેક

કેવળ કૃપાળુ બાપાશ્રી તણી રહસ્યાર્થ પ્રદીપિકા;
સદ્ગુરુ ઈશ્વરચરણદાસે, પ્રશ્નો પૂછી કરી ટીકા... જગતના ૦૧

વચનામૃતના જ આધારે ઉત્તર પ્રશ્નો તણા કીધા;
રસબસની વાત સમજાવી, જીવોને ન્યાલ કરી દીધા... જગતના ૦૨

શ્રીજીના વચનાનુસારે ટીકામાં વચનો ગાયાં છે;
પોતાનાં બાળકો જાણી, અનેરાં અમૃત પાયાં છે... જગતના ૦૩

પોતે દુઃખો ઘણાં વેઠી જીવોને સુખ આપ્યાં છે;
કૃપાથી મૂર્તિ આપીને, જનમનાં દુઃખ કાપ્યાં છે... જગતના ૦૪

રહસ્યાર્થ પ્રદીપિકા ટીકા સહ વચનામૃત જે છે;
પારાયણ પાઠ કરતાને, શ્રીજી મૂર્તિ માંહી લે છે... જગતના ૦૫

પ્રમાણ અપ્રમાણનાં ગપ્પાં છોડી શ્રીજી વચનને જોજો;
દાસાનુદાસ કહે ભાઈ, મૂર્તિ સુખમાં સહુ ઠરજો... જગતના ૦૬

૫૬૨ (રાગ : કસુંબીનો રંગ)

દુનિયા તણાં એ સર્વે શાસ્ત્રોમાં, શ્રેષ્ઠ સર્વોત્તમ આ ગ્રંથ;
હે... એવી... શ્રીહરિની દિવ્ય વાણી દ્વારે, રેલાયો મહા અમૃતમય આ ગ્રંથ,
હો રાજ... ગ્રંથરાજ મહા વચનામૃત ગ્રંથ... ટેક

હે... દિવ્ય... અનુપમ સર્વોપરી એક સ્વામિનારાયણ પંથ;
હે... એવા... સર્વાવતારી શ્રી સ્વામિનારાયણના, મુખે ગવાયો આ ગ્રંથ,
હો રાજ ૦૧

હે... અનાદિમુક્તની સ્થિતિ માટેનું જાણો, પ્રથમનું છે એકાવન;
હે... એવા... પુરુષોત્તમરૂપ થવાની લટક, બતાવીને કર્યા છે પાવન,
હો રાજ ૦૨

હે... જેવા છે તેવા ઓળખવા માટે, જાણો અમદાવાદનું સાત;
હે... એવા... શ્રીજીમહારાજે દયા કરીને, કીધી છે પોતાની વાત,
હો રાજ ૦૩

હે... રહસ્યભર્યું છે એકે એક શબ્દોમાં, બુદ્ધિ પડી જાયે મંદ;
હે... એવા...અનુભવી સત્પુરુષ દ્વારા સમજે તો, આવે અનેરો આનંદ,
હો રાજ ૦૪

હે... પોતાની મેળે જો સમજવા જાયે તો, નીકળી જાય જન્મોજનમ;
હે... એવા... ગૂઢ રહસ્યના જ્ઞાનપ્રદાતા, ગુરુજી કાઢી નાખે ભ્રમ,
હો રાજ ૦૫

હે... વચનામૃતના જ્ઞાનાચાર્ય જુઓ, જાણે છે સાચો મરમ;
હે... એવા... દાસ સેવકના ગુરુજીએ આજ, ગાયો છે મહિમા પરમ,
હો રાજ ૦૬

**૫૬૩ (રાગ : મધુકર વાત)**

વચનામૃતનો મહિમા છે મોટો, કહેતાં પાર ન આવે રે;
શ્રીહરિના મુખની પરા વાણીનું, મહાત્મ્ય અંતર ડોલાવે રે... વચનામૃત ૦૧

શ્રીજી તણા મુખમાંથી નીકળતાં, વચનો અમૃત જેવાં રે;
નંદસંતોના હસ્તે લખાણાં, અનહદ સુખના મેવા રે... વચનામૃત ૦૨

જ્ઞાન સિદ્ધાંતોનો નિચોડ કરીને, વચનો બોલ્યાં વા'લો રે;
સ્વરૂપનિષ્ઠાના જ્ઞાનથી પાયો, અમૃતરસનો પ્યાલો રે... વચનામૃત ૦૩

સંપ્રદાયના શ્રેષ્ઠ શાસ્ત્ર માંહી, ગૂઢાર્થ ભર્યો છે ભારી રે;
અનુભવીના અનુભવ વિના, બુદ્ધિમાં ના'વે ક્યારી રે... વચનામૃત ૦૪

દાસ સેવક કહે વચનામૃતમાં, વ્હાલે વાત જે કીધી રે;
દેવનંદન સ્વામીશ્રી દ્વારે, સ્હેજે સમજાવી દીધી રે... વચનામૃત ૦૫

**૫૬૪ (રાગ : વ્હાલા તારી મૂર્તિનું બંધન)**

**ઋત**[૧] વચનામૃત અમૃત જેવું, પોતાની મેળે ન સમજાય એવું... ટેક
વચનામૃતમાં જ્ઞાન ઘણું છે, પરોક્ષ શાસ્ત્રોથી અનંત ગણું છે;
શાસ્ત્રો ઘણાં છે નહિ વચનામૃત જેવું... પોતાની મેળે ૦૧

પરોક્ષ શાસ્ત્રો છે ખડને ઠેકાણે, પ્રત્યક્ષનાં શાસ્ત્રો છે કણને ઠેકાણે;
વચનામૃત છે તૈયાર ભોજન જેવું... પોતાની મેળે ૦૨

સત્સંગિ જીવન ભૂષણ જે કહાવે, પ્રત્યક્ષના શાસ્ત્રોમાં એ સર્વે આવે;
રહસ્યાર્થ વચનામૃત મેસૂબના જેવું... પોતાની મેળે ૦૩

વચનામૃતના ઉદ્‌ગાતા શ્રીજીમહારાજ, સત્પુરુષ દ્વારે સમજાવે આજ;
દાસ સેવકને લાગે મીઠું મધ જેવું... પોતાની મેળે ૦૪

● ૧. રહસ્ય

## ૫૬૫ વચનામૃત મહિમા

શ્રીજીની ઈચ્છા થકી જ પ્રગટ્યા, બાપા દયા દિલ ધરી;
વચનામૃત સુગ્રંથ કેરી વ્હાલે, રહસ્યાર્થ ટીકા કરી,
મૂર્તિમાં રસબસ જનોને કરવા, બે ભાગ વાતો થઈ;
પુરુષોત્તમ લીલામૃત ગ્રંથ કર્યો, વર્ણીજી દ્વાર લઈ...૦૧

## ૫૬૬ બાપાશ્રીની વાતોનો મહિમા

**(રાગ : સ્વામિનારાયણ ઘનશ્યામ, બોલો મૂર્તિ ધારી)**

મૂર્તિમાં રસબસ બનવાને, વાંચો બાપાશ્રીની વાતો... ટેક
નારાયણ સકલના સ્વામી, સ્વામિનારાયણ બહુનામી;
સર્વોપરી સમજવાને... વાંચો ૦૧

જે છે મૂર્તિ અક્ષરધામે, તે જ મનુષ્યરૂપ આ ઠામે;
તેવી જ પ્રતિમા જાણવાને... વાંચો ૦૨

શ્રીહરિ છે કલ્યાણકારી, તેવા જ મુક્તો પણ હિતકારી;
અવગુણ દ્રોહ થકી બચવાને... વાંચો ૦૩

શ્રીજી ને મુક્તોનો મહિમા, તેની આવે નહિ કાંઈ સીમા;
તેમાંથી મનુષ્યભાવ તજવાને... વાંચો ૦૪

મોટા સંગે જીવને જોડી, દેહાદિક સર્વેથી તોડી;
ધ્યાનની ચાવી મેળવવાને... વાંચો ૦૫

મૂર્તિના સુખમાંહી ઠરેલા, અનાદિમુક્તો જે રહેલા;
તેના જેવાં સુખ લેવાને... વાંચો ૦૬

દિવ્યભાવે ધ્યાન ધરીને, પુરુષોત્તમરૂપ બનીને;
છ માસે મૂર્તિ દેખવાને... વાંચો ૦૭

દાસાનુદાસ કહે છે ગાજી, શ્રીજી બાપા ધ્યાને રાજી;
શ્રીજી મૂર્તિમાં વસવાને... વાંચો ૦૮

**૫૬૭ (રાગ : વ્હાલા તારી મૂર્તિનું બંધન)**

બાપાશ્રીની વાતો મુને લાગે બહુ પ્યારી;
મૂર્તિના સુખમાં છે રમાડનારી... ટેક

મંદિર આચાર્ય સાધુ કાર્ય ગણાય છે;
મહાપ્રભુ ને મુક્તો એ કારણ ગણાય છે,
કાર્ય ને કારણની રીતિ છે ન્યારી...મૂર્તિના ૦૧

મનુષ્ય રૂપ મૂર્તિ ને પ્રતિમા સ્વરૂપ જે;
અક્ષરધામનું દિવ્ય સ્વરૂપ તે,
ત્રણ નથી એક છે તે સમજાવનારી...મૂર્તિના ૦૨

શ્રીજીના તેજની અનંત છે કિરણો;
તેમાંની એક જ અન્વય પ્રમાણો,
અક્ષરાદિક અનંત એ કિરણ આધારી...મૂર્તિના ૦૩

શ્રીજીની મૂર્તિ તે વ્યતિરેક સ્વરૂપ છે;
ચાલોચાલ એકાંતિક પરમ અનાદિ,
ચારેય વર્ગને શ્રીજી સુખકારી...મૂર્તિના ૦૪

અન્વય વ્યતિરેક એવી વિગત પાડી;
નવાં નવાં સુખ આપે મુક્તોને **દાડી**[1],
સર્વોપરી ઉપાસનાની વાત કેવી સારી...મૂર્તિના ૦૫

ધ્યાનની રુચિ એમ સ્પષ્ટ બતાવી;
પુરુષોત્તમરૂપની લટક બતાવી,
પુરુષોત્તમરૂપ કર્યો નથી દેહધારી...મૂર્તિના ૦૬

બુદ્ધિ ને આશ્રમના **ડોડ**[2] મૂકીને;
વાતો પર સંપૂર્ણ વિશ્વાસ રાખીને,
તટસ્થભાવે વાંચે તેને છે સુખકારી...મૂર્તિના ૦૭

સદ્‌ગુરુ બાપાએ મહિમા સમજાવ્યો;
દેવનંદન સ્વામીશ્રીએ જીવમાં ઉતરાવ્યો,
દાસ સેવક છે સદા બલિહારી...મૂર્તિના ૦૮

● **૧.** નિત્ય, રોજ, કાયમ ● **૨.** ખોટા દેખાવ, છૂપો અહંકાર

## ૫૬૮ બાપાશ્રીની વાતોનો મહિમા

જે મુમુક્ષુ આ દિવ્ય ગ્રંથ સુણશે, હેતે કરી વાંચશે;
કરશે દર્શન સ્પર્શ જાણી મહિમા, ઉત્તમ સુખો માણશે,
આશીર્વાદ દીધો અતિ બળ ભર્યો, પોતાનું બિરદ ગણી;
પામી આનંદ જય જય બોલો, શ્રીજી ને બાપા તણી.

•••

## તીર્થસ્થાન મહિમાનાં પદો

### ૫૬૯ (સ્વામિનારાયણ ધામ મહિમા ગીત)

સ્વામિનારાયણ ધામ મુને વ્હાલું લાગે, વ્હાલું લાગે મુને વ્હાલું લાગે(૨);
સર્વોપરી શ્રીજી મારા સર્વોપરી ધામ, વ્હાલું લાગે મુને વ્હાલું લાગે(૨)...ટેક

સર્વોપરી સ્વામિનારાયણ ભગવાન(૨), મધ્યે બિરાજે મારા ઘનશ્યામ મહારાજ(૨);
બાપાશ્રી ને સાથે છે મુક્ત સમાજ... વ્હાલું લાગે ૦૧

સર્વોપરી શ્રીજીના સંકલ્પો જ્યાંથી(૨), ગુરુજી બાપજીનાં દર્શન ક્યાંથી(૨);
સ્વામીશ્રી કરે સૌને સુખિયા ત્યાંથી... વ્હાલું લાગે ૦૨

સંતો ભક્તોને અતિ વ્હાલું રે લાગે(૨), દુઃખ દરદ સૌનાં દોડી રે ભાગે(૨);
અતિશે આનંદ મારા ઉરમાં જાગે... વ્હાલું લાગે ૦૩

આ રે ભૂમિની રજનો મહિમા છે કેવો(૨), મુખે કરીને કેમ કહેવાય એવો(૨);
અનાદિમુક્તોનો પાક અહીંથી લેવો... વ્હાલું લાગે ૦૪

આ રે ભૂમિમાં રહેવા મળે જ ક્યાંથી(૨), દિવ્યજીવન શીખવા મળે જ ત્યાંથી(૨);
મૂર્તિસુખનો અનુભવ થાય છે અહીંથી... વ્હાલું લાગે ૦૫

### ૫૭૦ (તીર્થધામ ગોધર મહિમા ગીત)

ગોધર નાનું ગામ, બન્યું મોટું ધામ;
શ્રીજીબાપા ને સદ્‌ગુરુશ્રીની કૃપાનું પરિણામ,
બાપજી અને સ્વામીશ્રીના દાખડાનું પરિણામ... ટેક

સર્વોપરી સહજાનંદ સ્વામી, કહે હરિ કરી પ્યાર;
સંતો મારા ફરી ઝાડી દેશમાં, કરશે કોણ પ્રચાર,
એ... ગોપાળાનંદ સ્વામી બોલ્યા(૨), જાશું હરિ આ વાર... ગોધર ૦૧

સદ્‌ગુરુ ગોપાળાનંદ સ્વામી, ઝાડી દેશમાં પધાર્યા;
ઐશ્વર્ય પ્રતાપ ખૂબ જણાવી, હિંમત બળ વધાર્યાં,
એ... કારણ સત્સંગનું સ્થાન જ કરવા(૨), સદ્‌ગુરુએ સંકલ્પ કર્યો... ગોધર ૦૨

જાની લક્ષ્મીરામ કાશીરામભાઈ, લુણાવાડા રહાવે;
ભક્ત સુખદેવ સંતરામપુરમાં, નિરાવરણ કહાવે,
એ... બાપાશ્રીના સંકલ્પોથી(૨), ઈશ્વરસ્વામી આવે... ગોધર ૦૩

આવ્યો રૂડો અવસર દશાબ્દી, ઘનશ્યામનગર આંગણે;
દસ ગામોમાં પ્રચાર કરવો, ગુરુજી સંકલ્પ આણે,
એ... સ્વામીશ્રી પધાર્યા જુઓ (૨), ગુરુવચને આનંદ માણે... ગોધર ૦૪

ભૂખ દુઃખ ને થાક ભૂલીને, સત્સંગમાં વિચર્યા;
પ્રેમી ભક્તોના કોડ જાણીને, બાપજી ગોધર પધાર્યા,
એ... મંદિર કરવા સંકલ્પ કીધો(૨), ગોપાળબાપા રાજી થાય... ગોધર ૦૫

ગોપાળબાપા નિજ પેઢીમાં, ઐશ્વર્ય બહુ જણાવે;
ગુરુજી બાપજી દ્વારા એ તો, કાર્ય ભલાં કરાવે,
એ... દીન-દુઃખિયાનાં દુઃખડાં હરે(૨), મુક્ત અનાદિ બનાવે... ગોધર ૦૬

ઝાડી દેશની દશા ભૂંડી, દારૂ માટી અનાચાર;
વાઘ સિંહ ને જીવતાં ભૂત, અંધશ્રદ્ધા અપાર,
એ... બાપજી મળ્યા પહેલાં જાનવર હતાં (૨), દુઃખનો નહિ કોઈ પાર... ગોધર ૦૭

શ્રીજીબાપા ને ગોપાળસ્વામી, ભેળા ભળ્યા છે જ્યારે;
દશે દિશે કર્યો જયજયકાર, વ્હાલા ગુરુજી દ્વારે,
એ... પ્રતિષ્ઠાનો રૂડો અવસર આવ્યો(૨), વ્હાલો મારો બિરાજે... ગોધર ૦૮

કોલ કલ્યાણનો વ્હાલો આપે, જેને જોઈએ તે આવો;
રમો જમો ને આનંદ કરો, સત્સંગી સહુ થાઓ,
એ... ગુરુજી આવા નહિ મળે કદી(૨), સ્વામી સત્ય કહે ફાવો... ગોધર ૦૯

## (જાનવર ગીત)

### ૫૭૧ (રાગ : વડતાલ ગામ ફૂલવાડીએ રે)

એ... મારે સાચે સાચું આજ કહેવું રે, અમે હતાં જાનવર(૨);
હે... ભલે દેખાતા'તા અમે મા'ણાં રે, પણ પૂરાં જાનવર...ટેક

સ્પીચ : **જાનવર..? અરે... ભલા માણસ, જાનવરને તો ચાર પગ હોય, માથે શિંગડાં હોય ને પૂંછડુંય હોય; તે તમારેય આવું હતું ? અરે... સાંભળ... સાંભળ...**

મારે સાચે સાચું આજ કહેવું રે, ભૂંડાં સારાં જાનવર;
એથી સો ગણા બેદ હતા રે, અમે મહા જાનવર...૦૧

બીડી તમાકુ ને હોકા હોકલી રે, શું પીવે જાનવર ?
અમે ભાળ્યું નો'તું કદી મેલતા રે, કાં હતાં જાનવર...૦૨

ભરી માટલાં દારૂ ઢીંચતા રે, શું ઢીંચે જાનવર ?
પછી પડ્યા રહેતા આખો દ'ન રે, કાં હતાં જાનવર...૦૩

તીર કામઠાં રાખી ફરતા રે, શું ફરે જાનવર ?
હતી માથાભારે અમ જાત રે, કાં હતાં જાનવર...૦૪

ભલા કૂકડા ને બકરાં મારતા રે, શું મારે જાનવર ?
એ પાપે કરી રિબાતા રે, કાં હતાં જાનવર...૦૫

જમ જેવા ભૂવાને રાજી કરતા રે, શું કરે જાનવર ?
કરી પડકારા પછી ધૂણતાં રે, કાં હતાં જાનવર...૦૬

એવા ગુરુના ચેલા થઈ ફરતા રે, શું ફરે જાનવર ?
પણ દા'ડો અમારો પલટ્યો રે, હવે નથી જાનવર...૦૭

**૫૭૨ (રાગ : અમે રહેનારા રે, મૂર્તિ ગામના)**

નહિ પંચમહાલી રે, અમે સહજાનંદી સિંહ છીએ;
બાપાનાં બચ્ચાં રે, અમે બાપજીનાં બાળ છીએ,
કૃપા કરી(૨), ગુરુજી આવા કરતા રે, અમે સહજાનંદી સિંહ છીએ... ટેક

વહેલા ઊઠીને નિત્ય સ્નાન-પૂજા કરીએ;
પાણીનું ટીપું પણ પછી મુખે ધરીએ,
રૂડો તિલક-ચાંદલો કરી શ્રીજીને વરીએ;
મળે એને 'જય સ્વામિનારાયણ' કહીએ રે, સહજાનંદી સિંહ છીએ... નહિ ૦૧

દારૂની વાત ક્યાં ચાને દારૂ માનીએ;
પીએ નહિ કદી ન કે'ને પાઈએ,
બીડી તમાકુ માવાને કદી ન અડીએ;
મળે એને આ બધું છોડાવીએ રે, સહજાનંદી સિંહ છીએ... નહિ ૦૨

નિયમ ધરમમાં કાચું ન રાખતા;
ગાળી-ચાળીને બધું પછી વાપરતા,
કુસંગી સગાંને ઘેર જવાનું ટાળતા;
મળે એને સત્સંગી કરતાં રે, સહજાનંદી સિંહ છીએ... નહિ ૦૩

દારૂ માંસાદિક પાંચ નેમ પાળતા;
પડી વસ્તુ કદી હાથ નથી ધરતા,
બેન-દીકરી સામું દૃષ્ટિ નથી કરતા;

મળે એને આમાં ભેળવીએ રે, સહજાનંદી સિંહ છીએ... નહિ ૦૪

નિષ્ઠા એક નાથની બીજું નવ જોઈએ;
મહારાજ ને મુક્તો વિના ઘરમાં નહિ કોઈએ,
ચોખ્ખાં ચણાક ઘર જો શ્રીજીના હોઈએ;
મળે એને ચોખ્ખી વાત કરીએ રે, સહજાનંદી સિંહ છીએ... નહિ ૦૫

દોરા-ધાગા-ડોડીનો સમજ્યા ત્યાંથી ત્યાગ છે;
જંતર-મંતર-ભૂવા એ સમજો મહાપાપ છે,
શ્રીજી મળ્યા સર્વોપરી સૌના એ બાપ છે;
મળે એને શૂરવીર થઈ કહીએ રે, સહજાનંદી સિંહ છીએ... નહિ ૦૬

ગળામાં કંઠી મુખે સ્વામિનારાયણ નામ છે;
શ્રીજી બાપા રાજી કરવા એક જ કામ છે,
આવા ગુરુ મળ્યા તેની પડી હવે ભાન છે;
મળે એને પકડી પાસે લાવતા રે, સહજાનંદી સિંહ છીએ... નહિ ૦૭

દેશ-વિદેશે બાપજી પરાણે જાતા;
અમ ગરીબોને ઘેર ગુરુ સામે ચાલી આવતા,
અમને પોતાના જાણી ડુંગરાઓ ચડતા;
મળે એને કરુણાની વાત કરીએ રે, સહજાનંદી સિંહ છીએ... નહિ ૦૮

અમારા કલ્યાણનું ક્યાં રહ્યું અધૂરું;
દર્શન કરે એનું કરે શ્રીજી પૂરું,
પશુમાંથી મુક્ત કર્યા મળ્યા આવા ગુરુ;
મળે એને 'આવો' એમ કહીએ રે, સહજાનંદી સિંહ છીએ... નહિ ૦૯

**છંદ**

સહજ આનંદી, સહજાનંદી, કરુણાનાં દાન હરિ દીએ દીએ;
નહિ આદિવાસી, નહિ વનવાસી, મૂર્તિ નિવાસી છીએ છીએ.

•••

# સાધુતા તથા સંત મહિમાનાં પદો

## સંતના ગુણ વિષે

**૫૭૩ (ઉપજાતિ વૃત્ત) શ્રીહરિલીલામૃતમ્ : કળશ-૪, વિશ્રામ-૩૦**

ખાવું પીવું બેસવું સૂવું જોવું, ચાલ્યા જવું કે વળી ન્હાવું ધોવું;
સંતોની એવી સઘળી ક્રિયાય; કુસંગી દેખી સત્સંગી થાય...ટેક

સંતો તણાં ચંચળ નો'ય નેણ, સંતો તણાં વિહ્વળ નો'ય વેણ;
સંતોની વૃત્તિ સ્થિર તો જણાય; કુસંગી દેખી સત્સંગી થાય...૦૧

રજો તમો ગુણ જરિયે ન ભાસે, ન કામ કે ક્રોધ કદી વિકાસે;
માનાપમાને સમતા સદાય; કુસંગી દેખી સત્સંગી થાય...૦૨

જો સંત ચિત્તે અભિમાન ભાસે, કે કામ ક્રોધાદિ કદી વિકાસે;
જિહ્વા તણો સ્વાદ જરિયે જણાય; તે સંતનો શો મહિમા મનાય...૦૩

જેવા સુસંતો શુક નારદાદિક, તેથીય મોટા મુનિ મુક્ત આદિક;
પ્રત્યક્ષ રૂપે પ્રભુ હોય જ્યાંય, ત્યાં સંત એવા નહિ અન્ય ક્યાંય...૦૪

**૫૭૪ (પદ : સાધુ એમ ઓળખાય)**

સાધુ એમ ઓળખાય, હરિરસ પીએ સૌને પાય;
સાચા સાધુ એમ ઓળખાય જી...ટેક

સાગર જેવાં દિલડાં જેનાં, કે'દી નવ છલકાય જી;
ઝેરના ઘૂંટડાને જીરવી જાણે, પછી અમૃત સૌને પાય...૦૧

છીપમાંથી છૂટાં પડી મોતી, પારખ પાસે જાય જી;
વીંધણું લઈ એને વીંધી નાખે, પછી મુગટમાંહી મઢાય...૦૨

પથરા સંગે હીરો પડ્યો, એની કિંમત નવ અંકાય જી;
ઝવેરી એને માથે જુલમ કરે, પછી ખમે ઘણના ઘાય...૦૩

સોના જેવા શુદ્ધ સંતો, અગ્નિમાંહી ઓરાય જી;
કસોટી ટાણે ઓછા ન ઊતરે, સોયે ટચના સદાય...૦૪

ગુરુપ્રતાપે કવિ કહે છે, સંગ એનો સુખદાય જી;
સત્સંગ આવો સાંપડે તો, જીવન સૌનાં પલટાય...૦૫

## ૫૭૫ સારસિદ્ધિ (નિષ્કુળાનંદ કાવ્ય) કડવું-૩૭

### (રાગ : ધોળ)

સંત વિના સાચી કોણ કહે, સાચા સુખની વાત;
દયા રહી છે જેના દિલમાં, નથી **ઘટમાં**[1] **ઘાત**[2]...સંત ૦૧

જેમ જનનીને હૈયે હેત છે, સદા સુતને સાથ;
અરોગી કરવા **અર્ભકને**[3], પાયે કડવેરા **ક્વાથ**[4]...સંત ૦૨

જેમ ભમરી ભરે ભારે ચટકો, પલટાવા એળ્યનું અંગ;
તેમ સંત વચન કટુ કહે, આપવા આપણો રંગ...સંત ૦૩

જાણો સંત સગાં છે સહુનાં, જીવ જરૂર જાણ;
નિષ્કુળાનંદ નિર્ભય કરે, આપે પદ નિર્વાણ...સંત ૦૪

● ૧. મનમાં, હૃદયમાં ● ૨. પાપ ● ૩. બાળકને ૪. કડવી દવા

## ૫૭૬ સારસિદ્ધિ (નિષ્કુળાનંદ કાવ્ય) કડવું-૪૧

### (રાગ : ધોળ)

અનુપ સંતને આપું ઉપમા, એવું નથી જો એક;
જોઈ જોઈ જોયું મેં જીવમાં, કરી ઊંડો વિવેક...૦૧

સ્વર્ગ મૃત્યુ પાતાળમાં શોધે, ના'વે સંતને તોલ;
દીઠાં સુણ્યાં તે તો દોષે ભર્યા, સંત અતિ અમળ અમોલ...૦૨

સાતે દૃષ્ટાંતે સહુ સૂચવી, કહે કવિજન કોય;
સરે સાર તેમાં શોધતાં, સંત સમ નહિ સોય...૦૩

જેવા એ સંત કહીએ શિરોમણિ, તેવા હરિ સહુ શિરમોડ;
નિષ્કુળાનંદ નિહાળતાં, ન જડે એ બેની જોડ...૦૪

## ૫૭૭ (પદ : હાં જી ભલા સાધુ)

હાં જી **ભલા**[1] સાધુ, હરિ કી **સાધ**[2];
તન કી ઉપાધિ તજે સોહી સાધુ...ટેક

માન અપમાન મેં એકતા, સુખ દુઃખ મેં સમભાવ;
અહીં કે સુખ અલ્પ હૈ, નહિ સ્વર્ગ લુચાવ...તન કી ૦૧

લાલચ લોભ હરામ હૈ, **ગ્રહે**[3] ન ગાંઠે **દામ**[4];
નારી નાગણી સમ તજે, રટે નિરંતર શ્યામ...તન કી ૦૨

**મઠ**[૫] ન બાંધે મમતા કરી, **શઠતા**[૬] કીની ત્યાગ;
કબહુ ક્રોધ ન ઊપજે, સો સાચા વૈરાગ્ય...તન કી ૦૩

ત્યાગે તીખાં તમતમા, રસના ભોગવિલાસ;
મુક્તાનંદ સો સંત કે, સદા રહત હરિ પાસ...તન કી ૦૪

● **૧.** ખરા, સાચા ● **૨.** સિદ્ધ કરવાની સાધના ● **૩.** ગ્રહણ કરવું ● **૪.** દ્રવ્ય ● **૫.** આશ્રમ ● **૬.** કપટ

### ૫૭૮ (રાગ : ગરબી)

શાંતિ પમાડે તેને સંત રે કહીએ, એના દાસાનુદાસ થઈ રહીએ રે... ટેક
વિદ્યાનું મૂળ જ્યારે પૂરું ન ભણાવે, ત્યારે પંડ્યાનો માર શીદ ખાઈએ રે... ૦૧

લીધો **વોળાવો**[૧] ને ચોર જો લૂંટે, ત્યારે તેની સંગાથે શીદ જઈએ રે;
વૈદ્યની ગોળી ખાધે રોગ રહે ઊભલા, ત્યારે તેની ગોળી તે શીદ ખાઈએ રે... ૦૨

મળ્યા ગુરુ ને જ્યારે ખોટ નવ ભાંગી, ત્યારે તેના તે ચેલા શીદ થઈએ રે;
કલ્પવૃક્ષ સેવે જ્યારે દારિદ્ર ઊભું, ત્યારે તેને છાંયે તે શીદ જઈએ રે... ૦૩

રાજાની ચાકરી કરે ભૂખ ન ભાંગી, ત્યારે તેનો તે ભાર શીદ વહીએ રે;
સર્વના કારણ ને સર્વથી ન્યારા, એવા શ્રીજીને શરણે થઈ જઈએ રે... ૦૪

નામ ને નામી મારા ગુરુએ બતાવ્યા, ભાઈ એ તો લખ્યું મારે હૈયે રે;
નિષ્કુળાનંદ એવા **અલખ**[૨] પુરુષને, સેવીને સુખિયા થઈએ રે... ૦૫

● **૧.** ભોમિયો, મૂકવા-વળાવવા આવનાર ● **૨.** બ્રહ્મ કહેતાં ભગવાનમાં મસ્ત

### ૫૭૯ (રાગ : ગરબી)

એવા સંત તે હરિને ગમે, હાં રે વ્હાલો પ્રેમે તેને સંગે રમે... એવા ટેક
શ્રીજીરૂપ થઈ ભજે ગિરધારી, ભક્તિ ભજન કરે નિરહંકારી;
હાં રે ત્યાગ વૈરાગ્ય સહિત વન ભમે રે... એવા ૦૧

નિઃસ્પૃહી નિર્લોભી નિષ્કામી, નિર્માની થઈ ભજે તે ઘનશ્યામ;
હાં રે મળે ફળ ફૂલ અન્ન તે જમે રે... એવા ૦૨

કપટ રહિત લેશ દંભ ન રાખે, જેમ રહે તેમ મુખથી રે ભાખે;
હાં રે તેને ત્રિભુવનવાસી આવી નમે રે... એવા ૦૩

પુરુષોત્તમ **પદરજના**[૧] રે સંગી, સત્ય વચન દૃઢ નિયમ અભંગી;
હાં રે પ્રેમસખીનો નાથ કહે તે ખમે રે... એવા ૦૪

● **૧.** પગની ધૂળ, રજ

**૫૮૦** **પદ-૨**

એવા સંત હરિને પ્યારા રે, તેથી ઘડીએ ન રહે વાલો ન્યારા રે...ટેક
મહિમા હરિનો સારી પેઠે જાણે, મન અભિમાન તેનો લેશ ન આણે;
હાં રે રહે બ્રહ્મસ્વરૂપ મતવાલા રે... એવા ૦૧
નાના મોટા ભજે જે હરિને, મન કર્મ વચને દૃઢ કરીને;
હાં રે તેને પોતાના કરતાં જાણે સારા રે... એવા ૦૨
એવા તે સંતને વસિયે રે પાસે, જન્મ-મરણનો સંભવ નાસે;
હાં રે વરસે અખંડ તે બ્રહ્મરસ ધારા રે... એવા ૦૩
એવા તે સંતને સેવે જે પ્રાણી, પ્રેમ પ્રતીતિ ઉરમાં રે આણી;
હાં રે પ્રેમસખી કે' ઉતારે ભવપારા રે... એવા ૦૪

**૫૮૧** **પદ-૩**

એવા સંતની બલિહારી રે, જેને ગુણે રીઝ્યા ગિરધારી રે... ટેક
કામ ક્રોધ લોભ મનમાં ન આણે, સોનું ને ધૂળ તે સમ કરી જાણે;
હાં રે જેને વચનામૃત ગાય છે પોકારી રે... એવા ૦૧
હરિ વિના બીજો ઘાટ ન લાગે, લોભ લહરનો લેશ ન લાગે;
હાં રે નારી ન શકે નયન બાણ મારી રે... એવા ૦૨
બ્રહ્મવિદ્યા જેણે દૃઢ કરી સાધી, પિંડ બ્રહ્માંડની તજી રે ઉપાધિ;
હાં રે ભૂતપ્રાણી તણા હિતકારી રે... એવા ૦૩
બ્રહ્મસ્વરૂપમાં રહે નિત્ય ન્હાયા, પ્રગટ હરિ ગુણમાં ચિત્તડાં રહાયાં;
હાં રે પ્રેમસખી એવા સંત પર વારી રે... એવા ૦૪

**૫૮૨** **(રાગ : સારંગ)**

સંત સુખી સંસાર મેં, સંત સુખી સંસાર મેં;
ઓર **સબે**[૧] જગ **જરત**[૨] નિરંતર, તીન તાપ કી **જાર**[૩] મેં... ટેક
રાજા બી દુઃખિયા રંક બી દુઃખિયા, ધનપતિ દુઃખિત વિકાર મેં;
વિના **વિવેક**[૪] ભેખ સબ દુઃખિયા, જૂઠા તન અહંકાર મેં... સંત સુખી ૦૧
જ્ઞાન વિના દુઃખ પાવત દુનિયા, માયા ઘોર અંધાર મેં;
મુક્તાનંદ મુનિવર વિજ્ઞાની, પો'ચત તેજ અંબાર મેં... સંત સુખી ૦૨

● ૧. સમગ્ર, સમસ્ત ● ૨. બળે છે ● ૩. આગ ● ૪. સમજણ

**૫૮૩ (પદ : અંતર નિર્મળ થઈ જાય)**

અંતર નિર્મળ થઈ જાય... સંતોના સંગમાં
જ્ઞાને ભક્તિ ભરાય... ટેક
પારસના સમ છે સંતોની કાયા, લોઢું કંચન થઈ જાય... સંતોના ૦૧
ભવની ભુલવણીમાં ભૂલા પડેલા, મુક્તિ મારગ દેખાય... સંતોના ૦૨
ઝેર સમો લાગતો આ સંસારિયો, મળતાં અમૃત પાય... સંતોના ૦૩
મંડળ માગે સદા સંત ચરણરજ, ભાવે ભવજળ તરાય... સંતોના ૦૪

**૫૮૪ (રાગ : સોરઠ) પદ-૧**

મન મોહ ટળે(૨) ઘનશ્યામ મળે નિર્મળ હરિજનના સંગથી;
ઉર ગ્રંથિ ગળે, અવિદ્યાનાં આવરણ સર્વે નાસે અંગથી... ટેક
નિત્ય સંત સભા માંહી શ્રીજી રટે, સુણતે વિષ વ્યાધિ ઉપાધિ ઘટે;
મન શુદ્ધ હોયે અહંભાવ મટે... મન ૦૧
જે સંત સભા માંહી ચલી આવે, તેનું જીવપણું તતક્ષણ જાવે;
તે શ્રીજીરૂપ થઈ પરબ્રહ્મ ગાવે... મન ૦૨
દુગ્ધા દિલ માયા પાસ દહે, નિત્ય સંત સભા મહીં શ્રીજી રહે;
એમ શ્રુતિ-સ્મૃતિ આદિ શાસ્ત્રો કહે... મન ૦૩
જેને ગ્રંથિ ત્રણ જડમૂળ ગઈ, સત્ય મૂર્તિમાં કીધો વાસ સઈ;
બ્રહ્માનંદ કે' તેનું શરણ લઈ... મન ૦૪

**૫૮૫ પદ-૨**

સત્સંગ વિના(૨) જન્મ-મરણ ભ્રમ જાળ મટે નહિ **જંતને**[૧];
મન માન તજી, તે માટે શરણે જઈ રૈયે સંતને... ટેક
જો અડસઠ તીરથ ફરી આવે, નિત્ય નિગમ વિધિ કરી કરી ના'વે;
કે'દી જીવપણું તેનું નવ જાવે...સત્સંગ ૦૧
જો **ઈંગલા પિંગલા**[૨]ની ખબર જડે, કરી આગ્રહ તેની કેડે પડે;
તેના ચિત્તને બમણો ફેર ચડે...સત્સંગ ૦૨
કોઈ વાસ કરે જઈને કાશી, કોઈ અન્ન ન ખાય રહે ઉપવાસી;
એ મનની છે સરવે હાંસી...સત્સંગ ૦૩

જો ફિરતા સંત સમાજ મળે, તો સુખે મનની ભ્રાંતિ ટળે;
કહે બ્રહ્માનંદ સંત માંહી ભળે... સત્સંગ ૦૪

● ૧. જીવને ● ૨. નાડીના પ્રકાર

**૫૮૬　　પદ-૩**

ભવસાગરમાં(૨) શરણ અચળ અવિનાશી સાચા સંતનું;
શ્રુતિ સ્મૃતિની સાખ, હરિ હરિજનના પ્રાણ વચન ભગવંતનું...ટેક

જેમ જળ તરંગ નહિ ભેદ જુદા, તેમ તેજ અગ્નિ નહિ ભિન્ન તદા;
એમ હરિ હરિજન છે એક સદા... ભવસાગરમાં ૦૧

જેમ કીટ ભમરીને સંગ કરી, ગતિ ઈયળ તજીને થઈ ભમરી;
એમ હરિ ગુરુ ધ્યાને પામે હરિ... ભવસાગરમાં ૦૨

જેમ **કેર**[1] બોર વન વૃક્ષ કહ્યાં, તે ચંદન વાસે ચંદન થયાં;
તેનાં નામ રૂપ ગુણ ભેદ ગયાં... ભવસાગરમાં ૦૩

શ્રીમુખે કહ્યું મહાત્મ્ય સંત તણું, અશ્વમેધ યજ્ઞથી અનંતગણું;
કહે બ્રહ્માનંદ શું કહું ઘણું... ભવસાગરમાં ૦૪

● ૧. કેરડાનું વૃક્ષ

**૫૮૭　　પદ-૪**

હે જડબુદ્ધિ જીવ (૨) પ્રભુપદને ઈચ્છે તો કર સંતનું પારખું;
રંગ પીતપણે, સોનું ને પિત્તળ ન હોય એકસરખું... ટેક

કોઈ સંત અનંત ફિરે જગ મેં, રહે **દામ**[1] **વામ**[2] જેની દગ મેં;
તું ભૂલીશ મા ધોળે ભગવે... હે જડબુદ્ધિ ૦૧

અંગે ભસ્મ ઘસે શિર જૂટ જટા, ગળે માળ તિલક તન ચટાપટા;
માંહી કામ ક્રોધ મદ મોહ ઘટા... હે જડબુદ્ધિ ૦૨

જે મૈથુન અષ્ટ પ્રકારે તજે, નિત્ય સાર અસાર મરમ સમજે;
ભજ તેને જે હરિ પ્રગટ ભજે... હે જડબુદ્ધિ ૦૩

જેને કામ ક્રોધ મદ મોહ નહિ, જેની વૃત્તિ બ્રહ્માકાર થઈ;
કહે બ્રહ્માનંદ સો સંત સહિ... હે જડબુદ્ધિ ૦૪

● ૧. ધન ● ૨. નારી

**૫૮૮** **પદ-૧ (રાગ : ધોળ)**

**શીલવંતા**[1] સાધુ સાંભળજો કરી પ્રીતિ;
આઠ પ્રકારે અબળા તજવી, મન ઈન્દ્રીને જીતી રે... શીલવંતા ૦૧

નારીકથા શ્રવણ ન ધરવી, તે **વીખવેલી**[2] કા'વે;
તેની કીરતી તે નવ કરવી, ભૂલે મન ભરમાવે રે... શીલવંતા ૦૨

વનિતા હાસ વિનોદ કરીને, રાત દિવસ જ્યાં રે'વે;
તે ઠેકાણે સાચા મુનિવર, જાણી પાવ ન દેવે રે... શીલવંતા ૦૩

અબળા અંગે કાળી ગોરી, નેણ ભરી નહિ દેખે;
બાળ વૃદ્ધ નવ જોબનવાળી, તે માદક સમ લેખે રે... શીલવંતા ૦૪

છેટે રહીને છાની વાતું, **કામનિયું**[3]ને કહાવે;
દેવાનંદ કહે તે પોતાનું, હાથે નાક વઢાવે રે... શીલવંતા ૦૫

● ૧. બ્રહ્મચર્યવાળા ● ૨. ઝેરની વેલી ● ૩. સુંદર સ્ત્રી

**૫૮૯** **પદ-૨**

નિષ્કામી નરને વનિતાની વાત ન કરવી;
માયાની મૂરતિ જાણીને, નાગણ જ્યું **પરહરવી**[1] રે... નિષ્કામી ૦૧

માનનીઓને મળવા મનમાં, **કૂડો**[2] ઘાટ ન કરવો;
**મનસા**[3] પાતક મોટું લાગે, એ અધર્મથી ડરવો રે... નિષ્કામી ૦૨

**ભામનિયો**[4] તે ભેળી થઈને, જે ઠેકાણે જાવે;
શૌચવિધિ કરવાને સારુ, હરિજન ત્યાં નહિ આવે રે... નિષ્કામી ૦૩

આઠ પ્રકારે અબળા કેરો, ત્યાગ કરે તે ત્યાગી;
વિષય થકી વૈરાગ્ય જે પામ્યા, તે સાચા વૈરાગી રે... નિષ્કામી ૦૪

ભેખ ધરીને કામની ભેળો, બેસે ઊઠે ગાવે;
દેવાનંદ કહે એવા સાધુ, નિશ્ચે નરકમાં જાવે રે... નિષ્કામી ૦૫

● ૧. તજવી ● ૨. કપટયુક્ત ● ૩. મનથી ● ૪. રૂપાળી સ્ત્રીઓ

**૫૯૦** **(રાગ : આશાવરી)**

સંત અસંત તપાસી, સમાગમ કરજો વિવેકી વિચારી...ટેક
સત્ય ગયું છે, પ્રેમ ગયો છે, ધર્મ થયો ધૂળધાણી;
ધર્મ નિમિત્તે ઢોંગ વધ્યા છે, જુઓ નજરે નિહાળી...સમાગમ ૦૧

બાવે ઠગવા ધાર્યાં ભગવાં, શિર જટાને વધારી;
ખાઈ હરામનું ફાલ્યો ફૂલ્યો, મિથ્યા તન અહંકારી...સમાગમ ૦૨

કળિયુગ વાંકો દુનિયા વાંકી, બીજ ચંદ્ર પણ વાંકો;
ઘી ચાટવાને આંગળી વાંકી, બોલે વાત બનાવી...સમાગમ ૦૩

ભેટ જે આવે ભોળા લાવે, ચૂપકીથી દે છે છુપાવી;
બે મિત્રોને આવતા દેખી, બેઠો ધ્યાન લગાવી...સમાગમ ૦૪

મહાત્મા જાણી બોલ્યો વાણી, પ્રેમ ઘેલો ભોળો ભાઈ;
જો આ નિઃસ્પૃહ સાધુ કેવા, ચાલ કરીએ સેવા સારી...સમાગમ ૦૫

બીજો વિવેકી બોલ્યો અલોકી, ભાઈ મૂઢ મતિ છે તારી;
સાધુ-અસાધુને કેમ કળ્યા તેં, બોલ પૂછું છું હું ભાઈ...સમાગમ ૦૬

મનનાં મેલાં પાપ ભરેલાં, બગલાં ધ્યાન લગાવે;
ધ્યાન છે તેનું મીન પકડવા, એવાં પાપ પૂજારી...સમાગમ ૦૭

જાણ્યા વિના જોયા વિના, કેમ ફસાઈએ ધાઈ;
ચાલો કસોટી કરીએ ભાઈ, રાખીને હોશિયારી...સમાગમ ૦૮

વિવેકી બોલે રૂપિયા ખોબે, ખૂબીથી ખખડાવી;
સુપાત્ર મોટા મહાત્મા મળિયા, પુણ્ય પ્રગટ્યું ભારી...સમાગમ ૦૯

વસ્ત્ર ન રાખે વાણી ન ભાખે, એમ ફેરા ફરતો બોલે;
આગે ભેટ ધરું લઈ જાવે, અન્ય ઠગો કે ઠગારી...સમાગમ ૧૦

ભાવે આલું મુખમાં ઘાલું, બાવો જો મોં ફાડે;
માનું કૃતાર્થ પાય પડીને, જાઉં હું બલિહારી...સમાગમ ૧૧

મનડું ડગાયું મુખ મલકાયું, વિશ્વાસુ મળિયા જાણી;
મૂરખાઈથી મોઢું ફાડ્યું, દ્રવ્યની આશ આણી...સમાગમ ૧૨

લીધી વિવેકી લાગ અલોકી, ધૂળ ખોબલીએ ધારી;
આગળ આવી ડાચે નાખી, ભભક્યો તે અહંકારી...સમાગમ ૧૩

લંપટ લોભી પૂરો કપટી, કસોટી થઈ ગઈ સારી;
ભોળાભાઈની આંખ ખૂલી ગઈ, વિવેકે વાત વિચારી...સમાગમ ૧૪

સત્યે જય છે ધર્મે જય છે, પાપે થાય ખુવારી;
દાસાનુદાસ કહે પ્રેમે ભજી લ્યો, શ્રીજી સદા સુખકારી...સમાગમ ૧૫

**૫૯૧ પદ-૧ (રાગ : ભુપાલી કલ્યાણ)**

સંત જન સોઈ સદા મોય ભાવે;
દેહ ઈન્દ્રિય અરુ મન આદિક કે, સંગ મેં નહિ લપટાવે... ટેક

કામ ક્રોધ અરુ લોભ મોહ વશ, હો ન મન લલચાવે;
મેરો હી ધ્યાન રટન મુખ મેરો, સો તજી અન્ય ન જાવે... સંત ૦૧

ક્ષર અક્ષર અરુ અક્ષર પર કી, સબ હી સમજ ઉર લાવે;
સબ ગુન પૂરન પરમ વિવેકી, ગુન કો માન ન આવે... સંત ૦૨

પિંડ બ્રહ્માંડ સે પર નિજ આતમ, જાની કે મમ ગુન ગાવે;
મુક્તાનંદ કહત યું મોહન, સોઈ જન સંત કહાવે... સંત ૦૩

**૫૯૨ પદ-૨**

નારદ ઐસે સંત સદા મોય પ્યારા;
જડ ચૈતન કું જાની **જથારથ**[૧], રહત જગત સે ન્યારા... ટેક

જ્ઞાન વૈરાગ્ય ભક્તિ કે **ભાજન**[૨], જાનત સાર અસારા;
બ્રહ્મભુવન લગી કાલ ચવીના, માનત જૂઠ પસારા... નારદ ૦૧

મેરે વચન અચલ ઉર રાખત, મમ ગુન મગન ઉદારા;
સબ પર મોય જાની ઉર ધારત, મમ પદ પ્રેમ અપારા... નારદ ૦૨

મમ ગુન શ્રવન મનન ઉર મેરો, મમ જશ કરત ઉચારા;
મુક્તાનંદ કહત યું મોહન, તેહી ઉર વાસ હમારા... નારદ ૦૩

● ૧. યથાર્થ ● ૨. અધિકારી

**૫૯૩ પદ-૩**

નારદ મેરે સંત સે અધિક ન કોઈ;
મમ ઉર સંત અરુ મેં સંતન ઉર, વાસ કરું સ્થિર હોઈ...ટેક

કમલા મેરો કરત ઉપાસન, માન ચપળતા ધોઈ;
યદ્યપિ વાસ દિયો મેં ઉર પર, સંતન સમ નહિ સોઈ...નારદ ૦૧

ભૂકો ભાર **હરું**[૧] સંતન હિત, કરું છાયા કર દોઈ;
જો મેરે સંત કું રતિ એક **દૂવે**[૨], તેહી જડ ડારુ મેં **ખોઈ**[૩]...નારદ ૦૨

જિન નરતન ધરી સંત ન સેવ્યા, તિન નિજ જનની **બિગોઈ**[૪];
મુક્તાનંદ કહત યું મોહન, પ્રિય મોયે જન નિર્મોહી...નારદ ૦૩

● ૧. નાશ કરવો ● ૨. દૂભવે ● ૩. ઉખાડી ● ૪. વગોવણી

### ૫૯૪ પદ-૪

નારદ ઐસી સાચે સંતન કી રીતિ;
જેહી સુની સાધુ પરત પિછાનત, જિનકો મમ પદ પ્રીતિ... ટેક

ખટ વિકાર જીત **અનઘ**[1] આનંદી, મેરે વચન મેં વાસા;
બ્રહ્માદિક ક્ષર જાની જગત કી, છોડત સબ વિધિ આશા... નારદ ૦૧

અક્ષરપદ જાનત અવિનાશી, તે હી મધ્યે મુક્ત અપારા;
પંચવિષય ત્યાગી સબ સમરથ, કરત કાલ કા ચારા... નારદ ૦૨

ક્ષર અક્ષર પર મોકું જાનત, સબ અક્ષર કો સ્વામી;
અપનો રૂપ શુદ્ધ બ્રહ્મ માનત, મેરો હી જન નિષ્કામી... નારદ ૦૩

ઐસે મેરે મુક્ત અનાદિ, તેહી સમ ઓર ન કોઈ;
મુક્તાનંદ કહત યું મોહન, મેરો હી સર્વસ્વ સોઈ... નારદ ૦૪

● ૧. નિષ્પાપ

### ૫૯૫ પદ-૧ (રાગ : હંસધ્વની)

બલિહારી મૈં ઐસે સંત કી... ટેક
**વૃથા**[1] કબહું બકવાદ કરે નહીં, કહત કથા ભગવંત કી... બલિહારી ૦૧

જો શરણાગત આવત યાકે, ચિન્તા ટારત ચિત્ત કી;
પરમાર્થ કારણ જગ વિચરત, રીતિ એહી મહંત કી... બલિહારી ૦૨

તન અભિમાન ત્યાગ કરી ડોલત, છોડત ગ્રંથિ અનંત કી;
બ્રહ્માનંદ કહત હૈ નિશદિન, કીર્તિ કમલાકંત કી... બલિહારી ૦૩

● ૧. નકામું

### ૫૯૬ પદ-૨

સંગ ઐસે સંત કો કીજિએ... ટેક
કામ ક્રોધ મદ મોહ નહિ ઉર, શરણો તાકો લીજિએ... સંગ ૦૧

નિરમાની જ્ઞાની અતિ નીકે, તેહી લખી અંતર ભીજિએ;
સારાસાર વિવેક સદા રહે, સો જન સાધુ કહીજિએ... સંગ ૦૨

ચિંતામનિ પારસમનિ આદિક, તા પર વારી દીજિએ;
બ્રહ્માનંદ કહત તેહી મુખ સે, હરિજશ અમૃત પીજિએ... સંગ ૦૩

**૫૯૭** **પદ-૩**

કર પ્રીતિ હરિ કે દાસ સે... ટેક
હરિ કે દાસ સદા સુખકારી, નીડર કરત જમ ત્રાસ સે... કર ૦૧

સંતન કી સોબત સે હોવત, અતિ પ્રીતિ અવિનાશ સે;
સાચી બાત કહી છોડાવત, કાલ કર્મ કે પાશ સે... કર ૦૨

હોય નિઃશંક ભજન કર હરિ કો, મત ડર જગ ઉપહાસ સે;
બ્રહ્માનંદ અવશ્ય ઊઠ ચલનો, તજ પ્રીતિ ઘર ગરાસ સે... કર ૦૩

**૫૯૮** **પદ-૪**

સાધુ સોઈ નાવ સંસાર મેં... ટેક
પ્રગટ પ્રમાણ હરિ પદ પ્રીતિ, નહિ આશક ધન નાર મેં... સાધુ ૦૧

માયાકૃત સોઈ સત્ય ન માનત, જાનત દુઃખ પરિવાર મેં;
**ગુણાતીત**[૧] રહી હરિગુણ ગાવત, ચિન્તા નાહીં જીત હાર મેં... સાધુ ૦૨

બ્રહ્મ હોય પરબ્રહ્મ ઉપાસત, બહત ન વિષય વિકાર મેં;
બ્રહ્માનંદ સંત સોઈ સાચા, સમજત સાર અસાર મેં... સાધુ ૦૩

● ૧. માયાના ગુણોથી પર

**૫૯૯** **(રાગ : હે માલિક તેરે બંદે હમ)**

અમે સંતો વ્હાલા શ્રીજીના, જ્ઞેય ધ્યેય ઉપાસ્ય શ્રીજી;
ગુરુ બાપજી કેવા ! મૂર્તિ માંહી રે'વા ! કરવા રાજી રાજી શ્રીજી... ટેક

સ્વામિનારાયણ સર્વોપરી, સ્થિતિ અનાદિની છે ખરી;
દેશ વિદેશ ફરી, નિયમ ધરમ ધરી, કરીએ પ્રચાર ફરી ફરી... ૦૧

શ્રીજી અર્થે અમારું જીવન, શ્રીજી એ જ અમારું જીવન;
ચૂંદડી શ્રીજી કેરી, ફેરા ફરી પહેરી, એને ડાઘ ન લાગે જરી... ૦૨

નિષ્કામ નિર્લોભ નિર્માન, નિઃસ્વાદ નિઃસ્નેહ પ્રમાણ;
પંચ વ્રતે પૂરા, સાધુતામાં શૂરા, દેહભાવના કરવા ચૂરા... ૦૩

નાના મોટા ને નવા જૂના, સંપ સુહૃદભાવ ભીના;
ભૂખ દુઃખ ભૂલી, ભૂલો સૌની ભૂલી, કરવા રાજી છે આંખ ખૂલી... ૦૪

દિવ્યપુરુષ ગુરુ બાપજી, સ્વામીશ્રી છે ખરા માતજી;
એવા અઢળક વરસ્યા, દિવ્યાનંદમાં રાચ્યા, આવો ફાવો ને થાઓ ભર્યા... ૦૫

**૬૦૦　　(રાગ : સંતોના શ્યામ દોયલી વેળાના દામ)**

સંતોના શ્યામ વ્હાલા શ્રી ઘનશ્યામ, રાખ્યા મૂર્તિમાં પ્યારા સંતોના શ્યામ... ટેક
સાધન બળને દૂર કરીને, શ્રીજી તે બળની રાખીએ રે હામ... ૦૧
દેહભાવ ટાળી મૂર્તિમાં રહીએ, ભૂલીને પોતાપણાના ભાવોનું ભાન... ૦૨
મૂર્તિ વ્હાલાજીની અતિ સુખકારી, સુખિયા થાવું સર્વે ભૂલીને કામ... ૦૩
મૂર્તિ મનોહર છે કામણગારી, રસીલો વાલીડો છે ઠરવાનું ઠામ... ૦૪
દાસ સેવકનો વ્હાલો વ્હાલામાં વ્હાલો, નથી કરવા જેવું બીજા કશામાં વહાલ... ૦૫

**૬૦૧　　(રાગ : ધોળ)**

સાચે સાચું કહેશું, હરિ રાખે એમ રહેશું રે... ટેક
જાણો જેની તેની વાતે, નથી કલ્યાણ કોઈ ભાતે રે;
સાચા મળ્યા વિના સાચું, થાવા કલ્યાણનું કાચું રે... ૦૧

ભવજળ તરવા કાજ, સાચા સંતનો સમાજ રે;
ખોટા સંગે ખોટ્ય આવે, બાંધ્યા પા'ણા તે બુડાવે રે... ૦૨

સાચા હરિગુરુ કહીએ, જેથી પરમપદ લહીએ રે;
કૈવલ્ય પ્રાપ્તિના દાતા, નથી બીજાને કહેવાતા રે... ૦૩

છતી દેહે પામે ધામ, વળી થાય પૂરણકામ રે;
એવી રીત હોય જિયાં, જાણે પ્રભુ પોતે તિયાં રે... ૦૪

કથા આ છે કલ્યાણકારી, સહુ લેજ્યો હૈયે ધારી રે;
એમ સમજે ટળશે ફંદ, નિશ્ચે કે' નિષ્કુળાનંદ રે... ૦૫

**૬૦૨　　ચોસઠપદી (નિષ્કુળાનંદ કાવ્ય) (રાગ : ધોળ)**

જેમ જીત્યા એ શત્રુ સમૂહ, કામ ક્રોધ લોભ લઈ;
સ્વાદ સ્નેહ મમતા મોહ, તે તો દેખાડું કઈ...૦૧

કામ કારણે કઢાવી લાજ, ક્રોધે બોલી બંધ કરી;
લોભ ઉપર મહા મુનિરાજ, આવિયા ઝાડે ફરી...૦૨

સ્વાદે સહુ એકઠું કરી અન્ન, જળ નાખી જન જમે;
સ્નેહે સંભારે નહિ સ્વજન, માનથી દૂર રમે...૦૩

કાઢી રીસ કરી **હડકાર**[1], બીજા દુષ્ટ બહુ ડર્યા;
કહે નિષ્કુળાનંદ નિરધાર, વેરી એમ વશ્ય કર્યા...૦૪

● ૧. અવગણના, તિરસ્કાર

## ૬૦૩ ચોસઠપદી (રાગ : ધોળ)

જેનું કામે કાપી લીધું નાક, લોભે લઈ લાજ લીધી રે;
જેની જીભે રોળી કર્યો રાંક, માને તો ફજેતી કીધી રે...૦૧

એવા જનનું જાણો જરૂર, નથી મુખ જોયા જેવું રે;
દોષે ભર્યું જાણી તજો દૂર, **અઘે**[1] અવરાણું એવું રે...૦૨

તેને પાસે વસતાં વાસ, લાંછન તો લાગે જ લાગે રે;
તજો તેને આણી તન ત્રાસ, જેથી કુબુદ્ધિ જાગે રે...૦૩

એવા પાપીનું સ્પર્શતાં અંગ, પુણ્ય જાય પોતા તણું રે;
કહે નિષ્કુળાનંદ એ કુસંગ, તે સંગે **જ્યાન**[2] ઘણું રે...૦૪

● ૧. પાપોથી ● ૨. નુકસાન

## ૬૦૪ પદ-૧ (સંતનાં લક્ષણ)

એક વાત અનુપ અમૂલ્ય, કહું છું કહેવાતણું;
પણ મન ભાઈ કહે છે મ બોલ્ય, **ઘોળ્યું**[1] ન કહેવું ઘણું...૦૧

પણ વણ કહ્યે જો વિગત, પડે કેમ પરને;
સંત અસંતમાં એક મત, નિશ્ચે રહે નરને...૦૨

માટે કહ્યા વિના ન કળાય, સહુ તે સુણી લઈએ;
મોટા સંતનો કહ્યો મહિમાય, તે સંત કોને કહીએ...૦૩

કહે સંત સેવ્યે સરે કાજ, એમ છે આગમમાં;
સુણી નિષ્કુળાનંદ તે આજ, સહુ છે ઉદ્યમમાં...૦૪

● ૧. મર્યું, બળ્યું

## ૬૦૫ પદ-૨

એવા સંત તણી ઓળખાણ, કહું સહુ સાંભળો;
પછી સોંપી તેને મન પ્રાણ, એ વાળે તેમ વળો...૦૧

જેના અંતરમાં અવિનાશ, વાસ કરી વસિયા;
તેણે કામ ક્રોધ પામ્યા નાશ, લોભ ને મોહ ગયા...૦૨

એવા શત્રુ તણું ટળ્યું સાલ, લાલ જ્યાં આવી રહ્યા;
તેણે સંત થયા છે નિહાલ, પૂરણકામ થયા...૦૩

એવા સંત જે હોય સંસાર, શોધીને સેવિયે;
કહે નિષ્કુળાનંદ નિરધાર, તો લાભ તે લીજિયે...૦૪

**૬૦૬**　　**પદ-૩**

સાચા સંત સેવ્યે સેવ્યા નાથ, સેવ્યા સુર સહુને;
સેવ્યા મુક્ત મુનિ ઋષિ સાથ, બીજા સેવ્યા બહુને...૦૧

એવા સંત જમ્યે જમ્યા શ્યામ, જમ્યા સહુ દેવતા;
જમ્યા સર્વે લોક સર્વે ધામ, સહુ થયા તૃપ્તતા...૦૨

એવા સંતને પૂજીને **પટ**[૧], પ્રીત્યે શું પહેરાવિયાં;
તેણે ઢાંક્યા સહુના **ઘટ**[૨], ભલાં મન ભાવિયાં...૦૩

એવા સંત મળ્યે મળ્યા સ્વામી, ખામી કોયે ન રહી;
કહે નિષ્કુળાનંદ શીશ નામી, સાચી સહુને કહી...૦૪

● ૧. વસ્ત્ર ● ૨. મન (ઘાટ)

**૬૦૭**　　**પદ-૪**

નક્કી વાત છે એ નિરધાર, જૂઠી જરાયે નથી;
સહુ અંતરે કરો વિચાર, ઘણું શું કહું કથી...૦૧

એક જમતાં બોલિયો શંખ, અસંખ્યથી શું સર્યું;
એક જમીને બોલ્યો નિઃશંક, યમુના જાવા કર્યું...૦૨

એમ એક પૂજ્યે પૂજ્યા સહુ, સેવ્યે સહુ સેવિયા;
માટે ઘણું ઘણું શું કહું, ભેદ ભક્તના કહ્યા...૦૩

હવે એવા વિના જે અનેક, જગતમાં જે કહીએ;
કહે નિષ્કુળાનંદ વિવેક, સેવ્યે સુખ શું લહીએ...૦૪

**૬૦૮**　　**(ઢાળ : લટકાળા તારે લટકે રે)**

**પદ-૫**

જેનું તન મન માન્યું ત્યાગે રે, ભક્તિ ધર્મ ભાવે છે;
તેનાં વચન વિટ્યાં વૈરાગ્યે રે, અંતરમાંથી આવે છે...૦૧

**શીલ**[૧] સંતોષ ને વળી શાંતિ રે, એમાં રહીને બોલે છે;
ધીરજતા કહી નથી જાતી રે, જ્ઞાન ધ્યાનમાં ડોલે છે...૦૨

એવા સંત સહુનાં સગાં રે, પર ઉપકારી પૂરા છે;
જેના દલમાં નહિ કોઈ દગા રે, સત્ય વાતમાં શૂરા છે...૦૩

વળી હેત ઘણું છે હૈયે રે, આંખે અમૃત વરસે છે;
કહે નિષ્કુળાનંદ શું કહીયે રે, એ જન જોઈ હરિ હરખે છે...૦૪

• ૧. ચારિત્ર્ય, શિયળ

**૬૦૯ પદ-૬**

કેને દુઃખ દેવાનો દિલમાં રે, ભૂલ્યે ભૂંડો ભાવ નથી;
પર ઉપકારે પળપળમાં રે, ઊપજે ઈચ્છા અંતરથી...૦૧

પંચવિષયને પરહરીને રે, વરતે છે વણ વિકારે;
તેહ જણાય જોવે કરીને રે, જન એ બોલે છે જ્યારે...૦૨

વણ વિચારે પણ વાતું રે, આવે એના અંતરથી;
બોલે અહંમમતાનું ઘસાતું રે, ઊતર્યું મન તનસુખ પરથી...૦૩

એવા ક્યાંથી મળે જન એકે રે, નિર્મળ અંતર નિષ્કામી;
કહે નિષ્કુળાનંદ વિવેકે રે, બીજા બહુ હોય હરામી...૦૪

**૬૧૦ પદ-૭ (અસંતનાં લક્ષણ)**

જેના અંતરમાં કામ ક્રોધ, લોભની લાહ્ય બળે;
એવા બહુ કરતા હોય બોધ, તે સાંભળ્યે શું વળે...૦૧

માન મમતા મત્સર મોહ, ઈર્ષ્યા અતિ ઘણી;
એવો અધર્મ સર્ગ સમૂહ, ધારી રહ્યા જે ધણી...૦૨

તેને સેવતાં શું ફળ થાય, પૂજીને શું પામિયે;
જે જમાડીએ તે પણ જાય, ખાધું તે હરામિયે...૦૩

એનાં દર્શન તે દુઃખદેણ, ન થાય તો ન કીજિયે;
સુણી નિષ્કુળાનંદનાં વેણ, સહુ માની લીજિયે...૦૪

**૬૧૧ પદ-૮**

એવા વિકારી જનની વાત, દેનારી છે દુઃખની;
જેના અંતરમાં દિનરાત, ઈચ્છા વિષયસુખની...૦૧

એને અર્થે કરે ઉપાય, શોધી સારા ગામને;
પોતે પોતાનું મહાત્મ્ય ગાય, ચહાય દામ વામને...૦૨

કરે કથા કીર્તન કાવ્ય, અર્થ એ સારવા;
ભલો દેખાડે ભક્તિભાવ, પર ઘર મારવા...૦૩

એથી કે'દી ન થાય કલ્યાણ, જિજ્ઞાસુને જાણવું;
કહે નિષ્કુળાનંદ નિરવાણ, પેખી પરમાણવું...૦૪

**૬૧૨** **પદ-૯**

દેહ પોષવા સારુ જે, દંભ કરે છે જે કુબુદ્ધિ;
ખોટાં સુખ અરથે આરંભ, મૂકે નહિ મૂઆ સુધી...૦૧

તેણે જનમ પશુને પાડ, ખોયો ખોટ કારણે;
મોક્ષ મારગે **દીધાં**[1] **કમાડ**[2], **કડી**[3] જડી બારણે...૦૨

ફેરો ન ફાવ્યો થયો ફજિત, જીત ગઈ જળમાં;
મેલી મુક્ત મોટપની રીત, ખ્યાતિ કરી ખળમાં...૦૩

આપ ડહાપણે આખો દિવસ, દુઃખે ભર્યો દોહ્યલો;
કહે નિષ્કુળાનંદ અવશ્ય, ખાટ્યો માલ ખોયલો...૦૪

● ૧. બંધ કર્યાં ● ૨. બારણાં ● ૩. સાંકળ

**૬૧૩** **પદ-૧૦**

સંત અસંતની ઓળખાણ, પાડી છે લખાણમાં;
સુણી સર્વે જન સુજાણ, તણાશો મા તાણમાં...૦૧

દાદાખાચર પર્વતભાઈ કેવા, એવા થાવું આપણે;
ત્યારે કરતાં અસંતની સેવા, વાત કહો કેમ બને...૦૨

અતિ આદર્યું કામ અતોલ, પરલોક પામવા;
ત્યારે ખરી કરી જોઈએ ખોળ્ય, વિઘનને વામવા...૦૩

વણ સમજે સાર અસાર, પાર કહો કોણ થયા;
કરી નિષ્કુળાનંદ વિચાર, સંત અસંત કહ્યા...૦૪

**૬૧૪** **પદ-૧૧**

સાચા સંતનાં અંગ એંધાણ રે, જોઈ લેવા જીવડીયે;
જેને મળવે માન્યું કલ્યાણ રે, તેને જોવા ઘડીયે ઘડીયે...૦૧

ખાતાં પીતાં જોતાં જણાશે રે, આશય એના અંતરની;
ઊઠે બેસે બોલે કળાશે રે, પાસે વસતાં એ નરની...૦૨

હશે હારદ હૈયાં કેરું રે, વણ કહ્યે પણ વરતાશે;
જેમ જેમ છુપાડશે ઘણેરું રે, તેમ તેમ છતું થાશે...૦૩

ખાય ખૂણે લસણ લકી રે, તે ગંધ કરે છુપાવાનું;
કહે નિષ્કુળાનંદ વાત નક્કી રે, જેમ છે તેમ જણાવાનું...૦૪

**૬૧૫ પદ-૧૨**

જેવો રસ ભર્યો જે ઠામે રે, તેવો તેમાંથી ઝરશે;
કોઈ કાઢશે પડ્યે કામે રે, નિશ્ચે તેવો નિસરશે...૦૧

જોને આહાર કરે જન જેવો રે, તેવો આવે ઓડકારે;
અણપૂછે નિસરે એવો રે, આશય અંતરનો બા'રે...૦૨

જોને **ચીલ**[1] ચડે અસમાને રે, નજર તેની નીચી છે;
દેખી મારણને મન માને રે, અન્ય જોવા આંખ મીંચી છે...૦૩

એવા લક્ષણવાળા લાખું રે, દીઠા મેં દગે ભરિયા;
કહે નિષ્કુળાનંદ શું ભાખું રે, ઓળખો એની જોઈ ક્રિયા...૦૪

• ૧. સમડી

**૬૧૬ પદ-૧૩**

કામી બોલે કામે ભરિયું રે, લોભી બોલે લોભ લઈ;
ક્રોધી બોલે ક્રોધે અનુસરિયું રે, માની બોલે માન સઈ...૦૧

સ્વાદી બોલે સ્વાદ વખાણી રે, દંભી બોલે દંભ ભરી;
અહંકારી અહંકાર આણી રે, કપટી બોલે કપટ કરી...૦૨

માટે જે જનને મળે જેવા રે, તેવો તેને રંગ ચડશે;
નહિ જાય શ્રોતા સારુ લેવા રે, જેમ છે તેમ તેનું જડશે...૦૩

ખૂબ ખરા હોય ખપવાળા રે, તેને જોવું તપાસી;
જાય નિષ્કુળાનંદ સુખાળા રે, ખરી વાત કહું ખાસી...૦૪

**૬૧૭ પદ-૧૪**

વણસાધુનો **વરતારો**[1] રે, આ પદ સુણતાં ઓળખાશે;
પછી શોધી સમાગમ સારો રે, તે સાથે પ્રીતિ થાશે...૦૧

તેહ વિના મન નહિ માને રે, બીજે દલડું નહિ બેસે;
કાયરની વાતો કાને રે, સાંભળી પંડ્યમાં નહિ પેસે...૦૨

આંખ અંતરની ઊઘડશે રે, પડશે પારખું પોતાને;
ખરા ખોટાની ગમ પડશે રે, જડશે વાતો એ જોતાને...૦૩

પછી સંત અસંત એક પાડે રે, નહિ દેખે તે કોઈ દને;
કહી નિષ્કુળાનંદ શું દેખાડે રે, જાણશે જેમ છે તેમ મને...૦૪

● ૧. વર્તણૂક

# સંતોનાં પંચવર્તમાન

## નિષ્કામી વર્તમાન

### ૬૧૮ ભક્ત ચિંતામણિ - પ્રકરણ ૧૦૬ (રાગ : ચોપાઈ)

હવે સાંભળો સંતની રીત, કહું અતિ પરમ પુનિત;
જેને મળ્યા પ્રકટ પ્રમાણ, પુરુષોત્તમ પરમ સુજાણ...૦૧

સુખસાગર સુંદરશ્યામ, જેને સુખે સુખી સહુ ધામ;
તે પુરુષોત્તમ જેહના પતિ, તેને ન રહે રંકપણું રતિ...૦૨

ચૌદ લોકમાં ન લોભે ચિત્ત, કીટબ્રહ્માદિ દેખે અનિત;
અંતરમાંહી અત્યંત વૈરાગ્ય, તનમન સુખ કીધાં ત્યાગ...૦૩

પંચવિષયથી ઉતારી પ્રીત, અસત્ય સુખમાં ન આપે ચિત્ત;
કામ ક્રોધ નહિ લોભ મોહ, એવા સંત તણો જે **સમોહ**[1]...૦૪

તેહ કહે પરસ્પર મળી, જોજ્યો જીવ ભ્રમાણા છે વળી;
મહાદુઃખ તણી જેહ ખાણી, તેમાં જઈને પડ્યા સુખ જાણી...૦૫

એક આશ્ચર્ય વાત છે એહ, દુઃખમાં સુખ મનાણું જેહ;
મહાનારી છે નરકનો કૂપ, કેમ સમજાય છે સુખરૂપ...૦૬

જે જે નર નરકમાં પડે, તે તો સર્વે નારી સંગ વડે;
જમપુરીએ જાય છે જીવ, તે તો નારી થકી તતખેવ...૦૭

જન્મ-મરણ સહે દુઃખ અંગે, તે તો નારી તણે પરસંગે;
લખચોરાશી તન લહે છે, જેને નારીમાં પ્રીત્ય રહે છે...૦૮

સુણો વાત કહું એક વળી, બહુ દુઃખ પામ્યા એને મળી;
મોટા મોટા થયા મનભંગ, તે તો નારીનો કરતાં સંગ...૦૯

દેવ દાનવ મનુષ્યમાત્ર, નારી સ્નેહે કરે જમજાત્ર;
પારકી ને પોતાની જે નાર, કાપે તન જેમ તરવાર...૧૦

વિષ **વહ્નિ**[2] **વ્યાળ**[3]માં જે ગુણ, તેને પોતાનું પારકું કુણ;
મહાડાકણી સાકણી સરખી, સરવે સુર નર લીધા ભરખી...૧૧

જેવી **વૃહવંતી**[૪] હોય વાઘણી, ખાય ખીજવી જેમ નાગણી;
એહ સાથે છે જેને સનેહ, તે તો હાર્યા છે મનુષ્ય દેહ...૧૨

જોઈ ઝેર કનક કટોરે, જોજ્યો પીવા ચડ્યા નર હોરે;
સારી જોઈ સજી તરવાર, પેટ નાખવા કરે વિચાર...૧૩

તેમ રૂપવતી નારી જોઈ, નર મરે છે મૂરખ મોઈ;
જેમ મૃગને ઘંટ **રવાલ**[૫], જેમ પતંગ **પાવક**[૬] ઝાળ...૧૪

જેમ **કરિને**[૭] **કાગદકરિણી**[૮], તેમ નરને એ પ્રાણ હરણી;
જેમ **અમળ**[૯] **સમળ**[૧૦] તોય, બોલે **લાછ**[૧૧] અલાછ નારી દોય...૧૫

પગ હાથ કટિ કોટ **કસી**[૧૨], આંખ્યમાંય ભૂંશી કાળી **મશી**[૧૩];
કાન નાક ફાડી બાંધ્યા કેશ, વળી બાંધી આંગળિયો વીશ...૧૬

તોય કાઢ્યાં કલેજાં નરનાં, તેણે રાતા છે નખ કરના;
વળી ખાધું મુખે માંસ એણે, દાંત રાતા રંગાણા છે તેણે...૧૭

એહ સાથે થઈ જેને પ્રીત્ય, તેને સુખ નહિ કોઈ રીત્ય;
છે તો નિર્લજ્જ કાઢે છે લાજ, એ તો પુરુષને બોલાવા કાજ...૧૮

કા'વે અબળા ને બળ છે બહુ, જેણે વશ કર્યા નર સહુ;
ઝાઝી લાજમાં બોલે છે ઝીણું, તે તો પુરુષનું કરવા હીણું...૧૯

ધીરેધીરે જે પગ ભરે છે, તેણે નરના પ્રાણ હરે છે;
હાવભાવ દેખાડે છે અંગ, તે તો નરતન કરવા ભંગ...૨૦

જેમ **મૂષી**[૧૪] ફૂંકી ફૂંકી ખાય, તેની પીડા તને ન જણાય;
તેમ નારી મીઠું મીઠું બોલી, ખાય નરનાં કલેજાં ફોલી...૨૧

એવો દગો જે દેખતા નથી, કહો સંતો સુખ તેને ક્યાંથી;
નારી ઓછાયે અહિ અંધ થાય, નારી ઓછાયે ઘા ન રુઝાય...૨૨

કોઈ કહેશો એવી કેમ કરી, તેની વાત સુણી લ્યો ખરી;
જેમ સિકંદરની **પૂતળી**[૧૫], કરી વેગળાં રાખવા વળી...૨૩

તેની પાસે જોરે કોઈ જાય, ભાગે પોત મોત તેનું થાય;
માટે દૂર રહ્યે દુઃખ નથી, જોઈ તજવી તનમનથી...૨૪

તેનો કરવા ઇચ્છે જે સંગ, તે તો મહાદુઃખ પામશે અંગ;
એને નખ શિખા નિંદવા જેવી, કહી કહી કવિ કહે કેવી...૨૫

જેના ઘટમાં કામ સિંહ ગર્જે, બીવે નહિ તે કરતાં **વિપર્જે**[૧૬];
ચડ્યા નારી નયણની ચોટ, તેને મારી કર્યા લોટપોટ...૨૬

એવી ખોટ ખાય છે અભાગી, તોય તેહને ન શકે ત્યાગી;
આવી જેથી અજ પર આળ્ય, બેઠી ગિરિજાપતિને ગાળ્ય...૨૭

એથી થયો ઇંદ્ર અંગે ભંગ, ગયું તપ સૌભરીનું એ સંગ;
લીધો એકલશૃંગી લટપટ, ઝાલે છે નારી નરને ઝટ...૨૮

તેમાં લોભી રહ્યા જેહ જન, તે તો શું સમજ્યા હશે મન;
નારી ઉપર અંગ ઉજ્જ્વળે, માંહી ભરી છે મૂત્ર ને મળે...૨૯

મજ્જા મેદ છે માંસનો પિંડો, થૂંક લાળ કફ **પિયા**[૧૭] શેડો;
રગરગમાં ભર્યું રુધિર, અસ્થિ ત્વચાએ મઢ્યું શરીર...૩૦

પરુ પાચ ઉદરમાં ઓકાર, મુખ માંહી હાડકાંની હાર;
નખ કેશ શ્લેષ્મ સોઈ, એમાં કામની વસ્તુ છે કોઈ...૩૧

જે જે વસ્તુનાં લીધાં છે નામ, તેનું ભરી લૈયે એક ઠામ;
તેને કરે ખાવા કોઈ ખાંત, તે કેમ કહેવાય મનુષ્ય જાત...૩૨

એમ જાણી કાં ન કરે અભાવ, ભૂલેલ કેમ કરે છે ભાવ;
તજે નહિ કાં અષ્ટ પ્રકારે, મૂરખ શા સારુ એને સંભારે...૩૩

શ્રવણ મનન કરે ગુહ્ય વાત, બોલે દર્શ સ્પર્શ નારી ગાત;
મળી એકાંતે નારી શું વસે, સંતો એવા પાપી કોણ હશે...૩૪

નારી કરે જ્યાં ક્રિયા તનની, તે સ્થળ જાવા ઇચ્છે વૃત્તિ મનની;
વળી નર તે નારી સંગ રહેશે, સંતો એવા પાપી કોણ હશે...૩૫

નારી ન્હાતી હોય જિયાં નીરે, પહેરી અલ્પ વસ્ત્ર શરીરે;
તેને જોવા ઇચ્છે ખોટે મશે, સંતો એવા પાપી કોણ હશે...૩૬

બેઠા હોય જન જિયાં મળી, આવે વારતા નારી ત્યાં વળી;
પછી ઊઠી યાંથી ન નિકસે, સંતો એવા પાપી કોણ હશે...૩૭

પહેરી અંગે આભૂષણ નારી, સજી સુંદર વસ્ત્ર તે સારી;
એનાં વસન ભૂષણ સ્પરશે, સંતો એવા પાપી કોણ હશે...૩૮

નારી ઉપરવાસે નીકળી, દિયે દેહની દુર્ગંધ વળી;
તે ગંધે નહિ અંતર અકળાશે, સંતો એવા પાપી કોણ હશે...૩૯

વાટેઘાટે એ હોય એકલી, તેને સંગે ચાલે લાજ મેલી;
પાપે કરી જે નારી પેખશે, સંતો એવા પાપી કોણ હશે...૪૦

અતિ હોય જિયાં અવકાશ, તોય નિસરે નારીને પાસ;
પંચ હાથથી ઢૂંકડા ધસે, સંતો એવા પાપી કોણ હશે...૪૧

કરે ચેષ્ટા કાંઈ વળી નારી, ભૂલ્યે દેખે ન મેલે વિસારી;
વળી ભીતર અંતરે જે વસે, સંતો એવા પાપી કોણ હશે...૪૨

નારીવેષે જે વૃંદલ વરતે, નારીવેષે જે નૃત્યક નરતે;
જાય જોવા સારુ એહ દશે, સંતો એવા પાપી કોણ હશે...૪૩

ધાતુ મૃત્તિકા કાષ્ઠ પાષાણ, લખી ચિત્રની ચિતારે જાણ;
તેને પગે કરીને સ્પરશે, સંતો એવા પાપી કોણ હશે...૪૪

એહ આદિ જે નારીપ્રસંગ, કોઈ રીત્યે જો રાખશે અંગ;
તે તો વારંવાર મરશે, સંતો એવા પાપી કોણ હશે...૪૫

જેમ કૂપ તરણે ઢાંકેલ, વળી કહીએ વિષની એ વેલ;
તેને ઓછાયે જાણી ઊતરશે, સંતો એવા પાપી કોણ હશે...૪૬

નથી નથી નારી હેતુ નરની, એ તો ભરી છે પ્રપંચભરની;
સ્ત્રીચરિત્ર હોય અપાર, માંહી દગો ન દેખાડે બહાર...૪૭

એ જ દોરડું દેખીને ડરે, એ જ સર્પ ઉપર પગ ધરે;
એ જ ઉંદરથી ડરી ચાલે, એ જ કેસરીના કાન ઝાલે...૪૮

એ જ ડરે દેખીને અંધારું, એ જ ફરે કાળી રાત્યે બારું;
એ જ પાણીમાં પગ દેતી ડરે, એ જ સમુદ્ર સ્હેજે ઊતરે...૪૯

કરે ચરિત્ર બોલતાં જોતાં, ઘણું આવડે હસતાં રોતાં;
રીઝી નારી નરસંગ બળે, ખીજી છેદે શીશ તેનું છળે...૫૦

સહજ સ્વભાવે હોય અવળી, શીખ વાત ન લિયે સવળી;
શુભગુણ ગ્રેવાની ચારણી, કલ્પનામાત્રની કારણી...૫૧

મને મે'લી ને અંગે અશુદ્ધ, તેનો સંગ રાખે કેમ બુદ્ધ;
મળે નાગણી વાઘણી વળી, કૂપપતન જો પડે વીજળી...૫૨

વિષ વૈરી આગ્ય **બલાખારી**[૧૮], એ મળજ્યો ન મળજ્યો નારી;
નથી નથી બીજો નરક કૂપ, નરક નરને નારીનું રૂપ...૫૩

મેલી પુરુષોત્તમની મૂરતિ, કરે છે નારી જોવા શું રતિ;
તેને ચિંતવે વારંવાર, એવા મૂરખને છે ધિક્કાર...૫૪

મેલી સુંદર શ્યામ સ્વરૂપ, જઈ જુવે છે નારીનું રૂપ;
તેમાં થાય નર તદાકાર, એવા મૂરખને છે ધિક્કાર...૫૫

મેલી મહાપ્રભુજીનું મુખ, દેખે નારીને નર વિમુખ;
તેના સ્પર્શનો રાખે છે પ્યાર, એવા મૂરખને છે ધિક્કાર...૫૬

મેલી મોહનમુખની વાત, નારીશબ્દ સુણે રળિયાત;
ના'વે અવગુણ એનો લગાર, એવા મૂરખને છે ધિક્કાર...૫૭

મેલી મુખે હરિગુણ ગાન, કહે નારીચરિત્ર નિદાન;
તેણે ફૂલે અંગમાં અપાર, એવા મૂરખને છે ધિક્કાર...૫૮

મેલી કેશવ કમળનેણ, સંભારે છે નારી દુઃખદેણ;
નથી સમજતો સાર અસાર, એવા મૂરખને છે ધિક્કાર...૫૯

નથી લોભાતો લાલને લટકે, મન માન્યું માનિનીને મટકે;
ખાધી ખોટ્ય ને થયો ખુવાર, એવા મૂરખને છે ધિક્કાર...૬૦

હરિકથામાં ન દિયે કાન, સુણે નારીતણાં ગુણગાન;
તેમાં વૃત્તિ રાખે એક તાર, એવા મૂરખને છે ધિક્કાર...૬૧

મેલી હરિ હરિજનનો સંગ, રાખે નારીસંગીનો પ્રસંગ;
તેની લાજ ન આવે લગાર, એવા મૂરખને છે ધિક્કાર...૬૨

એમ સમજ્યા જે સાર અસાર, તે તો ઉતરિયા ભવપાર;
તેને કેમ પીડે વળી કામ, જેણે એ દશ કરી હરામ...૬૩

એમ થયા નર નિષ્કામી, જેને અંતર વેદના વામી;
ઉપર તજતાં અંત ન આવે, જિયાં લગી ભીતરમાં ભાવે...૬૪

અંતરમાંથી ઊલટી થાય, ત્યારે તે પાછું નવ ખવાય;
એ સુખ ઓકી નાખ્યું સંતે આપે, સ્વામી સહજાનંદ પ્રતાપે...૬૫

● **૧.** સમૂહ ● **૨.** અગ્નિ ● **૩.** સાપ ● **૪.** ગર્ભવતી - ગર્ભ ધારણ કરેલી ● **૫.** નાદ ● **૬.** અગ્નિ ● **૭.** હાથીને ● **૮.** કાગળથી બનાવેલી હાથણી ● **૯.** શુદ્ધ, પવિત્ર ● **૧૦.** ગંદું, અપવિત્ર ● **૧૧.** મનને ગમે તેવું ● **૧૨.** સખત બાંધી ● **૧૩.** મેશ, કાજળ ● **૧૪.** ઉંદર ● **૧૫.** દીવાદાંડી ● **૧૬.** ઊલટું ● **૧૭.** ચીપડાં ● **૧૮.** ડાકણ

## પૂર્વછાયો

એમ સંત જન સર્વે, નર રહ્યા નિષ્કામ;
જેને મળ્યા પ્રકટ પ્રભુ, સહજાનંદ સુખધામ...૬૬
જેવો અભાવ નારીનો, તેવો જ ધનનો ત્યાગ;
દેખે નહિ સુખ દામમાં, જેના અંતરમાં વૈરાગ...૬૭

ઇતિ શ્રીમદ્ એકાંતિક ધર્મપ્રવર્તક શ્રી સહજાનંદ સ્વામી શિષ્ય નિષ્કુળાનંદ મુનિ વિરચિતે ભક્ત ચિંતામણિ મધ્યે નિષ્કામી વ્રતમાન કહ્યું તે નામે એકસો ને છઠ્ઠું પ્રકરણમ્ ॥૧૦૬॥

## નિર્લોભી વર્તમાન

### ૬૧૯ ભક્ત ચિંતામણિ - પ્રકરણ ૧૦૭ (રાગ : ચોપાઈ)

હવે કહું સંત નિરલોભી, જેણે કરી રહ્યા જન શોભી;
જેમ નારીનો નહિ પ્રસંગ, તેમ તજ્યો છે દ્રવ્યનો સંગ...૦૧
એવા સંતનો મળે સમાજ, માંહોમાંહી બોલે મુનિરાજ;
જેને મળ્યા પુરુષોત્તમરાય, તે તો પૂરણકામ કહેવાય...૦૨
તેને ન્યૂન ન મનાય મન, લાધ્યું અખૂટ જેને મહાધન;
**ધૂતા**[1] ન ધૂતે ચોર ન લૂંટે, ખાતાં ખરચતાં તે નવ ખૂટે...૦૩
એવું મળ્યું મહાધન જેને, તે કેમ ધાશે આ ધાતુ ધનને;
જેમાં અનેક રહ્યા અનર્થ, **સંચે**[2] ત્યાગી તો **વણસે**[3] અર્થ...૦૪
ચોરી હિંસા **અનૃત**[4] અપાર, કામ ક્રોધ ને દંભભંડાર;
મદ ભેદ ને વૈર વ્યસન, **સ્મય**[5] સ્પર્ધાદિ છે જિયાં ધન...૦૫
મદ્યપાન ત્રિયાસંગ થાય, દ્યૂતવિદ્યા ને વિશ્વાસ જાય;
રહ્યા એટલાં દ્રવ્યમાં મળી, જેમ જળમાં જળજંતુ વળી...૦૬
દ્રવ્ય કરાવે પાપ અધર્મ, દ્રવ્ય કરાવે વૈર વિકર્મ;
દ્રવ્ય કરાવે કપટ છળ, દ્રવ્ય કરાવે કોટિ કકળ...૦૭
દ્રવ્ય કરાવે દગા દુષ્ટાઈ, દ્રવ્ય કરાવે કામ કસાઈ;
દ્રવ્ય કરાવે ઉચ્ચ ને નીચ, દ્રવ્ય કરાવે પાખંડ પેચ...૦૮
દ્રવ્ય કરાવે જાતિવટાળ, દ્રવ્ય ચડાવે સાચાને આળ;
દ્રવ્ય કરાવે હાલ બેહાલ, દ્રવ્ય કરાવે **કૃપણ**[6] કંગાલ...૦૯

દ્રવ્ય કરાવે ચોરી ચાકરી, દ્રવ્ય કરાવે ટેલ્ય આકરી;
દ્રવ્ય કરાવે જીવની ઘાત, દ્રવ્ય કરાવે પિંડનો પાત...૧૦

દ્રવ્ય ન્યાયે અન્યાય કરાવે, દ્રવ્ય જૂઠી તે સાખ્ય ભરાવે;
દ્રવ્ય લેવરાવે લાંચ ભાડ્ય, દ્રવ્ય કરાવે રાંકશું રાડ્ય...૧૧

દ્રવ્ય સતીનું સત મુકાવે, દ્રવ્ય **જતિ**[૭]નું જત ચુકાવે;
દ્રવ્ય મુનિનું મૌન બગાડે, દ્રવ્ય તપીને તપથી પાડે...૧૨

દ્રવ્ય અર્થે પૃથ્વીએ ફરે છે, દ્રવ્ય અર્થે લડીને મરે છે;
દ્રવ્ય અર્થે વેચે નિજતન, તજે જીવિતવ્ય ન તજે ધન...૧૩

દ્રવ્ય અર્થે વળી **વા'ણે**[૮] ચડે, દ્રવ્ય અર્થે પહાડે ચડી પડે;
દ્રવ્ય અર્થે ઘાત ઘણી ઘડે, થાય અનર્થ બહુ દ્રવ્ય વડે...૧૪

દ્રવ્ય ધર્મમાંહીથી ચળાવે, દ્રવ્ય નીચના ધર્મ પળાવે;
જે જે જાય છે નરકમાં જન, તેનું મૂળ કારણ છે ધન...૧૫

કામ ક્રોધ ને મોહ કહેવાય, હર્ષ શોક લોભ થકી થાય;
માન ઈર્ષા મમતા તાણ્ય, લોભ સર્વેનું કારણ જાણ્ય...૧૬

પામે છે જીવ જૂજવા ક્ષોભ, તે તો જેને જેવડો છે લોભ;
લોભ સંત શું હેત તોડાવે, લોભ દુષ્ટ શું પ્રીત જોડાવે...૧૭

લોભ કરાવે ન કર્યાનાં કામ, લોભ કરાવે જીવિત હરામ;
જે જે અવળું જગતમાં થાય, તે તો સર્વે દ્રવ્યથી કહેવાય...૧૮

દ્રવ્યે પુત્ર તે પિતાને મારે, દ્રવ્યે શિષ્ય ગુરુને સંહારે;
થાય દ્રવ્યે મહા પંચ પાપ, થાય દ્રવ્યે કૃતઘ્ની આપ...૧૯

એવું **અઘ**[૯] જગે નહિ કોય, જે કોઈ દ્રવ્ય મળતાં ન હોય;
દ્રવ્ય મુકાવે જ્ઞાનીનું જ્ઞાન, દ્રવ્ય મુકાવે ધ્યાનીનું ધ્યાન...૨૦

દ્રવ્ય મુકાવે માનીનું માન, દ્રવ્ય કરાવે નિર્લજ્જ નિદાન;
કહી કહી કેટલા કહેવાય, જે કોઈ દ્રવ્યથી અનર્થ થાય...૨૧

એવા લોભ માંહી જે લેવાણા, તે તો તૃષ્ણાને પૂરે તણાણા;
તેણે ઊગરવા સઈ આશ, એવું જાણી દૂર રહે દાસ...૨૨

લોભે સુર ને અસુર લડે, દૈત્ય ભૂત દુઃખી લોભ વડે;
યક્ષ રાક્ષસ સહુ લોભે હેરાણ, તેણે ઈચ્છે તે નર અજાણ...૨૩

લોભે કરાવ્યો કુટુંબે **કળો**[10], પડ્યો પાંડવ-કૌરવમાં સળો;
માંહો માંહી લડી ખોયા પ્રાણ, તેને ઇચ્છે તે નર અજાણ...૨૪

લોભે લડે ભૂમિએ ભૂપતિ, લોભે બળે પતિસંગે સતી;
લોભ કરાવે પ્રાણની હાણ, તેને ઇચ્છે તે નર અજાણ...૨૫

ડાહ્યા **શિયાણા**[11] પંડિત પીર, લોભે કર્યા સહુને અધીર;
કવિ કોવિદ કર્યા વેચાણ, તેને ઇચ્છે તે નર અજાણ...૨૬

સ્વર્ગ મૃત્યુ ને પાતાલ માંય, લોભે લઈ લીધાં જન ત્યાંય;
એવી પ્રસારી છે મોટી પાણ, તેને ઇચ્છે તે નર અજાણ...૨૭

લોભે આપી છે અવળી મત્ય, મનાવ્યું છે અસત્યમાં સત્ય;
તેની નરને નહિ ઓળખાણ, તેને ઇચ્છે તે નર અજાણ...૨૮

લોભે નાખી ગળે જમ ફાંસી, લોભે લેવારી લખચોરાસી;
લોભ ફેરવે છે ચારે ખાણ, તેને ઇચ્છે તે નર અજાણ...૨૯

જન્મ-મરણનું કારણ જેહ, સહુ જન જાણો લોભ તેહ;
તેની મેલી દેવી જોઈયે તાણ, તેને ઇચ્છે તે નર અજાણ...૩૦

જેને લોભે કબજમાં લીધા, તેને દીન દાળદરી કીધા;
સહ્યાં શરીરે દુઃખ **મેરાણ**[12], તેને ઇચ્છે તે નર અજાણ...૩૧

એવું સમજી સંત અસાર, તજ્યું દ્રવ્યને સર્વ પ્રકાર;
મેલી તન મને તેની તાણ, તેને ઇચ્છે તે નર અજાણ...૩૨

મણિ હીરા મોતી પરવાળાં, રત્ન આદ્યે જે નંગ રૂપાળાં;
એ તો જમની જાળ્ય જોરાણ, તેને ઇચ્છે તે નર અજાણ...૩૩

અન્ન જળ ને વસ્ત્ર છે જેહ, તેણે કરી રહે છે આ દેહ;
તેના આપનારા અવિનાશ, એમ સમજે છે હરિના દાસ...૩૪

અન્ન ખાવું તે **ક્ષુધા**[13]ને ખોવા, જળ પીવું તે પ્રાણને ટોવા;
રહેવું અન્ય વસ્તુથી નિરાશ, એમ સમજે છે હરિના દાસ...૩૫

શીત ઉષ્ણ નિવારવા તન, રાખે અંગે વસ્ત્ર હરિજન;
જેવું મળે તેવું રાખે પાસ, એમ સમજે છે હરિના દાસ...૩૬

તેહ વિના છે સર્વેનો ત્યાગ, વિષયસુખ સાથે છે વૈરાગ્ય;
ક્યારે ઇચ્છે નહિ જાણી કાશ, એમ સમજે છે હરિના દાસ...૩૭

સોના રૂપામાં સુખ ન માને, જેણે મહાપ્રભુ આવિયા પાને;
કીટ બ્રહ્મા લગી દેખે નાશ, એમ સમજે છે હરિના દાસ...૩૮

એક સમજાણું હરિમાં સુખ, બીજું સર્વે જણાણું છે દુઃખ;
જેવો **જમકિંકર**[૧૪] કાળપાશ, એમ સમજે છે હરિના દાસ...૩૯

જેને મળ્યું છે મહાધન મોટું, બીજું સર્વે સમજાણું છે ખોટું;
પાપ જાણીને ન કરે પ્યાસ, એમ સમજે છે હરિના દાસ...૪૦

અહિ વીંછી ને વિષ અંગાર, કાક વિષ્ટામાંહી શિયું સાર;
એવું જાણી તજે સુખ આશ, એમ સમજે છે હરિના દાસ...૪૧

એવી કોણ વસ્તુ છે આ ભૂમાં, જેમાં લોભે જે લોભ્યા પ્રભુમાં;
રહે છે અંતર સહુથી ઉદાસ, એમ સમજે છે હરિના દાસ...૪૨

એમ નર થયા નિરલોભ, કોઈ સુખે નહિ મનક્ષોભ;
જેણે માન્યો બ્રહ્મમોલે વાસ, એમ સમજે છે હરિના દાસ...૪૩

એહ રીત્યે લોભને જિતાય, બીજો છે ઉપરનો ઉપાય;
થાય અંતરે અભાવ જ્યારે, લોભ તજાય સમૂળો ત્યારે...૪૪

એમ લોભ લાલચને જીતી, કરી પુરુષોત્તમ સાથે પ્રીતિ;
તેને કામ ને લોભ ન વ્યાપે, સ્વામી સહજાનંદ પરતાપે...૪૫

● ૧. ઠગનારા, ઠગ ● ૨. સંગ્રહ કરે ● ૩. બગડે (ધ્યેયની સિદ્ધિ બગડે) ● ૪. અસત્ય ● ૫. અભિમાન ● ૬. નિર્ધન ● ૭. યતિ, સાધુ ● ૮. વહાણે ● ૯. પાપ ● ૧૦. કંકાસ ● ૧૧. શાણા, ચતુર ● ૧૨. સાગર, સમુદ્ર ● ૧૩. ભૂખ ● ૧૪. યમદૂત

## પૂર્વછાયો

નિષ્કામી નિરલોભી થઈ, ભજે છે ભગવંત;
તેવા જ ત્યાગી સ્વાદના, જેહ નિરસ્વાદી સંત...૪૬

સર્વે રસ જાણી શ્યામમાં, અન્ય રસ જાણે અનિત્ય;
નિરસ્વાદી એવા સંતની, કહું સાંભળજ્યો સહુ રીત્ય...૪૭

ઈતિ શ્રીમદ્ એકાંતિક ધર્મપ્રવર્તક શ્રી સહજાનંદ સ્વામી શિષ્ય નિષ્કુળાનંદ મુનિ વિરચિતે ભક્ત ચિંતામણિ મધ્યે નિર્લોભી વ્રતમાન કહ્યું તે નામે એકસો ને સાતમું પ્રકરણમ્ ॥૧૦૭॥

## નિઃસ્વાદી વર્તમાન

### ૬૨૦ ભક્ત ચિંતામણિ - પ્રકરણ ૧૦૮ (રાગ : ચોપાઈ)

હવે કહું નિઃસ્વાદીની રીત, જેણે તજી છે સ્વાદની પ્રીત;
સર્વે સ્વાદ જાણી હરિમાંય, મનવૃત્તિ લોભે નહિ ક્યાંય...૦૧

મહારસનું કીધું છે પાન, તેણે થયા મગન મસ્તાન;
સુખ સ્વપ્ને ન ગમે સંસાર, વિષયરસ સમજ્યા અસાર...૦૨

મહારસ પીધો જેહ જને, તે ન ચાખે બીજો રસ મને;
એ રસ પીધો છે શુકજી આદે, તે તો ન રાચે અન્યને સ્વાદે...૦૩

એ રસ પીધો છે સનકાદિકે, પીધો નવ યોગેશ્વર નિકે;
એ રસ પીધો છે જનક જેવે, જેનું મન ન રહ્યું બીજે પીવે...૦૪

એ રસ પીધો છે જન પ્રહ્‌લાદે, મન માન્યું નહિ બીજે સ્વાદે;
એ રસ પીધો છે ધ્રુવ અંબરીષે, એ રસ પીધો ગોપી ગુડાકેશે...૦૫

એ રસ પીધો જન જયદેવે, એ રસ પીધો છે ઉદ્ધવ જેવે;
એહ આદિ જે ઋષિ-રાજન, પીધો મહારસ થયા મગન...૦૬

જે જે જને હરિરસ પીધો, તેણે સંસારરસ કૂચો કીધો;
ચૌદ લોકમાં જે રસ રહ્યો, તે તો ઊલટા અન્ન જેવો થયો...૦૭

તેનું બીજે તે મન ન માને, જે કોઈ પૂરણ મહારસ પાને;
એ રસ આજ આપણને મળ્યો, જે કોઈ સર્વે રસથી છે ગળ્યો...૦૮

નથી અન્ય રસ જે સમાન, જેવો આપણે કીધો છે પાન;
એ રસ વિના રસ એહ બીજો, તે તો દુઃખરૂપ માની લેજ્યો...૦૯

બીજા રસમાં જેહ લોભાણા, તે તો **ઝષ**[1] જેમ જાળે બંધાણા;
ખોયું તન ને ખોટ્ય જ ખાધી, જેની સ્વાદ સાથે પ્રીત બાંધી...૧૦

ત્યાગી થઈ જે રસને ચા'ય, તે ત્યાગીનું ત્યાગીપણું જાય;
ખાંડ **ખારવો**[2] **તુપ**[3] તેજાનો, એહ આદિ દઈ સ્વાદ માનો...૧૧

ખારું ખાટું તીખું તમતમું, ગળ્યું ચીકણું જે મનગમ્યું;
મનવાંછિત મગાવી ખાય, તેને ખોટ્ય છે વૈરાગ્યમાંય...૧૨

શીરો પૂરી ને સેવ સુંવાળી, રૂડાં મોદક ને રોટી કાળી;
વિધવિધનાં વ્યંજન ચાય, તેને ખોટ્ય છે વૈરાગ્યમાંય...૧૩

ગર્મ નર્મ તે મનને ગમે, સારું સ્વાદુ તે જુગતે જમે;
એનો ખાતાં અભાવ ન થાય, તેને ખોટ્ય છે વૈરાગ્યમાંય...૧૪

સારું લાગે તે રાખે સંતાડી, થઈ ખાવાની વૃત્તિ **હરાડી**[૪];
રાત્ય દિવસ રસને ધાય, તેને ખોટ્ય છે વૈરાગ્યમાંય...૧૫

કરે સ્વાદની વાત વખાણી, સુણી આવી જાય મુખે પાણી;
તેને અર્થે કરે છે ઉપાય, તેને ખોટ્ય છે વૈરાગ્યમાંય...૧૬

જિહ્વા માગે છે જૂજવા રસ, જન થયાં છે જિહ્વાને વશ;
તેણે સ્વાદ કે'દી ન તજાય, તેને ખોટ્ય છે વૈરાગ્યમાંય...૧૭

પંચ ઈન્દ્રીનું પોષણ સ્વાદ, પંડ્ય પોષતાં વાધે પ્રમાદ;
પછી પુરુષોત્તમ ન ભજાય, તેને ખોટ્ય છે વૈરાગ્યમાંય...૧૮

જેને પંડ્ય પોષવા છે પ્રીત, તે શું સમજે મહારસ રીત;
દેખી પુષ્ટ તનને ફુલાય, તેને ખોટ્ય છે વૈરાગ્યમાંય...૧૯

તે તો કા'વે નહિ હરિદાસ, જેને અહોનિશ રસની આશ;
એ તો જળજંતુ જેવો ગણાય, તેને ખોટ્ય છે વૈરાગ્યમાંય...૨૦

જે કોઈ કહેવાય છે હરિજન, તેનું લોભે નહિ કિયાં મન;
જેણે કર્યું મહારસ પાન, તેણે કરી રહ્યા ગુલતાન...૨૧

જેના અંતરમાં નિરવેદ, તેને કોણ પમાડશે ખેદ;
નિત્યે હૈયામાં હરિનું ધ્યાન, તેણે કરી રહ્યા ગુલતાન...૨૨

જાણી સરવે સાર અસાર, તુચ્છ વસ્તુ કરી તિરસ્કાર;
રાખ્યા ભીતરમાં ભગવાન, તેણે કરી રહ્યા ગુલતાન...૨૩

બ્રહ્મા આદિ જે કીટ પર્યંત, સર્વે સુખ-દુઃખે અંતવંત;
જેને પુરુષોત્તમ સાથે તાન, તેણે કરી રહ્યા ગુલતાન...૨૪

એવા સંત મળે શુભ મતિ, કહે જોજ્યો આ જીવની ગતિ;
રાખ્યા જોઈએ જેહ મુખે શ્યામ, તેમાં રાખે છે વસ્તુ હરામ...૨૫

જેહ મુખે ભજિયે શ્રીહરિ, તેને બગાડે છે કેફે કરી;
ગાંજો ભાંગ્ય ને પીવે છે માદ, ખાયે **આમિષ**[૫] જિહ્વાને સ્વાદ...૨૬

જે મુખે ભજિયે પરબ્રહ્મ, તે મુખમાંય ખાય છે **માજમ**[૬];
ખાય કવસ્તુ કેફને કાજ, એવા નરને રૂઠ્યા છે રાજ...૨૭

જે મુખ હરિ ભજવા લાગ્ય, તેહ મુખમાં ભરે છે ભાંગ્ય;
આપે **જરદો**[૭] તો ન પાડે ના જ, એવા નરને રૂઠ્યા છે રાજ...૨૮

જે મુખે જોઈએ નામ પ્રકાશું, તે મુખ હિંગ લસણે વાસ્યું;
વળી પાપીને પ્યારી **પિયાજ**[૮], એવા નરને રૂઠ્યા છે રાજ...૨૯

જે મુખે હરિગુણ ગવાય, તે મુખે નર **અમલ**[૯] ખાય;
કાઢે કસુંબા કરે અકાજ, એવા નરને રૂઠ્યા છે રાજ...૩૦

જે મુખે હરિ ભજિયે દાડી, તે મુખે પાપી પીવે છે તાડી;
સર્વે સજે છે નરકનો સાજ, એવા નરને રૂઠ્યા છે રાજ...૩૧

કેફે કરીને અકલ જાય, નાસે ડહાપણ ને ડૂલ થાય;
તોય નિર્લજ્જને નહિ લાજ, એવા નરને રૂઠ્યા છે રાજ...૩૨

એહ સર્વે જે વ્યસન કહ્યાં, એક સ્વાદની વૃત્તિમાં રહ્યાં;
તેનો જે નર ન કરે તાજ, એવા નરને રૂઠ્યા છે રાજ...૩૩

સ્વાદમાંહી રહ્યાં બહુ શૂળ, સ્વાદ છે સર્વે પાપનું મૂળ;
સ્વાદે થાય નરક સમાજ, એવા નરને રૂઠ્યા છે રાજ...૩૪

એવા અનેક અવગુણ જોઈ, સંત સ્વાદ કરે નહિ કોઈ;
જેહ સમે જેવું મળે અન્ન, જમે નિરદોષ જોઈ જન...૩૫

અજગર મધુકર વૃત્તિ, ગ્રહે સંતજન અનાસક્તિ;
કાં તો અણઈચ્છ્યું અન્ન આવે, નહિ તો બહુ ઘરથી માગી લાવે...૩૬

કાચુંપાકું જે સૂકું સમિષ્ટ, ફળ મૂળ ફૂલ પત્ર **પિષ્ટ**[૧૦];
હોય હરિપ્રસાદીનું અન્ન, જમે જન તે થાય મગન...૩૭

પણ સ્વાદ સારુ જે ઉપાય, ન કરે તે નિઃસ્વાદી કહેવાય;
આવે સહજે જે જમે સુજાણ, જેમ તેમ કરી પોષે પ્રાણ...૩૮

સ્વાદ અસ્વાદની મૂકી આશ, ભજે ભગવાન શ્વાસોશ્વાસ;
જેના અંતરમાંહી વૈરાગ્ય, તેણે કર્યો છે સ્વાદનો ત્યાગ...૩૯

કાથો ચૂનો ને પાન સોપારી, તજ તમાલ એલચી સારી;
જાય જાવંત્રી લવિંગ જે છે, એહ આદિ મુખવાસ ન ઈચ્છે...૪૦

ચૂવા ચંદન તેલ ફુલેલ, પુષ્પહાર ને સુગંધી તેલ;
તેને ત્યાગી ન ઈચ્છે તનમાં, જેને વૈરાગ્ય વર્તે છે મનમાં...૪૧

જે જે ખોળી કહ્યાં ખાન પાન, તજ્યાં તે સંતે થઈ સાવધાન;
અતિ કર્યો છે ઊંડો અભાવ, કે'દી ભૂલે થાય નહિ ભાવ...૪૨

કામ લોભ જીત્યા જેમ જને, તેમ જીત્યો છે સંતે સ્વાદને;
થાય ઊંડો અંતરેથી નાશ, ત્યારે તજાય બા'રથી આશ...૪૩

જે જે ત્યાગે છે બહારથી બળે, તેને માંહી સ્વાદ રહે છે છળે;
લાગ આવે તો કરે છે ઘાત, નહિ તો બેઠો સાંભળે છે વાત...૪૪

તે તો અંતર ત્યાગથી જાય, બીજે ન ટળે કોટિ ઉપાય;
ત્યાગ વૈરાગ્ય વિવેક વિચાર, એહ હોય જ્યાં હોય મુરાર...૪૫

તેહ વિના વૈરાગ્યનો વેષ, તેણે ન ટળે કામાદિ લેશ;
જ્યારે પ્રભુ સાથે પ્રીત લાગે, ત્યારે કામ લોભ સ્વાદ ભાગે...૪૬

એમ જીત્યો છે જે જને સ્વાદ, તેના ટળિયા સર્વે પ્રમાદ;
જીતી સ્વાદ થયા શુદ્ધ આપે, સ્વામી સહજાનંદ પ્રતાપે...૪૭

● **૧.** માછલાં ● **૨.** મીઠાવાળાં ખાદ્ય પદાર્થો ● **૩.** ઘી ● **૪.** હરાયું, નિરંકુશ ● **૫.** માંસ ● **૬.** નશાકારક પદાર્થ ● **૭.** તમાકુનો ભૂકો, ગુટખા ● **૮.** ડુંગળી ● **૯.** ઝેર ● **૧૦.** પીસેલું, દળેલું

### પૂર્વછાયો

સહજ સ્વભાવે સંતને, અંતરમાં રહે છે એમ;
મળ્યે પણ મન નવ ચળે, અણમળ્યું ઇચ્છે કેમ...૪૮

એમ સંતશિરોમણિ, જીત્યા સ્વાદને જેહ;
પિંડ બ્રહ્માંડ પાર પ્રીતિ, કહું એવા નિરસનેહ...૪૯

ઇતિ શ્રીમદ્ એકાંતિક ધર્મપ્રવર્તક શ્રી સહજાનંદ સ્વામી શિષ્ય નિષ્કુળાનંદ મુનિ વિરચિતે ભક્ત ચિંતામણિ મધ્યે નિઃસ્વાદી વ્રતમાન કહ્યું તે નામે એકસો ને આઠમું પ્રકરણમ્ ॥૧૦૮॥

### નિઃસ્નેહી વર્તમાન

### ૬૨૧ ભક્ત ચિંતામણિ - પ્રકરણ ૧૦૯ (રાગ : ચોપાઈ)

હવે કહું નિરસ્નેહ જન, સુણો રીત્ય તેની દઈ મન;
એક પ્રભુ સાથે પ્રીત જોડી, બીજા જક્ત સહુ સાથે તોડી...૦૧

પિંડ બ્રહ્માંડમાં નહિ પ્રીત, ચૌદ લોક માંહી નહિ ચિત્ત;
છે એ નિઃસ્નેહી જનની રીત્ય, પેખે પિંડને પહેલું અનિત્ય...૦૨

આદિ અંતે મધ્યે જોઈ એહ, પછી કરે તનમાં સનેહ;
પેખી પ્રસિદ્ધ પિંડના હાલ, પછી માને જો મનાય માલ...૦૩

જ્યારે જુએ વિચારી આ પિંડ, દેખે નખશિખા નરક કુંડ;
પરું પાચ ને પિયા પ્રસિદ્ધ, વહે લીંટ શેડા બહુવિદ્ધ...૦૪

કફ થૂંક ને લાળ કહેવાય, નિત્ય નીસરે તે મુખમાંય;
બહુ **બળખા**[1] આવે **ઓકાર**[2], દીસે દાંત હાડકાની હાર...૦૫

મજ્જા મેદ ને માંસ રુધિર, મળ મૂતરે ભર્યું શરીર;
હાડપિંજર મઢ્યું છે ચર્મે, માંહી ભર્યો છે આંતર કર્મે...૦૬

ભર્યું રુધિર તે રગરગે, વહે નરક તે નવ મારગે;
નખ કેશમાં કૈંક વસ્તુ ભલી, ભરી **ભેચે**[3] માથાની **તુંબલી**[4]...૦૭

સ્વેદ **શુક્ર**[5] **શ્લેષ્મ**[6] આમ, **ગૂંગા ગિડર**[7] આદિ અકામ;
એવું પેખિયું પોતાનું પિંડ, ચોખું જાણ્યું ચમારનો કુંડ...૦૮

પેખી પ્રકટ પિંડમાં એહ, સંતે સમજી મૂક્યો સનેહ;
એના સંબંધી જે જગમાંય, તે સાથે કેમ સનેહ થાય...૦૯

જ્યાં જ્યાં ધર્યો જીવે અવતાર, તિયાં કર્યો કુટુંબ પરિવાર;
માત તાત ને ભગિની ભાઈ, **સુતા સુત દારા**[8] ને વેવાઈ...૧૦

તેમાં કોણ અધિક ને ઓછે, સમતુલ્ય સગાં એ સહુ છે;
તેમાં કોણ સાથે પ્રીત જોડે, વળી કિયા સગાં સાથે તોડે...૧૧

લખચોરાશી કુટુંબ કર્યું, સરવે સગે આ બ્રહ્માંડ ભર્યું;
માટે મેલ્યું એ કુટુંબ જેમ, સંતે મેલ્યું આ સમજી તેમ...૧૨

જેમ ગયો દ્વિજ શુદ્રવાડે, ભૂલ્યે રહ્યો તિયાં કોઈ દા'ડે;
તેહ બ્રાહ્મણપણાને ભૂલી, કેમ કરે શ્વપચમાં ફૂલી...૧૩

એમ દેહ ને દેહ સંબંધી, તોડી પ્રીત્ય તે શું બહુ વિધિ;
જેણે તોડી છે પિંડ શું પ્રીત, તેનું બીજે બેસે કેમ ચિત્ત...૧૪

સ્વર્ગલોકનાં સુખ સાંભળી, નથી ઈચ્છતા તેહને વળી;
એક બ્રહ્માના દિવસમાંય, ચૌદ ઈંદ્ર આવે વળી જાય...૧૫

તેની કોરનો ભય નહિ કાંઈ, એમ અંધધંધ મદમાંઈ;
જિયાં ખાન પાન ને ખુમારી, મહા મદોન્મત્ત નરનારી...૧૬

જેવો તરુણતને વેશ્યાવાડો, તેવો અહર્નિશનો અખાડો;
પુણ્ય ખૂટે પડે પાછો તેહ, માટે સંત એથી નિરસ્નેહ...૧૭

ભાંગ ધતૂરા અશુદ્ધ આહાર, તમોગુણી ને તોરી અપાર;
એમાં શું સુખ જાણી વસેહ, માટે સંત એથી નિરસ્નેહ...૧૮

બ્રહ્મલોકનું સુખ સાંભળી, મન વળતું નથી ત્યાં વળી;
કર્યો કામે જઈ તિયાં કળો, અજ અંતરે થયો આકળો...૧૯

વળી જંઘથી જાયા અદેવ, યક્ષ રક્ષ થયા તતખેવ;
તે તો લેવા તાક્યા અજલાજ, બીજા ધ્રોડ્યા છે ખાવાને કાજ...૨૦

જોઈ એવું વિકળ એહ, સંતે ન કર્યો સમજી સનેહ;
હશે સુખ ટળી જાય તેહ, માટે સંત એથી નિરસ્નેહ...૨૧

એમ પેખિયું પિંડ બ્રહ્માંડ, મટી જાય દીઠી એવી માંડ્ય;
જાશે યત્કિંચિત્ છે જેહ, માટે સંત એથી નિરસ્નેહ...૨૨

સ્વર્ગ મૃત્યુ ને પાતાળમાંય, રહેવા જેવી વસ્તુ નથી ક્યાંય;
રહે નહિ જે દેખાય દેહ, માટે સંત એથી નિરસ્નેહ...૨૩

સ્થાવર જંગમ જે જે કહેવાય, સર્વે છે કાળના મુખમાંય;
શું સમજીને કરે સનેહ, માટે સંત એથી નિરસ્નેહ...૨૪

એમ વાત કરે સહુ સંત, તમે સાંભળજ્યો ગુણવંત;
જિયાં લગી મનાય હું દેહ, તિયાં લગી નહિ નિરસ્નેહ...૨૫

દેહ કેડે વળગ્યો સંસાર, પાપ પુણ્ય વળી પરિવાર;
સુખ-દુઃખ માન-અપમાન, હર્ષ-શોક વૃદ્ધિ વળી જ્યાન...૨૬

એહ સર્વે રહ્યાં દેહ વાંસે, દેહ માનતાં સર્વે મનાશે;
જ્યારે થાય દેહથી નિસ્પ્રેહ, ત્યારે તૂટે સહુ શું સનેહ...૨૭

જ્યારે મનાય આતમા આપ, ત્યારે જાય સર્વે સંતાપ;
આત્મારૂપ મનાય આપણું, ત્યારે નર પામે નિસ્નેહીપણું...૨૮

આતમાને કોણ માત તાત, આતમાને કોણ નાત્ય જાત;
કુળ કુટુંબ જે પરિવાર, આતમાને નહિ સુત નાર...૨૯

આતમાને નહિ આપ પર, શત્રુ મિત્ર ને નહિ અવર;
આતમાને નહિ ધરા ધામ, આતમાને નહિ દેશ ગામ...૩૦

આતમાને નહિ ધન માલ, **અશન**[૯] વસન ભૂષણ **રસાલ**[૧૦];
માટે આતમા આપે મનાય, ત્યારે સર્વેથી નિઃસ્નેહ થાય...૩૧

આપે થઈ આતમસ્વરૂપ, ભજે પ્રભુ પરમાત્મારૂપ;
રાખે પુરુષોત્તમમાંહી પ્રીત, બીજે બેસે નહિ કિયાં ચિત્ત...૩૨

તેહ ભક્ત થયો એકાંતિક, જેના અંતરમાં હરિ એક;
એમ સમજ્યા જન જેહ, થયા નિરવિઘ્ન નિરસ્નેહ...૩૩

એમ સમજ્યા વિના જેહ જન, તે નિઃસ્નેહી નહિ નિર્વિઘન;
બીજી રીત્યે થાય નિરસ્નેહ, તેને ક્યાંય બંધાય સનેહ...૩૪

દેહરૂપ થઈ કરે ત્યાગ, તેનો ટકે નહિ વૈરાગ;
દેહ હોય ત્યાં દેહનું કુળ, દેહ સર્વે સનેહનું મૂળ...૩૫

જેમ માથેથી **મોડતાં**[૧૧] વૃક્ષ, લાગે પત્ર તેને બીજાં લક્ષ;
જ્યારે મૂળેથી વૃક્ષ છેદાય, શાખા પત્ર ફૂલ ફળ જાય...૩૬

તેમ દેહને ન માને આપ, ત્યારે જાય સમૂળો સંતાપ;
એમ સમજ્યા સંત સુજાણ, જેને મળ્યા પુરુષ પુરાણ...૩૭

થયો સનેહ શ્યામળા સંગે, થયું બીજું અભાવતું અંગે;
મન ઢળી આવ્યું એહ ઢાળે, વળે નહિ પાછું કોઈ કાળે...૩૮

એમ કહી નિઃસ્નેહીની રીત્ય, સહજે રહે છે સંત એમ નિત્ય;
નથી તેનો તે થાપ ઉત્થાપ, સ્વામી સહજાનંદ પ્રતાપ...૩૯

• **૧.** ગળફો • **૨.** ઊલટી • **૩.** છૂંદેલા માંસથી • **૪.** ખોપરી • **૫.** વીર્ય • **૬.** સળેખમ • **૭.** નાકનો મળ • **૮.** પુત્રી-પુત્ર-પત્ની • **૯.** ભોજન • **૧૦.** સ્વાદિષ્ટ • **૧૧.** કાપતા

## પૂર્વછાયો

સુંદર રીત્ય એ સંતની, એમ રહે તેહ નિરસ્નેહ;
પિંડ બ્રહ્માંડ પદારથે, કે'દી કરે નહિ સનેહ...૪૦

કામ લોભ ને સ્વાદ સનેહ, જીતી બેઠા તેહ જન;
માન તજ્યું જે મુનિયે, કહું સાંભળજ્યો સહુ જન...૪૧

ઈતિ શ્રીમદ્ એકાંતિક ધર્મપ્રવર્તક શ્રી સહજાનંદ સ્વામી શિષ્ય નિષ્કુળાનંદ મુનિ વિરચિતે ભક્ત ચિંતામણિ મધ્યે નિઃસ્નેહી વ્રતમાન કહ્યું તે નામે એકસો ને નવમું પ્રકરણમ્ **॥૧૦૯॥**

## નિર્માની વર્તમાન

### ૬૨૨ ભક્ત ચિંતામણિ - પ્રકરણ ૧૧૦ (રાગ : ચોપાઈ)

હવે કહું નર નિરમાન, જેને ભેટ્યા છે શ્રીભગવાન;
તે પ્રભુ છે સહુના સ્વામી, કર્તા નિયંતા અંતરજામી...૦૧

જેની ભ્રકુટિ વિલાસ માંય, કોટિ બ્રહ્માંડ ભાંગે ને થાય;
એવા સમર્થ શ્રી મહારાજ, સર્વે ઉપર છે અધિરાજ...૦૨

જે જે ધારે તે કારજ કરે, તે ફેરવ્યું કેનું નવ ફરે;
સર્વે કારણના કારણ જેહ, દીસે મનુષ્યોને મનુષ દેહ...૦૩

એવા પુરુષોત્તમ પરબ્રહ્મ, જેને નેતિ નેતિ કહે નિગમ;
તેહ દેખાયા મનુષ્ય આકાર, કરે બહુ જીવનો ઉદ્ધાર...૦૪

મેલી પોતાની મોટ્યપ નાથ, મળી રહ્યા મનુષ્યને સાથ;
થઈ નાથ આપે નિરમાન, કરે સંસારીનું સનમાન...૦૫

આપે સમર્થ ને સર્વે સહે, એવું નિરમાનીપણું ગ્રહે;
કરે તુચ્છ જીવ તિરસ્કાર, તે પર રોષ ન કરે લગાર...૦૬

હવે એવા પ્રભુના જે દાસ, કહો કેમ ન સહે **ઉપહાસ**[1];
જેના નિરમાની ભગવાન, તેના જનને જોયે કેમ માન...૦૭

માન રાખે તે રાક્ષસ દૈત્ય, જન હોય સદા માનજિત;
માન જોઈએ હિરણ્યાક્ષ અંગ, જેણે યુદ્ધ કર્યાં લેરી સંગ...૦૮

માન હિરણ્યકશિપુને જોઈએ, જેને જગમાં જીત્યો નહિ કોઈએ;
માન જોઈએ રાવણ જેવાને, એહ આદિ રાક્ષસ એવાને...૦૯

માન જોઈએ કંસ ભૂપાળને, બીજા શાલવ શિશુપાળને;
માન જોઈએ તે જરાસંધને, માન જોઈએ ધૃતરાષ્ટ્ર અંધને...૧૦

માન દુર્યોધનને તે જોઈએ, એહ આદિ એવા બીજા કોઈએ;
એવા દુષ્ટને માન જ ઘટે, હરિજન તો માનથી હટે...૧૧

માને કરીને જયવિજય, વૈકુંઠ થકી પડિયા તેય;
માને પડ્યો ઇંદ્ર સુરપતિ, માને પડ્યો નહુષ ભૂપતિ...૧૨

માને પડ્યો રાજા યયાતિ, બીજા સુરાસુર પડ્યા અતિ;
માને ચિત્રકેતુ કર્યો ચૂર, થયો તેહ વળી વૃત્રાસુર...૧૩

માને દક્ષ પામ્યો અતિ દુઃખ, થયું મોત ને વણશું મુખ;
માને ગયું રાવણનું રાજ, માને થયું બહુનું અકાજ...૧૪

માને ગયું કૌરવનું કુળ, માને ગયું છે કંસનું મૂળ;
માને સુર અસુર છે દુઃખી, માન રાખી થયા કોણ સુખી...૧૫

સ્વર્ગ મૃત્યુ પાતાળ મોઝાર, માને મારી મૂક્યાં નરનાર;
કામ ક્રોધ લોભ કે'દી જાય, પણ માન તે તો ન મુકાય...૧૬

નથી બીજા કોઈનો તે વાંક, માને રોળ્યા છે રાજા ને રાંક;
એવો નર નજરે ન આવે, જેના મનને માન ન ભાવે...૧૭

ઘર તજી જાય કોઈ વન, એકાંત્યે બેસી કરે ભજન;
અન્ન મૂકી ફળ ફૂલ ખાય, પણ માન તે તો ન તજાય...૧૮

કોઈ કરે તે નામ રટન, કોઈ કરે અવની **અટન**[૨];
ગંગા યમુના સરસ્વતી ના'ય, પણ માન તે તો ન તજાય...૧૯

કોઈ વધારે નખ ને કેશ, કરે તીર્થ ફરે દેશોદેશ;
પહેરે નહિ પગરખાં પાય, પણ માન તે તો ન તજાય...૨૦

કોઈ ઉઘાડા રહે અવધૂત, કોઈ ભૂંસે અંગમાં ભભૂત;
ધન નારીને નિકટ ન જાય, પણ માન તે તો ન તજાય...૨૧

કોઈ જ્ઞાની થઈ કરે જ્ઞાન, કોઈ ધ્યાની થઈ કરે ધ્યાન;
કોઈ ભક્ત થઈ ગુણ ગાય, પણ માન તે તો ન તજાય...૨૨

કોઈ રાખે કંથા ને ગોદડી, કોઈ રહે જિયાં તિયાં પડી;
સહે શીત ઉષ્ણ અંગમાંય, પણ માન તે તો ન તજાય...૨૩

કોઈ રહે મુખે મૌન સાધી, કોઈ જમે નહિ અન્ન રાંધી;
કાચું પાકું મળે તેવું ખાય, પણ માન તે તો ન તજાય...૨૪

કોઈ તપી થઈ કરે તપ, કોઈ જપી થઈ કરે જપ;
મેલે વસન ભૂષણ ઈછાય, પણ માન તે તો ન તજાય...૨૫

કવિ **કોવિદ**[૩] પંડિત પીર, યોગી યતિ સતી શૂરવીર;
માન ગયે મરવાને ચા'ય, પણ માન તે તો ન તજાય...૨૬

સર્વે મરે છે માનના માર્યા, માન આગળ કંઈક હાર્યા;
એવા માનને મેલી મહાંત, ભાવે ભજે છે શ્રીભગવંત...૨૭

મેલી પિંડ બ્રહ્માંડનું માન, સંત સદા રહે ગુલતાન;
અન્ય માનને જન ન ઈચ્છે, જેની મતિ તે મોટી થઈ છે...૨૮

આપે માને છે આતમા રૂપ, **સોહમ્**[૪] મનાણું બ્રહ્મસ્વરૂપ;
સ્થૂલ સૂક્ષ્મ કારણ દેહ, જાગ્રત સ્વપ્ન ને સુષુપ્તિ તેહ...૨૯

મન બુદ્ધિ ચિત્ત અહંકાર, પ્રાણ પંચ ઇંદ્રિય પરિવાર;
પંચ દેવ સપ્ત ધાતુ જેહ, એહ સર્વે મળીને આ દેહ...૩૦

જેમ કહ્યો શરીરનો સાજ, તેમ બ્રહ્માંડનો છે સમાજ;
તેની પાર પ્રકૃતિ પુરુષ, તેથી પર બ્રહ્મ એક રસ...૩૧

સત્ ચિત્ આનંદ સ્વરૂપ, એવું મનાણું આપણું રૂપ;
પછી બ્રહ્માદિ કીટ પર્યંત, તેમાં મોહ પામે કેમ સંત...૩૨

આપે થયા છે આતમારામ, દાસ સુખિયા પૂરણકામ;
મેલી પિંડ બ્રહ્માંડનું માન, થાય બ્રહ્મસ્વરૂપ ગુલતાન...૩૩

એવા માનમાં મસ્ત છે જેહ, બીજા માનને ન ઈચ્છે તેહ;
અવરમાં નથી ઉતાર્યું મન, કરવા પુરુષોત્તમ પ્રસન્ન...૩૪

એમ સમજ્યા સંત સુજાણ, તેને રહી નહિ કોઈ તાણ;
એમ આદિ અંત્યે મધ્યે જન, તજી માન ભજ્યા ભગવન...૩૫

એવું સમજીને સંત આજ, કર્યું તન મને માન તાજ;
થયા નિરમાની એમ સંત, જેને ભેટિયા શ્રીભગવંત...૩૬

તજી તન ને મનનું માન, રહ્યા હરિમાંહી ગુલતાન;
કામ લોભ ને સ્વાદ સનેહ, મેલ્યા માન આદિ પંચ એહ...૩૭

શોધી શત્રુનો કર્યો સંહાર, જીત્યા જન થયો જેજેકાર;
પંચ વૈરી મુવે ગયું પાપ, એહ પ્રકટ પ્રભુનો પ્રતાપ...૩૮

એહ પંચવૈરી પરચંડ, જેને વશ છે પિંડ બ્રહ્માંડ;
તેને જીતીને પામ્યા આનંદ, જેને સ્વામી મળ્યા સહજાનંદ...૩૯

● ૧. મજાક, મશ્કરી ● ૨. ફરવું ● ૩. વિદ્વાન, જાણકાર ● ૪. હું બ્રહ્મરૂપ છું

## પૂર્વછાયો

સહજે રહે સતસંગમાં, પંચ વરતને પરમાણ;
કામ લોભ સ્વાદને તજી, સનેહ માન સુજાણ...૪૦

એહ રીત ત્યાગી તણી, એમ મુનિ રહે અનેક;
હવે કહું સુણજ્યો સહુ, સાંખ્યયોગી બાઈયોની ટેક...૪૧

ઇતિ શ્રીમદ્ એકાંતિક ધર્મપ્રવર્તક શ્રી સહજાનંદ સ્વામી શિષ્ય નિષ્કુળાનંદ મુનિ વિરચિતે ભક્ત ચિંતામણિ મધ્યે નિર્માની વ્રતમાન કહ્યું તે નામે એકસો ને દશમું પ્રકરણમ્ ॥૧૧૦॥

## ૬૨૩ વચનવિધિ (નિષ્કુળાનંદ કાવ્ય) કડવું-૨૭

### (રાગ : ધન્યાશ્રી)

સાચા સંત જાણો જગતમાં થોડા જી, બીજા બહુ ઘરોઘર ફરે માથાફોડા જી;
જ્યાં ત્યાં ખાય છે જગતના જોડા જી, તેને જાણવા પ્રજાપતિ ઘરના ઘોડા જી.

ઘોડા પ્રજાપતિ ઘરના, ખાયે **ખતા**[૧] **ખણું ખણુંએ**[૨] ઘણું;
એવા સાધુ કે'વાય છે સંસારમાં, અતિ લબાડ લજામણું...૦૧

ખાન પાન ને રહે ખોળતા, **ત્રિયા**[૩] ધનને તાકે ઘણું;
માળા તિલક ને મુદ્રા એની, ધારે છે ધીરવવાપણું...૦૨

વેષ ઉપદેશ વારતા, કરે સાચા સંતના સરખી;
પણ ભરી ભૂંડાઈ ભીતરે, તે તો કોણે પણ નવ્ય પરખી...૦૩

**ફેલમાં**[૪] બહુ ફસી રહ્યાં, વ્યસની ને વળી વટાળ ઘણો;
તીર્થ વ્રત નિયમ ન માને, કરે દ્રોહ તે ધર્મ તણો...૦૪

એવા સાધુ થઈ સંસારમાં, પૂજાય છે પાપી મળી;
પ્રભુની બાંધી **મરજાદ**[૫]ને, ત્રોડવા છે ત્યાર વળી...૦૫

એવા સાધુને સેવતાં, પુન્ય પૂર્વનાં **પ્રજળે**[૬];
આપે ખોટ્ય મોટી અતિ, જે જનને એવા મળે...૦૬

ગદ્દા ધોળા ઘોળ્યા પરા, સારી લાગે શ્યામળી ગાય;
નિષ્કુળાનંદ ગાય પૂજિયે, પણ **ખર**[૭] ખરાં ન પૂજાય...૦૭

● **૧.** નુકસાન, માર ● **૨.** ક્ષણે ક્ષણે ● **૩.** સ્ત્રી ● **૪.** વિષયમાં ● **૫.** મર્યાદા ● **૬.** બળી જાય ● **૭.** ગધેડો

## ૬૨૪ સારસિદ્ધિ (નિષ્કુળાનંદ કાવ્ય) કડવું-૩૧

### (રાગ : ધન્યાશ્રી)

સારમાં સાર હરિની મૂર્તિ જી, તેમાં જેણે રાખી અખંડ વૃત્તિ જી;
હરિ વિના બીજે રાખે નહિ રતિ જી, તે ખરા સંત કહિયે મહામતિ જી.

મહામતિ તે સંત ખરા, મૂકે નહિ મહારાજની મૂરતિ;
અખંડ રાખે ઉર વિષે, જાણી કમાણી મોટી અતિ...૦૧

ચરણ જુએ તો ચરણ જોઈ રહે, ચિહ્ન જુએ તો જોઈ રહે ચિહ્ન;
નખ જુએ તો નખ જોઈ રહે, રહે ગર્ક[1] મહાજળે જેમ મીન...૦૨

ફણા ઘૂંટી પેનીને પેખી, લેખે જંઘા જોઈ તે સંત સુખ;
જાનુ ઉરુને જોઈ રહે, જોતાં કટિ મટી જાયે દુઃખ...૦૩

ઉદર નાભિને નીરખે, પેટ છાતી જુએ પ્રેમે કરી;
કંઠ તિલક કપોળ જોઈ, રાખે હરિમૂર્તિ ભાવે ભરી...૦૪

શ્રવણ નયણ નાસિકા જોઈ, ભ્રકુટિ ભાલને ભાળી રહે;
શીશે કેશ સુંદર વેષ, નખશિખ રૂપ નિહાળી રહે...૦૫

એમ અખંડ એક વરતિ, મૂર્તિને મૂકતી નથી;
જેમ સરિતા સાગર માંહી સન્મુખ, ચાલતાં ચૂકતી નથી...૦૬

અંગો અંગ અવલોક્યા વિના, અણુ અજાણ્યું પણ છે નહિ;
સાંગોપાંગ સર્વે સુંદર, હરિ હૈયામાં ગયા રહી...૦૭

તે જ જ્ઞાની તે જ ધ્યાની, જેને અખંડ રહે છે એમ ઉર;
જે જનને પ્રભુની મૂરતિ, રે'તી નથી અંતરથી દૂર...૦૮

એથી ઉપરાંત અન્ય બીજા, જ્ઞાની તે કેને ગણિયે;
નિષ્કુળાનંદ એ ખરા જ્ઞાની, બીજા ભવે ભળ્યા જ્ઞાની ભણિયો...૦૯

● ૧. ગરકાવ

## ૬૨૫ હરિબળ ગીતા (નિષ્કુળાનંદ કાવ્ય) કડવું-૯

### (રાગ : ધન્યાશ્રી)

હરિની આજ્ઞા માનવી મન જી, નરને કરવાં સર્વે સાધન જી;
તેમાં કાંઈ ફેર ન પાડવો જન જી, પ્રગટ પ્રભુને કરવા પ્રસન્ન જી.

પ્રસન્ન કરવા મહાપ્રભુને, રે'વું આજ્ઞાને અનુસાર;
જે જે જેના ધર્મ છે, તે તે પાળવા કરી પ્યાર...૦૧

ધર્મે રાજી ધર્મના સુત, ધર્મ સાધુનો શણગાર;
ધર્મ ધારી સહુ રહ્યા, ચાર વર્ણ આશ્રમ ચાર...૦૨

તેમ ધર્મ ત્યાગી તણા, નિર્લોભી ને નિષ્કામ;
નિઃસ્પૃહી નિરમાનિતા, નિઃસ્વાદી એહ નામ...૦૩

તેમાં ફેર એક તલભાર, નવ પડવા દેવો નેક;
મૂવા સુધી મૂકવી નહિ, ગૃહી ત્યાગી એહ ટેક...૦૪

મુખથી મોળી વારતા, ભૂલ્યે ભાષણ કરવી નહિ;
બળે સહિત બોલવું, સહુ સહુને ધર્મે રહી...૦૫

કાયરની વાતે કોઈને, ના'વે શૂરાતન સોય;
નપુંસક નરથી નારને, પુત્રની પ્રાપ્તિ ન હોય...૦૬

માટે હૈયે હિંમત ધારો, અને કરો ખરો ખેલ;
નિષ્કુળાનંદનો નાથ જી, થાશે રાજી અલબેલ...૦૭

## ૬૨૬ પુરુષોત્તમ પ્રકાશ (નિષ્કુળાનંદ કાવ્ય) પ્રકાર-૪૧

**(રાગ : ચોપાઈ)**

સર્વે રીતે સંતમાં રહું છું રે, એમાં રહી ઉપદેશ દઉં છું રે...૦૧

સંત બોલે તે ભેળો હું બોલું રે, સંત ન ભૂલે હુંયે ન ભૂલું રે;
સંત વાત ભેળી કરું વાત રે, એમ સંતમાં છઉં સાક્ષાત્ રે...૦૨

સંત જુએ તે ભેળો હું જોઉં રે, સંત સૂતા પછી હું સોઉં રે;
સંત જાગે તે ભેળો હું જાગું રે, સંત જોઈ અતિ અનુરાગું રે...૦૩

સંત જમે તે ભેળો હું જમું રે, સંત ભમે તે કેડ્યે હું ભમું રે;
સંત દુઃખાણે હું દુઃખાણો રે, એહ વાત સત્ય જન જાણો રે...૦૪

સંત હું ને હું તે વળી સંત રે, એમ શ્રીમુખે કહે ભગવંત રે;
સંત માનજો મારી મૂરતિ રે, એમાં ફેર નથી એક રતિ રે...૦૫

અંતર્યામીપણે રહું એમાં રે, માટે નથી બંધાતા એ કેમાં રે;
સંકલ્પ સ્વપન ઉપવાસ રે, તે તો કરે છે જાણી મુને પાસ રે...૦૬

માટે અખંડ એમાં રહું છું રે, સારી સત્ય સુબુદ્ધિ દઉં છું રે;
વળી જે જે મેં નીમ રખાવ્યા રે, તેમાં રહી એણે તન તાવ્યાં રે...૦૭

માટે સંત વા'લા મુને બહુ રે, ઘણી ઘણી વાત શું કહું રે;
એને અન્ન જળ **અંબર**[1] આપે રે, તે તો તપશે નહિ ત્રય તાપે રે...૦૮

લાગી પાયે ને જોડિયા હાથ રે, તે તો સહુ થાય છે સનાથ રે;
જોઈ રીતને રાજી જે થાશે રે, વળી ગુણ તે સંતના ગાશે રે...૦૯

કે'શે સંત તો એ બહુ સારા રે, ખરા કલ્યાણના કરનારા રે;
એટલો જ ગુણ કોઈ ગ્રે'શે રે, તે તો બ્રહ્મમો'લે વાસ લેશે રે...૧૦

એવા સંતની કરે પ્રશંસા રે, નીર્ખી હર્ખી હૈયામાં હુલસ્યા રે;
વળી વિનંતી વારંવાર રે, કરે સ્તુતિ તેહ અપાર રે...૧૧

તે તો પામશે પરમ ધામ રે, વળી થાશે તે પૂરણકામ રે;
કાં જે એ સંતમાં અમે છીએ રે, સાચા સંતથી દૂર ન રહીએ રે...૧૨

માટે સંત એ કલ્યાણકારી રે, ત્યાંથી બહુને લેવા છે ઉદ્ધારી રે;
મોટો માર્ગ જે મોક્ષ તણો રે, આજ કર્યો છે ચાલતો ઘણો રે...૧૩

એમ માંડ્યો છે મોટો અખાડો રે, બ્રહ્મમો'લ જાવા રાત્ય દા'ડો રે;
એવો અભાગી કોઈ ન કે'વાય રે, જે કોઈ આ સમામાં રહી જાય રે...૧૪

સંત દેશ પરદેશ ફરે છે રે, સહુ જીવના અઘ હરે છે રે;
એનાં દર્શન સ્પર્શ જે કરશે રે, તે તો ભવજળ પાર ઊતરશે રે...૧૫

એ તો **વીશવસાની**[૨] છે વાત રે, સહુ સમજજો સાક્ષાત્ રે;
કહ્યું શ્રીમુખે એમ મહારાજ રે, સાકટમ નોતરું છે આજ રે...૧૬

● ૧. વસ્ત્ર ● ૨. જન્મેલું બાળક વીસ વાહાનું (વીસ દિવસનું) થાય પછી ચિંતા નહીં એવી નિશ્ચિંતતાવાળી વાત

## ૬૨૭ પુરુષોત્તમ પ્રકાશ (નિષ્કુળાનંદ કાવ્ય) પ્રકાર-૪૨

### પૂર્વછાયો

વળી કહું કોઈ સંતને, સેવશે શ્રદ્ધાવાન;
તેના અંતરથી ઊછળી રે, વળી જાશે જાણો અજ્ઞાન...૦૧

સંત સેવ્યાથી સુખ મળે, વળી ટળે તન મન તાપ;
પરમ ધામને પામીયે, તે પણ સંત પ્રતાપ...૦૨

તે સંત શ્રી હરિ તણા, પ્રભુ પ્રગટના મળેલ;
શૂરા સત્ય ધર્મ પાળવા, પંચવિષયથી પાછા વળેલ...૦૩

પરમાર્થ અર્થે આવિયા, નિજ સ્વાર્થ નહિ લવલેશ;
એવા થકા ભમે ભૂમિમાં, આપે સહુને સારો ઉપદેશ...૦૪

### ચોપાઈ

આપે જ્ઞાનદાન જનને રે, કહી વા'લપના વચનને રે;
હિતકારી છે સહુના સ્નેહી રે, જાણો પર ઉપકારી એહી રે...૦૧

સાચા સંત સગાં સૌ જનનાં રે, ઉદાર છે અપાર મનના રે;
જેને શત્રુ મિત્ર સમતોલે રે, સુખે દુઃખે દિલમાં ન ડોલે રે...૦૨

હાનિ વૃદ્ધિ ને સમ વિષમ રે, નથી આપ અરથે ઉદ્યમ રે;
હર્ષ શોક ને નૈ હાર્ય જીત રે, માન અપમાને સમ ચિત્ત રે...૦૩

અહં મમત ને મારું તારું રે, એહ નથી લાગતું જેને સારું રે;
જક્તદોષ નથી જેમાં જરા રે, એવા સંત તે સંત મારા ખરા રે...૦૪

એમાં રહું છું હું રાત્ય દિન રે, સત્ય માનજો મારું વચન રે;
અતિ પવિત્ર અંતર પેખી રે, સદા રહ્યો છું શુદ્ધ લેખી રે...૦૫

એવા સંતને હૃદયે રહી રે, કરું જીવનાં કલ્યાણ કંઈ રે;
એહ સંત મળે જે જનને રે, કરે પળમાંહી પાવન તેને રે...૦૬

એવા સંત છે સગાં સહુનાં રે, સુખદાયક જન બહુના રે;
જેવી એ સંત કરે છે સા'ય રે, તેવી કોઈ થકી કેમ થાય રે...૦૭

માતતાત ને સગાંસંબંધી રે, કરે હિત એહ બહુ વિધિ રે;
એનું હિત રહે યાંનું યાંહી રે, ના'વે કલ્યાણના કામ માંહી રે...૦૮

દેવ ગુરુ કુળ ને કુટુંબ રે, એહ નહિ સાચા સંત સમ રે;
સાચા સંત તેમાં અમે રૈ'યે રે, મળી જીવને અભયદાન દૈયે રે...૦૯

અભયદાન તો એવું કે'વાય રે, કાળ માયાથી નાશ ન થાય રે;
એવું કોઈ વિઘન ન કા'વે રે, જે કોઈ નિર્ભયને ભય ઉપજાવે રે...૧૦

એવું નિર્ભય પદ નિર્વાણ રે, તેના દેનારા સંત સુજાણ રે;
એવા સંતનો જેને આશરો રે, તે તો સંશે પરો પરહરો રે...૧૧

જાણો જનમ મરણ ભય ટાળી રે, જાશું ધામે વજાડતાં તાળી રે;
સંત સમાગમ પરતાપે રે, જાશું બ્રહ્મમો'લ માંહી આપે રે...૧૨

એમ સહુને કહે શ્રીહરિ રે, સત્સંગ મહિમા ભાવ ભરિ રે;
મોટું દ્વાર છે એ મોક્ષતણું રે, આજ ઉઘાડ્યું છે અતિ ઘણું રે...૧૩

કહ્યું બહુ પ્રકારે કલ્યાણ રે, અતિ અગણિત અપ્રમાણ રે;
પણ સહુથી સરસ સંતમાં રે, રાખ્યું વાલમે એની વાતમાં રે...૧૪

એમ ઉઘાડ્યાં અનંત બાર રે, વા'લે કલ્યાણનાં આ વાર રે;
જે જે ધારી આવ્યા હતા વાત રે, તે તો પૂરી થઈ સાક્ષાત્ રે...૧૫

જ્યારે થયું છે પૂરું એ કામ રે, ત્યારે રાજી થયા ઘનશ્યામ રે;
કર્યો જે જેકાર જીવ તારી રે, વળતી વાલમે વાત વિચારી રે...૧૬

## ત્યાગીના ધર્મ વિષે

### ૬૨૮ (ઉપજાતિ વૃત્ત) શ્રીહરિલીલામૃતમ્ : કળશ-૩, વિશ્રામ-૬

જે મોત જાણી ડરી જાય યોગી, જોગી નહિ ભૂતળ તેહ ભોગી;
જે દેહને તો તૃણતુલ્ય જાણે, તે મોતનો ત્રાસ ઉરે ન આણે...૦૧

દુઃખે ડરે તો ઘર શીદ છાંડે, જોગી મરે તો નહિ રાંડ રાંડે;
જેને મરીને હરિધામ જાવું, તેને નહિ મોત થકી મૂંઝાવું...૦૨

જ્યાં ખાન ને પાન મળે વિશેષ, જોગી રહે જો જઈ તે પ્રદેશ;
તો વાસના તેની નથી જવાની, અંતે વળી મુક્તિ નથી થવાની...૦૩

સંસાર છોડ્યો તપ કાજ જેણે, ન ઈચ્છવું દૈહિક સુખ તેણે;
વસ્તુ હરે કે અપમાન થાય, જોગી તણી કિંમત ત્યાં જણાય...૦૪

**રામા**[1] તથા દ્રવ્ય રસાસ્વાદ, તેથી ભૂંડો માન વડો **નિષાદ**[2];
માને ઘણા પંડિત **પ્રૌઢ**[3] માર્યા, જોગી જનોને વનમાં વિદાર્યા...૦૫

● ૧. સ્ત્રી ● ૨. ચંડાળ ● ૩. ગંભીર મુદ્રાવાળા

## અસંત-સંત વિષે

### ૬૨૯ (ઉપજાતિ વૃત્ત) શ્રીહરિલીલામૃતમ્ : કળશ-૩, વિશ્રામ-૧૩

જે ઢોંગ ધારી જન **ધૂર્તિ**[1] ખાશે, અંતે ફજેતી અતિ તેની થાશે;
તેનાં ફળો ભોગવશે જરૂર, આ લોકમાં કે જમની હજૂર...૦૧

જેણે તજી અષ્ટ પ્રકાર નારી, જેણે તજ્યાં છે વ્યસનો વિચારી;
ન દ્રવ્ય રાખે નહિ ગાળ ભાખે, એવા ગુરુ સેવન શાસ્ત્ર દાખે...૦૨

અસંત ને સંત સમાન જાણે, તે તો જનો જાણ પશુ પ્રમાણે;
વિવેકની દૃષ્ટિ વિનાશ થાય, તે લોક એવા ઠગથી ઠગાય...૦૩

સારું નઠારું સમજુ જ જાણે, **શ્રીકાર**[2] વસ્તુ પરખી વખાણે;
અજ્ઞાનીને તો સઘળું સમાન, શ્રીકાર કે હોય વિકારવાન...૦૪

શાસ્ત્રો વિષે સંત અસંત કેરાં, લખ્યાં દીસે લક્ષણ તો ઘણેરાં;
તથાપિ તે દીપક હાથ લઈને, પડે કૂવામાં જડ બુદ્ધિ જઈને...૦૫

સાધુ તણાં લક્ષણ હોય કેવાં, તે સાંભળીને દિલ ધારી લેવાં;
વૈરાગ્ય સાચા થકી સાધુ થાય, તેના થકી સાધુપણું પળાય...૦૬

વૈરાગ્ય સાચો ઉર હોય જેને, કદી રજોગુણ ગમે ન તેને;
ત્યાગી ઝીણાં વસ્ત્ર ધરે ન અંગે, ધરે ન રંગેલ વિચિત્ર રંગે...૦૭

દીવો વસે ફાનસ મધ્ય જ્યારે, દેખાય બાહાર પ્રકાશ ત્યારે;
જો કામના અંતરમાં વસે છે, દેહે રજોગુણ તદા દીસે છે...૦૮

પૂજા વિષે વસ્તર મૂલ્યવાળું, રાખે નહિ રેશમનું રૂપાળું;
જે રાખશે શોભિત વસ્તુ પાસે, તો વાસના તેહ વિષે જડાશે...૦૯

આજ્ઞા કરી છે હરિ આપ એમ, સાધુ રહે **આર્ષધ**[૩] વિપ્ર જેમ;
કલ્યાણ કાજે જન સાધુ થાય, આજ્ઞા પ્રમાણે વરતે સદાય...૧૦

વૈરાગીને તો **તપસા**[૪] ગમે છે, તે એક વારે દિનમાં જમે છે;
જે ભૂખના દુઃખથી સાધુ થાય, તે પુષ્ટ થાવા બહુવાર ખાય...૧૧

શરીરને સાધુ અસત્ય જાણે, ઈચ્છા ઘણા ઔષધની ન આણે;
દૈહિક દુઃખે દુખિયા ન થાય, તે સાધુ સાચા શ્રુતિ શાસ્ત્ર ગાય...૧૨

શરીર સાજું નિજનું નકી છે, તો અંતરે વાહનને ન ઈચ્છે;
જો ચ્હાય સાંસારિક સુખ ત્યાગી, સંસાર શા માટ તજ્યો અભાગી...૧૩

સ્ત્રી પુત્ર ત્યાગી **વિતરાગી**[૫] થાય, ચેલા વિષે વૃત્તિ પછી જડાય;
મમત્વ રાખે મનમાં ધરીને, તો શું કર્યું તેં ભગવાં કરીને...૧૪

ત્યાગી થયો ને ઘરબાર છોડ્યું, શરીર સુખે વળી ચિત્ત જોડ્યું;
ગમ્યું ન તીર્થે ઘર તો લગાડ્યું, બન્ને પ્રકારે નિજનું બગાડ્યું...૧૫

**જતિ**[૬] થયા વિશ્વ અસત્ય જાણી, દેહાંત શ્રદ્ધા નહિ તે રખાણી;
ધીમે ધીમે વસ્ત્ર ધર્યાં રૂપાળાં, રાખ્યાં ગૃહસ્થો સમ પેટી તાળાં...૧૬

**અતીત**[૭] તો **વિશ્વવ્યતીત**[૮] થૈને, વસ્યા હતા તે વનવાસ જૈને;
ધીમે ધીમે ત્યાગીપણું ગયું છે, ગૃહસ્થ માથે ભગવું રહ્યું છે...૧૭

માયા મહાપાપ લગાડનારી, ધીમે ધીમે ધર્મ બગાડનારી;
જોગી જને જાગ્રત થૈ રહેવું, ચેતાય તો અંતર ચેતી લેવું...૧૮

કહે ગુરુ **વિકૃત**[૯] વેષ ધારો, સભા વિના લોકગૃહે પધારો;
ભિક્ષા સભા કારણથી જ જાય, આજ્ઞા ન લોપે હરિની કદાય...૧૯

દૈવી તથા આસુરી જીવ જાતિ, જો હોય તે બે સરખી જણાતી;
સત્સંગમાં જો કદી તે રહે છે, જાતિ સ્વભાવે ગુણને ગ્રહે છે...૨૦

● **૧.** છેતરીને ● **૨.** સુંદર, ઉત્તમ, સારી ● **૩.** પવિત્ર ● **૪.** તપશ્ચર્યા ● **૫.** વૈરાગી ● **૬.** યતિ, સંત ● **૭.** પહેલાંનું (વીતી ગયેલું) ● **૮.** જગત છોડીને ● **૯.** વિકારવાળો અથવા વિચિત્ર

## ત્યાગીના ધર્મ વિષે

### ૬૩૦ (ઉપજાતિ વૃત્ત) શ્રીહરિલીલામૃતમ્ : કળશ-૩, વિશ્રામ-૨૧

કહે મહારાજ સુણો સુભક્ત, સંસારથી હોય સદા વિરક્ત;
ઈચ્છે ન સાંસારિક સુખ અંગે, પોઢે નહિ કષ્ટ વિના પલંગે...૦૧

માંદા થયાનો મિષ ઉર આણી, પોઢે પલંગે જન ત્યાગી જાણી;
ઠગે જનોને પ્રભુ શું ઠગાશે, જોગી થયાનું ફળ વ્યર્થ જાશે...૦૨

અસંત એ તો નહિ સત્ય સંત, આવે ન એને ભવદુઃખ અંત;
સેવા સજે એની સુસંત જાણી, ન પુણ્ય પામે પસ્તાય પ્રાણી...૦૩

જોગી થઈને ભરતાદિ જેમ, વર્ત્યા સદા જે વરતે ન તેમ;
ગૃહસ્થને જોગ્ય પદાર્થ અર્થ, જો તેહ ઈચ્છે વ્રત તેનું વ્યર્થ..૦૪

સંસાર કેરું સુખ સર્વ છોડ્યું, તેવા સુખોમાં વળી ચિત્ત જોડ્યું;
માનાપમાને સુખ દુઃખ થાય, તો ત્યાગી સાચો નહિ તે ગણાય...૦૫

જો વૃદ્ધ કે આતુર તે ન હોય, બેસે જતિ વાહનમાં ન કોય;
કાયા કરી શ્રીજી પ્રસન્ન કાજ, ધરે નહિ તે લવ લોક લાજ...૦૬

## ત્યાગીએ સ્ત્રીઓનો પ્રસંગ તજવા વિષે

### ૬૩૧ (ઉપજાતિ વૃત્ત) શ્રીહરિલીલામૃતમ્ : કળશ-૪, વિશ્રામ-૨

સંતો કરો ચિત્ત વિષે વિચાર, આ રીત સારી નથી રે લગાર;
સ્ત્રીયો તણો કાંઈ પ્રસંગ જે છે, ત્યાગીજનોને ભયકારી તે છે...૦૧

જે વચનામૃત મધ્ય પાંત્રીસમાં કહ્યું છે, તેમાં ખરું તત્ત્વ ઘણું રહ્યું છે;
ત્યાગી કરે નારી તણો પ્રસંગ, જરૂર તેનું વ્રત થાય ભંગ...૦૨

પ્રત્યક્ષ છે કામિની દેવમાયા, જોનાર તો **વશ્ય**[૧] થયા જણાયા;
દીવે પડે **અંધ પતંગ**[૨] જેમ, સ્ત્રીમાં નરોની મનવૃત્તિ એમ...૦૩

સુરા પીવાથી મદ થાય ચિત્તે, સ્ત્રીને નિહાળ્યા થકી એ જ રીતે;
તે માટ નારી થકી દૂર થાવું, સ્ત્રી પાસ ત્યાગી જનને ન જાવું...૦૪

જુએ નહિ ચિત્રની કામિનીને, અડે નહિ પૂતલી કાષ્ઠનીને;
ત્યાગી તણો છે શુભ એ જ ધર્મ, સંતો વિચારો સુણી શાસ્ત્ર મર્મ...૦૫

છે અષ્ટધા ઉત્તમ બ્રહ્મચર્ય, જાણો તમે તે સહુ સાધુવર્ય;
નારીની સાથે સુણતાં કથાય, તે બ્રહ્મચર્યવ્રત ભંગ થાય...૦૬

સ્ત્રીદેહ છે પાવક હોય જેવો, ઘીનો ઘડો છે નરદેહ એવો;
પાસે રહ્યાથી પીગળી જ જાય, ત્યાગી તણો ધર્મ વિનાશ થાય...૦૭

રહે મળીને **દવ**[3] **દારુ**[4] કેમ ? રહે ન નારી નર ધર્મ તેમ;
લોઢું ચળે ચુંબક લોહ સંગે, ત્યાગી ચળે નારી તણે પ્રસંગે...૦૮

**મયૂર**[5] જાગે સુણી મેઘસાદ, **મનોજ**[6] જાગે સુણી નારી સાદ;
**ભીત્યન્તરે**[7] નારી તણો નિવાસ, ત્યાગી વસે તો વ્રતનો વિનાશ...૦૯

નારી તણો દેહ અરણ્ય જાણો, મનોજ ત્યાં સિંહ સમ પ્રમાણો;
તે તો નરોને મૃગ તુલ્ય જાણે, જરૂર મારે નિજ નેત્રબાણે...૧૦

તપસ્વીને તે તપમાંથી પાડે, સમાધિમાંથી સિધને જગાડે;
છે કામિની તો અતિ કષ્ટકારી, શરીરનું **શોણિત**[8] શોષનારી...૧૧

છે નારી તો નિર્લજ એમ જાણો, તે પાપ મૂર્તિ પ્રગટ પ્રમાણો;
છેદાવિયું નાક સુવર્ણ કાજ, તેને પછી શી રહી લોકલાજ...૧૨

છે ચોટલો કે શિર સાપ કાળો, છે રાક્ષસીના સમ નેત્રચાળો;
જો જીવવાની ઉર આશ હોય, તો કામિની પાસ જશો ન કોય...૧૩

જેને પગે **નેવળ**[9] નાખિયાં છે, બે હાથમાં બંધન રાખિયાં છે;
છે નાકમાં તો દૃઢ નાથ ઘાલી, તથાપિ તે જાય સ્વતંત્ર ચાલી...૧૪

જ્યાં સુંદરીના શબને બળાવ્યું, તે સ્થાનમાં ત્યાગી જને ન જાવું;
જો રાખ ઊડી નિજ અંગ લાગે, તેથી કદી **મન્મથ**[10] ઝાળ જાગે...૧૫

હાથી જતાં ઘંટ ધ્વનિ સુણાય, નારી જતાં નેપૂર નાદ થાય;
ચેતાવવાની જુગતી પ્રકાશી, અરે જજો સૌ જન દૂર નાસી...૧૬

સમુદ્રમાં ચુંબક **શૈલ**[11] જ્યાં છે, સિકંદરે પૂતળી રાખી ત્યાં છે;
તેના થકી દૂર જવું ડરીને, **શ્યામા**[12] થકી તેમ જ **સંચરી**[13]ને...૧૭

બલિષ્ઠ છે ને અબળા ગણાય, જેના કટાક્ષે નર વશ્ય થાય;
છે લાજહીણી પણ લાજ તાણે, જો થાય ભૂંડી હરી જાય પ્રાણે...૧૮

જે ઉંદરોથી ડરી દૂર ચાલે, તે કેસરીના પણ કાન ઝાલે;
જે દોરડી દેખી દિલે ડરે છે, **ભોરિંગ**[૧૪] માથે પગ તે ધરે છે...૧૯

કોદાળી ઝાલી કદી ના જણાય, તે **છાટ**[૧૫] તોડી ધન ચોરી જાય;
દીઠું નહિ ભોંયરું કોઈ દા'ડે, પાતાળમાં એ જ સળંગ ભાળે...૨૦

જીવે કદી જે સરપે ડસેલા, જીવે કદી જે દવમાં ધસેલાં;
જેને સ્ત્રીયે અંતર દંશ દીધા, તેને કરી **ચર્વણ**[૧૬] **ચૂર્ણ**[૧૭] કીધા...૨૧

જે બ્રહ્મચર્ય વ્રત શુદ્ધ પાળે, તે શાસ્ત્રનો માર્ગ સદૈવ ઝાલે;
હરિકથા કીર્તન થાતું હોય, સ્ત્રીની સભામાં નવ જાય તોય...૨૨

હરિકથા કીર્તન ગાય બાવા, જો ચાહીને સુંદરીને સુણાવા;
તો ત્યાગીનો તત્ક્ષણ ધર્મ જાય, તેને પ્રભુ કેમ પ્રસન્ન થાય...૨૩

● **૧.** વશ ● **૨.** અગ્નિમાં આસક્ત પતંગિયું ● **૩.** દાવાનળ ● **૪.** લાકડું ● **૫.** મોર ● **૬.** મનની વાસના ● **૭.** મનમાં, ભીતરમાં, અંતરમાં ● **૮.** લોહી ● **૯.** બેડી ● **૧૦.** કામવાસના ● **૧૧.** પહાડ, પથ્થર ● **૧૨.** યુવાન સ્ત્રી ● **૧૩.** સાચવીને ● **૧૪.** મોટો નાગ ● **૧૫.** ઢાંકેલો મોટો પથ્થર ● **૧૬.** ચારેય વર્ણ ● **૧૭.** ચાવી નાખ્યા

## સાધુ પાસે નિર્માની રહેવા વિષે

### ૬૩૨ (ઉપજાતિ વૃત્ત) શ્રીહરિલીલામૃતમ્ : કળશ-૫, વિશ્રામ-૯

અનન્ય જે ભક્ત મહાપ્રભુના, નવા જનો કે જન હોય જૂના;
ન રાખીએ મોટપ તેની પાસ, કલ્યાણની જો ઉર હોય આશ...૦૧

જ્યાં **ખાસડાં**[૧] સંત તણાં પડે છે, ત્યાં બેસવા મારગ જો જડે છે;
માને મહાભાગ્ય તણો પ્રકાશ, કલ્યાણની જો ઉર હોય આશ...૦૨

જો **શૂળીએ**[૨] સંત કદી સુવારે, તથાપિ કૃપા સુજાણ ધારે;
લે સંત પાસે મુખમાંહી ઘાસ, કલ્યાણની જો ઉર હોય આશ...૦૩

કરે તિરસ્કાર કદાપિ સંત, ન સંતનો દ્રોહ કરે **ધીમંત**[૩];
કરે સદા સંત સમીપ વાસ, કલ્યાણની જો ઉર હોય આશ...૦૪

કરે રસાસ્વાદ તણો નિષેધ, જો થાય તે વાક્યથી **ચિત્તવેધ**[૪];
ન થાય તેથી દિલમાં ઉદાસ, કલ્યાણની જો ઉર હોય આશ...૦૫

રજો તમોના ગુણ જો જણાય, તે ટાળવા સંત કરે ઉપાય;
તે તર્ત છોડે ન પડે પ્રયાસ, કલ્યાણની જો ઉર હોય આશ...૦૬

વાંચે ભણે તે સતશાસ્ત્ર નિત્ય, સંસારમાં સ્વલ્પ ધરે ન ચિત્ત;
કરે નહિ ગ્રામ્યકથા વિલાસ, કલ્યાણની જો ઉર હોય આશ...૦૭

તપે કરી દુર્બળ દેહ રાખે, સ્વાદિષ્ટ જાણી નહિ સ્વાદ ચાખે;
કરે વિશેષે વ્રત ઉપવાસ, કલ્યાણની જો ઉર હોય આશ...૦૮

● ૧. જોડાં ● ૨. કાંટામાં ● ૩. બુદ્ધિમાન ● ૪. ચિત્ત વીંધનાર

## ત્યાગીના ધર્મ વિષે

### (ઉપજાતિ વૃત્ત) – શ્રીહરિલીલામૃતમ્ : કળશ-૫, વિશ્રામ-૧૨

### (ચોપાઈ)

જેવો પુરુષને નારીનો સંગ, તેવો પ્રમદાને પુરુષ પ્રસંગ;
એ તો છે ઘૃત અગ્નિ સમાન, એમાં કરવું નહિ અભિમાન...૦૧

લીધી હોય જો ઇંદ્રિયો જીતી, તોયે સૌને શીખવવા સુરીતિ;
મોટા મુક્ત રહે સ્ત્રીથી દૂર; એવી રીત ચલાવવા જરૂર...૦૨

## ક્ષમા વિષે

### ૬૩૩ (ઉપજાતિ વૃત્ત) શ્રીહરિલીલામૃતમ્ : કળશ-૫, વિશ્રામ-૧૪

કલ્યાણ માટે જન સાધુ થાય, તેનાં રૂડાં લક્ષણ તો જણાય;
ક્ષમા દયા ધીરજ ચિત્ત ધારે, ન કામ કે ક્રોધ નડે જ ક્યારે...૦૧

મારે લૂંટે દુર્જન ગાળ દેય, જે સાધુ સાચા સહુ સાંખી લેય;
કંઠી કદાપિ **ખળ**[૧] આવી તોડે, લડે ન સાધુ કદી તેની જોડે...૦૨

જે પિંડ બ્રહ્માંડથી નેહ ત્યાગે, શી વસ્તુ તેને પછી સારી લાગે;
જો તુંબડું પત્તર દુષ્ટ ફોડે, તથાપિ સાધુ **શમતા**[૨] ન છોડે...૦૩

સ્ત્રીને નિહાળી મન થાય કામી, કે થાય ક્રોધી અપમાન પામી;
કે દ્રવ્ય માટે દિલ લોભી થાય, તે સંત તો સત્ય નહિ ગણાય...૦૪

ક્ષમા થકી ઈશ્વર રાજી થાય, ક્ષમા થકી વિશ્વ બધું જિતાય;
સ્વધર્મ સચ્છાસ્ત્ર વિશે જ વાંચો, ક્ષમા તજે તે નહિ સાધુ સાચો...૦૫

વિનાપરાધે ખળ દુઃખ દેય, તે દુઃખ જો સજ્જન સાંખી લેય;
સહાયતા શ્રીજી કરે જરૂર, ક્ષમા તજે તો પ્રભુ જાય દૂર...૦૬

ભલા તણું ભૂષણ તો ક્ષમા છે, ક્લેશનું કારણ અક્ષમા છે;
ક્ષમા ધરે તે સુખિયા સદાય, ક્ષમા વિના પ્રાણી ઘણા પીડાય...૦૭

જો ચંદને શીતળતા ન હોય, કહે નહિ ચંદન નામ કોય;
જો ન ક્ષમા સદ્‌ગુરુમાં જણાય, સાચા નહિ સદ્‌ગુરુ તે ગણાય...૦૮

દ્વેષી જનોનું પણ સારું ઇચ્છે, એવી સદા સજ્જનની રીતિ છે;
જે શસ્ત્ર તો ચંદન વૃક્ષ કાપે, તે શસ્ત્રને તોય સુગંધ આપે...૦૯

જો સંતને દુર્જન મારી નાખે, તથાપિ તે સંતપણું જ રાખે;
બાળે કદી ચંદન કાષ્ઠ કોય, દે તેહને તેહ સુગંધ તોય...૧૦

ન અન્નતુલ્યયે જડીબુટ્ટી જોઈ, શ્રીહરિ તુલ્યે નહિ દેવ કોઈ;
ક્ષમાની તુલ્યે નહિ કોઈ જાપ, નિંદાની તુલ્યે નહિ કોઈ પાપ...૧૧

ક્ષમા સ્વરૂપી શુભ શસ્ત્ર જેને, રહે ન કોઈ પણ શત્રુ તેને;
વિદ્યા ક્ષમા તો વશીકારણી છે, ક્ષમા વિશે શક્તિ રહી ઘણી છે...૧૨

જો સિંહણી દૂધ સુવર્ણ પાત્રે, રહી શકે છે નહિ પાત્ર માત્રે;
સુપાત્રમાં તેમ ક્ષમા રહે છે, કુપાત્રથી દૂર જવા ચહે છે...૧૩

સુવર્ણને તાપ વિષે તપાવે, ત્યારે પરીક્ષા જ જણાઈ આવે;
અસંત ને સંત સમાન લાગે, જણાય જ્યારે બહુ માન ભાંગે...૧૪

કહે કવિ ધન્ય ફણીંદ્ર નાગ, ક્ષમા ધરી તેં નિજ શીશ ભાગ;
શેષે કહ્યું શું **લવરી**[૩] કરે છે, સાધુ ક્ષમા **દુર્ધર**[૪] તો ધરે છે...૧૫

ઋષીશ બોલ્યા જમદગ્નિ ડાહ્યા, ક્ષમા વડે વિપ્ર અમે પૂજાયા;
ઐશ્વર્ય મોટું અતિ એ વડું છે, ક્ષમા વડે તે અમને જડ્યું છે...૧૬

શોભે પ્રભા સૂરજ કેરી જેવી, વિદ્યા તથા લક્ષ્મી ક્ષમાથી તેવી;
ક્ષમા થકી શ્રીહરિ રાજી થાય, ક્ષમાનું સામર્થ્ય કહ્યું ન જાય...૧૭

ક્ષમા વિષે વીર્ય ઘણું રહે છે, અશક્ત તેને અબુધો કહે છે;
ક્ષમા વડે વિશ્વ **સુવશ્ય**[૫] થાય, ક્ષમા વડે સ્વાર્થ બધા સધાય...૧૮

રાખે નહિ જે મનમાં ક્ષમાને, તે પાપી થૈ પાપી કરે બીજાને;
સશક્તને ભૂષણ તો ક્ષમા છે, અશક્તને તે ગુણ શ્રેષ્ઠતા છે...૧૯

ક્રોધે કરી જે જન ગાળ દે છે, સત્કર્મ તેનાં સઘળાં બળે છે;
જે ગાળ સાંખે અઘ તેનું જે છે, તે ગાળ દેનાર જ ભોગવે છે...૨૦

• **૧.** ઠગારો, છેતરનારા • **૨.** ધીરજ • **૩.** બકવું (ગમે તે બોલવું) • **૪.** ધારી ન શકાય તેવી
• **૫.** સારી રીતે વશ થાય

## (વૈતાલીય વૃત્ત)

**હળ**[1] ને ખળ **વક્રતા**[2] ધરે, **પરકેરી**[3] ખૂબ ખોદણી કરે;
મુખથી દુઃખ આપતા રહે, પણ તે સર્વ સદા ક્ષમા સહે...૨૧

● ૧. ખેતર ખેડવાનું સાધન ● ૨. વળાંક ● ૩. બીજાની

## અભિમાન વિષે

### ૬૩૪ (રથોદ્ધતા વૃત્ત) શ્રીહરિલીલામૃતમ્ : કળશ-૫, વિશ્રામ-૨૧

ગર્વ સર્વ સુખ નાશકાર છે, ગર્વમાંહી દુઃખ તો અપાર છે;
ગર્વવાન તૃણ તુલ્ય થાય છે, ગર્વ ગંજન હરિ ગણાય છે...૦૧

યોગ ધારી અભિમાન જે ધરે, તો ભવાબ્ધિ કદીયે ન તે તરે;
માનથી જ સદ્‌બુદ્ધિ જાય છે, જાપ યજ્ઞ તપ નાશ થાય છે...૦૨

કામ ક્રોધ થકી માન **નેષ્ટ**[1] છે, માન સર્વ થકી શત્રુ શ્રેષ્ઠ છે;
કામ ક્રોધ જીતતાં જિતાય છે, માન પાસ જન હારી જાય છે...૦૩

રાવણાદિ જગ જીતી જામિયા, માનથી જ પણ મૃત્યુ પામિયા;
દેવ દૈત્ય નર નાગના મુખી, માનથી જ બહુ થાય છે દુઃખી...૦૪

ભક્તિ સાધી જન ધામમાં ચડે, માન શત્રુ જઈને તહાં નડે;
કામ લોભ નહિ ધામમાં નડ્યા, માનથી જ મોટા મોટા પડ્યા...૦૫

જો શાસ્ત્રો ને ગ્રંથો મોટા ભણે, શ્રેષ્ઠ થાય કદી સદ્‌ગુણે ઘણે;
તોય હોય અભિમાન તો નડે, જેમ ઝેર પયમાં કદી પડે...૦૬

જો અજાણી કશી વારતા રહી, માની માન તજીને પૂછે નહીં;
જેમ ઘેલી રસ લોટમાં ધરી, આપ બુદ્ધિ રસ રોટલી કરી...૦૭

કાંઈ હોય કદી પાત્રતાપણું, માનરૂપી પણ થાય ઢાંકણું;
તો ન થાય ગુણ પ્રાપ્ત તે વિષે, હોય માંહી ગુણ તે નહિ દીસે...૦૮

મૂછ દાઢી મુખથી મૂંડાવિયાં, વસ્ત્ર અંગ ભગવાં ધરાવિયાં;
ના જાત તજી નીકળ્યો અરે, મૂર્ખ દેહ અભિમાન શું ધરે ?...૦૯

ત્યાગી લાજ કર તુંબડું ગ્રહ્યું, રાખ ચોળી પછી માન ક્યાં રહ્યું;
ભીખ માંગી નિજ પેટ તો ભરે, મૂર્ખ વ્યર્થ અભિમાનને ધરે...૧૦

એક એક થકી શ્રેષ્ઠ હોય છે, ક્યાં અનન્ય ગુણવાન કોય છે;
ચંદ્ર ઈંદ્ર પણ અલ્પ પાત્ર છે, તો મનુષ્ય જન કોણ માત્ર છે...૧૧

● ૧. અનિષ્ટ, ભૂંડું, ખરાબ

## ૬૩૫ ટેક રાખવા વિષે

### (ઉપજાતિ વૃત્ત) શ્રીહરિલીલામૃતમ્ : કળશ-૫, વિશ્રામ-૨૩

અધર્મી લોકો ન અધર્મ મૂકે, તો સંત તે કેમ સ્વધર્મ ચૂકે;
તજે નહિ પાવક ઉષ્ણતાને, તજે નહિ બર્ફ સુશીતતાને...૦૧

જો સર્પ લે જીવ કદી અમારો, તથાપિ તેને કહીયે ન મારો;
તો માનવીને કરવા પ્રહાર, સાધુ કરે કેમ કદી વિચાર...૦૨

કામી થયો તે કહીયે ન સંત, ક્રોધી થયો તે પણ પાપવંત;
કલ્યાણ કાજે જન જોગ ધારે, તે તો ક્ષમાધર્મ નહિ વિસારે...૦૩

નિર્વાહ માટે જન જોગી થાય, તેના થકી કેમ ક્ષમા રખાય;
સંત સ્વરૂપે **સુસમે**[1] જણાશે, કાળે પરીક્ષા કપટીની થાશે...૦૪

અમે કલ્યાણ નિમિત્ત આવ્યા, ભૂખે મરી ભેખ નથી ધરાવ્યા;
તો કોઈ દેશે દુઃખ તેથી એમ, કદી ક્ષમા ધર્મ તજાય કેમ...૦૫

રાજા તણું રાજ્ય સમસ્ત જાય, જોગી તણી તેમ ક્ષમા તજાય;
પછી રહ્યો શો કરમાંહી અર્થ, થયું બધું જીવિત તેનું વ્યર્થ...૦૬

ક્ષમા તજે તે જન જોગી ખોટો, ક્ષમા તજે તે જન પાપી મોટો;
આપ પ્રતાપે ઉર રાખી ધારી, ખસે નહિ લેશ ક્ષમા અમારી...૦૭

● ૧. ખરા સમે

## લોભ વિષે

### ૬૩૬ (ઉપજાતિ વૃત્ત) શ્રીહરિલીલામૃતમ્ : કળશ-૫, વિશ્રામ-૨૪

પંચેન્દ્રિયોના વિષયો પ્રમાણો, તેની જ તૃષ્ણા જન લોભ જાણો;
તેને તજે તો ભવમુક્ત થાય, તજે નહિ તે નરકે જ જાય...૦૧

અત્યંત જાગે ઉર લોભ જેને, સુપુણ્ય કે પાપ સૂઝે ન તેને;
લોભે કરીને ન રહે જ જ્ઞાન, લોભી દીસે પ્રૌઢ પશુ સમાન...૦૨

વૈરાગ્ય પામી ઘરબાર ત્યાગે, જો તે પછી અંતર લોભ જાગે;
જો ચિત્ત દ્રવ્યાદિકમાં લગાડે, બહુ કરેલું તપ તે બગાડે...૦૩

જો દેવ અર્થે પણ ધર્મ છોડી, કમાઈ આપે ધન એક કોડી;
તેને નહિ દેવ પ્રસન્ન થાય, તે પાપી પાપે નરકે જ જાય...૦૪

જો માનનો અંતર લોભ ધારે, નિર્માનીતા સાધુ થઈ વિસારે;
એથી બીજો શ્રેષ્ઠ નહિ અધર્મ, તે લોભથી તે કરશે કુકર્મ...૦૫

ન્યાયે મળ્યું તે ધન હાથ લેવું, પડ્યું જડ્યું તે પણ ત્યાગી દેવું;
ગૃહસ્થ તેનો મનલોભ રાખે, તે પાપનું તો ફળ તેહ ચાખે...૦૬

લોભે કરે છે જન ચોર ચોરી, લૈ જાય છે લોભ કુમાર્ગ દોરી;
લોભે અધર્મી જન લાંચ ખાય, લોભે કરી પાપ બધાં કરાય...૦૭

જેને દિલે લોભ ઘણો જણાય, આજ્ઞા પ્રભુ કેરી નહિ પળાય;
જો લોભીને લાભ જડે જરૂર, દિલેથી મૂકે નિજ ધર્મ દૂર...૦૮

લોભિષ્ઠ ડાબે કર ચોરી લાવે, સાચો થવાને જમણો બતાવે;
આ હાથથી મેં કરી હોય ચોરી, શિક્ષા કરે દેવ મને **સજોરી**[૧]...૦૯

લોભી પ્રભુને ઠગવા ઉપાય, કરે ભલે ઈશ્વર શું ઠગાય;
ખોટું ખરું અંતર્યામી જાણે, તે દંડશે કર્મ કર્યા પ્રમાણે...૧૦

● ૧. સખત, ભારે

## ચિત્તના સ્વભાવ વિષે

### ૬૩૭ (ઉપજાતિ વૃત્ત) શ્રીહરિલીલામૃતમ્ : કળશ-૭, વિશ્રામ-૫

છે ચોંટવાનો ચિત્તનો સ્વભાવ, બનેલ એવા બહુ એ બનાવ;
જે વસ્તુ કાંઈ નજરે જણાય, તો ચિત્ત તેમાં ઝટ ચોંટી જાય...૦૧

અસાર કે સાર નહિ વિચારે, જ્યાં જાય ત્યાં તે વળગે વધારે;
આ જીવને બંધન થાય એથી, ભવાબ્ધિ મધ્યે ભટકે જ તેથી...૦૨

સચ્છાસ્ત્રનો જે જન મર્મ જાણે, જોવાની ઇચ્છા અતિશે ન આણે;
પ્રભુની જે વસ્તુ પ્રસાદી ભાળે, તેને જ તે નેહ થકી નિહાળે...૦૩

હવેલિયો બાગ તથા બગીચા, પલંગ ગાદી તકિયા ગાલીચા;
જો એવી વસ્તુ નજરે પડેય, તો સંત દૃષ્ટિ ઝટ ખેંચી લેય...૦૪

રસ્તે જતાં ક્યાંઈ સુણાય ગાન, ન સાંભળે સંત ધરી સ્વકાન;
થૈ ઝાંપડી વંસી સુણ્યાથી જેમ, સુણ્યાથી આવે અવતાર એમ...૦૫

શબ્દો સુણ્યાથી મૃગલાં મરે છે, પતંગ જોવાથી પડી બળે છે;
જો ઇચ્છતા હો હરિધામ જાવું, એકે સ્વ ઇન્દ્રિયવશ તો ન થાવું...૦૬

જોગી થયા ઇન્દ્રિય જીતવાને, સૌ વાસના તોડી **શુચિ**[૧] થવાને;
તથાપિ જે ઇન્દ્રિય વશ્ય થાય, કીધાં વ્રતો તે શ્રમ વ્યર્થ જાય...૦૭

● ૧. શુદ્ધ, પવિત્ર

## ઘાટ-સંકલ્પ વિષે

### ૬૩૮ (ચોપાઈ) શ્રીહરિલીલામૃતમ્ : કળશ-૭, વિશ્રામ-૨૯

ઘાટ મનમાં નિરંતર થાય, જોતાં જ્ઞાનીને તરત જણાય;
જ્ઞાની ઓળખે મન તણા ઘાટ, અણસમજુ ન જાણે તે વાટ...૦૧

ઘાટ અજ્ઞાનીનું મન ઘડે, તેની ખબર તેને નવ પડે;
કહે સંત જે ઘાટ તો થાય, તેનો અવગુણ તે લે સદાય...૦૨

કહે ઘાટ ઘડે મન જ્યારે, સંત તે કહીએ કેમ ત્યારે;
પણ મૂર્ખ જાણે નહિ મર્મ, ઘાટ સંકલ્પ મનનો તે ધર્મ...૦૩

મન તો ચડી જાય છે ચાળે, સાચા સંત તેને પાછું વાળે;
વળી મનને તે નવરું ન રાખે, શુદ્ધ સંકલ્પમાં જોડી નાખે...૦૪

જેમ ભૂત જેને વશ થાય, નવરું રહે તો ખાવા ધાય;
નવરું થવા ન દેવું એને, કાંઈ કામ ભળાવવું તેને...૦૫

મન પણ જાણવું ભૂત જેવું, તેને નવરું રહેવા ન દેવું;
પ્રભુ મૂર્તિ વિષે મન ધારો, કાં તો કીર્તન ગાઈ વિચારો...૦૬

કથા સાંભળો ને સંભળાવો, કાં તો ધર્મની ચર્ચા ચલાવો;
નવધા ભગતિ કહેવાય, તેમાં રાખવું મનને સદાય...૦૭

સતશાસ્ત્ર ભણો ને ભણાવો, પ્રભુ ભક્તિ કરો ને કરાવો;
એવી રીતે કરી ઘણી વાત, સુણી સર્વે થયા રળિઆત...૦૮

## તપ વિષે

### ૬૩૯ (ઉપજાતિ વૃત્ત) શ્રીહરિલીલામૃતમ્ : કળશ-૭, વિશ્રામ-૩૮

સંતો કરે છે તપ તીવ્ર એવું, અંતે ચહે મૂર્તિધામ લેવું;
રિઝાવવા શ્રીહરિને ચહે છે, સ્વદેહથી દુઃખ ઘણાં સહે છે...૦૧

જેવું રખાવે વ્રત તેહ રાખે, નહિ પળે એવી **ગિરા**[૧] ન ભાખે;
આજ્ઞા થકી અંગ કરે જ ચૂરા, સંગ્રામમાં જેમ મરાય શૂરા...૦૨

ત્યાગી થશે જેહ વિરાગહીન, રહે રસાસ્વાદ વિષે જ લીન;
ખાવાનું ખૂણે જઈ છાનું ખાય, તેનાથી તે શું નિયમો પળાય...૦૩

● ૧. વાણી

### (શાલિની વૃત્ત)

સંતાઈને નારીને જે નિહાળે, સંતાઈને ખાય જે કોઈ કાળે;
સંતાઈને શિષ્ય મરતાં રૂએ છે, તે તો સર્વે શ્રીહરિજી જુએ છે...૦૪

## સંતનો ધર્મ જોઈને સત્સંગ થાય છે તે વિષે

### ૬૪૦ (ઉપજાતિ વૃત્ત) શ્રીહરિલીલામૃતમ્ : કળશ-૭, વિશ્રામ-૪૯

સદ્ધર્મવાળા શુભ હોય સંત, એનાથી સત્સંગ વધે અનંત;
ભલે ભણ્યા કે ન ભણેલ હોય, તેના થકી થાય સમાસ તોય...૦૧

સંન્યાસી શાસ્ત્રો બહુધા ભણે છે, તે ગામ ગામે રખડે ઘણે છે;
ભલે ભલા પંડિત તે ગણાય, વધે ન તેના થકી સંપ્રદાય...૦૨

શૈવી તથા વૈષ્ણવ જૈનવાદી, કુરાનવાદી વળી પાર્શિકાદિ;
તે સાધુના ધર્મ નિહાળી સારા, થયા ઘણા આશ્રિત છે અમારા...૦૩

જો વારતા કાંઈ નહિ કરાશે, વૃત્તાંત જોઈ જન શિષ્ય થાશે;
ક્યાં સૂર્ય કાંઈ ઉપદેશ દે છે ? તથાપિ તેના ગુણને નમે છે...૦૪

સભા જીતે શાસ્ત્ર સમસ્ત જાણી, વદે સુસાહિત્ય સમેત વાણી;
ધર્મપ્રવૃત્તિ નહિ તેથી થાય, વાચાળ તે વિશ્વ વિષે ગણાય...૦૫

સાધુ વિષે ધર્મ જણાય સારો, ત્યાં સુધી સત્સંગ ઘણો થનારો;
શિથિલતા ધર્મ વિષે જણાશે, સત્સંગની વૃદ્ધિ પછી ન થાશે...૦૬

સદ્ધર્મથી જીત સદૈવ થાય, એવો નથી સત્ય બીજો ઉપાય;
કરે કુસંગી ઈરષા અપાર, તથાપિ પામે સહુ તેહ હાર...૦૭

શૂરા જીતે શસ્ત્ર વડે સદાય, વિદ્યા વડે વિપ્ર જીતે સભાય;
સેના વડે રાય જીતે **દિગંત**[1], સદ્ધર્મથી વિશ્વ જીતે સુસંત...૦૮

પાખંડી જે સંત થઈ ફરે છે, ક્રિયા અતિ તે ઊલટી કરે છે;
જે કોઈ આપે જમવા સુઅન્ન, વેચે વધે તે ખળ સાધુ જન...૦૯

● ૧. દિશાના અંત સુધી

## ત્યાગી નિર્ભય છે તે વિષે

### ૬૪૧ (ઉપજાતિ વૃત્ત) શ્રીહરિલીલામૃતમ્ : કળશ-૯, વિશ્રામ-૯

છે પાત્ર ને તુંબડી જેહ પાસ, તેને દીસે ચોર તણો ન ત્રાસ;
માયા તણો સંગ્રહ હોય જેને, છે ચોરનો ત્રાસ સદૈવ તેને...૦૧

છે જ્ઞાનરૂપી ધન સંત કેરું, જેનું દીસે મૂલ્ય અતિ ઘણેરું;
જે સંતનું તે ધન ચોરી જાય, તે ચોર તો સંત સમાન થાય...૦૨

જો સંતનું **અંચળ**[1] ચોરી જાય, તો કોઈનાથી ન ધરી શકાય;
સંતો તણો **સાથુ**[2] કોઈ ન ચાખે, તો સંત કેની શીદ બીક રાખે...૦૩

જે સંત થૈ જોખમ પાસ રાખે, તે સંત સાચો નહિ શાસ્ત્ર ભાખે;
જે સંત તો હોય ગૃહસ્થ જેવો, તેને નહિ સદ્‌ગુરુ જાણી સેવો...૦૪

સ્ત્રીદ્રવ્યથી જે અળગા રહે છે, ચિત્તે નહિ વસ્તુ કશી ચહે છે;
તેને નહિ કોઈની ઓશિયાળ, તેને ન લાગે ડર કોઈ કાળ...૦૫

વિશેષ જાણ્યું તન નાશવંત, એવા દીસે સદ્‌ગુરુ જે મહાંત;
ઝાડી વિષે વાસ વસે કદાપિ, શા કારણે ત્રાસ ધરે તથાપિ...૦૬

આત્મા તણો તો નહિ નાશ થાય, આત્માની ચોરી ન કરી શકાય;
આત્માસ્વરૂપે વરતે જ જેહ, કોઈ થકી દિલ ડરે ન તેહ...૦૭

શત્રુ તથા મિત્ર સમાન જાણે, સુખે દુઃખે જે સમતા પ્રમાણે;
જેને નહિ **રંચક**[3] રાગ દ્વેષ, તેને દિલે તો ડર હોય લેશ...૦૮

● ૧. ગાતડિયું ● ૨. અનાજનો લોટ ● ૩. રંચમાત્ર, લગારેય

## સાધુઓને ઉપદેશ

### ૬૪૨ (ચોપાઈ) શ્રીહરિલીલામૃતમ્ : કળશ-૯, વિશ્રામ-૧૨

હવે સંતને વર્ત્યાની રીત, કહું છું તે સુણો ધરી પ્રીત;
**બરૂ**[1] કાગળ દોરો કે સોય, વસ્તુ જો કાંઈ જોઈતી હોય...૦૧

તો તે સદ્‌ગુરુને જ કહેવું, સતસંગી પાસેથી ન લેવું;
કોઠારીને તે સદ્‌ગુરુ કહેશે, ત્યારે કોઠારી મંગાવી દેશે...૦૨

પણ સદ્‌ગુરુનું લઈ નામ, વસ્તુ લેવી નહિ નિજ કામ;
જમવું નિત્ય પંગતે જૈને, પણ સ્વાદના લાલચુ થૈને...૦૩

નવ આગળ પાછળ જાવું, મન માનતું લૈને ન ખાવું;
સ્વાદમાં ચિત્તની વૃત્તિ સાંધી, કદી જમવું નહિ જુદું રાંધી...૦૪

જ્યારે સંત રસાસ્વાદી થાશે, ત્યારે જુદા જુદા પડી જાશે;
તપ કરવું તે સંત આચાર, તપ કરવા તજ્યાં ઘરબાર...૦૫

કદી આસન કાજ ઉચાટે, કાં તો કાંઈ પદારથ માટે;
અકળાઈ જવું નહિ ક્યારે, લેવું આપે તે મોટેરા ત્યારે...૦૬

ન મળે તોય સંતોષ રાખે, સાચો સંત ન **કુત્સિત**[૨] ભાખે;
આજ્ઞા મોટાની લીધા વિનાય, કદી જાવું નહિ ગામમાંય...૦૭

પધરામણી આચાર્ય કેરી, શોભે સંતથી સારી ઘણેરી;
માટે સૌ સાધુએ સાથે જાવું, પણ આજ્ઞા વિના ન રોકાવું...૦૮

વળી વસ્તી વિષે જવું જ્યારે, નીચી દૃષ્ટિએ ચાલવું ત્યારે;
ફાટી દૃષ્ટિ રાખી જેહ ફરે, તે તો સંત અસંતમાં ઠરે...૦૯

માંહોમાંહી જુવાનિયા મળી, ઠઠ્ઠા મશ્કરી જો કરે વળી;
અથવા ક્રોધથી ચડભડે, ભાર ભાગે તેનો તેહ વડે...૧૦

હરિભક્ત જુએ કદી એવું, સમજે તેનું મહાત્મ્ય કેવું;
માટે સંભાળી ચાલશે સંત, ત્યાં સુધી તે પૂજાશે અત્યંત...૧૧

● ૧. નેતરમાંથી બનાવેલ કલમ ● ૨. નિંદિત, ધિક્કારવા યોગ્ય

## ૬૪૩ (સાધુ કો અંગ)

એસે સંત ખરે જગમાંહી ફિરે, નહિ ચાહત લોભ હરામ કું જી,
સદા શીલ સંતોષ રહે ઘટ ભીતર, કેદ કીયે ક્રોધ કામ કું જી;
અરુ જીભહુ સે કબુ જૂઠ ન ભાખત, ગાંઠ ન રાખત દામ કું જી,
બ્રહ્માનંદ કહે સત્ય બારતા કું, એસે સંત મીલાવત શ્યામ કું જી...૦૧

નિષ્કામ સદા મન શ્યામ રીઝાવન, દામરુ વામ સે દૂર હે જી,
લવલેશ નહિ જાકે લોભહું કા, નહિ કામ ન ક્રોધ ન ક્રૂર હે જી;
મન પ્રાન ઈન્દ્રિ કે મામલે સે, હઠે નાંહિ પીછા એસા શૂર હે જી,
બ્રહ્માનંદ કહે સત્ય બારતા કું, એસે સંત મેં શ્યામ હજૂર હે જી...૦૨

સાચે સંત મિલે કમી કાહુ રહી , સાચી શીખવે શ્યામ કી રીત કું જી.
પરાપાર સોઈ પરબ્રહ્મ હે તામે, ઠહરાવે જીવ કે ચિત્ત કું જી;
દૃઢ આસન સાધ કે ધ્યાન, કરે ગાન હરિજી કે ગીત કું જી,
બ્રહ્માનંદ કહે દાતા શ્યામહું કે, પ્રભુ સાથ બઢાવત પ્રીત કું જી...૦૩

•••

# વૈરાગ્ય તથા સાંખ્યજ્ઞાનનાં પદો

## ૬૪૪ (પદ : શ્રીજી માટે જનમ અમારો)

શ્રીજી માટે જનમ અમારો (૨), ગીત સદા એ ગાવા રે;
કારણ સત્સંગના રખવાળા, **SMVS**ના પાયા... ટેક

માત પિતા ને સગાં સંબંધી, સાથે નાતો તોડ્યો રે;
પરમહંસ થાવા હંસ બન્યા, સાચો નાતો જોડ્યો રે (૨)
જે કાજે આ જનમ ધર્યો, એ કાજે સંસાર છોડ્યો રે... કારણ ૦૧

શુદ્ધ ઉપાસના દૃઢ કરી, મૂર્તિરૂપ બનનારા રે;
આત્મબુદ્ધિ આત્મીયતામાં પૂરા, શૂરા પંચવર્તમાનમાં રે (૨)
સાધુતા છે ભૂષણ અમારું, એ શીખીએ તાલીમ કેન્દ્રમાં રે... કારણ ૦૨

દિવ્યજીવનના રાહી અમે સૌ, દિવ્યજીવન જીવનારા રે;
વાલપનાં વચન વિચારી, રાજીપામાં વર્તનારા રે (૨)
દિવ્ય સંત બનવું અમારે, એ ધ્યેય પાર પાડનારા રે... કારણ ૦૩

તપ ત્યાગ વૈરાગ્ય અહિંસા, ધ્યાન ભજનમાં સુખિયા રે;
દિવ્યભાવ ને નિર્દોષબુદ્ધિ, બાપજી-સ્વામીશ્રી પૂજ્યા રે (૨)
જ્ઞાન ધ્યાનની લગની લગાવી, આ ખૂંટ અવિચળ ખોડ્યા રે... કારણ ૦૪

ગુરુ બાપજીના સિદ્ધાંતો, રાજીપો ઝીલનારા રે;
સ્વામીશ્રી ઘડવૈયા સાચા, સહજાનંદી સિંહ બનનારા રે (૨)
સંતો-ભક્તો આપને કાજે, આ જીવન કુરબાન અમારાં રે... કારણ ૦૫

## ૬૪૫ (રાગ : અમે તો શ્રીજીના કિશોર)

અમે તો છીએ શ્રીજીના મુક્ત, નથી અમારા માટે જક્ત;
અમે તો બાપાના સંકલ્પ, નથી જીવનમાં બીજો વિકલ્પ,
અમે તો બાપજી કેરા બાળ, મળ્યો ઠેઠનો અમને પ્યાર... ટેક

કોણ છીએ ને કેવા કર્યા છે, હવે તો દૃઢ કરવું છે;
ચાર ચાર જનમથી સાથે ને સાથે, પડ્યા છીએ એમને માથે,
હવે નથી કરવા દુખાળા, નથી કરવા ઓશિયાળા... અમે તો ૦૧

આજ્ઞા અનુવૃત્તિ જીવન અમારું, બસ ગમતું કરવું તમારું;
મરજી શાસ્ત્ર તમે જીવન અમારાં, હવે રાજીપામાં રહેવું તમારા,
બળ દેજો ને ભેળા ભળજો, પળે પળે રક્ષા કરજો... અમે તો ૦૨

આંખ આપી છે તવ દર્શન કાજે, બીજું જોઈએ તો સત્સંગ લાજે;
લોહી તણું બુંદ બુંદ તો વહેશે, જ્યાં સુધી જીવન રહેશે,
આપને માટે જ સમય શક્તિ, ભણતર અને બુદ્ધિ... અમે તો ૦૩

ડૉક્ટરના દીકરા ડૉક્ટર થાયે, વકીલના વકીલ હોયે;
એ રીત જક્તની ચાલી આવે તો, અમથી કેમ ન થાવે,
અમે દીકરા છીએ તમારા, ખેંચી લેજો પ્રાણ અમારા... અમે તો ૦૪

**SMVS** માટે જન્મ અમારો, રોમેરોમમાં કેફ તમારો;
તમે મૂર્તિસુખના વેપારી, અમે દીકરા નથી ભિખારી,
અમે તન મન ધન તજીશું, કુરબાન જીવન કરીશું... અમે તો ૦૫

### ૬૪૬ (પદ : શ્રીજી ભગવો તે રંગ...)

શ્રીજી ભગવો તે રંગ મુને ભારે લાગ્યો;
આજ સ્વયં દીક્ષે મુને શ્રીજીમહારાજ... ભગવો ૦૧

જાળ માયાની તોડી આવ્યો સઘળું છોડી;
સુખ મૂર્તિનું પામવા આવ્યો મહારાજ... ભગવો ૦૨

કોડ મારા પૂરો દેહના ભાવો હરો;
ઝોળી તવ ગુણોથી ભરો મહારાજ... ભગવો ૦૩

હૈયું હરખે ભર્યું નેણે અશ્રુ સર્યું;
મુને પોતાનો કરી બોલાવો મહારાજ... ભગવો ૦૪

ભગવાં વસ્ત્રા ધારી પાંચ વ્રતે ખુમારી;
સહજાનંદી સેનામાં મુને જોડો મહારાજ... ભગવો ૦૫

અરમાનો તજી કરવા બાપજી રાજી;
મુને ભગવી તે ચૂંદડી ઓઢાડો મહારાજ... ભગવો ૦૬

સિદ્ધાંતો સેવું સ્વામી જેવા થાવું;
એવા રૂડા આશિષ મુને આપો મહારાજ... ભગવો ૦૭

## ૬૪૭ (પદ : ડંકો વાગ્યો શ્રીજીનો)

**શ્રીજીમહારાજનો વ્હાલો સમાજ આ, રાજી કરવાને બેઠો છે આજ;**
**હાકલ કરે છે શ્રીજીમહારાજ, સુણો સુણો સુણો સૌ મુક્તસમાજ(૨)... ૦૧**

**પાકી ગયો છે સમય આજ, સિંહ ગર્જનાથી કરો અવાજ;**
**ડંકા વગાડી કહે છે નાથ, જુઓ કેવા ખીલ્યા છે રાજાધિરાજ(૨)... ૦૨**

ડંકો વાગ્યો શ્રીજીનો, શૂરા જાગજો રે;
શૂરા જાગજો રે, કાયર ભાગજો રે... ડંકો ટેક

આખી દુનિયા, સ્વામિનારાયણ જાણશે રે;
જાણશે રે, શરણે આવશે રે...ડંકો ૦૧

આવી બાપાએ, કારણ સત્સંગ સ્થાપિયો રે;
સ્થાપિયો રે, કેવો વ્યાપિયો રે... ડંકો ૦૨

દાદાખાચરને, મળ્યા એ જ સાક્ષાત્ છે રે;
સાક્ષાત્ છે રે, મૂર્તિરૂપે પાસ છે રે... ડંકો ૦૩

જાણે અજાણે, આજ્ઞા નવ લોપશો રે;
નવ લોપશો રે, પ્રગટ જાણજો રે... ડંકો ૦૪

હું કરું કે કરીશ, ન વિચારશો રે;
ન વિચારશો રે, કર્તા હરિ જાણજો રે... ડંકો ૦૫

સદ્‌ગુરુ જેવા, આવ્યા વ્હાલા બાપજી રે;
વ્હાલા બાપજી રે, સિદ્ધાંત કાજ જી રે... ડંકો ૦૬

વર્તમાન ધારી, ખાતાં ખોટનાં વાળિયાં રે;
ખાતાં વાળિયાં રે, મૂર્તિમાં રાખિયા રે... ડંકો ૦૭

શ્રીજીમહારાજ, વ્હાલો સમાજ રચી રહ્યા છે;
રચી રહ્યા છે, ભેળા લઈ રહ્યા છે... ડંકો ૦૮

દીકરા દીકરી, કે તમે આવ્યાં નથી રે;
આવ્યાં નથી રે, ધણી લાવ્યા નક્કી રે... ડંકો ૦૯

તન મન ધન, આ જે મળી રહ્યું રે;
જે મળી રહ્યું રે, મહારાજ માટે થયું રે... ડંકો ૧૦

સેવા મળી, એ મોટી કૃપા માનજો રે;
કૃપા માનજો રે, માથાં આપજો રે... ડંકો ૧૧

છોરા છોરી, ઘરડા ને જુવાનડા રે;
જુવાનડા રે, કૂદી પડો સાનમાં રે... ડંકો ૧૨

નક્કી કરો, સર્વસ્વ શ્રીજી માટ છે રે;
શ્રીજી માટ છે રે, જીવન કુરબાન છે રે... ડંકો ૧૩

કારણ સત્સંગ, તો વિશ્વે વ્યાપશે રે;
વિશ્વે વ્યાપશે રે, જન્મ સુફળ થશે રે... ડંકો ૧૪

**૬૪૮ (પદ : હાલો જુવાનડા હરિવર)**

હાલો જુવાનડા હરિવર વરવા હેલો પડ્યો... ટેક
ચોરાસી લાખ દેહ ભમતાં રે ભમતાં;
અવસર અણમોલ આવી ચડ્યો... હાલો ૦૧

દૈહિક નાતાં જૂઠાં કરીને તમે;
આતમ સગપણ વ્હાલું કરો... હાલો ૦૨

નાશવંત દેહથી અવિનાશીને તમે;
રાખો હૃદિયે ભવથી તરો... હાલો ૦૩

ફોજું વિષયની આડી આવે છે વીરો;
ત્યાગની સમશેરે કૂદી પડો... હાલો ૦૪

ભગવા તે ધ્વજ તમે હાથ ધરીને હાલો;
સઘળી દિશામાં ઘૂમી વળો... હાલો ૦૫

જગથી નિરાળા તમે હંસ બનીને હાલો;
મૂર્તિસુખમાં ડૂબી પડો... હાલો ૦૬

**૬૪૯ (પદ : તોડ ચલેગા જગ સે નાતા)**

તોડ ચલેગા જગ સે નાતા, સદા સદા સો જાયેગા;
એક દિન ઐસા આયેગા,
ધન દોલત ઔર રિશ્તે નાતે, સબ પલ મેં છૂટ જાયેગા... ટેક

જિનકો તૂ અપના કહતા હૈ, યે ન તેરે અપને હૈં;
તૂ રાહી હૈ જીવન પથ કા, યે સબ સારે સપનેં હૈં,
તૂટેગા જબ સપના તેરા, સબ અપના ખો જાયેગા... એક ૦૧

જબસે જગ કો અપના સમજા, તબસે રબ કો ભૂલ ગયા;
જન્મોં સે તૂ આતા રહા, હર બાર ગર્ભ મેં ઝૂલ ગયા,
અભી વક્ત હૈ સુન લે બંદે, બાદ મેં તૂ પછતાયેગા... એક ૦૨

બચપન તેરા બીત ગયા, ઔર જાતી તેરી જવાની હૈ;
યે જીવન તો કલ કલ બહતા, એક નદીયાં કા પાની હૈ,
હાથ ગુરુ કા થામ લે વરના, બીચ ભંવર ડૂબ જાયેગા... એક ૦૩

બહ જાયેગા લખચોરાશી, જિસને ગુરુ કો પાયા હૈ;
બડભાગી હૈ ગુરુ સંગ જિસને, જીવન સફલ બનાયા હૈ,
ગુરુ ચરણોં સે પ્રીતિ કર લે, અંત ગુરુ મેં સમાયેગા... એક ૦૪

## ૬૫૦ (પદ : માટી હૈ યે માટી)

માટી હૈ યે માટી, માટી કૈસી માટી;
માટી કા ભેદ નિરાલા, કિસકો સમજ નહીં આયા,
કિતને રૂપ હૈં માટી તેરે, તૂને જગ કો ભરમાયા રે... ટેક

કલ તક જિન મહલોં મેં દીપક, રોજ દિવાલી કરતે થે;
સુંદરતા કોઈ નાચા કરતી, પ્યાલે રોજ છલકતે થે,
માટી કે વો મહલ વો દીપક, વો માટી કે પ્યાલે થે;
માટી નાચ દિખાયા કરતી, માટી પીનેવાલે થે,
જાને કિતનોં કો માટીને, માટી બીચ મિલાયા રે... માટી ૦૧

માટી પર ચઢ માટી એક દિન, માટી કે ઘર આઈ;
માટી કી શાદી માટી સે, માટીને કરવાઈ,
એક દિન માટી સે માટી કી, ગોદ મેં માટી આઈ;
કુલ કી જ્યોતિ ઈક માટી, કુલ દીપક હૈ કહેલાઈ,
દેખકે માટી કો માટીને, ઉત્સવ ખૂબ મનાયા રે... માટી ૦૨

મોતને એક દિન ઠોકર મારી, માટી બિખર ગઈ સારી;
માંગ પોછકર માટી કહતી, ઉજડી મેરી ફૂલવારી,
માટી દેખકે મમતા સે, માટી રોકર ટકરાતી;
માટી કો કંધા દેકર, માટી સ્મશાન લે જાતી,
માટી કે સબ બાજે બજતે, માટી ઈસે બજાતી;
માટી કે સબ સુનનેવાલે, માટી યે ગીત સુનાતી,
ચાંદ પે પહુંચા માટી કા કણ, માટી ઉઠાકે લાયા રે....માટી ૦૩

માટી બીચ છૂપા એક પંછી, જિસસે બોલે યે માટી;
**પંછી**[1] જબ નિકલા માટી સે, માટી કી કિંમત માટી,
ઈસ પંછી કો જિસને દેખા, વો માટી ન રહી માટી;
ભેદ સમજ મેં જિસકે આયા, ઉસે લગે દુનિયા **માટી**[2],
ચૈતન્ય માટી કે ભીતર હૈ, એક અમોલક છાયા રે...માટી ૦૪

● ૧. આત્મા ● ૨. નાશવંત

## ૬૫૧ (પદ : ખોટું તો કરો ભાઈઓ)

ખોટું તો કરો ભાઈઓ, ખોટું તો કરો;
સાંખ્યજ્ઞાને કરીને જગત, ખોટું તો કરો... ટેક

સાંખ્ય એટલે આંખ, જ્ઞાન કહેવાય;
જ્ઞાને કરીને ખોટાને, ખોટું તો કરો... સાંખ્ય ૦૧

બાળકો રમે ઘર ઘર ને, ઢીંગલા ઢીંગલી વડે;
મોટાનું પણ એમ જ છે તેને, ખોટું તો કરો... સાંખ્ય ૦૨

સંસાર સુખનો ભ્રમ છે, ઝાંઝવા નીર જેમ;
છે કે નથી બંને દુઃખી, ખોટું તો કરો... સાંખ્ય ૦૩

સંસારનું ચિત્ર કેવું ? જગતના મુસાફર જેવું;
ચારેબાજુ ભડકા બળે, ખોટું તો કરો... સાંખ્ય ૦૪

સંસાર એક સ્વપ્ન છે, સારું કંઈ ન હોય;
સુખ દુઃખ બંને ખોટું, ખોટું તો કરો... સાંખ્ય ૦૫

સંસાર એક ધરમશાળા, કાયમ રહેવાનું નથી;
જરૂર પૂરતું ઊભું કરી, ખોટું તો કરો... સાંખ્ય ૦૬

સંસાર એક નાટક છે, રંગમંચનું બધું ખોટું;
નથી સાચાં ઘર કે પાત્ર, ખોટું તો કરો... સાંખ્ય ૦૭

સંસાર એક યાત્રા જ છે, યાત્રિકો આવે ને જાય;
એ સંબંધો નથી સાચા, ખોટું તો કરો... સાંખ્ય ૦૮

કોઈ કોઈનું નથી જ્યાં, એ જ સંસાર કહેવાય;
મહારાજ મોટા જ સાચા, બાકીનું ખોટું તો કરો... સાંખ્ય ૦૯

### ૬૫૨ પદ-૧ (રાગ : કાફી)

દિલ લાગ્યા હમારા ફકીરી સે... ટેક
દુનિયાદાર દુઃખી સબ દેખે, રંક અરુ રાવ દિલગીરી સે... દિલ ૦૧
નિત્ય તાપ જગવ્યાપી રહ્યો હે, જરત હે મોહ જંજીરી સે... દિલ ૦૨
પાયા ધન સો રહત ન પાવે, મર ગયા કર કર મેરી સે... દિલ ૦૩
બ્રહ્માનંદ કહે આનંદ આવે, **અદલ**[1] બ્રહ્મ ખમીરી સે... દિલ ૦૪

● ૧. વાસ્તવિક, ખરું

### ૬૫૩ પદ-૨

દિલ લગા હમારા બિહારી સે... ટેક
દિલ ટેક રાજા રંક શેઠ સબ દુખિયા, જરત હૈ ખેર અંગારી સે... દિલ ૦૧
કામ લોભ વ્યાકુળ જન દેખે, દિલગીરી દુનિયાદારી... દિલ ૦૨
સગાં કુટુંબી સ્વાર્થ સિધાવે, કહત નહિ રખેવારી સે... દિલ ૦૩
બ્રહ્માનંદ આનંદ ભયો હૈ, શ્યામ છેલ ગિરિધારી સે... દિલ ૦૪

### ૬૫૪ (રાગ : પરજ-ખમાચી)

ડોલરિયા રંગના ભરિયા, હસીને બોલો હરિ ડોલરિયા... ટેક
નટવર સુંદર નાથજી રે, તમને મેં અંતરમાં ધરિયા... હસીને ૦૧
મિથ્યા જગની મેં લાલચ મેલી, પ્રાણ થકી પ્યારા કરિયા... હસીને ૦૨
જગજીવન તારા રૂપને જોઈને, સર્વે વિષયરસ વીસરિયા... હસીને ૦૩
બ્રહ્માનંદના છેલ છબીલા, વ્હાલા ચતુરવર કેસરિયા... હસીને ૦૪

### ૬૫૫ પદ-૧ (રાગ : ગરબી)

રે સગપણ હરિવરનું સાચું, બીજું સર્વે **ક્ષણભંગુર**[1] કાચું... ટેક

રે સૌ સાથે પ્રીતિ ટાળી, રે ભાગ્યું મન મિથ્યા ભાળી;
છે વરવા જેવા એક વનમાળી... રે સગ ૦૧

રે સ્થિર નહિ આવરદા થોડી, રે તુચ્છ જાણી આશા છોડી;
મેં જગના જીવન સાથે જોડી... રે સગ ૦૨

રે ફોગટ ફેરા નવ ફરીએ, રે પરઘેર પાણી શું ભરીએ;
વરીએ તો નટવરને વરીએ... રે સગ ૦૩

રે ભૂધર ભેટ્યા ભય ભાગ્યો, રે સહુ સાથે તોડ્યો ધાગો;
એ રસિક રંગીલાથી રંગ લાગ્યો... રે સગ ૦૪

રે એવું જાણીને સગપણ કીધું, રે મેણું તો શિર ઉપર લીધું;
બ્રહ્માનંદનું કારજ સીધું... રે સગ ૦૫

● ૧. ક્ષણમાં નાશ પામે તેવું, નાશવંત

**૬૫૬ પદ-૨**

રે લગની તો હરિવરથી લાગી, મેં તનમનની આશા ત્યાગી... ટેક
રે વાત કહું સુણ સાહેલી, રે બળિયોજી કીધા બેલી;
માથું પે'લું **પાસંગ**[1]માં મેલી... રે લગની ૦૧
રે ન ડરું હું લોક તણી લાજે, રે શિર ઉપર હરિવર ગાજે;
આ દેહ ધર્યો નટવર કાજે... રે લગની ૦૨
રે શિર પર જો બીજો ધારું, રે તો બગડે જીવતર મારું;
હું જીતી બાજી તે કેમ હારું... રે લગની ૦૩
રે હરિ વિના બીજાને વરવું, રે ગજ તજી **ખર**[2] ચડીને ફરવું;
એ જીવ્યાથી રૂડું મરવું... રે લગની ૦૪
રે મરજાદા જગની મેટી, રે બાંધી મેં પ્રેમ તણી પેટી;
બ્રહ્માનંદનો વ્હાલો ભેટી... રે લગની ૦૫

● ૧. હરોડ ● ૨. ગધેડો

**૬૫૭ પદ-૩**

રે શિર સાટે નટવરને વરીએ, રે પાછાં તે પગલાં નવ ભરીએ... ટેક
રે અંતરદૃષ્ટિ કરી ખોળ્યું, રે ડહાપણ ઝાઝું નવ ડોળ્યું;
રે હરિ સારુ માથું ઘોળ્યું... રે શિર ૦૧
રે સમજ્યા વિના નવ નીસરીએ, રે રણ મધ્યે જઈને નવ ડરીએ;
ત્યાં મુખ પાણી રાખીને મરીએ... રે શિર ૦૨
રે પ્રથમ ચડે શૂરો થઈને, રે ભાગે પાછો રણમાં જઈને;
તે શું જીવે ભૂંડું મુખ લઈને... રે શિર ૦૩
રે પહેલું જ મનમાં ત્રેવડીએ, રે હોરે હોરે જુદ્ધે નવ ચડીએ;
જો ચડીએ તો કટકા થઈને પડીએ... રે શિર ૦૪
રે રંગ સહિત હરિને રટીએ, રે હાક વાગે પાછા નવ હટીએ;
બ્રહ્માનંદ કહે ત્યાં મરી મટીએ... રે શિર ૦૫

### ૬૫૮ પદ-૪

રે ધરિયા અંતર ગિરિધારી, રે શું કરશે ઘોળ્યા હવે સંસારી... ટેક
રે હું કોઈની ન રહું ઝાલી, રે વ્હાલાને થાવા વ્હાલી;
રે શિર કરમાં લઈને ચાલી... રે ધરિયા ૦૧

રે જેમ ગજ જાય બજારે ધસી, રે શ્વાન મરે બહુ ભસી રે ભસી;
તે હાથીને મન નહિ શંકા કશી... રે ધરિયા ૦૨

રે બળવા ગઈ જે સતી સાચી, રે રોમરોમ પિયા સંગ રાચી;
તે પડમાં જઈ ન વળે પાછી... રે ધરિયા ૦૩

રે જો પડથી પાછી આવે, રે લાજ તજી મન લલચાવે;
તે સતી મટીને કુત્તી કા'વે... રે ધરિયા ૦૪

રે બ્રહ્માનંદ એમ વિચારી, રે બીક સર્વે કાઢી બા'રી;
રે મળિયા મોહન સુખકારી... રે ધરિયા ૦૫

### ૬૫૯ (રાગ : ગરબી)

મેં તો સગપણ કીધું રે કે શામળિયા સાથે;
માવાનું મે'ણું રે કે લીધું છે માથે... ટેક

તન મન ધન સર્વે રે મિથ્યા ધારીને રે;
કે વરી મગન થઈને રે મુક્ત વિહારીને... ૦૧

તુચ્છ જાણી સર્વે રે કે લજ્જા ત્યાગીને રે;
કે મોહનનું મે'ણું રે કે લીધું માગીને... ૦૨

દુર્મતિ દુર્જનિયા રે કે કહીને શું કરશે રે;
કે પોતાને પાપે રે કે બળી બળીને મરશે... ૦૩

મતવાલા સંગે રે કે થઈ છું મતવાલી રે;
માથાથી મોંઘા રે કીધા વનમાળી... ૦૪

ખાંતે હું ખેલું રે સુંદરવર સંગે રે;
બ્રહ્માનંદ કહે રીઝી રે કે રસિયાને રંગે... ૦૫

### ૬૬૦ (રાગ : સોરઠ)

સુણ સાહેલી (૨) સહજાનંદ સંગાથે મારે પ્રીતડી;
તે તો નવ છૂટે, અંતરમાંહી અલૌકિક એવી ટેવ પડી... ટેક

હું તો ડરપું નહિ હવે કોઈ ભાગી, મેં તો લોકલજ્જા સર્વે ત્યાગી;
મારી લગની એ સાથે લાગી... સુણ ૦૧

મને ઘર-ધંધો દીઠો ન ગમે, મારું મનડું તો તે પાસે ભમે;
વ્હાલો હૃદિયામાં દિનરાત રમે... સુણ ૦૨

મેં તો સમજી કીધું અચળ સહી, બહુ કૂટી થાક્યા લોક કહી;
હવે શિર સાટાની વાત થઈ... સુણ ૦૩

સહુ વિસાર્યું તન ધન કુટુંબ સગું, એથી અધક્ષણ મન ન રહે અળગું;
બ્રહ્માનંદ કહે મારું મન વળગ્યું... સુણ ૦૪

**૬૬૧ પદ-૧ (રાગ : ગરબી)**

મને મળિયા સહજાનંદ સ્વામી, સ્વામિનારાયણ અંતરજામી... ૦૧
હું તો થઈ છું હવે સત્સંગી, મારે પ્રભુ સાથે પ્રીત **અભંગી**[૧]... ૦૨
મારાં સરવે તે કારજ સીધ્યાં, વર્તમાન સ્વામીજીનાં લીધાં... ૦૩
મારે માથે સ્વામીની છાપ, સરવે પુરુષ કીધા ભાઈ બાપ... ૦૪
દુરિજનિયાંને વેણે ન દાઝું, સ્વામિનારાયણ કે'તાં ન લાજું... ૦૫
હું તો બેઠી છું હરિવર ધારી, પ્રેમાનંદના સ્વામી પર વારી... ૦૬

● ૧. અખંડ

**૬૬૨ પદ-૨**

મારે સ્વામિનારાયણ ભજવા, દુરિજનિયાંના સંગને તજવા... ૦૧
મેં તો મેલ્યો સંસારિયો માડી, જોવા સ્વામિનારાયણ દાડી... ૦૨
મને સ્વામિનારાયણ ભાવે, લોક સ્વામીની કહીને બોલાવે... ૦૩
વાટે ઘાટે ને જાતાં વળતાં, સ્વામિનારાયણ શ્રવણે સાંભળતાં... ૦૪
મુખે સ્વામિનારાયણ ગાઉં, લોકલાજ થકી ન લજાઉં... ૦૫
પ્રેમસખી કે' સ્વામીને સારુ, કુરબાન કર્યું શિર મારું... ૦૬

**૬૬૩ (રાગ : ગરબી)**

વ્હાલા લાગો છો વિશ્વ આધાર રે, સગપણ તમ સાથે;
મેં તો સર્વે મેલ્યો સંસાર રે... સગપણ ૦૧
મારા મનમાં વસ્યા છો આવી શ્યામ રે... સગપણ
તમ સારુ તજ્યાં ધન ધામ રે... સગપણ ૦૨

મારું મનડું લોભાણું તમ પાસ રે... સગપણ
મને નથી બીજાની આશ રે... સગપણ ૦૩
મારે માથે ધણી છો તમે એક રે... સગપણ
મારી અખંડ નિભાવજો ટેક રે... સગપણ ૦૪
મેં તો દેહ ધર્યો છે તમ કાજ રે... સગપણ
તમને જોઈ મોહી છું મહારાજ રે... સગપણ ૦૫
હું તો હેતે વેચાણી તમ હાથ રે... સગપણ
છો બ્રહ્માનંદના નાથ રે... સગપણ ૦૬

**૬૬૪** **(રાગ : પરજ)**

વર ધર્મલાલ વરું રે, સખી અલબેલો, વર ધર્મલાલ વરું... ટેક
મૂરખ લોક દાઝી છો ને મરતાં, કોઈની શંકા ન ધરું રે... સખી ૦૧
શ્યામ કુંવર સંગે નેહ કરીને, જગથી તે શીદ ડરું રે... સખી ૦૨
પરણું તો વર પુરુષોત્તમને પરણું, નહિ તો કુંવારી મરું રે... સખી ૦૩
બ્રહ્માનંદના નાથને માથે, તન કુરબાન કરું રે... સખી ૦૪

**૬૬૫** **(રાગ : મેવાડી)**

મુખડાની માયા લાગી, મુખડાની માયા લાગી;
મુખડાની માયા લાગી રે, મોહન ! તારા મુખડાની માયા લાગી... ટેક

મુખડાની મીઠી વાણી, તેણે મન લીધું તાણી;
ઝબકીને સૂતી જાગી રે... મોહન ૦૧

મુખડું મેં જોયું તારું, બીજું સર્વે થયું ખારું;
હવે હું તો બડભાગી રે... મોહન ૦૨

મુખડું જોવાને માટે, **સહી**[1] કીધું શિર સાટે;
મહેણું મેં તો લીધું માગી રે... મોહન ૦૩

બ્રહ્માનંદ જાયે વારી, આશા એક મુને તારી;
તરછોડી **મ**[2] થાશો ત્યાગી રે... મોહન ૦૪

● ૧. નક્કી ● ૨. ન, નહિ

**૬૬૬** **(રાગ : રેખતા - કલાવતી)**

દીખલા **દિદાર**[1] પ્યારા, **મહેબૂબ**[2] હમારા... ટેક
**માશૂક**[3] જરા દે દેના, નેનો કા નજારા;
ઈતને મેં તો હોવેગા, **આશકુંદા**[4] ગુજારા... દીખલા ૦૧

કુરબાન કિયા તેરે નામ પર, ઘરબાર સંસારા;
ફકીરી લેકે ફિરતા હૂં, કરને કું દિદારા... દીખલા ૦૨

**તકસીર**[૫] માફ કરના, સુન સરજનહારા;
પ્રેમાનંદ કું મુલાકાત દેના, ધર્મ દુલારા... દીખલા ૦૩

● ૧. દર્શન ● ૨. સ્વામી ● ૩. પ્રિય-સ્વામી ● ૪. આશાનું ● ૫. અપરાધ, ગુનો, ભૂલ

## સાચા વૈરાગ્ય વિષે

### ૬૬૭ (ઉપજાતિ વૃત્ત) શ્રીહરિલીલામૃતમ્ : કળશ-૩, વિશ્રામ-૩

સંસાર છોડી જન ભેખ ધારે, તે તો દીસે છે ત્રિવિધ પ્રકારે;
ભાખું હવે સાંભળ ભેદ ભાઈ, ક્રોધે **સુબોધે**[૧] કરજે મૂંઝાઈ... ૦૧

સંસાર છોડે કરી જેહ ક્રોધ, તે ત્યાગી થૈને કરશે વિરોધ;
સત્સંગ કેરો મહિમા ન જાણે, નિમિત્ત અલ્પે અતિ ક્રોધ આણે... ૦૨

સૂઝે નહિ ઉદ્યમ દેવું થાય, મૂંઝાઈ જોગી થઈ માંગી ખાય;
તે તેહના લક્ષણથી જણાશે, પદાર્થ કે સ્વાદ સદા ચહાશે... ૦૩

સંસાર તો સર્વ અસાર જાણી, જ્ઞાની તજે તેહ **વિરાગ**[૨] આણી;
જો અંતરેથી ઊલટી કરાય, તે પાછું ખાવા ચિત્ત શું ચહાય... ૦૪

**સદ્યોગી**[૩] સૌને નમતો રહે છે, તે શ્રીહરિને ગમતો રહે છે;
દશેન્દ્રિયોને **દમતો**[૪] રહે છે, માનાપમાનો ખમતો રહે છે... ૦૫

જે જોગી ઈન્દ્રાસન તુચ્છ જાણે, તે દ્રવ્ય ઈચ્છા પર ઉર કેમ આણે;
સ્વાત્મા થકી ભિન્ન શરીર ધારે, ઈચ્છે નહિ દૈહિક સુખ ક્યારે... ૦૬

૧. વિચારીને ● ૨. વૈરાગ્ય ● ૩. સદા યોગી, સાચા સંત ● ૪. નિયંત્રણ કરવું, દમન કરવું

## સમજીને સાધુ થવા વિષે

### ૬૬૮ (ઉપજાતિ વૃત્ત) શ્રીહરિલીલામૃતમ્ : કળશ-૫, વિશ્રામ-૯

કહે હરિ જો દૃઢ હોય ચિત્ત, વૈરાગ્ય જો હોય ખરો ખચીત;
જાણી વિચારી પછી સાધુ થાવું, જાણ્યા વિના સાધુ થવા ન જાવું...૦૧

સ્મશાન વૈરાગ્ય ઘડી જણાય, એવે સમે જે જન સાધુ થાય;
વૈરાગ્ય તેનો પછી ઊડી જાશે, ધોબી તણા શ્વાન સમાન થાશે...૦૨

ત્યાગી થવું તે તપને જ કાજે, ખાવા પીવા કે નહિ લોકલાજે;
જો તે પછી દૈહિક સુખ ઈચ્છે, પાખંડી છે એમ પ્રભુજી પ્રીછે...૦૩

જે ભૂખના દુઃખથી સાધુ થાય, ખાવા મળે ત્યાં લગી ખૂબ ખાય;
પછી ગુરુ પાસ તજી નિવાસ, વસે જઈને વળી અન્ય પાસ...૦૪

નહિ મળે વસ્ત્ર વિશેષ અંગે, નહિ મળે પાથરવા પલંગે;
નહિ મળે સ્વાદ સહિત ખાવું, એવું વિચારી ઉર સાધુ થાવું...૦૫

જો ઈચ્છવું માયિક સુખ કાંઈ, મૂંડાવું બીજા મતપંથ માંઈ;
તપે કરી હું હરિને રિઝાવું, એવું ચહો તો અહીં સાધુ થાવું...૦૬

જો હોય તૃષ્ણા જરીએ અધૂરી, કરો જઈને જગમાં મજૂરી;
જો ઘાણીમાં પંડ ધરી પિલાવો, તો સાધુ થાવા અમ પાસ આવો...૦૭

માયિક જે જે સુખ નાશવંત, વિના તપે કોઈ નહિ **લહંત**[1];
તો લાડવા ખાઈ ફુલાવી દેહ, શું પામશે મૂર્તિધામ એહ...૦૮

● ૧. પ્રાપ્ત કરવું

## તપ વિષે

### ૬૬૯ (ઉપજાતિ વૃત્ત) શ્રીહરિલીલામૃતમ્ : કળશ-૭, વિશ્રામ-૩૮

સંસારના દુઃખથી સાધુ થાય, પૂરેપૂરો ધર્મ નહિ પળાય;
જાણે જતિ થૈ મન માન્યું ખાશું, અંતે મરી મૂર્તિધામ જાશું...૦૧

એવું નથી મૂર્તિધામ સોંઘું, મહાતપે તે મળવાનું મોંઘું;
સંતો હતા મુક્તઅનાદિ સિદ્ધ, પ્રભુ રિઝાવા તપ તીવ્ર કીધું...૦૨

દેહાભિમાની પ્રભુધામ પામે, બને નહિ તે કદી બેય કામે;
ચૂસે મુખે શેલડી અન્ન ખાય, તે બેયનો સ્વાદ જરૂર જાય...૦૩

જે દેહનું પોષણ પૂર્ણ ઈચ્છે, પ્રભુની આજ્ઞા નહિ કાંઈ પ્રીછે;
ભલે લીધો હોય વિરાગી વેષ, તથાપિ તેને નહિ લાભ લેશ...૦૪

જમી રમીને જતિ થાય જાડો, **પખાલી**[1]નો જેમ પળાય પાડો;
સજે નહિ તે ગુરુ દેવ સેવા, તૈયાર તે મૂર્તિધામ લેવા...૦૫

વર્ણી કહે સાંભળ ભૂપ ભ્રાત, પ્રસંગ પામી કહી એહ વાત;
શ્રીજી તણા આશ્રિત સંત જે છે, ત્યાગી ભલા તીવ્ર તપસ્વી તે છે...૦૬

● ૧. પાણી લાવનાર મજૂર, ભિસ્તી

### ૬૭૦ (રાગ : ચોપાઈ) ભક્ત ચિંતામણિ : પ્રકરણ-૮

એક કહે થાઉં એની માત, નિત્ય શીખવું પાપની વાત;
એક કહે થાઉં એની માસી, નાખું મોહ ને માયાની ફાંસી...૦૧

એક કહે થાઉં એની બે'ન, રોઈ કકળીને કરાવું **ફેન**[1];
એક કહે થાઉં હું દીકરી, મારી ચિંતામાં ન ભજે હરિ...૦૨

એમ બોલી અસુરની નારી, કરીએ બહુવિધ વિઘ્ન ભારી;
ત્યારે બોલ્યા અસુર વળતા, અમે બહુ જાણું છું ખળતા...૦૩

કહે એક થાઉં એનો બાપ, મારી-કૂટીને કરાવું પાપ;
કહે એક થાઉં એનો ભાઈ, નાખું અતિશે અધર્મ માંઈ...૦૪

કહે એક થાઉં એનો કાકો, બતાવું પાપ મારગ પાકો;
કહે એક થાઉં એનો મામો, કરાવું અતિ અધર્મ સામો...૦૫

કહે એક થાઉં એનો બાળ, કરું ભક્તિ ને ધર્મનો કાળ;
કહે એક **હેતુ**[2] એનો થઈ, નિયમ એક રહેવા દિયું નઈ...૦૬

કહે એક થાઉં એનો સખો, કરે ભજન ત્યાં રચાવું ડખો;
કહે એક થાઉં એનો સગો, કરું એના કલ્યાણમાં દગો...૦૭

કહે એક થાઉં એનો ગુરુ, જગે અઘ એટલાં હું કરું;
કહે અવિદ્યા થાઉં હું નાર, મ જાળથી કાઢે પગ બા'ર...૦૮

નાનાં બાળક બહુ ઉપજાવી, દિયું હેત હું એમાં બંધાવી;
છોરાં છોરી ઝીણું ઝીણું બોલી, ખાશે એના કલેજાંને ફોલી...૦૯

● ૧. ઢોંગ ● ૨. સગો

## ૬૭૧ પદ-૧ (રાગ : જંગલો)

### (રાગ : જનુની જીવો રે ગોપીચંદની)

દુઃખ છે અધિક આ સંસારમાં, મુખે કહ્યાં તે ન જાય જી;
આધિ વ્યાધિની અંતર થકી, હોળી પળ ન હોલાય જી... ટેક

ત્રિવિધ તાપે તપી રહ્યો, સઘળો આ સંસાર જી;
કાયા માયાને કારણે, વેઠે વેદના અપાર જી... દુઃખ છે ૦૧

કામ ક્રોધ મદ લોભની, લાગી ઘેર ઘેર લાય જી;
ધરતી ધન ને ત્રિયા તણો, ઝઘડો ઘેર ઘેર થાય જી... દુઃખ છે ૦૨

વિના વિવેક વઢી મરે, કોડી બદલે કુટાય જી;
મોહ મમતાને મારગે, મૂડી ઘરની લૂંટાય જી... દુઃખ છે ૦૩

શ્રીહરિના ચરણ વિના, નથી શાંતિ લગાર જી;
નારણદાસનો નાથજી, સદા સુખનો ભંડાર જી... દુઃખ છે ૦૪

**૬૭૨ પદ-૨**

કોઈ બહેરો ને બોબડો, કોઈ અંધ અપંગ જી;
કોઈ લૂલો ને કોઈ પાંગળો, કોઈ કોઢવાળો અંગ જી... ટેક

વિતવાળાને સુત ના મળે, સુતવાળો નિર્વિત જી;
જુગલ વસ્તુ જેને હોય તે, રોગી હોય ખચીત જી... દુઃખ છે ૦૧

રૂપવંતીમાં ગુણ જ નહિ, ગુણિયલમાં રૂપ નોય જી;
ઉભય વસ્તુ જેને હોય તે, વિધવા કે વાંઝા હોય જી... દુઃખ છે ૦૨

કંથ વિના દુઃખી કામની, અંધ આંખ વિનાય જી;
બંધુ વિના દુઃખી બેનડી, પુત્ર વિણ દુઃખી માય જી... દુઃખ છે ૦૩

સ્થિતિ સરખી સદા નવ રહે, ચડતી પડતી થાય જી;
માટે ભજો ભગવાનને, દાસ નારાયણ ગાય જી... દુઃખ છે ૦૪

**૬૭૩ પદ-૩**

એક કહે રે ધન માહરું, લૂંટી લઈ ગયા ચોર જી;
બીજો કહે રે સુત માહરો, મૂઓ આજ બપોર જી... ટેક

એક કહે રે મારા દેહને, આવ્યો રોગ અપાર જી;
બીજો કહે રે નાનાં બાળકો, મૂકી મરી ગઈ નાર જી... દુઃખ છે ૦૧

એક કહે છે વેપારમાં, ખોટ ગઈ એક લાખ જી;
બીજો કહે મારો બંગલો, બળી થઈ ગયો રાખ જી... દુઃખ છે ૦૨

એક કહે રે પિતા માહરો, મૂઓ કોલેરા માંય જી;
બીજો કહે રે બંધુ માહરો, રતિ અન્ન ન ખાય જી... દુઃખ છે ૦૩

એક કહે રે નથી દીકરા, નથી બીજો આધાર જી;
બીજો કહે રે શી ગતિ થશે, માથે ઋણ અપાર જી... દુઃખ છે ૦૪

**૬૭૪ પદ-૪**

અતિવૃષ્ટિ ને અનાવૃષ્ટિ, તેમ જ અગ્નિ ભય થાય જી;
તીડ ઉંદર ને હિમનો, ઉપદ્રવ આખો ગણાય જી... ટેક

અનંત પ્રકારની આફતો, આવે સંસારમાંય જી;
દેહ ધરીને દુઃખ ભોગવે, પીડા પંડમાં થાય જી... દુઃખ છે ૦૧

માયા મોહની જાળમાં, સળગે આ સંસાર જી;
કોટિક કષ્ટ સહે સદા, ચરાચર નરનાર જી... દુઃખ છે ૦૨

ભક્તિ વિના ભવદુઃખનો, કદી આવે નહિ અંત જી;
જિજ્ઞાસુ જન જાણજો, કહે છે શાસ્ત્ર ને સંત જી... દુઃખ છે ૦૩

લખ્યાથી યે લક્ષ ઘણાં, દુઃખ સંસાર માંય જી;
નારણદાસના નાથને ભજો, ભવદુઃખ જાય જી... દુઃખ છે ૦૪

**૬૭૫ (રાગ : ખમાચ)**

કોઈ કોઈનું નથી રે, કોઈ કોઈનું નથી રે;
અલ્યા નાહકના મરો બધા મથી મથી રે... કોઈ ૦૧

મનથી માનેલ કહે બધાય મારા, માની લે જીવડા તારા કે મારા;
સ્વાર્થ વિના પ્રીતિ કોઈ કરતું નથી રે... કોઈ ૦૨

આ મારી દીકરી ને આ મારી માત છે, આ મારી ઘરવાળી ને આ મારો બાપ છે;
મૂઆ સંગાથે કોઈ જતું નથી રે... કોઈ ૦૩

જનની જનેતાએ જન્મ રે દીધો, પાળી પોષીને તેને મોટેરો કીધો;
પરણ્યા પછી માતા સામું જોતો નથી રે... કોઈ ૦૪

કેટલાક ગયા ને કેટલાક જવાના, ના કોઈ રહ્યા ને ના કોઈ રહેવાના;
ગયા એના કોઈ સમાચાર નથી રે... કોઈ ૦૫

દાસ નારાયણ કહે હરિને ભજી લ્યો, માનવનો દેહ મળ્યો ફેરો સુધારી લ્યો;
તારા સાચા સંગાથી પ્રભુ વિના નથી રે... કોઈ ૦૬

**૬૭૬ (રાગ : ગરબી)**

પૂછી જો અંતરને તારા હૈયે મૂકી હાથ,
કહોને ક્યાંથી રીઝે ઘનશ્યામ... ટેક
પુન્ય ગયું પરવારી આજે, વધી રહ્યું છે પાપ... કહોને ૦૧

સ્વાર્થનાં સહુ સગાંસંબંધી, સ્વાર્થની છે દુનિયા અંધી;
વ્હાલા વેરી થાતા જગતમાં, સરી જતો જ્યાં સ્વાર્થ... કહોને ૦૨

કામિની કે કંચન કાજે, ભાઈ ભાઈનાં ગળાં જ કાપે;
શરમ ન આવે સ્હેજે રે તુજને, કરતાં કાળાં કામ... કહોને ૦૩

જૂઠું બોલતાં નવ અચકાતાં, માનવ દિન દિન દાનવ થાતા;
પાપી પેટને ખાતર આજે, કતલ થતી ગૌમાત... કહોને ૦૪

સત્ય અહિંસા દયા ભુલાઈ, લાભને લોભે વધી બૂરાઈ;
દુઃખમાં નાખે દીકરીને, પછી લે'ર કરે માબાપ... કહોને ૦૫

ગયો જમાનો સત્યતાનો, પતિવ્રતા ને પવિત્રતાનો;
આજ કાલના જુવાનિયાએ, નેવે મૂકી લાજ... કહોને ૦૬

ઈમિટેશનમાં અંધ જ થાતાં, ફેશનમાં ભૂલી ભટકાતા;
સાચી વસ્તુ શોધતાં આજે, મળે નહિ કોઈ ઠામ... કહોને ૦૭

ધર્મ નિયમને છેટે મૂક્યા, ઈશ્વરને પણ છેક જ ચૂક્યા;
દારૂ પીધેલા માંકડા જેવા, જીવ બન્યા બેફામ... કહોને ૦૮

પાપનાં પોટલાં બાંધ્યાં પ્રાણી, લોકમાંહી શી કરી કમાણી;
માધવદાસ કહે મૂરખ, મૂળગો ખોયો માલ... કહોને ૦૯

### ૬૭૭ (રાગ : ચલતી)

સુણો સુણો સૌ મુક્તો સુણો, સહજાનંદી સિંહો રે;
મહિમા સમજાયો, વેણ ઝિલાયાં, નથી પડી કાંઈ **ભીંહ**[1],
ભઈલા, નથી પડી કાંઈ ભીંહ રે... ૦૧

એ જ પ્રગટ છે મહારાજ-બાપા, એ જ સમય છે આજે રે;
શું ન થાય, હવે કેમ ન થાય, આ **SMVS** કાજે રે,
ભઈલા, **SMVS** કાજે રે... ૦૨

સમજી વિચારી ઊભા થાવો, જો હોય આન-બાન ને શાન રે;
**SMVS** માટે હોમાઈ જાવા, થઈ જાવા કુરબાન રે,
ભઈલા, થઈ જાવા કુરબાન રે... ૦૩

● ૧. ભીડો, તકલીફ

### ૬૭૮ પદ-૧ (રાગ : જંગલો)

મુને સુપને ન ગમે રે સંસાર, કો'ને કેમ કીજિએ;
**વમન**[1] થયું મન ઊતર્યું, એવો લાગે રે સંસાર... ટેક

સે'જ પલંગ ને પોઢણાં, કોઈ **તળાંસે પાવ**[2];
પતંગ પડ્યો તે ઉપરે, માથે જમ કેરો દાવ... કો'ને ૦૧

મૃગરાજના મુખમાં, જે કોઈ જાયે જરૂર;
ખાન પાન સર્વે વીસરી, મરવું દેખે હજૂર... કો'ને ૦૨

સ્વારથે સહુ કોઈ મળી, વિધવિધ કરે વાત;
અંતરમાં કહો કેમ ઊતરે, નજરે દીઠેલ ઘાત... કો'ને ૦૩

સમજી વિચારી જોઈ કરો, તજી **ખલક**[૩]ની આશ;
નિષ્કુળાનંદ નિશ્ચય કર્યો, સુખ તો સદ્‌ગુરુ પાસ... કો'ને ૦૪

● ૧. ઊલટી ● ૨. પગચંપી કરશે ● ૩. જગત

**૬૭૯ પદ-૨**

મુને મળિયા મોહનરાય, રહીને હવે શું કરું;
ઊલટીથી અળખામણો, એવો લાગે રે વ્યવહાર... ટેક

અક્ષરધામથી આવિયા, સ્વામી સહજાનંદ;
ભક્તિ ધર્મ સુત પ્રગટ્યા, સર્વે મુનિનાં વૃંદ... રહીને ૦૧

બ્રહ્મવિદ્યાના ભોમિયા, અનાદિમુક્ત સંગાથ;
એકાંતિક ધર્મ સ્થાપિયો, પોતે મુનિના નાથ... રહીને ૦૨

મૃગજળ દેખી ભૂલો ભમે, મન તણી તૃષ્ણામાં તણાય;
સાચા સદ્‌ગુરુ સેવતાં, મુક્ત થઈ બ્રહ્મમહોલે જાય... રહીને ૦૩

જાત વર્ણ જોતા નથી, સ્વામી સહજાનંદ;
નિષ્કુળાનંદ એને ભજે, મટે ભવના ફંદ... રહીને ૦૪

**૬૮૦ પદ-૩**

મુને મળિયા પુરુષોત્તમરાય, રોક્યો કેનો નહિ રહું;
કઠણ વેળા અંતકાળની, વિષ સમ વિષય વિકાળ... ટેક

સદ્‌ગુરુ શબ્દની **શારડી**[૧], ઊતરી આરમપાર;
શ્રીહરિ ઓળખાવિયા, અક્ષરાતીત આ વાર... રોક્યો ૦૧

ઈન્દ્રિયારામ મટી આ સમે, થઈ ગયા પૂરણકામ;
બ્રહ્મવિદ્યા ભણી ભેટિયા, સહજાનંદ સુખધામ... રોક્યો ૦૨

ધામ સ્વરૂપ પોતા તણું, શ્રીહરિ પોતે સાકાર;
પ્રભુપદ પ્રીતિ ઉપાસના, પય મિસરી એકતાર... રોક્યો ૦૩

ક્યાં મુક્ત ક્યાં શ્રીહરિ, કીડી કુંજર મેળાપ;
નિષ્કુળાનંદ ચેતી ગયા, મટે ભવના તાપ... રોક્યો ૦૪

● ૧. ઓજાર

**૬૮૧** **પદ-૪**

મુને કરી કૃતારથ ઘનશ્યામ, સહજાનંદ શ્રીહરિ;
શ્રીહરિ મુને સ્હેજે મળ્યા, અક્ષરાતીત અલબેલ... ટેક

બૃહદ વૈરાગ્ય ઉર પ્રગટ્યો, હરિ અળગા નવ થાય;
પયમાં પડી જેમ માછલી, તલખી જીવડો જાય... સહજા ૦૧

રીઝી રસબસ હો રહી, રસિયા સંગ એકતાર;
નિરવેદ ઉર પ્રગટ ભયો, શ્રીહરિ ધર્મકુમાર... સહજા ૦૨

સાચા સંતના જોગમાં, વૈદેહી રે વૈરાગ્ય;
આધિ વ્યાધિ મટી આ સમે, અનાદિમુક્તનો મેળાપ... સહજા ૦૩

રોમ રોમ રાચી રહી, સહજાનંદ સ્વરૂપ;
નિષ્કુળાનંદ રીઝ્યા હરિ, તીવ્ર વૈરાગ્યની તોપ... સહજા ૦૪

**૬૮૨** **પદ-૫**

મુને શ્રી ઘનશ્યામ સ્વરૂપ, જોગ સધાવિયો;
જોગણ ભઈ રહી ચરણમાં, આવ્યું ટાણું અમૂલ્ય... ટેક

દુર્લભ જાણું દેહધારીને, મન વાણી પર મહારાજ;
અકળ અગોચર શ્રીહરિ, ગોચર પ્રગટ્યા આજ... જોગ ૦૧

નયનગોચર શ્રીહરિ, બ્રહ્મમહોલના ભૂપ;
એહી કારણ મેં તન ધર્યું, સેવવા શ્યામ સ્વરૂપ... જોગ ૦૨

કોટિ મુક્ત સેવા કરે, રોમ રોમ રસરૂપ;
અંગ પ્રકાશ અગમ અતિ, અક્ષરાતીત સ્વરૂપ... જોગ ૦૩

કોટિ અવતારના કારણ કહી, કોટિ પુરુષ કરજોડ;
નિષ્કુળાનંદ કહે ચરણ મેં રહે, મેરે ઈષ્ટ કી હજૂર... જોગ ૦૪

**૬૮૩** **પદ-૬**

મુને નીલકંઠ વરણી મહારાજ, દર્શન દીજિયે;
ગુરુ રામાનંદ સ્વામીએ, અગમ કહી'તી અનુપ... ટેક

વરણી સુખાનંદજી, મુક્તાનંદ મહંત;
શ્રીહરિ લોજ પધારિયા, જોગી વેષે રહંત... દર્શન ૦૧

સોરઠ દેશમાં શ્રીહરિ, આપી પરચા અનંત;
સમાધિ કરાવી નરનારીને, અક્ષરધામ પર્યંત... દર્શન ૦૨

પ્રૌઢ પ્રતાપ વરણી તણો, જાણી શ્રી રામાનંદ;
સત્સંગ ગાદી સ્થાપન કર્યા, સર્વાધાર સહજાનંદ... દર્શન ૦૩

અખિલ ભુવનપતિ ઈષ્ટ મમ, દુર્ગપુર મોઝાર;
નિષ્કુળાનંદ સેવ્યા હરિ, **ઉત્તમ નૃપ**[1] દરબાર... દર્શન ૦૪

● ૧. દાદાખાચર

**૬૮૪ પદ-૭**

મુને ધર્મકુંવર મહારાજ, અચરજકારી છે;
જગજીવન મહાયજ્ઞ કરી, વિપ્ર જમાડ્યા કરોડ... ટેક

અંતરજામી નિજ મુક્ત મણિ, ઊર્ધ્વરેતા સમાધિ વિજ્ઞાન;
ભૌતિક તનુ ભાગવતી થયા, પ્રભુ પ્રગટ નિદાન... અચરજ ૦૧

અંત સમે અનેક મુનિ, શ્રીહરિ સહજાનંદ સોય;
દર્શન આપ્યાં નિજ દાસને, બિરદ પોતાનું જોય... અચરજ ૦૨

મહિમા તમારો માવજી, કળી રે શકે નહિ કોય;
અલ્પમતિ અબળા અમે, પ્રાણજીવન પિયા મોય... અચરજ ૦૩

સરિતા સિંધુ જ્યું મળી, સંતન કે સુખધામ;
નિષ્કુળાનંદ ફકીર કી, શ્રીજી મૂર્તિ અમીરી ધામ... અચરજ ૦૪

**૬૮૫ પદ-૮**

મુને ભક્તિનંદન મહારાજ, સોહાગણ કીજિયે;
આશા ચરણ સેવ્યા તણી, રાખો શ્યામ હજૂર... ટેક

સેવા દુર્લભ મહામુક્તને, રહેવું વચન સાથ;
કામ કઠણ નથી સોહ્યલું, હરિવર ગ્રહ્યો છે હાથ... સોહા ૦૧

ગુણનિધિ રંગ ગૂઢો ચડ્યો, ભીંજી અંગ સતસંગ;
જેસે ચંદ ચકોરીઆ, નવલ પિયાજી કા રંગ... સોહા ૦૨

લોજ નગરમાં શ્રીહરિ, સુખાનંદ તે વાર;
પૂછ્યા પ્રશ્ન શ્રીહરિ ત્યાં, મુક્તાનંદ કરી પ્યાર... સોહા ૦૩

પ્રીતમ મેરી ભીતરે, મૈં પ્રીતમ સે વાસ;
નિષ્કુળાનંદ કહે શ્રીહરિ તણા, અમો દામ વિનાના દાસ... સોહા ૦૪

**૬૮૬ પદ-૧ (રાગ : જંગલો)**

જનુની જીવો રે ગોપીચંદની, પુત્રને પ્રેર્યો વૈરાગ્ય જી;
ઉપદેશ આપ્યો એણી પેરે, લાગ્યો સંસારીડો આગ જી... જનુની ૦૧

ધન્ય ધન્ય માતા ધ્રુવ તણી, કહ્યાં કઠણ વચન જી;
રાજ સાજ સુખ પરહરી, વેગે ચાલિયા વન જી... જનુની ૦૨

ભલો રે ત્યાગ ભરથરી તણો, તજી જેણે સોળ સેં નાર જી;
મંદિર ઝરૂખા મેલી કરી, આસન કીધલાં બા'ર જી... જનુની ૦૩

ઊઠી ન શકે ઊંટિયો, બહુ બોલાવ્યો બાજંદ જી;
તેને રે દેખી ત્રાસ ઊપન્યો, લીધી ફકીરી છોડ્યા ફંદ જી... જનુની ૦૪

એવા વૈરાગ્યવંતને જાઉં વારણે, બીજા ગયા અનેક જી;
ભલા ભૂંડાં અવની ઉપરે, ગણતા ના'વે છેક જી... જનુની ૦૫

ક્યાં ગયું કુળ રાવણ તણું, સગર સુત સાઠ હજાર જી;
ન રહ્યું નાણું રાજા નંદનું, સરવે સુપન વ્યવહાર જી... જનુની ૦૬

એવા છત્રપતિ ચાલી ગયા, રાજ મૂકી રાજન જી;
દેવ દાનવ માનવ મુનિ, સરવે જાણો સુપન જી... જનુની ૦૭

સમજી મૂકો તો સારું ઘણું, જરૂર મુકાવશે જમ જી;
નિષ્કુળાનંદ કહે નહિ મટે, સાચું કહું ખાઈ સમ જી... જનુની ૦૮

**૬૮૭ પદ-૨**

ત્યાગ ન ટકે રે વૈરાગ્ય વિના, કરે કોટિ ઉપાય જી;
અંતર ઊંડી જે ઇચ્છા રહે, તે તો કેમ તજાય જી... ત્યાગ ૦૧

વેશ લીધો વૈરાગ્યનો, દેશ રહી ગયો દૂર જી;
ઉપર વેશ અચ્છો બન્યો, માંહી મોહ ભરપૂર જી... ત્યાગ ૦૨

કામ ક્રોધ મદ લોભનું, જ્યાં લગી મૂળ ન જાય જી;
સંગ પ્રસંગે તે ઊપજે, જ્યારે જોગ ભોગનો થાય જી... ત્યાગ ૦૩

**ઉષ્ણ રતે**[1] અવની ઉપરે, બીજ ન દીસે બહાર જી;
**ઘન**[2] વરસે વન પાંગરે, એમ ઇન્દ્રિય વિષે વિકાર જી... ત્યાગ ૦૪

ચમક દેખીને લોહ ચળે, ઈન્દ્રિય વિષય સંયોગ જી;
અણભેટે અભાવ છે, ભેટે ભોગવશે ભોગ જી... ત્યાગ ૦૫

ઉપર તજે ને અંતર ભજે, એમ ન સરે અર્થ જી;
તે વરણ ને આશ્રમથી, અંતે કરશે અનર્થ જી... ત્યાગ ૦૬

ભ્રષ્ટ થયો રે જોગ ભોગથી, જેમ બગડ્યું દૂધ જી;
ગયું રે ઘૃત મહી માખણથી, આપે થયું અશુદ્ધ જી... ત્યાગ ૦૭

પળમાં જોગી પળમાં ભોગી, પળમાં ગૃહી ને ત્યાગી જી;
નિષ્કુળાનંદ કહે એ નરનો, વણસમજ્યો વૈરાગ્ય જી... ત્યાગ ૦૮

● ૧. ઉનાળાની ઋતુ ● ૨. વરસાદ

## ૬૮૮ પદ-૩

પ્રથમ વૈરાગ્ય જેને પ્રગટે, તજે સકળ સંસાર જી;
રાજ-સાજ સુખ સંપત્તિ, મેલે માલ ભંડાર જી... પ્રથમ ૦૧

અસન વસન ભૂષણ સજ્યાં, એથી ઉતારે મન જી;
અંતર વૈરાગ્ય જેને ઊપજે, તજી ભુવન ઈચ્છે વન જી... પ્રથમ ૦૨

સપ્ત ધાતુ સુવર્ણ લગી, વાંચ્છે નહિ તે વાસણ જી;
ગામ ભોમ તે ગમે નહિ, ઈચ્છે અરણ્યમાં આસન જી... પ્રથમ ૦૩

માત તાત સુત સંબંધી, તજે ભગિની ને ભાઈ જી;
નારી ન ગમે દીઠી નયણે, ત્રોડે સૌથી સગાઈ જી... પ્રથમ ૦૪

એટલાં તજી નર નીસરે, વળતા લીએ વેશ જી;
સુખ દુઃખ સહે શરીરને, દેખે દેશ વિદેશ જી... પ્રથમ ૦૫

પછી થાકી બેસે કોઈ થાનકે, જોઈ સુંદર જાગ્ય જી;
નિષ્કુળાનંદ એ નરને, વળતો ન રહે વૈરાગ્ય જી... પ્રથમ ૦૬

## ૬૮૯ પદ-૪

વૈરાગ્યને રે વિઘન ઘણાં, તાકી રહ્યાં તૈયાર જી;
માન મોટાઈ ઈચ્છે મારવા, છોડાવા ધન-નાર જી... વૈરાગ્ય ૦૧

ઉપરના રે અભાવથી, ટકે નહિ કે'દી ટેક જી;
પાંચ વૈરી પ્રચંડ છે, અધિક એકથી એક જી... વૈરાગ્ય ૦૨

ખાતાં પીતાં સૂતાં જાગતાં, વસવું વેરીને વાસ જી;
જોતાં સુણતાં બોલતાં, તેનો કરવો તપાસ જી... વૈરાગ્ય ૦૩

તપાસ્યા વિના જે ત્યાગિયું, હોડે કરી હૈયાં જોર જી;
તે કોઈક દા'ડે કચવાઈને, ક્યાંઈ ભાગશે ભૂર જી... વૈરાગ્ય ૦૪

અંતર ઊંડા અભાવથી, કરીએ તન મન ત્યાગ જી;
પછી ભરીએ પગલાં, તો ન વણસે વૈરાગ જી... વૈરાગ્ય ૦૫

સાચે કારજ સરવે સરે, કાચે રાચે નહિ ઘનશ્યામ જી;
નિષ્કુળાનંદ કહે ન કીજિયે, વણસમજે એ કામ જી... વૈરાગ્ય ૦૬

**૬૯૦ પદ-૫**

વૈરાગ વીતે એ વાણી વદે, લોકો સમજે નહિ લેશ જી;
મોટા સંતની સેવા ક્યાં મળે, એમ આપે ઉપદેશ જી... વૈરાગ ૦૧

તન ધન વસન વડે, સેવા સાધુની કીજે જી;
વિધવિધના વ્યંજન શું, રૂડી રસોઈયું દીજે જી... વૈરાગ ૦૨

આગે સાધુને આપિયાં, સુત વિત્ત ઘર ને બાર જી;
એવા ભક્ત લખાણા ભક્તમાળમાં, દેખ્યા દલના ઉદાર જી... વૈરાગ ૦૩

આજ સાધુને આપતા, કાં રે મૂંઝાય મન જી;
સુત **કલત્ર**[૧] કારણે, દોડી ખરચો છો ધન જી... વૈરાગ ૦૪

અમે રે ત્યાગી સરવે ત્યાગિયું, ત્યાગ્યાં રાજ ને પાટ જી;
તમારા કલ્યાણને કારણે, સંત બતાવે વાટ જી... વૈરાગ ૦૫

એમ વણસ્યા વૈરાગની વાતડી, સુણો સૌ નરનાર જી;
નિષ્કુળાનંદ એ નરનું, કેમ પડશે પાર જી... વૈરાગ ૦૬

● ૧. નારી, પત્ની

**૬૯૧ પદ-૬**

જેનું રે મન વન વાંછતું, અતિ રહેતા ઉદાસ જી;
તે તાક્યા વસ્તીએ વસવા, બાંધી સૌ સાથે આશ જી... જેનું ૦૧

જેને રે ગમતી **જીરણ**[૧] **કંથા**[૨], જેવું તેવું જળ ઠામ જી;
તેણે રે રંગ્યાં રૂડાં તુંબડાં, ગમતાં વસ્ત્ર માંગે ગામો ગામ જી... જેનું ૦૨

રસ રહિત અન્ન ઇચ્છતા, દેવા દેહને દંડ જી;
તેને જોઈએ તીખા તમતમા, ખાવા ખીર ને ખાંડ જી... જેનું ૦૩

જેને રે જાગ્ય આગ્ય લાગતી, ગમતા નહિ શય્યા ઘર જી;
તેને રે આસનથી ઉઠાડતાં, જાણે જગાડ્યો મણિધર જી... જેનું ૦૪

પોતાનો પરિવાર પરહરી, ચાલ્યો એકીલો આપ જી;
તેણે રે કર્યો સ્નેહ શિષ્ય શું, લીધો પરનો સંતાપ જી... જેનું ૦૫

ઓછી સમજણે જે આદરે, કાયો થકો જે કોઈ જી;
નિષ્કુળાનંદ કહે એ નરનું, અંતે એમ જ હોય જી... જેનું ૦૬

● ૧. જીર્ણ ● ૨. ગોદડી

### ૬૯૨ (રાગ : ગરબી)

સખી પ્રેમી જાણે વાત પ્રીતની જો;
શું જાણે બીજા એ રીતને જો... ટેક

સખી ભ્રમર લોભી રસ સારના જો;
શું જાણે **દાદુર**[1] ભોગી **ગારના**[2] જો... સખી ૦૧

સખી હંસ તો **મુક્તાફળ**[3]ને જમે જો;
મુવા બગલાને એક માછલાં ગમે જો... સખી ૦૨

સખી પ્રેમીજન હંસ મોતી શ્યામ છે જો;
જેને શ્યામ વિના બીજું હરામ છે જો... સખી ૦૩

સખી અમૃત પીતાં ટળી વાસના જો;
તે નવ જાણે બેની સ્વાદ છાસના જો... સખી ૦૪

સખી જીવવું જેનું નાથ કારણે જો;
પ્રેમસખી જાયે તેને વારણે જો... સખી ૦૫

● ૧. દેડકો ● ૨. ગારો, ભીની માટી ● ૩. મોતી

### ૬૯૩ (રાગ : સર્વોપરી ને સદા પ્રગટ છે)

તન મન ધનના સમર્પણ કાજે, થઈ ગયો ભક્તસમાજ;
તેમની ગાથા સુણાવું આજ(૨)... ટેક

નામ નથી ચિઠ્ઠીમાં લખિયું, તોપણ પોતે આદિમાં ગણિયું;
**અનુવૃત્તિ**[1] શ્રીજીની જાણી, ત્યાગ કર્યો સંસાર... તેમની ૦૧

શ્રીજીના વચને ઓગણીસ ભક્તો, અંતરે આનંદ અતિ ઊભરાતો;
દીક્ષા લેવા જાતા આનંદમાં, જેતલપુરની માંય... તેમની ૦૨

સંતો હાથ જોડીને બોલ્યા, ભૂજનગરમાં શ્રીજી ડોલ્યા;
કલ્યાણદાસનું કાર્ય અલૌકિક, 'વાહ... અદ્‌ભુતાનંદ'... તેમની ૦૩

રણછોડલાલે નાણાં **પદરનાં**[૨], ખર્ચ્યાં છે જે દેવ મંદિરમાં;
આચાર્યશ્રીના ઠપકા માંહી, સંશય થયો નહિ કાંય... તેમની ૦૪

સત્ય હકીકત જાણવા મળતાં, મહારાજશ્રી અતિ દિલગીર થાતાં;
રણછોડલાલભાઈ થયો અપરાધ, ભૂલ છે મારી આમાંય... તેમની ૦૫

રણછોડલાલ દાસભાવે શૂરા, બોલ્યા વચનો મહિમાએ પૂરાં;

**( અરે... અરે... મહારાજ... મારા વ્હાલા... દયાળુ... અરે... આપ આ શું બોલ્યા ? દયાળુ...! એમ ના બોલો દયાળુ..! એમ ના બોલો મારા વ્હાલા... એમ ના બોલો...)**

આ રણછોડિયો દાસ તમારો, ભલે ખાસડાં મારો સાત... તેમની ૦૬

સુરાખાચર જે રસના સ્વાદી, માગે ભોજનમાં મીઠાઈઓ આદિ;
ક્લેશ નિત્ય થાય છે ઘરમાં, મનગમતાની છે વાત... તેમની ૦૭

સ્વભાવ ટળાવવા નિજ ભક્તોના, વચનો કહે ગમતું મૂકવાનાં;
શ્રીજી કહે સુરાખાચરને, જમતાં બોલવું ન કાંય... તેમની ૦૮

પિરસાયાં ભોજન નિઃસ્વાદી, કાંઈ બોલે નહિ મુખેથી આદિ;
નિજ ગમતું મૂકી હરિ ગમતું કરવું, તે જ ખરો છે સાર... તેમની ૦૯

● ૧. રુચિ, ગમતું, મરજી ● ૨. પોતાના

●●●

# ઉપદેશનાં પદો

**૬૯૪ પદ-૧ (રાગ : ગરબી)**

મોહનને ગમવાને ઈચ્છો માનની, ત્યાગો સર્વે જૂઠી મનની ટેક જો;
પતિવ્રતાનો ધર્મ અચળ કરી પાળજો, હરિચરણે રહેજો અબળા થઈ છેક જો.
મોહનને...૦૧

વળી એક વાત કહું છું અધિક વિવેકની, સાંભળ બેની તારા સુખને કાજ જો;
હરિજન સંગે રાખો પૂરણ પ્રીતડી, ત્યાગો મદ મત્સર જૂઠી કુળ લાજ જો.
મોહનને...૦૨

સુખદાયક તું જાણે સુંદર શ્યામને, અતિ દુઃખદાયક મન પોતાનું જાણજો;
મુક્તાનંદના નાથ મગન થઈ સેવજો, સમજી વિચારી બોલો અમૃત વેણ જો.
મોહનને...૦૩

**૬૯૫ પદ-૨**

સાંભળ બેની હરિ રીઝ્યાની રીતડી, મોહનવરને માન સંગાથે વેર જો;
સાધન સર્વે માન બગાડે પળ વિષે, જેમ ભળિયું પયસાકરમાં અહિ-ઝેર જો.
સાંભળ...૦૧

દાસી થઈ તું રહેજે દીનદયાળની, નીચી ટેલ મળે તો માને મહેર જો;
ભવ બ્રહ્માદિકને નિશ્ચે મળતી નથી, પુરુષોત્તમ પાસે બેઠાની જાગ્ય જો.
સાંભળ...૦૨

પ્રીત કરે પુરુષોત્તમ સાથે નિત્ય નવી, દાઝીશ મા દેખી કેનું સન્માન જો;
મુક્તાનંદના નાથ મગન થઈ સેવજો, તો રીઝે રસિયો સુંદરવર શ્યામ જો.
સાંભળ...૦૩

**૬૯૬ પદ-૩**

ધર્મકુંવરની રીત સુણી મનમાં ધરો, તો તમે રહેશો મગન સદા હરિ સંગ જો;
પુરુષોત્તમને નથી કોઈ પર-પોતા તણું, પૂરણકામ ન રાચે કેને રંગ જો.
ધર્મકુંવરની...૦૧

કરુણાનિધિમાં કામાદિક વ્યાપે નહિ, ઈર્ષ્યા માન તણો નહિ અંતર લેશ જો;
કડવાં વેણ કહે પોતાના દાસને, ઔષધ સમ આપે ઉત્તમ ઉપદેશ જો.
ધર્મકુંવરની...૦૨

જે જે વચન કહે સુંદરવર શામળો, સુખ ઊપજે તેમ કરવો શુદ્ધ વિચાર જો;
મુક્તાનંદના નાથ સદા સુખદાયી છે, એવું જાણી કરજો પૂરણ પ્યાર જો.
ધર્મકુંવરની...૦૩

**૬૯૭** **પદ-૪**

સુખસાગર હરિવર સંગે સુખ માણજો, અતિ ઘણી મહેર કરી છે શ્રીજીમહારાજ જો;
પુરુષોત્તમ સાથે પૂરણ સગપણ થયું, આપણ તુલ્ય નહિ કોઈ બીજું આજ જો.
સુખસાગર...૦૧
રવિમંડળમાં રાત તણું દુઃખ નવ નડે, પારસ પામ્યે ધન દુર્બળતા જાય જો;
તેમ પ્રગટ પુરુષોત્તમને જે જે મળે, તેનો મહિમા ભવ બ્રહ્માદિક ગાય જો.
સુખસાગર...૦૨
તન અભિમાન તજે પૂરણ સુખ પામીએ, શામળિયા સંગ વાધે સાચી પ્રીત જો;
મુક્તાનંદ કહે મર્મ ઘણો છે વાતમાં, જાણી લેજો અતિ ઉત્તમ રસ રીત જો.
સુખસાગર...૦૩

**૬૯૮** **(રાગ : બિહાગડો)**

સરલ વર્તવે છે સારું રે **મનવા**[1], સરલ વર્તવે છે સારું;
માની એટલું વચન મારું રે મનવા... ટેક
મન કર્મ વચને માનને મેલી, કાઢ્ય અભિમાન બા'રું;
હાથ જોડી હાજી હાજી કરતાં, કે'દી ન બગડે તે તારું રે... ૦૧
અકડ નર લાકડ સૂકા સમ, એને વળવા ઉધારું;
તેને તાપ આપી અતિ તીખો, સમું કરે છે સુતારું રે... ૦૨
**આંકડો**[2] વાંકડો વીંછીના સરખો, એવો ન રાખવો **વારું**[3];
દેખી **દગે**[4] કોઈ દયા ન આણે, પડે માથામાં **પેજારું**[5] રે... ૦૩
હેતનાં વચન ધારી લૈયે હૈયે, શું કહીએ વાતો હજારું;
નિષ્કુળાનંદ નિજ કારજ કરવા, રાખીએ નહિ અંધારું રે... ૦૪

● ૧. મન ● ૨. વીંછીનો ડંખ ● ૩. સ્વભાવ ● ૪. નજરે ● ૫. પગરખું, મોજડી

**૬૯૯** **પદ-૧ (રાગ : ગરબી)**

હરિજન સાચા રે, જે ઉરમાં હિંમત રાખે;
વિપત્તે **વરચી**[1] રે, કે'દી દીન વચન નવ ભાખે...૦૧

જગનું સુખદુ:ખ રે, માયિક મિથ્યા કરી જાણે;
તન ધન જાતા રે, અંતરમાં શોક ન આણે...૦૨

પર ઉપકારી રે, જન પ્રેમનિયમમાં પૂરા;
દૈહિક દુ:ખમાં રે, દાઝે નહિ સાધુ શૂરા...૦૩

હરિને સમરે રે, નિત્ય અહોનિશ ઉમંગ ભરિયા;
સર્વ તજીને રે, નટનાગર વ્હાલા કરિયા...૦૪

બ્રહ્માનંદ કહે રે, એવા હરિજનની બલિહારી;
મસ્તક જાતા રે, નવ મેલે ટેક વિસારી...૦૫

● ૧. મૂંઝાઈને

**૭૦૦** **પદ-૨**

**ટેક**[૧] ન મેલે રે, તે **મરદ**[૨] ખરા જગમાંહી;
ત્રિવિધ તાપે રે, કે'દી અંતર ડોલે નાહીં...૦૧

નિધડક વરતે રે, દઢ ધીરજ મનમાં ધારી;
કાળ કર્મની રે, શંકા તે દેવે વિસારી...૦૨

મોડું વહેલું રે, નિશ્ચે કરી એક દિન મરવું;
જગ સુખ સારુ રે, કે'દી કાયર મન નવ કરવું...૦૩

અંતર પાડી રે, સમજીને સવળી આંટી;
માથું જાતા રે, મેલે નહિ તે નર માટી...૦૪

કોઈની શંકા રે, કે'દી મનમાં તે નવ ધારે;
બ્રહ્માનંદના રે, વ્હાલાને પળ ન વિસારે...૦૫

● ૧. નિયમ ● ૨. શૂરવીર

**૭૦૧** **પદ-૩**

જો હોય હિંમત રે, નરને ઉરમાંહી ભારી;
દઢતા જોઈને રે, તેની મદદ કરે મોરારી...૦૧

બીક તજીને રે, નિત્ય હિંમત સોતો બોલે;
મસ્તક માયા રે, સર્વે તૃણ જેવું તોલે...૦૨

કેસરી સિંહને રે, જેમ શંકા મળે નહિ મનમાં;
**એકાએકી**[૧] રે, નિરભે થઈ વિચરે વનમાં...૦૩

**પંડે**[૨] છોટો રે, મોટા **મેગળ**[૩]ને મારે;
હિંમત વિનાનો રે, હાથી તે જોઈને હારે...૦૪

બ્રહ્માનંદ કહે રે, એમ સમજે તે જન શૂરા;
તન કરી નાખે રે, ગુરુ વચને ચૂરે ચૂરા...૦૫

● ૧. એકલો ● ૨. શરીર ● ૩. હાથી

**૭૦૨** **પદ-૪**

પેટ કટારી રે, પહેરીને સન્મુખ ચાલ્યા;
પાછા ન વળે રે, કોઈના તે ન રહે ઝાલ્યા...૦૧

આમા સામા રે, ઊડે ભાલા અણિયાળા;
તે અવસરમાં રે, રહે રાજી તે મતવાલા...૦૨

સાચા શૂરા રે, જેના વેરી ઘાવ વખાણે;
જીવિત જૂઠું રે, મરવું તે મંગળ જાણે...૦૩

તેની પેરે રે, હરિજન પણ જોઈએ તીખા;
અંતરશત્રુને રે, લાગે અતિ વજ્ર સરીખા...૦૪

માથું જાતા રે, મુખનું **પાણી**[૧] નવ જાવે;
બ્રહ્માનંદ કહે રે, તે સંત હરિ મન ભાવે...૦૫

● ૧. પ્રતિજ્ઞા, વચન

**૭૦૩** **(પદ : હરિનો મારગ છે શૂરાનો)**

હરિનો મારગ છે શૂરાનો, નહિ કાયરનું કામ જોને;
પરથમ પે'લું મસ્તક મૂકી, વરતી લેવું નામ જોને...ટેક

સુત વિત દારા શીશ સમરપે, તે પામે રસ પીવા જોને;
સિંધુ મધ્યે મોતી લેવા, માંહી પડ્યા મરજીવા જોને...૦૧

મરણ આગળે તે ભરે મૂઠી, દિલની દુગ્ધા વામે જોને;
તીરે ઊભા જુએ તમાશા, તે કોડી નવ પામે જોને...૦૨

પ્રેમપંથ પાવકની જ્વાળા, ભાળી પાછા ભાગે જોને;
માંહી પડ્યા તે મહાસુખ માણે, દેખનહારા દાઝે જોને...૦૩

માથા સાટે સોંઘી વસ્તુ, સાંપડવી નહિ સહેલ જોને;
મહાપદ પામ્યા તે મરજીવા, મૂકી મનનો મેલ જોને...૦૪

શ્રીજી અમલમાં રાતા માતા, પૂરા પ્રેમી પરખે જોને;
પ્રીતમના સ્વામીની લીલા, તે રજની દિન નીરખે જોને...૦૫

૭૦૪ **(રાગ : પરજ)**

ખોળી ખોળીને ખોળીયું, ખરા ખપવાળાની ખોટ રે;
જેને ન જોયે જાળવ્યા, સુણી સમજે સીધું સોટ રે... ટેક

બીજા ઠેલ્યા ન ખસે ઠામથી, રોકે ત્યાં મૂકે દોટ રે;
સુખ થવાના સાજને ભાંગી, લઈ કરે છે લોટ રે... ખોળી ૦૧

જે કર્યાનું તે કરે નહિ, અણ કર્યાની લિયે ઓટ રે;
મરે પણ મૂકે નહિ, બાંધી મમતની જે મોટ રે... ખોળી ૦૨

સ્વાર્થ અર્થે શબ્દની સહે, ચાકર થઈને ચોટ રે;
સંત કહે જો સુખને તજે, તે શું પાડી તોટ રે... ખોળી ૦૩

એવા **અકોણા**[1] નરને કહીએ, હેતની વાતો **કોટ**[2] રે;
નિષ્કુળાનંદ કહે ન્યાયમાં ઝાલ્યા, પછી યે કરે જોટ રે... ખોળી ૦૪

● ૧. અતડું ● ૨. કરોડ

૭૦૫ **(રાગ : જીવમાં કાંઈ ન ઊતર્યું)**

શ્રીજી સંગે ખૂબ ફર્યો હું, ઉપાડી પ્રભુજીની ડોળી;
સંતો સંગે ખૂબ ફર્યો હું, લઈ સંતોની ઝોળી,
સમજવાનું સમજ્યો નહિ તેથી, રહ્યો કોળીનો કોળી...ટેક

માને ને અભિમાને મુજને, એવો બનાવ્યો ઘેલો;
અહંતા ને મમતાની ગ્રંથિએ, મોહ માંહી ફસેલો... શ્રીજી ૦૧

ભ્રમિત બની ગઈ બુદ્ધિ મારી, તેથી પ્રભુને ભૂલેલો;
દોષોથી છૂટી દાસ બનું તવ, માર્ગ બતાવો સહેલો... શ્રીજી ૦૨

મારી કસોટી કરવાને આપે, નિશાન મને બતાવ્યું;
અભિમાનની ગ્રંથિ ગળાવવા, તીર તમે છટકાવ્યું... શ્રીજી ૦૩

દયાળુ દયા કરી તમે તેથી, આજ મને સમજાયું;
દાસાનુદાસ કહે જુઓ ભાઈઓ, માનથી કેવું ગુમાવ્યું... શ્રીજી ૦૪

૭૦૬ **(રાગ : ગોડી)**

હરિ બિન કોઈ ન તેરા સમજ નર, હરિ બિન કોઈ ન તેરા રે;
ચાર દિન કી ચાંદની બીતે, આગે બો'ત અંધેરા...સમજ ૦૧

મનુષ્ય દેહ દયા કરી દીની, **તાતે**[1] ચેત **સવેરા**[2];
અબ કો અવસર ભૂલ જાયેગો, સહેગો દુઃખ **ઘનેરાં**[3]...સમજ ૦૨

ભરતખંડ મધ્યે જનમ દિયો હૈ, જહાં પ્રભુ પ્રગટ બસેરા;
સ્વામિનારાયણ નામ રટન કરી, પાર કરો ભવ ફેરા...સમજ ૦૩

કામ ક્રોધ મદ લોભ માન તજી, હો સંતન કા **ચેરા**[4];
મુક્તાનંદ કહે મહાસુખ પાવે, માનો બચન દઢ મેરા...સમજ ૦૪

● ૧. તેથી ● ૨. સમયસર ● ૩. ઘણાં ● ૪. દાસ, સેવક

**૭૦૭ પદ-૧ (રાગ : કાફી)**

સહજાનંદ હરિ, ભજી લ્યોને સહજાનંદ હરિ...ટેક
દારૂ માટી ચોરી અવેરી, એ ચારેનો ત્યાગ કરી...ભજી ૦૧
જન્મ મરણનું સંકટ મોટું, તે થકી મનમાં ડરી...ભજી ૦૨
સ્વામિનારાયણ નામ જ લેતાં, ભવજળ જાશો તરી...ભજી ૦૩
નિષ્કુળાનંદ કહે નિઃશંક થઈને, માનજો વાત ખરી...ભજી ૦૪

**૭૦૮ પદ-૨**

જાવું જરૂર મરી, મેલીને સર્વે જાવું જરૂર મરી...ટેક
રાત-દિવસ રળ્યો ધનને કાજે, સમર્યા નહિ ઘડીએ હરિ...મેલીને ૦૧
મેડી મંદિર માલ ખજીના, સંપત રહેશે ધરી...મેલીને ૦૨
સગાં સંબંધી સહુ જોઈ રહેશે, કે'નું ન ચાલે જરી...મેલીને ૦૩
નિષ્કુળાનંદ કહે જોને વિચારી, રહે નહિ દેહ ધરી...મેલીને ૦૪

**૭૦૯ પદ-૩**

મનમાં વિચારી જરી, જોયું નહિ મનમાં વિચારી જરી...ટેક
સાધુજનની વાત ન માની, પાપીની સોબત કરી...જોયું ૦૧
સ્વામિનારાયણ નામ ન લીધું, મનુષ્ય દેહ ધરી...જોયું ૦૨
જુવાનીમાં જોરે ભરિયો, ચોરી અવેરી કરી...જોયું ૦૩
નિષ્કુળાનંદ કહે માગીને લીધી, માથે ચોરાશી ફરી...જોયું ૦૪

**૭૧૦ (રાગ : ધોળ)**

ધીરજ ધર તું અરે અધીરા, ઈશ્વર પૂરે અન્ન જોને;
**ખલક**[1] તણો છે ખટકો પ્રભુને, સાચું માને મન જોને...૦૧

જન્મ્યું તેને જિવાડવાને, ઉપાય શોધ્યો શુદ્ધ જોને;
હાડ માંસનાં હૈયાં મધ્યે, દેવે સરજ્યાં દૂધ જોને...૦૨

કીડીને કણ હાથીને મણ, ચાર પગાને ચાર જોને;
કોશેટામાં કીટ વસે છે, ઈશ્વર પૂરે આહાર જોને...૦૩

**મસીદ**[૨] કેરા કોટ મિનારા, ઉપર ઊગ્યાં ઝાડ જોને;
પથ્થર ઉપર પાણી વરસે, તે ઈશ્વરનો પાડ જોને...૦૪

અરણ્ય વનમાં અજગર રહે છે, ડગલું ન ભરે દોટ જોને;
વિશ્વંભરનું બિરુદ વિચારો, ખાવાની શી ખોટ જોને...૦૫

**અનળ**[૩] પક્ષી આકાશે રહે છે, **મદઝર**[૪] ભરખે મોટા જોને;
પરમેશ્વરની કૃપા વડે તો, બનિયા જળના ગોટા જોને...૦૬

**મરાળ**[૫]ને મોતીનો ચારો, વખતે આપે વા'લો જોને;
દેવાનંદ કહે હરિ ભરોસે, મગન થઈને મા'લો જોને...૦૭

● **૧.** દુનિયા ● **૨.** મસ્જિદ ● **૩.** પ્રાચીનકાળનું એક મહાકાય પક્ષી ● **૪.** મદ ઝરતા હાથી ● **૫.** હંસ

## ૭૧૧ (નિર્માની ગીત)

નિર્માની થઈને પ્રભુને ગમો, મૂર્તિના સુખમાં સહેજે રમો;
નિર્માની થઈને સૌને ગમો, સત્સંગમાં સૌને સહેજે નમો...ટેક

'હું કંઈક છું' એવું માન મૂકી, શ્રીજીને સંપૂર્ણ કર્તા કરો;
હરિ મરજી વિના કાંઈ થતું નથી, એવો દાસભાવ દિલમાં ધરો,
દાસભાવે સહુને રાજી કરો, માન-મોટપ પ્રભુને ધર્યા કરો.
નિર્માની થઈને પ્રભુને ગમો...૦૧

મોટાની આગળ ઠરાવો છોડી, સરળ થઈને રાજી કરો;
નાનાની આગળ પાવર છોડી, પ્રેમે કરીને રાજી કરો,
દર્શન શ્રીજીનાં સૌમાં કરો, મુક્તભાવે સૌમાં પ્રીતિ કરો.
નિર્માની થઈને પ્રભુને ગમો...૦૨

વેણ-કવેણ સહન કરીને, ભાર ને ભીડો ખમ્યા કરો;
સેવા બીજાથી વધુ કરીને, અહોભાવમાં જીવ્યા કરો,
નાની નાની વાતોની ગાંઠો છોડી, **મોટું પેટ રાખીને**[૧] ફર્યા કરો.
નિર્માની થઈને પ્રભુને ગમો...૦૩

ગુણો પોતાના જોવા છોડી, અવગુણો પોતાના ટાળ્યા કરો;
અવગુણો બીજાના લેવા છોડી, ગુણો સૌના ગાયા કરો,
ગુણો સર્વે છે શ્રીજીના, ઈર્ષ્યાથી ના બળ્યા કરો.
નિર્માની થઈને પ્રભુને ગમો...૦૪

મારો કાંઈ વાંક નથી, એવા નિર્દોષ કદી ના ઠર્યા કરો;
પોતે નિર્દોષ ઠરવા બીજાને, દોષિત કદી ન કર્યા કરો,
પોતાના દોષોને ઓળખી-કાઢી, સાચા ભાવે નિર્દોષ થયા કરો.
નિર્માની થઈને પ્રભુને ગમો...૦૫

મહારાજ ને મોટાપુરુષો જેવું, નિર્માનીપણું ગ્રહ્યા કરો;
મૂર્તિસુખના પાત્ર થાવા, નિર્માની થઈને જીવ્યા કરો,
પ્રભુ રાજીપાથી પૂરા ભરાવા, માન ખાલી કરી નિર્માની બનો.
નિર્માની થઈને પ્રભુને ગમો...૦૬

● ૧. મોટું મન રાખીને - સમાવી લેવું, ખમવું, સહન કરવું

## ૭૧૨ (પદ : જાગો જાગો રે કિશોર)

જાગો જાગો રે કિશોર, સુણી સંતોની ટકોર;
ધન્ય આવી છે આજની આનંદ ઘડી, હરિને ગમતા થવાની હાકલ પડી(૨)...ટેક

ઊભો થા ભાઈ તું છોડી પથારી, ચેતી જા વીર તું માયા ફગાવી;
દિવ્ય દર્શન આપે છે હરિ સામે ચડી, હરિને ગમતા થવાની હાકલ પડી(૨)...૦૧

જોજે ના અવસર જાતો તું ચૂકી, રાજી કરી લે શ્રીજી ચરણોમાં ઝૂકી;
અધ્ધર વચન ઝીલી લે તું દોડી દોડી, હરિને ગમતા થવાની હાકલ પડી(૨)...૦૨

સિંહનો બાળ તું સહજાનંદી, ફેંકી દે સર્વે આદતો ગંદી;
કઈ તાકાત તારે રસ્તે નડી, હરિને ગમતા થવાની હાકલ પડી(૨)...૦૩

યૌવનના ઉંબરે આવી તું ઊભો, મૂર્તિમાં રહેવાનો કરી મનસૂબો;
ભલે આવે માયાનાં વાદળ ચડી, હરિને ગમતા થવાની હાકલ પડી(૨)...૦૪

ફેશન વ્યસનનાં બંધન ફગાવી, આદર્શ બાળ કેરી લગન લગાવી;
સ્વામિનારાયણ નામની પોકારો છડી, હરિને ગમતા થવાની હાકલ પડી(૨)...૦૫

જૂઠા તે મનની રંગત ત્યજી દે, મળેલા સત્પુરુષની સંગત કરી લે;
હવે રાજી કરવા કરો પડાપડી, હરિને ગમતા થવાની હાકલ પડી(૨)...૦૬

## (આત્મીયતા ગીત)

### ૭૧૩ (રાગ : સર્વોપરી ને સર્વાવતારી એક જ સનાતન)

શ્રીજીમહારાજના સંકલ્પો પૂરા જો કરવા હોય તો;
આત્મીયતા કેળવીએ, આત્મીયતાથી રહીએ(૨);
મહારાજ-મોટાને સદાય રાજી જો કરવા હોય તો;
આત્મીયતા કેળવીએ, આત્મીયતાથી રહીએ(૨)...ટેક

આત્મીયતા સૌ સાથે જો હોયે, સુખિયા સદાય રહેવાયે(૨);
ધ્યાન ભજનમાં સુખ આવે, હળવાફૂલ જેવા થઈને રહેવાયે(૨),
મૂર્તિના સુખની શરૂઆત થાયે, આત્મીયતા જો હોયે...આત્મીયતા ૦૧

અઘરાં કાર્યો સહેલાં થાય, ભાર-ભીડો ને તકલીફ જાય(૨);
હળીમળીને પ્રેમે રહેવાય, સુખ-દુઃખમાં ભાગીદાર થવાય(૨),
બસો જેટલું બેથી થાયે, આત્મીયતા જો હોયે...આત્મીયતા ૦૨

આત્મીયતા કોઈ કરે ન કરે, કોઈ પણ ભોગે મારે કરવી છે(૨);
સહન કરીને દાસ થઈને, માન મૂકી નિર્માની થવું છે(૨),
રાજીપા સામું દૃષ્ટિ રાખીને, સંકલ્પ દૃઢ કરીએ...આત્મીયતા ૦૩

નાનાએ મોટાને સમજવા, મોટાએ નાનાને સમજવા(૨);
એકબીજાનો મહિમા સમજી, દર્શન સૌમાં શ્રીજીનાં કરવાં(૨),
પ્રશ્નોનો ઉકેલ સ્હેજે આવી જાય, સુખિયા સ્હેજે રહેવાય...આત્મીયતા ૦૪

પોતાની ભૂલો જરૂર જોવી, ભૂલ સ્વીકારી તરત સુધારવી(૨);
માફી માગવી માફી આપવી, ગાંઠો કોઈની કદી ન બાંધવી(૨),
ભૂલો ભૂલીને પ્રેમ રાખીને, રાજીપામાં રહેવું...આત્મીયતા૦૫

જવાબદારીનું અંગ રાખીને, ઉત્સાહથી રાજીપો લઈએ(૨);
જોડેવાળાનો સ્વીકાર કરીને, મનમુખી કદી ન થઈએ(૨),
મહારાજ-મોટાને ભીડો ન આપીએ, સરળ થઈ જઈએ...આત્મીયતા ૦૬

'મારે શું ?' ને 'મારું શું ?', સંકુચિત સ્વાર્થી ન થાવું(૨);
સૌના સુખનો વિચાર કરીને, બીજાના માટે પોતે ઘસાવું(૨),
લાગણી સમજીને સૌના સુખદુઃખમાં, ભાગીદાર થઈએ...આત્મીયતા ૦૭

શંકા-કુશંકા કદી ન કરીએ, સદા વફાદાર થઈને રહીએ(૨);
ઘરની વાતો ઘરમાં રાખી, ક્ષમાયાચના ખુલાસો કરીએ(૨),
સમૂહભોજન ને સમૂહજીવનમાં, ઘરસભા કરીએ...આત્મીયતા ૦૮

નાનામાં નાની આજ્ઞા પાળવી, સાથેવાળાને પણ પળાવવી(૨);
હસવું બોલવું જમવું-જમાડવું, આત્મીયતા માયિક ન કરવી(૨),
પ્રગટપણું ને અંતર્યામીપણું, કદીયે ના ભૂલવું...આત્મીયતા ૦૯

હશે હશેની ભાવના રાખી, નાના-મોટાની મર્યાદા પાળવી(૨);
કર્તાપણું શ્રીજીનું સમજવું, ઈર્ષ્યાવૃત્તિ ઓળખીને ટાળવી(૨),
દેહના ભાવો સૌના ભૂલીને, અનાદિમુક્ત થઈએ...આત્મીયતા ૧૦

## ૭૧૪ અભાવ-અવગુણ ગીત

અભાવ, અવગુણ, અમહિમાની વાતો કદી ન કરીએ;
અભાવ, અવગુણ, અમહિમાની વાતો કાને ન ધરીએ...ટેક

અભાવ, અવગુણની વાતોથી, જીવ તો શૂનકાર થઈ જાય;
એમાંથી દ્રોહ કરતાં કરતાં, અસુરભાવ આવી જાય...૦૧

પ્રભુમાં પ્રીતિ થતી નથી, તેનું કારણ આ જ છે;
જીવ નાદાર થઈ ગયો છે, તેનું કારણ આ જ છે...૦૨

બીજાના દોષો જોવાય ક્યાંથી, દોષોના ભંડાર છીએ;
પ્રભુએ આપણા જોયા નથી તો, બીજાના દોષ ન જોઈએ...૦૩

સૌમાં મહારાજ બિરાજમાન છે, અવગુણ કોનો લઈએ ?
મહારાજનો અવગુણ લઈને, ક્યાં જઈને પછી ઠરીએ...૦૪

સરખે સરખા ભેગા મળીને, પાપનાં પોટલાં ન ભરીએ;
પોતાના દોષો કાઢીને, રુચિમાં ડગ ભરીએ...૦૫

નિર્દોષ બનવા નિર્દોષ થઈએ, નિર્દોષ કદી ન ઠરીએ;
નિર્દોષ ઠરવા સામેનાને, દોષિત કદી ન કરીએ...૦૬

પંચમહાપાપથી છુટાય, અપરાધથી છુટાય નહિ;
બીજું ઓછું થશે તો ચાલશે, અપરાધ કોઈનો થાય નહિ...૦૭

ગુણો સૌના જોયા કરવા, તો ગુણો આપણામાં આવે;
ઈર્ષ્યા આંટી પૂર્વાગ્રહ ને, ઉદ્વેગ સર્વે ભાગી જાવે...૦૮

અભાવ-અવગુણના મચ્છરોને, સદાય અમે ઉડાડીએ;
ગુણ અને મહાત્મ્યરૂપી, ફટાકડા ખૂબ ફોડીએ...૦૯

## પોતાનાં અયોગ્ય સ્વભાવ-પ્રકૃતિ ઓળખી તેને ટાળવા માટેનું કીર્તન

**૭૧૫ (સ્વભાવ-પ્રકૃતિ ગીત)**

**(રાગ : અભાવ, અવગુણ, અમહિમાની)**

સ્વભાવ પ્રકૃતિ ટાળ્યા વિનાનું, ભક્તજીવન નવ શોભે;
સ્વભાવ પ્રકૃતિ ટાળ્યા વિનાનું, સાધુજીવન નવ શોભે...ટેક

સહજભાવે થાય તે સ્વભાવ, તે ખટકાથી ટળી જાય(૨);
પ્રકૃતિ જીવ સાથે જડાઈ, તે પણ કૃપાથી ટળી જાય...૦૧

સ્વભાવ સાથે વેર બાંધો, બીજા સાથે કદી નહીં(૨);
મુક્ત છું હું દેહ નહિ, તો પ્રકૃતિ પણ રહે નહીં...૦૨

મહારાજ મોટા સંતો-ભક્તો, સૌને રાજી થવું છે(૨);
સ્વભાવ પ્રકૃતિ એવાં છે કે, રાજીપો ધોવાઈ જાય છે...૦૩

સામું બોલીએ દલીલ કરીએ, મર્યાદા નવ રાખીએ(૨);
સત્સંગ લજવાય ગુરુ લજવાય, ઝઘડા કદી ન કરીએ...૦૪

વાતે વાતે મૂંઝાઈ જઈએ તો, અવળા વિચારો આવી જાય(૨);
મહારાજ બાપા બાપજી મળ્યા, મૂંઝવણ સર્વે ભાગી જાય...૦૫

ઘડીએ ઘડીએ અકળાઈ જઈએ, તે પણ ખોટો સ્વભાવ કહેવાય(૨);
જેને તેને દૂભવ્યા કરીએ તો, ક્યાંથી પ્રભુ રાજી થાય...૦૬

પોતે પોતાના ગુરુ થવું, બીજાના તો કદી નહીં(૨);
સ્વભાવ પોતાના ઓળખીએ તો, ટળવાની શરૂઆત થાય...૦૭

કોઈના સ્વભાવ કોઈને નડશે, એનું આપણે શું કામ છે(૨);
આપણા સ્વભાવ આપણને જ નડશે, એ ટાળ્યાનું જ કામ છે...૦૮

કોઈની વાતો કોઈને કરવી, તે ટપાલી કહેવાય ભઈ(૨);
અહીંનું તહીં ને તહીંનું અહીં, એવી કુટેવ રખાય નહીં...૦૯

નવરા બેસી ગપ્પાં મારી, વ્યર્થકાળ નવ નિર્ગમીએ(૨);
ધ્યાન-ભજન ને સેવા કરી, ધ્યેયસભર તો બનીએ...૧૦

ધ્યાન-ભજનમાં ઝોકાં ખાઈએ, શુષ્કપણું તો તેને કહેવાય(૨);
ઉત્સાહ-મહિમા સોતું કરીએ, ધ્યેયસભર તો તેને કહેવાય...૧૧

જરૂર વિનાનું જોવું જાણવું, જરૂર વિનાનું બોલવું-સાંભળવું(૨);
જે આવ્યું તે ભેગું કરવું, કચરાપેટી તો થઈ જવાય...૧૨

બિનજરૂરી ફોન કરીને, હિલોળિયા નવ થઈએ(૨);
વાંચન મનન સમજણ સાથે, પ્રભુમાં પાટો ગોઠાડીએ...૧૩

ખાઈએ એટલું ને સૂઈએ એટલું, ઓછું ઓછું ને ઓછું છે(૨);
આહાર નિદ્રા માપે રાખી, રાજી કરીએ એટલું ઓછું છે...૧૪

જવાબદારીમાંથી છટકીને, માથેથી નવ કાઢીએ(૨);
મારી સેવા મારી ફરજ, વાદવિવાદ નવ કરીએ...૧૫

નાની નાની વાતોમાં, સંકુચિતતા નવ રાખીએ(૨);
વાતે વાતે અવળું લઈને, દુઃખી કરીએ ન થઈએ...૧૬

ગમે તેટલી સેવા કરીએ, ગમે તેટલો સત્સંગ કરીએ(૨);
સ્વભાવ પ્રકૃતિ ન સુધર્યાં તો, પાણી ફેરવી નાખીએ...૧૭

## ૭૧૬　　(સેવા કીર્તન)

સેવા કરી લ્યો, સેવા કરી લ્યો... અવસર આવ્યો આજ;
શ્રીજી રાજી કરવા કાજ... બાપજી રાજી કરવા કાજ...ટેક

(**સ્પીચ :** સેવાથી દાસભાવ આવે. કોઈ સેવા કરે કે ન કરે... હું ઘરધણી છું, મંદિર મારું છે, સંતો-ભક્તો મારા છે, સૌની સેવા કરવાનો મારો જ વારો છે. આવા ભાવથી સેવા કરીએ તો મહારાજ અને મોટા રાજી રાજી થઈ જાય.)

સંતો ભક્તો મંદિર મારું, સેવા કદી નવ ટાળો;
સેવામાં કદી વારો નવ જોઈએ, રાજી થાય બહુ વ્હાલો,
શ્રીજી રાજી કરવા કાજ... બાપજી રાજી કરવા કાજ...૦૧

(**સ્પીચ :** ગઢડા મધ્ય પ્રકરણના ૪૧મા વચનામૃતમાં શ્રીજીમહારાજ કહે છે કે, ‘‘ભગવાન અથવા ભગવાનના ભક્તની સેવા-ચાકરી મળે ત્યારે પોતાની ઉપર અતિ ઘણી કૃપા થઈ એવું માની ભગવાનની પ્રસન્નતાને અર્થે તે સેવા કરવી; પણ કોઈ વખાણે તે સારુ ન કરવી.’’)

માન મૂકીને સેવા કરવી, નહિ વખાણ પ્રશંસા;
કોઈ જુએ કે ન જુએ પણ, જુએ હરિ હંમેશાં,
શ્રીજી રાજી કરવા કાજ... બાપજી રાજી કરવા કાજ...૦૨

(**સ્પીચ :** સેવા કરવામાં કંટાળો, આળસ કે ભાર-ભીડો લાગે તો તે મહાત્મ્યની કસર કહેવાય. શ્રદ્ધા

અને મહાત્મ્ય સોતી, પોતાનું મનનું ગમતું મૂકી, રુચિમાં રહીને સેવા કરવી; તો રાજીપો થાય.)

કંટાળો ને આળસ કેવી, ભાર-ભીડો નવ લાગે;
શ્રદ્ધા અને મહાત્મ્ય સાથે, મનગમતું નવ રાખે,
શ્રીજી રાજી કરવા કાજ... બાપજી રાજી કરવા કાજ...૦૩

(**સ્પીચ :** ગઢડા મધ્ય પ્રકરણના ૨૫મા વચનામૃતમાં શ્રીજીમહારાજ કહે છે કે, "જેવું ઉકાખાચરને સંતની સેવા કરવાનું વ્યસન પડ્યું છે તેવું જેને સેવા કરવાનું વ્યસન પડે તેના અંતરની જે મલિન વાસના તે સર્વે નાશ થઈ જાય છે.")

સેવાનું જો વ્યસન કરીએ તો, વાસના નિર્મૂળ થાય;
દિવ્યભાવે કરીએ સેવા તો, ઉકાખાચર થવાય,
શ્રીજી રાજી કરવા કાજ... બાપજી રાજી કરવા કાજ...૦૪

(**સ્પીચ :** આપણા ગુરુદેવ પ.પૂ. બાપજી કેવા સમર્થ ! છતાં આપણને સેવાની રીત શીખવવા કેવી સેવા કરે..! નાનામાં નાની કોઈ પણ પ્રકારની સેવા કરવામાં કોઈ નાનપ જ નહીં. ગુરુદેવ પ.પૂ. બાપજી એટલે સેવાની મૂર્તિ..!)

ગુરુ બાપજી સેવાની મૂર્તિ, રહે ન સેવાથી દૂર;
સંતો-ભક્તો રીઝવવાને, શીખીએ સેવાનો ગુણ,
શ્રીજી રાજી કરવા કાજ... બાપજી રાજી કરવા કાજ...૦૫

## ૭૧૭ (રાગ : ગોડી)

તક આવી રે મારે તક આવી, સુંદર સેવા કરવાની મારે તક આવી...ટેક
ઘરધણી થઈને અમે બહુ કરીએ સેવા, સેવા કરવાથી મળે મૂર્તિના મેવા...૦૧
ગુરુ બાપજી ને સ્વામીશ્રી મોટેરા કેવા, તોયે નાનામાં નાની કેવી કરે છે સેવા...૦૨
દાખડા કેવા કરે આપણ સૌને સુખ દેવા, પોતાના જાણીને કહેવાનો પડ્યો છે હેવા...૦૩
આ સમિતિમાં શું મારે લેવા ને દેવા, એ સમિતિવાળા તો છે એવા ને એવા...૦૪
આવી ગોબરી માન્યતાને ત્યાગી રે દેવા, નાનામાં નાની હું તો કરી લઉં સેવા...૦૫
દેહાભિમાનથી પર થઈને કરવી છે સેવા, મોટાની જેમ સેવા કરવાનો પાડવો હેવા...૦૬

## ૭૧૮ (રાગ : સાચું તો મળ્યું રે)

લાજી ન મરું રે હું તો દાજી ન મરું;
કોઈની મોટ્યપ જોઈને હું તો લાજી ન મરું... ટેક

દેહાભિમાની મટી સરળ સ્વભાવે(૨);
નિર્માની થઈને સદા નમતો ફરું... કોઈની ૦૧

સંતો-ભક્તોને મુજથી મોટા રે જાણીને(૨);
નાનાથી નાનો થઈને સેવા તો કરું... કોઈની ૦૨

મનગમતું સર્વે મૂકી હરિ ગમતું કરી રે(૨);
શ્રીજી બાપા બાપજીને રાજી રે કરું... કોઈની ૦૩
નિષ્કપટી નિર્માની નિર્લોભી થઈને રે(૨);
નિર્દોષ થઈ હું તો હરું ને ફરું... કોઈની ૦૪
દાસ સેવકની આ એક વિનંતી છે(૨);
તવ મૂર્તિ તણા સુખમાં ઠરું... કોઈની ૦૫

### ૭૧૯ (પદ : ઊંટ કહે આ સમામાં)

ઊંટ કહે આ સમામાં વાંકાં અંગવાળાં ભૂંડાં;
ભૂતળમાં પક્ષીઓ ને પશુઓ અપાર છે... ૦૧
બગલાની ડોક વાંકી પોપટની ચાંચ વાંકી;
કૂતરાની પૂંછડીનો વાંકો વિસ્તાર છે... ૦૨
વારણની સૂંઢ વાંકી વાઘના છે નખ વાંકા;
ભેંશને તે શિર વાંકાં શિંગડાંનો ભાર છે... ૦૩
સાંભળી શિયાળ બોલ્યો દાખે દલપતરામ;
અન્યનું તો એક વાંકું આપનાં અઢાર છે... ૦૪

### ૭૨૦ (પદ : ઊઠ જાગ મુસાફિર ભોર ભઈ)

ઊઠ જાગ મુસાફિર ભોર ભઈ, અબ રૈન કહાં જો સોવત હૈ;
જો સોવત હૈ વો ખોવત હૈ, જો જાગત હૈ સો પાવત હૈ... ઊઠ ૦૧
ઊઠ નીંદ સે અખિયાં ખોલ જરા, ઔર અપને પ્રભુ સે ધ્યાન લગા;
યહ પ્રીત કરન કી રીત નહીં, પ્રભુ જાગત હૈ તૂ સોવત હૈ... ઊઠ ૦૨
જો કલ કરના સો આજ કર લે, જો આજ કરના વો અબ કર લે;
જબ ચિડિયોં ને ચુગ ખેત લિયા, ફિર પછતાયે ક્યા હોવત હૈ... ઊઠ ૦૩
નાદાન ભુગત કરની અપની, એ પાપી પાપ મેં ચૈન કહાં;
જબ પાપ કી **ગઠરી**[1] શીશ ધરી, ફિર શીશ પકડ ક્યોં રોવત હૈ... ઊઠ ૦૪

• ૧. પોટલું

### ૭૨૧ (પદ : કડવા કારેલાના ગુણ)

કડવા કારેલાના ગુણ ન્હોય કડવા હો;
કડવાં વચન ન્હોય કડવાં હો રે... ટેક
છીણી છેદે ધાતુ કરવા ઘાટુડી;

કાતર કાપે ફરી સાંધવા હો રે,
સોની તાવે શુદ્ધ સુવરણ કરવા;
કુંભારી ગૂંદે માટી બાંધવા હો રે... કડવા ૦૧

તપતા સૂરજ ખારાં જળ મીઠાં કરવા;
ચઢતા વંટોળ મેઘ ભરવા હો રે,
ધરતી ધૂણે હલકી કાયાને કરવા;
ધરતી કોપે પાપ હરવા હો રે... કડવા ૦૨

દુનિયાના રોગદોગ દુઃખ મારે દિલ વસ્યાં,
માનવીના મેલ ઝાઝા નીરખ્યા હો રે,
કોયો ભગત કાઢે કડવાં વચન ભાઈ;
કડવું સુણીને કો'ક હરખ્યા હો રે... કડવા ૦૩

### ૭૨૨ (પદ : તું નાનો હું મોટો)

તું નાનો હું મોટો, એવો ખ્યાલ જગતનો ખોટો;
આ નાનો આ મોટો, એવો મૂરખ કરતા ગોટો... ૦૧

ખારા જળનો દરિયો ભરિયો, મીઠા જળનો લોટો;
તરસ્યાને તો દરિયાથીયે, લોટો લાગે મોટો... ૦૨

નાના છોડે મહેકી ઊઠે, કેવો ગુલાબગોટો;
ઊંચા ઊંચા ઝાડે તમને, જડશે એનો જોટો ?... ૦૩

તું નાનો હું મોટો, એવો ખ્યાલ જગતનો ખોટો;
મન નાનું તે નાનો, જેનું મન મોટું તે મોટો... ૦૪

### ૭૨૩ (પદ : સાગરને તીર એક ટટળે)

સાગરને તીર એક ટટળે ટિટોડી, ચીરી આકાશ એની ઊઠે છે ચીસ;
સાગર ગોઝારા હો ઈંડાં મારાં દે, ટટળી કળેળતી કાઢે છે રીસ... ૦૧

મસ્તીના ઘેનમાં ગાજે મહેરામણો, છોને ટિટોડી રાંડ ટટળી મરે;
ડુંગર-શાં જહાજ મેં કૈં કૈં ડુબાવ્યાં, ઈંડાં ભૂંડાં તારાં પાછાં ફરે... ૦૨

થાકી ટિટોડીએ દુનિયાની પંખ જાત, ઘેરે ઘેરે જઈ ભેગી કરી;
ઈંડાં ટિટોડીનાં પાછાં અપાવવા, પંખીની સેન ત્યાં આવી ચડી... ૦૩

ચાંચે સમાણું જે તરણું કે કાંકરો, પાણો પથ્થર સૌ પંજે લઈ;
માંડ્યો સાગરને પંખીએ પૂરવા, દરિયાની ઊંઘ ત્યાં ઊડી ગઈ... ૦૪

સાતે પાતાળનાં સળક્યાં પાણીડાં, દરિયાને પેટ આગ ભડકી રહી;
દરિયો ત્યાં હારિયો કરગરતો આવિયો, ઈંડાં ખોબામાં પાછાં લઈ... ૦૫

સાગરને તીર ત્યાં હરખે ટિટોડી, મોતી-શાં ઈંડાં પાછાં લઈ;
સૌને ડુબાડતો દરિયો મેં ડારિયો, એના સૌ ભેદ મેં જોયા જઈ... ૦૬

### ૭૨૪ (પદ : હરિ રાખે ત્યમ રહીએ)

હરિ રાખે ત્યમ રહીએ ઓધવજી, હરિ રાખે ત્યમ રહીએ;
આપણે ચિઠ્ઠીના ચાકર છૈયે ઓધવજી... ટેક
કોઈ દિન રહેવાને બાગ-બગીચા, તો કોઈ દિન જંગલ રહીએ... ૦૧
કોઈ દિન ભોજન શીરો ને પૂરી, તો કોઈ દિન ભૂખ્યા રહીએ ઓધવજી... ૦૨
કોઈ દિન પહેરીએ હીરનાં ચીર, તો કોઈ દિન સાદા ફરીએ... ૦૩
કોઈ દિન સૂવાને ગાદી-તકિયા, તો કોઈ દિન ભોંય પર સૂઈએ ઓધવજી... ૦૪
ભક્ત તારા કહે પ્રભુ હરિવર સાગર, સુખદુઃખ સર્વે સહીએ ઓધવજી... ૦૫

### ૭૨૫ (રાગ : કાનડો)

કહાં કહું હરિ કરુણા તેરી;
પશુ મિટાઈ મનુષ્ય મોહે કીનો, અન્નજલ પોત સાંજ સબેરી... ટેક

ગર્ભવાસમાંહી પચ્યો અધોમુખ, જઠર અગ્નિ તન દાહ ઘનેરી;
તેહી દુઃખ તે મોહે રાખી લિયો તુમ, નાથ તુમ હી મેરો હાથ ગ્રહેરી... કરુણા ૦૧

બહાર આય ભયો ઉન્મત્ત મૈં, જઠર ત્રાસ સબ હી બિસરેરી;
તુમકું ભૂલ ફૂલસો ફિરત હૂં, કહી ન જાત મૂરખતા મેરી... કરુણા ૦૨

પરાપર પૂરણ પુરુષોત્તમ, સો મુઝ કાજ નર દેહ ધરેરી;
બ્રહ્માનંદ કહત પ્રભુ તુમકું, દયાસિંધુ સબ વેદ કહેરી... કરુણા ૦૩

### ૭૨૬ (પદ : જૈસા સોચોગે તુમ)

જૈસા સોચોગે તુમ, વૈસા બન જાઓગે;
મેરે સે નહીં હોગા, તો કભી નહીં હોગા,
હોગા હી હોગા ક્યોં નહીં હોગા, તો માનો હોગા હી હોગા;
બસ, વો હી જીવન કા સાર હૈ,
બસ, જૈસા સોચોગે તુમ, વૈસા બન જાઓગે... ૦૧

ડૉ. કલામ ને સોચા થા, બનાના હૈ યાન, તો બન ગયા;
ગાંધીબાપુ ને સોચા થા આઝાદી, તો હો ગયા,
સરદાર કી સોચ થી અખંડ ભારત, તો હો ગયા;

એક કુત્તા સોચતા હૈ, બનાના હૈ ગઢ્ઢા, તો બનતા હૈ,
બસ, જૈસા સોચોગે તુમ, વૈસા બન જાઓગે... ૦૨

ચિંતામણિ તુલ્ય મહારાજ, સદા હમરે પાસ હૈ;
કરો મનોરથ પૂર્ણ કરેંગે, આશીર્વાદ ખાસંખાસ હૈ,
મોટાપુરુષ સદા સાથ, જિનકે હમ દાસ હૈ;
અપાર બલ હૈ ઉનકા, ફિર ક્યોં નાસીપાસ હૈ,
બસ, જૈસા સોચોગે તુમ, વૈસા બન જાઓગે... ૦૩

હિંમત બિન બાત કભી સોચો નહીં, કભી કરો નહીં;
ક્યા હોગા કૈસે હોગા નહીં હોગા, સત્સંગ મેં વો કુસંગ સહી,
સંકલ્પ હૈ સ્વયં શ્રીજી કા, બાપાશ્રીને યે બાત કહી;
ગુરુદેવ બાપજીને કોલ દિયા, ઈનમેં સંશય કરો નહીં,
બસ, જૈસા સોચોગે તુમ, વૈસા બન જાઓગે... ૦૪

અડગ વિશ્વાસ સે આગે બઢો, દૃઢ સંકલ્પ ચટ્ટાન જૈસા;
દેહ નહીં અનાદિમુક્ત હૈ હમ, ફિર નેગેટિવ સોચ કૈસા,
સ્થિતિ અનાદિ દેની હૈ, હમે લેની હૈ, સદા જાગૃત રહેંગે ઐસા;
મૂર્તિ મેં હૂં, મહારાજ જ હૈ, સબ હૈ પુરુષોત્તમ જૈસા,
બસ, જૈસા સોચોગે તુમ, વૈસા બન જાઓગે... ૦૫

## ૭૨૭ (પદ : કોશિશ કરનેવાલોં કી)

કોશિશ કરનેવાલોં કી કભી હાર નહીં હોતી;
લહરોં સે ડરકર નૌકા પાર નહીં હોતી... કોશિશ ૦૧

નન્હીં સી ચીંટી જબ દાના લેકર ચલતી હૈ;
ચઢતી દીવારોં પર સૌ બાર ફિસલતી હૈ,
મન કા વિશ્વાસ રગોં મેં સાહસ ભરતા હૈ;
ચઢકર ગિરના ગિરકર ચઢના ન અખરતા હૈ,
આખિર ઉસકી મેહનત બેકાર નહીં હોતી ક્યોંકિ... કોશિશ ૦૨

ડુબકિયાં સિંધુ મેં ગોતાખોર લગાતા હૈ;
જા જાકર ખાલી હાથ લૌટકર આતા હૈ,
મિલતે નહીં સહજ મોતી ગહરે પાની મેં;
બઢતા દૂગના ઉત્સાહ ઈસી હૈરાની મેં,
મુઠ્ઠી ઉસકી ખાલી હર બાર નહીં હોતી... કોશિશ ૦૩

અસફલતા એક ચુનૌતી હૈ, ઉસે સ્વીકાર કરો;
ક્યા કમી રહ ગઈ, દેખો ઔર સુધાર કરો,
જબ તક ન સફલ હો, નીંદ ચેન કો ત્યાગો તુમ;
સંઘર્ષ કા મેદાન છોડકર, મત ભાગસલો તુમ,
કુછ કિયે બિના હી, જયજયકાર નહીં હોતી... કોશિશ ૦૪

આદર્શ મુક્ત બનના હી હૈ, ઐસા દૃઢ સંકલ્પ કરો;
રાજીપા કા પાત્ર બનકર, આગે આગે કૂચ કરો,
દૃઢ ઉપાસના સમજકર, અબ સ્થિતિ અનાદિ કી પાની હૈ;
મહારાજ કા સંકલ્પ પૂરા હોગા, ક્યોંકિ બાપજી ઔર સ્વામીશ્રી કી નિગરાની હૈ,
ઉનકે સંકલ્પ મેં ખપના હૈ તો, આત્મબુદ્ધિ કરની હી હોગી;
એક કુત્તી ગુફા કર સકતી હૈ, જો દૃઢ સંકલ્પ સે કરતી હૈ તો,
કૃપા કા પૅકેજ સાથ મેં હો તો, નેગેટિવિટી કો છોડની હોગી... કોશિશ ૦૫

### ૭૨૮ (પદ : વા'લો સૃષ્ટિનો સર્જનહાર)

વા'લો સૃષ્ટિનો સર્જનહાર, એને તમે ઓળખી લ્યો;
વા'લો ભક્ત તણો રખવાળ, એને તમે ઓળખી લ્યો... ટેક
જુઓ જન્મ્યા પહેલાં સાવધાન કોણે કર્યા, હાડ રુધિર વચ્ચે દૂધ કોણે પૂર્યાં;
માના ઉદરમાં બેસી ઘડનાર... એને તમે ૦૧
જુઓ આકાશે વાદળાં કેવાં ચડ્યાં, એમાં અમૃત સમાં નીર કોણે ભર્યાં;
ઈ તો વર્ષાનો વરસાવનાર... એને તમે ૦૨
જુઓ નાળિયેરનાં ઝાડ ઘણાં ઊંચાં દેખાય, તેના ફળોમાં ત્રણ ત્રણ પડદા જણાય;
એમાં પાણીને પૂરનાર... એને તમે ૦૩
જુઓ મોરના પીંછામાં રંગ કોણે પૂર્યા, એવાં કીડીનાં આંતરડાં કોણે ઘડ્યાં ?
એવી ઝીણી કળાનો જાણકાર... એને તમે ૦૪
એની રૂડી કળાનું અમે વર્ણન કર્યું, રૂડું વર્ણન કરી એનાં દર્શન કરું;
હરિનાં દર્શનથી દુઃખ જાય... એને તમે ૦૫

## સત્સંગ દૃઢ રાખવા વિષે

### ૭૨૯ (ઉપજાતિ વૃત્ત) – શ્રીહરિલીલામૃતમ્ : કળશ-૧, વિશ્રામ-૩

સર્વે થકી શ્રીહરિ છે સમર્થ, બીજા તણી બીક બધાની વ્યર્થ;
શરીરને સંકટ શ્રેષ્ઠ થાય, તથાપિ સત્સંગ નહિ તજાય... ૦૧

**ફણીન્દ્ર**[1]ને તો મણિ પ્રિય લાગે, તે જીવતાં તો કદિયે ન ત્યાગે;
સત્સંગ કીધો નિજ શીશ સાટે, નહિ તજું નાત તણે ઉચાટે... ૦૨

પૂર્વે કર્યો છે સત્સંગ જેણે, તજ્યો નથી તે ભય પામી તેણે;
ડર્યો નહિ દૈહિક દુઃખ માટે, સત્સંગ રાખ્યો નિજ શીશ સાટે... ૦૩

નારી સતી જે પતિને વરે છે, તે ત્યાગ શું તે પતિનો કરે છે;
મેં શ્રીહરિને તન ચિત્ત તેમ, અર્પી દીધું તે લઉં પાછું કેમ... ૦૪

જો કોઈ રાજા કદી **કાંધ મારે**[2], જો લોક ધિક્કાર ઘણા ઉચ્ચારે;
સંબંધી સર્વે પ્રતિકૂળ થાય, તથાપિ સત્સંગ નહિ તજાય... ૦૫

જેને જણાણો વ્યવહાર ખોટો, સત્સંગમાં માલ ગણ્યો જ મોટો;
તે જ્ઞાતિ માટે નહિ કંઠી તોડે, બદામ માટે મણિ કોણ છોડે... ૦૬

જેણે **સુધાપાન**[3] કર્યું જ લેશ, તે થાય પ્રત્યેક રગે પ્રવેશ;
પછી ભલે મસ્તક જો કપાય, તથાપિ પીધું ન પીધું ન થાય... ૦૭

એવી જ રીતે સતસંગ રંગ, વ્યાપી રહ્યો અંતર બાહ્ય અંગ;
આત્મા વિષે તો અતિરંગ ભાસે, શરીર જાતાં પણ તે ન જાશે... ૦૮

ફરે કદાપિ બહુ દેશ કાળ, દશે દિશે **દર્શિત**[4] દુઃખ **ઝાળ**[5];
જો દૈવી માયા મુજને ડગાવે, ડગું નહિ હું કદીયે ડગાવ્યે... ૦૯

સતી પતિ સંગ બળે જઈને, નાસે નહિ દુખિત તે થઈને;
તેવી રીતે દુઃખ અથાગ થાય, તથાપિ સત્સંગ નહિ તજાય... ૧૦

મેરુ ચળે ભૂમિ ફણીન્દ્ર મૂકે, કે વેદવાણી વિધિદેવ ચૂકે;
ભાનુ ઉદે પશ્ચિમ પાસ થાય, તથાપિ સત્સંગ નહિ તજાય... ૧૧

ધીરા રહી ધીરજ ચિત્ત ધારો, સત્સંગ કેરો મહિમા વિચારો;
સારું ચણાવે ઘર શ્રેષ્ઠ ઘાટે, તજાય શું મચ્છર દુઃખ માટે... ૧૨

● **૧.** શેષનાગ અથવા મણિવાળો મોટો નાગ ● **૨.** મારી નાખે અથવા દંડ દે ● **૩.** અમૃતનું પાન અથવા અમૃત પીધું હોય ● **૪.** દેખાવું ● **૫.** જ્વાળા

## ધૈર્યાષ્ટક - ધીરજ રાખવા વિષે

### ૭૩૦ (માલિની વૃત્ત) – શ્રીહરિલીલામૃતમ્ : કળશ-૨, વિશ્રામ-૪

સમજ સમજુ નારી, ચિત્તમાં જો વિચારી, **વિલપી**[1] વિલપી રોયે, નો'ય પીડા જનારી;
ચતુર જન વિવેકી, ચિત્તમાંહી વિચારે, વિષમ સમય જાણી, **સુજ્ઞ**[2] તો ધૈર્ય ધારે...૦૧

સુખ દુઃખ દુનિયામાં, સર્વને શીશ આવે, સ્થિતિ સરખી સદા તો, કોઈની ના રહાવે;

વધઘટ દિનમાં ને, સૂર્ય જો માસ બારે, વિષમ સમય જાણી, સુજ્ઞ તો ધૈર્ય ધારે...૦૨

શશી પણ નભમાંહી, જો વધે ને ઘટે છે, શ્રીજી પ્રેરિત દુઃખો, ક્યાં મટાડ્યાં મટે છે;
રુદન થકી ન લાગે, કષ્ટ ઓછું લગારે, વિષમ સમય જાણી, સુજ્ઞ તો ધૈર્ય ધારે...૦૩

હિંમત તજી દીધાથી, દુઃખ ઝાઝું જણાય, દુખિત અધિક દેખી, શત્રુઓ રાજી થાય;
સુર નર દુઃખ વેઠ્યાં, જો પૂર્વે હજારે, વિષમ સમય જાણી, સુજ્ઞ તો ધૈર્ય ધારે...૦૪

સુર નુર મુનિ સર્વે, સુખ દુઃખો સહે છે, હરિની ઈચ્છા જાણી, રાજી રાજી રહે છે;
વદન રુદન ટાળી, તેમ રે'વું તમારે, વિષમ સમય જાણી, સુજ્ઞ તો ધૈર્ય ધારે...૦૫

● ૧. આક્રંદ કરીને ● ૨. બુદ્ધિશાળી, ચતુર

### (ઉપજાતિ વૃત્ત)

આનંદમાં **ગર્વ**[૧] ઉરે ન થાય, વિપત્તિમાં ધીરજતા ધરાય;
એવું કહું તે પદ ચિત્ત ધારો, આવો સમો છે પણ તે જનારો... ૦૬

સંધ્યા સમે સૂરજ અસ્ત થાય, થતે પ્રભાતે વળી તે જણાય;
એવી જ રીતે સુખ દુઃખ કેરા, આવે અને જાય દિનો ઘણેરા... ૦૭

● ૧. અભિમાન, ગુમાન

## મૂર્ખ વિષે

### ૭૩૧ (ઉપજાતિ વૃત્ત) શ્રીહરિલીલામૃતમ્ : કળશ-૨, વિશ્રામ-૯

આ કામનો શું પરિણામ થાશે, પૂર્વેથી તે કાંઈ નહિ તપાસે;
દે છે ગમે ત્યાં **દગ**[૧] મીંચી દોટો, તે જાણવો જે જન મૂર્ખ મોટો... ૦૧

પોતા તણી શક્તિ નહિ વિચારે, ખર્ચે ઘણું ફોગટ **ફૂલ્ય**[૨] ધારે;
**તોટો**[૩] ઘણો લે જઈ લાભ છોટો, તે જાણવો જે જન મૂર્ખ મોટો... ૦૨

વૈરી તણો જે વિશ્વાસ રાખે, બેઠા તણી ડાળ **વિદારી**[૪] નાખે;
વાળે બધી વાત વિશે જ ગોટો, તે જાણવો જે જન મૂર્ખ મોટો... ૦૩

જ્યાં જીવિકા તો ન મળે જ લેશ, જ્યાં આપના શત્રુ વસે વિશેષ;
તે વાસ છોડે નહિ જાણી ખોટો, તે જાણવો જે જન મૂર્ખ મોટો... ૦૪

૧. આંખો ● ૨. ફુલાવા ● ૩. નુકસાન, ખોટ ● ૪. તોડી નાખે, ચીરી નાખે

## શ્રવણભક્તિ વિષે

### ૭૩૨ (ઉપજાતિ વૃત્ત) શ્રીહરિલીલામૃતમ્ : કળશ-૩, વિશ્રામ-૧૦

કથા સુણે તે કહી **આદિ**[૧] ભક્તિ, તેથી વધે છે નવધાની વિક્તિ;
હતા જનો જે જગમાં કુકર્મી, કથા સુણ્યાથી જ થયા સુધર્મી... ૦૧

શરીરનો મેલ જળેથી જાય, કથા સુણ્યાથી મન શુદ્ધ થાય;
હરિકથા જે ન સુણે જ કાન, તેને હરિનું નવ થાય જ્ઞાન... ૦૨

દીઠી અમે ઉત્તમ એક દેવી, તેની દીસે રીત નવાઈ જેવી;
આહાર તે કાન વડે કરે છે, તો પુષ્ટિ પામે નહિ તો મરે છે... ૦૩

અન્ન યથા જીવ થકી જિવાય, ભક્તિ તણું જીવન છે કથાય;
જે અન્ન છોડે નહિ તેની આશ, કથા તજે ભક્તિ થશે વિનાશ... ૦૪

પ્રાણી પીએ છે પ્રતિદિન પાણી, તોયે અરુચિ ઊપજી ન જાણી;
કથા સુણે એક જ વારંવાર, ન ભક્ત પામે અરુચિ લગાર... ૦૫

સમીપ આવે મરવાનું જ્યારે, ધીમે ધીમે અન્ન તજાય ત્યારે;
સત્સંગમાંથી પડવાનું થાય, ધીમે ધીમે શ્રીજીકથા તજાય... ૦૬

જેને કથા કેરું **અજીર્ણ**[૨] થાશે, કથા સુણ્યાની રુચિ ઊઠી જાશે;
આળસ્ય આવે સુણતાં લગાર, તો જાણવું અંગ થયો વિકાર... ૦૭

શ્રીમુખ વાક્યામૃતમાં કહ્યું છે, તે વાક્ય મારી સ્મૃતિમાં રહ્યું છે;
જેને કથા અંતરમાં ન ભાવે, નહિ જ તેમાં ગુણ શ્રેષ્ઠ આવે... ૦૮

સત્સંગનો શ્રીજીકથા જ પાયો, જો તે કદાપિ નબળો જણાયો;
સત્સંગરૂપી શુભ તો હવેલી, પડી જવાની ગણવી વહેલી... ૦૯

આહારનો ભાવ જણાય જેને, થશે શરીરે અતિ પુષ્ટિ એને;
ભાસે કથા ઉપર ઉગ્ર ભાવ, સત્સંગનો અંગ થશે ચડાવ... ૧૦

● ૧. પ્રથમ ● ૨. અપચો

## કુસંગ વિષે

### ૭૩૩ (ઉપજાતિ વૃત્ત) શ્રીહરિલીલામૃતમ્ : કળશ-૩, વિશ્રામ-૧૫

કુસંગીનો સજ્જન કોઈ સંગ, કરે ચડે અંગ કુસંગ રંગ;
જો ઊજળું વસ્ત્ર વિશેષ હોય, કાળું થશે કાજળ સંગ તોય... ૦૧

પવિત્ર જાશે અપવિત્ર પાસે, જરૂર તો તે અપવિત્ર થાશે;
જો કુંભ ગંગાજળનો જણાય, તે મદ્ય છંટાય અશુદ્ધ થાય... ૦૨

કુસંગી સંગે સુજનો પીડાય, તે સંગનો દોષ સદા ગણાય;
લોહી પીને માંકડ નાસી જાય, તે સંગથી માર પલંગ ખાય... ૦૩

સારો છતાં સ્વલ્પ કુસંગ થાય, તો રૂપ તેનું બદલાઈ જાય;
જો દૂધમાં સ્વલ્પ પડે જ છાશ, મીઠાશ જૈને પ્રગટે ખટાશ... ૦૪

કુપાત્રને સંગ સુપાત્ર જાય, કુપાત્રમાં તો ગણતાં ગણાય;
જો અંધમાં દેખક એક હોય, તે અંધ ટોળી જ ગણાય તોય... ૦૫

ચોખા તણું છે નરજાતિ નામ, તે દાળમાં જૈ કરશે વિરામ;
તો તેહનું સૌ પુરુષત્વ જાશે, ખરેખરી તે ખીચડી ગણાશે... ૦૬

કુસંગ જો અંગ કરે પ્રવેશ, ધર્મી તણો ધર્મ રહે ન લેશ;
જો ધર્મરાજા બહુ જાણનાર, જુગારી સંગે રમિયા જુગાર... ૦૭

### (શાર્દૂલવિક્રીડિત વૃત્ત)

વારિ **વારિદ**[1] એકથી વરસિયું, જે છીપમાં જૈ પડ્યું;
તેનું મોતી થયું થઈ **શરકરા**[2], જે શેલડીમાં ચડ્યું,
પેઠું વાંસ વિષે થયું કપૂર તે, સર્પાસ્ય ઝેરી થયું;
જેવો સંગ જણાય તેવું જગમાં, જે નીર જ્યાં જ્યાં ગયું... ૦૮

● ૧. વાદળું ● ૨. સાકર

## લોભી વિષે

### ૭૩૪ (ઉપજાતિ વૃત્ત) શ્રીહરિલીલામૃતમ્ : કળશ-૩, વિશ્રામ-૨૩

લોભી પૂરું પેટ ભરી ન ખાય, લોભી થકી પુણ્ય નહિ કરાય;
માંદો પડ્યાથી કદી જીવ જાય, પૈસો નહિ **ઓસડ**[1]નો અપાય... ૦૧

લોભી કને જો બહુ દ્રવ્ય હોય, ફરે જ થૈને અતિ રાંક તોય;
ચિંતા કરે તે નિજ મૃત્યુ કાળે, રખે ચિતામાં બહુ કાષ્ઠ બાળે... ૦૨

લોભી ન જાણે મન પુણ્ય પાપ, જાણે મહિમા ધનનો અમાપ;
માખી તણો સંગ્રહ જેમ જાય, લોભી તણું દ્રવ્ય પછી લૂંટાય... ૦૩

લોભી ન રાખે દિલમાં દયાય, તે ક્રોધી કામી સરખો ગણાય;
છે પાપનું મૂળ સદૈવ લોભ, છે છાપરું ધારક જેમ મોભ... ૦૪

લોભીતણું દ્રવ્ય કુમાર્ગ જાય, **ચૌરાગ્નિ**[2] કે ભૂપ કચેરી ખાય;
માતાપિતાને નહિ લોભી પાળે, લોભી પ્રજાનું પણ પેટ બાળે... ૦૫

જોગી જતિને જન લોભી સેવે, જાણે મને તે જડીબુટ્ટી દેવે;
જ્યાં લોભિયા લોક વસે ઘણાય, ત્યાં ધૂર્ત કેરું ગુજરાન થાય... ૦૬

● ૧. ઔષધ, દવા ● ૨. ચોર+અગ્નિ - ચોર લૂંટી જાય અથવા અગ્નિમાં બળી જાય

## ધન નિષેધ વિષે

### ૭૩૫ (ઉપજાતિ વૃત્ત) શ્રીહરિલીલામૃતમ્ : કળશ-૩, વિશ્રામ-૨૩

કહે હરિ દ્રવ્ય ઘણું નઠારું, કુબુદ્ધિ ને ક્લેશ વધારનારું;
જો દ્રવ્યનો કાંઈ રહ્યો ન પાર, તો ધર્મરાજા રમિયા જુગાર... ૦૧

લડાવી મારે ધન ભાઈ ભાઈ, લડાવી મારે સસરા જમાઈ;
અધર્મ અન્યાય અનેક થાય, જો દ્રવ્યમાં દોષ ઘણા જણાય... ૦૨

જ્યાં દ્રવ્ય છે ત્યાં રિપુ હોય ઝાઝા, જૂના મટે તો વળી થાય તાજા;
જે માનવીનો ન સરે જ અર્થ, નિંદા કરે મૂકી કલંક વ્યર્થ... ૦૩

ઘણું શરીરે મધ ચોપડાય, મંકોડી માખી કરડી જ ખાય;
શ્રીમંતને તેમ જ દુઃખ છેક, સ્વાર્થી મળીને કરડે અનેક... ૦૪

જો દ્રવ્ય મધ્યે સુખશાંતિ હોય, તો તુચ્છ જાણી ન તજે જ કોય;
ભર્તૃહરિ આદિ નૃપો થયા છે, તે દ્રવ્ય ત્યાગી વનમાં ગયા છે... ૦૫

સંભાળ વિશ્વંભર સૌની લે છે, તે અન્ન વસ્ત્રો પરિપૂર્ણ દે છે;
કોઈ થકી ઝાઝું નહિ ખવાય, શ્રીમંત સ્વાદુ જમી રોગી થાય... ૦૬

પેદા કર્યામાં શ્રમ છે અપાર, તે સાચવ્યામાં ભય છે હજાર;
કદી મળેલું ધન નાશ થાય, મૃત્યુ સમું સંકટ તો જણાય... ૦૭

જે કોય અંતે ધન મૂકી જાય, જેને મળે તે જન રાજી થાય;
શ્રીમંત ચિંતા દિનરાત રાખે, રખે મને કોઈક મારી નાખે... ૦૮

જેને હશે વૈભવ જો વિશેષ, તેને દિલે થાય વિશેષ ક્લેશ;
શ્રીમંતને ઊંઘ સુખે ન આવે, તે દ્રવ્ય ઈચ્છા જન મૂર્ખ લાવે... ૦૯

જો પંથ ચાલે સવળે રમા છે, જો ઊલટે માર દીસે સદા છે;
તે માટ લક્ષ્મી તણી આશ છોડો, પ્રીતિ પ્રભુના પદમાંહી જોડો... ૧૦

## હરિનું ધાર્યું થાય તે વિષે

### ૭૩૬ (ઉપજાતિ વૃત્ત) શ્રીહરિલીલામૃતમ્ : કળશ-૫, વિશ્રામ-૭

ધાર્યું બધું શ્રીહરિનું જ થાય, મનુષ્ય જાણે મુજથી કરાય;
ગાડાં તળે શ્વાન ગતિ કરે છે, તે માન મિથ્યા મનમાં ધરે છે... ૦૧

છે પ્રાણ નાડી પ્રભુને જ હાથ, સૌને નચાવે વળી વિશ્વનાથ;
અજ્ઞાની લોકો અભિમાન આણે, યથાર્થ શક્તિ હરિની ન જાણે... ૦૨

કરે અધર્મી **અઘ**[1] જે અલેખે, શ્રીનાથ સાક્ષી થઈ સર્વ દેખે;
જ્યારે **સમો**[2] તે ફળ યોગ્ય આવે, ત્યારે જ તેનું ફળ તે અપાવે... ૦૩

● ૧. પાપ ● ૨. સમય

## વાસના તજવા વિષે

### ૭૩૭ (ઉપજાતિ વૃત્ત) શ્રીહરિલીલામૃતમ્ : કળશ-૫, વિશ્રામ-૧૧

જ્યાં વાસના જેની જરી રહે છે, તે જન્મ તો ત્યાં જઈને લહે છે;
માટે થજો સૌ નિર્વાસનિક, જો જન્મ-મૃત્યુ તણી હોય બીક... ૦૧

અર્ધો રૂપૈયો અતિ તુચ્છ આ તો, વૈરાગીની જો રહી વાસના તો;
જે કોઈ પાસે ધન છે હજારો, એનો થશે કેમ કરી ઉગારો... ૦૨

જે ભક્તને કારણ અંતકાળે, આવે પ્રભુ તે જન કૈંક ભાળે;
જો વાસના કોઈ વિષે વસાય, પ્રભુની સાથે પણ તે ન જાય... ૦૩

ગૃહસ્થ ને ત્યાગી સમસ્ત ભક્ત, થશો નહિ માયિકમાં પ્રસક્ત;
જો રાજ્ય છે બંધનકારી જેવું, છે તુંબડું બંધનકારી તેવું... ૦૪

રહે રસાસ્વાદની વાસનાય, તે તો કીડા તે રસના જ થાય;
નિઃસ્વાદી થાશે નર સર્વનારી, ભવિષ્યનું દુઃખ દિલે વિચારી... ૦૫

અનંતકોટિ જુગ સ્વાદ ચાખ્યો, નથી **અબોટ્યો**[1] રસ કોઈ રાખ્યો;
તથાપિ જો તૃપ્તિ થઈ ન ભાસે, તો આ ભવે શું મન તૃપ્ત થાશે... ૦૬

જો કામ કેરી રહી વાસનાય, તો મૂત્રવિષ્ટા **કૃમિ**[2] દેહ થાય;
દુર્વાસના તો દિલમાંથી ત્યાગો, જો મુક્ત થૈ મૂર્તિધામ માગો... ૦૭

મનુષ્યનું આયુષ્ય અલ્પકાળ, કાપે સદા તે પણ **કાળવ્યાળ**[3];
ચેતી શકો તો ચિત્તમાંહી ચેતો, થશે પછીથી નહિ તો ફજેતો... ૦૮

● ૧. ચાખ્યો ન હોય તેવો ● ૨. કીડો, નાના જીવજંતુ ● ૩. કાળ-યમરાજા

## મરનાર પાછળ ન રોવા વિષે

### ૭૩૮ (ઉપજાતિ વૃત્ત) શ્રીહરિલીલામૃતમ્ : કળશ-૫, વિશ્રામ-૧૭

પ્રભુની ઈચ્છાથી થવાનું થાય, એનો નથી આ જગમાં ઉપાય;
જ્ઞાની જનો ધીરજ તો ધરે છે, અજ્ઞાની તો રોઈ કૂટી મરે છે... ૦૧

રોવા થકી કાંઈ નથી થવાનું, મરી ગયું તે નથી આવવાનું;
રોવા થકી નેત્રનું તેજ જાય, કૂટ્યાથી છાતી દરદે પીડાય... ૦૨

રુવે કૂટે જે મરનાર માટે, તે દુઃખ પામે મરનાર વાટે;
છે અમ વચનામૃત વાતોમાંથી, સ્નેહી જનોએ રડવું ન કાંઈ... ૦૩

જો શત્રુ જાણો જન મૃત્યુવાળો, તો રોઈ કૂટી વળી વેર વાળો;
જો પ્રીતિ તેના પર કાંઈ હોય, તો સ્નેહી તેના રડશો ન કોય... ૦૪

પ્રભુ ભજી જો પ્રભુ પાસ જાય, તો સ્નેહીઓ સાંભળી રાજી થાય;
જો થાય જૈને નરકે નિવાસી, તો સાંભળી તેહ થવું ઉદાસી... ૦૫

પુત્રાદિ છે સૌ પ્રભુનો જ માલ, આપે અને લે વળી કોઈ કાળ;
ઉછીનું આપ્યું ધન પાછું લેશે, શા માટે તેનો કરીએ ક્લેશે... ૦૬

## ઉત્સાહ વિષે

### ૭૩૯ (ઉપજાતિ વૃત્ત) શ્રીહરિલીલામૃતમ્ : કળશ-૫, વિશ્રામ-૨૮

ઉત્સાહથી કામ ઘણું કરાય, આળસ્ય એમાં જરીએ ન થાય;
ઉત્સાહવાળો જન હોય જેહ, ક્ષુધા તૃષાને ન ગણે જ તેહ... ૦૧

જો માનવી નિર્બળ હોય અંગે, બળિષ્ઠ થૈ કામ કરે ઉમંગે;
જોરાવરે જે ન કરી શકાય, તે કામ ઉત્સાહ થકી કરાય... ૦૨

ઉત્સાહથી જે રણમાં ચડે છે, માથું પડે તો ધડ ત્યાં લડે છે;
સતી કરે પાવકમાં પ્રવેશ, ઉત્સાહથી કષ્ટ ગણે ન લેશ... ૦૩

કષ્ટે કરી જે જન મૂડી જોડે, ન પ્રાણ જાતાં પણ પાઈ તોડે;
ઉત્સાહ એના ઉરમાંહી આવે, તો દ્રવ્ય તે એક દિને ઉડાવે... ૦૪

ઉત્સાહથી જાય ઉપાડી ભાર, ઉત્સાહથી જાય સમુદ્ર પાર;
ઉત્સાહ જો અંતરમાં ન હોય, કરી શકે કામ કશું ન કોય... ૦૫

ઉત્સાહવાળું મન હોય જેવું, તેના થકી કામ કરાય તેવું;
જે કામ ઉત્સાહ વિના કરાય, તે **વેઠિયું**[૧] કામ **નજીવું**[૨] થાય... ૦૬

એકાદશીનો ઉપવાસ હોય, સંતો કરે કામ તળાવ તોય;
ઉત્સાહ જેના મનમાં અમાપ, ગણે ન વૃષ્ટિ તન ટાઢ તાપ... ૦૭

મહાપ્રભુનો મહિમા વિચારે, તે પ્રાપ્તિ જો જીવ અમૂલ્ય ધારે;
ઉત્સાહ તેના ઉરમાં ન માય, તેના થકી શું ન કરી શકાય... ૦૮

● **૧.** જેમાં વળતર ન હોય તેવી મહેનત, વેઠ ● **૨.** થોડું, સ્હેજ

## પ્રભુની સેવા વિષે

### ૭૪૦ (શિખરિણી વૃત્ત) શ્રીહરિલીલામૃતમ્ : કળશ-૬, વિશ્રામ-૪

કહે શ્રીજી સ્વામી, સકળ સત્સંગની શ્રુતિ ધરો;
પ્રભુની સેવા તો, સમય અનુસારે શુભ કરો,
ઋતુ ટાણું જેવું, સકળ ઉપચારો સુકરીએ;
ઘરેણાં ને વસ્ત્રો, ઋતુ ઋતુ તણાં ભિન્ન ધરીએ... ૦૧

પ્રભુની મૂર્તિ તે, પ્રગટ પ્રભુ સાક્ષાત્ ગણીએ;
ન મર્યાદા તૂટે, પ્રભુ સમીપ એવા જ બણીએ,
જુદાઈ જે જાણે, પ્રભુ મૂરતિમાં ને પ્રભુ વિષે;
મહાપાપી તે તો, દુરમતિ અતિ દાનવ દીસે... ૦૨

**નકી**[૧] વાસો લેશે, કલપ શત કોટિ નરક જૈ,
મૂંઝાશે ને રોશે, કુમતિ અતિ કષ્ટે ગરક થૈ,
તમે સૌ તે માટે, પ્રભુ મૂરતિમાં પ્રીતિ ધરજો;
ભલા ભાવે ભાઈ, ખટ રસ તણા થાળ કરજો... ૦૩

રસોઈમાં ક્યારે, નિજ મુખ થકી થૂંક ન પડે;
રસોઈને જોઈ, મન **અશન**[૨]ના ઘાટ ન ઘડે,
સ્વહસ્તો બે જોડી, વિનંતી કરીને થાળ ધરવો;
જમે છે શ્રી હરિજી, સ્વમન શુભ સંકલ્પ કરવો... ૦૪

પ્રભુને પોઢાડે, વિનંતી કરીને સેવક સદા;
જગાડે તે જ્યારે, વિનંતી મુખથી ઉચ્ચરી મુદા,
ધીમે ધીમે દ્વારો, હરિજન ઉઘાડે હરિ તણાં;
શીખી રાખે ગાવા, સમય સમયોનાં પદ ઘણાં... ૦૫

પ્રીતે પાંચે ટાણે, છબી નીરખતાં આરતી કરે;
ત્રિઆંટા **અંઘ્રિ**[૩]ને, **જુગલ**[૪] ગણી નાભિ મન ધરે,
પછી આંટે એકે, વદન હરિ કેરું નીરખતાં;
બીજા સાતે આંટે, નખશિખ નિહાળે હરખતાં... ૦૬

● ૧. નક્કી ● ૨. જમવાના ● ૩. ચરણ ● ૪. બે

## મોટાના અનુગ્રહ વિષે

### ૭૪૧ (ઉપજાતિ વૃત્ત) શ્રીહરિલીલામૃતમ્ : કળશ-૬, વિશ્રામ-૯

અજાણતાં જે અપરાધ થાય, મોટા જનો માફ કરે સદાય;
અજ્ઞાની જો બાળ **કુવાક્ય**[1] ભાખે, માતાપિતા ક્રોધ કદી ન રાખે... ૦૧
રાજા ઝીણા દોષ જુએ પ્રજાના, જનો ગુનેગાર સહુ થવાના;
રાખે જ મોટા જન ગંભીરાઈ, ત્યારે જ સંસાર નભે સદાઈ... ૦૨
ગાળો કોઈ ઈશ્વરનેય દે છે, તથાપિ વૃષ્ટિ પ્રભુ તો કરે છે;
જુએ જનોના અપરાધ જોય, તો વિશ્વમાં જીવ જીવે ન કોય... ૦૩
ધણી જુએ ચાકર કેરી **ચૂક**[2], અપાર ચૂકો જડશે અચૂક;
ઘણી ચૂકો માફ ધણી કરે છે, ત્યારે જ તે ચાકર તો નભે છે... ૦૪
સદા કરે જે ઘરકામ નારી, તેની જુએ ચૂક સદા વિચારી;
તો પેખતાં પાર કદી ન આવે, શી રીત નારી ઘર તે ચલાવે... ૦૫
જો કાષ્ઠ પાણી શિર **વાટ**[3] પાડે, તથાપિ તે પાણી નહિ બુડાડે;
જેનું કરે પોષણ જે ખચીત, તેને નિભાવે જ વડાની રીત... ૦૬
મોટા તણાં તો મન હોય મોટાં, છોટા તણાં તો મન છેક છેટાં;
તળાવ છે તે છલકાઈ જાય, સમુદ્રને ક્ષોભ જરી ન થાય... ૦૭
માતાપિતા કે પ્રતિ પાળનાર, એ હોય છે ગંભીર ને ઉદાર;
છોરું કછોરું જગમાં જણાય, માતા કુમાતા કદીએ ન થાય... ૦૮

● ૧. ખરાબ વચન, ગાળ ● ૨. ખામી, ભૂલ ● ૩. ઉપર

## અદેખા વિષે

### ૭૪૨ (ઉપજાતિ વૃત્ત) શ્રીહરિલીલામૃતમ્ : કળશ-૭, વિશ્રામ-૨૬

પરોપકારી જન જેહ હોય, તે સર્વને દે સુખદાન તોય;
જ્યારે અદેખો જશ સાંભળે છે, બહુ જ તેના દિલમાં બળે છે... ૦૧
**પર્જન્ય**[1] તો પોષણકારી છેય, તે સર્વને જીવનદાન દેય;
સૌ વૃક્ષવેલી પ્રફુલ્લિત થાય, જોઈ **જવાસા**[2] બળીને સુકાય... ૦૨
જો સૂર્ય ઊગે સુખ સર્વ પામે, પ્રસન્ન દીસે સહુ ઠામ ઠામે;
**ઉલૂક**[3] જેવા ઈરષા જ ધારે, જાણે થશે આ રવિ અસ્ત ક્યારે... ૦૩
પ્રકાશ પેખી શુભ ચંદ્ર કેરો, આનંદ સૌને ઊપજે ઘણેરો;
ચોરી કર્યાની ઉર વૃત્તિ આણે, તે ચંદ્રને શત્રુ સમાન જાણે... ૦૪

હંસો સ્વભાવે સુખથી ફરે છે, બહુ અદેખાઈ બગો કરે છે;
ભલે રહ્યા તે મનમાં મૂંઝાય, ન હંસને કાંઈ કરી શકાય... ૦૫

વિદ્વાનને માન જહાં મળે છે, મૂર્ખા અદેખાઈ કરી બળે છે;
વિદ્વાન તેનું ન કશું બગાડે, તથાપિ તે દુઃખ દિલે લગાડે... ૦૬

જ્યાં ગર્જના મેઘ નભે કરે છે, તો સિંહ માથું પટકી મરે છે;
રે કેમ ગાજે મુજ શીશ તેહ, એવું વિચારે જ અબુદ્ધ એહ... ૦૭

નરનાટક શ્રીહરિ ધરે છે, દુષ્ટો સદા દ્વેષ ઘણો કરે છે;
પ્રતાપ ઓછો પ્રભુનો ન થાય, દુષ્ટો તણાં દિલ બળી મુઝાય... ૦૮

● ૧. વરસાદ ● ૨. એક વનસ્પતિ ● ૩. ઘુવડ

## સંપ વિષે

### ૭૪૩ (ઉપજાતિ વૃત્ત) શ્રીહરિલીલામૃતમ્ : કળશ-૭, વિશ્રામ-૪૨

જે ભક્ત જાણે મહિમા પ્રભુનો, તો તેહ જાણે મહિમા સહુનો;
જો ભક્ત સાથે નહિ સંપ રાખ્યો, તો ઈષ્ટ સાથે પણ તોડી નાખ્યો... ૦૧

સત્સંગી સૌ છે હરિના જ અંગ, તે શું રૂઠે તે હરિને જ સંગ;
જો અંગ એકે હરિનું દુઃખાય, તો દુઃખ તે શ્રીહરિને જ થાય... ૦૨

છરી કરી હોય સુવર્ણવાળી, તેણે જ જો આંગળી કાપી ભાળી;
તથાપિ જો કિંમત જાણી હોય, તો તે છરી નાખી ન દે જ કોય... ૦૩

જો દૂઝણી ગાય જ લાત મારે, કાઢી ન મૂકે કદી કોઈ ક્યારે;
કલ્યાણરૂપી પય લેવું હોય, સત્સંગીથી ક્લેશ કરે ન કોય... ૦૪

જો ભક્ત સાથે ઈરષા જ જામી, તો તેટલી નિશ્ચયમાંહી ખામી;
હીરો ચૂસી પુત્ર કદી મરેય, પિતા ન હીરો કદી નાખી દેય... ૦૫

જ્યાં સંપ છે ત્યાં સુખ છે વિશેષ, કુસંપમાં તો દુઃખ છે **અશેષ**[1];
જો સર્વ ઈચ્છો સુખ સંપ સેવો, સુખ પ્રદાતા નથી સંપ જેવો... ૦૬

દાસાનુદાસ સુભક્ત જે છે, તેને ગૃહે સંપ સદા વસે છે;
તો અન્ન પાણી **કૃતવાસ**[2] કેવો, સૌ રાખજો ભક્ત સુસંપ એવો... ૦૭

જ્યારે ચડે છે મનમાંહી ક્રોધ, ત્યારે કરે છે જન શું વિરોધ;
છે ક્રોધ ચાંડાલ સમાન એહ, જે માંહી પેસે અભડાય તેહ... ૦૮

● ૧. પૂરેપૂરું, તમામ, શેષ વિનાનું ● ૨. આડવેર

## ધર્મને અર્થે પણ ચોરી ન કરવી તે વિષે

### ૭૪૪ (ઉપજાતિ વૃત્ત) શ્રીહરિલીલામૃતમ્ : કળશ-૭, વિશ્રામ-૬૨

ચોરી કરે જે જન ધર્મ અર્થ, તેની થશે ભક્તિ કરેલી વ્યર્થ;
ચોરી કર્યાથી અતિ પાપ લાગે, આજ્ઞા પ્રભુની જન એહ ભાગે... ૦૧

ચોરી કરીને પ્રભુકાજ આપે, પાપી પડે તેહ વિશેષ પાપે;
તીર્થે બીજા સ્થાનનું પાપ જાય, તીર્થે કર્યું પાપ ન નાશ થાય... ૦૨

સ્વધર્મ પોતે પ્રભુના પિતા છે, પ્રભુની ધર્મે જ પ્રસન્નતા છે;
તે ધર્મનું ખંડન જો કરાય, તેને પ્રભુ કેમ પ્રસન્ન થાય... ૦૩

ચોરી લઈ મૂર્તિ મુકુંદ કેરી, પૂજે પછી પ્રીતિ ધરી ઘણેરી;
એવાય છે મૂર્ખ મનુષ્ય કોઈ, પ્રભુ થશે કેમ પ્રસન્ન જોઈ... ૦૪

આધીન બ્રહ્માંડ અનેક જેને, કશી નથી ખામી કદાપિ તેને;
આજ્ઞા ઉલંઘી પ્રભુ કેરી આપ, પાપી કરે છે પ્રભુ અર્થ પાપ... ૦૫

ચિત્તે ધરો સૌ સુણી એહ શિક્ષા, જે પામિયા હો મુજ પંથ દીક્ષા;
જે મેં કહ્યું તેહ વિચારી જોઈ, ધર્માર્થ ચોરી કરશો ન કોઈ... ૦૬

## હરિભક્તના દ્રોહથી પાપ થાય તે વિષે

### ૭૪૫ (ચોપાઈ) શ્રીહરિલીલામૃતમ્ : કળશ-૭, વિશ્રામ-૭૪

કહે શ્રી પ્રભુ પૂરણ કામ, સૂબા સાંભળો ઝુમખરામ;
હરિભક્તનો દ્રોહ જે કરે, મહાપાપી તે માણસ ઠરે... ૦૧

પ્રાયશ્ચિત્તે છૂટે મહાપાપી, દ્રોહપાપ ન છૂટે કદાપિ;
બીજા પાપે પ્રભુ ક્ષમા રાખે, પણ ભક્તનો દ્રોહ ન સાંખે... ૦૨

લેજો જગત બધા માંહી જોઈ, ભક્તદ્રોહી સુખી નથી કોઈ;
સુખી પ્રારબ્ધથી જો જણાય, જોતાં જોતાંમાં તે સુખ જાય... ૦૩

ભક્તદ્રોહીએ ખોયાં છે રાજ, ભક્તદ્રોહીએ ખોઈ છે લાજ;
ભક્તદ્રોહી તે પંડે પીડાય, એને અંગે મહારોગ થાય... ૦૪

ભક્તદ્રોહીનો વંશ ન રહે, એમ મોટા મુનિજન કહે;
આસુરી જન હોય છે એવા, મંડે સત્સંગીને દુઃખ દેવા... ૦૫

જેની રક્ષા પ્રભુ કરનારા, તેને શું કરે પ્રાણી બિચારા;
જ્યારે આવે વિનાશનો કાળ, થાય વિપરીત બુદ્ધિ વિશાળ... ૦૬

ઘડો પાપનો જ્યારે ભરાય, ત્યારે નાશ તેનો પછી થાય;
હરિભક્ત તો નિર્દોષ હોય, પાપી તેને નડે બહુ તોય... ૦૭

કોઈનું ન બગાડે તે કાંઈ, તોય પાપી બળે મન માંઈ;
કદી કોઈને દે નહિ ગાળ, તોય દુષ્ટને લાગે છે ઝાળ... ૦૮

પાપી ચિત્તમાં ન કરે વિચાર, કેમ સાંખશે જગ કરતાર;
મરીને પછી નરકમાં જાય, પામે પીડા ઘણી પસતાય... ૦૯

## અંતર્યામી વિષે

### ૭૪૬ (ઉપજાતિ વૃત્ત) શ્રીહરિલીલામૃતમ્ : કળશ-૭, વિશ્રામ-૭૯

જે પાપનો ઘાટ કશો ઘડીશ, તે જાણશે આ જગનો અધીશ;
એવો રહે જો મનમાં ઉચાટ, તેનાથી તે કેમ કરાય ઘાટ... ૦૧

જે શ્રીહરિનો મહિમા ન જાણે, ઈચ્છા કુકર્મો કરવાની આણે;
જાણે પ્રભુ ક્યાં નજરે જુએ છે, અજ્ઞાની પૂરો જન મૂર્ખ તે છે... ૦૨

આંખો મીંચીને ઉરમાં વિચાર, જે કીજિએ તે પ્રભુ જાણનાર;
એવા નક્કી જો વિશ્વાસ હોય, તો પાપનું કર્મ કરે ન કોય... ૦૩

સર્વે ક્રિયા અંતરયામી જાણે, તથાપિ બોલે નહિ તેહ ટાણે;
દેહાંત થાતાં ફળ તેનું દેશે, તે પાપ ને પુણ્યનું લેખું લેશે... ૦૪

જો અંધકારે રવિરાજ વીતે, કે ભોંયરામાં રહી ગુપ્ત રીતે;
ક્રિયા કરે કાંઈ કરે વિચાર, શ્રીજીથી છાનું ન રહે લગાર... ૦૫

સત્સંગી થૈને સમજે ન આમ, કુસંગી તે નાસ્તિક તેનું નામ;
નિશ્ચે મરીને નરકે જ જાય, ખચીત ત્યાં તે બહુ માર ખાય... ૦૬

જો પાપ કે પુણ્ય ગણે ન પ્રાણી, સત્સંગ કીધો મનમાં શું જાણી;
સ્વચ્છંદી છે સૌ પશુ પક્ષી જેમ, તેવી રીતે તે વિચર્યો ન કેમ... ૦૭

ઠગાઈ કીધે પ્રભુ ના ઠગાય, એનાથી છાનું કશું ના રખાય;
રીઝે ન તે દાંભિક ડોળ દેખી, ભૂલે નહિ તે નિજ ભક્ત લેખી... ૦૮

## સાચા સત્સંગી વિષે

### ૭૪૭ (ચોપાઈ) શ્રીહરિલીલામૃતમ્ : કળશ-૭, વિશ્રામ-૮૧

વળગે ભૂત કે પ્રેત જેને, સત્સંગી ન સમજવો તેને;
અક્ષરાદિ મોટા જે છે, સત્સંગીને ચરણે નમે છે... ૦૧

ત્યારે ભૂત શા માત્ર બિચારું ! શી રીતે તે નડી શકનારું;
હોય ગરબડિયો ભક્ત જેહ, મંત્ર જંત્ર સાચા ગણે તેહ... ૦૨
ભૂત તેના જ ચિત્તને ઝાલે, મૂઠ ચોટ તેના પર ચાલે;
તેના તનને નજર પણ લાગે, હરિજનથી તો તે સહુ ભાગે... ૦૩
ભૂતપ્રેત ગણાય છે કેવા, દેવલોકના માગણ જેવા;
જેને રાજાનો આશ્રય હોય, માગણ તેને શું કરે કોય... ૦૪

## (પુષ્પિતાગ્રા વૃત્ત)

દૃઢ હરિજન હોય સત્ય જેહ, કદી પણ ભૂત થકી ડરે ન તેહ;
પ્રભુ **વિણ**[1] પર મંત્ર જંત્ર જાણે, નિજ મન લેશ પ્રતીતિ તે ન આણે... ૦૫

● ૧. વિના

## ચોરી ન કરવા વિષે

### ૭૪૮ (ચોપાઈ) શ્રીહરિલીલામૃતમ્ : કળશ-૮, વિશ્રામ-૩

બોલ્યા ભક્તિતનુજ ભગવંત, સુણો સૌ સત્સંગી ને સંત;
વાત કરજો આ સઘળે પ્રસિદ્ધ, ચોરી કરવી નહિ કોઈ વિધ... ૦૧

ધણિયાતું જે દાતણ જેવું, તેને પૂછ્યા વિના નવ લેવું;
સગા બાપની પણ ચીજ એવી, તેની મરજી વિરુદ્ધ ન લેવી... ૦૨

છાની રીતે જે ચોરીને લેશે, જમ તેને ઘણો દંડ દેશે;
કોઈ ચોરી કરી એવી રીતે, વાપરે પ્રભુ અર્થે જો પ્રીતે... ૦૩

પ્રભુનો કોપ તે પર થાય, નિશ્ચે તે જન નરકમાં જાય;
પ્રભુને અતિ વાલો છે ધર્મ, મનમાં એવો જાણવો મર્મ... ૦૪

પ્રભુનો ભરવાને ભંડાર, કરે ધર્મનો ભંગ લગાર;
જાણવો જન તે મહાપાપી, ભલે હોય તપસ્વી તથાપિ... ૦૫

## દૃષ્ટિ નિયમમાં રાખવા વિષે

### ૭૪૯ (ઉપજાતિ વૃત્ત) શ્રીહરિલીલામૃતમ્ : કળશ-૮, વિશ્રામ-૫

રહે ન દૃષ્ટિ નિયમે જ જેની, અજ્ઞાનતા જાણવી એ જ તેની;
પ્રભુની મૂર્તિ તજી દૃષ્ટિ જાય, તે શુદ્ધ સત્સંગી નહિ ગણાય... ૦૧

કથા સુણે કે ધર્યું હોય ધ્યાન, બેઠો દીસે તે **બકની**[1] સમાન;
જો શ્વાન કે નારી તહાં જણાય, તો દૃષ્ટિ ખેંચાઈ તહાં જ જાય... ૦૨

એકાગ્ર ચિત્તે જ થવું કથામાં, દૃષ્ટિ જવા દેવી નહિ વૃથામાં;
ન વાત બીજી કરવી જ કાંઈ, જો માલ જાણો હરિભક્તિ માંઈ... ૦૩

એકાગ્ર થૈ તીરઘડાની રીતે, ભક્તિ વિષે લીન થવું જ પ્રીતે;
રાજા તણી ફોજ તહાંથી જાય, વાજિંત્રના નાદ નહિ સુણાય... ૦૪

એવી જ રીતે શ્રવણાદિ ભક્તિ, ભક્તો કરે ઉત્તમ જાણી જુક્તિ;
ત્યારે જ તે ભક્તિ ખરી ગણાય, પ્રભુજી તેને જ પ્રસન્ન થાય... ૦૫

પ્રભુ તણાં દર્શન કાજ જાય, જોડાં મૂકે ત્યાં મન તો રખાય;
બોલે દિશા બે ભણી **તર્તખેવ**[૨], ત્વમેવ માતા ચ પિતા ત્વમેવ... ૦૬

કરે નહિ દર્શન એક ચિત્તે, ખેંચાય બીજે મને એવી રીતે;
કીધું ભલે દર્શન તે ન કીધું, ન શ્રીજીએ પણ માની લીધું... ૦૭

પૂજા કરે ને મુખથી ન બોલે, તથાપિ તેનું મન ક્યાંઈ ડોલે;
મૂંગાની પેઠે **સમશા**[૩] કરે છે, તેવા ઘણા ઢોંગ જનો ધરે છે... ૦૮

● **૧.** બગલાની ● **૨.** તે જ વખતે, તરત જ ● **૩.** શાન, ઈશારો

### (શાર્દૂલવિક્રીડિત વૃત્ત)

ન્યાયધીશ **દ્વિજાતિ**[૧] એક પ્રતિમા, પૂજા ભલી રાખતો;
તે પૂજા સમયે મુનિવ્રત ધરે, જીભે નહિ ભાખતો,

પૂછ્યું કારકુને જ ખૂની જનને, શિક્ષા શી કીજે જઈ;
મૂર્તિને નિજની જનોઈ વતી ત્યાં, દેખાડી ફાંસી દઈ... ૦૯

● **૧.** બ્રાહ્મણ

## દુષ્ટ સ્વભાવ વિષે

### ૭૫૦ (ઉપજાતિ વૃત્ત) શ્રીહરિલીલામૃતમ્ : કળશ-૮, વિશ્રામ-૧૨

દીસે ઘણો દુષ્ટ સ્વભાવ જેનો, દુરાગ્રહી હોય મમત્વ તેનો;
પુણ્ય ક્રિયામાં પણ આવી આડે, પોતા તણું ને પરનું બગાડે... ૦૧

જો ક્યાંયથી તેહ **પીયૂષ**[૧] લેય, ન પાય પીએ પણ ઢોળી દેય;
તે જેમ માખી નિજ દેહ પાડે, બીજા તણું ભોજન તે બગાડે... ૦૨

મનુષ્યને સર્પ ડસે કદાપિ, તેથી ક્ષુધા તો ન ટળે તથાપિ;
વિનાર્થ તેને પરપ્રાણ લેવો, અધર્મીનો હોય સ્વભાવ એવો... ૦૩

જો દીનને દાન દયાળુ દે છે, તે દેખીને દુષ્ટ બળી મરે છે;
જો લાભ કે હાનિ ન હોય એને, આવે અદેખાઈ તથાપિ તેને... ૦૪

કરે કદાપિ પરમાર્થ કોઈ, બળી મરે છે જન દુષ્ટ જોઈ;
વિશ્વોપકારી જળવૃષ્ટિ થાય, જોઈ જવાસો બળીને સુકાય...૦૫

પોતે ભલું કામ કરે ન ક્યારે, બીજો કરે ત્યાં જઈને નિવારે;
ન હોય તેમાં લવ લાભ લેવો, તથાપિ તે દુષ્ટ સ્વભાવ તેવો...૦૬

અધર્મનો સે'જ સ્વભાવ એ છે, જે તે પ્રકારે પરને નડે છે;
પ્રકાશ દે સૂર્ય શશી સ્વભાવે, તથાપિ આડો ખળ રાહુ આવે...૦૭

અપાર વીંછી અહિઓ અપાર, વળી વિશેષે વછનાગ સાર;
એવાં મહા ઝેર લઈ અનેક, ઘડ્યો અદેખો જન દુષ્ટ એક...૦૮

● ૧. અમૃત

## હરિભક્ત સાથે હારીને રાજી રહેવા વિષે

### ૭૫૧ (ઉપજાતિ વૃત્ત) શ્રીહરિલીલામૃતમ્ : કળશ-૮, વિશ્રામ-૨૭

જે હાર પામે હરિભક્ત સાથ, તેને રીઝે શ્રીહરિ સૌના નાથ;
તે તો નહિ હાર સુવર્ણ હાર, શોભા વધે તે થકી તો અપાર... ૦૧

માતાપિતા કે ગુરુ સંત સંગે, જે માનવી વાદ વદે ઉમંગે;
તેનાથી જીત્યો જન એ જ હાર્યો, હારી છૂટ્યો એ જ જીત્યો જ ધારો... ૦૨

સદ્ધર્મ અર્થે ધન જે ગયું છે, ગયું નહિ જાણ સદા રહ્યું છે;
યુદ્ધે મૂઓ તે જન જીવતો છે, હાર્યો હરિભક્તથી તે જીત્યો છે... ૦૩

જેઓ નમે છે હરિભક્ત પાસ, તે પામશે ઊર્ધ્વગતિ નિવાસ;
નીચું ફુવારે જળ ઊતરે છે, તે તેટલી ઊંચી ગતિ કરે છે... ૦૪

પ્રભુ તણા ભક્ત **તુલા**[૧]ની તુલ્ય, તોળી કરે તે જન કેરું મૂલ્ય;
નમે નહિ તે હલકું જ જાણો, નમ્યાથી ભારેપણું તે પ્રમાણો... ૦૫

સદા નમે છે ફળવાન વૃક્ષ, સદા નમે છે કુળવાન દક્ષ;
નમે નહિ સૂકલ કાષ્ઠ કોય, નમે નહિ જે જન મૂર્ખ હોય... ૦૬

જઈને નમે જે હરિભક્ત સામે, તો રાજીપો પોતે પળમાંહી પામે;
**નવાણ**[૨]ને કુંભ જઈ નમે છે, નમ્યા પ્રમાણે જળ તે લહે છે... ૦૭

હરિતણાં છે હરિભક્ત અંગ, ન વાદ કીજે કદી તેહ સંગ;
મહાત્મ્ય જાણી નમીએ જ નિત્ય, જો તે પ્રભુ ઉપર હોય પ્રીત... ૦૮

● ૧. ત્રાજવું ● ૨. જળાશય (કૂવો)

## હરિભક્તોમાં સંપ રાખવા વિષે

### ૭૫૨ (ઉપજાતિ વૃત્ત) શ્રીહરિલીલામૃતમ્ : કળશ-૮, વિશ્રામ-૩૨

ન સંપ રાખે સતસંગી થૈને, શું જ્ઞાન પામ્યા સતસંગ લૈને;
તીર્થે જઈ પાપ તજ્યું ન જ્યારે, શી તીર્થ જાત્રા કરી તેહ ત્યારે... ૦૧

સંતાન જો સંપી વસે સદાય, માતાપિતા તે થકી રાજી થાય;
કુસંપી જો તેહ કરે ક્લેશ, માતાપિતા રાજી રહે ન લેશ... ૦૨

સત્સંગીમાં સંપ દીસે સદાય, તે દેખીને ઈશ્વર રાજી થાય;
કદાપિ જો તેહ કુસંપ દેખે, તો ભક્ત સારા પ્રભુજી ન લેખે... ૦૩

સત્સંગીનો જો મહિમા મનાય, કદાપિ તો કેમ કુસંપ થાય;
જો મેઘ મોટાં ઘર પાડી નાખે, તથાપિ ઈચ્છા **ઘન**[1] કેરી રાખે... ૦૪

સંસારમાં જે સમજુ ગણાય, વેઠે ઘસારો પણ સંપ ચા'ય;
તો જ્ઞાન પામી નહિ સંપ રાખે, તેને કહો કોણ સુભક્ત ભાખે... ૦૫

પ્રીતિ તજે તુચ્છ પદાર્થ માટે, કે સંપ છોડે અભિમાન સાટે;
તો જાણવો તે જન બુદ્ધિહીન, વેઠે પછી કષ્ટ મહા કઠિન... ૦૬

સત્સંગમાં સંપ ઘણો જણાશે, સત્સંગની વૃદ્ધિ વિશેષ થાશે;
સત્સંગથી સંપ જશે જ જ્યારે, દશા જણાશે પડતી જ ત્યારે... ૦૭

માટે કરો જો મુજને પ્રસન્ન, કુસંપ ક્યારે ધરશો ન મન;
જો કોઈ જાણો મહિમા અમારો, તો ભક્ત મારા પર પ્રેમ ધારો... ૦૮

● ૧. વરસાદ

### ૭૫૩ (કુંડલિયા)

પ્રથમ વિચારી બોલિયે, મુખ તે સુંદર બેન,
સબહી કું સુખ ઊપજે, રાજી રાજીવનેન;
રાજી રાજીવનેન, રહે સુખ અપને અંતર,
સુનત મિટે સંતાપ, અહોનિશ પાપ નિરંતર;
દાખત બ્રહ્માનંદ, સંત સબ કે હિતકારી,
મુખતે સુંદર બેન, બોલિયે પ્રથમ વિચારી... ૦૧

બાની હરિ બિન વદત હે, સો નર પશુ સમાન,
જ્યું કોઉ ચાવત કોહિલા, તજ કે બીરી પાન;

તજ કે બીરી પાન, કરત અપનો મુખ કારો,
વચનહુ કો ફલ એહ, ગાઈએ ધર્મદુલારો;
દાખત બ્રહ્માનંદ, હોત સબ દુઃખ કી હાની,
સો નર પશુ સમાન, વદત જો હરિ બિન બાની... ૦૨

એસી બાની બોલિયે, જામેંહી કછુક વિવેક,
બિન વિવેક કો બોલવો, સો મનું બોલત ભેક;
સો મનું બોલત ભેક, અસ્થ બિન બેન ઉચારે,
પ્રભુ કો નાહી પ્રસંગ, વદન અરુ કરન બિગારે;
દાખત બ્રહ્માનંદ, ભક્ત કું લાગત ભયસી,
જામેંહિ કછુક વિવેક, બોલિયેં બાની અયસી... ૦૩

મધુરી બાની બોલિયેં, પીક ચાતક કી રીત,
અપનો ઉર શીતલ રહે, વધત સુનત અતિ પ્રીત;
વધત સુનત અતિ પ્રીત, પ્રભુ કું લે કરી બોલે,
જ્યું બહુમૂલીનંગ, ગ્રાહક બિન કબુ ન ખોલે;
દાખત બ્રહ્માનંદ, પ્રગટ સમજત સબ પધૂરી,
પીક ચાતક કી રીત, બોલિયે બાની મધૂરી... ૦૪

કરવાં બેન ન કાઢિયેં, જેસેં વાયસ ઘૂર,
સુનત પથ્થર લે હાથ મેં, સબકો તાડત દૂર;
સબકો તાડત દૂર, વ્રથા બકવાદ ન કરનો,
જા મેહી નહિ હરિ કથા, વચન સો કાન ન ધરનો;
દાખત બ્રહ્માનંદ, ફેર ચોરાસી ફરવા,
જેસે વાયસ ઘૂર, કાઢિયે બેન ન કરવા... ૦૫

હરિ કી બાની છંદ બિન, ગ્રામ કથા પદ શુદ્ધ,
અમૃત રુખે અંન મેં, વિષ જૂત સાકર દૂધ;
વિષ જૂત સાકર દૂધ, ખાત સંગ પ્રાન ગમાવે,
અમૃત એહી ગુન અધિક, ભૂખત સો મરન ન પાવે;
દાખત બ્રહ્માનંદ, પ્રીત જેહી મિત્ર અરિ કી,
ગ્રામ કથા પદ શુદ્ધ, છંદ બિન બાની હરિ કી... ૦૬

અરથ વિના કો બોલવો, જ્યું ભેરિ કો નાદ,
સમજ પરે નહિ આપ કું નહિ ઓરન કું સ્વાદ;

નહિ ઓરન કું સ્વાદ, પથ્થર સો આન પછારે,
નહિ જામેં હરિ નામ, નહિ જગ પ્રસંગ વિચારે;
દાખત બ્રહ્માનંદ, તોલ નહિ બોલ તિના કો,
જ્યું ભેરિ કો નાદ, બોલવો સમજ વિના કો... ૦૭

મીઠી બાની ખલ કહે, અંતર મેં અતિ ઘાત,
મિત્ર કહત કરવે વચન, રોગ મિટાયો ચ્હાત;
રોગ મિટાયો ચ્હાત, જાન અપનો હિતકારી,
સંત મિત્ર સુખ ચહત, લીજિયે વચન વિચારી;
દાખત બ્રહ્માનંદ, કહત હે અપની દીઠી,
અંતર મેં અતિ ઘાત, કહત ખલ બાની મીઠી... ૦૮

•••

## મનુષ્ય જન્મની સાર્થકતા

**૭૫૪** **(રાગ : માલકોશ)**

તારી એક એક પળ જાય લાખની,
તું તો માળા રે જપી લે ઘનશ્યામની... ટેક

ખાલી આવ્યા ખાલી જાશો, સાથે શું લાવ્યા લઈ જાશો;
જીવન ધન્ય રે બનાવો ભક્તિભાવથી... તારી એક ૦૧

જૂઠા જગના જૂઠા ખેલ, મનવા મારું તારું મેલ;
તું તો છોડી દેને ચિંતા આખા ગામની... તારી એક ૦૨

મારા મનડાંના મોર, મારાં ચિત્તડાંના ચોર;
મેં તો મૂર્તિ જોઈ છે મહારાજની... તારી એક ૦૩

હૈયે લાગી તાલાવેલી, આંખે આંસુડાંની હેલી;
ભક્તો ચેતીને ચાલોને જમના મારથી... તારી એક ૦૪

ભક્તિ ખાંડા કેરી ધાર, તેથી ઊતરવું ભવપાર;
જેને લાગી છે લગન ભગવાનમાં,
તે તો સુખેથી જાયે છે અક્ષરધામમાં... તારી એક ૦૫

**૭૫૫** **(રાગ : ધોળ)**

સજની ટાણું આવ્યું રે ભવજળ તરવાનું;
મોંઘો મનુષ્યનો વારો, ફેર ફેર નહિ મળનારો,
ડાહ્યા દિલમાં વિચારો... સત્સંગ કીજિયે ૦૧

સજની આ રે ચોઘડિયું અમૃત લાભનું;
ફેર ફેર નહિ આવે એવું, વીજના ઝબકારા જેવું,
મોતી પરોવી લેવું... સત્સંગ કીજિયે ૦૨

સજની સંતનાં વચન તે ઉરમાં ધારીએ;
ગાંઠ વાળી ના છૂટે, નિયમ નિશ્ચય ના તૂટે,
સંસાર છોને રે કૂટે... સત્સંગ કીજિયે ૦૩

સાચા સાધુપુરુષની સેવા કીજિયે;
પાપ પૂર્વનાં બળવા, મૂર્તિસુખમાં ભળવા,
સ્વામિનારાયણ મળવા... સત્સંગ કીજિયે ૦૪

સજની શિરને સાટે રે હરિને સેવીએ;
પાછાં પગલાં નવ ભરિયે, મન કર્મ વચને હરિ વરીએ,
નારાયણદાસ કહે તરિયે... સત્સંગ કીજિયે ૦૫

**૭૫૬ (રાગ : પરજીયો)**

અંતે જાવું ઊઠી એકલા રે, સંગે આવે ન કોય;
પંડિત રંક ને રાય કે, હાં રે લાખું લખપતિ હોય... ટેક

કુંભ કાચો કાયા જાણવી રે, તેનો નહિ નિરધાર;
નાશ પામે પળ એકમાં, કરીએ કોટિ પ્રકાર... અંતે ૦૧

માતપિતા સુત નારીઓ રે, સંગે ચાલે ન કોય;
અંત સમે સંગાથમાં, પુણ્ય પાપ જ હોય... અંતે ૦૨

મોટા મોટા તો મરી ગયા રે, છોટા મન મલકાય;
મરણ તો સ્વપ્ને ન સાંભરે, અતિ ઉર હરખાય... અંતે ૦૩

બાંધવને બાળી આવીને રે, ભાઈ સંભાળે ભાગ;
મિલકતનો તે માલિક બને, એ આશ્ચર્ય અથાગ... અંતે ૦૪

પસ્તાવો લેશ પામે નહિ રે, ઉર નહિ અફસોસ;
અવિચળ જાણી મંડ્યો રહે, ઉર એ જ આલોચ... અંતે ૦૫

નિત્ય જ્યાં નોબતો વાગતી રે, રૂડા રાગ સદાય;
એ સ્થળ આજ ઉજ્જડ પડ્યાં, જોયાં નજરે ન જાય... અંતે ૦૬

એ જોઈને ઉદાસી અતિ રે, મને આવે છે ઉર;
આ લોકમાંથી ઊઠી જવું, એ તો જાણો જરૂર... અંતે ૦૭

મરણ છે માથે માણસને રે, ખરેખરું ખચીત;
જગદીશાનંદનું તે થકી, ક્યાંય ચોંટ્યું ન ચિત્ત... અંતે ૦૮

**૭૫૭ પદ-૧ (રાગ : ગરબી)**

કર પ્રભુ સંગાથે દૃઢ પ્રીતડી રે, મરી જાવું મેલીને ધનમાલ;
અંતકાળે સગું નહિ કોઈનું રે... ટેક
સંસ્કારે સંબંધી સર્વે મળ્યા રે, એ છે જૂઠી માયા કેરી જાળ... અંત ૦૧
મારું મારું કરીને ધન મેળવ્યું રે, તેમાં તારું નથી તલભાર... અંત ૦૨
સુખ સ્વપ્નાં જેવું છે સંસારનું રે, તેને જાતાં ન લાગે વાર... અંત ૦૩

માટે સેવે તું સાચા સંતને રે, તારાં ટળશે ત્રિવિધનાં તાપ... અંત ૦૪
અતિ મોટાપુરુષને આશરે રે, બળે પૂર્વ જનમનાં પાપ... અંત ૦૫
એવું સમજીને ભજ ભગવાનને રે, સુખકારી સદા ઘનશ્યામ... અંત ૦૬
દેવાનંદનો વ્હાલો દુઃખ કાપશે રે, મનવાંછિત પૂરણકામ... અંત ૦૭

**૭૫૮ પદ-૨**

મળ્યો મનુષ્યદેહ ચિંતામણિ રે, તારા અંગમાં છે રોગ અસાધ્ય;
નથી લેતો સ્વામિનારાયણ નામને રે... ટેક
માથે જન્મમરણ મોટું દુઃખ છે રે, તારા અંતરમાં હરિને આરાધ... નથી ૦૧
ઘણું સૂઝે છે કામ સંસારનું રે, કરે સગાંનું નિત્ય સન્માન... નથી ૦૨
હેત કરતો નથી હરિદાસમાં રે, હૈયાંફૂટ્યાં તું લૂણહરામ... નથી ૦૩
પરનારી સંગાથે કરી પ્રીતડી રે, તારો એળે ગયો અવતાર... નથી ૦૪
બહુનામીની બીક નથી રાખતો રે, ખરે ખાંતે મળીશ ખુવાર... નથી ૦૫
અતિ કઠણ વેળા છે અંતકાળની રે, પછી થાશે તને પસ્તાવ... નથી ૦૬
દેવાનંદની શિખામણ માનજે રે, તારા અંતરમાં કરીને **ઉછાવ**[1]... નથી ૦૭

● ૧. વિચાર

**૭૫૯ પદ-૩**

તારા મનમાં જાણે જે મરવું નથી રે, એવો નિશ્ચે કર્યો નિરધાર;
તેમાં ભૂલી ગયો ભગવાનને રે... ટેક
ધન દોલત નારી ને ઘણા દીકરા રે, ખેતીવાડી ઘોડી ને ઘરબાર... તેમાં૦૧
મેડી મંદિર ઝરૂખા ને માળિયાં રે, સુખદાયક સોનેરી **સેજ**[1]... તેમાં૦૨
ગાદી તકિયા ને **ગાલમસૂરિયાં**[2] રે, અતિ આડ્ય કરે છે એ જ... તેમાં૦૩
નીચું **કાંધ**[3] કરીને નમતો નથી રે, એવું સાધુ સંગાથે અભિમાન... તેમાં૦૪
મરમાળી મોહનજીની મૂર્તિ રે, તેની સાથે ન લાગેલ તાન... તેમાં૦૫
પાપ અનેક જન્મનાં આવી મળ્યાં રે, તારી મતિ મલિન થઈ મંદ... તેમાં૦૬
દેવાનંદના વ્હાલાને વીસરી ગયો રે, તારે ગળે પડ્યો જમફંદ... તેમાં૦૭

● ૧. પથારી ● ૨. ગાલ તળે રાખવાનું મશરૂનું કે કોઈ પણ નાનું ગોળ ઓશીકું ● ૩. ખભો

**૭૬૦ પદ-૪**

તારે માથે નગારાં વાગે મોતનાં રે, નથી એક ઘડીનો નિરધાર;
તોય જાણ્યા નહિ જગદીશને રે... ટેક
મોટા મેલીને રાજ મરી ગયા રે, જોને જાતાં ન લાગી વાર... તોય ૦૧

તારું જોબન ગયું જખ મારતું રે, માથે કાળા મટી ગયા કેશ... તોય ૦૨
અંતકાળે લેવાને જમ આવિયા રે, તેનો ભાળી ભયંકર વેશ... તોય ૦૩
રોમ કોટિ વીંછી તણી વેદના રે, દુઃખ પામ્યો તું દેવના ચોર... તોય ૦૪
સગાં સ્વાર્થી મળ્યાં સહુ લૂંટવા રે, કેનું જરા ન ચાલે જોર... તોય ૦૫
જીભ ટૂંકી પડીને તૂટી નાડિયું રે, થયું દેહ ન **જવાનું**[૧] તત્કાળ... તોય ૦૬
દેવાનંદ કહે ન જાણ્યા મારા નાથને રે, મળ્યો માણસનો દેહ વિશાળ... તોય ૦૭

● ૧. તજ્યાનું

**૭૬૧ (રાગ : ખમાચ)**

નહિ મળે ફરી મોંઘો નહિ મળે ફરી;
મનુષ્યનો દેહ મોંઘો, નહિ મળે ફરી... ટેક

તે માટે હું કહું છું તને ભજી લે હરિ;
સાચા સાધુ ઓળખી, એની સોબત કરી... મનુ ૦૧

જીતી બાજી જાય છે હારી કુસંગમાં ગરી;
જાવું પડશે જમપુરીમાં, જરૂર મરી... મનુ ૦૨

દેવતાને છે દુર્લભ તનુ તે તો તેં ધરી;
ભૂમાનંદ કહે ભવસિંધુને, જાને તું તરી... મનુ ૦૩

**૭૬૨ (રાગ : ગરબી) પદ-૧**

ભજ્યો નહિ ભગવાનને રે, મળ્યો માણસનો દેહ;
પ્રીત કરી પરનારમાં, હાં રે નીચ સોબત સનેહ... ભજ્યો ૦૧

મિથ્યા માયાના જોરમાં રે, થયો અંધ અજાણ;
લાજે વીંટાણો લોકની, હાં રે કરે આપ વખાણ... ભજ્યો ૦૨

ચિંતા ઘણી ચિત્તમાં ભરી રે, હાલ ભૂંડા હેરાન;
ફૂટેલ હૈયું ને ફેલ આવડે, હાં રે મિથ્યા મોટપનું માન... ભજ્યો ૦૩

જૂઠાબોલો નથી જાણતો રે, માથે મરવાની ઘાત;
દેવાનંદ કહે જમ આવશે, હાં રે માર મૂરખ ખાત... ભજ્યો ૦૪

**૭૬૩ પદ-૨**

અંતે જાવું છે એકલા રે, સંગે આવે નહિ કોઈ;
માતપિતા ને ભાઈ દીકરા, હાં રે નારી કૂટે છે રોઈ... અંતે ૦૧

ભૂખે મરીને ભેળી કરી રે, માયા લાખ કરોડ;
દાટી રહેશે દરબારમાં, હાં રે જોને આંખ્યું કાં ફોડ... અંતે ૦૨

જીવ સંગાથે જાય છે રે, પુણ્ય પોતાનાં પાપ;
સુખ દુઃખ ફળ તેનાં ભોગવે, હાં રે જમપુરીમાં આપ... અંતે ૦૩

રાજા ધર્મની આગળે રે, ખાશો મૂરખ માર;
દેવાનંદ કહે દેહ ધારશો, હાં રે લખચોરાશી વાર... અંતે ૦૪

**૭૬૪** **પદ-૩**

ભૂલી ગયો ભગવાનને રે, ગયું જોબન બાળ;
આવ્યું બુઢ્ઢાપણ અંગમાં, હાં રે કેડે આવે છે કાળ... ભૂલી ૦૧

ઘરના માણસ જાણે ઘેલડો રે, કોઈ માને નહિ વાત;
અક્કલ ઘટી ને વધી આપદા, હાં રે કે'દી મરશે કુજાત... ભૂલી ૦૨

મનમાં અતિ ધન **ધાંખડી**[૧] રે, વ્હાલા વિષય વિકાર;
આડાબોલો અફીણિયો, હાં રે દુઃખ પામે અપાર... ભૂલી ૦૩

શરીરનું ચામડું સુકાઈ ગયું રે, થયો અંધ **બધિર**[૨];
દેવાનંદ કહે હરિ ન ભજ્યા, હાં રે બહુનામી હરિવર... ભૂલી ૦૪

● ૧. ઝંખના, આતુરતા ● ૨. બહેરો

**૭૬૫** **પદ-૪**

પ્રભુ ભજી લેને પ્રાણિયા રે, ધન દોલત ને નાર;
અંતે જાવું તજી એકલા, હાં રે સગાં કુટુંબ સંસાર... પ્રભુ ૦૧

જેને ભજ્યા જગદીશને રે, ભવ પામ્યા તે પાર;
એને વિસારીને આથડે, હાં રે ગોથાં ખાશે ગમાર... પ્રભુ ૦૨

લક્ષચોરાશી જાતના રે, આવે દેહ અપાર;
જન્મ મરણ ગર્ભવાસનું, હાં રે દુઃખ વારંવાર... પ્રભુ ૦૩

વૈદ્ય કોટિ વાંસે ફરે રે, કરે ઔષધ અનેક;
રંચ ન ટાળે રોગને, હાં રે દેવાનંદ કહે વિવેક... પ્રભુ ૦૪

**૭૬૬** **(રાગ : ગરબી)**

જાવું છે રે જાવું છે રે જાવું છે નેદાન, ભજ ભગવાન રે જીવ જાવું છે... ટેક
જાવું છે રે જાવું છે રે રહેવાનું છે કાચું, માને સાચું રે... જીવ ૦૧

જાવું છે રે જાવું છે રે માલ ધન મેલી, ઠાલું ઠેલી રે... જીવ ૦૨
જાવું છે રે જાવું છે રે આવું તન ત્યાગી, જોને જાગી રે... જીવ ૦૩
જાવું છે રે જાવું છે રે આપો જમણે હાથે, આવે સાથે રે... જીવ ૦૪
જાવું છે રે જાવું છે રે કહે નિષ્કુળાનંદ, ભજ ગોવિંદ રે... જીવ ૦૫

**૭૬૭ (રાગ : લાવણી)**

જગત મેં જીવના થોરા, મ ભૂલે દેખી તન ગોરા;
ખડા શિર કાલ સા વેરી, કરેગા ખાખ કી ઢેરી... ૦૧

કરમ કું સમજ કે કરના, શિરે નિજ ભાર ના ભરના;
કાગદ નિકસત હી જબ હી, કઠિન હૈ બોલના તબ હી... ૦૨

નહિ તહાં સગાં કોઈ અપના, અગ્નિ કી ઝાલ મેં તપના;
લેખા જમરાજ જબ કર હી, કીયે કૃત ભોગને પર હી... ૦૩

બ્રહ્માનંદ કહત હે તુમકું, ન દીજ્યો દોષ અબ હમકું;
પુકારે પીટ કે તાલી, જાયેગા હાથ લે ખાલી... ૦૪

**૭૬૮ (પદ : જીવ શાને ફરે છે ગુમાનમાં)**

જીવ શાને ફરે છે ગુમાનમાં, તારે રે'વું ભાડાના મકાનમાં;
રોજ મ્હાલે છે એશો આરામમાં... ટેક
માને મારું મકાન, કરે રંગ ને રોગાન; (૨)
જાણે કાયમ લીધું છે વેચાણમાં... તારે ૦૧
હે રાખે એવો રુઆબ, જાણે મોટો નવાબ; (૨)
કાળ આવીને કે'શે તારા કાનમાં... તારે ૦૨
હે લેશે જમડા રે ઝાલી, કર પળમાં ખાલી; (૨)
તારું ડહાપણ નહિ આવે કાંઈ કામમાં... તારે ૦૩

**૭૬૯ પદ-૧ (રાગ : ગરબી)**

હૈયાંના ફૂટ્યા હરિ સંગે હેત ન કીધું;
લખચોરાશી કેરું **લગડું**[૧], માથે માગી લીધું રે... હૈયાના ૦૧

પેટને અર્થે પાપ કરતાં, પાછું ફરી નવ જોયું;
ચાર દિવસના જીવતર સારુ, મન માયામાં મોહ્યું રે... હૈયાના ૦૨

જન્મમરણ દુઃખ ગર્ભવાસનું, તે નવ શકિયો ટાળી;
માતપિતા જુવતી સુત સંગે, વિસાર્યા વનમાળી રે... હૈયાના ૦૩

આળસ ને અજ્ઞાન અતિશે, કામ બગાડ્યું તારું;
દેવાનંદ કહે દેખ વિચારી, માન કહ્યું તું મારું રે... હૈયાના ૦૪

● ૧. ગધેડા પર માલ ભરવા રખાતું સાધન

**૭૭૦** **પદ-૨**

દુનિયામાં ડાહ્યો ડહાપણમાં દુઃખ પામે;
ભવતારણ ભગવાન વિસારી, ચડિયો ઠાલે **ભામે**[1] રે... દુનિયામાં ૦૧

મનુષ્ય દેહ મળ્યો અતિ મોટો, ખોટો જાણી ખોયો;
**ચોરે ચૌટે**[2] જૂઠું બોલ્યો, નાહક નીર વલોયો રે... દુનિયામાં ૦૨

હરિ હરિજન સંગે હેત ન કીધું, પીધું વિખનું પાણી;
સુખ સંસારી પામ્યા સારુ, મૂઆ લગી **ધર**[3] તાણી રે... દુનિયામાં ૦૩

હર્ષ શોકની નદીઓ મોટી, તેમાં જાય તણાયો;
દેવાનંદ કહે હરિ ભજ્યા નહિ, ઘણે દુઃખે ઘેરાણો રે... દુનિયામાં ૦૪

● ૧. ખોટો વહેમ ● ૨. જ્યાં ત્યાં આખા ગામમાં ● ૩. ઘોંસરું, બળદની ખાંધ ઉપર રહેતો ધૂંસરીનો ભાગ

**૭૭૧** **પદ-૩**

અજ્ઞાની તારા અંતરમાં દેખ વિચારી;
અંત સમે કોઈ કામ ન આવે, સગાં કુટુંબ સુત નારી રે... અજ્ઞાની ૦૧

જોબન ધનનું જોર જણાવે, ફાટી આંખે ફરતો;
કાળ **કરાળ**[1] કઠણ શિર વેરી, દિલમાં કેમ નથી ડરતો રે... અજ્ઞાની ૦૨

માલ ખજીના મંદિર મેલી, મૂઆ ભૂપ **મદમાતા**[2];
શ્વાન **સૂકર**[3]ના દેહ ધરીને, ઘર ઘર ગોથાં ખાતા રે... અજ્ઞાની ૦૩

આજ અમૂલખ અવસર આવ્યો, હરિ ભજવાનું ટાણું;
દેવાનંદ કહે દેહ મનુષ્યનો, ન મળે ખરચ્યે નાણું રે... અજ્ઞાની ૦૪

● ૧. ભયંકર ● ૨. મદમાં (અભિમાનમાં) ચકચૂર ● ૩. ભૂંડ

**૭૭૨** **પદ-૪**

પામર તેં પ્રાણી વિસાર્યા વનમાળી;
મિથ્યા સુખ માયામાં મોહ્યો, મૃગતૃષ્ણાજળ ભાળી રે... પામર ૦૧

આઠે પહોર અંતરમાં બળિયો, ઘણા ઘણાને ધાયો;
રળી ખપી ધન ભેગું કીધું, ના ખરચ્યો ના ખાયો રે... પામર ૦૨

નારી આગળ નિર્લજ્જ થઈને, બીતો બીતો બોલે;
**હડકલાવે**[1] હસી બોલાવે, કરે **તરણ**[2]ને તોલે રે... પામર ૦૩

સાસુ સસરો સગાં સંબંધી, તેની સેવા કીધી;
દેવાનંદ કહે સાધુ જનની, તેં સેવા તજી દીધી રે... પામર ૦૪

● ૧. ધમકાવવું, હડધૂત કરવું ● ૨. તુચ્છ

**૭૭૩** **(રાગ : ગરબી)**

કાળનાં **ગડે**[1] નગારાં કાળનાં ગડે;
અગડ ધેં ધેં ધેં ધેં નગારાં કાળનાં ગડે... ટેક

ઢોલ ને **રણતૂર**[2] વાગે ઝાંઝ ખડેડે;
**નેજા**[3] ને નિશાન દીસે ફોજું બહુ ફરે... અગડ ૦૧

નાળું ને **જંજાળું**[4] સરવે **કડે ને ધડે**[5];
આંખ્યું મીંચી બેઠો અંધો મનસૂબા ઘડે... અગડ ૦૨

કઠણ વેગે કાળ આવી ઓચિંતો અડે;
જળ થોડામાં જીવ જેમ પૂરો તરફડે... અગડ ૦૩

ચેતવું હોય તો ચેતી લેજો બીજું રહ્યું નડે;
દેવાનંદનો નાથ ભજ્યા વિના નરકે જઈ પડે... અગડ ૦૪

● ૧. ગાજે ૨. લડાઈનું વાજું ● ૩. વાવટો ● ૪. ઉપાધિ ● ૫. ધમધોખાર

**૭૭૪** **(રાગ : ચાબખો)**

આવું તારું ધન રે જોબન ધૂળ થાશે, કંચન જેવી કાયા તે રાખમાં રોળાશે;
ટાઢા ઊના રે તુંને તાવ આવશે, ને વસમું થઈને વિતાશે,
દાતણ પાણી ને નાહ્યા વિના તારી, દેહ બધી ગંધાશે રે... આવું ૦૧

બોલવા ચાલવા નહિ દીએ પ્રાણી, તારી જીભલડી ઝલાશે;
શ્વાસ ચડશે ને આંખો ફરકશે, નાકની તે ડાંડી નમી જાશે રે... આવું ૦૨

વૈદ્ય તેડાવે એની નાડી જોવરાવે, કડવાં તે ઔષધ પાશે;
તૂટી એની બૂટી નહિ મળે એના, જીવની શી ગતિ થાશે રે... આવું ૦૩

એકબીજા વિના ઘડીએ ન ચાલે, તે તારી ત્રિયા તો રંડાશે;
જુગો રે જુગનું છેટું પડ્યું પ્રાણી તારા, નામની તે ચૂડીઓ ભંગાશે રે... આવું ૦૪

ખોખરી **દોણી**[૧]માં તારી આગ જ કાઢશે ને, **મસાણે**[૨] લાકડાં લેવાશે;
સઘળું કુટુંબ તને સળગાવી દઈ પછી, બારમાના કાગળો લખાશે રે... આવું ૦૫

દસ દિવસ તારું સૂતક પાળશે, ને દાઢી ને મૂછ મૂંડાશે;
સઘળું સૂતક તારું કાઢી નાખીને પછી, બારમાના લાડવા ખવાશે રે... આવું ૦૬

દયા ધર્મ ને ભક્તિ વિના તારું, સઘળું દ્રવ્ય લૂંટાશે;
દેવાનંદ કહે હરિ ભજ્યા વિના જમ, છોટા મોટાને લઈ જાશે રે... આવું ૦૭

● ૧. હાંલ્લી ● ૨. સ્મશાન

**૭૭૫** **પદ-૧ (રાગ : ખમાચ)**

ભજ્યો નહિ ભગવાન, મૂરખ જીવતા મર્યો... ટેક
પેટને અરથે પાપ કરતાં, દિલમાં ન ડર્યો;
પુણ્ય કર્યાનું પાડોશીને, ત્યાં આડો ફર્યો... ભજ્યો ૦૧

દુઃખ વેઠીને દામ કીધો, ખજાનો ભર્યો;
જમ જોરાવર લઈને ચાલ્યા, **વાવરવા**[૧] ન રહ્યો... ભજ્યો ૦૨

**કૂડ**[૨]ની માળા કોટમાં પહેરી, કૂડ ગુરુ કર્યો;
આહાર મૈથુન કરવા લાગ્યો, કોઈ ન તર્યો... ભજ્યો ૦૩

સહજાનંદજી ઓળખ્યા વિના, અંતર ના ઠર્યો;
દેવાનંદ કહે દિલમાં વસ્યા, **કારજ**[૩] શું સર્યો... ભજ્યો ૦૪

● ૧. વાપરવા ● ૨. કપટ ● ૩. જીવનનો હેતુ

**૭૭૬** **પદ-૨**

હરિ વિના હિતકારી, બીજું કોઈ તારું નથી... ટેક
પ્રભુ ભજ્યાનું સંતો મુક્તોએ, કહ્યું છે **કથી**[૧];
અક્કલહીણા આળસી બેઠો, પામર તું **પથી**[૨]... હરિ ૦૧

માતપિતા સુત નારી બાંધવ, નહિ તારા સાથી;
અંત સમે તો એકલા જાવું, કાં મરે મથી... હરિ ૦૨

સ્વારથિયો સંસાર તેમાં, રહ્યો લથબથી;
સંતપુરુષની સોબત વિના, શી થાશે ગતિ... હરિ ૦૩

અક્કલવંતા રાજ કરતાં, મૂઆ મહારથી;
દેવાનંદ કહે આપણે જાવું, કહ્યું ઠેઠથી... હરિ ૦૪

● ૧. વર્ણવી ● ૨. મુસાફર

૭૭૭ **પદ-૩**

માણસનો અવતાર મોંઘો, નહિ મળે ફરી... ટેક
માન મરડાઈ મોટપ મેલી, ભજી લો હરિ;
નહિ તો જાશો ચોરાશીમાં, જનમ બહુ ધરી... માણસ ૦૧

દુઃખ તણો દરિયાવ મોટો, નહિ શકો તરી;
શામળિયાને શરણે જાતાં, જાશો ઊગરી... માણસ ૦૨

નિર્લજ્જ તું નવરો ન રહ્યો, ઘર ધંધો કરી;
માયા માયા કરતો મૂરખ, ન બેઠો ઠરી... માણસ ૦૩

ચેતી લે ચિત્તમાં વિચારી, ચાલજે ડરી;
દેવાનંદનો નાથ ભજો, પ્રેમમાં ભરી... માણસ ૦૪

૭૭૮ **પદ-૪**

ભજી લે ભગવાન, સાચા સંતને મળી... ટેક
વચનમાં વિશ્વાસ રાખી, ભજનમાં ભળી;
પૂરવ કેરાં પાપ તારાં, તો જાશે બળી... ભજી ૦૧

ઓળખી લે અવિનાશી, રહેજે જ્ઞાનમાં ગળી;
રીઝશે રંગરેલ વાલો, અઢળક ઢળી... ભજી ૦૨

કાળ તો વિકરાળ વેરી, વીંખશે વળી;
કામ ને કુટુંબ તુંને, નાખશે દળી... ભજી ૦૩

સત્ય ત્યાં સુખ ધરમ રહે, કૂડ તહાં **કળી**[1];
દેવાનંદ કહે દુનિયા કેરી, અક્કલ આંધળી... ભજી ૦૪

● ૧. કળિયુગ

૭૭૯ **(રાગ : ઘુઘવડો)**

તમે ભાવે ભજી લ્યો ભગવાન, જીવન થોડું રહ્યું;
કંઈક આત્માનું કરી લ્યો કલ્યાણ, જીવન થોડું રહ્યું...ટેક

એણે દીધેલ કોલ તે ભૂલી ગયા, જૂઠી માયાના મોહમાં ઘેલા થયા;
ચેતો ચેતો શું ભૂલ્યા છો ભાન... જીવન ૦૧

બાળપણું જુવાનીમાં અરધું ગયું, નહિ ભક્તિ મારગમાં પગલું ભર્યું;
હવે બાકી છે તેમાં દ્યો ધ્યાન... જીવન ૦૨

પછી ગઢપણમાં ઘનશ્યામ ભજાશે નહિ, લોભ વૈભવ ધન તજાશે નહિ;
બનો આજથી પ્રભુમાં મસ્તાન... જીવન ૦૩

જરા ચેતીને ભક્તિનું ભાતું ભરો, કંઈક ડર તો પ્રભુજીનો દિલમાં ધરો;
છીએ થોડા દિવસના મે'માન... જીવન ૦૪

બધા આળસમાં દિવસો વીતી જશે, પછી ઓચિંતું યમનું તેડું થશે;
નહિ ચાલે તમારું તોફાન... જીવન ૦૫

એ જ કહેવું આ દાસનું દિલમાં ધરો, ચિત્ત રાખી ઘનશ્યામને સ્નેહે સ્મરો;
ઝાલો ઝાલો ભક્તિનું સુકાન... જીવન ૦૬

**૭૮૦ (રાગ : ધોળ)**

જન્મ્યા ત્યાંથી જરૂર જાણો, મરવાનું છે માથે જી;
આવ્યા ત્યારે શું લાવ્યા ને, શું લઈ જાવું સાથે જી... ૦૧

સવાર થાય ને સાંજ પડે છે, દિન ઉપર દિન જાયે જી;
આજ કાલ કરતાં આવરદા, જોને ઓછી થાયે જી... ૦૨

એક જન્મે ને એક મરે છે, સ્થિર નથી કોઈ ઠરવા જી;
મરી ગયા તે જન્મ ધરે, ને જન્મ ધરે તે મરવા જી... ૦૩

સંસાર સઘળો કાળ ચવાણું, કર્મ વશ નરનારી જી;
દાસ નારાયણ કહે છે ભાઈઓ, કર્મ કરો વિચારી જી... ૦૪

**૭૮૧ પદ-૨**

પ્રભાતે ફૂલડિયાં ફૂલે, સાંજે તે કરમાશે જી;
નિત્ય બાગમાં નવીન કળીઓ, ખીલીને ખરી જાશે જી... ૦૧

એ પ્રમાણે જગત જાય છે, જળની પેઠે વહેતું જી;
નાના મોટા નિત્ય મરે છે, અમર નથી કોઈ રહેતું જી... ૦૨

કુંભકરણ ને રાવણ સરખા, કાયા મૂકીને ચાલ્યા જી;
કળિયા છળિયા બળિયા ચાલ્યા, હાથ ઘસીને ઠાલા જી... ૦૩

સુરાસુર ને સુરપતિ ચંદ્ર, અવનિ તે પણ જાશે જી;
દાનવ ને માનવ મરવાના, કહ્યું છે નારણદાસે જી... ૦૪

**૭૮૨ પદ-૩**

ભવસાગરમાં ભક્તિ હરિની, ઊગરવાનો આરો જી;
એ વિના ઉપાધિ બીજી, વેઠ તરીકે ધારો જી... ૦૧

સ્વપ્નાંની સમૃદ્ધિ સર્વે, સ્વપ્નાં સાથે જાશે જી;
જાગ્યા પછી કાંઈ મળે નહિ, એકેય વસ્તુ પાસે જી... ૦૨

જન્મ્યા પહેલાં જગત નહોતું, મૂવા પાછળ નથી જી;
વચમાં વળગ્યું જુઠ્ઠાં જેવું, કવિ કહે છે કથી જી... ૦૩

માયાનો પ્રપંચ રચ્યો છે, ખેલ ખલકનો ખોટો જી;
દાસ નારાયણ હરિ ભજીને, લાભ કરી લ્યો મોટો જી... ૦૪

**૭૮૩** **પદ-૪**

કાયા કાચો કુંભ ધૂળનો, ધૂળ પલકમાં થાશે જી;
પાપ કર્યાં તે માથે લઈને, જીવ એકલો જાશે જી... ૦૧

લખચોરાશી ચાર ખાણમાં, જન્મ ઘણેરા લીધા જી;
માતપિતા ને ભાઈ દીકરા, સગાંસંબંધી કીધાં જી... ૦૨

તે તો તારે અંત વખતમાં, કોઈ કામ ન આવ્યું જી;
કોડી બદલે ગાફલ પ્રાણી, હરિ રતન ગુમાવ્યું જી... ૦૩

ક્ષણભંગુર આ દેહ ધર્યો તે, **ખેહ**[1] પલકમાં થાશે જી;
ભાવ ધરીને હરિ ભજી લ્યો, કહ્યું છે નારણદાસે જી... ૦૪

● ૧. નાશ

**૭૮૪** **પદ-૫**

શરીરના સંબંધી સર્વે, શરીર સાથે જાશે જી;
ઋણ સંબંધે ભેગાં થઈને, અંતે અળગાં થાશે જી... ૦૧

શ્રાવણ મહિનાની વાદળીઓ, વાયુથી વેરાયે જી;
એ પ્રમાણે સગાં **સહોદર**[1], થાયે ને વહી જાયે જી... ૦૨

ઝાકળનાં પાણી સરીખી, કાયા માયા જૂઠી જી;
વ્હાલાને વિસારી જાવું, એક પલકમાં ઊઠી જી... ૦૩

હરતાં ફરતાં ખાતાં પીતાં, કાળ વસે છે પાસે જી;
જ્યારે ત્યારે પકડી લેશે, કહ્યું છે નારણદાસે જી... ૦૪

● ૧. ભાઈભાંડુ

**૭૮૫** **પદ-૬**

કાદવ કેરાં કુંભ કોડિયાં, **કડૈયાં**[1] ને કોઠી જી;
છાલાં ને પિયાલાં રૂડાં, લોટા ને વળી લોટી જી... ૦૧

મહોલ માળિયાં ભાત ભાતનાં, મેડીઓ બનાવી જી;
ઘટ પટાદિક અનેક રચના, માટીની રચાવી જી... ૦૨

વસ્તુતાએ ધૂળ તણું તે, ધૂળ ભેગું થાશે જી;
કાચી કાયા જૂઠી માયા, જોતાં જોતાં જાશે જી... ૦૩

સત્વર થઈને હરિ ભજી લ્યો, જન્મારો વહી જાશે જી;
બળતામાંથી **બૂકી લેવું**[૨], કહ્યું છે નારણદાસે જી... ૦૪

● ૧. કડાઈ ● ૨. બચાવી લેવું

**૭૮૬** **પદ-૭**

નાશવંત આ દેહ વડેથી, અવિનાશી ફળ લેવું જી;
પત્રાવળાને જમી કરીને, બહાર ફેંકી દેવું જી... ૦૧

મનગમતું મૂકીને મનવા, હરિગમતામાં રહેવું જી;
દેહ ધર્યો તે સુખ દુઃખ આવે, તેને વેઠી લેવું જી... ૦૨

હરિજન ઉપર હેત કરીને, ભૂદરજીને ભજવા જી;
ભક્તિમાં જે વિઘ્ન કરે તે, વેરી જાણી તજવા જી... ૦૩

બીજાં સર્વે કામ બગાડી, મોક્ષ પંથ સુધારો જી;
દાસ નારાયણ હરિ ભજીને, સુફળ કરો જન્મારો જી... ૦૪

**૭૮૭** **પદ-૮**

જન્મ ધરીને શું શું કીધું, શું શું લીધું ભાતું જી;
વ્હાલમને વિસારી દીધા, કીધી બીજી વાતું જી... ૦૧

યમ ધર્મ તે લેખાં લેશે, કાઢી તારું ખાતું જી;
જોરાવર છે જમના દૂતો, તેની ખાશે લાતું જી... ૦૨

કડકડતી કડામાં નાખે, તેલ કરીને તાતું જી;
અભાગિયા તેં જાણી જોઈને, દુઃખ લીધું વેચાતું જી... ૦૩

હરિ ચરણનું શરણ છોડી, મન મેલ્યું અથડાતું જી;
દાસ નારાયણ કહે છે, હવે જમપુરીમાં જા તું જી... ૦૪

**૭૮૮** **પદ-૯**

પ્રગટ પુરુષોત્તમનો મહિમા, ધારો ને વિચારો જી;
અહો ! ધન્ય આ હરિ ભજ્યાનો, અવસર આવ્યો સારો જી... ૦૧
મંગળમૂર્તિ મોહનવરની, અંતરમાં ઉતારો જી;
જાણપણા રૂપ દરવાજે રહી, કામ ક્રોધને મારો જી... ૦૨
સમજીને સત્સંગી થઈએ, લાભ અલૌકિક લેવા જી;
હરિકથા ને કીર્તન કરીએ, સદાય સુખના મેવા જી... ૦૩
તન મન અંતર સ્વચ્છ કરીને, સાચા સેવક થઈએ જી;
દાસ નારાયણ હરિ ભજીને, હરિ સમીપે જઈએ જી.... ૦૪

•••

## લીલાચરિત્રનાં પદો

**૭૮૯** **(રાગ : પીલુ)**

લોજની વાવ ઉપર અવતારી, આવી બેઠા બટુક બ્રહ્મચારી... ટેક
નારી નગરની આવી જળ ભરવા, નેણે નીરખ્યા ત્યાં નવલ વિહારી... ૦૧
દુર્બળ દેહ દેખી દયા ઊપજી, નાથજી પ્રત્યે બોલી સહુ નારી... ૦૨
બટુક તમે કિયે દેશ વસો છો, કોણ પિતા કોણ માત તમારી... ૦૩
કેમ તજ્યું ઘરબાર કહોજી, રીસથી કે વૈરાગ્યે વિચારી... ૦૪
કોમળ કમળ સમાન તનુ છે, દેખી દયા ઊપજે ઉર ભારી... ૦૫
વિચર્યા હશો કેમ કરી મહાવનમાં, જેમાં વાઘ વરું ભયકારી... ૦૬
ભૂખડીમાં કોણ સુખડી દેતું, વિમળ કોણ પાતું હશે વારી... ૦૭
ઝડીઓ પડે વરસાદની જ્યારે, કોણ ધરતું હશે છત્ર સંભારી... ૦૮
આ તનને ઘટે શાલ દુશાલા, તે તમે વલ્કલ લીધાં છે ધારી... ૦૯
કંચન ઝારી ઘટે જળ પીવા, તે તમે કરમાં ધરી છે કઠારી... ૧૦
જે શિર ઉપર મુગટ શોભે, તે શિર પર જટા આપે વધારી... ૧૧
વાહન હાથી ઘોડા ઘટે છે, મોજડી પણ તમે મેલી વિસારી... ૧૨
વર્ણીજી વ્હાલા વિશેષ લાગો છો, જોઈ મૂર્તિ ઠરે વૃત્તિ અમારી... ૧૩
બોલો બોલો બાળા બ્રહ્મચારી, આપ તણી છબી વિશ્વથી ન્યારી... ૧૪
સંત છો કે મોટા જોગી છો જી, કે અક્ષરાતીત આવ્યા અવતારી... ૧૫
જે પિતામાત થકી તમે પ્રગટ્યા, ધન્ય ધન્ય તે જગમાં જયકારી... ૧૬
ચાલો બટુક તમે ભુવન અમારે, જુગતે રસોઈ જમાડીશું સારી... ૧૭
શોભા જોઈ તમારા શરીરની, કોટિક કામ તણી છબી હારી... ૧૮
શાલિગ્રામનો બટવો ગળામાં, કર જળમાળ ધરી અઘહારી... ૧૯
વિશ્વવિહારીલાલ અમારું, રક્ષણ કરજો સદા સુખકારી... ૨૦

**૭૯૦** **(રાગ : ગરબી)**

સ્નેહભર્યાં નયને નિહાળતા હો, વંદન આનંદ ઘનશ્યામને;
અમીમય દૃષ્ટિએ નિહાળતા હો, વંદન આનંદ ઘનશ્યામને... ટેક

છપૈયાપુરમાં વાલો આપે પ્રગટ થયા, ધર્મભક્તિને ઘેર આનંદ ઉત્સવ થયા;
સંતોને આનંદ ઉપજાવતા હો, વંદન આનંદ ઘનશ્યામને... સ્નેહ ૦૧

બાળ ચરિત્ર કરી આપે વન વિચર્યા, તીર્થોમાંહી ફરી જીવો પાવન કર્યા;
નીલકંઠ નામ ધરાવતા હો, વંદન આનંદ ઘનશ્યામને... સ્નેહ ૦૨

**વલ્કલ**[1] વસ્ત્ર ધરી **પુલહાશ્રમે**[2] રહ્યા, બ્રહ્મરૂપ તેજ ધરી મોટા જોગી થયા;
નિજ સ્વરૂપ સમજાવતા હો, વંદન આનંદ ઘનશ્યામને... સ્નેહ ૦૩

લોજપુર ધામ રહી સરજુદાસ કા'વિયા, સર્વોપરી જ્ઞાન કરી સંતોને રિઝાવિયા;
મુક્તાનંદ પ્રેમ થકી પૂજતા હો, વંદન આનંદ ઘનશ્યામને... સ્નેહ ૦૪

● ૧. વૃક્ષની છાલનાં વસ્ત્રો ● ૨. હિમાલયમાં આવેલ એક તીર્થસ્થાન

## ૭૯૧ (રાગ : ગરબી)

સ્વામિનારાયણ મહામંત્ર ગમે, અહોરાત દિવસ મારા દિલમાં રમે;
વ્હાલે છપૈયા ધામમાં પ્રગટ થઈ, વર્ણી વેષે હિમાચલે તપ કરી,
હરિએ લાખો મુનિઓની મુક્તિ કરી... સ્વામિનારાયણ ૦૧

વ્હાલે ગુરુ રામાનંદથી દીક્ષા લીધી, કચ્છ ગુજરાત સૌરાષ્ટ્રે લીલા કીધી;
પ્રભુએ ભક્તોની ભ્રાંતિ મિટાવી દીધી... સ્વામિનારાયણ ૦૨

વ્હાલે વચનામૃતમાં રહસ્ય ભર્યું, ધર્મ જ્ઞાન વૈરાગ્યનું પાત્ર ઠર્યું;
પરા ભક્તિ બતાવી કલ્યાણ કર્યું... સ્વામિનારાયણ ૦૩

વ્હાલે કૃપા કરી શિક્ષાપત્રી દીધી, એમાં ચારે પુરુષાર્થની સિદ્ધિ ચીંધી;
એ છે સર્વે સત્સંગીની નૌતમ નિધિ... સ્વામિનારાયણ ૦૪

વ્હાલા પ્રત્યક્ષ સત્સંગમાં વિચરો, માધવતીર્થની પ્રાર્થના ઉરમાં ધરો;
શ્રીજી દર્શન દઈને પાવન કરો... સ્વામિનારાયણ ૦૫

## ૭૯૨ (રાગ : ચલતી)

વ્હાલા સંતો... વ્હાલા ભક્તો... કહી પ્રથમ સભા સંબોધી;
એકાગ્ર ચિત્તે ધરજો હૈયે, જે વાત અમે તો નોંધી... ૦૧

કોઈ ભગવાં પીળાં ધોળાં વસ્ત્રો, મન ફાવે તે ધારે;
કોઈ ટોપી લુંગી કૌપીન રાખે, ઠીક લાગે તે વિચારે... ૦૨

કોઈ આડી ઊભી અર્ચા ધારે, કોઈ ભાલે રાખ લગાવે;
કોઈ એક-બે કે વધુ ચાંદલા, કરી સુખ મનાવે... ૦૩

એક સંપ્રદાય એક જ ગુરુ, એક ઈષ્ટ જ્યાં હોય;
ત્યાં સમાન વેશ ને સમાન ચિહ્ન, જરૂર હોવા જોય... ૦૪

ભજન-સ્મરણ ને ધ્યાન જુદાં તે, ઉપાસના જુદી કહેવાય;
એકસૂત્રતા ને એક જ નિષ્ઠા, એ સત્સંગની શોભાય... ૦૫

સર્વોપરી એ નામ આજે, કરું છું હું પ્રકાશ;
ભજન-સ્મરણ ને રટણ કરજો, હવેથી એ નામે દાસ... ૦૬

### ૭૯૩ (દોહા)

કહો... કહો... હરિ જલ્દી કહો, કયું પ્રૌઢ પ્રતાપી એ નામ;
વાર ન કરો હે સ્વયં હરિ, કહો કૃપા કરી સુખધામ... ૦૧

બળ્યા જળ્યા જીવ સંસારના, વળી મોક્ષ ભાગી જો કોય;
આપો હરિ મહામંત્ર એ, જેથી સુખ સુખ સુખ હોય... ૦૨

### ૭૯૪ (દોહા)

લોજપુરમાં આવ્યા હરિ, સ્વામી મુક્તાનંદ પાસે;
ધર્મ જ્ઞાન વૈરાગ્ય ભક્તિ સૌ, ધર્મ-નિયમ ત્યાં ભાસે... ૦૧

સાત્ત્વિક જીવન સૌ સંતોનાં, જોઈ રોકાયા વર્ણી;
રામાનંદ સ્વામીને મળવા, આતુરતા છે ઘણી... ૦૨

સર્વોપરી સંકલ્પોને, સાકાર કરવા આવ્યા;
ધર્મ-નિયમ ને ઉપાસના તો, અક્ષરધામથી લાવ્યા... ૦૩

તે સંકલ્પો પૂરા કરવા, પ્રારંભ અહીંથી કીધો;
નિષ્કામ ધર્મની શુદ્ધિ માટે, ઉપદેશ રૂડો દીધો... ૦૪

બાઈ ભાઈની સભા અલગ તે, પ્રથમ શરૂ કરાવી;
છિદ્ર ધર્મમાં આ તો કહીને, દીધો ગોખ પુરાવી... ૦૫

સાધુ જન તો રક્ષક સૌના, તેમાં પોલ ન હાલે;
અષ્ટ પ્રકારે બ્રહ્મચર્ય કેરી, રીતિ ચલાવી વ્હાલે... ૦૬

સેવક ધર્મ બહુ પ્રિય હરિને, તે પણ વર્તી બતાવ્યો;
દિવ્યભાવ ને મહિમા સમજી, સેવામાં આનંદ આવ્યો... ૦૭

વાહ દયાળુ ! વાહ કૃપાળુ, ભર્યું પાણી ને છાણાં પણ બહુ થાપ્યાં;
ઝોળી માંગી દળણાં કીધાં, બનાવી રોટલા આપ્યા... ૦૮

એમ કરતા દસ દસ માસ, વીતી ગયા છે ખાસ;
તત્પર થઈને લખ્યો પત્ર, પહોંચવા ગુરુ પાસ... ૦૯

મુક્તાનંદ સ્વામીએ લખિયો, કાગળ બીજો સાથે;
ભટ્ટ મયારામ ગયા લઈને, ભૂજ સ્વામી રામાનંદ પાસે... ૧૦

**(રાગ : ચોપાઈ)**

મયારામ ભટ્ટે તેહ ઠામ, આપ્યા પત્ર કરીને પ્રણામ;
મુખે સર્વે કહ્યા સમાચાર, કહ્યું વર્ણીનું વૃત્તાંત સાર.

રામાનંદને તે પત્ર ભાવ્યા, ચાંપી છાતી ને શીશ ચડાવ્યા;
મુક્તાનંદે લખ્યો પત્ર જેહ, વાંચ્યો પ્રથમ ઉખાળીને તેહ.

પત્ર વાંચીને બોલિયા વળી, હવે ચિંતા અમારે તો ટળી;
બાંધ્યા સદાવ્રતો જેને માટ, જેની જોતા હતા અમે વાટ.

આવ્યા તે સત્સંગના ધણી, આજ ધન્ય ઘડી અમે ગણી;
ડુગડુગી વગાડી છે અમે, ખરો ખેલ ભજવશે આ સમે.

**(રાગ : ચોપાઈ)**

પછી ઉખેળ્યો વર્ણીનો પત્ર, થયું અચરજ અદ્‌ભુત તત્ર;
પત્રમાંથી પ્રગટ્યો પ્રકાશ, વ્યાપ્યો તે તો પાતાળ આકાશ.

**(દોહા)**

તેજ તેજ તો ઝળહળે, જેના દિવ્ય હસ્તાક્ષરમાંહી,
કેવી સામર્થી હશે પ્રભુની, એ સમજી શકો છો ભાઈ.

૭૯૫ **(રાગ : ચોપાઈ)**

જન સર્વેને થઈ ત્યાં સમાધિ, વીસરી ગઈ તનની ઉપાધિ;
અવલોકિયું અક્ષરધામ, દીઠી ત્યાં મૂરતિ ઘનશ્યામ.

કોટિ મુક્ત મળી સ્તુતિ કરે, કોટિ અવતારો આગન્યા ધરે;
પછી જાગ્યા સમાધિથી જ્યારે, અતિ અચરજ પામિયા ત્યારે.

રામાનંદને પૂછી તે વાત, ત્યારે બોલ્યા ગુરુ સાક્ષાત્;
દીઠી ધામમાં મૂરતિ જેહ, એ તો આવ્યા છે વર્ણીન્દ્ર તેહ.

હું છું તેમનો મુક્ત આ વાર, એ છે અનંત બ્રહ્માંડ આધાર;
એના પદનું ધ્યાન ધરું છું, એનું સુખ હું નિત્ય લઉં છું.

## ૭૯૬ (રાગ : ચલતી)

પ્રથમ મેળાપ પીપલાણામાં, સ્વામી રામાનંદ સાથે;
કારતક સુદ એકાદશીએ, દીક્ષા ગ્રહી ગુરુ હાથે.

આનંદ પમાડતા સહેજે સૌને, જેથી સહજાનંદ;
નારાયણમુનિ નામ જ આપ્યું, સૌને છે આનંદ.

જેતપુરે જઈ ગાદી સોંપી, પટ્ટાભિષેક કીધો;
ગુરુમુખે અતિ મહિમા સુણી, લ્હાવ અલૌકિક લીધો.

સેવક અમો પણ સહજાનંદના, વાત સુણી લ્યો ધારી;
સર્વોપરી ને એક જ મૂર્તિ, સૌ અવતારના અવતારી.

અનંત થયા ને અનંત થશે પણ, એના જેવા નહિ કોય;
આજ્ઞામાં રહીને ભજન કરજો, સુખી થવું જો હોય.

તત્પર હરિને રસ્તો દેવા, ગયા ફણેણી ગામ;
ભલામણ સૌને ભલી કરીને, ગુરુ સિધાવ્યા ધામ.

## ૭૯૭ (પદ : સખિ રિ ઘનશ્યામ ઘોડલા)

સખિ રિ ! ઘનશ્યામ ઘોડલા ખેલાવે, કરી અસવારી આવે...ટેક
ઘોડલે કી ઘમ્મરને ઘેર લિયો હૈ, શ્યામ સભન કું શોભાવે...સખિ ૦૧
વીણા તાલ બજાયકે આગે, બંદિયો તવ જશ ગાવે...સખિ ૦૨
ફરકે નિશાનને જ્યાં બજે નગારા, દેખી સબ શિર નમાવે...સખિ ૦૩
અસવારી અદ્ભુત કે ઉપર, ભૂમાનંદ બલ જાવે...સખિ ૦૪

## ૭૯૮ (પદ : નાથના નેણમાં, વાલાના વેણમાં)

નાથના નેણમાં, વાલાના વેણમાં, શ્રીજીના **કેણમાં**[૧];
મનડું વેંધાણું છે મારું રે... નાથ
ભરવાને પાણી, જાતી'તી હું જાણી, લાલમાં લોભાણી... ૦૧
હસીને બોલાવી, મુને લલચાવી, ઊભા પાસે આવી... ૦૨
આંખ્યું જાદુગારી, પ્રેમની પટારી, વાલાની કટારી... ૦૩
દેવાનંદ ભાળી, વાલો વનમાળી, મૂર્તિ રૂપાળી... ૦૪

• ૧. વચનમાં

## ૭૯૯ (રાગ : ઘમ્મ રે ઘમ્મરિયા લાલ)

ધન્ય રે ધરમના લાલ, ધન્ય રે ધરમના લાલ;
એ... માત તારી પ્રેમવતીને, દિવ્ય ગતિ દેનારા રે,
એ... ડગલે પગલે આશ્રિત જનની, રક્ષાને કરનારા રે ... ટેક

પૃથ્વીમાં અવતાર ધર્યો છે, જીવોને કરવા ભવપાર(૨);
અક્ષરધામનું બાર ઉઘાડી, બંધ કીધાં બીજાં સૌ દ્વાર(૨),
એ... દિન દિન પ્રત્યે સત્સંગ કેરી, વૃદ્ધિને કરનારા રે ... ધન્ય રે૦૧

પૂર્વેના અવતારો કોઈએ, કે’દી કર્યાં નહિ એવાં કાજ(૨);
ઐશ્વર્ય પરચા સ્હેજે બતાવ્યાં, એવા સર્વોપરી મહારાજ(૨),
એ... શ્યામ ઉજ્જવલ સત્સંગ કેરાં, મૂળ ઊંડાં નાખનારા રે ... ધન્ય રે ૦૨

મૂળ માયાથી જીવ ઉગાર્યા, ઉદ્ધાર્યાં અગણિત નરનાર(૨);
કૃપાથી જીવને મુક્ત કરીને, રાખ્યા છે મૂર્તિ મોઝાર(૨),
એ... નાથ ! તારા દાસાનુદાસને, સુખ સદા આપનારા રે ... ધન્ય રે ૦૩

## ૮૦૦ (રાગ : ગરબી)

રાજે ગઢપુર મહારાજ (૨), પૂરણબ્રહ્મ પરમાત્મા જો;
આવ્યા ગરીબ નિવાજ(૨), એ તો અનંતના આત્મા જો... ૦૧

છાયો પ્રબળ પ્રતાપ(૨), કહ્યો નવ જાય રસના જો;
કીધો અધર્મ ઉથાપ(૨), વાગ્યા ડંકા અતિ જશના જો... ૦૨

માર્યા અસુર અપાર(૨), કામ ક્રોધાદિક વાંકડા જો;
સુર અસુર નરનાર(૨), જેને આગે સૌ રાંકડા જો... ૦૩

મત પંથને માથે મેખ(૨), મારી લીધા જન છોડવી જો;
મૂંડ્યા કંઈક ગુરુ ભેખ(૨), પાડ્યા મહંત ને **ગોડવી**[1] જો... ૦૪

આપી પરચા અનુપ(૨), માયિક મતને ઉખાડિયા જો;
જીવ માયા બ્રહ્મરૂપ(૨), **જથારથ**[2] તે દેખાડિયા જો... ૦૫

સમાધિમાં સહુ ધામ(૨), દેખાડ્યાં નરનારને જો;
એવા સહજાનંદ શ્યામ(૨), પ્રગટ્યા પ્રેમાનંદ કારણે જો... ૦૬

● ૧. ગાદીપતિઓ ● ૨. યથાર્થ

**૮૦૧ (રાગ : માઢ)**

માણકીએ ચડ્યા રે મોહન વનમાળી,
શોભે રૂડી કરમાં લગામ રૂપાળી ... ટેક

**માણીગર**[૧] સૌને કહે છે થાઓ ત્યાર, મુનિ વર્ણી **પદાતી**[૨] ને અસવાર;
**વ્રતપુરી**[૩] જાવા કર્યો નિરધાર ... માણકીએ ૦૧

**કેસર**[૪] **બેરી**[૫] **બોદલી**[૬] ને **ફૂલમાળ**[૭], **તાજણ**[૮] તીખી **વાગળી**[૯]નો ઘણો તાળ;
શોભેઘણાવા'લાલાગેછે**મરાળ**[૧૦]... માણકીએ ૦૨

પ્રેમી ભક્ત વિનંતી કરે દોડી દોડી, લોહચુંબક તુલ્ય વૃત્તિ મૂરતિમાં જોડી;
નથી જાતી દરબારમાંથી ઘોડી ... માણકીએ ૦૩

આજ્ઞા આપો અમે જઈએ વ્રતપુરી, જાઓ પ્રભુ હરિનવમી નથી દૂરી;
સેવકદાસ પ્રેમાનંદ હજૂરી ... માણકીએ ૦૪

● ૧. રસિક (શ્રીજીમહારાજ) ● ૨. પગપાળા ચાલનાર ● ૩. વડતાલ ● **૪થી** ૯ ઘોડીની જાત ● **૧૦.** પરમહંસો, સંતો

**૮૦૨ (રાગ : પરજ ખમાચી)**

વાતલડી રહોને રાતલડી, વા'લા પૂછું એક વાતલડી;
પીતાંબર સાટે મારા પ્રીતમ, સાડી લાવ્યા નવી ભાતલડી... વાલા ૦૧
છડી લઈને મનમોહન, દીધું વેલણ કોણે દાતલડી... વાલા ૦૨
જેને ઘેર રજની તમે જાગ્યા, કોણ હતી તેની જાતલડી... વાલા ૦૩
બ્રહ્માનંદ કહે સંશય થયો નહિ, ધન્ય છે તમારી છાતલડી... વાલા ૦૪

**૮૦૩ (રાગ : ગરબી)**

આજ કળિયુગમાં પરચા પૂરે પ્રભુજી, સ્વામિનારાયણ સત્ય છે;
પ્રેમી ભક્તોની હામું પૂરે પ્રભુજી, સ્વામિનારાયણ સત્ય છે... ટેક

જામનગર એ જાત્રાનું ધામ છે, સ્વામી મંદિરમાં શ્રી ઘનશ્યામ છે;
દીધો પરચો પોષ સુદિ એકાદશી પ્રભુજી, સ્વામિનારાયણ... આજ ૦૧

વિપ્ર કન્યા ઝવેરબાઈ નામ છે, કચ્છ પિયર ને સાસરું આ ગામ છે;
ભાવે ભજતી એકલડી નિત્ય પ્રભુજી, સ્વામિનારાયણ... આજ ૦૨

પૂર્વ કર્મ મટે કેમ ભાવિ, થયો ઝામર ને આંખે ખોટ આવી;
થાય પીડા અંગોઅંગ સહાય કરજો પ્રભુજી, સ્વામિનારાયણ... આજ ૦૩

વૈદ્ય ડૉક્ટરોને આંખડી બતાવી, સહુએ ઑપરેશન કરવા સમજાવી;
**છેડાવ્રત**[1] આજ છૂટે લાજ રાખો પ્રભુજી, સ્વામિનારાયણ... આજ ૦૪

દર્શન એકાદશીને દિન દીધું, વ્હાલે **વનિતા**[2]નું રૂપ ધરી લીધું;
ફર્યા પ્રદક્ષિણા પ્રેમી ભક્ત સાથે પ્રભુજી, સ્વામિનારાયણ... આજ ૦૫

હરિએ નાખ્યું ટીપું નિજ હાથે, મહા અમૃતમય હાથ મૂકી માથે;
દુઃખ કાપ્યું સુખ આપ્યું દીનાનાથે પ્રભુજી, સ્વામિનારાયણ... આજ ૦૬

**પ્રેમદાની**[3] પીડા સર્વે ટાળી, થયા વનિતા રૂપે વનમાળી;
થયા **ભેચક**[4] વૈદ્યો આંખ ભાળી પ્રભુજી, સ્વામિનારાયણ... આજ ૦૭

મૂર્ખ લોકો આ વાત નહિ માને, જુઓ આંખે જઈ સાંભળો શું કાને;
ખરી ખાતરી કરી છે માવદાને પ્રભુજી, સ્વામિનારાયણ... આજ ૦૮

● ૧. પુરુષનો સ્પર્શ ન કરવો એવું વ્રત ● ૨. નારી ● ૩. નારીની (ઝવેરબાઈની) ● ૪.આશ્ચર્યચકિત

### ૮૦૪　　(રાગ : નગરી નગરી દ્વારે દ્વારે)

ડગલે પગલે શ્વાસો શ્વાસે સમરે શ્રીહરિજી;
　　સ્વામિનારાયણ (૨) મંત્ર રટે મુખે શ્રીજી... ટેક

એ ભક્તે અર્પ્યું છે પ્રભુજી, તન મન ધન તો આપને (૨);
ચિંતા તેની દૂર કરીને, ટાળો તેના તાપને (૨),
મહેર કરી પ્રીતમજી થાઓ, હવે તો ખૂબ રાજી જી... ડગલે ૦૧

નિર્દોષ નિર્ગુણ ભક્તે કીધું, રાજી કરવા કાજને (૨);
ખબર નહિ એને તો પ્રભુજી, ખેંચશે આટલા સાજને (૨),
બિરદ જાણીને વ્હાલા, સુધારી લ્યો બાજી જી... ડગલે ૦૨

રસોઈ જો ખૂટશે તો પ્રભુજી, જશે તમારી લાજ રે (૨);
હું પણ ભક્તની પેઠે કહું છું, આ છે તમારું કાજ રે (૨),
પૂરું કરીને પરચો આપવા, કે' દાસાનુદાસ ગાજી જી... ડગલે ૦૩

### (દોહા)

જેહ અર્થે ધણી આવિયા, એ શરૂ કરી દીધું કામ;
શુદ્ધિ અને ઉપાસનાનું, સૌને કરાવ્યું છે ભાન.

માગશર વદિ એકાદશીનો, શુભ દિન મંગલકારી;
આવી ગયો એ અવસર આજે, તેનો મહિમા લ્યો વિચારી.

●●●

# ઉત્સવનાં પદો

## ઓચ્છવનાં પદો

### ૮૦૫ પદ-૧ (રાગ : કાફી)

આજ મેં તો ભેટ્યા રે, **અંકભર**[1] પ્રગટ હરિ;
આનંદ ઉદિયો રે, નીરખી નજર ઠરી... ટેક

ધન્ય સખી દિન આજનો, વળી ધન્ય મહુરત ધન્ય વાર;
કરુણાનિધિ મુજ કારણે, મારે મંદિર પધાર્યા મોરાર,
દુર્બળ જાણી રે, મુજ પર મહેર કરી... આજ ૦૧

સ્વ ઈચ્છાથી આવ્યા ચાલીને, **આગુની**[2] ઓળખાણ;
તન મન ધન મોહન છબી ઉપર, કરી નાખું કુરબાણ,
અઢળક ઢળિયા રે, સખી મુને **અભર**[3] ભરી... આજ ૦૨

હું સૂતી'તી ભર નિદ્રામાં, જગવી શ્યામ જરૂર;
ભેટંતાં અંતરથી ભાગ્યું, મોહ માયાનું પૂર,
અખિયાં ઊઘડી રે, થઈ છે ખબર ખરી... આજ ૦૩

સુંદર શ્યામ મનોહર **સૂરત**[4], મૂરતિ બેઉ સમાન;
બ્રહ્માનંદ થઈ છું રસબસ, દેખંતાં ગુલતાન,
શંકા મેટી રે, હું તો વર અમર વરી... આજ ૦૪

• ૧. બાથમાં લઈને • ૨. પહેલાંની • ૩. ખાલીને • ૪. મુખારવિંદ

### ૮૦૬ પદ-૨

હરિજન સંગે રે, શ્રીહરિ તરત મળે,
આનંદ વાધે રે, ભ્રાંતિ સર્વે ટળે... ટેક

અષ્ટસિદ્ધિ નવનિધિ આદિ સબ, ચૌદ લોક સુખ સોય;
**આરત**[1] જનને આ ભવમાંહી, સંત સમો નહિ કોય,
આતુર જાણી રે, હરિજન અઢળ ઢળે... હરિજન ૦૧

કલ્પતરુ પારસ ચિંતામણિ, ઉપમા સબ **અલપાન**[2];
વે **પ્રાપત**[3] વિષયા દુઃખદાયક, વે કરે આપ સમાન,
જેને સંગે રે, દિવ્ય સુખ માંહ્ય ભળે... હરિજન ૦૨

કાયા ક્લેશ કરતાં કે'દી, નવ ટળે ભવ પાશ;
આ ભવસાગર પાર ઉતારે, હરિ કે હરિ કો દાસ,
સંત સમાગમ રે, જાયે ત્રિય તાપ ટળે... હરિજન ૦૩

માયાનો જન તો જ મટે, જો હરિજન શરણે જાય;
બ્રહ્માનંદ કહે વાર ન લાગે, તરત જીવ મુક્ત થાય,
મહાપદ પામી રે, પાછો કે'દી ન વળે... હરિજન ૦૪

● ૧. દુ:ખી ● ૨. અલ્પ ● ૩. પ્રાપ્ત કરે

**૮૦૭　　પદ-૩**

મોટો મહિમા રે, જગમાં હરિજનનો;
મોહ નિવારે રે, દુષ્કર આ મનનો... ટેક

અગમ અગાધ સ્વરૂપ અગોચર, વદત નેતિ કરી વેદ;
પ્રગટ પ્રમાણ હરિ પુરુષોત્તમ, સાધુ જાનત ભેદ,
**વેરો**[1] ભાંગે રે, મનકૃત ભિન્ન ભિન્નનો... મોટો ૦૧

સાધે પ્રાણ સમાધિ ચડાવે, આસન દૃઢ એકાંત;
મનની ભ્રમણા તબ મિટે, જબ ભેદ બતાવે સંત,
તેને સંગે રે, અધ્યાસ ટળે તનનો... મોટો ૦૨

અડસઠ તીરથ ફરી આવે, દેત વિધિવત્ દાન;
સત્સંગ બિન સમજે નહિ, કોઈ સાચી વાત નિદાન,
સંશય ભાંગે રે, અંતર પાપ પુણ્યનો... મોટો ૦૩

શ્રુતિ સ્મૃતિ સબ હી મિલ ગાવત, સંત સમાગમ સાર;
ભવસાગર તરવાને કારણ, નાવ રચ્યો **કિરતાર**[2],
બ્રહ્માનંદ શરણો રે, ન તજીએ સંત જનનો... મોટો ૦૪

● ૧. સંશય ● ૨. સર્જનહાર

## અભિષેકનાં પદો

**૮૦૮　　(રાગ : સરયૂ જળમાં કેસર ઘોળી)**

દિવ્ય અભિષેક ઉત્સવ આજે, સ્નાન કરે ઘનશ્યામજી;
સંતો-ભક્તો લાડ લડાવી, રીઝવે શ્રી ઘનશ્યામજી... ટેક

શ્વેત મનોહર મૂર્તિ ઉપરે, નિર્મળ જળ ઢોળાય રે;
વારંવાર અભિષેક કરીને, સહેજે લ્હાવો લેવાય રે... ૦૧

નિર્મળ જળમાં કેસર ઘોળી, સ્નાન કરાવું ઘનશ્યામ રે;
હલકે હાથે અંગો ચોળી, લાડ લડાવું ઘનશ્યામ રે... ૦૨

કેસર સુગંધના છૂટે ફુવારા, કેસરિયો રંગ સોહાય રે;
પીળા કેસરિયા રંગના જળથી, સ્નાન કરાવું ઘનશ્યામજી... ૦૩

ચંદન ઘોળી સ્નાન કરાવું, બિરાજો તેજની માંય રે;
તેજ તેજના છૂટે ફુવારા, ચંદન સુવાસ ફેલાય રે... ૦૪

ગુલાબ જળથી સ્નાન કરાવું, કૃપાવર્ષા થાય રે;
ગુલાબી ગાલ ને હોઠ ગુલાબી, મંદ મંદ સ્મિત રેલાય રે... ૦૫

પંચામૃતથી સ્નાન કરાવું, સુખસાગર મલકાય રે;
ઘૃત મધ દૂધ મહીં સાકર નાખી, રસની રેલ રેલાય રે... ૦૬

દિવ્ય **પયથી**[1] સ્નાન કરાવું, તેજોમય મહારાજ રે;
હેતે ઢોળું દૂધ વ્હાલા પર, ચોખ્ખા થાવા કાજ રે... ૦૭

દિવ્ય અભિષેક લાભ લઈને, વારંવાર પડું પાય રે;
મૂર્તિસુખમાં લેલીન કરજો, ભેળા મળી સહુ ગાય રે... ૦૮

● ૧. દૂધથી

## ૮૦૯ (રાગ : અમદાવાદ જાવું કે વડતાલ જાવું)

**ગોધર** ગામ જાવું અભિષેક કરવા જાવું,
મહિમા સમજે તે સર્વેને સુખનું દ્વાર બતાવું... ટેક

**ગોધર** મોટું આ તીરથ ધામ છે;
શ્રીજી બાપા સદ્‌ગુરુઓ મહાન છે,
કોઈ દર્શન કરે, કોઈ કંઠી પહેરે, પાકી નિષ્ઠા કરે... ગોધર ૦૧

આશિષ આપ્યા છે બાપજીએ મોટા;
તેના જગમાં નહિ ક્યાંય જોટા,
કોઈ દુખિયો આવે, મૂંઝવણવાળો આવે, અભિષેક કરાવે... ગોધર ૦૨

પરચા અનેક આપ્યા ને આપે છે;
ઘનશ્યામ પ્રભુ સુખિયા સૌને કરે છે,
કરવા આવો અભિષેક, રાખો વિશ્વાસથી ટેક, થાય કાર્ય અનેક... ગોધર ૦૩

દયા કરીને દર્શન દે શ્રીહરિ;
અભિષેકનો લાભ દે મન ભરી,
દેશો દેશથી આવે, સૌને ખેંચી લાવે, સ્હેજે સ્હેજે ફાવે... ગોધર ૦૪

(**ગોધર**ના બદલે જે તે સેન્ટરનું નામ ગાવું.)

# શ્રીહરિ પ્રાગટ્યોત્સવનાં પદો

## ૮૧૦ આનંદોત્સવ - પ્રતિષ્ઠાની / પ્રાગટ્યની છડી

ધર્મ ઘેર આનંદ ભયો... જય બોલો ઘનશ્યામ કી... ૦૧
હાથી ઘોડા પાલખી... જય બોલો ઘનશ્યામ કી... ૦૨
સર્વોપરી શ્યામજી... જય બોલો ઘનશ્યામ કી... ૦૩
પ્રગટ્યા પૂરણકામજી... જય બોલો ઘનશ્યામ કી... ૦૪
આનંદ કિલ્લોલ ભયો... જય બોલો ઘનશ્યામ કી... ૦૫
**વાસણા**માં આનંદ ભયો... જય બોલો ઘનશ્યામ કી... ૦૬
નાચો નાચો ખૂબ નાચો... જય બોલો ઘનશ્યામ કી... ૦૭
દેહભાવ ભૂલી નાચો... જય બોલો ઘનશ્યામ કી... ૦૮
રાજી કરવા માટે નાચો... જય બોલો ઘનશ્યામ કી... ૦૯
નાનામોટા સહુ કોઈ નાચો... જય બોલો ઘનશ્યામ કી... ૧૦
ના નાચે એ નાત બહાર... જય બોલો ઘનશ્યામ કી... ૧૧
મૂર્તિસુખમાં રસબસ થઈને... જય બોલો ઘનશ્યામ કી... ૧૨
મળ્યો કારણ સત્સંગ આજે... જય બોલો ઘનશ્યામ કી... ૧૩
સર્વોપરી નિષ્ઠા કાજે... જય બોલો ઘનશ્યામ કી... ૧૪
સિદ્ધાંત પ્રચાર કરવા કાજે... જય બોલો ઘનશ્યામ કી... ૧૫
કારણ સત્સંગ વિશ્વવ્યાપી... જય બોલો ઘનશ્યામ કી... ૧૬
શ્રીજી રાજી કરવા કાજે... જય બોલો ઘનશ્યામ કી... ૧૭
બાપા રાજી કરવા કાજે... જય બોલો ઘનશ્યામ કી... ૧૮
બાપજી રાજી કરવા કાજે... જય બોલો ઘનશ્યામ કી... ૧૯
વ્હાલા **SMVS** કાજે... જય બોલો ઘનશ્યામ કી... ૨૦

(**વાસણા** અથવા જે તે સેન્ટરનું નામ બોલવું.)

## ૮૧૧ શ્રીહરિ પ્રાગટ્ય છડી-૧

### (રાગ : ખમ્મા રે ખમ્મા બાપા)

ખમ્મા રે ખમ્મા... ખમ્મા રે ખમ્મા, ખમ્મા રે ખમ્મા ઘનુ આજ તમોને ખમ્મા(૨)
ખમ્મા રે ખમ્મા... ખમ્મા રે ખમ્મા, ધર્મપિતાના પુત્ર તમોને ઘણી ખમ્મા
ખમ્મા રે ખમ્મા... ખમ્મા રે ખમ્મા... ટેક

ભક્તિમાના લાડકવાયા, આશ્રિતજનના પ્રીતમ પ્યારા;
મમ ગુરુના પ્રાણપ્યારા, ક્ષર-અક્ષરથી ન્યારા,
એવા ઘનુ આજ તમોને ખમ્મા, ખમ્મા રે ખમ્મા... ખમ્મા રે ખમ્મા...૦૧

સોના કેરો મુગટ ધારી, હાર પણ સોનેરી ધારી;
હૃષ્ટપુષ્ટ મૂર્તિ શોભે સારી, સુખડાં છે અતિ ભારી ભારી,
એવા ઘનુ આજ તમોને ખમ્મા, ખમ્મા રે ખમ્મા... ખમ્મા રે ખમ્મા...૦૨

સુંદર છડી કર ધારી, તેજોમય મૂર્તિ પ્યારી;
સૌના છો તમે હિતકારી, જીવોના છો સુખકારી,
એવા ઘનુ આજ તમોને ખમ્મા, ખમ્મા રે ખમ્મા... ખમ્મા રે ખમ્મા...૦૩

ઝૂલે હો ઝૂલનહાર, મૂર્તિસુખ આપનાર;
સેવક દાસને ન્યાલ કરનાર, પ્રેમીજનોને સુખિયા કરનાર,
એવા ઘનુ આજ તમોને ખમ્મા, ખમ્મા રે ખમ્મા... ખમ્મા રે ખમ્મા...૦૪

## ૮૧૨ શ્રીહરિ પ્રાગટ્ય છડી-૨

ખમ્મા રે ખમ્મા, ખમ્મા રે ખમ્મા, વ્હાલા ઘનશ્યામ;
તમને ઘણી ખમ્મા, તમને ઘણી ખમ્મા... ટેક

વ્હાલા તમારું મુખડું કેવું, ચિત્ત ચોરી રહ્યું છે;
મરક મરક ને ખડખડ ખડખડ, કેવું હસી રહ્યું છે,
ગોળ મજાના ટામેટાં જેવા, ગાલે ખાડા પડે છે;
તેડી લઈને છાતીએ ચાપું (૨), વ્હાલા તમને ખમ્મા ખમ્મા...ખમ્મા રે ૦૧

પારણિયે પોઢ્યા છો પ્રભુજી, કિલકિલાટ ગમે છે તમને;
હાથ-ચરણના લટકાં કરીને, બોલાવો છો અમને,
ક્યાંક રડો છો ખૂબ હસો છો, હસાવો છો સૌને;
મીઠડાં લઈને ચુંબન કરું(૨), વ્હાલા તમને ખમ્મા ખમ્મા... ખમ્મા રે ૦૨
તેજ તેજ તો ઝળહળે, બાળપ્રભુ ઘનશ્યામની માંય;
મૂર્તિમાં રાખી સુખિયા કરે, ન્યાલ કરે સુખદાય,
નાના રૂપાળા હસ્ત કમળે, સૌને પકડી લ્યો છો;
પકડ્યા છે તો છોડતા નહિ, અતિ દયાળુ તમે છો,
ખોળામાં લઈને વ્હાલ કરું(૨), વ્હાલા તમને ખમ્મા ખમ્મા... ખમ્મા રે ૦૩

છાતી ઉપર ને બંને કાખે, ગલીપચી કરી હસાવું;
હંઅઅઅ... હાહા... હંઅઅઅ... હાહા... ઊંચા નીચા કરી નચાવું,

એહું થાય તો ભલે થાય પેટ, મોટો ફૈડકો કરી ફડકાવું;
આનંદ કરાવી, લાડ લડાવું(૨), વ્હાલા તમને ખમ્મા ખમ્મા... ખમ્મા રે ૦૪

નાના નાના બાળ લાગો પણ, છો અવતારના અવતારી;
સનાતન ને સર્વોપરી છો, સૌના માબાપ હિતકારી,
પોતાના કરીને મૂર્તિમાં રાખો, મારા ઘનશ્યામ તમે સુખકારી;
કેડે બેસાડી ફર્યા કરું હું(૨), વ્હાલા તમને ખમ્મા ખમ્મા...ખમ્મા રે ૦૫

તેજ તેજના અંબાર ઘણા પણ, બધું ઢાંકી રહ્યા છો;
પરભાવનું દિવ્ય સ્વરૂપ છો છતાં, અવરભાવે શોભી રહ્યા છો,
પોતા જેવા કરવા કાજે, અમ જેવા દેખાઈ રહ્યા છો;
હેતે ઝુલાવું હાં... હાં... કરીને(૨), વ્હાલા તમને ખમ્મા ખમ્મા... ખમ્મા રે ૦૬

જેહ અર્થે આપ આવ્યા પ્રભુજી, હવે શાને મોડું કરો છો;
કારણ સત્સંગ સ્થાપ્યો આપે, અમને નિમિત્ત કરી રહ્યા છો,
વિશ્વવ્યાપી કરજો જલ્દી, આજે પ્રાર્થના દિલ ધરો છો;
ગાંડા ઘેલા અમે બાળ તમારા(૨), વ્હાલા તમને ખમ્મા ખમ્મા...ખમ્મા રે ૦૭

### ૮૧૩ (રાગ : ગરબી)

સખી આનંદની વાત કહું આજ રે, પ્રભુ પ્રગટ્યા કલ્યાણને કાજ રે... ટેક
નાનું છપૈયા નામનું ગામ રે, બની ગયું છે મોટું એ ધામ રે... ૦૧
પિતા ધર્મ ને માતા ભક્તિ રે, થકી પ્રગટ્યા એ કેવી જુક્તિ રે... ૦૨
સંવત અઢારસો સાડત્રીસ રે, નોમ અજવાળી ચઈતર માસ રે... ૦૩
સહુ દિશે જયનાદ થાય રે, ભલે પધાર્યા હે મહારાજ રે... ૦૪
સર્વોપરી ને પૂરણકામ રે, જેનું સ્વામિનારાયણ નામ રે... ૦૫
ક્યાં તમે ને ક્યાં અમે નાથ રે, રંક ટાળી કીધા સનાથ રે... ૦૬
કીડી કુંજરનો આ મેળાપ રે, કેવળ કૃપા કરી છે આપ રે... ૦૭
અનંતકોટિ બ્રહ્માંડના આધાર રે, આપ વરસ્યા છો અનરાધાર રે... ૦૮
જય હો જય હો જયજયકાર રે, વાગે ઢોલ નગારાં અપાર રે... ૦૯
વાગે વિધવિધ પ્રકારનાં વાજાં રે, સ્વયં પોતે પધાર્યા મહારાજા રે... ૧૦
અંગે આનંદ ઉમંગ વધાર્યા રે, અનંત મુક્તો દર્શને પધાર્યા રે... ૧૧

### ૮૧૪ (રાગ : હાલરડું)

અયોધ્યા સરયૂતટે સંભળાય, મધુર જળ તરંગ હાલરડું;
છપૈયા ગામ સીમાડે ગવાય, મીઠું સૂર પક્ષીનું હાલરડું... ટેક

સરવરિયા બ્રાહ્મણ કુળ એ, ધર્મભક્તિને ગૃહ મંદિરિયે;
અવતારના અવતારી દેખાય, ચોઘડિયાં ચલવે હાલરડું... અયોધ્યા ૦૧

સંવત અઢારસો સાડત્રીશ, ચૈત્ર સુદિ નવમીની રાત્રિ;
પ્રગટ્યા ઘનશ્યામ ભગવાન, ફેલાયું આનંદ હાલરડું... અયોધ્યા ૦૨

સંતો-ભક્તો ત્યાં આવે, ઘનશ્યામને ફૂલડે વધાવે;
શ્રીજીને પારણિયે પધરાવે, ભક્તગણ ગાયે હાલરડું... અયોધ્યા ૦૩

સહુ નારી પવિત્ર જળની, ભરી લાવી સુવર્ણ ગાગરડી;
કેસરિયાં સ્નાન કરાવે, ગાયે ગરવે હાલરડું... અયોધ્યા ૦૪

નરનારી બાળ ઉભરાયે, હીરા મોતીની માળા ધરાવે;
જરિયાની પોશાક પે'રાવે, સુણાવે સુરીલું હાલરડું... અયોધ્યા ૦૫

માતા પ્રેમવતી હુલસાવે, નવરત્ન હીંચોળે હીંચાવે;
સોહે ગાવે સકલ સંસાર, સહજાનંદનું હાલરડું... અયોધ્યા ૦૬

રાજા રાણી સંત મહંત, દર્શને આવે છે અનંત;
તે તો તરે છે ભવસાગર, સહજાનંદનું હાલરડું... અયોધ્યા ૦૭

**૮૧૫ (રાગ : ઇન્દ્રસભાની ગઝાર)**

પ્રગટ્યા પોતે પરમ દયાળુ, શ્રીજી કૃપાળુ આજ;
દુ:ખિયા દેખી જીવ માયાના, કરવા તેનાં કાજ... ટેક

અક્ષરધામે વાત કરે છે, મુક્તો ને મુનિવર;
કેમ જીવોનાં કલ્યાણ કરવાં, બોલો થઈ તત્પર... પ્રગટ્યા ૦૧

લાડીલા જે પોતાના તેને, શ્રીજી કહે કરી પ્યાર;
ચાલો મુનિઓ દર્શન દઈએ, ભરતખંડ મોઝાર... પ્રગટ્યા ૦૨

મુક્તો કહે હરિ તવ કૃપાથી, સદાય અમને સુખ;
આપ પધારી ટાળો જીવનાં, કોટિ જન્મનાં દુ:ખ... પ્રગટ્યા ૦૩

મુક્ત કરી સુખ આપવું એ છે, કેવળ આપનું કામ;
શું છે જરૂર અમારી ત્યાંય, બોલો પૂરણકામ... પ્રગટ્યા ૦૪

શ્રીજી કહે એ જીવો બિચારા, મૂળ માયામાં ફસેલ;
**પ્રીછે**[૧] નહિ મુજને તે કારણ, આવો તમે મારી ગેલ... પ્રગટ્યા ૦૫

તમો પણ એ સરખા થઈને, કરોને મારું ભજન;
ધર્મ જ્ઞાન વૈરાગ્ય ભક્તિમાં, દઢ કરાવો મન... પ્રગટ્યા ૦૬

દિવ્યભાવ ઉપાસના મહિમા, સમજાવો કરી જુક્ત;
વર્તન ઉપદેશ દેખી સુણી, જીવ થાશે બહુ મુક્ત... પ્રગટ્યા ૦૭

વર્તમાન ધરાવી દેહ પડાવી, મૂર્તિમાં રાખી જીવ;
અનાદિમુક્તની પંક્તિમાં રાખો, **સદ્ય**[૨] કરીને **શિવ**[૩]... પ્રગટ્યા ૦૮

મુક્ત વચન સુણી બોલ્યા શ્રીજી, એમ જ કરવું ખાસ;
પણ અજ્ઞાની જીવ મૂંઝાશે, નહિ આવે કોઈ પાસ... પ્રગટ્યા ૦૯

હરિ હરિજનની રીત જ ન્યારી, દેહદર્શીને ન પડે ગમ;
પોતા જેવા ભાવો પરઠે, જાણે ન આપણો મર્મ... પ્રગટ્યા ૧૦

માટે દેહાદિક તેના તજાવી, કરશું મુક્ત અકામ;
તમો અમો ને ત્રીજો થાનાર, જાણે સાર તમામ... પ્રગટ્યા ૧૧

બીજા માયિક જીવો દેખે, પોતા સરીખો દેહ;
એવું કરવું આપણે જાણો, આણી ઉરમાં નેહ... પ્રગટ્યા ૧૨

સુણો મુનિઓ મારી ઈચ્છાથી, ધરો મનુષ્ય સ્વરૂપ;
જુદે જુદે સ્થળે દર્શન દઈને, કલ્યાણ કરો અનુપ... પ્રગટ્યા ૧૩

આમ સંકેત કરી દર્શન દીધાં, જાણી બિરદ કૃપાનાથ;
મુક્ત દ્વારે પણ સ્વયં શ્રીજી, સમજાવે છે ગાથ... પ્રગટ્યા ૧૪

મહાપ્રભુ કે મુક્ત મળે તો, તરત કલ્યાણ થાય;
મનુષ્યભાવમાં દિવ્યભાવ પણ, સમજાવે સુખદાય... પ્રગટ્યા ૧૫

અલૌકિક મહિમાને માટે, અનાદિ છે સુખખાણ;
મન કર્મ વચને દાસ થઈને, અર્પો તેને પ્રાણ... પ્રગટ્યા ૧૬

અનહદ સુખ છે એ મૂર્તિમાં, સુખ સુખ ને સુખ;
કરુણા કરીને દાન કરે છે, ટાળી સર્વે દુઃખ... પ્રગટ્યા ૧૭

સ્વામિનારાયણ સર્વેના કારણ, મહેર કરી મહેરબાન;
અક્ષરથી પણ પર કરીને, આપે પદવી મહાન... પ્રગટ્યા ૧૮

રસબસ કરીને મૂર્તિમાં રાખે, સહજાનંદજી શ્યામ;
સદાય સુખમાં થિજાડી દે છે, પોતે શ્રી ઘનશ્યામ... પ્રગટ્યા ૧૯

નવીન પ્રીતમ સંગ નેહ કરીને, રહો અનુવૃત્તિ મોઝાર;
દાસાનુદાસ કહે જરૂર દેશે, શ્રીજી સુખ અપાર... પ્રગટ્યા ૨૦

● ૧. ઓળખે, પિછાણે ● ૨. તરત જ ● ૩. અનાદિમુક્ત

**૮૧૬ (રાગ : પ્રગટ્યા પોતે પરમ દયાળુ)**

અક્ષરધામે પ્રશ્ન કરે છે, મુક્તો મળી મુનિવર;
કેમ જીવો નથી આવતા ધામે, બોલો હે હરિવર... ૦૧

હરિ કહે જે જે ગયા ભૂ પરે, અવતારો ધરી જન્મ;
પોતપોતાને ધામે લાવ્યા, પાડી નહિ સાચી ગમ... ૦૨

કાં જે પોતે અજાણ અમથી, નહિ દર્શન વ્યતિરેક;
અનંત અવતારોને એક જ કિરણ છે, અમ જેવા તો અમે એક... ૦૩

એવી શુદ્ધ ઉપાસના કાજે, સંકલ્પ કીધો નિરધાર;
કંઈક નિમિત્ત ઉત્પન્ન કરીને, ભરતખંડ મોઝાર... ૦૪

બદરિકાશ્રમે શ્રાપ દીધો છે, જન્મ ધરો જરૂર;
અસુરો થકી કષ્ટ પામીને, દુઃખી થાવ ભરપૂર... ૦૫

નારાયણ ઋષિ ધ્યાન કરે છે, દર્શન દીએ ઘનશ્યામ;
કેવળ કૃપા કરી કહે છે વ્હાલો, સુણો થઈ સાવધાન... ૦૬

અક્ષરધામના ધામી અમે, સર્વોપરી મહારાજ;
સંકલ્પ અમારો પ્રગટ થવાનો, તમે નિમિત્ત થયા છો આજ... ૦૭

ધર્મભક્તિ થકી પ્રગટ થઈને, રચવો રૂડો સમાજ;
સર્વોપરી શુદ્ધ ઉપાસના-નિષ્ઠા, પાકી કરાવવા કાજ... ૦૮

નિયમ-ધર્મ પાળી પળાવી, એવી ચલાવવી રીત;
શરણે આવ્યો તે સુખિયો થાય, થઈ જાય સર્વે જીત... ૦૯

કારણ સત્સંગ રૂડો સ્થાપી, મૂર્તિમાં રાખવા ખાસ;
અનાદિમુક્તની સ્થિતિ કરાવી, દેવો મૂર્તિમાં વાસ... ૧૦

ઉપાસના-નિષ્ઠા-સ્થિતિ કેરા, ખૂંટ ખોડવા નેમ;
સંકલ્પ સ્વરૂપો સાથે આવવું મારે, અધૂરું રાખવું કેમ... ૧૧

એવા જ સંકલ્પથી દર્શન દીધાં, દેખાયા નરતનુ રૂપ;
દિવ્ય જાણીને દિવ્ય થાશે, જરૂર દિવ્ય સ્વરૂપ... ૧૨

નથી અમે કાંઈ મનુષ્ય જેવા, નથી દેવ કે અવતાર;
જે-તે જ્યાં-ત્યાં જેવા-તેવા, જાણજો સહુ નિરધાર... ૧૩

નથી આવ્યા કંઈ નથી ગયા કંઈ, છીએ જેમ છે તેમ;
સદાય પ્રગટ ને પ્રત્યક્ષ રહીને, કરીશું પૂરી નેમ... ૧૪

# બાપાશ્રી પ્રાગટ્યોત્સવનાં પદો

## ૮૧૭ બાપાશ્રીના પ્રાગટ્ય પહેલાંનો ઇતિહાસ (ઢાળ : ચલતી)

સ્વામિનારાયણ ભગવાને, મહેર અતિશે કીધી;
ભરતખંડમાં પ્રગટ થઈને, સાર જીવોની લીધી... ૦૧

ગોપાળાનંદ આદિ મુક્તો, ધામ થકી તો લાવ્યા;
મનુષ્ય જેવું જીવન જિવાડી, કાર્ય ભલાં કરાવ્યાં... ૦૨

અદ્‌ભુત પરચા ખૂબ બતાવી, સત્સંગ રૂડો સ્થાપી;
નિશ્ચય રૂડો દૃઢ કરાવી, અજ્ઞાનની જડ કાપી... ૦૩

સર્વોપરી સ્વયં શ્રીજી, અવતારના અવતારી;
સમાધિમાં દેખે સર્વે, સહજાનંદ ભયહારી... ૦૪

મતપંથી સર્વેને ખેંચ્યા, અલૌકિક પ્રતાપે;
જ્ઞાન ધ્યાનની જ્યોત જગાવે, મહિમા ચહુદિશ વ્યાપે... ૦૫

ઓગણ પચાસ વર્ષની ઉપર, બે માસ દિવસ એક;
દર્શન દીધાં શ્રી ઘનશ્યામે, કાર્ય કર્યાં અનેક... ૦૬

ટૂંક સમયમાં કાર્ય કરી સહુ, ધામે જઈ બિરાજ્યા;
છતાં સદાય પ્રગટપણે રહી, ભક્તો પર નિવાજ્યા... ૦૭

### (દોહા)

વિચાર કીધો શ્રી ઘનશ્યામે, સત્સંગની ખિલવણી કરવા;
કંઈક નિમિત્ત ઉત્પન્ન કરીને, સત્સંગમાં વિચરવા.

### (ઢાળ : ચલતી)

તત્ત્વજ્ઞાનના સિદ્ધાંતોને, સુગમ કરીને કહેવા;
સદાય હરિનું પ્રગટપણું પણ, સ્પષ્ટપણે સમજાવવા... ૦૧

સર્વોપરી ઉપાસના ને, પતિવ્રતાની ભક્તિ;
પોતાના ઘરની જે વાતો, તેની કોણ બતાવે જુક્તિ... ૦૨

પોતે કાં પોતાના સંકલ્પ, ખરું રહસ્ય તો જાણે;
તેને જે જે જીવ મળે તે, મહા સુખડાં તો માણે... ૦૩

પંદર વર્ષ પછીથી હરિએ, સંકલ્પ રૂડો કીધો;
બાપા દ્વારે દર્શન દઈને, લાભ અલૌકિક દીધો... ૦૪

કેવી રીતે બાપા પ્રગટ્યા, તે સુણજો સહુ ભાઈ;
ટૂંકમાં તેનું વર્ણન સુણતાં, સહુ રહેશો હરખાઈ... ૦૫

દેવબા ને પાંચાપિતા, હરિમાં પ્રીતિવાળાં;
પ્રેમે ભજન કરે છે હરિનું, પાળી ધર્મને સારા... ૦૬

ચાર દીકરીયું હતી તેમને, પણ પુત્ર તે નહિ એક;
તેની ઈચ્છા રહે એમને, તે જાણે શ્રીજી એક... ૦૭

ઘનશ્યામ પ્રભુની પ્રસાદી કેરું, કૃષ્ણ સરોવર કહાવે;
નિયમપૂર્વક સ્નાન કરવા, દેવબા તો આવે... ૦૮

અનન્ય પતિવ્રતાની નિષ્ઠા, દૃઢ ભક્તિભાવ નિહાળી;
પ્રેમીભક્તને દર્શન દીધાં, રંગડાની હદ વાળી... ૦૯

**(દોહા)**

તેજ તેજ તો ઝળહળે, ચારે દિશા માંહી;
મધ્યે પ્રભુજી દર્શન દે છે, ઘનશ્યામ હરિ સુખદાઈ.

## બાપાશ્રીના માતુશ્રીને શ્રીજીમહારાજે આપેલ વરદાન

૮૧૮ **(ઢાળ : ચલતી)**

દર્શને આનંદ ઊપજ્યો, ને બોલ્યા છે હરખાઈ;
ગદ્‌ગદ કંઠે વિનય વચને, સ્તુતિ કરે છે બાઈ... ૦૧

વાહ પ્રભુજી કૃતાર્થ બની હું, ભાગ્ય ભલેરાં જાગ્યાં;
દિવ્યાનંદ પામીને એ તો, પાય પ્રભુને લાગ્યાં... ૦૨

માગો બાઈ વરદાન તમે, હું કહું છું આજ;
ઈચ્છિત મનોરથ પૂરો કરીશ, થશે તમારાં કાજ... ૦૩

હરિને રૂપાળા જોઈને, ભક્ત કહે હે ઘનશ્યામ;
તમ જેવા પુત્ર ખપે મુજને, આપો હે સુખધામ... ૦૪

ત્યારે કહે શ્રીહરિ, અમ જેવા તો અમ એક;
બીજા તો છે મુક્ત મારા, કહાવે સેવક અનેક... ૦૫

સંકલ્પ તમારો પૂરો કરીશ, લડાવીશ તમને લાડ;
મુક્ત દ્વારે હું દર્શન દઈશ, નહિ આવે કોઈ આડ... ૦૬

અબ પ્રગટ થશે તે માટે, ધારજો અબજી નામ;
સુખિયા તમોને કરશે એ તો, પૂરશે સૌની હામ... ૦૭

અદૃશ્ય થઈ ગયા મહાપ્રભુજી, બાઈને દઈ વરદાન;
પ્રેમીભક્તને વશ થઈ, મહેર કરી મહેરબાન... ૦૮

## ૮૧૯ બાપાશ્રીના પ્રાગટ્ય દિનનો મહિમા (ઢાળ : ચલતી)

કાર્તિક સુદ એકાદશીનો, શુભ દિન મંગળકારી;
ધર્માત્માઓ મુક્તાત્માઓ, પ્રગટ્યા છે સુખકારી... ૦૧

કોણ કોણ પ્રગટ્યા આ દિને, અને બીજી શું છે યાદી;
તેનો વિચાર કરતાં સહેજે, આનંદ આવશે ભારી... ૦૨

આ જ દિવસે પીપલાણામાં, રૂડો થયો છે વિધિ;
રામાનંદ સ્વામી પાસેથી, હરિએ દીક્ષા લીધી... ૦૩

જેતપુરમાં આ જ દિવસે, પટ્ટાભિષેક કીધો;
ધર્મધુરા તો ગુરુએ સોંપી, લ્હાવ અલૌકિક લીધો... ૦૪

પ્રથમ પ્રગટ્યા ધર્મદેવ તે, જે છે શ્રીજીના પિતા;
બાપાશ્રી પણ આજે પ્રગટ્યા, આપણ સૌના પિતા... ૦૫

## બાપાશ્રીનું પ્રાગટ્ય

## ૮૨૦ (દોહા)

પ્રગટની પ્રાપ્તિ વિના, જીવનો ન થાય મોક્ષ;
પ્રગટ હરિ ખેલ ખેલી ગયા, હવે થઈ ગયા પરોક્ષ... ૦૧

હાય હાય હવે હરિ ક્યારે મળે, અને કોણ ઝાલે હાથ;
મનુષ્ય જન્મ મોડો મળ્યો, ને રહી ગયા અનાથ... ૦૨

પંક્તિ પાછળ રહી ગયેલા, અને થઈ ગયેલા નિરાશ;
બાપાશ્રી તો પ્રગટ થયા, સહુની પૂરવા આશ... ૦૩

### (ઢાળ : ચલતી)

સંવત ઓગણીસ એકની સાલ, ને રૂડો કાર્તિક માસ;
એકાદશી ને સોમવાર રાત્રે, નવ વાગ્યા છે ખાસ,
બાપાશ્રી તો પ્રગટ થયા છે, રૂડાં દર્શન દેવાં;
માતાપિતા ને સખા સેવક, સૌની સાર જ લેવા.

### (શાર્દૂલવિક્રીડિત)

શ્રીજીએ દર્શન દિવ્ય દીધાં, બાપાના માતુશ્રીને;
ઝળહળ ઝળહળ તેજમાંહી વાલે, પ્રાગટ્યના શુભ દિને,
આનંદના જ સમુદ્રમાંહી ડૂબી, સ્તુતિ કરે છે ઘણી;
પ્રાદુર્ભાવ થયો છે બાપાશ્રીનો, આનંદ વધામણી.

### (દોહા)

ઘનશ્યામ પ્રભુ અદશ્ય થયા, તે દીઠા બાળ સ્વરૂપ;
કંઠમાં પુષ્પહાર પહેરેલ, એવું મનોહર રૂપ.

### (શાર્દૂલવિક્રીડિત)

પ્રગટ્યા શ્રી કચ્છ દેશમાં વૃષપુરે, કણબી કુળે ગુણનિધિ;
માતા દેવબાઈ પિતા પાંચા, શોભે ભલા ધર્મથી,
સંવત ઓગણીસો એક કેરી સાલે, કાર્તિકી એકાદશી;
શ્રીજીના સંકલ્પથી જ પ્રગટ્યા, બાપા કરુણાનિધિ... ૦૧
બાપાશ્રીની જયંતી આજ આવી, સૌને ઘણો હર્ષ છે;
બાપાશ્રીની કૃપાથી આશ્રિત જનો, મૂર્તિમાં રસબસ છે,
બાપાશ્રીએ પ્રગટ શ્રીજી સુખની, લહાણી ઘણી રે દીધી;
બાપાશ્રીએ ગુના માફ કીધા, સંભાળ સૌની લીધી... ૦૨

### ૮૨૧ બાપાશ્રીની આરતી

જય અબજીબાપા, જય જય અબજીબાપા;
ઘરે અમારે આવ્યા(૨), અમને સુખ આપ્યાં... ટેક

માથે બાંધી પાઘ, સિંહાસને બેઠા(૨)
હરિજનો ને સંતો(૨), સહુ બેઠા હેઠા...જય૦૧

હૈડે પહેર્યા હાર, ગજરા બેઉ હાથે(૨)
અમને આપી પ્રસાદી(૨), હાથ મૂક્યા માથે... જય ૦૨

હરિજન જોડી હાથ, ઊભા સહુ આગે (૨)
સદાય રાખજો ભેળા(૨), એમ સહુ માગે... જય ૦૩

કૃપા કરીને બાપા, બોલ્યા બહુ પ્રીતે (૨)
સદાય રાખ્યા ભેળા(૨), ધારજો દૃઢ ચિત્તે... જય ૦૪

આત્યંતિક કલ્યાણ કરવા, અવની ઉપર આવ્યા(૨)
અનાદિમુક્તની સ્થિતિ(૨), સર્વોપરી લાવ્યા... જય ૦૫

પ્રૌઢ પ્રતાપ જણાવ્યો, પ્રગટ્યા સુખકારી(૨)
હૃષ્ટપુષ્ટ મૂર્તિ પર(૨), સેવક બલિહારી...જય૦૬

## ૮૨૨ બાપાશ્રી પ્રાગટ્ય છડી : ૧

ખમ્મા રે ખમ્મા, ખમ્મા રે ખમ્મા;
ખમ્મા રે ખમ્મા, બાપા આજ તમોને ખમ્મા,
ખમ્મા ખમ્મા ખમ્મા બાપા, આજ તમોને ખમ્મા;
પાંચાપિતાના પુત્ર તમોને ઘણી ખમ્મા... આજ તમોને ખમ્મા... ટેક

દેવબાના લાડકવાયા, આશ્રિતજનના પ્રીતમ પ્યારા;
આજ તમોને ખમ્મા... ૦૧

મમ ગુરુના પ્રાણપ્યારા, પ્રસિદ્ધ સ્વસિદ્ધ ન્યારા;
આજ તમોને ખમ્મા... ૦૨

સોનેરી પાઘ ધારી, જામો પણ સોનેરી ધારી;
આજ તમોને ખમ્મા... ૦૩

હૃષ્ટપુષ્ટ મૂર્તિ શોભે સારી, છોગલાવાળી પાઘ ધારી;
આજ તમોને ખમ્મા... ૦૪

જીવોના કલ્યાણકારી સૌના છો હિતકારી, સદા છો સુખકારી;
આજ તમોને ખમ્મા... ૦૫

ઝૂલે ઝૂલનહાર મૂર્તિમાં રમાડનાર, સુખને પમાડનાર;
આજ તમોને ખમ્મા... ૦૬

**જેષ્ટિકા**[૧] કર ધારી ચાલ જગતથી ન્યારી, સૌના છો હિતકારી;
આજ તમોને ખમ્મા... ૦૭

દાસાનુદાસને ન્યાલ કરનારા, પ્રેમીજનને સુખ કરનારા;
આજ તમોને ખમ્મા... ૦૮

● ૧. જેડિયો

## ૮૨૩ બાપાશ્રી પ્રાગટ્ય છડી : ૨

ખમ્મા રે ખમ્મા... ખમ્મા રે ખમ્મા, બાપા આજ તમોને ખમ્મા... ટેક

પાંચાપિતાના વ્હાલ સોયા, દેવબાના લાડકવાયા;
આશ્રિતજનના પ્રીતમ પ્યારા, છો તમે સર્વેથી ન્યારા.
એવા બાપા આજ તમોને... ૦૧

બાળસ્વરૂપે કેવા હસો છો, દર્શન કરતા હૈયે વસો છો;
મરક મરક હસી દુઃખ હરો છો, દિવ્યભાવે સુખ કરો છો,
એવા બાપા આજ તમોને... ૦૨

વ્હાલા ઝૂલે ઝૂલનહાર, બાપા મૂર્તિમાં રમાડનાર;
સૌને સુખ પમાડનાર, ફદલમાં ફવડાવનાર,
એવા બાપા આજ તમોને... ૦૩

કાલીકાલી ભાષામાં કીર્તનો બોલો છો, સૌ સંતો-ભક્તોને રાજી કરો છો;
રાજીપાની રીત અમ સૌને શીખવો છો, ચુંમાલીસો કીર્તન મુખપાઠ કરો છો,
એવા બાપા આજ તમોને... ૦૪

મિત્રો સાથે રમતા ઘણાં રૂપ ધરતા, જળમાં ડૂબકી દઈ મહારાજને મળતા;
પોતે ખૂબ ધ્યાન કરી સૌને કરાવતા, અમે જો તમારા છીએ અમને શીખવતા,
એવા બાપા આજ તમોને... ૦૫

હૃષ્ટપુષ્ટ મૂર્તિ શોભે સારી, છોગલાવાળી પાઘ ધારી;
ધારો છો ધોળી પાઘ પેચાળી, દો છો કાળમાયા પર મેખ મારી,
એવા બાપા આજ તમોને... ૦૬

ધોળી અંગરખી શોભે સારી, બંને કસુંએ ગાંઠ વાળી;
કંઠે નાનકડો હાર ધારી, જુઓ મૂર્તિ કેવી રૂપાળી,
એવા બાપા આજ તમોને... ૦૭

જેષ્ટિકા કર ધારી, ચાલ જગતથી ન્યારી;
અભયદાન દો છો ભારી સૌના છો હિતકારી, સૌના છો સુખકારી,
એવા બાપા આજ તમોને... ૦૮

યજ્ઞો મોટા કરી લાખોને ખેંચતા, ત્યાગી-ગૃહી નાના-મોટા સૌને આપ સેવતા;
ખોળામાં માથું મૂકી કગરી જે પડતા, જનમોજનમનાં ખોટ ખાતાં બાળતા,
એવા બાપા આજ તમોને... ૦૯

આજે પણ મહારાજ-બાપા આપ પ્રગટ છો, આવા મોટા પ્રસંગોથી રાજી અતિ થાવ છો;
ગુણ ગ્રહે સેવા કરે ન્યાલ કરી ઘો છો, અનાદિની પંક્તિમાં ભેળવી લો છો,
એવા બાપા આજ તમોને... ૧૦

એક જ પ્રાર્થના બાપા અમ સેવકોની ધારજો, દાસ સેવક પર કૃપા વરસાવજો;
ઊભા થઈ ખમ્મા બોલે, કૃપા અતિ કરજો, આ ને આ જનમે બાપા પૂરું એમનું કરજો,
એવા બાપા આજ તમોને... ૧૧

# હિંડોળાનાં પદો

### ૮૨૪ પદ-૧ (રાગ : ગરબી)

સોનાનાં બોર ઝૂલે ધર્મકિશોર, પ્યારાને પારણે સોનાનાં બોર;
હીરા માણેક બહુ જડિયાં પારણિયે, કાજુ શોભે છે રૂડી મોતીડાંની કોર... પ્યારા ૦૧
કોઈક વ્હાલાને નેણે સારે **કાજળિયું**[1], કોઈક બનાવે રૂડી **કસ્તૂરી**[2]ની **ખોર**[3]... પ્યારા ૦૨
હિલો ગાવે ને માતા હરિને ઝુલાવે, હાથે ગ્રહી છે રૂડી હીરલાની દોર... પ્યારા ૦૩
બ્રહ્માનંદ કહે મુખ રસિયા વા'લમનું, મુક્તો જુએ છે જેમ ચંદ્ર ચકોર... પ્યારા ૦૪

● ૧. કાજળ ● ૨. હરણની નાભિમાંથી મળતો સુગંધી પદાર્થ ● ૩. લેપ

### ૮૨૫ પદ-૨

ધર્મકુમાર મારા હૈડાના હાર, ઝૂલે પારણિયે ધર્મકુમાર... ટેક
**કંકુડાંવર્ણું**[1] ધર્મકુંવરનું મુખડું, જોઈને મોહ્યાં છે સૌ નરનાર... ઝૂલે ૦૧
કોડે કોડે રે ઝાઝું હેત કરીને, **લૂણ**[2] ઉતારે માતા વારંવાર... ઝૂલે ૦૨
**હિલો**[3] ગાવે ને મુક્તો હરિને ઝુલાવે, ભીડ મચી છે ધર્મજીને દ્વાર... ઝૂલે ૦૩
બ્રહ્માનંદનો વા'લો લટકાળો લાલો, અજબ રંગીલો છેલો પ્રાણઆધાર... ઝૂલે ૦૪

● ૧. રાતું, લાલ જેવું ● ૨. મીઠું ● ૩. હાલરડું

### ૮૨૬ પદ-૩

સંતોના શ્યામ દોયલી વેળાના દામ, પોઢ્યા પારણિયે સંતોના શ્યામ... ટેક
મુખડું જોવા માવાનું આવે મુનિઓ, અરજ કરે છે ઊભા ધર્મજીને ધામ... પોઢ્યા ૦૧
વારા ફેરી ઝુલાવે રસિયા વાલમને, બાઈઓ મેલીને ઘરનાં રે કામ... પોઢ્યા ૦૨
કાલું બોલે છે વા'લો મનડાંને મો'તા, રોતા રહે છે છાના મુક્તોને નામ... પોઢ્યા ૦૩
બ્રહ્માનંદનો વાલો જન્મ સંગાથી, છપૈયા વાસીને ઠરવાનું ઠામ... પોઢ્યા ૦૪

### ૮૨૭ પદ-૧ (રાગ : રામકલી)

માતા પ્રેમવતી ઝુલાવે કુંવર પારણે રે;
ઝૂલે રૂપાળો રંગભીનો રાજીવનેણ,
મુખડું નીરખી નીરખી જાયે હરિને વારણે રે;
બોલે ખમ્મા ખમ્મા કહી માતા મધુરાં વેણ... માતા ૦૧

ઘડિયું મુક્તોએ પારણિયું બહુ શોભતું રે;
જડિયાં પારણિયે મણિ હીરા રત્ન અપાર,
ઓપે ઓસરીએ નરનારીનાં મન લોભતું રે;
ઝળકે સૂરજના રથ સરખું બિંબાકાર... માતા ૦૨

પોઢ્યા પારણિયે હરિકૃષ્ણ ધર્મસુત શ્રીહરિ રે;
પ્રગટ્યા પુરુષોત્તમજી અધમ ઉદ્ધારણ હાર,
માતા હિલો ગાવે હુલરાવે પ્રીતે અતિ રે;
વ્હેલા મોટા થાઓ હૈડા કેરા હાર... માતા ૦૩

માતા માખણ સાકર જમાડે ધર્મસુતને રે;
જમો જીવન મારા પ્રાણ તમે ઘનશ્યામ,
નીરખી હરખે માતા અખિલ ભુવનપતિ ઈશને રે;
પ્રેમાનંદના સ્વામી પ્યારા પૂરણકામ... માતા ૦૪

**૮૨૮** **પદ-૨**

માતા પારણિયે ઝુલાવે શ્રી ઘનશ્યામને રે,
સુંદર રેશમ કેરી દોરી લઈને હાથ,
માતા હિલો ગાવે લઈ લઈ હરિના નામને રે;
ઝૂલો ધર્મકુંવર પ્રભુ સુરનર મુનિના નાથ... માતા ૦૧

વાજે પારણિયે બહુ ધણણણણણણણ ઘંટડી રે;
ચરણે ઝણણણણણણણ ઝાંઝરનો ઝણકાર,
ખણણણણણણણ ખણકે ઘૂઘરડી હેમે જડી રે;
ગણણણણણણણ ઝણણે ઘૂઘરડાની હાર... માતા ૦૨

બોલે પારણિયે બહુ પક્ષી હરિને આગળે રે;
મેના પોપટ **કુર્કુટ**[૧] કોયલ મોર ચકોર,
ભીંતે આલેખ્યાં બહુ ચિત્ર મનોહર કાગળે રે;
તેને જોઈ જોઈ રાજી થાયે ધર્મકિશોર... માતા ૦૩

આગે અનંત ભાતનાં રમકડલાં આણી ધર્યાં રે;
ચકરી ભમરા ઘૂઘરા કોયલ આદિ અપાર,
ચૂસે સોના કેરું ચૂસણિયું હરખે ભર્યા રે;
પ્રેમાનંદના સ્વામી સુંદર ધર્મકુમાર... માતા ૦૪

● **૧.** કૂકડો

૮૨૯ પદ-૩

ઝૂલે પારણિયે શ્રી પુરુષોત્તમ મુક્તપતિ રે;
જેનો પાર ન પામે ઈશ્વર બ્રહ્મ અક્ષર,
એ તો અખિલ ભુવનના કર્તાહર્તા છે અતિ રે;
શોભે નર નાટક ધરી હરિ બાલુડે વેષ... ઝૂલે ૦૧

જેના એક રોમમાં કોટિ બ્રહ્માંડ ઊડતાં ફરે રે;
જેની ભ્રકુટિ જોઈને થર થર કંપે કાળ,
તે પ્રભુ પ્રાકૃત બાળકની પેઠે રુદન કરે રે;
ઊડે ચકલાં તે જોઈ બીયે દીનદયાળ... ઝૂલે ૦૨

જેની અનંત અવતાર પૂજવા ઈચ્છે ચાખડી રે;
જેના વારણિયાં લઈ વંદે મુક્ત અનેક,
કંપે કાળ-માયા જેની ભ્રકુટિ જોઈને વાંકડી રે;
એવા અવતારના અવતારી છે પ્રભુ એક... ઝૂલે ૦૩

તે પ્રભુ પ્રગટ્યા દ્વિજકુલ નિજને સુખ આપવા રે;
કરવા ઘોર કળિમાં અનેક પતિત ઉદ્ધાર,
આવ્યા અવની ઉપર ધર્મ એકાંતિક સ્થાપવા રે;
એવા પ્રગટ હરિ પર પ્રેમાનંદ બલિહાર... ઝૂલે ૦૪

૮૩૦ પદ-૪

માતા પ્રેમવતી ઝુલાવે સુત ઘનશ્યામને રે;
નીરખી રૂપ મનોહર હૈડે હરખ ન માંય,
માતા પયનું પાન કરાવે પૂરણકામને રે;
લિયે વારણિયાં અતિ હરખે હિલો ગાય... માતા ૦૧

માતા આંજણ લઈ અણિયાળી આંજે આંખડી રે;
નીરખે પૂરણ ચંદ્ર સરીખું વદન વિશાળ,
હરિની આંખલડી કમળ કેરી પાંખડી રે;
નાસા નમણી સુંદર દીપે અધર **પ્રવાળ**[૧]... માતા ૦૨

હરિને કંઠે કૌસ્તુભ હાંસલડી રત્ને જડી રે;
કેડે કંદોરામાં કનક ઘૂઘરડી ચાર,
માતા આંખલડી આગેથી ન મેલે એક ઘડી રે;
મુખડું ચૂંબી દુઃખડાં લિયે વારંવાર... માતા ૦૩

હરિને શ્વેત શરીરે અંગરખી **અતલસ**[2] તણી રે;
માથે કિનખાબની ટોપી રતન જડાવ,
શોભે શોભાસાગર પારણિયે શોભામણી રે;
જોવા પ્રેમાનંદના ઉરમાં પરમ ઉછાવ... માતા ૦૪

● ૧. ગુલાબી ● ૨. એક જાતનું રેશમી કપડું

## ૮૩૧ પદ-૧ (રાગ : સોનાનાં બોર ઝૂલે)

ભક્તિનો લાલ હરિકૃષ્ણ કૃપાળ, પોઢ્યા પારણિયે ભક્તિનો લાલ... ટેક
ઝાઝાં જતન કરી માતા ઝુલાવે, નેણાં ભરીને થાય નીરખી નિહાલ... ઝૂલે ૦૧
વારે વારે મુખ માતાજી નીરખે, ગોરા રૂડા છે શ્રીહરિના ગાલ... ઝૂલે ૦૨
શોભાનું ધામ સુંદર સારા શોભે છે, જેને જોતાં જાય જગની જંજાળ... ઝૂલે ૦૩
પુરની નિવાસ નારી આવી વધાવે, મોતી ભરીને લાવી સોનાના થાળ... ઝૂલે ૦૪
મહા મનોહર માવાની મૂરતિ, જોઈ રહે છે વૃદ્ધ જુવાન બાળ... ઝૂલે ૦૫
ઝભલું પહેર્યું છે માથે મોતીની ટોપી, રાજે છે રેશમી રૂડો રૂમાલ... ઝૂલે ૦૬
સોના-રૂપાનાં શોભે રૂડાં રમકડાં, મેના પોપટ ઢેલ મોર **મરાલ**[1]... ઝૂલે ૦૭
માતાપિતાને અતિ પોતાના પ્રાણથી, વા'લા લાગે છે વિશ્વવિહારીલાલ... ઝૂલે ૦૮

● ૧. હંસ

## ૮૩૨ પદ-૨

ધર્મકુંવર મુક્તોના આધાર, પોઢ્યા પારણિયે ધર્મકુમાર... ટેક
કૃપા કરીને રાખ્યા મૂર્તિમાં, તેને કદાપિ નહિ વળગે વિકાર... ઝૂલે ૦૧
સાધી અષ્ટાંગ જોગ જોગી ન દેખે, એ તો વસ્યા છે આવી ધર્મ અગાર... ઝૂલે ૦૨
આવો આવિર્ભાવ આજ સુધીમાં, થયો નથી ને વળી નથી થનાર... ઝૂલે ૦૩
ભક્તિમાતા પુત્ર ભાવે નિહાળે, વારણાં લે વળી વારંવાર... ઝૂલે ૦૪
ચુંબન કરીને માતા ચિત્તે હુલાસે, હેતે લડાવે કરી હૈયાના હાર... ઝૂલે ૦૫
આકાશમાં ચંદ્ર દેખી ચળકતો, હઠ લઈ માતા પાસે માગે મુરાર... ઝૂલે ૦૬
માતા કુંવરનું મનડું મનાવે, અનેક જુક્તિના કરી ઉચ્ચાર... ઝૂલે ૦૭
બાળરૂપ બને લાલ વિહારી, બાળ ચરિત્ર એમ કરે અપાર... ઝૂલે ૦૮

## ૮૩૩ (રાગ : ધોળ)

પ્રગટ થયા પ્રભુ છપૈયા ગામ રે, ભક્તિ માતા ધર્મ તાતનું નામ રે... ટેક
કૌશલ દેશમાં ધર્યો અવતાર રે, નોમ અજવાળી રૂડો ચૈતર માસ રે... ૦૧

તેડાવો સંતોને પુછાવો નામ રે, નામ ધર્યું રૂડું શ્રી ઘનશ્યામ રે... ૦૨
મુખડું શોભે અતિ બાલુડે વેષ રે, સુંદર ભૂરા માથે નાના કેશ રે... ૦૩
હરખે ઝુલાવે માતા દૂધસાકર પાય રે, માતાને મન વ્હેલા વ્હેલા મોટા થાય રે... ૦૪
રડતાં રમાડતાં પારણિયે પોઢાડે રે, રેશમી દોરી લઈ હીંચકાવે રે... ૦૫
પોઢો પોઢો પ્રભુ જગના આધાર રે, પ્રેમાનંદ નિત્ય નવી લીલા ગાવે રે... ૦૬

## ૮૩૪ (રાગ : મેંદી રંગ લાગ્યો)

ઘનશ્યામ રસીલો રાજવી રે, ઝૂલે રૂપા હિંડોળે વૃષલાલ રે,
ઝૂલે વ્હાલો હરખે ભર્યા રે... ટેક
સંતો-ભક્તોની જુઓ કારીગરી રે, દીપે હિંડોળામાંય રે... ઝૂલે ૦૧
રૂડા સ્તંભોની મધ્યે હીંચકો રે, તેમાં જડિયલ મોતી માણેક રે... ઝૂલે ૦૨
ઢોળે ચમર વર્ણી હેતથી રે, કરે ખમ્મા ખમ્મા છડીદાર રે... ઝૂલે ૦૩
સંતો-ભક્તોની મળી મંડળી રે, કરે મૃદંગ સરોદા લઈ ગાન રે... ઝૂલે ૦૪
હંસો વધાવે રૂડા મોતીએ રે, વળી આગે આવી કરે નાચ રે... ઝૂલે ૦૫
ચારે બાજુએ ગૂંથ્યાં ફૂલડાં રે, તેની છૂટે છે અનહદ ફોર રે... ઝૂલે ૦૬
જૂઈ જાઈ ચમેલી મોગરો રે, મ્હેકે કેવડો ચંપો ને ગુલાબ રે... ઝૂલે ૦૭
બની મઝાની ફૂલ મંડળી રે, મધ્યે રોશની કરે ચમકાર રે... ઝૂલે ૦૮
ફૂલના વાઘા પહેરી મરકતા રે, કરે મર્મ રસીલો રસાળ રે... ઝૂલે ૦૯
સુરવાળ ને જામો ફૂલના રે, શિરે શોભે છે ફૂલડાંની પાઘ રે... ઝૂલે ૧૦
ઝૂકે તોરા ને બાજુ બેરખા રે, ઉરે અગણિત પહેર્યા હાર રે... ઝૂલે ૧૧
મૂર્તિ માધુરી રૂડી મલપતી રે, જુઓ ફૂલડાંમાં છે ગરકાવ રે... ઝૂલે ૧૨
કિરણો છૂટે પ્રભુ અંગથી રે, છાયો દશે દિશાએ પ્રકાશ રે... ઝૂલે ૧૩
ઝરમર ઝરમર ઝીણી બુંદથી રે, મેઘ વધાવી કરે નમસ્કાર રે... ઝૂલે ૧૪
સંતો-ભક્તો આવે દર્શને રે, ધરે પ્રભુ આગે ભલી ભેટ રે... ઝૂલે ૧૫
દિવ્ય નવીન લીલા દેખવા રે, આવે અગણિત સંત હરિજન રે... ઝૂલે ૧૬
ઝાંઝ પખાજ લઈ ગાવતા રે, પ્રેમે કરવા રાજી ઘનશ્યામ રે... ઝૂલે ૧૭
મૂર્તિમાં મસ્ત થઈ ડોલતા રે, કરે સ્વામિનારાયણ ધૂન્ય રે... ઝૂલે ૧૮
શ્રીજી પાસે એમ માગતા રે, નાથ મૂર્તિમાં અમને ઝુલાવ રે... ઝૂલે ૧૯
રે'જો નેણોમાં સદા ઝૂલતા રે, એમ માગે દાસાનુદાસ રે... ઝૂલે ૨૦

**૮૩૫ પદ-૧ (રાગ : પરજ દેશી)**

ઝૂલોને વ્હાલા હિંડોળે, ઝૂલોને વ્હાલા... ટેક
રત્ન હિંડોળે રાજ બિરાજે, નટવર ધર્મલાલા... હિંડોળે ૦૧
હેતે ઝુલાવું ગાવું ગુણગણ, મુક્તોને વ્હાલા... હિંડોળે ૦૨
નેણાં ભરીને નીરખું ચંચલ, ચિત્તવનીના ચાલા... હિંડોળે ૦૩
પ્રેમાનંદના નાથ પહેરાવું, મોતીની માલા... હિંડોળે ૦૪

**૮૩૬ પદ-૨**

ઝુલાવું પ્યારા હિંડોળે, ઝુલાવું પ્યારા ... ટેક
હળવે હળવે ઝુલાવું હરિવર, પ્રાણજીવન મારા ... હિંડોળે ૦૧
ગજરા બાજુબંધ હાર પહેરાવું, ગૂંથી ગૂંથી સારા ... હિંડોળે ૦૨
નેણાં ભરીને નીરખું નટવર, નેણુંના તારા ... હિંડોળે ૦૩
પ્રેમાનંદના નાથ હૈયાના, હરિ છો હાર હજારા ... હિંડોળે ૦૪

**૮૩૭ (રાગ : સામેરી)**

આવ્યો શ્રાવણ માસ અનુપ, હિંડોળો માચ્યો રે;
જોઈ રાજી થયાં નરનાર, આનંદ આપ્યો રે... ટેક

એ... શ્રાવણ માસ ઋતુ રળિયામણી રે, બોલે દાદુર મોર;
વીજલડી ચમકા કરે, વર્ષે ગર્જે ગગન ઘનઘોર... હિંડોળો ૦૧

એ... કિટ મુગટ કટિ કાછની રે, કરણે કર્ણિકાર;
મુખ મરકલડો જોઈને, મોહ્યાં પુરનાં સહુ નરનાર... હિંડોળો ૦૨

એ... હીરામણિ હેમે જડ્યા રે, પંચરંગી રત્ન પ્રવાલ;
ગજ મોતીવર પોખરા, શોભે પન્ના પિરોજા લાલ... હિંડોળો ૦૩

એ... હિંડોળે હરખે ભર્યા રે, ઝૂલે શ્રી ઘનશ્યામ;
પ્રેમાનંદ જોઈ નાથને, થયો પાવન પૂરનકામ... હિંડોળો ૦૪

**૮૩૮ (રાગ : બિહાગ)**

હિંડોરના મેં હોરે હોરે ઝૂલો મહારાજ;
છેલ ઝુલાવું રત્ન હિંડોળે, સુફલ કરું સબ કાજ... હિંડોરના ૦૧

ઝરમર ઝરમર મેહા વરસે, ગરજે ગગન ઘન ગાજ;
દાદુર મોર બપૈયા બોલત, આનંદ છાયો આજ... હિંડોરના ૦૨

તુમ ઝૂલો હું ગાવું હિંડોરા, કરી કે સુભગ સમાજ;
થેઈ તાતા થેઈ તાતા તાન મિલાવું, બાજત તાલ પખાજ... હિંડોરના ૦૩

યહ છબી નીરખી નાથ તુમારી, મદન ભયો હતલાજ;
ઘનશ્યામ રહો નેનન મેં, પ્રેમાનંદ શિરતાજ... હિંડોરના ૦૪

## હોળીનાં પદો

### ૮૩૯ (રાગ : આજ સખી શામળિયો રે વ્હાલો)

આજ જુઓ ઘનશ્યામ ઊભા છે, લઈ રંગની પિચકારી રે;
લઈ રંગની પિચકારી હરિવર, ગુલાલ ઝોળી કર ધારી રે... ટેક

રંગ સખાની ઉપર નાખે છે, ભરી ભરી પિચકારી રે;
પરસ્પર ખૂબ ખેલ મચ્યો છે, રંગ વર્ષા થાય સારી રે... આજ ૦૧

ગુલાલની પણ ધૂમ ઊડે છે, થાય આનંદ ઉત્સવ ભારી રે;
ફૂલડોળનો આજ ઉત્સવ છે, દાસ સર્વે જાય વારી રે... આજ ૦૨

જુઓ જમે ફગવા હરિ કેવા, જમીને પ્રસાદી દેવા રે;
ખજૂર ચણા સાથે દ્રાક્ષ ને કાજુ, ખારેક સાથે ધાણી રે... આજ ૦૩

જમતાં જમતાં હરિ હર્ખ ઉપજાવે, મુખ મરકાવે ભારી રે;
પ્રસાદી કાજે દાસ લલચાવે, રીત અલૌકિક ન્યારી રે... આજ ૦૪

ખૂબ રાજી થઈ 'ઘનુ' આપે છે, પ્રસન્નતાની પ્રસાદી રે;
કામ ક્રોધ લોભ મોહ સર્વે, અંતર શત્રુ દે છે ટાળી રે... આજ ૦૫

આ લોક ને પરલોકના ફગવા, દે છે પોતાના જાણી રે;
દાસાનુદાસને ન્યાલ કરે છે, સુખમાં દે છે ડુબાડી રે... આજ ૦૬

### ૮૪૦ પદ-૧ (રાગ : હોરી)

ધર્મકુંવર ખેલે હોરી રે, કર લે પિચકારી... ટેક
કર પિચકારી લીયે રંગ ભારી, રંગ ડારત બરજોરી રે... કર ૦૧
અબીલ ગુલાલ કી ધૂમ મચાવે, કેશર ગાગર ઘોરી રે... કર ૦૨
ગાવત રાગ બજાવત તારી, રંગ ગાગર શિર ઢોરી રે... કર ૦૩
અવધપ્રસાદ કે શ્યામ ચરન મેં, પ્રીતિ રહો અબ મોરી રે... કર ૦૪

**૮૪૧** **પદ-૨**

ધર્મકુંવર સુખકારી રે, ખેલે રંગભર હોરી...ટેક
ખેલત હોરી સખા સંગ દોરી, શ્રી ઘનશ્યામ મોરારી રે... ખેલે ૦૧
**ચૂવાચૂવા**[1] ચંદન અબીલ **અગરજા**[2], **છીરકત**[3] જન પર ધારી રે... ખેલે ૦૨
બાજત તાલ મૃદંગ ઝાંઝ ડફ, ગાવત હે હોરી ભારી રે... ખેલે ૦૩
અવધપ્રસાદ કે નાથ સાંવરે, ભક્તવત્સલ ભયહારી રે... ખેલે ૦૪

● **૧.** એક જાતનું સુખડ ● **૨.** અગર ઈત્યાદિક સુગંધી દ્રવ્યોનો ભૂકો ● **૩.** છંટકાવથી નવરાવવું

**૮૪૨** **(રાગ : માલકોશ)**

રંગ રસ મેં ખેલત મોહન કે સંગ, રંગ બોળ કિયો મેરો પકર કર ... ટેક
પ્રેમ પિચકારી ભર છૂટત ફુવારે, નિત્ય નવીન પ્રીતમ કા રંગ... રંગ ૦૧
દિવ્ય મૂર્તિ મેં રંગ હોજ ભરે હૈ, તામેં ભીંજે સબ અંગ અંગ... રંગ ૦૨
ભાંતિ ભાંતિ રંગ રોમરોમ પ્રતિ, અનાદિ કો શ્રીજી દેત અભંગ ... રંગ ૦૩
દાસ કે દાસ કો રસરંગ મેં મિલાયો, કૃપા સે મિલ્યો સહજ પ્રસંગ ... રંગ ૦૪

**૮૪૩** **(રાગ : સામેરી)**

આજ મારું **ભાગ્ય**[1] અલૌકિક સજની, અલબેલા ઘેર આવ્યા રે;
ભૂધરજીને ભાવ કરીને, મંદિરમાં પધરાવ્યા રે... આજ ૦૧
જેહનું ધ્યાન ધરી ધરી મુનિવર, મોહાદિક રિપુ મારે રે;
તે મારો વાલો આલિંગન કરવા, પ્રેમે શું હાથ પ્રસારે રે... આજ ૦૨
નૌતમ જોબન નાથ રંગીલો, રંગ વાધ્યો અતિ ભારી રે;
મોહનવર ઉપર મેં સજની, સરવસ નાખ્યું વારી રે... આજ ૦૩
જાળવિયું જોબન હરિ સારુ, પ્રેમે પાતળિયે પીધું રે;
મુક્તાનંદનો નાથ સુહાગી, અખંડ એવાતન દીધું રે... આજ ૦૪

● **૧.** કૃપા

## એકાદશીનાં પદો

**૮૪૪** **પદ-૧ (રાગ : ગરબી)**

કોડે કોડે એકાદશી કીજીએ રે, એવું વ્રત જાવા નવ દીજીએ રે... કોડે ૦૧
એ વ્રત કરે તે ધન્ય માનવી રે, તે તો નાહ્યો કોટિક વાર **જાહ્નવી**[1] રે... કોડે ૦૨
જેણે વચન પ્રમાણે વ્રત આદર્યું રે, તેણે કારજ પોતાનું સર્વે કર્યું રે... કોડે ૦૩

એનો મહિમા મુનિવર ગાય છે રે, અવિનાશી મળ્યાનો ઉપાય છે રે... કોડે ૦૪
બ્રહ્માનંદ કહે એમાં હરિ રહ્યા વસી રે, કીધી આજ્ઞા પ્રમાણે એકાદશી રે... કોડે ૦૫

● ૧. ગંગા

**૮૪૫ પદ-૨**

હરિજન હોય તે હરિને ભજે રે, વ્રત એકાદશી તે કદી નવ તજે રે... હરિ ૦૧
જાણે માત સમાન પરનારને રે, ગણે તુચ્છ સરીખો સંસારને રે... હરિ ૦૨
મદ્યમાંસ હરામ જેને નવ ખપે રે, જીભે રાત દિવસ પ્રભુને જપે રે... હરિ ૦૩
માયા જીવ ઈશ્વરના જાણે મર્મને રે, રટે બ્રહ્મ થઈને પરબ્રહ્મને રે... હરિ ૦૪
બ્રહ્માનંદના વ્હાલાની છબી ઉર ધરે રે, મતવાલો થઈને જગમાં ફરે રે... હરિ ૦૫

**૮૪૬ પદ-૩**

ભલે આવી અનુપમ એકાદશી રે, મારે વ્હાલે મુજ સામું જોયું હસી રે ... ભલે ૦૧
આજ વાધી આનંદ કેરી હેલડી રે, થઈ રસિયા સંગાથે રંગ રેલડી રે... ભલે ૦૨
લટકાળા કુંવર ધર્મલાલની રે, ચિત્તડામાં ખૂંતી છે છબી ચાલની રે... ભલે ૦૩
રંગભીનો રમે રસ રંગમાં રે, અતિ આનંદ થયો છે મારા અંગમાં રે ... ભલે ૦૪
પ્રીતિ જાણી રસીલો વચને પળ્યા રે, બ્રહ્માનંદનો વ્હાલો મુજને મળ્યા રે... ભલે ૦૫

**૮૪૭ પદ-૪**

ધન્ય ધન્ય એકાદશી આજની રે, રૂડી નીરખી છબી મહારાજની રે ... ધન્ય ૦૧
ફૂલડાનાં છોગાં તે શિર પર ધર્યાં રે, તે જોઈ મારાં નેણાં ઠર્યાં રે ... ધન્ય ૦૨
ભાળી કેસર તિલક રૂડું ભાલમાં રે, મારી લગની લાગી છે ધર્મલાલમાં રે ... ધન્ય ૦૩
વાંકી ભ્રકુટિમાં મન મારું ભમે રે, હવે બીજું દીઠું તે મને નવ ગમે રે ... ધન્ય ૦૪
બ્રહ્માનંદ કહે રૂપાળી એની આંખડી રે, પ્યારી લાલ કમળ કેરી પાંખડી રે ... ધન્ય ૦૫

**૮૪૮ પદ-૧ (રાગ : ગરબી)**

ઉત્સવની પ્યારી કેશવની, આજ એકાદશી ઉત્સવની... ટેક
કોટિક ગૌ કેરાં દાન કરે પણ, ના'વે તોલે એના **લવ**[૧]ની... આજ ૦૧
મંગળ રૂપ સદા સુખકારી, વ્હાલી નિધિ જન વૈષ્ણવની... આજ ૦૨
વચન પ્રમાણે કરે વ્રત તેને, ત્રાસ મટે રે મૃત્યુ ભવની... આજ ૦૩
બ્રહ્માનંદ કહે આ વ્રત કરવું, એમ આજ્ઞા સ્વામી સહજાનંદની... આજ ૦૪

● ૧. એક તોલાનો સાઠમો ભાગ (૬૦મો ભાગ) - થોડું - અલ્પ

**૮૪૯ પદ-૨**

હરખ અતિ ભેટ્યા મુક્તપતિ, આજ એકાદશી હરખ અતિ ... ટેક
મનમોહન મારે મંદિર આવ્યા, અધિક થઈ હું તો પુણ્યવતી ... આજ ૦૧
પીતાંબર આભૂષણ પહેરી, ચાલતા વ્હાલો હંસ ગતિ ... આજ ૦૨
પુરુષોત્તમ પૂરણવર પામી, રહી નહિ ખામી હવે એક **રતી**[૧] ... આજ ૦૩
બ્રહ્માનંદ કહે હરિવર વરતા, ચૌદ ભુવનમાં રહું થઈ રે **છતી**[૨] ... આજ ૦૪

● ૧. જરાક ● ૨. જાહેર

**૮૫૦ પદ-૩**

માવ મળ્યા તન તાપ ટળ્યા, આજ એકાદશી માવ મળ્યા... ટેક
પૂર્વ ભવની પ્રીત જાણીને, આવીને અમ પર અઢળ ઢળ્યા... આજ ૦૧
મુનિવર ધ્યાન ધરી ધરી થાક્યા, કોઈથી વ્હાલો નવ જાય કળ્યા... આજ ૦૨
મારું મંદિરિયું પોતાનું રે જાણી, ભૂધર સુખ દુઃખ માંહી ભળ્યા... આજ ૦૩
બ્રહ્માનંદ કહે હરિવર પામી, આનંદ કેરા **ઓઘ**[૧] વળ્યા... આજ ૦૪

● ૧. ઢગલો થયો

**૮૫૧ પદ-૪**

સુફળ ફળી હું તો હરિને મળી, આજ એકાદશી સુફળ ફળી ... ટેક
ચોંપે કરી શ્રી હરિવર સારુ, સેજ સજી કાજુ કુસુમ કળી... આજ ૦૧
રસબસ હોઈ રહી રસિયા સંગ, જયું મિસરી પયમાંહી ભળી... આજ ૦૨
નિત્ય નિત્ય પ્રેમ રહું ઉર ધરતી, હરિચરણે મન વૃત્તિ હળી... આજ ૦૩
બ્રહ્માનંદ કહે હરિ ઉર ધરિયા, જન્મ મરણ કેરી શંકા ટળી... આજ ૦૪

**૮૫૨ પદ-૧ (રાગ : ગરબી)**

એકાદશી આજનો દિન સારો રે, ગાઈએ નટવર ધર્મદુલારો...ટેક
એના વ્રતનો મહિમા ભારી રે, જાણે સંતો-ભક્તો નરનારી રે;
મળ્યા પ્રગટ પ્રમાણ મુરારી...એકાદશી ૦૧
વ્રત રાખીને હરિવર વરીએ રે, દૃઢ અંતર આંટી ધરીએ રે;
કોડે આનંદ ઉત્સવ કરીએ...એકાદશી ૦૨
બ્રહ્માનંદ કહે એ વ્રત રહ્યા છે રે, તે તો પાર સંસાર થયા છે રે;
એમ શ્રીજીમહારાજે કહ્યું છે...એકાદશી ૦૩

**૮૫૩ પદ-૨**

એકાદશી ઉત્સવનો દિન રૂડો રે, કોડે નીરખીએ છેલ વ્હાલીડો...ટેક
રસિયા સંગ રંગભર રમીએ રે, દેહ પ્રાણ ઈન્દ્રિય મન દમીએ રે;
ત્યારે મહારાજને મન ગમીએ...એકાદશી ૦૧
નિત્ય પ્રેમ સુધારસ પીજે રે, કરી વ્રત નવ રાચીએ બીજે રે;
રસિયો સહજાનંદ રીઝે...એકાદશી ૦૨
જેણે વચન થકી વ્રત કીધું રે, તેનું સઘળું તે કારજ સીધું રે;
બ્રહ્માનંદ કહે જન્મ ફળ લીધું...એકાદશી ૦૩

**૮૫૪ (રાગ : આપે આશિષ અલબેલડો)**

જળઝીલણી આજ એકાદશી છે, ઝીલે નિર્મળ સરિતામાંય રે;
ઝીલે વ્હાલો હર્ષ ભર્યા રે... ટેક
ઘનશ્યામ બાપા ને સદ્‌ગુરુઓ, ઝીલે નિર્મળ સરિતામાંય રે... ઝીલે ૦૧
સંતો-ભક્તોની જુઓ કારીગરી, દીપે આ નાવડીની માંય રે... ઝીલે ૦૨
સંતો-ભક્તોની મળી મંડળી, કરે ઉત્સવ આનંદમાંય રે... ઝીલે ૦૩
ઝીલો વ્હાલા હું તમને ઝિલાવું, આજ એકાદશી રૂડો દિન રે... ઝીલે ૦૪
નિર્મળ સરિતા આજ ઘેલી થઈ રે, જુઓ ઝિલાવે ધર્મકુમાર રે... ઝીલે ૦૫
દિવ્ય અંબર વ્હાલે પહેર્યાં રે, ધાર્યો સુંદર મસ્તકે મુગટ રે... ઝીલે ૦૬
દિવ્ય લીલાનાં દર્શને સહુ, ઊભા છે આસપાસ દાસ રે... ઝીલે ૦૭
ઝાંઝ પખાજ લઈ મંડળી રે, હરિ રિઝાવા કરે ઉત્સવ રે... ઝીલે ૦૮
સંતો ને ભક્તો આવ્યા દર્શને, પુષ્પે વધાવે કરીને પ્યાર રે... ઝીલે ૦૯
ઘનશ્યામ રસીલો લ્હેરમાં, કરે લટકાં અલૌકિક લાલ રે... ઝીલે ૧૦
રાજી થઈને વ્હાલો ઉચ્ચરે, તમે સુણજો થઈ સાવધાન રે... ઝીલે ૧૧
આજ ઉત્સવ અલૌકિક થયો, તેમાં આવ્યા તેને બહુ લાભ રે... ઝીલે ૧૨
મૂર્તિના સુખમાંહી રાખવા, વ્હાલો કરે છે દિવ્ય લીલાય રે... ઝીલે ૧૩
અઢળક ઢળ્યા છે વા'લમા રે, કરે મૂર્તિમાંહી રસબસ રે... ઝીલે ૧૪
ખમ્મા ખમ્મા તમને ઘણી ખમ્મા, પ્રભુ સુખ દેજો અપાર રે... ઝીલે ૧૫
આજ વ્હાલો પ્રત્યક્ષ છે, કરે અનેક જીવોનાં કલ્યાણ રે... ઝીલે ૧૬
સેવક આવ્યા તેને સુખ દેજો, તમે બિરદ જાણી કૃપાનાથ રે... ઝીલે ૧૭
દાસાનુદાસ એમ વિનવે રે, સહુને રાખજો મૂર્તિમાંય રે... ઝીલે ૧૮

# દિવાળીનાં પદો

**૮૫૫** **(રાગ : સોરઠ)**

રાજ મારે દિન દિન દિવાળી રે;
વ્હાલા મળતાં તમને વનમાળી રે, જી હો સુખકારી...ટેક
મોહન આવ્યા તમે મંદિરિયે;
કાજુ દીપ તણા ઉત્સવ કરીએ જી હો...રાજ ૦૧
અજવાળ્યા તમ સારુ ઓરડિયા;
મેં તો જાળીએ જાળીએ નંગ જડિયા રે જી હો...રાજ ૦૨
બ્રહ્માનંદના પ્રીતમ તમ સંગે;
અતિ આનંદ વાધ્યો છે મારે અંગે રે જી હો...રાજ ૦૩

**૮૫૬** **પદ-૧ (રાગ : સામેરી)**

સખી હૈડે તે હરખ ન માંય, આજ દિવાળી રે;
હું તો મગન થઈ મનમાંય, ભૂદર ભાળી રે... આજ ૦૧
સુંદર શ્યામ સોહામણો રે, સુંદર ગજગતિ ચાલ;
સુંદર શોભા અંગની હું તો, નીરખીને થઈ છું નિહાલ... આજ ૦૨
નેણ મનોહર નાથનાં રે, હૈડે મનોહર હાર;
સુભગ મનોહર શામળો વ્હાલો, નટવર ધર્મકુમાર... આજ ૦૩
બાજુ નૌતમ બેરખા રે, બેહદ નૌતમ બાત;
બ્રહ્માનંદના નાથનું રૂપ, જોઈ થઈ ગુલતાન... આજ ૦૪

**૮૫૭** **પદ-૨**

મુને મળિયા તે મોહનરાય, **સપરમો**[૧] દહાડો રે;
કરીએ આનંદ ઓચ્છવ આજ, રંગ અખાડો રે... સપરમો ૦૧
થાળ ભરો ગજ મોતીએ રે, સર્વે લિયો શુભ સાજ;
વેલેરા જઈને વધાવીએ વ્હાલો, રંગભીના મહારાજ... સપરમો ૦૨
મંગળ ગાવો **માનિની**[૨] રે, અધિક કરો ઉછાવ;
આપણે કાજે આવિયા ચાલી, નટવર સુંદર નાવ... સપરમો ૦૩
તોરણ બાંધો ટોડલે રે, **સુભગ**[૩] સજો શણગાર;
બ્રહ્માનંદના નાથને જાયે, વારણે વારંવાર રે... સપરમો ૦૪

● ૧. પવિત્ર ● ૨. નારી ● ૩. સુંદર

**૮૫૮ પદ-૩**

હું તો હરખ ભરી મનમાંય, હરિને વધાવું રે;
સખી **અહોનિશ**[૧] બારે માસ, રે'જો આવું આવું રે... હરિને ૦૧

આગળ આવી ઊભલા રે, લટકાળો ધર્મલાલ;
કુમકુમ કેરો ચાંદલો કીધો, ભૂધરજીને ભાલ...હરિને ૦૨

પરવશ થઈ હું તો પ્રેમમાં રે, હૈડે તે હરખ ન માંય;
પૂરવજનમના પુણ્યથી મને, મળ્યા તે મોહનરાય... હરિને ૦૩

ધન્ય ધન્ય દહાડો આજનો રે, ધન્ય અવસર ધન્ય વાર;
બ્રહ્માનંદને વ્હાલમે મારો, સફળ કર્યો અવતાર... હરિને ૦૪

● ૧. દિવસ-રાત

**૮૫૯ પદ-૪**

રૂડો દિવાળીનો દિવસ કે, મંગળ ગાઈએ રે;
ચાલો ધર્મજીને દરબાર, સૌ મળી જાઈએ રે... મંગળ ૦૧

કુંવર રંગીલા ઘનશ્યામજી રે, ગાયે છે સુંદર વેણ;
નીરખી નટવર નાથને આજ, પાવન કરશું નેણ... મંગળ ૦૨

સૌ મળી કહેશું પ્રેમથી રે, ભેટ્યાનો છે ભાવ;
માત પ્રેમવતી **પાસળે**[૧] બહેની, માગે લેશું માવ... મંગળ ૦૩

લઈ **મેરાઈયાં**[૨] લાલજી રે, આવશે આપણે ઘેર;
બ્રહ્માનંદ કહે ઘી ઘણું માંહી, પૂરશું સારી પેર... મંગળ ૦૪

● ૧. પાસે ● ૨. દિવાળીમાં હાથમાં ઝાલવાના ડોયાવાળો દીવો કરે છે તે

## શ્રીહરિ આગમનનાં પદો

**૮૬૦ પદ : શ્યામ સનેહી ઘેર**

શ્યામ સનેહી ઘેર આવ્યા ઘનશ્યામ આવ્યા;
હેતે હરિ ઘેર આવ્યા રે, શ્યામ સનેહી ઘેર આવ્યા ઘનશ્યામ... ટેક
સામૈયું લઈને શ્યામ સુંદરને, મોંઘે મોતીડે વધાવ્યા... ઘનશ્યામ ૦૧
દૂધડે ચરણ પખાળ્યા પ્રભુના, પાટ ઉપર પધરાવ્યા... ઘનશ્યામ ૦૨
બંગલા ઉપર બાંધી હિંડોળો, હરિવરને હીંચકાવ્યા... ઘનશ્યામ ૦૩
પ્રેમાનંદનો નાથ મનોહર, મહારાજ મારે મન ભાવ્યા... ઘનશ્યામ ૦૪

**૮૬૧ (રાગ : આ જા આ જા આ જા કનૈયા)**

આવ્યા આવ્યા આવ્યા હરિજી, મારે મંદિરિયે આવ્યા રે;
હરિભક્ત-સંત સંગ લાવ્યા હરિજી...ટેક

માણકી પર વ્હાલે કીધી સવારી, પાર્ષદો ચાલે છત્ર છડી ધારી;
ઢોળે ચમર બ્રહ્મચારી હરિજી...મારે ૦૧

સોનેરી પાઘ શિર શોભે છે સારી, રૂડી બાંધી છે ત્રણ છોગલાંવાળી;
જુઓ એ કલ્યાણકારી હરિજી...મારે ૦૨

મુખ મુદ્રાએ મંદ હાસ્ય ભરી છે, ભક્તો પર જેની દૃષ્ટિ ઠરી છે;
આવ્યા એ જ અવતારી હરિજી...મારે ૦૩

હૈડે હાર જેને શોભી રહ્યા છે, માણકી લગામ કર ધારી રહ્યા છે;
સુંદર કર છડી ધારી હરિજી...મારે ૦૪

ઘનશ્યામ પ્રભુ આજ વચને પળ્યા છે, દીનબંધુ આજ અઢળક ઢળ્યા છે;
દર્શન લ્હાવ લ્યો ભારી હરિજી...મારે ૦૫

શ્રીજીએ આજ કીધી મહેરબાની, તન મન ધનની કરો કુરબાની;
દાસાનુદાસ કેરા હિતકારી હરિજી...મારે ૦૬

**૮૬૨ (પદ : આવ્યા આવ્યા આવ્યા વ્હાલાજી)**

આવ્યા આવ્યા આવ્યા વ્હાલાજી, સુખિયા કરવાને આવ્યા રે;
સાથે ગુરુજી લાવ્યા વ્હાલાજી...ટેક

ક્ષર અક્ષરને દુર્લભ વ્હાલાજી, મુક્ત અનાદિને અપાર વ્હાલાજી;
એવા દુર્લભ થયા સુલભ વ્હાલાજી...સુખિયા ૦૧

દિવ્યાતિદિવ્ય આપ વ્હાલાજી, દેખાઓ અમ જેવા અમને વ્હાલાજી;
દર્શન લ્હાવ મળે ક્યાંથી વ્હાલાજી...સુખિયા ૦૨

પ્રતિમા કે મનુષ્યભાવ વ્હાલાજી, થયા નથી કે છો નહિ વ્હાલાજી;
કરવા સજાતિ પધાર્યા વ્હાલાજી...સુખિયા ૦૩

રાજી રહેજો તમે મારા વ્હાલાજી, અમે **તમણા**[1] ને તમે **અમણા**[2] વ્હાલાજી;
રીઝવવા કરીએ કાલાવાલાજી...સુખિયા ૦૪

● ૧. તમારા ● ૨. અમારા

**૮૬૩ પદ-૧ (રાગ : ધોળ)**

આજ સખી આનંદની હેલી, હરિમુખ જોઈને હું થઈ છું રે ઘેલી;
મહા રે મુનિના ધ્યાનમાં ના'વે, તે રે શામળિયોજી મુજને બોલાવે... ૦૧

જે સુખને ભવ બ્રહ્માદિક ઇચ્છે, તે રે શામળિયોજી મુજને રે પ્રીછે;
ન ગઈ ગંગા ગોદાવરી કાશી, ઘેર બેઠા મળ્યા ધામના વાસી... ૦૨

તપ રે તીર્થમાં હું કાંઈ નવ જાણું, સ્હેજે સ્હેજે રે હું તો સુખડાં રે માણું;
જેરામ કહે સ્વામી સહેજે રે મળિયા, વાતની વાતે વાલો અઢળક ઢળિયા... ૦૩

**૮૬૪ પદ-૨**

મહેર કરી મારે મંદિર આવ્યા, થાળ ભરીને મોતીડે વધાવ્યા;
આનંદ અંગે ન માંય મારી બેની, હરિવર ભેટતાં લજ્જા રે શાની... ૦૧

દુરિજન મન રે માને તેમ કહેજો, સ્વામીજી મારા હૃદિયામાં રહેજો;
જે રે જોઈએ તે માગજો માવા, પ્રીતમ તમને હું નહિ દઉં જાવા... ૦૨

મુખથી તે ઝાઝું શું કહી દાખું, હરિવર મારા હૃદિયામાં રાખું;
કોણ રે પુણ્યે હું હરિવર પામી, ભલે મળ્યા જેરામના સ્વામી... ૦૩

**૮૬૫ પદ-૩**

પૂર્વનું પુણ્ય પ્રગટ થયું જ્યારે, સ્વામિનારાયણ મળિયા રે ત્યારે;
નેણે મોહનવર નીરખ્યા જ્યારે, પૂરણકામ થયું મારું ત્યારે... ૦૧

પ્રેમે કરી મંદિર પધરાવ્યા, શ્યામ સુંદરવર મનડે રે ભાવ્યા;
નીરખી સ્વામિનારાયણ મૂર્તિ જ્યારે, ત્રિવિધ તાપ ટળ્યા મારા ત્યારે... ૦૨

કેસર ચંદન ચરચ્યું છે ભાલે, હસતાં સુંદર ખાડા પડે છે ગાલે;
કાનુમાં કુંડળ **મકરાકાર**[1] શોભે, જેરામ કહે મન જોઈ જોઈ લોભે... ૦૩

● ૧. માછલીના આકાર જેવું

**૮૬૬ પદ-૪**

શિર પર કેશ શોભે અતિ સારા, મોહનવર મારી આંખોના તારા;
ભ્રકુટિ **કુટિલ**[1] શોભી રહી સારી, જોઈ જોઈ મોહી સર્વે વૃષનારી... ૦૧

હાર હૈયામાં પહેર્યા વનમાળી, ભ્રમર આવે તિયાં સુગંધ ભાળી;
બે સ્તન શ્યામ શોભે અતિ સારાં, જાણે ઊગ્યા આકાશમાં તારા... ૦૨

નાભિ નૌતમ ઊંડી છે ભારી, મુક્તો બેસે ત્યાં આસન વાળી;
જાનુ જુગલ શોભે અતિ સારા, જેરામ કહે દેખે દાસ તમારા... ૦૩

● ૧. વાંકી

**૮૯૭ (રાગ : ગરબી)**

મારે ઘેર આવ્યા રે, સુંદરવર શામળિયો...ટેક
હરખ ભરી હું હરિને નીરખું, પિયુ પ્રીતમ પાતળિયો રે... સુંદરવર ૦૧
સુખડું દેવા ને મન હરી લેવા, અમ પર અઢળક ઢળિયો રે... સુંદરવર ૦૨
જાળવિયું જોબન જે સારુ, તે અવસર આજ મળિયો રે... સુંદરવર ૦૩
મુક્તોનો વર લાડકવાયો, અકળ ન જાયે કળિયો રે... સુંદરવર ૦૪
આશ્ચર્ય વાત સેજડીયે આવ્યા, બોલ પોતાને પળિયો રે... સુંદરવર ૦૫
મુક્તાનંદ મોહનની મહેરે, ખોયા દિ'નો ખગ વળિયો રે... સુંદરવર ૦૬

**૮૯૮ (રાગ : કાફી)**

રાજ મારે રે મંદિરિયે તમે રહો રહો...
મોહન મારે રે મંદિરિયે તમે રહો રહો ... ટેક
**દરસ**[૧] **પરસ**[૨] કેરે દાન કરીને, દુર્મતિ **દુગ્ધા**[૩] દહો **દહો**[૪]... રાજ૦૧
આનંદ ઉર અતિ હેત કરીને, ગુણિયલ બાંહ્યડી ગ્રહો ગ્રહો... રાજ૦૨
જગના જીવન અમને પોતાના જાણીને, કહેવું હોય તે કહો કહો ... રાજ૦૩
બ્રહ્માનંદના નાથ રંગીલા, અવગુણિયા મારા સહો સહો... રાજ૦૪

● ૧. દર્શન ● ૨. સ્પર્શ ● ૩. પીડા, આપદા ● ૪. બાળો

**૮૯૯ (રાગ : ખમ્મા મારા પ્યારા ઘનશ્યામ)**

ભલે આવ્યા ધર્મજીના લાલ, મૂર્તિ આપી તમારી;
પરચા આપી બનાવ્યા ન્યાલ, મૂર્તિ આપી તમારી...ટેક

અક્ષરધામથી 'ઘનુ' રે પધાર્યા, પ્રેમીના કોડ પૂરી જન્મ સુધાર્યા;
હેતે હાથ ઝાલી હરિરાય...મૂર્તિ ૦૧

ઘેર ઘેર ફરી મુમુક્ષુને શોધી, શરણે લઈને સહાય તેની કીધી;
બની પ્રભુ માણકીના સ્વાર...મૂર્તિ ૦૨

ભીડ પડે પ્રેમી ભક્તોને જ્યારે, વ્હારે આવે મહેર કરી ત્યારે;
બતાવી પરચા ચમત્કાર...મૂર્તિ ૦૩

જન્મોજન્મનું દુઃખડું રે કાપ્યું, તપ તીરથનું ફળ મુને આપ્યું;
હરિવર નોંધારાના આધાર...મૂર્તિ ૦૪

બિરદ જાણી હરિએ ગુના માફ કીધા, પોતાના જાણીને મૂર્તિમાં લીધા;
કરે દાસાનુદાસ નમસ્કાર...મૂર્તિ ૦૫

**૮૭૦ (રાગ : કોઈ વૃદ્ધો વધાવો)**

સોના અંબાડીએ હાથી શણગાર્યો;
ગજે બેઠા ગિરધારી રે, કોઈ દર્શને આવો... ટેક
હણહણતા ઘોડા ને પાળા રૂપાળા, આગે ચલી અસવારી રે... કોઈ ૦૧
જામો જરીનો ને પાઘ પેચાળી, છોગલીએ હદ વાળી રે... કોઈ ૦૨
કાનોમાં કુંડળ ને મોતીડાંની માળા, હાર પેર્યો છે હજારી રે... કોઈ ૦૩
વાજાં તે વાગે ને છત્તર છાજે, ચમર કરે બ્રહ્મચારી રે... કોઈ ૦૪
સંત ને હરિજન કીર્તન ગાવે, મૂર્તિ માવાની ઉર ધારી રે... કોઈ ૦૫
નરનારી આવે ને મોતીડે વધાવે, શેરીમાં ભીડ થઈ ભારી રે... કોઈ ૦૬
નારાયણદાસનો નાથ પધાર્યા, અવતારના અવતારી રે... કોઈ ૦૭

**૮૭૧ (રાગ : લાલ વહારે ચડો તો વે'લા આવજો રે)**

આજ શ્રીજીમહારાજ ભલે આવિયા રે;
સાથે મુક્તોની મંડળીને લાવિયા રે... ટેક

ભલા ભક્તોના મનમાં ભાવિયા રે;
મેં તો મોંઘે મોંઘે મોતીડે વધાવિયા રે... આજ ૦૧

મેં તો રસ્તાને સ્વચ્છ કરાવિયા રે;
મેં તો ચોકમાં તે ચંપા રોપાવિયા રે... આજ ૦૨

મેં તો ચંદનથી ઓરડા લિપાવિયા રે;
તેને લીલા-પીળા રંગથી રંગાવિયા રે... આજ ૦૩

મેં તો ગાદી ને તકિયા બિછાવિયાં રે;
મારા પ્રભુજીને પ્રીતે પધરાવિયાં રે... આજ ૦૪

હીરા મોતીના હાર ગૂંથાવિયા રે;
મારા વા'લાજીને કંઠે પહેરાવિયા રે... આજ ૦૫

વા'લે અમૃતના મેઘ વરસાવિયા રે;
પેલા દુરિજનને દિલમાં દઝાવિયા રે... આજ ૦૬

હરિભક્ત નારાયણદાસ ગાય છે રે;
મારા વા'લાજીને વારણે જાય છે રે... આજ ૦૭

**૮૭૨ (રાગ : ગરબી)**

વ્હાલા રમઝમ કરતા શ્યામ, મારે ઘેર આવો રે;
મારા પૂરા કરવા કોડ, હસીને બોલાવો રે... ૦૧

મારે તમ સંગ લાગી પ્રીત, શ્યામ સોહાગી રે;
મેં તો તમ સંગ રમવા કાજ, લજ્જા ત્યાગી રે... ૦૨

વ્હાલા અબળા ઉપર મહેર, કરજો મોરારિ રે;
હું તો જન્મોજનમની નાથ, દાસી તમારી રે... ૦૩

મારા પ્રાણ તણા આધાર, પ્રીતમ પ્યારા રે;
પળ રહો મા નટવર નાવ, મુજથી ન્યારા રે... ૦૪

આવો છોગાં મેલીને શ્યામ, **ધડક મ ધારો**[1] રે;
મેં તો ફૂલડે સમારી સેજ, શ્યામ સુધારો રે... ૦૫

વ્હાલા નયણાં તણું ફળ આજ, મુજને આપો રે;
મુક્તાનંદ કહે મહારાજ, દુઃખડાં કાપો રે... ૦૬

• ૧. સંકોચ-બીક ન રાખો

**૮૭૩ પદ-૧ (રાગ : ગરબી)**

મારે આજ પ્રીતમ ઘેર આવશે, મને હેતે કરીને બોલાવશે જી રે... ટેક
એના સાથીડાને સાથે લાવશે, કરી લટકાં તાળી દઈ ગાવશે જી રે... મારે ૦૧
હરિ હેતે કરીને સામું ભાળશે, રંગડાની તે રેલું વાળશે જી રે... મારે ૦૨
કરી ખ્યાલ અલૌકિક ખેલશે, માથે ફૂલડાંનાં છોગલાં મેલશે જી રે... મારે ૦૩
બ્રહ્માનંદનો સ્વામી શ્યામળો, સુખ દેશે આવીને ઉતાવળો જી રે... મારે ૦૪

**૮૭૪ પદ-૨**

ધન્ય ધન્ય ઘડી છે આજની, રૂડી ખબર આવી છે મહારાજની જી રે... ટેક
સખી મળી મળી મંગળ ગાય છે, અતિ આનંદ ઊભરાયો જાય છે જી રે... ધન્ય ૦૧
મોતી થાળ ભરી ટોળે મળી, સખી હરિને વધાવા થઈ **આકળી**[1] જી રે... ધન્ય ૦૨

સર્વે ઘરનો તે ધંધો વીસરી, હરિને મળવા આતુર થઈ સુંદરી જી રે... ધન્ય ૦૩
ઘરમાંથી આવી ઊભી બારણે, બ્રહ્માનંદના સ્વામીને કારણે જી રે... ધન્ય ૦૪

● ૧. ધીરજ ગુમાવવી

**૮૭૫ પદ-૩**

મારે આજ પ્રીતમ ઘેર આવિયા, ભરી થાળ મોતીડે વધાવિયા જી રે... ટેક
પહેલાં નીર ઊને તે નવરાવિયા, પછી પ્રીતમ માંહી પધરાવિયા જી રે... મારે ૦૧
મેંતોભોજનજમાડ્યાંભાતભાતનાં, વ્હાલેઆપ્યાંતેસુખએકાંતનાંજીરે... મારે ૦૨
પે'લું પરઠ્યું હતું તે વેણે પળ્યા, વ્હાલો હેતે કરીને મુજને મળ્યા જી રે... મારે ૦૩
બ્રહ્માનંદ કહે આજની ધન્ય ઘડી, મારો વ્હાલો પધાર્યા સેજડી જી રે... મારે ૦૪

**૮૭૬ પદ-૧ (રાગ : ગરબી)**

શ્યામ પધારો ઘનશ્યામ પધારો, શ્યામ પધારો ફૂલવાડિયે રે... ટેક
ફૂલડાં ભરીને બાંધ્યો ફૂલ હિંડોળો, હરિવર હેતે ઝુલાડિયે રે... ઘન ૦૧
પ્રીતડી કરીને બહુ પાક બનાવ્યા, જીવન જુગતે જમાડિયે રે... ઘન ૦૨
ફૂલોના હાર તોરા ગજરા પહેરાવિયે, ફૂલની પછેડી ઓઢાડિયે રે... ઘન ૦૩
પ્રેમાનંદ કે' ગાઈ ગુણ તમારા, તાલ મૃદંગ બજાડિયે રે... ઘન ૦૪

**૮૭૭ પદ-૨**

નાથ પધાર્યા મારો નાથ પધાર્યા, ત્રિભુવન આનંદ કરતા રે... ટેક
હાથમાં લાકલડી ને પે'રી છે ચાખલડી, ધીરે ધીરે પગ ધરતા રે... મારો ૦૧
શેરી વાળીને મેં તો સજ્જ કરી છે, વેર્યાં છે ફૂલડાં ફરતાં રે... મારો ૦૨
હસતા રમતા ને હેત વધારતા, હરિજનનાં મન હરતા રે... મારો ૦૩
પ્રેમાનંદનો પ્રાણજીવન ધન્ય, આવ્યા પાવલીયાં ભરતા રે... મારો ૦૪

**૮૭૮ પદ-૧ (રાગ : ગરબી)**

વા'લો વધાવું, મારો વા'લો વધાવું;
આજની ઘડી રળિયામણી રે, મારો વા'લો વધાવું... ટેક
પ્રાણજીવન મારે મંદિર પધાર્યા, હાર પે'રાવું હીરામણિ રે... મારો ૦૧
શ્યામકુંવર અળવીલાને કારણે, જતને રાખ્યાં છે દહીં જામણી રે... મારો ૦૨
ચોખા રાંધીને કાજુ આપીશ સવારમાં, સાકર ને દૂધની શિરામણી રે... મારો ૦૩
બ્રહ્માનંદના રંગભીના વા'લાની કરું, પ્રીતે સહિત પધરામણી રે... મારો ૦૪

**૮૭૯** **પદ-૨**

શ્યામ સલૂણો આવિયા રે, શ્યામ સલૂણો આવિયા;
ધન્ય ઘડી છે આજની રે, આવ્યા શ્યામ સલૂણો... ટેક
વા'લો પધાર્યા એવી સાંભળી વધામણી, સુરત ભૂલી ઘરકાજની... આવ્યા ૦૧
સામૈયું લઈને ચાલી વા'લાને વધાવવા, શંકા ન રાખી લોકલાજની... આવ્યા ૦૨
વાજાં નગારાં ઢોલ શરણાઈ વજાડી, કરો ધૂન તાલ પખાજની... આવ્યા ૦૩
બ્રહ્માનંદ કહે આવી વસી મારે અંતરે, સૂરત રસિક વૃષરાજની રે... આવ્યા ૦૪

**૮૮૦** **પદ-૧ (રાગ : ધોળ)**

સર્વે સખી જીવન જોવાને ચાલો રે, શેરડિયુંમાં આવે લટકંતો લાલો રે... ૦૧
એની શોભા મુખે વર્ણવી ન જાય રે, જેને **નિગમ**[1] નેતિ **નેતિ**[2] કરી ગાય રે... ૦૨
રોઝે ઘોડે રાજેશ્વર બિરાજે રે, છબી જોઈ કોટિક કંદર્પ લાજે રે... ૦૩
મળ્યા આવે મહામુનિનાં વૃંદ રે, તેમાં શોભે તારે વીંટ્યો જેમ ચંદ રે... ૦૪
સંત મુક્તાદિક ઉત્તમ જશ ગાવે રે, નૃત્ય કરી મુક્તો વીણા બજાવે રે... ૦૫
નિજ સખા ચમર કરે લઈ હાથ રે, આ જો આવ્યા ભૂમાનંદના નાથ રે... ૦૬

● **૧.** વેદ (આપણા વેદ એટલે મુક્તો) ● **૨.** જેનો અંત ન આવે તે રીતે

**૮૮૧** **પદ-૨**

જુઓ છબી શ્યામ સુંદરવર કેરી રે, હીરની નાડી સૂંથલણી સોનેરી રે... ૦૧
જરકસી જામો બુટ્ટાદાર રે, કસીયો કમર સોનેરી કટાર રે... ૦૨
શિર પર પાઘ પેચાળી નવરંગી રે, કાને ગુચ્છ ગુલાબી માથે કલંગી રે... ૦૩
ગજરા તોરા ગળે ગુલાબના હાર રે, આવી ઉપર ભ્રમર કરે છે ગુંજાર રે... ૦૪
પોં'ચી કડાં બાંયે બાજુ બંધ રે, નંગ જડ્યાં કુંડળ મોતીનાં વૃન્દ રે... ૦૫
વેગે જુઓ **વરણાગિયો**[1] વનમાળી રે, શીતળ થાયે ભૂમાનંદ કે' ભાળી રે... ૦૬

● **૧.** મોહ ઉપજાવે તેવા

**૮૮૨** **પદ-૩**

મૂર્તિ ચંચળ જુઓ ચટકંતી ચાલ રે, નેતર છડી કરમાં ફુમકિયાળી લાલ રે... ૦૧
મંદ હાસ્ય ચપળ નેણાં ચિત્ત ચોરે રે, કરનાં લટકાં કરી કાળજડાને કોરે રે... ૦૨
મીઠા બોલો ઘેરે રાગે ગાય રે, અધર ધરી મોરલી મનોહર વાય રે... ૦૩
ઝળકે ભાલ વિશાળ શોભાનું ધામ રે, નાસા અણિયાળી ભ્રમર અતિ શ્યામ રે... ૦૪

અધર લાલ માંહી મધુરું હાસ્ય રે, દંત પંક્તિ કરે અતિશે પ્રકાશ રે... ૦૫
જમણે ગાલે ટીબકડી રૂપાળી રે, તાપ ટળ્યા ભૂમાનંદ કહે ભાળી રે... ૦૬

**૮૮૩ પદ-૪**

ઘેરે ચાલી આવિયા બ્રહ્મમહોલવાસી રે, જેને કહે છે અક્ષરાતીત અવિનાશી રે... ૦૧
જુઓ જીવ મોહ નિદ્રામાંથી જાગી રે, વરી એને થાઓ અખંડ સોહાગી રે... ૦૨
જોતા વાટ આવી મારે જાન રે, પોતે વર પુરુષોત્તમ ભગવાન રે... ૦૩
સંત-ભક્તાદિક ધરે જેનું ધ્યાન રે, મારાં લોચન કરે તે મુખડાનું પાન રે... ૦૪
એની સર્વે દેખી અલૌકિક રીત રે, ચોંટ્યું મારું સુંદરવરમાં ચિત્ત રે... ૦૫
હથેવાળો હરિ સંગાથે મેં કીધો રે, ભૂમાનંદ કહે જન્મ સુફળ કરી લીધો રે... ૦૬

**૮૮૪ (રાગ : સારંગ)**

સજની કોડે આનંદ મારે ઘેર શ્રીજી પધાર્યા;
આવી મારાં તનડા કેરાં તાપ નિવાર્યાં રે... ટેક

હરખે શું ઊઠી હું તો સન્મુખ ચાલી, તેડી બેસાર્યા મેં તો બાંયલડી ઝાલી;
હરિને નીરખીને હું તો થઈ અનુરાગી...સજની ૦૧

હરિને જમાડ્યા મેં તો હાથે સાહેલી, કુળની મરજાદા મેં તો કોરે લઈ મેલી;
હરિને જમાડી હું તો થઈ છું રે ઘેલી...સજની ૦૨

ઊંચી અગાશી મારી નૌતમ મેડી, ઊંચે આવાસે મુજને એકાંતે તેડી;
હૈડાંની **રાડ્યો**[૧] મેં તો હરિ આગે રેલી...સજની ૦૩

વણ તેડ્યા વહેલા મારે મંદિરે આવે, મન કોડે મોહન મીઠી દૃષ્ટિ રેલાવે;
હેત કરીને મુજને હસીને બોલાવે...સજની ૦૪

રંગના રંગીલા મુજને રંગ લાગ્યો તારો, કેડ્યે ફરે છે જીવન પ્રાણ અમારો;
મુક્તાનંદ કહે છે મારો જન્મ સુધાર્યો...સજની ૦૫

● ૧. ફરિયાદ

**૮૮૫ (રાગ : રૂડી ને રંગીલી રે)**

આજ મેં તો દીઠા રે અલબેલો આવતા રે, મહારાજ અનાદિમુક્તોને સંગ જો;
સુંદર મોળીડું રે શોભે શિર ઉપરે રે, જરકસી જામા પે'ર્યા અંગ જો... આજ ૦૧

ફૂલડાંના તોરા રે ખોસ્યા બાઈ **ખૂપ**[૧]માં રે, ગજરા બાંધ્યા છે બેઉ હાથ રે;
ફૂલડાંના હાર રે હીંચે ઘણું હૈડે રે, નખશિખ શોભે છે ઘણું નાથ જો... આજ ૦૨

સાથીડા સંગાથે રે આવે હરિ હસતા રે, ગાતાં ગાતાં આવે મહારાજ ગીત રે;
લટકંતા આવે રે લેવા મન માહરું રે, જોઈ મોઈ રહ્યું મારું ચિત્ત જો... આજ ૦૩

શું કરું સાહેલી રે ઘેલી થઈ હું ઘણું રે, હૈયું તો રહ્યું નહિ મારું હાથ રે;
રસબસ થઈ રે બાઈ એના રૂપમાં રે, નીરખી નિષ્કુળાનંદનો નાથ જો... આજ ૦૪

● ૧. બંને કાન પરનો ભાગ

**૮૮૬ (રાગ : મિશ્ર દેશ)**

મુક્ત સંગ આવતા શ્યામ રે, રાજ ઘનશ્યામ રે (૨)
ઓ મારે ખોરડે (૨)...ટેક

રંગીલા શ્યામ તારે કાજ રે, શુભ સજ્યો સાજ રે;
રંગભર રમત રમાય રે...ઓ મારે ૦૧

લટકંતી ચાલ ચાલે વાંકડી, ચરણ પહેરી ચાખડી;
મૂર્તિમાં રસબસ બનાય રે...ઓ મારે ૦૨

ઠુમ ઠુમકે પાવ ધરે ઠાવકા, શબ્દ સુણે શ્યામ કા;
મીઠાં મીઠાં ગીતડાં સુણાય રે...ઓ મારે ૦૩

શ્રીજી સંગ તાળી દઈ ગાવતા, મુક્ત સંગ મ્હાલતા;
નયન બાણે એકતા કરાય રે...ઓ મારે ૦૪

શ્રીહરિની રસમય મૂર્તિ, જોતાં હરે સૂરતી;
વારી જાય દાસાનુદાસ રે...ઓ મારે ૦૫

**૮૮૭ (પદ : રાજાધિરાજ શ્રીજીમહારાજ ભલે પધાર્યા)**

રાજાધિરાજ શ્રીજીમહારાજ ભલે પધાર્યા (૨)
રાજાધિરાજ શ્રીજીમહારાજ ભલે પધાર્યા (૨)
સ્વાગતમ્... સ્વાગતમ્... ભલે પધાર્યા સ્વાગતમ્ (૨)
સ્વાગતમ્ સ્વાગતમ્ સ્વાગતમ્ સ્વાગતમ્ (૨)
સ્વાગતમ્... સ્વાગતમ્... ભલે પધાર્યા સ્વાગતમ્ (૨)
રાજાધિરાજ શ્રીજીમહારાજ ભલે પધાર્યા (૨)...ટેક

સનાતન એક સર્વોપરી, દિવ્યાતિદિવ્ય મૂર્તિ (૨)
વ્યતિરેક સ્વરૂપ આપી અમને, કરાવી પૂરી પ્રાપ્તિ(૨)
સ્વાગતમ્... સ્વાગતમ્... ભલે પધાર્યા સ્વાગતમ્;
રાજાધિરાજ શ્રીજીમહારાજ ભલે પધાર્યા સ્વાગતમ્... ૦૧

અબજોને મૂર્તિમાં રાખે, શ્રીજીસંકલ્પમૂર્તિ (૨)
રસબસ કરી મૂર્તિમાં રાખ્યા, મહેર કરી ઘણી અતિ (૨)
સ્વાગતમ્... સ્વાગતમ્... ભલે પધાર્યા સ્વાગતમ્;
જીવનપ્રાણ બાપાશ્રી ભલે પધાર્યા સ્વાગતમ્... ૦૨

અમીરપેઢી કારણ સત્સંગની, સ્વામી ગોપાળાનંદ તણી (૨)
અજોડ જ્ઞાનરસ પિવડાવી, કીધી અઢળક કૃપા ઘણી (૨)
સ્વાગતમ્... સ્વાગતમ્... ભલે પધાર્યા સ્વાગતમ્;
હે વ્હાલા સદ્ગુરુશ્રીઓ ભલે પધાર્યા સ્વાગતમ્... ૦૩

સત્પુરુષ દિવ્ય પ્રૌઢ પ્રતાપી, કૂંચી આપે વચનામૃત તણી (૨)
અન્વય વ્યતિરેક જ્ઞાન કરાવી, નિષ્ઠા કરાવે પોતાના ગણી (૨)
સ્વાગતમ્... સ્વાગતમ્... ભલે પધાર્યા સ્વાગતમ્;
વ્હાલા ગુરુ બાપજી ભલે પધાર્યા સ્વાગતમ્... ૦૪

અનુભવજ્ઞાન શ્રીજીનું આપી, રાજીપા સામું દૃષ્ટિ કરાવી (૨)
કારણ સત્સંગ વિશ્વવ્યાપી, કરવા જેણે ટેક ધરાવી (૨)
સ્વાગતમ્... સ્વાગતમ્... ભલે પધાર્યા સ્વાગતમ્;
વ્હાલા પૂજ્ય સ્વામીશ્રી ભલે પધાર્યા સ્વાગતમ્... ૦૫

ગુરુના વચને શું ન થાયે, તન મન ધન કુરબાન કરી (૨)
સેવા સમર્પણ સિદ્ધાંતવાદી, રાજી કરવા છે પડાપડી (૨)
સ્વાગતમ્... સ્વાગતમ્... ભલે પધાર્યા સ્વાગતમ્;
વ્હાલા સંતો, વ્હાલા ભક્તો ભલે પધાર્યા સ્વાગતમ્... ૦૬

સ્વાગતમ્... સ્વાગતમ્... સ્વાગતમ્... સ્વાગતમ્... (૨)
સ્વાગતમ્... સ્વાગતમ્... સ્વાગતમ્... સ્વાગતમ્... (૨)

### ૮૮૮ (પદ : સ્વાગતમ્ શ્રીજી સુસ્વાગતમ્)

સત્તોજોક્ષરધામ દિવ્ય વસતિં, શ્રી સ્વામિનારાયણં।
અનાદિ સ્વકલીનકં સુખકરં, પ્રત્યક્ષં વૈદેહિનં ॥
પ્રત્યક્ષં મનુવિગ્રહં નિજજને, ભ્યોમૂર્તિ સત્શર્મદં।
રૌમેશ્વર્ય મુદા ક્ષરાદ્યસુખદં, ધ્યાયે સદા સ્વામિનં ॥
વંદે સદા સ્વામિનં...(૨)

સ્વાગતમ્ શ્રીજી... સુસ્વાગતમ્ શ્રીજી...
સ્વાગતમ્ શ્રીજી... સુસ્વાગતમ્ શ્રીજી...ટેક

દશે દિશાઓથી વહે સ્વાગતમ્ શ્રીજી, જળ તેજ વાયુ પૃથ્વી કહે સ્વાગતમ્ શ્રીજી;
કોયલ મોર **ચકોર**[1] કહે સ્વાગતમ્ શ્રીજી, **ધેનુ**[2] **અશ્વ**[3] **વનરાજ**[4] કહે સ્વાગતમ્ શ્રીજી,
બાળમુક્તો કિશોરો કહે સ્વાગતમ્ શ્રીજી, યુવકો ને વડીલો કહે સ્વાગતમ્ શ્રીજી;
સાધક ને સંતો કહે સ્વાગતમ્ શ્રીજી, બાપજી ને સ્વામીશ્રી કહે સ્વાગતમ્ શ્રીજી.
સ્વાગતમ્... શ્રીજી સ્વાગતમ્... સુસ્વાગતમ્... શ્રીજી સ્વાગતમ્...૦૧

અતિ મનોહરં સર્વસુન્દરં તિલકલક્ષણં ચંચલેક્ષણમ્ ।
વિબુધવન્દિતં સ્વામિનાથ તે વપુરિહાસ્તુનો નિત્યદર્શને ॥

શ્રીજી પધારો થઈને રાજી, બાપા પધારો થઈને રાજી;
સદ્‌ગુરુઓ રહેજો રાજી, બાપજી-સ્વામીશ્રી થાજો રાજી,
થયા રાજાધિરાજ રાજી, તો હવે શું કરશે કાજી;
સિદ્ધાંત ને નિયમમાં ગાજી, કરીએ સદાય રાજી રાજી,
મોટાના વચનમાં હાજી હાજી, રુચિ બહાર નાજી નાજી;
હવે ન કરીએ વાર ઝાઝી ઝાઝી, કેમ હારીએ જીતી બાજી (૨).
સુસ્વાગતમ્... શ્રીજી સ્વાગતમ્... (૩)..૦૨

ઢોલ નગારાં ત્રાંસાં વાજે, શરણાયુંના સૂરો ગાજે;
ઝાંઝ પખાજ ને તબલાં બાજે, સંતૂર ને સિતાર બાજે,
શ્રીજી રાજી કરવા કાજે, બાપા રાજી કરવા કાજે;
કર્યો સંકલ્પ પ્રબળ આજે, આ **SMVS** સમાજે(૨)
સ્વાગતમ્ શ્રીજી સુસ્વાગતમ્ શ્રીજી(૨)..૦૩

• **છડી :** સર્વોપરી, સર્વાવતારી, સર્વના કારણ, સર્વના નિયંતા, સર્વના કર્તા, અજોડ, અદ્વિતીય, એકમાત્ર સનાતન ભગવાન, રાજામહારાજાધિરાજ, અનંતકોટિ બ્રહ્માંડના અધિપતિ સ્વામિનારાયણ ભગવાનને ઘણી ખમ્મા... ઘણી ખમ્મા... ઘણી ખમ્મા...

રોમ રોમ ઊભરાયે આનંદ, રગેરગમાં વહે આનંદ;
કણેકણમાં છલકાય આનંદ, ચારેકોરે આનંદ આનંદ,
આનંદ... આનંદ... (૨)

દિવ્ય ખુશબુ ફેલાયે મંદ મંદ, છૂટે તેજના ચારેકોરે બંબ;
ટળી જાય સર્વે ફોગટ ફંદ, થયો રોમ રોમ શ્રીજીનો સંબંધ.
સ્વાગતમ્... શ્રીજી... સ્વાગતમ્...
સુસ્વાગતમ્... શ્રીજી... સ્વાગતમ્... (૨)...૦૪

સ્વામિનારાયણ... સ્વામિનારાયણ... (૨)
સ્વામિનારાયણ નારા ગુંજે, વિશ્વવ્યાપી જયકારો ગુંજે(૩);
ભક્તો-મુક્તો જેને સહેજે પૂજે, અવતારોને ના દર્શન સૂઝે,
કૌન મિલા હૈ આજ મુઝે, કૈસા કિયા હૈ આજ મુઝે;
અનાદિમુક્તો મૂર્તિમાં થીજે, અક્ષરાદિ અન્વયમાં ગુંજે.
સુસ્વાગતમ્... શ્રીજી... સ્વાગતમ્...(૪)...૦૫

સ્વાગતમ્... શ્રીજી સ્વાગતમ્...(૬)
સ્વાગતમ્... સ્વાગતમ્... સ્વાગતમ્... (૨)
દિવ્યં શ્રીઘનશ્યામ કં શરણદં, કૈશોરમૂર્તિ પરમ્।
તેજઃપુંજ મુખારવિંદસહજં, ધર્મસ્ય ભક્તેઃ પ્રિયમ્ ॥
બાપાશ્રી અબજી ગોપાલમુનિકં, શ્રી સદ્‌ગુરુ મુક્તકાન્।
ત્વં શ્રી સદ્‌ગુરુ દેવનંદન કૃપા, સ્તોત્રં પરં મંગલં ॥
વંદે સદા સ્વામિનં, વંદે સદા સ્વામિનં ॥

● ૧. એક પ્રકારનું પક્ષી ● ૨. ગાય ● ૩. ઘોડો ● ૪. સિંહ

## ૮૮૯ (પદ : સ્વાગતમ્ સ્વાગતમ્ દિવ્ય સ્વાગતમ્)

સ્વાગતમ્ સ્વાગતમ્ દિવ્ય સ્વાગતમ્, રાજાધિરાજ મહારાજનું દિવ્ય સ્વાગતમ્;
સ્વાગતમ્ સ્વાગતમ્ દિવ્ય સ્વાગતમ્, જીવનપ્રાણ બાપાશ્રીનું દિવ્ય સ્વાગતમ્,
સ્વાગતમ્ સ્વાગતમ્ દિવ્ય સ્વાગતમ્... ટેક

સનાતન સર્વોપરી દિવ્ય તેજોમય, કૃપા કરી રાખે મૂર્તિમાં તન્મય;
શ્રીજી સંકલ્પમૂર્તિ સુખમાં રમાડનાર, મળે નહિ જન્મો ધરી લાખો કરોડ વાર,
સ્વાગતમ્ સ્વાગતમ્ દિવ્ય સ્વાગતમ્, શ્રીજીમહારાજ ને બાપાશ્રીનું દિવ્ય સ્વાગતમ્... ૦૧

શ્રીજી સમકાલીન બાપા સમકાલીન, વ્હાલા સદ્‌ગુરુશ્રીઓ મૂર્તિમાં છે લીન;
કારણ સત્સંગ અમીરપેઢીનું ઋણ સદા, સાંસાગોટિલા કરી કરીએ છીએ ઋણ અદા,
સ્વાગતમ્ સ્વાગતમ્ દિવ્ય સ્વાગતમ્, વ્હાલા સદ્‌ગુરુશ્રીઓનું દિવ્ય સ્વાગતમ્... ૦૨

અનાદિમુક્ત દિવ્ય સત્પુરુષ નિદાન, વ્હાલા ગુરુ બાપજી આપે અભયદાન;
સર્વે સદ્‌ગુરુશ્રીનાં થાયે જેમાં દર્શન, કૃપા કરી આપે રાજી થકા દર્શન,
સ્વાગતમ્ સ્વાગતમ્ દિવ્ય સ્વાગતમ્, વ્હાલા ગુરુજી બાપજીનું દિવ્ય સ્વાગતમ્... ૦૩

બાપજી આપે સર્વોપરી શ્રીજીનું જ્ઞાન, સ્વામીશ્રી બતાવે સૌને અનુભવજ્ઞાન;
મળે નહિ કોઈને બે બે સત્પુરુષ જોડ, સુખિયા કરવા કરે કૃપા અજોડ,

સ્વાગતમ્ સ્વાગતમ્ દિવ્ય સ્વાગતમ્, બાપજી ને સ્વામીશ્રીનું દિવ્ય સ્વાગતમ્... ૦૪

દિવ્યપુરુષના યોગે દિવ્ય સંતો-ભક્તો, **SMVS** એટલે અનાદિમુક્તો;
શ્રીજીમહારાજનો વ્હાલો આ સમાજ, કરે આ મજરો રાજી કરવા કાજ,
સ્વાગતમ્ સ્વાગતમ્ દિવ્ય સ્વાગતમ્, વ્હાલા સંતો-ભક્તોનું દિવ્ય સ્વાગતમ્... ૦૫

### ૮૯૦ (પદ : પધારો પધારો પધારોને મારા પ્રાણઆધાર)

પધારો, પધારો, પધારોને મારા પ્રાણઆધાર;
વધારો, વધારો, વધારોને મારા આનંદને...ટેક

વધાવો વધાવો વધાવો, વ્હાલાને વ્હાલથી વધાવો;
**સિધાવો**[1] સિધાવો સિધાવો, હૈયાના હેતથી સિધાવો,
વધાવા ને સિધાવા જેવા બીજા નહિ કોઈ એવા... પધારોને... ૦૧

(**પ્રાર્થના :** હે મહારાજ... હે મારા પ્રાણઆધાર... પધારો... દયાળુ, પધારો.
હે બાપા.. હે મારા જીવનપ્રાણ... પધારો... દયાળુ, પધારો.
હે વ્હાલા સદ્‌ગુરુશ્રીઓ... પધારો... દયાળુ, પધારો;
પ્રેમીભક્તોના મનોરથ પૂરા કરવા પધારો... દયાળુ, પધારો.
વ્હાલા સૌ સંતો-ભક્તોને લાડ લડાવવા પધારો... દયાળુ, પધારોને.)

લાવો લાવો લાવો, વિધ વિધ પુષ્પો લાવો;
ન્હાવો ન્હાવો ન્હાવો, નવા નવા સ્નેહથી ન્હાવો,
લઈ લ્યો લ્હાવો હેતે વધાવો, મળ્યો છે લખલૂંટ લ્હાવો... પધારોને... ૦૨

પ્રાણપ્યારા પ્રભુજી પધારો, ગુણવંતા ગુરુજી પધારો;
અંતરના દોષો ભગાવો, ભૂખ રાજી કર્યાની જગાવો,
તક રાજી કરવાની હવે નથી ફરવાની, બસ કરવાને શ્રીજી રાજી... પધારોને... ૦૩

દાસભાવે સૌને નમીએ, નિર્દોષ થઈ તમને ગમીએ;
સેવામાં આગળ થઈએ, પડદાની પાછળ રહીએ,
માન મોટપ ઈર્ષ્યા મેલી મનગમતું સર્વે મેલી, રુચિમાં જીવી જઈએ... પધારોને... ૦૪

સદાય રાજી રહેજો, સદાય ભેળા ભળજો;
બિરદ જાણીને નિભાવજો, ભૂલો અમારી માફ કરજો,
ભલે છોરું કછોરું થાય આડું ને અવળું થાય, તોય તું માવતર કહેવાય... પધારોને... ૦૫

● ૧. 'બિરાજમાન કરો' એવા અર્થમાં સમજવું

**૮૯૧ (રાગ : મ્હારી હૂંડી સ્વીકારો મહારાજ રે)**

ઘેર આવો ઘેર આવો ઘેર આવો, પ્રભુજી મારે ઘેર આવો રે;
ભક્તવત્સલ તમે કહાવો, પ્રભુજી મારે ઘેર આવો રે...ટેક

કોટિ જન્મના પુણ્યથી, પણ ન થાય તમારો મેળાપ;
કેવળ કરુણા કરી હરિ, મુખો મુખ મળ્યા છો આપ,
હવે ભૂલશું નહિ આ દાવો...૦૧

દેહ ગેહ સુત વિત સર્વે, હરિ કરશું તમને અર્પણ;
સર્વે કૃતારથ બનશે, વ્હાલા કરી તવ દર્શન,
ભલે આવ્યો છે અવસર આવો...૦૨

તવ ચરણથી પાવન થશે, મારું મંદિરિયું મહારાજ;
મારું સર્વે લેખે લાગશે, સિદ્ધ થશે સર્વનાં કાજ,
સેવી પૂજી પધરાવી લઈશું લ્હાવો...૦૩

હેત કરી વહેલા પધારો, સાથે લઈ સંત સમાજ;
એ વચન આપો મુજને, કરવાં પૂરાં મારાં કાજ,
પ્રેમીજનોના પ્રાણ તમે કહાવો...૦૪

કાલાં ઘેલાં વચનો બોલી, લે છે કોલ પ્રભુની પાસ;
ખપ ને પ્રેમ તો આવો કરો, એમ કહે છે દાસાનુદાસ,
સાચા પ્રેમે 'ઘનુ'ને રિઝાવો...૦૫

**૮૯૨ (પદ : આસમા મોતી બરસાવો)**

**કરતે હૈં હમ મંગલ સ્વાગત, સ્નેહ સાગર કા દિવ્ય સ્વાગત;**
**સુખદાતા શ્રીહરિ કા સ્વાગત, કરુણા મૂર્તિ વાલમ સ્વાગત;**
**સ્વાગતમ્... શુભ સ્વાગતમ્ (૨), સ્વાગતમ્... શુભ સ્વાગતમ્... (૨)**

આસમા મોતી બરસાવો શ્રીજીમહારાજ પધારે હૈં; (૨)
લ્હેર સુખ કી સાથ લેકર, બાપાશ્રી પધારે હૈં (૨)... ટેક

બજાવો ઢોલ શહેનાઈ, (૨) બિછાવો અપની પલકો કો; (૨)
યે પલ આયે હૈં ખુશીયોં કે, કે સુખદાતા પધારે હૈ (૨)... આસમા ૦૧

ધન્ય ઘડી મેરે ગુરુદેવ પધારે, ઉપકાર વર્ષા કે સાથ;
બલિહારી મેરી સાંસેં ઉન પર, મોહે ઘનશ્યામ દિયો બતલાઈ,
મોહે શ્રીજી દિયો બતલાઈ,

જીવનપ્રાણ કે આશિષ સે, કારણ સત્સંગ કે રખવાલે; (૨)
સ્વરૂપ શ્રીજી સમજાને કો, પ્યારે ગુરુદેવ પધારે હૈં (૨)... આસમા ૦૨

જિસકા દીદાર પાને કો, તરસતી હૈ યે આંખે, (૨)
તરસતી હૈ યે સબ આંખેં; (૨)
સ્થિતિ કા દાન કરને કો, ગુરુજી ખાસ પધારે હૈં (૨)... આસમા ૦૩

આસમા મોતી બરસાવો શ્રીજીમહારાજ પધારે હૈં;
આસમા મોતી બરસાવો બાપાશ્રી પધારે હૈં,
આસમા મોતી બરસાવો પ્યારે ગુરુદેવ પધારે હૈં;
આસમા મોતી બરસાવો ગુરુજી ખાસ પધારે હૈં.
શ્રીજીમહારાજ પધારે હૈં, બાપાશ્રી પધારે હૈં;
પ્યારે ગુરુદેવ પધારે હૈં, ગુરુજી ખાસ પધારે હૈં.

### ૮૯૩ (પદ : ઘનશ્યામ મહારાજ, આવો મહારાજ)

ઘનશ્યામ મહારાજ, આવો મહારાજ;
વધાવો મહારાજ, સાથે લાવો મહારાજ;
મુક્ત મંડળ સાથે લાવો મહારાજ (૨)...ટેક

સર્વોપરી સનાતન તમે, એક પ્રગટ પુરુષોત્તમ તમે (૨);
દિવ્યાતિદિવ્ય મૂર્તિ તમે, સદા સાકાર સ્વરૂપ તમે...ઘનશ્યામ ૦૧

શ્રીજી સંકલ્પ મૂર્તિ તમે, અનંત સદ્‌ગુરુ એમને નમે (૨);
અનાદિ કરી મૂર્તિમાં રમે, વ્હાલા બાપાશ્રી આવો સમે...ઘનશ્યામ ૦૨

વચનામૃતના આચાર્ય તમે, અખંડ મૂર્તિમાં રહી એ તો ભમે (૨);
અજોડ નિષ્ઠા કરાવી તમે, ગુરુજી બાપજી આવો સમે...ઘનશ્યામ ૦૩

દિવ્યભાવ લઈ આવ્યા તમે, સમર્થ બાપજીને ઓળખાવ્યા તમે (૨);
દિવ્યજીવન દાતા તમે, વ્હાલા સ્વામીશ્રી આવો સમે...ઘનશ્યામ ૦૪

સદાય દર્શન દેજો તમે, આપના ચરણોમાં શીશ નમે (૨);
કોટિ કોટિ વંદન કરીએ અમે, સંતો-ભક્તોની પ્રાર્થના સમે...ઘનશ્યામ ૦૫

### ૮૯૪ (પદ : હો આજ મારે આંગણે)

હો આજ મારે આંગણે ગુરુજી પધાર્યા, સુખ દેવાને કાજ ગુરુજી પધાર્યા (૨)
આજ મારે આંગણે...ટેક

હો હરિકૃષ્ણ મહારાજ સાથે લાવ્યા, સંતો-ભક્તોને સાથે લાવ્યા;
આજ મારે આંગણે...૦૧

હો બાપાશ્રીના વચને પ્રગટ્યા, મુનિબાપાના વચને પ્રગટ્યા;
હો મુનિબાપાના વચને પ્રગટ્યા, સત્પુરુષ અનુભવી મળ્યા રે,
આજ મારે આંગણે...૦૨
હો હૈયે હરખ છલકાય રે, આજ સાચી ઉપાસના લાવ્યા રે (૨);
આજ મારે આંગણે...૦૩
હો શ્રીજી બાપાને ઓળખાવ્યા રે, દિવ્યજીવનની વાત લાવ્યા રે (૨);
આજ મારે આંગણે...૦૪
હો એના વેચાણ થઈને જીવવું રે, મારે એના ગુલામ થઈને રહેવું રે (૨);
આજ મારે આંગણે...૦૫

### ૮૯૫ (પદ : વધાવો વ્હાલાને વધાવો)

વધાવો વ્હાલાને વધાવો, વધાવો વ્હાલથી વધાવો;
વ્હાલાના વ્હાલાને વધાવો, હરિકૃષ્ણ મહારાજને વધાવો,
કારણ સત્સંગના આ વારસ, વ્હાલા ગુરુજીને વધાવો (૨)...વધાવો ૦૧

સોળે કળાએ સંકલ્પ ખીલ્યો, શ્રીહરિનો આજ વ્હાલા;
શુદ્ધ ઉપાસના દૃઢ કરાવી, સ્થિતિ કરાવવા કાજ,
બાપા ને સદ્‌ગુરુ પધાર્યા, કારણ સત્સંગ કાજ;
ક્રાંતિકારી ગુરુદેવ પધાર્યા, રચ્યો દિવ્ય આ સમાજ (૨)...વધાવો ૦૨

ગુરુદેવ બાપજીનાં વચનો, વાંસે ચાલે સમાજ;
હું તે તું ને તું તે હું, આ રાજીપાનો અવાજ,
દિવ્યભાવનું વહેતું ઝરણું, આવ્યું આપણી પાસ;
દર્શન સ્પર્શ આનંદ આનંદ, સૌની પૂરી આશ,
પરભાવના આ દિવ્ય સ્વરૂપે, વહેતી સુખ સરિતા;
દિવ્યાનંદમાં અહોનિશ રાચે, રુચિમાં જ રહેતા (૨)...વધાવો ૦૩

### ૮૯૬ (પદ : પધારો પધારો વ્હાલા હરિકૃષ્ણ મહારાજ)

પધારો પધારો વ્હાલા હરિકૃષ્ણ મહારાજ;
સાથે લાવ્યા છે મુક્ત સમાજ...ટેક

પધાર્યા છે દિવ્ય પુરુષ બાપજી મારે કાજ;
સાથે લાવ્યા છે સ્વામીશ્રી દયાળ (૨)...પધારો ૦૧

આનંદ આનંદ આનંદ હૈયે આજ;
સંતો-ભક્તો જુવે છે તમારી વાટ (૨)...પધારો ૦૨

વાલમ પધારો આવી હરખ વધારો;
મુક્ત કરીને મૂર્તિમાં રાખો (૨)... પધારો ૦૩

મયૂર ખીલ્યો જોઈ મેઘની ઘટા;
દર્શને આપના સુખિયા સદા (૨)... પધારો ૦૪

બાળક કિશોર યુવા સર્વે સમાજ;
હાથ જોડી પ્રાર્થે રાજી રહેજો વ્હાલા (૨)... પધારો ૦૫

ચાતક જુવે છે ચન્દ્ર કેરી વાટ;
આપના રાજીપાની એક જ આશ (૨)... પધારો ૦૬

## મૂર્તિ પ્રતિષ્ઠાનાં પદો

### ૮૯૭ (રાગ : લાવની / મારુ)

ચલે ગજ બૈઠ કે મહારાજા(૨);
બોલત જય જય **ચોપદાર**[૧], બાજત હે બહુ બાજાં...ટેક

**ચમર**[૨] શિર નાના સાહેબ ઢોરે(૨);
મંદ મંદ ગજ ચલત, સંત કી **ભીર**[૩] ચહુ કોરે...ચલે ૦૧

છબી અતિ અદ્‌ભુત બિરાજે(૨);
કંચન કે બીચ કળશ અંબાડી, કંચન કી છાજે...ચલે ૦૨

ચલત હે ઘોડે ગજ આગે(૨);
પીછે પાલખી પેદલ રથ, છબી બહુત **નીકી**[૪] લાગે...ચલે ૦૩

રૂપ ઘનશ્યામ કો અતિ સોહે(૨);
પ્રેમાનંદ કહે નીરખી કોટિક, મનમથ મન મોહે...ચલે ૦૪

● ૧. છડીદાર ● ૨. પવન નાખવાનું એક સાધન ● ૩. ભીડ ● ૪. સુંદર

### ૮૯૮ (રાગ : પ્રેમ જોગીડા ઝોળી લઈને)

છેલ છોગાળા હરિને પૂજીને, કૃતારથ બની જાઉં રે;
મારે મૂર્તિમાં રસબસ થાવું,
દાસ ગણો તો સ્વામી બનાવી, પ્રીતે પાવ પખાળું રે... ટેક

પૂજનનો શુભ અવસર આવ્યો, પ્રેમે કરી હું લાવ્યો પૂજાપો;
ભાલ વિશાળે ચંદન ચર્ચી, પ્રીતે હાર ચઢાવું રે... મારે ૦૧

ધૂપ દીપ ને નૈવેદ્ય લાવ્યો, તુજ સંગ મેં તો પ્રેમ બઢાવ્યો;
વિવિધ પ્રકારે ભાવે જમાડી, પ્રીતે આરતી ઉતારું રે... મારે ૦૨

પુષ્પાંજલિ તવ ચરણે સ્વીકારો, દાસાનુદાસને નાથ ઉગારો;
તુજને રીઝવવા સ્તુતિ કરીને, ન્યાલ હું બની જાઉં રે... મારે ૦૩

## ૮૯૯ (મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવ ગીત)

આવ્યો આવ્યો રે ઉત્સવ આજ, **વાસણાને** આંગણિયે;
**મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવ આજ**, **વાસણાને** આંગણિયે... ટેક

આવ્યો આવ્યો મહોત્સવ આવ્યો, હૈડે હૈડે આનંદ લાવ્યો;
તન મન ધનથી સેવામાં આવ્યો, શ્રીજી બાપાના સંકલ્પે ફાવ્યો,
આત્યંતિક કલ્યાણ કાજ, **વાસણાને** આંગણિયે... ૦૧

જ્ઞેય ધ્યેય ઉપાસ્ય હરિ, સનાતન એક સર્વોપરી;
આધુનિક ઈશ્વર સૌના ઉપરી, કિરણ દ્વારા રહ્યા ધરી,
મધ્યખંડમાં ઘનશ્યામ મહારાજ, **વાસણાને** આંગણિયે... ૦૨

અન્વય-વ્યતિરેક જ્ઞાન પ્રદાતા, અબજોને મૂર્તિસુખ દાતા;
કૃપાવર્ષા સદા વરસાવતા, જીવનપ્રાણ સૌના થાતા,
અબજીબાપા બિરાજે આજ, **વાસણાને** આંગણિયે... ૦૩

દર્શન સ્પર્શ ને દૃષ્ટિએ ચડે, જન્મમરણના ફેરા ન અડે;
આત્મબુદ્ધિ સમાગમ વડે, દેહના ભાવો જરા ન નડે,
અમીરપેઢી સદ્‌ગુરુઓનો સાજ, **વાસણાને** આંગણિયે... ૦૪

ગલીએ ગલીએ શેરીએ શેરીએ, શોભાયાત્રામાં દર્શન કરીએ;
વિધ વિધ લાભો હૈયે ભરીએ, શ્રીજી પ્રભુને અન્નકૂટ ધરીએ,
સ્ટેજ પ્રોગ્રામથી ભરપૂર સાંજ, **વાસણાને** આંગણિયે... ૦૫

ગુરુજી બાપજીની અમૃતવાણી, પ.પૂ. સ્વામીશ્રીની દિવ્યવાણી;
મૂર્તિસુખની લખલૂંટ લ્હાણી, દિવ્યજીવનની **ધોમ**[૧] કમાણી,
સંતો-ભક્તોના છે શિરતાજ, **વાસણાને** આંગણિયે... ૦૬

નાનામોટા સૌ કોઈ આવે, પ્રસાદ પ્રભુનો સૌને ભાવે;
સેવા કર્યાનો આનંદ લાવે, આશીર્વાદમાં સૌ કોઈ ફાવે,
સદા રાજી રહેજો મહારાજ, **વાસણાને** આંગણિયે... ૦૭

સૌની ભેળા ભળજો મહારાજ, **વાસણાને** આંગણિયે...
સૌના કર્તા બનજો મહારાજ, **વાસણાને** આંગણિયે...

સૌને સુખિયા કરજો મહારાજ, **વાસણાને** આંગણિયે...
રાજી રહેજો વ્હાલા મહારાજ, **વાસણાને** આંગણિયે...
રાજી રહેજો મારા મહારાજ, **વાસણાને** આંગણિયે...
(**વાસણા**ને બદલે જે તે સેન્ટરનું નામ ગણવું.)

• ૧. અતિશય

આવ્યો આવ્યો રે ઉત્સવ રંગ, કે આજ મારે આંગણિયે;
લાવ્યો લાવ્યો રે આનંદ સંગ, કે આજ મારે આંગણિયે...ટેક

**(મૂર્તિ પ્રતિષ્ઠા સિવાયના અન્ય ઉત્સવો વખતે ઉપરોક્ત કીર્તનમાં આ પંક્તિ બોલવી.)**

# શાકોત્સવનાં પદો

## ૯૦૦ પદ-૧ (રાગ : ચોપાઈ)

આવ્યો આવ્યો શાકોત્સવ આજે, ઊજવીએ શ્રીહરિની સ્મૃતિ કાજે;
શ્રીહરિ પધાર્યા'તા લોયા ગામે, સુરાખાચર તણાં મુકામે... ૦૧

ગઢપુરથી રીંગણ ગાડાં આવ્યાં, શ્રીહરિએ સંકલ્પ જણાવ્યા;
પચ્ચીસ મણ રીંગણની માંય, પાંચ મણ ઘી પૂરું સમાય... ૦૨

ચણાનો લોટ ને વળી દહીં, ધાણાજીરું હળદર મરચું માંહી;
સુંદર શાક કરીએ અમ હાથે, પંક્તિમાં પીરસવા ધાર્યું નાથે... ૦૩

બાજરાના રોટલા સંતો કરો, મૂળા મરચાં મીઠું ભરી તળો;
ઝીણા ગૉળમાં ઘી ખૂબ નાખો, ખીચડીની કસર નવ રાખો... ૦૪

સીધાં સામાન સર્વે આવ્યાં, શ્રીહરિએ સ્વયં નિહાળ્યાં;
મોટી પાંચ ચૂલ તો ખોદાવી, છાણાં લાકડાં દીધાં છે મંગાવી... ૦૫

ડીંટના કાંટા તો કઢાવ્યા, મોટા કડાયામાં પાણીથી ધોવડાવ્યાં;
રીંગણાંનાં ડીંટ રાખી સાથે, ચાર ચાર ચીરાં કરાવ્યાં નાથે... ૦૬

તેમાં ખટકો ખૂબ રખાવ્યો, જીવ હિંસાનો ભય બતાવ્યો;
એકેક ચરુમાં પાંચ પાંચ મણ, રીંગણ નખાવ્યાં છે તત્ક્ષણ... ૦૭

ચરુ પર કૂંડાં તો ઢંકાવ્યાં, ધીમે તાપે માખણ શાં બફાવ્યાં;
સાંઠા ઝૂડાથી રીંગણ છુંદાવ્યાં, વર્ણી પાસે એક રસ કરાવ્યાં... ૦૮

જરૂર પૂરતું નાખે મીઠું હરિ, મરચા મસાલાવાળું દહીં કરી;
હરેક ચરુમાં મણ મણ ઘી નાખ્યું, શાક પી ગયું ઘી આખે આખું... ૦૯

છૂટે સુગંધ ખૂબ ચારે દિશ, પીરસવા ઉતાવળા થાય જગદીશ;
સંતો-ભક્તોની પંક્તિ કરાવી, સૌને પીરસે વ્હાલો હેત લાવી... ૧૦

કહેજો રહ્યું હોય કંઈ કાચું, શાક વિષે કહેજો સાચે સાચું;
સર્વે એકલું શાક જ જમે, ખીચડી રોટલા લેવાં નવ ગમે... ૧૧

પત્તર ભરી ભરી સંતો લીએ, વારંવાર આવી ભરી દીએ;
લાવો લાવો કરી જમે સંતો, અહાહા...અહોહો...કરે સર્વે ભક્તો... ૧૨

હે મહારાજ ! શું સ્વાદ તમે મૂક્યો, જમવાનું જો કોઈ આજે ચૂક્યો;
મોટી ભૂલ જીવનની હશે, ભરપાઈ કદી નવ થશે... ૧૩

મૂર્તિ તણો સ્વાદ સર્વોત્તમ, ભૂલી ન જતા કહે પુરુષોત્તમ;
દેહરૂપ થઈ નવ જમો, મૂર્તિરૂપ થઈ જમો રમો... ૧૪

આમ ઘણા દિન લીલા કરી, શાક બનાવે સ્વયં હરિ;
નિત્ય નવાં નવાં સુખ આપે, ઘણા જીવનાં દુઃખડાં કાપે... ૧૫

આપે અભયવર સુખધામ, કંઈકનાં સરે એમાં તો કામ;
રીંગણ આવ્યાં હશે જે વાડીનાં, થાય નક્કી મોક્ષ એ ધણીના... ૧૬

ઘી દૂધ હશે જે ભેંસ કે ગાયના, બીજો જન્મ હવે કદી હોય ના;
જે જે વપરાયું અમ થાળ કાજે, એ સર્વેનું પૂરું થયું આજે... ૧૭

આજે ઘેર ઘેર શાકોત્સવ કરી, સ્મૃતિ લોયાની કરાવો છો હરિ;
ભાવે ભરેલા થાળ હરિ જમજો, કૃપા કરી પ્રસાદી તો દેજો... ૧૮

થાળ કરી જમે જે પરસાદ, વરસાવી દેજો કૃપાનો વરસાદ;
સર્વે તણાં ખોટ ખાતાં હરજો, રાજીપાના પાત્ર નક્કી કરજો... ૧૯

લીલા કરી હરિ સ્મૃતિ આપો, જમી જમાડી દુઃખડાં કાપો;
અખંડ મૂર્તિમાં રાખ્યા છે હરિ, દેહભાવ ટાળો દયા કરી... ૨૦

**ઈતિ શ્રી સહજાનંદ સ્વામી શિષ્ય સિદ્ધાનંદ મુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃતસાગરના ચતુર્વિશ પૂરમાં 'શ્રીહરિએ લોયામાં પોતાના હાથે સુંદર શાક બનાવીને સંતો-ભક્તોને જમાડ્યા' એ નામે ૩૬-૩૭ તરંગનો પદ્ય અનુવાદ સમાપ્ત.**

**૯૦૧ (રાગ : ચોપાઈ)**

પધાર્યા સર્વોપરી સર્વાવતારી, સ્વામિનારાયણ સુખકારી;
ફાવ્યા ફાવ્યા બહુ બહુ ફાવ્યા, કૃપા કરી જેને ખેંચી લાવ્યા... ૦૧

તપ જપ વ્રત ઘણાં કરે, આત્યંતિક મુક્તિ નવ મળે;
ફદલમાં કલ્યાણ સોંઘું કીધું, અભયદાન સહજમાં દીધું... ૦૨

અનંત મનવારો ભરી લઈ જાવા, મુક્તો સંગે પધાર્યા છે માવા;
દર્શન સ્પર્શ પ્રસાદી ને સેવા, ચાર પ્રકારે અભયદાન દેવા... ૦૩

કર્યા રંગોત્સવ રાસોત્સવ, અન્નકૂટોત્સવ વળી શાકોત્સવ;
જમી જમાડી કલ્યાણ કીધાં, ચપટી વગાડી મૂર્તિમાં લીધા... ૦૪
કોઈએ આપી બે કેરી ચાર મૂળા, બે ચાર પેઢીનાં કામ કર્યાં પૂરાં;
લોયા જતા લોટો પાણી દીધું, પચાસ વીઘા ને કલ્યાણ કીધું... ૦૫

લોયા જઈ નિત્ય શાકોત્સવ કરે, સંતો ભક્તોને આનંદે ભરે;
નિજ હસ્તે બનાવે શાક હરિ, તાણ કરી પીરસે ફરી ફરી... ૦૬

આપે અભયવર સુખધામ, કંઈકનાં સરે એમાં તો કામ;
રીંગણ આવ્યાં હશે જે વાડીનાં, થાય નક્કી મોક્ષ એ ધણીના... ૦૭

ઘી દૂધ હશે જે ભેંસ કે ગાયના, બીજો જન્મ હવે કદી હોય ના;
જે જે વપરાયું અમ થાળ કાજે, એ સર્વેનું પૂરું થયું આજે... ૦૮

આજે ઘેર ઘેર શાકોત્સવ કરી, સ્મૃતિ લોયાની કરાવો છો હરિ;
ભાવે ભરેલા થાળ હરિ જમજો, કૃપા કરી પ્રસાદી તો દેજો... ૦૯

થાળ કરી જમે જે પરસાદ, વરસાવી દેજો કૃપાનો વરસાદ;
સર્વ તણાં ખોટ ખાતાં હરજો, રાજીપાના પાત્ર નક્કી કરજો... ૧૦

લીલા કરી હરિ સ્મૃતિ આપો, જમી જમાડી દુઃખડાં કાપો;
અખંડ મૂર્તિમાં રાખ્યા છે હરિ, દેહભાવ ટાળો દયા કરી... ૧૧

## રાસોત્સવનાં પદો

**૯૦૨ (રાગ : ગરબી)**

સખી ગઢપુર ગામના ચોકમાં રે, ખાંતે માંડ્યો રસીલો ખેલ;
રમે રાસ રંગીલો રંગમાં રે...ટેક
ચહુ કોરે સખાની મંડળી રે, ઊભા વચમાં છેલો અલબેલ...રમે ૦૧

સખી ચાલોને જઈએ દેખવા રે, વા'લે પહેર્યાં છે વસ્ત્ર શોભિત...રમે ૦૨
તાળી પાડે રૂપાળી તાનમાં રે, મુખે ગાવે મનોહર ગીત...રમે ૦૩
શોભા બની સલૂણા શ્યામની રે, ઊભી સર્વે નારી જોવા કાજ...રમે ૦૪
હસી **હેરે**[1] છબીલો હેતમાં રે, બ્રહ્માનંદનો વ્હાલો વૃષરાજ...રમે ૦૫

● **૧.** નીરખે, સામું જુએ

**૯૦૩ (રાગ : ગરબી)**

જુઓ જુઓને હાં હાં રે;
જુઓ જુઓને સાહેલીઓ આજ, રસિયો રાસ રમે,
પંચાળામાં હાં રે, પંચાળામાં શ્રીજીમહારાજ... ટેક

નિર્મળ રજની છે અજવાળી, નિર્મળ વેલી વન રે;
નિર્મળ મનના નિજ સખામાં, નિર્મળ પ્રાણજીવન... રસિયો ૦૧

દીવાની માંડવડી વચ્ચે, જાણે દીપક ઝાડ રે;
ફરફર જનમાં ફેરા ફરતાં, કરતાં રસની રાડ... રસિયો ૦૨

તાળી પાડે શ્રી વનમાળી, મુનિ સાથે મુનિનાથ રે;
મુક્તમંડળ જોવાને આવ્યાં, સંતો ભક્તો છે સાથ... રસિયો ૦૩

શ્વેત વરણના નિજ શરીરે, સોનેરી શણગાર રે;
ગગન વિશે જેમ વીજળી ઝબકે, શોભા એમ અપાર... રસિયો ૦૪

પાઘ વિષે છોગાં છેલાને, કમર કસી કરી જોર રે;
ઊલટ સૂલટ નટવર નાચે છે, શ્રીહરિ ધર્મકિશોર... રસિયો ૦૫

ઊંચા સ્વરથી તાન ઉપાડે, જન સંગ જીવનપ્રાણ રે;
સારો સ્વર કોઈ સુણી સખાનો, વ્હાલો કરે વખાણ... રસિયો ૦૬

ધીમ ધીમ ધીમ ધીમ દુકડ વાગે, તનનન તનન સિતાર રે;
ઝાંઝ વગાડે ઝણણ ઝણણણણ, **ભેરીના**[1] ભણકાર... રસિયો ૦૭

ધન્ય ધન્ય પંચાળાની ધરણી, ધન્ય ધન્ય ઝીણાભાઈ રે;
ધન્ય ધન્ય ધન્ય છે ધર્મકુંવરને, રાસ રમ્યા સુખદાઈ... રસિયો ૦૮

પંચાળામાં એવા જનને, આપ્યાં સુખ અપાર રે;
વિશ્વવિહાર લાલ થયો છે, ધન્ય ધન્ય ધન્ય આ વાર... રસિયો ૦૯

● **૧.** નોબતના, નગારાના

### ૯૦૪ (રાગ : આપે આશિષ અલબેલડો)

શરદપૂનમની રાતડી ને ઓલ્યો ચંદ્ર ચડ્યો આકાશ રે;
આવેલ લ્હાવા લેવા રે... ટેક
લ્હાવો લેવાને અમે આવિયા ને, મારે વ્હાલે રમાડ્યા રાસ રે... આવેલ ૦૧
ઘનશ્યામ બિરાજ્યા ચોકમાં ને, લઈ મુક્ત મંડળને સાથ રે... આવેલ ૦૨
ફરતાં તે ફેરા ઘણા કરિયા ને, સૌને સાથે રમાડ્યા રાસ રે... આવેલ ૦૩
દૂધપૌંઆ સાકર જમવાને, વ્હાલો પધાર્યા કરીને મહેર રે... આવેલ ૦૪
જમીને ભક્તોને રાજી કરે ને, વ્હાલો કરાવે લીલા લ્હેર રે... આવેલ ૦૫
આશા અમારી પ્રભુ પૂરી કરો ને, વ્હાલા આપો પ્રસાદી આજ રે... આવેલ ૦૬
આ લોકમાં તો લાડ લડાવીને, પરલોકે દ્યો મૂર્તિસુખ રે... આવેલ ૦૭
દાસાનુદાસ કહે ન્યાલ કરે છે, જાણી સ્વ બિરદ ખાસ રે... આવેલ ૦૮

## રક્ષાબંધનનાં પદો

### ૯૦૫ (રાગ : મહિમા, મહિમા...)

રક્ષા રક્ષા, કરો છો રક્ષા;
આપના જે થાય તેની, સદા કરો છો રક્ષા...રક્ષા ૦૧

સર્વોપરી ઉપાસના હોય, પતિવ્રતાની ભક્તિ,
નિયમની દૃઢતાવાળાની, જવાબદારી તો લીધી...રક્ષા ૦૨

તનની રક્ષા કીધી આપે, મૂળજી શેઠ તણી,
ગાંધીનગરના બાબુભાઈની, રક્ષા કીધી ઘણી...રક્ષા ૦૩

ધનની રક્ષા કાજે આપે, ગલુજીને તેડાવી લીધા,
બોટાદ ગામના ભગા શેઠને, મંદિરે રોકી દીધા...રક્ષા ૦૪

મનના દોર્યા દોરાઈ જાતા, હરજીભાઈની રક્ષા કીધી,
સગરામ પટેલને ચોખ્ખા કર્યા, બાપજીએ સંભાળ લીધી...રક્ષા ૦૫

વરસાખેરના આત્માની રક્ષા, સર્પ તણો મોક્ષ કીધો,
રક્ષાબંધન ખરું હરિનું, રક્ષાનો કોલ દીધો...રક્ષા ૦૬

શૂળીનું દુઃખ કાંટે સારી, ટોકન આપી દેજો,
એને સહન કરવાનું આપ, બળ આપી દેજો...રક્ષા ૦૭

•••

# બાળ વિભાગનાં પદો

## ૯૦૬ (રાગ : ગરબી)

બાળ સનેહી રે મોહન મુજને ગમતા... ટેક
દૂર દૂર જઈ મોંઘા થઈ બેઠા, પહેલાં તો ભેળા ભમતા... બાળ ૦૧
આજ તો અમને દર્શન દુર્લભ, જોડે બેસીને જમતા... બાળ ૦૨
અણ તેડ્યા વાંસે આવીને, રસિયો રંગભર રમતા... બાળ ૦૩
જે કહેતા તે કામ જ કરતા, નટવર રહેતા નમતા... બાળ ૦૪
બાળ જોગી જેવો વેશ જણાવી, દેહ પ્રાણને **દમતા**[૧]... બાળ ૦૫
મુક્તાનંદ મોહનની લીલા, રાખતા શીલ ને **સમતા**[૨]... બાળ ૦૬

● ૧. દમન કરતા, પીડતા ● ૨. સરખાપણું

## ૯૦૭ (પદ : એકડે એક, મહારાજની)

એકડે એક, મહારાજની ધર ટેક,
પ્યારા બંધુ રાજીપો લેવો સહેલ છે...ટેક
બગડે બે, મોબાઈલથી દૂર રહે...પ્યારા બંધુ ૦૧
ત્રગડે ત્રણ, ભણવામાં ધ્યાન ધર...પ્યારા બંધુ ૦૨
ચોગડે ચાર, રાજીપાનો કર વિચાર...પ્યારા બંધુ ૦૩
પાંચડે પાંચ, માતાપિતાનું માનો સાચ...પ્યારા બંધુ ૦૪
છગડે છો, સૌમાંથી ગુણ લો...પ્યારા બંધુ ૦૫
સાતડે સાત, છોડી દે જીદની વાત...પ્યારા બંધુ ૦૬
આઠડે આઠ, મોટાની મર્યાદા રાખ...પ્યારા બંધુ ૦૭
નવડે નવ, કરીશ ના ક્રોધ બહુ...પ્યારા બંધુ ૦૮
એકડે મીંડે દસ, મૂર્તિમાં રાખજો બસ... પ્યારા બંધુ ૦૯

## ૯૦૮ હાલરડું (રાગ : આભમાં ઉગેલ ચાંદલો ને)

સોના કેરો સૂરજ ઊગ્યો, કારણ સત્સંગમાંય(૨);
કાળજાના કટકાને માતા(૨), એવાં પીયૂષ પાય,
કોણ છું ને શાને આવ્યો, સંકલ્પ શ્રીજીના કાજે;
શાને આવ્યો તું પોકારે, બાપજી-સ્વામીશ્રી આજે(૨)... ટેક

સંકલ્પે શ્રીજીના આવ્યો છે તું, અનાદિમુક્ત મનાય(૨);
શ્રીજી મૂર્તિ સ્વરૂપ તારું, નાશવંત દેહથી ન્યારું(૨)... ૦૧

સિદ્ધાંતવાદી સદ્ગુરુઓની, અમીરપેઢી છે કેવી(૨);
વારસદાર આ પેઢીનો, તું છે સંકલ્પ હરિનો (૨)... ૦૨

જીવન જીવનું રંગ-રાગ ને, ભોગવિલાસી ન થાય(૨);
અંતરેથી અળગો બની, મોબત ના રાખજે મનની(૨)... ૦૩

ગુરુજી કેરાં વચનો સુણી, શું ન થાય એ કાજે(૨);
જીવવું તો શ્રીજી કાજે, રગે રગે સૂર આ ગાજે,
જીવવું તો સ્વામી કાજે, રગે રગે સૂર આ ગાજે... ૦૪

વર્તન કેરો શણગાર સજી, શોભજે તું સદાય(૨);
સિદ્ધાંતોની મૂર્તિ બની, ગુરુ રીતે રીત ધરી (૨)... ૦૫

એક દૃષ્ટિ સ્વામી સામે, રાખજે આઠું જામ(૨);
એના જેવા થાવું હશે, એનો રાજીપો જોશે (૨)... ૦૬

## ૯૦૯ (પદ : સુખ સુખ કરતી આવે)

સુખ સુખ કરતી આવે છે, મૂર્તિ ગાડી;
પરભાવે પહોંચાડે છે, મૂર્તિ ગાડી,
મૂર્તિ ગાડી, આ મૂર્તિ ગાડી;
મૂર્તિ ગાડી, આ રહી મૂર્તિ ગાડી...ટેક

મૂર્તિસુખનાં બંબ છૂટે, સુખડાં સહેજે મળે;
ન્યાલંન્યાલ કર્યા અમને...મૂર્તિ ૦૧

કોણ છું? તું શાને આવ્યો? વ્હાલા સ્વામી કહે;
મૂર્તિમાં જ છું, મહારાજ જ છે,
પરભાવમાં જ છું, મહારાજ જ છે...મૂર્તિ ૦૨

બીજા જેવાં બાળ નહીં, અમે સંકલ્પ સ્વામી તણા;
છે બાપજી સ્વામી રાજી ઘણા...મૂર્તિ ૦૩

## ૯૧૦ (પદ : સંગ સંગ કુસંગનો થઈ)

સંગ સંગ, કુસંગનો થઈ જાય સંગ;
જીવનને બરબાદ કરાવી, પ્રગતિ થઈ જાયે બંધ... ટેક

ટીવી ટીવી, (મહાભયંકર) ટીવીનો થઈ જાય સંગ;
સંકલ્પનાં પાત્રો મિટાવી, રાજીપાનો થઈ જાયે ભંગ... ૦૧

મોબાઈલ મોબાઈલ, મોબાઈલનો થઈ જાયે જો સંગ;
મન બુદ્ધિને ભ્રષ્ટ કરાવી, કુરાજીપાનો ખડકી દે ગંજ... ૦૨

મિત્રો મિત્રો, ખરાબ મિત્રોનો થઈ જાય સંગ;
સત્સંગ ને સંસ્કારો મુકાવી, ફેશન વ્યસનનો થઈ જાય ફંદ ... ૦૩

શબ્દો શબ્દો, હલકા શબ્દોનો થઈ જાય સંગ;
નાહિંમત ને ફોશી બનાવી, ધ્યેયના માર્ગે કરી દે મંદ... ૦૪

સંગ સંગ, દિવ્ય સત્પુરુષોનો થઈ જાય સંગ;
રાજીપાના પાત્ર બનાવી, કલ્યાણકારી ગુણોરૂપી ભરી દે રંગ... ૦૫

## ૯૧૧ (પદ : અમે સહુ SMVSનાં બાળ)

અમે સહુ **SMVS**નાં બાળ, બનીશું ગુણના સાગર;
પ્યારા બાપજી ને સ્વામી, દઈ દો સુખનો સાગર... ટેક

જીવું છું અંતર્વૃત્તિમય, વર્તી શિવલાલની રીત;
નથી જોઈતું એવું વર્તન, ત્યજાવે આપ તણી જે રીત... ૦૧

ખાતાં પીતાં સર્વે ક્રિયામાં, ભલે ભણતાં ને રમતાં'તા;
રાખી હું વૃત્તિ મૂર્તિમાં, જીવી જવું મરજીમાં રમતા... ૦૨

છોડી મારી બાળસહજતાને, કેળવી ધીરગંભીરતા જે;
હઠ જીદ માન ને ઈર્ષ્યા, નથી ગમતાં ધણીને જે... ૦૩

કર્યો મેં દૃષ્ટિનો સંયમ, જોવા જાણવા ને તે માણવા;
ગેમ ટીવી ને ઇન્ટરનેટ, છોડ્યા મોબાઈલને માણવા... ૦૪

વાંચતા ને શ્રવણ કરતા, નોંધું હું આપ તણો આદેશ;
મનન ખટકો અને સ્મરણ, પૂરાં કરશે અમારાં લક્ષ્ય... ૦૫

હું કોણ છું ? ને શું કરું છું, મારે શું કરવાનું છે આજ;
એવી કરી અંતરદૃષ્ટિ, માણી મેં મૂર્તિસુખની મોજ... ૦૬

## ૯૧૨ (રાગ : ખાવું, પીવું, બેસવું, સૂવું)

બાપજી સ્વામીનું હાસ્ય છે ન્યારું, એમનો રાજીપો છે જીવન અમારું;
હરીએ ફરીએ રમીએ ને જમીએ, રાજીપામાં રહી ભણીએ ને ગણીએ,
સંકલ્પના મુક્તોની સઘળી ક્રિયાય, રાજીપામાં રહેવાય સદાય... ટેક

રાજીપો એ છે મારો એક શ્વાસ, નારાજગી છે મારો ઉચ્છ્વાસ;
રાજીપો એ જ મારો ખોરાક, રાજીપો એ જ મારો આનંદ... ૦૧

રાજીપો એ જ મારું ભણતર, રાજીપો એ જ મારું ગણતર;
રાજીપો એ જ મારી છે મૂડી, રાજીપો એ જ મારી કમાણી... ૦૨

ઘણું જ ભણ્યા ને ઘણું જ ગણ્યા, રાજીપાની રીત જો ન ભણ્યા;
મૂર્ખામી છે એ તો ઘણી મોટી, કદી ન કરાય આ ફેરે વળી... ૦૩

રાજીપો એ જ મારી છે દૃષ્ટિ, રાજીપો એ જ મારી સૃષ્ટિ;
રાજીપાની ભૂખ સદાય રહે, કુરાજીપાનું દુઃખ જ ડંખે... ૦૪

'રાજી ન થાય' શબ્દોને સુણી, અંતરે બીક રહે જ ઘણી;
રાજીપો જો એક ક્ષણ કપાય, એ પળ મુજથી કેમ ખમાય... ૦૫

માછલીને છે જળ એ જ જીવન, રાજીપો છે મારું જ જીવન;
રાજીપાને હું નિશદિન તલસું, રાજીપા વિના મનાય નરસું... ૦૬

હર એક વિચારે હર એક ક્રિયાએ, હર એક ક્ષણે રાજીપો સદાયે;
મોટાનું હાસ્ય સદાય મળે, રાજીપો વહે અંતરનો સદાયે... ૦૭

**૯૧૩ (રાગ : સ્વામિનારાયણ ધામ ગુરુકુલ વ્હાલું)**

ક્રાંતિકારી યુગ પુરુષ વ્હાલા બાપજી, શ્રીજી સંકલ્પે પ્રગટ્યા રે;
સાથે લાવ્યા આપ સમા, વ્હાલા ગુરુજી સ્વામીશ્રી રે...ટેક

બાપજી આપ સદા પ્રગટ બિરાજો, ગયા નથી સદા છો જ રે;
તું એ હું ને હું તે તું છે, વચને આત્મબુદ્ધિ કરીએ રે...૦૧

અંતિમ વચનો ઉરમાં ધારીએ, રાજીપાથી ભરાઈએ રે;
સેના આપની **SMVS**ની, આપને હાશ કરાવીએ રે...૦૨

એ જેવા તો એ એક જ છે, એવી નિષ્ઠા દૃઢ કરીએ રે;
શિર જાયે તોયે નિષ્ઠા ન જાય, એવા સિદ્ધાંતવાદી બનીએ રે...૦૩

પંચવર્તમાને શૂરાપૂરા રહીએ, નિયમનો લોપ ન કરીએ રે;
મનનું ગમતું છોડી દઈએ, મહોબતમાં ન લેવાઈએ રે...૦૪

આત્મબુદ્ધિ ને આત્મીયતાથી, રુચિને જીવન કરીએ રે;
એકમના થઈ અમે સદા રહીએ, તવ ભીડો દૂર કરીએ રે...૦૫

આપના ચીલે અમે સદા ચાલીએ, તવ રીતે રીત કરીએ રે;
સ્વામીમાં આપનાં દર્શન કરીએ, સ્વામી જેવા અમે થઈએ રે...૦૬

કારણ સત્સંગ વિશ્વવ્યાપી, સંકલ્પ સાકાર કરીએ રે;
આપ વચને હોમાઈ જઈએ, સર્વસ્વ કુરબાન કરીએ રે...૦૭

### ૯૧૪ (રાગ : SMVS કાજે છે યુવાનો આન બાન ને શાન)

**SMVS**નાં બાળ અમે રખવાળ કારણ સત્સંગનાં... **SMVS**નાં બાળ;
સ્વામીશ્રીનાં બાળ અમે બલિદાન દઈ મીટવાનાં... ટેક

કેવા મળ્યા છો શ્રીજી હો તમે, કેફથી સૌ ઝૂમીએ રે;
કોણ મળ્યા છો ગુરુજી તમે, શ્રીજીરૂપ અમે જાણીએ રે,
દેહ નહિ હું મુક્ત અનાદિ, મૂર્તિરૂપ થઈ વર્તીએ રે;
પાત્ર થાવું કૃપા પામવા, મનગમતું મૂકી દઈએ રે... **SMVS**નાં બાળ ૦૧

જીવનપ્રાણ છો ગુરુજી મારા, ગુરુ વચને સૌ હોમાઈએ રે;
તવ ગમતું કરી દઈએ અમારું, રાજી કરવા સૌ જોડાઈએ રે,
તવ રીતે રીત કરીને અમારી, વારસદાર સૌ બની જઈએ રે;
રાજીપાના પ્યાસી બની, રાજીપા ભણી ડગ ભરીએ... **SMVS**નાં બાળ ૦૨

શ્રીજી અર્થે જીવન અમારું, તન મન ધન સૌ અર્પીએ રે;
સિદ્ધાંતો માટે જીવવું અમારે, એ સેવા નિશદિન કરીએ રે,
એસ.એમ.વી.એસ.નું ઋણ છે, ગૌરવ હૈયે ધારીએ રે;
આજ્ઞા થતાં કૂદી પડવું એવી, કુરબાની આ ઘર ઘર રે... **SMVS**નાં બાળ ૦૩

### ૯૧૫ આનંદ ગીત

અમે નાનાં નાનાં બાળ, કારણ સત્સંગના રખવાળ;
શ્રીજી બાપા છે આધાર, આવ્યો અવસર રાજી કરવા...ટેક

આવો સાથે મળી ઊજવીએ, સકળ દુનિયાને નોતરીએ;
શ્રીજી સર્વોપરી છે કહીએ, આવ્યો અવસર રાજી કરવા...૦૧

શ્રીજી અર્થે અમારું જીવન, બની રહો અમારું કવન;
કરીએ સદાય એ જ મનન, આવ્યો અવસર રાજી કરવા...૦૨

શ્રીમુખ વચનામૃત જે છે, બાપાએ રહસ્યાર્થ કરી છે;
સર્વોપરી ગ્રંથ એ છે, આવ્યો અવસર રાજી કરવા...૦૩

વાણી દિવ્ય બાપાશ્રીની, લ્હાણી એ છે મૂર્તિ સુખની;
હાકલ સર્વોપરી સેવાની, આવ્યો અવસર રાજી કરવા...૦૪

સુણે વાંચે દર્શન કરે, વળી સ્પર્શે ફેરા ટળે;
બાપા બોલો મૂર્તિ મળે, આવ્યો અવસર રાજી કરવા...૦૫

આનંદ ઉરમાં છે અપાર, ભેળા ભળજો સહુ નરનાર;
દશે દિશે જયજયકાર, બાપજી રાજી અપરંપાર
આવ્યો અવસર રાજી કરવા રાજી કરી લઈએ...૦૬

ચાર દિશે એક જ નાદ... રાજી કરી લેવા છે... બસ, રાજી કરી લેવા છે...
જન જનનો છે એક જ સાદ... રાજી કરી લેવા છે...બસ, રાજી કરી લેવા છે...
જીવન શ્રીજી અર્થે આજ... રાજી કરી લેવા છે...બસ, રાજી કરી લેવા છે...
જનમ ધર્યો છે શ્રીજી કાજ...રાજી કરી લેવા છે...બસ, રાજી કરી લેવા છે...
રચવો એવો દિવ્ય સમાજ... રાજી કરી લેવા છે...બસ, રાજી કરી લેવા છે...
સંકલ્પ કરજો પૂરશે આશ... રાજી કરી લેવા છે...બસ, રાજી કરી લેવા છે...
સમર્થ ધણી છે સદાય પાસ... રાજી કરી લેવા છે...બસ, રાજી કરી લેવા છે...
રંગે ચંગે ઊજવો આજ... રાજી કરી લેવા છે...બસ, રાજી કરી લેવા છે...
રાજી કરી લેવા છે... બસ, રાજી કરી લેવા છે...
રાજી કરી લેવા છે... બસ, રાજી કરી લેવા છે...

## ૯૧૯ બાળ શૌર્યગીત

છોટે છોટે બચ્ચે હૈં હમ, શ્રીજી કે સંતાન હૈં;
**SMVS** કી શાન હૈં હમ, શ્રીજી પે કુરબાન હૈં,
જય સ્વામિનારાયણ... જય સ્વામિનારાયણ...ટેક

સર્વોપરી સ્વામિનારાયણ, એક હી એક નિશાન હૈં;
જનમ હૈ શ્રીજી કે લિયે, યે હી તો પહેચાન હૈ,
પતિવ્રતા કી ભક્તિ દૃઢ હૈ, શ્રીજી જીવનપ્રાણ હૈ...**SMVS** કી ૦૧

બાપાશ્રી કે બચ્ચે હૈં હમ, સિદ્ધાંત સહી બતાયેંગે;
અન્વય ઔર વ્યતિરેક જ્ઞાન, જન જન મેં ફેલાયેંગે,
મુક્ત અનાદિ હૈ દુલારે, શ્રીજી જીવનપ્રાણ હૈ...**SMVS** કી ૦૨

ગુરુ બાપજી કે સેવક હૈં, કારણ સત્સંગ રખવાલે;
બુંદ બુંદ યે ખૂન કી બોલે, શ્રીજી કે હમ મતવાલે,
નિષ્ઠા નિયમ કી દૃઢતા હૈ, શ્રીજી જીવનપ્રાણ હૈ...**SMVS** કી ૦૩

સ્વામીશ્રી કે પ્યારે હૈં હમ, દિવ્યજીવન કે રાહી હૈ;
કારણ સત્સંગ વિશ્વવ્યાપી, સંકલ્પ કે ગવાહી હૈ,
શ્રીજી કે શરન મેં જો આયે, શ્રીજી જીવનપ્રાણ હૈ...**SMVS** કી ૦૪

સંતો-ભક્તોં માતપિતા કે, ચરનરજ કે ધારક હૈ;
સેવા સમર્પણ આત્મીયતા, ઔર બ્રહ્મચર્ય કે પાલક હૈ,
સત્પુરુષ હૈ રાહ હમારે, શ્રીજી જીવનપ્રાણ હૈ...**SMVS** કી ૦૫

**૯૧૭　　પદ-૧**

એકડે એક, બોલવામાં રાખો બ્રેક; મારા બંધુ, રાજીપો લેવો સહેલ છે...૦૧
બગડે બે, સદાય રાજી રહે; મારા બંધુ, રાજીપો લેવો સહેલ છે...૦૨
ત્રગડે ત્રણ, ખોટી ના વાપરો ક્ષણ; મારા બંધુ, રાજીપો લેવો સહેલ છે...૦૩
ચોગડે ચાર, મહિમાનો કર વિચાર; મારા બંધુ, રાજીપો લેવો સહેલ છે...૦૪
પાંચડે પાંચ, બાપાની વાત વાંચ; મારા બંધુ, રાજીપો લેવો સહેલ છે...૦૫
છગડે છો, સૌમાંથી ગુણ લો; મારા બંધુ રાજીપો લેવો સહેલ છે...૦૬
સાતડે સાત, હલકી ના કરો વાત; મારા બંધુ, રાજીપો લેવો સહેલ છે...૦૭
આઠડે આઠ, છોડી દો ખોટો ઠાઠ; મારા બંધુ, રાજીપો લેવો સહેલ છે...૦૮
નવડે નવ, કરીશ ના ક્રોધ લવ; મારા બંધુ, રાજીપો લેવો સહેલ છે...૦૯
એકડે મીંડે દસ, સત્સંગમાં લે તું રસ; મારા બંધુ, રાજીપો લેવો સહેલ છે...૧૦

**૯૧૮　　પદ-૨**

મારા પપ્પા કોણ ? તે જાણે નહિ કોઈ, એ તો કેવી સમજણ વિનાની વાત છે;
મારા પપ્પા શ્રીજી, પછી વાત કરું હું બીજી, એ તો કેવી સરસ મઝાની વાત છે...ટેક

મારી મમ્મી કોણ ? એ તો જાણે નહિ કોઈ, એ તો કેવી સમજણ...
મારી મમ્મી બાપજી, તે થાયે અમ પર રાજી, એ તો કેવી સરસ...૦૧

મારાં સગાં કોણ ? તે જાણે નહિ કોઈ, એ તો કેવી સમજણ...
મારાં સગાં સંતો, અને સર્વે હરિભક્તો, એ તો કેવી સરસ...૦૨

મારું ઘર તે કયું ? તે જાણે નહિ કોઈ, એ તો કેવી સમજણ...
મારું ઘર છે મૂર્તિ, તે જોતા હરે સૂરતી, એ તો કેવી સરસ...૦૩

મારે કરવું શું ? તે જાણે નહિ કોઈ, એ તો કેવી સમજણ વિનાની...
કરવા રાજી શ્રીજી, ને મેલી ચિંતા બીજી, એ તો કેવી સરસ...૦૪

મારું કુટુંબ કયું ? તે જાણે નહિ કોઈ, એ તો કેવી સમજણ...
મારું કુટુંબ સત્સંગ, એવી દૃઢતા અંગો અંગ, એ તો કેવી સરસ...૦૫

૯૧૯ પદ-૩

ઘનશ્યામ મારા કેવા, એ તો દર્શન કરવા જેવા;
વ્હાલા બંધુ, લૂંટી લેજો લાભને... ટેક
વ્હાલો આવો કહી આવકારે, મારા કહી મલકાવે... ૦૧
મુખ મજાનું કેવું, એ તો હસતા ચંદ્ર જેવું... ૦૨
મસ્તકે મુગટ શોભે, મનડું મારું લોભે... ૦૩
મુગટ ઉપર કલગી, પાંચ શોભે હલકી... ૦૪
કર્ણે કુંડળ લટકે, મયૂરાકાર ઝળકે... ૦૫
કંઠે ત્રણ હાર, છે સુવર્ણ આકાર... ૦૬
ખેસ વાદળી લાલ, લાંબો લાગે માલંમાલ... ૦૭
ડાબે હસ્તે અભયવર આપે, દુઃખ આપણ સૌનાં કાપે... ૦૮
સુંદર શોભે ધોતી, જુઓ મૂર્તિ ચિત્તમાં ચોંટી... ૦૯
પંખો ને ચમ્મર ઢોળે, સેવકો બંને કોરે... ૧૦
મારો વ્હાલો અમને પૂછે, અહીં કાયમ રહેવું છે... ૧૧
બહુ મોટી કૃપાવાળા, ગુરુકુળમાં છે અમારા... ૧૨
આ સંકલ્પભૂમિ મારી, કણ કણમાં રહું છું ભારી... ૧૩
તમે ધૂળની ભરજો ચપટી, માથે મૂકજો નહિ તો કપટી... ૧૪
તમે રાજી કરવા આવ્યા, એ માટે તમને લાવ્યા... ૧૫
કહે એમ કરશો તો રાજી, નહિ તો નાજી નાજી નાજી... ૧૬

૯૨૦ પદ-૪

આટલું કરી દો નક્કી, શ્રી ઘનશ્યામ પ્રભુ થકી;
પ્યારા બંધુ, આનંદની આ વાત છે...ટેક
આ શરીરનાં જે અંગ, એવો મળ્યો છે સત્સંગ...૦૧
જેમ હૃદય વિના ન ચાલે, મારા મહારાજ વિના ન હાલે...૦૨
જેમ મસ્તક માટે જીવવું, અબજી બાપા માટે મરવું...૦૩
જેમ આંખ છે મારો દીવો, ગુરુ બાપજી માટે જીવો...૦૪
મોં લાગે કેવું રૂપાળું, મારા સંતો અતિ દયાળુ...૦૫
હાથ પગ વિના ન થાયે કામ, સંસ્થા માટે આરામ હરામ...૦૬
નાકથી લેવાય સદા શ્વાસ, મારી સભા પર વિશ્વાસ...૦૭
જો આટલું નહિ રહે કાચું, તો સુખ મળશે સાચું...૦૮

**૯૨૧ (રાગ : ઘનશ્યામ ઘનશ્યામ મારી સાથે રમવા)**

બાળમુક્તો બાળમુક્તો, વાતો મોટી કરવી;
માનશો કે નહિ, માનશો કે નહીં ?...ટેક

લાગો તમે છોટા પણ અતિ છો મોટા;
બધાથી મોટા એક ઘનશ્યામથી જ છોટા,
ખાનગી વાત આ કોઈને કહેશો જ નહીં... કહેશો જ નહીં ?...૦૧

બકરાં નથી ભલે બકરાં ભેળા ફરતાં;
સિંહે પકડ્યા છે તો સિંહ જેવા કરતા,
સિંહ જેવા નીડર થશો કે નહીં... થશો કે નહીં ?...૦૨

દોરા-ધાગા જંત્ર-મંત્ર બકરાંને અડતાં;
ગ્રહ-ચોઘડિયાં ને અપશુકન નડતાં,
આવા વ્હેમ તમને કોઈ નડે જ નહીં... નડે જ નહીં ?...૦૩

ટીવી ને ગંદાં ચિત્રો જોયા કરવાં નકરાં;
ખોટું બોલવું ચોરી કરવી કહેવાય એ બકરાં,
સિંહ જે તે ખાય નહિ, ખાશો કે નહીં... ખાશો કે નહીં ?...૦૪

રોજનું લેસન રોજ કરી પહેલો નંબર લાવતા;
ઘરસભામાં બેસી ધૂન-કીર્તન બોલતા,
ઘરસભા સદા તમે ભરશો કે નહીં... ભરશો કે નહીં ?...૦૫

નાની નાની વાતમાં જો જો રિસાતા નહીં;
ભાઈ-બહેન સાહેબોને જો જો પજવતા નહીં,
રાજી કરવા આવી રીતે કરશો કે નહીં... કરશો કે નહીં ?...૦૬

પપ્પા-મમ્મી વડીલોની સર્વે વાત માનતા;
નિર્માની સદા થઈ પગે નીચે પડતા,
મર્યાદા આવી સદા રાખશો કે નહીં... રાખશો કે નહીં ?...૦૭

ગાળ બોલે ગંદું બોલે કુસંગથી દૂર રહેવું;
સારા સારા મિત્રો માટે બાળસભામાં ખાસ જવું,
ગેરહાજરી ત્યાં પાડશો જ નહીં... પાડશો જ નહીં...૦૮

બાળસભામાં બીજું આવું શું શું મળશે ?
નાની નાની વાર્તાઓ ને પ્રસાદ મીઠો મળશે,
સાહેબ-સંતોના આશીર્વાદ લેશો કે નહીં... લેશો કે નહીં ?...૦૯

આનંદ કરશું ને મોજ મસ્તી કરશું;
આવતી સભાની રાહ જલદી જલદી જોશું,
સંતો સાથે રહેવાની મજા માણશો કે નહીં... માણશો કે નહીં?...૧૦

### ૯૨૨ (વન ટુ ટેન ગીત)

ONE ઓ એન ઈ, વન એટલે એક;
શ્રીજીની મૂર્તિની રાખો એક ટેક...ટેક

TWO ટી ડબલ્યૂ ઓ, ટુ એટલે બે;
આ જન્મે શ્રીજીનું શરણું તું લે...૦૧

THREE ટી એચ આર ડબલ ઈ, થ્રી એટલે ત્રણ;
શ્રીજી ટાળી દેશે તારાં જન્મ-મરણ...૦૨

FOUR એફ ઓ યુ આર, ફોર એટલે ચાર;
માયામાંથી કાઢી લેશે શ્રીજી તને બાર...૦૩

FIVE એફ આઈ વી ઈ, ફાઈવ એટલે પાંચ;
અનાદિ સંગે તું મૂર્તિમાં રાચ...૦૪

SIX એસ આઈ એક્સ, સિક્સ એટલે છય;
થઈ જાશે તારી માયાનો ક્ષય...૦૫

SEVEN એસ ઈ વી ઈ એન, સેવન એટલે સાત;
દેહ સ્વરૂપ હવે તારી નથી જાત...૦૬

EIGHT ઈ આઈ જી એચ ટી, એઈટ એટલે આઠ;
મૂર્તિ સ્વરૂપ છે તારું વાળ એવી ગાંઠ...૦૭

NINE એન આઈ એન ઈ, નાઈન એટલે નવ;
અહોનિશ રાચી જા મૂર્તિમાં **રવે રવ**[૧]...૦૮

TEN ટી ઈ એન, ટેન એટલે દસ;
અનાદિ સંગે થા મૂર્તિમાં રસબસ...૦૯

• ૧. રોમેરોમમાં

### ૯૨૩ (રાગ : અમે તો બાપાનાં સંતાન)

અમે તો નાનાં નાનાં બાળ, અમારાં સૌથી મોટાં કામ;
મોટાં મોટાં કામ, અમે સહુ પહોંચ્યા મૂર્તિધામ... ટેક

બાલુડા સૌ અમે શ્રીજીના, અનાદિ અમારું નામ;
બાપાશ્રીનાં બાળકો અમે, ભેળાં રહીએ તમામ... અમે ૦૧

બાપજી કેરાં બાળક બનીને, કરીએ સારાં કામ;
બાળસભામાં નિયમિત જઈએ, રાજી કરીએ ઘનશ્યામ... અમે ૦૨

બાળસભામાં આવીએ ત્યારે, સંતો વાતો કરતા;
બાળક જેવા પ્રભુજી જેનું, નામ રૂડું ઘનશ્યામ... અમે ૦૩

નાનકડા ઘનશ્યામ જુઓ, કેવી લીલા કરતા;
બાપાશ્રી પણ બાળપણમાં, કરતા મોટાં કામ... અમે ૦૪

બાપજી પાસે દર્શને જઈએ તો, પૂછતા અમારું નામ;
બાળબુદ્ધિમાં બોલી જતા અમે, જૂઠું અમારું નામ... અમે ૦૫

ત્યારે બાપજી પાસે બેસારી, કહેતાં સાચું નામ;
'અનાદિમુક્ત' છે જે શ્રીજીના, તે તમારું નામ... અમે ૦૬

### ૯૨૪ (બાળસભા મહિમા ગીત)

શ્રીજીમહારાજનાં વ્હાલાં, બાળક બની જઈએ;
બાળસભામાં જઈને, દિવ્યજીવન બનાવીએ...ટેક

સદ્ગુણો સંસ્કારો અને, શિક્ષણમાં નંબર વન;
બાળસભામાં નિયમિત જઈને, દિવ્ય કરીએ જીવન...૦૧

વિવેક મર્યાદા અને નમ્રતાના, પાઠો નિત્ય શીખીએ;
માતપિતા વડીલો અને સૌના, વ્હાલા બની જઈએ...૦૨

સેવા-સમર્પણ આત્મીયતાના, પાઠો નિત્ય શીખીએ;
મહારાજ-મોટા સંતો-ભક્તોને, રાજી કરી લઈએ...૦૩

રાજીપા અને દિવ્યજીવનના, પાઠો નિત્ય શીખીએ;
વર્તન કરે વાતો એવું, દિવ્યજીવન જીવીએ...૦૪

સર્વોપરી સ્વામિનારાયણ, ભગવાનને ઓળખીએ;
અનાદિમુક્તની પદવી પામીને, રસબસ થઈ જઈએ...૦૫

શ્રીજી અર્થે જીવવાનો, દૃઢ સંકલ્પ કરીએ;
મહારાજ-બાપા બાપજી-સ્વામીશ્રીને, રાજી કરી લઈએ...૦૬

### ૯૨૫ (પદ : નાના નાના, વ્હાલા વ્હાલા)

નાના નાના, વ્હાલા વ્હાલા, પ્યારા પ્યારા હે...
અમે નાના નાના છીએ બાલુડા, અમે વ્હાલા વ્હાલા છીએ બાલુડા;
અમે પ્યારા પ્યારા છીએ બાલુડા, આ સંસ્કાર છે ઘનશ્યામજીના...ટેક
વહેલા ઊઠી પૂજા પાઠ કરી, માતાપિતાને નમતા રે...બાલુડા ૦૧
જૂઠું ન બોલીએ ખોટું ન કરીએ, ચોરીને મોટું પાપ ગણતા...બાલુડા ૦૨

**નાનપણથી અમે સ્વપ્નો સેવ્યાં...**
**હું ડૉક્ટર બનીશ, હું ઍન્જિનિયર બનીશ, હું પાઇલોટ બનીશ,**
**હું શ્રીજીમહારાજનો વ્હાલો બાળક બનીશ.**

નાનપણથી અમે સ્વપ્નો સેવ્યાં, ભણી-ગણી મહાન બનવા...બાલુડા ૦૩
કુસંગથી સદા રક્ષણ કરજો, આદર્શ ગુણો ખૂબ સિંચજો;
વ્યસન-ફૅશન ને ખોટી આદતો, ટેલિવિઝન મોબાઈલથી દૂર રાખજો,
અભ્યાસ કરીએ, સત્સંગ કરીએ, રાજી કરવાનું બળ આપજો...બાલુડા ૦૪

### ૯૨૬ (રાગ : વ્હાલા લાગો છો વિશ્વ આધાર)

મહારાજ બાપા વ્હાલા છો મારા પ્રાણ રે, જીવન તમ સારુ...૦૧
વ્હાલા બાપજી સ્વામીશ્રી મારા પ્રાણ રે, જીવન તમ સારુ...૦૨
મારી આવડત બુદ્ધિ ભણતર રે, જીવન તમ સારુ...૦૩
તમ સારુ મેલ્યા અરમાન રે, જીવન તમ સારુ...૦૪
તવ ગમતું કરે કાન આંખ રે, જીવન તમ સારુ...૦૫
મેં તો દેહ ધર્યો છે તમ કાજ રે, જીવન તમ સારુ...૦૬
તવ સેવા કરું નિશદિન રે, જીવન તમ સારુ...૦૭
વ્યર્થ ક્ષણ એક નવ જાય રે, જીવન તમ સારુ...૦૮
હૃદય ધબકે છે એ જ અવાજ રે, જીવન તમ સારુ...૦૯
શ્વાસ ચાલે છે એક ઉલ્લાસ રે, જીવન તમ સારુ...૧૦
કેવા મળ્યા મહારાજ ને આપ રે, જીવન તમ સારુ...૧૧
નથી પરવા કોઈની હવે નાથ રે, જીવન તમ સારુ...૧૨

### ૯૨૭ (પદ : નાનાં નાનાં અમે બાલુડાં)

નાનાં નાનાં અમે બાલુડાં (૨), શ્રીજીના બાગમાં રે ખીલ્યાં અમે નાનાં ફૂલડાં...ટેક
રંગબેરંગી ફૂલડાંઓમાં સત્સંગનો છે રંગ, રંગબેરંગી પાંદડીઓને શ્રીજીનો છે સંગ;

હા... સત્સંગનો રંગ સૌમાં ભરતા અમે બાલુડાં. નાનાં નાનાં અમે બાલુડાં...૦૧

રંગબેરંગી ફૂલડાંઓમાં સંસ્કારની સુવાસ, હસતા રમતા ફૂલડાંઓને શ્રીજી બોલાવે પાસ;
હા... સંસ્કારોની ફોરમ ફેલાવતાં અમે બાલુડાં. નાનાં નાનાં અમે બાલુડાં...૦૨

રંગબેરંગી ફૂલડાંઓમાં સદ્‌ગુણોની વાત, ગુણરૂપી પાંદડીઓમાં પ્યારા થવાની વાત;
હા... બાપજી, સ્વામીશ્રીને પ્યારા બનતાં અમે બાલુડાં. નાનાં નાનાં અમે બાલુડાં...૦૩

રંગબેરંગી ફૂલડાંઓમાં મીઠી મધુરી વાત, મીઠી મધુરી વાણી બોલીને કરીએ સારી વાત;
હા... નાના મોટા સૌને વ્હાલાં બનતાં અમે બાલુડાં. નાનાં નાનાં અમે બાલુડાં...૦૪

રંગબેરંગી ફૂલડાંઓમાં હરિરસનો છે સ્વાદ, મૂર્તિનો સદા માણવો એ છે અમારે ખાસ;
હા... મૂર્તિમાં રમવાના પાઠ શીખતાં અમે બાલુડાં. નાનાં નાનાં અમે બાલુડાં...૦૫

રંગબેરંગી ફૂલડાંઓમાં સેવાની સુવાસ, દોડી દોડી સેવા કરીએ રાજી કરવા ખાસ;
તન-મન-ધનથી સેવા કરતાં અમે બાલુડાં. નાનાં નાનાં અમે બાલુડાં...૦૬

## ૯૨૮ (પદ : અમે નાનાં નાનાં બાળ કારણ)

અમે નાનાં નાનાં બાળ કારણ સત્સંગના રખવાળ,
પ્યારા બંધુ એક રાજી કરવા તાન છે...૦૧
આટલું કરી દો પાકું, તેને રહેવા ન દો કાચું;
પ્યારા બંધુ એક રાજી કરવા તાન છે...૦૨
સર્વોપરી ને સદાય પ્રગટ છે, સ્વામિનારાયણ ભગવાન;
પ્યારા બંધુ એક રાજી કરવા તાન છે...૦૩
પ્રગટપણે પ્રભુ જુએ, સર્વે સંકલ્પો પણ જાણે;
પ્યારા બંધુ એક રાજી કરવા તાન છે...૦૪
જાણો કોણ અમારા પપ્પા, સમજો છોડી દો બીજાં ગપ્પાં;
પ્યારા બંધુ એક રાજી કરવા તાન છે...૦૫
ખરા પપ્પા છે મહારાજ, દીકરો સહજાનંદી આજ;
પ્યારા બંધુ એક રાજી કરવા તાન છે...૦૬
ટીનીયો મીનીયો ખોટું નામ, સાચું અનાદિમુક્ત છે નામ;
પ્યારા બંધુ એક રાજી કરવા તાન છે...૦૭
નથી અમદાવાદનો વાસી, નથી બરોડાનો વાસી;
નથી સુરતનો હું વાસી, હું તો મૂર્તિગામ નિવાસી,
પ્યારા બંધુ એક રાજી કરવા તાન છે...૦૮

કોઈ પૂછે ક્યાં તું રહે છે, કહીશ મૂર્તિ મારું ઘર છે;
પ્યારા બંધુ એક રાજી કરવા તાન છે...૦૯

મહારાજ મારા વ્હાલા, બાપા મારા વ્હાલા;
બાપજી મારા વ્હાલા, મારા સંતો સર્વે સારા,
પ્યારા બંધુ એક રાજી કરવા તાન છે...૧૦

આ જનમ ધર્યો શ્રીજી માટે, નિયમ પાળશું શિરને સાટે;
પ્યારા બંધુ એક રાજી કરવા તાન છે...૧૧

મનગમતું એ મૂકી દેવું, સંતો કહે તેમ કરવું;
પ્યારા બંધુ એક રાજી કરવા તાન છે...૧૨

શ્રીજીબાપા ભેળા ભળજો, બાપજી ભેળા ભળજો;
સ્વામીશ્રી ભેળા ભળજો, સિંહ સહજાનંદી કરજો,
પ્યારા બંધુ એક રાજી કરવા તાન છે...૧૩

## ૯૨૯ (પદ : ચાલો... ચાલો...)

ચાલો ચાલો જઈએ ઘનશ્યામ સાથે રમવા, ચાલો ચાલો જઈએ સાચા મિત્ર બનવા;
રમવાની મજા, જમવાની મજા (૨)... ચાલો ૦૧

અમ ભૂલકાંની ટોળી, આનંદ કિલ્લોલ કરીએ દોડી, ઘનશ્યામ સાથે કરીએ જોડી (૨)
ઘનશ્યામ સાથે મળી કરીએ મજા, જો જો સારા ગુણો આવે, દુર્ગુણો તો દૂર થાય;
આવા ગુણોથી, થઈએ શ્રીજીના વ્હાલા (૨)... ચાલો ૦૨

અમે નાના નાના બાળ લેતા શ્રીજી અમ સંભાળ, અમે બનીએ આદર્શ બાળ (૨)
આદર્શ બાળ બનીને સૌના થઈએ વ્હાલા, જુઓ શ્રીજી બહુ હરખાય, બાપજી રાજી રાજી થાય;
સ્વામીશ્રી ને સંતોના અમે વ્હાલા વ્હાલા (૨)... ચાલો ૦૩

•••

# પ્રકીર્ણ પદો

**૯૩૦ (પદ : મોગરાનાં ફૂલ સખી)**

મોગરાનાં ફૂલ સખી મોગરાનાં ફૂલ, શ્રીજીને પ્યારાં બહુ મોગરાનાં ફૂલ... ટેક
લક્ષ્મીવાડી શ્રીજીની રૂડી રળિયામણી, પુષ્પો લેવાને હું તો પ્રેમેથી ચાલી;
ખીલ્યાં ખીલ્યાં રે ત્યાં તો મનગમતાં ફૂલ... શ્રીજીને ૦૧

ડોલર ગુલાબ ગુલ ચંપો ચમેલી, કેતકી કરેણ જાઈ જૂઈ અલબેલી;
મોગરાની પાંખડીમાં **સૌરભ**[1] અનુપ... શ્રીજીને ૦૨

ફૂલડે ફૂલડે મેં નામ શ્રીજીનું લીધું, વીણી વીણીને મારું મનડું મોહી લીધું;
એકસો ને આઠ ચૂંટ્યાં મોગરાનાં ફૂલ... શ્રીજીને ૦૩

મોગરાની માળા ગૂંથી માવ કવિરાયે, કાવ્યની **કુસુમમાળ**[2] કે'દી નવ કરમાયે;
**વિનગુણ**[3] એ માળા તણા મૂલ્ય છે અમૂલ... શ્રીજીને ૦૪

● ૧. સુગંધ ● ૨. પુષ્પમાળા ● ૩. માયાના ગુણથી રહિત

## કોઠારીના ગુણ વિષે

**૯૩૧ (ઉપજાતિ વૃત્ત) શ્રીહરિલીલામૃતમ્ : કળશ-૬, વિશ્રામ-૪**

જો વસ્તુનો લેશ બગાડ થાય, કે **વાવરેલું**[1] કદી વ્યર્થ જાય;
કોઠારીના તો **પ્રજળે જ પ્રાણ**[2], કોઠારી તે તો કહીયે સુજાણ... ૦૧

ધણી ઘણું ખર્ચ કરે કદાપિ, કોઠારી સંકોચ કરે તથાપિ;
પૈસો ગણે કાંચનને પ્રમાણ, કોઠારી તે તો કહીયે સુજાણ... ૦૨

વિશ્વાસને યોગ્ય ઘણો જણાય, તેને જ કોઠારીપણું અપાય;
થવા ન દે જે **દમડી**[3]ની હાણ, કોઠારી તે તો કહીયે સુજાણ... ૦૩

ઘણા જનો વસ્તુ અનેક માગે, ના પાડતાં તો દિલ દુઃખ લાગે;
ગણે ન નિંદા ન ગણે વખાણ, કોઠારી તે તો કહીયે સુજાણ... ૦૪

સાદું જમે **અંચળ**[4] **જીર્ણ**[5] ધારે, ન ખાય હાથે લઈ વસ્તુ ક્યારે;
ધર્મે જ ચાલે જયમ **રામબાણ**[6], કોઠારી તે તો કહીયે સુજાણ... ૦૫

● **૧.** દાનમાં આવેલું ● **૨.** જીવ બળી જાય ● **૩.** પૈસાનો ચોથો ભાગ ● **૪.** ગાતડિયું, વસ્ત્ર
● **૫.** ઘસાઈ ગયેલું, જરી ગયેલું ● **૬.** કદી પડે નહિ તેવા, અફર

## પૂજારી વિષે

### ૯૩૨ (ઉપજાતિ વૃત્ત) શ્રીહરિલીલામૃતમ્ : કળશ-૮, વિશ્રામ-૩૦

ધર્મી ભલા પૂજક હોય જ્યાંય, રહે તહાં દૈવત દેવમાંય;
અધર્મીના સ્પર્શ થકી જરૂર, દેવો તણું દૈવત જાય દૂર... ૦૧

અધર્મીનો સ્પર્શ અશુદ્ધ લાગે, ચાંડાળથી બ્રાહ્મણ જેમ ભાગે;
કામી રસાસ્વાદી હરામી સેવે, તે મૂર્તિમાં વાસ વસે ન દેવે... ૦૨

જે દેવ કેરો મહિમા ન જાણે, સેવ્યાની શ્રદ્ધા ઉરમાં ન આણે;
એવાની સેવા અમને ન ભાવે, ઉદાસતા અંતરમાંહી આવે... ૦૩

શ્રીમંત રાજા અતિ અંબરીષ, સ્વહસ્ત સેવા કરતો **અધીશ**[1];
એવી જ શ્રદ્ધા ઉર હોય જેને, સેવા તણો છે અધિકાર તેને... ૦૪

શાસ્ત્રી વડો કે ગુણવાન કોય, સેવા તણો જે અધિકારી હોય;
સ્વહસ્ત સેવા હરિની કરે છે, મહાત્મ્ય મોટું મનમાં ધરે છે... ૦૫

દેહાભિમાની **બટુ**[2] જેહ થાશે, કરાવશે પૂજન શિષ્ય પાસે;
પોતે ગુરુ થૈ સુખ સર્વ માણે, પૂજા પ્રભુની શિર વેઠ જાણે... ૦૬

માની થકી પૂજન તો ન થાય, કે થાળ માનીથી નહિ કરાય;
**સન્માર્જની**[3] માની **કરે**[4] ન ધારે, તો પાપ તેનાં પ્રભુ શું નિવારે... ૦૭

સેવા વિશે સ્નેહ ન હોય જેને, સત્સંગી જાણો નહિ કોઈ તેને;
એ તો વડો નાસ્તિકનો જ રાજ, વર્ણી થયો તે નિજ પેટ કાજ... ૦૮

એવાનું જ્યારે અપમાન થાય, તે વૈર લેવા ચિત્તમાં ચહાય;
તે દેવનો માલ લૂંટાવી દેશે, કાં તો દગો દૈ દિલ શાંતિ લેશે... ૦૯

તે તો મરીને નરકે જ જાય, કે જીવતો રાક્ષસરૂપ થાય;
તે દેવ સાથે બહુ દ્વેષ રાખે, ભલા ગુરુના પણ દોષ ભાખે... ૧૦

જે દેવને વસ્તુ ધરી ન હોય, તે બ્રહ્મચારી પણ ખાય તોય;
ખરેખરો નાસ્તિક તે ગણાય, મૂવા પછી **મર્કટ**[5] તેહ થાય... ૧૧

જેના થકી સ્વારથ સાધી લેશે, તેને પ્રસાદી પણ ગુપ્ત દેશે;
તે તો મરીને જનમે બિલાડો, કાં તો પખાલી ઘર થાય પાડો... ૧૨

• **૧.** રાજા • **૨.** નાના થવું • **૩.** સાવરણી • **૪.** હાથમાં • **૫.** વાંદરું

## ૯૩૩ (SMVS ઇતિહાસ)

શ્રીજીમહારાજનો વ્હાલો સમાજ, આ **SMVS** કહેવાય છે;
સુવર્ણ પર્વે આ કારણ સત્સંગ, વિશ્વવ્યાપી થાય છે,
સ્વામિનારાયણ... સ્વામિનારાયણ... (૨) જય જયકાર થાય છે...ટેક

(**સ્પીચ :** એક સમયે સ્વયં શ્રીજીમહારાજે પોતાના કયા અરમાનો અને સંકલ્પો વહાવેલા તે જાણો છો મુક્તો ? તો, લો સાંભળો ત્યારે...)

રાજીપાથી સભર કરીને, સંતો-ભક્તોને પૂરણ કરવા(૨);
મધ્ય પિસ્તાલીસે પોતે જણાવ્યું, કસર માત્રે રહિત કરવા(૨),
અમ મંદિરે અમ સ્વરૂપો જ, એકમાત્ર બિરાજિત કરવા(૨);
પુરુષોત્તમરૂપ પાત્ર કરીને(૨), મુક્ત અનાદિ સૌને કરવા,
સંકલ્પો પોતાના સાકાર કરવા, કેવી ભૂમિકા રચાય છે...૦૧

(**સ્પીચ :** શ્રીહરિના આ પ્રચંડ સંકલ્પોને પૂર્ણ કરવા, શ્રીહરિએ પોતાના પ્રિ-પ્લાનિંગના એક ભાગ રૂપે કોને અને શું નિમિત્ત કર્યા, જાણો છો મુક્તો ?)

શ્રીહરિના જ સંકલ્પમૂર્તિ, બાપાશ્રી બહુ વિચરતા(૨);
વાંસવા ગામે પોતે પધારી, પ્રિ-પ્લાનિંગ રૂપે વર દેતા(૨),
આધા હમારા આધા તુમ્હારા, આધા હમારા દ્વારે કામ કરતા(૨);
નામ દેવનંદનદાસજી ધારી(૨), સમર્થ મુનિ સ્વામી ગુરુ કરતા,
નિમિત્ત કરી ટૂંક સમયમાં, જય જયકાર કેવો થાય છે...૦૨

(**સ્પીચ :** શ્રીજીમહારાજે સ્વયં આ દિવ્યપુરુષ દ્વારા સંપૂર્ણ કર્તા બની સંપ્રદાયને શું શું સિદ્ધાંત આપ્યા, જાણો છો મુક્તો ?)

સર્વોપરી સ્વામિનારાયણ, સનાતન બીજો કોઈ નહિ(૨);
અક્ષરાદિ થયા **અન્વય સ્વરૂપે**[1], **વ્યતિરેક સંબંધ**[2] હોય નહિ(૨),
પ્રતિમા નહિ પોતે દિવ્ય સાકાર, કર્તાહર્તા બીજો કોઈ નહિ(૨);
સિદ્ધાંતમાં સમાધાન નહિ(૨), નિયમ-ધરમમાં છૂટ નહિ,
સિદ્ધાંતો આવા રાખીને પણ, વિજયધ્વજો ફરકાય છે...૦૩

(**સ્પીચ :** શ્રીહરિના આ ભવ્ય અને પ્રચંડ, ઠેઠના સંકલ્પોને સાકાર કરવા કેવાં કેવાં કષ્ટો અને આપત્તિઓ સહી છે એકલે હાથે આ દિવ્યપુરુષે, તે જાણો છો મુક્તો ?)

મુનિ સ્વામી જેવા સમર્થ ગુરુ, સેવ્યા બહુ અપમાનો સહી(૨);
આગ્રહ વિચરણનો ઘણો હતો પણ, સાથે સરખી જોડ નહિ(૨),
વહેલી સવારની ટાઢી ખીચડી, રાતે જમે તેનું દુઃખ નહિ(૨);

એક એક બેસાડી મહારાજ આપ્યા(૨), દેહ સામું કદી જોયું નહીં,
નિષ્ઠા નિયમ ને પવિત્રતાથી, ખૂંટ દિવ્ય ખોડાય છે...૦૪

(**સ્પીચ :** અને... અને... જોતજોતામાં શ્રીજીમહારાજના આ ભવ્ય પ્રચંડ સંકલ્પો દિન-પ્રતિદિન કેવી રીતે પ્રસરતા ગયા... વિસ્તરતા ગયા, તે જાણો છો મુક્તો ?)

ઘનશ્યામનગરથી પ્રારંભ કીધો, નાનો-ટૂંકો સમાજ હતો(૨);
સિદ્ધાંત બાપાશ્રીનો હતો જે, ઘણાને એ ગમતો નો'તો(૨),
મુકાવ્યા સારુ બહુ મથ્યા પણ, સમાજ જરી ડરતો નો'તો(૨);
કર્તાપણું હતું સ્વયં શ્રીહરિનું(૨), વિશ્વાસ કદી ડગતો નો'તો,
**મૅનપાવર**[3] **મનીપાવર**[4] નો'તા, **મેઈનપાવર**[5]નો પ્રતાપ છે...૦૫

(**સ્પીચ :** ત્યારબાદ નિર્માણ થયું, આ શ્રીજીમહારાજના સંકલ્પ સમી વાસણા સંસ્થાનું. સંતો-ભક્તો વધતા ગયા ને આગળ શું શું થયું, તે જાણો છો મુક્તો ?)

સ્વામિનારાયણ દ્વિશતાબ્દી મહોત્સવ, ઇસનપુરે પ્રતિષ્ઠા તો થઈ(૨);
વાસના રહિત કરવા સંકલ્પે, વાસણા ભૂમિ લેવાઈ ગઈ(૨),
ઓગણીસો સિત્યાસી, મહાવદ નોમે, રંગેચંગે પ્રતિષ્ઠા તો થઈ(૨);
દિગ્વિજય માટે મંડળ સ્થપાયાં(૨), સંતો-ભક્તોની સંખ્યા વધતી ગઈ,
સંતો-ભક્તોના બલિદાનથી, દિગ્વિજય કેવો થાય છે...૦૬

(**સ્પીચ :** પછી તો મહાપ્રભુના સંકલ્પો જાણે જેટ ગતિએ સાકાર થતા ગયા. મહા મોટા મોટા મહોત્સવો થતા ગયા અને શું શું થયું, તે જાણો છો મુક્તો ?)

સાર્ધ શતાબ્દી બાપાશ્રી મહોત્સવ, ભવ્ય રીતે ઊજવાઈ ગયો(૨);
સ્વામિનારાયણ મહામંત્ર મહોત્સવ, સ્વામિનારાયણ ધામે લહેરાઈ ગયો(૨),
વચનામૃત વાતોના શતાબ્દી મહોત્સવે, સર્વત્ર જય જય થઈ ગયો(૨);
રજત મહોત્સવ જેવા સમૈયાઓથી (૨), સમાજ સિંહ સમ બની રહ્યો,
મહારાજ-બાપાના ભવ્ય સંકલ્પે, દેશ-વિદેશે ડંકા વાગે છે...૦૭

(**સ્પીચ :** સમગ્ર સત્સંગ અને સમગ્ર કારણ સત્સંગને આ કરોડોના કલ્યાણદાતા દિવ્ય કલ્યાણકારી સત્પુરુષ દ્વારા શું શું ક્રાંતિકારી પરિણામો મળ્યાં, તે જાણો છો મુક્તો ?)

"જોજો તો ખરા... જોજો તો ખરા..." એ શબ્દો સાકાર થઈ રહ્યા(૨);
મંદિરો શાસ્ત્રો ઘર સૌ ચોખ્ખાં, સંતો-ભક્તો ચોખ્ખા બની રહ્યા(૨),
નંબર પહેલો શ્રીહરિનો, ને બીજો મારો કહી રહ્યા(૨);
નિષ્ઠા-નિયમ ને દિવ્યજીવનથી(૨), મૂર્તિમાં સહુ કોઈ ઝૂમી રહ્યા,
કેમ થયું ને કોણે કર્યું કહેતાં, આન-બાન-શાન લહેરાય છે...૦૮

(**સ્પીચ :** હજુ શું સંદેશ છે સમગ્ર કારણ સત્સંગના આ દિવ્ય પરિવાર માટે શ્રીજીમહારાજ અને બાપાશ્રીનો તે જાણો છો મુક્તો ?)

અજોડ ઉપાસના છેલ્લી સ્થિતિનું, પ્રવર્તન અહીંથી બહુ થશે(૨);
તન-મન-ધનથી સેવા કરશે, માલંમાલ એ બની જશે(૨),
સ્વજીવન ને દીકરી-દીકરા દેશે, ન્યાલંન્યાલ એ થઈ જશે(૨);
નિશ્ચે માનજો પહોંચી ગયું હરિને(૨), તેનાં દુઃખ સર્વે ટળી જશે,
નજર કરો જરી સમાજ તરફ તો, કેવો રાજીપો જણાય છે...૦૯

સાથે રહેજો... ભેળા રહેજો... પ્રતિજ્ઞા કરજો... સાથે આજે...
જનમ ધર્યો છે આ ફેરે તો... આ **SMVS** કાજે
દીકરા, દીકરી, દ્રવ્યાદિક સૌ... આ **SMVS** કાજે
હું ને મારું ત્યાગ કરી દઈએ... આ **SMVS** કાજે
દેહ નહિ હું મુક્ત અનાદિ... આ **SMVS** કાજે
આત્મીયતા સૌ સાથે કરવી... આ **SMVS** કાજે
પ્રિ-પ્લાનિંગનાં પાત્રો છીએ... આ **SMVS** કાજે
સમય, શક્તિ, બુદ્ધિ, આવડત... આ **SMVS** કાજે
સ્વજીવન પણ ન્યોછાવર છે... આ **SMVS** કાજે
અનાદિના અજ્ઞાનને છોડી દઈએ... આ **SMVS** કાજે
માન-અપમાનો સહી લેવાં... આ **SMVS** કાજે

● ૧. શ્રીજીમહારાજના તેજની એક કિરણની સત્તાથી ● ૨. સાક્ષાત્ સંબંધ ● ૩. માણસો ● ૪. પૈસા
● ૫. શ્રીજીમહારાજ

## ૯૩૪ (પદ : દિગંતમાં ડંકા વાગે છે)

દિગંતમાં ડંકા વાગે છે, મહોત્સવ રૂડો આવે છે...(૨)
સ્વામિનારાયણ... જય સ્વામિનારાયણ...
શ્રીજીમહારાજનો વ્હાલો સમાજ આ, **SMVS** કહેવાય છે...
દિગંતમાં ડંકા વાગે છે, મહોત્સવ રૂડો આવે છે...(૨)
સ્વામિનારાયણ... જય સ્વામિનારાયણ...ટેક

સર્વોપરી શ્રીહરિનો મહિમા... (બોલો સર્વોપરી સ્વામિનારાયણ ભગવાનની જય)
સર્વોપરી શ્રીહરિનો મહિમા, એક નિષ્ઠા દૃઢ કરાવવા;
પ્રતિમા સ્વરૂપે સદા પ્રગટ છે, પરોક્ષ નથી એ સમજાવવા,
શુદ્ધ ઉપાસનાનાં મંદિરો(૨), દેશ પરદેશે છે રચવા(૨)
દિગંતમાં ડંકા...૦૧

મુક્ત અનાદિ મૂર્તિમાં રહે છે(૨), રોમે રોમનાં સુખડાં લે છે;
પુરુષોત્તમરૂપ મુક્તો એ છે, સેવકભાવે સદાય રહે છે,
છતે દેહે મૂર્તિમાં રાખી(૨), સ્થિતિ અનાદિ કરાવવી છે(૨)
દિગંતમાં ડંકા...૦૨

બાપાશ્રી ને સદ્‌ગુરુઓ આવ્યા... (બોલો જીવનપ્રાણ અબજીબાપાશ્રીની જય)
બાપાશ્રી ને સદ્‌ગુરુઓ આવ્યા, કારણ સત્સંગના ખૂંટ ખોડ્યા;
બાપાશ્રીના વચને પ્રગટ્યા, બાપજી ખરા વારસદાર ગણાયા,
કારણ સત્સંગ વિશ્વવ્યાપી કરવા(૨), સ્વામીશ્રી તો હરખાયા(૨)
દિગંતમાં ડંકા...૦૩

પહેલો નંબર શ્રીહરિનો(૨), બીજો નંબર મારો છે;
શ્રીજી અર્થે જીવન અમારું, ગુરુ વચને કુરબાની છે,
શ્રીજીમહારાજનો વહાલો સમાજ આ(૨), **SMVS** કહેવાય છે(૨)
દિગંતમાં ડંકા...૦૪

વ્હાલો સમાજ આ વ્હાલો સમાજ, શ્રીજીમહારાજનો આ વ્હાલો સમાજ
દિગંતમાં ડંકા વાગે છે, મહોત્સવ રૂડો આવે છે...
ઢોલ નગારાં વાગે છે, મહોત્સવ રૂડો આવે છે...
પડઘમ રૂડા ગાજે છે, મહોત્સવ રૂડો આવે છે...
શંખનાદ બહુ થાય છે, મહોત્સવ રૂડો આવે છે...
વિજયધ્વજો લહેરાય છે, મહોત્સવ રૂડો આવે છે...
શરણાઈના સૂર રેલાય છે, મહોત્સવ રૂડો આવે છે...
બલિદાનની તૈયારી છે, મહોત્સવ રૂડો આવે છે...
તન, મન, ધન ન્યોછાવર છે, મહોત્સવ રૂડો આવે છે...
શ્રીજી બાપા હરખાય છે, મહોત્સવ રૂડો આવે છે...
બાપજી રાજી થાય છે, મહોત્સવ રૂડો આવે છે...
સ્વામીશ્રી રાજી થાય છે, મહોત્સવ રૂડો આવે છે...
મહોત્સવ રૂડો આવે છે, મહોત્સવ રૂડો આવે છે... (૨)
દિગંતમાં ડંકા વાગે છે, મહોત્સવ રૂડો આવે છે... (૨)

## ૯૩૫ (પદ : કારણ સત્સંગનો પ્રચાર)

(**સ્પીચ : ગુરુદેવ પ.પૂ. બાપજીના આશીર્વાદ :** હે મહારાજ, આ કારણ સત્સંગ વિશ્વવ્યાપી કરો, કરો ને કરો... એ જ મહારાજ, બાપા અને સદ્‌ગુરુને ખૂબ ખૂબ પ્રાર્થના...)

સ્વામિનારાયણાય નમઃ... સ્વામિનારાયણાય નમઃ...
સ્વામિનારાયણાય નમઃ... સ્વામિનારાયણાય નમઃ...(૨)

જય જય સ્વામિનારાયણ, જય જય સ્વામિનારાયણ;
જય જય સ્વામિનારાયણ, જય જય સ્વામિનારાયણ(૨)
કારણ સત્સંગનો પ્રચાર વિશ્વવ્યાપી થાય છે(૨);
સર્વોપરી ઉપાસના ને, સ્થિતિ અનાદિ ફેલાય છે(૨)
જય જય સ્વામિનારાયણ, જય જય સ્વામિનારાયણ;
જય જય સ્વામિનારાયણ, જય જય સ્વામિનારાયણ (૨)...ટેક

સ્વામિનારાયણ સનાતન છે(૨), આધુનિક અવતાર અનંત(૨);
સર્વ નારાયણના સ્વામી છે(૨), સ્વામિનારાયણ ચરણે વંદન,
સિદ્ધાંત બાપાશ્રીનો આ છે, બાપાશ્રીના ચરણે વંદન(૨)

**ઊર્ધ્વં તથાધો નહિ યસ્ય માનં તસ્મિન્મહોધામનિ રાજમાનમ્ ।**
**મુક્તવ્રજાનામધિરાજમાનં શ્રી સ્વામિનારાયણમાનમામિ ॥**
**સર્વોપરી સ્વરૂપાય નમઃ...સર્વાવતારિણે નમઃ...સદા સાકારાકૃતયે નમઃ**
**સર્વકારણકારણાય નમઃ...દિવ્યાતિદિવ્યાય નમઃ...વ્યતિરેક સ્વરૂપાય નમઃ ...૦૧**

શુદ્ધ ઉપાસના આ છે, અન્વય-વ્યતિરેક જ્ઞાનની(૨);
પ્રતિમા સ્વરૂપે પ્રગટ છે, પ્રત્યક્ષ છે પરોક્ષ નથી,
સદાય સાકાર દિવ્ય છે, કર્તા હર્તા કોઈ નથી(૨);
શુદ્ધ ઉપાસનાનાં મંદિરો(૨), દેશ-પરદેશ સ્થપાય છે.
કારણ સત્સંગનો પ્રચાર...

**સનાતન ભગવાન સ્વામિનારાયણની શુદ્ધ ઉપાસના પ્રવર્તનનો**
**જય હો... જય જયકાર હો (૨)...૦૨**

**નિજાત્માનં પુરુષોત્તમરૂપં દેહત્રયવિલક્ષણં ।**
**વિભાવ્ય તેન કર્તવ્યં ભક્તિહરિકૃષ્ણસ્ય સર્વદા ॥**
અનાદિમુક્તો મૂર્તિમાં રહે છે, રસબસભાવે સુખડાં લે છે(૨);
પૂર્ણ સુખ ને પૂર્ણ સ્થિતિ છે, પુરુષોત્તમરૂપ થઈ સુખમાં ઠરે છે,
પરમએકાંતિકને સુખ બિંદુ સમ, અનાદિમુક્તોને સિંધુ સમ છે;
દેહ નહિ હું મુક્ત અનાદિ(૨), કૃતાર્થપણું મનાય છે(૨),
કારણ સત્સંગનો પ્રચાર...

**અનાદિમુક્તની સ્થિતિના પ્રવર્તનનો જય હો... જય જયકાર હો (૨)...૦૩**

પંચવર્તમાન છે ત્યાગી ગૃહીના, સંતો-ભક્તો પાળવા શૂરા(૨);
દેશ-પરદેશ વીતે મહિના, દેશ કાળ ક્રિયા સંગ બૂરા,

નિયમ-ધર્મમાં સદા હરિના, નિયમ, નિશ્ચય, પક્ષમાં પૂરા;
શિર સાટે વર્તમાન પાળીને(૨), વ્હાલાના વ્હાલા થવાય છે,
કારણ સત્સંગનો પ્રચાર...

**શ્રીજીમહારાજના આપેલા પંચવર્તમાનનો જય હો... જય જયકાર હો (૨)... ૦૪**

જે'દી ચરણે જોડા નહિ, જોડમાં સાધુ આવે નહિ(૨);
સ્ત્રી-દ્રવ્યાદિકનો ત્યાગ કરીને(૨), દીવો ત્યાં દાતણ નહિ(૨),
કર્યા રાજી મુનિ સ્વામીને મળી, થયું શૂન્યમાંથી સર્જન અહીં;
શ્રીજી ને બાપા હરખાયા(૨), ઈતિહાસ બદલ્યો જણાય છે(૨),
કારણ સત્સંગનો પ્રચાર...

**SMVS ગૌરવવંતા ઈતિહાસનો જય હો... જય જયકાર હો(૨)... ૦૫**

કેવા મળ્યા છે, કેવા કર્યા છે !(૨) ન્યાલકરણે ન્યાલ કર્યા છે(૨);
તન મન ધન મારું ક્યાં છે !(૨) શ્રીજી અર્થે કુરબાન છે(૨),
મારું સર્વસ્વ મહારાજ છે(૨), સાચું સમર્પણ આ ગણાય છે(૨);
હું મેં મારું સઘળું છોડી(૨), સમર્પણ કર્યું જણાય છે(૨),
કારણ સત્સંગનો પ્રચાર...

**SMVS સંતો-ભક્તોના સમર્પણનો જય હો... જય જયકાર હો(૨)... ૦૬**

સત્પુરુષ એ સેવક છે, ભગવાન કદી કહેવાય નહીં(૨);
સંકલ્પ એ શ્રીહરિનો છે(૨), આવ્યા ગયા સમજાય નહીં (૨),
મૂર્તિસુખનું દ્વાર એ છે, એ વિના શ્રીહરિ ઓળખાય નહીં(૨);
સત્પુરુષને રાજી કર્યા તો(૨), શ્રીહરિ રાજી થાય છે(૨),
કારણ સત્સંગનો પ્રચાર...

**શ્રીજીમહારાજની કૃપાથી સત્પુરુષ મળ્યાના આનંદમાં**
**જય હો... જય જયકાર હો(૨)...૦૭**

દિવ્યપુરુષ ગુરુ બાપજી એ(૨), શ્રીહરિ ઓખાવનાર છે(૨);
સૌના વ્હાલા સ્વામીશ્રી એ, દિવ્યજીવન દેનાર છે,
સંતો-ભક્તો શ્રીહરિના, મૂર્તિસુખ લેનાર છે;
શ્રીજીમહારાજનો વ્હાલો સમાજ આ(૨), **SMVS** કહેવાય છે(૨),
કારણ સત્સંગનો પ્રચાર...

**શ્રીજીમહારાજનો વ્હાલો સમાજ SMVSનો જય હો... જય જયકાર હો(૨).... ૦૮**

જોજો જોજો તો ખરા(૨), બ્રહ્માંડોમાં જ્ઞાન ફેલાશે(૨);

મંદિરો શાસ્ત્રો ચોખ્ખાં કર્યાં એ, અજોડ ઉપાસના કહેવાશે(૨),
સોળે કળાએ સંકલ્પ ખીલ્યો, દુનિયા આખી જોઈ રહેશે(૨);
**SMVS** રજત જયંતી મહોત્સવ(૨), ક્રાંતિકારી ગણાય છે,
કારણ સત્સંગનો પ્રચાર...
**જય જય સ્વામિનારાયણ, જય જય સ્વામિનારાયણ;**
**જય જય સ્વામિનારાયણ, જય જય સ્વામિનારાયણ (૨)...૦૯**

**૯૩૬** **(શૌર્યગીત)**

જય હો... જય હો... જય હો... સ્વામિનારાયણનો જય હો...
દશે દિશાએ જય હો... બાપાશ્રીનો જય હો...
વિશ્વવ્યાપી જય હો... **સાર્ધ શતાબ્દીનો** જય હો...

જાગો ઊઠો કદમ બઢાઓ, આવી **સાર્ધ શતાબ્દી**;
શ્રીજી માટે જન્મ ધર્યો તો, કેવી હોય ભવાબ્દી,
સિંહ સમા સૌ જાગો, જાગો યુવાન જાગો;
જાગો જાગો જાગો, જાગો યુવાન જાગો(૨)...ટેક

રમી રહી તવ રોમરોમમાં, સિદ્ધાંતોની મસ્તી;
સર્વોપરી શ્રીજી મળ્યા તો, ઉડાડી દો સુસ્તી,
તન મન ધનને અર્પી દેવા, આવી **સાર્ધ શતાબ્દી**;
ખુમારી ભરી દો અંગે તો, કેવી હોય ભવાબ્દી.
સિંહ સમા સૌ...૦૧

ગમે ન ગમે વાત કદીયે, તોપણ કહીને આવો;
દેશ વિદેશે જરૂર થાશે, તો જ રૂડો ફેલાવો,
વિજય ધ્વજો આ લહેરાવોને, આવી **સાર્ધ શતાબ્દી**;
સમજાશે આ ત્યારે થાશે, કેવી હોય ભવાબ્દી.
સિંહ સમા સૌ...૦૨

કૂદી પડો સૌ એક થઈને, હૈયે હિંમત ધારો;
શું થશે ને કેમ થશે, એ કદી નહિ વિચારો,
આ જીવનમાં નહિ આવે કદી, આવી **સાર્ધ શતાબ્દી**;
શ્રીજી બાપા સાથ સદાયે, કેવી હોય ભવાબ્દી.
સિંહ સમા સૌ...૦૩

લોહી તણું આ બુંદ બુંદ છે, એક જ શ્રીજી માટે;
અણનમ માથાં ભલે પડે જો, કારણ સત્સંગ સાટે,
આંધી આફત સહેજે સહેવા, આવી **સાર્ધ શતાબ્દી**;
ગુરુ બાપજી સંગે છે તો, કેવી હોય ભવાબ્દી.
સિંહ સમા સૌ...૦૪

જન જનના મન મનમાં ગુંજે, સ્વામિનારાયણનો જય હો...
ધરતીના કણ કણમાં ગુંજે, બાપાશ્રીનો જય હો...
સૂર્ય તણી કિરણો બોલે છે, બાપાશ્રીનો જય હો...
લહેરાતો એ પવન કહે છે, **સાર્ધ શતાબ્દી**નો જય હો...
હરિયાળી ધરતીમાં ધબકે, સ્વામિનારાયણનો જય હો...
મહાસાગરના મોજાંઓમાં, બાપાશ્રીનો જય હો...
વૃક્ષ તણા એ પાન પાનમાં, સ્વામિનારાયણનો જય હો...
વર્ષાની એ બુંદ બુંદમાં, સ્વામિનારાયણનો જય હો...
સ્વામિનારાયણનો જય હો... સ્વામિનારાયણનો જય હો...(૩)

(**સાર્ધ શતાબ્દી**ને બદલે જે તે મહોત્સવ કે ઉત્સવનું નામ ગણવું.)

## ૯૩૭ (અસ્મિતા ગીત)

વ્હાલા યુવાનો આવો રે અસ્મિતાથી ભરાવો રે (૨);
જનજનના હૈયે ગુંજાવો, દિવ્યાનંદ છલકાવો રે,
વ્હાલા યુવાનો આવો રે અસ્મિતાથી ભરાવો રે...ટેક

સર્વના સ્વામી શ્રીહરિ છે, સર્વોપરી સનાતન રે (૨);
આવ્યા નથી કે ગયા નથી એ, એક જ આ ભગવંત રે,
વ્યતિરેક મૂર્તિ આજ મળ્યા રે, સદા પ્રગટ-પ્રત્યક્ષ રે;
વ્હાલા યુવાનો આવો રે અસ્મિતાથી ભરાવો રે...૦૧

શુદ્ધ ઉપાસના સ્થિતિ અનાદિ, સિદ્ધાંતો આ સાર રે (૨);
સ્વમુખવાણી વચનામૃતમાં, શ્રીજી કહે કરી પ્યાર રે,
સિદ્ધાંતોને વિશ્વવ્યાપી, કરવા છે તૈયાર રે;
વ્હાલા યુવાનો આવો રે અસ્મિતાથી ભરાવો રે...૦૨

સંકલ્પ મૂર્તિ શ્રીહરિના, બાપા જીવનપ્રાણ રે (૨);
સર્વોપરી સિદ્ધાંતો કીધા, અનાદિની ઓળખાણ રે,
કારણ સત્સંગ સ્થાપી કરીને, મહેર ઘણી મહારાજ રે;
વ્હાલા યુવાનો આવો રે અસ્મિતાથી ભરાવો રે...૦૩

ગોપાળાનંદ સ્વામી કેવા, જગમાં નહિ એની જોડ રે (૨);
શ્રીજીમહારાજના સાચા વારસ, સદ્‌ગુરુની હરોળ રે,
સર્વોપરી શ્રીજીનો મહિમા, ગાયો બહુ છડેચોક રે;
વ્હાલા યુવાનો આવો રે અસ્મિતાથી ભરાવો રે...૦૪

કારણ સત્સંગ વિશ્વવ્યાપી, ગુરુ બાપજી પ્રગટ્યા રે (૨);
વચનામૃતનાં ગૂઢ રહસ્યો, સરળ રીતે સમજાવ્યાં રે,
શ્રીહરિ છે એક જ ભગવંત, સનાતન ઓળખાવ્યા રે;
વ્હાલા યુવાનો આવો રે અસ્મિતાથી ભરાવો રે...૦૫

કસર માત્રથી રહિત કરવા, શ્રીમુખે કહે મહારાજ રે (૨);
દિવ્યજીવનના પાઠ ભણાવી, ચોખ્ખા કરવા આજ રે,
પુરુષોત્તમરૂપ પાત્ર કરીને, સ્વામી કરે શિરતાજ રે;
વ્હાલા યુવાનો આવો રે અસ્મિતાથી ભરાવો રે...૦૬

સ્વામિનારાયણ મંદિર વાસણા, સંસ્થા છે મહારાજની (૨);
નિજ સંકલ્પો સાકાર કરવા, બિરાજે શ્રી ઘનશ્યામજી,
સ્વામિનારાયણ સંપ્રદાયમાં, સ્થાન અનેરું આજ રે;
વ્હાલા યુવાનો આવો રે અસ્મિતાથી ભરાવો રે...૦૭

કેવા મળ્યા છે કેવા કર્યા છે, સંતો-ભક્તો ગાય રે (૨);
શ્રીજીમહારાજનો વ્હાલો સમાજ આ, એસ.એમ.વી.એસ. કહેવાય રે,
રોમેરોમ અસ્મિતા ભરીને, જયનાદો બહુ થાય રે;
વ્હાલા યુવાનો આવો રે અસ્મિતાથી ભરાવો રે...૦૮

## ૯૩૮ (દાદાખાચર મહિમા)

આવો સુણીએ ભક્તની ગાથા, જેણે અર્પ્યાં હરિ વચને માથાં;
મહિમા હરિ તણો સહુને કહી, રુચિમાં હરિની સદા રહી,
ભેળા હરિને હંમેશ રાખ્યા, હરિની માળામાં સ્થાન પામ્યા;
ભક્ત ખરા તો તેને કહેવાય, જેને જોઈ હરિ હરખાય.
જેને જોઈ હરિ હરખાય...૦૧

ભક્ત અનંત સંભારે હરિને, મૂર્તિ સંગાથે પ્રીત કરીને;
ધન્ય ધન્ય એ ઉત્તમરાય, જેને સંભારે પ્રીતમરાય,
જે ભક્તને સંભારી હરિને, હૈયે અતિ હાશ હાશ થાય;
કોટિ વંદન ભક્તને થાય, જેને જોઈ હરિ હરખાય.
જેને જોઈ હરિ હરખાય...૦૨

શ્રીજી વચને કુરબાન કીધું, બહેનોને સર્વે અર્પી દીધું;
રાજ-પાટ ને બધો ગરાસ, હરિવચને ત્યાગ્યો છે ખાસ,
સત્તા મોટપનો ત્યાગ કરી, બહેનોને ત્યાં નોકરી કરી;
ધન્ય ધન્ય એ ઉત્તમરાય, જેને જોઈ હરિ હરખાય.
જેને જોઈ હરિ હરખાય...૦૩

શ્રીજી વચનમાં તત્પર રહી, કરો આજ્ઞા તૈયાર છીએ કહી;
શ્રીહરિએ વચન જેવું કીધું, દાદાએ કદી પડવા ન દીધું,
શું કરીશું ને કેમ કરીશું, ક્યાં જઈશું અને કિયાં રહીશું;
દાદાને તેનો વિચાર ન થાય, જેને જોઈ હરિ હરખાય.
જેને જોઈ હરિ હરખાય...૦૪

## ૯૩૯ દાદાખાચર કીર્તન (ઉત્તમ મહિમા)

જુઓ જુઓ રે દાદાખાચર... શ્રીજીની માળાના મેળ;
મારે થવું છે દાદાખાચર, શ્રીજીની માળાના મેળ... ટેક

બાળપણમાં ઘેડ્ય પડી ગઈ, શ્રીહરિ એ જ ભગવાન રે;
કલ્યાણકારી દિવ્ય છે મુક્તો(૨), જાણે દાદાખાચર... જુઓ ૦૧

નાનામોટા સહુનો મહિમા, સૌમાં જુએ મહારાજ રે;
દાસના દાસ એ સદા ગણાયા(૨), જુઓ દાદાખાચર... જુઓ ૦૨

મહિમા સભર રહ્યા ને કર્યા, મહિમાની મૂર્તિ જણાય રે;
સંતો-ભક્તો અહીં હોય જ ક્યાંથી(૨), એવા દાદાખાચર... જુઓ ૦૩

અભાવ અવગુણ અપરાધ કેવો, ભૂલમાંયે નવ થાય રે;
ભક્તોના ગુના માફ કરો હરિ(૨), માગે દાદાખાચર... જુઓ ૦૪

હજારો સંતો-ભક્તો રહેતા, દરબારગઢની માંય રે;
રહેવાના ઓરડા સોંપી દીધા(૨), એવા દાદાખાચર... જુઓ ૦૫

ચોરી કરી ચારસો રૂપિયાની, છતાં નમી પગે લાગે રે;
ભજન કરે તેને મરાય કેમ(૨), કહેતા દાદાખાચર... જુઓ ૦૬

શ્રીહરિ ને સંતો સેવ્યા, દિવ્યભાવે સદાય રે;
વેણ કવેણ ને પથરા ખાધા(૨), એવા દાદાખાચર... જુઓ ૦૭

શ્રીજીમહારાજનો વ્હાલો સમાજ આ, **SMVS** કહેવાય રે;
સંતો-ભક્તોની સેવા ક્યાંથી(૨), શીખવે દાદાખાચર... જુઓ ૦૮

બાપજી ને સ્વામીશ્રી આવ્યા, સંકલ્પ શ્રીજી ગણાય રે;
ઘેડ્ય પાડી દઈ જીવસત્તાએ(૨), થવું છે દાદાખાચર... જુઓ ૦૯

## ૯૪૦ દાદાખાચર કીર્તન (ઉત્તમ આજ્ઞાપાલન)

જુઓ જુઓ રે દાદાખાચર... શ્રીજીની માળાના મેળ,
મારે થવું છે દાદાખાચર, શ્રીજીની માળાના મેળ...ટેક

વચનની મૂર્તિ શ્રીજીના વ્હાલા, ઝીલે અધ્ધર વચન સદાય રે;
કરશું થશે એવું કદી ન બોલે(૨), એવા છે દાદાખાચર...જુઓ ૦૧

કોણ બોલે છે કોણ કહે છે, શ્રીહરિ રાજાધિરાજ રે;
વચનમાં વર્તે વર્તાવે સહુને(૨), એવા છે દાદાખાચર...જુઓ ૦૨

રુચિ જાણીને વચનમાં વર્ત્યા, રાજી થયા મહારાજ રે;
નાપાસ થવાનું કદી ન શીખ્યા(૨), એવા છે દાદાખાચર...જુઓ ૦૩

ઓરડા ચણાવ્યા વળી તોડાવ્યા, સંકલ્પ નહિ મનમાંય રે;
જેમ રાખો તેમ રહીશું રાજી(૨), એવા છે દાદાખાચર...જુઓ ૦૪

અડધી હજામતે ઊભા થઈ, પહોંચ્યા શ્રીજીની પાસ રે;
ગામધણી તોય શરમસંકોચ નહિ(૨), એવા છે દાદાખાચર...જુઓ ૦૫

શ્રીજી વચને ગરાસ આપ્યો, નોકરી બહેનોની થાય રે;
ભક્તોને કાજે જમીન અપાઈ ગઈ(૨), એવા છે દાદાખાચર...જુઓ ૦૬

આકાશના તારા હેઠા લાવીએ, પેટાળમાં સમાઈ જવાય રે;
કહો તેમ હરિ કેમ ન થાય(૨), કહે છે દાદાખાચર...જુઓ ૦૭

દીકરા-દીકરી ધન-સંપત્તિ, આ દેહ પણ કુરબાન રે;
કારણ સત્સંગ માટે આ જનમ(૨), શીખવે છે દાદાખાચર...જુઓ ૦૮

સત્પુરુષ જે બોલે છે તે, શ્રીજીવચન ગણાય રે;
ગુરુ બાપજી ને સંતોના વચને(૨), થવું છે દાદાખાચર...જુઓ ૦૯

## ૯૪૧ દાદાખાચર કીર્તન (ઉત્તમ સમજણ)

**(રાગ : મોગરાનાં ફૂલ સખી, મોગરાનાં ફૂલ)**

દાદાખાચર, જુઓ દાદાખાચર; માળાના મેળ એવા દાદાખાચર...ટેક
લશ્કર આવ્યું ને શ્રીજી સંતાયા, સર્વોપરી સનાતન તોયે સમજાયા;
નિશ્ચયની દઢતા એવી ઘણી... દાદાખાચર...જુઓ ૦૧

ઘડામાં કોળું નાખતા દાદા, સભાજનો સૌ જોઈ તે હસતા;
શ્રીજીવચનમાં સંશય નહિ... દાદાખાચર...જુઓ ૦૨

ઈચ્છા દીકરાની કદી ન રાખી, મરજી મહારાજની સદાય રાખી;
સકામ થવાનું શીખ્યા નહિ... દાદાખાચર...જુઓ ૦૩

લશ્કર ઘેરાયું ગઢપુરને ફરતે, ચિંતા શ્રીહરિને હૈયે વર્તે;
સુખેથી પોઢ્યા સોંપ્યું હરિ... દાદાખાચર...જુઓ ૦૪

હળવદ પહોંચ્યા ને ઓટલે સૂતા, હરિભક્તો કોઈ સંભાળ ન લેતા;
માન-અપમાન કદી લાગ્યું નહિ... દાદાખાચર...જુઓ ૦૫

એકવીસ વખત આશિષ લીધા, ભાવનગર કોરટના ધક્કા ખાધા;
કર્તા નિયંતા છે એક જ હરિ... દાદાખાચર...જુઓ ૦૬

મહારાજ સાથે બહેનો વળાવી, હિંમતનાં વચનો દીધાં સંભળાવી;
દિવ્યભાવની દૃઢતા ખરી... દાદાખાચર...જુઓ ૦૭

મહારાજ મોટા સંતો ને ભક્તો, ચારે સ્વરૂપની આ સમજણ છે તો;
રાજી શ્રીજી ને બાપજી-સ્વામીશ્રી... દાદાખાચર...જુઓ ૦૮

### ૯૪૨ (દાદાખાચર જેવા થવા માટેનું ગીત)

દાદાખાચર... દાદાખાચર... દાદાખાચર... દાદાખાચર...
શ્રીજીની માળાના મેળ, દાદાખાચર... દાદાખાચર...
હરિનું ગમતું પાત્ર... દાદાખાચર;
દાદાખાચર... દાદાખાચર... દાદાખાચર... દાદાખાચર...ટેક

અઠ્યાવીસ અઠ્યાવીસ વર્ષ જ્યાં શ્રીજી રહ્યા;
મારો દાદો મારો દાદો, કહીને ખૂબ નવાજ્યા (૨)...દાદાખાચર ૦૧

હરિને ન ગમે એવો એકેય સ્વભાવ નથી રાખ્યો;
શ્રીજીના રાજીપા વિના, સ્વાદ નથી કોઈ ચાખ્યો (૨)...દાદાખાચર ૦૨

તન મન ધન સર્વસ્વ, શ્રીજી અર્થે છે કુરબાન;
શ્રીજીના રાજીપામાં જીવવું, એ જ અમારી શાન (૨)...દાદાખાચર ૦૩

ચાહે તે કરે શ્રીહરિ, ચાહે તો કરાવે નોકરી;
શ્રીજીના વચને શું ન થાય, એ જ અમારા ઉપરી (૨)...દાદાખાચર ૦૪

ગમે ત્યારે ગમે તે, આજ્ઞા કરે શ્રીજી;
એ જ મિનિટે થઈ જાય, જેમ હરિની મરજી (૨)...દાદાખાચર ૦૫

ઘરબાર-દરબાર, કશું નથી અમારું;
હું તમારો તું અમારો, એક જ છે આધાર (૨)...દાદાખાચર ૦૬

જન્મો ધર્યા ને જન્મો ફર્યા, નથી મળ્યા શ્રીજી આવા;
શું ન થાય હવે એને માટે, કુરબાન અમારાં માથાં (૨)...દાદાખાચર ૦૭

બસ થવું તો દાદાખાચર જેવા, નહિ તો જન્મ એળે;
ગુરુના વચને શું ન થાય, જીવવું એનું એળે (૨)...દાદાખાચર ૦૮

શ્રીજીના સંકલ્પથી આવ્યા, બાપજી ને સ્વામીશ્રી;
કૂદી પડો સૌ એક થઈને, કરવા રાજી શ્રીજી,
કરવા રાજી બાપજી, કરવા રાજી સ્વામીશ્રી (૨)...દાદાખાચર ૦૯

જન્મ ધર્યો છે શ્રીજી કાજે, શું ન થાય હવે એને માટે...
જન્મ ધર્યો છે બાપા કાજે, શું ન થાય હવે એને માટે...
મળ્યો કારણ સત્સંગ આજે, શું ન થાય હવે એને માટે...
નિષ્ઠાનું અનેરું બળ છે સાથે, શું ન થાય હવે એને માટે...
નિયમ-ધર્મ છે શિર સાટે, શું ન થાય હવે એને માટે...
અર્પણ સર્વસ્વ શ્રીજી કાજ, શું ન થાય હવે એને માટે...
પ્રચાર કરવો વિશ્વે આજ, શું ન થાય હવે એને માટે...
ત્યાગી સર્વે લોક લાજ, શું ન થાય હવે એને માટે...
વિજયધ્વજો લહેરાવા કાજ, શું ન થાય હવે એને માટે...
બાપજી ને સ્વામીશ્રી સાથ, શું ન થાય હવે એને માટે...
કુરબાન અમારાં માથાં આજ, શું ન થાય હવે એને માટે...
દાદાખાચર... દાદાખાચર... દાદાખાચર... દાદાખાચર...(૨)

## ૯૪૩ સ્વભાવ-પ્રકૃતિ પ્રસંગ

### (શ્રીહરિલીલામૃતમ્ : કળશ-૮, વિશ્રામ-૪)

એક વાદી હતો નદી તીર, નદીમાં પૂર આવેલું નીર;
લીધો સર્પનો કરંડિયો માથે, હતું બકરું તે ઉપાડ્યું હાથે.
ખંભે માંકડાને તો બેસાર્યું, ત્રણેને પાર લઈ જવા ધાર્યું;
જ્યારે કેડ સમે જળે આવ્યો, મર્કટે ત્યાં સ્વભાવ જણાવ્યો.
ઢાંકણું કંડિયાનું ઉઘાડ્યું, ત્યારે સર્પે સ્વરૂપ દેખાડ્યું;
વશ્ય જાતિ સ્વભાવને થઈ, પડ્યો મર્કટ ઉપર જઈ.

માંકડાની જાતિ પણ જુદી, પડ્યો પાણી વિષે જઈ કૂદી;
બકરું પણ તે બુદ્ધિહીન, ન રહ્યું જ વાદીને આધીન.
જોરે કૂદી પડ્યું જળમાંઈ, ગયા તે રીતે ત્રણે તણાઈ;
વાદીએ તો લેવા માંડ્યાં સાથે, પણ એકે રહ્યું નહિ હાથે.
ગયાં તેને સ્વભાવે તણાઈ, તેમાં વાદીનો વાંક શો ભાઈ;
તેમ જીવને ભવજળ પાર, તારવાનો પ્રભુનો વિચાર.
પણ પોતપોતાને સ્વભાવે, જીવ સંસારમાં ઝંપલાવે;
એવી વાત ઘણી ઘણી કરી, હરિભક્તોએ હૈયામાં ધરી.

**૯૪૪ (પદ : ઘરને મંદિર બનાવીએ)**

ઘરને મંદિર બનાવીએ, મંદિરને ઘર બનાવીએ; (૨)
મહારાજ બાપા હરખાયે, આનંદ આનંદ થાયે,
આનંદ આનંદ થાયે, દિવ્યાનંદ છલકાયે...ટેક

વ્હાલા બાપજીની ભલામણને, સદાય જીવંત રાખીએ; (૨)
વ્હાલા સ્વામીશ્રીને હૈયે, સદાય હાશ કરાવીએ (૨)...ઘરને ૦૧

રાજીપા સામે દૃષ્ટિ રાખીએ, સૌના દાસના દાસ થઈએ; (૨)
નમી જઈએ ખમી જઈએ, વેણ કવેણ ગળી જઈએ, (૨)
ક્ષમા માંગીએ ક્ષમા આપીએ, હળવાફૂલ થઈ જઈએ; (૨)
લાગણી મમતા પ્રેમ વહે, સ્નેહની સરવાણી વહે, (૨)...ઘરને ૦૨

વડીલોને આદર કરીએ, વાણીથી ન દૂભવીએ; (૨)
ઉપકારો કદી નવ ભૂલીએ, માત-પિતાની સેવા કરીએ, (૨)
દિવ્યભાવનો શણગાર સજીને, નિજમંદિર બનાવીએ; (૨)
દિવ્યદૃષ્ટિ સૌમાં કરીએ, આત્માની એકતા કરીએ, (૨)...ઘરને ૦૩

**૯૪૫ (રાગ : આશાવરી)**

વૈષ્ણવજન તો તેને રે કહિયે, જે પીડ પરાઈ જાણે રે;
પરદુ:ખે ઉપકાર કરે તોયે, મન અભિમાન ન આણે રે... ૦૧

સકળ લોકમાં સહુને વંદે, નિંદા ન કરે કેની રે;
વાચ કાછ મન નિશ્ચલ રાખે, ધન ધન જનની તેની રે... ૦૨

સમદૃષ્ટિ ને તૃષ્ણા ત્યાગી, પરસ્ત્રી જેને માત રે;
જિહ્વા થકી અસત્ય ન બોલે, પરધન નવ ઝાલે હાથ રે... ૦૩

મોહ માયા વ્યાપે નહિ જેને, દૃઢ વૈરાગ્ય જેના મનમાં રે;
હરિ નામ શું તાળી રે વાગી, સકળ તીરથ તેના તનમાં રે... ૦૪
વણલોભી ને કપટ રહિત છે, કામ ક્રોધ નિવાર્યા રે;
ભણે નરસૈયો તેનું દર્શન કરતાં, કુળ ઈકોતેર તાર્યાં રે... ૦૫

## ૯૪૬ (પદ : સાથી મારે બાર)

એક ઈડરનો વાણિયો, ધૂળો એનું નામ,
સમી સાંજનો નીકળ્યો જવા કોટડે ગામ... ૦૧
રસ્તે અંધારું થયું, ચડ્યો બીજી વાટ,
જંગલમાં ભૂલો પડ્યો, દિલમાં થયો ઉચાટ... ૦૨
પણ હિંમત એણે ધરી, મનમાં કર્યો એણે વિચાર,
નથી કદી હું એકલો, સાથી મારે બાર... ૦૩
એવે ઝાડી સળવળી, ચમક્યા ચોરો ચાર,
ખબરદાર ! જે હોય તે, આપી દે આ વાર... ૦૪
કહે ધૂળો એ ચોરને, અલ્યા નથી હું એક,
બાર જણા લઈ નીકળ્યો, કરજો કાંક વિવેક... ૦૫
કાલે કરજે ટાયલી ! આજે દઈ દે માલ,
એવું બોલી ઊમટ્યા, ચોરો બે વિકરાળ... ૦૬
ધૂળો કુદ્યો, કોથળો વીંઝે સબોસબ,
હતા કોથળે કાટલાં, વાગે ધબોધબ... ૦૭
ચોરો ખીઝ્યા, એમના ધૂળો ખાળે ઘાવ,
ક્યાંથી રે આ વાણિયો, શીખ્યો આવા દાવ... ૦૮
આઘું પાછું ના જુએ, ધૂળો ખેલે જંગ,
બોલે હું નહિ એકલો, હવે બતાવું રંગ... ૦૯
ચોરો ચોંક્યા, એકમાં હોય આટલું જોર,
બાર જણા જો છૂટશે, થશે આપણી ઘોર... ૧૦
એમ વિચારી બી ગયા, નાઠા એકી સાથ,
ધૂળો હરખ્યો, વાહ ! મેં ઠીક બતાવ્યો હાથ... ૧૧
વાટ જડી ધૂળો ગયો, જાવું'તું જે ગામ,
વળતો એ ઘેરે ગયો, પૂરું કરીને કામ... ૧૨

ધૂળાની આ વાર્તા, પૂછે બાળ તમામ,
કોણ બાર તમે હતા ? હવે ગણાવો નામ... ૧૩
ધૂળો કહે આ હાથ બે, બે આંખો બે પાય,
ચાર કાટલા કોથળે, મળી એમ દસ થાય... ૧૪
છેલ્લા સાથી બે ખરા – હિંમત અને વિશ્વાસ,
એ બે વિના બીજા, બધા થાય નકામા ખાસ... ૧૫

### ૯૪૭ (પદ : કોણે કીધું ગરીબ છીએ)

કોણે કીધું ગરીબ છીએ, કોણે કીધું રાંક,
કાં ભૂલી જા મન રે ભોળા, આપણા જુદા આંક... ૦૧
થોડાક નથી સિક્કા પાસે, થોડીક નથી નોટ,
એમાં તે શું બગડી ગયું ? એમાં તે શી ખોટ... ૦૨
ઉપરવાળી બૅન્ક બેઠી છે, આપણી માલંમાલ,
આજનું ખાણું આજ આપે, ને કાલની વાતો કાલ... ૦૩
ધૂળિયે મારગ કૈંક મળે જો, આપણા જેવો સાથ,
સુખ-દુઃખોની વારતા કે'તા, બાથમાં ભીડી બાથ... ૦૪
ખુલ્લાં ખેતર અડખેપડખે, માથે નીલું આભ,
વચ્ચે નાનું ગામડું બેઠું, ક્યાં આવો છે લાભ... ૦૫
સોનાની તો સાંકડી ગલી, હેતુ ગણતું હેત,
દોઢિયાં માટે દોડતાં, એમાં જીવતાં જોને પ્રેત... ૦૬
માનવી ભાળી અમથું અમથું, આપણું ફોરે વ્હાલ,
નોટ ને સિક્કા નાખ નદીમાં, ધૂળિયે મારગ ચાલ... ૦૭

### ૯૪૮ (રાગ : ખાવું પીવું બેસવું સૂવું જોવું)

હો પ્રાણપ્યારા શ્રી ઘનશ્યામ, પ્રાર્થના સ્વીકારો હો સુખધામ;
અનાદિમુક્તોનો આ પરિવાર, તુજ દર્શન કરું સૌમાં દયાળ... ૦૧
સુખી કુટુંબની આશ તમારી, બિરાજી રહો સદા ઇચ્છા અમારી;
મનધાર્યું મૂકી સરળ થઈ જઉં, ખીલી ઊઠો છો રાજી થઈ બહુ... ૦૨

વાણી વર્તને કોઈ દુભાઈ ન જાય, ખટકો રાખું પળે પળે સદાય;
દિવસભરની ભૂલો મારી નોંધું, બીજાની ભૂલો કદી નવ શોધું... ૦૩
ફૅમિલિ ટાઈમે ગુણલેખન કરું, માફી માંગીને રાજીપો ભરું;
સાથે મળીને ભોજન લઈએ, આટલું કરીને સદા સુખી રહીએ... ૦૪

**૯૪૯ (રાગ : શ્રીજીમહારાજ માંગું શરણ તમારું)**

મહારાજ શું હું માનું, આભાર તમારો (૨);
આભાર તમારો માનું, આભાર તમારો (૨)... ટેક
રખડતા રઝળતા ખેંચી લીધો, હાથ ગ્રહીને પોતાનો કીધો;
પ્રેમમાં ડુબાડી કર્યો તેં સીધો, દીકરો કહીને દાબી દીધો... ૦૧
નથી નવો તું જૂનો આદર, હતો અમારો જો પૂર્વાપર;
ફાવી ગયો તું અમને પાકર, કહીને વરસ્યા તમે સુખસાગર... ૦૨
સત્પુરુષના જોગમાં લાવી, વચનમાં વિશ્વાસ કરાવી;
જન્મોજન્મનાં ખાતાં છોડાવી, સર્વોપરી નિષ્ઠાની ઘેડ પડાવી... ૦૩
વાંક ગુનાને કદી ન જોયા, કોણ જાણે આપ કેવી રીતે મોહ્યા;
દેહાભિમાનને સહેજે ધોયા, અહમ્-મમત્વના ભાવો ખોયા... ૦૪
ચૈતન્યને વર્તમાન ધરાવી, અનાદિમુક્તની પંક્તિમાં ઠેરાવી;
પ્રતિલોમભાવે મૂર્તિ પધરાવી, રસબસ કરીને મોજ કરાવી... ૦૫
જગત સુખનો યારી નથી હું, મૂર્તિસુખનો ભોક્તા જ છું હું;
બકરું નથી સિંહબાળ જ છું હું, રંક નથી રાજવી જ છું હું... ૦૬
મહારાજ શું હું માનું, આભાર તમારો, બાપા શું હું માનું, આભાર તમારો;
ગુરુદેવ શું હું માનું, આભાર તમારો, ગુરુજી શું હું માનું, આભાર તમારો.

**૯૫૦ (રાગ : અમી ભરેલી નજરું રાખો)**

કગરી કગરી પ્રાર્થના કરું છું;
માફ કરી દેજો, ભૂલો માફ કરી દેજો (૨) ... ટેક
ઊઠતાવેંત હું આજ્ઞા લોપું છું, દિવસ આખો મનસ્વી જીવું છું;
રાજીપાની ભૂખ નથી મને, શું દેખાડું મોઢું તને,
છતાંય વ્હાલા, માફ કરી દેજો, માફ કરી દેજો ભૂલો માફ કરી દેજો (૨) ... ૦૧

હું ને મારું વાતે વાતે કીધું, આપ કરો છો માત્ર બોલી દીધું;
રગેરગમાં દેહાભિમાન ભર્યું, કર્તાપણાનું માન છે નર્યું,
છતાંય વ્હાલા, માફ કરી દેજો, માફ કરી દેજો ભૂલો માફ કરી દેજો (૨) ... ૦૨
ગુણ કોઈના લેવાના છોડી, પારકી પંચાત કરું હું દોડી;
અભાવ-અવગુણ લઈ લઉં છું, પાપ પોટલાં ભરી દઉં છું,
છતાંય વ્હાલા, માફ કરી દેજો, માફ કરી દેજો ભૂલો માફ કરી દેજો (૨) ... ૦૩
માન-સન્માન ને વખાણ ગમે, રોકટોક કરી ન શકે મને;
વિષયસુખમાં ગયો લલચાઈ, દુઃખી થાવ છો તમે આ જોઈ,
છતાંય વ્હાલા, માફ કરી દેજો, માફ કરી દેજો ભૂલો માફ કરી દેજો (૨) ... ૦૪
અવરભાવની છોડીને પુષ્ટિ, પરભાવ દઢ કરું કરી દિવ્યદષ્ટિ;
મૂર્તિમાં અખંડ રહેવું પડશે, ન રહેવાયું તો આ બધું નડશે,
છતાંય વ્હાલા, માફ કરી દેજો, માફ કરી દેજો ભૂલો માફ કરી દેજો (૨) ... ૦૫
અઢળક ભૂલો માફ કરી છે, રીઢા થઈ ફરી ફરી કરી છે;
સુધારો કરું હવે બહુ દુઃખી કીધા, શિક્ષા પહેલાં કરો હવે સીધા,
છતાંય વ્હાલા, માફ કરી દેજો, માફ કરી દેજો ભૂલો માફ કરી દેજો (૨) ... ૦૬

## ૯૫૧ (રાગ : અમે તો શ્રીજીના કિશોર)

અમે તો શ્રીજીનાં સંતાન, રાજી કરવાનું એક તાન;
અમે તો બાપાના સંકલ્પ, જીવનમાં નથી કોઈ વિકલ્પ;
અમે તો બાપજી કેરા બાળ, ઠેઠનો મળ્યો અમને પ્યાર;
અમે તો શ્રીજીનાં સંતાન ... ૦૧
કોણ મળ્યા ને કેવા કર્યા, ખુમારીથી હર્યાભર્યા;
ચાર ચાર જનમથી સાથે રહીને, સંભાળ લીધી મારા કહીને;
હવે નથી કરવા દુખાળા, કે નથી કરવા ઓશિયાળા;
અમે તો શ્રીજીનાં સંતાન ... ૦૨
આજ્ઞા-અનુવૃત્તિ જીવન અમારું, ગમતું કરવું તમારું;
મરજીશાસ્ત્ર તમે જીવન અમારા, મરજીમાં રહેવું તમારા;
બળ દેજો ને ભેળા ભળજો, પળે પળે રક્ષા કરજો;
અમે તો શ્રીજીનાં સંતાન ... ૦૩

આંખ આપી તવ દર્શન કાજે, બીજું જોતાં સત્સંગ લાજે;
લોહી તણું બુંદબુંદ આ વહેશે, જ્યાં સુધી જીવન રહેશે;
આપને માટે જ સમય શક્તિ, ભણતર અને બુદ્ધિ;
અમે તો શ્રીજીનાં સંતાન ... ૦૪
ડૉક્ટરનો દીકરો ડૉક્ટર થાયે, વકીલનો વકીલ હોયે;
એ રીત જગતની ચાલી આવે, તો અમથી કેમ ન થાવે;
અમે દીકરા છીએ તમારા, ખેંચી લેજો પ્રાણપ્યારા;
અમે તો શ્રીજીનાં સંતાન ... ૦૫
**SMVS** માટે જનમ અમારો, રોમેરોમે કેફ તમારો;
મૂર્તિસુખના છો તમે વેપારી, અમે દીકરા નથી ભિખારી;
કહો તો તન-મન-ધન અમે તજશું, કુરબાન જીવન કરશું;
અમે તો શ્રીજીનાં સંતાન ... ૦૬

**૯૫૨** **(રાગ : ગરબી)**

અતિ દયાળુ રે, સ્વભાવ છે સ્વામીનો;
પરદુઃખહારી રે, વારી બહુનામીનો... ૦૧
કોઈને દુખિયો રે, દેખી ન ખમાય;
દયા આણી રે, અતિ આકળા થાય... ૦૨
અન્ન ધન વસ્ત્ર રે, આપીને દુઃખ ટાળે;
કરુણાદૃષ્ટિ રે, દેખી વાન જ વાળે... ૦૩
અનંત જન્મના રે, વાંક ગુના નવ જોયા;
કરી કૃપા રે, આ સૌની પર મોહ્યા... ૦૪
અધમને ઉદ્ધાર્યા રે, કરુણા અતિ વરસાવી;
જેતલપુરની રે, બાઈ લક્ષ્મી ફાવી... ૦૫
જુઓ જેસંગિયો રે, ત્રણસો ભૂતડાં હોયે;
સિંધુ ઊલટ્યો રે, સીધા મૂર્તિમાં જાયે... ૦૬
મારા આશ્રિત રે, અન્ન વસ્ત્રે સુખ થાશે;
દીધા કોલ રે, કરુણા તો પ્રકાશે... ૦૭

આપણે દીકરા રે, એમના જ્યારે છઈએ;
દયા કરુણા રે, સ્વભાવમાં વણી દઈએ... ૦૮
પ્રભુએ આપ્યું રે, જે છે આપણી પાસે;
વિના સ્વાર્થે રે, વાપર્યે વધતા જાશે... ૦૯
કોઈની આંતરડી રે, ભૂલમાં ન કકળાવીએ;
ઘસાઈ જઈને રે, ઠારીએ ઠારીએ ઠારીએ... ૧૦
ઘરડાં માબાપ રે, શરણે રહેલા કોઈને;
ન દૂભવીએ રે, દુભાય છે હરિ જોઈને... ૧૧
જુઓ શ્રીહરિ રે, જોઈને રાજી થાશે;
હવે તું મારો રે, કહીને સુખડાં દેશે... ૧૨

### ૯૫૩ (રાગ : મુજે મિલ ગયા મન કા મીત)

કારણ સત્સંગ કી રીત, યે દુનિયા ક્યા જાને,
ક્યા જાને ભાઈ ક્યા જાને (૨), પરભાવ કી બન ગઈ પ્રીત;
યે દુનિયા ક્યા જાને ... ટેક
શ્રીજી પધારે મુક્ત કે સાથ, નયે આદરવાલે ભક્ત સંગાથ;
પાત્ર કરને મૂર્તિસુખ કાજ, યે દુનિયા ક્યા જાને,
ક્યા જાને ભાઈ ક્યા જાને (૨), રસબસ સુખ કી યે રીત;
યે દુનિયા ક્યા જાને ... ૦૧
સ્વસંકલ્પ પૂર્ણ કરને કે લિયે, શ્રીજીને બાપાશ્રી કો પ્રગટ કિયે;
સ્વામિનારાયણ કી સચ્ચી પહેચાન, યે દુનિયા ક્યા જાને,
ક્યા જાને ભાઈ ક્યા જાને (૨), સર્વોપરી હો ગઈ પ્રતીત;
યે દુનિયા ક્યા જાને ... ૦૨
બાતબાત મેં ઢલ ગયે અઢલક, ધો દિયે કર્મ ખાતે અનહદ;
કૈસે બરસે હૈ અનરાધાર, યે દુનિયા ક્યા જાને,
ક્યા જાને ભાઈ ક્યા જાને (૨), દે દી સત્પુરુષ કી યે ભેટ;
યે દુનિયા ક્યા જાને ... ૦૩
હોગા કારણ સત્સંગ વિશ્વવ્યાપી, દિયા ગુરુદેવ ને સંકલ્પ સ્થાપી;
હોગા હોગા જરૂર હોગા, યે દુનિયા ક્યા જાને,

ક્યા જાને ભાઈ ક્યા જાને (૨), આરંભ હુઆ પ્રચંડ સંકલ્પ;
યે દુનિયા ક્યા જાને ... ૦૪

કૃપા કરકે દેહ છુડવાયા, ચૈતન્ય નિજરૂપ કર દિયા;
કર અનાદિ મૂર્તિ મેં લિયા, યે દુનિયા ક્યા જાને,
ક્યા જાને ભાઈ ક્યા જાને (૨), પ્રતિલોમ આ ગયે મહારાજ;
યે દુનિયા ક્યા જાને ... ૦૫

નહિ પાંચ દસ પચ્ચીસ પચાસ, કોટિ અનાદિમુક્ત કરન કો ખાસ;
અનાદિમુક્ત વિશ્વમ્ સર્જાય, યે દુનિયા ક્યા જાને,
ક્યા જાને ભાઈ ક્યા જાને (૨), બહોત હોગા જયજયકાર;
યે દુનિયા ક્યા જાને ... ૦૬

જ્ઞાન ધ્યાન કા સાગર ગર્જેગા, પ્રતિલોમ સાધના સે અનુભવ હોગા;
મૂર્તિરૂપ પાત્ર બનાયે, યે દુનિયા ક્યા જાને,
ક્યા જાને ભાઈ ક્યા જાને (૨), બૉર્ડરલેસ વિશ્વ સર્જાયે;
યે દુનિયા ક્યા જાને ... ૦૭

કભી ન દેખા કભી ન સુના, અટલ વિશ્વાસ સે માન હી લેના;
કૃપા કર કે હરિ બતલાય, યે દુનિયા ક્યા જાને,
ક્યા જાને ભાઈ ક્યા જાને (૨), બ્રહ્મવિદ્યા કાલિજ સ્થપાય;
યે દુનિયા ક્યા જાને ... ૦૮

**૯૫૪** **(રાગ : ગરબી)**

તારી મૂર્તિ લાગે છે મુને પ્યારી રે, શ્રી ઘનશ્યામ હરિ;
રૂડી ચાલ જગતથી ન્યારી રે, શ્રી ઘનશ્યામ હરિ... ૦૧

ઊંડી નાભિ છે ગોળ ગંભીર રે, શ્રી ઘનશ્યામ હરિ;
રૂડા લાગો છો શ્વેત શરીર રે, શ્રી ઘનશ્યામ હરિ... ૦૨

તારી છાતી ઊપડતી નાથ રે, શ્રી ઘનશ્યામ હરિ;
એ છે મુક્તો કેરું ધામ રે, શ્રી ઘનશ્યામ હરિ... ૦૩

તારા મુખની શોભા જોઈ રે, શ્રી ઘનશ્યામ હરિ;
રાખું અંતરમાં હું પ્રોઈ રે, શ્રી ઘનશ્યામ હરિ... ૦૪

ચંદ્ર-તિલક શોભે કેવા ભાલે રે, શ્રી ઘનશ્યામ હરિ;
કેસર ચંદન અર્ચ્યા વ્હાલે રે, શ્રી ઘનશ્યામ હરિ... ૦૫

બંને ગાલ રૂડા સુંદર ઝળકે રે, શ્રી ઘનશ્યામ હરિ;
કર્ણે પુષ્પ કેરા તોરા લળકે રે, શ્રી ઘનશ્યામ હરિ... ૦૬

મંદ હાસ્ય કરી સુખ બહુ આપો રે, શ્રી ઘનશ્યામ હરિ;
દંત જોતાં સર્વે દુઃખ કાપો રે, શ્રી ઘનશ્યામ હરિ... ૦૭

તેજ તેજ તણા અંબાર છૂટે રે, શ્રી ઘનશ્યામ હરિ;
રહી મૂર્તિમાં મુક્તો સુખ લૂંટે રે, શ્રી ઘનશ્યામ હરિ... ૦૮

પ્રતિલોમપણે સળંગ નિહાળું રે, શ્રી ઘનશ્યામ હરિ;
પાત્ર કરી ડુબાડો દયાળુ રે, શ્રી ઘનશ્યામ હરિ... ૦૯

રોમ રોમપણે સુખ દ્યો હરિ રે, શ્રી ઘનશ્યામ હરિ;
અતિ સ્નેહ કરી દીધા છે ભરી રે, શ્રી ઘનશ્યામ હરિ... ૧૦

### ૯૫૫ (રાગ : એકડે એક બોલવામાં રાખો બ્રેક)

હસ્તી ભલે હોય છોટી, સેવા કરે મોટી મોટી;
આ તો કેવી અજબ જેવી વાત છે... ૦૧

ગુરુ ગમતામાં રહેવું, ન પડે કદી કહેવું;
આ તો કેવી અજબ જેવી વાત છે... ૦૨

જ્યારે પૂજન કરવા મળે, દિવ્યદૃષ્ટિ એમની ઠરે;
આ તો કેવી અજબ જેવી વાત છે... ૦૩

પ્રગટ શ્રીહરિ બિરાજી, રાજી રાજી કહે છે ગાજી;
આ તો કેવી અજબ જેવી વાત છે... ૦૪

નમીને દર્શન કરવાં, ‘જી’ભરીને હૈયે ધરવા;
આ તો કેવી અજબ જેવી વાત છે... ૦૫

આ દર્શન-સ્પર્શ ક્યાંથી, આનંદ છૂટે તો માંહીથી;
આ તો કેવી અજબ જેવી વાત છે... ૦૬

મહારાજ ધક્કામુક્કી જુવે, કેવા દુઃખી થાવે;
આ તો કેવી અજબ જેવી વાત છે... ૦૭

## ૯૫૬　　　　(પદ : અવસર રૂડો આવી ગયો છે)

અવસર રૂડો આવી ગયો છે, આનંદનો નહિ પાર;
રાજીપાને લૂંટી બનો સૌ, મૂર્તિમાં રમનાર,
ગુરુકૃપામાં ડૂબી જઈએ, પાત્રતા વધે અપાર;
શ્રીજી સ્વરૂપમાં દીવાના થઈએ, સુખડાં ભોગવનાર...ટેક

સંપીલો ને સુખી પરિવાર, (સૌનો) કરશું સહર્ષ સ્વીકાર; (૨)
મહારાજના સૌ મુક્તો છે, થાશું ઍડજસ્ટ વારંવાર, (૨)
જતું કરીને ભૂલી જઈ, માફી માંગશું અનેક વાર...૦૧

સ્વભાવ છે મૂળ દુઃખનું કારણ, (મારે) સ્વભાવ છોડવા પડશે; (૨)
મનધાર્યું કરી ડખા કર્યા છે, (હવે) સરળ થવાનું રહેશે, (૨)
ક્રોધ કરી બહુ દુખવ્યા છે, નહિ શાંત થવું તો બહુ નડશે ...૦૨

અનાદિમુક્તો પકવવા માટે, (હવે) અનાદિ જેવા થવું; (૨)
બાળકો છે હવાડા સમ તો, (મીઠા) જળનો કૂવો રહું, (૨)
વાણી વર્તને સંસ્કાર દઈને, સુખિયા રહેશું સહુ...૦૩

હૅપી ફેમિલિ કરવું છે તો, સત્સંગથી જ એ થાશે; (૨)
નિજદર્શનથી ભૂલો જોઈ, ગુણ જો સૌના ગવાશે, (૨)
ક્ષમાયાચના કરતા થશું તો, (મારા) વ્હાલાને બહુ ગમશે ...૦૪

સિંહ બનીને ગરજવાનું, (હવે) સત્ત્વ આવી ગયું, (૨)
હરિ મરજીમાં ગુરુ ગમતામાં, (હવે) ચાલવાનું ફાવી ગયું, (૨)
રાજી કરીને મૂર્તિમાં રહેવું, (માત્ર) એ જ ભાવી ગયું...૦૫

•••

# છંદ

**૯૫૭** **(છંદ : રેણકી)**

**સર સર**[૧] પર સધર **અમરતર**[૨] અનુસર કરકર વરધર મેલ કરે,
હરિહર સુર અવર અછર અતિ મનહર ભરભર અતિ ઉર હરખ ભરે;
નીરખત નર પ્રવર **પ્રવરગણ**[૩] **નીરજર**[૪] નીકર મુકટ શિર સવર નમે,
ઘણરવ પટ ફરર ઘરર પદ ઘૂઘર રંગભર સુંદર શ્યામ રમે...રંગભર ૦૧

ઝણણણણણ ઝણણ ખણણ પદ ઝાંઝર **ગોમ**[૫] ધણણ ગણણણ ગયણે,
તણણણ બજ તંત ઠણણ ટંકારવ રણણણ સુર ઘણણણ **રયણે**[૬];
ત્રહ ત્રહ અતિ ત્રણણ ધ્રણણ બજ ત્રાંસા ભ્રમણ ભ્રમરવત રમણ ભ્રમે,
ઘણરવપટ ફરર ઘરર પદ ઘૂઘર રંગભર સુંદર શ્યામ રમે...રંગભર ૦૨

ઝટપટ **પટ**[૭] ઊલટ પલટ નટવર ઝટ લટ પટ **કટ**[૮] **ઘટ**[૯] નિપટ લલે,
કોકટ અતિ ઉકટ **ત્રુકટ**[૧૦] ગતિ ધીન કટ મન ડર મટ લટ લપટ મલે;
ઘેલા તટ પ્રગટ અમર અટરટ જૂટ સુર થટ **ખે**[૧૧] ખટ **તેંણ સમે**[૧૨],
ઘણરવપટ ફરર ઘરર પદ ઘૂઘર રંગભર સુંદર શ્યામ રમે...રંગભર ૦૩

ઘમઘમ અતિ ઘમક ઠમક પદ ઘૂઘર ધમધમ ક્રમ સમ હોત ધરા,
ભ્રમ ભ્રમવતવિષમ પરિશ્રમ વત ભ્રમ ખમખમ દમ **અહિ**[૧૩] **વિફમ**[૧૪] ખરા;
ગમગતિ અતિ અગમ નિગમ ન લહત ગમ નટવટ રમઝટ ગમ મનમેં,
ઘણરવપટ ફરર ઘરર પદ ઘૂઘર રંગભર સુંદર શ્યામ રમે...રંગભર ૦૪

ગતગતપર ઉગત તૂગત નૃત પ્રિયગત રત ઉનમત ચિત વધત રતિ,
તતપર ધ્રત નચત ઉચત મુખ થૈતત આવ્રત અત ઉત ભ્રમત અતિ;
ધીધીતત ગત બજત મૃદંગ સુર ઉધધત ક્રત ભ્રત નરતત અતંત ક્રમે,
ઘણરવપટ ફરર ઘરર પદ ઘૂઘર રંગભર સુંદર શ્યામ રમે...રંગભર ૦૫

થનગન તન નચત પવન પ્રચલન થન સુમન ગગન ધુન મગન સુરા,
મન મન વર શ્રીજી પ્રશન ધન તન મન ધન ધન વન ધન તાસ ધરા;
વિસરે તન ભાન ખાન પાન વિધિ ગાન તાન જેહી શ્યામ ગમે,
ઘણરવપટ ફરર ઘરર પદ ઘૂઘર રંગભર સુંદર શ્યામ રમે...રંગભર ૦૬

ઢલઢલ રંગ પ્રગલ અઢલ જનપર ઢલ ઝલઝલ અણકલ તેજ ઝરે,
ખલખલ ભુજ ચૂડ ચપલ અતિ ખલકત શ્રીજી કતોહલ પ્રબલ કરે;
વલવલ ગલહસ્ત તુમલ ચલ ચિતવલ જુગલ જુગલ પ્રતિરંગ જમે,
ઘણરવપટ ફરર ઘરર પદ ઘૂઘર રંગભર સુંદર શ્યામ રમે...રંગભર ૦૭

સરવસ વસ મોહ દરસ સુરથીત શશી અરસપરસ ત્રસ ચરસ અતિ,
કસ કસ પટ હુલસ વિલસ ચિત આક્રશ રસબસ ખુસહસ બરસ રતિ;
દ્રસ નવરસ સરસ ભયો બ્રહ્માનંદ અનરસ મનસ તરસ અથમે,
ઘણરવપટ ફરર ઘરર પદ ઘૂઘર રંગભર સુંદર શ્યામ રમે...રંગભર ૦૮

• ૧. સરિતા તટે • ૨. કલ્પવૃક્ષ • ૩. મુક્તોના સમૂહ • ૪. અજર • ૫. પૃથ્વી • ૬. રાત્રિ • ૭. વસ્ત્ર • ૮. કમર • ૯. શરીરે • ૧૦. ત્રિભંગી • ૧૧. નાશ થવો • ૧૨. તે સમયે • ૧૩. શેષનાગ • ૧૪. બેભાન

## ૯૫૮ (છંદ : રેણકી)

પર પર અતિ પરમ પરમ અપરમ પર, ઝળળળળ અનકળ તેજ ઝરે,
હડડડડ હડડ છળળ છળ ઊછળત, પ્રૌઢ તરંગ સમંદ પરે;
દળ દળ પર અકળ વદળ દળ ઊમટત, ભર ભર નભ સર તેજ ભરે,
(ત્યુંહી) ક્ષર અક્ષર પર સદા સભર ભર, મૂર્તિ રસબસ સુખ ઝરે...૦૧

દલ દલ અતિ અદલ બદલ મુક્તન દલ, મલ વિમલ ફૂલન સહ ગ્રીવ ગણે,
બલ બલ અતિ સબલ પ્રબલ બાહુન ધવલ, બલ કોમલ કરતલ અંગુલિષ કહે;
થલ અવિચલ અચલ વિશલ વક્ષસ્થલ, તુંગ ઉદર માંહી ત્રિવલ પરે,
(ત્યુંહી) ક્ષર અક્ષર પર સદા સભર ભર, મૂર્તિ રસબસ સુખ ઝરે...૦૨

ગમ ગમ મમ યુગમ નિગમ ન લહત ગમ, સમ લંમ સુંદર પાવ સદા,
પટ અનુપમ ઉત્તામ પ્રીતમ હરિ, ધરમ મરમ ધર ધાર તદા;
મન અતિ વિષમ પરિશ્રમ વ્રતભ્રમ, થંમ અવિરત તવ ચરણ ઠરે,
(ત્યુંહી) ક્ષર અક્ષર પર સદા સભર ભર, મૂર્તિ રસબસ સુખ ઝરે...૦૩

રસબસ વસ અરસ ચિત આર્કષ, દરસ સરસ દોનું સામ્ય સદા,
વસ અવિરત વાસ સદા મૂર્તિ હી મધન જશ, મુક્ત અનાદિ મૂણસ તદા;
નરહર મન આસ પ્રબલ એક પ્યાસા, જળ મીન વત તવ સ્વરૂપ તરે,
(ત્યુંહી) ક્ષર અક્ષર પર સદા સભર ભર, મૂર્તિ રસબસ સુખ ઝરે...૦૪

## ૯૫૯ (ધ્યાનાષ્ટક : ચર્ચરી છંદ)

દેખત બડ ભાગ લાગ, પોત સરસ નવલ પાઘ;
અંતર અનુરાગ જાગ, છબી અથાગ ભારી.
અતિ વિશાલ તિલક ભાલ, નીરખત જન હોત ન્યાલ;
ઉન્નત ત્રય રેખ જાલ, કાલ **વ્યાલ**[1] હારી.
વિલસિત **ભ્રૂંહ**[2] શ્યામ વંક, ચિંતત ઉર જાત શંક;

મૃગમદ ભર બીચ પંક, અંક ભ્રમર ગ્યાની.
જય જય ઘનશ્યામ શ્યામ, **અંબુજ**[3] દ્રગ **કૃત**[4] ઉદામ;
સુંદર સુખધામ નામ, સાંવરે ગુમાની(૨)...જય ૦૧

**શ્રોન**[5] કોન દ્રગ લકીર, તીક્ષણ મનુ કામતીર;
નાસા છબી દીપ **કીર**[6], ધીર ધ્યાન લાવે.
કુંડલ શુભ શ્રવણ કીન, નૌતમ કૃતિ અતિ નવીન;
મનહું હેમ જુગલ મીન, ચંદ મિલન આવે.
ગુણનિધિ કપોલ ગોર, ચિતવત ચિત્ત લેત ચોર;
તાકે બિછ **દછન**[7] કોર, જોર તિલ નિશાની...જય ૦૨

મંદ મંદ મુખ હસંત, **દારીમ**[8] સમ પંક્તિ દંત;
સમરત માહંત સંત, ખંત ચંત કરકે.
લોભિત ચિત્ત અધર લાલ, વિલસિત વિદ્રુમ પ્રવાલ;
રાજત અતિશય રસાલ, તાલ બંસીધર કે.
અંબક ફલ ચિબુક જાન, **કંબુ**[9] સમ કંઠ માન;
ધારત ભક્ત આદિ ધ્યાન, આન ઉર ન આની...જય ૦૩

દીરઘ અતિ દોરદંડ, મોતિન ભુજબંધ મંડ;
ખલ દલ બલ કર વિખંડ, અરિ પ્રચંડ મારે.
હિયપર બન નવલ હાર, શોભિત અતિ જલજ સાર;
દેખત જન વારવાર, અઘ અપાર ટારે.
પ્રૌઢ ઉચ્ચ ઉર પ્રથુલ, ફહરે શુભ ગંધ ફૂલ;
મનિ ભર નંગ બર અમૂલ, દૂલરી વખાની...જય ૦૪

ઉદર તુંગ અતિ અનુપ, ગુણવત તિલ સામ ગૂપ;
નાભિ માનુ પ્રેમકૂપ, રૂપ અજબ રાજે.
શોભિત હદ કટિ પ્રદેશ, કાંચી નંગ જડિત બેસ;
ચિંતત ઉર મેં મુનેશ, અઘ અશેષ ભાંજે.
ઉરુ અનંત રૂપવાન, દિવ્ય અલૌકિક શોભમાન;
નિજ જન જેહિ ધરત ધ્યાન, પ્રાન પ્રેષ્ઠ જાની...જય ૦૫

જાનુ દૌ રૂપવંત, લલિત કર શ્રી અતંત;
સમરત જેહિ મુનિ અનંત, અંત જન્મ આવે,
જન મન પ્રિય જુગલ જંગ, રોમ અલ્પ અજબ રંગ;
ચિતવત ચિત ચઢત રંગ, અતિ ઉમંગ પાવે.

ગુલ્ફન છબી અધિક શોભ, સ્થિતિ ચલ મન દેત થોભ;
નીરખત ઉર મિટત ક્ષોભ, લોભ આદિ ગ્લાનિ...જય ૦૬

ચરન પ્રષ્ટ ચિત હરાત, તરું તમાલ છબી લજાત;
સમરત તતકાલ આત, રાત પ્રાત મન મેં.
જાકું નિત શેષ ગાત, અજહુ પુનિ નહિ અઘાત;
તુલસી જેહી સ્થલ રહાત, પાત માનું જન મેં.
નખ ઉતંગ રંગ લાલ, શોભિત મનુ દીપમાલ;
રાજત કીધું ચંદ્રબાલ, ખ્યાલ કરત ધ્યાની...જય ૦૭

વિલસિત ચરણારવિંદ, કોમલ અતિ પ્રેમ કંદ;
ધ્યાવત ભવ મિટત ફંદ, છંદ સ્તવન બોલે.
પ્રસરત જેહી પદ પ્રસંગ, પુન્ય ભરિત સરિત ગંગ;
અઘ વિનાશ પર્સ અંગ, હો ઉતંગ ડલે.
રાજત મહીં ઊર્ધ્વરેખ, વજ્રાદિક સહિત પ્રેખ;
બ્રહ્માનંદ દેખ દેખ, લેખત કુરબાની...જય ૦૮

● ૧. સાપ ● ૨ ભ્રમર ● ૩. કમળ ● ૪. કાર્યો ● ૫. કાન ● ૬. પોપટ ● ૭. જમણે ● ૮. દાડમ ● ૯. શંખ

## ૯૯૦ ચર્ચરી છંદ (સદ્‌ગુરુ પૂર્ણાનંદ સ્વામી રચિત)

સોહે સુખધામ શ્યામ, મોહે લખી કોટિ કામ,
સંતન અભિરામ નામ, અષ્ટ જામ રટિયે;
પગીયાં બની હે અનુપ, સરસ અત્તર અગર ધૂપ,
રાજત અતિ નવલ રૂપ, જરકસી દુપટી યે;
તામે તોરા શૃંગાર, પુષ્પ નવલસાર સાર,
મત્ત ભ્રમર વાર વાર ઘોરે ઘોરે;
દેખો ઘનશ્યામ ચંદ મહિમા કે છંદ વૃંદ,
હસત વદન મંદ મંદ થોરે થોરે...દેખો૦૧

કેસર કો તિલક ભાલ, નીરખત જન હોત ન્યાલ,
ભ્રકુટિ કુટિલા રસાલ, કાલ ડરત જાસે;
તા પર જુક કુટિલ કેશ, સૂક્ષ્મ શુભ શામ લેશ,
માનુ મન બાલ વેશ, વેશ લઘુ થાશે;
અખિયાં લખિયાં સો લાલ, રક્ત રેખ તાકો તાલ,
લેત ચિત્ત હાલ હાલ ચોરે ચોરે...દેખો૦૨

નાસા તિલકૂલ જાન, દીપક મણિતા સમાન,
ધન ધન જન ધરત ધ્યાન, તાસે નિકટ તિલ હે;
કૌમલ દૌ કરણ માંય, જલકત કુંડલ સોહાય,
મક્રાકૃત કહત તાંય, ઉપમા શોમીલ હે;
શામ બિંદુ વામ કરણ નિજ જન મન ધ્યાન ધરન,
દેખત દુઃખ જન્મ મરણ તોરે તોરે...દેખો ૦૩

દંતન પંક્તિ કહાત, ચિતવત નિત ચિત લાલ,
ઉપમા તેહી કહી ન જીત, કુંદન કી કલિયાં;
સુંદરવર અધર રક્ત, દેખત મન મગન ભક્ત,
ચિબુક ગ્રીવ લખિત જક્ત, શક્ત જલિયાં;
ઊંચ અંશ નવલપીન, ભુજા દોનોં સજનવીન,
આભૂષણ કનક કીન જોરે જોરે...દેખો ૦૪

બાજુબંધ પોં'ચી અવલ જડિત નંગ રંગ નવલ,
સરલ વેઢ વીંટી પ્રબલ જલકત હે ભારી;
કોમલ કર તલ કહીત, અંગુલી સલીસો નવીત,
નખમણી તણી કણી બનીત સુંદરતા ન્યારી;
વક્ષઃસ્થળ બૃહદ અમલ હાર સાર તાપર ચલ,
સુંદરવર ઉદર ત્રિવલ ગોરે ગોરે...દેખો ૦૫

નાભિ ગંભીર ગોળ, કટિ તટ પટ પિત ચોર,
નિકટ નિપટ કાંચી ઓળ, લટી પટ પટ સોહે;
ઉરૂ તરૂ રંભ દરસ, જાનું જંગાસુ સરસ,
દેખત મન હોત હરસ, જન મન સો મોહે;
ઝાંઝર ઝણ ઝણણ ઝણણ, ઘૂઘર ઘણ ઘણણ ઘણણ,
ધરતી તન ધણણ કણણ કોરે કોરે...દેખો ૦૬

ગુલફા શુભ ગોળ દૌ, ચક્રીત જન ચિત જૌ,
તૃપ્તિ નહિ હોત તૌ, ચલકત સો ચલકે;
કોમલ દૌ ચરણ કમલ, મંજુલ નખ પંક્તિ વિમલ,
ઝલ ઝલ ઝલલ ઝલલ, ઝલકત સો ઝલકે;
તામે જન ચિત પ્રોત પુલકિત તન મન સુધોત,
જોત જોત હોત ઘોત ઠોરે ઠોરે...દેખો ૦૭

અષ્ટકોણ અંકુ જવ, વજ્ર અમ્ર કેતુ સ્વ,
સ્વસ્તિ જંબુ રેખા નવ, દક્ષિણ હરિ ચરણે;
વ્યોમ કલશ ધનુષ મીન, ગોપદ ઈન્દુ પ્રચીન,
સપ્તમસો કોણ તીન, વામ પાઉ વરણે;
અંગુલી અતિ રુચિર કોય, ચિંતત મન મગન હોય,
પૂર્ણાનંદ ઈષ્ટ સોય મોરે મોરે...દેખો ૦૮

૯૬૧ (ઘનશ્યામાષ્ટક : સવૈયા)

સાહ ભયો ઉમરાહ ભયો, પતસાહ ભયો જગશિષ નયો હે,
રાગિ ભયો બડભાગિ ભયો, વિતરાગિ ભયો વન જાય રહ્યો હે;
માનિ ભયો નિરમાનિ ભયો, પરમાનિ ભયો જસવાસ લયો હે,
બ્રહ્મમુનિ ઘનશ્યામ કો આશ્રય, જો ન ભયો તો કછુ ન ભયો હે...૦૧

નારી મિલી ફૂલવારી મિલી, જ્યું અટારિ મિલી મહીં કાચ ઢલ્યો હે,
પૂત મિલે ઘર સુત મિલે, બહુ દૂત મિલે નિજ બેન પલ્યો હે;
ખાન મિલે અરુ પાન મિલે, સનમાન મિલે કહું ભાગ્ય ખૂલ્યો હે,
બ્રહ્મમુનિ ઘનશ્યામ કો આશ્રય, જો ન મિલ્યો તો કછુ ન મીલ્યો હે...૦૨

ભોગ લીયો રુ ઉદ્યોગ લીયો, તન જોગ લીયો બિન રોગ જિયો હે,
જ્ઞાન લીયો કહુ તાન લીયો, બહુ દાન લીયો જગરાજ કિયો હે;
બાજ લીયો ગજરાજ લીયો, સબ સાજ લીયો જસ ગાજ રહ્યો હે,
બ્રહ્મમુનિ ઘનશ્યામ કો આશ્રય, જો ન લીયો તો કછુ ન લીયો હે...૦૩

ત્યાગી બન્યો અનુરાગી બન્યો, બડભાગી બન્યો અરિસેન હન્યો હે,
સૂર બન્યો મગરૂર બન્યો, ધનપૂર બન્યો ચકચૂર સુન્યો હે;
તાલી બન્યો અરુ ખ્યાલી બન્યો, સુખપાલી બન્યો બડભાગી બન્યો હે,
બ્રહ્મમુનિ ઘનશ્યામ કો સેવક, જો ન બન્યો તો કછુ ન બન્યો હે...૦૪

ધામ કિયો કહું કામ કિયો, જગ નામ કિયો જસ વ્યાપ રહ્યો હે,
દાન કિયો સનમાન કિયો, અભિમાન કિયો કર કે ઝુકિયો હે;
દાવ કિયો કહું ભાવ કિયો, ઠહરાવ કિયો કહું રાજ લિયો હે,
બ્રહ્મમુનિ ઘનશ્યામ કો આશ્રય, જો ન કિયો તો કછુ ન કિયો હે...૦૫

ગીત પઢ્યો જગ રીત પઢ્યો, નૃપ નીત પઢ્યો તન રંગ ચઢ્યો હે,
ભાસ પઢ્યો અનુપ્રાસ પઢ્યો, રસ રાસ'રૂ ન્યાય પ્રકાશ દઢ્યો હે;
કેદ પઢ્યો બહુ ભેદ પઢ્યો, સબ વેદ પઢ્યો પઢી માન બઢ્યો હે,
બ્રહ્મમુનિ ઘનશ્યામ કો નામ કું, જો ન પઢ્યો તો કછુ ન પઢ્યો હે...૦૬

દેશ ગયો પરદેશ ગયો, ઘર ભેષ ગયો ચહુ ધામ રયો હે,
કાશી ગયો અરુ નાશી ગયો, તન ઘાસી ગયો અતિ પંથ ભયો હે;
શોક ગયો સુરલોક ગયો, વિધિલોક ગયો મન રોક ઠયો હે,
બ્રહ્મમુનિ ઘનશ્યામ કો આશ્રય, જો ન ગયો તો કછુ ન ગયો હે...૦૭

જોગ કર્યો પુન્ય ભોગ કર્યો, સબ ત્યાગ કર્યો કહુ રાગ ધર્યો હે,
ન્યાસ કર્યો ઉપવાસ કર્યો, વનવાસ કર્યો તહાં પાસ મર્યો હે;
જાપ કર્યો સુર થાપ કર્યો, સુ વિલાપ કર્યો તન તાપ પર્યો હે,
બ્રહ્મમુનિ ઘનશ્યામ કો આશ્રય, જો ન કર્યો તો કછુ ન કર્યો હે...૦૮

**૯૬૨ (સવૈયા)**

રાજ ભયો કહા કાજ સર્યો, મહારાજ ભયો કહા લાજ બઢાઈ,
સાહ ભયો કહા બાત બડી, પતસાહ ભયો કહા આન ફીરાઈ;
દેવ ભયો તોઉ કાહ ભયો, અહ મેવ બઢો તૃષ્ણા અધિકાઈ,
બ્રહ્મમુનિ સતસંગ વિના, સબ ઓર ભયો તો કહા ભયો ભાઈ...૦૧

ગૌરવ રૌરવ તુલ્ય ગને, પ્રભુતાઈ સો પાપ સમાન ગહે હે,
કાલ સમા સતકાર કું જાનત, કંચન ગાર સમાન રહે હે;
નારિસો નાગનિ કારી સમાન હે, યારી સો તો જમદ્વારી બહે હે,
કોમલ અંતર બ્રહ્મમુનિ કહે, સો સતશાસ્ત્ર સે સંત કહે હે...૦૨

ક્રોધ ન કામ ન લોભ નહિ મદ, દ્રોહ નહિ મદ મોહ હટાવે,
શીતલ શુદ્ધ વિચાર સુલછન, જાહિ મિલે ભય રોગ મિટાવે;
સાર ગ્રહે ધન દાર સેં દૂર હે, જક્ત વિકાર અસાર બહાવે,
બ્રહ્મમુનિ સુવિચાર કહત હે, સંત સોઈ ભગવંત કું ભાવે...૦૩

દેત ઈંદ્રિ મન પ્રાન કું દંડ, પ્રચંડિત પ્રીત હરિ પદ લાગી;
ઉજ્જવલ ગ્યાન વિગ્યાન વિરાજત, મછર માન અહંમમ ત્યાગી,

પ્રેમ પ્રવાહ અથાહ મતા રહે, રામ રતા સમતા અનુરાગી;
બ્રહ્મમુનિ નર દેહ કું પાય કે, સંત કું સેવત સો બડ ભાગી...૦૪

માનક લાલ પના મુક્તાફલ, પારસ ચિંતા મન કી કુરબાના;
ભોમી કઠોર હી બોરત હે જલ, પાવક મેં ગુન દાહ પ્રમાના,
પૌંનહુ મેં ભય શોષનતા ગુન, વ્યોમ મેં શૂન્ય કછુ નહિ જાના;
બ્રહ્મમુનિ કહે તીનહી લોક મેં, વસ્તુ નહિ કહું સંત સમાના...૦૫

## ૯૬૩ (માયાપંચક)

કોઉ કરત ઉપવાસ, કોઉક અન્ન ખાત અલુના;
કોઉ ખાત ફૂલ કંદ, કોઉ બોલત કોઉ મુંના,
કોઉ ટાઢે તપ કરત, કોઉક ઊંધે શિર ઝૂલે;
મન કૃત કું સત્યમાન, મોક્ષ મારગ સે ભૂલે,
વાસના હૃદય ત્યાગે બિના, વિફલ કરત વનવાસ હૈ;
કહે બ્રહ્મમુનિ હરિ પ્રગટ બિન, સબ માયા કે દાસ હૈ...૦૧

જડિયાં બૂટી જોય, કોય કીમિયા બનાવે;
કાહુ કે વસ વીર, કોઉ સમ સાન જગાવે,
કોઉક નાગા ફિરત, કોઉક તાપત નિત ધુંની;
કોઉક મન કી કહત, કોઉ કહે હુઈ રુ હુનિ,
ધરિ ભેષ ભેદ પાયે બિના, મરત ભૂખ અરુ પ્યાસ હૈ;
કહે બ્રહ્મમુનિ હરિ પ્રગટ બિન, સબ માયા કે દાસ હૈ...૦૨

અગ્ની બજ્જિ કરત, ઘોર કોઉ હોત અઘોરી;
કોઉક વાચા સિધ, દેત ધન છોરાછોરી,
કોઉક કરત જલસેન, કોઉક પાવક મહિ પેસે;
કોઉક પીવત પૌન, ગડા ગિરિવર મહિ બેસે,
પેસંત કોઉક પાતાલ મહીં, ઉડત કોઉ આકાશ હૈ;
કહે બ્રહ્મમુનિ હરિ પ્રગટ બિન, સબ માયા કે દાસ હૈ...૦૩

કરત સરોદા કૂટ, કાલકષ્ટેન કું બાધે;
ઈડા પિંગલા આદિ, પંચ ભૂતન સ્વર સાધે,

મ્રતક જીવાવત કોય, કોય વિદ્યા સબ જાને;
નિકટ દેખાવત દૂર દૂર કું, નિકટ હીં આને,
નવનિધિ અરુ અષ્ટ હી સિધિ, રહત નિરંતર પાસ હૈ;
કહે બ્રહ્મમુનિ હરિ પ્રગટ બિન, સબ માયા કે દાસ હૈ...૦૪

કરા માત કોઉ કરત, કોઉક જગ સિદ્ધ કહાવે;
કોઉક સાધત કલ્પ, જીરણ ભોજન દરશાવે,
કોઉ હિમાલય ગલત, કોઉક ગિર વરતે ગિરહી;
કોઉક કાશી જાય, ધારિ કરબત શિર મરહી,
મુખ ચાર વેદ અરુ શાસ્ત્ર ષટ, અહોનિશ રખત અધ્યાસ હૈ;
કહે બ્રહ્મમુનિ હરિ પ્રગટ બિન, સબ માયા કે દાસ હૈ...૦૫

## ૯૬૪ (ત્રિભંગી છંદ)

કરને કી કર સે ડર પર ધર સે, પાક નજર સે ધર પ્રીતિ,
જપનામ જીગર સે બાલ ઉમર સે, જસ લે જર સે મન જીતી;
ગંભીર સાગર સે રહે સવર સે, મીલે ઉધર સે પરવાના,
ચિત્ત ચેત સિંહાના ફિર નહિ આના, જગ મેં આખિર મરજાના...ચિત્ત ૦૧

મદ ના કર મન મેં મિથ્યા ધન મેં, જોર બદન મેં જોબન મેં,
સુખ કે ન સપન મેં જીવન જન મેં, ચપલા ધન મેં છન છન મેં;
તજ વૈર વતન મેં દ્વેષ ધરન મેં, નાહક ઈનમેં તરસાના...ચિત્ત૦૨

જૂઠા હૈ ભાઈ બાપ બડાઈ, જૂઠી માઈ મા જાઈ,
જૂઠા પિંગાઈ જૂઠ જમાઈ, જૂઠ લુગાઈ લલચાઈ;
સબ જૂઠ સગાઈ અંત જુદાઈ, દેહ જલાઈ સમસાના...ચિત્ત ૦૩

કોણ અધિકારી ભુજબલ ભારી, કોઉ અનારી અહંકારી,
કોઉ તપ ધારી ફૂલ આહારી, કોઉ વિહારી વ્રતધારી;
તૃષ્ણા નહિ ટારી રહ્યા ભિખારી, અંત ખુવારી ઊઠ જાના...ચિત્ત ૦૪

તજ પાપ પલિતિ અસત અનીતિ, ભ્રાંતિ ભીતિ અસ્થિતિ,
સજ ન્યાય સુનીતિ ઉત્તર રીતિ, પ્રભુ પ્રતીતિ ધર પ્રીતિ;
ઈન્દ્રિય લે જીતી સુખ સાબિતી, ગુણ માહિતી દૃઢ જ્ઞાના...ચિત્ત ૦૫

દુનિયા દો રંગી તુર્ક તુરંગી, સ્વારથ સંગી અઠંગી,
હો જા સત્સંગી દૂર કુસંગી, ગ્રહે ન ટંગી જમજંગી;
પિંગલ સુ પ્રસંગી રચે ઉમંગી, છંદ ત્રિભંગી તિરભાના...ચિત્ત ૦૬

**૯૬૫** **(છંદ : ૧)**

હાલો સૌ નર ને હાલો સૌ નારીઓ, **આબાલવૃદ્ધો**[૧] હરખે હાલો;
ભલે કુસંગી, હોય સત્સંગી, છતાંય તમે સૌ હાલો હાલો,
મફતમાં મહાલવા, દુઃખ દોષ ટાળવા, અઢળક ઢળ્યા જ્યારે મારો વ્હાલો;
આવતા ડિસેમ્બરની આખર તારીખમાં, અભયદાન લેવા સૌ હાલો હાલો,
જી રે... અભયદાન લેવા સૌ હાલો હાલો.

● ૧. બાળકથી માંડી વૃદ્ધ સુધી

**૯૬૬** **(છંદ : ૨)**

રંગે ચંગે બહુ ઉમંગે, ઊજવવો મહોત્સવ ભારી ભારી;
સ્વામિનારાયણ ધામની સંકલ્પ ભૂમિ પર, માયાનું કાજ જાય હારી હારી,
નાના-મોટા બાલ કિશોરો, સંતો-ભક્તો તમે હળી મળી;
હૈયે હરખભરી કરો તૈયારી, સ્વયં નિમંત્રે છે શ્રીહરિ,
ભાઈ સ્વયં નિમંત્રે છે શ્રીહરિ.

●●●

# વધારાનાં અષ્ટકો

૯૬૭ **(મહિમાગાન શ્લોકો)**

આવ્યા અક્ષરધામના આ રાજા, સર્વોપરી શ્રીહરિ,
સહજાનંદ ઘનશ્યામ નામ ધારી, શ્રીજી દયા દિલ ધરી;
જાણી બિરદ નાથ સનાથ કરવા, પૃથ્વી પરે વિચર્યા,
ખમ્મા શ્રી ઘનશ્યામ તમોને ખમ્મા, રસબસ અમોને કર્યા...૦૧

ઝળહળ ઝળહળ તેજમાં બિરાજે, હરિકૃષ્ણ કરુણાનિધિ,
તેણે ભૂપર દર્શન દાન દઈને, સંભાળ સૌની લીધી;
ધરિયું પૂર્ણ પ્રતાપી નામ પોતે, શ્રી સ્વામિનારાયણ સદા,
એ નામે અગણિત જીવ તાર્યા, ટાળી બધી આપદા...૦૨

એવા શ્રીજી સમર્થ મોક્ષદાતા, કર્તા નિયંતા તમે,
હે સહજાનંદ પૂર્ણકામ સ્વામી, જાણ્યા પ્રભુજી અમે;
મહિમા દિવ્ય અપાર આપ કેરો, છે શ્યામ સર્વોપરી,
માગીએ વરદાન હાથ જોડી, એ આપજો શ્રીહરિ...૦૩

કહીએ શું સુખદેણ વેણ વ્હાલા, મુક્તપતિ રાજને,
આવ્યા દાસ અનેક આપ શરણે, તેના કર્યા કાજને;
પ્રસરાવી જ પ્રતાપ દિગ્વિજયના, ડંકા દીધા છે ઘણા,
સંશય છેદી ભેદી સહુના, આશ્રિત કર્યા નિજતણા...૦૪

પ્રગટ્યા જીવનપ્રાણ અબજીબાપા, અનહદ કૃપા ધન્ય ઘડી,
શ્રીજી સંકલ્પમૂર્તિ છો જ આપે, એ વાતની હા પડી;
સ્થિતિ મુક્ત અનાદિ કેરી આપે, સર્વે જનોને દીધી,
દર્શન સ્પર્શ જમી જમાડી સહુને, મૂર્તિની લ્હાણી કીધી...૦૫

અપરંપાર અપાર કરી કૃપા, સહુ જીવને સુખિયા કર્યા,
દઈને મૂર્તિ જ્ઞાન દાન બહુ જીવને, મુક્તો અનાદિ કર્યા;
એવી દિવ્ય અનુપ સૌમ્ય મૂર્તિ, અપાર સુખે ભરી,
ઉત્તમ સ્થિતિ અનાદિમુક્ત કેરી, આપે પ્રથમ સુગમ કરી...૦૬

હે બાપા સુખમૂર્તિદાતા શ્રીહરિ તણા, તેજોમય પ્યારા તમે,
અગણિત ગુણ અપાર આપ મહિમા, કહો કેમ જાણી શકીએ અમે;
અતિ ઉત્તમ નવીન દિવ્ય સુખડાં, સ્હેજે કૃપાળુ અપાવજો,
રસબસ ઓતપ્રોત શ્રીજીરૂપ કરી, મુજ દેહભાવ ટળાવજો...૦૭

હે સ્વામીય સમર્થ અર્થ સઘળા, સહુ જ્ઞાનના સુગમ કર્યા,
વેઠી કષ્ટ અઢાર વર્ષ પૂરાં, જ્ઞાનામૃતો ખુલ્લાં કર્યાં;
અન્વય ને વ્યતિરેક છેક છૂટા, સુગમ કરી સમજાવિયા,
તે કારણ અનંત જીવ સ્હેજે, હરિ મૂર્તિને પામિયા...૦૮

શ્રીજી સંકલ્પસ્વરૂપ આપ સ્વામી, સિદ્ધાંતમાં નીડર શૂરા,
કારણ સત્સંગ રૂપ મૂર્તિ સ્થાપી, ખૂંટ જ્ઞાનના ખોડ્યા ખરા;
હે સ્વામી સુખ મૂર્તિદાતા શ્રીહરિ તણા, પૂરો અમારી આશજી,
તે કારણ નિત્ય નમીએ જ સ્વામી, શ્રી ઈશ્વરચરણદાસજી...૦૯

હે સ્વામી તવ દિવ્યરૂપ પેખી, સહુ જીવને શાંતિ વળે,
જાણે સિંધુ શાંત જ્ઞાન ગંભીર તણો, જેથી મૂર્તિરૂપ મોજું મળે;
હરતા ફરતા હેતમાં સહુજન પરે, કર્તાય મૂર્તિ પ્રકાશજી,
નમીએ નિત્ય અનાદિમુક્ત સ્વામી, શ્રી વૃન્દાવનદાસજી...૧૦

હે સ્વામીય સદાય દિવ્ય મૂર્તિ, શ્રીજી સ્વરૂપમાં રહ્યા,
તે કારણ શુભ શાંત દિવ્ય પેખી, મુનિ નામથી પ્રસિદ્ધ થયા;
કર જોડી વિનંતી કરું લળી લળી, પૂરોય મૂર્તિ પ્યાસજી,
એવા સિદ્ધ અનાદિમુક્ત સદ્‌ગુરુ, શ્રી કેશવપ્રિયદાસજી...૧૧

હે સિદ્ધાંતવાદી ગુરુદેવ બાપજી, આચાર્ય વચનામૃત તણા,
સનાતન આધુનિક અન્વય વ્યતિરેક જે, આપે પ્રવર્તાવ્યા ઘણા;
પ્રત્યક્ષપણે નિશ્ચય કરાવી સૌને, કર્યા અનાદિ લક્ષજી,
રહ્યા મૂર્તિમાં અનાદિમુક્ત સદ્‌ગુરુ, વંદું દેવનંદનદાસજી...૧૨

•••

# મંગળ શ્લોકો તથા ભાવાનુવાદ

૬૬૮ ॥ श्रीघनश्याममधुराष्टकम् ॥

(तोटकम्)

वदनं मधुरं हसितं मधुरं, नयने मधुरे श्रवणे मधुरे ।
अलिकं मधुरं तिलकं मधुरं, घनश्यामहरेरखिलं मधुरम् ॥१॥

ઘનશ્યામ પ્રભુનું મુખારવિંદ મધુર છે, હાસ્ય મધુર છે, બંને નયનકમળ મધુર છે, બંને કર્ણ મધુર છે, ભાલ મધુર છે અને તે મધ્યે શોભતો તિલકચંદ્ર મધુર છે. આ રીતે ઘનશ્યામ પ્રભુનું સર્વ મધુર છે.

हृदयं मधुरं हृद्यं मधुरं, वक्षो मधुरं माल्यं मधुरम् ।
कण्ठं मधुरं गीतं मधुरं, घनश्यामहरेरखिलं मधुरम् ॥२॥

ઘનશ્યામ પ્રભુનું હૃદય મધુર છે, તેમનો પ્રેમ મધુર છે, વક્ષઃ સ્થલ મધુર છે, કંઠને વિષે પુષ્પહાર ધારણ કરેલો છે તે પણ મધુર છે, કંઠ મધુર છે, ઘનશ્યામ પ્રભુ ગીત ગાય છે તે પણ મધુર છે. આ રીતે ઘનશ્યામ પ્રભુનું સર્વ મધુર છે.

हस्तौ मधुरौ प्रतलौ मधुरौ, सुमणी मधुरौ कफणी मधुरौ ।
वलयं मधुरं वरदं मधुरं, घनश्यामहरेरखिलं मधुरम् ॥३॥

ઘનશ્યામ પ્રભુના બંને હસ્ત મધુર છે. બંને હસ્તની હથેળીઓ તેમજ બંને કાંડાં પણ મધુર છે, બંને હસ્તની કોણીઓ પણ મધુર છે. કાંડા વિષે જે કડાં ધારણ કર્યાં છે તે પણ મધુર છે, વામ (ડાબા) હસ્ત વડે જે અભય વરદાન આપી રહ્યા છે તે પણ મધુર છે. આ રીતે ઘનશ્યામ પ્રભુનું સર્વ મધુર છે.

नाभिर्मधुरा त्रिवली मधुरा, सुकटिर्मधुरा रसना मधुरा ।
उदरं मधुरं वसनं मधुरं, घनश्यामहरेरखिलं मधुरम् ॥४॥

ઘનશ્યામ પ્રભુની નાભિ મધુર છે, ઉદરને વિષે પડતી ત્રિવળી મધુર છે, કટિ મધુર છે, કટિને વિષે રહેલો કંદોરો મધુર છે, ઉદર મધુર છે અને ભગવાને જે ધોતી ધારણ કરી છે તે પણ મધુર છે. આ રીતે ઘનશ્યામ પ્રભુનું સર્વ મધુર છે.

**चरणे मधुरे प्रपदे मधुरे, घुटिके मधुरे प्रसृते मधुरे ।**
**रूपं मधुरं मननं मधुरं, घनश्यामहरेरखिलं मधुरम् ।।५।।**

ઘનશ્યામ પ્રભુના બંને ચરણારવિંદ મધુર છે, બંને પહોંચા મધુર છે, બંને ઘૂંટીઓ મધુર છે, બંને જંઘા મધુર છે. ઘનશ્યામ પ્રભુનું રૂપ મધુર છે અને તે રૂપનું મનન તે પણ મધુર છે. આ રીતે ઘનશ્યામ પ્રભુનું સર્વ મધુર છે.

**श्रवणं मधुरं स्तवनं मधुरं, स्मरणं मधुरं जपनं मधुरम् ।**
**भजनं मधुरं यजनं मधुरं, घनश्यामहरेरखिलं मधुरम् ।।६।।**

ઘનશ્યામ પ્રભુના ગુણોનું શ્રવણ મધુર છે, પ્રાર્થના મધુર છે, સ્મરણ મધુર છે. તેમનો જપ મધુર છે, ભજન મધુર છે અને તેમનું પૂજન પણ મધુર છે. આ રીતે ઘનશ્યામ પ્રભુનું સર્વ મધુર છે.

**नमनं मधुरं दास्यं मधुरं, सख्यं मधुरं वचनं मधुरम् ।**
**स्वनिवेदनकं मधुरं मधुरं, घनश्यामहरेरखिलं मधुरम् ।।७।।**

ઘનશ્યામ પ્રભુને નમસ્કાર - પ્રણામ કરવા તે મધુર છે, દાસપણું મધુર છે, સખાપણું મધુર છે, તેમનું વચન મધુર છે, તદ્વિષયક આત્મનિવેદનપણું પણ મધુર છે. આ રીતે ઘનશ્યામ પ્રભુની નવધા ભક્તિ પણ મધુર છે.

**मुक्ता मधुरा भोगा मधुरा, स्वामिनारायणप्रभुर्मधुरा मधुरा ।**
**शरणं मधुरं बिरुदं मधुरं, घनश्यामहरेरखिलं मधुरम् ।।८।।**

ઘનશ્યામ પ્રભુની મૂર્તિમાં રહેલા મુક્તો મધુર છે. તેમના દિવ્ય ભોગ તે પણ મધુર છે. સ્વામિનારાયણ ભગવાનની મૂર્તિ મધુરાતિમધુર છે. તેમનું શરણ મધુર છે, તેમનું બિરુદ પણ મધુર છે. આ રીતે ઘનશ્યામ પ્રભુનું સર્વ મધુર છે.

## ૯૬૯ ।। श्रीस्वामिनारायणस्तोत्रम् ।।

(उपजातिः)

**ऊर्ध्वं तथाधो नहि यस्य मानं तस्मिन्महोधामनि राजमानम् ।**
**मुक्तव्रजानामधिराजमानं श्रीस्वामिनारायणमानमामि ।।१।।**

અધોઊર્ધ્વ પ્રમાણે રહિત તેજરૂપ-સ્વાંગ પ્રકાશરૂપ ધામમાં વિરાજમાન તથા મુક્ત મંડળ મધ્યે શોભતા શ્રી સ્વામિનારાયણ ભગવાનને હું નમસ્કાર કરું છું.

**ब्रह्माण्डसन्दोहविभासिकान्तिं नैकात्मकल्याणनिगूढकान्तिम् ।**
**मनुष्यरूपार्पितदिव्यशान्तिं श्रीस्वामिनारायणमानमामि ।।२।।**

બ્રહ્માંડોના સમૂહોને પોતાની કાંતિએ કરીને (એક કિરણ દ્વારા ઉત્તરોત્તર) પ્રકાશિત કરનારા (એવા છતાં) અનેક જીવાત્માઓના મોક્ષને માટે ગુપ્ત રાખેલ છે પ્રભાવ જેમણે એવા, મનુષ્ય સ્વરૂપે (અત્યારે પ્રતિમા સ્વરૂપે) દિવ્ય શાંતિને આપનારા એવા શ્રી સ્વામિનારાયણ ભગવાનને હું નમસ્કાર કરું છું.

**मनुष्यरूपं प्रतिमास्वरूपं तथाक्षरे धामनि दिव्यरूपम् ।**
**यस्यास्त्यभिन्नं कमनीयरूपं श्रीस्वामिनारायणमानमामि ।।३।।**

જેમનું મનુષ્ય સ્વરૂપ, પ્રતિમા સ્વરૂપ અને અક્ષરધામમાં રહેલું દિવ્ય સ્વરૂપ અભિન્ન છે. અર્થાત્ જેમનાં આ ત્રણેય સ્વરૂપો દેખાય છે પરંતુ ત્રણ નથી; એક જ છે, જે દિવ્ય તેજોમય છે એવા મનોહર રૂપવાળા દિવ્યાતિદિવ્ય શ્રી સ્વામિનારાયણ ભગવાનને હું નમસ્કાર કરું છું.

**दिव्याम्बराभूषणभूषितांङ्गं दिव्याद्वितीयाकृतिमञ्जुलाङ्गम् ।**
**दिव्यत्वसंपादकसंङ्गिसंङ्गं श्रीस्वामिनारायणमानमामि ।।४।।**

દિવ્ય વસ્ત્ર અને આભૂષણોથી વિભૂષિત અંગવાળા, દિવ્ય અદ્વિતીય મનોહર (એટલે કે દિવ્યાતિદિવ્ય સદાય સાકાર), જેમના સત્સંગીઓનો સંગ પણ દિવ્યત્વની પ્રાપ્તિ કરાવે છે એવા શ્રી સ્વામિનારાયણ ભગવાનને હું નમસ્કાર કરું છું.

**स्वस्वामिनारायणनाममन्त्रं स्वयं दिशन्तं भवपारयन्त्राम् ।**
**प्रौढप्रतापाश्रितलोकतन्त्रं श्रीस्वामिनारायणमानमामि ।।५।।**

સંસારથી ઉદ્ધારનારા પોતાના શ્રી સ્વામિનારાયણ મહામંત્રને શ્રીમુખે પ્રકાશિત કરનારા અને પોતાના પ્રૌઢ પ્રતાપે કરીને લોક સમસ્તને આશ્રય આપનારા એવા શ્રી સ્વામિનારાયણ ભગવાનને હું નમસ્કાર કરું છું.

**योगाद्विना कारितसत्समाधिं सद्भक्तसङ्घातविनाशिताधिम् ।**
**संप्रापयन्तं तमनाद्युपाधिं श्रीस्वामिनारायणमानमामि ।।६।।**

અષ્ટાંગયોગ વિના પણ ઉત્તમ નિર્વિકલ્પ સમાધિના દાતા, વિશુદ્ધ ભક્તવૃંદોની સર્વ ઉપાધિઓનો નાશ કરનારા અને અલભ્ય એવી અનાદિમુક્તની પદવીને પમાડનારા એવા શ્રી સ્વામિનારાયણ ભગવાનને હું નમસ્કાર કરું છું.

**सर्वावतारान् प्रविलापयन्तं सर्वावतारित्वमहो धरन्तम् ।**
**स्वराडिति स्वान् परिदर्शयन्तं श्रीस्वामिनारायणमानमामि ॥७॥**

સર્વ આશ્ચર્યને પોતાનામાં (તેજની એક કિરણમાં) લીન કરનારા અને આશ્ચર્યપૂર્વક સર્વાવતારીપણું ધારણ કરનારા અને પોતાના આશ્રિતોને પોતાનું રાજાધિરાજપણું દર્શાવનારા એવા શ્રી સ્વામિનારાયણ ભગવાનને હું નમસ્કાર કરું છું.

**मायेशब्रह्माक्षरसङ्घबीजं येनादिमुक्ता अपि तेषु बीजम् ।**
**तं सर्वदात्यन्तिकमुक्ति बीजं श्रीस्वामिनारायणमानमामि ॥८॥**

પુરુષ, બ્રહ્મ અને અક્ષર સમૂહોના (એક કિરણ દ્વારા) કારણ અને અનાદિમુક્તોના પણ સીધા કારણ અને સર્વદા આત્યંતિક કલ્યાણના એકમાત્ર કારણ એવા શ્રી સ્વામિનારાયણ ભગવાનને હું નમસ્કાર કરું છું.

**प्रत्यक्ष एवास्मि सदेति भानं दत्वा स्वकेभ्यो निजमूर्तिदानम् ।**
**यावदरवीन्दू प्रकटप्रमाणं श्रीस्वामिनारायणमानमामि ॥९॥**

નિજાશ્રિતોને ‘હું સદાય પ્રત્યક્ષ છું’ એવું અનુપમ જ્ઞાન આપી પોતાની મૂર્તિનું અમૂલ્ય દાન આપનારા, સૂર્ય અને ચંદ્ર પ્રકાશે ત્યાં સુધી પ્રતિમા સ્વરૂપે પ્રગટ પ્રમાણ એવા શ્રી સ્વામિનારાયણ ભગવાનને હું નમસ્કાર કરું છું.

## ૯૭૦ ॥ श्रीधार्मिकस्तोत्रम् ॥

## (વસંતતિલકમ્)

**श्रीवासुदेवविमलामृतधामवासं नारायणं नरकतारणनामधेयम् ।**
**श्यामं सितं द्विभुजमेव चतुर्भुजं च त्वां भक्तिधर्मतनयं शरणं प्रपद्ये ॥०१॥**

અનંત શોભાથી યુક્ત તથા અક્ષરાદિક સર્વને વિશે પોતાના તેજની એક કિરણ દ્વારા ઉત્તરોત્તર વાસ કરીને રહેલા, દિવ્ય અને આનંદમય પોતાના તેજરૂપ અક્ષરધામમાં નિત્ય નિવાસ કરીને રહેલા, ઉચ્ચારણમાત્રથી નરકના દુઃખથી ઉદ્ધારનાર નારાયણ - સ્વામિનારાયણ એવા મહાસમર્થ નામવાળા, મેઘના જેવી શ્યામ કાંતિવાળા, તોપણ પોતાની મૂર્તિમાંથી ચોમેર પ્રસરતી દિવ્ય પ્રભાથી શ્વેત જણાતા, તેજના સમૂહમાં સદા દ્વિભુજ સાકાર સ્વરૂપે રહ્યા થકા ભક્તોના મનોરથને અનુસારે સ્વેચ્છાથી ક્યારેક ચતુર્ભુજાદિ રૂપને પ્રગટ કરો છો એટલે કે સમાધિમાં ચતુર્ભુજાદિક અવતારો રૂપે દર્શન આપો છો એવા ભક્તિ ધર્મના પુત્ર શ્રી સ્વામિનારાયણ ભગવાન, હું આપને શરણે

આવ્યો છું.

**शिक्षार्थमत्र निजभक्तिमतां नराणाम्एकान्तधर्ममखिलं परिशीलयन्तम् ।**
**अष्टांगयोगकलनाश्च महाव्रतानि त्वां भक्तिधर्मतनयं शरणं प्रपद्ये ।।०२।।**

આ લોકમાં પોતાને વિષે ભક્તિવાળા ભક્તજનોને મોક્ષ માર્ગની શિક્ષાને - ઉપદેશને માટે સમસ્ત એકાંતિક ધર્મનું, અષ્ટાંગ યોગની કળાઓનું તથા અહિંસા બ્રહ્મચર્યાદિ મહાવ્રતોનું પરિશીલન કરતા (સ્વઆચરણથી સ્વભક્તોને શીખવતા) એવા ભક્તિ ધર્મના પુત્ર શ્રી સ્વામિનારાયણ ભગવાન, હું આપને શરણે આવ્યો છું.

**श्वासेन साकमनुलोमविलोमवृत्त्या स्वान्तर्बहिश्च भगवत्युरुधा निजस्य ।**
**पूरे गतागतजलाम्बुधिनोपमेयं त्वां भक्तिधर्मतनयं शरणं प्रपद्ये ।।०३।।**

પ્રાણાયામ સમયે શ્વાસની સાથે અંદર તથા બહાર નેત્રની આગળ ભગવાનમાં-સ્વસ્વરૂપમાં પોતાની અનુલોમ વૃત્તિ તથા વિલોમ વૃત્તિ (દેહની અંદર અનુલોમ વૃત્તિ તથા દેહથી બહાર વિલોમ વૃત્તિ) વર્તે છે. તેણે કરીને આપ, પૂરમાં જતા-આવતા જળવાળા સમુદ્ર જેવા જણાઓ છો અર્થાત્ આપ ભક્તોને શિક્ષા આપવા શ્વાસોચ્છ્‌વાસના સમયે પણ સ્વસ્વરૂપના ધ્યાનમાં જ નિષ્ઠાવાળા છો એવા ભક્તિ ધર્મના પુત્ર શ્રી સ્વામિનારાયણ ભગવાન, હું આપને શરણે આવ્યો છું.

**बाह्यान्तरिन्द्रियगणश्वसनाधिदैववृत्त्युद्भवस्थितिलयानपि जायमानान् ।**
**स्थित्वा ततः स्वमहसा पृथगीक्षमाणं त्वां भक्तिधर्मतनयं शरणं प्रपद्ये ।।०४।।**

શ્રોત્ર આદિ બાહ્ય ઈન્દ્રિયો, મન આદિ આંતર ઈન્દ્રિયો, પ્રાણ આદિ વાયુઓ તથા તે ઈન્દ્રિયોના અધિષ્ઠાતા દેવો, તે સર્વની વિવિધ વૃત્તિઓનાં થતાં ઉત્પત્તિ, સ્થિતિ તથા લયને પણ પોતાના અસાધારણ પ્રતાપથી તેનાથી પૃથક્ રહી સાક્ષાત્ કરો છો એવા ભક્તિ ધર્મના પુત્ર શ્રી સ્વામિનારાયણ ભગવાન, હું આપને શરણે આવ્યો છું.

**मायामयाकृतितम अशुभवासनानां कर्तुं निषेधमुरुधा भगवत्स्वरूपे ।**
**निर्बीजसांख्यमतयोगसुयुक्तिभाजं त्वां भक्तिधर्मतनयं शरणं प्रपद्ये ।।०५।।**

ભગવાનના સ્વરૂપને સ્વ-સ્વરૂપને વિષે માયિક આકાર, અજ્ઞાન અને વાસનાઓનો નિષેધ કરવાને માટે નિર્બીજ સાંખ્યની તથા નિર્બીજ યોગની સારી સારી યુક્તિઓનો અનેક પ્રકારે અવબોધ આપતા એવા ભક્તિ ધર્મના પુત્ર શ્રી સ્વામિનારાયણ ભગવાન, હું આપને શરણે આવ્યો છું.

**दिव्याकृतित्वसुमहस्त्वसुवासनानां सम्यग्विधिं प्रथयितुं च पतौ मुक्तायाः ।**
**सालम्बसांख्यपथयोगसुयुक्तिभाजं त्वां भक्तिधर्मतनयं शरणं प्रपद्ये ।।०६।।**

મુક્તોના પતિ ભગવાનને સ્વ-સ્વરૂપને વિષે દિવ્ય સાકારપણું, અત્યંત તેજસ્વીપણું તથા સત્યસંકલ્પપણું વગેરે ગુણોનું સારી રીતે પ્રતિપાદન કરવા સબીજ સાંખ્યની તથા સબીજ યોગની સારી સારી યુક્તિઓનો અવબોધ આપતા એવા ભક્તિ ધર્મના પુત્ર શ્રી સ્વામિનારાયણ ભગવાન, હું આપને શરણે આવ્યો છું.

**कामार्ततस्करनटव्यसनिद्विषन्तः स्वस्वार्थसिद्धिमिव चेतसि नित्यमेव ।**
**नारायणं परमयैव मुदा स्मरन्तं त्वां भक्तिधर्मतनयं शरणं प्रपद्ये ।।०७।।**

કામાતુર, ચોર, નટ, વ્યસની તથા દ્વેષીજનો પોતપોતાના હૃદયમાં વર્તતી પ્રિય વસ્તુને (કામાતુરને સ્ત્રી, ચોરને ધન, નટને પોતાની કળા, વ્યસનીને વ્યસન તથા દ્વેષીને પોતાના વૈરીનો વિનાશ) પ્રાપ્ત કરવા માટે હંમેશાં તેમાં જ એકવૃત્તિવાળા થઈ રહે છે તેમ, મુક્તો જેમ અખંડ જેમની મૂર્તિમાં જ જોડાયેલા રહે છે એવા ભક્તિ ધર્મના પુત્ર શ્રી સ્વામિનારાયણ ભગવાન, હું આપને શરણે આવ્યો છું.

**साध्वीचकोरशलभास्तिमिकालकंठकोका निजेष्टविषयेषु यथैव लग्नाः ।**
**मूर्तौ तथा भगवतोत्र मुदातिलग्नं त्वां भक्तिधर्मतनयं शरणं प्रपद्ये ।।०८।।**

પતિવ્રતા સ્ત્રી, ચકોર પક્ષી, પતંગિયું, મત્સ્ય, મોર તથા ચક્રવાક પક્ષી પોતપોતાના પ્રિય વિષયમાં (પતિવ્રતાને પતિ, ચકોરને ચંદ્ર, પતંગિયાને અગ્નિ, મત્સ્યને જળ, મોરને મેઘ તથા ચક્રવાકને ચક્રવાકી) પરમ પ્રેમથી એકાગ્ર દૃષ્ટિ બાંધીને જે પ્રમાણે સંલગ્ન રહે છે તેમ જેમના અતિ પ્રેમીભક્તો જે ભગવાનના સ્વરૂપમાં અતિ પ્રેમે કરી એકાગ્ર દૃષ્ટિ સમારોપીને રહ્યા છે એવા ભક્તિ ધર્મના પુત્ર શ્રી સ્વામિનારાયણ ભગવાન, હું આપને શરણે આવ્યો છું.

**स्नेहातुरस्त्वथ भयातुर आमयावी यद्वत्क्षुधातुरजनश्च विहाय मानम् ।**
**दैन्यं भजेयुरिह सत्सु तथा चरन्तं त्वां भक्तिधर्मतनयं शरणं प्रपद्ये ।।०९।।**

સ્નેહથી પીડિત, ભયથી પીડિત, રોગથી પીડિત તથા ભૂખથી પીડિત મનુષ્ય ક્રમશઃ સ્નેહીજન, ભય દૂર કરનાર, વૈદ્ય-ડૉક્ટર તથા અન્ન આપનાર આટલાની આગળ પોતાના માનનો ત્યાગ કરી દીનતાનું સેવન કરે છે, તેમ આપ સર્વ નિયામક સ્વયં ભગવાન હોવા છતાં પણ પોતાના આશ્રિતની શિક્ષાને માટે આ લોકમાં સંત-સત્પુરુષની આગળ દીનતાને સેવો છો એવા ભક્તિ ધર્મના પુત્ર શ્રી સ્વામિનારાયણ ભગવાન, હું

આપને શરણે આવ્યો છું.

**धर्मस्थितैरुपगतैर्बुहता निजैक्यं सेव्यो हरिः सितमहःस्थितदिव्यमूर्तिः ।**
**शब्दाद्यरागिभिरिति स्वमतं वदन्तं त्वां भक्तिधर्मतनयं शरणं प्रपद्ये ॥१०॥**

શબ્દાદિ વિષયમાંથી વૈરાગ્ય પામી, સ્વ વર્ણાશ્રમધર્મમાં દઢ સ્થિતિ કરી, પોતાના જીવાત્માને ભગવાનના તેજરૂપ માની અથવા પોતાના જીવાત્માને પુરુષોત્તમરૂપ માની દિવ્ય શ્વેત તેજપુંજમાં વિરાજમાન દ્વિભુજ દિવ્ય સદા સાકારમૂર્તિ શ્રીહરિ શ્રી સ્વામિનારાયણ ભગવાન - તેમનું સેવન કરવું, ધ્યાન-ઉપાસના કરવી આવા પોતાના મતને નિજાશ્રિતોને સમજાવો છો એવા ભક્તિ ધર્મના પુત્ર શ્રી સ્વામિનારાયણ ભગવાન, હું આપને શરણે આવ્યો છું.

**सद्ग्रंथनित्यपठनश्रवणादिसक्तं ब्राह्मीं च सत्सदसि शासतमत्र विद्याम् ।**
**संसारजालपतिताखिलजीवबन्धो त्वां भक्तिधर्मतनयं शरणं प्रपद्ये ॥११॥**

સ્વયં પૂર્ણ પુરુષોત્તમ હોવા છતાં પણ જનશિક્ષાર્થે આ લોકમાં સદ્‌ગ્રંથોના પઠન - શ્રવણ વગેરેમાં હંમેશાં તત્પર વર્તો છો તેમજ સંતોની સભામાં બ્રહ્મવિદ્યાનો - ભગવાનના જ્ઞાનનો (પોતાના જ્ઞાનનો) ઉપદેશ આપો છો. આ પ્રકારે જન્મમરણની જાળમાં ફસાયેલા સમસ્ત જીવોના દુઃખને હરનારા એવા ભક્તિ ધર્મના પુત્ર શ્રી સ્વામિનારાયણ ભગવાન, હું આપને શરણે આવ્યો છું.

## ૯૭૧ ॥ श्रीगुरुभजनस्तोत्रम् ॥

**(સુન્દરી)**

**भवसंभवभीतिभेदनं सुखसंपत्करुणानिकेतनम् ।**
**व्रतदानतपःक्रियाफलं सहजानंदगुरुं भजे सदा ॥०१॥**

જન્મમરણરૂપી સંસારથી ઉત્પન્ન થતી ભીતિનો નાશ કરનારા, સુખ-સંપત્તિ અને કરુણાના ભંડાર, વ્રત, દાન, તપ વગેરે ક્રિયાઓના ફળ સ્વરૂપ સહજાનંદ સ્વામી ગુરુને હું સદાય ભજું છું.

**करुणामयचारुलोचनं शरणायातजनार्तिमोचनम् ।**
**पतितोद्धरणाय तत्परं सहजानंदगुरुं भजे सदा ॥०२॥**

કરુણાપૂર્ણ સુંદર નેત્રવાળા, શરણે આવેલા જનોના દુઃખને દૂર કરનારા, પતિત જનોના ઉદ્ધાર કરવામાં તત્પર એવા સહજાનંદ સ્વામી ગુરુને હું સદાય ભજું છું.

**निजतत्त्वपथावबोधनं जनतायाः स्वत एव दुर्गमम् ।**
**इति चिन्त्य गृहीतविग्रहं सहजानंदगुरुं भजे सदा ।।०३।।**

પોતાના જ્ઞાનમાર્ગનો બોધ મનુષ્યને પોતાની જાતે થવો અતિ કઠિન છે એમ વિચારી તે સમજાવવા કૃપા કરી મનુષ્યોને મનુષ્ય જેવા દેખાતા સહજાનંદ સ્વામી ગુરુને હું સદાય ભજું છું.

**विधिशंभुमुखैरनिग्रहं भवपाथोधिपरिभ्रमाकुलम् ।**
**अपिधार्य मनो नरप्रभं सहजानंदगुरुं भजे सदा ।।०४।।**

મોટા મોટા વડે પણ વશ નહિ કરાતા અને સંસાર સાગરમાં વારંવાર જન્મમરણરૂપી પરિભ્રમણથી આકુળ, અતિ ચંચળ એવા મનને સ્થિર કરનાર, મનુષ્યને મનુષ્ય જેવા દેખાતા સહજાનંદ સ્વામી ગુરુને હું સદાય ભજું છું.

**निजपादपयोजकीर्तनं सततं स्याद् भवजीवगोचरम् ।**
**इति यः कुरुते क्रतूत्सवं सहजानंदगुरुं भजे सदा ।।०५।।**

પોતાના ચરણકમળનું ગુણકીર્તન સંસારી જીવોને હંમેશાં થાય તે માટે યજ્ઞો તથા ઉત્સવો કરતા એવા સહજાનંદ સ્વામી ગુરુને હું સદાય ભજું છું.

**बहिरीक्षणलोकमानुषं निजदत्ताम्बकदर्शिनां हरिम् ।**
**भजनीयपदं जगद्गुरुं सहजानंदगुरुं भजे सदा ।।०६।।**

બાહ્ય દૃષ્ટિએ મનુષ્ય જેવા જણાતા પરંતુ પોતે આપેલી દિવ્ય દૃષ્ટિવાળા ભક્તોને માટે સાક્ષાત્ હરિ, ભગવાન તેમજ સર્વને ભજવા યોગ્ય છે ચરણકમળ જેમના તથા સમસ્ત જગતના ગુરુ એવા સહજાનંદ સ્વામી ગુરુને હું સદાય ભજું છું.

**शरणागतपापपर्वतं गणयित्वा न तदीयसद्गुणम् ।**
**अणुमप्यतुलं हि मन्यते सहजानंदगुरुं भजे सदा ।।०७।।**

શરણે આવેલ પાપનો પર્વત હોય તોપણ તેના દુર્ગુણોને નહિ ગણી અને તેને વિષે રહેલા અલ્પ એવા સદ્ગુણને મોટા મેરુ તુલ્ય માને છે એવા સહજાનંદ સ્વામી ગુરુને હું સદાય ભજું છું.

**भववारिधिमोक्षसाधनं गुरुराज ! प्रकटस्वसंगमम् ।**
**प्रकटीकृतवान् कृपावशः सहजानंदगुरुं भजे सदा ।।०८।।**

હે ગુરુરાજ, સંસારરૂપી સાગરમાં મોક્ષના સાધનરૂપ પ્રગટ આપનો સમાગમ જ

છે, તેને કૃપાથી વશ થયેલા આપે અમને મેળવી આપ્યો છે એવા સહજાનંદ સ્વામી ગુરુને હું સદાય ભજું છું.

भगवन् ! कृपया त्वया कृतं जनतायामुपकारमीदृशम् ।
क्षमते प्रतिकर्तुमत्र कः कुरुते दीनजनस्ततोऽञ्जलिम् ।।०९।।

હે સ્વામિનારાયણ ભગવાન, આપે કેવળ કૃપા કરીને મનુષ્યો ઉપર એવો તો ઉપકાર કર્યો છે કે તેનો બદલો આપવાને આ જગતમાં કોણ સમર્થ છે ? (કોઈ પણ સમર્થ નથી.) તેથી દીનજન એવો હું (દીનાનાથ ભટ્ટ) હાથ જોડીને આપને નમસ્કાર કરું છું.

निजाश्रितानां सकलार्तिहन्ता सधर्मभक्तिरवनं विधाता ।
दाता सुखानां मनसेप्सितानां तनोतु घनश्याम अखिल मंगलं नः ।।१०।।
(श्री दीनानाथ भट्ट रचित)

પોતાના આશ્રિત ભક્તજનોની સમગ્ર પીડાને હરનારા, ધર્મ સહિત જે ભક્તિ તેની રક્ષાને કરનારા અને પોતાના ભક્તજનોને મનોવાંછિત સુખને આપનારા એવા ઘનશ્યામ શ્રી સ્વામિનારાયણ ભગવાન આપણા સમગ્ર મંગળને વિસ્તારો.

## ૯૭૨ ।। श्रीस्वामिनारायण स्तोत्रावलिः ।।

आदौ प्रेमवतीवृषांगजननं सन्नैकतीर्थाटनं
दुष्कर्मोपशमं च साधुशरणं सद्धर्मसंस्थापनम् ।
हिंसावर्जितभूरियज्ञकरणं मूर्तिप्रतिष्ठापनं
आर्यस्थापनमक्षराख्यगमनं सत्संगि सज्जीवनम् ।।०१।।

સત્સંગિ જીવનનો ટૂંક સાર આટલો છે કે અક્ષરધામાધિપતિ પૂર્ણ પુરુષોત્તમ શ્રી સ્વામિનારાયણ ભગવાન સર્વપ્રથમ ધર્મદેવ અને ભક્તિમાતા થકી છપૈયામાં પ્રગટ થયા અને ત્યારબાદ તેમણે નીલકંઠ વર્ણીના વેશે ભારતવર્ષના અનેક તીર્થોની યાત્રા કરી તે તે તીર્થક્ષેત્રમાં વ્યાપેલો અધર્મ અને અધર્મી - અસુરાંશોનો વિનાશ કરી સદ્ધર્મનું સંસ્થાપન કર્યું અને સાધુ-સજ્જનોને પોતાને શરણે લીધા. ત્યારબાદ સત્સંગમાં પધારી ધર્મધુરાને સ્વીકારી અહિંસામય મોટા મોટા ઘણા યજ્ઞો કર્યા તેમજ નૂતન મંદિરો બંધાવી તેમાં પોતાના સ્વરૂપોની પ્રતિષ્ઠા કરી અને પોતાના સ્વામિનારાયણ સંપ્રદાયના અવિચળ ખૂંટ ખોડી પોતે મનુષ્ય રૂપે દેખાતો અવરભાવ અદશ્ય કર્યો. (સંવત ૧૮૮૬

પછીથી પ્રતિમા સ્વરૂપે સદા પ્રગટ અને પ્રત્યક્ષ જ છે.)

श्रीमच्छारदपूर्णचंद्रविलसत्स्मेराननं श्रीहरिं
तुङ्गे पीठवरे स्थितं परिवृतं सद्भक्तवृंदैर्यथा ।
ताराभिर्विधुमर्च्यमानमुरुधातैश्चन्दनैः कौसुमै –
हारैः शेखरपंक्तिभिश्च हृदये शुकलाम्बरं चिन्तये ।।०२।।

પૂર્ણકળાએ ખીલેલા શરદઋતુના પૂર્ણમાસીના ચંદ્રની જેમ શોભતા મંદ હાસ્યયુક્ત મુખકમળવાળા, દિવ્ય સિંહાસન ઉપર વિરાજમાન, તારા મંડળથી વીંટાયેલ ચંદ્રની જેમ સંતો-હરિભક્તોના મંડળોથી વીંટાયેલા અને તેમના વડે ચંદન, પુષ્પહાર તથા તોરાની સેરોથી બહુ પ્રકારે પૂજા કરાયેલા, શ્વેત વસ્ત્ર-અલંકારોને ધારી રહેલા શ્રીહરિ સ્વામિનારાયણ ભગવાનનું હું મૂર્તિમાં રહીને ધ્યાન ધરું છું.

पातुं धर्ममधर्ममुत्खनयितुं, श्रीभक्तिधर्माङ्गतो
जातायोत्तरकौशलेषु दयया सर्वेश्वरेशाय च ।
तृप्तिं वाक्यसुधारसैर्विदधते नैजैर्निजानां मुहु –
स्तस्मै श्रीहरये नमोस्तु सहजानन्दाय सद्वर्णिने ।।०३।।

અધર્મનો ઉચ્છેદ કરવાને માટે અને સદ્ધર્મનું રક્ષણ-પોષણ કરવાને માટે દયા કરીને, ઉત્તર કૌશલ દેશમાં શ્રી ધર્મદેવ અને ભક્તિમાતા થકી પ્રાદુર્ભાવ પામેલા, અક્ષરાદિક સર્વે ઈશ્વરોના પણ ઈશ્વર (અન્વય શક્તિ દ્વારા) અને પોતાના વચનરૂપી અમૃતરસથી પોતાના ભક્તોને વારંવાર તૃપ્ત કરતા, વર્ણીના વેશને ધારી રહેલા એવા તે શ્રીહરિ સહજાનંદ સ્વામીને નમસ્કાર હો.

स्नातं चन्दनचर्चितं निजजनैः पुष्पस्रजालंकृतं
प्रातः सूर्यमयूखसेवितमुखं श्रीचन्द्रशालोपरि ।
धृत्वारोटकमेकपाणितलके भंक्त्वान्यहस्तेन तं
भुंजानं प्रविलोक्य सेवकगणान् वन्दे सदा स्वामिनम् ।।०४।।

સ્નાનાદિ નિત્ય કર્મ કરી જેતલપુરમાં મહોલની અગાશીમાં સંતો-ભક્તોની સભામાં બિરાજમાન થયેલા, પોતાના ભક્તો દ્વારા ચંદન ચર્ચી પુષ્પમાળાઓથી પૂજન કરાયેલા અને પ્રાતઃ કાલીન સૂર્યના મંદ કિરણોથી સેવાયેલ મુખકમળવાળા તેમજ પોતાના એક હાથની હથેળીમાં જીવણ ભગતે આપેલ મઠના રોટલાને ધારી બીજા હાથ વડે તે રોટલાને

ભાંગી, પોતાના સેવકોને પોતાની પ્રેમપૂર્ણ દૃષ્ટિમાં આવરી લઈ તે રોટલાને ધીરે ધીરે જમતા એવા સ્વામીને - શ્રી સ્વામિનારાયણ ભગવાનને હું સદા વંદન કરું છું.

**वर्णीवेषरमणीयदर्शनं मंदहास्य-रुचिराननाम्बुजम् ।**
**पूजितं सुरनरोत्तमैर्मुदा धर्मनंदनमहं विचिन्तये ।।**

શ્રીહરિ નીલકંઠ વર્ણી વેશે મંદ હાસ્યવાળા મુખારવિંદ વડે દિવ્ય તેજોમય દર્શન આપી રહ્યા છે. અનાદિમુક્તો તથા પરમ એકાંતિકમુક્તો તથા મોટા મોટા અક્ષરાદિક અવતારો વડે આનંદપૂર્વક અને ઉત્સાહથી પૂજાયેલા એવા ધર્મપિતાના લાડકવાયા ઘનશ્યામ મહાપ્રભુનું હું ચિંતવનપૂર્વક ધ્યાન કરું છું.

**वाणी मंगलरूपिणी च हसितं यस्यास्ति वै मंगलं**
**नेत्रे मंगलदे च दोर्विलसितं नृणां परं मंगलम् ।**
**वक्त्रं मंगलकृच्च पादचलितं यस्याखिलं मंगलं**
**सोऽयं मंगलमूर्तिराशु जगतो नित्यं क्रियान्मंगलम् ।।**

હે સર્વાવતારી ભગવાન સ્વામિનારાયણ, આપની વાણી મંગલકારી છે. આપનું રૂપ દિવ્ય તેજોમય એવું મંગલકારી છે. આપનું હસવું પણ મંગલકારી છે. આપનાં બેઉ દિવ્ય નેત્રો પણ સર્વજનો માટે મંગલકારી છે. આપનું દિવ્ય મુખારવિંદ તેજોમય, રમણીય અને મંગલકારી છે. આપનું વિચરણ (હાલવું-ચાલવું) તે પણ મંગલકારી છે એવા સર્વે રીતે મંગલકારી મહાપ્રભુની દિવ્ય તેજોમય મૂર્તિ બ્રહ્માંડમાં વિચરી રહી છે. તેમની સર્વે ક્રિયાઓ સદાય દિવ્ય અને મંગલ કરનારી છે.

## ૯૭૩ ।। स्वामिनारायण नामावलि स्तोत्रम् ।।

**सत्तोजोक्षरधाम दिव्यवसतिं श्रीस्वामिनारायणं**
**अनादिस्वकलीनकं सुखकरं प्रत्यक्षं वैदेहिनं ।**
**प्रत्यक्षं मनुविग्रहं निजजनेभ्योमूर्तिसत्शर्मदं**
**रोमैश्वर्य मुदा क्षराद्यसुखदं ध्याये सदा स्वामिनं ।।०१।।**

અધોઊર્ધ્વ ચારેકોરે પ્રમાણે રહિત દિવ્ય તેજના સમૂહરૂપ અક્ષરધામની મધ્યે બિરાજમાન એવા સદાય તેજોમય મૂર્તિ ભગવાન સ્વામિનારાયણ, જેઓ પોતાના અનાદિમુક્તોને રસબસભાવે પ્રતિલોમપણે મૂર્તિમાં રાખી અખંડ સુખ આપી રહ્યા છે અને પરમ એકાંતિકમુક્તોને અનુલોમપણે સન્મુખભાવે સુખિયા કરી રહ્યા છે એવા

પોતાના એક રોમ (તેજની એક કિરણ) વડે કરીને અનંત અક્ષર, બ્રહ્મ, પુરુષ આદિનાને ઉત્તરોત્તર ઐશ્વર્ય અને સામર્થીના દાતા ભગવાન સ્વામિનારાયણ જે અક્ષરધામમાં રહ્યા થકા મનુષ્ય રૂપે અને અત્યારે પ્રતિમા સ્વરૂપે સદાય પ્રગટ અને પ્રત્યક્ષ દર્શન આપી રહ્યા છે તેમનું હું ધ્યાન કરું છું.

**दिव्यं श्रीघनश्याम कं शरणदं कैशोरमूर्तिं परम्**
**तेजःपुंज मुखारविंदसहजं धर्मस्य भक्तेः प्रियम् ।**
**दिव्याभूषणवस्त्रभूषितप्रभुं सत्संगि पूज्यं सदा**
**कुंकुकेसरभालचन्द्रतिलकं अर्चे सदा स्वामिनं ।।०२।।**

સદાય દિવ્ય અને તેજોમય એવા સૌમ્ય અને રમણીય કિશોરમૂર્તિ શ્રી ઘનશ્યામ મહાપ્રભુ, જેમનું મુખારવિંદ તેજોમય ઝળળળ ઝળળળ ઝળકી રહ્યું છે એવા ઘનશ્યામ મહાપ્રભુ પોતાના સર્વ સત્સંગીઓના જીવનપ્રાણ છે, પ્રાણપ્યારા છે અને તે સર્વ વિશુદ્ધ પ્રેમી ભક્તજનો-સત્સંગીઓ દ્વારા દિવ્ય તેજોમય ચંદન-પુષ્પ-વસ્ત્ર-અલંકારો વડે પૂજન કરાયેલા શોભાયમાન છે અને ભાલને વિષે કુમકુમનો ચાંદલો તથા કેસર-ચંદનના તિલકથી શોભી રહ્યા છે તેવા ભક્તિ ધર્મના લાડકવાયા શ્રી ઘનશ્યામ મહાપ્રભુ, મારા સ્વામી તેમનું હું પૂજન-અર્ચન કરી કૃતાર્થ બનું છું. મને શરણે લઈ કૃતાર્થ કરો... પ્રભુ, કૃતાર્થ કરો...

**धर्मार्थादिफलप्रदं सुविदितं श्रीभक्तकं वत्सलं**
**नित्यं मंगलदिव्यमूर्तिरुचिरं सर्वाभिधानान्वितं ।**
**ब्रह्मांण्डादिसमस्तजीवहितकं कल्याणकल्पद्रुमं**
**संरक्ष्यान्निजदिव्यमूर्तिनिरतं वंदे सदा स्वामिनं ।।०३।।**

**बापाश्रीअबजीगोपालमुनिकं श्रीसद्गुरुं मुक्तकान्**
**त्वं श्रीसद्गुरुदेवनंदनकृपा – स्तोत्रं परं मंगलं ।**
**वंदे निर्मलमानसं च सकलं सन्तु प्रसन्नाः समे**
**सर्वैषां मम पाठकस्य कुरुतात् श्रीमज्जयः स्वामिनः ।।०४।।**

ધર્મ, અર્થ, કામ અને મોક્ષ ચારે પ્રકારની મુક્તિ સ્હેજે આપનારા આવા દિવ્ય કલ્યાણકારી ગુણોનું મનન જેમને છે તેવા ભક્તને વશ વર્તી દિવ્ય સુખ આપનારના, જેમનાં સર્વે ગુણો, ચરિત્રો તથા સ્વરૂપ સદાય મંગળરૂપ ને દિવ્ય કલ્યાણકારી છે તેવું સ્વરૂપ, એવા અનંત બ્રહ્માંડોના સર્વે જીવોના હિતકારી, આત્યંતિક કલ્યાણના કલ્પવૃક્ષ

સમા હે ભગવાન સ્વામિનારાયણ, જીવનપ્રાણ બાપાશ્રી, ગોપાળાનંદ સ્વામી સહિત સર્વે મુક્ત મંડળ, સર્વે સદ્‌ગુરુઓ, ગુરુદેવ પ.પૂ. દેવનંદનદાસજી સ્વામીશ્રી (પ.પૂ. બાપજી)... આપની કૃપા અને આશીર્વાદથી તથા દિવ્ય પ્રેરણાથી રચાયેલા આ સ્તોત્રનો પાઠ કરનારા સર્વે ઉપર તથા મુજ દાસાનુદાસ શિષ્ય-સેવક ઉપર કૃપા વરસાવો... પ્રસન્ન થાવ... અને આપની દિવ્ય મૂર્તિમાં રાખી સર્વ રીતે રક્ષણ કરો... હે ભગવાન સ્વામિનારાયણ, આપને વંદન હો... નમસ્કાર હો...

**कल्याणाकरमुत्तराष्टशतकं यत्प्रार्थनास्तोत्रकं**
**धर्मार्थादिफलं त्रितापशमनं सर्वोन्नते शान्तिदं ।**
**प्रेताद्याभिचराख्यभीतिशमनं तत्संसृतेर्नाशकं**
**भक्तानामभयं करं सुखकरं वंदे सदा स्वामिनं ॥०५॥**

સદાય દિવ્ય મૂર્તિ ભગવાન સ્વામિનારાયણના દિવ્ય કલ્યાણકારી ગુણોવાળા એકસો આઠ સર્વોપરી નામનું આ દિવ્ય પ્રાર્થના સ્તોત્ર જે સકલ બ્રહ્માંડના સર્વે જીવ-પ્રાણીમાત્રને ધર્મ, અર્થ, કામ અને મોક્ષ એ ચારેય પુરુષાર્થની સિદ્ધિ કરાવનારું, કાળ, કર્મ, માયા, યમદૂત, ભય, ત્રિવિધ તાપ, તન અને મનની પીડા એ સર્વેને ટાળનાર, જન્મમરણની ભવાબ્ધિને ટાળનાર તેમજ ભૂતપ્રેતાદિ તથા જંત્ર-મંત્ર આદિ અભિચારોના ઉપદ્રવથી રહિત કરનાર, પોતાના વિશુદ્ધ ભક્તોના દોષો-સ્વભાવો ટાળી આ લોક-પરલોકમાં દિવ્ય શાંતિ આપનાર અને અભયપદ આપી દિવ્ય સુખમાં લઈ જનાર થજો એવી ભગવાન સ્વામિનારાયણને પ્રાર્થના સહ વંદન-નમસ્કાર કરું છું.

## ૯૭૪ श्री स्वामिनारायण नामावलि (अर्थ सहित)

| | | |
|---|---|---|
| १ | **श्री हरिकृष्णाय नमः** | હરિકૃષ્ણ મહારાજ |
| २ | **श्री सहजानंदाय नमः** | સહજાનંદ સ્વામી |
| ३ | **श्री घनश्यामाय नमः** | ઘનશ્યામ મહારાજ |
| ४ | **श्री न्यालकरणाय नमः** | ન્યાલકરણ |
| ५ | **श्री महाप्रभवे नमः** | મહાપ્રભુ |
| ६ | **श्री स्वामिनारायणाय नमः** | સ્વામિનારાયણ |
| ७ | **श्री भक्तिनंदनाय नमः** | ભક્તિનંદન |
| ८ | **श्री नीलकंठवर्णये नमः** | નીલકંઠ વર્ણી |
| ९ | **श्री श्रीजीमहाराजाय नमः** | શ્રીજીમહારાજ |

| | | |
|---|---|---|
| १० | श्री पूर्णार्थाय नमः | પૂર્ણકામ |
| ११ | श्री वृषनंदनाय नमः | વૃષનંદન (ધર્મના પુત્ર) |
| १२ | श्री हरये नमः | હરિ |
| १३ | श्री स्वामिने नमः | સ્વામી |
| १४ | श्री सर्वोपरीस्वरूपाय नम : | સર્વોપરી સ્વરૂપ |
| १५ | श्री सद्गुरुगुरवे नमः | સદ્‌ગુરુઓના સદ્‌ગુરુ |
| १६ | श्री सर्वावतारिणे नमः | સર્વાવતારી (સર્વ અવતારના અવતારી) |
| १७ | श्री सदासाकाराकृतये नमः | સદા સાકાર સ્વરૂપ |
| १८ | श्री सदानंदघनस्वरूपाय नमः | સદા આનંદઘન સ્વરૂપ |
| १९ | श्री शुद्धाय नमः | શુદ્ધ સ્વરૂપ |
| २० | श्री सर्वकारणकारणाय नमः | સર્વ કારણના કારણ |
| २१ | श्री महाराजाधिराजाय नमः | મહારાજાધિરાજ |
| २२ | श्री जन्माजन्मने नमः | જન્મ ધરતા થકા અજન્મા |
| २३ | श्री नियामकाय नमः | નિયમમાં વર્તાવનાર |
| २४ | श्री सकलज्ञाय नमः | સર્વ પ્રકારના જ્ઞાની તથા અંતર્યામી |
| २५ | श्री सदा प्राकट्यस्वरूपाय नमः | સદા પ્રગટ સ્વરૂપ |
| २६ | श्री शांताकृतये नमः | સદાય શાંત અને સુખમય સ્વરૂપ |
| २७ | श्री स्वतंत्राय नमः | સ્વતંત્ર |
| २८ | श्री महातेजाक्षरधामाधिपतये नमः | અધો-ઊર્ધ્વ પ્રમાણે રહિત તેજનો સમૂહ કહેતાં અક્ષરધામના અધિપતિ |
| २९ | श्री स्वमूर्तिप्रदात्रे नमः | પોતાની મૂર્તિનું અમૂલ્ય દાન આપનાર |
| ३० | श्री स्वसर्वोत्तमधामदाय नमः | પોતાના સર્વોપરી એવા અક્ષરધામની કહેતાં મૂર્તિસુખની પ્રાપ્તિ કરાવનાર |
| ३१ | श्री दिव्यातिदिव्याय नमः | દિવ્યાતિદિવ્ય |
| ३२ | श्री निर्दोषाय नमः | નિર્દોષ સ્વરૂપ |
| ३३ | श्री व्यतिरेकस्वरूपाय नमः | વ્યતિરેક સ્વરૂપ |
| ३४ | श्री संकल्प स्वरूपाय नमः | સંકલ્પ સ્વરૂપ |
| ३५ | श्री अति पूताय नमः | અતિ પાવન-પવિત્ર |
| ३६ | श्री मूर्तिस्वरूपात्मकसुखदाय नमः | પુરુષોત્તમરૂપ મુક્તોને પોતાનું દિવ્ય સુખ આપનારા |
| ३७ | श्री नित्यमुक्तस्थितिकराय नमः | અનાદિમુક્તની સ્થિતિ કરાવનારા |

| | | |
|---|---|---|
| ૩૮ | श्री अनादिस्वलीनस्थाय नमः | અનાદિને પોતાની મૂર્તિમાં લીન કરી સર્વોત્તમ સુખ આપનાર |
| ૩૯ | श्री परमअेकांतिक सन्मुखाय नमः | પરમ એકાંતિકમુક્તને સન્મુખભાવે સુખ આપનાર |
| ४० | श्री सर्वातिमुक्ताधिपतये नमः | સર્વ મુક્ત મંડળના સ્વામી |
| ४१ | श्री तेजौंशी अन्वय स्वरूपाय नमः | પોતાના તેજની એક કિરણ જે અન્વય સ્વરૂપ છે તેવા |
| ४२ | श्री सकलाक्षराद्य रोमैश्वर्य दात्रे नमः | અનંત અક્ષર, બ્રહ્મ, પુરુષ આદિને એક કિરણ વડે ઉત્તરોત્તર ઐશ્વર્ય-સામર્થી આપનાર |
| ४३ | श्री सत्य प्रतिज्ञाय नमः | (જીવથી અક્ષર સુધીના સર્વેને મૂર્તિસુખમાં લઈ જવાની) પ્રતિજ્ઞા-વચન (સંકલ્પ) સદા સત્ય કરનાર |
| ४४ | श्री व्याप्तानंत सत्कीर्तये नमः | અનંત બ્રહ્માંડમાં સત્કીર્તિ પ્રસરેલી છે તેવા |
| ४५ | श्री स्वामिनारायण नामकरणाय नमः | સ્વામિનારાયણ નામ પોતે પાડનારા |
| ४६ | श्री स्वनाममहत्त्वदर्शकाय नमः | પોતાના નામનો સર્વોપરી મહિમા પ્રસ્થાપિત કરનાર |
| ४७ | श्री स्वामिनारायण धर्म प्रस्तोत्रे नमः | સ્વામિનારાયણ સંપ્રદાયનું પોતે સ્થાપન કરનાર |
| ४८ | श्री प्रौढ प्रतापाश्रित सुखदाय नमः | પ્રૌઢ પ્રતાપથી આશ્રિત કરી સુખ આપનાર |
| ४९ | श्री सद्यः समाधिस्थितिकराय नमः | ઉત્તમ સમાધિ અષ્ટાંગ યોગ વિના સહેજે કરાવનાર |
| ५० | श्री नित्यात्यंतिक मोक्षदाय नमः | આત્યંતિક મોક્ષના એકમાત્ર દાતા |
| ५१ | श्री परब्रह्मविद्या प्रदाय नमः | પરબ્રહ્મવિદ્યાના પ્રવર્તક |
| ५२ | श्री प्रतिमा स्वरूप सदाप्रत्यक्षाय नमः | પ્રતિમા સ્વરૂપે સદાય પ્રત્યક્ષ |
| ५३ | श्री दिव्यातिशांति प्रदाय नमः | દિવ્ય શાંતિના પ્રદાતા |
| ५४ | श्री दिव्याभूषणवस्त्रभूषिताय नमः | દિવ્ય વસ્ત્ર-આભૂષણોથી શોભિત એવા |
| ५५ | श्री स्वसंत-भक्तमहिमाकरणाय नमः | પોતાના સંતો-ભક્તોનો મહિમા પ્રવર્તાવનાર |
| ५६ | श्री स्वसंगसंगिसुखदाय नमः | પોતાના સંગી સત્પુરુષના સંગવાળાને પણ દિવ્ય સુખના દાતા |

| | | |
|---|---|---|
| ૫૭ | श्री अंतःशत्रुनिवारकाय नमः | કામ-ક્રોધ આદિ શત્રુઓનું નિવારણ કરનાર |
| ૫૮ | श्री उपशमस्थितिकारकाय नमः | ઉપશમ સ્થિતિ કરાવનાર |
| ૫૯ | श्री आस्तिक्यप्रदाय नमः | આસ્તિકતાનું પ્રવર્તન કરનાર |
| ૬૦ | श्री वर्तमान धर्म प्रवर्तकाय नमः | વર્તમાન ધર્મ પ્રવર્તાવનાર |
| ૬૧ | श्री मायाकालविभेदकाय नमः | કાળ, માયા, પાપ, યમદૂત આદિ સર્વેના ભયને બાળી દેનાર |
| ૬૨ | श्री ध्यानातिप्रियाय नमः | ધ્યાન જેને અતિ પ્રિય છે તેવા |
| ૬૩ | श्री सर्वजीवहितकाय नमः | સર્વ જીવોનું સદા હિત જ કરનારા |
| ૬૪ | श्री अबुद्धि विध्वंसकाय नमः | અજ્ઞાનનો નાશ કરનારા |
| ૬૫ | श्री सद्बुद्धिप्रदाय नमः | સારી સદ્બુદ્ધિ આપનારા |
| ૬૬ | श्री दीर्धदर्शिने नमः | દીર્ઘ દૃષ્ટિવાળા |
| ૬૭ | श्री क्षान्तानिधये नमः | ભક્તોના દોષ-અવગુણ-અપરાધ માટે ક્ષમા બક્ષી સુખી કરનારા |
| ૬૮ | श्री कलीतारकाय नमः | કળિયુગમાં મોક્ષ માર્ગ પ્રવર્તાવનાર |
| ૬૯ | श्री चेतोनिग्रह युक्तिविदे नमः | મનને વશ કરવાની યુક્તિ જાણનાર |
| ૭૦ | श्री निजजनोद्धारिणे नमः | પોતાના આશ્રિતોને જન્મમરણથી રહિત કરનાર |
| ૭૧ | श्री सदा सत्पोषकाय नमः | સદા સત્યનું જ પાલન કરનારા |
| ૭૨ | श्री दैत्यानां गुरु मोहकाय नमः | અસુરાંશ ગુરુઓને મોહ પમાડનારા |
| ૭૩ | श्री अहिंसामखःपोषकाय नमः | અહિંસામય યજ્ઞોનું પોષણ કરનારા |
| ૭૪ | श्री परमहंसप्रीतियुक्ताय नमः | પરમહંસ એવા જ્ઞાની જેને પ્રિય છે તેવા |
| ૭૫ | श्री निर्लोभाय नमः | જેને કોઈ પ્રકારનો લોભ નથી તેવા |
| ૭૬ | श्री जितेन्द्रियप्रियतराय नमः | ઈન્દ્રિયોને જીતનારા જેને પ્રિય છે તેવા |
| ૭૭ | श्री तीव्र सुवैराग्याय नमः | તીવ્ર વૈરાગ્યવાળા |
| ૭૮ | श्री सत्शास्त्रव्यसनाय नमः | સત્શાસ્ત્રો જેને પ્રિય છે અને તેનું વ્યસન છે તેવા |
| ૭૯ | श्री तपःप्रियतराय नमः | તપ જેને પ્રિય છે તેવા |
| ૮૦ | श्री धैर्यान्विताय नमः | અતિશય ધીરજવાન |
| ૮૧ | श्री निर्दंभाय नमः | નિર્દંભ છે તેવા |
| ૮૨ | श्री महाव्रतोन्नातिकराय नमः | સત્ય, અહિંસા આદિ મહાવ્રતોની ઉન્નતિ કરનારા |

| | | |
|---|---|---|
| ८३ | श्री नैष्ठिकधर्मपोषण कराय नमः | નૈષ્ઠિક બ્રહ્મચર્ય ધર્મનું પોષણ કરનારા |
| ८४ | श्री सद्‌धार्मिकत्वप्रदाय नमः | ધાર્મિકતા (ધર્મના આચરણનું) બધે પ્રવર્તન કરનારા |
| ८५ | श्री प्रागल्भ्याय नमः | જ્ઞાની-પંડિતોની સભામાં દિગ્વિજય કરનારા |
| ८६ | श्री अपराजिताय नमः | ક્યારેય પરાજય પામ્યા નથી તેવા |
| ८७ | श्री अतिकरुणाक्षाय नमः | અતિ કરુણામય દૃષ્ટિવાળા |
| ८८ | श्री अधर्मविध्वंसकाय नमः | અધર્મનો ઉચ્છેદ કરનારા |
| ८९ | श्री याताहंकृतये नमः | અહંકારથી રહિત એવા |
| ९० | श्री यातनिद्राय नमः | સદાય નિદ્રાને જીતી છે તેવા |
| ९१ | श्री निर्मत्सराय नमः | મત્સર, અસૂયા, ઈર્ષા જેમનામાં નથી તેવા |
| ९२ | श्री निःस्पृहाय नमः | કોઈ પ્રકારની સ્પૃહા (ઇચ્છા) નથી તેવા |
| ९३ | श्री भक्तानां कवचाय नमः | સાચા ભક્તોનું સર્વે રીતે રક્ષણ કરનારા |
| ९४ | श्री षडूर्मिविजयाय नमः | છ પ્રકારની ઊર્મિઓ જેમણે જીતી છે તેવા |
| ९५ | श्री जिह्वास्वादजितप्रियाय नमः | રસાસ્વાદ જીતનારા જેમને પ્રિય છે તેવા |
| ९६ | श्री सुकोमलाय नमः | કોમળ-મૃદુ સ્વભાવવાળા |
| ९७ | श्री सुमधुरवाग्मिने नमः | જેમની સુમધુર વાણી હંમેશાં સર્વેનું શ્રેય કરનારી છે તેવા |
| ९८ | श्री नित्योदाराय नमः | સદાય ઉદાર સ્વભાવવાળા |
| ९९ | श्री सुभक्तिपोषणकराय नमः | નવધા ભક્તિનું પોષણ કરનારા |
| १०० | श्री दिव्यश्रवणकीर्तनाय नमः | જેમના ગુણનું શ્રવણ કરવું, કીર્તન કરવું વગેરે દિવ્ય અને કલ્યાણકારી છે તેવા |
| १०१ | श्री अद्रोहाय नमः | દ્રોહ, અભાવ, અવગુણની પ્રવૃત્તિ બંધ કરાવનારા |
| १०२ | श्री कृपानिधये नमः | કૃપાના મહાસાગર |
| १०३ | श्री अजातशत्रवे नमः | જેમને કોઈ જ શત્રુ નથી તેવા |
| १०४ | श्री अतिनिर्मानप्रियाय नमः | નિર્માની ભક્ત જેમને અતિ પ્રિય છે તેવા |
| १०५ | श्री साधुशीलहृदयाय नमः | સાધુતાના ગુણો પ્રિય છે તેવા |
| १०६ | श्री धर्मार्थादिफलप्रदाय नमः | ધર્મ, અર્થ, કામ અને મોક્ષ ચારે પ્રકારની મુક્તિ સ્હેજે આપનારા |
| १०७ | श्री भक्तवत्सलाय नमः | આવા દિવ્ય કલ્યાણકારી ગુણોનું મનન |

| | |
|---|---|
| | જેમને છે તેવા ભક્તને વશ વર્તી દિવ્ય સુખ આપનારા |
| १०८ **श्री सर्वैवं मंगल दिव्य मूर्तये नमः** | જેમનાં સર્વે ગુણો, ચરિત્રો તથા સ્વરૂપ સદાય મંગળરૂપ ને દિવ્ય કલ્યાણકારી છે તેવું સ્વરૂપ |
| **श्री अबजीबापाश्रियै नमः** | શ્રી અબજીબાપાશ્રી |
| **श्री गोपालमुनये नमः** | શ્રી ગોપાળાનંદ સ્વામી |
| **श्री सद्गुरवे नमः** | શ્રી સદ્‌ગુરુશ્રીઓ |
| **श्री सर्व मुक्तमंडलाय नमः** | સર્વે મુક્ત મંડળ |

સહજાનંદ સ્વામી મહારાજની જય.

## ૯૭૫　　સ્વામિનારાયણ નામાવલી સ્તોત્ર

### દિવ્ય શાંતિપાઠ

સત્તેજોક્ષરધામ દિવ્યવસતિં શ્રીસ્વામિનારાયણં
અનાદિસ્વકલીનકં સુખકરં પ્રત્યક્ષં વૈદેહિનં ।
પ્રત્યક્ષં મનુવિગ્રહં નિજજને ભ્યોમૂર્તિસત્શર્મદં
રોમૈશ્વર્ય મુદા ક્ષરાદ્યસુખદં ધ્યાયે સદા સ્વામિનં ॥૦૧॥
દિવ્યં શ્રીઘનશ્યામ કં શરણદં કૈશોરમૂર્તિં પરમ્
તેજઃપુંજ મુખારવિંદસહજં ધર્મસ્ય ભક્તેઃ પ્રિયમ્ ।
દિવ્યાભૂષણવસ્ત્રભૂષિતપ્રભું સત્સંગિ પૂજ્યં સદા
કુંકુંકેસરભાલચન્દ્રતિલકં અર્ચે સદા સ્વામિનં ॥૦૨॥
હે શ્રીમદ્‌હરિકૃષ્ણકં ચ સહજાનંદં ઘનશ્યામ કં ।
શ્રીન્યાલં કરણં મહાપ્રભુમિમં શ્રીસ્વામિનારાયણં ॥
ભક્તિનંદન નીલકંઠ - વરણી શ્રીજીમહારાજ કં
પૂર્ણાર્થં વૃષનંદનં હરિવરં વંદે સદા સ્વામિનં ॥૦૩॥
શ્રીસર્વોપરીરૂપ સદ્‌ગુરુગુરું સર્વાવતારી સદા
સાકારાકૃતિકં ઘનસ્વરૂપકાનંદં ચ શુદ્ધં સદા ।
સર્વં કારણકારણં વર મહારાજાધિરાજં પ્રભું
જન્માજન્મનિયામકં સકલજ્ઞં વંદે સદા સ્વામિનં ॥૦૪॥

પ્રાકટ્યસ્વરૂપં સદાકૃતિકમં શાન્તં સ્વતંત્રં મહા -
સત્તોજોક્ષરધામસર્વપતિકં મૂર્તિપ્રદાતા સ્વયં ।
શ્રીસર્વોત્તમધામદં સુપરમં દિવ્યાતિદિવ્યં મુદા
નિર્દોષં વ્યતિરેકરૂપવિમલં વંદે સદા સ્વામિનં ॥૦૫॥

સંકલ્પસ્વરૂપાતિપૂતસુખદં મૂર્તિસ્વરૂપાત્મકં
નિત્યંમુક્તકરસ્થિતિં ચ સરલો નાદિસ્વલીનસ્થકં ।
પરમૈકાંતિકસન્મુખસ્ય સુખદં સર્વાતિમુક્તાધિપં
તેજૌંશીસકલાન્વયસ્વરૂપકં વંદે સદા સ્વામિનં ॥૦૬॥

રોમૈશ્વર્યદદાક્ષરાદ્યસકલં સત્યપ્રતિજ્ઞં પરમ્
વ્યાપ્તાનંતસુકીર્તિનામકરણં શ્રીસ્વામિનારાયણં ।
સ્વીયં નામમહત્ત્વદર્શનકરં શ્રી સ્વામિનારાયણં
ધર્મપ્રસ્તુતિકારકં ચ સરલં વંદે સદા સ્વામિનં ॥૦૭॥

પ્રૌઢં સ્વીયપ્રતાપાશ્રિતસુખદં સદ્યઃ સમાધિસ્થિતિં
નિત્યાત્યંતિકમોક્ષદં સુપરમં બ્રહ્માત્મવિદ્યાપ્રદં ।
પ્રત્યક્ષં પ્રતિમાસ્વરૂપસતતં દિવ્યાતિશાંતિ પ્રદં
દિવ્યાભૂષણવસ્ત્રભૂષિતવિભું વંદે સદા સ્વામિનં ॥૦૮॥

સંતભક્તાકરણં મહત્ત્વસુખદં શ્રીસંગ સંગિપ્રદં
અંતઃશત્રુનિવારકોપશમન સ્થિત્યુત્તમાકારકં ।
આસ્તિક્યપ્રદવર્તમાનધૃતિકં પ્રાવર્તમાનં મુદા
માયાકાલવિભેદકં નતજનૌ વંદે સદા સ્વામિનં ॥૦૯॥

ધ્યાનાતિપ્રિયસર્વજીવહિતકં અધર્મવિધ્વંસકં
સદ્બુદ્ધિપ્રદદીર્ઘદર્શીનનિધિં ક્ષાન્તં કલીતારકં ।
ચેતોનિગ્રહયુક્તિવિદ્ નિજજનો દ્ધારિં ચ સત્પોષકં
દૈત્યાનાં ગુરુમોહકં ચ સરલં વંદે સદા સ્વામિનં ॥૧૦॥

અહિંસા મખઃપોષકં પરમહંસ પ્રીતિયુક્તં સદા
નિર્લોભં ચ જિતેન્દ્રિયપ્રિયતરં તીવ્રસુવૈરાગ્યકં ।
સત્શાસ્ત્રવ્યસનં તપઃપ્રિયતરં ધૈર્યાન્વિતં સર્વદા

નિર્દંભં ચ મહાવ્રતોન્નતિકરં વંદે સદા સ્વામિનં ॥૧૧॥

શ્રીમન્નૈષ્ઠિકધર્મપોષણકરં સદ્ધાર્મિકત્વપ્રદં
પ્રાગલ્ભ્યં હ્યપરાજિતાતિકરુણા - ક્ષાબુદ્ધિવિધ્વંસકં ।
યાતાહંકૃતિયાતનિદ્રસતતં નિર્મત્સરં નિસ્પૃહં
ભક્તાનાં કવચં ષડૂર્મિ વિજયં વંદે સદા સ્વામિનં ॥૧૨॥

જિહ્વાસ્વાદજિતપ્રિયં સુમધુરં શ્રીકોમલં વાગ્મિનં
નિત્યોદારસુભક્તિપોષણકરં દિવ્યશ્રવઃકીર્તનં ।
અદ્રોહં ચ કૃપાનિધિં હિ સતતં અજાતશત્રુમતિ -
નિર્માનપ્રિયસાધુશીલહૃદયં વંદે સદા સ્વામિનં ॥૧૩॥

ધર્માર્થાદિફલપ્રદં સુવિદિતં શ્રીભક્તકં વત્સલં
નિત્યં મંગલદિવ્યમૂર્તિરુચિરં સર્વાભિધાનાન્વિતં ।
બ્રહ્માંડાદિસમસ્તજીવહિતકં કલ્યાણકલ્પદ્રુમં
સંરક્ષ્યાન્નિજદિવ્યમૂર્તિનિરતં વંદે સદા સ્વામિનં ॥૧૪॥

બાપાશ્રીઅબજીગોપાલમુનિકં શ્રીસદ્‌ગુરું મુક્તકાન્
ત્વં શ્રીસદ્‌ગુરુદેવનંદનકૃપા સ્તોત્રં પરં મંગલં ।
વંદે નિર્મલમાનસં ચ સકલં સન્તુ પ્રસન્નાઃ સમે
સર્વેષાં મમ પાઠકસ્ય કુરુતાત્ શ્રીમજ્જયઃસ્વામિનઃ ॥૧૫॥

કલ્યાણાકર મુત્તરાષ્ટશતકં યત્પ્રાર્થનાસ્તોત્રકં
ધર્માર્થાદિ ફલં ત્રિતાપ શમનં, સર્વોન્નતે શાંતિ દં ।
પ્રેતાદ્યાભિચરાખ્ય ભીતિ શમનં તત્સંસૃતેર્નાશકં
ભક્તાનામભયં કરં સુખકરં વંદે સદા સ્વામિનં ॥૧૬॥

## પૂર્ણાહુતિ શ્લોક

શ્રીપતિં શ્રીધરં સર્વદેવેશ્વરં, ભક્તિધર્માત્મજં વાસુદેવં હરિમ્ ।
માધવં કેશવં કામદં કારણં, સ્વામિનારાયણં નીલકંઠં ભજે ॥

•••

## ૯૭૯ ॥ श्री स्वामिनारायण दिव्य महापूजा विधि ॥

### જયનાદ

શ્રી સહજાનંદ સ્વામી મહારાજની જય
શ્રી ઘનશ્યામ મહારાજની જય
શ્રી હરિકૃષ્ણ મહારાજની જય
શ્રી બાપાશ્રીની જય
શ્રી સદ્‌ગુરુશ્રીની જય
શ્રી સ્વામિનારાયણ ભગવાનની જય

### આહ્‌વાન મંત્ર

ઉત્તિષ્ઠોતિષ્ઠ હે નાથ ! શ્રી સ્વામિનારાયણ પ્રભો ।
ધર્મસૂનો દયાસિંધો, સ્વેષાં શ્રેયઃ પરં કુરુ ॥
આગચ્છ ભગવન્ દેવ, સ્વસ્થાનાત્ પરમેશ્વર ।
અહમ્પૂજાં કરિષ્યામિ, સદા ત્વં સન્મુખો ભવ ॥

### મંગલાચરણ શ્લોકો

આદૌ પ્રેમવતીવૃષાંગજનનં સન્નૈકતીર્થાટનં
દુષ્કર્મોપશમં ચ સાધુશરણં સદ્ધર્મસંસ્થાપનમ્ ।
હિંસાવર્જિતભૂરિયજ્ઞકરણં મૂર્તિપ્રતિષ્ઠાપનમ્
આર્યસ્થાપનમક્ષરાખ્યગમનં સત્સંગિ સજ્જીવનમ્ ॥૦૧॥

સત્તોજોક્ષરધામદિવ્યવસતિં શ્રીસ્વામિનારાયણં
અનાદિ સ્વકલીનકં સુખકરં પ્રત્યક્ષંવૈદેહિનં ।
પ્રત્યક્ષં મનુવિગ્રહં નિજજને ભ્યોમૂર્તિસત્શર્મદં
રોમૈશ્વર્ય મુદા ક્ષરાદ્યસુખદં ધ્યાયે સદા સ્વામિનં ॥૦૨॥

દિવ્યં શ્રીઘનશ્યામ કં શરણદં કૈશોરમૂર્તિં પરમ્
તેજઃપુંજ મુખારવિંદસહજં ધર્મસ્ય ભક્તેઃ પ્રિયમ્ ।
દિવ્યાભૂષણવસ્ત્રાભૂષિતપ્રભું સત્સંગિ પૂજ્યં સદા
કુંકુંકેસરભાલચન્દ્રતિલકં અર્ચે સદા સ્વામિનં ॥૦૩॥

વાણી મંગલરૂપિણી ચ હસિતં યસ્યાસ્તિ વૈ મંગલં
નેત્રે મંગલદે ચ દોર્વિલસિતં નૃણાં પરં મંગલમ્ ।
વક્ત્રં મંગલકૃચ્ચ પાદચલિતં યસ્યાખિલં મંગલં
સોઽયં મંગલમૂર્તિરાશુ જગતો નિત્યં ક્રિયાન્મંગલમ્ ॥૦૪॥

કલ્યાણાકરમુત્તરાષ્ટશતકં યત્પ્રાર્થના સ્તોત્રકં
ધર્માર્થાદિફલં ત્રિતાપશમનં સર્વોન્નતે શાન્તિદં ।
પ્રેતાદ્યાભિચરાખ્યભીતિશમનં તત્સંસૃતેર્નાશકં
ભક્તાનામભયં કરં સુખકરં વંદે સદા સ્વામિનં ।।૦૫।।

વર્ણીવેષરમણીયદર્શનં મંદહાસ્ય રુચિરાનનામ્બુજમ્ ।
પૂજિતં સુરનરોત્તમૈર્મુદા ધર્મનંદનમહં વિચિન્તયે ।।૦૬।।

## પ્રાર્થના

હે અક્ષરધામના અધિપતિ ! હે સર્વાવતારી સ્વામિનારાયણ ભગવાન ! હે જીવનપ્રાણ અબજીબાપાશ્રી! હે વ્હાલા સદ્‌ગુરુશ્રીઓ ! દયાળુ, આપ દયાના મહાસાગર છો. આપ રાજી થાવ એવાં અમારી પાસે કોઈ સાધન નથી. છતાંય દયાળુ, આપને રાજી કરવા સાંસાગોટિલા રૂપે આ મહાપૂજા વિધિ કરીએ છીએ. તો દયાળુ, આપ પ્રગટ અને પ્રત્યક્ષપણે અમારી પૂજાને અંગીકાર કરજો વ્હાલા. દયાળુ, અમારી કંઈ ભૂલચૂક રહી જાય તો ક્ષમા કરજો અને સદાય ભેળા રહેજો.

### સ્વામિનારાયણ નામાવલી

૦૧ શ્રી હરિકૃષ્ણાય નમઃ
૦૨ શ્રી સહજાનંદાય નમઃ
૦૩ શ્રી ઘનશ્યામાય નમઃ
૦૪ શ્રી ન્યાલકરણાય નમઃ
૦૫ શ્રી મહાપ્રભવે નમઃ
૦૬ શ્રી સ્વામિનારાયણાય નમઃ
૦૭ શ્રી ભક્તિનંદનાય નમઃ
૦૮ શ્રી નીલકંઠવર્ણયે નમઃ
૦૯ શ્રી શ્રીજીમહારાજાય નમઃ
૧૦ શ્રી પૂર્ણાર્થાય નમઃ
૧૧ શ્રી વૃષનંદનાય નમઃ
૧૨ શ્રી હરયે નમઃ
૧૩ શ્રી સ્વામિને નમઃ
૧૪ શ્રી સર્વોપરીસ્વરૂપાય નમઃ
૧૫ શ્રી સદ્‌ગુરુગુરવે નમઃ
૧૬ શ્રી સર્વાવતારિણે નમઃ
૧૭ શ્રી સદાસાકારાકૃતયે નમઃ
૧૮ શ્રી સદાનંદઘનસ્વરૂપાય નમઃ
૧૯ શ્રી શુદ્ધાય નમઃ
૨૦ શ્રી સર્વકારણકારણાય નમઃ
૨૧ શ્રી મહારાજાધિરાજાય નમઃ
૨૨ શ્રી જન્માજન્મને નમઃ
૨૩ શ્રી નિયામકાય નમઃ
૨૪ શ્રી સકલજ્ઞાય નમઃ
૨૫ શ્રી સદા પ્રાકટ્યસ્વરૂપાય નમઃ
૨૬ શ્રી શાંતાકૃતયે નમઃ
૨૭ શ્રી સ્વતંત્રાય નમઃ
૨૮ શ્રી મહાતેજાક્ષરધામાધિપતયે નમઃ
૨૯ શ્રી સ્વમૂર્તિપ્રદાત્રે નમઃ
૩૦ શ્રી સ્વસર્વોત્તમધામદાય નમઃ

૩૧ શ્રી દિવ્યાતિદિવ્યાય નમઃ
૩૨ શ્રી નિર્દોષાય નમઃ
૩૩ શ્રી વ્યતિરેકસ્વરૂપાય નમઃ
૩૪ શ્રી સંકલ્પ સ્વરૂપાય નમઃ
૩૫ શ્રી અતિ પૂતાય નમઃ
૩૬ શ્રી મૂર્તિસ્વરૂપાત્મકસુખદાય નમઃ
૩૭ શ્રી નિત્યમુક્તસ્થિતિકરાય નમઃ
૩૮ શ્રી અનાદિસ્વલીનસ્થાય નમઃ
૩૯ શ્રી પરમએકાંતિક સન્મુખાય નમઃ
૪૦ શ્રી સર્વાતિમુક્તાધિપતયે નમઃ
૪૧ શ્રી તેજૌંશી અન્વય સ્વરૂપાય નમઃ
૪૨ શ્રી સકલાક્ષરાદ્ય રોમૈશ્વર્ય દાત્રે નમઃ
૪૩ શ્રી સત્ય પ્રતિજ્ઞાય નમઃ
૪૪ શ્રી વ્યાપ્તાનંત સત્કીર્તયે નમઃ
૪૫ શ્રી સ્વામિનારાયણ નામકરણાય નમઃ
૪૬ શ્રી સ્વનામમહત્ત્વદર્શકાય નમઃ
૪૭ શ્રી સ્વામિનારાયણ ધર્મ પ્રસ્તોત્રે નમઃ
૪૮ શ્રી પ્રૌઢ પ્રતાપાશ્રિત સુખદાય નમઃ
૪૯ શ્રી સદ્યઃ સમાધિસ્થિતિકરાય નમઃ
૫૦ શ્રી નિત્યાત્યંતિક મોક્ષદાય નમઃ
૫૧ શ્રી પરબ્રહ્મવિદ્યા પ્રદાય નમઃ
૫૨ શ્રી પ્રતિમા સ્વરૂપ સદા પ્રત્યક્ષાય નમઃ
૫૩ શ્રી દિવ્યાતિશાંતિ પ્રદાય નમઃ
૫૪ શ્રી દિવ્યાભૂષણવસ્ત્રભૂષિતાય નમઃ
૫૫ શ્રી સ્વસંત-ભક્તમહિમાકરણાય નમઃ
૫૬ શ્રી સ્વસંગસંગિસુખદાય નમઃ
૫૭ શ્રી અંતઃશત્રુનિવારકાય નમઃ
૫૮ શ્રી ઉપશમસ્થિતિકારકાય નમઃ
૫૯ શ્રી આસ્તિક્યપ્રદાય નમઃ
૬૦ શ્રી વર્તમાન ધર્મ પ્રવર્તકાય નમઃ
૬૧ શ્રી માયાકાલવિભેદકાય નમઃ
૬૨ શ્રી ધ્યાનાતિપ્રિયાય નમઃ
૬૩ શ્રી સર્વજીવહિતકાય નમઃ
૬૪ શ્રી અબુદ્ધિ વિધ્વંસકાય નમઃ
૬૫ શ્રી સદ્બુદ્ધિપ્રદાય નમઃ
૬૬ શ્રી દીર્ઘદર્શિને નમઃ
૬૭ શ્રી ક્ષાન્તાનિધયે નમઃ
૬૮ શ્રી કલીતારકાય નમઃ
૬૯ શ્રી ચેતોનિગ્રહ યુક્તિવિદે નમઃ
૭૦ શ્રી નિજજનોદ્ધારિણે નમઃ
૭૧ શ્રી સદા સત્પોષકાય નમઃ
૭૨ શ્રી દૈત્યાનાં ગુરુ મોહકાય નમઃ
૭૩ શ્રી અહિંસામખઃપોષકાય નમઃ
૭૪ શ્રી પરમહંસપ્રીતિયુક્તાય નમઃ
૭૫ શ્રી નિર્લોભાય નમઃ
૭૬ શ્રી જિતેન્દ્રિયપ્રિયતરાય નમઃ
૭૭ શ્રી તીવ્ર સુવૈરાગ્યાય નમઃ
૭૮ શ્રી સત્શાસ્ત્રવ્યસનાય નમઃ
૭૯ શ્રી તપઃપ્રિયતરાય નમઃ
૮૦ શ્રી ધૈર્યાન્વિતાય નમઃ
૮૧ શ્રી નિર્દંભાય નમઃ
૮૨ શ્રી મહાવ્રતોન્નાતિકરાય નમઃ
૮૩ શ્રી નૈષ્ઠિકધર્મપોષણ કરાય નમઃ
૮૪ શ્રી સદ્ધાર્મિકત્વપ્રદાય નમઃ
૮૫ શ્રી પ્રાગલ્ભ્યાય નમઃ

૮૬ શ્રી અપરાજિતાય નમઃ
૮૭ શ્રી અતિ કરુણાક્ષાય નમઃ
૮૮ શ્રી અધર્મવિધ્વંસકાય નમઃ
૮૯ શ્રી યાતાહંકૃતયે નમઃ
૯૦ શ્રી યાતનિદ્રાય નમઃ
૯૧ શ્રી નિર્મત્સરાય નમઃ
૯૨ શ્રી નિઃસ્પૃહાય નમઃ
૯૩ શ્રી ભક્તાનાં કવચાય નમઃ
૯૪ શ્રી ષડૂર્મિવિજયાય નમઃ
૯૫ શ્રી જિહ્‌વાસ્વાદજિતપ્રિયાય નમઃ
૯૬ શ્રી સુકોમલાય નમઃ
૯૭ શ્રી સુમધુરવાગ્મિને નમઃ
૯૮ શ્રી નિત્યોદારાય નમઃ
૯૯ શ્રી સુભક્તિપોષણકરાય નમઃ
૧૦૦ શ્રી દિવ્યશ્રવણકીર્તનાય નમઃ
૧૦૧ શ્રી અદ્રોહાય નમઃ
૧૦૨ શ્રી કૃપાનિધયે નમઃ
૧૦૩ શ્રી અજાતશત્રવે નમઃ
૧૦૪ શ્રી અતિનિર્માનપ્રિયાય નમઃ
૧૦૫ શ્રી સાધુશીલહૃદયાય નમઃ
૧૦૬ શ્રી ધર્માર્થાદિફલપ્રદાય નમઃ
૧૦૭ શ્રી ભક્તવત્સલાય નમઃ
૧૦૮ શ્રી સર્વૈવં મંગલ દિવ્ય મૂર્તયે નમઃ

શ્રી અબજીબાપાશ્રિયૈ નમઃ
શ્રી ગોપાલમુનયે નમઃ
શ્રી સદ્‌ગુરવે નમઃ
શ્રી સર્વ મુક્ત મંડલાય નમઃ
સહજાનંદ સ્વામી મહારાજની જય.

## મહાપૂજા પછીની પ્રાર્થના

તારી ઈચ્છા વિના તો કાંઈ થાય નહિ, વિના મરજીથી તૃણ તોડાય નહિ;
તમે કર્તા બનો રે ઘનશ્યામજી, તો જ થાયે મારી પૂરી હામ જી... ટેક

છેલ છોગાળા ભેળા ભળો તો, શુભ પ્રસંગ પૂરણ થાશે;
દીનબંધુ તમે દયા કરો તો, કામ તુરત સુફળ થાશે,
શ્રીજી તારી કૃપા પર વાત છે, મુને મળ્યા પ્રભુ સાક્ષાત્ છે...તમે૦૧

ઓ મારા સ્વામી વિનવું વારંવાર, આપ સંકલ્પે સહાય કરજો;
દાસાનુદાસના પ્યારા ઘનશ્યામજી, દાસ ગણી બેડો પાર કરજો,
ભલે સભાને એ સમજાઈ જાય, અહંભાવે તો કાંઈ ન કામ થાય...તમે૦૨

## થાળ

જમો થાળ જીવન જાઉં વારી, ધોઉં કર ચરણ કરો ત્યારી... જમો ટેક
બેસો મેલ્યા બાજોઠિયા ઢાળી, કટોરા કંચનની થાળી;
જળે ભર્યા ચંબુ ચોખાળી... જમો ૦૧

કરી કાઠા ઘઉંની પોળી, મેલી ઘૃત સાકરમાં બોળી;
કાઢ્યો રસ કેરીનો ઘોળી...જમો ૦૨

ગળ્યા સાટા ઘેબર ફૂલવડી, દૂધપાક માલપૂવા કઢી;
પૂરી પોચી થઈ છે ઘીમાં ચડી...જમો ૦૩

અથાણાં શાક સુંદર ભાજી, લાવી છું તરત કરી તાજી;
દહીં ભાત સાકર છે ઝાઝી...જમો ૦૪

ચળું કરો લાવી હું જળઝારી, એલચી લવિંગ સોપારી;
પાનબીડી બનાવી સારી... જમો ૦૫

મુખવાસ મનગમતા લઈને, પ્રસાદી થાળ તણી દઈને;
ભૂમાનંદ કહે રાજી થઈને...જમો ૦૬

## આરતી

જય સદ્‌ગુરુ સ્વામી, પ્રભુ જય સદ્‌ગુરુ સ્વામી;
સહજાનંદ દયાળુ(૨) બળવંત બહુનામી...ટેક

ચરણ સરોજ તમારા, વંદું કર જોડી(૨)
ચરણે શીશ ધર્યાથી(૨) દુઃખ નાખ્યાં તોડી...જય સદ્‌ગુરુ ૦૧

સ્વામિનારાયણ સુખદાતા, દ્વિજકુળ તનુ ધારી(૨)
પામર પતિત ઉદ્ધાર્યા(૨) અગણિત નરનારી...જય સદ્‌ગુરુ ૦૨

નિત્ય નિત્ય નૌતમ લીલા, કરતા અવિનાશી(૨)
અડસઠ તીરથ ચરણે(૨) કોટિ ગયા કાશી...જય સદ્‌ગુરુ ૦૩

પુરુષોત્તમ પ્રગટનું, જે દર્શન કરશે(૨)
કાળ કર્મથી છૂટી(૨) કુટુંબ સહિત તરશે...જય સદ્‌ગુરુ ૦૪

આ અવસર કરુણાનિધિ, કરુણા બહુ કીધી(૨)
મુક્તાનંદ કહે મુક્તિ(૨) સુગમ કરી સીધી...જય સદ્‌ગુરુ ૦૫

## વિસર્જન મંત્ર

સ્વસ્થાનામ્ ગચ્છ દેવેશ, પૂજામાદાય મામકીમ્ ।
ઇષ્ટકામપ્રસિદ્ધ્યર્થં, પુનરાગમનાય ચ ॥

## વિભાગીય અનુક્રમણિકા


ક્રમ કીર્તન

**મંગળાચરણ**

**(પૃ.નં. ૧થી ૪)**

૧ વદનં મધુરં હસિતં મધુરં
૨ દિવ્યજીવનની જ્યોત જગાવો
૩ દિવ્યં શ્રીઘનશ્યામ કં શરણ દં
૪ પ્રત્યક્ષ એવાસ્મિ સદેતિ ભાનં
૫ ભવસંભવભીતિભેદનં
૬ આદૌ પ્રેમવતીવૃષાંગજનનં
૭ વાણી મંગલરૂપિણી ચ હસિતં
૮ વર્ણીવેષરમણીયદર્શનં મંદહાસ્ય
૯ પ્રથમ નમન પરબ્રહ્મને
૧૦ જે હરિ અક્ષરધામમાંહી
૧૧ જે ઉત્પત્તિ તથા સ્થિતિ લય
૧૨ મંગળ મૂરતિ મહાપ્રભુ

**પ્રાર્થના**

**(પૃ.નં. ૫થી ૩૪)**

૧૩ અધમ ઉદ્ધારણ અવિનાશી તારા
૧૪ મનમોહન સુંદરવર મારા
૧૫ મેરે તો એક તુમ હી આધારા
૧૬ આપના તે આભમાં હું નાનું
૧૭ હે દયાળુ ! દયા કરીને આપને
૧૮ બિસર ન જાજો મેરે મીત
૧૯ હો રસિયા મેં તો શરન
૨૦ પ્રેમે નમન છે હે વૃષનંદન
૨૧ મૈં તો ગુનેગાર તેરા રે
૨૨ મૈં તો છિન છિન તેરા ગુન્હેગાર
૨૩ સુણો ચતુર સુજાણ
૨૪ હે કરુણાના કરનારા તારી
૨૫ હું તો છું ઘણી નગણી નાર
૨૬ હરિ દાસનાં તે દુઃખડાં કાપજો
૨૭ તારી ઇચ્છા વિના તો કાંઈ થાય
૨૮ મૈલી ચાદર ઓઢ કે કૈસે
૨૯ છો પ્રભુ શ્રી ઘનશ્યામ જયકારી
૩૦ તોરે પાય પડું નાવલિયા
૩૧ સર્વ તણા આધાર મહારાજ
૩૨ તમારી મૂર્તિ વિના મારા નાથ રે
૩૩ કર જોડી વ્હાલા કર જોડી
૩૪ સાગર સુખ કા રેલાવ
૩૫ સબસે ન્યારા ને પર શ્રીજી
૩૬ શ્રીજી મૂર્તિના સુખમાં ઝિલાવશો
૩૭ મારા છેલછબીલા શ્યામ
૩૮ ધર્મકુંવર હરિકૃષ્ણજી
૩૯ શ્રીજી મૂર્તિમાં અમને રાખજો
૪૦ જય ઘનશ્યામ જય જય કરનારા
૪૧ વ્હાલા વિનંતી સુણી અમારી
૪૨ હે નાથ મુને તમારું ભક્તપણું
૪૩ હે નાથ દેહના સંબંધી જનમાં
૪૪ ન સમજું શ્રીજી શી રીતે
૪૫ પ્રભુ તમ વિના મારું કોણ છે
૪૬ શ્રીજી મારા હૈયામાં તારી
૪૭ નમન કરું હું વિશ્વપાળને
૪૮ શ્રીજી અને સહુ સંતો રે
૪૯ શ્રીજી દર્શન કરી વિનવું રે લોલ
૫૦ શામળા લેજો સંભાળ હોડી
૫૧ વંદન પ્રભુજી વંદન ગુરુજી
૫૨ એક છો પ્યારા શ્રીજી ઓ મારા
૫૩ પ્રભુ મને કરજો એવો અનુકૂળ
૫૪ અહો પ્રભુ અચરજ માયા તુમારી
૫૫ અમી ભરેલી નજરું રાખો
૫૬ મારી નાડ તમારે
૫૭ હો શ્રીજી તમારું પ્રગટપણું
૫૮ હો પ્રાણપ્યારા શ્રીજી ★
૫૯ હો પ્રાણપ્યારા શ્રી ઘનશ્યામ(૫૮-૧) ★
૬૦ હો પ્રાણપ્યારા શ્રી ઘનશ્યામ (૫૮-૨) ★

૬૧ હો પ્રાણપ્યારા શ્રી ઘનશ્યામ (પદ-૩) ★
૬૨ હો પ્રાણપ્યારા શ્રી ઘનશ્યામ (પદ-૪) ★
૬૩ હો પ્રાણપ્યારા શ્રી ઘનશ્યામ (પદ-૫) ★
૬૪ હો પ્રાણપ્યારા શ્રી ઘનશ્યામ (પદ-૬) ★
૬૫ હો પ્રાણપ્યારા શ્રી ઘનશ્યામ (પદ-૭) ★
૬૬ હો જીવન અમારા ગુરુ બાપજી ★
૬૭ છો કર્તા હર્તા આપ નિયંતા ★
૬૮ રાજીપો ખૂબ કમાવા ★
૬૯ હે દયાળુ દયા કરો મારા ★
૭૦ શ્રીજી છો કૃપાળુ બાપા છો દયાળુ
૭૧ વ્હાલા હું તો છું તારો બાળ
૭૨ હરતાં ફરતાં કરતાં કામ ★
૭૩ શ્રીજી તમે છો માતપિતા ને
૭૪ શ્રીજી કૃપા કરો એવી દયા કરો
૭૫ હે સદ્‌ગુરુજી ! જેમ કહેશો તેમ
૭૬ હે વ્હાલા બાપજી હે વ્હાલા બાપજી ★

## પ્રભાતિયાં

## (પૃ.નં. ૩૫થી ૪૪)

૭૭ પ્રાતઃ થયું મનમોહન પ્યારા
૭૮ રસિયોજી રાય આંગણ બેઠા
૭૯ બાજોઠ કનક તણે આવી બેઠા
૮૦ હાં રે સખી ના’વા પધારે
૮૧ વેલેરી ઊઠીને વા’લાજીનું
૮૨ લાલચ લાગી રે બેની મુને
૮૩ શોભાસાગર શ્યામ તમારી
૮૪ સુંદરવર શણગાર સજીને
૮૫ મુક્તવર શણગાર કરીને
૮૬ સૂતાં ઊઠી રે સમરું સહજાનંદ
૮૭ હૃદયે જોયું રે મુક્તો
૮૮ પ્રાતઃ સમે શ્રી સહજાનંદની
૮૯ પ્રાતઃ સમે શ્રી પુરુષોત્તમની
૯૦ ધ્યાન ધર ધ્યાન ધર
૯૧ રાત રહે પાછલી ચાર
૯૨ ભજન કર ભાવ શું પ્રગટ
૯૩ જાગો રે રસીલા છેલા
૯૪ વાલા રે વિહારી મારે
૯૫ સનેહી શ્રી ઘનશ્યામને
૯૬ સ્વામિનારાયણનું સ્મરણ કરતાં
૯૭ હે જી... વાલા નાથ રે
૯૮ દાદાને દરબાર જાશું
૯૯ વ્હાલી લાગે મૂર્તિ તમારી

## થાળ

## (પૃ.નં. ૪૫થી ૬૧)

૧૦૦ દૂધ ગાયનું ઉકાળી કટોરી
૧૦૧ મારા પ્રાણપ્યારા પ્રીતમજી
૧૦૨ જમો થાળ જીવન જાઉં વારી
૧૦૩ જમો જમોને મારા જીવન જુગતે
૧૦૪ જમોને જમાડું રે જીવન મારા
૧૦૫ જમો જમોને મારા ઘનશ્યામ
૧૦૬ તમે જમો જમોને મારા
૧૦૭ આવજો છોગલાંધારી
૧૦૮ નાથ ઓ મારા તમને જમાડી
૧૦૯ જમવા પધારો કૃપાળુ શ્રીજી
૧૧૦ રૂડી રાંધી મેં રસિયાજી
૧૧૧ લેતા જાઓ રે સાંવરિયા
૧૧૨ રસિયા પાન બીડી આરોગો
૧૧૩ સખી આનંદની વાત કહું
૧૧૪ વ્હાલા આવો અમારે ઘેર રે
૧૧૫ અવિનાશી આવો રે
૧૧૬ ભોજન બહુ રસભર્યાં (થાળ ચિંતામણિ)
૧૧૭ ફ્રૂટ જમોને મારા ઘનશ્યામ
૧૧૮ જુઓ જુઓને ઘનશ્યામ રે
૧૧૯ જમો જમોને મારા ઘનશ્યામ

## નિત્ય નિયમ

## (પૃ.નં. ૬૨થી ૯૨)

૧૨૦ જય મંગળકારી પ્રભુ

૧૨૧ હવે મારા વ્હાલાનાં દર્શન સારુ
૧૨૨ બાપા આપ સદાય દિવ્ય રૂપે
૧૨૩ હો જીવન અમારા ગુરુ ★
૧૨૪ સદાય પરભાવમાં જ
૧૨૫ મહાબળવંત માયા તમારી
૧૨૬ આજ મારે ઓરડે રે
૧૨૭ સજની સાંભળો રે શોભા
૧૨૮ બોલ્યા શ્રીહરિ રે
૧૨૯ વળી સહુ સાંભળો રે
૧૩૦ સંત સમાગમ કીજે હો
૧૩૧ સંત પરમ હિતકારી
૧૩૨ હરિ ભજતાં સુખ હોય
૧૩૩ યું હી જન્મ ગુમાત
૧૩૪ ગિરધારી રે સખી ! ગિરધારી
૧૩૫ સુખ પામી રે સખી ! સુખ
૧૩૬ છેલ છોગાળો રે
૧૩૭ શ્યામની છબી રે સખિ
૧૩૮ ફૂલની માળા રે શોભે
૧૩૯ ફૂલની બાંધી રે પોંચી
૧૪૦ ફૂલના પે'રી રે જામા
૧૪૧ ફૂલડાં ધારી રે અંગે
૧૪૨ જય સદ્‌ગુરુ સ્વામી
૧૪૩ સહજાનંદ ઘનશ્યામ
૧૪૪ ઊર્ધ્વ તથાધો નહિ યસ્ય માનં
૧૪૫ નિર્વિકલ્પ ઉત્તમ અતિ
૧૪૬ આવ્યા અક્ષરધામના આ
૧૪૭ મુક્ત થઈને દાસભાવે
૧૪૮ હે પ્યારા સદાય દિવ્ય મૂર્તિ
૧૪૯ પ્રથમ શ્રીહરિને રે
૧૫૦ સાંભળ સૈયર રે
૧૫૧ મનુષ્યલીલા રે કરતાં
૧૫૨ મોહનજીની રે લીલા
૧૫૩ સાંભળ સજની રે દિવ્ય
૧૫૪ એવાં કરે રે ચરિત્ર
૧૫૫ નિત્ય નિત્ય નૌતમ રે
૧૫૬ રૂડા શોભે રે નાહીને
૧૫૭ ચળું કરે રે મોહન
૧૫૮ નિજ સેવકને રે
૧૫૯ ઓરા આવો શ્યામ સ્નેહી
૧૬૦ હવે મારા વા'લાને નહિ
૧૬૧ હવે મારા વ્હાલાનાં દર્શન સારુ
૧૬૨ પોઢે પ્રભુ સકળ મુનિ કે શ્યામ
૧૬૩ રે શ્યામ તમે સાચું નાણું બીજું
૧૬૪ વંદું સહજાનંદ રસરૂપ
૧૬૫ આવો મારા મોહન મીઠડા લાલ
૧૬૬ વ્હાલા મુને વશ કીધી વૃષરાજ
૧૬૭ રસિયા જોઈ રૂપાળી કોટ
૧૬૮ વ્હાલા તારી ભુજા જુગલ જગદીશ
૧૬૯ વ્હાલા તારી મૂર્તિ અતિ રસરૂપ
૧૭૦ વ્હાલા તારું રૂપ અનુપમ નાથ
૧૭૧ વ્હાલા તારા જુગલ ચરણ રસરૂપ
૧૭૨ કહું અલૌકિક વાર્તા
૧૭૩ પોઢો પોઢો સહજાનંદ સ્વામી
૧૭૪ આરતી પ્રગટ પ્રભુજી કી કીજે
૧૭૫ દિવ્ય શ્રીજી સ્વરૂપ રસબસ છે
૧૭૬ વિશ્વેશ છો સકળ વિશ્વ
૧૭૭ બોલો મૂર્તિમાં રહીને

## પ્રાપ્તિના કેફનાં પદો

## (પૃ.નં. ૯૩થી ૧૧૪)

૧૭૮ સર્વોપરી ને સદા પ્રગટ છે
૧૭૯ સહજાનંદ સિંધુ રે આજ
૧૮૦ સહજાનંદ સિંધુ રે દયાળુ
૧૮૧ સહજાનંદ સિંધુ રે સખી સદા સેવીએ
૧૮૨ સહજાનંદ સિંધુ રે સખી જો સભર
૧૮૩ પામ્યાં પામ્યાં રે ભવજળ
૧૮૪ મારે આવ્યો અલૌકિક દાવ રે
૧૮૫ બડ ભાગ્ય ખોલ ગયે મેરે શ્યામ

૧૮૬ શ્રીજી વિજયના ધ્વજો ફરકાવજો
૧૮૭ આજની ઘડી રે ધન્ય
૧૮૮ ઘેર ઘેર ફરી ઘનશ્યામ
૧૮૯ ભાગ્ય જાગ્યાં રે આજ જાણવાં
૧૯૦ આવ્યા છે રે આવ્યા છે શ્રીજી
૧૯૧ મહિમા મહિમા સૌનો મહિમા
૧૯૨ હાં રે સાકર સાકર ★
૧૯૩ આ કારણ સત્સંગ દિવ્ય ★
૧૯૪ કારણ સત્સંગ વિશ્વવ્યાપી ★
૧૯૫ **SMVS** કાજે છે યુવાનો આન
૧૯૬ દરદ મિટાયા મેરા દિલ કા
૧૯૭ સુન રહી મૈં બતિયાં હરિ કી
૧૯૮ દિવ્યજીવન આપી શ્રીજી
૧૯૯ શ્રીજી આવોને મારે આંગણે
૨૦૦ વંદન કરું શ્રીજી પ્રાણપ્યારા
૨૦૧ જનમ સુધાર્યો રે હો મારો
૨૦૨ ભ્રમણા ભાંગી રે હો હૈયાંની
૨૦૩ મહાસુખ મુજને રે હો આપ્યું
૨૦૪ બાંય ગ્રહી છે રે હો વા'લે
૨૦૫ મારે મંદિર પધાર્યા શ્યામ
૨૦૬ જિયા ઝૂલે જીવન મેં આવો
૨૦૭ આપે આશિષ અલબેલડો ને સુણો
૨૦૮ આનંદ આપ્યો અતિ ઘણો રે
૨૦૯ માનો મળી છે મોટી વાત
૨૧૦ ઘણા મોંઘા જે ઘનશ્યામ
૨૧૧ કિયાં જીવ કિયાં જગદીશ
૨૧૨ એવા મળ્યા છે જો મહારાજ
૨૧૩ એની આગળ જો આપણ
૨૧૪ સમું સમજે શોધતાં એવા
૨૧૫ આ લોકની જેણે આશા તજી છે
૨૧૬ એવા જનની ઉપર હરિ
૨૧૭ એવાને સંગેથી મૂર્તિધામે
૨૧૮ જેહ ધામને પામીને પ્રાણી
૨૧૯ એવા ધામની આગળ બીજાં
૨૨૦ એવા ધામને પામવા કાજ
૨૨૧ ભજી ભલી ગઈ છે જો વાત
૨૨૨ મોજમાં રહેજો ★

## મુમુક્ષુતાનાં પદો
## (પૃ.નં. ૧૧૫થી ૧૪૭)

૨૨૩ મુમુક્ષુ જન તો તેને રે કહીએ
૨૨૪ કોઈ રાજી કરે કે ના કરે ★
૨૨૫ સાચું સગું સાચું નાણું રે
૨૨૬ ન સમજું બીજું હું તો કાંઈ
૨૨૭ દોહ્યલું થાવું હરિદાસ રે
૨૨૮ શીદને રહીએ કંગાલ રે
૨૨૯ કરીએ રાજી ઘનશ્યામ રે
૨૩૦ ધીરજ સમ નહિ ધન રે
૨૩૧ જીવ ! તું બ્રહ્મરસ ભોગવનાર
૨૩૨ મારા વાલાજી શું વાલપ દીસે રે
૨૩૩ અનુભવી આનંદમાં બ્રહ્મરસના
૨૩૪ અનુભવીને આપદા અંતરથી
૨૩૫ અનુભવીને અંતરે રહે શ્યામ
૨૩૬ અનુભવી આનંદમાં ઘનશ્યામ
૨૩૭ દિવ્ય કારણ સત્સંગમાંહી
૨૩૮ કરો ભજન સહુ દૃઢ
૨૩૯ શ્રીજી અર્થે અમારું જીવન ★
૨૪૦ અમે તો શ્રીજીના કિશોર ★
૨૪૧ ખરા મુમુક્ષુ તો તેને જ કહીએ ★
૨૪૨ દિવ્ય કારણ સત્સંગના સુણો ★
૨૪૩ સુવર્ણ ઘડી આવી **SMVS** કેરી ★
૨૪૪ દાસ થાવું રે સૌના ★
૨૪૫ આંતરમુખી થવું હવે ★
૨૪૬ રોકણી ગમાડીએ ★
૨૪૭ વિષયાનંદી મટી હવે ★
૨૪૮ કહું છું મુમુક્ષુ કોને કહેવાય ★
૨૪૯ હું કોણ છું ?નો દિવ્ય વિચાર ★
૨૫૦ શું કરવા આવ્યો ને શું થાય ★

૨૫૧ કોણ શું કરે છે એ જોવું છોડી ★
૨૫૨ કરી લેવું જ છે કરી લેવું જ છે ★
૨૫૩ વ્હાલા સંતો વ્હાલા ભક્તો ★
૨૫૪ અતિ રાજીપાની રીત કહું ★
૨૫૫ જેને નક્કી હતું સર્વે રીતે ★
૨૫૬ શોધી શોધીને શોધીયું
૨૫૭ સમરો સુખદ શ્રી હરિદેવ જી
૨૫૮ વચન વા'લાનું લોપશો
૨૫૯ વચન આધારે વર્તે છે જેહ જી
૨૬૦ જ્ઞાની તેહ જેને હરિની ગમ જી
૨૬૧ રાજી કરવા પ્રગટ ભગવાન જી
૨૬૨ નિષ્કામી પૂરો જન જેહ હોય

## ધ્યાનનાં પદો

## (પૃ.નં. ૧૪૮થી ૧૬૭)

૨૬૩ ધ્યાનમાં સુખડાં આપો શ્યામ
૨૬૪ પુરુષોત્તમરૂપ થઈ ધ્યાન કરવું
૨૬૫ તેજના સમૂહમાં શ્રીજી દર્શન
૨૬૬ મૂર્તિમાં રહીને નીરખીયે રે
૨૬૭ સુખમય તોરી મૂર્તિ અજબ હૈ
૨૬૮ ઈસ બિધ ધર તૂ ધ્યાન
૨૬૯ દિવ્ય સભાપતિરાય બૈઠે
૨૭૦ શ્રીજી તારે કાજડી મેં
૨૭૧ ચિદ્દ્ઘન તેજમાં શોભી રહ્યા
૨૭૨ જુઓ ધ્યાન ધરી
૨૭૩ મૂર્તિ કેવી મળી તેનો
૨૭૪ મળી મૂર્તિ હાં હાં રે
૨૭૫ જય દિવ્ય મૂર્તિ ઘનશ્યામ
૨૭૬ સુંદર મૂર્તિ માધુરી છબી
૨૭૭ સ્વામિનારાયણ પ્રાણથી પ્યારા
૨૭૮ મુખ નીરખી સુખ થાય
૨૭૯ કૈસે ધ્યાન ધરું બતલા દે
૨૮૦ જીવન મેં ધ્યાન કી જ્યોત
૨૮૧ હેત કર હેત કર પ્રગટ
૨૮૨ ઘનશ્યામ સલૂણા શામળા રે
૨૮૩ તેરો અજબ રૂપ ઈનમેં
૨૮૪ પ્રાતઃ સમે શ્રી સહજાનંદની ★
૨૮૫ તેજ અપાર જે અક્ષરધામ ★
૨૮૬ મૂર્તિમાં રહીને મૂર્તિ નીરખું ★
૨૮૭ મુમુક્ષુજનને મુક્ત કરીને ★
૨૮૮ સર્વોપરી છો સર્વાવતારી ★
૨૮૯ સુખના સાગર હરિ ★
૨૯૦ હો વ્હાલા શ્રી ઘનશ્યામ સુખ (પદ-૧)★
૨૯૧ હો વ્હાલા શ્રી ઘનશ્યામ સુખ (પદ-૨)★
૨૯૨ હો વ્હાલા શ્રી ઘનશ્યામ સુખ (પદ-૩) ★
૨૯૩ હો વ્હાલા શ્રી ઘનશ્યામ સુખ (પદ-૪) ★
૨૯૪ હો વ્હાલા શ્રી ઘનશ્યામ સુખ (પદ-૫) ★
૨૯૫ હે દયાળુ દયા કરો વ્હાલા ★
૨૯૬ હરતાં ફરતાં કરતાં કામ ★
૨૯૭ મૂર્તિમાં રહીને બોલો રે ★
૨૯૮ શુભ સ્વામિનારાયણ નામ લહો ★
૨૯૯ ચિદ્દ્ઘન તેજમાં શોભી રહ્યા છે ★

## અનાદિમુક્તના જ્ઞાનનાં પદો

## (પૃ.નં. ૧૬૮થી ૨૦૬)

૩૦૦ રાચી રહોને હો પ્યારા બંધુ
૩૦૧ અમે રહેનારા રે મૂર્તિ ગામના
૩૦૨ શ્રેષ્ઠ સુખ મેં ઉતારા કર લે
૩૦૩ અનાદિમુક્તોના સ્નેહો
૩૦૪ સ્વામિનારાયણ ઘનશ્યામ
૩૦૫ સુખ સાચું નથી ક્યાંય
૩૦૬ મૂર્તિ આપો છો રસિયાજી
૩૦૭ આવો મૂર્તિમાં રાખે ઘનશ્યામ
૩૦૮ રસીલી મૂર્તિ સુખ કી ખાન
૩૦૯ રસીલો રાજ પ્યારો મળતાં
૩૧૦ હરિવર હીરલો રે
૩૧૧ મીઠી મધુરી ભલી મૂર્તિ
૩૧૨ ખોટું તો થયું રે દેવળ

૩૧૩ સાચું તો મળ્યું રે દેવળ
૩૧૪ ભાગ્ય લ્યો ગણી રે ધન્ય
૩૧૫ સુખ કા સાગર યે જીવન હૈ મેરા
૩૧૬ મૂર્તિમાં ખેંચી રહ્યો
૩૧૭ શ્રીજી દાતાર સબન મુક્તન કો
૩૧૮ શ્રીહરિ કો બલ લે શૂરાતન
૩૧૯ સુંદર મૂર્તિ અતિ સુખકારી
૩૨૦ રમી રહી મૂર્તિમાં તમારી
૩૨૧ સુખ સાચું જોયું રે મૂર્તિમાં
૩૨૨ શ્રીજીની મૂર્તિમાં સુખડાં છે મોટાં
૩૨૩ જીવ તું મહારસ ચાખણહાર
૩૨૪ મુખે તું સ્વામિનારાયણ બોલ
૩૨૫ મૈં હૂ આદિ અનાદિ
૩૨૬ રસીલે રસીલે રસીલે
૩૨૭ લ્યો મૂર્તિ લ્યો મૂર્તિ લ્યો મૂર્તિ
૩૨૮ મંદિર આવ્યા રે હરિ જીવને
૩૨૯ પછી પ્રભુજી બોલિયા
૩૩૦ શ્રીજીની મૂર્તિમાં રમવા આવો
૩૩૧ સુનો વદૂંગી મૂર્તિ કી નવલી
૩૩૨ હે સંતો આ જીવને જક્તની
૩૩૩ ધર્મ બહુ પ્રકારનો જાણો મારાં
૩૩૪ શુભ સ્વામિનારાયણ નામ લહો
૩૩૫ કેવી રહસ્યની સમજાવે વાત ★
૩૩૬ તમને આરામ વિરામની ★
૩૩૭ મૈં કૌન હૂં મૈં કૌન હૂ ★
૩૩૮ પછી નાથ કહે સંત શૂરા
૩૩૯ કૃપા કરીને મૂર્તિમાં રાખ્યા ★
૩૪૦ વ્હાલા તારી મૂર્તિમાં કરું ★
૩૪૧ મારા મહારાજ મારા મહારાજ
૩૪૨ શ્રીજીમહારાજે મૂર્તિમાં રાખ્યા છે
૩૪૩ એક દિન જંગલ માંહી ★
૩૪૪ મૂર્તિસુખના પાત્ર થાવા ★
૩૪૫ સુખ અનુપ અપાર છે ★
૩૪૬ કારણ સત્સંગ કેવળ કૃપા તણો ★
૩૪૭ સર્વોપરી હરિ સ્વામિનારાયણ ★
૩૪૮ તૂસે કરું પ્યાર સુખકી લેર્યું મૂર્તિ
૩૪૯ નક્કી તો કરો રે સ્વરૂપ ★
૩૫૦ ત્યારે બોલ્યા પરવતભાઈ

## મૂર્તિનાં પદો

## (પૃ.નં. ૨૦૭થી ૨૩૩)

૩૫૧ તારી મૂરતિ લાગે છે મુને પ્યારી રે
૩૫૨ હરિકૃષ્ણ હૈયાનો મારે હાર
૩૫૩ હાં રે ધર્મ લાલો રે ધર્મ લાલો
૩૫૪ વ્હાલા તારી મૂર્તિનું બંધન
૩૫૫ અલબેલાજી મારે ઓરડે રે
૩૫૬ મારા સહજાનંદ સુજાન
૩૫૭ મારે લગની લાગી છે
૩૫૮ મુને પ્યારી રે નટવર
૩૫૯ ઘનશ્યામ મૂર્તિ તારી રે
૩૬૦ પે'રી નેપૂર ચાલતાં ઠમકે
૩૬૧ રહેજો મારી આંખલડી
૩૬૨ સોનેરી મોળિયું સુંદર
૩૬૩ નાસિકા નમણી હરિની
૩૬૪ લટકંતા આવો લાલ
૩૬૫ ફૂલડે ગરકાવ ફૂલ્યા
૩૬૬ રસિક પિયા ઘનશ્યામ રે
૩૬૭ ધર્મકુંવર હરિકૃષ્ણની રે
૩૬૮ ખમ્મા મારા પ્યારા ઘનશ્યામ
૩૬૯ જોઈ મૂર્તિ મનોહર તારી
૩૭૦ તારી મૂર્તિ રે છે જો
૩૭૧ રૂડા લાગો છો રાજેન્દ્ર
૩૭૨ તારા મુખની લાવણતા
૩૭૩ તારાં લટકાં પ્યારાં મને
૩૭૪ લટકાળા તારે લટકે રે
૩૭૫ રૂડું ભાલ તિલક રૂપાળું રે
૩૭૬ ઓરા આવો મારા લે'રખડા

૩૭૭ વ્હાલું લાગે મને મોહન મુખ
૩૭૮ તારો ચટક રંગીલો છેડલો
૩૭૯ કેસરનું તિલક સોહામણું
૩૮૦ શોભે શોભે રસિકવર છેલ રે
૩૮૧ માવા તારી મૂર્તિમાં મોહી
૩૮૨ જીવું છું રસીલા તારા
૩૮૩ મને પ્યારી લાગે મૂર્તિ તમારી
૩૮૪ આજ મને સામો મળ્યો છે
૩૮૫ અમરના સરદાર હરિ મારા
૩૮૬ મન માની મોહન તારી
૩૮૭ વ્હાલી લાગે વ્હાલા તારી
૩૮૮ નેણામાં રાખું રે નેણામાં રાખું રે
૩૮૯ નહિ દઉં જાવા રે નહિ
૩૯૦ આવા ને આવા રે આવા
૩૯૧ રંગભીના રસીલી તારી આંખલડી
૩૯૨ હૈડાંનો હાર હરિ રે મારે રંગભીનો
૩૯૩ લાગેલ રંગઝડી રે મારે રસિયાજી
૩૯૪ હરિ હૈયાંના હાર છો
૩૯૫ નયણાં ઠરે છે જોઈને રે
૩૯૬ હું તો જાઈશ ઘનશ્યામ જોવા રે
૩૯૭ વસ્યો છે છોગલાંવાળો
૩૯૮ તમે મીઠું બોલીને મન લીધું રે
૩૯૯ મનમોહન રે સુંદર મૂરતિ તમારી
૪૦૦ આવો પ્રાણથી પ્યારા ધર્મદુલારા
૪૦૧ આવો પ્રીતમ પ્યારા ધર્મદુલારા
૪૦૨ મારાં નેણાં તણા શણગાર રે
૪૦૩ શોભા શી કહું રે રૂડી
૪૦૪ હરિને નીરખ્યા રે નેણે
૪૦૫ રંગનો ભીનો રે જોઈ
૪૦૬ ચરણ હરિના રે શોભે
૪૦૭ સુંદર શોભે રે રસિયો વ્હાલો
૪૦૮ વાલા મારી સૂધબૂધ તેં
૪૦૯ ધર્મકુંવર ઘનશ્યામજી
૪૧૦ પ્યારી લાગે મોહનજી
૪૧૧ તેરી સાંવરી સૂરત છટાદાર
૪૧૨ સજની સુંદર શોભા ધામ
૪૧૩ શ્રીહરિ સહજાનંદ સુજાણ
૪૧૪ વાલા તારી અંગરખીની
૪૧૫ વાલા તારા કંઠ વચે તિલ
૪૧૬ વાલા તારે દશે આંગળીએ
૪૧૭ વાલા તારા દંત દાડમનાં બીજ
૪૧૮ વાલા તારી સુંદર શોભા ધામ
૪૧૯ વાલા તારા મોળીડાંમાં મહારાજ
૪૨૦ તારી મૂરતિ રે જોઈ હદ
૪૨૧ અલબેલાજી પ્રાણઆધાર રે
૪૨૨ મારા જન્મ સંગાથી
૪૨૩ વા’લાં લાગે રે વાલમ વેણાં
૪૨૪ આવો રે વાલા હું તો તમારા
૪૨૫ જોયા શ્રી ધર્મકુમાર ચતુરવર
૪૨૬ મન વસિયો રે મારે મન
૪૨૭ સ્વામિનારાયણ શ્યામ પિયા


## શ્રીજીમહારાજના મહિમાનાં પદો
## (પૃ.નં. ૨૩૪થી ૨૭૭)


૪૨૮ રૂડું સ્વામિનારાયણ નામ
૪૨૯ વળી વ્હાલે કરી એક વાત
૪૩૦ સ્વામિનારાયણ નામ વ્હાલું
૪૩૧ જે સ્વામિનારાયણ નામ લેશે
૪૩૨ સબ હી બરન મેં વોહી બડે
૪૩૩ સ્વામિનારાયણ ભગવાન બીજો
૪૩૪ વારે વારે જાઉં વ્હાલાજી તારે
૪૩૫ આજે તો શ્રીજી પ્રગટ ભગવાન
૪૩૬ મારા વ્હાલીડા ઘનશ્યામ પ્રભુ
૪૩૭ શ્રી ઘનશ્યામ સુખકારી પધાર્યા
૪૩૮ આજ આનંદ મારા ઉરમાં
૪૩૯ ઘનશ્યામ શ્રીહરિ રે લાવ્યા
૪૪૦ સહજાનંદ સુખકારી રે

૪૪૧ પ્રાણી સ્વામિનારાયણ સમર્થ
૪૪૨ પ્રાણી શ્વાસોશ્વાસે શ્રીજીને
૪૪૩ પ્રાણી સ્વામિનારાયણ સ્વામિનારાયણ
૪૪૪ સુખદાયક રે સ્વામી સહજાનંદ
૪૪૫ પ્રેમે પ્રગટ્યા રે સૂરજ સહજાનંદ
૪૪૬ કરી કરુણા રે સ્વામી સહજાનંદ
૪૪૭ પોતે પરબ્રહ્મ રે સ્વામી સહજાનંદ
૪૪૮ હમ તો એક સહજાનંદ
૪૪૯ હમ તો એક સહજાનંદ ચરન
૪૫૦ હમ તો હરિ સહજાનંદ
૪૫૧ છાંડી કે હરિકૃષ્ણદેવ
૪૫૨ છાંડી કે શ્રી ઘનશ્યામ
૪૫૩ હોય મૈં હરિકૃષ્ણદાસ
૪૫૪ પાય કે ઘનશ્યામ પિયા
૪૫૫ અક્ષરધામવાસી વ્હાલો
૪૫૬ અધમ ઉદ્ધારણ એવું
૪૫૭ શીદને ભટકો છો તમે
૪૫૮ પ્રગટ હરિ મુજને મળ્યા રે
૪૫૯ કલિ મેં સાચો સતયુગ આયો
૪૬૦ સે'જે કરાવે જનને સમાધિ
૪૬૧ જથાર્થ જાણે હરિને ન જેહ
૪૬૨ અનન્ય હું શ્રીહરિની જ એક
૪૬૩ મનોહર સુંદર મૂરતિ (સ્વરૂપ ચિંતામણિ) ★
૪૬૪ કર પત્તર થાળી થાળમાં (દર્શન ચિંતામણિ)
૪૬૫ એમ નખશિખા મૂર્તિ (મહાત્મ્ય ચિંતામણિ) ★
૪૬૬ એહ ભરોસો ભીતરે (સુખ ચિંતામણિ) ★
૪૬૭ અલૌકિક મૂર્તિ આજની (મૂર્તિ ચિંતામણિ)★
૪૬૮ સર્વોપરી ને સર્વાવતારી
૪૬૯ આજ શ્રીજી પધાર્યા રે
૪૭૦ શ્રીજી સિવાય સૌથી આઝાદ
૪૭૧ કર્યો કર્યો રે જય જયકાર ★
૪૭૨ ક્યારે હવે દેખું રે હરિ હસતા
૪૭૩ પછી પ્રભુજી બોલિયા
૪૭૪ વિધિ પર તે વૈરાટ કહીએ
૪૭૫ પછી બોલિયા પ્રાણજીવન


## બાપાશ્રીના મહિમાનાં પદો

## (પૃ.નં. ૨૭૮થી ૨૯૯)


૪૭૬ બાપા પધાર્યા હરખ વધાર્યા
૪૭૭ અમે તો બાપાનાં સંતાન
૪૭૮ દે દી હરિ કી મૂર્તિ બિના
૪૭૯ બાપા મળ્યા અણમોલ
૪૮૦ શ્રીજી મળ્યા બાપા મળ્યા
૪૮૧ શ્રીજી પ્રગટ મળ્યા બાપા
૪૮૨ પ્રગટે અનાદિમુક્ત વૃષપુર
૪૮૩ બાપાશ્રી કહે કૃપા કરીને વાતડી
૪૮૪ બળદિયાની બજારમાં
૪૮૫ અગણિત જીવ ઉદ્ધારવા
૪૮૬ કરી ન શકે કોઈ કામ જે
૪૮૭ કોણ હતા બાપાશ્રી
૪૮૮ શ્રીજી સંકલ્પથી રે
૪૮૯ એક દિન અક્ષરધિરાજ
૪૯૦ બાપાશ્રીની બાળલીલા રે
૪૯૧ બાલપણે પરચા આપે બાપાશ્રી
૪૯૨ અવતારના અવતારી સ્વામી
૪૯૩ બાપાશ્રી રે બાપાશ્રી માથે પાઘ
૪૯૪ હમ સબ શ્રીજી કે સંતાન ★
૪૯૫ બાપા બાપા બેલી આપ છો
૪૯૬ બાપા એટલે બાપા બોલો... ★
૪૯૭ લ્યો મૂર્તિ શ્રીજીની લ્યો મૂર્તિ ★


## સત્પુરુષના મહિમાનાં પદો

## (પૃ.નં. ૩૦૦થી ૩૩૪)


૪૯૮ સદ્‌ગુરુ સાચા રે સેવો શુદ્ધ
૪૯૯ સંત સમાગમ રે શુદ્ધ
૫૦૦ હરિ રાજી કરવા હોય
૫૦૧ સંતને સોંપિયે સર્વે આપણું જી
૫૦૨ સાચા શુદ્ધ સંતનો સમાગમ

૫૦૩ ભવસાગરનાં નીર તરીને
૫૦૪ ઊંચી સ્થિતિ છે મારા સંતની રે
૫૦૫ મળે જીવન મુક્ત તે જોગિયા
૫૦૬ ધન્ય ધન્ય એ સંત સુજાણને
૫૦૭ મુક્તપુરુષ તો તેને રે કહીએ
૫૦૮ અનાદિમુક્તની સેવા
૫૦૯ જીવનું જીવન મારા વ્હાલા
૫૧૦ સ્વામી રાખો તેમ રહેવાય રે
૫૧૧ અમે સહુ શ્રીજી તણા યુવક
૫૧૨ હાથ ઝાલ્યો રે નિજ દાસનો
૫૧૩ કરીએ આત્મબુદ્ધિ મોટા સાથે રે
૫૧૪ બાળક હું તમારો વ્હાલા
૫૧૫ કોટિ જનનીનાં હેત લાજે
૫૧૬ સુણો વાત કહું મારા વ્હાલા
૫૧૭ તમને ગમે તે અમને ગમે
૫૧૮ આપ મારા હું આપનો
૫૧૯ હરિવર હરખો હૈયે મલકો
૫૨૦ તવ દાસ તણો દાસ થાઉં રે
૫૨૧ મૂર્તિસુખ પાના હૈ પ્યારે
૫૨૨ ગુરુ ગુરુ કહત હૈ સકલ સંસારા
૫૨૩ ગુરુ મળ્યા છે ગુણવાળા
૫૨૪ કામ ક્રોધ વ્યાપે નહિ
૫૨૫ બારે માસની પૂનમો બાર ★
૫૨૬ મહેર કરી છે મારા મહારાજ ★
૫૨૭ જરૂર શું સાચા ગુરુની આજ ★
૫૨૮ પૂજા કરવી શિષ્ય તરીકે આજ ★
૫૨૯ આજ આનંદ ઉર ન માંય ★
૫૩૦ શિષ્ય થાવું રે કેવા શિષ્ય થાવું ★
૫૩૧ જે શિષ્ય ઝાઝું અભિમાન ધારે
૫૩૨ એક દિવ્યપુરુષની વાત કરું
૫૩૩ દિવ્યપુરુષ એક અતિ બડે
૫૩૪ બાપાશ્રીના વચને ગુરુજી આવ્યા
૫૩૫ આ દિવ્ય ગાથા મારા ગુરુ બાપજી
૫૩૬ કરીએ વંદન વ્હાલા
૫૩૭ એ ગુરુ મેરે જીવન
૫૩૮ શ્રીહરિ મારા સર્વેથી ન્યારા
૫૩૯ દિન કહે તો દિન અને તું રાત
૫૪૦ ગુરુ મેરે સબસે ન્યારે
૫૪૧ ગુરુજી વંદનમ્ ગુરુજી વંદનમ્
૫૪૨ હે બાલ કિશોર યુવાનો
૫૪૩ વંદનં ગુરુજી વંદનં
૫૪૪ ઉપકાર અનંત બાપજી સ્વામીશ્રી
૫૪૫ હા... હરિકૃષ્ણમ્ દિવ્યમ્
૫૪૬ સંત પારસ ચંદન બાવના
૫૪૭ વિવેકી પ્રાણી કર વિચાર
૫૪૮ હે પ્રૌઢ પ્રતાપી દિવ્ય મૂર્તિ
૫૪૯ ગોપાળાનંદ સ્વામી કેવા
૫૫૦ મુક્તાનંદ સ્વામી કેવા
૫૫૧ નિત્યાનંદ સ્વામી કેવા
૫૫૨ ગુણાતીતાનંદ સ્વામી કેવા
૫૫૩ ગુરુજી મારા બહુ પ્રતાપી
૫૫૪ વારેવારે કરે સ્વામી સ્વામી
૫૫૫ ગોપાળ ગુરુના વારસ પ્રથમ
૫૫૬ શ્રીજી સંકલ્પ સદ્‌ગુરુ સ્વામી
૫૫૭ ઈશ્વરબાપાની બની રહ્યા જોડ
૫૫૮ બાપા કહેતા પુરાણી કે મુનિ
૫૫૯ બાપા વચને આપ પધાર્યા
૫૬૦ જૈસે હી હેમ હુતાશ

## ગ્રંથ મહિમાનાં પદો
## (પૃ.નં. ૩૩૫થી ૩૩૯)

૫૬૧ જગતના સર્વે ગ્રંથોમાં
૫૬૨ દુનિયા તણાં એ સર્વે
૫૬૩ વચનામૃતનો મહિમા છે મોટો
૫૬૪ ઋત વચનામૃત અમૃત જેવું
૫૬૫ શ્રીજીની ઈચ્છા થકી જ પ્રગટ્યા
૫૬૬ મૂર્તિમાં રસબસ બનવાને
૫૬૭ બાપાશ્રીની વાતો મુને

૫૬૮ જે મુમુક્ષુ આ દિવ્ય ગ્રંથ

## તીર્થસ્થાન મહિમાનાં પદો

## (પૃ.નં. ૩૪૦થી ૩૪૩)

૫૬૯ સ્વામિનારાયણ ધામ મુને
૫૭૦ ગોધર નાનું ગામ
૫૭૧ એ... મારે સાચે સાચું
૫૭૨ નહિ પંચમહાલી રે

## સાધુતા તથા સંત મહિમાનાં પદો

## (પૃ.નં. ૩૪૪થી ૩૯૮)

૫૭૩ ખાવું પીવું બેસવું
૫૭૪ સાધુ એમ ઓળખાય
૫૭૫ સંત વિના સાચી કોણ કહે
૫૭૬ અનુપ સંતને આપું ઉપમા
૫૭૭ હાં જી ભલા સાધુ હરિ કી સાધ
૫૭૮ શાંતિ પમાડે તેને સંત રે કહીએ
૫૭૯ એવા સંત તે હરિને ગમે
૫૮૦ એવા સંત હરિને પ્યારા રે
૫૮૧ એવા સંતની બલિહારી રે
૫૮૨ સંત સુખી સંસાર મેં
૫૮૩ અંતર નિર્મળ થઈ જાય
૫૮૪ મન મોહ ટળે ઘનશ્યામ મળે
૫૮૫ સત્સંગ વિના જન્મ-મરણ
૫૮૬ ભવસાગરમાં શરણ અચળ
૫૮૭ હે જડબુદ્ધિ જીવ
૫૮૮ શીલવંતા સાધુ સાંભળજો
૫૮૯ નિષ્કામી નરને વનિતાની
૫૯૦ સંત અસંત તપાસી સમાગમ
૫૯૧ સંત જન સોઈ સદા મોય ભાવે
૫૯૨ નારદ ઐસે સંત સદા મોય પ્યારા
૫૯૩ નારદ મેરે સંત સે અધિક ન કોઈ
૫૯૪ નારદ ઐસી સાચે સંતન કી રીતિ
૫૯૫ બલિહારી મૈં ઐસે સંત
૫૯૬ સંગ ઐસે સંત કો કીજિએ
૫૯૭ કર પ્રીતિ હરિ કે દાસ
૫૯૮ સાધુ સોઈ નાવ સંસાર
૫૯૯ અમે સંતો વ્હાલા શ્રીજીના
૬૦૦ સંતોના શ્યામ વ્હાલા
૬૦૧ સાચે સાચું કહેશું હરિ
૬૦૨ જેમ જીત્યા એ શત્રુ સમૂહ
૬૦૩ જેનું કામે કાપી લીધું નાક
૬૦૪ એક વાત અનુપ અમૂલ્ય
૬૦૫ એવા સંત તણી ઓળખાણ
૬૦૬ સાચા સંત સેવ્યે સેવ્યા નાથ
૬૦૭ નક્કી વાત છે એ નિરધાર
૬૦૮ જેનું તન મન માન્યું ત્યાગે રે
૬૦૯ કેને દુઃખ દેવાનો દિલમાં રે
૬૧૦ જેના અંતરમાં કામ ક્રોધ
૬૧૧ એવા વિકારી જનની વાત
૬૧૨ દેહ પોષવા સારુ જે
૬૧૩ સંત અસંતની ઓળખાણ
૬૧૪ સાચા સંતનાં અંગ એંધાણ રે
૬૧૫ જેવો રસ ભર્યો જે ઠામે રે
૬૧૬ કામી બોલે કામે ભરિયું રે
૬૧૭ વણસાધુનો વરતારો રે
૬૧૮ હવે સાંભળો સંતની રીત
૬૧૯ હવે કહું સંત નિરલોભી
૬૨૦ હવે કહું નિઃસ્વાદીની રીત
૬૨૧ હવે કહું નિરસ્નેહ જન
૬૨૨ હવે કહું નર નિરમાન
૬૨૩ સાચા સંત જાણો જગતમાં
૬૨૪ સારમાં સાર હરિની
૬૨૫ હરિની આજ્ઞા માનવી
૬૨૬ સર્વે રીતે સંતમાં
૬૨૭ વળી કહું કોઈ સંતને
૬૨૮ જે મોત જાણી ડરી જાય
૬૨૯ જે ઢોંગ ધારી જન ધૂર્તિ

૬૩૦ કહે મહારાજ સુણો સુભક્ત
૬૩૧ સંતો કરો ચિત્ત વિષે વિચાર
૬૩૨ અનન્ય જે ભક્ત મહાપ્રભુના
૬૩૩ કલ્યાણ માટે જન સાધુ થાય
૬૩૪ ગર્વ સર્વ સુખ નાશકાર છે
૬૩૫ અધર્મી લોકો ન અધર્મ મૂકે
૬૩૬ પંચેન્દ્રિયોના વિષયો પ્રમાણો
૬૩૭ છે ચોંટવાનો ચિત્તનો સ્વભાવ
૬૩૮ ઘાટ મનમાં નિરંતર થાય
૬૩૯ સંતો કરે છે તપ તીવ્ર એવું
૬૪૦ સદ્ધર્મવાળા શુભ હોય સંત
૬૪૧ છે પાત્ર ને તુંબડી જેહ પાસ
૬૪૨ હવે સંતને વર્ત્યાની રીત
૬૪૩ એસે સંત ખરે જગમાંહી

## વૈરાગ્ય તથા સાંખ્યજ્ઞાનનાં પદો

## (પૃ.નં. ૩૯૯થી ૪૨૩)

૬૪૪ શ્રીજી માટે જનમ અમારો
૬૪૫ અમે તો છીએ શ્રીજીના મુક્ત
૬૪૬ શ્રીજી ભગવો તે રંગ મુને ભારે
૬૪૭ ડંકો વાગ્યો શ્રીજીનો
૬૪૮ હાલો જુવાનડા હરિવર વરવા
૬૪૯ તોડ ચલેગા જગ સે નાતા
૬૫૦ માટી હૈ યે માટી માટી કૈસી માટી
૬૫૧ ખોટું તો કરો ભાઈઓ ★
૬૫૨ દિલ લાગ્યા હમારા ફકીરી
૬૫૩ દિલ લગા હમારા બિહારી
૬૫૪ ડોલરિયા રંગના ભરિયા
૬૫૫ રે સગપણ હરિવરનું સાચું
૬૫૬ રે લગની તો હરિવરથી લાગી
૬૫૭ રે શિર સાટે નટવરને વરીએ
૬૫૮ રે ધરિયા અંતર ગિરધારી
૬૫૯ મેં તો સગપણ કીધું રે
૬૬૦ સુણ સાહેલી સહજાનંદ સંગાથે
૬૬૧ મને મળિયા સહજાનંદ સ્વામી
૬૬૨ મારે સ્વામિનારાયણ ભજવા
૬૬૩ વ્હાલા લાગો છો વિશ્વ આધાર રે
૬૬૪ વર ધર્મલાલ વરું રે સખી
૬૬૫ મુખડાની માયા લાગી
૬૬૬ દીખલા દિદાર પ્યારા
૬૬૭ સંસાર છોડી જન ભેખ ધારે
૬૬૮ કહે હરિ જો દૃઢ હોય ચિત્ત
૬૬૯ સંસારના દુઃખથી સાધુ થાય
૬૭૦ એક કહે થાઉં એની માત
૬૭૧ દુઃખ છે અધિક આ સંસારમાં
૬૭૨ કોઈ બહેરો ને બોબડો
૬૭૩ એક કહે રે ધન માહરું
૬૭૪ અતિવૃષ્ટિ ને અનાવૃષ્ટિ
૬૭૫ કોઈ કોઈનું નથી રે કોઈ
૬૭૬ પૂછી જો અંતરને તારા
૬૭૭ સુણો સુણો સૌ મુક્તો સુણો
૬૭૮ મુને સુપને ન ગમે રે સંસાર
૬૭૯ મુને મળિયા મોહનરાય
૬૮૦ મુને મળિયા પુરુષોત્તમરાય
૬૮૧ મુને કરી કૃતારથ ઘનશ્યામ
૬૮૨ મુને શ્રી ઘનશ્યામ સ્વરૂપ
૬૮૩ મુને નીલકંઠ વરણી મહારાજ
૬૮૪ મુને ધર્મકુંવર મહારાજ
૬૮૫ મુને ભક્તિનંદન મહારાજ
૬૮૬ જનુની જીવો રે ગોપીચંદની
૬૮૭ ત્યાગ ન ટકે રે વૈરાગ્ય વિના
૬૮૮ પ્રથમ વૈરાગ્ય જેને પ્રગટે
૬૮૯ વૈરાગ્યને રે વિઘન ઘણાં
૬૯૦ વૈરાગ વીતે એ વાણી વદે
૬૯૧ જેનું રે મન વન વાંછતું
૬૯૨ સખી પ્રેમી જાણે વાત
૬૯૩ તન મન ધનના સમર્પણ કાજે

## ઉપદેશનાં પદો

## (પૃ.નં. ૪૨૪થી ૪૫૯)


૬૯૪ મોહનને ગમવાને
૬૯૫ સાંભળ બેની હરિ
૬૯૬ ધર્મકુંવરની રીત સુણી
૬૯૭ સુખસાગર હરિવર સંગે
૬૯૮ સરલ વર્તવે છે સારું
૬૯૯ હરિજન સાચા રે
૭૦૦ ટેક ન મેલે રે તે મરદ
૭૦૧ જો હોય હિંમત રે
૭૦૨ પેટ કટારી રે પહેરીને
૭૦૩ હરિનો મારગ છે શૂરાનો
૭૦૪ ખોળી ખોળીને ખોળીયું
૭૦૫ શ્રીજી સંગે ખૂબ ફર્યો હું
૭૦૬ હરિ બિન કોઈ ન તેરા
૭૦૭ સહજાનંદ હરિ ભજી લ્યોને
૭૦૮ જાવું જરૂર મરી મેલીને
૭૦૯ મનમાં વિચારી જરી
૭૧૦ ધીરજ ધર તું અરે અધીરા
૭૧૧ નિર્માની થઈને પ્રભુને ગમો
૭૧૨ જાગો જાગો રે કિશોર
૭૧૩ શ્રીજીમહારાજના સંકલ્પો
૭૧૪ અભાવ અવગુણ અમહિમાની
૭૧૫ સ્વભાવ પ્રકૃતિ ટાળ્યા વિનાનું
૭૧૬ સેવા કરી લ્યો સેવા કરી લ્યો
૭૧૭ તક આવી રે મારે તક આવી
૭૧૮ લાજી ન મરું રે હું તો દાજી ન મરું
૭૧૯ ઊંટ કહે આ સમામાં વાંકાં
૭૨૦ ઊઠ જાગ મુસાફિર ભોર ભઈ
૭૨૧ કડવા કારેલાના ગુણ ન્હોય
૭૨૨ તું નાનો હું મોટો એવો ખ્યાલ
૭૨૩ સાગરને તીર એક ટટળે ટિટોડી
૭૨૪ હરિ રાખે ત્યમ રહીએ ઓધવજી
૭૨૫ કહાં કહું હરિ કરુણા તેરી
૭૨૬ જૈસા સોચોગે તુમ વૈસા ★
૭૨૭ કોશિશ કરનેવાલોં કી ★
૭૨૮ વા’લો સૃષ્ટિનો સર્જનહાર
૭૨૯ સર્વે થકી શ્રીહરિ છે સમર્થ
૭૩૦ સમજ સમજુ નારી
૭૩૧ આ કામનો શું પરિણામ થાશે
૭૩૨ કથા સુણે તે કહી આદિ
૭૩૩ કુસંગીનો સજ્જન કોઈ સંગ
૭૩૪ લોભી પૂરું પેટ ભરી ન ખાય
૭૩૫ કહે હરિ દ્રવ્ય ઘણું નઠારું
૭૩૬ ધાર્યું બધું શ્રીહરિનું જ થાય
૭૩૭ જ્યાં વાસના જેની જરી રહે છે
૭૩૮ પ્રભુની ઇચ્છાથી થવાનું થાય
૭૩૯ ઉત્સાહથી કામ ઘણું કરાય
૭૪૦ કહે શ્રીજી સ્વામી સકળ
૭૪૧ અજાણતાં જે અપરાધ થાય
૭૪૨ પરોપકારી જન જેહ હોય
૭૪૩ જે ભક્ત જાણે મહિમા પ્રભુનો
૭૪૪ ચોરી કરે જે જન ધર્મ અર્થ
૭૪૫ કહે શ્રી પ્રભુ પૂરણ કામ
૭૪૬ જે પાપનો ઘાટ કશો ઘડીશ
૭૪૭ વળગે ભૂત કે પ્રેત જેને
૭૪૮ બોલ્યા ભક્તિતનુજ ભગવંત
૭૪૯ રહે ન દૃષ્ટિ નિયમે જ જેની
૭૫૦ દીસે ઘણો દુષ્ટ સ્વભાવ જેનો
૭૫૧ જે હાર પામે હરિભક્ત સાથ
૭૫૨ ન સંપ રાખે સતસંગી થૈને
૭૫૩ પ્રથમ વિચારી બોલિયે


## મનુષ્ય જન્મની સાર્થકતા

## (પૃ.નં. ૪૬૦થી ૪૭૩)


૭૫૪ તારી એક એક પળ
૭૫૫ સજની ટાણું આવ્યું રે ભવજળ

૭૫૬ અંતે જાવું ઊઠી એકલા રે
૭૫૭ કર પ્રભુ સંગાથે દૃઢ પ્રીતડી રે
૭૫૮ મળ્યો મનુષ્યદેહ ચિંતામણિ રે
૭૫૯ તારા મનમાં જાણે જે મરવું નથી રે
૭૬૦ તારે માથે નગારાં વાગે મોતનાં રે
૭૬૧ નહિ મળે ફરી મોંઘો નહિ
૭૬૨ ભજ્યો નહિ ભગવાનને
૭૬૩ અંતે જાવું છે એકલા રે
૭૬૪ ભૂલી ગયો ભગવાનને રે
૭૬૫ પ્રભુ ભજી લેને પ્રાણિયા રે
૭૬૬ જાવું છે રે જાવું છે રે જાવું છે
૭૬૭ જગત મેં જીવના થોરા
૭૬૮ જીવ શાને ફરે છે ગુમાનમાં
૭૬૯ હૈયાંના ફૂટ્યા હરિ સંગે
૭૭૦ દુનિયામાં ડાહ્યો ડહાપણમાં
૭૭૧ અજ્ઞાની તારા અંતરમાં દેખ
૭૭૨ પામર તેં પ્રાણી વિસાર્યા
૭૭૩ કાળનાં ગડે નગારાં કાળનાં ગડે
૭૭૪ આવું તારું ધન રે જોબન ધૂળ થાશે
૭૭૫ ભજ્યો નહિ ભગવાન
૭૭૬ હરિ વિના હિતકારી
૭૭૭ માણસનો અવતાર મોંઘો
૭૭૮ ભજી લે ભગવાન સાચા
૭૭૯ તમે ભાવે ભજી લ્યો ભગવાન
૭૮૦ જન્મ્યા ત્યાંથી જરૂર જાણો
૭૮૧ પ્રભાતે ફૂલડિયાં ફૂલે
૭૮૨ ભવસાગરમાં ભક્તિ હરિની
૭૮૩ કાયા કાચો કુંભ ધૂળનો
૭૮૪ શરીરના સંબંધી સર્વે
૭૮૫ કાદવ કેરાં કુંભ કોડિયાં
૭૮૬ નાશવંત આ દેહ વડેથી
૭૮૭ જન્મ ધરીને શું શું કીધું
૭૮૮ પ્રગટ પુરુષોત્તમનો મહિમા ધારો

## લીલાચરિત્રનાં પદો

## (પૃ.નં. ૪૭૪થી ૪૮૧)

૭૮૯ લોજની વાવ ઉપર અવતારી
૭૯૦ સ્નેહભર્યાં નયને નિહાળતા હો
૭૯૧ સ્વામિનારાયણ મહામંત્ર ગમે
૭૯૨ વ્હાલા સંતો.. વ્હાલા ભક્તો..
૭૯૩ કહો... કહો... હરિ જલ્દી કહો
૭૯૪ લોજપુરમાં આવ્યા હરિ
૭૯૫ જન સર્વેને થઈ ત્યાં સમાધિ
૭૯૬ પ્રથમ મેળાપ પીપલાણામાં
૭૯૭ સખિ રિ ! ઘનશ્યામ ઘોડલા
૭૯૮ નાથના નેણમાં વાલાના વેણમાં
૭૯૯ ધન્ય રે ધરમના લાલ
૮૦૦ રાજે ગઢપુર મહારાજ
૮૦૧ માણકીએ ચડ્યા રે મોહન વનમાળી
૮૦૨ વાતલડી રહોને રાતલડી
૮૦૩ આજ કળિયુગમાં પરચા
૮૦૪ ડગલે ડગલે શ્વાસો

## ઉત્સવનાં પદો

## (પૃ.નં. ૪૮૨થી ૫૩૨)

### ૧. ઓચ્છવનાં પદો

૮૦૫ આજ મેં તો ભેટ્યા રે
૮૦૬ હરિજન સંગે રે શ્રીહરિ તરત મળે
૮૦૭ મોટો મહિમા રે જગમાં હરિજનનો

### ૨. અભિષેકનાં પદો

૮૦૮ દિવ્ય અભિષેક ઉત્સવ આજે
૮૦૯ ગોધર ગામ જાવું અભિષેક

### ૩. શ્રીહરિ પ્રાગટ્યોત્સવનાં પદો

૮૧૦ ધર્મ ઘેર આનંદ ભયો...
૮૧૧ ખમ્મા રે ખમ્મા... ખમ્મા ★
૮૧૨ ખમ્મા રે ખમ્મા ખમ્મા રે ખમ્મા ★
૮૧૩ સખી આનંદની વાત કહું આજ રે

૮૧૪ અયોધ્યા સરયૂતટે સંભળાય
૮૧૫ પ્રગટ્યા પોતે પરમ દયાળુ
૮૧૬ અક્ષરધામે પ્રશ્ન કરે છે

### ૪. બાપાશ્રી પ્રાગટ્યોત્સવનાં પદો

૮૧૭ સ્વામિનારાયણ ભગવાને
૮૧૮ દર્શને આનંદ ઊપજ્યો
૮૧૯ કાર્તિક સુદ એકાદશીનો
૮૨૦ પ્રગટની પ્રાપ્તિ વિના
૮૨૧ જય અબજીબાપા જય જય
૮૨૨ ખમ્મા રે ખમ્મા ખમ્મા રે (છડી-૧)
૮૨૩ ખમ્મા રે ખમ્મા...ખમ્મા (છડી-૨)★

### ૫. હિંડોળાનાં પદો

૮૨૪ સોનાનાં બોર ઝૂલે ધર્મકિશોર
૮૨૫ ધર્મકુમાર મારા હૈડાના હાર
૮૨૬ સંતોના શ્યામ દોયલી વેળાના દામ
૮૨૭ માતા પ્રેમવતી ઝુલાવે કુંવર પારણે રે
૮૨૮ માતા પારણિયે ઝુલાવે
૮૨૯ ઝૂલે પારણિયે શ્રી પુરુષોત્તમ
૮૩૦ માતા પ્રેમવતી ઝુલાવે સુત
૮૩૧ ભક્તિનો લાલ હરિકૃષ્ણ કૃપાળ
૮૩૨ ધર્મકુંવર મુક્તોના આધાર
૮૩૩ પ્રગટ થયા પ્રભુ છપૈયા ગામ રે
૮૩૪ ઘનશ્યામ રસીલો રાજવી રે
૮૩૫ ઝૂલોને વ્હાલા હિંડોળે
૮૩૬ ઝુલાવું પ્યારા હિંડોળે
૮૩૭ આવ્યો શ્રાવણ માસ અનુપ
૮૩૮ હિંડોરના મેં હોરે હોરે ઝૂલો

### ૬. હોળીનાં પદો

૮૩૯ આજ જુઓ ઘનશ્યામ ઊભા છે
૮૪૦ ધર્મકુંવર ખેલે હોરી રે
૮૪૧ ધર્મકુંવર સુખકારી રે
૮૪૨ રંગ રસ મેં ખેલત મોહન કે સંગ
૮૪૩ આજ મારું ભાગ્ય

### ૭. એકાદશીનાં પદો

૮૪૪ કોડે કોડે એકાદશી કીજીએ રે
૮૪૫ હરિજન હોય તે હરિને ભજે રે
૮૪૬ ભલે આવી અનુપમ એકાદશી રે
૮૪૭ ધન્ય ધન્ય એકાદશી આજની રે
૮૪૮ ઉત્સવની પ્યારી કેશવની
૮૪૯ હરખ અતિ ભેટ્યા મુક્તપતિ
૮૫૦ માવ મળ્યા તન તાપ ટળ્યા
૮૫૧ સુફળ ફળી હું તો હરિને મળી
૮૫૨ એકાદશી આજનો દિન સારો રે
૮૫૩ એકાદશી ઉત્સવનો દિન રૂડો રે
૮૫૪ જળઝીલણી આજ એકાદશી છે

### ૮. દિવાળીનાં પદો

૮૫૫ રાજ મારે દિન દિન દિવાળી રે
૮૫૬ સખી હૈડે તે હરખ ન માંય
૮૫૭ મુને મળિયા તે મોહનરાય
૮૫૮ હું તો હરખ ભરી મનમાંય
૮૫૯ રૂડો દિવાળીનો દિવસ કે

### ૯. શ્રીહરિ આગમનનાં પદો

૮૬૦ શ્યામ સનેહી ઘેર આવ્યા
૮૬૧ આવ્યા આવ્યા આવ્યા હરિજી
૮૬૨ આવ્યા આવ્યા આવ્યા વ્હાલાજી
૮૬૩ આજ સખી આનંદની હેલી
૮૬૪ મહેર કરી મારે મંદિર આવ્યા
૮૬૫ પૂર્વનું પુણ્ય પ્રગટ થયું જ્યારે
૮૬૬ શિર પર કેશ શોભે અતિ સારા
૮૬૭ મારે ઘેર આવ્યા રે સુંદરવર
૮૬૮ રાજ મારે રે મંદિરિયે તમે
૮૬૯ ભલે આવ્યા ધર્મજીના લાલ
૮૭૦ સોના અંબાડીએ હાથી શણગાર્યો
૮૭૧ આજ શ્રીજીમહારાજ ભલે
૮૭૨ વ્હાલા રમઝમ કરતા શ્યામ
૮૭૩ મારે આજ પ્રીતમ ઘેર આવશે

૮૭૪ ધન્ય ધન્ય ઘડી છે આજની
૮૭૫ મારે આજ પ્રીતમ ઘેર આવિયા
૮૭૬ શ્યામ પધારો ઘનશ્યામ પધારો
૮૭૭ નાથ પધાર્યા મારો નાથ પધાર્યા
૮૭૮ વા'લો વધાવું મારો વા'લો
૮૭૯ શ્યામ સલૂણો આવિયા રે
૮૮૦ સર્વે સખી જીવન જોવાને ચાલો રે
૮૮૧ જુઓ છબી શ્યામ સુંદરવર કેરી રે
૮૮૨ મૂર્તિ ચંચળ જુઓ ચટકંતી ચાલ રે
૮૮૩ ઘેરે ચાલી આવિયા બ્રહ્મમહોલવાસી
૮૮૪ સજની કોડે આનંદ મારે
૮૮૫ આજ મેં તો દીઠા રે
૮૮૬ મુક્ત સંગ આવતા શ્યામ
૮૮૭ રાજાધિરાજ શ્રીજીમહારાજ
૮૮૮ સ્વાગતમ્ શ્રીજી... સુસ્વાગતમ્
૮૮૯ સ્વાગતમ્ સ્વાગતમ્ દિવ્ય
૮૯૦ પધારો પધારો પધારોને
૮૯૧ ઘેર આવો ઘેર આવો ઘેર આવો
૮૯૨ આસમા મોતી બરસાવો
૮૯૩ ઘનશ્યામ મહારાજ આવો મહારાજ
૮૯૪ હો આજ મારે આંગણે ગુરુજી પધાર્યા
૮૯૫ વધાવો વ્હાલાને વધાવો
૮૯૬ પધારો પધારો વ્હાલા હરિકૃષ્ણ

**૧૦. મૂર્તિપ્રતિષ્ઠાનાં પદો**

૮૯૭ ચલે ગજ બૈઠ કે મહારાજા
૮૯૮ છેલ છોગાળા હરિને પૂજીને
૮૯૯ આવ્યો આવ્યો રે ઉત્સવ આજ

**૧૧. શાકોત્સવનાં પદો**

૯૦૦ આવ્યો આવ્યો શાકોત્સવ આજે ★
૯૦૧ પધાર્યા સર્વોપરી સર્વાવતારી ★

**૧૨. રાસોત્સવનાં પદો**

૯૦૨ સખી ગઢપુર ગામના ચોકમાં રે
૯૦૩ જુઓ જુઓને હાં હાં રે
૯૦૪ શરદપૂનમની રાતડી ને ઓલ્યો

**૧૩. રક્ષાબંધનનાં પદો**

૯૦૫ રક્ષા રક્ષા કરો છો રક્ષા ★

**બાળ વિભાગનાં પદો**

**(પૃ.નં. ૫૩૩થી ૫૪૬)**

૯૦૬ બાળ સનેહી રે મોહન મુજને ગમતા
૯૦૭ એકડે એક મહારાજની ધર ટેક
૯૦૮ સોના કેરો સૂરજ ઊગ્યો
૯૦૯ સુખ સુખ કરતી આવે છે
૯૧૦ સંગ સંગ કુસંગનો
૯૧૧ અમે સહુ **SMVS**નાં બાળ
૯૧૨ બાપજી સ્વામીનું હાસ્ય છે ન્યારું
૯૧૩ ક્રાંતિકારી યુગ પુરુષ વ્હાલા બાપજી
૯૧૪ **SMVS**નાં બાળ અમે રખવાળ
૯૧૫ અમે નાનાં નાનાં બાળ કારણ ★
૯૧૬ છોટે છોટે બચ્ચે હૈં હમ
૯૧૭ એકડે એક બોલવામાં રાખો બ્રેક
૯૧૮ મારા પપ્પા કોણ ? તે જાણે
૯૧૯ ઘનશ્યામ મારા કેવા
૯૨૦ આટલું કરી દો નક્કી
૯૨૧ બાળમુક્તો બાળમુક્તો
૯૨૨ ONE ઓ એન ઈ વન
૯૨૩ અમે તો નાનાં નાનાં બાળ
૯૨૪ શ્રીજીમહારાજનાં વ્હાલાં
૯૨૫ નાના નાના વ્હાલા વ્હાલા
૯૨૬ મહારાજ બાપા વ્હાલા છો
૯૨૭ નાનાં નાનાં અમે બાલુડાં
૯૨૮ અમે નાનાં નાનાં બાળ
૯૨૯ ચાલો ચાલો જઈએ

**પ્રકીર્ણ પદો**

**(પૃ.નં. ૫૪૭થી ૫૭૧)**

૯૩૦ મોગરાનાં ફૂલ સખી મોગરાનાં ફૂલ

૯૩૧ જો વસ્તુનો લેશ બગાડ થાય
૯૩૨ ધર્મી ભલા પૂજક હોય જ્યાંય
૯૩૩ શ્રીજીમહારાજનો વ્હાલો સમાજ ★
૯૩૪ દિગંતમાં ડંકા વાગે છે
૯૩૫ કારણ સત્સંગનો પ્રચાર
૯૩૬ જાગો ઊઠો કદમ બઢાઓ ★
૯૩૭ વ્હાલા યુવાનો આવો રે
૯૩૮ આવો સુણીએ ભક્તની ગાથા
૯૩૯ જુઓ જુઓ રે દાદાખાચર
(ઉત્તમ મહિમા)
૯૪૦ જુઓ જુઓ રે દાદાખાચર
(ઉત્તમ આજ્ઞાપાલન)
૯૪૧ દાદાખાચર જુઓ દાદાખાચર
૯૪૨ દાદાખાચર... દાદાખાચર...
૯૪૩ એક વાદી હતો નદી તીર
૯૪૪ ઘરને મંદિર બનાવીએ
૯૪૫ વૈષ્ણવજન તો તેને રે કહિયે
૯૪૬ એક ઈડરનો વાણિયો
૯૪૭ કોણે કીધું ગરીબ છીએ
૯૪૮ હો પ્રાણપ્યારા શ્રી ઘનશ્યામ ★
૯૪૯ મહારાજ શું હું માનું ★
૯૫૦ કગરી કગરી પ્રાર્થના કરું છું ★
૯૫૧ અમે તો શ્રીજીનાં સંતાન ★
૯૫૨ અતિ દયાળુ રે સ્વભાવ ★
૯૫૩ કારણ સત્સંગ કી રીત ★
૯૫૪ તારી મૂર્તિ લાગે (ધ્યાન) ★
૯૫૫ હસ્તી ભલે હોય છોટી ★
૯૫૬ અવસર રૂડો આવી ગયો છે ★

**છંદ**

**(પૃ.નં. ૫૭૨થી ૫૮૧)**

૯૫૭ સર સર પર સધર અમરતર
૯૫૮ પર પર અતિ પરમ પરમ અપરમ
૯૫૯ દેખત બડ ભાગ લાગ
૯૬૦ સોહે સુખધામ શ્યામ
૯૬૧ સાહ ભયો ઉમરાહ ભયો
૯૬૨ રાજ ભયો કહા કાજ સર્યો
૯૬૩ કોઉ કરત ઉપવાસ
૯૬૪ કરને કી કર સે ડર પર ધર સે
૯૬૫ હાલો સૌ નર ને હાલો સૌ નારીઓ
૯૬૬ રંગે ચંગે બહુ ઉમંગે ઊજવવો

**વધારાનાં અષ્ટકો**

**(પૃ.નં. ૫૮૨થી ૫૮૩)**

૯૬૭ આવ્યા અક્ષરધામના આ રાજા

**મંગળ શ્લોકો તથા ભાવાનુવાદ**

**(પૃ.નં. ૫૮૪થી ૬૦૮)**

૯૬૮ વદનં મધુરં હસિતં મધુરં
૯૬૯ ઊર્ધ્વં તથાધો નહિ યસ્ય માનં
૯૭૦ શ્રી વાસુદેવવિમલામૃતધામવાસં
૯૭૧ ભવસંભવભીતિભેદનં
૯૭૨ આદૌ પ્રેમવંતીવૃષાંગ
૯૭૩ સત્તેજોક્ષરધામ દિવ્યવસતિં
૯૭૪ શ્રી સ્વામિનારાયણ નામાવલી (અર્થ સહિત)
૯૭૫ સ્વામિનારાયણ નામાવલી સ્તોત્ર
(દિવ્ય શાંતિપાઠ)
૯૭૬ દિવ્ય મહાપૂજા વિધિ

# ॥ હરિવાક્યસુધાસિંધુ ॥

મૃદંગ, સારંગી, સરોદ, તાલ ઈત્યાદિક વાજિંત્ર વજાડીને કીર્તન ગાવવાં, તેને વિષે જો ભગવાનની સ્મૃતિ ન રહે, તો એ ગાયું તે ન ગાયાં જેવું છે, ને ભગવાનને વિસારીને તો જગતમાં કેટલાક જીવ ગાય છે તથા વાજિંત્ર વજાડે છે, પણ તેણે કરીને તેના મનમાં શાંતિ આવતી નથી, તે માટે ભગવાનનાં કીર્તન ગાવવાં તથા નામરટણ કરવું તથા નારાયણ-ધુન્ય કરવી, ઈત્યાદિક જે જે કરવું તે ભગવાનની મૂર્તિને સંભારીને જ કરવું.

અને ભજન કરવા બેસે ત્યારે તો ભગવાનને વિષે વૃત્તિ રાખે ને જ્યારે ભજનમાંથી ઊઠીને બીજી ક્રિયાને કરે, ત્યારે જો ભગવાનમાં વૃત્તિ ન રાખે તો તેની વૃત્તિ ભજનમાં બેસે ત્યારે પણ ભગવાનના સ્વરૂપમાં સ્થિર થાય નહિ, માટે હાલતાં-ચાલતાં, ખાતાં-પીતાં સર્વે ક્રિયાને વિષે ભગવાનના સ્વરૂપમાં વૃત્તિ રાખવાનો અભ્યાસ કરવો, તો તેને ભજનમાં બેસે ત્યારે ભગવાનમાં વૃત્તિ સ્થિર થાય. અને જેને ભગવાનમાં વૃત્તિ રહેવા લાગે તેને તો કામકાજ કરતે પણ રહે, અને જેને ગાફલાઈ હોય તેને તો ભજનમાં બેસે ત્યારે પણ ભગવાનમાં વૃત્તિ ન રહે, તે માટે સાવધાન થઈને ભગવાનના સ્વરૂપમાં વૃત્તિ રાખવાનો અભ્યાસ ભગવાનના ભક્તને કરવો.

(વચનામૃત પ્રથમ પ્રકરણ ૨૨)


આદ્ય સ્થાપક : ગુરુદેવ પ.પૂ. બાપજી

પ્રેરક : વ્હાલા ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રી



સત્સંગ સાહિત્ય ડિપાર્ટમેન્ટ

સ્વામિનારાયણ ધામ, ઈન્ફોસિટી સામે,

કોબા-ગાંધીનગર હાઈવે, ગાંધીનગર. Email : ssd@in.smvs.org